ચ્યામાં ઊંચું સાહિત્ય”

શિવાજી છત્રપતિ

વિસ્તૃત જીવનચરિત્ર

શ્રીયુત કૃષ્ણાજી અર્જુન કેળુસકરના મરાઠી ગ્રંથ ઉપરથી
અનુ૦ ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા-અમદાવાદ

ભિક્ષુ-અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
સ્થળ : અમદાવાદ અને મુંબઈ

“ વિવિધ ગ્રંથમાળા ” સળંગ અંક ૩૬૩-૬૬
સંવત ૧૯૮૮. વર્ષ ૩૨ મું

મૂલ્ય રૂા. ૨-૪-૦

X537

52

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ४३.ग/४५

पंजिका संख्या १५३१२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

द्यक्र प्रमाणीकरण ३१ ८४-११ ८५

[illegible]

ॐ

श्रीशिवाजी छत्रपति
विस्तृत जीवनचरित्र

CHECKED 1973
Initial

શ્રીયુત કૃષ્ણાજી અર્જુન કેળુસ્કરના મરાઠી ગ્રંથ ઉપરથી
અનુ૦ ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા–અમદાવાદ

१७३१२/११.१२.५८

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशक : भिक्षु–अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

४३ ग / ४५

આવૃત્તિ ૩જી, પૃષ્ઠ ૬૧૨, પ્રત ૩૫૦૦, કુલ પ્રત ૧૦૧૦૦
મૂલ્ય રૂ. ૨।, માર્ગવ્યય જુદું

અમદાવાદ "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય" માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

નિવેદન

આ પુસ્તક "વિવિધ ગ્રંથમાળા"ના ચાલુ વરસ સં. ૧૯૯૯-ના બીજા પુસ્તકરૂપે અને ૩૨ મા વરસના સળંગ ગ્રંથાંક ૩૬૩થી ૩૬૬ રૂપે ગ્રાહકોને મોકલી અપાય છે.

આમાં મહારાજા છત્રપતિ શિવાજીનું વિસ્તૃત ચરિત્ર હોઈ તે ઐતિહાસિક સત્ય હકીકતોથી ભરપૂર છે.

આ ગ્રંથની આ ત્રીજી આવૃત્તિ છે. એટલે કોઈ ગ્રાહકબંધુ પાસે આ અગાઉ **આ પુસ્તક એક યા બીજી રીતે આવી ગયું હોય તો** તેના બદલામાં તેટલા જ મૂલ્યનું સંસ્થાનું બીજું પુસ્તક બદલી અપાશે. આવી ફેરફારી કરવા ઇચ્છનાર ગ્રાહકબંધુએ આ પુસ્તક મજબૂત કાગળોમાં સારી રીતે બાંધીને પોતાના ખર્ચે સંસ્થાને તા. ૨૧-૩-૪૩ સુધીમાં પાછું મોકલી આપવું. એ તારીખ પછી તે બદલી અપાશે નહિ. પુસ્તક પાછું મોકલતી વખતે તેના બદલામાં બીજું તેટલી જ કિંમતનું ×(ફેબ્રુઆરી ૧૯૪૩ના સૂચીપત્રમાં જણાવેલામાંનું) સંસ્થાનું કયું પુસ્તક જોઇએ છીએ તે જણાવવું; એટલે તે મોકલી અપાશે અને તે મોકલવાનો ખર્ચ પણ સંસ્થા ભોગવશે.

અત્યારે ચાલી રહેલા વિશ્વયુદ્ધને પરિણામે કાગળો, છીંટ, બોર્ડ, તેમજ બીજી એવી જરૂરી સામગ્રીઓના ભાવ ચાર-છ ગણા વધી ગયા છે. આમ છતાં લવાજમમાં વધારો કર્યા સિવાય આ માળા અગાઉની જેમ હજી પણ ચાલુ રાખી શકાઇ છે, તેમાં સર્વેશ્વરની કૃપા જ સમજવી.

સંવત ૧૯૯૯,
મહા શુદિ ૧૦

સસ્તુ સાહિત્ય મુદ્રણાલયના ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર
પ્રમુખ

× ફેબ્રુઆરી ૧૯૪૩ પહેલાંના સંસ્થાનાં પુસ્તકોનાં બધાં સૂચિપત્રો રદ કરેલાં છે.

"વિવિધ ગ્રંથમાળા" નું હાલનું ધોરણ

૧—છેલ્લાં ૩૨ વર્ષથી ચાલતી આ માળામાં વરસે દિવસે કદ ૫"×૭ાા" નાં **૧૯૦૦ થી ૨૦૦૦ પૃષ્ઠનું** વાચન ત્રણથી ચાર પુસ્તકો દ્વારા અપાય છે. તેમાંનાં નીકળ્યાં હોય તે તે પુસ્તક ગ્રાહક થતી વખતે અપાય છે અને બાકીનાં નીકળે તેમ મોકલાય છે. ૨—વાર્ષિક મૂલ્ય બોર્ડપટ્ટીના પૂંઠાં સાથે **રૂપિયા ૫)** હોઈ, **ટપાલખર્ચ ચાલુ વર્ષનું માફ હોય છે.** આફ્રિકા ઇત્યાદિ દેશાવર માટે વાર્ષિક મૂલ્ય રૂપિયા ૮) અથવા શિલિંગ ૧૨) છે. ૩—પ્રત્યેક વર્ષ કારતકથી આસો સુધીનું ગણાય છે. વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થવા છતાં કારતકથી પુસ્તકો અપાય છે. ૪—કોઈ વાર પુસ્તકોની સંખ્યા ચારથી વધે તો તે વધારાનું પુસ્તક સાદાં પૂંઠાંવાળું જ બંધાશે; ૫—પ્રત્યેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને તે પછીના વર્ષનું વાર્ષિક મૂલ્ય મંગાવી લેવાશે; પણ બનતાં સુધી તે વિષે અગાઉથી ચેતવણી અપાઈ, જેઓ નવા વર્ષમાં ગ્રાહક રહેવાની ના લખશે તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે. ૬—જેઓ પ્રથમથી ના નહિ લખતાં વી. પી. આવ્યે તે પાછું વાળશે, તો તે છેલ્લા પુસ્તક ઉપરનો સર્વ હક ગુમાવશે; પરંતુ જેમનું વી. પી. ભૂલથી કે એવા કોઈ કારણથી પાછું વળ્યું હશે, તેઓ પોતાનું વાર્ષિક મૂલ્ય મોકલી આપીને પોતાનું નામ પાછું ચાલુ કરાવી શકે છે; તથા વી. પી. પાછું વળવાથી ટપાલ આદિ ખર્ચ રદ ગયું હોય તે મોકલીને પાછું વળેલું પુસ્તક પણ તેઓ મેળવી શકે છે. ૭—"વિવિધ ગ્રંથમાળા"નાં પુસ્તકો પૂરતી ચોકસાઈ કરીને ટપાલમાં નંખાય છે; છતાં તે ગ્રાહકને મળે નહિ, તો તેને માટે આ સંસ્થા જવાબદાર નથી. ટપાલખાતા પર અરજી કરવા છતાં, જેઓ તે પુસ્તક ન મેળવી શકે, તેઓ તે બાબતનો ટપાલખાતા સાથેનો પત્રવહેવાર જોવા મોકલી આપશે, તો બનતો વિચાર થશે. ૮—ગેરવલ્લે જાય નહિ તેટલા માટે દરેક પુસ્તક રજિસ્ટર્ડ પોસ્ટથી મેળવવું હોય તેમણે તે બદલ વધારાના ખર્ચના બાર આના વધુ મોકલવા. ૯—વાર્ષિક મૂલ્ય રૂબરૂમાં ભરનારને તે જ વખતે છાપેલી પાવતી અપાય છે, તથા વી. પી. દ્વારા વાર્ષિક મૂલ્ય ભરનારે વી. પી. ઉપર જે સરનામું, ટપાલની છાપ વગેરે હોય છે, તેને જ પાવતી તરીકે જાળવી રાખવાનું છે. ૧૦—મુંબઇના કાર્યાલયમાં "વિવિધ ગ્રંથમાળા"નું વાર્ષિક મૂલ્ય ભરનારે તે ભર્યા પછીનો સર્વ સંબંધ અમદાવાદના કાર્યાલય સાથે સમજવાનો છે.

સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર, નદી જવાને રસ્તે, સેશન્સ કોર્ટ પાસે, **અમદાવાદ**
અને કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ ત્રીજે માળે, **મુંબઈ–૨**

प्रकाशकनुं निवेदन

આ પુસ્તકની પહેલી આવૃત્તિ સંવત ૧૯૬૯માં પ્રકટ થયા બાદ બીજી આવૃત્તિ સંવત ૧૯૮૧માં પ્રકટ કરવામાં આવેલી; તે પણ ખલાસ થઇ જવાથી આ તેની ત્રીજી આવૃત્તિ પ્રગટ થાય છે.

યુરોપીય વિગ્રહના કારણથી કાગળના ભાવ લગભગ દોઢા થઈ ગયા છે; અને બોર્ડ, છીંટ તથા બંધામણીના સામાનના ભાવ પણ વધી ગયા છે; પરંતુ વાચકવર્ગના પુણ્યયોગે એક વર્ષને માટે કાગળો જૂના ભાવે મળવાની શરત વિગ્રહ પહેલાં થઈ ગયેલી છે અને બોર્ડ, છીંટ તથા બંધામણીના સામાનના ભાવ વધી ગયેલા હોવાને લીધે કિંમતમાં વધારો ન કરવો પડે એટલા માટે પૂઠું બોર્ડપટ્ટીનું રાખ્યું છે.

આ આવૃત્તિમાં એક ચિત્ર નવેસરથી તૈયાર કરાવીને આર્ટ-પેપર પર છાપેલું અપાયું છે. બીજી આવૃત્તિ વખતે લક્ષ્મીઆર્ટ પ્રેસ મુંબઈવાળા તરફથી બ્લોકો વાપરવા મળી શકેલા હોવાથી દસેક ચિત્રો આપી શકાયાં હતાં.

આ પછીનાં પૃષ્ઠોમાં પહેલી તથા બીજી આવૃત્તિનાં નિવેદનો અને મૂળ લેખકની પ્રસ્તાવનાનો સારાંશ આપવામાં આવ્યો છે. તે પછી અપાયલા શુદ્ધિપત્ર મુજબ ગ્રંથ સુધારીને વાંચવા વિનતી છે. **हरिः ॐ तत्सत्।**

મહાશિવરાત્રી
સંવત ૧૯૯૬ }

—ભિક્ષુ અખંડાનંદ

बीजी आवृत्तिनुं निवेदन

આ ગ્રંથની પહેલી આવૃત્તિ સં. ૧૯૬૯માં નીકળ્યા પછી આજે લગભગ બાર વર્ષે બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે. એ દરમિયાન મૂળ મરાઠી ગ્રંથની પણ બીજી આવૃત્તિ નીકળી ચૂકી છે. ગ્રંથમાંના વિષયો ઉપર વિશેષ પ્રકાશ આપનારી જે જે વિશ્વાસપાત્ર હકીકતો પાછળથી મળી આવેલી, તેનો સંશોધન તેમજ ટિપ્પણીઓરૂપે સમાવેશ કરી લઇને એ આવૃત્તિને તેના લેખક મહાશયે બને તેટલી ઉત્તમ બનાવવામાં કસર રાખી નથી.

અત્ર તરફની આ આવૃત્તિ પણ એ મરાઠી બીજી આવૃત્તિમાંનાં સઘળાં સંશોધન તેમજ ઉપયોગી ટિપ્પણીઓ ઉમેરાવી લઇનેજ છપાવવામાં આવી છે. એ કાર્યમાં મુખ્ય પરિશ્રમ ભાઈ પૃથુલાલ હરિકૃષ્ણ શુકલનો હોવા બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

ઉપર મુજબના સુધારાવધારાને લીધે આ પુસ્તકનું કદ તેમજ મૂલ્ય વધે નહિ, તેટલા સારૂ મૂળ ગ્રંથની બીજી આવૃત્તિનું અનુકરણ કરીને આ (ગુજરાતી બીજી) આવૃત્તિ પણ સહજ નાના અક્ષરોમાં છપાવી છે.

આગલી આવૃત્તિમાં આર્ટપેપર ઉપર છાપેલું એકજ ચિત્ર હતું, તેને બદલે આ આવૃત્તિમાં જુદા જુદા પ્રસંગનાં દસ ચિત્રો અપાયલાં જણાશે. એમાંનાં ઘણાંખરાં ચિત્રોના બ્લૉક લક્ષ્મી આર્ટ વર્કસના વ્યવસ્થાપકે વાપરવા આપ્યા તે બદલ તેમના કૃતજ્ઞ છીએ.

છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન આ સંસ્થા તરફથી નીકળેલાં ઘણાંખરાં પુસ્તકોની પેઠે આ પુસ્તક પણ સ્વદેશી કાગળો પરજ છપાયું છે. ઉપરાંત આ પુસ્તકનાં તો પૂઠાં પણ સ્વદેશી ખાદી વડેજ બંધાવ્યાં છે. દેશનાં દુઃખદારિદ્રયના ઉપાય તરીકે પૂ. મહાત્માજી તરફથી ખાદીના ઉપયોગની ભલામણમાં જે રહસ્ય અને ઉપકારકતા રહેલી છે, તેનો વિચાર કરીને આશા છે કે, ગુજરાતી વાચકવર્ગ આવી બાબતોમાં પણ બરબાદીમાં બુડાવનારા વિદેશી ભપકાનો મોહ તજી દેશે અને સ્વદેશી ખાદીની સાદી છતાં મજબૂત બનાવટોમાંજ અનાદિ પ્રભુની પ્રસાદી, પોતાની આબાદી અને સાચું સૌંદર્ય જોવા માંડશે.

આ પુસ્તકની છેવટે આપેલાં અનેક વાંચવા યોગ્ય પરિશિષ્ટો તરફ તેમજ આપેલા શુદ્ધિપત્ર મુજબ સુધારીનેજ વાંચવા તરફ વાચકબંધુઓનું લક્ષ ખેંચી ૐ **तत्सत्**

ફાલ્ગુનપૂર્ણિમા-સં૰ ૧૯૮૧

—ભિક્ષુ અખંડાનંદ

पहेली आवृत्तिना निवेदननो सारांश

મહાન જનોનાં ચરિત્રોની ઉપકારકતા વિષે હવે લંબાણથી લખવું પડે તેમ નથી. એવાં ચરિત્રોમાં તેના અભ્યાસીઓને મહત્તા પ્રત્યે આકર્ષવાની રહેલી સ્વાભાવિકતાને લીધે દરેક દેશમાં તેની આવશ્યકતા સમજવામાં આવે છે; અને ઉત્તમ વિદ્વાનો તેવાં ચરિત્રો પૂરાં પાડવાના કાર્યને પોતાના એક મુખ્ય કર્તવ્ય તરીકે સમજે છે.

હરકોઈ રાજ્ય તરફથી પ્રજાનું હિત થવાને બદલે અન્યાય, પક્ષપાત કે અત્યાચાર વધી જતાં વિશ્વના અબાધ્ય નિયમાનુસાર તેના નિવારણ માટે અસાધારણ કળાકૌશલ્ય અને સામર્થ્યસંપન્ન વ્યક્તિઓ યોગ્ય સમયે ઉદ્ભવવાનીજ.

મહારાજ શિવાજી એક એવીજ અસામાન્ય વ્યક્તિ હતા. સામર્થ્ય, ન્યાય અને સમભાવનાના સ્તંભો પર અકબર જેવા મહાન શહેનશાહે સ્થાપેલા મોગલ સામ્રાજ્યના પાયાને અધિક સ્થિરતા અર્પવાને બદલે અન્યાય, અત્યાચાર, ધર્માંધતા ઇત્યાદિ અવગુણોરૂપી સડાથી તેને નિર્બળ કરનારા એજ વંશના અન્ય શહેનશાહોના ત્રાસથી પ્રજાને મુક્ત કરવી, એ મહારાજનો મહાન ઉદ્દેશ હતો. એ ઉદ્દેશ તેમણે કેવા અસાધારણ સામર્થ્ય અને કળાકૌશલ્યથી કેટલે અંશે પાર પાડ્યો; એ કાર્યમાં તેમને કયા કયા સંયોગો, સાધનો અને વ્યક્તિઓ કેવી કેવી રીતે સહાયભૂત થયાં; કયી કયી પ્રતિકૂળતાઓ એ કાર્યમાં તેમને નડી અને તેને તેમણે કેવી રીતે દૂર કરી; એ આ ચરિત્રમાં વિસ્તારથી આલેખાયલું જણાશે.

મરાઠી ભાષામાં આ પુસ્તકની અગાઉ શિવાજી મહારાજનું પ્રસિદ્ધ થયેલું સંક્ષિપ્ત ચરિત્ર, એવા એક મહાન રાજકર્તા માટે પૂરતી હકીકતવાળું ન હોવાથી મુંબઇનિવાસી પ્રખ્યાત મહારાષ્ટ્રીય લેખક શ્રીયુત કૃષ્ણરાવ અર્જુન કેળુસ્કર કે જેઓ "**જગદ્વૃત્ત**" નામક સુપ્રસિદ્ધ મરાઠી સાપ્તાહિક વર્તમાનપત્રના એડિટર તથા ત્યાંની વિલ્સન સ્કૂલના શિક્ષક છે, તેમણે આ ચરિત્ર લખવાનું કાર્ય ઉપાડી લીધું અને જુદા જુદા ગ્રંથો ઇત્યાદિનો અતિ શ્રમપૂર્વક ઉપયોગ કરીને આ વિસ્તૃત ચરિત્રગ્રંથ મરાઠીમાં તૈયાર કર્યો; જે ઇ૦ સ૦ ૧૯૦૭માં "મરાઠા પ્રોવિડન્ટ ફંડ"ના ચાલકે પ્રસિદ્ધ કર્યો હતો.

મુંબઇ સરકારના કેળવણી ખાતાએ એ પુસ્તક સ્કૂલલાયબ્રેરી ખાતે મંજૂર કરવા ઉપરાંત કોલ્હાપુર અને વડોદરા રાજ્ય તરફથી તેમજ દક્ષિણ પ્રાઇઝ કમિટિ તરફથી પણ એ ઉપકારક ગ્રંથ રચવા બદલ શ્રીયુત કેળુસ્કરને સારી જેવી બક્ષિસો તેમજ ઇનામ મળ્યાં હતાં.

આવા ઉપયોગી વિસ્તૃત ચરિત્રનો લાભ ગુર્જર વાચકવર્ગને મળે એવા હેતુથી તેનો ગુર્જરાનુવાદ કરાવી પ્રસિદ્ધ કરવાની સંમતિ માગતાં શ્રીયુત કેળુસ્કરે આનંદ અને પૂર્ણ નિષ્કામતાપૂર્વક તે આપી છે, જે બદલ વાચકવર્ગ તેમજ આ સંસ્થા તરફથી તેમનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ ગ્રંથનો ગુર્જરાનુવાદ કરવાનું કાર્ય “ભારત જીવન” નામક લોકપ્રિય માસિકપત્રના ઉત્સાહી અધિપતિ શ્રીયુત ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતાએ સ્વીકારતાં તે તેમને સોંપવામાં આવ્યું હતું. સસ્તાપણાના હેતુને લીધે અને યોગ્ય સાધનોના અભાવે આ ખાતું માત્ર સ્વલ્પજ પુરસ્કાર આપી શકતું હોવાથી, પરોપકારવૃત્તિ કે એવા કોઇ ખાસ કારણ સિવાય આવાં કાર્ય રૂડે પ્રકારે થઇ શકતાં નથી; રા. રા. ડાહ્યાભાઇએ આ કાર્ય એજ ભાવથી અને બનતા શ્રમ તથા ઉત્સાહપૂર્વક કરી આપ્યું છે. જે બદલ તેમને પણ વાચકવર્ગ તેમજ આ સંસ્થા તરફથી અમારો પ્રેમપૂર્વક ધન્યવાદ છે.

વાચકવર્ગ આ ચરિત્રમાંથી અનેકવિધ સદ્‌ગુણોનો બોધ મેળવી શકશે. આ ગ્રંથમાંના છેલ્લા પ્રકરણમાં એ વિષય મૂળ લેખકે વિસ્તારથી લખેલો જણાશે. તેમની પ્રસ્તાવના પણ ગુર્જર વાચકો માટે ઉપયોગી જાણી તેનો અનુવાદ આ સાથે આપવામાં આવ્યો છે.

શિવાજી મહારાજનું એક જીવનચરિત્ર ગુજરાતી ભાષામાં ઇ. સ. ૧૮૯૮-૯૯ના શુમારમાં બહાર પડેલું હતું; પરંતુ તેમાં પ્રસ્તુત ગ્રંથના જેટલી ઐતિહાસિક સત્યતા જણાતી નથી. આ પુસ્તકમાં વિશેષતા એ છે કે, શિવાજી મહારાજ સંબંધી દેશી અને પરદેશી લેખકોના જે જે પ્રત્યુત્તર આપવાની જરૂર જણાઇ, તેના સ્પષ્ટ પ્રત્યુત્તર આપી વાચકવર્ગને વાસ્તવિક સત્યનું ભાન થાય તેવો યત્ન એમાં કરેલો છે.

આ ચરિત્રમાં સ્થળે સ્થળે યવન શબ્દ પ્રત્યે દ્વેષદૃષ્ટિ જણાશે; પરંતુ તે ઉપરથી તે દ્વેષ વર્તમાન સમયની મોગલ યા મુસલમાન કે કોઇ પણ પરજાતિના સમૂહ પ્રત્યે હિંદુઓએ હવે સમજવાનો નથી. આગલા સમયના હિંદુઓ પણ તે તે સમગ્ર જાતિ પ્રત્યે દ્વેષ રાખતા એમ સમજવાનું નથી. જે રાજ્યકર્તા યા બીજું કોઇ વિદેશી, વિજાતીય કે વિધર્મી હોય તેટલા માટેજ તે દ્વેષપાત્ર ગણાય અને માત્ર સ્વદેશી, સ્વધર્મી કે સ્વજાતીય હોય તેટલા માટેજ તે પ્રેમપાત્ર ગણાય, એ વાર્તા બુદ્ધિમાનો સ્વીકારે તેમજ નથી. પ્રેમ કે દ્વેષનું ખરેખરૂં પાત્ર તો માત્ર સારાપણું અને નરસાપણું–એટલે કે સદ્‌ગુણ અને દુર્ગુણજ છે. જે જે વ્યક્તિઓમાં જેનું મુખ્યત્વ હોય તે ઉપરથીજ તેઓ અને તેમને અનુસરનારાઓ દ્વેષ કે પ્રેમના પાત્ર થઇ પડે છે. મહાન અકબર વિદેશી, વિજાતીય અને વિધર્મી શહેનશાહ હતાં પણ તેના સમભાવ,

ન્યાય ઇત્યાદિ સદ્ગુણોને લીધે હિંદી રાજાપ્રજા તેની સાથે હળીમળીને રહ્યાં હતાં અને અનેક મુલકોની પ્રાપ્તિ, રક્ષા તથા વ્યવસ્થાનો મહાન કારભાર પણ તેમણેજ ઉપાડી લીધો હતો.

એજ ધોરણ પ્રમાણે પાછલા મોગલ બાદશાહોની ધર્માંધતા, જજિયાવેરો, પક્ષપાત, ઇત્યાદિ અનિષ્ટ ગુણોને લીધે તે સમયની પ્રજામાં અને શિવાજી મહારાજ જેવા મહાપરાક્રમી નરવીરના હૃદયમાં તેવા રાજ્યકર્તાઓ પર અને તેના અનુયાયી અમલદારો તથા સૈનિકોરૂપ આખી વિદેશીય જાતિ પર સખ્ત અભાવ ઊપજે અને તેથી તે સમયે તેમજ પાછળથી તેમને માટે બોલવામાં કે લખવામાં યવન શબ્દ સાથે કનિષ્ટ વિશેષણો યોજાય એ પણ અસ્વાભાવિક નથી.

આ વિષે આટલા ઉલ્લેખનું તાત્પર્ય એજ છે કે, આ પુસ્તકમાં સ્થળે સ્થળે યવનજાતિ કે રાજ્ય પ્રત્યે દ્વેષસૂચક જે કાંઇ શબ્દો કે વચનો હોય તે, તે સમય અને તે સંયોગોને માટેજ હોવાથી, વર્તમાન સમયના ભિન્ન સંયોગોમાં હવે તેવી દ્વેષમય લાગણીઓ હિંદુ, મુસલમાન, મોગલ, ખ્રિસ્તી કે કોઇ પણ જાતિઓએ એકબીજા પ્રત્યે રાખવાની નથી; પરંતુ જાતિ, દેશ કે ધર્મની જુદાઇઓને ગૌણ ગણીને તથા સ્વધર્મની વિશાળ વ્યાખ્યા સમજી તેવા સ્વધર્મને અનુસરતા રહીને કેટલાક અયોગ્ય અને વધારે પડતા પેટાભેદોને દૂર કરવાના છે; તથા એકબીજાને એક ભૂમિનાં અને એક પ્રભુનાં બાળકો સમજી આંતરિક ઐક્યની કલ્યાણદાયક વૃદ્ધિ કરવાની છે. મનુષ્ય–શરીરના સ્થૂળ આકારોની વિવિધતા જેટલીજ અનેક કોટી મનુષ્યોના ધાર્મિક અને સામાજિક આચારવિચારોની વિવિધતા તો સદૈવ અનિવાર્યજ રહેશે અને તેજ પ્રમાણે વિશેષાંશે આચારવિચારોમાં જુદા પડતા વર્ગોની સ્વાભાવિક ભિન્નતા પણ રહેશેજ. છતાં ઈશ્વરી સામ્રાજ્યનો મહાન પ્રદેશ, વિવેકી, બુદ્ધિમાન અને સારદર્શી, સહનશીલ વ્યક્તિઓ અને વર્ગોને એકબીજાના માર્ગની આડે આવવું પડે, કે અથડાવું પડે તેવો સંકુચિત નથી. ઊલટું એકબીજા પ્રત્યે સહાયક બની શકાય એવીજ પ્રભુની યોજના છે.

સર્વ પ્રજાઓ, વર્ગો અને પેટાવર્ગોમાં આવી સદ્ભાવના અને સદ્વર્તન પ્રવર્તવાની ભાવનાપૂર્વક ૐ **तत्सत्**

સંવત ૧૯૬૯–ચૈત્રી પૂર્ણિમા
ઇ૦ સ૦ ૧૯૧૩ એપ્રિલ

—ભિક્ષુ અખંડાનંદ

मूळ लेखकनी प्रस्तावनानो सारांश

પહેલી આવૃત્તિ વિષે

મરાઠા–પ્રોવિડન્ટ ફંડના ઉત્પાદક કૈ. રા. રા. ગોવિંદરાવ કૃષ્ણરાવ દળવીના મનમાં શિવાજી મહારાજનું જીવનચરિત્ર લખવાની પ્રથમ કલ્પના ઉત્પન્ન થઇ હતી; પરંતુ અલ્પ વયમાંજ તેઓ પંચત્વ પામ્યાથી તેમનો સંકલ્પ અસિદ્ધ રહ્યો. ત્યાર પછી એ ફંડના ચાલકોએ પ્રસ્તુત લેખકને તે કાર્ય સોંપ્યું, પરંતુ એક બે મહારાષ્ટ્રીય વિદ્વાન ગૃહસ્થો શિવાજી મહારાજનું જીવનચરિત્ર લખતા હોવાની ખબર મળ્યાથી અને કેસરી પત્રકાર પાસે શિવાજી મહારાજના સ્મારકનિમિત્તે ઇ૦ સ૦ ૧૮૯૫ થી એકઠા થવા લાગેલા હજારો રૂપિયા પૈકી થોડી રકમનો વિનિયોગ મહારાજનું એકાદ જીવનચરિત્ર લખાવી છપાવવામાં થઇ, સર્વ લોકોને ખ્રિસ્તી ધર્મનાં પુસ્તકોની પેઠે તે તદ્દન અલ્પ કિંમતમાં વેચાતું મળવાનો યોગ પ્રાપ્ત થશે, એવું જણાયાથી લેખકે એ કામ હાથમાં લીધું નહોતું; પરંતુ છ સાત વર્ષ થવા છતાં ઉક્ત વિદ્વાનો તરફથી મહારાજનું એક પણ ચરિત્ર પ્રકટ થયું નહિ અને કેસરીકાર પાસે એકત્ર થયેલી રકમ અનામત પડી રહી. એ જોઇ પોતાની શક્તિ પ્રમાણે સાંપ્રત પ્રાપ્ત થતી અનુકૂળ માહિતીનો આધાર લઇ લેખકને શિવરાયનું જીવનચરિત્ર લખવાની અને પોતાના પરમપ્રિય મિત્રનો સદુદ્દેશ સિદ્ધ કરવાની ઇચ્છા થવાથી તેણે તે ઉદ્યોગ કર્યો છે. આજ મહારાષ્ટ્રીય પ્રજા સમક્ષ તેનું ફળ સાદર કરવા સમર્થ થવાયું છે, તેથી લેખકને આનંદ થાય છે. ભિન્ન રુચિના વાચકોને કવચિત્ એ ફળ નાનું કિંવા અપકવ દેખાઇ તેમાં જોઇએ તેવો મિષ્ટ રસ નહિ જણાય, કિંવા તદ્દન નિઃસ્વાદ જણાશે; તોપણ જેઓ વિશેષ સ્વાદ (સાર) ગ્રાહી નથી એવા સરળ જનોની ક્ષુધાતૃપ્તિ માટે અન્ય રસભરિત ફળની ગેરહાજરીમાં આ ફળ થોડુંઘણું પણ ઉપયોગી થઇ પડશે એવી આશા છે.

જગતના ઇતિહાસમાં મરાઠાઓનું નામ અજરામર રાખનાર એ મહાપ્રતાપશાળી રાષ્ટ્રીય વીરના અતુલ પરાક્રમનું વિસ્તૃત વર્ણન સ્વતંત્ર ચરિત્રગ્રંથના રૂપમાં કરવાના કાર્યમાં મહારાષ્ટ્રના મોટા મોટા વિદ્વાન ગ્રંથકારોએ આજપર્યંત આળસ કિંવા અનાસ્થા શા માટે દર્શાવ્યાં તે જાણી શકાતું નથી. પૂર્વકાળના બખરકારોએ અને કવિઓએ પોતાની શક્તિ અને માહિતી પ્રમાણે શિવાજી મહારાજનો ચરિત્રમહિમા આટલો બધો વર્ણવ્યો છે, છતાં આધુનિક વિદ્યાચાર સંપન્નતાના સમયમાં સ્વદેશ, સ્વરાજ્ય અને સ્વાતંત્ર્ય ઇત્યાદિ સંબંધી સદોદિત વિચાર પ્રકટ કરનાર પંડિતો તરફથી એ મહાપુરુષ સંબંધી માત્ર મોઢેથી અભિમાન પ્રકટ કર્યા સિવાય વિશેષ કંઇજ થાય નહિ એ આશ્ચર્યજનક જણાય છે. અન્યના સ્વાતંત્ર્યનો અપહાર કરનારા

કિંવા સ્વદેશનો નાશ કરવામાં પ્રવૃત્ત થનારા એવા અનેક પુરુષોનાં ચરિત્રો મરાઠી ભાષામાં પ્રકટ થાય અને જે પ્રૌઢ પ્રતાપી વીરમણિએ સ્વદેશને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરાવવાનો સુયશ સંપાદન કર્યો તેનું સવિસ્તર જીવનચરિત્ર લખવાની કોઇને પણ સ્ફુરણા થાય નહિ એ શું? ગુરુવર્ય પ્રો૦ રાજારામશાસ્ત્રી ભગવતે ઘણાં વર્ષ ઉપર શિવાજી મહારાજનું સંક્ષિપ્ત જીવનચરિત્ર પ્રસિદ્ધ કર્યું હતું; પરંતુ તે ઘણું તૂટક હતું. તેજ પ્રમાણે પ્રકૃત જીવનચરિત્રની જાહેરખબર પ્રસિદ્ધ થયા પછી પણ ઘણું ખરૂં તેટલાજ આકારનું એક અન્ય ચરિત્ર ઉતાવળે છપાઇ બહાર પડ્યું છે; પરંતુ એટલા નાના ગ્રંથમાં શિવરાયનાં પ્રતાપી કિરણોનો સમાવેશ થઇ શકે નહિ, એ બહુશ્રુત વાચકોને કહેવાની જરૂર નથી.

પ્રકૃત જીવનચરિત્ર લખવામાં સાંપ્રત ઉપલબ્ધ થઇ તેટલી સર્વ માહિતીનો આધાર લેવામાં આવ્યો છે અને બનતે પ્રયત્ને તેને પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેથી શિવાજી મહારાજ સંબંધી ગ્રંથો લખનાર સર્વ નવાજૂના ગ્રંથકારોનો પ્રસ્તુત લેખક ઋણી છે. લેખકને આજે જે બનાવો સત્ય જણાયા અને જે ક્રમ પ્રમાણે તે બનાવો બન્યાની ખાતરી થઇ, તે બનાવો તેણે ક્રમ પ્રમાણે પ્રસ્તુત ગ્રંથમાં લખ્યા છે. કેટલાક પંડિતોદ્વારા ઇતિહાસશોધનનું કામ હજી પણ ચાલુ છે. તેમની શોધ જગત સમક્ષ પ્રસિદ્ધ થયા પછી પ્રકૃત જીવનચરિત્રમાં કંઇક સુધારો કરવો પડશે એ ખુલ્લુંજ છે; પરંતુ તેજ કારણને લીધે શંકાગ્રસ્ત થઈ ગ્રંથ પ્રસિદ્ધ કરતાં અટકી પડવું યોગ્ય નહિ જણાયાથી આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. સુજ્ઞ વાચકો એમાં જે કાંઇ દોષ અથવા ન્યૂનતા જણાય તે માટે લેખકને ક્ષમા કરશે એવી આશા છે.

चरित्रलेखक

દાદર, મુંબઇ. તા. ૨૦–૧૨–૧૯૦૬ (કૃ૦ અ૦ કેળુસ્કર)

બીજી આવૃત્તિ વિષે

આજે બરોબર ચૌદ વર્ષે આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનો સુયોગ આવ્યો છે.

જ્યારે લોકોમાં શિવાજી મહારાજ સંબંધી જાગૃતિ આવી હતી અને તેમના નામનો લોકો ગર્વથી જયજયકાર કરતા હતા, ત્યારે પોતાની અલ્પસ્વલ્પ શક્તિ પ્રમાણે પ્રકૃત લેખકે પણ આ ચરિત્ર લખવાનો પ્રયત્ન કર્યો હતો; અને શિવાજી મહારાજના ચારિત્ર્યમાં લઘુતા અને ઊણપ દર્શાવનારી કેટલીક નિરાધાર અને નિરર્થક વાતો જે ઘણા દિવસથી પ્રચલિત હતી, તેની અસત્યતા, યોગ્ય પુરાવા આપીને સિદ્ધ કરવાનો લેખકે પ્રયત્ન પણ કર્યો હતો. કેટલાકને આ પ્રયત્ન પસંદ પડ્યો ન હોય એ સ્વાભાવિક છે; પરંતુ પ્રકૃત લેખકનો એ બાબતનો સ્પષ્ટ અભિપ્રાય અસત્ય અને આધાર વગરનો છે, એવું સપ્રમાણ સિદ્ધ કરવાને કોઈ પણ ઉદ્યુક્ત અને શક્તિવાન

થયું નથી; તે માટે અમને નવાઇ લાગે છે. આથી વિરુદ્ધ પુરાવાના અભાવને લીધે પ્રથમ આવૃત્તિના અભિપ્રાયોજ આ બીજી આવૃત્તિમાં પણ કાયમ રાખવામાં આવેલા છે. પોતાના લેખમાં પ્રસિદ્ધ થયેલા કેટલાક મત કેટલાક માણસોને પસંદ નથી, એટલાજ માટે બીજી આવૃત્તિમાંથી તે બાતલ કરવા; એ વાત કોઈ પણ સત્યનિષ્ઠ માણસને સહસા યોગ્ય લાગે એમ નથી. જ્યાંસુધી એ મત ખોટો છે એમ સાબિત થાય નહિ, ત્યાંસુધી તેનું અવલંબન કરવું એજ યોગ્ય છે.

યુરોપની સમરભૂમિ પર અમારા મરાઠા બંધુઓએ પોતાના શૌર્યની જે પરાકાષ્ઠા કરી બતાવી, તેથી ચારે દિશામાં તેમની વાહવાહ થઇ છે. પૂર્વકાળમાં જે પ્રૌઢ પ્રતાપ રાજમણિના પ્રોત્સાહનથી અને કર્તૃત્વશક્તિથી મરાઠાઓમાં આ શૌર્ય, ધૈર્ય વગેરે યુદ્ધોપયોગી ગુણોનો આવિર્ભાવ અને ઉત્કર્ષ થયો હતો, તેનું સ્મરણ અમારા મરાઠા બંધુઓને થયું અને તેનું કંઇ પણ શાશ્વત સ્મારક કરવું, એવો વિચાર તેમના મનમાં આવ્યો તે માટે તેઓ ફંડ એકઠું કરવા લાગ્યા. તે વખતે પ્રકૃત લેખકને પણ એમ લાગ્યું કે, મહાતેજસ્વી શિવાજી મહારાજના ચારિત્ર્યની બાબતમાં કેટલાક પાશ્ચાત્ય ઇતિહાસના વિદ્વાનોના જે વિપરીત અભિપ્રાય છે, તે કાઢી નાખ્યા વગર તેના સ્મારકને નિર્દોષ સ્વરૂપ પ્રાપ્ત થશે નહિ. તેથી તેણે પોતાના આ ગ્રંથનું અંગ્રેજીમાં ભાષાંતર કરાવવાનો વિચાર કર્યો અને તેનો આ વિચાર પોતાના મિત્ર પ્રો. ની. સ. તાકખાવ એમ. એ. ની મદદથી સફળ થયો. આ ભાષાંતર ગ્રંથ હવે એકાદ બે માસમાં પ્રસિદ્ધ થવાનો યોગ આવેલો છે, તે વખતે અમારા મહારાષ્ટ્રીય ભાઇઓને પણ શિવાજી મહારાજનું સાદ્યંત ચરિત્ર વાંચવાની ઇચ્છા થાય એ તદ્દન સ્વાભાવિક છે. તેથી પ્રકૃત લેખકે પોતાના આ ગ્રંથની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનું સાહસ કર્યું છે. આ ચરિત્રગ્રંથ વાંચીને મહારાષ્ટ્રીઓનાં મનમાં—અને ખાસ કરીને મરાઠા ભાઇઓનાં મનમાં શિવાજી મહારાજ સંબંધી ખરૂં અભિમાન અને યથાર્થબુદ્ધિ જાગૃત થશે અને તેઓ સ્મારકફંડના કાર્યમાં અંતઃકરણપૂર્વક મદદ કરશે એ બાબતનો પાકો ભરોંસો છે.

આ ચૌદ વર્ષની મુદતમાં ઇતિહાસસંશોધકોએ જે માહિતી પ્રસિદ્ધ કરેલી છે, તેનો ઉપયોગ કરીને આ આવૃત્તિમાં સુધારોવધારો કરેલો છે; જેને માટે એ ઇતિહાસસંશોધકોનો પ્રકૃત લેખક ઋણી છે. એ સર્વમાં પણ બંગાળાના સુપ્રસિદ્ધ ઇતિહાસકાર પ્રો. જદુનાથ સરકારનું ઋણ ઘણુંજ મોટું છે. શિવાજી મહારાજ સંબંધી જે જે માહિતી આજપર્યંત અનુપલબ્ધ હતી તે, આ વિદ્વાન ઇતિહાસકારે સ્તુત્ય પરિશ્રમ કરીને અંગ્રેજીમાં શિવાજી મહારાજનું જે જીવનચરિત્ર લખ્યું છે, તે દ્વારા અંગ્રેજી વાચકોને ઉપલબ્ધ થઇ છે. તેમની આ બહુમૂલ્ય માહિતીના આધારથી આ (મરાઠી) ગ્રંથને પણ સારૂં જેવું પૂર્ણત્વ પ્રાપ્ત થયેલું છે.

चरित्रलेखक

(કૃ૦ અ૦ કેળુસ્કર)

દાદર,મુંબઈ. તા. ૨૦ ડિસેંબર ૧૯૨૦

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪	૨૭	ચદાચારી	સદાચારી
૭	૨૨	ઘોડેસ્વારની	ઘોડેસવારની
૩૩	૨૫	ક્રોધે	ક્રોધે
૪૧	૨૦	પરજય	પરાજય
૫૯	૩	માનવભવ	માનવૈભવ
૧૫૨	૧૩	સુખરૂ	સુખરૂપ
૧૬૫	૩૮	શત્રના	શત્રુના
૧૭૦	૯	તોપોનો	તોપોના
૧૭૬	૧૪	વૈસતીમાં	વસતીમાં
૨૦૮	૩૬	ફાસીર	ફારસી
૨૩૦	૧	છત્રપિત	છત્રપતિ
૨૫૧	૧૨	પાંડપુત્રોને	પાડુપુત્રોને
૨૬૫	૬	કારકુને	કારકુનો
૨૬૭	૨૨	આગળાં	આંગળાં
૨૮૧	૩૩	નિમૂર્ળ	નિર્મૂળ
૩૮૦	૨૫	કબજે	કબજે
૩૮૨	૨૩	મહરાજની	મહારાજની
૩૯૯	૩૫	કિલ્લદારને	કિલ્લેદારને
૪૧૭	૧૨	તેનની	તેમની
૪૪૭	૧૬	બધાયા	બંધાયા
૪૪૭	૨૬	વર્તાવા	વર્તાવવા
૪૫૯	૨	જીવનવૃતાંત્ત	જીવનવૃત્તાંત
૪૬૧	૯	કીર્તમાંથી	કીર્તનમાંથી
૪૭૮	૧૨	માત્રિક	માંત્રિક
૪૮૩	૬	શંસારસુખ	સંસારસુખ
૪૯૬	૨૫	મહાદાજ	મહારાજ
૫૩૫	૨૫	સ્વૌત્કર્ષલાલસા	સ્વોત્કર્ષલાલસા
૫૪૧	૩૩	સાથેનાં	સાથેના
૫૪૭	૨૨	પરંન્તુ	પરંતુ
૫૫૦	૩૬	અભિશિક્ત	અભિષિક્ત
૫૬૧	૧૫	સમટ	સમય
૫૬૫	૩૩	ભૂલા બુરા	ભલાબૂરા
૫૬૮	૨૫	મૈં	મૈં
૫૭૭	૨૨	મહાભાર	મહાભારત
૫૭૮	૫	**मायिन**	**मायिनः**

अनुक्रमणिका

પ્રકરણ વિષય પૃષ્ઠાંક
૧ પૂર્વજોનું વૃત્તાંત ૧
૨ શાહજીરાજાનું વૃત્તાંત ૧૫
૩ શિવાજી મહારાજની બાલ્યાવસ્થા ૪૯
૪ શિવાજી મહારાજનું શિક્ષણ ૬૨
૫ સ્વરાજ્ય–સ્થાપનાની સિદ્ધતા ૭૬
૬ સ્વરાજ્ય–સ્થાપનાનો આરંભ ૮૩
૭ સ્વસત્તાની વૃદ્ધિ ૯૯
૮ પિતૃસંકટ નિવારણ ૧૦૯
૯ મોગલો સાથે સંબંધ ૧૧૮
૧૦ વિજાપુર–સરકારના બીજા પ્રાંત તાબે લેવા ... ૧૨૫
૧૧ અફઝુલખાનનો વધ ૧૩૫
૧૨ વિજાપુર–સરકારના અન્ય સરદારોનો પરાજય ... ૧૫૯
૧૩ વિજાપુર–સરકારનો પરાજય ૧૭૫
૧૪ પિતૃદર્શન ૧૮૪
૧૫ દરિયાઇ કાફલો અને સમુદ્રના કિલ્લા ૧૯૧
૧૬ મોગલરાજ્ય પર સવારી અને શાહિસ્તખાનની ચડાઇ ... ૧૯૮
૧૭ સુરત, બાર્સિલોર વગેરેમાં લૂંટ ૨૧૮
૧૮ જયસિંહમીરજા રાજાની સવારી ૨૨૭
૧૯ આગ્રાપ્રયાણ ૨૪૯
૨૦ મહારાજે પોતાના હાથમાંથી ગુમાવેલા કિલ્લા અને પ્રાંત પાછા જીતી લીધા ૨૭૪
૨૧ મોગલોના પ્રાંતમાં પુનઃ સવારી ૨૮૫
૨૨ વિજાપુર–સરકાર સાથે પુનઃ યુદ્ધ ૩૧૧
૨૩ રાજ્યાભિષેક ૩૨૨
૨૪ રાજ્યવ્યવસ્થા ૩૪૦
૨૫ મોગલ અને વિજાપુર–સરકાર સાથે પુનઃ કલહ ... ૩૭૫
૨૬ કર્ણાટક પર ચડાઇ ૩૮૫
૨૭ મોગલો સાથે અંતિમ યુદ્ધ ૪૨૩
૨૮ અંગ્રેજ અને સીદી ૪૩૯
૨૯ સજ્જન–સેવા ૪૫૯
૩૦ અંતકાળ ૪૭૮
૩૧ શિવાજી મહારાજની ધનસંપત્તિનો હિસાબ ... ૪૮૫
૩૨ ગુણદોષ વિવેચન ૪૯૩
પરિશિષ્ટ ૫૪૦

શ્રીશિવાજી છત્રપતિ



શિવાજી મહારાજ સમર્થ રામદાસને પોતાનું સમગ્ર રાજપાટ અર્પણ કર્યાનો લેખ ભિક્ષામાં આપે છે.

श्री शिवाजी छत्रपति

प्रकरण १ लुं–पूर्वजोनुं वृत्तांत

મહા પ્રતાપશાળી ક્ષત્રિયકુલદીપક છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ, ભોંસલે નામથી ઓળખાતા એક નામાંકિત કુળમાં થયો હતો. મહારાષ્ટ્રમાં એ ક્ષત્રિયકુળની સ્થાપના, મહારાણા દેવરાજજી નામક એક રજપૂત રાજાએ કરી હતી. એ મહારાણાનું પૂર્વવૃત્તાંત આ પ્રમાણે છે. અયોધ્યા પ્રાંતમાં સિસોદિયા નામક સૂર્યવંશના રાજા રાજ્ય કરતા હતા. તેમાંના કોઇ પુરુષે, નર્મદા નદીને દક્ષિણ કિનારે આવી, સ્વતંત્ર રીતે રાજ્ય સ્થાપી ત્યાં વસવાટ કર્યો. ત્યાર પછી શાલિવાહન નામનો શક-કર્તા રાજા થયો. તેણે મહારાણા દેવરાજજીના વંશના એક રાજાને પરાજિત કરી તેનું રાજ્ય જીતી લીધું. પરાજિત થયેલા રાજાની પત્ની, પોતાના પાંચછ વર્ષના રાજકુમારને પોતાની સાથે લઈ નર્મદા નદીના ઉત્તર વિભાગમાં મેવાડ પ્રાંતના વિંધ્યાદ્રિ પર્વત તરફ ચાલી ગઇ. ત્યાં એક બ્રાહ્મણને ઘેર પોતાના પુત્રને ગાયો ચારવા રાખી, તેનાજ આશ્રયમાં નિવાસ કરવા લાગી. ગાયોનું રક્ષણ કરતાં કરતાં તે છોકરાને એક દિવસ એક સ્થળે દાટેલું પુષ્કળ ધન મળ્યું. છોકરાએ તે ધન બ્રાહ્મણને બતાવ્યું અને પોતે કોણ તથા ક્યાંથી આવ્યો, તે સંબંધી સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. બ્રાહ્મણે છોકરાની શુભનિષ્ઠા અને રાજબીજ વગેરે જાણ્યાથી તેને સ્વરાજ્ય સ્થાપવાના કાર્યમાં ખરા અંતઃકરણપૂર્વક મદદ કરી. તે સમયે એ પહાડી પ્રદેશ, જે ભીલ લોકોના તાબામાં હતો, તેમની સાથે તેઓ લડ્યા અને તેમને હરાવ્યા. એ પહાડોમાં એક સ્થળે ભવાનીનું દેવળ હતું. તેની આસપાસ એક કિલ્લો બાંધી તેનું નામ

ચિત્રકૂટ પાડયું. ભવાનીના દેવાલયનો જીર્ણોદ્ધાર કર્યા પછી તેજ કિલ્લામાં એકલિંગજી મહાદેવનું એક દેવાલય બાંધ્યું. એ પુરુષના વંશજોએ ચિત્રકૂટમાં પાંચસો વર્ષ રાજ્ય કર્યું હતું, એમ કહેવામાં આવે છે. એજ ચિત્રકૂટ નામક કિલ્લો, તે પાછળથી ચિતોડના નામથી ઇતિહાસમાં પ્રસિદ્ધ થયો છે.

દિલ્હીમાં પાછળથી મુસલમાની રાજગાદી સ્થપાઇ અને મુસલમાન બાદશાહો તથા રજપૂત રાજાઓ વચ્ચે વારંવાર યુદ્ધ થવા લાગ્યાં. કેટલાક હિંદુ રાજાઓ, મુસલમાન બાદશાહોના પ્રચંડ જોર આગળ નબળા પડી ગયા અને તેમના ખંડિયા થઇ રહ્યા. ચિતોડના રજપૂત રાજાઓ સાથે પણ દિલ્હીના બાદશાહોએ અનેક વખત ઘોર સંગ્રામો કર્યા; પરંતુ ઘણાં વર્ષ સુધી તેમણે શત્રુઓને નહિ લેખવતાં અપ્રતિમ શૌર્ય વડે સ્વરાજ્ય અને સ્વાતંત્ર્યનું રક્ષણ કર્યું. ઇ૦ સ૦ ૧૨૭૫ ના અરસામાં, લક્ષ્મણસિંહ નામક મહારાણો ચિતોડની રાજગાદી ઉપર બેઠો; પણ તેનો કાકો ભીમસિંહ રાજકારભાર ઉપર દેખરેખ રાખતો હતો. ભીમસિંહે પદ્મિની નામક એક અતિ લાવણ્યવતી સ્ત્રી સાથે લગ્ન કર્યું હતું.× એ સ્ત્રીને તે સિંહલદ્વીપથી લાવ્યો હતો, એમ કહેવામાં આવે છે. એ રૂપવતી સ્ત્રીના અલૌકિક સૌંદર્યની વાત દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખિલજીને કાને જવાથી તેને તે સ્ત્રી મેળવવાની અભિલાષા ઉત્પન્ન થઈ. અલાઉદ્દીન બાદશાહે પ્રબળ સેના સહિત મેવાડ પ્રાંત ઉપર ચડાઇ કરી અને ચિતોડના કિલ્લાને ઘેરો ઘાલ્યો. કિલ્લામાંના રજપૂતો શત્રુઓ સાથે ઘણા શૌર્યથી લડ્યા અને કેટલાક દિવસ સુધી તો તેઓ જરા પણ પાછળ હઠ્યા નહિ. તેમ છતાં અલાઉદ્દીન ઘેરો ઉઠાવે તેવો નહોતો. કિલ્લા સામું તેનું પ્રચંડ લશ્કર ઘેરો ઘાલીને પડેલુંજ હતું. રાજાએ નિરુપાય થઈ અંતે એવો વિચાર કર્યો કે, “કિલ્લામાંના એકેએક રજપૂતોએ શત્રુના સૈન્ય ઉપર એકદમ હુમલો કરવો અને સમરક્ષેત્રમાં મરણ પામતાં સુધી યુદ્ધ કરવું.” રાજાની આ યુક્તિ તેના સર્વ શૂરા સરદારોને પસંદ પડી; પરંતુ આ વખતે રાજાને એવો વિચાર સૂઝ્યો કે, “મેવાડના સિસોદિયા વંશનો સમૂળગો ઉચ્છેદ થાય તે ઠીક નહિ. આપણા વંશનાં બીજ રાખવાને કંઈ પણ ઉપાય શોધવો જોઇએ.” રાજાને બાર પુત્રો હતા. તે સર્વ સમરયજ્ઞમાં પોતાના પ્રાણની આહુતિ આપવાને તૈયાર થયા હતા. લક્ષ્મણસિંહને પોતાના બધા પુત્રો કરતાં બીજા પુત્ર અજયસિંહ પર ઘણો પ્રેમ હતો. તેને રાજાએ કહ્યું કે, “આપણો વંશ નિર્મૂળ થાય તે ઇષ્ટ નથી. અરવલ્લી પર્વતમાં, કૈલવાડા નામ-

---

× કેટલીક બખરોમાં (જેમાં રાજવંશની હકીકત અને બનાવો લખેલા હોય તે દફતરને ‘બખર’ કહેવામાં આવે છે.) લખ્યું છે કે, “પદ્મિની એ લક્ષ્મણસિંહની રાણી હતી.”

નું એક વિકટ સ્થળ છે. ત્યાં તું નાસી જઇ તારા પ્રાણનું રક્ષણ કર.'' પિતાની એ સલાહ વીર્યશાળી પુત્રને પસંદ પડી નહિ; પરંતુ ઘણોજ આગ્રહ થવાથી પુત્ર અજયસિંહ નિરુપાયે પિતાની આજ્ઞા પ્રમાણે કેલવાડા નામક સ્થાનમાં જઇ ત્યાં રહ્યો.× બીજી તરફ રાજા પોતાનાં આપ્તજનો સહિત શત્રુના સૈન્ય ઉપર તૂટી પડ્યો. એ રણસંગ્રામમાં ચૌદસો રજપૂતો પંચત્વ પામ્યા. કિલ્લો શત્રુને હાથ ગયો. કિલ્લામાંની સર્વ સામગ્રી મુસલમાનોએ લૂંટી લીધી અને સર્વ રાજચિહ્નો લઇ ગયા. કિલ્લામાં એક ભવ્ય નોબત હતી અને પંચરસી દરવાજા હતા, તે પણ તેઓ કાઢી લઈ ગયા.

ઉપર કહ્યા પ્રમાણે, અજયસિંહે નાસી જતી વખતે, પોતાના જ્યેષ્ઠ બંધુના નાના પુત્ર હમીરસિંહને સાથે લીધો હતો. મોટી ઉંમરનો થતાં તેણે લશ્કર એકઠું કરીને પોતાનાં ઘણાં રાજ્યો પાછાં મેળવી લીધાં. હમીરસિંહ મોટો થયો ત્યારે ઘણો પરાક્રમી નીવડ્યો. અજયસિંહ ધર્મનિષ્ઠ હોવાથી તેને પોતાના ભત્રિજા ઉપર બહુ પ્રેમ હતો, તેથી તેને પોતાના વડીલોની રાજગાદી ઉપર બેસાડ્યો અને પોતે તેનો રાજકારભાર તપાસવા લાગ્યો. તેણે રાજનગર નામક એક બીજો કિલ્લો બંધાવી ત્યાં પોતાની રાજગાદી સ્થાપી; કારણકે ચિતોડમાંથી નોબત વગેરે રાજચિહ્નો શત્રુઓ લઈ ગયા હોવાથી, તે પાછાં મેળવતા સુધી અસલ કિલ્લાને પગથિયે ચડવું નહિ, એવી તેણે પ્રતિજ્ઞા કરી હતી. જે શત્રુના પગ વડે પોતાના કુટુંબનો ભયંકર રીતે સંહાર થયો અને વડીલોની રાજધાની પાયમાલ થઇ, તે શત્રુઓનો પૂરેપૂરો પરાજય કરી, વૈર વાળતા સુધી પોતાનાં નિશાન પાછળ ચલાવવાં, થાળીમાં જમવું નહિ, પલંગ પર સૂવું નહિ અને હજામત કરાવવી નહિ, એવો તેણે નિયમ કર્યો. સિસોદિયા રાજવંશે એવો યવનદ્વેષ, આગળ ચાલુજ રાખ્યો. તેઓએ ઠેકઠેકાણે પોતાનાં થાણાં બેસાડ્યાં અને નવીન કિલ્લા બાંધી પોતાની સત્તા પુષ્કળ વધારી, તેમજ ઉદેપુરમાં પોતાની રાજગાદી સ્થાપી, પોતાની સત્તા જાળવી રાખી.

× ચિટનીસકૃત બખરમાં લખ્યું છે કે, લક્ષ્મણસિંહ પોતાનાં સર્વ મનુષ્યો સહિત શત્રુઓ જોડે લડતાં છેવટ પંચત્વ પામ્યો, ત્યારે તેની પત્ની આરસસિંહજી અને સજનસિંહજી નામના પોતાના બે પુત્રો સહિત કિલ્લામાંથી નાસી ગઇ અને ભીલોના આશ્રયમાં રહી. એ રાજપુત્રો મોટી ઉંમરે જ્યારે પરાક્રમી થયા, ત્યારે તેમણે યવનો પાસેથી ચિતોડ વગેરે સ્થળો પાછાં જીતી લીધાં. પ્રતાપસિંહ મહારાજે તૈયાર કરાવેલી વંશાવળીમાં લક્ષ્મણસિંહના એ બેજ પુત્રોનાં નામ આપ્યાં છે; તેમાં આરસસિંહને બદલે અરસીસિંગ એવું નામ લખ્યું છે. ''સિંહ'' એ શબ્દનું અપભ્રંશ ''સિંગ'' થયું છે.

અજયસિંહ મરણ પામ્યા પછી તેના પુત્ર સજનસિંહે એવો વિચાર કર્યો કે, "રાજ્યમાં ભાગ મેળવવાને માટે આપણા કાકાના પુત્ર–ભાઇ સાથે કલહ કર્યા કરવો, એ યોગ્ય નથી; પણ પોતાના બાહુબળ વડે નવું રાજ્ય સંપાદન કરવું એમાંજ ખરો પુરુષાર્થ છે." આવો વિચાર કરી તે શૂર પુરુષ દક્ષિણ તરફ ગયો. ત્યાં તેણે સોંધવાડ પ્રાંત કબજે કરી પોતાની ગાદી સ્થાપી. એ મહારાણાના વંશમાં દિલીપસિંહજી મહારાણા, સિંહજી મહારાણા,[1] ભોજાસી મહારાણા અને દેવરાજજી મહારાણા, એમ અનુક્રમે રાજા થયા. એ સર્વ રાજાઓએ મુસલમાન બાદશાહો જોડે હમેશાં યુદ્ધ કરીને પોતપોતાનાં રાજ્ય કાયમ રાખ્યાં હતાં; પરંતુ મુસલમાન બાદશાહ તરફનો સતત ત્રાસ સહન નહિ થવાથી, છેવટે કંટાળીને દેવરાજજી મહારાણા પોતાના રાજ્યનો ત્યાગ કરી દક્ષિણ દેશમાં આવ્યા અને કૃષ્ણા તથા ભીમા નદીઓને કિનારે લૂંટફાટ કરી જેમતેમ પોતાનું પોષણ કરવા લાગ્યા. દક્ષિણમાં આવ્યા પછી મુસલમાનોની બીકથી તેમણે પોતાનું નામ બદલ્યું અને પોતાને ભોંસાવંત ભોંસલે કહેવડાવવા લાગ્યા. એ શૂર પુરુષના મનમાં એ પ્રાંતમાં બની શકે તો એક સ્વતંત્ર રાજ્ય સ્થાપવું, એવી ઇચ્છા હતી; પરંતુ જ્યાં ત્યાં મુસલમાનોનું પ્રાબલ્ય હોવાથી તેમનો ઉદ્દેશ જ્યારે ફળીભૂત થયો નહિ, ત્યારે છેવટે સિંગણાપુરની પટેલાઇ મેળવી સ્વસ્થ રહેવું પડ્યું.

એમના વંશજોએ આગળ ચાલતાં ખાનવટ, હિંગણી, બેરડી, દેઉળગાંવ, જીંતી, વેરૂળ, બનસેંદ્ર, નાનજવ કળસવાવી, મૂંગીપૈઠણ વગેરે ગામોની પટેલાઇ વેચાતી લીધી. દેવરાજજીની વંશપરંપરા આ પ્રમાણે છેઃ–ઇંદ્રસેન, શુભકૃષ્ણજી, રૂપસિંહજી, ભૂમીંદ્રજી, ધાપજી, બરહટજી,[2] ખલાજી[3] ઉર્ફે ખલકર્ણ, કર્ણસિંહજી ઉર્ફે જયકર્ણ, સંભાજી અને બાબાજી ઉર્ફે શિવાજી. બાબાજીનો જન્મ ઈ૦ સ૦ ૧૫૩૩ માં થયો.[4] બાબાજી એ ઘણો ચદાચારી અને ધર્મશીલ હતો, એને માલોજી

---

[1] બીજે સ્થળે એનું નામ શિવાજી મહારાણા જણાય છે.

[2] ચિટણીસની વંશાવળીમાં એનું નામ બરબટજી આપ્યું છે.

[3] બીજે સ્થળે ખેલોજી નામ પણ છે.

[4] આ વંશાવળી ચિટનીસકૃત બખરમાંથી લીધી છે; અને સતારાના છત્રપતિ પ્રતાપસિંહ મહારાજાએ તૈયાર કરાવેલી વંશાવળી સાથે બરાબર મળતી આવે છે. એ વંશાવળી હમણાં સંસ્થાન કરવીરના છત્રપતિ શાહુ મહારાજના આશ્રયથી કોલ્હાપુરમાં છપાઈ પ્રસિદ્ધ થઇ છે. રાજસ્થાનના પ્રસિદ્ધ ઇતિહાસકાર મિ. ટૉડ સાહેબે પોતાના ગ્રંથમાં, મેવાડના ભાટો પાસેથી મેળવેલી શિવાજીની વંશાવળીનો ઉલ્લેખ કર્યો છે, તે પણ સદરહુ વંશાવળી સાથે ઘણે ભાગે મળતી આવે છે. એ વંશાવળીનો અનુક્રમ આ પ્રમાણે છેઃ–લક્ષ્મણ-

અને વિઠોજી નામના બે પુત્રો હતા. માલોજીનો જન્મ ઇ૦ સ૦ ૧૫૫૦માં અને વિઠોજીનો જન્મ ઇ૦ સ૦ ૧૫૫૩ માં થયો હતો. તેઓ બહાદુર અને સદ્‌ગુણી ઉત્પન્ન થયા. તેઓ મોટા થતાંજ ગૃહસ્થાશ્રમમાં પડ્યા. તે વખતે દેઉળગાંવના ખેડૂતોનો જમીન સંબંધી

સિંહ, અજયસિંહ, સજનસિંહ, દિલીપસિંહ, શિવાજી, ભોંસજી, દેવરાજજી, ઉગ્રસેન, માહુલજી, ખેલોજી, જનકોજી, સતુજી, સંભાજી અને શિવાજી ઉર્ફે બાબાજી, એ અંગ્રેજ ગ્રંથકારે સદરહુ વંશાવળીનો જે ઉલ્લેખ કર્યો છે, તે સ્થળે એવું લખ્યું છે કે, “સજનસિંહના વંશમાં આગળ એક મહાપુરુષ ઉત્પન્ન થઇ, હિંદુસ્તાનમાંની મુસલમાની બાદશાહી ઉથલાવી નાખે અને તેના પૂર્વજોની જે દુર્દશા મુસલમાન બાદશાહોએ કરી હતી, તેનું બરોબર વેર લે એવો યોગાયોગ હતો; કારણકે સતારાની ગાદીનો મૂળ સ્થાપક શિવાજી એ એજ સજનસિંહના વંશમાં ઉત્પન્ન થયો હતો.” મૂળમાં આપેલી વંશાવળીની સત્યતા માટે આટલો પુરાવો પૂરતો છે. રાજસ્થાનના ભાટ લોકોના મોઢાની રાજપ્રશંસા સુધ્ધાં બનાવટી હોઇને, શિવાજી મહારાજના દોરદમામ અને વૈભવને લીધેજ માત્ર તે અસ્તિત્વમાં આવી. વસ્તુતઃ જોતાં તે સત્ય નથી, એવો તર્ક જેઓ કરતા હશે તેમનો તર્ક નિરાધાર છે, એમ કહેવામાં અડચણ નથી. એકંદર રીતે જોતાં શિવાજી મહારાજના પૂર્વજ સંબંધી માહિતી આપતાં, ઘણાક બખરકારોએ, મરજી પડે તેમ પ્રવાદ ભેગા કરીને ગમે તેમ વંશાવળી મેળવી દીધી છે; તેથી તે પરસ્પર વિરુદ્ધ હોય તેમાં કાંઇ નવાઇ નથી. એ પૈકીમાંનું કેટલુંક અત્રે પ્રકટ કરવામાં આવે છે. શ્રી શિવદિગ્વિજય નામક બખરમાં મહારાજાનો વંશવૃત્ત આ પ્રમાણે પ્રકટ કરવામાં આવ્યો છે: “સિસોદિયા ભોંસલેના કુળમાં ઉદેસિંગ નામનો કોઇ રાજ્યસ્થાપક ઉત્પન્ન થયો હતો. તેણે ઉદેપુરનગર વસાવ્યું. તેના વંશના એક પુરુષને, એક મુસલમાન બાદશાહ પાસેથી ચિતોડનો કિલ્લો મળ્યો. કિલ્લા ઉપર તેણે પોતાનું રાજ્ય સ્થાપ્યું. એ કિલ્લા ઉપર એક ઘણીજ મોટી પંચરસી નોબત હતી. ત્યાંનો રાજા બાદશાહને સલાહસંપથી એ નોબત આપતો નહોતો, તેથીજ દિલ્હીના બાદશાહે તેના ઉપર ચડાઇ કરી અને ચિતોડના કિલ્લાને વિશાળ લશ્કર વડે ઘેરી લીધો. છેવટે પંદરવીસ હજાર રજપૂતો શત્રુ ઉપર તૂટી પડ્યા તે સઘળા રણમાં મરણ પામ્યા. નોબત, કિલ્લો અને સર્વ માલમત્તા બાદશાહના હાથમાં આવી. આ ઉથલપાથલ વખતે કાકાજી ભોંસલે નામનો રાણાનો ભાઈ–કાકાનો પુત્ર–કારભારી હતો. તે પોતાનું કુટુંબ અને રાજપત્નીને લઈ કિલ્લામાંથી ગુપ્તમાર્ગે નીકળી નાસી ગયો અને ઉદેપુરના રાણાના આશ્રયમાં જઇ રહ્યો. એ સમયે રાજપત્ની ગર્ભિણી હતી, તેને પુત્ર પ્રસવ્યો, તેનું નામ ચંદ્રસેન પાડ્યું,

કલહ ઉપસ્થિત થયો. ખેડૂતો સાથે તેમને બનતું નહોતું, તેથી તેમણે દૌલતાબાદ નજીક વેરૂળગાંવમાં આવી નિવાસ કર્યો; પરંતુ ખેડૂતોની રડતી કમાણી ઉપર નિર્વાહ કરવા કરતાં પોતાના શરીરના બળ અને તેજાસ્વતાની યોગ્ય કદર થાય એવો કાંઈક વ્યવસાય શોધી કાઢવાનું તેના મનમાં આવ્યું; તેથી તેમણે સિંદખેડના લુકજી જાધવરાવની

ઉદેપુરના રાણાએ પોતાના આશ્રિત જનોને કેટલોક પ્રદેશ જુદો કાઢી આપ્યો. આગળ જતાં ચંદ્રસેન જ્યારે મોટી ઉંમરનો થયો, ત્યારે તેને પોતાના કાકા સાથે બન્યું નહિ. તેથીજ કાકાજીને ત્યાંથી નાસી જવું પડ્યું. તેણે દક્ષિણમાં આવી દૌલતાબાદ સરકારનો આશ્રય લીધો અને હિંગણી, બેરણી, દેઉળગાંવ, વેરૂળ વગેરે ગામોની પટેલાઇ વેચાતી લઈ, ત્યાં સુખરૂપ રહેવા લાગ્યો. એ કાકાજીના વંશમાં બાબાજી ઉત્પન્ન થયો." મરાઠી સામ્રાજ્યની બખરમાં તે વંશવૃક્ષ આ પ્રમાણે પ્રકટ થયું છે:—"ભોંસલેના કુળનો મૂળ પુરુષ શિવરાવ ચિતોડકર ઉદેપુરમાં રહેતો હતો. તેને ત્રણ પુત્રો હતા—રામરાવ, ઉદેસિંહ અને ભીમસિંહ." અકબરે ઉદેપુર ઉપર ચડાઇ કરીને યુદ્ધ કર્યું, તે વખતે રામરાવ અને ઉદેસિંહ એ બંને રણમાં પડ્યા અને ભીમસિંહે ઉદેપુરના રાણાને ભોંસના કિલ્લામાં લઇ જઈ રાખ્યા. કિલ્લાના નામ ઉપરથી તે વંશનું નામ ભોંસલે પડ્યું. ભીમસિંહને વિજયભાન અને રાયભાન નામના બે પુત્રો હતા. રાયભાનના વંશજો ચિતોડમાંજ રહ્યા અને વિજયભાનનો પુત્ર ખેલકર્ણ એ ચિતોડથી મહારાષ્ટ્રમાં આવ્યો. તેના વંશજોનો અનુક્રમ આ પ્રમાણે છે:—"ખેલકર્ણ, જયકર્ણ, મહાકર્ણ, શિવાજી, (એ ભીમાને કિનારે ભીમખેટ માહુલી સ્થળે કરાડીમાં ડૂબીને મરણ પામ્યો) બાબાજી ભોંસલે, એ ગાંડા જેવો હતો." ભીડેકૃત શિવાજી મહારાજના વંશના અને અષ્ટપ્રધાનના ઇતિહાસમાં એવું વર્ણન પ્રકટ કરવામાં આવ્યું છે કે, "મૂળ પુરુષ સજનસિંહ મહારાણા, એ ઉદેપુર નજીક ચિતોડ શહેરમાં રહેતા હતા. એમને દિલીપસિંહ, સિંહાજી અને ભોંસાજી એ નામના ત્રણ પુત્રો હતા. એમાંનો ભોંસાજી નામનો પુરુષ, ચિતોડની પાસે ભોંસાવંત નામક એક ગામ છે, ત્યાં આવી રહ્યો. તે ઉપરથી તેનું ઉપનામ ભોંસલે પડ્યું. એ ભોંસાવંતના કોઈ ખેલકર્ણ અને માલકર્ણ નામના બે મિત્રો હતા. તેઓ અહમદનગરના બાદશાહ પાસે નોકરી રહ્યા. તેમને લોકો ખેલોજી અને માલોજી કહેવા લાગ્યા. એ પ્રત્યેકને બાદશાહ તરફથી પંદરસો સવારોની નિમણુંક (ઉપરીપણું—મનસબદારી) મળી. ચાકણચૌર્યાશી, પુરંદર પરગણું અને સુપાં મહાલ, એ તેમને જાગીર દાખલ મળ્યાં. આગળ જતાં ખેલોજી એક લડાઇમાં પડ્યો અને માલોજી ચાકસમાની ગામ આગળ કરાડીમાં ડૂબી મરણ પામ્યો. માલોજીને બાબાજી નામક એક પુત્ર હતો. તે નાની વયનો

પાસે પ્રથમજ સાધારણ સિપાઈની નોકરી લીધી. જાધવરાવ એ દેવગિરિના યાદવોનો વંશજ અને સિંદખેડનો દેશમુખ હતો. અહમદનગરની નિઝામશાહીમાં તેને બાર હજાર (ઘોડેસવાર) ની મનસબદારી હતી.[૧] એ લશ્કરના ખર્ચને માટે તેમને નિઝામ સરકાર તરફથી મોટી જાગીર મળી હતી. સરકારમાં તેમનું ઘણું માન હતું; એટલુંજ નહિ પણ તેમના જેવા બળવાન અને શૂરા સરદાર નિઝામશાહીમાં ઘણાજ થોડા હતા. જાધવરાવે માલોજી અને વિઠોજીને ઘણાજ આનંદપૂર્વક આશ્રય આપ્યો, તેમજ પ્રત્યેકને પાંચ હોન[૨] પગાર ઠરાવ્યો. એ ઉપરાંત પોતાની સાથે એક પંક્તિમાં ભોજન કરવું, એવું ઠરાવવામા આવ્યું. આ હકીકત ૧૫૭૭ માં બની.[૩]

માલોજી રાજાનું વૃત્તાંત

માલોજી એ શરીરે બળવાન, લાંબોપહોળો અને હૃષ્ટપુષ્ટ હતો.

હોવાથી માલોજીની જાગીર જપ્ત કરવામાં આવી, બાબાજીની માતા તેને લઇને વેરૂળ ઘુમેશ્વર નામના સ્થાને જઇ રહી. બાબાજી મોટી વયનો થયો તે વખતે તેણે દેઉળગાંવ, ખાનવટે, જીંતી વગેરે ગામોની પટેલાઇ વેચાતી લીધી અને ગુમાસ્તાઓ રાખીને તેની વ્યવસ્થા કરવા માંડી." એ પ્રમાણે બાબાજી ભોંસલે પર્યંતની વંશાવળી સંબંધી અનેક મનુષ્યના અનેક તર્ક છે. છત્રપતિ પ્રતાપસિંહે તૈયાર કરાવેલી વંશાવળી બીજા કરતાં વધારે વિશ્વસનીય અને ગ્રહણ કરવા યોગ્ય જણાયાથી મૂળમાં તેનોજ આધાર લેવામાં આવ્યો છે.

[૧] બાદશાહી રાજસત્તા વખતે જેટલા ઘોડેસવારની મનસબદારી મળતી, તે પ્રમાણે અમલદારનું માન ગણાતું. જેમકે બારહજારી મનસબદારી; એટલે તે બાર હજાર ઘોડેસવારોનો માલિક ગણાતો. એજ રીતે અમલદારોના માન જણાઈ આવતાં. **—અનુવાદક**

[૨] તે વખતે હોન નામક સિક્કાનું ચલણ હતું. **—અનુવાદક**

[૩] મિ. કિંકેડ અને રા૦ બા૦ પારસનીસ પોતાના મરાઠાના ઇતિહાસમાં શેડગાંવકરના બખરના આધારે એવું જણાવે છે કે, "આ બે ભાઇઓ પ્રથમ તો પલટણના સરદાર જગપતરાવ ઉર્ફે વણગપાળની પાસે નોકરી રહ્યા. ત્યાં પોતાના શૌર્યવીર્ય આદિ ગુણોને લીધે તેઓ આગળ વધ્યા હતા. એક દિવસે તેઓ પોતાના સ્વામી સાથે તળાવમાં સ્નાન કરવાને ઊતર્યા હતા. તે વખતે તેમના પર વિજાપુરની સરકારનાં માણસોએ હુમલો કર્યો અને બંને પક્ષના લોકો વચ્ચે યુદ્ધ જામ્યું. આ યુદ્ધમાં આ બંને ભાઇઓએ ભારે શૌર્યપૂર્વક યુદ્ધ કરીને દુશ્મનને મારીને હાંકી કાઢ્યા. આ એમના શૌર્યની વાત મૂર્તિજા નિઝામશાહના સાંભળવામાં આવી, તેણે તેમને બોલાવીને સરદારની પદવીઓ આપીને પોતાની પાસે રાખ્યા."

તે એટલે સુધી કે જ્યારે તે ઘોડેસવાર થતો ત્યારે કોઇ ઘોડો તેનો ભાર ઝીલી શકતો નહોતો. તેની આગળ કોઇ ઘોડા ટકતા નહોતા; એટલા માટે જાધવરાવે પોતાની દેવડી ઉપર તેની નિમણુંક કરી. તે ચતુર, તેજસ્વી અને ગુણવાન હોવાથી જાધવરાવને તેના પર સત્વર સ્નેહ ઉત્પન્ન થયો. જાધવરાવે તેને મૂર્તિજા નિજામશાહ પાસે લઇ જઇ એવી ભલામણ કરી કે, આ પુરુષ ઘણોજ પ્રમાણિક અને ચાલાક છે. બાદશાહે તેનું પાણી અને ચપળતા જોઇ તેને પોતાના લશ્કરમાં શિલેદારની નોકરી આપી. ત્યાર પછીથી માલોજી, પોતાના ખર્ચે એક ઘોડી અને નોકરો રાખી નિજામશાહની નોકરી કરવા લાગ્યો; તેમ છતાં તે જાધવરાવના તાબામાંજ હતો, એવું જણાતું હતું.

માલોજીનાં લગ્ન, પલટણના દેશમુખ ગોપાળરાવ નિંબાળકરની ભગિની, દીપાબાઇ સાથે થયાં હતાં.× ઉપર કહ્યા પ્રમાણે ઉન્નતિ થયા પછી તેનો ગૃહસ્થાશ્રમ સારી પેઠે ચાલવા લાગ્યો. તેના ભાઇ વિઠોજીને પણ શિલેદારની નોકરી મળી હતી. વિઠોજીને આઠ* પુત્ર થયા હતા; પરંતુ માલોજીને કંઈ સંતતિ નહોતી. પોતાને પેટે કંઇ સંતતિ થઇ નહિ, તેથી દીપાબાઇના અંતઃકરણમાં ઘણું દુઃખ થતું હતું. પતિપત્નીએ પુત્રપ્રાપ્તિને માટે ઘણાં દાનધર્મ અને અનુષ્ઠાનો કર્યાં હતાં તથા બાધાઓ પણ રાખી હતી. છેવટે તેમણે નગરના પીર શાહશરીફની બાધા રાખી. પ્રત્યેક ગુરુવારે માલોજી ફકીરોને દાનધર્મ કરતો હતો. એ પ્રમાણે તેણે લાગલાગટ છ મહિના સુધી દાનધર્મ કર્યું; એટલામાં સદ્‌ભાગ્યે દીપાબાઇ ગર્ભવતી થઈ અને ઈ૦ સ૦ ૧૫૯૪ માં તેને પેટે પ્રથમ પુત્રરત્ન સાંપડ્યું. પીરની કૃપાથી એ પુત્ર પ્રાપ્ત થયો, એમ માની માલોજીએ તેનું નામ શાહજી પાડ્યું. ત્યાર પછી બીજો પુત્ર થયો તેનું નામ શરીફજી પાડ્યું.

શાહજી, એ સુંદર દેખાવનો તથા ઘણો ચાલાક, બુદ્ધિમાન અને ગુણવાન હતો. તેની વાણી સુમધુર હતી અને વર્તણુંક ઘણીજ મોહક હતી. એ છોકરાની વર્તણુંક જોઈ જાધવરાવને ઘણુંજ કુતૂહલ

× એકબે બખરમાંથી એવું મળી આવે છે કે, જાધવરાવે આપેલી નોકરીથી માલોજીને સંતોષ થયો નહિ, તેથી તે પલટણના નિંબાળકર જગપાળરાવની પાસે ગયો. તેની હોશિયારી જોઇને નિંબાળકરે પોતાની બહેન દીપાબાઈનાં તેની સાથે લગ્ન કરી આપ્યાં; પણ તેણે આ વખતે જાધવરાવનો આશ્રય છોડી દીધો હતો, એમ જણાતું નથી. મિ. કિંકેડ અને રા. બ. પારસનીસ શેડગાંવકરની બખરના આધારે એવું જણાય છે કે, લુકજી જાધવરાવની સિફારસને લીધે જગપતરાવે (જગપાળે) પોતાની બહેન માલોજી રાજા સાથે પરણાવી હતી.

* આમાંના નાગોજીના વંશજ બનસેંદ્રેમાં હજુ હયાત છે.

ઉત્પન્ન થતું. તેને વખતોવખત પોતાને ઘેર લઇ જતો, વસ્ત્રાલંકારો પહેરાવી શણગારતો અને એ પ્રમાણે અનેક પ્રકારનાં લાડ કરતો. જાધવરાવને જીજાઉ નામની બેત્રણ વર્ષની એકની એક પુત્રી હતી. શાહજી તેની સાથે કલાકના કલાક સુધી રમતો. બાળક અને બાળકી વચ્ચે બાલ્યાવસ્થાથીજ મૈત્રી બંધાઇ હતી. શાહજી પાંચ વર્ષનો હતો, તે વખતે હોળીનું પર્વ આવ્યું.* જાધવરાવે રંગપંચમીને દિવસે પોતાને ઘેર એક મોટો સમારંભ કર્યો અને શ્રીમંત લોકોને તેમજ પોતાનાં આપ્તજનોને આમંત્રણ કર્યું. બીજા લોકોની સાથે માલોજીને પણ આમંત્રણ થયું હતું, તેથી તે પોતાના પુત્ર શાહજીને લઇ જાધવરાવને ઘેર સમારંભમાં ગયો. જાધવરાવે શાહજીને પોતાની પાસે બોલાવ્યો. તે જઇ તેમના ખોળામાં બેઠો; એટલામાં પુત્રી જીજાઉ ઘરમાંથી દોડતી આવી અને પિતાના ખોળામાં શાહજીની પાસેજ બેસી ગઇ. બન્ને બાળકો લગભગ સમાન વયનાં તેમજ દેખાવડાં હોવાથી જાધવરાવે લાડમાંજ કહ્યું કે "બેટા! તને આ વર જોઇએ છે કે? ખરેખર, આ જોડું યોગ્ય જણાય છે." એટલામાં તે બન્ને બાળકો પાસે પડેલી રકાબીમાંથી રંગ અને ગુલાલ લઈ એકબીજા ઉપર છાંટવા લાગ્યાં. તેમની બાળકોના સ્વભાવને લાયકની રમત જોઇ, સભામાં બેઠેલા સર્વ મનુષ્યોને ઘણું કૌતક લાગ્યું અને હસતાં હસતાંજ તેમણે કહ્યું. કે, "જોડું યોગ્યજ છે." તે સમયે માલોજી અને વિઠોજી ઊભા થઇ સભાસદોને કહેવા લાગ્યા કે, "સાંભળજો, જાધવરાવ આજથી અમારા વેવાઈ થયા અને જીજાઉ અમારી પુત્રવધૂ થઇ. તેઓ જે કાંઇ બોલ્યા છે, તે તમે સઘળાએ સાંભળ્યું છે. હવે એ નિશ્ચય બદલાવાનો નથી. મોટા મનુષ્યો સભામાં બોલ્યા પછી પાછળથી ફરી જતા નથી." આ પ્રમાણે કહીને સર્વ સભાજનોને સાક્ષી રાખી તેઓ બેસી ગયા. આ સાંભળી સભાજનોએ કહ્યું કે, "યોગ્ય છે" વસ્તુસ્થિતિ જોતાંજ જાધવરાવ ચકિત થયો; પણ તે વખતે તેણે કાંઇ ઉત્તર આપ્યો નહિ.

બીજે દિવસે જાધવરાવે સર્વ આપ્તજનોને જમવાનું આમંત્રણ કહાવ્યું. અન્ય જનોની સાથે માલોજીને પણ બોલાવવા મોકલ્યું. માલોજીએ વળતો ઉત્તર કહાવ્યો કે, "અમે અને તમે વેવાઇ થયા છીએ. હવે લગ્નસમારંભ વખતે તમારી સાથે બેસીને ભોજન કરીશું. વચમાં અમને જમવા બોલાવશો નહિ." આ વાત જાધવરાવની પત્ની મ્હાળસાબાઇએ જાણી, એટલે માલોજીના ઉદ્ધતપણા માટે તેને ઘણોજ ક્રોધ

---

* મહારાષ્ટ્રમાં હોળીના પર્વને "શિમગ્યાચા સણ" કહે છે. તે દિવસોમાં દક્ષિણીઓ ઘણો આનંદોત્સવ કરે છે અને ઘણા દક્ષિણીઓ હોળીના તહેવારો પર પરદેશ હોય છે, ત્યાંથી પોતાને દેશ જઇ એ તહેવારોમાં આનંદોપભોગ કરે છે. —અનુવાદક

ઉત્પન્ન થયો. જાધવરાવ જેવા શ્રીમંત મનસબદાર સાથે, માલોજી જેવા તુચ્છ શિલેદારે વેવાઇપણાનો દાવો કરવાનું ઉચ્છૃંખલપણું કરવું, એ તેને મનથી ઘણું મૂર્ખાઇભરેલું હતું. મ્હાળસાબાઇએ પોતાના પતિને કહ્યું કે, "આપના મુખમાંથી સભાની વચમાં જે શબ્દો નીકળ્યા તે અનુચિત થયું. તેઓ બોલવા ઊઠ્યા તેજ વખતે તેમને ધમકી આપવી જોઇએ તે આપે આપી નહિ અને ચુપચુપ બેસી રહ્યા તે પણ અયોગ્ય થયું. માલોજી આપણા તાબાનો નોકર છે. તેને ઘેર છોકરી આપવાથી લોકોમાં આપણને કલંક લાગશે. નિંબાળકર, શિર્કે, અને મહાડીક જેવા આપણી બરાબરીના સરદાર, મનસબદાર તથા દેશમુખ છે તેમના કુટુંબમાં છોકરાઓ છે, તે મૂકીને માલોજીનાજ છોકરા સાથે આપણી છોકરી પરણાવવામાં આપે તેની કયા પ્રકારની શ્રેષ્ઠતા જોઇ?" જાધવરાવે પત્નીના મનનું સમાધાન કરતાં કહ્યું કે, "સભામાં હું તો માત્ર વિનોદને માટેજ બોલ્યો હતો. તેને કાંઇ વચન આપી ચૂક્યો નથી." તેમણે માલોજીને પાછું કહાવી મોકલ્યું કે, "શરીર સંબંધ કરવાની વાત બિલકુલ ઉચ્ચારશો નહિ; કારણકે અમારા ઘરમાં તે વાત કોઇને પસંદ આવતી નથી. સભામાં હું જે કાંઇ બોલ્યો હતો તે માત્ર હાસ્યવિનોદ માટેજ હતું. તેને સત્ય માની લઇને હઠ પકડી બેસવું, એ સમજુ મનુષ્યને શોભતું નથી. ભોજન કરવા અવશ્ય આવવું. પછી તો વિધાતાએ જેવું લખ્યું હશે તેવું બનશે." એ સાંભળી માલોજીએ કહાવ્યું કે, "આટલાં બધાં મનુષ્યોની વચમાં તમે જે કાંઇ બોલ્યા છો, તે ગેરવાજબી શી રીતે ઠરશે? તમારી સાથે વેવાઇના સંબંધથી જોડાવું એજ અમારે માટે યોગ્ય છે." તેનો આવો ઉત્તર સાંભળી જાધવરાવને અતિશય ક્રોધ ઉત્પન્ન થયો. ભોજનનું કામ પૂરું થયા પછી તેમણે કારકુનને બોલાવી આજ્ઞા કરી કે, "માલોજીનો અને વિઠોજીનો જે કાંઇ હિસાબ હોય તે તેમને ચૂકવી આપો અને નોકરી છોડી કુટુંબ સહિત હમણાં ને હમણાંજ અહીંથી ચાલ્યા જવાનું કહો." આ પ્રમાણે બન્ને ભાઇઓને જાધવરાવની નોકરી છોડવી પડી અને વેરૂળગાંવ જઇ રહેવું પડ્યું. પુનઃ તેમના હાથમાં હળનો દાંડો આવ્યો.

આવું અપમાન થવાથી માલોજીને ઘણુંજ ખોટું લાગ્યું.તેણે વિચાર કર્યો કે, "મારી વિશેષ યોગ્યતા નથી અને મારી પાસે વિશેષ ધન નથી; તેથીજ જાધવરાવે મારૂં આ પ્રમાણે અપમાન કર્યું ત્યારે તો કોઇ પણ રીતે મારે મારી યોગ્યતા વધારવીજ જોઇએ." તે અભિમાની પુરુષના મનમાં એવો પણ વિચાર આવ્યો કે, "સભામાં સર્વ સભાસદોની સન્મુખ જાધવરાવે જે પ્રતિજ્ઞા કરી છે તેનો ભંગ કરી, પોતાની પુત્રી અન્ય પુરુષ સાથે પરણાવશે તો સમાજમાં મારી આબરૂને કલંક લાગશે. એવું અપમાન સહન કરવા કરતાં મરણ પામવું

એજ સારૂં છે." એવા એવા વિચારોથી માલોજીના હૃદયમાં સખ્ત વેદના થવા લાગી. બંને ભાઇનાં મનની એવી ઉદ્વિગ્ન સ્થિતિ હતી તે વખતે તેઓ એક દિવસ રાતે ખેતરમાં ચોકી કરવા ગયા. તે માઘ મહિનાની પૂર્ણિમાની રાત્રિ હતી. બંને ભાઇઓએ વારા બાંધ્યા. પ્રથમ વિઠોજી નિદ્રાવશ થયો અને માલોજી ખેતર સાચવવા બેઠો. જે સ્થળે તે બેઠો હતો તે જગ્યાએ સાપનું એક દર હતું. થોડો વખત વીત્યા પછી તે દરમાંથી સુવર્ણકંકણજડિત, ભવાનીનો એક હાથ ધીમે ધીમે બહાર નીકળ્યો અને તે હાથ જાણે તેને કંઇ નિશાની કરતો હોય એવો ભાસ થયો. પછી ધીમે ધીમે તે હાથ પાછો દરમાં સમાઇ ગયો. માલોજીએ વિઠોજીને જાગૃત કરી પોતે જોયેલું દશ્ય કહી સંભળાવ્યું. વિઠોજીએ ઉત્તરમાં જણાવ્યું કે, "એ તમારી નકામી ભ્રમણાજ છે." હવે વિઠોજી ખેતરની ચોકી કરવા લાગ્યો અને માલોજી નિદ્રાવશ થયો. નિદ્રાવશ થતાંજ તેને સ્વપ્ન આવ્યું. જેણે શુભ્ર અમૂલ્ય ચુંદડી ધારણ કરી છે, કપાળમાં કુમકુમની આડ કરેલી છે અને સર્વ અલંકારોથી યુક્ત છે, એવી ભવાનીદેવીની મૂર્તિ તેની સામે આવીને ઊભી રહી. તેણે માલોજીની પીઠ ઉપર થાપડ મારી જાગૃત કરીને કહ્યું કે, "હું તારા ઉપર પ્રસન્ન થઇ છું. આ દરમાં એક સર્પ રહે છે, તે મારૂં સ્વરૂપ છે. તેને નમસ્કાર કરીને દર ખોદજે એટલે તેમાંથી તને દ્રવ્ય મળશે. તે તું લેજે. સર્પ જે માર્ગે ચાલ્યો જાય તે માર્ગે તું જતો નહિ. તારા વંશની સત્તાવીશ પેઢીને હું રાજ્ય આપું છું." સ્વપ્ન પૂરૂં થયા પછી માલોજી જાગૃત થયો અને સ્વપ્નની વાત પોતાના બંધુને કહી સંભળાવી. સ્વપ્નની ખાતરી કરવા માટે બંને બંધુઓએ પેલું દર ખોદી જોયું; તેમાંથી પુષ્કળ દ્રવ્ય મળ્યું. તેમણે સઘળું દ્રવ્ય ઘરમાં લાવીને પાછલી પરસાળમાં દાટી દીધું.×

આ પ્રમાણે અણચિંતવ્યો ધનલાભ થવાથી માલોજીને ઘણોજ ઉત્સાહ આવ્યો. તેણે જનસમાજમાં એવી વાત ફેલાવી કે, "મારા ઉપર ભવાનીદેવી પ્રસન્ન થયાં છે. તેમણે મને પુષ્કળ દ્રવ્ય બતાવ્યું છે અને અમારા કુળમાં શક-કર્તા રાજા ઉત્પન્ન થશે, એવું વરદાન આપ્યું છે." માલોજીએ તે દ્રવ્ય શ્રીગોંદ નામક ગામમાં, શેષાવા નાઇક પાંડે નામનો શાહુકાર રહેતો હતો, તેને ઘેર અનામત મૂક્યું.

× મિ. ગ્રાન્ટ ડફ કહે છે કે, "માલોજીએ કોઇને લૂંટીને એ દ્રવ્ય મેળવેલું હોવું જોઇએ." એવો નિરાધાર તર્ક કરવાનું કશું પ્રયોજન નથી; કારણકે તેવા રાજ્યપરિવર્તનના અને તોફાનના સમયમાં દ્રવ્ય સંતાડી સુરક્ષિત રાખવાનો ઉપાય માત્ર પૃથ્વીમાં દાટી રાખવું એજ હતો. એ વિચાર કરી જોતાં તેને આ પ્રમાણે આકસ્મિક દ્રવ્ય મળે એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી.

એ શાહુકારને અને માલોજીને ઘણા દિવસનો ઘર જેવો સંબંધ હતો. માલોજીએ તેનીજ મદદથી હજારેક ઘોડાં વેચાતાં લીધાં અને પુષ્કળ સિપાઇઓ તથા શિલેદાર નોકરીએ રાખ્યા. તે પ્રથમથીજ ધર્મશીલ હતો, તેમાં વળી દેવીકૃપાથી એટલું બધું દ્રવ્ય મળ્યું, તેથી તેની ધાર્મિક ભાવના વિશેષ વધી. તેની મનોવૃત્તિ પણ એવી થઇ કે, જે દ્રવ્ય મળ્યું છે, તેનો ઉપયોગ ધર્મનાં કાર્યોમાં કરવો. જે ખેતરના દરમાંથી તેને દ્રવ્યભંડાર પ્રાપ્ત થયો હતો, તે ખેતર તેણે બ્રાહ્મણને દાન આપ્યું અને જે સ્થળે દર હતું તે ઠેકાણે એક સુંદર દેવાલય બાંધ્યું. સતારા જિલ્લામાં શંભુ મહાદેવનો એક ડુંગર છે. ચૈત્ર મહિનામાં તેના શિખર ઉપર મોટી જાત્રા ભરાતી હતી. એ સમયે ત્યાં પાંચસાત લાખ યાત્રાળુઓ આવતા હતા. તેઓને પાણી પીવાની ઘણી અડચણ પડતી હતી. યાત્રાળુઓને ત્રણત્રણ ગાઉથી પાણી સાથે લઇ આવવું પડતું હતું. એ અડચણ દૂર કરવાને માટે માલોજીએ ડુંગર ઉપર ઉત્તમ સ્થળ જોઇ, એક વિશાળ તળાવ બંધાવ્યું. આ કાર્યમાં તેણે પુષ્કળ પૈસા ખર્ચ્યા. તળાવ બંધાયા પછી તેમાં પુષ્કળ પાણી આવ્યું. તે વખતે માલોજીએ બ્રાહ્મણભોજન કરાવ્યું અને ફકીરોને ભિક્ષા અપાવી; તે ઉપરાંત એક ધર્મશાળા પણ બંધાવી. વેરૂળમાં કૃષ્ણેશ્વરનું દેવાલય ઘણું જીર્ણ થઇ ગયું હતું, તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તે ગામ પાસે એક તળાવ બંધાવ્યું. એ પ્રમાણે તેણે બીજાં પણ કેટલાંક ક્ષેત્રસ્થાનોમાં તળાવ, કૂવા વગેરે બંધાવીને પુષ્કળ દાનધર્મ કર્યું.

માલોજીએ એવાં અનેક ધર્મકૃત્યો કરીને, પોતાની શ્રીમંતતા તથા પુણ્યશીલતા સંબંધી લૌકિક કીર્તિ પ્રાપ્ત કરી. ત્યાર પછી તેણે પોતાનો મૂળ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે પુનઃ ઉદ્યોગ આરંભ્યો. ઉપર લખવામાં આવ્યું છે કે, "તેણે હજારબારસો ઘોડેસવારો નોકરીએ રાખી પોતાનો ઠાઠમાઠ ઘણોજ વધાર્યો હતો." આ સમયે માલોજીએ જાધવરાવ પાસે તેની કુમારિકા પુત્રીની પુનઃ માગણી કરી; પરંતુ જાધવરાવ તેની સાથે કોઈ પણ પ્રકારનો શરીર-સંબંધ જોડવા ખુશી નહોતો, તેથી માલોજીએ જાધવરાવના તાબાના પરગણામાં તોફાન કરવાનું શરૂ કર્યું. તેણે નિંબાળકરોને મળી કહ્યું કે, "જાધવરાવ પોતાની પુત્રી મારા પુત્ર સાથે પરણાવવાનું કબૂલ કર્યા પછી હવે ના કહે છે; તેની ખોડ ભુલાવવા માટે તમારે અમને બેહજાર ઘોડેસવારની મદદ આપવી." એ મદદ મળતાંજ તેણે જાધવરાવની જાગીરમાં તોફાન મચાવવા માંડ્યું. એટલું થવા છતાં જાધવરાવે પોતાની હઠ છોડી નહિ, ત્યારે માલોજીએ એક નવીન યુક્તિ શોધી કાઢી. માલોજી અને વિઠોજી એ બન્ને નિંબાળકરોના ઘોડેસવારો સાથે શ્રીગોંદમાં આવ્યા. ત્યાં સઘળો સરસામાન મૂક્યા પછી નિંબદેવ્હારને કિનારે ઊતર્યા અને નેવાસા ગામમાં થઇ ગોદાવરીને કિનારે આવ્યા. ત્યાં

તેમણે બે ડુક્કરોનો શિકાર કર્યો અને તે ડુક્કરો દૌલતાબાદ પાસેની એક મસ્જિદમાં નાખ્યાં. ડુક્કરોના ગળામાં ચિઠ્ઠીઓ બાંધી હતી; તેમાં નિજામશાહને એવી વિનંતિ કરવામાં આવી હતી કે, "જાધવરાવે મારા પુત્ર સાથે તેની પુત્રી પરણાવવાનું ભરસભામાં કબૂલ કર્યું છે, પણ હવે તેની પત્નીની શિખવણીથી પોતાનું વચન ભંગ કરે છે. અમને બન્ને ભાઈઓને તેણે નોકરી ઉપરથી પણ કાઢી મૂક્યા છે, તેથી અમે નિરુપાયે નિંબાળકરોનો આશ્રય લઈ આ કૃત્ય કર્યું છે. જો બાદશાહ અમારી વિનંતી સાંભળી જાધવરાવ સાથે અમારો વેવાઈનો સંબંધ જોડી આપશે તો સારૂં છે, નહિ તો પછી બીજી મસ્જિદોમાં પણ એવુંજ કૃત્ય કરીશું." નિજામશાહને જ્યારે આ બનાવની ખબર પડી ત્યારે તેને જાધવરાવ ઉપર અતિશય ક્રોધ ઉત્પન્ન થયો. તેને તરતજ પોતાની હજૂરમાં બોલાવી મંગાવી ઘણીજ ધમકી આપી. તેમણે જાધવરાવને કહ્યું કે, "તમે તેમને વચન આપ્યા પછી વચનનો ભંગ કરો છો એ ઉચિત નથી. તમારે લીધેજ માલોજી ભોંસલેએ અમારી મસ્જિદોમાં ભ્રષ્ટાચાર કર્યો છે. તમે વિના કારણે કલહ ઉત્પન્ન કર્યો છે. માલોજીના પુત્ર સાથે તમારી પુત્રી પરણાવી તેની સાથે સલાહ કરો." એ સાંભળી જાધવરાવે ઉત્તર આપ્યો કે, "ભોંસલેના પુત્ર સાથે મારી પુત્રી ન પરણાવવાનું કારણ એટલુંજ છે કે, તેઓ પણ અમારા સગા તો છે; છતાં અમારી અને તેની યોગ્યતા એકસરખી નથી. મારા ઘરનાં બધાં મનુષ્યોનો એવો વિચાર છે કે, સમાન પાત્ર મળે ત્યાંજ પુત્રીનો વિવાહ કરવો."

જાધવરાવનો આવો જવાબ સાંભળતાંજ બાદશાહે વિચાર્યું કે "મારા કહેવા પ્રમાણે જાધવરાવ કબૂલ કરતો નથી—ઊલટો ઉચ્છૃંખલતા બતાવે છે; તેથી એનો ગર્વ ઉતારવા માટે માલોજીને મોટી મનસબ આપી, જાધવરાવ કરતાં તેની યોગ્યતા વધારવી." ખરૂં જોતાં તો માલોજી અને વિઠોજીએ મોટો અપરાધ કરેલો હોવાથી બાદશાહના મનમાં તેમને શિક્ષા કરવાનો વિચાર આવવો જોઈએ; પરંતુ તે સમય નિજામશાહીને પ્રતિકૂળ હતો. એ રાજ્ય પર મોગલોની વક્રદષ્ટિ હતી. અકબર બાદશાહે તેનું જડમૂળ ઉખાડી નાખવાનો નિશ્ચય કર્યો હતો. આવા આપત્તિના પ્રસંગે પોતાના રાજ્યના મરાઠા સરદારો પરસ્પર કલહ કરે અને તેમાંનો કોઈ, શત્રુના પક્ષમાં જઈ મળી જાય, તો પોતાનો પક્ષ તેટલોજ નિર્બળ થાય, એવો વિચાર કરી બાદશાહે માલોજીને પોતાના પક્ષમાં મેળવી લેવાની ગોઠવણ કરી. બાદશાહે માલોજી અને વિઠોજીને ઘણા સન્માનપૂર્વક–દરબારમાં બોલાવી મંગાવ્યા. પ્રત્યેક ભાઈને બાર હજાર× ઘોડેસવારની મનસબદારી આપી અને

× આવી મનસબ ફક્ત માલોજીનેજ આપી હતી અને તે પાંચ હજાર ઘોડેસવારની હતી, એવું કેટલેક સ્થળે લખ્યું છે.

માલોજીને "રાજા"ની પદવી આપી. શિવનેરી અને ચાકણ નામક કિલ્લા તથા તેની તળેટીનો પ્રદેશ ખર્ચ માટે આપ્યો. તે ઉપરાંત પુના તથા સુપા પરગણાં જાગીરમાં આપ્યાં.* (ઈ૦ સ૦ ૧૬૦૪, માર્ચ.)

બાદશાહે માલોજીનો પક્ષ લઇ તેમની યોગ્યતા વધારી, એ જોઇને જાધવરાવ માલોજીની માગણી પાછી ફેરવી શક્યો નહિ. બાદશાહે બન્ને પક્ષને તેમનાં કુટુંબ તથા આપ્તજનોને દૌલતાબાદમાં તેડાવવાનું કહ્યું અને પોતાની સમક્ષ લગ્નસમારંભ કર્યો. બાદશાહ પોતેજ સમારંભમાં હાજર રહેલા હોવાથી દરબારના એકેએક અમીરો પણ આવ્યા હતા. આ પ્રમાણે શાહજી અને જીજાબાઇનાં લગ્ન ઘણા દાડમાદથી થયાં. એ પ્રસંગે માલોજી રાજાએ પણ પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું હતું. દરબારના સર્વ અમીરોને મોટી મિજબાની અને બ્રાહ્મણોને દાનધર્મ તથા ફકીરોને ભિક્ષા આપી હતી. એ લગ્ન ઈ૦ સ૦ ૧૬૦૪ ના એપ્રિલ માસમાં થયું હતું. આ પ્રમાણે માલોજીના સંકલ્પની સિદ્ધિ થઇ; ઉપરાંત મનસબદારી અને "રાજા"ની પદવી મળી.

લગ્ન થઈ ગયા પછી, માલોજી રાજા નિજામશાહી રાજ્યના મનસબદાર થયા અને એ ક્રાન્તિના કાળમાં પોતાની સરકારને ઘણા ઉપયોગી થઇ પડ્યા. માલોજી ઘણા શૂરવીર અને ચતુર હોવાથી દરબારમાં તેમનું માન વધવા લાગ્યું. તેમણે સરકારનાં અનેક વિકટ કાર્યો કરી દરબારમાં પ્રશંસા મેળવી. આ રીતે જાધવરાવની હઠ હોવા છતાં, બાદશાહે માલોજીને એકદમ મોટી મનસબ આપી, તેને તે પાત્ર હતા, એવું સાબિત થયું. મોટાં મોટાં કામોમાં સરકારના મુત્સદ્દીઓ પણ તેમની સલાહ લેવા લાગ્યા. તેમનો સ્વભાવ અતિ પ્રેમાળ અને પરોપકારી હોવાથી દરબારનાં મનુષ્યો હમેશાં તેમની સાથે અનુકૂળ રીતે વર્તતાં હતાં. શાહજી પોતાના પિતાની સાથે હમેશાં દરબારમાં જતો હતો. તે અતિ સુંદર દેખાવનો, કુશાગ્ર બુદ્ધિનો, નમ્ર અને સુશીલ હોવાથી બાદશાહ પણ તેના ઉપર ઘણો પ્રેમ રાખતા હતા અને દરબારના અમીરઉમરાવો પણ તેને ચાહતા હતા. માલોજી રાજા પંદર વર્ષ સુધી આબરૂ સહિત મનસબદારી ભોગવીને દરબારમાં પોતાનું અતિશય સન્માન વધારી ઈ૦ સ૦ ૧૬૧૯ માં મરણ પામ્યા. માલોજીના મરણ પછી નિજામશાહે તેમનું દ્રવ્ય અને મનસબ શાહજી રાજાને આપી.

---

* આ સમયે માલોજીને મળેલી જાગીરની યાદિ શિ. દિ. માં ઘણી મોટી પ્રસિદ્ધ થઈ છે. તે સત્ય માનીએ તો તેમને પુના, નાશિક, અહમદનગર અને ખાનદેશ પ્રાંતોમાંથી કેટલાંક પરગણાં મળ્યાં હતાં, એમ માનવું જોઇએ; પણ તે સમયે આમાંના કેટલાક પ્રાંતો પર મોગલોનો અમલ બેસી ચૂક્યો હતો, તેથી આ વાત સંભવિત લાગતી નથી.

प्रकरण २ जुं–शाहजीराजानुं वृत्तांत

નિજામશાહીમાં નોકરી

શાહજી રાજાને મનસબદારી મળી તે સમયે નિજામશાહી રાજ્યનો કારભાર મલિકંબરના હાથમાં હતો. તે સમયે એ સરકારની કેવી સ્થિતિ હતી, તે પ્રથમ ટૂંકમાં લખવામાં આવે છે. ઇ૦ સ૦ ૧૬૦૦માં મોગલોએ અહમદનગર કબજે કર્યું. સુલ્તાના ચાંદબીબીના સરદારોએજ તેનું ખૂન કર્યું. ચાંદબીબીએ નિજામશાહી રાજગાદી પર બહાદુર નિજામશાહ નામનો એક બાળરાજા બેસાડ્યો હતો, તે મોગલોના હાથમાં ગયો. તેને તેઓએ ગ્વાલિયરના કિલ્લામાં× કેદ પૂર્યો. નિજામશાહી રાજધાની અને નિજામશાહ, એ બન્ને શત્રુના હાથમાં જવા છતાં મલિકંબર જરા પણ નિરાશ થયો નહિ. તેણે બીજું લશ્કર ભેગું કરી, નિજામશાહી રાજગાદી ઉપર નાની વયનો એક બીજો શાહજાદો બેસાડ્યો. તેનું નામ મૂર્તિજા નિજામશાહ+ પાડ્યું. તેને દૌલતાબાદના મજબૂત કિલ્લામાં રાખ્યો અને બહિરી કુલનું નિશાન પુનઃ ફરકાવ્યું. મલિકંબરના હાથમાં સર્વ સત્તા આવવાથી દરબારમાં હબસી જાતિનું ચલણ થયું. તે કારણને લીધેજ નિજામશાહીના મરાઠા સરદારોના મનમાં દ્વેષ ઉત્પન્ન થયો અને રાજ્યમાં બે પક્ષ થઇ ગયા. મિયાન રાજૂ નામક એક સરદાર, મરાઠા સરદારોના પક્ષનો પ્રમુખ હતો. નિજામશાહીના જે દેશ મોગલોએ પોતાના તાબામાં લીધા હતા, તેમાંના ઘણા દેશો મલિકંબર અને મિયાન રાજૂએ પાછા મેળવ્યા હતા. મિયાન રાજૂએ દૌલતાબાદથી ઉત્તરમાં ગુજરાત સુધીના અને દક્ષિણમાં અહમદનગર સુધીના સઘળા પ્રદેશો પોતાના તાબામાં લીધા અને દક્ષિણ તરફના સઘળા પ્રાંત

× કેટલાક વળી કહે છે કે, તેને આગ્રામાં કેદ કરવામાં આવ્યો હતો.

+ પ્રો૦ જદુનાથ સરકાર એને બુરાણ નિજામશાહ એવું નામ આપે છે. બીજા કેટલાક ઇતિહાસકારો તેને બીજો મૂર્તિજા નિજામશાહ એવું નામ આપે છે. એના દાદાનું નામ પહેલા બુરાણ નિજામશાહ એવું હતું. આથી ગાદી પર બેસતાં પહેલાં તેનું નામ બુરાણ નિજામશાહ હોવાનો સંભવ છે.

મલિકંબરના તાબામાં આવ્યા. એ બન્ને સરદારો બહારથી એવું કહેતા હતા કે, “ અમે નિજામશાહના તાબેદાર છીએ;” પરંતુ તે દેશોની સર્વ સત્તા પોતાના હાથમાંજ રાખી હતી. મૂર્તિજા નિજામશાહને આવશાના કિલ્લામાં રાખ્યા હતા; તેથી શાહના ખર્ચ માટે, કિલ્લાની સંમુખનાં કેટલાંક ગામોની ઉપજ તેમને કરી આપી હતી.

મિયાન રાજૂએ મોગલો સાથે મૈત્રી બાંધી અને મલિકંબર સાથે યુદ્ધ કર્યું; પરંતુ તે યુદ્ધમાં મલિકંબરને વિજય મળ્યો અને મિયાન-રાજૂ તેને હાથે કેદ પકડાયો. મરાઠા સરદારોનો પક્ષ તૂટી ગયો અને તે સઘળા મલિકંબરના તાબેદાર થઇ રહ્યા. પ્રત્યેક પક્ષને નિર્બળ કર્યાં પછી મલિકંબર નિશ્ચિંતપણે રાજ્યકારભાર કરવા લાગ્યો. તેણે સર્વ રાજ્યની વ્યવસ્થા યથાસ્થિત કરી અને મહેસૂલ માટે ઉત્તમ પ્રકારનો નિયમ કર્યો. આવો સુધારો કરવાથી મહારાષ્ટ્રમાં તેની કીર્તિ ઘણી વધી. ઇ૦ સ૦ ૧૬૧૦ માં દૌલતાબાદની પાસે ખડકી× નામનું એક નવું શહેર વસાવી ત્યાં નિજામશાહી રાજસિંહાસન સ્થાપ્યું. તેણે મોગલો સાથે અનેક યુદ્ધ કરીને પુષ્કળ યશ સંપાદન કર્યો. અહમદનગર મોગલોના હાથમાં ગયું હતું, તે તેણે પુનઃ સ્વાધીન કર્યું. મલિકંબર પ્રબળ થયો હતો, તેના આગળ મોગલોનું કાંઈ ચાલતું ન હોવાથી દિલ્હીના જહાંગીર બાદશાહે પોતાના પુત્ર શાહજહાંને મોટા લશ્કર સાથે, ઇ૦ સ૦ ૧૬૧૭ માં નિજામશાહી પ્રદેશ પુનઃ તાબે કરવા દક્ષિણમાં મોકલ્યો અને બાદશાહ પણ સૈન્ય લઇને તેની પાછળજ રવાના થયો. ઈ૦ સ૦ ૧૬૨૦ માં મોગલસૈન્ય અને મલિકંબર વચ્ચે ભયંકર યુદ્ધ થયું. એ યુદ્ધમાં મરાઠા સરદારો ઘણા શૌર્યપૂર્વક લડ્યા. શાહજી રાજાના શૌર્ય, વીર્યાદિ ગુણ પ્રથમ આ યુદ્ધમાંજ જણાયા. મલિકંબરનો પરાજય થયો. તેને રણમાંથી પાછું હટવું પડ્યું. શાહજી રાજાએ નીડરતાપૂર્વક મોગલોના સૈન્ય ઉપર ધસી જઇ વખતોવખત છાપા માર્યા અને તેમની પૂરેપૂરી દુર્દશા કરી નાખી. શાહજીની આવી બહાદુરીને લીધે નિજામશાહી દરબારમાં તેમની ખ્યાતિ વધી ગઇ. તેઓ શૂરવીર અને યુદ્ધકુશળ સરદાર છે, એવી સર્વને ખાતરી થઇ. મલિકંબરના અંતઃકરણમાં તેમના પર ઘણોજ સ્નેહ ઉત્પન્ન થયો.

શાહજહાંએ જાણી લીધું કે, મરાઠા સરદારોનું પૂંઠબળ છે ત્યાં સુધી નિજામશાહી પર વિજય મેળવવાનું કામ કઠિન છે; એટલે બાદશાહે તેઓ સાથે પ્રપંચ રમવા માંડ્યો. લુકજી જાધવરાવ વગેરે સરદારોને મોટી મોટી લાલચો આપી પોતાને વશ કરી લીધા. એ સરદારોને મલિકંબર સાથે સારો બનાવ નહિ હોવાથી તેઓ બાદશાહ સાથે

× ઔરંગઝેબે પાછળથી આ શહેરનું નામ ઔરંગાબાદ પાડ્યું.

મળી ગયા. એવું કહેવામાં આવે છે કે, લુકજી જાધવરાવને મોગલો તરફથી ચોવીસ હજારની મનસબદારી મળી હતી.* તે ઉપરાંત તેના આપ્તજનોને પણ મોટી મોટી મનસબદારી મળી. (ઈ૦ સ૦ ૧૬૨૧) મોગલોની આવી લાલચમાં માત્ર શાહજી રાજા ફસાયા નહોતા. તે તો પોતાના અસલ પક્ષમાંજ રહ્યા.

એ પ્રમાણે સરદારો રાજદ્રોહી થવાથી, પોતાનો પક્ષ દુર્બળ થયેલો જાણી, મલિકંબરે નિરુપાયે અહમદનગર અને તેની આસપાસનો પ્રદેશ મોગલોને આપી, તેમની સાથે મિત્રતા બાંધી. શાહજહાંને જ્યારે દિલ્હી જવું પડ્યું ત્યારે તે સમયનો લાગ સાધી મલિકંબરે મોગલોના લશ્કરને હાંકી મૂક્યું અને તેમના તાબામાં ગયેલો પ્રદેશ પુનઃ પોતાને કબજે કરી લીધો. એમ થવાથી શાહજહાં પાછો દક્ષિણમાં આવ્યો અને રાજદ્રોહી થયેલા મરાઠા સરદારોની મદદ વડે, મલિકંબરે તાબે કરેલો પ્રદેશ પાછો જીતી લીધો. આ વખતે મલિકંબર ઘણોજ નિરાશ થયો. શાહજી રાજાએ તેને પ્રમાણિકપણે મદદ કરી હતી; પરંતુ મોગલોનું સૈન્ય પ્રચંડ હોવાથી મલિકંબરનું બળકૌશલ્ય ચાલ્યું નહિ. મલિકંબર અંતે એવા નિર્ણય

---

* કેટલીક બખરોમાં લુકજી જાધવરાવને મોગલો સાથે મળી જવાનું કારણ એવું બતાવ્યું છે કે, બીજો મૂર્તિજા નિજામશાહ મૃત્યુ પામ્યો તે સમયે તેના ૭ સાત વર્ષના બે નાના પુત્રો હતા. બાદશાહની બેગમોએ સાબાજી અનંત નામના નિજામશાહીના એક ચતુર મુત્સદ્દીને પૂછ્યું કે, " આપણા રાજ્યમાં વજીરી ચલાવવા લાયક દક્ષ પુરુષ કોણ છે ? " તે વખતે સાબાજીએ શાહજી રાજાનું નામ દીધું. તે પરથી બેગમે એ શાહજી રાજાને વજીર બનાવી રાજ્યકારભારની સર્વ સત્તા તેમના હાથમાં સોંપી. નિજામશાહના પુત્રને ખોળામાં લઇને શાહજીરાજ રાજસિંહાસન ઉપર બેસતા હતા. લુકજી જાધવરાવ વગેરે મોટા મોટા સરદારોને સિંહાસન આગળ આવી નમન કરવું પડતું હોવાથી જાધવરાવને ઘણુંજ ખોટું લાગ્યું. જાધવરાવને એવું લાગ્યું કે, " જે કણબી, એક વખત મારી દેવડી ઉપર નોકર હતો, તેના પુત્રની ચઢતી થઇ, તે સિંહાસન ઉપર બેઠો અને આપણે તેનાં સામા ઊભા રહીને નમન કરવું, એથી આપણી કિંમત હલકી થાય છે." જાધવરાવના મનમાં એવા વિચાર આવવાથી તેને નિજામ સરકાર ઉપર દ્વેષ ઉત્પન્ન થયો. તેણે પોતાના વકીલને એક પત્ર લખી આપી દિલ્હીના બાદશાહ પાસે મોકલ્યો. પત્રમાં બાદશાહને નિજામશાહી પર ચઢાઇ લાવવાની ભલામણ કરી હતી. બાદશાહે મિરજુમલા નામક એક સરદારને સાઠ હજાર સિપાઇઓના લશ્કર સાથે જાધવરાવની મદદે જવા મોકલ્યો. જાધવરાવ અને બીજા કેટલાક મરાઠા સરદારો, સરદાર મિરજુમલા સાથે મળી ગયા.

પર આવ્યો કે, આવા પ્રબળ શત્રુ સાથે લડતા ફરવું અને કોઇક વખત નિજામશાહી ગુમાવી દેવી, એના કરતાં સંધિ કરી તેની સાથે મિત્રભાવ રાખવો, એજ યોગ્ય છે. ચતુર મલિકંબરે મોગલો સાથે સંધિ કરી અને મહામુસીબતે તેમના પંજામાંથી છૂટયો. ત્યાર પછી તેણે કોઇ પણ વખત મોગલો સાથે વિરોધ કર્યો નહિ; પણ એ પછી મલિકંબર ઘણા દિવસ જીવ્યો નહિ. અચાનક કંઇ વ્યાધિથી ઇ૦ સ૦ ૧૬૨૬ માં મરણ પામ્યો. મરણસમયે તેનું વય ૮૦ વર્ષનું હતું.

મલિકંબરનું મૃત્યુ થતાંજ મોગલોએ લુકજી જાધવરાવની મદદ લઇ નિજામશાહી સાથે યુદ્ધ કરવાનું પુનઃ શરૂ કર્યું. એ અરસામાં જહાંગીર બાદશાહનું મરણ થવાથી શાહજહાંને દિલ્હી જવું પડયું; તેથી તેણે જાધવરાવની મદદ માટે કેટલુંક લશ્કર રહેવા દીધું અને પોતે દિલ્હી ગયો. આ સમયે શાહજીરાજાએ સબાજી અનંત નામના એક ચતુર માણસની મદદથી બાળક નિજામશાહની માના મનમાં પોતાને માટે સંપૂર્ણ ભરોસો બેસાડયો હતો અને બધો કારભાર પોતાના હાથમાં લીધો હતો. જ્યારે મોગલોએ દૌલતાબાદ-પર સવારી કરી, ત્યારે નિજામશાહ અને તેની માતાને ત્યાંથી કાઢીને કાસારઘાટમાં કલ્યાણની પાસે આવેલા માહુલી નામના એક કિલ્લામાં તેણે રાખ્યાં. તેમની સાથે શાહજી રાજા પણ હતા. જાધવરાવે મોગલ લશ્કરસહિત એ કિલ્લાને ઘેરો ઘાલ્યો. શાહજીરાજા તેની સાથે છ મહિના સુધી લડયા. શત્રુઓને જરા પણ મચક આપી નહિ; તેમ છતાં કોઇ પણ રીતે શત્રુઓનો ઘેરો ઊઠતો નહોતો. મોગલોનું લશ્કર કિલ્લા સામે વધારે ને વધારે એકઠું થવા લાગ્યું. એટલું થવા છતાં શાહજી રાજામાં, શત્રુઓ સાથે છેવટ સુધી ટક્કર ઝીલવાની હિંમત હતી. ખરૂં જોતાં તે વખતે નિજામશાહીનું રક્ષણ કરવા માટે, પ્રમાણિકપણે અને શૌર્યથી લડનાર શાહજીરાજા સિવાય બીજો કોઇ પરાક્રમી સરદાર નહોતો; પરંતુ તે અવનતિને સમયે નિજામશાહની માતાને દુર્બુદ્ધિ ઉત્પન્ન થવાથી રાજાનું મન ઉદાસ થયું અને પોતાના સ્વામીને છોડી જવાનો પ્રસંગ આવ્યો. લુકજી જાધવરાવે નિજામશાહની માતા સાથે મૈત્રીભાવ બતાવી તેને વશ કરી લીધી અને એકદમ નિજામશાહી પાયમાલ કરવાનો ઘાટ ઘડયો. એ જોઇ શાહજીરાજાને ઘણુંજ ખોટું લાગ્યું. તેમણે એવો વિચાર કર્યો કે, “જ્યારે રાજ્યના માલિકનુંજ મન બદલાયું છે, ત્યારે રાજગાદી બચાવવા માટે યુદ્ધ કરી, આપણા પ્રાણને સંકટમાં નાખવાની શી જરૂર? અત્યાર સુધી તેના સેવક થઇ, મેં નિમકહલાલીથી વર્તન કર્યું, હવે પછી તે નિમકહલાલીની કદર થશે એવું જણાતું નથી, ત્યારે પછી મારે લીધે બાદશાહી પાયમાલ થઇ, એવું કલંક મારે શા માટે લેવું? મારે અહીંથી નીકળી જવું એજ

ઉત્તમ માર્ગ છે.” એવો વિચાર કરી શાહજીએ પોતાની ઇચ્છા નિજામશાહ અને તેની માતાને જણાવી, તેમજ પોતાના કેટલાક વિશ્વાસુ મનુષ્યો સાથે કિલ્લા બહાર નીકળી જવાની ગોઠવણ કરી. રાજા એક રાત્રે એકાએક કિલ્લા બહાર નીકળી શત્રુની છાવણી વચ્ચે થઇ પેલે પાર નીકળી ગયા. જાધવરાવને એટલુંજ જોઇતું હતું. શાહજી રાજા કિલ્લામાંથી નાસી ગયાના સમાચાર મળતાંજ તેણે તેમની પૂંઠ પકડી અને કેટલાક દિવસ સુધી એકસરખી રીતે જુસ્સાબંધ પાછળ ગયો. ફલટણ નજીક પહોંચતાંજ સસરાએ જમાઇની ધરપકડ કરી; એટલે વેગળે સુધી જવા છતાં શાહજીરાજ પકડાયા નહોતા. ફલટણની સરહદ આગળ પહોંચતાંજ જાધવરાવે પાછાં પગલાં ભર્યાં; કારણકે તેને ખબર હતી કે, નિંબાળકરોની મદદ મળતાંજ, શાહજીરાજને વિશેષ હિંમત આવશે અને તેમ થવાથી તે આપણા પર ધસી આવીને આપણી પાયમાલી કરવામાં જરા પણ કચાશ રાખશે નહિ.

જે સમયે શાહજી રાજા માહુલીના કિલ્લામાંથી બહાર નીકળ્યા, તે સમયે તેમની પત્ની જીજાબાઇ અને ત્રણ ચાર વર્ષનો પુત્ર શંભાજી તેમની સાથે હતા. જીજાબાઇને સાત માસનો ગર્ભ હતો. પૂંઠ પાછળ શત્રુઓ આવતા હોવાથી જીજાબાઇને વેગપૂર્વક દોડવું પડતું હતું, જીજાબાઇને ઘોડા ઉપર બેસાડવામાં આવી હતી. કેટલાક ગાઉ જતાંજ તેના પેટમાં એવો દુખાવો થયો કે, તેનાથી એક ડગલું પણ આગળ જવાય તેમ નહોતું. આવી સ્થિતિ હોવાથી શાહજીરાજાએ જીજાબાઇને કોઇ સ્થળે સુરક્ષિતપણે રાખી આગળ વધવાનો વિચાર કર્યો. એ સમયે જુન્નરમાં શ્રીનિવાસરાવનું થાણું હતું. તે ત્યાં સ્વતંત્ર થઈ રહ્યો હતો. તેની સાથે શાહજી રાજાને પૂર્વની મૈત્રી હતી; તેથી જીજાબાઇને તેના આશ્રયમાં શિવનેરીના કિલ્લામાં રાખી. તેના રક્ષણમાટે કેટલાક ઘોડેસવાર અને બીજાં મનુષ્યો પણ આપ્યાં.× શાહજી રાજા આગળ ચાલ્યા ગયા પછી જાધવરાવ પાછળજ કિલ્લા પાસે આવી પહોંચ્યો. લોકોએ તેમને કહ્યું કે, “શાહજીરાજા સાથે તમારે શત્રુતા છે; તમારી પુત્રીએ તમારો કંઇ અપરાધ કર્યો નથી, તેથી જીજાબાઈને મળી તેના રક્ષણ માટે બંદોબસ્ત કરવો ઉચિત છે, તે જો મોગલોના હાથમાં સપડાશે તો વિડંબના કોને થશે? એ બાબત-

---

× કેટલીક બખરમાં એવો ઉલ્લેખ છે કે, શાહજી રાજાએ નિરુપાયે જીજાબાઇને રસ્તામાંજ પડતી મૂકી અને તેના રક્ષણ માટે કેટલાંક માણસો રાખી આગળ નાસી ગયા. પાછળથી જ્યારે જાધવરાવ ત્યાં આવ્યો, ત્યારે તેને પોતાની પુત્રીની દયા આવી અને તેને શિવનેરીના કિલ્લામાં સુરક્ષિતપણે પહોંચાડી દીધી તથા તેના રક્ષણ માટે ત્યાં પાંચસો ઘોડેસવાર રાખ્યા.

નો વિચાર કરો." એવું યુક્તિપુરઃસર કથન સાંભળતાંજ જાધવરાવનું મન પીગળ્યું અને એ પોતાની પુત્રીને મળવા ગયો. જીજાબાઇએ પિતાને ઘણો ઠપકો આપ્યો અને એમ કહ્યું કે, "મારા પતિને બદલે હું તમારા હાથમાં આવી છું. જે કાંઇ શિક્ષા કરવી હોય તે મને કરો." જાધવરાવે પુત્રીને માથે સ્નેહપૂર્વક હાથ ફેરવતાં કહ્યું કે, "જેવી બુદ્ધિ સૂઝવાની હતી તેવી સૂઝી અને વૈરભાવ બંધાયો. હવે તેનો કંઇ ઉપાય નથી. તારે ક્યાં જવું છે, તે મને કહે. તારે સિંદખેડા જવું હોય તો હું તને સુરક્ષિતપણે ત્યાં પહોંચાડી દેવાની વ્યવસ્થા કરૂં." જીજાબાઇએ ઉત્તર આપ્યો કે, "મારે અહીંજ રહેવું છે, પિયેર જવું નથી." પુત્રીનો એવો નિશ્ચય જોઇ, જાધવરાવે તેના રક્ષણ માટે ત્યાં બીજાં કેટલાંક માણસો રાખ્યાં. એ પ્રમાણે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિએ નક્કી કરી આપેલ સ્થળેજ રહી. પોતાના પતિ સાથે પિતાએ વૈર કર્યું હતું, તે જીજાબાઇને બિલકુલ પસંદ પડ્યું નહોતું. ચારે દિશામાં ઉથલપાથલ થઇ રહી હતી, છતાં તેણે તેજ સ્થળે રહેવાનો આગ્રહ કર્યો અને ત્યાર પછી પણ તે કદી પિયેર ગઇ નહોતી.

શાહજીરાજા નાસીને ઠેઠ વિજાપુર ગયા. નિજામશાહની માતા જાધવરાવના મીઠા શબ્દોથી ભોળવાઇ ગઇ અને ઘરમાંજ ફાટફૂટ થઇ. એ બનાવ જોતાંજ શાહજી રાજાએ, બાળકૃષ્ણપંત હનુમંતને રાજકીય સલાહમસલત ચલાવવા માટે પ્રથમથીજ વિજાપુર સરકાર પાસે મોકલી દીધો હતો. વિજાપુર સરકારના તે વખતના મુખ્ય સલાહકાર મુરાર જગદેવ અને રણદુલ્લાખાન, એ બન્ને શાહજી રાજાની યોગ્યતા સારી પેઠે જાણતા હતા. આદિલશાહ બાદશાહે શાહજી રાજાને ઘણું માન આપ્યું અને નિજામશાહી પાયમાલ થતી અટકાવવાનો હેતુ પરિપૂર્ણ કરવા માટે જે સહાયતાની જરૂર પડે તે આપવાનું વચન આપ્યું; તેમજ મદદને માટે કેટલુંક સૈન્ય પણ આપ્યું.

આ તરફ નિજામશાહીમાં મુખ્ય અધિકારી બદલાયો. મલિકંબરના મરણ પછી તેનો પુત્ર ફત્તેહખાન વજીર થયો. ફત્તેહખાનનો સ્વભાવ ઘણોજ ગર્વિષ્ઠ અને ક્રૂર હતો. તેનામાં મલિકંબરના જેવી કાર્યદક્ષતા, ધૈર્ય અને રાજ્યના મોટા મોટા સરદારો સાથે મળતા રહેવાની શૈલી જરા પણ નહોતી. તેણે મોગલો સાથે કેટલીક વખત યુદ્ધ કર્યાં હતાં; પરંતુ તેમાં તેને વિજય મળ્યો નહોતો. આ સમયે તેને મોગલોના સરદાર ખાનજહાં લોદી સાથે દક્ષિણમાં યુદ્ધ ચાલતું હતું. એ સરદારે પાછળથી ફત્તેહખાન સાથે સત્વર સંધિ કરી, તેથી લડાઇ બંધ થઇ અને કેટલોક વખત સુધી નિજામશાહી-રાજગાદી ટકી રહી.

ફત્તેહખાનનો ખોટો દંભ, નિજામશાહથી સહન થયો નહિ;

૪૩ ग/૪૪ ૧૯૩૧૩ पुस्तकालय गुरुकुल कांगड़ी

તેથી તેમણે તેને અધિકાર પરથી વેગળો કરી કેદમાં નખાવ્યો અને તખરિકખાન નામના એક બીજા સરદારને પોતાનો વજીર બનાવ્યો.* અધિકારીઓમાં ફેરફાર થવાથી જાધવરાવને પુનઃ નિજામશાહ પાસે જવાની ઇચ્છા થઇ. તેણે પોતાની ઇચ્છા શાહને કહાવી. મૂર્તિજા નિજામશાહ ઘણો દ્વેષી હતો. તેની વર્તણૂંક પ્રપંચમય હતી. તેના મનમાં જાધવરાવ પ્રત્યે વૈર વાળવાની ઇચ્છા હતી. તેના મનમાં એવો વિચાર ન આવ્યો કે, આવો મોટો બળવાન સરદાર પોતાની મેળેજ આપણી પાસે આવે છે, ત્યારે પાછલી વાતો ભૂલી જઇ તેને આપણા પક્ષમાં લઇ લેવો અને આપણા રાજ્યને બળવાન બનાવવું. જાધવરાવે પ્રથમ જે નિમકહરામીપણું કર્યું હતું, તેનું વૈર વાળવાનો પ્રપંચ કરી તેને દૌલતાબાદના કિલ્લામાં પોતાને મળવા બોલાવ્યો અને તેની શી માગણી છે; તે સમક્ષ સાંભળવાનું બહાનું કર્યું. જાધવરાવ પોતાના પુત્ર અચલોજી સહિત, નિજામશાહને મળવા માટે શાહના દરબારમાં આવ્યો. એટલામાં ' કંઇ ગુપ્ત સલાહ કરવી છે ' એવું બહાનું કાઢી બાદશાહ કચેરીમાંથી ઊઠી ઓરડામાં ચાલ્યો ગયો. પ્રથમથી કરી રાખેલી ગુપ્તમંત્રણા પ્રમાણે ત્રણે મુસલમાન સરદારો પોતાની તલવાર ઉગામી જાધવરાવ તથા તેના પુત્રના શરીર તરફ ધસી આવ્યા અને તેઓના હાથમાંની તલવારો છીનવી લીધી; બન્ને પિતાપુત્રે પોતાને દગો થયેલો જોઇ, પોતાની કમ્મરે ખોસેલી કટારીઓ હાથમાં લીધી અને તેમની સાથે ઘણા શૌર્યપૂર્વક લડ્યા; પરંતુ તેઓ મુસલમાન સરદારો સામે ટકી શક્યા નહિ અને છેવટે મરણ પામ્યા.×

---

* ખાફીખાન કહે છે કે, ફત્તેહખાન પછી હમીદખાન વજીર થયો. આ હમીદખાન હબસી સરદાર હતો. એની સ્ત્રી ઘણીજ ખૂબસૂરત હતી અને તેના પર સુલતાનને મોહ થયેલો હોવાથી, તેને આ મોટો હોદ્દો મળ્યો હતો.

× મોડકકૃત આદિલશાહીના ઇતિહાસમાં જાધવરાવની આ હકીકત તદ્દન જુદીજ રીતે લખવામાં આવી છે. તેમાં લખ્યું છે કે, ફત્તેહખાનને કેદ કર્યાથી જાધવરાવ વગેરે મરાઠા સરદારોને પોતાના જીવનું અને આબરૂનું રક્ષણ શી રીતે કરવું, તેની ચિંતા થઇ. જાધવરાવે નાસી જઇ મોગલોનો આશ્રય લેવાનો વિચાર કર્યો. આ વાત નિજામશાહને કાને જતાંજ શાહ વિમાસણમાં પડ્યો. જાધવરાવ જેવો બળવાન સરદાર મોગલો પાસે જઇ તેના પક્ષમાં મળી જાય, તો પોતાનો પક્ષ ઘણોજ દુર્બળ થઈ પડે, એવું જણાયું; તેથી તેને પકડીને કેદમાં પૂરવો, એવી વ્યવસ્થા કરી. ત્યાર પછી જાધવરાવ તેના પુત્ર સહિત એક દિવસ કાંઇ કાર્યનિમિત્તે દરબારમાં આવ્યો; તે વખતે દગો કરીને તેમનાં ખૂન કરવામાં આવ્યાં. તેની સાથે

જાધવરાવની પત્ની કેટલાક લશ્કરી સિપાઇઓ સહિત શહેર બહાર એક મકાનમાં ઊતરી હતી. પતિપુત્રના મરણના સમાચાર મળતાંજ તે સિંદખેડા નાસી ગઇ. ત્યાર પછી તેણે મોગલ બાદશાહને અરજી કરી, પોતાના દિયર ભોતાજીરાવને પતિની મનસબ અને જાગીર અપાવી. જાધવના વંશજો, એ સમયથી અંત સુધી મોગલોની નોકરીમાં રહ્યા.

એ સમયે શાહજી રાજા પરિંડ્યાના કિલ્લામાં રહેતા હતા. આસપાસનો પ્રદેશ પોતાના તાબામાં લઇ તે પર સ્વતંત્રપણે સત્તા ચલાવતા હતા. પોતાના સસરાને દગાથી મારી નાખવાના સમાચાર સાંભળતાંજ તેમણે મનમાં વિચાર કર્યો કે, નિજામ સાથે પુનઃ મિત્રભાવથી વર્તવાની વ્યવસ્થા કરવાની કિંવા તેનો પક્ષ લઈ, મોગલો સાથે વૈર રાખવાની અગત્ય નથી. મૂર્તિજા બાદશાહ દ્વેષી અને ઘાતકી મનુષ્ય છે, એવી તેમને ખાતરી થઈ. શાહજીરાજાએ એવોજ નિશ્ચય કર્યો કે, "બની શકે તેટલો પ્રદેશ તાબામાં લઈ સ્વતંત્ર થવું." તેમણે સંગમનેરથી પુના સુધીનો સઘળો પ્રદેશ કબજે કર્યો અને આસપાસના સઘળા કિલ્લા પોતાના તાબામાં લીધા. તેમણે એ ઉથલપાથલમાં, વિજાપુર સરકારનો પણ કેટલોક પ્રદેશ પોતાને કબજે કર્યો. તે પરથી વિજાપુર સરકારને ગુસ્સો ઊપજ્યો અને શાહજીરાજનું દમન કરવા માટે, મુરારપંતને પુષ્કળ સૈન્ય આપી મોકલ્યો. તેણે રાજાના સ્વાધીનના કેટલાક જિલ્લા તાબે કર્યા. પૂના શહેર કબજે કરી, રાજાનો વાડો વગેરે ઘરો બાળી નાખ્યાં. તે સમયે શાહજી રાજામાં વિજાપુર રાજ્યના વિશાળ સૈન્ય સાથે ટક્કર ઝીલવાનું સામર્થ્ય નહોતું, તેથી તેમણે જુન્નરના શ્રીનિવાસરાવનો આશ્રય લીધો. મુરારપંતે ભીલસારની ટેકરી પર એક કિલ્લો બાંધ્યો અને તેનું નામ 'દૌલતમંગળ' રાખ્યું, તેમજ રામરાવને બે હજાર માણસો આપી ત્યાં મૂક્યો. તે ઉપરાંત ચંદ્રરાવ, બાજી દળવી વગેરે સરદારોને સૈન્ય આપીને તળકાંકણ જીતવાને મોકલી વિજાપુર પાછો ફર્યો. વિજાપુરીઓનો વાવંટોળિયો ત્યાંથી નીકળી ગયા પછી તેઓ જુન્નરમાંથી બહાર નીકળ્યા અને પમેગડ નામક કિલ્લો ભાગી જવાની તૈયારીમાં હતો, તેમાં કોઇ પણ થાણું ન હોવાથી તેને દુરસ્ત કરાવ્યો અને તેનું શામગડ* નામ પાડી તેમાં નિવાસ કર્યો. આ સ્થળમાં રહી તેમણે ગુમાવી

તેના એક બીજા દીકરાનું તેમજ ભાણેજનું પણ ખૂન થયું હતું એમ કેટલીક મુસલમાન બખરમાં લખેલું છે.

* "બુસાતીન તુસ્સલાતીન" ગ્રંથમાં લખ્યું છે કે, રાજાએ ભીમગડ દુરસ્ત કરાવ્યો અને તેનું નામ શાહગડ રાખ્યું હતું. તેમાં પમેગઢનેજ ભીમગઢ એવું નામ આપેલું છે. આ ગઢમાંજ શાહજી રાજાએ બાળ નિજામશાહને ગાદી પર બેસાડીને કારભાર ચલાવેલો હતો.

દીધેલા સઘળા કિલ્લા એક પછી એક કબજે કર્યા. પાંચછ હજાર સિપાહીઓનું લશ્કર એકઠું કર્યું. જુન્નર અને સંગમનેરથી અહમદનગર અને દૌલતાબાદ સુધીનો સઘળો પ્રદેશ ધીમે ધીમે પોતાના તાબામાં લીધો અને બાલાઘાટનો પ્રદેશ પણ તેમણે કબજે કર્યો.

એ અરસામાં મોગલોના ખાનજહાં લોદી નામક એક સરદાર પર શાહજહાં બાદશાહની ઇતરાજી થવાથી તે દક્ષિણમાં નાસી આવી નિજામશાહી સરકારના આશ્રયમાં રહ્યો. તેને સજા કરવાને દિલ્હીના બાદશાહે લશ્કર મોકલ્યું. એ સમયે નિજામશાહના દેશમુખ અને જાગીરદારે એ લોદીનો પક્ષ લઈ મોગલો સાથે યુદ્ધ કરવા માંડ્યું. શાહજીરાજાએ પણ તેનો પક્ષ લઇ લોદીને ઘણી સહાયતા કરી તેથી મોગલોના સૈન્યનું કાંઇ વળ્યું નહિ. શાહજહાંએ જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે તેને એવી બીક લાગી કે, દક્ષિણના મરાઠા સરદારો અને મુસલમાન બાદશાહ લોદી સાથે મળી જઇ, આપણી સત્તાને અને રાજગાદીને ધોકો પહોંચાડશે; તેથી લોદીનો અને તેના પક્ષનો સવેળા નાશ કરવો જોઇએ. એવો નિશ્ચય કરી બાદશાહ વિશાળ લશ્કર સાથે દક્ષિણમાં આવ્યો. તેણે એવું જાહેર કર્યું કે, “જે કોઇ મનુષ્ય લોદીને મદદ કરશે અથવા તેના પક્ષમાં ભળશે, તેનો સમૂળો નાશ કરવામાં આવશે.” બાદશાહે પોતાના સૈન્યની ત્રણ ટુકડી કરી તેને ત્રણ સરદારોની સત્તામાં સોંપી, લોદી પર અને તેના પક્ષનાં મનુષ્યો પર ચઢાઇ મોકલી. લોદી આ ચઢાઇ સામે ટકી શક્યો નહિ. તે દક્ષિણ તરફ નાસી છૂટ્યો. તેણે વિજાપુર સરકારની મદદ માગી પણ તે તેમણે આપી નહિ, ત્યારે દૌલતાબાદ તરફ પાછો વળ્યો. એટલે નિજામશાહે તેને મદદ કરી. મોગલો અને નિજામશાહના સૈન્ય વચ્ચે મોટું યુદ્ધ થયું. તેમાં મોગલોને વિજય મળ્યો. એ પ્રમાણે ચારે દિશાએથી નિરુપાય થવાથી લોદી કાબૂલ નાસી જવાની ઇચ્છાએ ઉત્તર તરફ દોડ્યો, મોગલોના લશ્કરે તેની પૂંઠ પકડી. લોદી તેમાં અંતે નિરાશ થઈ, પોતાનાં વિશ્વાસુ મનુષ્યો સાથે એકદમ પાછો ફર્યો અને શત્રુના સૈન્ય પર હુમલો કરી અતિ શૌર્યપૂર્વક લડતાં સમરભૂમિમાં પડ્યો.

લોદીનો નાશ થયા પછી શાહજીરાજાને એવી બીક લાગી કે, હવે શાહજહાં પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે વર્તન કરવાને પ્રવૃત્ત થશે અને પોતાનું પ્રચંડ સૈન્ય મારા તરફ મોકલશે. એ પ્રસંગે પોતાનો બચાવ કરવાની એક અજબ યુક્તિ તેના ધ્યાનમાં આવી કે, બાદશાહને શરણે જઇ કરેલા અપરાધની ક્ષમા માગવી અને નોકરી સ્વીકારવી. તેણે અજિમખાન નામક સરદારદ્વારા બાદશાહને એવાજ આશયની એક અરજી મોકલી. તેણે બાદશાહને અરજીમાં એવી વિનંતિ કરી હતી કે, “હું આપની નોકરી કરવા તૈયાર છું.

મારા અપરાધને માટે આપ ક્ષમા કરશો, મારા જીવને કાંઇ નુકસાન ન થાય એવી ખાતરી આપશો તો હું આપ નામદાર સમક્ષ હાજર થઇશ." શાહજહાંને રાજાના શૌર્ય, વીર્ય આદિ ગુણોની ખાતરી હતી. વળી બાદશાહે વિચાર્યું કે, નિઝામશાહી ગાદી પાયમાલ કરવાના આપણા સંકલ્પની સિદ્ધિ કરવામાં શાહજીરાજ જેવા બલાઢ્ય અને પરાક્રમી સરદારની સહાયતા મળે તો ઘણુંજ સારૂં થાય. બાદશાહે રાજાની વિનંતિ તરતજ સ્વીકારી, અભયવચન આપ્યું અને તત્કાળ પોતાની પાસે બોલાવ્યો. રાજા પોતાના બે હજાર ઘોડેસવાર સાથે લઇ બાદશાહની મુલાકાત લેવા ગયા. બાદશાહે તેમને ઘણું સન્માન આપ્યું અને બાવીશ હજાર ઘોડેસવારની મનસબ આપી. નિઝામશાહી સરકાર તરફથી તેમને અગાઉ મળેલી જાગીર તેમની પાસેજ હંમેશાં રહેવા દીધી. તે ઉપરાંત બીજા કેટલાક મહાલો આપ્યા.* શાહજહાં એટલુંજ કરીને અટક્યો નહિ, પણ તેમણે રાજાના આપ્તજનોને અને ઇતર સરદારોને પણ મનસબો આપી. વિઠોજીને ખેલોજી નામનો એક પુત્ર હતો.× તે આ સમયે રાજાની સાથે હતો. તેને પણ બીજા મનુષ્યોની સાથેજ મનસબ આપવામાં આવી. (ઇ૦ સ૦ ૧૬૩૦)

આ વખતે જુન્નર, સંગમનેર અને બૈઝાપુર પ્રાંતો શાહજીરાજાને મળ્યા અને તે હસ્તગત કરવાને રાજાને મોકલ્યા; અને પછી તેમનો મુકામ નાશિકમાં રાખ્યો.

એ સમયે દક્ષિણમાં મોટો દુષ્કાળ પડવાથી ત્યાંની પ્રજા દુઃખી થતી હતી. નિઝામશાહી પ્રજાનો ઘણો નાશ થયો. તેમાં વળી કોલેરા

---

* આ નવા મળેલા પ્રાંતોમાં અહમદનગરનો પ્રાંત હોવો જોઇએ; કારણકે પાછળથી શિવાજી મહારાજે એ પ્રાંતનો હક્ક માગ્યો હતો. કિંકેડ કહે છે કે, તે ઉપરાંત ફત્તેહખાનની જાગીર પણ તેમને આપવામાં આવી હતી.

× એને પાંચ હજારની મનસબ આપવામાં આવી હતી, તેની સાથે તેના બંને ભાઇ માલોજી અને પરસોજી પણ મોગલોના પક્ષમાં ગયા. પછી દૌલતાબાદ મોગલોના હાથમાં જઇને નિઝામશાહી નાશ પામે છે, એવું જોઇને તે મોગલોને છોડી દઇને વિજાપુરના પક્ષમાં ગયો. તેની સ્ત્રી ગોદાવરી નદીમાં સ્નાન કરવાને ગઇ હતી, તેને એક મુસલમાન સરદારે કેદ કરી અને ચાર લાખ હોન ખંડણી તરીકે લઇને પછી છોડી દીધી. મોગલ અને વિજાપુર સરકાર વચ્ચે તહ થવાથી તે સરકારે તેને નોકરીમાંથી રજા આપી, ત્યારે તે દૌલતાબાદ પાસે પોતાના વડીલના ગામમાં રહીને મોગલોના પ્રદેશમાં લૂંટફાટ કરવા લાગ્યો. ઔરંગઝેબે તેને પકડી મંગાવીને ઠાર માર્યો. (પ્રો. સરકારકૃત ઔરંગઝેબનું જીવનચરિત્ર–ભા૦ ૧. પૃ૦ ૫૫)

ફાટી નીકળ્યો. ઝપાટાબંધ હજારો લોકો મરવા લાગ્યા. સર્વ દેશમાં ઝાકળ પડયું, તેથી સરકારી વસૂલાતને મોટો ધક્કો પહોંચ્યો. એ તરફથી ત્રાસ વર્તી રહ્યો હતો, તેમાં વળી મોગલો જેવા પ્રબળ શત્રુ નિજામશાહીમાં સતત ધમાચકડી મચાવી રહ્યા હતા. મોગલોએ નિજામશાહીના ઘણા જાગીરદારો અને મનસબદારોને નિર્મૂળ કર્યા અને તેમની જગ્યાએ પોતાના સરદારો નીમ્યા. ચારે તરફ એવો ત્રાસ વર્તવાથી નિજામશાહને એવું લાગ્યું કે, "પોતાની ગાદી નાશ પામશે: પોતાના મોટા મોટા સરદારો રાજદ્રોહી થયા છે અને મોગલોએ તેમને પોતાના પક્ષમાં મેળવી લીધા છે. હવે કંઇ પત્તો લાગશે નહિ." એવો વિચાર કરી સર્વ કલેશનું મૂળ શોધવા લાગ્યા. અંતે તેમના મનમાં એવો વિચાર આવ્યો કે, આ સર્વ સંકટનું મૂળ આપણો નવો વજીર છે. તેથી શાહે તેને અધિકાર ઉપરથી કાઢી મૂકયો અને ફત્તેહખાનને બંદીખાનામાંથી મુક્ત કરી પુનઃ વજીર બનાવ્યો. પોતાનું માન ખંડન થયું, તે તકરીબખાનથી સહન થયું નહિ, તેથી તે મોગલોને જઇ મળ્યો. મોગલોએ તેને ૭ હજારી સરદાર બનાવી પોતાની પાસે નોકરીએ રાખ્યો.

ફત્તેહખાનના હાથમાં પુનઃ અધિકાર આવતાંજ તેણે નિજામશાહ ઉપર પાછલું વૈર વાળવાનો નિશ્ચય કર્યો. નિજામશાહને ગાંડપણ લાગ્યું છે, એવી અફવા લોકોમાં ફેલાવી તેને નજરકેદ કર્યો અને થોડા વખતમાં ગળામાં ફાંસો દઇ મારી નાખ્યો. તેમના પક્ષના મોટા મોટા પચીશ સરદારોને એકેદિવસે મારી નખાવી સર્વ સત્તા પોતાના હાથમાં લીધી. (ઇ૦ સ૦ ૧૬૩૨) આવું ક્રૂર કર્મ કર્યા પછી સર્વ રાજ્યાધિકાર તેના પોતાના હાથમાં આવ્યો. તે અધિકાર હમેશાં પોતાનાજ હાથમાં રાખવા માટે તેણે શાહજહાં બાદશાહને એવી વિનંતિ કરી કે, "દિલ્હીપતિના ખંડિયા થઇ રહેવાની મને કેટલી ઉત્કટ ઇચ્છા છે, તે સંબંધી ખાતરી કરવા માટેજ મેં આવાં આવાં સાહસ કર્યાં છે. મેં મૂર્તિંજા બાદશાહના દશ વર્ષના શાહ હુસેન નામના શાહજાદાને હમણાંજ ગાદી ઉપર બેસાડ્યો છે, એ સંબંધી બાદશાહનો શો અભિપ્રાય છે તે જણાવશો." શાહજહાં ઘણો પ્રપંચી હોવાથી ફત્તેહખાનનો વિચાર તરતજ જાણી ગયો. એ વખતે નિજામશાહીનાં ઘણાં પરગણાં તેના તાબામાં આવ્યાં હતાં. મજબૂત બંદોબસ્ત હોવાથી માત્ર થોડાક કિલ્લા કબજે આવ્યા નહોતા; તેથી ફત્તેહખાનને હાથમાં લઈ પોતાની મતલબ પાર પાડી લેવી, એવો વિચાર કરી તેને કહાવ્યું કે, "નિજામશાહી ધનભંડારમાંથી સઘળાં મૂલ્યવાન જવાહીર અને ઉત્તમ હાથી મને મોકલી આપશો તો જે પ્રદેશ અદ્યાપિપર્યંત તમારા હાથમાં બચ્યા છે, તે બાળરાજાને આપી દેવામાં આવશે; તેમજ તમને પણ ખાનગીરીતે જાગીર તરીકે કેટલાક પ્રાંત બક્ષિસ આપ-

વામાં આવશે." પ્રથમ તો ફત્તેહખાનને આ માગણી પસંદ પડી નહિ. ઝવેરાત અને હાથી મોકલવાને તે તદ્દન ખુશ નહોતો; એ જાણી શાહજહાંએ તેનો પરાજય કરવા મોટું લશ્કર મોકલ્યું. ફત્તેહખાનમાં મોગલો સામે લડવાની હિંમત નહોતી તેથી તે ગભરાઇ જઇ બાદશાહને શરણે ગયો. બાદશાહે માગણી કરી હતી તેટલી સર્વ વસ્તુઓ તેણે વગર અડચણે મોકલી દેવાની વ્યવસ્થા કરી. આઠ લાખ રૂપિયા રોકડા આપ્યા; તે ઉપરાંત કાંઇક વાર્ષિક ખંડણી ભરવાનું પણ કબૂલ કર્યું. એ પ્રમાણે થવાથી શાહજહાંએ તેને બક્ષિસ આપવા કહેલી જાગીર તેના નામ ઉપર ચઢાવી આપી અને બાળરાજા તરફથી સર્વ રાજ્યકારભાર પર દેખરેખ રાખવાની સત્તા પણ આપી. ફત્તેહખાનને જે જાગીર આપી હતી, તેમાં શાહજીરાજાને પૂર્વે બક્ષિસ આપેલા કેટલાક મહાલોનો* સમાવેશ થતો હતો. તેથી શાહજીરાજાને ઘણું અપમાન લાગ્યું હતું. આથી તેમણે મોગલોની તાબેદારી વેગળી ફેંકી દઇ પુનઃ સ્વતંત્ર થઇ રહેવાનો વિચાર કર્યો. ફત્તેહખાનની દશા પડતી આવે છે તે જોઇને, પોતાનાથી બને તેટલો નિજામશાહીનો મુલક તાબે કરવાનો તેમણે વિચાર કર્યો અને નાશિક, ત્ર્યંબક, સંગમનેર, જુન્નર અને ઉત્તરકોંકણનો કંઇક ભાગ કબજે કર્યો. ગાલનાનો કિલ્લેદાર ફત્તેહખાનના જુલમથી ત્રાસી ગયો હતો, તે કંઈક પૈસા લઈને કિલ્લો શાહજીરાજાને સ્વાધીન કરવાને તૈયાર હતો; પણ આ સમાચાર મોગલ સરદારને મળતાંજ કિલ્લેદારને મોટી લાલચ આપીને તેણે કિલ્લો પોતાને સ્વાધીન કરી લીધો.

શાહજીરાજાએ વિજાપુર સરકાર સાથે પુનઃ મૈત્રી બાંધવાનો મનમાં વિચાર કરી, દરબારના મુખ્ય કારભારી મુરારપંતને પોતાના પક્ષમાં લીધો. તેની મારફતે વિજાપુરસરકારને કહાવ્યું કે, "નિજામશાહીમાં ચારે તરફ અરાજકતા થઇ રહી છે, ફત્તેહખાન ઉપર કોઇને વિશ્વાસ નથી. મોગલોએ તેને અતિ કંગાલ બનાવી દીધો છે. એવે પ્રસંગે નિજામશાહી પ્રાંત તાબે કરી લેવામાં કઠિનતા નડશે નહિ. પ્રથમજ દૌલતાબાદનો કિલ્લો સરળ રીતે હસ્તગત કરી લેવો યોગ્ય છે. ત્યાંનો બંદોબસ્ત સારો નથી. તે ઉપરાંત કિલ્લો જે સરદારના તાબામાં છે, તે મનુષ્ય વિદ્રોહી થયો છે. સરકારની ઇચ્છા થતી હોય તો તે કિલ્લા પર લશ્કર મોકલવું. હું સરકારની નોકરીમાં રહી, તે કિલ્લો હિંમતથી અને યુક્તિથી સરકારને કબજે અપાવીશ." આ સલાહ સરકારને પસંદ પડી. તેઓને એવું પણ જણાયું કે, શાહજી-

---

* મિ. કિંકેડ જણાવે છે કે ફત્તેહખાનની જે જાગીર શાહજીરાજાને મળી હતી તે ફત્તેહખાનને પાછી આપવાથી શાહજીરાજાને ખોટું લાગ્યું અને તેમણે મોગલોની નોકરી છોડી દીધી.

રાજા જેવો બળવાન અને પરાક્રમી સરદાર આપણુને મળ્યાથી મોગલો સાથે ટક્કર ઝીલવાનું આપણામાં સામર્થ્ય આવશે. આદિલશાહે પોતાનું લશ્કર શાહજીરાજાની મદદે મોકલ્યું અને મુરારપંતને રાજા સાથે દૌલતાબાદ તરફ મોકલ્યો.

શાહજીરાજા વિજાપુર સરકાર જોડે મળી જઇ મોટા લશ્કરસહિત આપણા ઉપર ચઢી આવે છે, એવું જાણતાંજ ફત્તેહખાન ગભરાઇ ગયો. યુદ્ધ કરવાની તેનામાં બિલકુલ હિંમત નહોતી, તેથી તેણે મોગલ સરદાર મહોબતખાનને કહાવી મોકલ્યું કે, “શાહજીરાજા મારા પર ચઢાઈ કરીને આવે છે, કિલ્લામાં કશીયે સામગ્રી નથી; માટે તમે આવીને કિલ્લો તમારે સ્વાધીન લઇ લો અને મારો બચાવ કરો. હું બાદશાહનો તાબેદાર થવાને તૈયાર છું.” આથી મહોબતખાન તેની મદદે ગયો. એ મોગલસરદારે વિજાપુર સરકારનું લશ્કર દૌલતાબાદ ઉપર ચઢી આવતું હતું તેને પ્રચંડ વેગપૂર્વક અટકાવી સામો ધસારો કર્યો. એ સમયે શાહજીરાજે પોતાનું શૌર્ય અને યુદ્ધકૌશલ્ય બતાવી આપ્યું; પરંતુ શત્રુઓનું સૈન્ય પુષ્કળ હોવાથી વિજાપુર-સરકારના લશ્કરે રણભંગ કર્યો તેથી તેમને પાછું હઠવું પડ્યું.

શાહજીરાજા અને આદિલશાહના સરદારે જાણી લીધું કે, યુદ્ધ કરવાથી કિલ્લો જીતી શકાશે નહિ, તેથી તેમણે પ્રપંચ કરીને કિલ્લો તાબામાં લેવાની ગોઠવણ કરી. ફત્તેહખાનને કહાવી મોકલ્યું કે, “દૌલતાબાદનો કિલ્લો મોગલોના તાબામાં સોંપશો તો સર્વસહિત તમારો નાશ થશે. શાહજીરાજાનું જે નુકસાન થયું છે, તે ભરી આપી કિલ્લો અમારે કબજે સોંપશો તો અમારા દરબારનો તમારા ઉપર પહેલાંના જેવોજ સ્નેહ કાયમ રહેશે અને તમારો શત્રુ તે અમારો શત્રુ માની અમે તમને સર્વ પ્રસંગે સહાય કરીશું.” તેની એ માગણી ફત્તેહખાને કબૂલ રાખી, મોગલોને દગો કરવાનું સાહસ કર્યું. આથી વિજાપુરની સરકારે તેને અન્નસામગ્રી અને પૈસાની મદદ કરી. આ મદદ મળવાથી મોગલ લશ્કરે કિલ્લા નીચે પડાવ નાખ્યો હતો; તે પર ફત્તેહખાને કિલ્લા પરથી અચાનક તોપોનો મારો ચલાવ્યો. શાહજીરાજા વિજાપુર સરકારના લશ્કરસહિત ફત્તેહખાનની મદદે આવ્યા. બહારથી મોગલોની છાવણી પર હલ્લા કરીને તેમને હેરાન હેરાન કરી નાખ્યા. આ રીતે પાંચ મહિના સુધી કિલ્લો તેમણે શત્રુને હાથ જવા દીધો નહિ અને બન્ને વચ્ચે ઘોર સંગ્રામ થયો; પરંતુ મોગલોના પ્રબળ લશ્કર આગળ તેઓ ટકી શક્યા નહિ. અંતે મહોબતખાનને વિજય પ્રાપ્ત થયો અને તેણે દૌલતાબાદનો કિલ્લો જીતી લીધો× (ઇ.સ.૧૬૩૩)

× પ્રો. સરકાર આ કિલ્લો મોગલોના હાથમાં જવાની હકીકત તદ્દન બીજીજ આપે છે. કિલ્લામાંનાં માણસોને જ્યારે ભૂખ-

એ યુદ્ધમાં ફત્તેહખાનની પૂરેપૂરી દુર્દશા થઇ. તે તદ્દન નિરાશ થઈ મોગલોને શરણે ગયો. દિલ્હીના બાદશાહે તેની સર્વ સત્તા છીનવી લીધી અને તેને વાર્ષિક પેન્શન બાંધી આપી, શાંત રીતે બેસી રહેવા કહ્યું. જે બાળરાજાને નિજામશાહીની ગાદી ઉપર બેસાડ્યો હતો તેને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કર્યો અને બાદશાહે નિજામશાહી રાજ્ય ખાલસા કરી સઘળો પ્રદેશ પોતાના તાબામાં લીધો. એ પ્રમાણે ઇ૦ સ૦ ૧૬૩૩માં નિજામશાહીનો અંત આવ્યો. એ કાર્ય પૂરું કર્યાથી શાહજહાં બાદશાહે પોતાનું એક મહત્ત્વનું કાર્ય પરિપૂર્ણ કર્યું અને પોતે શત્રુથી નિર્ભય થયો એમ તેને જણાયું. શાહજીરાજા પ્રબળ થઇ પુનઃ નિજામશાહીની સ્થાપના કરશે અને તેની સાથે પુનઃ યુદ્ધ કરવાનો પ્રસંગ આવશે, એવું તેના લક્ષમાં પણ નહોતું.

એ યુદ્ધપ્રસંગે મોગલ સેનાપતિએ એવો પણ નિશ્ચય કર્યો કે ગમે તે ઉપાયે શાહજીરાજાનો પરાજય કરવો. દૌલતાબાદની આસપાસ મોગલોનો ઘેરો ચાલુ હતો. શાહજીરાજાએ તેમના પર વખતોવખત છાપો મારી તેમને હેરાન કરવા માંડ્યા. મહોબતખાને તેનું વૈર વાળવાને એવો પ્રપંચ રચ્યો કે, શાહજીરાજાની પત્ની જીજાબાઇ બૈજાપુરમાં* હતી તેને કોઇ પણ રીતે પકડી મંગાવવી. એટલામાં નિજામ-

મરો સહન કરવો પડ્યો ત્યારે ફત્તેહખાને મુરારપંત પાસે અન્નસામગ્રીની માગણી કરી. ત્યારે તેણે એવો જવાબ આપ્યો કે, પ્રથમ કિલ્લો અમારે તાબે કરો એટલે અન્નસામગ્રી અમે પછીથી આપીશું. આ માગણી ફત્તેહખાનને માન્ય ન હોવાથી આ અભેદકિલ્લો તેણે મોગલોને સ્વાધીન કર્યો. મિ. કિંકેડ એવું જણાવે છે કે, મહોબતખાનનો દીકરો ખાનજમાન દૌલતાબાદ પર આવે છે એવી હકીકત શાહજીરાજાને મળતાંજ તેઓ દૌલતાબાદ પર ચઢી આવ્યા અને ફત્તેહખાન જોડે એવી સંધિ ચલાવી કે, તેણે મોગલોનો નાદ છોડી દઈને વિજાપુરસરકાર જોડે દોસ્તી કરવી અને સોલાપુર તેમજ બીજા પાંચ પ્રાંતો પરથી પોતાની સત્તા ઉઠાવી લેવી. એટલે કે દૌલતાબાદ અને બીજા કિલ્લા નિજામશાહની સરકાર પાસે રહેવા દેવા. આ શરતો ફત્તેહખાને કબૂલ કરી. આથી શાહજીરાજાએ કિલ્લામાં કંઈક અન્નસામગ્રી અને માણસોની મદદ મોકલી, પોતે મોગલો સાથે ટક્કર ઝીલવાને તૈયાર થયા.

---

* ઔરંગાબાદની પશ્ચિમે પચીસ માઇલ પર આ શહેર આવેલું છે. ખાનજહાં લોદીનો પક્ષ છોડીને શાહજીરાજા જ્યારે મોગલ સરદાર તરફથી લડતા હતા, ત્યારે તેમને જુન્નર, નાશિક, ત્ર્યંબક, સંગમનેર વગેરે પ્રાંતો જાગીર તરીકે મળેલા હતા. તેજ સમયે બૈજાપુર પણ તેમનાજ હાથમાં આવ્યું હતું. જાધવરાવનું કુટુંબ આ સમયે આજ

શાહીનો એક કિલ્લેદાર* મહોબતખાનને શરણે આવી મોગલ બાદશાહના તાબામાં નોકરી માગવા લાગ્યો. મહોબતખાને કિલ્લેદારને ઉત્તર આપ્યો કે, "શાહજીરાજાની પત્ની બૈજાપુરમાં છે તેને પકડીને મારે સ્વાધીન કર. તેમ કરવાથી તારા પ્રમાણિકપણાની બાદશાહને ખાતરી થશે ને તને નોકરી પણ મળશે." એ શરત કબૂલ કરી કિલ્લેદાર પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયો. અનેક યુક્તિપ્રપંચ વડે જીજાબાઇને પકડી મોગલોની છાવણીમાં લાવ્યો. એ સમયે જાધવરાવનો ભાઈ જગદેવરાવ મોગલોના લશ્કરમાં નોકર હતો. તેને એ કાર્ય પસંદ પડ્યું નહિ. તેણે ખાન પાસે જઈ યુક્તિપૂર્વક જણાવ્યું કે "શાહજીરાજા અને અમારા કુટુંબ વચ્ચે કલહ છે, તે આપને વિદિતજ છે. એ કલહને લીધે તેણે જીજાબાઇને અને તેના પુત્રને તજી દીધાં છે અને બેત્રણ વર્ષ ઉપર મોહિતેની કન્યા તુકાબાઇ સાથે વિવાહ કર્યો છે. તેમ થવાથી જીજાબાઇ અને તેમની વચ્ચે અણબનાવ થયો છે. જીજાબાઇને કેદ કરવાથી શાહજીરાજાને તો કાંઇ ખોટું લાગશે નહિ, પણ અમારા કુટુંબની આબરૂ લેવા જેવુંજ થશે." તેનું બોલવું ખાનને સાચું લાગવાથી જીજાબાઇ જાધવને સોંપી દીધી. જાધવે જીજાબાઇને શાહજીરાજાના તાબાના કોંડાણાના કિલ્લામાં સુરક્ષિતપણે પહોંચાડી દીધી. આપણા ચરિત્રનાયક ઉપર એ પ્રમાણે બાળપણમાં આવી પડેલી વિપત્તિ ટળી ગઇ.

દૌલતાબાદ પાસે વિજાપુરની સરકારના લશ્કરનો કચ્ચરઘાણ નીકળી ગયો અને ,તેમને પાછું ફરવું પડ્યું. શાહજીરાજા નિરુપાયે લશ્કર સાથેજ પાછા ફર્યાં હતા; પરંતુ પરાજિત થવાથી કિંવા આશાભંગ થવાથી બિલકુલ હતાશ થયા નહિ. તેમનામાં જે શૌર્ય અને ઉત્સાહ હતો, તે તો કાયમજ રહ્યો; એટલુંજ નહિ પણ યુદ્ધમાં અપયશ મળવાથી ઊલટો તેમાં વધારો થયો. તેમણે આ સમયે એવો નિશ્ચય કર્યો કે, મોગલોએ નિજામશાહી પાયમાલ કરી છે તેને પુનઃ સ્થાપવી. એ પ્રતિજ્ઞા કાંઈ જેવી તેવી નહોતી. મોગલો જેવા

ગામમાં રહેતું હતું અને જીજાબાઇ પણ તે વખતે પોતાની માતા સાથે ત્યાં રહેતાં હતાં, એવું જે રા. સર દેસાઇનું કહેવું છે, તે તદ્દન નિરાધાર છે. જુન્નરના શ્રીનિવાસરાવને પકડવાની ધમાલ વખતે જીજાબાઇને અને શિવાજીને શિવનેરીના કિલ્લામાંથી કાઢીને બૈજાપુરમાં શાહજીરાજાએ રાખ્યાં હતાં, એવું તેઓ પોતાની મરાઠી રિયાસતમાં જણાવે છે. (પૃ. ૧૫૨) પ્રો. સરકાર જીજાબાઇને પકડવાની હકીકત જણાવતા નથી; માત્ર ખેલોજીની સ્ત્રીને પકડી ગયાની હકીકતજ લખે છે, પણ ઘણીખરી મરાઠી બખરોમાં જીજાબાઇને પકડી ગયાનું જણાવેલું છે.

* મિ. કિંકેડ જણાવે છે કે, એ ત્ર્યંબકનો કિલ્લેદાર હતો અને તેનું નામ હ્માલદારખાન હતું.

બળવાન શત્રુ સાથે તેમને યુદ્ધ કરવાનું હતું. વિજાપુર સરકારના સૈન્ય સાથે વિજાપુર પાછા નહિ જતાં તેને માર્ગમાંજ રહેવા દઈ શાહજીરાજા નાશિક પાસેના ભીમગઢ તરફ ગયા.× એ કિલ્લો પ્રથમથીજ તેમના તાબામાં હતો. ત્યાંના ડુંગરાળ પ્રદેશમાં રહી તેમણે પુનઃ લશ્કર એકઠું કર્યું. પુષ્કળ લશ્કર એકઠું થયા પછી રાજાએ મોગલોના તાબાનો પુના અને ચાકણથી બાલાઘાટ સુધીનો સઘળો પ્રાંત ઝૂંટવી લીધો અને મોગલોનાં થાણાં એક પછી એક ઉઠાડી મૂકવા લાગ્યા. તે સમયે દોલતાબાદના બંદોબસ્ત માટે ઈરાદતખાન નામક એક સરદારની નિમણુંક થઈ હતી. તેણે શાહજીરાજાની એ ધામધૂમ બંધ પાડવાની એક યુક્તિ શોધી કાઢી. તે યુક્તિ એ હતી કે, માલોજી ભોંસલે નામક વિઠોજીનો પુત્ર હતો, તેની સાથે તેણે મૈત્રી બાંધી અને તેની સાથે શાહજીરાજાને કહાવ્યું કે, " તમે મોગલોના પ્રદેશમાં ઉપદ્રવ કરવાનું છોડી દેશો તો તમને મોગલ બાદશાહ પાસેથી બાવીશ હજારની મનસબ અપાવીશ." શાહજીરાજાએ એ માગણી સ્વીકારી નહિ! એ સમયે એવી લાલચથી તેમનું મન બદલાય તેમ નહોતું.*

એ સમયે શાહજીરાજા પાસે આઠદશ હજાર સિપાઈઓનું લશ્કર હોવાથી મોગલોના તાબામાં ગયેલા નિજામશાહના ઘણા પ્રાંત તેમણે તાબે કર્યા. એમ કરવાથી મોગલોનું લશ્કર પોતાના ઉપર સત્વર હુમલો કરશે, એવી પણ તેમને ખાતરી થઇ હતી. મોગલો સાથે એકલા લડવાનું શાહજીરાજામાં સામર્થ્ય નહોતું. તેથી તેમણે વિચાર કર્યો કે, વિજાપુર સરકારની મદદ મેળવ્યા સિવાય પ્રતિજ્ઞા પરિ-

---

× મિ૦ કિંકેડ બાદશાહનામાને આધારે જણાવે છે કે, દૌલતાબાદમાં પોતાનાં માણસો મૂકીને મહોબતખાન પાછો ફર્યો કે તરતજ શાહજીરાજાએ દૌલતાબાદ પર હુમલો કર્યો હતો. તે વખતે કિલ્લાના રખેવાળ ખાનદૌરાને શૌર્યપૂર્વક યુદ્ધ કરીને રાજાનું કશું પણ ચાલવા દીધું નહિ.

* મોડકકૃત આદિલશાહીના ઇતિહાસમાં આ બાબત સંબંધી વર્ણન તદ્દન જુદીજ રીતે લખાયું છે. તેમાં લખ્યું છે કે, વિજાપુર સરકારના એક સરદારે રાજાને જ્યારે એવું કહ્યું ત્યારે તેણે ઉત્તરમાં કહાવ્યું કે, " આદિલશાહ મને પોતાના પુત્ર જેવો જાણી બાવીસ હજારની મનસબદારી આપે તો તમે કહેશો તેમ હું વર્તીશ." એ શરત સરદારને માન્ય હોવાથી તેણે આદિલશાહ પાસેથી આજ્ઞાપત્ર લાવી આપ્યું તથા રાજા સાથે એવી શરત કરી કે, નિજામશાહી પ્રાંત તાબે કરવાના કામમાં વિજાપુર સરકારને લશ્કરની મદદ આપવી અને તાબે કરેલો પ્રાંત બન્નેએ વહેંચી લેવો. શાહજીરાજાની હકીકત ઉપરથી મૂળ વિષય લીધો છે.

પૂર્ણ થશે નહિ. તે સમયમાં વિજાપુર રાજ્યના દરબારમાં ખવાસખાન મુખ્ય કારભારી હતો. તેને રાજાએ મુરારપંતદ્વારા કહાવી મોકલ્યું કે, "નિજામશાહના ચોરાશી કિલ્લામાંથી એક દૌલતાબાદનો કિલ્લો ગયો તો તેમાં શું થઇ ગયું ? તમે મને સહાયતા કરશો તો મારાથી બનતી ખટપટ કરી પુનઃ નિજામશાહી સ્થાપન કરીશ અને બહિરીવંશનો ઝુંડો પુનઃ ફરકાવીશ." રાજાનું એ કહેવું કારભારીને પસંદ પડ્યું નહિ; પરંતુ રાજાએ જ્યારે તેમની સર્વ પ્રકારની અડચણો અને સંશયનું સમાધાન કરી પોતાના સંબંધમાં તેના મનના વિચારો શુદ્ધ કર્યા, ત્યારે કારભારીએ રાજાની સલાહ પ્રમાણે વર્તવાનું કબૂલ કર્યું તથા તેમને જોઇએ તેટલી મદદ આપવાનું સ્વીકાર્યું. તેઓએ રાજા પાસેથી એવી કબૂલત કરાવી લીધી કે નિજામશાહી વંશમાંથી કોઇ પણ વારસ ચૂંટી કાઢી, તેને રાજગાદી ઉપર બેસાડી, તેના તરફથી રાજાએ નિજામશાહીનો કારભાર કરવો. એ કબૂલત પ્રમાણે રાજાએ મૂર્તિજા નામક દશ વર્ષનો એક છોકરો શ્રીવર્ધનમાં* નજરકેદ હતો તેને છોડાવી મંગાવ્યો અને ભીમગઢમાં ગાદી સ્થાપન કરી તેને રાજગાદીએ બેસાડ્યો. આ ઘટના ઇ. સ. ૧૬૩૩ ના સપ્ટેમ્બર માસમાં બની.

બાળક રાજાના નામનો ઢંઢેરો ફેરવી રાજાએ દેશ અને કિલ્લા લેવાનો સપાટો ચલાવ્યો. તેની એવી હિંમત અને કર્તવ્યપરાયણતા જોઈ અને તે સ્તુત્ય કૃત્યથી સંતોષ પામી નિજામશાહી વંશનું અભિમાન ધરાવનારા સર્વ સરદારો, જાગીરદારો અને દેશમુખ તેમના પક્ષમાં ભળી ગયા અને જોઇતી મદદ આપવા તૈયાર થયા. નિજામશાહી લશ્કરના સિપાઇઓ નોકરી વગરના થઇ આમ તેમ રખડતા હતા, તેઓ શાહજીરાજાના ઝુંડા નીચે આવ્યા; તેથી રાજાનો પક્ષ બળવાન થયો. સૈન્યબળ પણ ધીમે ધીમે વધવા લાગ્યું. રાજાએ નિજામશાહીના તાબામાંથી સઘળી કોંકણપટ્ટી,× પૂર્વમાં અહમદનગર

---

* પ્રો. સરકાર જણાવે છે કે, જુધન અથવા અંજરાઇ નામનો કિલ્લો જુન્નરની પશ્ચિમે ત્રીશ માઇલ પર આવેલો છે. તે કિલ્લામાં આ બાળકને નજરકેદ રાખવામાં આવેલો હતો.

× પ્રો૦ સરકાર જણાવે છે કે, તળકોંકણમાં એક સાઇબખાન નામનો નિજામશાહી સીદી સરદાર સ્વતંત્ર થઇને રહેલો હતો. મુરારપંતની સલાહથી શાહજીરાજાએ તેને એવું લખી જણાવ્યું કે, "તમારે આ નવા નિજામશાહને મુજરો કરવાને માટે આવવું અને અમને મદદ કરવી." તેમનું આ કહેવું તે સીદીએ માન્ય કર્યું નહિ. તળકોંકણનો બધો પ્રદેશ શાહજીરાજાને આપી દઇને વિજાપુર–સરકારના દરબારમાં જઇને રહેવાની તેણે યોજના કરી. શાહજીરાજાને આ વાત પસંદ

સુધીનો સઘળો દેશ અને દક્ષિણમાં નીરા નદીથી ચાંદોરના ડુંગર પર્યંતનો સઘળો પ્રાંત તાબામાં લીધો. જુન્નરના કિલ્લા ઉપર રાજાની તીવ્ર નજર હતી. શ્રીનિવાસરાવ સ્વતંત્રપણે રાજ્ય ચલાવતો હતો. તે રાજાનો મિત્ર હતો. નિજામશાહીના પ્રાંત પચાવી પડી, જે સરદારો સ્વતંત્ર થઈ બેઠા હતા, તેને તાબે કર્યા સિવાય રાજ્ય બળવાન થશે નહિ, એવું રાજાના લક્ષમાં આવતાંજ તેમણે શ્રીનિવાસરાવને, પોતાના તાબેદાર થઇ રહેવા–મિત્રભાવે–ઘણી વખત કહાવ્યું; પરંતુ સંપનું બળ કેવું છે તે સ્વાર્થી સરદારના ધ્યાનમાં આવ્યું નહિ. તેણે રાજાની માગણી કબૂલ કરી નહિ. તેને તાબે કરવા માટે રાજાને કપટવિદ્યાનો પ્રયોગ કરવો પડ્યો. રાજાએ તેની સાથે શરીરસંબંધ કરવાનું અને તેની પુત્રી પોતાના પુત્ર શંભાજી સાથે પરણાવવાનું કહાવ્યું. વેવાઇનો સંબંધ કરવાને બહાને તેને પોતાને ઘેર જમવાનું આમંત્રણ કહાવ્યું. શ્રીનિવાસરાવ ભોજન કરવા આવ્યો તે વખતે તેને કેદ પકડ્યો અને તેના તાબાના જુન્નર, જીવધન, સોંદા, ભોરગ વગેરે થાણાં હસ્તગત કર્યાં. ગાદી ઉપર બેસાડેલા બાળરાજાને ભીમગઢથી જુન્નર મોકલી દીધો. શ્રી નિવાસરાવની પેઠેજ ભિંવડીમાં સીદી સાયાસૈફખાન અને જંજિરામાં સીદીઅંબર,* એ બન્ને સ્વતંત્ર થઇ બંડ કરતા હતા. રાજાએ તેઓને પણ પોતાના તાબામાં લઇ લીધા.

મોગલોએ નિજામશાહીનો કબજે કરેલો ઘણો પ્રદેશ શાહજીરાજાએ હસ્તગત કર્યો અને નિજામશાહી રાજગાદી પુનઃ સ્થાપન કરી. શાહજહાં બાદશાહે એ સમાચાર સાંભળ્યા કે તરતજ શાહજીરાજાનો પરાજય કરવા માટે લશ્કર મોકલ્યું. રાજાએ તેઓને હરાવી કાઢ્યા. મોગલોના સૈન્ય સાથે વિજાપુર સરકારની સહાયતાવડે, પરિંડે નામક સ્થળ આગળ શાહજીરાજાએ મોટું તુમુલ યુદ્ધ કર્યું અને તેઓનો કચ્ચરઘાણ કાઢી નાખી હાંકી કાઢ્યા અને મારીને ખાનદેશ તરફ નસાડી મૂક્યા; એથી શાહજહાં વિશેષ ચિડાયો અને ખાનદૌરાન× તથા ખાનજમાનને વિશાળ લશ્કર આપી શાહજી-

---

પડી નહિ. શાહજીરાજાની મદદ માટે થોડાક માણસો મૂકીને મુરારપંત જ્યારે પાછો વિજાપુર જવાને નીકળ્યો ત્યારે તેની સાથે મળીને વિજાપુર જવા માટે આ સરદાર પણ પોતાના પ્રદેશમાંથી નીકળ્યો હતો. તે વખતે શાહજીરાજાએ તેના પર હલ્લો કરીને તેને બહુ હેરાન કર્યો હતો, પણ મુરારપંતના વચ્ચે પડવાથીજ તેનો છુટકારો થયો હતો.

* આ અંબર સાઇફખાનના વતી શાહજીરાજા જોડે લડતો હતો. રાજાએ તેને હરાવીને કેદ કર્યો, એમ પ્રો. સરકાર જણાવે છે.

× પ્રો. સરકાર જણાવે છે કે, આ સરદારે શાહજીરાજાની એક ટુકડીને હરાવી હતી અને ભારે કતલ ચલાવીને ત્રણ હજાર માણસોને કેદ કર્યાં હતાં. ૮૦૦૦ પોઠ અનાજ વગેરે સામગ્રી જતી હતી

રાજાનો બળવો શાંત પાડવા મોકલ્યા; પરંતુ એ સરદારને પણ રાજાએ હરાવી પાછા નસાડ્યા. વિજાપુર દરબારના રણદુલ્લાખાન અને મુરારપંત એ ઉભયને પણ રાજાની હિંમત અને મદદ હોવાથી તેમની પાસે પણ ઘણું લશ્કર ભેગું થયું હતું; તેથીજ શાહજીરાજા મોગલોના લશ્કરનો પરાજય કરવાને શક્તિવાન થયા. તેમણે અહમદનગરમાં સૈન્ય એકઠું કરીને દૌલતાબાદ સુધીના મોગલોના પ્રદેશમાં લૂંટફાટ શરૂ કરી.

બે વખત સૈન્ય મોકલવા છતાં શાહજીરાજાએ તેમની દુર્દશા કરી હરાવી પાછા કાઢ્યા; તે જોઇ શાહજહાં ઘણો ગુસ્સે થયો. તેમાં વળી એ બળવાખોરોને વિજાપુર–સરકારે મદદ કર્યાની વાત જાણતાં બાદશાહને ઘણોજ ક્રોધ ચડ્યો. નિજામશાહીને તદ્દન નિર્મૂળ કરી તે પ્રદેશમાં પોતાની સત્તા જમાવવા માટે બાદશાહને જે સરળતા લાગતી હતી તે માત્ર ભ્રમ છે, એવું શાહજીરાજાએ થોડાજ સમયમાં બતાવી આપ્યું, જ્યારે બાદશાહના સમજવામાં આવ્યું કે, નિજામશાહી સાથે પ્રારંભમાં કલહ ઊભો કર્યો તે વખતે તેની જે સ્થિતિ હતી તેજ પુનઃ પ્રાપ્ત થઈ છે અને પ્રથમના કરતાં હમણાં વિશેષ બળવાન શત્રુ સાથે લડવાનો સમય આવ્યો છે; ત્યારે તેના શરીરમાં ક્રોધાગ્નિ પ્રદીપ્ત થયો. ક્રોધના આવેશમાં તેણે એવી પ્રતિજ્ઞા કરી કે. પ્રચંડ લશ્કર લઇ દક્ષિણમાં જવું, શાહજીરાજાને પાયમાલ કરીને નિજામશાહી સર્વ પ્રદેશ પુનઃ તાબે કરવો અને લાગ મળતાં વિજાપુરની આદિલશાહી તથા ગોવળકાંડાની કુતુબશાહી એ બે મુસલમાની રાજ્યોને જડમૂળથી ઉખેડી નાખવાં. એ પક્કો નિશ્ચય કરી બાદશાહ વિશાળ સૈન્યસહિત * શાહજી રાજાના પરાજય· માટે ક્રોધે ભરાયલા સિંહની પેઠે દક્ષિણમાં ધસી આવ્યો.

બાદશાહે પ્રથમ એવો વિચાર કર્યો કે, મહમદ આદિલશાહને ધમકીનો સંદેશો કહાવી શાહજીરાજાના પક્ષમાંથી જુદો પાડવો. એ વિચાર પ્રમાણે તેમણે આદિલશાહ પાસે પોતાનો વકીલ મોકલી કહાવ્યું કે, “ નિજામશાહીના જે કિલ્લા તમે લીધા છે તે સર્વ અમારે સ્વાધીન કરવા; મુલ્કમેદાન× નામની તોપ તમે પરિંડ્યાના કિલ્લામાંથી વિજાપુર લઇ ગયા છો તે પાછી મોકલવી; શાહજીરાજા અને તેના પક્ષના

તે પકડી લીધી હતી.

* પ્રો. સરકાર જણાવે છે કે, પચાશ હજારનું સૈન્ય લઇને બાદશાહ આ વખતે દક્ષિણમાં ઊતરી પડ્યો હતો.

× એ નામનો અર્થ રણભૂમિનો રાજા કિંવા સિંહ થાય છે. એ તોપ નિજામશાહીની આજ્ઞાથી કોન્સ્ટેન્ટિનોપલના એક કારીગરે અહમદનગરમાં ઓટીને (જેમ લોખંડનાં–બીડનાં–કારખાનામાં બીજાં યંત્રો

કોઈ પણ મનુષ્યને કોઇ પણ પ્રકારની સહાયતા કરવી નહિ; એ શરતો કબૂલ કરી તે પ્રમાણે વર્તવા તમે તૈયાર હો તો નિજામશાહીની સત્તા નીચેની સર્વ કોંકણપટ્ટી, સોલાપુરનો કિલ્લો અને તેની તળેટીનો સઘળો પ્રદેશ અમે તમને આપીશું; પણ જો એ શરતો કબૂલ નહિ કરશો તો તમારૂં રાજ્ય તદ્દન પાયમાલ કરવાનો અમે ઉદ્યોગ કરીશું." તેમની એ શરત વિજાપુર સરકારે કબૂલ કરી નહિ; કારણકે રણદુલ્લાખાન વગેરે સરદારોને શાહજીરાજાના પક્ષમાં રહેવાનુંજ વિશેષ ઇષ્ટપ્રદ જણાયું હતું.

શાહજહાં એ યુક્તિમાં ફાવ્યો નહિ, એટલે એકીવખતે બન્નેનો પરાજય કરવાનો તેણે ઘાટ ઘડ્યો. પોતાના લશ્કરના ચાર વિભાગ પાડ્યા. તેમાંથી બે વિભાગ શાહજીરાજા તરફ અને બે વિભાગ વિજાપુર સરકાર તરફ મોકલ્યા. શાહજીરાજા તરફ મોકલેલી બે ટુકડીમાં એક ઉપર શાહિસ્તેખાન નામક સરદાર પ્રમુખ હતો. તેને ચાંદોર, નાશિક, સંગમનેર વગેરે શહેરો અને તેની આસપાસનો પ્રદેશ તથા કિલ્લા કે જે શાહજીરાજાના તાબામાં હતા તે જીતી લેવાનું કામ સોંપ્યું. બીજી ટુકડી ઉપર ખાનજમાન નામનો સરદાર નીમ્યો હતો; તેમાં વીસ હજાર ઘોડેસવાર હતા. તેને એવું કામ સોંપ્યું હતું કે, શાહજીરાજા સાથે રણમેદાનમાં યુદ્ધ કરી તેને ત્યાંથી હાંકી કાઢવો અને કોંકણપટ્ટીના કિલ્લા જીતી લઇ શાહજીરાજાને નિજામશાહી પ્રદેશમાં કોઇ પણ સ્થળે થોભવા દેવા નહિ.

મોગલોના પ્રચંડ સૈન્યે શાહજીરાજા ઉપર બે બાજુથી એકદમ મારો ચલાવ્યો, તેમ છતાં તેઓ જરા પણ ગભરાયા નહિ. તે

ભરીને તૈયાર કરે છે તેમ) તૈયાર કરી હતી. એનું વજન સાઠ ખાંડી છે. એક અંગ્રેજ ઑફિસરે એનું વજન લગભગ ૩૨૦૦૦ રતલ કહ્યું છે. એની લંબાઈ નવ હાથ છે અને પરિઘ પણ એટલો છે. એમાં દારૂનો ગોળો રહેવાની જગ્યા એટલી મોટી છે કે તેમાં બેસીને પાઘડી સહજરીતે બાંધી શકાય છે. એના મોઢાનો વ્યાસ ચાર ફૂટ અને આઠ ઈંચ છે. એવું કહેવામાં આવે છે કે હુસેન નિજામશાહે રામરાજા ઉપર સવારી કરી તે સમયે એ તોપ સાથે લઇ ગયા હતા. એ તોપ હમણાં મહાકાળીના નામથી પ્રસિદ્ધ છે. ભાવિક લોકો હજુયે તેની પૂજા કરે છે. ઔરંગઝેબે વિજાપુર જીત્યું તેના સ્મરણાર્થે ઇ૦ સ૦ ૧૬૮૫ માં તેના ઉપર એક લેખ કોતર્યો હતો. ઇ૦ સ૦ ૧૮૨૩ માં કંપની–સરકારે એ તોપ ઇંગ્લેંડના રાજાને ભેટ આપવા ધાર્યું હતું; પણ એક એન્જિનિયરે એવો અભિપ્રાય આપ્યો છે કે, તેને કિનારા સુધી લઇ જવાનો રસ્તો સગવડવાળો નથી; તેથી તે હજુ ત્યાંજ પડી રહી છે.

તેજસ્વી અને ઓજસ્વી પુરુષે એવો નિશ્ચય કર્યો કે, શત્રુ સાથે અટલ ધૈર્યપૂર્વક છેવટ સુધી યુદ્ધ કરવું, ડરીને નાસી જવું નહિ. આ પ્રસંગે રાજાએ પોતાનું સર્વ ક્ષાત્રતેજ પ્રકટ કર્યું. શાહજીરાજાનું અપ્રતિમ યુદ્ધકૌશલ્ય, વિલક્ષણ રણવેગ અને વિચક્ષણ રણચાતુર્ય જોઈને તેમના કટ્ટા શત્રુઓએ પણ દાંતમાં આંગળાં કરડ્યાં! રાજાએ મોગલોના સૈન્યને પુષ્કળ ત્રાસ આપ્યો; પરંતુ તેઓની સંખ્યા વિશાળ હોવાથી રાજાના લશ્કરમાં ભંગાણ પડવા લાગ્યું. નાશિક અને ચાંદોર પ્રાંતમાંના પચીશ કિલ્લા મોગલોએ તાબે કર્યા. રાજાના તાબાનો સોલાપુર અને ખેદર શહેરની વચમાંનો સઘળો પ્રદેશ તથા કોંકણપટ્ટીનાં ઘણાં થાણાં તેઓએ જીતી લીધાં. કોંકણમાંથી શત્રુઓએ નસાડી મૂક્યાથી શાહજીરાજા અહમદનગર તરફ જઇ ભરાઈ બેઠા. શત્રુની બંને લશ્કરી ટુકડીઓ તેમની પૂંઠ શોધતી ફરતી હોવાથી, તેઓના પંજામાંથી છૂટવા માટે નિરુપાયે ઘણી ચાલાકીથી તેઓ ચાંભારગોંદા અને બારામતીની વચમાંના પ્રદેશમાં સંતાઈ રહ્યા. ત્યાં પણ શત્રુઓએ પૂંઠ પકડેલી હોવાથી તે કોલ્હાપુર અને મિરજ પ્રાંત તરફ ગયા. ત્યાં તેમને વિજાપુર સરકારની સહાયતા મળતાંજ પાછા ફરી મોગલોના સૈન્ય ઉપર હુમલા કરવા માંડ્યા. તેમનો અન્નભંડાર લૂંટી લીધો. મોગલ લશ્કરને અન્ન મળતું નહિ હોવાથી રાજા સાથે યુદ્ધ કરવાની કિંવા તેમની પૂંઠે પડવાની તેઓની હિંમત ચાલી નહિ.

એ સમાચાર સાંભળી શાહજહાંએ ખાનજમાનને આજ્ઞા કરી કે, “શાહજીરાજાની પાછળ જવામાં લશ્કરની ઘણી પાયમાલી થાય છે; તેથી હમણાં તેની પૂંઠ છોડી દઇ વિજાપુર સરકારના દેશ ઉપરજ સવારી લઇ જવી. તે સરકારનો પરાજય કર્યા પછી શાહજીરાજાને તાબે કરવામાં વિલંબ થશે નહિ.” એ આજ્ઞા પ્રમાણે ત્રણ મોગલ સરદારોએ વિજાપુર રાજ્ય ઉપર ચઢાઇ કરી અને સર્વ સ્થળે એકસરખી ધમાચકડી મચાવી મૂકી. તેઓના ઘણા કિલ્લા અને શહેર તાબામાં લીધાં અને હજારો મનુષ્યોને કેદ પકડ્યાં. શત્રુની વિશાળ સેના ઠેઠ વિજાપુર નજીક જઈ પહોંચી, એ સમયે આદિલશાહ બાદશાહ ગભરાયો. તેનામાં શત્રુ સામે લડવાનું સામર્થ્ય નહોતું તેથી તેણે સંધિ કરવાનું કહાવતાંજ બંને પક્ષ વચ્ચે સંધિ થઈ. * આ સંધિ વિજાપુર સરકારને અનુકૂળ થઈ. તેમાં એવો

---

* મોગલોની આ સવારીનું વર્ણન પ્રો૦ સરકારે ઔરંગઝેબના ચરિત્રમાં કરેલું છે. તે એ પ્રમાણે છે કે, ખેતર વગેરેનો નાશ કરતું, મકાનોને સળગાવી દેતું, ઢોરઢાંખરનું હરણ કરતું અને માણસોની કતલ કરતું મોગલસૈન્ય આગળ વધવા માંડ્યું. હષ્ટપુષ્ટ માણસોને પકડીને ગુલામ બનાવ્યા. આ પ્રમાણે સુંદર ગામોને તેમણે તદ્દન વેરાન કરી નાખ્યાં. વિજાપુરની સરકારે શાહપુરના તળાવના

ઠરાવ થયો હતો કે, પરિંડચા અને સોલાપુરના કિલ્લા અને તેની તળેટીનો સર્વ પ્રદેશ મહમદ આદિલશાહને મળે. સોલાપુરની પૂર્વના બેદર, કલ્યાણી અને નલદુર્ગ, એ પ્રાંતો પર પણ આદિલશાહનીજ સત્તા કાયમ રહે. મુલ્કમેદાન તોપ તેમણે પોતાની પાસેજ રાખવી. કોંકણપટ્ટીમાં વિજાપુર સરકારના પ્રદેશની સાથે જોડાયલો નિજામશાહીનો જે પ્રાંત વસઈ નદી સુધી છે, તે આદિલશાહના તાબામાંજ રહે; તેજ પ્રમાણે ભીમા અને નીરા નદીઓની મધ્યનો, ચાકરણના કિલ્લા સુધીનો જે દેશ પ્રથમ નિજામશાહીના તાબામાં હતો, તે આદિલશાહને મળે. એટલો મોટો વિશાળ દેશ આદિલશાહને મળે તેના બદલામાં તેણે મોગલ બાદશાહને દર વર્ષે બાર લાખ હોન ખંડણી આપવી; શાહજીરાજા પોતાના તાબાના એકેએક કિલ્લાસહિત પોતાની પાસેની સર્વ તોપો અને સઘળી યુદ્ધસામગ્રી મોગલોને સોંપી દે તો તેમને અને તેમના પક્ષનાં સર્વ મનુષ્યોને શાહજહાં બાદશાહે ક્ષમા બક્ષવી; નહિ તો વિજાપુર સરકારે તેને પોતાના રાજ્યમાં કોઇ પણ સ્થળે રહેવા દેવો નહિ અને મોગલોના શત્રુ પ્રમાણેજ આદિલશાહે પણ તેને પોતાનો શત્રુ માનવો. આ સંધિ ઈ૦ સ૦ ૧૬૩૫ માં થઈ. ×

બંધ તોડી નાખી આજુબાજુના પ્રદેશને એકદમ જળમય કરી નાખ્યો, તેથી મોગલસૈન્યને લાચાર થઈને પાછું જવું પડયું.

× પ્રો. સરકારે આ સંધિની કલમો ઔરંગઝેબના ચરિત્રમાં આ પ્રમાણે આપેલી છેઃ–(૧) આદિલશાહે મોગલ બાદશાહને તાબે રહીને તેની આજ્ઞાઓનું પાલન કરવું. (૨) નિજામશાહીનો નાશ થયો છે, એવું ઠેરવીને તેનો મુલક આદિલશાહે અને મોગલ બાદશાહે આપસઆપસમાં વહેંચી લેવો અને આ વહેંચી લીધેલો મુલક તાબામાં લેતી વખતે મોગલ સરદારોએ હરકત કરવી નહિ. (૩) આદિલશાહનો સઘળો મુલક તેની પાસે કાયમ રહે અને નિજામશાહીના સોલાપુર, વાંઘણી પરિંડચા, ભાળકી, ચિદ્‌ગુપ, પુના, સૂપા અને કોંકણ વગેરે પચાસ પરગણાં તેણે લેવાં. (૪) આદિલશાહે વીસલાખ રૂપિયા આપવા. (૫) ગોવળકોંડાના કુતુબશાહ સાથે આદિલશાહે કોઈ પણ જાતનો ટંટો ઊભો કરવો નહિ, તેની સાથે મોટા ભાઇના નાતાથી વર્તવું. (૬) કોઇ પણ પક્ષે એકબીજાના સરદારોને ઉશ્કેરવા નહિ અને જે સરદારે ટંટોબખેડો કરેલો હોય તેને પોતાની નોકરીમાં રાખવો નહિ. (૭) શાહજી ભોંસલેએ નિજામશાહી વંશનો એક રાજપુત્ર ઊભો કરેલો હતો, પણ તેણે પોતાના તાબાના જુન્નર, ત્ર્યંબક, વગેરે કિલ્લા મોગલોને પાછા આપ્યા નથી માટે આદિલશાહે તેને આશ્રય આપવો નહિ; એટલુંજ નહિ પણ વિજાપુર સરકારના મુલકમાં ક્યાંયે તેને રહેવા દેવો નહિ.

વિજાપુર-સરકાર એ પ્રમાણે સંધિ કરી, આવી પડેલી વિપત્તિમાંથી મુક્ત થઇ; આથી શાહજીરાજા એક મોટો મદદગાર નિરુપયોગી થવાથી એકલા પડયા, તેમ છતાં હજુ પણ તેમણે ધૈર્ય તજ્યું નહિ. શત્રુ સાથે છેવટસુધી યુદ્ધ કરવું, એજ તેમનો નિશ્ચય હતો. વિજાપુર સરકાર સાથે મૈત્રી થયા પછી શાહજહાંનું સર્વ સૈન્ય છૂટું થયું; એટલે તેણે એકલા શાહજીરાજા ઉપર ચઢાઇ કરી. આટલી બધી વિશાળ સેનાએ રાજાની સતત પૂંઠ પકડી. વચમાં થોડો અવકાશ મળતાંજ રાજાએ કોંકણમાં જઇ પોતાના બચેલા કિલ્લાનો સખ્ત બંદોબસ્ત કરવા માંડયો હતો, પણ એટલામાં તો મોગલોનો પ્રચંડ સૈન્ય-સાગર તેમના ઉપર ઊછળી પડયો અને તેમાં વિજાપુરની સરકાર પણ સામેલ થઇ. તેનો સરદાર રણદુલ્લાખાન સૈન્ય લઇને મોગલોની મદદે ગયો. આથી તેમના કિલ્લા શત્રુના હાથમાં જઇ પડયા અને તેઓ પોતે ઘેરાઇ ગયા અને આખરે માહુલીના [૧] કિલ્લામાં જઇને રહ્યા. મોગલોનો સરદાર ખાનજમાન તેમની પૂંઠેજ હતો. તેણે કિલ્લાને ઘેરો ઘાલીને તોપોનો મારો શરૂ કરી દીધો. રાજાએ કેટલાક સમય સુધી કિલ્લાનો બચાવ કર્યો; પણ આખરે તેમને કિલ્લો સ્વાધીન કરવો પડયો. છેવટે શાહજીરાજાએ નિરુપાયે શાહજહાં બાદશાહને નમ્રતાપૂર્વક કહાવ્યું કે, "મારા સર્વ અપરાધ ક્ષમા કરવા અને મને નોકરી આપવી." બાદશાહે રાજાની એ વિનંતિ સ્વીકારી નહિ. તેમણે ઉત્તર વાળ્યો કે, "તમને પ્રથમ મનસબ આપી હતી, તેમ છતાં તમે દિલ્હીની બાદશાહી સાથે વિરોધ કર્યો અને અંતે બળવો કરી અમારૂં પુષ્કળ નુકસાન કર્યું; તેથી તમને અમારી પાસે પુનઃ નોકરી મળશે નહિ. તમને માત્ર વિજાપુર સરકારની નોકરી કરવાની પરવાનગી આપી છે." એવો ઉત્તર મળ્યાથી શાહજીરાજાએ માહુલીમાં નિજામશાહી ગાદી પર બેસાડેલા બાળરાજા બાદશાહને સ્વાધીન કર્યો અને પોતાનાં બચેલાં મનુષ્યોસહિત પોતે વિજાપુર આવ્યા. (ઇ૦ સ૦ ૧૬૩૭) [૨]

શાહજીરાજાની આદિલશાહીમાં નોકરી

શાહજીરાજા વિજાપુર આવ્યા તે સમયે આદિલશાહે તથા રણદુલ્લાખાન અને મુરારપંત વગેરે કારભારીઓએ તેમનો સારો સત્કાર કર્યો તથા તેમને ઘણા સન્માનપૂર્વક પોતાની પાસે રાખ્યા. એવો કર્તવ્યપરાયણ, બળવાન અને શૂર સરદાર પોતાને મળ્યો તેથી તેઓને અતિશય

---

[૧] આ સ્થાન મુંબઇથી ઇશાન ખૂણે લગભગ ૩૨ માઇલને અંતરે આવેલું છે.

[૨] પ્રો. સરકાર તવારીખ-ઇ-શિવાજી નામના ગ્રંથને આધારે ૧૬૩૬ ના અક્ટોબર મહિનામાં રાજા વિજાપુરના સરકારની નોકરીમાં રહ્યા, એવું જણાવે છે.

આનંદ થયો. મોગલો સાથે તેમને હમણાંજ સંધિ થઇ હતી. તેની શરત પ્રમાણે શાહજીરાજાની પ્રથમની સર્વ જાગીર આદિલશાહના તાબામાં આવી હતી. તેમના પુના અને સુપા પરગણાં,[1] રાજાને જાગીર તરીકે આપ્યાં હતાં. રાજાએ એ જાગીરની વ્યવસ્થા કરવાનું કામ, દાદાજી કોંડદેવ[2] નામના એક હોશિયાર અને વિશ્વાસુ બ્રાહ્મણને સોંપ્યું હતું. જાગીરના રક્ષણ માટે તેની પાસે એક હજાર ઘોડેસવારો રાખ્યા હતા. તેમણે એ સવારો ઉપર સીદી હિલાલને પ્રમુખ નીમ્યો હતો.

આદિલશાહને, મોગલો પાસેથી ભીમા અને નીરા નદીઓની વચમાંનો પ્રાંત પ્રાપ્ત થયો હતો. તેની વ્યવસ્થા કરવાનું કામ મુરારપંતને[3] સોંપ્યું હતું. એ કારભારીએ નોકરી પર જતી વખતે શાહજીરાજાને પોતાની સાથે લીધા હતા. શાહજીરાજા એ દેશના પક્કા ભોમિયા હતા તેથી એ કામમાં તેને રાજાની ઉત્કૃષ્ટ સહાયતા મળી. તે જેવા અપ્રતિમ યોદ્ધા હતા, તેવાજ ચતુર અને બુદ્ધિમાન કારભારી હતા. તેમનામાં એવા અલૌકિક ગુણ હોવાથી મુરારપંતના મનમાં તેમના સંબંધી અધિક આદરબુદ્ધિ ઉત્પન્ન થઇ અને તેમના પર સંપૂર્ણ સ્નેહ ઉત્પન્ન થયો. સુલતાને સોંપેલું કાર્ય પૂરું કરી, મુરારપંત દરબારમાં આવ્યો. તે સમયે તેમણે સુલતાન પાસે રાજાનાં અતિશય વખાણ કર્યાં અને એવી ભલામણ કરી કે, એવો શૂર, યુદ્ધકલાનિપુણ અને રાજકાર્ય–ધુરંધર પુરુષ છોડવો નહિ, તેનું બને તેટલું ગૌરવ વધારી આપણી પાસે હમેશાં રાખવા માટે તેને ઉત્તેજન આપવું.

શાહજીરાજાનું ચાતુર્ય જોઇ મુરારપંત આશ્ચર્ય ચકિત થયો હતો.

---

[1] રાયરીની બખરમાં એવો ઉલ્લેખ છે કે, દૌલતાબાદની લડાઇમાંથી પાછા ફરતી વખતે, શાહજીરાજાની હોશિયારી અને યોગ્યતા જોઇ મુરાર જગદેવે તેમને એ પરગણાં બક્ષિસ આપ્યાં હતાં. તવારીખ–ઇ–શિવાજી નામની બખરમાં ચાકણથી તે ઇંદાપુર સુધીનો પ્રાંત અને શિરવળ એટલું રાજાને જાગીરમાં મળેલું હતું, એમ જણાવેલું છે.

[2] દાદાજી, એ પ્રાંત પુના, પરગણા પાટસ, મોજે મલઠણનો પટવારી હતો. રા. રાજવાડેએ અઢાર ઓગણીશ ભાગમાં પ્રસિદ્ધ કરેલા તે વખતના કાગળપત્રોમાં તેના નામની આગળ કોંડાણા કિલ્લાનો સુબેદાર અને જુન્નરનો મજમુદાર એવો ઉલ્લેખ કરેલો છે.

[3] પ્રો. સરકાર જણાવે છે કે, “ બસાતીન–ઇ–સુલાતીન ” ને આધારે મુરારપંત જગદેવનો વધ સને ૧૬૩૬ ના સુમારમાં થયો હતો જો આ હકીકત ખરી હોય તો શાહજીરાજા બીજા કોઇ સરદારની સાથે સવારીમાં ગયેલા હોવા જોઇએ; પરંતુ મરાઠી બખરમાં તો મુરારપંતનુંજ નામ આપવામાં આવેલું છે.

કેટલીક બખરોમાંથી તે સંબંધી એક કથા મળી આવે છે. રાજાએ વિજાપુર સરકારને સલાહ આપી દૌલતાબાદ કિલ્લા પર ચઢાઇ કરવાની મદદ માગી, ત્યારે તેમણે મુરારપંતને ચઢાઇ કરવા મોકલ્યો. લશ્કર ચાલ્યું જતું હતું, ત્યાં માર્ગમાંજ સૂર્યગ્રહણ[1] થયું, તેથી ભીમા ઇંદ્રાયણીના સંગમ પાસેના નાગરગાંવ[2] નામક ગામ આગળ લશ્કરનો પડાવ નાખ્યો. ત્યાં તેમણે પુષ્કળ દાનધર્મ કર્યું. આ સમયે મુરારપંતના મનમાં વિચાર થયો કે, પોતાને સવારી કરવાના હાથીની રૌપ્યતુલા કરવી અને તે રૂપું બ્રાહ્મણોને દાન કરવું; પરંતુ હાથીની તુલા કરવી શી રીતે? એ પ્રશ્ન ઉત્પન્ન થયો. કોઇની બુદ્ધિ ચાલી નહિ, ત્યારે શાહજીરાજાએ સૂચના કરી કે, હાથીને હોડીમાં ચડાવવો, તેના ભારથી હોડી પાણીમાં ડૂબે એટલે ત્યાં આગળ નિશાની કરવી; પછી હાથીને બહાર કાઢી હોડીમાં પથરા ભરવા અને નિશાની સુધી પાણીમાં ડૂબે એટલે તે સર્વ પથ્થરનું વજન કરવું; એટલે હાથીનું વજન થશે. રાજાએ આવી સાદી પણ કોઇને નહિ સૂઝેલી યુક્તિ બતાવી; તેથી મુરારપંતે તેમનાં ઘણાં વખાણ કર્યાં. મુરારપંતે હાથીનું વજન થયું તેટલી કિંમતનાં ગામ બ્રાહ્મણોને ઇનામમાં આપ્યાં.

મુરારપંતની સાથે જઇ સુલતાનનું કામ કર્યા પછી શાહજીરાજા વિજાપુર પાછા આવ્યા; પણ ત્યાં ઘણા દિવસ રહ્યા નહિ. બીજે વર્ષે આદિલશાહના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે, કર્ણાટકના હિંદુ જમીનદારોનો પરાજય કરી ત્યાં આપણી સત્તા વધારવી. તેમણે એ ચઢાઈ માટે રણદુલ્લાખાનની નિમણુંક કરી. તેને "સર લશ્કર"ની પદવી આપી તથા શાહજીરાજાને તેના મદદગાર નીમ્યા. એ ચઢાઇમાં રાજાએ રણદુલ્લાખાનને ઘણા અંતઃકરણપૂર્વક મદદ કરવાથી સુલતાને તેમને તે પ્રાંતમાંની કેટલીક જાગીર આપવાનું વચન આપ્યું. રાજાએ રણદુલ્લાખાનને ઘણા ઉત્સાહપૂર્વક સહાયતા કરી તેથી સુલતાનનો ઉદ્દેશ ઘણે ભાગે સિદ્ધ થયો. તેમણે ત્યાંના જમીનદારો સાથે બેત્રણ વર્ષ પર્યંત યુદ્ધ કર્યાં અને તેમાંના ઘણાને તાબે કર્યા. એમાંના એક યુદ્ધનો ઉલ્લેખ એકએ બખરોમાંથી મળી આવે છે. રાયારાયલ[3] નામક એક હિંદુ રાજા કર્ણાટકમાં પ્રબળ થઇ વિજાપુર રાજ્યના, તે બાજુના

---

[1] ૧. શકે ૧૫૫૫ના શ્રીમુખ નામ સંવત્સરમાં ભાદ્રપદ મહિનાની અમાવાસ્યાને દિવસે એ ગ્રહણ થયું હતું.

[2] ૨. આ ગામ આગળ હાથીની તુલા થવાથી તેનું નામ તુલાપુર પડ્યું હતું. આ ગામને એવું નામ ઔરંગઝેબે આપ્યું, તે હકીકત સાચી નથી.

[3] ૩. વિજયનગરના રાજકુટુંબનો એ હશે, એમ માનવામાં આવે છે. કેટલાક ગ્રંથમાં તેનું નામ શ્રીરંગ રાયલ એવું પણ જણાવેલું છે.

પ્રાંતમાં મોટો ઉપદ્રવ કરતો હતો. શાહજીરાજાએ તેની સાથે બે વખત મોટાં યુદ્ધ કરી તેનો પરાજય કર્યો અને અક્કલકોટ, બાગલકોટ, કોલ્હાર, બેંગરૂળ* વાસકોટ, બાળાપુર અને શિરટા પરગણાં તાબે કર્યાં. શાહજીરાજાએ આવાં પરાક્રમનાં કૃત્યો કર્યાથી રણદુલ્લાખાનને તેમના પર અતિશય પ્રેમ ઉત્પન્ન થયો. વિજાપુર પાછા ફર્યા પછી ખાને સુલતાન પાસે વારંવાર રાજાની સ્તુતિ કરી. સુલતાન રાજા ઉપર ઘણા ખુશ થયા. તેમણે કર્ણાટકમાંનાં જે પરગણાં જીતી લીધાં હતાં, તેજ રાજાને જાગીરમાં પાછાં આપ્યાં. કેટલાક દિવસ પછી આદિલશાહે તે જાગીરમાં રતનપુર, દેવગઢ, કનકગિરિ અને રાજદુર્ગ નામક તેજ દેશનાં પરગણાં જોડી આપ્યાં; તેજ પ્રમાણે રાજાને વિશેષ જાગીર તરીકે મહારાષ્ટ્રમાં ઈંદાપુર, બારામતી અને માવળપ્રાંત મળ્યા તેમજ કરાડ પ્રાંતનાં બાવીસ ગામોની દેશમુખીની સનંદ પણ મળી.

શાહજીરાજાના શૌર્યવીર્યાદિ ગુણનું યોગ્ય દર્શન થવાથી આદિલશાહે તેમની સારી પેઠે કદર કરી. તેઓ ઘણા હોશિયાર અને વિશ્વાસુ નોકર છે, એવી સુલતાનને ખાતરી થઈ. કર્ણાટક અને દ્રવિડ દેશનો જે મુલક આદિલશાહીની સત્તામાં આવ્યો હતો, તેની સુવ્યવસ્થા કરવાનું કામ ઘણું વિકટ હતું. આદિલશાહને ખાતરી થઈ ચૂકી હતી કે, હોશિયાર અને વિશ્વાસુ સરદાર સિવાય તે કામ પરિપૂર્ણ થશે નહિ. સર્વ સરદારોનો પણ એવો અભિપ્રાય થયો કે, એ કાર્ય પર શાહજીરાજાને મોકલવામાં આવશે તો તે ઉત્તમ રીતે પાર પડશે. એ પરથી શાહજીરાજાને તે પ્રાંતની સુબેદારી આપી ત્યાં મોકલવામાં આવ્યા. એ પ્રાંત વિજાપુર-સરકારની સત્તા નીચે નવોજ આવેલો હોવાથી ચારે દિશામાં જે અરાજકતા પ્રસરી રહી હતી, તે બંધ પાડી સરકારની સત્તા વ્યવસ્થિત રીતે સ્થાપવાની હતી. રાજાએ સર્વ પ્રકારની અરાજકતા અને તોફાનો બંધ પાડી દઈ સુવ્યવસ્થિત બંદોબસ્ત કર્યો. એ પ્રાંતમાં જમાબંધીની નવી પદ્ધતિ શરૂ કરી ત્યાંની પ્રજાને સુખી-આબાદ કરી. તેમ થવાથી સરકારી ઉપજ પણ સારી પેઠે વધી. એ સુવ્યવસ્થા કરવા માટે રાજાએ મહારાષ્ટ્રમાંથી પુષ્કળ બ્રાહ્મણ કારકુનોને ત્યાં બોલાવ્યા હતા. હમણાં તે પ્રાંતમાં જણાતા દેશમુખ,

---

* હાલમાં તેનું નામ બેંગલોર છે. મિ. કિંકેડ જણાવે છે કે, કેપગૌડા નામના એક રાજાની રાજધાની એ શહેરમાં હતી. ઈ૦ સ૦ ૧૬૩૭માં શાહજીરાજા અને રણદુલ્લાખાન કર્ણાટક પર સવારી લઈ ગયા ત્યારે આ રાજાને તેમણે લડાઈમાં જીત્યો. બીજે વરસે વિજાપુર-સરકારે રણદુલ્લાખાનને પાછો બોલાવી કર્ણાટકની ચઢાઈની બધી વ્યવસ્થા એકલા શાહજીરાજાને સોંપી; તેમણે કોલ્હાર, બાળાપુર વગેરે પ્રાંતો હસ્તગત કર્યા. આ જીતેલા પ્રાંતો વિજાપુરની સરકારે રાજાને જાગીર તરીકે ભેટ આપ્યા.

દેશપાંડે, કુલકર્ણી, શિરસ્તેદાર વગેરે ઉપનામના લોકોનો મૂળ નિવાસ મહારાષ્ટ્રમાં હતો. તેમને શાહજીરાજા લઇ ગયા હતા. રાજાએ સ્વતઃ મલિકંબરનું શિક્ષણ મેળવેલું હોવાથી સારી વ્યવસ્થા કરવામાં તેમને જરા પણ અઘરૂં લાગ્યું નહિ. સુવ્યવસ્થા કરતાં પ્રજાને વગર કારણે જરા પણ દુભવવામાં આવી નહોતી; એટલુંજ નહિ પણ પોતાના ઉપર ત્યાંની પ્રજાનો સદ્ભાવ ઉત્પન્ન થાય, એવા રીતે વર્તવામાં તેઓ સદા તત્પર રહેતા. વિજાપુર–સરકારને પ્રતિવર્ષે મોકલવામાં આવતી મહેસૂલ નિયમિત મોકલી દેતા; ઉપરાંત પોતાની પાસે પણ કાંઇ અર્થસંચય થાય તે માટે હમેશાં કાળજી રાખતા હતા.

શાહજીરાજા કર્ણાટકમાં ગયા પછી, પ્રથમ બેંગરૂળમાં નિવાસ કરતા હતા; પરંતુ સર્વત્ર શાંતિ પ્રસર્યા પછી તેમણે બાળાપુરમાં નિવાસ કર્યો. એ સમયે તંજાવરમાં વિજયરાઘવ નામક એક બળવાન રાજા રાજ્ય કરતો હતો. તેને ત્રિચિનાપલ્લીના રાજા સાથે શત્રુતા થઇ. બંને વચ્ચે કલહ જાગ્યો, ત્રિચિનાપલ્લીની સરકારે શાહજીરાજા સાથે મૈત્રી કરી અને કહેવરાવ્યું કે, "તમે અને અમે એકત્ર થઇ તંજાવરના રાજાનો પરાજય કરી તેનો દેશ તાબે લઇએ. તમારી ચઢાઇનો ખર્ચ પાંચલાખ રૂપિયા અમે આપીશું, લૂંટ કરતાં જે મળે તે તમારે લેવું. એ પરથી રાજાએ વિજયરાઘવ ઉપર ચઢાઈ કરી યુદ્ધ કર્યું; તેમાં વિજયરાઘવનો પરજય થયો અને તે રણમાં મરણ પામ્યો. તંજાવર શાહજીરાજાના તાબામાં આવ્યું, તેમાં પુષ્કળ દ્રવ્ય મળ્યું. એ પ્રાંત સારો જાણી રાજાએ પોતાના તાબામાં રાખવાનો વિચાર કર્યો અને ત્રિચિનાપલ્લીની સરકારને સમજાવ્યું કે, તંજાવર પ્રાંત અમે અમારા તાબામાં રાખીશું. અમારી ચઢાઇનો ખર્ચ તમે કાંઈ પણ આપશો નહિ;* તે તેને પસંદ નહિ પડવાથી રાજા સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. રાજાએ તેનો પણ પરાજય કર્યો અને તેનો દેશ પોતાને તાબે કર્યો અને જે નવા બે પ્રાંત રાજાએ જીત્યા તે વિજાપુરસરકારે રાજાની સત્તા તળેજ રહેવા દીધા.

આટલે સુધી શાહજીરાજાનું ચરિત્ર જોતાં સહજ રીતેજ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, આવો તેજસ્વી, મહાપરાક્રમી અને ધૈર્યશાળી પુરુષ, વિજાપુર સરકારની તાબેદારી સ્વીકારીનેજ કેમ બેસી રહ્યો-? જેણે મોગલો જેવા પ્રબળ શત્રુ સાથે ટક્કર ઝીલી, તેમના મોટા

---

* સ્કોટ વેરિંગ અને ખુંદેલા લખે છે કે, તંજાવરના રાજાનું નામ પંચીરંગુ હતું. મુદ્દગલના બંડખોર જંજાપ્પા નાઇક સાથે તેને કલહ ઉત્પન્ન થયો. શાહજીરાજાએ જંજાપ્પાને સહાયતા કરી, પંચીરંગુનો પરાજય કર્યો અને એ પ્રાંત પોતાને તાબે કર્યો. જંજાપ્પાને તે પસંદ પડયું નહિ; તેથી રાજા સાથે યુદ્ધ કર્યું, તેમાં તે મરણ પામ્યો. રાજાએ તેનો પ્રાંત પણ પોતાને તાબે કરી લીધો.

મોટા સરદારોને પણ કેટલાક વખત સુધી દાદ આપી નહિ, તે પુરુષસિંહ, આ પ્રમાણે પરવશ થઈ રહ્યો એ શું? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, શાહજીરાજા મોટા ધૂર્ત અને ધૈર્યશીલ હતા. કેવળ આવેશાદિ વૃત્તિઓને વશ થઇ એકાદ અવિચારી કૃત્ય કરી, પોતાનો નાશ કરવો બુદ્ધિમાન પુરુષને માટે ઉચિત નથી. બુદ્ધિમાન પુરુષો તો જેવો પ્રસંગ આવી પડે તેવું વર્તન કરી પોતાનો ઇષ્ટહેતુ સાધ્ય કરવા મથન કરે છે. મોગલોએ નિજામશાહી પાયમાલ કરી હતી; છતાં શાહજીરાજાએ વિજાપુરસરકારની સહાયતા વડે તેની પુનઃ સ્થાપના કરી, પરંતુ મોગલ બાદશાહે વિજાપુરસરકારને મોટી લાલચ બતાવી તેમના પક્ષમાં ફાટફૂટ પડાવી અને સઘળો નિજામશાહી પ્રદેશ તાબે કરી બંને બાદશાહોએ વહેંચી લીધો. તેમ થવાથી શાહજીરાજા નિરુપાય થયા. તેમને હવે કોઈનો પણ આધાર રહ્યો નહોતો. પોતાની સત્તામાંથી ગુમાવેલો પ્રદેશ પુનઃ મેળવવા ખટપટ કરવા જતાં એ પ્રબળ બાદશાહો સાથે ભયંકર બાથ ભીડવી પડશે અને તેમાં પોતાનીજ પાયમાલી થશે, એમ તેઓ જાણી ગયા હતા. માત્ર થોડું તોફાન અને ધામધૂમ કરી પોતાનો સંપૂર્ણ નાશ કરવો, તેના કરતાં કોઈ પણ સ્થળે હમેશની જાગીર મેળવી ભવિષ્યમાં શું બને છે તે જોવું; એવો વિચાર કરીનેજ તેમણે તે સમયે વિજાપુરસરકારની નોકરી સ્વીકારી હતી.

કર્ણાટકની સુબેદારી મેળવ્યા પછી અને આદિલશાહની સંપૂર્ણ કૃપા અને વિશ્વાસ સંપાદન કર્યા પછી શાહજીરાજાએ ધીમે ધીમે પોતાનું પૂર્વસ્વરૂપ પ્રકટ કરવાનો આરંભ કર્યો. કેટલાક ઇતિહાસકારો કહે છે કે, શાહજીરાજાની ઇચ્છા કર્ણાટક પ્રાંતમાં બની શકે તો સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની હતી. × ત્યાંની પ્રજાની પ્રીતિ સંપાદન કરવામાં અને દ્રવ્યસંગ્રહ કરવામાં તેમનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે, “સ્વતંત્ર થવાનો યોગ આવે તો તેજ પ્રજાની સહાયતા મળે અને વડી સરકાર સાથે યુદ્ધ કરવાનું પોતાનામાં સામર્થ્ય આવે.” તેમનો એજ ઉદ્દેશ હતો, તેનો બીજો પુરાવો એ છે કે, તેમના હાથની કેટલીક સનંદો અને દસ્તાવેજો કર્ણાટકની પ્રજા પાસેથી મળી આવે છે. તેમાં હમેશની પદ્ધતિ અનુસાર “વડી સરકારની વતી” વગેરે આશયનો સ્પષ્ટ અર્થ હોવો જોઇએ તે જણાતો નથી, પણ “શાહજીરાજા ભોંસલેના દરબારમાંથી” એવો ઉલ્લેખ જણાય છે. બીજો પુરાવો એ છે કે, શિવાજી મહારાજે જે સમયે વિજાપુર સરકારના પ્રાંતમાં ધામધૂમ શરૂ કરી, તે સમયે દરબારના કેટલાક સરદારો પ્રકટ રીતે કહેવા લાગ્યા કે, “શાહજીરાજા પોતાના પુત્ર

× વિલ્કિઝકૃત મૈસુરનો ઇતિહાસ જુઓ.

સાથે ગુપ્ત રીતે સલાહ રાખી આવી ધામધૂમ કરવાનું તેને ઉત્તેજન આપે છે.” તે પરથી આદિલશાહે રાજાને આજ્ઞા કરી કે, તમે તમારા પુત્રના ગેરકાયદેસર વર્તનનો અટકાવ કરી યોગ્ય બંદોબસ્ત કરો.” રાજાએ દરબારને સમજાવ્યું કે, “મેં મારી પ્રથમની પત્નીનો અને તેના પુત્રનો ત્યાગ કરી દ્વિતીય લગ્ન પણ કર્યું છે. ઘણા દિવસ થયાં તેનો અને મારો કોઇ પણ પ્રકારનો સંબંધ નથી. સરકારની ઇચ્છા પ્રમાણે તેનો બંદોબસ્ત કરવો.” એવું જણાય છે કે, રાજાના એવા પ્રત્યુત્તરથી તે સમયે આદિલશાહના મનનું સમાધાન થયેલું હોવું જોઈએ; કારણકે તેમણે તે સમયે રાજાને કાંઈ પણ શિક્ષા કરી નહોતી. એવા ઉડાઉ જવાબમાં ખરો ઇસારો શું હતો તે કોઈને કહેવાની અગત્ય રહેતી નથી. રાજાને જણાયું હોત કે પોતાનો પુત્ર ઉદ્ધત વર્તન ચલાવે છે તે નિષિદ્ધ છે, તો તેનું ઉચ્છૃંખલ વર્તન અટકાવી તરતજ જોઇએ તેવો બંદોબસ્ત કરી શકત, પરંતુ પોતાનો પુત્ર જે કાર્ય કરે છે, તે પોતાના ઇષ્ટ ઉદ્દેશની વૃદ્ધિકર્તા છે, એવું જણાયાથી શાહજીરાજા ઉપર પ્રમાણે ઉત્તર આપી કોઇ પણ રીતે પોતાના ઉપરનો વહેમ ઉડાવી દઇ વેગળા રહ્યા.

આગળ ચાલતાં શિવાજી મહારાજનું તોફાન ઘણુંજ વધી પડ્યું. એ તોફાન વિજાપુર સરકારને અસહ્ય થઇ પડવાથી તેમણે શાહજીરાજાને સખ્ત શિક્ષા કરવાનો વિચાર કર્યો. રાજાએ પોતાના પુત્ર સાથે કાંઇ પણ સંબંધ નથી, એવું સ્પષ્ટ કહેવા છતાં પુનઃ તેજ સંશય ઉત્પન્ન થવાથી વિજાપુરસરકારે તેમને શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો. તેમાં મુખ્ય કારણ એવું ઉત્પન્ન થયું કે, શાહજીરાજાનો પ્રતાપ કર્ણાટકમાં અતિશય વધી જઇ તેઓ સ્વતંત્ર થવાનો વિચાર કરે છે અને તે કાર્યમાં સિદ્ધિ મેળવવા માટે જોઇતાં સાધન–સામગ્રી એકઠાં કરે છે; એવી દરબારને પૂરી ખાતરી થઈ ચૂકી હતી. શાહજીરાજાપર વહેમ આવવાનાં સબળ કારણો સરકારને જણાયાં હશે, એમાં કાંઈ સંદેહ નથી. વિજાપુર સરકારે શાહજીરાજાને શિક્ષા કરવાનો નિશ્ચય કરી તેમને પકડી લાવવાનું કામ મુસ્તફાખાન નામના એક સરદારને સોંપ્યું. આ સરદાર તે વખતે કર્ણાટકની સવારીમાં હતો અને શાહજીરાજા તેની મદદમાં હતા. તેમણે તે વખતે જીંજીસને ઘેરો ઘાલેલો હતો. મુસ્તફાખાને શાહજીરાજાને પકડવાનું કાર્ય બાજી ઘોરપડે મુધોલકરને સોંપ્યું. રાજા સાથે સમરાંગણમાં પ્રકટ રીતે યુદ્ધ કરી તેને પરાજય પમાડી કેદ પકડી લાવવાનું કામ બહુ વિકટ હતું. આથી ઘોરપડેએ રાજાને મિજબાનીનું આમંત્રણ કહાવી પોતાની પાસે બોલાવ્યા. આમંત્રણનો સ્વીકાર કરીને રાજા તેને ઘેર ગયા. તે વખતે ઘોરપડેએ ઘર બતાવવાનું બહાનું કાઢીને તેમને અંદર લીધા અને તેઓ એક ઓરડામાં હતા, તે વખતે બારણાં બંધ કરી તેમણે

તેમને કેદ કરી વિજાપુર મોકલી દીધા. × ઘોરપડેએ રાજા સાથે જે સમયે એવો વિશ્વાસઘાત કર્યો તે સમયે રાજા ચંદાવરા પાસે જીરાવાડીમાં થોડાં મનુષ્યો સાથે પડાવ નાખી રહ્યા હતા. શિવાજી મહારાજે રાજાના કહેવાથી ઘોરપડેના એ વિશ્વાસઘાતનું વૈર કયા પ્રકારે લીધું, તે તેમના ચરિત્રમાં યોગ્ય સ્થળે પ્રકટ કર્યું છે.

શાહજીરાજાને પકડી વિજાપુર લાવ્યા તે વખતે દરબારમાં તેમને દેહાંતની શિક્ષા આપવાનો વિચાર થયો. એ સંબંધી વાદવિવાદ ચાલતાં અંતે નક્કી થયું કે, તેમને ભીંતમાં ચણી લઈ મારી નાખવાની બીક બતાવવી. તેમ કરવાથી રાજા પોતાના પુત્રનો બંદોબસ્ત કરી તેને યોગ્ય શિક્ષા કરશે. એ સંબંધી સંપૂર્ણ હકીકત આગળ યોગ્ય સ્થળે પ્રકટ થશે.+ આ સ્થળે એ સંબંધી એટલુંજ લખવું ઉચિત છે કે, આદિલશાહે શાહજીરાજા જેવા પરાક્રમી સરદારને દેહાંતશિક્ષા દેવાનો વિચાર કર્યો, તે તેમના વર્તન સંબંધી સંપૂર્ણ વહેમ આવવાને લીધેજ હતો, તેમાં કાંઈ પણ સંદેહ નથી; પણ શિવાજી મહારાજે મોગલ બાદશાહ સાથે સુલેહ કરી પોતાના પિતાને અઘોર મૃત્યુમાંથી છોડાવ્યા.*

× મોડક જણાવે છે કે, મુસ્તફાખાનની આજ્ઞાથી ઘોરપડે અને આસદખાને એક દિવસ પ્રાતઃકાળમાં શાહજીરાજાની છાવણીપર હલ્લો કર્યો. રાજા રાત્રે આનંદપૂર્વક સ્વસ્થ-નિદ્રાવશ થયા હતા. શત્રુ પોતાને પકડવાને આવે છે, એવા સમાચાર મળતાંજ તે ગભરાઇને ઊઠયા અને ઘોડા પર સવાર થઇને ગમે ત્યાં નાસી જવાના ઇરાદાથી એકલાજ ઘોડાને મારી મૂકયો, પણ ઘોરપડેએ તેમની પૂંઠ પકડી કેદ કરીને ખાનની પાસે આણ્યા. તેણે તેમને કેદમાં રાખી તેમના ત્રણ હજાર ઘોડેસવારોને નસાડી મૂકીને છાવણીમાંની દરેક વસ્તુ લૂંટી લીધી. આદિલશાહને આની ખબર પડતાંજ શાહજીરાજાને વિજાપુર બોલાવી મંગાવ્યા અને અફઝલખાનને મોકલીને કર્ણાટકમાંની તેમની પૂર્વમિલકત જપ્ત કરી.

+ આઠમું પ્રકરણ જુઓ.

* કેટલીક બખરોમાં લખ્યું છે કે, રણદુલ્લાખાન એ શાહજીરાજાનો જીવજાન મિત્ર હતો. તેણે બાદશાહ પાસે હુકમ રદ કરાવી રાજાને છોડાવ્યો. રાયલીની બખરમાં એ હુકમ રદ કરાવવા સંબંધી લખ્યું છે કે, શાહજીરાજાને ઘોરપડેએ પકડ્યા. પછી શાહે એવી આજ્ઞા કરી કે, શાહજીરાજાને વિજાપુર ન લાવતાં ત્યાંજ તેમને ઠેર મારવા. એ સાંભળતાંજ રણદુલ્લાખાને સંસાર ત્યાગ કરવાનો ઢોંગ કરી ફકીરી વેષ ધારણ કર્યો અને બાદશાહ પાસે જઇ તેણે મક્કે જવાની પરવાનગી માગી. બાદશાહને જણાયું કે, એવો બળવાન સરદાર ચાલ્યો જવાથી આપણા રાજ્યને મોટું નુકસાન થશે; તેથી બાદશાહે તેનો હાથ પકડી નીચે બેસાડયો અને તેના વિચાર ફેરવવા માટે અનેક

દિલ્હીના રાજા મધ્યસ્થ હોવાથી રાજાને મારી નખાય તેમ નહોતું; તેથી આદિલશાહે એવો નિશ્ચય કર્યો કે, રાજાને પુનઃ કર્ણાટક જવા દેવા નહિ; પણ તેમને વિજાપુરમાંજ નજરકેદ રાખવા. શાહજીરાજા લગભગ ચાર વર્ષપર્યંત વિજાપુરમાંજ અટકી પડ્યા હતા. એટલા સમયમાં શિવાજી મહારાજે વિજાપુરસરકારના પ્રદેશમાં કાંઇ પણ તોફાન કર્યું નહિ. શાહજીરાજાએ અનેક ઉપાયો યોજીને દરબારના કારભારીઓનાં મન મેળવી લઇ પોતાના ઉપરનો વહેમ દૂર કરાવ્યો અને પોતાના ઉપર દરબારનો પૂર્વવત્ પુનઃ વિશ્વાસ બેસાડી કર્ણાટકની સુબેદારી પાછી મેળવી ત્યાં ચાલ્યા ગયા. શાહજીરાજાએ જીવ ઉપર આવેલું સંકટ વેગળું કર્યા પછી વિજાપુરસરકાર સાથે પ્રકટ રીતે કંઇ પણ વિરોધ કર્યો નહોતો; પરંતુ બની શકે તેટલી સ્વસત્તા વધારી કોઇ પણ વખતે સ્વતંત્ર થવાનો તેમનો વિચાર અંત સુધી કાયમજ હતો. એ પછી શાહજીરાજાએ કર્ણાટકમાં ક્યાં ક્યાં યુદ્ધ કર્યાં; તે સંબંધી ઇતિહાસ મળતો નથી; તેથી એ મહાપરાક્રમી પુરુષનું છેવટ સુધીનું જીવનવૃત્તાંત અત્રે લખી શકાતું નથી. વિજાપુરસરકારની કર્ણાટક પર જે જે ચડાઇઓ થઈ તેનું સંક્ષિપ્ત વર્ણન મુસલમાન ઇતિહાસકારોએ લખ્યું છે, તેમાં કોઇક કોઇક સ્થળે શાહજીરાજા સંબંધી લખ્યું છે. તેમાં વિજાપુરસરકાર તરફથી શાહજીરાજાએ ઘણા શૌર્યપૂર્વક યુદ્ધ કર્યું હતું, એમ પણ લખ્યું છે. વિજાપુરસરકારે તેમને કર્ણાટકમાં જે જાગીર આપી તે તેમની પાસે કાયમ હતી અને ઊલટો તેમાં વધારો કર્યો હતો. તંજાવર અને ત્રિચિનાપલ્લી એ બે પ્રાંત તેમને કેવી રીતે મળ્યા તે પૂર્વે લખવામાં આવ્યું છે. એ સિવાય આર્નીનો કિલ્લો, પોર્ટોનોવો વગેરે સ્થાનો પર તેમની સત્તા હતી.

શિવાજી મહારાજે સ્વરાજ્ય સ્થાપવાનો ઉદ્યોગ ચલાવ્યો, તે સમાચાર રાજાના કાન ઉપર વારંવાર જતા હોવાથી તેમને ઘણો

પ્રકારે સમજાવ્યો, તેમણે છેવટે કહ્યું કે, “તમારી જે ઇચ્છા હોય તે કહો; હું તુરતજ પૂર્ણ કરીશ.” એ સાંભળી રણદુલ્લાખાને કહ્યું કે, “ આપણા રાજ્યને કંઇ પણ નુકસાન થયું હોય તો તે શિવાજીએ કર્યું છે. શાહજીરાજા આપણા રાજ્ય સાથે ગેરવર્તણુંક વર્ત્યા નથી. કુરાનમાં લખ્યું છે કે, ‘સારા મનુષ્યને ઇનામ આપવું અને નઠારા મનુષ્યને શિક્ષા કરવી.’ એ ધર્માજ્ઞા પ્રમાણે જોતાં શાહજીરાજાને કરેલી શિક્ષા અન્યાયી છે. રણદુલ્લાખાનનું કહેવું બાદશાહે માન્ય કરીને શાહજીરાજાની શિક્ષા રદ કરી.’ ભવિષ્યમાં સારી વર્તણુંક રાખવા સંબંધી ખાનને જામીન લઈ રાજાને દરબારમાં બોલાવ્યા. ત્યાં તેમને ઘણું સન્માન આપ્યું અને પુનઃ મોટા દમામ સાથે કર્ણાટક મોકલ્યા.

સંતોષ થતો હતો. એવા પરાક્રમી પુત્રની મુલાકાત કરવા માટે તેમને ઘણીજ ઉત્કંઠા થઇ હતી; પરંતુ મહારાજનું સઘળું તોફાન વિજાપુર સરકારના રાજ્યમાં થતું હોવાથી, તેમને પુષ્કળ દિવસ સુધી પોતાની ઉત્કટ ઇચ્છા તૃપ્ત કરવાનો સુયોગ પ્રાપ્ત થયો નહિ. શિવાજી મહારાજ અને વિજાપુર-સરકાર વચ્ચે જ્યારે થોડો વખત સંધિ રહી અને વૈરભાવ લુપ્ત થયો ત્યારે તરતજ રાજાએ વિજાપુર સરકાર પાસે સ્વદેશ જવાની માગણી કરી અને પોતાના મહાપ્રતાપી પુત્રની મુલાકાત લીધી.[*] સ્વપુત્રના આગ્રહને લીધે શાહજીરાજા એ સમયે મહારાષ્ટ્રમાંજ રહ્યા હોત; પરંતુ ત્યાં જવાની પરવાનગી આપતી વખતે વિજાપુરસરકારે એવી શરત કરી હતી કે, કાર્ય પૂરૂં થતાંજ રાજાએ કર્ણાટક પાછા જવું. રાજાએ એ શરતનો ભંગ કર્યો હોત, તો આદિલશાહ તેમની કર્ણાટકમાંની તમામ ધન-સંપત્તિ જપ્ત કરી લેત. આટલો બધો શ્રમ વેઠી મેળવેલી સંપત્તિ નહિ ગુમાવવા માટેજ રાજા કર્ણાટક પાછા ચાલ્યા ગયા હતા.

પુત્રની મુલાકાત લઈ આવ્યા પછી શાહજીરાજા ઘણા દિવસ જીવ્યા નહિ. બે વર્ષ પછી તેમનું દેહાવસાન થયું. તેમના મૃત્યુનું વર્ણન એવું છે કે, બેદનૂરના બંડખોર ભદ્રાપ્પા નાઇક અને શિવાપ્પા નાઇકે વિદ્રોહી થઇ વિજાપુરસરકારના તાબાના દેશોમાં તોફાન મચાવ્યું. તેમનો પરાજય કરવાનું કામ આદિલશાહે શાહજીરાજાને અને સર્જાખાનને સોંપ્યું. શાહજીરાજાએ ભદ્રાપ્પાનો પરાજય કરી તેને તાબે કર્યો. વિજાપુર-સરકારના જે પ્રાંત તેણે કબજે લીધા હતા, તે રાજાને પાછા સોંપી દીધા એટલે તેને થોડીક જાગીર આપી વિજાપુર-સરકારનો ખંડિયો જાગીરદાર બનાવ્યો. શાહજીરાજાની એ કાર્યકુશળતા સાંભળી ત્યારે આદિલશાહ ઘણાજ ખુશી થયા અને વિશેષ ગૌરવ સહિત એક પત્ર લખ્યો તથા તેમને વસ્ત્રો, અલંકાર, હાથી, ઘોડા વગેરે નજરાણું ભેટ મોકલ્યું. દરબારના સર્વ કારભારીઓએ જુદા જુદા પત્રો લખી રાજાની ઘણીજ પ્રશંસા કરી; શાહજીરાજા ચઢાઈના કાર્યમાં ગુંથાયા હતા, ત્યાંથી એક દિવસ બંદેકીર [×] નામક ગામ તરફ શિકારે ગયા. શાહજીરાજાએ શિકારને માટે સસલાની પાછળ પોતાનો ઘોડો દોડાવ્યો. દોડતાં દોડતાં એક ખાડામાં ઘોડાનો પગ પડ્યો. તેજ સમયે ઘોડો રાજા સહિત પૃથ્વી ઉપર પટકાઇ પડ્યો. રાજાની છાતી ઉપર ઘોડાનો પગ પડવાથી તરતજ તેમનો જીવ નીકળી ગયો. રાજાની સાથેનાં મનુષ્યો તેમની શોધ કરતાં કરતાં ત્યાં આવી પહોંચ્યાં. તેમણે

---

[*] એ મુલાકાતનું વર્ણન ચૌદમા પ્રકરણમાં પ્રકટ થયું છે.

[×] એ ગામ તુંગભદ્રા નદીને કિનારે છે. તેનાં વસવપાટણ અને વાસવપટ્ટણુ એવાં નામો બીજે સ્થળે લખવામાં આવ્યાં છે.

રાજાની એવી સ્થિતિ જોઇ કે તરતજ વ્યંકોજી રાજાને બોલાવ્યા. તેમણે રાજાની યથાવિધિ ઉત્તરક્રિયા કરી. મરણ સમયે રાજાનું વય સિત્તેર વર્ષનું હતું. ઈ. સ. ૧૬૬૪ ના જાનેવારી મહિનામાં એ શોકજનક બનાવ બન્યો. આદિલશાહે વ્યંકોજી રાજાને દિલાસાપત્ર મોકલ્યો અને મનસબદારીનો પોષાક તેમના નામ ઉપર ચડાવી આપ્યો. શાહજીરાજાનું જે સ્થળે મરણ થયું, તે સ્થળે તેમના સ્મરણચિહ્ન તરીકે છત્રી બાંધી અને વિજાપુરસરકાર પાસેથી સનંદ મેળવી તે ગામની ઉપજ તે છત્રીના ખર્ચ માટે વાપરવાની ગોઠવણ કરી.

શાહજીરાજાને ત્રણ ઔરસપુત્ર હતા. ઈ. સ. ૧૬૨૩માં દૌલાતાબાદમાં જીજાબાઇને પેટે વડીલ પુત્ર શંભાજીનો જન્મ થયો હતો. તેના ઉપર રાજાને ઘણોજ પ્રેમ હતો. તેઓ હમેશાં રાજાની સાથેજ રહેતા હતા. ઇ. સ. ૧૬૫૩માં કનકગિરિના યુદ્ધમાં તોપનો ગોળો વાગવાથી તેમનું મૃત્યુ થયું. એ યુદ્ધની હકીકત એવી છે કે, શાહજીરાજાના તાબાના બાળાપુર નામક તાલુકામાં કનકગિરિના સંસ્થાનિકોએ તોફાન મચાવ્યાના સમાચાર મળતાંજ, રાજાએ શંભાજીને લશ્કર આપી તેમને શિક્ષા કરવા મોકલ્યા. તેમણે કનકગિરિની આસપાસ ઘેરો ઘાલી કિલ્લાપર તોપોનો મારો ચલાવ્યો. તેમાં ગોળો વાગતાં સમરાંગણમાં શંભાજી મરણ પામ્યા.* એ શોકજનક

---

* એક સ્થળે લખવામાં આવ્યું છે કે, શંભાજીને વિજાપુરસરકાર પાસેથી સ્વતંત્ર રીતે દ્રવ્ય મળ્યું હતું. તેમને મહમદ આદિલશાહની સ્ત્રી બડી બહેને વિશ્વાસઘાત કરી વિષની ગોળી ખવડાવી હતી, તેથી તે મરણ પામ્યા. શિવદિગ્વિજયમાં કનકગિરિના યુદ્ધનું કારણ એવું લખવામાં આવ્યું છે કે, કનકગિરિ શાહજીરાજાને જાગીર દાખલ મળેલો હોવાથી ત્યાંનો સરદાર આપ્પાખાન એ કિલ્લો સીધી રીતે આપતો નહોતો, તેથી તેની સાથે યુદ્ધ કરવું પડ્યું હતું. પ્રો. સરકાર જણાવે છે કે, શાહજીરાજા કેદમાંથી મુક્ત થયા પછી પોતાની જાગીરમાં કેટલાક સરદારોએ બળવો કર્યો હતો, તે સમાવવાને માટે તેમની સાથે તેમને લડાઇ કરવી પડી હતી. એવી એક લડાઇમાં શંભાજી મરાયો. મિ. કિંકેડ જણાવે છે કે, શાહજીરાજા કેદમાં પડેલા હતા તે વખતે કેટલાક સરદારોએ બંડ મચાવ્યું. હતું. આ વખતે મુસ્તફાખાન નામના એક સરદારે રાજાની માલિકીનો કનકદુર્ગ નામનો કિલ્લો પોતાને હાથ કર્યો. શંભાજી સૈન્ય લઇને કિલ્લા પાસે આવ્યો અને સરદારને કહાવ્યું કે, આપણો ન્યાય બાદશાહ પાસે કરાવીએ. આ વાટાઘાટ ચાલતી હતી તે વખતે મુસ્તફાખાને પોતાના તોપખાનાનાં માણસોને આજ્ઞા કરી કે, નીચે તળેટીમાં શંભાજી અને તેના કામદારો છે, તેમને તોપો ચલાવી ઠાર કરો. તે લોકોએ તોપો ચલાવી; તેમાં શંભાજી મરાયો. મુસ્તફાખાને અફઝુલ-

સમાચાર સાંભળતાંજ શાહજીરાજાને ઘણું દુઃખ થયું, સાંસ્થાનિકોપર તેમને અતિશય ક્રોધ ચડવાથી જાતે ચઢાઇ કરી, તેમનો પરાજય કરી કનકગિરિ હસ્તગત કર્યો એ કલહમાં સાંસ્થાનિકોને અફઝુલખાન તરફથી ગુપ્ત રીતે સહાયતા મળી હતી, તેથી રાજાએ વિચાર્યું કે, તેને પણ શિક્ષા કરવી; પરંતુ તેની સાથે પ્રકટ રીતે વૈર કરી યુદ્ધમાં પ્રવૃત થવાથી આદિલશાહને ક્રોધ ઉત્પન્ન થશે, તેમજ તે આપણા ઉપર ચઢાઇ કરશે, એવી બીક લાગવાથી રાજાએ તેને છંછેડયો નહિ. થોડાજ વખતમાં શંભાજીનો નાનો ભાઇ તેનું વૈર વાળશે, તેવું શાહજીરાજા સ્વપ્ને પણ જાણતા નહોતા.

લુકજી જાધવરાવે પૂંઠ પકડી તે વખતે રાજાએ પોતાની પત્ની જીજાબાઈને શિવનેરીના કિલ્લામાં મૂકી હતી. તે પાછળ લખવામાં આવ્યું છે. ત્યાં ઈ૦ સ૦ ૧૬૨૭ માં આપણા ચરિત્રનાયકનો જન્મ થયો. જીજાબાઇને પેટે એ દ્વિતીય પુત્ર જન્મ્યા હતા. ઈ. સ. ૧૬૩૦ માં રાજાએ મોહિતેની કન્યા તુકાબાઇ સાથે લગ્ન કર્યું. તેને પેટે ઇ. સ. ૧૬૩૧ માં એક પુત્રનો જન્મ થયો. તેનું નામ વ્યંકોજી હતું. શાહજીરાજાએ ચંદાવર પ્રાંત તાબે કર્યા પછી તુકાબાઈ અને વ્યંકોજી રાજાને ત્યાંજ રાખ્યાં હતાં, શાહજીરાજા પછી વ્યંકોજી રાજાએ કર્ણાટકની સઘળી જાગીર તાબે કરી. એ માલમિલકતમાંથી ભાગ લેવા શિવાજી મહારાજે કર્ણાટક પર સવારી કરી હતી, તેનું વર્ણન યોગ્ય સ્થળે લખવામાં આવશે. શાહજીરાજાએ મહારાષ્ટ્રમાં પુત્રને મળી તેનો વૈભવ જોઇ, કર્ણાટક પાછા આવ્યા પછી વ્યંકોજીને પોતાની પાસે બોલાવીને એવો બોધ કર્યો કે, “તારા જ્યેષ્ઠ બંધુ શિવાજી રાજાએ પોતાની બહાદુરી વડે નવું રાજ્ય સંપાદન કર્યું છે. મારી આ સ્થળની સંપત્તિનો તું માલિક છે. મારા કાકા વિઠોજી રાજા અને મારા બંધુ શરીફ રાજાના કુટુંબનું તું પાલનપોષણ કરજે. ન્યાયપૂર્વક પ્રજાપાલન કરી રાજ્ય ચલાવજે. તારા જ્યેષ્ઠ બંધુ શિવાજી રાજાએ સર્વ પૃથ્વી પર ચડાઇ કરવાનો પ્રચંડ ઉદ્યોગ આરંભ્યો છે. ઇશ્વરકૃપાએ તેનો મનોરથ પરિપૂર્ણ થશે, તો તે સર્વનું પરિપાલન કરશે; પરંતુ તેના ઉપર ક્વચિત્ આપત્તિ આવી પડે તો મેં અત્રેની સંપત્તિનો બાદશાહ પાસેથી સ્વતંત્ર હક મેળવી લીધો છે. એ સંપત્તિ તમારી બંનેની છે; પરંતુ એ સંપત્તિનું રક્ષણ હમણાં તારે બુદ્ધિપૂર્વક કરવું. તું મારો લાડકો પુત્ર અને શિવાજી રાજાનો બંધુ છે, એ લક્ષમાં રાખજે. આપણી પાસે ચાર વિશ્વાસુ મનુષ્યો છે, તેમની સલાહ પ્રમાણે વર્તવાથી તારૂં કલ્યાણ થશે.”

ખાનને ચડાવીને તેની પાસે આ કામ કરાવ્યું હતું, એમ કહેવાય છે. બીજે વરસે છૂટીને શાહજીરાજાએ એ કિલ્લો પાછો જીતી લીધો.

प्रकरण ३ जुं—शिवाजी महाराजनी बाल्यावस्था

શાહજીરાજાએ નિજામશાહીનો ત્યાગ કર્યો અને લુકજી જાધવરાવ, મોગલ સૈન્ય સહિત તેમની પાછળ પકડવા ગયા, તે સમયે જીજાબાઇને સાતઆઠ માસનો ગર્ભ હોવાથી, તેને શિવનેરીના કિલ્લામાં મૂકી રાજા આગળ ચાલ્યા ગયા હતા, એ પાછલા પ્રકરણમાં લખ્યું છે. જીજાબાઇના રક્ષણ માટે જે મનુષ્યો રાખ્યાં હતાં, તેમાં બાળકૃષ્ણ હનુમંતે,[1] શામરાવ નીલકંઠ[2] અને રઘુનાથ બલ્લાળ કોરડે નામક ત્રણ[3] વિશ્વાસુ કારકુનો હતા. જાધવરાવે પણ જીજાબાઇના રક્ષણ માટે પોતાના કેટલાક ઘોડેસવાર આપ્યા હતા. તે ઉપરાંત જીજાબાઇને જુન્નરના શ્રીનિવાસરાવનો આશ્રય હતો એમ જણાય છે. જીજાબાઇ કેટલીક રીતે સુરક્ષિત સ્થળમાં હતાં એ ખરૂં; પરંતુ પોતાના પ્રિય પતિ પર ભયંકર સંકટ આવી પડ્યું છે, તેમજ એ તોફાનમાં પોતાનો ત્રણચાર વર્ષનો પુત્ર તેમની સાથે છે, તે બંનેનું શું થશે? એજ ચિંતા તેમને સતત થયા કરતી હતી. એજ ચિંતામાં તેમને ચિંતાજ્વર લાગુ પડવાથી તે દિવસે દિવસે કૃશ થતાં ગયાં. ચિંતાજ્વર લાગુ પડ્યો તે સમયે જીજાબાઇએ કિલ્લામાંની શિવાઇદેવીની બાધા માની કે, આવી પડેલી વિપત્તિમાંથી રાજા મુક્ત થશે અને મારે પેટે પુત્રનો જન્મ થશે, તો બાળકનું નામ તમારા જેવુંજ પાડીશ. ત્યાર પછી પૂરા દિવસ થતાંજ શાકે ૧૫૪૯ પ્રભવ નામ સંવત્સર, વૈશાખ શુક્લ પંચમી સોમવાર, તા. ૧૦મી એપ્રિલ, ઈ૦ સ૦ ૧૬૨૭ને દિવસે

---

[1] મલ્હાર રામરાવકૃત બખરમાં કૃષ્ણાજીપંતે હનુમંતે નામ લખ્યું છે. નારો ત્ર્યંબક હણમંતે એવું પણ તેનું નામ એકબે ઠેકાણે મળી આવે છે.

[2] કેટલેક સ્થળે શંકરાજી નીલકંઠ નામ છે.

[3] મલ્હાર રામરાવ, સોનોપંત ડબીર નામનો એક બીજો કારકુન હતો એમ લખે છે. એ કારકુનને રાજાએ બેંગરૂળથી જીજાબાઇ સાથે મોકલ્યો હતો. ગોમાજી નાઈક પાણસંબળ નામના એક માણસને જીજાબાઇનાં લગ્ન થયાં ત્યારથી જાધવરાવે તેની તહેનાતમાં આપેલો હતો; તે માણસ પણ સાથેજ હતો એવું કહેવામાં આવે છે.

જીજાબાઈ પ્રસૂતા થઇ.[૧] આ પ્રચંડ ક્રાંતિને સમયે પૂનાથી આશરે પચાસ માઈલ ઉપર શિવનેરીના[૨] કિલ્લામાં મરાઠી રાજ્યના સંસ્થાપક શિવાજી મહારાજનો જન્મ થયો. જીજાબાઇને પુત્રરત્ન પ્રાપ્ત થવાથી સર્વ આશ્રિતજનોને પરમ આનંદ થયો. સર્વેએ તે સ્થળે સ્થિતિને અનુકૂળ થાય તેવો ઉત્સવ કર્યો. આસપાસનાં ગામોમાંથી જેટલા હેલકરીઓ (મજૂરો) હેલ લઇને આવ્યા તેટલાં સ્ત્રીપુરુષોને બારતેર દિવસ સુધી ભોજન જમાડી, લૂગડાં અને ચોળીના ખંડ વગેરે બક્ષિસ આપ્યાં. તે સમયે શાહજીરાજા વિજાપુર હતા. તેમને હજૂરિયા અને કારકુનો મોકલી પુત્રપ્રાપ્તિના સમાચાર કહાવ્યા. રાજાને જેઓએ શુભ-સમાચાર કહ્યા તેઓને સોનાનાં કડાં અને વસ્ત્રોનાં ઇનામ આપ્યાં અને બીજું પુષ્કળ દાનધર્મ કર્યું. શિવાઇદેવીના કૃપા–પ્રસાદ વડે એ પુત્રરત્ન પ્રાપ્ત થયું હતું, તેથી માતાની બાધા પ્રમાણે બાળકનું નામ શિવાજી પાડવામાં આવ્યું.

એ કિલ્લામાં જીજાબાઈ પોતાના પુત્ર સહિત ત્રણ વર્ષ પર્યંત

---

[૧] મલ્હાર રામરાવકૃત બખરમાં અને શિવદિગ્વિજયમાં શિવાજી મહારાજનો જન્મસમય, વૈશાખ શુક્લ–દ્વિતીયા, ગુરુવાર લખ્યો છે; પરંતુ એ તિથિને દિવસે ગુરુવાર આવતો નથી. રાયરીની બખરમાં શાકે ૧૫૪૮, ક્ષય નામ સંવત્સર, વૈશાખ શુક્લ પંચમી અને સોમવાર લખ્યો છે; પરંતુ એ તિથિએ સોમવાર આવતો નથી; તેથી એ બંને તિથિઓ વિશ્વાસપાત્ર નથી. કાવ્યેતિહાસ સંગ્રહકર્તા પાસે કાશીનાથ કૃષ્ણ લેલેએ એક જન્મકુંડળી મોકલી હતી, તેમાં મૂળ તિથિ અને રોહિણી નક્ષત્ર લખ્યું છે. એ નક્ષત્ર તે તિથિએ હોવાથી એકંદર રીતે જોતાં કુંડળી સત્ય જણાય છે. (રા. રાજવાડેકૃત મ. ઇ. સા. ખંડ ૪ જુઓ.) મરાઠી સામ્રાજ્યની બખર અને વિલ્કિઝકૃત મ્હૈસુરનો ઇતિહાસ; એ બંનેમાં વૈશાખ શુક્લ પંચમી લખી છે, તેથી એજ તિથિ સાચી જણાય છે. શેડગાંવકર ભોંસલેના કુટુંબમાંથી મળેલી બખર પ્રસિદ્ધ થયેલી છે; તેમાં આ જન્મકાળ શકે ૧૫૫૧ ફાલ્ગુન વદ ૩ શુક્રવાર એમ આપેલો છે. રા. બાળગંગાધર તિલકે, તા. ૨૪ એપ્રિલ ૧૯૦૦ની સાલના કેસરીમાં આ કાળ ૧૫૪૯ પ્રભવનામ સંવત્સર, વૈશાખ સુદ ૧ ગુરુવાર, ઉત્તર રાત્ર, અશ્વિની નક્ષત્ર, તા. ૬ એપ્રિલ સને ૧૬૨૩ એ પ્રમાણે આપેલું છે.

[૨] આ કિલ્લામાં જીજાબાઇ જે મકાનમાં રહેતાં હતાં, તે મકાનની એક ભીંત હજુ શેષ છે. નાશિકના માજી કલેક્ટર મિ. જેકસને મુંબઇ સરકારના હુકમથી તે ભીંત પર સંગેમરમરના પથ્થરો જડી દીધા છે અને ભારતવર્ષના એક પ્રૌઢપ્રતાપી રાજરત્નનું ચિરકાળ સ્મરણ રહે, એવું કરેલું છે.

રહ્યાં હતાં. ત્યાંથી શાહજીરાજા તેમને બજાપુર લઈ ગયેલા હોવા જોઇએ; કારણકે ઈ૦ સ૦ ૧૬૩૩માં તેમને એ સ્થળેથી પકડી લઈ જવાનું પાછલા પ્રકરણમાં લખ્યું છે. મોગલોના હાથમાંથી છોડાવ્યા પછી ભોતાજીરાવ ઉર્ફે જગદેવરાવ જાધવે તેમને કોંડાણાના કિલ્લામાં લાવી રાખ્યાં હતાં. ત્યાંથી કેટલાક દિવસ શિવનેરીના કિલ્લામાં અને કેટલાક દિવસ માહુલીના કિલ્લામાં રહ્યાં હોય, એમ જણાય છે.[1] શાહજીરાજાએ મોગલોના તાબાનો નિજામશાહી પ્રદેશ પુનઃ પોતાના તાબામાં લેવાનો સપાટો ચલાવ્યો હતો, તેથી જીજાબાઇ એ કિલ્લામાં રહેતાં હતાં. મોગલો અને રાજા વચ્ચે યુદ્ધ થતું તથા ઉથલપાથલ ચાલતી તે સમયે જીજાબાઇને ક્યાં રાખ્યાં હતાં, તે જાણી શકાતું નથી; પરંતુ એટલું ખાતરીપૂર્વક કહી શકાય છે કે, પોતાના પ્રિય પુત્રનું અને પોતાનું રક્ષણ થાય એવી ઇચ્છાથી પોતાના પિયરનાં મનુષ્યોના આશ્રયમાં તે કદી પણ ગયાં નથી. કેટલાકનું કહેવું એવું છે કે, જીજાબાઇએ એવો આશ્રય મેળવ્યો હતો; પણ એવા કથનની સત્યતા માટે તેમની પાસે કાંઇ પણ પુરાવો નથી. ગર્ભિણી સ્થિતિમાં કેવળ નિરાધાર હોવા છતાં જીજાબાઇનો પિતા તેમને પોતાને ગામ લઇ જવા તૈયાર હતો; છતાં જે પતિવ્રતા સ્ત્રીએ ત્યાં જવાનું કબૂલ કર્યું નહિ, તે પાછળથી કોઇ પણ સમયે પિયેર જઇ રહ્યાં હોય એ બિલકુલ સંભવિતજ નથી. તેમાં વળી જાધવનું કુટુંબ મોગલોના આશ્રયમાં જઈ રહ્યું હતું, તેથી જીજાબાઇના મનમાં કદી પણ પિયેર જવાનો સંકલ્પ થાયજ નહિ; કારણકે શાહજીરાજાએ ઈ૦ સ૦ ૧૬૩૪-થી મોગલો સાથે યુદ્ધ શરૂ કર્યું હતું; તેથી મોગલ સરદારોના આશ્રયમાં જવું એ ઘણુંજ ભય ભરેલું હતું અને તે કામ જીજાબાઈના પતિને જરા પણ પસંદ પડત નહિ. સારાંશ એજ છે કે, શિવાજી મહારાજના જન્મથી દસ વર્ષ સુધી શાહજીરાજાએ ચલાવેલી ઉથલપાથલને સમયે જીજાબાઈ પોતાના પુત્ર સહિત રાજાના તાબામાંના કોઇ ને કોઈ કિલ્લામાં રહેતાં હતાં અને તેમનું બની શકે તેટલું રક્ષણ કરવાને શાહજીરાજા ચિંતા રાખતા હતા. બૈજાપુરમાં નિવાસ હતો, ત્યારે જીજાબાઇને એક કિલ્લેદારે મોગલોના હાથમાં સોંપ્યાં તે સમયે તેમના બંધુએ તેમને છોડાવ્યાં હતાં; એ પાછળ લખવામાં આવ્યું છે. આ પ્રસંગે ખરૂં જોતાં તેમણે પિયેરમાં જઇ સુખરૂપ રહેવું યોગ્ય હતું; પરંતુ પુનઃ તે પોતાના પતિના તાબાના કોંડાણાના કિલ્લામાં આવી રહ્યાં. એ પરથી તેમનો આત્માભિમાની સ્વભાવ સારી પેઠે જણાઇ આવે છે. જ્યાં ત્યાં મોગલોના સૈન્યની દોડધામ થઇ

---

[1] શાહજીરાજાને વશ કરવાને માટે બાળક શિવાજીને પકડવાનો મોગલોએ ત્રણ વરસ સુધી પ્રયત્ન કર્યો; પણ જીજાબાઇ શિવાજીને એવી તજવીજથી છુપાવી રાખતાં કે તેમની સર્વ મહેનત વ્યર્થ ગઇ.

રહી હતી અને રાજાના તાબાના કિલ્લા અને થાણાં એક પછી એક શત્રુઓ જીતી લેતા હતા, છતાં જીજાબાઈનો દૃઢનિશ્ચય અડગ રહે, એજ આશ્ચર્યની વાત છે.

એ દસવર્ષમાં જીજાબાઈના મનની સ્થિતિ કેવી થઈ હશે અને તેમને અહર્નિશ કેટલી ચિંતા થતી હશે, તેની કલ્પના સહજ રીતે થઇ શકે એમ છે. તેમને આજે એક કિલ્લામાં તો કાલે બીજા કિલ્લામાં, એમ નાસભાગ કરવી પડતી હતી. શત્રુઓ ક્યારે આવી પરમપ્રિય પુત્રનો અને પોતાનો નાશ કરશે, તે સંબંધી તેમને સતત ચિંતા થતી હતી. તેજ પ્રમાણે શાહજીરાજાએ મોગલો જેવા પ્રબળ શત્રુ સાથે ઘોર સંગ્રામ ચલાવ્યો છે, તેનું પરિણામ અંતે શું આવશે, એ ચિંતામાં તેમને ચિંતાજ્વર લાગુ પડ્યો હતો; પરંતુ જીજાબાઇ સ્વાભિમાની અને પતિવ્રતા હોવાથી ધૈર્યપૂર્વક અને દૃઢનિશ્ચયપૂર્વક દસ વર્ષ વિતાવ્યાં, એટલા સમય સુધી તેમણે શિવાજીમહારાજનું લાલનપાલન કેવે પ્રકારે કર્યું અને તેમને સુશિક્ષણ આપવા માટે કેવી વ્યવસ્થા કરી, તે સંબંધીનો ઉલ્લેખ કોઇ પણ બખરમાંથી મળતો નથી; તેમ છતાં એટલી વયમાં મહારાજાએ ઘોડા ઉપર સવાર થવું, તીરંદાજી કરવી, બંદૂક મારવી, પટ્ટા ફેરવવા, ઇત્યાદિ યુદ્ધોપયોગી કળાઓનો સારો અભ્યાસ કર્યો હતો અને સારી પેઠે વાંચતાલખતાં પણ શીખ્યા હતા.

શાહજીરાજાને ઇ૦ સ૦ ૧૬૩૭ માં આદિલશાહીમાં જ્યારે આશ્રય મળ્યો અને તેમણે વિજાપુરમાં નિવાસ કર્યો, ત્યારે પોતાના ગુણવાન પુત્રને અને જીજાબાઇને પોતાની પાસે તેડાવી લીધાં.[1] વિજાપુર સરકાર પાસેથી મળેલી જાગીરોની વ્યવસ્થા દાદાજી કોંડદેવને સોંપી શાહજીરાજા રણદુલ્લાખાન સાથે કર્ણાટક ગયા. તે સમયે જીજાબાઇને અને શિવાજીમહારાજને એજ વિશ્વાસુ કારકુનને સોંપ્યાં અને કહ્યું કે, "મહારાજને યોગ્ય થઈ પડે એવું શિક્ષણ આપી પુત્રને સદ્વર્તનશાળી બનાવવો." દાદાજી કોંડદેવે માતાપુત્રને મોટી ધામધૂમ સહિત પૂને લાવી, ત્યાં એક ભવ્ય સુંદર મકાન[2] બંધાવી તેમાં રાખ્યાં. બીજે

---

[1] ૧. પ્રો. સરકાર જણાવે છે કે, ઈ૦ સ૦ ૧૬૩૬ માં શાહજીરાજાએ પોતાની જાગીરની વ્યવસ્થા દાદાજી કોંડદેવના હાથમાં સોંપી, તે વખતે તેને કહ્યું કે, "મારી સ્ત્રી જીજાબાઇ અને પુત્ર શિવાજી શિવનેરીના કિલ્લામાં છે, તેમને બોલાવીને તારી સંભાળ નીચે પૂનામાં રાખજે અને ખર્ચને માટે તેમને જેટલા પૈસાની જરૂર પડે તેટલા આપજે."

[2] ૨. આ મકાનનું નામ તેણે "રાજમહાલ" રાખ્યું. મુઠા નદીના તીર પર જમણી બાજુએ શનવારવાડાની પૂર્વમાં આ મકાન હતું. હાલમાં ત્યાં મ્યુનિસિપાલિટીનો બાગ છે.

વર્ષે શાહજીરાજા કર્ણાટક પ્રાંતના બેંગરૂળ મુકામે હતા, તે વખતે દાદાજીને પરગણાનો હિસાબ લઇ ત્યાં જવું પડ્યું. તે સમયે દાદાજી શિવાજી મહારાજ અને જીજાબાઈને શાહજીરાજાને મળવા પોતાની સાથે લઈ ગયો હતો; પણ તેઓ સત્વર પૂને પાછાં આવ્યાં હતાં. આ વખતે રાજાએ તેમની સાથે શામરાવ નીલકંઠ પેશ્વા, બાળકૃષ્ણપંત મજમુદાર, સોનોપંત કબીર, રઘુનાથ બલ્લાળ, કોરડે સબનીસ વગેરેને મોકલ્યા.[1]

શાહજીરાજા કર્ણાટક પરની ચડાઇમાં વિજય મેળવી વિજાપુર પાછા આવ્યા, તે સમયે તેમના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે, શિવાજી મહારાજને વિજાપુર લાવી ત્યાં તેમનો વિવાહ કરવો. રાજાએ એ વિચાર દાદાજીને પત્રદ્વારા લખી જણાવ્યો. પિતાના મનનો વિચાર શિવાજી મહારાજના જાણવામાં આવ્યો. તેમણે ઉત્તરમાં દાદાજીને કહ્યું કે, મારૂં લગ્ન વિજાપુરમાં યવનોની વસ્તીમાં નહિ થતાં પૂનામાંજ થવું જોઇએ; કારણકે ત્યાં લગ્નના ધર્મકાર્યસમયે યવનો આવે તો આપણે ધર્મભ્રષ્ટ થઈએ. મહારાજની ઇચ્છા દાદાજીએ શાહજીરાજાને લખી જણાવી અને વિશેષમાં લખ્યું કે, અમે અત્રે સુંદર કન્યા જોઇ લગ્નકાર્ય પૂર્ણ કરીશું. રાજાને એ વિચાર પસંદ પડવાથી દાદાજીના કાર્યને સંમતિ આપી. સંમતિ મળતાંજ દાદાજીએ શિરકેની કન્યા સઈબાઇ સાથે ઇ૦ સ૦ ૧૬૪૦ માં પૂનામાં મોટા ઠાઠમાઠથી શિવાજી મહારાજનાં લગ્ન કર્યાં.

ઇ૦ સ૦ ૧૬૪૧માં શાહજીરાજાએ મહારાજને અને જીજાબાઇને વિજાપુર બોલાવી પોતાની પાસે રાખ્યાં. ત્યાં જીજાબાઈ બેત્રણ વર્ષ રહ્યાં હતાં, એવું જણાય છે. યવનોની રાજધાનીમાં એટલા દિવસ નિવાસ કરવાનું મળ્યું, તેથી ત્યાંની યથાસ્થિત સ્થિતિ મહારાજનાં જોવામાં આવી. પ્રથમથી થોડોઘણો યવનદ્વેષ તેમના હૃદયમાં પ્રવેશ કરી ચૂક્યો હતો, તે આ સમયે દૃઢ થયો. શિવાજી મહારાજે પ્રત્યેક પ્રસંગે પોતાનું અગાધ રાજકીય જ્ઞાન પ્રકટ કરી સર્વ જગતને ચકિત કરી દીધું. તે ઉચ્ચ જ્ઞાનનું સંપાદનકાર્ય આ સ્થળેજ થયું હતું.

શિવાજી મહારાજ આ સમયે માત્ર ચૌદ વર્ષનાજ હતા; છતાં પણ સર્વ પ્રકારની યુદ્ધકળામાં દક્ષ થયા હતા. તેઓ શરીરે બળવાન

---

[1] દાદાજીની મદદ માટે આ લોકોને મોકલ્યા હતા. તેમની અટક પરથીજ તેમના હોદ્દા માલૂમ પડી આવે છે. દાદાજી કોંડદેવ પોતાના નામની આગળ “સુબેદાર નામજાદ કિલ્લે કોંડાણા” એ પ્રમાણે લખતો હતો. આ કિલ્લો શાહજીરાજાની જાગીરના મધ્ય ભાગમાં આવેલો હતો, તેથી દાદાજી કોંડદેવે ત્યાં લશ્કરનું થાણું રાખ્યું હતું અને પોતે પણ વારંવાર ત્યાં જઇને રહેતો હતો.

અને સુંદર દેખાવના હતા; તેમજ અતિશય ચપળ અને ચોક્કસ હતા. હાથી, ઘોડા તથા અસ્ત્રશસ્ત્ર આદિનાં કાર્યાલય લક્ષપૂર્વક તપાસી તે સંબંધી સર્વ સૂક્ષ્મ માહિતી મેળવવાનો તેમને શોખ લાગ્યો હતો. બુદ્ધિમાન અને મોટાં મનુષ્યોનું યથોચિત સન્માન કરી, પોતાના પર તેનો સ્નેહભાવ ઉત્પન્ન થાય, એવી રીતે તેઓ વર્તતા અને તેમને નાના પ્રકારના પ્રશ્નો પૂછી જેટલી માહિતી મળે તેટલી મેળવવાનો યત્ન કરતા. હલકા સ્વભાવના મનુષ્યોનો તેઓ જરા પણ સંબંધ રાખતા નહિ. વ્યસની અને ઉડાઉ મનુષ્યો પર તેમને સંપૂર્ણ તિરસ્કાર હતો. તેમણે કોઇ દિવસ વડીલોની અવજ્ઞા કિંવા અપમાન કર્યું નથી. તેમના એવા સદ્ગુણ જોઇ રાજા પાસે આવનાર સરદારો તેમની સાથે વાતચીત કરી હર્ષ પામતા. રાજાનો પરમમિત્ર મુરાર જગદેવ તો મહારાજની વર્તણુંક જોઇ ઘણોજ ખુશ થતો હતો.

મુરારપંતે આદિલશાહ બાદશાહ પાસે એક દિવસ શાહજીરાજાના પુત્ર શિવાજી મહારાજના સદ્ગુણની ઘણી પ્રશંસા કરી. તે સાંભળતાંજ બાદશાહને એવો ગુણિયલ છોકરો જોવાની ઇચ્છા થઇ. બાદશાહે શિવાજી મહારાજને પોતાની પાસે તેડી લાવવા મુરારપંતને આજ્ઞા કરી. એ પરથી શિવાજી મહારાજને બાદશાહની મુલાકાતે લઇ જવાનું ઠર્યું; પરંતુ શિવાજી મહારાજને એ વાત પસંદ પડી નહિ. તેમણે અતિ નમ્રતાપૂર્વક અને વિનયપૂર્વક પિતાને પ્રાર્થના કરતાં કહ્યું કે, "યવનો પરમ નીચ ગણાય છે. તેમને કાલાવાલા કરવા અને તેમને સલામ કરવી, એ મને જરા પણ ગમતું નથી. એમ કરતાં મને ત્રાસ થાય છે. એ ઠેકાણે સ્વધર્મ અને બ્રાહ્મણની નિત્ય નિંદા થાય છે, તે મારાથી ખમાતું નથી. રસ્તામાં જતાંઆવતાં ગોવધ થતો નજરે પડે છે, ત્યારે મને ઘણુંજ દુઃખ થાય છે અને એવો ક્રોધ આવે છે કે, ગોવધ કરનારાઓનો શિરચ્છેદ કરાવવો; પરંતુ આપ ઠપકો આપો અને કાંઇ બીજુંજ પરિણામ આવે, એવો વિચાર આવતાં શાંત થાઉ છું. મારે મુસલમાનોનો સંસર્ગ રાખવો નહિ એવો વિચાર થાય છે. અમીરઉમરાવોને ઘેર જવું અને તેમની સાથે ઓળખાણ કરવી, એ મારા ચિત્તને યોગ્ય લાગતું નથી. તેમનો સ્પર્શ થતાં મારે વસ્ત્રો બદલવાં પડે છે." શિવાજી મહારાજનું કહેવું શાહજીરાજાના જાણવામાં આવ્યું, ત્યારે તેમણે પોતાના કારભારીઓદ્વારા મહારાજને બોધ કરાવ્યો કે, "વિધર્મીઓની સેવા કરીનેજ તમારા પિતા આટલા વૈભવે ચડી શક્યા છે. તેમનો દ્વેષ કિંવા તિરસ્કાર કરવો યોગ્ય નથી. તમે બુદ્ધિશાળી છો. એવું બોલવું તમને શોભતું નથી. એમ કરવાથી પિતાની અવજ્ઞા થાય છે." સમાન વયના યુવકો સાથે પણ મહારાજને ઘણું કહેવડાવ્યું. માતા જીજાબાઇએ પણ પ્રત્યક્ષ રીતે અનેક પ્રકારની શિખામણ આપી, તેમ છતાં શિવાજી મહારાજે હઠ છોડી

નહિ; ત્યારે શાહજીરાજાએ મહારાજને પોતાની સમક્ષ બોલાવી બોધ આપ્યો કે, "યવનો પૃથ્વીપતિ છે. સ્વધર્મનું રક્ષણ કરી તેમની સેવા કરવામાં શી અડચણ છે? ઇશ્વરી સૂત્ર પ્રમાણે આપણે હમણાં તેમની સેવા સ્વીકારી આનંદ ભોગવવો, એજ આવશ્યક છે. ઇશ્વરની એવી ઇચ્છા ન હોત, તો હિંદુઓનું રાજ્ય તેમના હાથમાં શા માટે જાત વારૂ? અમે સમય પ્રમાણે વર્તી જે વૈભવ સંપાદન કર્યો છે, તેનું રક્ષણ કરવા માટે તમારે બાદશાહની કૃપા સંપાદન કરવી જોઇએ." એ ઉપદેશ સાંભળી મહારાજાએ વિનયપૂર્વક અને માનપૂર્વક ઉત્તર આપ્યો કે, "વડીલોની આજ્ઞા મારે શિરસાવંદ્ય છે; પરંતુ યવનો ગોહત્યા અને દેવ–બ્રાહ્મણને અડચણ કરે છે, તે મારાથી કિંચિત્ પણ સહન થતું નથી."

શિવાજી મહારાજના હૃદયમાં યવનદ્વેષ સંપૂર્ણ રીતે વિકાસ પામેલો જોઇને શાહજીરાજાને ઘણું ખોટું લાગ્યું; પરંતુ બુદ્ધિમાન અને તેજસ્વી પુત્ર સાથે સખ્તાઇથી વર્તવું અથવા તેને શિક્ષા કરવી, એ તેમને ઇષ્ટપ્રદ લાગ્યું નહિ. ખરૂં કહીએ તો તેમને પણ યવનો પર તિરસ્કાર હતો; પરંતુ તેઓની સાથે સામોપચારથી વર્તી પોતાનું કાર્ય સાધ્ય કરી લેવું, એવો તેમનો વિચાર હતો. પુત્રનો મનોનિગ્રહ જોઇ તેમને ગુસ્સો નહિ આવ્યો હોય એમ જણાય છે. રાજાએ મહારાજા સાથે અનેક વેળા વાતચીત કર્યા પછી અંતે તેમને આગ્રહપૂર્વક દરબારમાં જવા તૈયાર કર્યા. દરબારમાં ગયા પછી શિવાજીને પૃથ્વી સાથે હાથ લગાડી બાદશાહને મુજરો કરવાનું શીખવ્યું હતું; પરંતુ શિવાજી મહારાજ તો દરબારમાં ગયા તેવાજ સલામ કરી પિતાની પાસે બેસી ગયા. બાદશાહે દરબારમાં કોઈ છોકરો આવેલો જોઈ મુરારપંતને પૂછ્યું કે, "શાહજીરાજાનો પુત્ર તે આજ કે?" પંતે ઉત્તરમાં "હા" કહી. શિવાજી મહારાજે દરબારના નિયમ પ્રમાણે કુર્નિશ (સલામ) કરી નહિ, તે સંબંધી બાદશાહના મનમાં કાંઇ વહેમ આવે નહિ, તે માટે પંતે બાદશાહને કહ્યું કે, "છોકરાએ દરબાર કદી પણ જોયો નથી, આજે તેને પહેલોજ પ્રસંગ છે. ઘેર સર્વને સલામ કરવાની ટેવ પડેલી હોવાથી એણે બાદશાહને સીધી રીતે સલામ કરી છે. બાળક અજ્ઞાન છે." તેમણે શિવાજી મહારાજને વસ્ત્રો તથા ઝવેરાત આપ્યાં. તેમને ઘેર જવાની રજા મળી, એટલે ઘેર આવ્યા પછી તેમણે દરબારનાં વસ્ત્રો વેગળાં ફેંકી સ્નાન કર્યું.

શિવાજી મહારાજ બાદશાહના દરબારમાં વખતોવખત જવા લાગ્યા; પરંતુ હમેશાં બાદશાહને ઊભા ઊભા સલામ કરીનેજ પોતાને સ્થાને બેસી જતા. તેમનો એવો હમેશનો નિયમ જોઈ બાદશાહના મનમાં સંશય ઉત્પન્ન થયો. શિવાજી મહારાજ જાણીજોઇને કુર્નિશ કરતા નથી કે કેમ, તે સંબંધી ખાતરી કરવાની ઇચ્છાથી તેમણે

મહારાજને પોતાની પાસે બોલાવી તે સંબંધી પ્રશ્ન પૂછ્યા. મહારાજે યુક્તિપુરઃસર ઉત્તર આપી વખત સાચવી લીધો. તેમણે ઉત્તર દીધો કે, "મારા પિતાજી મને મુજરો કરવાનું કહે છે, પણ છેક છેલ્લી ઘડીએ હું ભૂલી જઈ જુહાર કરૂં છું તે માટે ક્ષમા બક્ષવી. એ જુહારમાંજ બાળકની કુર્નિશ છે, એમ હજૂરે માની લેવું. હજૂર અને મારા પિતા એ બંને મને એકસરખાજ જણાય છે. હજૂર જુદા છે એવું જણાશે ત્યારે મુજરો કરતાં શીખીશ." મહારાજનું સમયાનુકૂળ બોલવું સાંભળી બાદશાહને હસવું આવ્યું.

દરબારમાંથી જતાંજ માર્ગમાં કસાઇઓની દુકાનો હતી. તેમાં કાચું ગોમાંસ અને પશુઓનાં માથાં વેચવા માટે ટાંગેલાં હતાં. રાજદરબાર સામે પણ કેટલાક ભઠિયારા રાંધેલું માંસ વેચવા બેઠા હતા એ જોઇ શિવાજી મહારાજના અંતઃકરણમાં અતિશય દુઃખ થતું અને એ કસાઇઓનો તથા ભઠિયારાઓને જીવથી મારવા એવો તેમને ક્રોધ ચડતો; પરંતુ શું કરે? તેમને ગુપચુપ તે માર્ગે થઇને જવું-આવવું પડતું. એક દિવસ મહારાજ તે રસ્તે થઇને જતા હતા; એટલામાં એક કસાઇ ગાયોનો વધ કરતો તેમની દૃષ્ટિએ પડ્યો. તેજ ક્ષણે તેઓ કસાઇના શરીર પર ધસી ગયા અને તેને પુષ્કળ માર મારીને તેના હાથમાંથી ગાયને છોડાવી. એ સમાચાર ચારે દિશામાં ફેલાઈ ગયા, પરંતુ દરબારમાં શાહજીરાજાનું વિશેષ ગૌરવ હોવાથી કોઇએ તેમનું નામ દીધું નહિ અને બાદશાહે પણ તે વાત મનમાં આણી નહિ. ગોવધનો બનાવ નિત્ય શિવાજી મહારાજની દૃષ્ટિએ પડતો હોવાથી, તેમને ઘણોજ કંટાળો આવ્યો. એ વાત તેમને અસહ્ય થઇ પડી. યવનોની રાજધાનીમાં હવે પછી રહેવું નહિ અને દરબારમાં પુનઃ કદી પણ જવું નહિ, એવો તેમણે નિશ્ચય કર્યો. પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ મહાપાપ છે, એમ તેઓ સમજતા હતા, તેથી તેમણે એક દિવસ તીર્થસ્વરૂપ પિતાને સવિનય પ્રાર્થના કરી કે, "મને આપની સાથે દરબારમાં આવવાની આજ્ઞા કરશો નહિ. માર્ગમાં ગોમાંસ વેચવાની દુકાનો માંડેલી હોય છે, તે મારાથી જોઇ શકાતું નથી. આપ બાદશાહના નોકર હોવાથી આપને એ બાબત 'આંખ આડા કાન' કરવા પડે છે. બાદશાહના મનને ખોટું લાગે એવું કાંઇ પણ બોલવું કે કાર્ય કરવું આપને પસંદ નથી. માર્ગમાં થતો ગોવધ અને ગોમાંસની દુકાનો બંધ થતાં સુધી હું દરબારમાં આવીશ નહિ. એ દૃશ્ય બંધ થવાની કાંઈ ગોઠવણ થયા પછી મને દરબારમાં આવવાની આજ્ઞા કરવી." પુત્રનું એવું સ્પષ્ટ બોલવું સાંભળી શાહજીરાજા વિચારમાં પડ્યા: "દરબારમાં એકલા જવાથી બાદશાહ પૂછશે કે, પુત્રને શા માટે લાવ્યા નહિ? ત્યારે તેનો મારે શો ઉત્તર આપવો?" એ બાબતની ચિંતા કરતા હતા, એટલામાં મિરજુમલા નામક સરદાર

તેમની સાથે કાંઇ સલાહમસલત ચલાવવા આવ્યો. તેની સાથે કેટલીક વાતચીત થયા પછી શાહજીરાજાએ તેને પોતાના ધર્મસંકટની વાત કહી. સરદારે રાજાને સલાહ આપી કે, “પુત્રને આજે ઘેરજ રહેવા દો. આપણે બંને દરબારમાં જઇએ, હજૂરની તબિયત જોઇ એ સંબંધી વાત કાઢીશું.”

બન્ને દરબારમાં ગયા. સરકારી કામકાજ પૂરૂં થયા પછી બાદશાહની ખુશ–મરજી જોઇ સરદાર મિરજુમલાએ તેમને વિનંતી કરી કે, “આપ હજૂર સર્વના માતાપિતા સમાન છો અને હિંદુ અને મુસલમાન એ બંને આપની પ્રજા છે. સર્વ ઉપર આપની એકસરખી કૃપા છે. આપની શહેનશાહતમાં જેમ મુસલમાન નોકર છે તેમજ હિંદુ નોકર પણ પુષ્કળ છે. તેમને પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવા દેવા, એ આપ નામદારને ઉચિત છે. ગોવધ અને ગોમાંસનું સેવન કરવું એને હિંદુઓ મોટું પાપકર્મ ગણે છે. આપના રાજમાર્ગ ઉપર અને રાજદરબાર આગળ આસપાસ ગોમાંસ વેચવાની દુકાનો હોવાથી સર્વના દેખતાં ગોહત્યા થાય છે, એ જોઇ હિંદુઓનું મન ઘણુંજ દુખાય, એ સ્વાભાવિક છે. શાહજીરાજા જેવા આબરૂદાર અને વજનદાર સરદાર આપની નોકરીમાં છે. તેમના મનમાં કોઇ પ્રકારે ખોટું ન લાગે તેમ કરવું આપને ઉચિત છે. પોતાની જાતે આપ નામદારને પ્રાર્થના કરવાની તેમનામાં હિંમત નથી. શાહજીરાજાનો પુત્ર શિવાજી આજે દરબારમાં આવ્યો નથી, તેનું કારણ પણ મેં કહ્યું તેજ છે. ગોવધ થાય અને ગોમાંસ વેચાય એ દૃશ્ય તેનાથી જોઇ શકાતું નથી. તે તેના પિતા ઉપર ઘણોજ ક્રોધે ભરાયો છે. હજૂરે એ બાબતનો સંપૂર્ણ વિચાર કરવો જોઇએ.” બાદશાહે સરદારની વિનંતી શાંતપણે સાંભળી. યોગ્ય વિચાર કરતાં તેમને જણાયું કે, એ સંબંધી બંદોબસ્ત અવશ્ય થવો જોઇએ. બાદશાહે તરતજ એવી આજ્ઞા ફેરવી કે, “શહેરમાં કોઇએ ગોવધ કરવો નહિ, તેમજ શહેરમાં કોઇએ કોઇ દુકાને ગોમાંસ વેચવું નહિ. એ આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર મનુષ્યને સખત શિક્ષા કરવામાં આવશે. એ કાર્ય હિંદુઓના ધર્મ વિરુદ્ધ હોવાથી તેમના દેખતાં કોઇ ગોહત્યા કરશે કે માર્ગમાં ગોમાંસ વેચવા બેસશે અને તેને કોઇ હિંદુ મારી નાખશે, તો સરકારમાં તેની ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.” શહેરમાં ચારે તરફ સખત આજ્ઞા ફેરવી દીધી અને શહેરની દક્ષિણ દિશામાં કસાઇપરૂં વસાવ્યું. સર્વ કસાઇઓને ત્યાં રહેવાનો હુકમ કર્યો. એ બંદોબસ્ત થયા પછી શિવાજી મહારાજ પોતાના પિતા સાથે નિત્ય દરબારમાં જવા લાગ્યા. તેમની હોશિયારી, તેજ અને દૃઢતા જોઇ બાદશાહની તેમના પર પ્રીતિ થઇ. બાદશાહ તેમને વારંવાર વસ્ત્રો, આભૂષણો, મેવા, મીઠાઈ વગેરે આપીને સંતુષ્ટ કરવા લાગ્યો.

એક દિવસ, એક કસાઇ ગોમાંસનો ટોપલો ભરી, શહેર પાસેના દરવાજામાં આવી વેચવા બેઠો; એટલામાં શિવાજી મહારાજ પોતાના સમાન વયના કેટલાક મિત્રો સાથે ઘોડેસવાર થઇ તે રસ્તેથી જતા હતા. પેલા કસાઇ ઉપર તેમની નજર પડતાંજ કમરેથી લટકતી તલવાર કાઢી ત્યાં ને ત્યાંજ તેનો શિરચ્છેદ કર્યો. કસાઇની સ્ત્રીએ બાદશાહ પાસે જઇને ફરિયાદ કરી અને દરવાજા પાસેના લોકોએ તે સંબંધી પુરાવો આપ્યો. ફરિયાદ સાંભળ્યા પછી બાદશાહે ઉત્તર દીધો કે, "શિવાજી મહારાજે જે કર્યું છે તે યોગ્યજ છે. 'શહેરમાં આવી ગોમાંસ વેચવું નહિ' એવી આજ્ઞા ફરમાવવા છતાં તમે દરકાર કરી નહિ, તેથી તમને જે શિક્ષા થઇ છે તે યોગ્યજ છે." બાદશાહે કસાઇની સ્ત્રીને ચાર રૂપિયા ભૂમિદાહ માટે આપ્યા અને ભઠિયારખાનામાંથી દરરોજ એક શેર રોટલી મળે એવું વર્ષાસન બાંધી આપ્યું.

શહેરમાં આ વાતની પુષ્કળ ચર્ચા ચાલી. કોઇ કહેવા લાગ્યું કે, "આ રાજધાનીમાં હવે મુસલમાનોનું કાંઇ ચલણ રહ્યું નહિ. મુસલમાની બાદશાહી આજથી ડૂબી ગઇ કે શું ? બાદશાહ કંઈ પણ ફરિયાદ કાને સાંભળતા નથી. શિવાજી તો એવો ઉચ્છૃંખલ છે કે, બાદશાહને કુર્નિશ સુધ્ધાં કરતો નથી. તેને ખોટું લાગે છે માટે સઘળા કસાઇઓને શહેર બહાર હાંકી કાઢી તેમની દુકાનો ગામ બહાર રખાવી. સર્વ મુસલમાનોને મોટી અડચણ થઈ પડી છે. શાહજીરાજાનો છોકરો ઘણોજ ઉદ્ધત થઇ ગયો છે અને હવે તો રસ્તા વચ્ચે નીડર પણે મુસલમાનોનાં ખૂન પણ કરવા લાગ્યો છે; એ યોગ્ય થતું નથી."

એ સર્વ વાતો શાહજીરાજાને કાને આવતાંજ તેમને મોટી ચિંતા થઈ. પુત્રને ઘણોજ ચાલાક, બુદ્ધિમાન અને ગુણવાન જાણીને પાસે રાખ્યો તે એટલા માટે કે, મારી મેળવેલી સંપત્તિ જાળવી તેમાં સ્વપરાક્રમ વડે વધારો કરે; પરંતુ તે તો આવું ઉદ્ધતપણું કરે છે. હવે શું કરવું ? જો કાંઈ શિક્ષા કરૂં તો એનો સ્વભાવ બહુ તીખો હોવાથી કાંઇ જુદુંજ પરિણામ આવે. અંતે શિખામણના એ શબ્દો કહેવાથી કંઇ ઠેકાણે આવે છે કે નહિ, તે જોવાને માટે શાહજીરાજાએ શિવાજી મહારાજને પોતાની પાસે બોલાવી, જીજાબાઇ સમક્ષ ઉપદેશ કર્યો કે, "હજુ તું નાદાન છે, તને જગતનો અનુભવ નથી. નજીવી બાબતો માટે ગુસ્સે થઇ જવું અને ઉચ્છૃંખલપણું કરવું, એ તારા જેવા બુદ્ધિમાન છોકરાને શોભતું નથી. યવનોને મુજરો કરવો નહિ અને ગોવધ થતો જોતાંજ તલવાર ઉગામવી એ શું ? એવી ઉદ્ધતાઇ કરવાથી મુસલમાની રાજ્યમાં કેમ રહેવાશે ? તેમની નોકરી કરવી હોય તો એવું અભિમાન કરીને જરા પણ રહેવાશે નહિ. અમે એ પ્રમાણે વર્ત્યા હોત, તો અમને ઊભા રહેવાની જગ્યા પણ મળત

નહિ. અમે આજ સુધી યવનોની નોકરી કરી છે અને પોતાના કર્તવ્યના બળ વડે માનવભવ પામ્યાં છીએ. અમે આજપર્યંત કેટલું કષ્ટ અને ત્રાસ સહન કરીને સંપત્તિ મેળવી છે, તે અમારૂં મન જાણે છે. નિજામશાહીમાં મારે કેટલાં સંકટો અને ત્રાસ ભોગવવાં પડયાં છે, છતાં તેમાં ટકી રહેવાથી આજે રાજદરબારમાં હું કેવું માન પામ્યો છું તેનો કાંઇ વિચાર કર. તારે પણ મારી પેઠે એ દરબારમાં રહીને વિનયપૂર્વક અને ભક્તિપૂર્વક વર્તવું અને મારી ધનસંપત્તિમાં વધારો કરવો, એવી મારી ઉત્કટ ઇચ્છા છે. વડીલો વર્તતા આવ્યા છે તેમ વ્યાવહારિક નીતિ પ્રમાણે વર્તીશ અને પ્રત્યેક કાર્ય દક્ષતાપૂર્વક અને ચતુરાઇથી કરીશ તો તારા જેવો શ્રીમંત અને સુખી બીજો કોઇ થઈ શકશે નહિ. તું સાંપ્રત જે ઉદ્ધતપણું બતાવે છે તે ભૂલી નહિ જાય તો તારી તેજ કુટેવ મને અહીંથી નસાડી દેશે અને મારી સઘળી ધનસંપત્તિ જપ્ત કરાવશે. દરબારમાં મારૂં માન-ગૌરવ છે અને કેટલાક અમીરઉમરાવો મારા મિત્ર છે એટલે સારૂં છે, પરંતુ જેઓ મારો ધનવૈભવ જોઇ શકતા નથી તેઓ મારા સંબંધી બાદશાહનું મન કલુષિત કરશે, તો મારાથી અહીં એક ક્ષણ પણ ટકાશે નહિ. એ સંબંધી પૂરેપૂરો વિચાર કર અને તારૂં ભવિષ્યતું વર્તન સુધાર. માત્ર વૈર ઉત્પન્ન કરીને સ્વહિતનો નાશ કરવામાં પ્રવૃત્ત થવું, એ તારા જેવા બુદ્ધિમાન પુત્રને જરા પણ યોગ્ય નથી.” પિતાનો ઉપદેશ શિવાજી મહારાજે શાંતપણે સાંભળી લીધો. કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ.

શાહજીરાજાએ મહારાજને ઉપદેશ આપ્યા પછી તેમને એકાંતમાં શિખામણ આપવાની જીજાબાઇને પણ ભલામણ કરી. તે પ્રમાણે માતાએ મહારાજને મમતાભરેલા મધુર શબ્દોમાં બોધ કર્યો કે, “પુત્ર! તું હવે કાંઇ બાળક નથી. તારા પિતાની ઇચ્છા વિરુદ્ધ વર્તન કરી, તેમને કોઇ પણ વાતે ક્લેશ કરવા દેવો, એ તારા જેવા નીતિમાન પુત્રને શોભતું નથી. તામસિક વૃત્તિનો ત્યાગ કરી નમ્રતાપૂર્વક વર્તીશ તો તારૂં કલ્યાણ થશે. તારા પિતાએ આટલા દિવસ સુધી પરિશ્રમ અને ત્રાસ સહન કરી પ્રાપ્ત કરેલી ધનસંપત્તિનું તારે રક્ષણ કરવું એજ યોગ્ય છે. તારા પિતાને પ્રત્યેક કાર્યમાં સહાયતા કરવા જેવું તારૂં વય થયું છે. તારી શૂરતા પણ કંઇ ઓછી નથી. તેમના મનમાં ખોટું લાગે એવું અથવા ધન-સંપત્તિને નુકસાન થવા જેવું વર્તન ચલાવવું તને શોભાપ્રદ નથી. પિતાની અવજ્ઞા કરી પોતાનું સર્વ રીતે અકલ્યાણ કરી લેવું, એ તારા જેવા બુદ્ધિમાન પુત્રને ઉચિત નથી. અયોગ્ય વર્તન રાખીને અને અવિચારીપણે વર્તીને તારૂં અમંગલ કરી લઈશ નહિ. તારા કુળની શીલતાનો વિચાર કરીને વર્તન કર. તેને કલંક લાગવા દઈશ નહિ.” માતાનો મમતાભરેલો

ઉપદેશ સાંભળી મહારાજે પ્રત્યુત્તર આપ્યો કે, “ તમારો ઉપદેશ મને શિરસાવંદ્ય છે. તમારા કહેવા પ્રમાણે વર્તવાને હું તૈયાર છું; પરંતુ તુર્કોને સુજરો કરવો તે તથા સ્વધર્મઘાતકતા અને ગોવધ આદિ નિંદ્ય કાર્યો થાય છે, તે મારાથી જરા પણ જોઇ શકાતાં નથી. એવાં કાર્યો જ્યારે મારી દૃષ્ટિએ પડે છે, ત્યારે મને એટલો બધો ક્લેશ થાય છે કે તે વખતે મને મારા દેહનું પણ ભાન રહેતું નથી. માતા ! એમાં મારૂં કંઇ ચાલતું નથી. હું શું કરૂં ? ઈશ્વરની જે ઇચ્છા હોય તે ખરી. તુર્કોનું અન્ન ખાવાથી સ્વધર્મની હાનિ થાય છે, એમ હું ધારૂં છું. મારે હાથે આજ પછી કાંઇ અવિચારી કૃત્ય થાય નહિ એવી આપની ઇચ્છા હોય, તો મને અહીં રાખશો નહિ. યવનોના રાજ્ય બહાર કોઇ અન્ય સ્થળે રહેવા દો. હું જે કાંઇ સ્પષ્ટ કહું છું તે આપની આજ્ઞાનું ઉલ્લંઘન કિંવા અપમાન કરવા માટે નથી. હું બે હાથ જોડીને આ વિનંતી કરૂં છું. ”

શિવાજી મહારાજની વિનંતી શાહજીરાજાને નિવેદન કરતાં જીજાબાઇએ કહ્યું કે, “ પુત્ર સારો, બુદ્ધિમાન તથા વિવેકી અને વિનયી હોવા છતાં જે ઉદ્ધતપણું કરે છે તે માટે તેના ઉપર ક્રોધ કરી તેને કંઇ પણ શિક્ષા કરવા તૈયાર થવું, એ યોગ્ય નથી. યવનો સાથે તેને પૂર્વજન્મનુંજ વૈર હોવું જોઇએ, નહિ તો એ પ્રમાણે તે વર્તે નહિ. ગમે તેમ હો, પણ તેને યવનોની તાબેદારી કદી પણ પસંદ પડશે નહિ. મેં તેને ઘણી શિખામણ આપી, પણ તે ઠેકાણે આવતો નથી. તેને આપણી પાસે રાખી નકામી વિપત્તિ વેઠવી તથા ધનસંપત્તિને નુકસાન પહોંચાડવું, તે કરતાં તેને ચાર ડગલાં વેગળો રાખવો એજ મને સારૂં લાગે છે. માયા–જાળમાં ગૂંથાઇ તેને આપણી પાસે રાખવાથી આપણી પ્રતિષ્ઠાને હાનિ પહોંચવાનો સંભવ છે. હવે આપના મનને યોગ્ય લાગે તેમ કરવું. ” એ સાંભળી શાહજીરાજાના મનમાં ઘણું દુઃખ ઉત્પન્ન થયું. તેમણે એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો; મુરારપંત વગેરે અમીરોની સલાહ લઇને શિવાજી મહારાજને પોતાની પાસેથી વેગળા રાખવાનો નિશ્ચય કર્યો. એ અરસામાં દાદાજી કોંડદેવ તેમની જાગીરનો હિસાબ લઇ વિજાપુર આવ્યો. તેની સાથે જીજાબાઇને અને શિવાજી મહારાજને પૂને મોકલી દીધાં.

શિવાજી મહારાજને પૂને મોકલતા પહેલાં વિજાપુરમાં તેમનું દ્વિતીય લગ્ન થયું. દ્વિતીય લગ્ન કરવા માટે આદિલશાહ બાદશાહેજ આગ્રહ કર્યો હતો, એમ કહેવામાં આવે છે. શાહજીરાજા શિવાજીમહારાજને લઇ એક દિવસ દરબારમાં ગયા હતા. બાદશાહે તેમને પૂછ્યું કે, “ શિવાજીનું લગ્ન કર્યું છે કે?” શાહજીરાજાએ ઉત્તર દેતાં કહ્યું: “ હા, હજૂર! એ પૂનામાં હતો તે સમયેજ તેનું લગ્ન થયું છે.” બાદશાહે કહ્યું: “ હું અને તમે હાજર નહોતા અને લગ્ન થયું

એ કેવું લગ્ન? અહીં મોટા ઠાઠમાઠથી એનું દ્વિતીય લગ્ન કરો.” બાદશાહે આગ્રહ કર્યાથી રાજાએ એક મરાઠા સરદારની સુલક્ષણી કન્યા સાથે શિવાજી મહારાજનું મોટી ધામધૂમથી લગ્ન કર્યું. મહારાજની એ દ્વિતીય પત્નીનું નામ સોયરાબાઇ પાડવામાં આવ્યું હતું.

શિવાજી મહારાજ અને જીજાબાઇને દાદાજી કોંડદેવ સાથે પૂને મોકલી દીધા પછી તેમને પુનઃ કદી પણ શાહજીરાજા સાથે રહેવાનો પ્રસંગ આવ્યો નહિ. એ પછી રાજા કર્ણાટકની સુબેદારી કરવા ગયા. તે પુનઃ વિજાપુરમાં કે પૂનામાં હમેશાં રહ્યા હોય એવું કદી પણ બન્યું નહિ. તે ઉપરથી કેટલાક ઇતિહાસકર્તાઓ એવી કલ્પના કરે છે કે, જીજાબાઇ ઉપર અને પુત્ર શિવાજી ઉપર શાહજીરાજાની અપ્રીતિ થવાથી તે બન્નેને પોતાની પાસેથી વેગળાં રાખ્યાં હતાં; અને એ કલ્પનાનો પુરાવો એજ કે, શ્વશુરજામાતા વચ્ચે કલહ થવાથી પરસ્પર યુદ્ધ કરવું પડ્યું; પરંતુ શાહજીરાજાએ પોતાનાં સ્ત્રીપુત્ર સાથે ચલાવેલી વર્તણુંક જોતાં એ કલ્પનાને જરા પણ આધાર મળતો નથી. મહારાજના જન્મથી સતત દશ વર્ષ સુધી રાજા કેવી ઉથલપાથલમાં ગૂંથાયા હતા; તે જોતાં જણાશે કે, તે સમયે તેમને કૌટુંબિક સુખ અનુભવવાની જરા પણ સ્વસ્થતા નહોતી. રાજાએ દ્વિતીય લગ્ન કર્યું, તેથી જીજાબાઇ પર તેમને અપ્રીતિ થઇ એવી કલ્પના પણ નિરાધાર છે; કારણકે તે સમયે મરાઠા સરદારોમાં બે બે ત્રણ ત્રણ સ્ત્રીઓ પરણવાનો રિવાજ હતો અને હજુ પણ છે. શિવાજી મહારાજે વિજાપુર સરકારના પ્રદેશમાં તોફાનો કરવા માંડ્યાં; તે સમયે રાજાએ, પોતાનો સ્ત્રીપુત્ર સાથે કંઇ સંબંધ નથી, એવો ઉત્તર આપી પોતાના પરનો વહેમ કાઢી નખાવ્યો, તે પરથી જો કોઇ એવી કલ્પના કરે તો તે પણ યોગ્ય નથી; કારણકે તેમનો એ ઉત્તર કપટી હતો એવું ગમે તે સમજી શકશે. જીજાબાઇ સાથે તેમને અણબનાવજ થયો હોત તો વિજાપુર ગયા પછી સ્વસ્થતા થતાંજ સ્ત્રીપુત્રને ત્યાં બોલાવી લીધાં નહોત. ઇ૦ સ૦ ૧૬૪૩ના અરસામાં મહારાજને અને જીજાબાઈને, પૂનામાં દાદાજી કોંડદેવ પાસે હમેશને માટે રાખ્યાં, તેનું કારણ પણ એવુંજ અપરિહાર્ય બનેલું હોવું જોઇએ. મહારાજનામાં યવનદ્વેષ સંપૂર્ણ રીતે ભરાયલો હોવાથી તેમને પોતાની પાસે રાખવાની સગવડ નહોતી, એમ જાણી રાજાએ કેવળ નિરુપાયે તેમને પૂને મોકલી દીધાં હતાં. એ બાબતનો બરોબર વિચાર કરીશું તો તેમની કલ્પના કેવળ નિરાધાર છે, એમ કહેવુંજ પડશે. જીજાબાઇનો પ્રથમ પુત્ર શંભાજી પિતાની આજ્ઞા પ્રમાણે વર્તી પ્રાપ્ત થયેલી સ્થિતિમાં સંતોષ માની હમેશાં રાજાની સાથેજ રહેતો હતો, એ ઉપરથી પણ શિવાજી મહારાજ શાહજીરાજાને ઓછા પ્રિય હતા, એમ કોઇ કહે તો તે કહેવું અસત્યજ છે.

प्रकरण ४ थुं-शिवाजी महाराजनुं शिक्षण

મહાપુરુષ નિર્માણ થવાને માટે અનુકૂળ સ્થિતિ અને સુશિક્ષણની અંગત્ય હોય છે. શિવાજી મહારાજને એ બન્ને પ્રાપ્ત થયાં હતાં, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તેમનાં પ્રથમનાં દસ વર્ષ, માતા જીજાબાઇની સાથેજ વીત્યાં હતાં. મનુષ્યના મન ઉપર ઇષ્ટાનિષ્ટ સંસ્કાર પડવાને માટે એ વય અતિશય મહત્ત્વની હોય છે. એ વયમાં સદસદ્વૃત્તિનાં જે બીજારોપણ થાય છે; તે આગળ જતાં અનુકૂળ સંસ્કારોથી વિકસિત થવાનો દૃઢ સંભવ હોય છે. વૃત્તિવિકાસનું કાર્ય અત્યંત કોમળ હોય છે અને તે મુખ્યત્વે કરીને માતાપિતાના આચરણ ઉપર અવલંબન કરે છે. તેમાં વળી માતૃશિક્ષણનો પ્રવાહ વિશેષ હોય છે. માતાનો સ્વભાવ અને આચરણ જેવાં હોય છે, તેવાં તેની સંતતિમાં ઊતરવાનો ઘણો સંભવ છે. ગર્ભધારણ સમયથીજ એ શિક્ષણનો પ્રારંભ થાય છે, એમ કેટલાક શાસ્ત્રજ્ઞોનું કહેવું છે. તે સત્ય માનીએ તો જીજાબાઇ સગર્ભાવસ્થામાં હતાં ત્યારથી કેવી સંકટાવસ્થામાં હતાં અને તે અવસ્થામાં તેમના મનની વૃત્તિ કેવી હોવી જોઇએ, તે કોઇને પણ કહેવું પડશે નહિ! શિવાજી મહારાજના હૃદયમાં અતિ બાળવયથીજ યવનદ્વેષ એટલો બધો વિકાસ પામ્યો હતો, તેનું કારણ તપાસવા જતાં તેમની માતાનીજ મનોવૃત્તિ દ્વેષપૂર્ણ થઇ હતી, એમ જણાય છે. બાળરાજાનાં પ્રથમનાં દશ વર્ષ તો કેવળ ઘોર સંકટમાંજ વીત્યાં. જે યવનો તરફથી તેમને એવી સંકટમય સ્થિતિ પ્રાપ્ત થઇ, તે યવનો સંબંધી તેમના હૃદયમાં દ્વેષ અને તિરસ્કારવૃત્તિ સંપૂર્ણ રીતે વિકાસ પામે તેમાં આશ્ચર્ય પણ શું ? તેમાં વળી જીજાબાઇ જેવી અત્યંત સ્વાભિમાની, મહત્ત્વાકાંક્ષી, બુદ્ધિમાન અને અહર્નિશ પુત્રને એ સંબંધીજ બોધ કરનાર માતા સર્વદા સંનિધ રહ્યા પછી, તેમનો વૃત્તિવિકાસ જોઇએ તેવો થાય તેમાં પણ આશ્ચર્ય શું ?

જીજાબાઇનો જન્મ જે કુળમાં થયો હતો, તે એક સમયે દેવગિરિનો રાજવૈભવ ભોગવતું હતું. તેમનો રાજવૈભવ યવનોએ હરણ કરી લીધો ત્યારથી તે કુળને દરિદ્રતા અને પરવશતા પ્રાપ્ત થઇ હતી. તે કુળનાં મનુષ્યો પોતાને વીતેલી દુઃખદ વાર્તા સહસા ભૂલે નહિ અને જીજાબાઇ જેવી સ્વાભિમાની સ્ત્રીને તો તેની કદી પણ વિસ્મૃતિ

થાયજ નહિ, એ સ્વાભાવિક છે. નિજામશાહે વિશ્વાસઘાત કરી તેના પિતા અને બંધુનો વધ કર્યો હતો, તેથી યવનો પર તેને ક્રોધ થયો હતો; તેજ પ્રમાણે ભોંસલેના કુળનો રાજવૈભવ યવનોના પગ તળે નષ્ટ થયો, તે કુળના પુરુષોને નાસી જવું પડ્યું અને કેવળ કંગાલ સ્થિતિમાં સમય વ્યતીત કરવો પડ્યો, તે પણ જીજાબાઈ કદી ભૂલ્યાં નહોતાં. આગળ જતાં શાહજીરાજાએ સ્વબાહુબળ વડે યવનો સાથે કેટલોક સમય યુદ્ધ કરી પોતાના શરીરનું અપ્રતિમ ક્ષાત્રતેજ અને વિલક્ષણ શૌર્ય બતાવી આપી તેમને ચકિત કરી દીધા હતા; પરંતુ યવનોનું શૌર્યબળ પ્રચંડ હોવાથી શાહજીરાજાએ પરાજય પામી કેવળ નિરુપાયે પુનરપિ યવનોની તાબેદારી સ્વીકારી હતી. સ્વપતિનું એવું અલૌકિક પરાક્રમ જોઇને અને થોડો વખત સમરવિજયી થઇ એક યવનની બાદશાહી રાજાના તાબામાં આવ્યા છતાં અંતે તેમનો પરાજય થયો; એ સંબંધી વિચાર કરતાં જીજાબાઇના હૃદયમાં કેવી તીક્ષ્ણ વૃત્તિ ઉદ્ભવી હશે વારૂ? “ભોંસલેના કુળમાં શકપ્રવર્તક પુરુષ ઉત્પન્ન થઈ યવનોના ત્રાસમાંથી સર્વ હિંદુઓને મુક્ત કરશે” એવું ભવાની દેવીએ તેને જે વરદાન આપ્યું હતું તે વરદાન હવે સત્વર ખરૂં પડશે, એ આશા જીજાબાઈના હૃદયમાં કેટલીક વખત સ્ફુરણ થવા જેવી કૃતિ શાહજી રાજાને હાથે બનતી હતી; પરંતુ તેની ગતિ બીજેજ રસ્તે વળતાં પુનરપિ તેમને યવનોની તાબેદારી સ્વીકારવી પડતી. એ જોતાં તેને કેટલી નિરાશા થઇ હશે અને કેટલું કષ્ટ થયું હશે, તે કહેવાની આવશ્યકતા નથી.

એ શ્રદ્ધાળુ સ્ત્રીને સર્વદા એવો ભાસ થતો કે, પૂર્વજોનો ગતવૈભવ પોતાને પુનઃ પ્રાપ્ત થશે અને પોતાના કુળમાં શકકર્તા પુરુષ અવશ્ય ઉત્પન્ન થશે. શાહજીરાજાએ કરેલાં પરાક્રમો પરથી તે એમ બનવું અસંભવિત સમજતી નહોતી. યવનોએ ઉભય કુળનો રાજવૈભવ હરણ કર્યાથી પોતાને કેવી હીન સ્થિતિ પ્રાપ્ત થઇ છે, તે જીજાબાઈ પોતાના પુત્રને વખતોવખત કહેતાં હતાં અને શાહજીરાજાએ તે સમયે જે પરાક્રમ બતાવ્યું હતું, તેનું પુનઃ પુનઃ વર્ણન કરીને જીજાબાઈ શિવાજીના હૃદયમાં તેવુંજ પરાક્રમ કરવાની ઇચ્છા જાગૃત કરવાનો પ્રયત્ન કરતાં હતાં. હિંદુધર્મ પર દ્વેષ રાખી, તે ધર્મને માનનાર પ્રજાને ત્રાસ આપનાર, ક્રૂર અને વિશ્વાસઘાતી યવનોની સેવા કરી સંપત્તિવૈભવ ભોગવીને આનંદ કરવો એ નિંદ્ય અને વિપત્તિજનક છે, એવું જીજાબાઇ પુત્ર શિવાજીને અહર્નિશ કહેતાં હતાં. જીજાબાઈ દૃઢ ધર્મશીલ હોવાથી ઘરમાં હમેશાં ધર્મશાસ્ત્રનાં પુસ્તકો વાંચતાં હતાં. શિવાજી મહારાજને પણ બાલ્યાવસ્થાથીજ કથા સાંભળવાનો શોખ લાગ્યો હતો, તેથી બાલ્યાવસ્થામાંથીજ તેમના હૃદયમાં સ્વધર્મનું અભિમાન અને શ્રદ્ધા ઉત્પન્ન થયાં

હતાં. રામરાવણ, પાંડવકૌરવ વગેરેનાં યુદ્ધનાં વર્ણનો સાંભળતાંજ તેમનું શરીર કંપાયમાન થતું હતું અને સ્વમાતાના મુખથી પોતાના પૂર્વજોનું પરાક્રમ પુનઃ પુનઃ સાંભળવાથી તેજ પ્રમાણે વર્તન કરી, સ્વજીવનનું સાર્થક કરવું; એવી મહેચ્છા શિવાજી મહારાજ સમજણા થયા ત્યારથી તેમના હૃદયમાં ઉત્પન્ન થઇ દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગી હતી.

શિવાજી મહારાજ નાનપણથીજ બુદ્ધિમાન અને ચપળ હોવાથી તેમને જે કહેવામાં આવતું, તે તેઓ સારી પેઠે સમજીને યાદ રાખતા. જીજાબાઇનો સ્વભાવ ઘણો ધીર, ગંભીર અને અભિમાની હતો. શિવાજી મહારાજમાં માતાના સહવાસથી અને બોધથી માતાના ગુણો સંપૂર્ણ રીતે આવ્યા હતા. મહારાજ ઉત્તમ આચરણવાળા થાય, કુસંગતિમાં પડે નહિ, તેમ કોઇ દુર્વ્યસન કે એશઆરામ તેમને ઘેરે નહિ, એ સંબંધી જીજાબાઇ ઘણીજ કાળજી રાખતાં. જીજાબાઇએ મહારાજને બાલ્યાવસ્થાથીજ યુદ્ધોપયોગી કળા શીખવવાની વ્યવસ્થા કરી રાખી હતી. જીજાબાઇના એવા સુશિક્ષણથી મહારાજના શરીરમાં સાહસ, શૌર્ય, વીર્ય, ધૈર્ય, સદાચારપ્રીતિ, સ્વધર્મનિષ્ઠા વગેરે સદ્ગુણોનો વિકાસ ઉત્તમ રીતે થયો; પરંતુ મહારાજના હૃદયમાં એ સર્વ વૃત્તિ કરતાં એક વિશેષ મહત્ત્વની વૃત્તિ પ્રેમાળ માતાના બોધવડે ઉત્પન્ન થઈ ઉત્તરોત્તર વિકસિત થતી ગઇ અને તેના પ્રભાવ વડે મહારાજનું નામ જગતના ઇતિહાસમાં અજરામર થઇ રહ્યું છે. એ વૃત્તિનું નામ "સ્વાતંત્ર્યપ્રીતિ" છે. "મુસલમાનોના તાબેદાર થઇ પરતંત્રતામાં આયુષ્ય વ્યતીત કરી તેમના પર વિશ્વાસ રાખી એકનિષ્ઠા વડે અને પ્રમાણિકપણે ગમે તેટલી તેમની સેવા કરવામાં આવશે, તોપણ તેની કાંઇ પણ કદર થવાની નથી અને ખરૂં સુખ મળવાનું નથી," એવા વિચારની ગળથૂથી માતા જીજાબાઇએ શિવાજી મહારાજને સુવાવડમાંથીજ પાઈ હતી, તેથી પરતંત્રતાથી કેટલું નુકસાન થાય છે, કેટલો ત્રાસ અને વિપત્તિ ભોગવવાં પડે છે અને જીવન-રક્ષણ કરવામાં કેટલી અડચણો વેઠવી પડે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ શિવાજી મહારાજને બાળપણથીજ સારી પેઠે સમજાયો હતો. સ્વાનુભવ અને માતૃબોધ, એ બંનેના યોગ વડે, મહારાજના હૃદયમાં સ્વાતંત્ર્યપ્રીતિ સંપૂર્ણ રીતે ઠસેલી હોવાથી, તેમણે નાનપણથીજ એવો નિશ્ચય કર્યો હતો કે, પ્રાણ જતાં સુધી મુસલમાનોની તાબેદારી કરવી નહિ. એ નિશ્ચય પ્રમાણે શિવાજી મહારાજ કાર્યસિદ્ધિ કરવા પ્રવૃત્ત થયા ત્યારે તેમને દાદાજી કોંડદેવે પોતાના સંકલ્પથી વિમુખ થવા માટે અનેક પ્રકારનો બોધ આપ્યો હતો અને ઇતર ઉપાયો કર્યા હતા; પરંતુ જીજાબાઇએ એવા પ્રયત્ન કર્યાનું કોઈ પણ બખરમાં લખ્યું નથી. એથી સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે,

તેમના હૃદયમાં પ્રથમથી માતૃબોધ વડેજ સ્વતંત્ર રાજસત્તા સ્થાપવાની સ્ફૂર્તિ, આવેશ અને ઉત્સાહ ઉત્પન્ન થયાં હતાં, એમાં કાંઇ પણ શંકા નથી. વિજાપુરમાં નિવાસ હતો તે સમયે મહારાજે યવનો ઉપર પ્રથમજ તિરસ્કાર પ્રકટ કર્યાથી જીજાબાઇએ પતિની આજ્ઞા પ્રમાણે તેનો નિષેધ કર્યો હતો, એવું પાછલા પ્રકરણમાં લખ્યું છે. એ પરથી કોઈ કહેશે કે, યવનોની તાબેદારી સ્વીકારવી એવોજ જીજાબાઈનો મહારાજને બોધ હતો; પરંતુ એ કહેવું યોગ્ય નથી; કારણકે તેમનો અંતર્યામી ગમે તેવા વિચાર કરતો હશે, છતાં પતિની આજ્ઞા શિરસાવંદ્ય માની તે પ્રમાણે વર્તવું, એ સાધ્વી સ્ત્રીનો ધર્મ છે; એમ જાણીને જીજાબાઇએ તે પ્રસંગે શિવાજી મહારાજને બોધ કર્યો હતો; પરંતુ તેમના વિચારો તો સહજ પણ બદલાયા નહોતા. શિવાજી મહારાજ જેવા પરમ માતૃભક્ત અને અત્યંત બુદ્ધિમાન પુરુષને પણ સદ્‌ભાગ્યે જીજાબાઇ જેવાં પરમસાત્ત્વિક, ભાવિક અને સ્વાભિમાની તથા સ્વોત્કર્ષપ્રિય માતા પ્રાપ્ત થવાથીજ તેમના અતિ પ્રેમાળ બોધની અસર પુત્ર શિવાજીના મન ઉપર ઉત્કૃષ્ટ રીતે થઈ અને તેમને હાથે સર્વ જગતને ચકિત કરી નાખે એવાં અને હિંદુપ્રજાને મુસલમાનોના ત્રાસમાંથી મુક્ત કરાવે એવાં પરાક્રમો થયાં.

જીજાબાઈ પાસેથી શિવાજી મહારાજને કેવા પ્રકારનું શિક્ષણ મળ્યું તે અમે ઉપર લખ્યું છે. ઈ૦ સ૦ ૧૬૩૭ માં શાહજીરાજાએ દાદાજી કોંડદેવને મહારાષ્ટ્રની પોતાની જાગીરની વ્યવસ્થા કરવાનું કામ સમજાવી શિવાજી મહારાજને સોંપ્યા અને કહ્યું કે, એને યોગ્ય પ્રકારનું શિક્ષણ આપવું. તે સમયથી મહારાજને શિક્ષણ આપવાનું કાર્ય મુખ્યતઃ દાદાજી પાસે આવ્યું. તેમ છતાં માતાના સુશિક્ષણનો અંત આવ્યો હતો, એમ સમજવાનું નથી. તેમનો જીવ મહારાજમાંજ હતો. જીજાબાઈ એવુંજ જાણતાં હતાં કે, સર્વ આશાનું અને ભાવી ઉત્કર્ષનું મૂળ એ પુત્રજ છે. ઉભયકુળનો ગતવૈભવ યવનો પાસેથી પુનઃ ખેંચી લાવવાનું સામર્થ્ય શિવાજી મહારાજમાં આવશે, એવું તેમને જણાતું હતું; એટલુંજ નહિ પણ ભવાનીના વરદાનથી પોતાના કુળમાં એક શકપ્રવર્તક રાજા ઉત્પન્ન થશે, એવું પણ તે ભાવિક સ્ત્રીને લાગતું હતું. તેવો પુરુષ કદાચિત્ પોતાના એ પુત્રના રૂપમાંજ પ્રકટ થશે, એવું અનુમાન કરવા જેવાં કાંઇક ચિહ્નો અત્યારથીજ મહારાજના સ્વભાવમાં તેમને જણાતાં હતાં; તેથી તે સદા મહારાજમાં સદ્‌ગુણ અને સ્વધર્મ સંબંધી પ્રીતિ ઉત્તરોત્તર વૃદ્ધિ થવા પામે એવાજ યત્ન કરવાની કાળજી રાખતાં હતાં.

દાદાજી કોંડદેવ પાસેથી મહારાજને કયા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત થયું હતું, તે હવે લખવું જોઇએ. પ્રથમ તો આ સ્થળે એ પુરુષની

થોડીક ઓળખાણ આપવી અપ્રાસંગિક ગણાશે નહિ. દાદાજી[×] શાહજીરાજાની નોકરીમાં ક્યારથી રહ્યો હતો, તે જાણી શકાતું નથી; પરંતુ તે ઘણોજ બુદ્ધિમાન, વિચક્ષણ, પ્રમાણિક અને સ્વામીનિષ્ઠ છે, એવી ખાતરી થવાથી રાજાએ પૂના, સૂપા, બારામતી, ઇંદ્રાપુર, માવળ વગેરે મહારાષ્ટ્રની પોતાની જાગીરની વ્યવસ્થા કરવાનું કામ તેને સોંપ્યું હતું. તેણે પોતાના સ્વામીની નોકરી ઉત્તમ પ્રકારે બજાવી છે. મોગલ અને મુસલમાનો વચ્ચે દીર્ઘકાળ પર્યંત ચાલેલા કલહને લીધે એ પ્રાંત ઘણોખરો ઉજ્જડ જેવો થઇ પડ્યો હતો, તે ઉપરાંત મહારાષ્ટ્રમાં સન ૧૬૩૦–૩૧ માં ભયંકર દુકાળ પડ્યો, તેથી એ પ્રાંત લગભગ વેરાન થઇ ગયો હતો; તેમાં તેણે પુનઃ વસ્તી કરાવી તેને આબાદ કર્યો. ખેડૂતોને ઉત્તેજન આપવાના હેતુથી તેઓની જમીનની મહેસૂલ કેટલાંક વર્ષ સુધી માફ કરી. આસપાસનાં ગામોના ખેડૂતો એ પ્રાંતમાં આવીને જમીનો ખેડવા લાગ્યા. તેમ થવાથી જમીનની ઊપજ વધી અને ત્યાંની પ્રજા પણ સુખી થઇ. દાદાજીએ જમીનની સર્વે–માપણી કરીને સઘળે મલિકંબરના જેવી મહેસૂલી પદ્ધતિ શરૂ કરી. એ રીત એવી હતી કે, દર વર્ષે જે પાક ઉત્પન્ન થાય તે જોઇને અનુમાન કરી તે પર મહેસૂલ લેવાનું ઠરાવવું. એમ થવાથી લોકોને વધારે પાક ઉત્પન્ન કરવાની હોંશ થઇ. જમીન હમેશાં પોતાની પાસે રહેશે અને તેમાં વાવેતર કરવાથી જે કાંઈ ઉત્પન્ન થશે તેમાંથી નિશ્ચિંતપણે યોગ્ય ભાગ મળશે, એવી ખાતરી થવાથી તેઓ દાદાજીની વ્યવસ્થા નીચેના પ્રાંતમાં આવી સુખપૂર્વક રહેવા લાગ્યા.

એ સમયે માવળના માવળી લોકોની સ્થિતિ અતિ નિકૃષ્ટ હતી. રાતદિવસ ગમે તેટલું કષ્ટ વેઠવા છતાં તેઓને પેટ ભરીને અન્ન તથા જાડાંપાતળાં વસ્ત્ર મળવાનું પણ કઠિન થઈ પડ્યું હતું. એ લોકોને ઘણા ઉદ્યોગી અને વિશ્વાસપાત્ર જાણીને દાદાજીએ તેમની સ્થિતિ સુધારવા માટે વિશેષ પરિશ્રમ કર્યો. તેમને મહેસૂલની માફી

[×] પ્રો. સરકાર મુસલમાની બખરના આધારે જણાવે છે કે, વિજાપુર સરકારના સરદાર મુરાર જગદેવને શાહજીરાજાએ ઇ૦ સ૦ ૧૬૩૩માં મદદ કરી હતી, તેથી તેમને ચાકણના કિલ્લા પાસેના પૂના, સૂપા, ઈંદ્રાપુર અને વાઈ એ પરગણાં જાગીર તરીકે મળેલાં હતાં. આની વ્યવસ્થા કરવાનું કામ દાદાજીને સોંપવામાં આવ્યું હતું. ત્યાર પહેલાં આ ગૃહસ્થ હિંગણી, બેરડી, અને દેઉળ એ ગામના કુલકર્ણી તરીકે કામ કરતો હતો. આ ગામોનું પાટીલપણું માલોજી રાજાએ ખરીદેલું હોવાથી દાદાજીનું સઘળું આયુષ્ય ભોંસલેની નોકરીમાં ગયું હતું અને તેની કર્તવ્યનિષ્ઠા અને પ્રમાણિકતાની શાહજીરાજાને બરોબર ખબર હતી. આથીજ શાહજીરાંજાએ તેને ઉપરનું ભરૂંસાદાર કામ સોંપ્યું હતું.

આપી જમીનની ખેતી કરવાના કાર્યમાં ઉત્તેજન આપ્યું; પુષ્કળ મનુષ્યોને પોતાના સિપાઇની નોકરીઓ આપી, મહેસૂલ ઉઘરાવવી વગેરે કામો સોંપ્યાં. એકબે રૂપિયા પગાર અને થોડુંક લૂખું અનાજ તેમને પૂરતું થઇ પડતું. પહાડી પ્રદેશમાં વાઘવરૂનો ઉપદ્રવ વિશેષ હતો, તેનો નાશ કરવા માટે દાદાજીએ માવળા બરકંદાજ રાખી વાઘવરૂ મારી લાવે તેને ઇનામ આપવાની ગોઠવણ કરી; જેથી તે લોકોએ તે પ્રાંતમાંથી પુષ્કળ હિંસક પશુઓનો સંહાર કરી ઘણો ત્રાસ ઓછો કર્યો.

એ પ્રાંતમાં ઘણી ચોરીઓ થતી હતી, તેથી દાદાજીએ સ્થળે સ્થળે ચોકીપહેરા બેસાડી ચોરો માટે સખ્ત બંદોબસ્ત કર્યો. સારી ઉપજ થાય એવાં વૃક્ષો રોપવા અને બગીચા વધારવા તેણે લોકોને ઉત્તેજન આપ્યું, તેમ થવાથી જ્યાંત્યાં બાગબગીચા અને આંબાવાડિયાં વગેરે નિર્માણ થયાં. શાહજીરાજાના તાબાના કિલ્લા દુરસ્ત કરાવી ત્યાં રક્ષણને માટે ફોજ રાખી અને માવળી લોકોની એક પલટણ તૈયાર કરી. એ ધમાધમીના વખતમાં કોઇ કોઇનું ન માનતાં સૌ સ્વતંત્ર થઈ બેઠા હતા. બધા દેશમુખોને શાહજીરાજાના તાબામાં લાવતાં દાદાજીને બહુ પરિશ્રમ પડ્યો. પ્રસંગાનુસાર તેને સામ, દામ ભેદ અને દંડ દરેકની યોજના કરવી પડતી. આપસઆપસના ટંટા તેણે ચતુરાઇથી પતાવ્યા. તેના આ કાર્યની કલ્પના પ્રસિદ્ધ થયેલા કાગળપત્રો પરથી સારી રીતે થાય છે. આ રીતે દાદાજી કોંડદેવના પરિશ્રમને લીધે શાહજીરાજાની જાગીરની વ્યવસ્થા ઉત્તમ રીતે થઇ અને તેની ઉપજ પણ પુષ્કળ વધી. એ ઉપજમાંથી સિપાઇ, નોકર, કારકુન વગેરે મનુષ્યોને અપાતો પગાર તથા બીજો પરચુરણ ખર્ચ બાદ જતાં જે રકમ વધતી તે સર્વ દાદાજી પ્રમાણિકપણે વર્ષોવર્ષ શાહજીરાજાને પહોંચાડતો. એ વિશ્વાસુ કારભારીના પ્રમાણિકપણા સંબંધી એવી દંતકથા કહેવામાં આવે છે કે, દાદાજી એક દિવસ શિવાજી મહારાજને સાથે લઇ રાજાના એક બાગમાં ફરતો હતો. તે સમયે તેણે પોતાને હાથે એક પક્વ કેરી તોડી લીધી; પરંતુ તુરતજ તેના મનમાં આવ્યું કે, “એ કામ અયોગ્ય થયું છે, તેથી તેની મને પોતાનેજ શિક્ષા થવી જોઇએ.” તેમણે સાથેના નોકરોને કહ્યું કે, “જે હાથ વડે મેં કેરી તોડી છે, તે હાથ તમે ભાંગી નાખો.” એ સાંભળી શિવાજી મહારાજે કહ્યું કે, “તમારૂં કહેવું વાજબી નથી આ બાગ તમેજ બનાવ્યો છે, તમેજ તેના માલિક છો.” શિવાજી મહારાજે આ પ્રમાણે ના કહ્યા છતાં પણ દાદાજીએ પોતાની જાતને શિક્ષા કરી. પોતાના અંગરખાની એક બાંય તોડી નાખી અને તે અંગરખું તેણે મરણપર્યંત પહેર્યું.×

× રાયરીની બખરમાં એ દંતકથા તદ્દન જુદીજ રીતે પ્રકટ

દાદાજીનો કાર્યક્રમ જોતાં જણાય છે કે, તે ઘણો પ્રમાણિક અને સ્વામીકાર્યદક્ષ હતો. શાહજીરાજાએ તેને પોતાની જાગીરની વ્યવસ્થા કરવાનું સોંપ્યું, તે સમયે તે પુખ્ત વયનો અને ઘણો અનુભવી હતો. તેનું વર્તન પવિત્ર હતું. સ્વધર્મ પર તેને પૂર્ણ શ્રદ્ધા હતી. ધર્મનાં કાર્યો તે નિયમ પ્રમાણે કરતો હતો. તેની મનોવૃત્તિ એવી હતી કે, સ્વામીના કાર્ય માટે જીવતોડ મહેનત કરી, દક્ષતાપૂર્વક તથા પ્રમાણિકપણે વર્તી પોતાનો ઉત્કર્ષ કરવો. એવા પ્રમાણિક, ધર્મશીલ અને પાપભીરૂ પુરુષને પોતાનો પુત્ર સોંપવામાં શાહજીરાજાને કાંઇ પણ અડચણ હોય નહિ, એ સ્વાભાવિકજ છે. દાદાજીએ પણ પોતાના સ્વામીના સદ્‌ગુણી તથા શૂરવીર પુત્રનું અતિ પ્રેમપૂર્વક તથા દક્ષતાપૂર્વક લાલનપાલન કર્યું હતું.

શિવાજી મહારાજ અને જીજાબાઇને કોઇ પણ વાતની ઊણપ ન પડે તે માટે દાદાજી અંતઃકરણપૂર્વક કાળજી રાખતો. ક્ષત્રિયપુત્ર ક્ષાત્રકર્મમાં દક્ષ થાય તે માટે તેણે મહારાજને યુદ્ધકળા શીખવવાની ઉત્તમ વ્યવસ્થા કરી. શરીર બળવાન અને ચંચળ થવા માટે તે તેમને નિયમિત રીતે વ્યાયામ કરાવતો. જીજાબાઇએ શિવાજી મહારાજને એ પ્રકારનું શિક્ષણ આપવાનું પ્રથમથીજ આરંભ્યું હતું. દાદાજીએ તે શિક્ષણ દક્ષતાપૂર્વક આગળ ચાલુ રાખ્યું. એ શિક્ષણ ઉપરાંત શિવાજી મહારાજને વિદ્યાભ્યાસ પણ કરાવ્યો હતો. પ્રથમ જીજાબાઇએ વિદ્યાભ્યાસની વ્યવસ્થા કરી હતી.* પૂને ગયા પછી દાદાજીએ તે અભ્યાસ આગળ વધાર્યો. મહારાજને ઉર્દૂ તથા ફારસી ભાષા સારી પેઠે શીખવી હતી, એટલુંજ નહિ પણ તેમને થોડુંક સંસ્કૃત પણ શીખવ્યું હતું. એવું કહેવામાં આવે છે કે, મહારાજે કેટલાંક પદ અને

થઇ છે. તેમાં લખ્યું છે કે, એ કેરી દાદાજીએ એક કણબીના બગીચામાંથી તોડેલી હોવાથી તેમણે તે કણબીને પોતાનો હાથ ભાગવાનું કહ્યું; પરંતુ કણબીએ તે માગણી તરફ લક્ષ આપ્યું નહિ, તેથી દાદાજીએ તે હાથે ચામડાનું મોજું પહેરવા માંડ્યું. એ વાત જ્યારે શાહજીરાજાના જાણવામાં આવી, ત્યારે દાદાજીના પ્રમાણિકપણા પર તેમને ઘણોજ સંતોષ થયો અને દાદાજીને સાતસો હોન અને એક ખિલાત (ઝભ્ભો) ભેટ મોકલ્યાં તથા હાથમોજું પુનઃ વાપરવું નહિ એવું કહાવ્યું. તેજ પ્રમાણે જે ઘરખર્ચ થાય તે તેમની ઊપજમાંથી કરવાની પરવાનગી આપી.

* ચિટનીસકૃત બખરમાં જુઓ. શિવદિગ્વિજયમાંનું અત્યુક્તિરૂપ વર્ણન સત્ય માનીએ તો પૌરાણિક ક્ષત્રિયોમાં સર્વ વિદ્યા અને સર્વ કળા શીખવાનો રિવાજ હતો, તે પ્રમાણે શિવાજી મહારાજને સર્વ પ્રકારનું શિક્ષણ મળ્યું હતું, એમ કહી શકાશે.

આરતીઓ રચી છે, તેમાં ઉર્દૂ ભાષાના ઘણા શબ્દો છે.* દાદાજી સ્વતઃ ધર્મશીલ પુરુષ હોવાથી મહારાજનું મન પણ ધર્મ તરફ વળ્યું હતું. નિત્ય કથા અને પુરાણનું શ્રવણ કરવામાં આવતું, તેથી તેમના અંતઃકરણમાં સ્વધર્માભિમાન વિશેષ દૃઢ થયું હતું.

શિવાજી મહારાજને દાદાજી પાસેથી જે શિક્ષણ પ્રાપ્ત થયું તેમાં કાંઇ વિશેષત્વ નહોતું. જીજાબાઇએ પ્રથમથીજ એ પ્રકારનું શિક્ષણ આપવાની વ્યવસ્થા કરી હતી. દાદાજી પાસેથી મળેલું શિક્ષણ એથી જુદુંજ કતું. દાદાજી જમાબંધીના કાર્યમાં અતિ કુશળ હતો. તેની વ્યવસ્થા નીચેના પ્રાંતોની ઊપજ વધારવા માટે અને રૈયતને ખુશી રાખવા માટે, યોગ્ય લાગે તેવા ઉપાયો યોજવામાં તે પૂરો વાકેફગાર હતો. હાથ નીચેના લોકો સાથે ઉત્તમ રીતે વર્તીને તેમની પાસેથી ઇચ્છામાં આવે તે કામ કરાવી લેવામાં દાદાજી સિદ્ધહસ્ત હતો. ન્યાય અને સલાહના કાર્યમાં પણ તે બુદ્ધિમાન, નિષ્પક્ષપાતી અને નિઃસ્પૃહ હતો. તાબાની પ્રજાનું યોગ્ય રક્ષણ થાય અને તે આબાદ રહે, એવી યોજના યોજવા માટે તે 'અંતઃકરણપૂર્વક મહેનત કરતો. સ્વામીહિતનાં પ્રત્યેક

---

* રા. રાજવાડેકૃત મ. ઇ. શા. ખં. ૪ પૃ. ૭૪ જુઓ. એ વિદ્વાન ઇતિહાસ શોધકે, સરસ્વતીમંદિર વ. ૫ અં. ૫ માં "શિવાજીની સાક્ષરતા" એ નામનો લેખ લખી, મહારાજની નિરક્ષરતા સંબંધી ગ્રાન્ટ ડફનું વિધાન સર્વથા અસત્ય છે, એવું સિદ્ધ કર્યું છે. શિવાજી મહારાજના સમયના, તેમના પૂર્વે થઈ ગયેલા અને પછીથી થયેલા, ઘણા મરાઠા સરદારોને લખતાંવાંચતાં આવડતું હતું, એ તેમનું કહેવું સત્ય છે. આવો પુરાવો તેણે આપેલો છતાં પ્રો. સરકારને તે કબૂલ નથી અને શિવાજી નિરક્ષર હતા, એવો હઠાગ્રહ તેમણે પકડી રાખ્યો છે. રા. દેવ કહે છે કે, રામદાસ સ્વામીને લખેલા પત્રમાંનો પાછળનો થોડોક ભાગ મહારાજના હાથનો લખેલો હતો. એ વાત પ્રો. સરકારને વિશ્વસનીય લાગતી નથી. આ બાજુ પ્રસિદ્ધ થયેલા પત્રો વગેરે વાંચતાં તો એમ સાબિત થાય છે કે, શિવાજી મહારાજને તો શું પણ તેમનાં માતુશ્રી જીજાબાઇને, તેમના દાદાના બાપ બાબાજીને, તેમના દાદા માલોજીને અને તેમના પિતા શાહજીરાજાને પણ વાંચતાંલખતાં આવડતું હતું. મરાઠા એ ક્ષત્રિય હતા અને શૂદ્ર ન હતા, એટલી વાત ધ્યાનમાં રાખવી. સને ૧૬-૧૭-મા સૈકામાં કુલિન મરાઠાઓમાં સર્વત્ર લખતાંવાંચતાં શીખવાનો પરિપાઠ હતો; એટલુંજ નહિ પણ તેમાંના કેટલાક તો કવિ હતા. દ્રૌપદીસ્વયંવરના કર્તા આવચિસુત કાશી અને સિદ્ધાંતબોધના કર્તા શહામુનિ એ મરાઠા હતા. સાધુવર્ય તુકારામનું અધ્યયન અને કવિત્વ તો સર્વશ્રુત છે.

કાર્ય તે દક્ષતાપૂર્વક અને ચપળતાપૂર્વક કરતો. દાદાજી સર્વ કારભાર કેવી રીતે કરે છે, તે શિવાજી મહારાજ હમેશાં પાસે રહીને ધ્યાનપૂર્વક જોતા હતા. પ્રત્યેક બાબતની બારીક ખાતરી કરીને અગત્યનું વ્યાવહારિક જ્ઞાન સંપાદન કરવાની તેમને અતિશય હોંસ હતી. તેમનું ચોક્કસપણું એવું અમર્યાદ હતું કે, પાસેના મનુષ્યને તેઓ પ્રત્યેક બાબતમાં સેંકડો પ્રશ્નો પૂછી તેને ગભરાવી નાખતા. તેમનામાં એવી જિજ્ઞાસા અને ચોક્કસપણું હોવાથી દાદાજીનું પ્રત્યેક કાર્ય ચોક્કસપણે સમજી લેવાને તેઓ સર્વદા ઉદ્યુક્ત રહેતા. એકાદ વિષય બરાબર સમજાતો નહિ, તો તેમને ઘણુંજ દુઃખ થતું. શિવાજી મહારાજ દાદાજીને ઘણુંજ માન આપતા હતા. તેઓ અંતઃકરણપૂર્વક જાણતા હતા કે, દાદાજીની પાસેથી તેમના સર્વપ્રકારના અનુભવસિદ્ધ જ્ઞાનનો લાભ મેળવવો જોઇએ; પરંતુ દાદાજી સર્વ વાત તેમની સમક્ષ કરતા નથી, એવું જણાયાથી મહારાજે એક દિવસ તેમને સ્પષ્ટ રીતે કહ્યું કે, "હું નાનો છું તેથી શું થયું? પ્રત્યેક કાર્ય મને સમજાવીને કરવું. તમે મારા પિતાને સ્થાને છો. મને હોશિયાર બનાવવા માટે પિતાએ તમને સોંપ્યો છે. પ્રત્યેક કામની વ્યવસ્થા મને સમજાવીને કરશો નહિ, તો હું શી રીતે હોશિયાર થઇશ?" શિવાજી મહારાજની ઉત્સુકતા જોઇ દાદાજીએ પ્રત્યેક કામમાં તેમની સલાહ લેવા માંડી. મહારાજ પ્રત્યેક બાબતનો અંતઃકરણપૂર્વક વિચાર કરતા અને તે કાર્ય સંબંધી અનુભવી તથા ઠરેલ પુરુષ દાદાજીના હિતાહિત વિચારો એકચિત્તે સાંભળતા. કોઈ સમયે વિકટ કાર્યો સંબંધી તકરાર ઉપસ્થિત થતાં તે પર અભિપ્રાય કિંવા ન્યાય આપવાનું કામ કઠિન થઇ પડતું. દાદાજી પાસેથી એવા ભાંજગડના પ્રશ્નનો નિર્ણય કરી યોગ્ય ન્યાય આપવાનું શિક્ષણ શિવાજી મહારાજને અલ્પ વયમાંજ પ્રાપ્ત થયું હતું. તેમની ધૈર્યશક્તિ અને કુશાગ્રબુદ્ધિ અલૌકિક હોવાથી ગમે તેવું વિકટ કાર્ય હોય, તોપણ તેમાં વિજય મેળવવામાં અને તે લક્ષમાં રાખીને તેમાંથી ગુણ ગ્રહણ કરવામાં દાદાજીને કાંઇ પણ કઠિનતા જણાતી નહિ.

જમાબંધીની સુવ્યવસ્થા કેવી રીતે કરવી, પ્રજાને કેવી રીતે સુખી રાખવી, ખેડૂતોને ઉત્તેજન આપી જમીનની ઉપજ કેવી રીતે વધારવી, ઘોડા વગેરે જાનવરોની સંભાળ કેવી રીતે લેવી, સિપાઇ વગેરે નોકરો કેવી પરીક્ષા કરીને રાખવા, નોકરોને ખુશી રાખી તેમની પાસેથી અગત્યનાં કામો કેવી રીતે કરાવવાં, પાગા અને લશ્કરની વ્યવસ્થા કેવી રીતે રાખવી, વગેરે બાબતનું જ્ઞાન મહારાજને દાદાજી પાસેથી નાનપણથીજ સારી પેઠે મળ્યું હતું. એ અનુભવ અને જ્ઞાન આગળ જતાં કેવું ઉત્તમ પ્રકારે પરિપક્વ થયું અને તે દ્વારા કેવાં કાર્યો ઉદ્દ્ભવ્યાં તે સર્વ જગતને વિદિતજ છે.

તેમને યવનદ્વેષની ગળથૂથી પ્રિય માતા જીજાબાઇએજ પાઈ

હતી, એ ઉપર લખ્યું છે. પ્રાણ જતા સુધી સ્વધર્મના દ્વેષી મુસલમાનોની તાબેદારી કરવી નહિ, તેમનું અન્ન ખાવું એ વિષ ખાવાતુલ્ય છે અને સ્વરાજ્ય સ્થાપન કરી હિંદુપ્રજાને તેમના ત્રાસમાંથી મુક્ત કરવાનો અંતઃકરણપૂર્વક યત્ન કરવો, વગેરે બહાદુરીના વિચારો તેમના હૃદયમાં નાનપણથીજ ઉદ્‌ભવી ઉત્તરોત્તર દૃઢ થયા, તે મુખ્યતઃ તેમની માતાના શિક્ષણને લીધેજ હતું. એ સંબંધી સર્વ શ્રેય જીજાબાઇનેજ આપવું જોઇએ.

દાદાજી કોંડદેવના મનમાં એવા વિચાર ઉત્પન્ન થવાનો કાંઇ પણ સંભવ નહોતો. તે એટલી દીર્ઘદૃષ્ટિનો પણ નહોતો. જેની કૃપાથી પોતાના સ્વામીને એ જાગીર મળી છે, તેની સાથે નમ્રતાથી વર્તી, તેની અવકૃપા ન થવા માટે કાયા, વાચા અને મનપૂર્વક નોકરી કરવી અને કોઇ પણ રીતે જાગીરતું સંરક્ષણ કરવું, એજ આપણું કર્તવ્ય છે; એજ તે વિશ્વાસુ અને સરળ મનના પુરુષને યોગ્ય લાગતું હતું. સ્વામીની જાગીર વધારવા માટે સાહસ કરી, યવનના ક્રોધને પાત્ર થવાનો વિચાર તેના મનમાં કદી પણ આવ્યો નહોતો, એ સ્પષ્ટજ છે.

મહારાજને અને જીજાબાઇને દાદાજી કોંડદેવ સાથે છેલ્લી વખત વિજાપુરથી પૂને મોકલી દીધા પછી મહારાજે દાદાજીને પોતાનો સંકલ્પ કહી સંભળાવ્યો કે, “પિતાએ મુસલમાનોની તાબેદારી સ્વીકારી સંપાદન કરેલી ધનસંપત્તિ ઉપર નિર્વાહ કરવો, એ મને યોગ્ય લાગતું નથી. પોતાના પરાક્રમથીજ નવીન સંપત્તિ મેળવવાનો મારો દૃઢ નિશ્ચય છે. મારે હાથે કાંઇ નવીન સંપત્તિ પ્રાપ્ત કરીશ, ત્યારેજ ભોંસલેના કુળમાં જન્મ લીધાનું સાર્થક થશે. પુરુષોએ પોતે પ્રાપ્ત કરેલું અન્ન ગ્રહણ કરવું, એમાંજ પુરુષાર્થ છે. દૈવ ઉપર ભરોસો રાખી બેસવું, એ સર્વથા યોગ્ય નથી. દૈવ એ પંગુ છે. પુરુષોએ સ્વપ્રયત્ન વડે તેને નિર્બળ કરવું જોઇએ. મુસલમાનોએ આપણા હિંદુઓની સ્વતંત્રતા લૂંટી ગોબ્રાહ્મણ અને ક્ષત્રિય આદિને અનેક પ્રકારનો ત્રાસ આપ્યો છે, તેમજ ચારે દિશામાં હિંદુધર્મની ગ્લાનિ થતી જાય છે. અનિષ્ટ કાર્ય બંધ પાડી સ્વતંત્રતાની પુનઃ સ્થાપના કરવા માટે તન, મન અને ધનપૂર્વક ઉદ્યોગ આરંભવાનો મેં નિશ્ચય કર્યો છે. એ સત્કાર્યની સિદ્ધિ માટે પ્રયત્ન કરતાં સર્વસ્વ નાશ થાય અને સ્વપ્રાણ વેચવા પડે, તોપણ તેની મને ચિંતા નથી. મારૂં આયુષ્ય આજપર્યંત નિરર્થક ગયું, તેનો હવે ઉપાય નથી; પણ હવે પછી મફતના માલ ઉપર તાગડધિન્ના કરી પ્રાપ્ત થયેલી સ્થિતિમાં સંતોષ માની લેવામાં કાંઇ સાર નથી.” શિવાજી મહારાજનો એ સંકલ્પ દાદાજીએ જાણ્યો ત્યારે તેણે તેમને એ કાર્યથી નિવૃત્ત કરવાના ઉદ્દેશથી ઉપદેશ કર્યો કે, “તમે મનમાં ધારેલો ઉદ્દેશ

પરિપૂર્ણ થવો પરમદુર્ઘટ છે. સર્વ પ્રદેશ મુસલમાનોએ જીતી લીધો છે. સર્વ કિલ્લા અને થાણાં હસ્તગત કરી ત્યાં તેમણે પોતાનું લશ્કર રાખ્યું છે. તમારા પિતાએ સંપાદન કરેલી સંપત્તિનું તમે રક્ષણ કરશો તોજ પૂરતું છે. નવીન સંપત્તિ સંપાદન કરવા માટે પ્રયત્ન કરવા જતાં યવનો સાથે વિરોધ થશે. તમારા પિતાએ જે સંપત્તિ મેળવી છે, તે હાથમાંથી જતી રહેશે. તમારા પિતાના તથા તમારા પ્રાણ સંકટમાં નાખશો. તમારા પિતા કાંઇ ઓછા પરાક્રમી નથી; પરંતુ પ્રબળ યવનો આગળ તેમનું કાંઇ ચાલ્યું નહિ અને અંતે તેમની તાબેદારી સ્વીકારવી પડી; એ બાબતનો સારી પેઠે વિચાર કરો. અવિચારી કૃત્ય કરશો નહિ.” દાદાજીના આ ઉપદેશ ઉપરથી તેના વિચારો અને તેને કયું કર્તવ્ય પસંદ હતું, એ સ્પષ્ટ રીતે જણાય છે.

શિવાજીમહારાજે સંકલ્પ પ્રમાણે સ્વરાજ્ય સ્થાપવાનો ઉદ્યોગ આરંભી વિજાપુર સરકારના પ્રદેશમાં તોફાન શરૂ કર્યાં, ત્યારે દાદાજી ઘણોજ ગભરાયો. તેણે મહારાજને કહ્યું કે, “ તમે જે કર્તવ્ય કરવા માંડ્યું છે, તે સર્વથા અનિષ્ટ છે. એવું કરવાથી તમને અને તમારી જાગીરને અવશ્ય નુકસાન થશે, યવનોની ચાર બાદશાહી ચારે દિશામાં પ્રબળ થઇ રહી છે. તેમના આગળ તમારૂં સામર્થ્ય શા હિસાબમાં છે ? એવા ઉપદ્રવથી તમારા પિતાને વિનાકારણે વિપત્તિમાં નાખશો. તેઓ પોતાની નોકરી ઉપર છે. તમારા કર્તવ્યથી આદિલશાહ બાદશાહનો ક્રોધ તેમના પર થશે અને તેમને ભારે શિક્ષા કરશે. તમે તમારી જાગીર છોડીને ઉથલપાથલમાં ગૂંથાશો તો પિતાએ પ્રાપ્ત કરેલી સંપત્તિ અવિચારીપણામાં ગુમાવી દેવા માટે તમારી અપકીર્તિ થશે. વિજાપુર સરકાર સાથે પ્રમાણિકપણે વર્તન કરી પિતાની સંપત્તિ સાચવી રાખશો તો તમારૂં કલ્યાણ થશે.” દાદાજીનો આવો નિરાશાજનક ઉપદેશ સાંભળવા છતાં મહારાજનું મન જરા પણ ચલિત થયું નહિ.

એવું કહેવામાં આવે છે કે, “શિવાજી મહારાજને નમ્રતાપૂર્વક કાલાવાલા કરીને તેમના હિતનો ઉપદેશ આપવા છતાં તેઓ સન્માર્ગે વળતા નથી, ત્યારે હવે શું કરવું?” એજ વિચારોમાં પ્રમાણિક દાદાજીને ચિંતાજ્વર ઉત્પન્ન થયો. “પોતાના સ્વામીએ એ બાળક મને સોંપી તેને સદ્વર્તનશીલ બનાવવાનું કહ્યું છે, પણ તે તો સ્વચ્છંદપણે વર્તી સ્વામી ઉપર સંકટ લાવશે અને તેથી તેનો અપયશ છેવટે પોતાને માથે ચોંટશે. મેં પાસે રહેવા છતાં તેમને એવી વર્તણૂંક ચલાવવા દીધી તે માટે મને ઠપકો મળશે અને આજ પર્યંત પ્રમાણિકપણે બજાવેલી સેવા ઉપર પાણી ફરી વળશે!” દાદાજીના મનમાં એવા વિચારો આવવાથી તે ઝૂરવા લાગ્યો અને તેનું શરીર ક્ષીણ થવા લાગ્યું; એટલુંજ

નહિ પણ તેજ ચિંતામાં ને ચિંતામાં તેનું વહેલું અવસાન થયું. ×

પોતાના ઉપર કાંઇ પણ દોષ આવે નહિ, એ વિચારથી દાદાજીએ ટૂંક હકીકત શાહજીરાજાને લખી જણાવી અને વિનંતી કરી કે, "મેં પ્રમાણિકપણે યથામતિ આપની અહીંની જાગીરોની વ્યવસ્થા અને રક્ષણ આજપર્યંત કર્યું છે. આપના પુત્ર હવે મનમાં આવે છે તેમ સ્વચ્છંદપણે વર્તે છે; તેથી ભવિષ્યમાં આવી પડનાર દુષ્પરિણામનું કલંક મારા ઉપર ન આવે તે માટેજ આપને સવેળા લખી જણાવ્યું છે. આપને યોગ્ય લાગે તેવો બંદોબસ્ત કરશો." શાહજીરાજાએ દાદાજીનો પત્ર વાંચવા છતાં જોઇએ તેવો બંદોબસ્ત કર્યો નહિ, તેનું કારણ સ્પષ્ટજ છે કે, એ સમયે શાહજીરાજાના મનમાં પણ સ્વરાજ્ય સ્થાપવાનો વિચાર ઘોળાતો હતો. તે સંબંધી યોગ્ય સ્થળે લખવામાં આવ્યું છે. તાત્પર્ય એ છે કે, મહારાજના મનમાં સ્વરાજ્ય સ્થાપવાનો વિચાર દાદાજી કોંડદેવના શિક્ષણથી યત્કિંચિત્ પણ ઉત્પન્ન થયો નહોતો; પણ તેમના એ વિચાર વિરુદ્ધ તેણે મહારાજને વારંવાર ઉપદેશ કર્યો હતો. વળી એ શિષ્ય ઢચુપચુ વિચારનો હોત તો ગુરુનો બીકણ ઉપદેશ સાંભળી પ્રાપ્ત થયેલી સ્થિતિમાંજ સંતોષ માની શાંત થયો હોત; પરંતુ મહારાજનું તેજસ્વીપણું વિલક્ષણ હોવાથી, અંગીકૃત કાર્યનું મહત્ત્વ અને તેની સિદ્ધિ કરવા માટે જરૂર પડતાં સાધનનું જ્ઞાન તેમના મનમાં સંપૂર્ણ રીતે ઠસેલું હોવાથી, તેઓ એ કાર્યથી કિંચિત્ પણ વિમુખ થયા નહિ! માતૃબોધનું પરિણામ કેવું વિલક્ષણ હોય છે તે જુઓ! માતૃમુખમાંથી નીકળેલો પ્રેમાળ અને મધુર એક શબ્દ દસસહસ્ર ઉપદેશકોનાં પુષ્કળ વ્યાખ્યાનો કરતાં પણ વિશેષ છે, એ કહેવતની સત્યતા શિવાજી મહારાજના જીવનચરિત્રમાંથી જણાઇ આવે છે.

શિવાજી મહારાજ દાદાજીના ઉપદેશ પ્રમાણે વર્ત્યા નહિ, તે પરથી એવું સમજવાનું નથી કે, સર્વ બાબતમાં તેઓ ઉદ્ધતાઇથી વર્તતા

× મરાઠી સામ્રાજ્યની બખરમાં લખ્યું છે કે, દાદાજીને જે હૃદ્રોગ (ચિંતાજ્વર) ઉત્પન્ન થયો હતો, તે અસહ્ય હોવાથી તેણે વિષ ખાઇને આપઘાત કર્યો. તવારીખ–ઈ–શિવાજીમાં પણ એવોજ ઉલ્લેખ છે. આ યવની બખરમાં એવો ઉલ્લેખ છે કે, શિવાજી મહારાજ ૧૬ વર્ષના હતા. તે વખતે દાદાજીનું મૃત્યુ થયું. એવું લખાણ પણ મળી આવે છે કે, તે ઇ. સ. ૧૬૪૭ના ઓકટોબર મહિનામાં મરણ પામ્યો. ભા૦ ઇ૦ સ૦ મં૦ અ૦ શકે ૧૮૩૫ અંક ૫૩ પરથી એમ કહી શકાય કે, શિવાજી મહારાજે તોરણાનો કિલ્લો લીધો (૧૬૪૬) અને રાજગઢ પર ત્રણ માંચી બાંધી (૧૬૪૫) તે વખતે દાદાજી હયાત હતો; પણ આ બંને કારસ્થાનમાં તેનો ભાગ હોવાનો ઉલ્લેખ ક્યાંયે નથી.

હતા. પોતાના ગુરુ દાદાજીને તેઓ પિતા સમાન માન આપતા હતા. તેઓ તેની સાથે હમેશાં નમ્રપણે વર્તતા અને તે જે કાંઇ કાર્ય સોંપતા તે અંતઃકરણપૂર્વક કરતા હતા અને તેને પિતાનો વિશ્વાસુ નોકર જાણી તેના પર સ્નેહ રાખતા હતા. મહારાજનાં ઉદ્ધત-સાહસિક કૃત્યો ઉપદેશથી અટકાવાતાં નથી, એમ જાણીને તેમની વધતી જતી શૌર્યતા અને તેજસ્વીપણાને કોઇક બીજે માર્ગે વાળવાની ઇચ્છાથી દાદાજીએ તેમની સાથે ગામેગામ ફરીને જમીનમહેસૂલ વગેરેની વ્યવસ્થા બતાવવા માંડી. દાદાજીએ પોતાનો ઘણોખરો કારભાર તેમને સોંપી મહારાજનો ઘણો સમય તેજ કાર્યમાં વ્યતીત થાય, એવું કરવા માંડ્યું. તેઓ પણ તે કામ ઉત્સાહપૂર્વક અને બુદ્ધિપૂર્વક કરતા હતા; તેમ છતાં તેમણે પોતાના સંકલ્પનો ત્યાગ કર્યો નહિ. ઊલટું એવું બન્યું કે, મહારાજને જાગીરમાંના દેશમુખ, દેશપાંડે, દરકદાર, કારકુનો વગેરે સાથે ઓળખાણ થઇ, પ્રત્યક્ષ સંબંધ થયો અને સ્વતંત્રપણે કારભાર ચલાવવાની શક્તિમાં વધારો થયો.

પોતાની યુક્તિ નિષ્ફળ થયેલી જોઇ દાદાજીને વિશેષ દિલગીરી થઇ. ભવિષ્યમાં શું થશે, તેની વિશેષ ચિંતા થવાથી શરીર લથડી ગયું. શરીર વ્યાધિગ્રસ્ત થવાથી તે માંદગીની પથારીએ પડ્યો. એ સમયે જીજાબાઇ અને શિવાજી મહારાજે તેની સેવા-શુશ્રૂષા ઉત્તમ પ્રકારે કરી. મહારાજ હમેશાં દાદાજીની પથારી આગળ બેસી રહેતા. જેણે જે ઔષધો બતાવ્યાં તે કરી જોયાં; પરંતુ કોઇ ઔષધથી ગુણ લાગ્યો નહિ. દાદાજીનો અંતસમય પાસે આવી પહોંચ્યો, ત્યારે તેણે પોતાના તાબાનો સર્વ ખજાનો વગેરે મહારાજને સોંપી દીધો. કિલ્લા, કોટ, પાગા, લશ્કર વગેરેની વ્યવસ્થા કેવી રીતે રાખવી, તાબાનાં નાનાંમોટાં મનુષ્યો સાથે કેવી રીતે વર્તવું અને તેમની પાસેથી કયાં કયાં કાર્યો કેવી રીતે કરાવવાં, વગેરે બાબત તેમણે મહારાજને સારી પેઠે સમજાવી દીધી. કારકુન, દરકદાર, કામદાર અને ઇતર નોકરવર્ગને પોતાની પાસે બોલાવી શાહજીરાજાની નોકરી પ્રમાણિકપણે અને દક્ષતાપૂર્વક કરવાની શિખામણ આપી. મહારાજના અને તેમના હાથ, હાથમાં લઇને કહ્યું કે, "એમને આજથી તમારા સ્વામી સમજી એમની આજ્ઞા પ્રમાણે વર્તજો. કોઇ પણ પ્રકારે એમને ઓછું આવવા દેશો નહિ." એ કાર્ય પૂર્ણ થયા પછી તેણે મહારાજને પોતાની પાછળ પોતાની સંતતિ તથા કુટુંબનું પાલનપોષણ કરવાની ભલામણ કરી અને છેવટે એવી ઇચ્છા દર્શાવ્યાનું કહેવાય છે કે, "તમે સ્વરાજ્ય સ્થાપી, ગોબ્રાહ્મણ અને સ્વધર્મનું રક્ષણ કરવાનો સંકલ્પ કર્યો છે, તે કાર્યમાં ઇશ્વરકૃપાથી તમને યશ મળશે અને તમે જગતમાં કીર્તિ તથા ધન્યવાદ મેળવશો, એવી મને સંપૂર્ણ આશા છે." એ પછી

તે પ્રમાણિક, સ્વામીભક્ત અને એકનિષ્ઠ પુરુષે પ્રાણ તજ્યા. મરણસમયે તેનું વય સિત્તેર વર્ષનું હતું.

શિવાજી મહારાજને જીજાબાઇ અને દાદાજી પાસેથી જે પ્રકારનું શિક્ષણ મળ્યું હતું, તે ઉપરાંત બીજા પ્રકારનું શિક્ષણ વિજાપુરમાં પિતૃસમાગમથી પ્રાપ્ત થયું હતું. વિજાપુર દરબારમાં શાહજીરાજાનો પ્રભાવ હોવાથી ઘણા સરદારો સાથે તેમને સંબંધમાં આવવું પડતું હતું. આથી દરબારની નીતિ, અમીરઉમરાવોનું વર્તન, રાજકારભારની પદ્ધતિ, જુદાં જુદાં સરકારીખાતાંની વ્યવસ્થા વગેરે વિષયોનું જ્ઞાન મહારાજે ધૈર્ય રાખી પૂર્ણ ઉત્સાહથી સંપાદન કર્યું હતું. સમાગમમાં આવનાર મનુષ્યોને એ વિષય સંબંધી અનેક પ્રશ્ન પૂછી તે સંબંધી જેટલું જ્ઞાન હોય તેટલું મેળવવાનો નિત્યક્રમ ચાલુ રાખ્યો હતો. વિજાપુરમાં નિવાસ કર્યો તે સમયે તેમણે પોતાની એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવી નહોતી. લશ્કરની વ્યવસ્થા, પાયગાનો બંદોબસ્ત તથા દારૂગોળાની અને બંદૂકતોપોની વ્યવસ્થા કેવા પ્રકારે રખાય છે, તે તેઓ પુનઃ પુનઃ તપાસતા અને તે સંબંધી મોટા મોટા અનુભવી પુરુષોને નાના પ્રકારના પ્રશ્નો પૂછી તેનો સારાંશ પોતાના મનોગ્રંથમાં ચોક્કસ રીતે લખી રાખતા હતા. પોતાનો પુત્ર આવો બુદ્ધિમાન અને ચતુર છે તેમજ તેને ઉત્તમ વિષયોનો શોખ છે, એમ જાણી શાહજીરાજાને ઘણો સંતોષ થતો. પુત્રની એ સંબંધી ઇચ્છા પરિપૂર્ણ કરવામાં પિતાએ જરા પણ કસર કરી નહોતી. દરબારના કારભારીઓ સાથે સલાહમસલત ચાલતી તે સમયે શાહજીરાજા શિવાજી મહારાજને પાસે રાખતા અને દરબારમાં જતી વખતે તેમને પોતાની સાથે લઈ જતા. એમ થવાથી મહારાજને પુષ્કળ વાતો સાંભળવાની અને જોવાની તક મળતી. મહારાજની ગ્રાહકશક્તિ અને સ્મરણશક્તિ અપ્રતિમ હોવાથી ભવિષ્યમાં એ વાતોથી અમૂલ્ય લાભ થયો. પિતૃસમાગમથી તેમને અત્યંત અગત્યનું જ્ઞાન પ્રાપ્ત થયું, તેમજ તેમના મનમાં યવનદ્વેષ પણ સંપૂર્ણ રીતે વિકસિત થયો.

તુકારામ, રામદાસ વગેરે સાધુપુરુષોએ તેમના સંબંધી સ્તુતિજનક ઉદ્ગાર કાઢ્યા છે; તે પરથી અનુમાન થાય છે કે, તેમણે ઘણો વિદ્યાભ્યાસ કર્યો હોવો જોઇએ; પરંતુ મહારાજનું જીવનચરિત્ર લખનારને એ પ્રકારનું શિક્ષણ વિશેષ મહત્ત્વનું જણાયું નથી; એ નિર્વિવાદ છે. ગ્રંથવાચનથી પ્રાપ્ત થયેલા જ્ઞાન કરતાં વ્યાવહારિક જ્ઞાનનું તેજ ક્વચિત્ પ્રખર હોય છે, એ પણ મહારાજના ઉજ્જ્વલ ચરિત્ર પરથી જગતને સ્પષ્ટ જણાઇ આવ્યું છે અને ઇતિહાસલેખકો તેમની એ તેજસ્વિતામાં અંજાઇ જવાથીજ ઇતર વિષય સંબંધી તદ્દન ચૂપ રહ્યા છે, તેમાં કાંઇ આશ્ચર્ય નથી.

प्रकरण ५ मुं–स्वराज्य–स्थापनानी सिद्धता

વિજાપુરથી પાછા આવતાંજ મહારાજે સત્સંકલ્પ કર્યો કે, "મુસલમાનોની મહા ક્લેશપ્રદ તાબેદારી વેગળી ફેંકી દઇ સ્વતંત્ર રાજ્ય સ્થાપન કરવું, તેમની સત્તામાંથી સ્વધર્મીઓની મુક્તિ કરવી અને સ્વધર્મ ભ્રષ્ટ કરનારા યવનોને સ્વદેશમાંથી હાંકી મૂકવા." એ સંકલ્પાનુસાર તેમણે પ્રારંભમાં શું કર્યું, તેનું વર્ણન ઉપલબ્ધ બખરોમાંથી લખવા જેવું મળી આવતું નથી. કોઇ કોઈ સ્થળેથી થોડું-ઘણું જે કાંઇ મળી આવે છે, તેનું વ્યવસ્થિત વર્ણન આ સ્થળે પ્રકટ કરવામાં આવે છે.

પૂને પાછા આવ્યા પછી શિવાજી મહારાજે પોતાની સઘળી જાગીર પ્રત્યક્ષ જોવાનું બહાનું કાઢી આસપાસના પહાડી પ્રદેશોમાં લાગલાગટ ફરવા માંડ્યું. તેમણે અનુભવી મનુષ્યોને સાથે રાખીને અને જુદાં જુદાં ગામોનાં મનુષ્યો સાથે નવીન સ્નેહ બાંધીને તેમની સહાયતા વડે નજીકનાં ઘણાંખરાં સ્થળોનું અને કિલ્લાનું ઉત્સાહપૂર્વક અવલોકન કરી પ્રત્યેક કિલ્લાના એકેએક ગુપ્ત માર્ગ તથા પહાડપર્વતના વિકટ રસ્તા જોઇ લીધા. તેમની એ સ્થળો જોવાની એટલી બધી ઉત્કંઠા જોઇ સાથેનાં મનુષ્યોને આશ્ચર્ય લાગતું. ટાઢ કે વરસાદ, વિકટ ચઢાવ કિંવા હિંસક પશુઓની બીક કે દરકાર જરા પણ નહિ કરતાં અલ્પવયનો રાજપુરુષ કષ્ટ સહન કરનાર ખડતલ જંગલી મનુષ્ય પેઠે જંગલેજંગલ અવિશ્રાંતપણે ભ્રમણ કરતો હોવાથી તેમને મહારાજમાં અત્યંત ચમત્કારિકપણું જણાય, એ સ્વાભાવિકજ છે; પરંતુ જે પુરુષ ભવિષ્યમાં મરણપર્યંત દોડધામ કરનાર હતો તેને એવો અનુભવ લેવાની અગત્ય હતી, તે એ બિચારાઓના લક્ષમાં ક્યાંથી આવે? તે જે પ્રાંતમાંથી પોતાની ચળવળનો આરંભ કરવાના હતા, તે પ્રાંતનું યથાસ્થિત અવલોકન કરતી વખતે તેમણે એક બીજી સુવ્યવસ્થા સતત કરવા માંડી હતી. એ સંબંધી પૂછવામાં આવે તો એટલુંજ કહેવું જોઇએ કે, 'મનુષ્યોની અનુકૂળતા.'

જે મનુષ્ય શિવાજી મહારાજના સમાગમમાં આવતું તેની સાથે સ્નેહસંબંધ બાંધી તેને વશ કરી લેવાની કળામાં મહારાજ સિદ્ધહસ્ત હતા. ગમે તેવો મનુષ્ય હોય તોપણ તે મહારાજ સાથે થોડો સમય

વાતચીત કરતાંજ તેમના પર મોહ પામી જતો. એ અપ્રતિમ કળા તેમણે નાનપણથીજ સાધ્ય કરેલી હોવાથી, મુખ્યતઃ અંગીકૃત કાર્યમાં તેમને ઉજ્જ્વલ યશ પ્રાપ્ત થતો હતો. મહારાજ પોતાના તાબાના પ્રત્યેક મનુષ્ય સાથે અતિ પ્રેમપૂર્વક મધુર સંભાષણ કરતા હતા. પોતાની સાથે સમાગમમાં આવનાર મનુષ્ય સાથે વર્તન કરતી વખતે આપણે શ્રેષ્ઠ અને તે કનિષ્ઠ એવો સહજ પણ આભાસ થાય નહિ, એની તેઓ સર્વદા સાવચેતી રાખતા હતા. તેના પર કંઈ સંકટ કિંવા વિઘ્ન આવતાંજ તેઓ અતિ સ્નેહપૂર્વક પોતાનાથી બની શકે તેટલી સહાયતા કરવાને સદા તત્પર થતા અને પોતાના તાબાનાં મનુષ્યોને પૈસાની અડચણ પડતી, તે વખતે તેમને મદદ કરવામાં પણ પાછા હઠતા નહિ.

મહારાજનો સ્વભાવ ઉદાર હોવાથી ઘણા પૈસા ખર્ચાવા લાગ્યા. આ જોઈ દાદાજીએ એક દિવસ કહ્યું કે, "આપ માલિક છો. આપ કોઇને કાંઇ આપવાનું કહો છો ત્યારે અમારે તેમને આપવુંજ પડે છે; પરંતુ આપને જે વર્ષાસન નક્કી કરી આપ્યું છે; તેથી વિશેષ ખર્ચ થાય અને આપના પિતાને ખર્ચવા માટે જે રકમ મોકલવામાં આવે છે, તેમાં કાંઇ ઓછું થાય તો વિનાકારણ તેમના તરફથી મને ઠપકો મળે; માટે વધારે ખર્ચ કરવાની આપે તેમની પરવાનગી મંગાવવી એટલે પછી મને અડચણ નથી." એ સાંભળતાંજ મહારાજે ઉત્તર દીધો કે, "તમને તેની શી પંચાત? અધિક ખર્ચ થશે તેની હું પિતાની પાસેથી પરવાનગી મંગાવી લઇશ." એ સાંભળી દાદાજી સ્તબ્ધ થઇ ગયો. તે બિચારાને મહારાજના ભવિષ્યની કલ્પના ક્યાંથી આવે? મહારાજે પોતાના તાબાના મનુષ્યોનો નિઃસીમ પ્રેમ સંપાદન કરી તેમને હાથે ભવિષ્યમાં મહત્ કાર્ય સિદ્ધ કરાવવાનો સંકલ્પ કર્યો હતો, એ વિચાર તેને ક્યાંથી હોય? પોતાના સ્વામીની ઊપજની વ્યવસ્થા કરકસરથી કરીને બને તેટલી મોટી રકમ વખતસર પહોંચતી કરવી, એજ દાદાજી તો પોતાનું કર્તવ્ય સમજતો હતો અને તે કંઈ ખોટું નહોતું.

શિવાજી મહારાજ પોતાના તાબાના મનુષ્યોને ખુશી રાખી તેમની સાથે મમતાપૂર્વક વર્તવા લાગ્યા. તે પરથી સર્વને જણાયું કે, "એ સ્વામી પરમ દયાળુ અને ઉદાર છે, આપણું હિત જોનાર છે, એમની સાથે પ્રમાણિક વર્તન રાખી એમની આજ્ઞાનું પાલન કરવાથી આપણું કલ્યાણ થશે." મહારાજે સર્વના મનમાં એવાજ વિચારો ઉત્પન્ન કર્યા હતા. તાબાના નોકરોમાં માવળી જાતિ પર મહારાજની ઘણી મહેરબાની હતી. તે જાતિનાં મનુષ્યો જંગલી અને બબૂચક જેવાં જણાતાં હતાં; પરંતુ ઘણાંજ પ્રમાણિક અને વિશ્વાસપાત્ર હોવાથી સોંપેલું કામ અંતઃકરણપૂર્વક હોશિયારીથી કરતાં હતાં. અત્યંત વિશ્વાસનું

કોઇ પણ કામ તેમને સોંપતાં તેઓ કદી પણ દગો કરતા નહિ. તેઓ અત્યંત કંગાલ સ્થિતિના હોવાથી, તેમને કોઇ નોકરીએ રાખી, અન્નવસ્ત્રની સગવડ કરી આપે તો તેઓ ઉપકાર માનતા અને પોતાના અન્નદાતાને માટે પ્રાણ અર્પણ કરવા તૈયાર થતા. દાદાજી કોંડદેવે એ લોકોના સદ્‌ગુણો જોઇને તેમને પ્રથમજ પોતાની પાસે નોકરીએ રાખ્યા. મહારાજને પણ માવળી જાતિના સદ્‌ગુણની ખબર પડતાં કંઇ વિલંબ થયો નહિ. તેમણે એ લોકો સાથે મમતાથી અને ઉદારતાથી વર્તન કરી તેમને સત્વરજ વશ કરી લીધા. મહારાજને તેઓ ભવિષ્યમાં કેટલા ઉપયોગી થઈ પડયાં તે ઇતિહાસ–પ્રસિદ્ધ છે. એ લોકો મહારાજની જાગીરની આસપાસના પહાડી પ્રદેશના નિવાસી હતા. પોતાના પોષણને માટે તેમને ઘોર જંગલમાં રાતદિવસ ફરવું પડતું હતું, તેથી ત્યાંના સર્વ રસ્તા, ગુપ્ત માર્ગ અને પગથી, હમેશાં તેમના પગ નીચે આવી ગયાં હતાં. મહારાજ જ્યારે ગામેગામ ફરવા જતા, ત્યારે માવળી લોકોને પોતાની સાથે લઇ જતા અને તે લોકો પણ હરેક પ્રકારે પોતાના તરુણ અને પ્રેમી સ્વામીના ઉપયોગમાં આવી તેમને ખુશી રાખવાને અંતઃકરણપૂર્વક કામ કરતા. કોઈ કામ કર્યા પછી તેમને થોડીક બક્ષિસ મળતી, તો તેટલામાંજ સંતુષ્ટ થઇ તેઓ પોતાના સ્વામી સાથે અધિક પ્રમાણિકપણે વર્તતા હતા. મહારાજનો સ્વભાવ ઉદાર હોવાથી અને સર્વ સાથે પ્રેમભાવથી વર્તતા હોવાથી માવળી લોકો તેમને તાબે થઇ ગયા. આજપર્યંત લોકોએ આપણને તુચ્છ અને જંગલી માનવા છતાં એ દયાળુ સ્વામી આપણી સાથે પ્રેમાળપણે વર્તે છે અને મધુર સંભાષણ કરે છે, એ જોઈ તેઓ મહારાજ પર અતિશય પ્રેમ બતાવવા લાગ્યા. તેમના મનમાં શિવાજી મહારાજ સંબંધી અત્યંત અભિમાન અને ભક્તિ ઉત્પન્ન થયાં અને જ્યાં એ સ્વામીનો ચરણ ત્યાં આપણું માથું રાખી તેમના ઇષ્ટકાર્યની સિદ્ધિ કરવા માટે સમય આવ્યે પ્રાણ આપવો પડે તોપણ ચિંતા નહિ, એવો તેમણે નિશ્ચય કર્યો. ગમે તેટલાં વિકટ પ્રસંગ આવ્યા છતાં તેમનો એ નિશ્ચય કિંચિત્ પણ ડગ્યો નહોતો. કેટલાક દેશમુખો માવળી લોકોના આગેવાન હતા, તેમને મહારાજે પ્રથમથીજ મિત્રતા બાંધી પોતાના ઇષ્ટકાર્ય માટે અનુકૂળ કરી લીધા હતા. તેમાં યેસાજી કંક, તાનાજી માલસુરે* અને બાજી ફલસકર× એ ત્રણે પેઢી

---

* આ માવળા પ્રદેશનો દેશમુખ ન હતો; પણ માવળા પ્રદેશ જોડે આવેલી કોંકણપટ્ટીનો દેશમુખ હતો.

× મુસેખોયરાનો દેશમુખ હતો. માવળી લોકોમાં તેનું વજન ઘણું હતું. દેશમુખોને વશ કરવામાં અને તેમને તાબે કરવામાં દાદાજીને આ માણસે ઘણીજ મદદ કરી હતી. દાદાજીએ ટંટાઓનો નિકાલ લાવી કરાર કરેલા, તેમાંના કેટલાક ઉપર સાક્ષી તરીકે આ માણસની

દરપેઢીથી વતનદાર હોવાથી માવળી લોકો તેમને પોતાના આગેવાનો સમજતા હતા. એ ત્રણે પુરુષો મહારાજનાં કાર્યોમાં પ્રથમથીજ ઉપસ્થિત હતા. ભવિષ્યમાં તેમણે પ્રમાણિકપણાથી તથા બહાદુરીથી મોટાં મોટાં કર્તવ્ય કેવી રીતે પરિપૂર્ણ કર્યાં, તેમજ સ્વામીના કાર્ય માટે પોતાના પ્રાણની આહુતિ આપવાને તેઓ કેવી રીતે પ્રવૃત્ત થયા તે યોગ્ય સ્થળે લખવામાં આવશે.

મહારાજે કરેલો સંકલ્પ દાદાજીને પસંદ આવ્યો નહિ; એ પાછળ કહેવામાં આવ્યું છે. દાદાજી પોતાના ઉદ્દેશને ઉત્તેજન આપતા નહિ હોવાથી મહારાજે તેના હાથ નીચેના કારકુનોને પોતાની ઇચ્છા કહી સંભળાવી અને તેમને પોતાની ઇચ્છાનુકૂળ કરી લીધા. ગામેગામના દેશમુખ કાર્યનિમિત્તે પૂને આવતા ત્યારે તેઓ તેમને એકાંતમાં લઈ જઇ પોતાની ઇચ્છા જણાવતા અને તે કાર્ય સંબંધી તેમનો કેવો અભિપ્રાય છે તે સાંભળી લઈસાથે એવી યુક્તિથી મોહક રીતે ભાષણ કરતા કે, જેથી તેઓ મન, વાણી અને કર્મ વડે મહારાજની ઇચ્છાને આધીન થતા. ગામેગામ ફરતી વખતે મહારાજ પ્રત્યેક દેશમુખને મળવા જતા અને તેની સાથે સભ્યતાપૂર્વક વાતચીત કરી વિશ્વાસ બેસાડી પોતાનો કરી લેતા. તેજ પ્રમાણે જે મરાઠા સરદારો મળતા તેમની સાથે પણ વિનયયુક્ત વર્તન કરી તેમને વશ કરી લેવાનો તેઓ પ્રયત્ન કરતા. મહારાજનું વય નાનું હતું, છતાં તેમનાં ઉત્સાહજનક અને તેજસ્વી ભાષણ સાંભળી તેમણે યોજેલી યોજનાની સાધ્યતા કેવી ફળદાયક છે, તે બરોબર લક્ષમાં લઇ સર્વ દેશમુખ અને મરાઠા સરદારો તેમના કાર્ય પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા તથા તેમના કાર્યમાં સહાયતા કરવા તત્પર થતા. એ સિવાય તેમનું આદરશીલપણું, તેમનો વીર્યોત્સાહ, મુસલમાનો સંબંધી તેમની નસેનસમાં રમી રહેલો અત્યંત વૈરભાવ, સ્વધર્મના સંરક્ષણ માટે તેમનો દઢ નિશ્ચય અને સ્વરાજ્ય સ્થાપવાથી વર્તમાન તેમજ ભવિષ્યમાં થનાર અત્યંત ફાયદાનું ઉત્તમ પરિણામ; એ સર્વ મનોવેધક રીતે પ્રતિપાદન કરવાની ઉત્કૃષ્ટ શૈલી જોઇને ગમે તેવો પ્રપંચી, દંભી કિંવા આપસ્વાર્થી મનુષ્ય હોય, તોપણ મહારાજ સાથે મળી જતો. વળી તે પ્રાંતમાં મહારાજના વીર્યશાળી પિતાએ કરેલાં પરાક્રમ અને સંપાદન કરેલી કીર્તિ સર્વત્ર પ્રસિદ્ધ હતી. એવા પ્રતાપી પુરુષનો પુત્ર પોતાના પિતાના જેવોજ શૂરવીર નીવડી બહાદુરી બતાવી આપણને યવનોના ત્રાસબંધનમાંથી અવશ્ય મુક્ત કરશે, એવા ઉત્સાહજનક વિચાર

સહી છે. દેશમુખ કાનોજી જેધેનો એ જમાઈ થાય. સંકટમાં આવી પડેલા દેશમુખોને આના તરફથી સારી મદદ મળતી હતી. તે શિવાજી મહારાજની સ્વરાજ-સ્થાપનાની યોજનામાં અનુકૂળ થઇને તેમને મદદ કરવાને તૈયાર થયો, તે વખતે તેની ઉંમર પુખ્ત હતી.

તેમના મનમાં ઉત્પન્ન થતાં મહારાજ અલ્પ વયના હોવા છતાં તેમના કાર્યમાં સહાયતા કરવા તેઓ તૈયાર થયા હતા. તેમના એ મહત્કાર્યમાં જેમણે સહાયતા કરી નહિ તેમને મહારાજે કેવી શિક્ષા કરી, તે પણ આગળ લખવામાં આવશે.

શિવાજી મહારાજ પોતાની જાગીરના અને આસપાસનાં ગામોના દેશમુખ અને સરદારોને વશ કરી લેવાનો ઉદ્યોગ કરતા હતા. તેમણે સ્વીકારેલા દુર્ઘટ કાર્યમાં યશ મળવાનો કેટલો સંભવ હતો, તેમજ આગલોપાછલો વિચાર નહિ કરતાં એ કાર્ય તેમણે કેવળ ઉદ્ધતપણાથી અને સાહસિકપણાથીજ આરંભ્યું હતું કે કેમ, તેનો નિર્ણય આ સ્થળે અવશ્ય થવો જોઇએ.

મહારાજના એ ઉદ્દેશને અત્યંત પ્રોત્સાહક પ્રથમ સંધિ જોઇએ તો તે તેમના મહાપરાક્રમી તીર્થરૂપ પિતાનું અત્યાર સુધીનું જીવનચરિત્રજ જણાય છે. નિજામશાહીમાં નોકરી કરતી વખતે તેમણે જે પરાક્રમો કર્યાં, નિજામશાહી પાયમાલ કરવા મોગલો પ્રવૃત્ત થયા તે સમયે તેમની સાથે જે યુદ્ધ કર્યાં અને મોગલોએ નિજામશાહી પાયમાલ કર્યા પછી તેની પુનઃ સ્થાપના કરવા માટે તેમણે જે પ્રચંડ ઉદ્યોગ કર્યો, તેનો પાઠ મહારાજની દૃષ્ટિ સમક્ષ જ્વલંતરૂપે તરવરતો હતો. મોગલો જેવા જબરજસ્ત શત્રુ સાથે ઝઝૂમવામાં શાહજીરાજા પાછા હઠ્યા નહોતા; પણ પાછળથી શત્રુએ તેમને પરાજિત કર્યા, તે માત્ર શત્રુઓના પ્રચંડ સૈન્યબળને લીધેજ હતું. તેજ પ્રમાણે વિજાપુર સરકારના તાબામાં નોકરીએ રહ્યા પછી તેમનીજ સહાયતા વડે એ સરકારને કર્ણાટકની ચડાઇમાં યશ પ્રાપ્ત થયો અને ત્યાં દૃઢ સત્તા સ્થાપવામાં આવી; એ સર્વ વાત મહારાજ સારી પેઠે જાણતા હતા. એ પરથી મહારાજને સંપૂર્ણ ખાતરી થઇ હતી કે, આપણે પુષ્કળ મનુષ્યો એકઠાં કરી તેમને યોગ્ય રીતે શિક્ષણ આપ્યું હોય, તો તેમની સહાયતાથી મહારાષ્ટ્રમાંથી ધીમે ધીમે યવનોની સત્તા નિર્મૂળ કરી શકાશે. પ્રતાપશાળી પિતાએ દૃષ્ટિ સમક્ષ રાખેલું અત્યંત ઉત્સાહજનક દૃષ્ટાંત લક્ષમાં લઇ શિવાજી મહારાજ જેવા સત્પુત્રના હૃદયમાં પોતાને યોગ્ય લાગે તેવું કર્તવ્ય કરવાની ઉત્કંઠા ઉત્પન્ન થાય, તેમાં આશ્ચર્ય શું? સત્કૃત્યો કરીને "બાપ કરતાં બેટો સવાયો ચડે" એવું કહેવડાવવાનો સુયોગ અને સદ્બુદ્ધિ ઘણાજ થોડા પુત્રોને પ્રાપ્ત થાય છે. નિજામશાહીની પુનઃ સ્થાપના કરી સર્વ રાજ્યસૂત્ર પોતાના હાથમાં રાખવાની પિતાની ઉત્કટ આકાંક્ષા હતી તે, શત્રુઓ અતિ પ્રબળ હોવાથી તૃપ્ત થઇ નહિ અને અંતે નિરુપાયે પુનઃ યવનોનીજ તાબેદારી સ્વીકારવી પડી, એ સારૂં થયું નહિ; એવું મહારાજને હમેશાં લાગતું હતું અને તેઓ વારંવાર કહી સંભળાવતા પણ હતા. વિજાપુરમાં નિવાસ કર્યો હતો તે સમયે જે સ્થિતિનું અવલોકન કર્યું

હતું તે પરથી યવનોની તાબેદારી માટે તેમને સંપૂર્ણ તિરસ્કાર ઉત્પન્ન થયો હતો, તે પાછળ લખવામાં આવ્યું છે. મહારાજે અલ્પવયમાંજ એવો સ્તુત્ય સંકલ્પ કર્યો હતો કે, "આપણી અવનતિનો સમય હોવાથી આપણા પિતા જેવા પુરુષસિંહને પણ જે હીન સ્થિતિ સહન કરવી પડી છે, તે કનિષ્ઠ સ્થિતિમાંથી બનતે ઉપાયે તેમને મુક્ત કરવાનો ઉદ્યોગ કરવોજ જોઇએ." એ વિચારથી અલ્પ વયમાંથીજ તેમનામાં તેજસ્વિતા, સ્વાભિમાન અને સ્વાતંત્ર્યપ્રીતિ જેવી સદ્‌વૃત્તિઓ કેટલે દરજ્જે વિકાસ પામતી હતી તે સ્પષ્ટ જણાઇ આવે છે.

એ રાજક્રાંતિને સમયે પૂના, સૂપા, માવળ વગેરે પ્રાંતના કેટલાક દેશમુખ યવન રાજાના અમલથી ત્રાસ પામી તોફાન મચાવતા હતા અને હમેશાં પરસ્પર કલહ કરતા હતા. આવા નારાજ થયેલા દેશમુખને ઐક્યતું મહત્ત્વ સમજાવી સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો યોગ્ય ઉપાય બતાવ્યો હોય તો તે તેમને કેટલો રુચિકર થઇ પડે, એ કહેવાની અગત્યજ નથી. મહારાજે એ કાર્ય યુક્તિપ્રયુક્તિ વડે પાર પાડી તેમની વચ્ચે પરસ્પર થતું તોફાન–કુસંપ બંધ પાડ્યાં અને પોતાના ઇષ્ટ કાર્ય માટે તેમને અનુકૂળ બનાવી લીધા.

મહારાજના ઇષ્ટ ઉદ્દેશની સિદ્ધિને અનુકૂળ થઇ પડે એવો એક બીજો યોગ એ હતો કે, પૂના, સૂપા અને માવળ વગેરે નિઝામશાહી પ્રાંત વિજાપુર સરકારના તાબામાં તાજાજ આવેલા હોવાથી સરકારે અદ્યાપિ પર્યંત તે પ્રાંતની સુવ્યવસ્થા કરી નહોતી; તેમજ આસપાસના કિલ્લાઓ પર લશ્કર વગેરે જોઇએ તેવું રાખ્યું નહોતું. એ સિવાય દરબારના કારભારીઓમાં માંહોમાંહે કુસંપ–દ્વેષ ચાલતા હોવાથી ઘણા નવા પ્રાંતોમાં અવ્યવસ્થા ચાલતી હતી. તેમાં વળી શાહજીરાજાને નવા પ્રાંતો જાગીરમાં આપેલા હોવાથી તે પ્રાંતોમાં સ્વસ્થતા રહેશે, એમ વિજાપુર સરકારને લાગે એ સ્વાભાવિકજ હતું. એ પ્રાંતો માલોજીરાજા અને શાહજીરાજાના તાબામાં ઘણાં વર્ષ થયાં હતાં. તેમને દાદાજી કોંડદેવ જેવો ઉત્તમ કારભારી મળેલો હોવાથી તે પ્રાંતોની વ્યવસ્થા એવી ઉત્કૃષ્ટ થઇ હતી કે જેથી ત્યાંની પ્રજા સુખી થઇ. તેમને જણાયું હતું કે, હિંદુઓના રાજ્યમાં આપણે સુખી થઇશું. શાહજીરાજા જેવા લશ્કરને તાબે રાખનાર મહાપરાક્રમી પુરુષના તેજસ્વી પુત્રના મનમાં સ્વરાજ્ય સ્થાપવાની સ્ફુરણા ઉત્પન્ન થતા અને તેની સિદ્ધિને માટે ઉપાય યોજવામાં પણ તે પરમકુશળ છે, એવી ખાતરી થતાં, તેઓ તેમને તન, મન અને ધન વડે સહાયતા કરવા તૈયાર થાય તેમાં નવાઇ શી? મનુષ્યોની અનુકૂળતા જોતાંજ શિવાજી મહારાજને અધિકાધિક ઉત્સાહ થાય, એ પણ સ્વાભાવિકજ છે.

સ્વરાજ્ય સ્થાપવાનો સદુદ્દેશ સિદ્ધ થતાં શિવાજી મહારાજમાં રાજ્ય ચલાવવાની યોગ્યતા અને બુદ્ધિમત્તા કેવી હતી, તે જગતના

અનુભવમાં આવ્યું છેજ. મહારાજને ઘરમાંથીજ રાજકીય શિક્ષણ મળ્યું હતું. માતા જીજાબાઇ, દાદાજી કોંડદેવ અને ઇતર કારભારીઓ ઘરમાં હમેશાં એ સંબંધીજ વાતો કરતાં હતાં. તેમની જાગીરની વ્યવસ્થા રાખવા માટે જે વ્યવહાર નિત્ય ચાલતો તે સદોદિત મહારાજની દૃષ્ટિ સમક્ષજ થતું હતું. જમીનની મહેસૂલ, લશ્કરી વ્યવસ્થા, ન્યાય, તર્ક વગેરે વિષયોમાં મહારાજ નાનપણથીજ ધ્યાન આપતા હતા, એ પાછળ લખ્યું છે. એ પ્રમાણે થોડાઘણા અનુભવમાં વળી વિજાપુરમાં મળેલા અનુભવથી વૃદ્ધિ થઈ હતી. દ્વિતીય અનુભવ તેમને થોડો વખતજ મળ્યો હતો એ ખરૂં; પરંતુ મહારાજ જેવા સૂક્ષ્મબુદ્ધિના, તેજસ્વી અને ઉત્સાહી પુરુષને માટે તો તેટલુંજ પૂરતું થઈ પડે એમ હતું. તે સમયે વિજાપુર સરકારની સંપૂર્ણ ઉન્નતિ હોવાથી સમયના પ્રમાણમાં પ્રત્યેક રાજકીય વિષય સંપૂર્ણ અવસ્થાએ પહોંચ્યા જેવું હતું. દરબારમાં શાહજીરાજાનું સંપૂર્ણ ગૌરવ હોવાથી દરબારની પ્રત્યેક ભાંજગડ મહારાજને સમજવામાં સહજ પણ અડચણ પડી નહિ, એ પાછળ લખવામાં આવ્યું છે.

મહારાજ જેવા અલૌકિક પુરુષને પ્રારંભમાંજ સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનાં સાહિત્ય અનુકૂળ થયાં, એજ સંતોષકારક હતું. માતુશ્રી જીજાબાઇએ તેમની ફળદ્રૂપ મનોભૂમિમાં રોપેલાં સ્વરાજ્યસાધનપ્રાપ્તિનાં સદ્બીજ ઉત્તમ પ્રકારે અંકુરિત થઇ તેમાં વારંવાર તે ભલી માતાનેજ હાથે યથાસ્થિત સિંચન થયું અને તેને અનુકૂળ પરિસ્થિતિનું અને ઉત્સાહ, આવેશ, સ્વોત્કર્ષપ્રીતિ, યવનદ્વેષ અને પિતાનું પ્રોત્સાહક ચરિત્ર વગેરે વાતોનું ઉત્કૃષ્ટ ખાતર મળવાથી તે અંકુરનું સુંદર વૃક્ષ થયું તથા સમગ્ર જગતને આશ્ચર્યચકિત કરી નાખે એવો તેનો શાખાવિસ્તાર થયો. એ સ્વરાજ્યરૂપ વિશાળ વૃક્ષનાં મધુરાં ફળોનો આસ્વાદ, કેટલાક સમય સુધી મહારાષ્ટ્રીઓને મળવાથીજ તે જાતિ સુખી, સમૃદ્ધ અને કીર્તિમાન થઇ હતી.

प्रकरण ६ ठ्ठुं–स्वराज्य–स्थापनानो आरंभ

શિવાજી મહારાજે પોતાની જાગીર પૂનામાં આવી નિવાસ કર્યા પછી એકાદ સંપત્તિસંપન્ન સરદારના ચિરંજીવી પેઠે મોજશોખમાં મગ્ન થઈ ન રહેતાં અનુભવી મનુષ્યોને સાથે લઇ, પોતાની જાગીરનાં અને આસપાસના પ્રાંતોનાં પ્રત્યેક મહત્ત્વનાં સ્થળો અને કિલ્લા બારીકાઇથી તપાસી લીધા. પ્રત્યેક કિલ્લા પર યવનોએ કેવો બંદોબસ્ત રાખ્યો છે, તેની માહિતી મેળવી લીધી. સઘળા ગુપ્ત અને વિકટ માર્ગોનો અનુભવ મેળવી લીધો. ઘણાખરા દેશમુખ સાથે ઓળખાણ કરી સલાહમસલત ચલાવી લીધી. કયાં મનુષ્યો આપણને ઉપયોગી થઈ પડશે અને કયાં મનુષ્યો આપણાં કાર્યમાં વિઘ્નરૂપ થઇ પડશે તે સર્વ લક્ષમાં રાખી લીધું; તેજ પ્રમાણે કયી રીતે આપણા ઇષ્ટકાર્યનો આરંભ કરવો, કયારથી શરૂઆત કરતાં વિશેષ યશસ્વી થવાશે તેનો પણ શાંતચિત્તે સારી પેઠે વિચાર કરી, એ કાર્ય સંબંધી પાસેનાં મનુષ્યો સાથે વારંવાર તર્ક કર્યા અને પછીજ કાર્યક્રમ નક્કી કર્યો.

શિવાજી મહારાજે સ્વરાજ્ય સ્થાપવાનો આરંભ પોતાની મેળે કર્યો નથી; પણ મહારાજ અગિયાર–બાર વર્ષના હતા તે સમયે શાહજીરાજાની આજ્ઞાથી દાદાજી કોંડદેવ અને તેની સાથેના બીજા કારકુનોએ કર્યો હતો, એવું એક ઇતિહાસ–સંશોધકે× લખ્યું છે. તે લેખકે પોતાના લેખની પુષ્ટિમાં રા. સભાસદે લખેલાં કેટલાંક વચનો ટાંકી બતાવ્યાં છે. રા. સભાસદે લખ્યું છે કે, “બેંગલૂરથી પૂને આવતાંજ બાર માવળા કબજે કર્યા. માવળાદેશમુખોને બાંધી લાવતાં જેઓ સામા થયા તેમને મારી નાખ્યા;” પરંતુ એ એકજ વાકય પરથી શાહજીરાજાએજ આરંભમાં સ્વરાજ્ય–સ્થાપનાનો ગુરુમંત્ર આપ્યો અને તેથીજ એ મહત્કાર્ય દાદાજી કોંડદેવની સલાહથી સાધ્ય કરવાનું તેમને સૂઝી આવ્યું હતું, એ કહેવું સર્વથા યુક્તિપૂર્વક નથી. રા. સભાસદના એ વાકયનું તાત્પર્ય વાસ્તવિકરીતે જોતાં જણાય છે કે, શાહજીરાજાએ કર્ણાટકની ચઢાઇમાં ઉત્તમ કાર્ય કર્યાથી બાર માવળા, બારામતી અને ઇંદાપુર નામક પ્રાંતો શાહે તેમને પોતાના ખર્ચ માટે

× રાજવાડે કૃત ખંડ ૪, પૃષ્ઠ ૭૩.

આપ્યા હતા. પ્રાપ્ત થયેલા તે નવીન પ્રાંત પોતાની સત્તામાં લેવા ગાટે રાજાએ દાદાજી કોંડદેવને કહ્યાથી ઇ૦ સ૦ ૧૬૩૮માં બેંગલૂરથી પાછા ફર્યા પછી રા. સભાસદ કહે છે તેમ તેણે માવળા તાબે કરી ત્યાંના દેશમુખોને પોતાની સત્તામાં લીધા હતા. એ સમયે શાહજીરાજાએ વિજાપુર દરબારમાં તરતજ પ્રવેશ કરેલો હોવાથી તેમને સ્થિર થવાની શરૂઆત થઇ હતી. એવે સમયે પુનઃ તોફાન કરી અવિચારી કૃત્ય આરંભવાનું તેમના પર કલંક ચડાવવું એ કેવળ હાસ્યાસ્પદ છે. શાહજીરાજાને દાદાજી કોંડદેવની સલાહથી માવળામાં રાજ્ય સ્થાપન કરવાની ઇચ્છા શી રીતે થઇ, તેનું કારણ જણાવતાં ઉક્ત ઇતિહાસકર્ત્તા લખે છે કે, કર્ણાટકમાં અફ્ઝલખાંન, માલોજી ઘોરપડે વગેરે વિજાપુરના સરદારો શાહજી ઉપર દ્વેષ રાખી તેમનો પગ ટકવા દેતા નહોતા; એ કારણ ઇ૦ સ૦ ૧૬૩૮માં બિલકુલ સંભવતું નથી. શાહજીરાજાપર અફ્ઝલખાન વગેરે સરદારો તો આઠદસ વર્ષ પછી દ્વેષ કરવા લાગ્યા હતા. કર્ણાટકના ઇતિહાસમાં તે વર્ષમાં એવી પ્રતિસ્પર્ધાના નામનો ઉલ્લેખજ નથી. એ અપ્રયોજક અનુમાનને “મૂલં નાસ્તિ” ન્યાય પ્રમાણે અપવાદ આવે છે કે, દાદાજીએ જ્યારે શાહજીરાજાને માવળામાં સ્વરાજ્ય સ્થાપવાની સલાહ આપી, ત્યાર પછી સાતઆઠ વર્ષે મહારાજે પોતાના કાર્યની શરૂઆત કરી હતી તો પછી તે વખતે તેણે મહારાજને બોધ આપવાની નકામી ખટપટ શા માટે કરી ? શિવાજી મહારાજે જ્યારે દાદાજીનો નિર્માલ્ય બુદ્ધિવાદ સાંભળ્યો નહિ, ત્યારે તેને ચિંતા–જ્વર વડે દુઃખી થઇ કિંવા કેટલાકના મત પ્રમાણે વિષપ્રાશન કરી પોતાનો પ્રાણ નાશ કરવાનું શું પ્રયોજન હતું ? એ સમયે શાહજીરાજાના મનમાં સ્વરાજ્ય સ્થાપવાનો વિચાર આવ્યો હતો, એ ખરૂં માનીએ તો તે સમયે દાદાજી કોંડદેવના હાથ નીચે હજારબારસો મનુષ્યો હતાં, તેની સહાયતા વડે તે કાર્ય સિદ્ધ થવા જેવું હતું, એવું માનવા જેવી તેમની મૂઢ બુદ્ધિ હતી કે? બેંગલૂરથી પાછા ફરતી વખતે દાદાજી કોંડદેવ સાથે દસવીસ હજાર મનુષ્યો મોકલવામાં આવ્યાં હતાં, એવું અનુમાન સાચું માનનારને એકાદ જૂના ખંડિયેરમાંથી કોઇ પુરાવો × મળી આવ્યો છે કે ?

× રા. રાજવાડેએ શિવાજી મહારાજના તે સમયના પુષ્કળ કાગળપત્રો એકઠા કરીને પ્રસિદ્ધ કરેલા છે. તે સમયે માવળાદેશમુખો આપસઆપસમાં લડતા હતા, તેમને એકઠા કરીને તેમનામાં એકસંપ શી રીતે કર્યો અને દાદાજીએ શાહજીરાજાની જાગીરની વ્યવસ્થા કેવી ઉત્તમ રીતે કરી, તે બાબત પુષ્કળ હકીકત મળી આવે છે. આ દેશમુખોને વશ કરવામાં શિવાજી મહારાજે કેવી કેવી ખટપટ કરી તેનો પણ ઉલ્લેખ મળી આવે છે.

એવું ભગીરથ કાર્ય નિર્માલ્ય કારભારીને સોંપવાને બદલે શાહજીરાજા પોતેજ પોતાના સૈન્યસહિત કેમ એકદમ ચડાઇ લઇ ગયા નહિ? પ્રત્યેક કલ્પના તપાસતાં જણાય છે કે, તેમનાં એવાં અનુમાન અત્યંત નિરાધાર છે અને તે મહારાજને માત્ર લઘુત્વ પ્રાપ્ત કરાવે છે. એ પરથી કોઇએ એવું સમજવાનું નથી કે, શાહજીરાજાના મનમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો વિચાર કદી પણ ઉત્પન્ન થયો નહોતો. આ પ્રકરણમાં એ સંબંધી પાછળ થોડોક ઉલ્લેખ થયો છેજ.* હવે વિવાદગ્રસ્ત પ્રશ્ન માત્ર એજ છે કે, શિવાજી મહારાજે સ્વતઃ સ્વરાજ્ય સ્થાપવાનો આરંભ કરવા પહેલાં સાતઆઠ વર્ષ પૂર્વે શાહજીરાજાના કહેવાથી મહારાષ્ટ્રમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો ઉદ્યોગ શરૂ કર્યો હતો કે કેમ? અને તે પ્રમાણે શરૂ થયો હતો એ વાત સત્ય માનવામાં આવે તો પછીથી તે બંધ કેમ પડ્યો? તેમજ દાદાજી કોંડદેવની મતિ પાછળથી બદલાઈ ગઇ શા માટે? એટલી વાત સાચી કે દાદાજીએ શાહજીરાજાની જાગીરની સુંદર વ્યવસ્થા કરીને તેને એક નાના સરખા સ્વરાજ્યનું સ્વરૂપ આપેલું હતું અને આ બાબતનો સઘળો કારભાર અલ્પવયના પણ કુશાગ્ર બુદ્ધિના શિવાજી મહારાજની નજર આગળ થયો હતો અને તેથી તેમને એ બાબતનું સંપૂર્ણ શિક્ષણ મળેલું હતું. આટલા પૂરતો સ્વરાજસ્થાપનનો આરંભ થયો એમ કહીએ તો કશી હરકત નથી; પણ આ જાગીર આદિલશાહની કૃપાથી મળી હતી અને તેના પર તેનો સંપૂર્ણ કાબૂ હતો. તે કાબૂ કાઢી નાખવાનું સાહસ દાદાજી કે શાહજીરાજાએ કર્યું નહોતું; પણ તે શિવાજી મહારાજાએજ પ્રથમ કર્યું.

આ સ્થળે એક પ્રશ્ન થાય છે કે, શાહજીરાજાના મનમાં મહારાષ્ટ્રમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો વિચાર ન હોત તો દાદાજી કોંડદેવે, શિવાજી મહારાજ સંબંધી તેમની પાસે ફરિયાદ કરવાથી અને વિજાપુરસરકાર તરફથી તેમને એ બાબત ઠપકો મળવાથી તેનો બંદોબસ્ત કરવાનું અથવા તેમને પોતાની જાગીરમાંથી કાઢી મૂકવાનું રાજાના મનમાં કેમ આવ્યું નહિ? એ પ્રશ્નનો ઉત્તર સહેલાઈથી આપી શકાશે. મહારાજે જે સમયે વિજાપુર સરકારના તાબાના દેશમાં ઉથલપાથલ શરૂ કરી, તે અરસામાં કર્ણાટકમાં શાહજીરાજાનું વર્ચસ્વ સારી પેઠે જામ્યું હતું અને તેમના હાથમાં જાગીરતરીકે ઘણા પ્રાંતો આવ્યા હતા; તેમજ ત્યાં તેઓ પ્રબળ થઈ વિશેષ ગૌરવાન્વિત થયા હતા. વિજાપુર–દરબારમાં બે પક્ષ બંધાયલા હોવાથી રાજ્યમાં જ્યાંત્યાં અવ્યવસ્થા થઇ હતી. એ સમયે રાજા સ્વતઃ કર્ણાટકમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો પ્રયત્ન કરતા હતા, એ પાછળ

---

* જુઓ પ્રકરણ બીજું.

લખવામાં આવ્યું છે. એ સમયે સ્વપુત્રે યુક્તિપૂર્વક આરંભેલું કાર્ય યશસ્વી થવાનો સંભવ જાણી, દાદાજીની ફરિયાદ સાંભળતાં તેઓ અજાણ્યા થઈ અલગજ રહ્યા. તેમના મનમાં સ્વરાજ્ય સ્થાપવાનો વિચાર સંપૂર્ણ રીતે જામ્યો હતો અને તેમને યવનોની સેવા કરવાનું અંતઃકરણપૂર્વક પસંદ નહોતું, એ નિર્વિવાદજ છે; પરંતુ ઉક્ત ઇતિહાસશોધક લખે છે તેમ તેજ વર્ષમાં તેમણે એ કાર્યનો આરંભ કર્યો એ તદ્દન અયોગ્ય છે; શાહજીરાજાએ આગળ જતાં કર્ણાટકમાં થોડી ચળવળ કરી હતી એ સત્ય છે. પરંતુ શિવાજી મહારાજની પેઠે વિજાપુર સરકાર સાથે તેમણે ખુલ્લી રીતે વિરોધ કર્યો હોય એવું કદી પણ બન્યું નથી. શાહજીરાજા તો અંત સુધી વિજાપુર-સરકારની તાબેદારી કરતાજ હતા.×

અસ્તુ. ત્યારે હવે મહારાષ્ટ્રમાં સ્વરાજ્ય સ્થાપવાની કલ્પનાની શરૂઆત કરવાનું સર્વ શ્રેય માતુશ્રી જીજાબાઇને અને શિવાજી મહારાજનેજ આપવું જોઇએ. મહારાજે એ આરંભ શી રીતે કર્યો તેનું સવિસ્તર નિરૂપણ કોઇ પણ બખરમાં કર્યું નથી. જે ત્રુટક વર્ણન અવ્યવસ્થિત રીતે પ્રકટ થયું છે, તે વ્યવસ્થિત કરવાનો બનતો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

મહારાજે દેશસ્થિતિનું એકંદર અવલોકન કરીને અને મુસલમાન, મોગલ તથા આપણા હિંદુ લોકોની સ્થિતિનો સંપૂર્ણ વિચાર

× જેધેની શકાવલીમાં જણાવે છે કે, શિવાજી મહારાજના તોફાનને લીધે શાહજીરાજાને ૧૬૪૮માં કેદ કર્યા હતા. પછી તેમને અને તેમની સાથે કાનોજી નાઈક જેધે એ બંનેને ૧૬૪૯ માં છોડી મૂક્યા હતા. તે વખતે શાહજીરાજાએ જેધે નાઇકને કહ્યું હતું કે, "મને કર્ણાટકમાં બેંગરૂળ પ્રાંતમાં પાંચલાખ હોનની જાગીર મળેલી છે. મારે ત્યાં જવાનું છે. તમારૂં વતન માવળા છે અને તે પ્રદેશમાં તમારૂં પ્રાબલ્ય છે. મારો પુત્ર ચિરંજીવ શિવબા પૂનામાં છે, તેની સાથે તમારાં માણસો લઇને રહેજો. માવળાના દેશમુખો તેને તાબે થઇને તેની આજ્ઞા પ્રમાણે વર્તે, એવું તમે કરજો. મોગલોનું કે આદિલશાહનું સૈન્ય આવે તો તેની સામે બરોબર યુદ્ધ કરજો." આ પ્રમાણે તેને શપથ આપીને તેની પાસે કરાર કરાવી લીધો અને તેને પત્ર આપીને શિવાજી મહારાજ પાસે મોકલ્યો. આ પરથી શ્રીમાન બા૦ ગં૦ તિલક એવું અનુમાન કરે છે કે, શિવાજી મહારાજની યોજનામાં શાહજીરાજાની સંપૂર્ણ અનુમતિ હતી. આ અનુમાન ૧૬૩૮-૩૯ની સાલમાં શી રીતે મેળ ખાતું નથી તે તો બતાવેલુંજ છે. ૧૬૪૯ પછી શિવાજી મહારાજના કાર્યમાં શાહજીરાજાની સંપૂર્ણ અનુમતિ હતી, એ વાત સાચી છે. (દાદાજી કોંડદેવની ન હતી.)

કરીને નિશ્ચય કર્યો કે, મોગલ અને મુસલમાનોના તાબામાં સિંહાદ્રિનો પ્રદેશ છે; પરંતુ તે પર તેમની જોઇએ તેવી દૃઢ સત્તા થઇ નથી, તેમજ તે પ્રદેશ તેમના તાબામાં હમેશને માટે રહેશે તો વિશેષ લાભ થશે નહિ. એવું જણાયાથી ત્યાંના કોટકિલ્લા વગેરે પર તેમણે પૂરતો બંદોબસ્ત રાખ્યો નથી; તેથી એજ પ્રાંત પ્રથમ આપણા તાબામાં લેવા જોઇએ. ત્યાંના કિલ્લા હાથમાં આવવાથી તેની આસપાસનો પ્રદેશ સહજ રીતે આપણા હાથમાં આવશે અને યવનો ગમે તેટલા પ્રપંચ કરશે તોપણ એ પ્રાંતમાંની હિંદુ પ્રજા અનુકૂળ થયા સિવાય તેમના એ પ્રાંત હમેશને માટે કદી પણ રહેશે નહિ; તેથી યવનો સહેલાઈથી પ્રાપ્ત ન કરી શકે એવા પ્રાંત આપણી સત્તામાં લેવા. ત્યાંના વિકટ કિલ્લાના આશ્રય વડે યવનો સાથે થોડાં મનુષ્યોની સહાયતાથી ઝઝૂમતાં ફાવશે અને પ્રસંગ આવતાં એ કિલ્લામાં સંતાઈ રહીને સ્વરક્ષણ કરી શકાશે. તેજ પ્રમાણે આપણી જાગીરના અને આસપાસના પ્રાંતના દેશમુખ પર કરપ રાખી, તેમને આપણા હમેશના તાબેદાર બનાવવા માટે એ પહાડી કિલ્લા ઘણાજ ઉપયોગી થઈ પડશે, એ વિચાર કરી મહારાજે પ્રથમ કેટલાક કિલ્લા હસ્તગત કરવાનો ઉદ્યોગ કર્યો. તે સમયે મોગલ સરકારે આસપાસના ઘણાખરા કિલ્લા પર રખેવાળો રાખ્યા હતા, તેમની સાથે પ્રકટ રીતે વિરોધ કરવાનું સામર્થ્ય ન હોવાથી કોઇ બીજીજ યુક્તિ વડે કિલ્લા હસ્તગત કરવાનો મહારાજે વિચાર કર્યો. પુનાથી નૈઋત્ય ખુણામાં આશરે વીસ માઇલ વેગળે તોરણા નામનો કિલ્લો છે. મહારાજે તે કિલ્લા પરના અમલદારો સાથે વાતચીત કરવા યેસાજી કંક, તાનાજી માલુસરે અને બાજી ફણસલકરને મોકલ્યા. તેમણે કિલ્લેદારોને કહ્યું કે, “એ કિલ્લો હમણાંજ અમારે સ્વાધીન કરો, અમે બાદશાહ પાસેથી લેવાનાજ છીએ.” એ સાંભળી તેમણે કિલ્લો સોંપી દીધો. તેમની સાથે સરળ વાતચીત કરીને અને કાંઇક લાંચ વગેરે આપીને મહારાજે એ કિલ્લો ઇ૦ સ૦ ૧૬૪૬માં પોતાને સ્વાધીન કરી લીધો.*

---

* ખાફીખાન જણાવે છે કે, મહારાજે પ્રથમ ચંદનવદનનો કિલ્લો કબજે કર્યો. રા. રાજવડે જણાવે છે કે, “તોરણા અને રાજગઢ કિલ્લા તાબે કરવાનું કારણ એવું છે કે, દક્ષિણમાં રોહીડ ગામોમાં બાદલ દેશમુખ રહેતો હતો. તે મહારાજને અનુકૂળ ન હતો. તેને કબજે કરવાને માટે આ બે કિલ્લા હસ્તગત કરવામાં આવ્યા. આ રીતે ૧૬૪૬માં મહારાષ્ટ્રના રાજ્યની જડ નાખવામાં આવી.” આ કિલ્લા લીધાનો બીજો પણ એક મુદ્દો જણાવવામાં આવે છે. વરસાદની મોસમમાં કિલ્લેદાર પોતાનાં માણસોને લઇને તળેટીનાં ગામડાંમાં રહેતો હતો. એ સંધિ સાંધીને મહારાજાએ હજારબારસો માણસોની મદદથી એ કિલ્લો પોતાને કબજે લીધો. કિલ્લેદારે બાદશાહને ફરિયાદ કરી

શિવાજી મહારાજે વિજાપુર સરકારની પહેલીજ મિલકત પચાવી પાડવા માટે બુદ્ધિ પહોંચાડી. તેમણે વિજાપુર દરબારમાં તરતજ વકીલ મોકલી કહાવ્યું કે, "એ કિલ્લો અમે સરકારના કલ્યાણને માટેજ લીધો છે. નિર્જન પ્રદેશમાં અમારા જેવા વિશ્વાસુ નોકર હોવાથી બાદશાહનું ઘણે પ્રકારે હિત થાય એમ છે. આ તરફના પ્રદેશોમાં દેશમુખીઓ જમીનમહેસૂલ ઉઘરાવતા હોવાથી તેનું યોગ્ય મૂલ્ય થતું નથી; તેમજ દેશમુખીઓ ખરૂં મૂલ્ય કેટલું છે, તે જાણવા દેતા નથી. એમ થવાથી તેમને લાભ થાય છે અને સરકારને નાહક નુકસાન થાય છે; પણ એ પ્રદેશ અમારા તાબામાં આવ્યાથી મહેસૂલ યોગ્ય રીતે નક્કી કરવામાં આવશે." એ વાતની બાદશાહને ખાતરી થાય તે માટે મહારાજે વિજાપુર સરકારને પાછલાં દસ વર્ષમાં જે મહેસૂલ મળી હતી તેના કરતાં અધિક મહેસૂલ મોકલવાનું કબૂલ કર્યું હતું. પ્રાર્થનાનો ઉત્તર મળતાં ઘણા દિવસ વીતી ગયા. મહારાજને તો એટલુંજ જોઇતું હતું. તેમના વકીલે દરબારનાં મનુષ્યોને લાંચરૂશ્વત આપીને અરજીનો પ્રત્યુત્તર પોતાને અનુકૂળ મેળવી લીધો. શિવાજી મહારાજે માવળી લોકોને ભેગા કરી તોરણાનો કિલ્લો દુરસ્ત કરાવ્યો અને તેને સારો મજબૂત બનાવી તેનું નામ પ્રચંડગઢ રાખ્યું. એ કિલ્લામાં ખોદકામ કરતાં મહારાજને પુષ્કળ દ્રવ્ય મળ્યું. ભવાનીદેવીની કૃપા વડે એ દ્રવ્ય પ્રાપ્ત થયું અને પોતાનાં સત્કૃત્યોમાં દેવીની સંપૂર્ણ સહાયતા છે, એવો પ્રવાહ તેમણે માવળી જનસમૂહમાં ફેલાવ્યો, તેથી મહારાજા પર અધિક શ્રદ્ધા થવાથી તેઓ વિશેષ ઉત્સાહપૂર્વક સહાયતા કરવા લાગ્યા. તેમણે એ દ્રવ્યનો ઉપયોગ દારૂગોળા અને ઇતર યુદ્ધોપયોગી સામગ્રીનો સંગ્રહ કરવામાં અને એક નવીન કિલ્લો બાંધવામાં કર્યો.

તોરણાના કિલ્લાના અગ્નિખૂણાથી ત્રણ માઇલ ઉપર મુરબાદ[1] નામક ડુંગર સારો છે, એમ જાણી મહારાજે ત્યાં વસ્તી વસાવી કિલ્લો બાંધવાનું કામ ઝપાટાબંધ શરૂ કર્યું. એ ડુંગરમાં ત્રણ માંચી હતી. તેને પણ મજબૂત કિલ્લા જેવી બનાવી. મુખ્ય કિલ્લાનું નામ રાજગઢ પાડ્યું અને ત્યાં એક વિશાળ મકાન બંધાવ્યું.[2] એ ત્રણે

ત્યારે મહારાજે ઊલટી એવી ફરિયાદ કરી કે, કિલ્લેદાર પોતાનું થાણું છોડીને ચાલ્યો ગયો હતો, તેથી ઊલટું તેનું રક્ષણ કરવાને માટે અમારાં માણસો મૂકવાં પડ્યાં.

[1] એ ડુંગરને કેટલાક મુદ્રોદેવ અને કેટલાક દુરજાદેવીનો ડુંગર પણ કહે છે. શેડગાંવકરની બખરમાં "મુસલદેવ" એવું નામ આપેલું છે.

[2] શિવદિગ્વિજયમાં લખ્યું છે કે, એ કિલ્લો પ્રથમથીજ હોવાથી તેને મહારાજે રાજકીય કાર્યોના ઉપયોગમાં લીધો અને તેમાંની ત્રણ

માંચીનાં નામ સુવેળા, સંજીવની અને પદ્માવતી રાખ્યાં. ચારે કિલ્લા નવીનજ તૈયાર થયા. શિરવળા પાસે ખેડબેર નામક ગામ આગળ વિશાળ જંગલ હતું. તે સ્થળે ઉત્તમ પ્રકારનાં આમ્રવૃક્ષ રોપી તેની પાસે પરૂં વસાવ્યું અને તેનું નામ શિવાપુર રાખ્યું. ત્યાં માવળી અને કોંકણી લોકો વસાવી મહારાજ રાજકાર્ય કરવા લાગ્યા.

માંચી માત્ર નવી બંધાવી. મહારાજના આ કાર્યની ખબર જ્યારે બાદશાહના અધિકારીઓને પડી ત્યારે તેમણે રોહીડ ગામોના દેશપાંડે દાદાજી નરસ પ્રભુને (ગુપ્તે) એક ધમકીનો કાગળ લખીને જણાવ્યું કે, "રોહિડેશ્વરના ડુંગરોના આશ્રયથી માવળા વગેરે લોકોને એકઠા કરીને શિવાજી મહારાજે બળવો શરૂ કર્યો છે. કિલ્લા પરનું થાણું ઉઠાડી મૂકી તે કબજે કરેલો છે અને તેને રાજગઢ એવું નામ આપેલું છે. એ કામમાં તું સામીલ છે. ઉત્પન્ન વગેરે પહોંચતું નહિ કરે અને જો એ કાર્યમાંથી છૂટો નહિ પડે તો તને વિજાપુર લઇ જઇને ગરદન મારવામાં આવશે." આ વાત તેણે શિવાજી મહારાજને જણાવી. મહારાજે તેને તરતજ પત્ર લખ્યો કે, "વિજાપુરથી તમારા પર હુકમ આવ્યો તે સમજ્યો. તમે કે અમે કોઇ શાહની સાથે બેઇમાનગીરી કરતા નથી. તમારા કુલદેવતા રોહિડેશ્વરે અમને આ કાર્યમાં યશ આપેલો છે અને હિંદુસ્વરાજ્યની સ્થાપના કરીને સર્વ મનોરથો તે પૂર્ણ કરનાર છે. દાદાજી પંતની હાજરીમાં તમારા વડીલને, તમારે અને અમારે જે કરાર થયો છે તેમાં જરાય ફેર પડનાર નથી. તમે અમારી પાસે ચાલ્યા આવો." રા. રાજવાડેએ સિદ્ધ કરેલા ૧૫મા ભાગના ૨૬૭-૨૬૮ મા પત્રમાં ઉપરની મતલબ છે. આ હકીકત સ. ૧૬૪૫ થી છે; અર્થાત્ તે વેળા જેને રાજગઢનું નામ આપ્યું હતું, તે પ્રથમથીજ હતો અને તોરણાનો કિલ્લો હાથ કરતાં પહેલાં ત્યાંનું સમારકામ શરૂ થઇ ગયું હતું. શિવાજી મહારાજે લખેલા પત્રમાં દાદાજી પંતની હાજરીમાં એવા જે શબ્દો છે, તે પરથી રિયાસતકાર જણાવે છે કે, આ કાર્યમાં દાદાજીનો પ્રથમથીજ હાથ હતો; પણ આ મુદ્દાથી તેના કહેવાને લગારે પુષ્ટિ મળતી નથી. શાહજીરાજાની જાગીરના કેટલાક દેશમુખો કોઇને ગણકારતા ન હતા, તેથી તેમને વશ કરવાની દાદાજીની આ યોજના માત્ર હતી. શાહજીરાજાની જાગીરની સીમા કંઇ સ્પષ્ટ નક્કી થઈ ન હતી, તેથી જેટલો બને તેટલો વધારે મુલક શાહજી રાજા માટે લઇ લેવો, એવી દાદાજીની યોજના હતી. જો એમાં કંઇ વધારે મહત્ત્વ હોત તો ઉપરનો પત્રવ્યવહાર ૧૭-૧૮ વરસના છોકરાને હાથે ન થતાં દાદાજી જેવા વયોવૃદ્ધ માણસને હાથેજ થાત; પણ દાદાજીની સલાહને માન ન આપતાં શિવાજી મહારાજ સ્વતંત્રપણે વર્તતા હતા; તેથીજ સીધો તેમની સાથે પત્રવ્યવહાર થયો છે.

કિલ્લાનું બાંધકામ ચાલતું હતું, તે સંબંધી સમાચાર આદિલશાહને કાને ગયા. તેમણે શિવાજી મહારાજને એ કામ બંધ રાખવાની આજ્ઞા કરી અને કર્ણાટકમાં શાહજીરાજાને એક પત્ર લખી એ સંબંધી ઉત્તર માગ્યો. તેમણે એવો ઉત્તર આપ્યો કે, " એ કાર્ય સંબંધી શિવાજીએ મને કંઇ પણ પૂછ્યું નથી. હું અને મારૂં સર્વ કુટુંબ બાદશાહના પ્રમાણિક સેવકજ છીએ. શિવાજી જે કાર્ય કરે છે તે અમારી જાગીરોની સુધારણા માટે કિંવા સુરક્ષિતપણા માટેજ હોવું જોઇએ. અમારી જાગીરોને લગતો અમારી માલિકીનો કોઇ મજબૂત કિલ્લો નથી, તેથી મારો પુત્ર એ કિલ્લો બાંધતો હશે. સરકારે એ સંબંધી કંઈ પણ સંદેહ રાખવો નહિ. તે સરકાર વિરુદ્ધ કંઇ પણ કરશે નહિ." બાદશાહને પ્રત્યુત્તર મોકલી શાહજીરાજાએ દાદાજી અને શિવાજી મહારાજને એ બાબત સંબંધી પત્રો લખ્યા. મહારાજને ઠપકો લખી એ કૃત્ય કરવા સંબંધી પ્રશ્ન પૂછ્યો, તેમજ ભવિષ્યમાં તેવું કાય નહિ કરવા માટે લખ્યું. એ પહેલાંજ દાદાજીએ શાહજીરાજાને એક પત્ર લખી સવિસ્તર સમાચાર જણાવ્યા હતા. તેણે શિવાજી મહારાજને પણ તેમના કાર્યસંબંધી પુષ્કળ બોધ આપ્યો હતો; પણ તેનું કંઈ ફળ મળ્યું નહિ, એ પાછળ લખવામાં આવ્યું છે.

દાદાજી કોંડદેવ થોડા સમયમાંજ મરણ પામ્યા. મહારાજ સ્વતઃ પોતાના પિતાના નામથી જાગીરની વ્યવસ્થા કરવા લાગ્યા. એ અરસામાં જાગીરની પાછલી બાકી રહેલી ઊપજ લેવા માટે શાહજીરાજાના નોકરો આવ્યા. તેમને મહારાજે એવો ઉત્તર આપી પાછા મોકલ્યા કે, " દાદાજી પંત મરણ પામ્યા છે. અહીંનો ખર્ચ વધેલો હોવાથી જાગીરના ખર્ચ માટે કંગાળ જમીનોની ઊપજ પૂરતી થઇ પડતી નથી. કર્ણાટકમાં આપના તાબામાં પુષ્કળ પ્રાંતો છે, તે સારા ફળદ્રૂપ છે; તેથી હવે પછી આપે ત્યાંની ઊપજ પર નિર્વાહ કરવો, એજ યોગ્ય છે." એ ઉત્તરથી શાહજીરાજાને ક્રોધ ઉપજ્યો નહિ, એમ જણાય છે. ઊલટું પોતાનો પુત્ર કર્મનિષ્ઠ થઈ મહત્કાર્યો કરી સ્વોત્કર્ષ સાધવા તત્પર થયો છે, એ જાણી તેમને અતિ સંતોષ થયો હતો. તેમણે શિવાજી મહારાજને પોતાની જાગીરોની સર્વ વ્યવસ્થા કરવાનો અધિકાર આપ્યો અને કહાવ્યું કે, " તમારી તેજસ્વિતા અને કર્તવ્યપરાયણતા સાંભળીને હું ઘણો આનંદ પામ્યો છું." એ સમયે વિજાપુર–દરબારમાં બે પક્ષ પડેલા હોવાથી ત્યાં ગોટાળો ચાલતો હતો. શાહજીરાજાએ વિચાર કર્યો કે, કર્ણાટકની આપણી જાગીરનું રક્ષણ કરી સ્વસ્થ બેસી રહેવું, એજ યોગ્ય છે. શિવાજી મહારાજે જે તોફાન ઊભું કર્યું છે, તે પરથી શાહને આપણાપર શંકા ઉત્પન્ન થાય તેના કરતાં ચાર ડગલાં વેગળે રહેવાથી તેની સાથે આપણો કાંઇ સંબંધ નથી, એમ કહી શકાશે; એવો વિચાર

કરી શાહજીરાજા કર્ણાટકમાંજ સ્થાયી નિવાસ કરી રહ્યા.

શાહજીરાજાની જાગીરના સૂપા પ્રાંતની વ્યવસ્થા બાજી મોહિતેના તાબામાં હતી. બાજી એ શાહજીરાજાનો સાળો અને તુકાબાઇનો બંધુ હતો. એના તાબામાં સૂપાનાં થાણાં તથા ત્રણસો ઘોડાની પાયગા હતી. દાદાજીનું મૃત્યુ થયા પછી મહારાજે તેને પત્ર લખ્યો કે, “તમારે તમારી પાસેની વસૂલાતનો હિસાબ તથા સર્વ પાયગા લઇને પૂને આવવું.” બાજીએ તે માન્યું નહિ તેમજ પત્રનો ઉત્તર પણ લખ્યો નહિ. તેણે પત્ર લઇ જનારને કહ્યું કે, “શાહજીરાજા જીવતા છતાં શિવાજી શી રીતે માલિક થયા? આવી આજ્ઞા કરવાનો તેમને અધિકાર શો છે? આદિલશાહના રાજ્યમાં તોફાન મચાવી કિલ્લા હસ્તગત કરે છે, તે માટે તેમને શિક્ષા થવી જોઈએ; પરંતુ તેમના પિતાને લીધે બચી જાય છે, તેથીજ તે વિશેષ ઉત્તેજિત થયા છે. એજ પ્રમાણે તોફાન અને પ્રપંચ કર્યા કરશે, તો એમના પિતાનું માનખંડન થશે અને પોતાનો જીવ પણ જોખમમાં નાખશે, એ બાબતની તેમને ચિંતાજ જણાતી નથી. બની શકે તે કામ કરવું; પણ એવા પ્રપંચમાં તેમણે પડવું જોઇએ નહિ.” મહારાજાને પત્રવાહકે મોહિતેનું કહેવું સવિસ્તર નિવેદન કર્યું. મામાના શબ્દો સાંભળતાંજ તેમને ક્રોધ ઉત્પન્ન થવાથી હોળીના પર્વ ઉપર કેટલાક માવળી લોકોને સાથે લઇ ઇનામ લેવાને બહાને મામાને મળવા ગયા. ત્યાં તેને એકાએક પકડી, કેદ કરી* તેના તાબાના પ્રાંત તથા પાયગા હસ્તગત કરી લીધાં; તે ઉપરાંત તેની પાસેનું પુષ્કળ દ્રવ્ય, ઝવેરાત, ઊંચી જાતનાં વસ્ત્રો વગેરે મૂલ્યવાન વસ્તુઓ હસ્તગત કરી. મહારાજે મોહિતેને પોતાનો મામો જાણી તેનો વિશેષ સત્કાર કર્યો અને તેને પોતાની સાથે રહી આરંભ કરેલા કાર્યોમાં સહાયતા કરવાનું કહ્યું; પરંતુ મોહિતેએ કેમે કરતાં માન્યું નહિ. અંતે તેને તથા તેના પક્ષનાં મનુષ્યોને માનપૂર્વક કર્ણાટકમાં શાહજીરાજા પાસે મોકલી દીધાં.

આ એકજ કૃત્યથી તાબાના અને ઇતર સર્વે મનુષ્યો પર મહારાજનો સારો કરપ બેઠો. સર્વેને ખાતરી થઇ કે, જેણે પોતાના મામાનું સુધ્ધાં માન રાખ્યું નહિ તેની સાથે ઘણીજ સાવચેતીથી વર્તવું

---

* કેટલીક બખરોમાં લખ્યું છે કે, શિવાજી મહારાજ કેટલાક માવળીઓને સાથે લઇ મોહિતેને ખબર ન પડે તેવી રીતે તેના પ્રાંતમાં ગયા અને મધ્યરાત્રિએ સૂપાના થાણા પર છાપો મારી તાબામાં લીધો અને મોહિતેને તથા તેના પક્ષનાં મનુષ્યોને કેદ પકડ્યાં; વળી એકએ બખરમાં એવું છે કે, મહારાજે ત્રણસો ચૂંટી કાઢેલાં માણસો લઇને તેના કિલ્લા પર જઇ તે સૂઈ ગયેલો હતો તે વખતે તેને પકડીને કેદ કર્યો.

જોઇએ, તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં કિંવા તેમની વિરુદ્ધ પ્રપંચ રમતાં ગમે તેને શિક્ષા કરવામાં તેઓ આઘુંપાછું જોશે નહિ. સર્વ મનુષ્યો મહારાજથી ઘણાજ બીવા લાગ્યા.

પૂનેથી પૂર્વ દિશામાં ચાકણનો કિલ્લો છે. એ કિલ્લો પૂને જવા-આવવાના માર્ગમાંજ હોવાથી મહારાજે જાણ્યું કે, એ કિલ્લો આપણા તાબામાં આવે તો ઘણી સગવડ થાય. એ કિલ્લાની હકીકત એવી છે કે, નિજામશાહી સરકાર પાસેથી પ્રથમ તે કિલ્લો શાહજીરાજાને પ્રાપ્ત થયો હતો. જાધવરાવે પૂંઠ પકડેલી હોવાથી તેમને વિજાપુર નાસી જવું પડ્યું ત્યારે તે ધમાધમ વખતે માર્તંડદેવ અને હોનાપા દેશપાંડે નામક બળવાખોરોએ એ કિલ્લો હસ્તગત કરી તાબામાં લીધો. ત્યાર પછી મુરાર જગદેવના દીવાને એ બળવાખોરોને કેદ પકડી તે કિલ્લો પોતાના તાબામાં લીધો અને મુરારદેવે રાજાને સ્વાધીન કર્યો. દાદાજી કોંડદેવે રાજાની જાગીરોની વ્યવસ્થા કરતી વખતે એ કિલ્લા પર ફિરંગોજી નરસાને હવાલદાર નીમ્યો હતો. દાદાજીનું મરણ થયા પછી ફિરંગોજી એ કિલ્લામાં સ્વતંત્ર થઇ બેઠો હતો; તેની સાથે યુદ્ધ નહિ કરતાં સામોપચારથી વશ થાય છે કે કેમ, તે જોવા માટેજ મહારાજે તેની પાસે પોતાનો વકીલ મોકલી કિલ્લો સોંપી દેવાનું કહાવ્યું. કિલ્લેદારે મહારાજનું કહેવું માન્ય કરી કિલ્લો તેને સ્વાધીન કર્યો અને મહારાજની મુલાકાત લઇ તેમની સત્તા સ્વીકારી નોકરી કરવાનું કબૂલ કર્યું. તેનું એવું નમ્રતાભરેલું વર્તન જોઇ મહારાજ તેના પર ખુશી થયા અને તે કિલ્લા પર પાછો તેનેજ હવાલદાર નીમી, આસપાસની જમીનોનું મહેસૂલ ઉઘરાવવાનું કામ તેનેજ સોંપ્યું. એ કિલ્લા પર બિલાલપાગ્યા નામક એક જૂનો નોકર હતો. મહારાજ પાસે રહેવાની તેની ઇચ્છા નહિ હોવાથી તેને તેમણે શાહજીરાજા પાસે જવા દીધો. પહેલાંના જે જૂના નોકરોએ મહારાજની નોકરીમાં રહેવા ખુશી બતાવી, તેમને પોતપોતાના કામ ઉપર નીમ્યા. ચાકણ કિલ્લો મહારાજના તાબામાં આવ્યાથી બારામતી અને ઇંદાપુરાના થાણદાર મહારાજને વશ થયા અને તેમની આજ્ઞા માનવા લાગ્યા.

ફિરંગોજી નરસાએ મહારાજની આજ્ઞાથી શિવનેરીનો કિલ્લો પાછળથી હસ્તગત કર્યો. એ કિલ્લાની દેખરેખ મહારાજે તેનેજ સોંપી અને એ બન્ને કિલ્લાની આસપાસના ગામોમાં દાદાજી કોંડદેવે શરૂ કરેલી મહેસૂલ-પદ્ધતિ અમલમાં મૂકવાનું કાર્ય પણ તેને સોંપ્યું.

એ પછી મહારાજનું લક્ષ પૂના પાસે આવેલા કોંડાણા નામક કિલ્લા તરફ ગયું. તેમને જણાયું કે, પૂનામાં સુરક્ષિતપણે નિવાસ કરવા માટે એ મજબૂત કિલ્લો આપણા હાથમાં અવશ્ય આવવો જોઇએ. એ કિલ્લો સ્વાધીનમાં આવ્યાથી મહારાજના પૂના પ્રાંતની સઘળી જાગીર સુરક્ષિત થાય એમ હતું; પરંતુ તે હસ્તગત શી રીતે

થાય તેની તેમને મોટી ચિંતા થઇ પડી. તે કિલ્લાપર વિજાપુર સરકારે એક મુસલમાન હવાલદાર નીમ્યો હતો. તેની સાથે પ્રકટ રીતે યુદ્ધ કરીને એ કિલ્લો જીતી લેવા જેટલું તે સમયે મહારાજમાં સામર્થ્ય નહોતું. ક્વચિત્ મહારાજ તેની સાથે યુદ્ધ કરવા પ્રવૃત્ત થાય તો વિજાપુર-સરકાર સાથે ખુલ્લી રીતે વૈર કરવા જેવું થઈ પોતાનો નાશ થવામાં વિલંબ લાગે નહિ, એ પણ તે સારી પેઠે જાણતા હતા; તેથી તેમણે તે કિલ્લેદારને લાંચ આપી વશ કરવાનો વિચાર કર્યો અને તેમનો એ વિચાર સરળતાથી સિદ્ધ થયો. આ રીતે કોંડાણાનો કિલ્લો હાથમાં આવ્યા પછી તેની સુવ્યવસ્થા કરી તેનું નામ સિંહગઢ પાડ્યું.

એ સમયે પુરંદર નામક કિલ્લો તથા તેની આસપાસનો પ્રાંત નીલકંઠ હૈબતરાવ નામક એક બુદ્ધિમાન બ્રાહ્મણના તાબામાં હતો. તે તેને નિજામશાહી સરકાર તરફથી ઇનામમાં મળ્યા હતા. નિજામશાહી પ્રદેશ જ્યારે મોગલોના તાબામાં ગયો ત્યારે નીલકંઠરાવ સ્વતંત્ર થઇ બેઠો હતો. શાહજીરાજા અને દાદાજી કોંડદેવ સાથે તે મિત્રભાવથી વર્તતો હતો. દાદાજી મરણ પામ્યો તેજ અરસામાં નીલકંઠરાવ પણ મરણ પામ્યો હતો. તેને ત્રણ પુત્રો હતા. તેમાંનો જ્યેષ્ઠ પુત્ર નિળોપંત સર્વ કારભાર ચલાવતો હતો. તે પોતાના નાના બંધુઓને ગાંઠતો નહોતો. એ બે બંધુઓનાં નામ પિલાજી અને સંક્રાજી હતાં. તેમનું કહેવું એવું હતું કે, કિલ્લાનું સ્વામિત્વ ત્રણે બંધુઓના હાથમાં સરખી રીતે રહેવું જોઇએ. એજ કારણને લીધે ત્રણે બંધુઓમાં કલહ ચાલી રહ્યો હતો. શિવાજી મહારાજ પરાક્રમી નીવડી, પોતાની જાગીરમાં વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરે છે, એ જોઇને નિળોપંત તેમની સાથે સ્નેહભાવથી વર્તતો હતો.

કોંડાણાનો કિલ્લો પોતાના સ્વાધીનમાં શી રીતે આવે, તે સંબંધી મહારાજ વિચાર કરવા લાગ્યા. કિલ્લાના માલિકો જોડે ખુલ્લી રીતે વૈર પણ કેમ થાય? તેઓ વંશાનુક્રમે મિત્ર થતા હતા. તેમની સાથે વૈર કરવું એ જનસમૂહના આચારથી તદ્દન વિરુદ્ધ હતું. બારામતી, ઇંદાપુર અને સુપા એ ત્રણે પરગણાનું સંરક્ષણ અને બંદોબસ્ત યથાસ્થિતરીતે થવા માટે એ કિલ્લાની સહાયતાની અવશ્ય જરૂર છે, એ પણ મહારાજ જાણી ગયા. ત્રણે બંધુઓ વચ્ચે કલહ ચાલે છે, એમ જાણીને મહારાજ કેટલાક ચૂંટી કાઢેલા માવળીઓ સહિત સુપા પ્રાંતમાં જવાને બહાને* રાજગઢથી ઊપડ્યા. મહારાજ

---

* શિવદિગ્વિજયમાં એવું લખેલું છે કે, ફલટણના નિંબાળકર પર હુમલો કરવાનું બહાનું કાઢીને કિલ્લાની પાસે ૭ માઇલ પર સાસવડ મુકામે તેમણે પોતાનો પડાવ નાખેલો હતો.

પાસે આવી પહોંચ્યાના સમાચાર મળતાંજ નાના બંધુઓએ પોતાની તકરારનો નિવેડો લાવવા મહારાજને પુરંદર બોલાવ્યા.× તે પરથી તેમણે એ કિલ્લાનાં પગથિયાં પાસેના નારાયણના દેવાલયમાં પડાવ નાખ્યો. તેમણે વિચાર્યું કે, એકદમ કિલ્લા પર ચઢી જવાથી નિળોપંતને સંશય આવશે. ખુલ્લી રીતે શિવાજી મહારાજને જઇ મળવાની નાના બંધુઓની હિંમત ચાલતી નહોતી. એ પ્રમાણે બંને પક્ષ ગોટાળામાં પડ્યા. કિલ્લા પરના મનુષ્યોએ વિચાર કર્યો કે, ત્રણે બંધુઓ પરસ્પર કલહ કરતા હોવાથી અંતે કિલ્લો કોના હાથમાં જશે તે નક્કી નથી; તેના કરતાં કિલ્લો શિવાજી મહારાજના તાબામાં જાય તો ઘણું સારૂં. આસપાસના દેશ ઉપર તેમની સત્તા હોવાથી તેઓ બીજા દેશો અને કિલ્લા પણ સ્વાધીનતામાં લેવાનો ઉદ્યોગ કરે છે. આપણે તેમના જેવા પરાક્રમી અને વીર પુરુષના તાબામાં જવું, એજ સારૂં છે; એવો વિચાર કરી તેમણે મહારાજને કિલ્લા પર લાવવાની એક યુક્તિ કરી. તેમણે ત્રણે બંધુઓને કહ્યું કે, "શિવાજી મહારાજ સાથે તેમને સ્નેહભાવ છે, તેઓ આજે કિલ્લા નીચે આવ્યા છે, તેમને મળી આદરસત્કાર કરી કિલ્લા પર લઇ આવો; વળી દિવાળીના દિવસો છે તેથી તેમને સ્નાન કરવાનું આમંત્રણ કરો. કિલ્લા પર આવ્યા પછી તેમને તમારા ગૃહકલહનું કારણ કહેજો અને પછી તેમની સલાહ પ્રમાણે વર્તજો." એ સલાહ ત્રણે બંધુઓએ માન્ય કરી અને ગઢની નીચે મહારાજને મળવા ગયા; તથા કિલ્લા પર સ્નાન કરવાનું આદરપૂર્વક આમંત્રણ કર્યું. મહારાજે કહ્યું કે, "મારી સાથે ચાર મોટા શ્રીમાન ગૃહસ્થો છે, તેમને નીચે મૂકી હું એકલો કિલ્લા પર શી રીતે આવું ?" તે સાંભળી તેમણે કહ્યું કે, "સર્વને લઇ ઉપર આવો." મહારાજ સર્વને લઇ કિલ્લા પર ગયા. ત્રણ દિવસ અતિથિસત્કાર મેળવ્યો. મહારાજે ત્રણે ભાઇઓની તકરાર સાંભળી લઇ કલહ શાંત કરવાનો યત્ન કર્યો; પરંતુ કોઇ પણ રીતે તેમની વચ્ચે સંપ થયો નહિ. કનિષ્ઠ બંધુઓએ મહારાજને વિનંતિ કરી કે, "અમારો મોટો બંધુ અમને કાંઇ આપતો નથી. અમને આપની પાસે નોકરી આપો." ત્રીજે દિવસે રાત્રે મહારાજ ત્રણે બંધુઓ સાથે વાતચીત કરતા બેઠા હતા, એટલામાં નિળોપંતને નિદ્રાનાં ઝોકાં આવતાં તે ઊઠીને શયનગૃહમાં ગયો. એ સંધિ જોઈ મહારાજે કનિષ્ઠ બંધુઓને એવી યુક્તિ સૂચવી કે, "તમારો વડીલ બંધુ તમારી પ્રાર્થના શાંત રીતે સાંભળતો નથી, તેથી તેની શુદ્ધિ ઠેકાણે લાવવાનો મને એક ઉપાય જણાય છે. તે

× રાયરીની બખરમાં લખ્યું છે કે, મહારાજે એક ચોમાસું તેમના કિલ્લામાં રહેવાની માગણી કરી, તે તેમણે માન્ય કર્યાથી જીજાબાઇને સાથે લઇ મહારાજે પુરંદરના કિલ્લા નીચે મુકામ કર્યો.

હમણાં નિદ્રાવશ થયો છે તેને ત્યાંજ કેદ પકડવો.” એ યુક્તિ બંને બંધુઓએ કબૂલ કરી, એટલે મહારાજે કિલ્લા નીચેના પોતાના માવળી લોકોને ઉપર બોલાવ્યા અને કિલ્લા ઉપરના જે મનુષ્યો અનુકૂળ હતા, તેમની સહાયતા લઇ નિળોપંતને નિદ્રાવસ્થામાંજ કેદ પકડ્યો. ત્રણે બંધુઓને કિલ્લા નીચે લાવી કિલ્લો પોતાના સ્વાધીનમાં લીધો.* તેમનાં ઇનામી ગામ તેમને સરખે ભાગે વહેંચી આપ્યા અને તેમને કિલ્લા નીચેની માંચીમાં નિવાસ કરવાની પરવાનગી આપી.× પછીથી મહારાજે તેમને પોતાના તાબામાં નોકરીઓ આપી તેમની ઉન્નતિ કરી. એ પ્રમાણે રક્તપાત અને તોફાન કર્યા વગર પુરંદરનો કિલ્લો પોતાના સ્વાધીનમાં લઇ સુપા, ઇંદાપુર વગેરે પરગણાં સુદૃઢ બનાવ્યાં.

એ પછી મહારાજની આજ્ઞાથી માણેકજી દેશમુખે વિસાપુરનો કિલ્લો સ્વાધીન કર્યો. ત્યાં શાહજીરાજાના હાથ નીચેનો સીદી બિલ્લાલ નામક એક હબસી સરદાર રહેતો હતો. મહારાજની ઇચ્છા હતી કે, “તેની પાસેજ કિલ્લાનો કબજો રહેવા દેવો.” પરંતુ એ સંબંધી પૂછતાં તેણે ઉત્તર આપ્યો કે, “મહારાજ ઉદ્ધતાઇ કરે છે, તેમનાં આચરણ અયોગ્ય છે, તેમણે એ ઉદ્યોગ પોતાનો પ્રાણનાશ કરવાને માટે આરંભ્યો છે. હું એવા મનુષ્યની નોકરી કરવા ચાહતો નથી.” હબસી સરદારનો ઉત્તર સાંભળી મહારાજને ક્રોધ આવ્યો નહિ, કારણકે તે શાહજીરાજાના તાબાનો જૂનો નોકર હતો. તેનું અપમાન નહિ કરતાં તેને સારી બક્ષિસ આપી શાહજીરાજા પાસે મોકલી દીધો.

શિવાજી મહારાજે શરૂઆતમાં પોતાની જાગીરની આસપાસના મુખ્ય મુખ્ય કિલ્લા સ્વાધીન કરી લઈ તેને સુદૃઢ બનાવ્યા. એ સમય પર્યંત તેમણે વિજાપુર સરકાર સાથે સાક્ષાત્ રીતે વિશેષ વિરોધ પ્રકટ કર્યો નહોતો. તે સરકારના તોરણા, કોંડાણા વગેરે એ ત્રણ કિલ્લા કિંચિત્ પણ રક્તપાત કર્યા વગર તાબામાં લીધા હતા અને

---

* મિ. કિંકેડ જણાવે છે કે, કિલ્લા પર ગયા પછી બીજે દિવસે મહારાજે એ ત્રણે ભાઇઓને કહ્યું કે, તમે સાસવડ પાસેની નદીમાં સ્નાન કરી આવો. આ વાત તેમને પસંદ પડવાથી તે લોકો પ્રાતઃકાળસ્નાન કરવાને માટે ગયા; પણ સ્નાન કરીને પાછા ફર્યા ત્યારે તેમણે જોયું કે, મહારાજનાં માણસોએ એ કિલ્લો હસ્તગત કરી લીધો છે અને તેના પર પોતાનું નિશાન ચઢાવી દીધું છે.

× કેટલીક બખરોમાં એવું લખેલું છે કે, વડીલ બંધુ પાસે પહેલાંની મિલકત રહેવા દીધી અને બીજા બે ભાઇઓને બીજી તરફ ઇનામી જમીન આપી. વચલા શંકરરાવ નીલકંઠને તોપખાના અને હાથીખાના પર નીમ્યો અને સૌથી નાનાને પણ પોતાની પાસે રાખી લીધો.

તે સંબંધી એવું કારણ બતાવ્યું હતું કે, "એ કિલ્લા અમારી જાગીરની આસપાસ હોવાથી અમારે હાથે તેની સુવ્યવસ્થા થશે અને અમારી જાગીર પણ સુરક્ષિત થશે; તેમજ આસપાસના દેશમુખીઓ તોફાન કરે છે. તેમના પર સખ્ત કડપ રાખી શકાશે અને સરકારની મહેસૂલ ભરવા માટે તેઓ બહાનાં બતાવતા હોવાથી વખતસર મહેસૂલ વસૂલ કરી શકાશે. ચાકણ, પુરંદર વગેરે ઇતર કિલ્લા જે બળવાખોરોએ સ્વાધીન કર્યા છે, તેઓ સરકારને બિલકુલ ગાંઠતા નહોતા. તેથી એવા તોફાની લોકોને જેર કરવામાં મેં વિજાપુર સરકારનું હિતજ કર્યું છે," એવું મહારાજ તેમને સમજાવી શકયા. અસ્તુ. એવાં ક્ષુલ્લક જણાતાં આંદોલનોથી વિજાપુર સરકારને તે સમયે વિશેષ મહત્ત્વ જણાયું નહિ, એ યોગ્યજ થયું. સ્વાભાવિકરીતેજ તેઓ સમજતા હતા કે, શાહજીરાજા આપણી સાથે પ્રમાણિકપણે વર્તી બહાદુરીપૂર્વક રાજ્યની નોકરી કરતા હોવાથી તેનો એ અલ્પવયસ્ક પુત્ર આપણી સત્તાવિરુદ્ધ કંઇ ધમાલ કરે એવો નથી. તે જે કાંઇ કરે છે તે આપણા હિતને માટેજ કરે છે. વળી આદિલશાહ મોટી મોટી ઇમારતો બાંધવામાં ગૂંથાયેલો હોવાથી કર્ણાટકમાં સ્વસત્તાવૃદ્ધિ કરવા તરફજ તેનું લક્ષ વિશેષરીતે લાગી રહ્યું હતું. શાહજીરાજા જેવા શૂરા અને બળવાન સરદારની સહાયતાવડે તેણે તે દેશમાં પોતાની સત્તા સારી પેઠે બેસાડેલી હોવાથી રાજા પર તેમની સંપૂર્ણ કૃપા હતી તેથી બાદશાહને એવો પણ વિચાર થયેલો હોવો જોઇએ કે, રાજાના અલ્પવયસ્ક પુત્રદ્વારા મહારાષ્ટ્રમાં થતાં આંદોલનો બંધ કરી, રાજાના તાબાની જાગીર ખાલસા કરવાથી તો તેમને દુઃખ ઉત્પન્ન કરવા જેવું થશે.

પરંતુ મહારાજનો ઉદ્દેશ અને યુક્તિ કેવાં હતાં, તે આ સ્થળે જણાવવાનું કંઈ પ્રયોજન નથી. સ્વસત્તા વધારી સ્વરાજ્ય સ્થાપવાનો જે વિકટ અને દીર્ઘ ઉદ્યોગ જીવનપર્યંત આગળ ચલાવવાનો હતો, તેનો દઢ પાયો શિવાજી મહારાજ રચતા હતા. મજબૂત કિલ્લાનો આશ્રય મળ્યાથી પોતાના તાબાના દેશનું સંરક્ષણ કરી શકાશે તથા શત્રુના દેશ પર અકસ્માત્ હુમલો કરી તેને જીતી લઇ, પુનઃ સુરક્ષિતપણે કિલ્લામાં થાણું કરી શકાશે, એવું તેમના લક્ષમાં આવવાથી પ્રથમજ તેમણે તે પહાડી કિલ્લા તાબામાં લેવાનો ઉદ્યોગ આરંભ્યો હતો.

મહારાજે ચાકણના કિલ્લાથી તે નીરા નદીપર્યંતના સઘળા પ્રાંત પોતાની સત્તામાં લીધા. તાબે કરેલા પ્રત્યેક કિલ્લા દુરસ્ત કરાવી તે પર માવળી લોકોને રખેવાળ તરીકે રાખ્યા અને તે પર બની શકે તેટલો ઉત્તમ બંદોબસ્ત કર્યો. તેમ થવાથી આસપાસના દેશમુખ જમીન-મહેસૂલ વગર તકરારે આપવા લાગ્યા. દાદાજી કોંડદેવે ચાલુ કરેલી વસૂલપદ્ધતિ સર્વત્ર શરૂ કરવામાં આવી. ખેડૂતોને પૈસા ધીરી,

શજી રાખી તેમની પાસેથી વખતસર મહેસૂલ આવે, એવી ગોડવણ કરી રૈયતને સુરક્ષિતપણું જણાય અને જમીનનો પાક વધારે ઉત્પન્ન કરવા માટે અંતઃકરણપૂર્વક શ્રમ કરે, એવું કરવા મહારાજ હમેશાં તત્પર રહેતા. તેમ કરવાથી તેઓ મહારાજને ઘણુંજ ચાહવા લાગ્યા. સર્વ હિંદુપ્રજાને જણાવા લાગ્યું કે, એજ આપણા રાજા છે. મહારાજની સ્વસત્તાવૃદ્ધિની એવી અજાયબીભરેલી યોજના જોઇ તેમના તાબાના મનુષ્યોને અતિશય કૌતુક લાગ્યું. મહારાજની યુક્તિ અને કુશળતા જોઈ સર્વ મનુષ્યોના મનમાં તેમના ઉપર પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઇ અને તેઓ મહારાજની વિશેષ ભક્તિ કરવા લાગ્યા. માવળી લોકોને મન તો મહારાજ કેવળ માતાપિતા જેવાજ જણાવા લાગ્યા. લોકો તેમને માટે પ્રાણ અર્પણ કરવા તૈયાર થયા. મહારાજ જે જે કાર્ય કહે તે તે પોતાના જીવની પણ દરકાર કર્યા વગર એકનિષ્ઠાથી કરવાનો તેમણે નિશ્ચય કર્યો.

મહારાજે જમીનમહેસૂલ વગેરેની વ્યવસ્થા યથાયોગ્ય કર્યા પછી જેમ બને તેમ પોતાના તાબામાં સિપાઇઓ વધારવાનો યત્ન કર્યો. પ્રત્યેકને તેમની નોકરીમાં રહેવાની ઉત્કંઠા થવાથી પુષ્કળ મનુષ્યો તેમની પાસે આવવા લાગ્યા. એવા માલિક મળવાથી તેઓ પોતાને ઘણા ભાગ્યશાળી માનવા લાગ્યા. મનુષ્યની યોગ્ય પરીક્ષા કરવામાં મહારાજ અતિશય ચતુર હતા. ગમે તેવો મનુષ્ય તેમની પાસે આવતાં તેઓ તેની પરીક્ષા કરી, તે જે કામને લાયક જણાતો તેવું કામ તેને સોંપતા. શૂરા સિપાઈઓ અથવા બુદ્ધિમાન કારકુનો જેટલા મળી આવતા તેટલાને તેમણે નોકરીએ રાખવાનો ક્રમ રાખ્યો હતો. તેમણે બુદ્ધિમાન અને પ્રમાણિક નોકરો ભેગા કરી તેમનામાં ઉત્કૃષ્ટ અનુભવ આવતાં ભવિષ્યના મહત્કાર્યમાં તેઓ ઉપયોગી થઈ પડે, એવી દીર્ઘદૃષ્ટિ રાખવામાં જરા પણ આળસ કર્યું નહોતું.

એ પ્રમાણે નોકરો રાખતાં દસહજાર માવળી લોકો ભેગા થયા. શાહજીરાજાની પાયગા જુદે જુદે સ્થળે હતી, તે એકત્ર કરી તેમાં નવા નોકરો વધારી તેને ત્રણ હજાર સિપાઇઓની બનાવી દીધી. શાહજીરાજાએ તાબામાં સોંપેલા અને દાદાજી કોંડદેવે પોતાની પસંદગીથી નોકરીએ રાખેલા કેટલાક કારકુનો અદ્યાપિપર્યંત મહારાજ પાસેજ કાયમ હતા, તેથી પ્રત્યેક પ્રસંગે તેમના તરફથી ઉત્તમ પ્રકારની સહાયતા મળવા લાગી. પોતાના તરુણ સ્વામીનો સ્વરાજ્ય સ્થાપવાનો સ્તુત્ય ઉમંગ અને હિંમત જોઈ તેમના શરીરમાં પણ સ્ફૂર્તિ થઇ. તેઓ મહારાજને પ્રત્યેક વિષયમાં પ્રમાણિકપણે યોગ્ય લાગે તે સલાહ આપતા. મહારાજનું વય નાનું હોવા છતાં તેમનામાં સતત કર્તવ્યપરાયણતા અને અલૌકિક કલ્પનાશક્તિ હતી. એ જોઈ તેઓ તેમને અતિશય માન આપવા લાગ્યા અને તેમનો પડતો બોલ

ઝીલી લેવા લાગ્યા. મહારાજે પણ તેમના સદ્ગુણો જોઈ યોગ્ય કદર કરી અને તેમને શોભે એવી પદવીઓ આપી આગળ વધાર્યા. હાલ તુરત પોતાની જાગીર જેટલોજ સ્વરાજ્યનો પાયો નાખવો અને તાબાના નોકરોના મનમાં એ કલ્પનાનાં બીજ રોપવાં, એવો વિચાર કરી મહારાજે શામરાવ નીલકંઠ રાજેકરને પેશ્વા બનાવ્યો, બાળકૃષ્ણ પંત દીક્ષિતને મજુમદારી આપી, સોનોપંતને કારભારીનું કામ સોંપ્યું અને રઘુનાથ બલ્લાળ ઓકિલને સબનીસ નીમ્યો. એ સિવાય યેસાજી કંક, તાનાજી માલસુરે અને બાજી ફલસકરને માવળા લશ્કરના સરદાર બનાવ્યા અને શિવાજી મહારાજ સ્વતઃ સર્વ સૈન્યના સેનાધિપતિ થયા. સરનૌબતનો હોદ્દો હજુ સુધી કોઈને આપ્યો નહોતો. પોતાની જાગીર બહાર સ્વસત્તાનો વિસ્તાર વિશેષ વધ્યો નહોતો, તેમ છતાં મહારાજે એટલાજ વિસ્તારમાં સ્વરાજ્યનો પાયો નાખી તેને કાયમ રાખવાનો અને તેના ઉપર ભવ્ય મહાલય બાંધવાનો ઉદ્યોગ આગળ કેવી રીતે વધાર્યો, તે યથાક્રમ લખવામાં આવશે.



प्रकरण ७ मुं–स्वसत्तानी वृद्धि

શિવાજી મહારાજે પૂર્વોક્ત પ્રકારે સ્વરાજ્ય–સ્થાપનાનો આરંભ કર્યા પછી તેને આવશ્યક થઇ પડે એવી થોડીઘણી વ્યવસ્થા કરી સ્વસત્તા વધારવાનો ઉદ્યોગ કરવા માંડ્યો. તેમણે એ ઉદ્યોગનો આરંભ શી રીતે કર્યો, તેનું વર્ણન કરતાં પહેલાં પોતાની જાગીરની આસપાસના પ્રાંતોની વ્યવસ્થા કેવી હતી, તેનું દિગ્દર્શન કરાવવું આ સ્થળે ઉચિત ગણાશે.

નીરાનદીના દક્ષિણ કિનારાનો પ્રદેશ, પૂર્વમાં શિરવળપર્યંત અને દક્ષિણમાં કૃષ્ણાનદીની ઉત્તર તરફના ડુંગરપર્યંત હતો. તે પ્રદેશ હિરડસ માવળના બાંદલ નામક દેશમુખના તાબામાં હતો. એ બાંદલ તેનું મહેસૂલ વસૂલ કરતો હતો. રોહિડા નામક કિલ્લો પણ તેના સ્વાધીનમાં હતો. એ દેશમુખ શિવાજી મહારાજ ઉપર પહેલાંથીજ ઇર્ષ્યા રાખતો હતો.× તેણે પોતાના તાબાના કિલ્લા પર ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત રાખેલો હોવાથી તેના રક્ષણ માટે મનુષ્યો પણ પુષ્કળ રાખ્યાં હતાં. મહારાજ નજીકના કિલ્લા હસ્તગત કરવા લાગ્યા, ત્યારે તેણે એ કિલ્લો તેમના હાથમાં નહિ જવા દેવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો. પુરંદરના કિલ્લાની આસપાસના પ્રદેશો ઉપર બાંદલની સંપૂર્ણ નજર હતી. શિવાજી મહારાજે જ્યારે એ કિલ્લો તાબામાં લીધો ત્યારે તેને પોતાના કિલ્લા સંબંધી મોટી ચિંતા ઉત્પન્ન થાય એ સ્વાભાવિકજ છે.

× આ બાંદલ પૂનાના બાર માવળાઓમાં બહુ જોરાવર હતો અને ત્યાંની વસૂલાત તે લેતો હતો. દાદાજીને તે બિલકુલ ગણકારતો ન હતો, તેથી તેના પર દાદાજીએ સવારી કરી; પણ બાંદલે દાદાજીનાં માણસોને મારીને હાંકી કાઢ્યાં. પાછળથી કાનોજી નાઇક જેધે તેને સમજાવીને દાદાજીની મુલાકાતે લઇ આવ્યા હતા; પણ આ દેશમુખ શિવાજી મહાગજને અનુકૂળ થયો નહિ. બીજો એક ખોપડે નામનો અટકનો દેશમુખ હતો, તે પણ મહારાજ સાથે વિરોધ રાખતો હતો. જ્યારે મહારાજે તોરણા વગેરે કિલ્લા હસ્તગત કર્યા, ત્યારે આ બે દેશમુખોએ વિજાપુરસરકારના સરદારને ફરિયાદ કરી હતી.

કૃષ્ણા નદીથી વારણા નદીપર્યંતના કિનારાનો પ્રદેશ, ચંદ્રરાવ મોરે નામક મરાઠાના સ્વાધીનમાં હતો. જાવલી પ્રાંત ઉપર તેની સત્તા હતી અને હશમગઢ ઉપર તેનું થાણું હતું. એ મનુષ્ય મહારાજને સીધી રીતે વશ થાય તેવો નહોતો. એની પાસે મનુષ્યોની મોટી ટોળી હોવાથી તેના બળને લીધેજ તે કોઇને ગાંઠતો નહોતો.

વાઇ નામક ગામમાં વિજાપુર–સરકારે નીમેલો એક ઇનામદાર રહેતો હતો. પાંડવગઢ, કમળગઢ, વગેરે આસપાસના કિલ્લા તેના સ્વાધીનમાં હતા. કોલ્હાપુર પ્રાંત એક મુસલમાન અધિકારીની વ્યવસ્થા નીચે હતો અને ત્યાંનો પન્હાળા નામક કિલ્લો તેનાજ સ્વાધીનમાં હતો.

કલ્યાણ પ્રાંત પૂર્વે નિઝામશાહીની સત્તા નીચે હતો. ઈ૦ સ૦ ૧૬૩૬માં મોગલો સાથે થયેલા તહનામા પ્રમાણે તે પ્રાંત વિજાપુર સરકારની સત્તામાં આવ્યો હતો. એ પ્રાંતના બે વિભાગ પાડી તેના ઉપર બે અધિકારીઓ નીમવામાં આવ્યા હતા. કલ્યાણ–ભીમડીથી નાગોટણા સુધીના ઉત્તર તરફના પ્રાંત ઉપર મુલ્લાણા અહમદ[૧] નામક એક કુલીન મુસલમાન સરદાર નીમવામાં આવ્યો હતો. તેનું મુખ્ય થાણું કલ્યાણ–ભીમડીમાં હતું. તેના તાબાનો પ્રદેશ ઘણો વિસ્તીર્ણ હોવાથી ડુંગર ઉપરના અને ડુંગર નીચેના ઘણા કિલ્લા તેના સ્વાધીનમાં હતા. એ કિલ્લા પર સારો બંદોબસ્ત નહોતો. દક્ષિણ તરફના ભાગ ઉપર એક હબસી સરદારની નિમણુંક કરી હતી અને તેની પાસે તે ભાગ માત્ર જાગીર દાખલ હતો. એ જાગીર નિઝામશાહીસરકાર પાસેથી તેના પૂર્વજોને મળી હતી. એ જાગીર તેઓને એટલા માટે આપવામાં આવી હતી કે, તેમણે વહાણો રાખી વ્યાપારનું રક્ષણ કરવું અને મક્કે જનારા યાત્રાળુઓને રાતા સમુદ્ર સુધી લઇ જવા. એ જાગીર વંશપરંપરાથી મળી નહોતી; પણ જે હબસી સરદાર વહાણ ઉપર ઉત્કૃષ્ટ કામ કરી બતાવે તેને મળતી હતી. તે કાર્યમાં ઉત્કૃષ્ટ ઠરેલા સરદારને વજીરની પદવી મળતી હતી. એ સીદી પાસે વહાણ ઉપરના ખલાસી વગેરે ઘણાં માણસો હબસી જાતિનાંજ હતાં; તેથી કોંકણમાં આફ્રિકાના લોકોનું એક નાનું સંસ્થાનજ વસ્યું હતું. સીદીનાં સર્વ વહાણો દંડરાજપુરી નામક બંદર આગળ એકઠાં થતાં હતાં. એ બંદર પાસે એક નાનો બેટ હતો, તેની આસપાસ મજબૂત કિલ્લો બાંધ્યો હતો. તેનું નામ જંજીરા છે. હબસી લોકોનો મુખ્ય સરદાર ફત્તેહખાન નામનો સીદી હતો. તેના તાબામાં પુષ્કળ કિલ્લા હતા. તેમાં તપા, ઘોસાળા અને રાયરી એ ત્રણ કિલ્લા મુખ્ય હતા. એ સઘળા કિલ્લા તેણે મરાઠા સરદારોના તાબામાં સોંપ્યા હતા.

---

[૧] કેટલાક બખરકાર તેનું નામ મૂલાણા હતું, એમ જણાવે છે.

કોંકણપટ્ટીમાં ઘણાં વર્ષથી વિજાપુર સરકારની સત્તા ચાલતી હતી. તે પ્રાંતમાંનાં પરગણાં સરકારે જાગીરદાખલ આપેલાં હોવાથી ત્યાંના દેશમુખ વંશપરંપરાથી જાગીરોનો ઉપભોગ કરતા હતા અને જમીનોની મહેસૂલ પણ તેઓજ વસૂલ કરતા હતા. સરકારી અધિકારીઓ દાભોળ, અંજનવેલ, રત્નાગિરિ અને રાજાપુર નામક બંદરની વ્યવસ્થા કરતા હતા અને તે શહેરોની આસપાસના પ્રાંતોની મહેસૂલ તેઓજ ઉઘરાવતા હતા. એ સર્વ દેશમુખીઓમાં વાડીના સાવંત દેશમુખ અત્યંત પ્રબળ હતા. ફિરંગી લોકોના તાબાના ગોવા પ્રાંતને લગતો મજબૂત પહાડી પ્રાંત પણ દેશમુખના તાબામાં જાગીરદાખલ હતો. શૃંગારપુરના સુર્વે[1] એ સાવંતોથી બીજી પંક્તિની યોગ્યતાના દેશમુખ હતા. તેમના તાબાનો પ્રાંત તદ્દન એકાંત હોવાથી તેઓ સિંહાસનમાંના ગણપતિ પેઠે ઘણે દરજ્જે સ્વતંત્ર થઇ બેઠા હતા.

શિવાજી મહારાજ સ્વસત્તાની વૃદ્ધિ કરવાના કાર્યમાં પ્રવૃત્ત થયા, ત્યારે તેમની જાગીરની આસપાસના પ્રાંતોની એવી વ્યવસ્થા હતી. એ પ્રાંતો પર તેમની દૃષ્ટિ હોય એ પણ સ્વાભાવિકજ છે. મહારાજે માવળીઓની સહાયતા વડે ઘાટ ઉપરના અને તેની નીચેના પ્રાંતનો અનુભવ મેળવેલો હતોજ તથા ત્યાંના કેટલાક દેશમુખીઓને વશ કરી લીધા હતા; તેજ પ્રમાણે કોંકણ દેશની સ્થિતિનું અવલોકન કરવા માટે અને ત્યાંના દેશમુખીઓ અને કિલ્લેદારોને સમક્ષ મળી તેમની યવન–તાબેદારી વેગળી ફેંકી દેવાનો સંકલ્પ પ્રસિદ્ધ કરી તેઓ આપણા સંકલ્પને અનુકૂળ થાય છે કે કેમ? તે જાણવા માટે મહારાજે પોતાના તાબાના બ્રાહ્મણ અને પ્રભુનોકરોને તે પ્રાંતોમાં મોકલ્યા. તેમણે સર્વ સ્થળે જઇ ઘણા દેશમુખ અને મરાઠા સરદારોને સમજાવી તેમને મહારાજના સત્સંકલ્પને અનુકૂળ કરી લીધા.

એ સમયે શિવાજી મહારાજ પાસે લશ્કરનો મોટો સંગ્રહ થયો હતો અને બીજાં વધારાનાં મનુષ્યો પણ તેમની પાસે નોકરીએ રહેવા તૈયાર હતાં; પરંતુ એટલાં બધાં મનુષ્યોને પગાર ક્યાંથી આપવો તેજ અડચણ આવી પડી હતી. તાબામાં આવેલા દેશની ઉપજ એકસરખા વધતા જતા ખર્ચને પહોંચી વળવા પૂરતી નહોતી. નોકરોને વખતસર પગાર મળે તો તેઓ અંતઃકરણપૂર્વક કોઇ પણ કામ કરવા તૈયાર હોય છે. લશ્કર અને પાયગા વધે તેટલી વધવા દીધા સિવાય આરંભેલું કાર્ય સિદ્ધ થવાની બિલકુલ આશા નહોતી. તેજ પ્રમાણે તાબે લીધેલા કિલ્લાની ઉત્તમ વ્યવસ્થા કરી, તે ઉપર અન્નાદિ સામગ્રી પુષ્કળ રાખ્યા સિવાય શત્રુના ભવિષ્યના હુમલામાંથી તેનું

---

[1] ગ્રાંટ ડફ એતું નામ દળવી લખે છે અને ચિટનીસ, સભાસદ તથા ચિત્રગુપ્ત એતું નામ સુર્વે લખે છે.

રક્ષણ થવું શક્ય નહોતું. વસ્તુસ્થિતિ એવી હોવાથી કોઇ પણ રીતે દ્રવ્ય મેળવ્યા સિવાય ગતિ નથી, એ મહારાજના લક્ષમાં આવતાંજ તેમણે દ્રવ્ય મેળવવાનો ઉદ્યોગ કરવા માંડ્યો. કોઇ પણ ધનાઢ્યશાહુકાર મળી આવતાં તેની પાસેથી ઉછીનું દ્રવ્ય લેવા માંડયું અને જે શાહુકાર સીધી રીતે દ્રવ્ય આપતો નહિ તેની પાસેથી જોરજુલમથી દ્રવ્ય કઢાવતા. એ અન્યાયનું કામ તો ખરૂંજ; પરંતુ જે દેશકાર્યમાં તેઓ પ્રવૃત્ત થયા હતા, તે કાર્ય અત્યંત મહત્ત્વનું હોવાથી તે સિદ્ધ થતાંજ સર્વનું કલ્યાણ થાય એમ હતું; તેથી બને તે માર્ગે મનુષ્યોની અને દ્રવ્યની અનુકૂળતા કરવાની અગત્ય હતી. દ્રવ્યની લાલચ વડે મનુષ્યો અનુકૂળ થઈ શકે; પરંતુ જેની પાસે દ્રવ્ય હોય તેને મોહકવાણી કહીને વશ કરવાનો ઉપાય ન રહે, તો બીજો ઉપાય જોરજુલમ કરવાનોજ બાકી રહે છે.

એ સમયે મહારાજને સમાચાર મળ્યા કે, કલ્યાણના સુબેદાર મુલાણા અહમદ તરફથી વિજાપુરદરબાર તરફ મોટો ખજાનો મોકલવામાં આવે છે. એ ખજાનો કોંકણમાં વાઇને માર્ગે થઇને જતો હતો. તે લૂંટવાના ઇરાદાથી મહારાજે ત્રણસો ઘોડેસવાર અને કેટલાક માવળા સહિત ખજાનો લઈ જનાર ઉપર હુમલો કર્યો,[1] અને ખજાનો લૂંટી લઇ સઘળું દ્રવ્ય તત્કાળ રાયગઢ પર લઇ ગયા. ખજાના સાથે મજબૂત લશ્કરી બંદોબસ્ત હતો; કારણકે શિવાજી મહારાજ કિંવા બીજી કોઇ પણ લૂંટારૂ ટોળી તે લૂંટી લેશે, એવી સરદારને બીકજ હતી. બંને પક્ષ વચ્ચે હુલ્લડ થતાં મહારાજનાં દશપંદર મનુષ્યો મરણ પામ્યાં અને પાંચપચીસ ઘાયલ થયાં હતાં, ત્યારે મુલાણાનાં પચીસ મનુષ્યો મરણ પામ્યાં અને સોપચાસ મનુષ્યો ઘાયલ થયાં હતાં. મહારાજનાં જે મનુષ્યો મરણ પામ્યાં તેના કુટુંબનો નિર્વાહ તેમણેજ ચલાવ્યો અને જેણે બહાદુરી બતાવી હતી, તેને યોગ્યતા પ્રમાણે ઇનામ વગેરે આપી ઉત્તેજિત કર્યા. તે પરથી સર્વ મનુષ્યોને જણાયું કે, આપણા સ્વામી દયાળુ અને ઉદાર છે. એ આપણા ગુણની કદર અવશ્ય કરશે. એમની સેવા પ્રમાણિકપણે કરવાથી મહેનત વ્યર્થ જશે નહિ. મહારાજાના માયાળુપણાને લીધે તેમના તાબાના નોકરોમાં ઉત્સાહ અને હિંમત વધવા લાગ્યાં.

સરકારી ધનભંડાર લૂંટવાથી કલ્યાણના મુલાણા સાથે પ્રકટ રીતે વૈર બંધાયું, તેથી મહારાજે આબાજી સોનદેવને તેના ઉપર ચડાઇ લઈ જવા કહ્યું. તેણે જઇને કલ્યાણ ઉપર અચાનક છાપો

---

[1] શિવદિગ્વિજયકાર લખે છે કે, મહારાજની આજ્ઞાથી યેસાજી કંક અને તાનાજી માલસુરેએ કેટલાક માવળા સાથે એ ખજાનો લૂંટયો હતો.

માર્યો અને તે સર કરી મુલાણા હયાતીસને[૧] કેદ પકડ્યો; તેમજ તેના તાબાના સઘળા કિલ્લા પોતાના તાબામાં લીધા. મહારાજે જ્યારે એ વિજયવાર્તા સાંભળી ત્યારે તેમને ઘણો આનંદ થયો. તેઓ સ્વતઃ કલ્યાણ ગયા, મુલાણાને કેદ કર્યો હતો તેને બંધનમુક્ત કરાવી તેનો આદરસત્કાર કર્યો અને માનપૂર્વક વિજાપુર મોકલી દીધો. આબાજીપંતે એ મુલાણાની પુત્રવધૂને[૨] યુદ્ધની ભીડમાંથી પકડી લીધી હતી. મહારાજ કલ્યાણ આવ્યા ત્યારે આબાજીએ તેમને વિનંતી કરી કે, "યુદ્ધમાંથી એક લાવણ્યસંપન્ન તરુણ સ્ત્રી મળી છે. મહારાજની સેવા કરવા યોગ્ય જણાયાથી તેને સંગ્રહી રાખી છે." એ સાંભળી મહારાજે તેને આજ્ઞા કરી કે, "જે સુંદર સ્ત્રી તમે સંગ્રહી રાખી છે તેને સભામાં લઇ આવો." આજ્ઞા થતાંજ કારભારીએ તે યુવતીને સુંદર વસ્ત્રાલંકારથી સજ્જ કરી સભામાં હાજર કરી. તેને જોઈ મહારાજે હસતાંહસતાંજ કહ્યું કે, "એ યુવતીના જેવુંજ મારી માતુશ્રીનું રૂપલાવણ્ય હોત, તો હું પણ એના જેવોજ સુંદર સ્વરૂપવાન થાત." એ શબ્દો સાંભળી સર્વ મનુષ્યોને આશ્ચર્ય લાગ્યું. મહારાજના મનોનિગ્રહ માટે સર્વને મોટી નવાઇ લાગી. મહારાજે આબાજી સોનદેવને કહ્યું કે, "જેને યશ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેણે પરસ્ત્રીની અભિલાષા કદી પણ રાખવી નહિ. રાજાએ ઉચ્છિષ્ટ સ્ત્રીનો અંગીકાર કરવો નહિ. પરસ્ત્રીની અભિલાષાથી રાવણ જેવા બળવાન રાજાનો નાશ થયો છે, તો પછી મારા જેવાની શી ગતિ? રાજાના મનથી સર્વ પ્રજા પોતાનાં સંતાન જેવી છે." એ બોધપૂર્ણ ભાષણ સાંભળી સર્વના મન ઉપર એવી છાપ પડી કે, "મહારાજ મહાપુરુષ છે. એમને હાથે કદી પણ અનાચાર થશે નહિ અને હાથ નીચેનાં માણસોએ જો કદી અપકૃત્ય કર્યું તો તે તેમને પસંદ પડશે નહિ." મહારાજે તે યુવતીને વસ્ત્રાલંકાર અર્પણ કરી સન્માનપૂર્વક તેના

---

[૧] પ્રો. સરકાર એનું નામ નવૈયત હતું એમ જણાવે છે. વળી તે આગળ જણાવે છે કે, મહમદ આદિલશાહ સખ્ત બિમાર હોવાથી આ મુલ્લાં ઘણા દિવસથી વિજાપુરમાં હતો અને તેની આ જાગીરમાં અવ્યવસ્થા થવાથી એ પ્રાંત સહેલાઇથી મહારાજના હાથમાં આવ્યો.

[૨] શિ. દિ. માં લખ્યું છે કે, તે મુલાણાની કન્યા હતી. તેને આબાજી સોનદેવે મુલાણા પાસેથી પૈસા આપી રાજીખુશીથી વેચાતી લીધી હતી. "તવારીખ-ઇ-શિવાજી" નામના ગ્રંથમાં પણ આવોજ ઉલ્લેખ છે. કેટલાકનું કહેવું એવું છે કે, એ બીજાજ કોઈ મુસલમાનની દીકરી હતી.

સસરા પાસે વિજાપુર મોકલી દીધી.[1]

કલ્યાણ પ્રાંત જીતવાથી મહારાજે આબાજી સોનદેવની ઘણી પ્રશંસા કરી અને તેને તે પ્રાંતનો સૂબેદાર નીમ્યો. તે પ્રાંતમાં જમીન–મહેસૂલની વ્યવસ્થિત પદ્ધતિ શરૂ કરી. યવનરાજ્યઅમલથી પ્રજા ઘણી કંટાળી ગઈ હતી, તેને આશ્વાસન આપી જાગૃત બનાવી તે પ્રાંતમાં જે પ્રાચીન સંસ્થાઓ લુપ્તપ્રાય થઇ હતી, તેનું પુનરુજ્જીવન કર્યું. દેવસ્થાનોને અને બ્રાહ્મણોને પૂર્વે જે વર્ષાસનો મળતાં હતાં, તે પુનઃ શરૂ કર્યાં અને જે વર્ષાસનો ચાલુ હતાં તેને ચાલુ રહેવા દીધાં; એથી સર્વ હિંદુપ્રજાને સંતોષ થયો. મહારાજની કીર્તિ સર્વત્ર પ્રસરી રહી.

એ પ્રાંતમાં વિજય પ્રાપ્ત થવાથી મહારાજને અને તેમના તાબાના નોકરોને ઘણો ઉત્સાહ થયો. મુલાણાની ચિંતા દૂર કર્યા પછી તેમણે આસપાસના કિલ્લા સર કરવાનો સપાટો ચલાવ્યો. તેમણે કિલ્લેદારોને પ્રથમ સરળ રીતે કહાવી મોકલ્યું અને રક્તપાત વગર તેઓ કિલ્લા સ્વાધીન કરે છે કે કેમ, તે તપાસી જોયું. એમ કરતાં જેઓએ કબૂલ ન કર્યું તેઓના ઉપર અકસ્માત્ છાપો મારી કિલ્લા સર કર્યા. મહારાજે એ નીતિ પ્રમાણે વર્તવા માંડ્યું. તેમણે વિચાર કર્યો કે, માવળા અને ધારકરી લોકોને કિલ્લાની ગુપ્ત માહિતી હોય છે. જે કિલ્લાની તેમને માહિતી ન હોય તે કિલ્લાનાં માહિતગાર મનુષ્યો મેળવવાં. તેમ છતાં એકાદ કિલ્લામાં પ્રવેશ ન કરી શકાય તો તે કિલ્લા પરના રખેવાળમાંના કોઇક મનુષ્યને ફોડવો અને તેને આપણા પક્ષમાં લઇ કિલ્લા નીચેના ગામલોકોએ કોટની અંદરનાં ઘરો માટે ચાર, કડબના પૂળા વગેરે સરસામાન પૂરો પાડવાનો કરાર કર્યો હોય તેમાંનાં કેટલાંક મનુષ્યોને લાંચ આપી આપણા પક્ષમાં લઇ લેવાં અને ધારકરીઓના માથા ઉપર ઘાસના ભારામાં તલવારો સંતાડી ઘાસ વેચવાને બહાને કિલ્લા પર જવું અને આપણા પક્ષમાં લીધેલા રખેવાળોની મદદ વડે બાકી રહેલા રખેવાળો ઉપર એકદમ હલ્લો કરી કિલ્લો સર કરવો. એ યુક્તિ વડે તેમણે કાંગારી (કાંગુરી), તુંગ, તિકોની, લોહગઢ, રાજમાંચી, કુવારી, ભોરપ, ધનગઢ, કેલના, માહુલી વગેરે કિલ્લા તાબે કર્યા. એ પ્રાંતમાં કેટલાક દેશમુખ લૂંટફાટ કરી તોફાન મચાવતા હતા અને પાળેગાર લોકો રૈયતને હેરાન કરતા હતા. તેમને જેર કરી કિંવા મમતા બતાવી તાબે કરીને મહારાજે સર્વ માવળીપ્રાંત તેમના ત્રાસમાંથી મુક્ત કર્યો અને ત્યાંની પ્રજાને સુખી કરી. યવનોનો ત્રાસ તદ્દન બંધ પડ્યો.

---

[1] તે વખતનો ટાવર્નિયર નામનો એક યુરોપિયન પ્રવાસી જણાવે છે કે, મહારાજને કલ્યાણ શહેરમાંથી પુષ્કળ દ્રવ્ય મળ્યું હતું.

હિંદુ રાજા થવાથી કોઈ પણ બાબતમાં કોઇનો જોરજુલમ ચાલતો નથી, એ જાણી સર્વ હિંદુપ્રજાજન મહારાજને આશીર્વાદ આપવા લાગ્યા. સ્વધર્મનું રક્ષણ થવા લાગ્યું અને સ્વરાજ્યનો અનુભવ થવાથી સર્વને સુખ થયું.

કલ્યાણ પ્રાંતના ઉત્તર ભાગની પ્રજા સુખી અને આબાદ થઇ છે, એ સાંભળી સીદીના તાબાના દક્ષિણ વિભાગની હિંદુપ્રજાના મનમાં પણ પોતાના પર શિવાજી મહારાજની સત્તા થાય, એવી ઇચ્છા ઉત્પન્ન થઈ. તે સમયે હબસીઓની નોકરીમાં સોડવળેકર અને કોડવળેકર નામક બે મરાઠા જમાદાર હતા. તેમણે મહારાજને કહાવી મોકલ્યું કે, "અમને હબસીઓની તાબેદારીનો કંટાળો આવ્યો છે. તેઓ અમને અનેક પ્રકારે છેતરે છે. આપ કોંકણમાં પધારો તો અમે તળા અને ઘોસાળાના કિલ્લા આપને અપાવી શકીશું. એ કિલ્લા સ્વાધીનમાં આવવાથી આપના તાબામાં પુષ્કળ પ્રાંત આવશે અને અમે યવનોની તાબેદારીમાંથી મુક્ત થઇ આપના તાબામાં આવીશું." એ પ્રજાની અનુકૂળતા જોઈ મહારાજ કેટલાંક મનુષ્યો સહિત ત્યાં જઇ પહોંચ્યા અને તે કિલ્લા તેમણે સ્વાધીન કરી લીધા. એ કિલ્લાની પાસેજ સુરગઢ નામક કિલ્લો હતો, તે પણ હસ્તગત કર્યો અને આસપાસના પ્રાંતો પર પોતાની સત્તા સ્થાપી. હબસીઓનો પ્રાંત તેમના હાથમાં આવ્યો તો ખરો; પરંતુ તે હમેશને માટે તેમના સ્વાધીનમાં રહેવો એ અતિ કઠિન હતું. સીદી અતિ પ્રબળ હતો, તેથી મહારાજે બીરવાડીને સારૂં નાકું જાણી ત્યાં એક કિલ્લો બંધાવ્યો; તેમજ રાયરીના× મજબૂત ડુંગર પર લિંગાણા નામક કિલ્લો બંધાવ્યો. પાછળથી એજ કિલ્લાને વિશેષ મજબૂત બનાવી તેનું નામ રાયગઢ પાડ્યું. એ કિલ્લા પર મહારાજે પોતાનું સર્વ લશ્કર રાખી મજબૂત બંદોબસ્ત કર્યો. આ પ્રમાણે કોલાબા પ્રાંતનો પૂર્વ ભાગ હબસીના હાથમાંથી મહારાજાના તાબામાં આવ્યો.

એ ચડાઇમાં શિવાજી મહારાજને પ્રસિદ્ધ ભવાની–તલવાર પ્રાપ્ત થઇ. મહારાજ હરિહરેશ્વરનાં દર્શન કરી પાછા આવતા હતા, તે સમયે તેમને કોઇએ કહ્યું કે, "ગોવલકર સાવંતને ઘેર એક પ્રસિદ્ધ તલવાર છે. તેનું મૂલ્ય ત્રણસો હોન છે." પાસેનાં મનુષ્યોએ મહારાજને ભલામણ કરી કે, તેમની પાસેથી એ તલવાર આપે લેવી. એ સાંભળી મહારાજે ઉત્તર આપ્યો કે, "કોઇ પણ માનનીય પુરુષ પાસે કોઇ વસ્તુ હોવાનું સાંભળી ખરા વીરપુરુષે તેની અભિલાષા

× રાયરી અને લિંગાણા એ બે કિલ્લા જુદા જુદા છે અને રાયરીના કિલ્લાનેજ પાછળથી રાયગઢનું નામ આપવામાં આવ્યું હતું, એમ કેટલાકનું કહેવું છે.

રાખવી નહિ. પુરાણમાં લખેલી સ્યમંતકમણિની કથા તમારા લક્ષમાં હશેજ. તે મણિને માટે માંહોમાંહે ઉત્પન્ન થયેલું વૈર તો સ્વયં ભગવાનજ નિભાવી શકે. મનુષ્યે ક્ષુદ્ર વસ્તુ માટે નિરર્થક વૈર બાંધવું ઉચિત નથી.” મહારાજનું નિઃસ્પૃહપણું જોઈ પાસેનાં મનુષ્યો ચૂપજ થઇ ગયાં. સાવંતના કારભારીઓએ પોતાના સ્વામીને સલાહ આપી કે, “શિવાજી મહારાજ જેવા પ્રતાપી પુરુષ સાથે મૈત્રી કરવાની અમૂલ્ય સંધિ આવી છે, તે વ્યર્થ જવા દેવી નહિ. તમારી પાસેની તલવાર તેમને અર્પણ કરી તેમની સાથે મિત્રતા બાંધવી ઉચિત છે.” એ સલાહ સાવંતને રુચિકર થઇ પડી. તેમણે મહારાજની મુલાકાત લઈ, તેમને ભવાની-તલવાર ભેટ આપી, એથી મહારાજ ખુશી થયા. તલવારની ભેટના બદલામાં તેમણે તેમને ત્રણસો હોન તથા પોષાકની ભેટ આપી અને તેમને પોતાના તાબામાં નોકરીએ રાખ્યા. એ તલવાર ઉપર મહારાજને ઘણો પ્રેમ હતો. કોઈ પણ ચડાઇમાં જતી વખતે મહારાજ તેને સાથે લીધા સિવાય ક્યાંય જતા નહોતા. એનું નામ તેમણે “ભવાની” રાખ્યું હતું. એ તલવાર હાથમાં આવ્યા પછી પ્રત્યેક ચડાઇમાં મહારાજને યશ પ્રાપ્ત થયો હતો, તેથી તેઓ તેની નિત્ય પૂજા કરતા હતા. નવરાત્રિના દિવસમાં એ તલવાર દેવીના સ્થાપન આગળ મૂકી, તેની પૂજાઅર્ચા કરતા અને દશેરાને દિવસે પુનઃ હાથમાં પકડી નવીન ચઢાઇમાં જવાનો નિયમ રાખ્યો હતો.

મહારાજે નવીન ચડાઈ કરતાં રાજાપુર શહેર ઉપર હુમલો કર્યો. એ શહેર સીદીના તાબામાં હતું, ત્યાં મોટો વેપાર ચાલતો હોવાથી સીદીઓ ઘણા શ્રીમંત થઇ પડ્યા હતા. મહારાજે શહેરનાં નાકાં પર લશ્કર મૂકી લૂંટવાની ગોઠવણ કરી. શહેરના અધિકારીએ મહારાજની સામા થવાનો વિચાર કર્યો; પરંતુ તેને સખ્ત શિક્ષા કર્યાથી તે શરણે થયો. ત્યાર પછી શહેર તાબામાં લઇ ત્યાંના વેપારી અને શ્રીમંત મનુષ્યો પાસેથી જેટલું કઢાવાય તેટલું દ્રવ્ય કઢાવ્યું. એ શહેરમાંથી મહારાજને બાલાજી આબાજી નામક એક મોટો બુદ્ધિમાન અને લાયક મનુષ્ય પ્રાપ્ત થયો. તેનો પિતા આબાજી હરિ ચિત્રે જંજીરાના સીદી પાસે દીવાન હતો. તેના ઉપર સીદીની ઇતરાજી થતાં તેને અને તેના બંધુને મારી નખાવ્યા અને તેમનાં મસ્તક પોતાની પાસે મંગાવી લઇ તેમની સ્ત્રી તથા સંતતિને ત્રાપામાં બેસાડી પોતાના ખલાસી નોકરોદ્વારા તેમને ગુલામ તરીકે વેચવા મોકલ્યાં. બાલાજીની માતા બુદ્ધિમાન અને પ્રપંચી હતી. તેણે ખલાસીઓનાં મન મનાવી પોતાને રાજાપુર લઈ જઇ વેચવાનું સમજાવ્યું. ત્યાં તેનો બંધુ વિસાજી શંકર નામક મનુષ્ય મોટો વ્યાપારી હતો. ત્યાં જતાં વિસાજીએ તેમને ખલાસીઓ પાસેથી વેચાતાં લીધાં. તેણે ખલાસીઓને જાણવા દીધું નહિ કે, તેઓ પોતાનાં સગાં છે.

એ સ્ત્રીને ત્રણ પુત્રો હતા. જ્યેષ્ઠ પુત્રનું નામ બાલાજી આબાજી અને બીજા બેનાં નામ ચિમણાજી અને શામજી હતાં. વિસાજીએ એ ત્રણ પુત્રોને ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપ્યું હતું. બાલાજી એક કસબાદારના હાથ નીચે કારકુન હતો. શિવાજી મહારાજની સવારી કોંકણમાં આવી છે, તે સાંભળી તેણે તેમને પોતાની દૈન્યાવસ્થાના વર્ણન સહિત એક પત્ર લખ્યો. તે પત્રમાં લખેલા અક્ષર જોઇને મહારાજ ઘણાજ ખુશી થયા અને પત્રના ઉત્તરમાં લખ્યું કે, “તમારે અમારા તાબામાં કારકુનની નોકરી સ્વીકારવી.” બાલાજીએ પ્રત્યુત્તરમાં લખી જણાવ્યું કે, “મારા મામાનું દેવું વાળ્યા સિવાય મારાથી આપની નોકરીમાં આવી શકાય તેમ નથી.” મહારાજ જ્યારે રાજાપુર ગયા, ત્યારે તેમણે ત્યાંના લોકોને કહ્યું કે, “અહીં બાલાજી આબાજી નામક કોઇ ગૃહસ્થ રહે છે, તેને મારી પાસે લઇ આવો.” બાલાજીને ખબર મળતાં તે મહારાજ પાસે ગયો. એ સમાચાર તેની માતાએ સાંભળ્યા, એટલે તે ગભરાઇ અને દોડતી મહારાજ પાસે ગઈ. તેને તેમણે કાલાવાલા કરી પોતાની સર્વ હકીકત નિવેદન કરી. એ સાંભળી મહારાજને ઘણી દયા આવી. તેના બીજા બે પુત્રોને પોતાની પાસે બોલાવી તે સ્ત્રીને આશ્વાસન આપતાં કહ્યું કે, “જેમ તમારા આ ત્રણ પુત્રો છે, તેજ પ્રમાણે મને તમારો ચોથો પુત્ર સમજી તેમને મારી સાથે મોકલો. હું તેમનું કલ્યાણ કરીશ.” બાલાજીના અક્ષર જોઈને મહારાજ પ્રથમથીજ સંતુષ્ટ થયા હતા. તેની પ્રત્યક્ષ મુલાકાત થતાં તેની કુલીનતા અને બુદ્ધિ જોઇ મહારાજને વિશેષ આનંદ થયો અને તેને પોતાનો ચિટનીસ, ચિમણાજી જમાખર્ચ લખવામાં કુશળ હોવાથી તેને દફતરદાર અને શામજીને રાયગઢનો કારભારી નીમ્યો. એ પ્રમાણે મહારાજે ત્રણે બંધુઓને સારી નોકરી આપી.

બાલાજી આબાજી ઉપર મહારાજની વિશેષ કૃપા હતી. મહારાજ પ્રત્યેક ગુપ્ત કામ પ્રથમ તેને કહેતા. તે અતિશય પ્રમાણિક અને સ્વામીનિષ્ઠ હોવાથી મહારાજનો તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો. વિશેષ મહત્ત્વના પત્રો અને ખરીતા તેઓ હમેશાં તેની પાસેજ લખાવતા. તે ઉત્તમ લેખક હતો અને પ્રબંધને ક્રમવાર ગોઠવતો, તેથી તેને કોઈ પણ વિષય સંબંધી થોડીક સૂચના આપવાથી પૂરતું થઇ પડતું. થોડીક સૂચના મળતાંજ તેને ક્રમવાર ગોઠવી મુદ્દાસર પ્રબંધ લખવાના કામમાં તે નિપુણ હતો. એવું કહેવામાં આવે છે કે, સવારીમાં ફરતાં એક સમયે મહારાજે તેને એક ખરીતો લખવાની સૂચના આપી હતી; પરંતુ સમસ્ત દિવસમાં એક પછી એક કામ નીકળ્યાથી રાત્રિ થતા સુધી તેને ખરીતો લખવાનો અવકાશ મળ્યો નહિ. રાત્રિએ મહારાજે તેને પોતાની પાસે બોલાવી ખરીતો લખવા સબંધી પૂછ્યું. એ સાંભળતાંજ બાલાજી ગભરાઇ ગયો. તેને ખાતરી હતી કે, ના

કહેવાથી આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા થશે; માટે સમયોચિત વર્તવું જોઇએ, એવો વિચાર કરી તેણે ઉત્તરમાં "હા" કહી. મહારાજે આજ્ઞા કરી કે, " ખરીતો કેવી રીતે લખ્યો છે, તે મને વાંચી સંભળાવો." બાલાજીએ તરતજ દફતર છોડી તેમાંથી એક કોરો કાગળ હાથમાં લીધો અને જરા પણ અટક્યા વગર તે કાગળ કડકડાટ વાંચવા માંડ્યો. સર્વ ખરીતો વાંચી સંભળાવ્યાથી મહારાજ ઘણા ખુશી થયા અને ક્રમવાર ખરીતો લખવા માટે બાલાજીનાં વખાણ કર્યાં. બાલાજી પાસે એક નોકર દીવો લઇને ઊભો હતો, તેણે તેની ચતુરાઈ જોયેલી હોવાથી તેને હસવું આવ્યું. મહારાજે તેને હસવાનું કારણ પૂછ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે, " મહારાજ! બાલાજીએ હમણાં જે કાગળ વાંચ્યો છે, તે તદ્દન કોરો છે. તે ઉપર કાંઈ પણ લખ્યું નથી." બાલાજીની ચોરી પકડાઈ જતાં તેણે મહારાજ સમક્ષ પોતાનો અપરાધ કબૂલ કર્યો અને ખરીતો લખવાનો સમય કેવી રીતે મળ્યો નહિ તેનું કારણ કહી સંભળાવ્યું. તેની એવી સમયોચિત બુદ્ધિશક્તિ જોઇ મહારાજને અતિશય સંતોષ થયો.



प्रकरण ८ मुं–पितृसंकटनिवारण

શિવાજી મહારાજે, વિજાપુરસરકારના પ્રાંતોમાં અત્યાર સુધીનાં એત્રણ વર્ષપર્યંત જે ધમાલ મચાવી હતી, તેના સર્વ સમાચાર શાહી દરબારમાં વખતોવખત પહોંચતા હતા; પરંતુ તે તરફ સરકારે વિશેષ લક્ષ આપ્યું નહોતું. કલ્યાણના સુબેદાર મુલ્લાણાને પાયમાલ કર્યાથી તે વીલે મોંએ વિજાપુરના દરબારમાં ગયો હતો. તેને મોઢે બાદશાહે મહારાજ સંબંધી થોડીઘણી હકીકત સાંભળી, ત્યારે તેમને જણાયું કે, હવે શિવાજી મહારાજની હિલચાલ તરફ દુર્લક્ષ કરવું યોગ્ય નથી. શિવાજી મહારાજે સરકારી ખજાનો લૂંટ્યો, કલ્યાણ પ્રાંત તાબામાં લીધો, નજીકના ઘણા પ્રાંતો હસ્તગત કર્યા અને હજી તે બીજા કિલ્લા પોતાના તાબામાં લેવાના તથા સરદારોને પોતાના પક્ષમાં લેવાના ઉદ્યોગમાં છે, એ સમાચાર વિજાપુરમાં પ્રસરવાથી ત્યાં ગંભીર ચર્ચા થઇ રહી. બાદશાહ અહમદ આદિલશાહને સંશય આવ્યો કે, "એ સર્વ શાહજીરાજાનોજ ગુપ્ત પ્રપંચ હોવો જોઇએ. તેમણે પોતાના પુત્રને અંદરખાનેથી ચડાવ્યાથી તેણે પ્રકટ રીતે તોફાન શરૂ કર્યું છે." સંશય ઉત્પન્ન થવાનાં બીજાં કારણો એ હતાં કે, રણદુલ્લાખાન કર્ણાટકથી પાછો આવ્યા પછી તે પ્રદેશનો સર્વ બંદોબસ્ત કરવાનું કામ શાહજીરાજાને સોંપ્યું હતું તથા ત્યાંની સુબેદારી પણ તેમનેજ સોંપી હતી. ત્યાંની સ્વતંત્ર વ્યવસ્થા શાહજીરાજાના હાથમાં આવ્યાથી અને ત્યાંની પ્રજાનો વિશ્વાસ અને પ્રીતિ સંપાદન કર્યાથી, તેમના મનમાં ત્યાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાના વિચારો પણ ઘોળાયા કરતા હતા; એ સંબંધી પાછળ લખવામાં આવ્યુંજ છે. શિવાજી મહારાજે જે પ્રાંતો ઉપર તોફાન મચાવ્યું હતું, તે થોડા સમય પરજ શાહજીરાજાના હાથમાંથી જતા રહેલા હોવાથી તે પ્રાંતો પુનઃ પોતાના તાબામાં આવે એ ઇચ્છાથીજ તેમણે પોતાના પુત્રદ્વારા એવી ખટપટ ચલાવેલી હોવી જોઇએ, એવો વહેમ બાદશાહને આવે એ સ્વાભાવિકજ હતું.

બાદશાહને સંશય આવ્યો તો ખરો; પરંતુ પ્રકટ રીતે શાહજીરાજાનો પરાજય કરવાનું બની શકે એમ નહોતું. શિવાજી મહારાજ ઉપર ચડાઇ મોકલવામાં આવે તો આ તરફ કર્ણાટકમાં શાહ-

શિ

જીરાજા પોતાની વિરુદ્ધ થઇ ત્યાંની ધનસંપત્તિને નુકસાન પહોંચાડે, તેથી બાદશાહે એ કાંટો યુક્તિપૂર્વક કાઢવાનો વિચાર કર્યો. તેમણે શાહજીરાજાને પ્રથમ પત્ર લખાવી મોકલ્યો કે, “તમે અમારા પ્રમાણિક અમીર હોવા છતાં તમારો પુત્ર પૂના પ્રાંતમાં રહીને અમારી વિરુદ્ધ વર્તે છે. તેણે અમને વિશ્વાસઘાત કરી અમારા તાબાના કિલ્લા હસ્તગત કર્યા છે અને કલ્યાણ પ્રાંત પણ કબજે કર્યો છે, એ વાત સારી નહિ. એમાં અમારૂં હિત શું છે? તમને આજ્ઞા ફરમાવવામાં આવે છે કે, શિવાજીએ વિશ્વાસઘાતકતા, બેદરકારી અને ઉદ્ધતાઇ કરવી જોઇએ નહિ, એવી તેને તમારે ચેતવણી આપવી. તેણે અમારા તાબામાં રહીને અમારી કૃપા સંપાદન કરવી. એ પ્રમાણે વર્તવાને તે ખુશી નહિ હશે, તો તમારા ઉપર અમારી ઇતરાજી થશે, તમારી જાગીરો છીનવી લેવામાં આવશે અને તેને તથા તમને શિક્ષા કરવામાં આવશે. તમારાથી એને આજ્ઞામાં રખાતો ન હોય કિંવા એનો પરાજય થતો ન હોય, તો તેને અમારા દરબારમાં લાવવો.”

શાહજીરાજાએ બાદશાહને ઉત્તરમાં લખી જણાવ્યું કે, “શિવાજી મારો પુત્ર છે; પરંતુ તે મારી આજ્ઞામાં રહેતો નથી. તે વિફર્યો છે તેમાં મારો કાંઇ ઇલાજ નથી. હું બાદશાહનો રાજભક્ત નોકર છું. એના કાર્યમાં મારી જરા પણ સહાનુભૂતિ નથી. મારો અપરાધ હોય તો હું અંતઃકરણપૂર્વક હજૂરની પાસે હાજર થવા તૈયાર છું. આપ નામદારે શિવાજી ઉપર ચડાઈ મોકલી તેને જીવતો પકડી મંગાવવો અથવા તેની સાથે ઇચ્છાનુસાર વર્તવું. હું એ કામની વચમાં આવું તો મારી શરમ રાખવી નહિ. મને એ સિવાય બીજું કાંઇ યોગ્ય લાગતું નથી.” શાહજીરાજા તરફથી એવો ઉત્તર મળવા છતાં બાદશાહને ખાતરી થઈ નહિ.[1] તેથી તેમણે કર્ણાટકમાં સવારી લઇને ગયેલા પોતાના એક મુસ્તફાખાન નામના સરદારને ગુપ્ત આજ્ઞા લખી મોકલી કે, “શાહજીરાજાને યુક્તિપૂર્વક પકડી વિજાપુર લાવવા.” બાદશાહે વિચાર્યું કે, એ પ્રમાણે વર્તવાથી શિવાજી મહારાજ ઝટ ઠેકાણે આવશે. મુસ્તફાખાને આ કામગીરી મુધોલના બાજી ઘોરપડેને સોંપી.

ઘોરપડેએ શાહજીરાજાને કેવો પ્રપંચ કરી કેદ પકડ્યા, તે પાછળ લખવામાં આવ્યું છે. રાજાને વિજાપુર લાવ્યા પછી બાદશાહે તેમને

---

[1] શિ. દિ. માં લખેલું છે કે, આજ વખતે આદિલશાહે શિવાજી મહારાજને એક ધમકીનો પત્ર લખેલો હતો અને તેમાં તેમને તોફાન ન કરવાની અને વિજાપુર આવવાની આજ્ઞા કરી હતી. તેનો જવાબ મહારાજે એવો આપ્યો હતો કે, મારા કબજામાં આવેલા સઘળા પ્રાંતો જો તમે મને જાગીર તરીકે આપવાનું કબૂલ કરતા હો, તોજ હું વિજાપુર આવું.

પુનઃ સ્પષ્ટ રીતે કહ્યું કે, "તમે તમારા પુત્રનું તોફાન અને ઉદ્ધતાઈ બંધ કરાવો." બાદશાહે અન્ય સરદારોદ્વારા પણ રાજાને ઘણું કહેવડાવ્યું; પરંતુ રાજા સર્વને એકજ પ્રકારનો ઉત્તર આપતા હતા કે, "શિવાજી સાથે મારે કંઈ સંબંધજ નથી. તે સરકાર સામે જેમ બળવો કરે છે, તેમ મારી સાથે પણ બળવાખોર જેવીજ વર્તણુંક ચલાવે છે." અંતે બાદશાહે રાજા પાસે પોતાની સમક્ષ શિવાજી મહારાજ પર એવા આશયનો પત્ર લખાવ્યો કે, "તમારે એકદમ વિજાપુર આવવું અને બાદશાહના જે કિલ્લા, કોટ વગેરે સ્વાધીનમાં લીધા હોય તે તેમને સ્વાધીન કરવા. તમારા એવા વર્તનને લીધેજ બાદશાહની મારા પર અતિશય ઇતરાજી થઇ છે."

પિતાનો પત્ર પ્રાપ્ત થતાંજ શિવાજી મહારાજ ઊંડા વિચારમાં પડ્યા. "મારે લીધેજ પિતાને માથે સંકટ આવી પડ્યું. હવે શું કરવું ? તેમની આજ્ઞા શિરસાવંદ્ય કરી આજપર્યંત મેળવેલા કિલ્લા અને પ્રાંત છોડી દેવાથી, તેમજ યવનોના તાબેદાર થઇ રહેવાથી, મેં શરૂ કરેલું સ્તુત્ય કાર્ય અપૂર્ણ રહેશે અને જે સ્થિતિનો મને અતિશય તિરસ્કાર છે, તેજ સ્થિતિ સ્વીકારવી પડશે." શિવાજી મહારાજના મનમાં અનેક વિચારો ઉત્પન્ન થતાં તે ચિંતાગ્રસ્ત થયા. તેમની ચિંતાગ્રસ્ત–ઉદાસીન–અવસ્થા જોઇ સઇબાઇએ તેમને ચિંતાનું કારણ પૂછ્યું. મહારાજે તેને પોતાના પિતાનો પત્ર વાંચી સંભળાવ્યો અને હવે શું કરવું, તે પૂછ્યું. સઇબાઇએ ઉત્તર આપ્યો કે, "અમે તો સ્ત્રીજાતિ છીએ. અમારી બુદ્ધિ કેટલી ? આપની પાસે બુદ્ધિમાન–ચતુર–કારભારીઓ અને સરદારો છે, તેમની સલાહ લેવી જોઇએ; તોપણ મને પૂછો છો ત્યારે કહું છું કે, "આપે રાજ્ય મેળવવાનો અને સ્વધર્મનું તથા ગૌબ્રાહ્મણનું રક્ષણ કરવાનો સંકલ્પ કર્યો છે તે યોગ્યજ છે. ઈશ્વર ઉપર વિશ્વાસ રાખી કાર્ય આગળ ચલાવવું. યશ આપનાર તે મહાપ્રભુ સમર્થ છે. રાજ્ય મેળવવુંજ છે ત્યાં પછી મોહ શા કામનો ? મોટા મહારાજ દૂર પ્રદેશોમાં છે, નહિ તો આ સ્થિતિમાં શું કરવું, તેનું નિરાકરણ તેમનીજ પાસે કરાવત." સઇબાઈનાં વચનો સાંભળી મહારાજને સંતોષ થયો. ત્યાર પછી માતુશ્રી, સરદાર અને કારભારીઓને પૂછતાં, તેમણે પણ એવીજ સલાહ આપી. શિવાજી મહારાજે શાહજીરાજાના પત્રનો ઉત્તર લખતાં જણાવ્યું કે, "મારા ત્યાં આવવાથી કોઈ પણ પ્રકારની ફળપ્રાપ્તિ થવાની નથી. મેં જીતી લીધેલા કોટ–કિલ્લા અને તે સાથેના પ્રાંતો છોડી દેવાને હું ખુશી નથી; માટે જેનાં ભાગ્યમાં જે લખ્યું હશે તે થશે."

શાહજી મહારાજને પ્રત્યુત્તર મળતાંજ તેમણે તે પત્ર બાદશાહને વંચાવી વિનંતી કરી કે, "મારો પુત્ર મારા આધીનમાં નથી. આપ

નામદારને યોગ્ય લાગે તેવી રીતે તેનો પરાજય કરો. મારા પર વિનાકારણે દોષારોપ કરી કોપાયમાન થશો નહિ." તેમ છતાં બાદશાહને સંતોષ થયો નહિ. બાદશાહને એવુંજ લાગ્યું કે, એ કામમાં શાહજીરાજાનોજ સર્વ પ્રપંચ છે. તેમને શિક્ષા કર્યા સિવાય શિવાજી મહારાજની શુદ્ધિ ઠેકાણે આવશે નહિ. બાદશાહે ભીંતમાં પથ્થરનો એક ગોખલો કરાવી તેમાં બેસવા જેટલી જગ્યા રખાવી અને તેમાં રાજાને ચણી લઈ, ફક્ત એક ફાટ જેટલી જગ્યા ચણી લેવાનું બાકી રહેવા દીધું અને કહ્યું કે, "અમુક મુદતમાં તમારો પુત્ર મારે શરણ નહિ આવે, તો આ ફાટ પણ ચણી લેવામાં આવશે." રાજાને એ ગોખલામાંથી દિવસમાં એકબે વખત બહાર કાઢી પુનઃ તેમાં બેસાડી દેતા. જો શિવાજી મહારાજ બાદશાહને શરણે ન આવે તો શાહજીરાજાને જીવતાંજ ભીંતમાં ચણી લેવાનો નિશ્ચય કરવામાં આવ્યો હતો.

શિવાજી મહારાજે જ્યારે પિતા ઉપર અતિ ભયંકર પ્રાણાંત પ્રસંગ આવ્યાના સમાચાર સાંભળ્યા, ત્યારે તેમના હૃદયમાં અતિશય વેદના થઇ અને ભવિષ્યમાં કેવી રીતે વર્તવું તેનો તે વિચાર કરવા લાગ્યા. પોતાને લીધે પિતાના પ્રાણનો નાશ થવાના વિચાર આવતાં તેમનું હૃદય શોકવિહ્વળ થયું. એવા મહાપરાક્રમી નરરત્નનો ઉદ્વેગકારક રીતે અંત થાય અને તે પણ પુત્રની ઉદ્ધતાઇને લીધેજ થાય, તો તે બનાવ એક સુશીલ પિતૃભક્ત પુત્રના હૃદયમાં અત્યંત દુઃખ ઉત્પન્ન કરેજ. આજપર્યંત મેં જે જે કાર્યો કર્યાં છે, તે રાજાના જાણવામાં આવ્યાં છે અને તે માટે રાજાએ મને કાંઇ પણ શિક્ષા કરી નથી; તેથી તે કાર્યો તેમને પસંદ હોવાં જોઇએ, એમ જાણીને શિવાજી મહારાજે પોતાનાં કાર્યો નિશ્ચયપૂર્વક આગળ ચલાવ્યાં હતાં. તેમણે કરેલું કામ આટલું બધું ભયંકર, સંતાપજનક પરિણામ લાવશે એવું તેમને જણાયું નહોતું. તેમને ખબર હતી કે, "કર્ણાટકમાં મારા પિતાનું માન-ગૌરવ અતિશય વૃદ્ધિ પામ્યું છે, તેથી તેઓ બાદશાહને એકાએક દાદ આપશે નહિ, પરંતુ ઘોરપડે તેમને પ્રપંચથી પકડી વિજાપુર લઇ ગયો, તેથીજ તેમના ઉપર એવો ભયંકર પ્રસંગ આવી પડ્યો છે."

દૃઢનિશ્ચયી વીર પુરુષોની પરીક્ષા તો એવા ભયંકર અને વિકટ પ્રસંગેજ થાય છે. શિવાજી મહારાજના અનેક ગુણની ખરી કસોટી આ સમયે થઇ. તેમની પિતૃભક્તિ કેવી નિઃસીમ હતી, તે પણ આ પ્રસંગેજ જાણવામાં આવ્યું.જો તેઓ કેવળ સ્વાર્થસાધુ અને રાજ્યલોભી હોત, તો તેમણે પિતાના જીવની દરકાર કરી ન હોત. પરંતુ મહારાજ એવા સ્વભાવના નહોતા. તેમનામાં બીજો એક ઉત્કૃષ્ટ ગુણ એ હતો કે, "ગમે તેવું સંકટ આવે તોપણ આરંભેલું સત્કાર્ય કદી અપૂર્ણ છોડવું નહિ." તેઓ અટલ આગ્રહી પુરુષ હતા. યવનોના ધાર્મિક

જુલમમાંથી સ્વદેશને મુક્ત કરી સ્વતંત્ર કરવાનો તેમણે જે સંકલ્પ એક વખત કર્યો હતો, તે પિતૃમોહને લીધે હમણાં ચલિત થવાનો સંભવ આવ્યો હતો. તેમણે વિચાર્યું કે, "સંકલ્પનો ત્યાગ નહિ કરવામાં આવે તો આપણે પિતૃહત્યાનું કારણ થઈશું અને પિતૃરક્ષણ કરવા માટે યવનોને શરણે જઇશું તો કરેલો સંકલ્પ અસિદ્ધ રહેવાથી જગતમાં આપણું હાસ્ય થશે." શિવાજી મહારાજની સ્થિતિ એક તરફ વાવ અને બીજી તરફ કૂવા જેવી થઇ પડી હતી; પરંતુ એ પ્રસંગે સ્વસંકલ્પત્યાગ નહિ કરતાં પિતૃસંકટનિવારણ કરવાની તેમણે જે અજાયબીભરેલી યુક્તિ યોજી, તે ઉપરથી તેમની ઉત્કૃષ્ટ કલ્પનાશક્તિ અને કાર્યદક્ષતા સારી પેઠે જણાઇ આવે છે.

શિવાજી મહારાજે અત્યાર સુધી મોગલોના દેશમાં યત્કિંચિત પણ ઉપદ્રવ કર્યો નહોતો, તેનું કારણ સ્પષ્ટજ હતું કે, એ બાદશાહી સાથે એકદમ વિરોધ કરવો, એ ઇષ્ટપ્રદ નહોતું. વળી સરહદના મુલકોમાં મોગલોનો બંદોબસ્ત ઘણો સારો હતો. બીજું કારણ એ હતું કે, વિજાપુરસરકારની સત્તા દુર્બળ કરી નાખનાર રિપુ ઉત્પન્ન થાય અને શાહજીરાજા જેવો શૂરો અને બળવાન સરદાર કિંવા તેનો તેજસ્વી પુત્ર એ સરકારના રાજ્યમાં ઉથલપાથલ કરે, એ મોગલ બાદશાહને ઇષ્ટપ્રદ લાગવા જેવું હતું. વિજાપુરસરકાર સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં ક્વચિત્ પાછા હઠવું પડશે, તો મોગલોનો આશ્રય લઇને આત્મરક્ષણ કરી શકાશે; એવું જણાયાથી મહારાજે તે સરકારને સહજ પણ દૂભવી નહોતી.

શિવાજી મહારાજને મોગલ બાદશાહનો ઉદ્દેશ બરોબર સમજાયો હતો, તેથી તેમને આ પ્રસંગે ખાતરી થઇ કે, "હમણાં તેમની પાસે મદદ માગવામાં આવશે, તો તેઓ તત્કાળ આપશે." તેથી મહારાજે શાહજહાં બાદશાહને, તેનો દીકરો મુરાદબક્ષ કે જે તે વખતે દક્ષિણનો સુબેદાર હતો, તેની મારફતે વિનંતી કરી કે, "મારા પિતા શાહજીરાજા ઉપર વિજાપુર સરકારની ઇતરાજી થવાથી તેઓએ તેમને ભીંતમાં ચણી લઇ મારી નાખવાનો નિશ્ચય કર્યો છે. તેમને પ્રાણસંકટમાંથી છોડાવવાની કૃપા કરવી અને તેમને આપના તાબામાં લેવા. હું પણ આપની નોકરીમાં રહેવા ખુશી છું. નિજામશાહીના સંબંધને લીધે ઉત્પન્ન થયેલો ક્લેશ મનમાં નહિ લાવતાં, એ શૂરવીર અને પ્રમાણિક સરદારને જીવતદાન દેવાથી દક્ષિણમાં મોગલાઇ સત્તા વૃદ્ધિંગત અને મજબૂત કરવા માટે, તેમના તરફથી તેમજ મારા તરફથી આપને ઘણી સહાયતા મળશે." એ મતલબની અરજી જે વખતે રઘુનાથ પંત મુરાદબક્ષ પાસે લઇને ગયો, તે વખતે તેના મોંમાંથી પાણી છૂટયું હશે! નિજામશાહીને મદદ કરતાં, શાહજીરાજાએ વિલક્ષણ શૌર્ય અને પરાક્રમ બતાવ્યું હતું, તે મુરાદબક્ષ વીસર્યો નહોતો; તેજ પ્રમાણે

સ્વરાજ્ય સ્થાપવાના કાર્યમાં શિવાજી મહારાજે પ્રદર્શિત કરેલી કર્તવ્યદક્ષતા અને યુક્તિમત્તા, તેમના કાને વખતોવખત ગયેલી હતી. એવો પરાક્રમી અને શૂરો સરદાર પોતાને અનુકૂળ થાય, તો નિજામશાહી પ્રમાણે આદિલશાહી અને કુતૂબશાહી પાયમાલ કરવામાં વિલંબ લાગે નહિ; એવું તેમણે વિચાર્યું હોય, તો તે પણ સ્વાભાવિકજ છે.

મહારાજની આ નમ્રતાભરેલી અરજીનો મુરાદબક્ષે સને ૧૬૪૮ના માર્ચ માસમાં એવો જવાબ આપ્યો કે, “તમારી માગણી શી છે તે જણાવવાને તમારા કોઇ વિશ્વાસુ વકીલને અમારી પાસે મોકલો.” મહારાજે પોતાના વકીલને મોકલી આપ્યો. મુરાદે એ વાત બાદશાહને જણાવી અને મહારાજની અરજ કબૂલ કરવાની ભલામણ કરી. આથી શાહજહાં બાદશાહનું મન પીગળ્યું અને તેમણે વિજાપુર સરકારને ખરીતો લખી મોકલ્યો કે, “શાહજીરાજા ભોંસલેને કોઇ પણ પ્રકારની શિક્ષા નહિ કરતાં, છોડી દેવા.” અને મહારાજને સને ૧૬૪૯ના ઑગસ્ટ મહિનામાં મુરાદબક્ષ મારફતે એવો ઉત્તર લખી મોકલ્યો કે, “શાહજીરાજાનું પૂર્વનું ગેરવર્તન મનમાં નહિ લાવતાં, અમે તેમને નોકરીમાં રાખવા ખુશી છીએ. તમને પણ પાંચહજાર ઘોડેસવારની મનસબ આપવા તૈયાર છીએ, માટે તમારે તમારા પિતા અને બીજાં સગાંસંબંધીઓને લઇને દરબારમાં રજૂ થવું.” એ માસ પછી મુરાદબક્ષે શાહજીરાજાને એવી મતલબનો પત્ર લખ્યો કે, “તમારા પુત્ર શિવાજીએ તમારા છુટકારા માટે અરજ કરીને તમે બાદશાહની નોકરી કરવાને રાજી છો, એવું જણાવ્યું છે; એથી અમારા મનનું સમાધાન થયું છે અને તમારા પ્રથમના અપરાધો મનમાં ન લાવતાં તમારો છુટકારો કરવા માટે લખી જણાવ્યું છે. હું બાદશાહ પાસે જવાનો છું, ત્યાં તમારે માટે ભલામણ કરીને તમારી નોકરીની અરજી મંજૂર કરાવીશ. તમે કોઇને વકીલ તરીકે મોકલો. તેની સાથે કરારપત્ર તેમજ આજ્ઞાપત્ર મોકલી આપવામાં આવશે. તમારા પુત્ર શંભાજીને પહેલાં પ્રમાણે મનસબ આપવામાં આવશે; પણ તમારે હવે મોગલ બાદશાહ સાથે ઇમાનથી વર્તવું પડશે. આ દરબારની તમારા પર પૂર્ણ કૃપા છે, તે જણાવવાને માટે આ પોશાક મોકલેલો છે, તેનો સ્વીકાર કરશો.”

શાહજહાં બાદશાહના ખરીતાનું અપમાન કરવાની આદિલશાહની હિંમત નહોતી. તે બન્ને વચ્ચે પહેલાં તહનામું થયું હતું, તેથી આદિલશાહને એવી બીક હતી કે, “મોગલબાદશાહને નાખુશ કરવાથી આપણા રાજ્યને મોટું નુકસાન થશે.” તેથી તેણે શાહજીરાજાને જામીન પર છોડ્યા;× પરંતુ તેમને વિજાપુર શહેર બહાર જવા-

---

× કેટલાક બખરકારો લખે છે કે, રણદુલ્લાખાન અને મુરારપંત એ બન્નેની ભલામણથી શાહજીરાજાને મુક્ત કરવામાં આવ્યા.

ની સખત મના કરી, ત્યાં નજરકેદ રાખ્યા. (ઈ૦ સ૦ ૧૬૪૯) શાહજીરાજા લગભગ ચાર વર્ષ સુધી વિજાપુરમાંજ નજરકેદ રહ્યા હતા. ત્યાંથી મુક્ત થવા માટે તેમણે નાના પ્રકારના યત્નો કર્યા, પરંતુ આદિલશાહ તેમને કોઇ પણ રીતે કર્ણાટકમાંની પોતાની જાગીરમાં જવા દેતા નહોતા. તેમના તરફથી મોટા મોટા સરદારોએ બાદશાહને ઘણા સમજાવ્યા; પરંતુ તેમણે પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ. ચાર વર્ષ પછી રાજાને કર્ણાટકમાં જવા દેવાનું મુખ્ય કારણ એ બન્યું કે, તે પ્રદેશમાં જ્યાંત્યાં અરાજકતા થઇ રહી અને બાદશાહની સત્તા નિરર્થક થઇ પડવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. ત્યાંના રાજદ્રોહી બળવાખોરોનો પરાજય કરવાનું કામ અત્યંત કઠિન હતું. શાહજીરાજા જેવો બુદ્ધિમાન અને શૂરવીર સરદાર તે કામમાં વિજય

તેમણે બાદશાહને કહ્યું કે, “ એવા ગૌરવશાળી અને શૂરવીર સરદારનો નિંદ્ય રીતે વધ કરવાથી લોકોમાં તમારી નિંદા થશે અને સર્વ મરાઠા સરદારો આપના ઉપર ક્રોધે ભરાશે;” પરંતુ એ ખરૂં નથી, કારણકે એ બન્ને કારભારીઓ તે સમયે હયાત નહોતા, એમ જણાય છે. રણદુલ્લાખાનના રાજીનામાનો ચમત્કારિક પ્રકાર અગાઉ ટીપણીમાં જણાવ્યો છે. પ્રો. સરકાર જણાવે છે કે, શાહજહાંએ આદિલશાહને પત્ર લખ્યો હોય એમ લાગતું નથી, તો પછી રણદુલ્લાખાનની ભલામણથીજ શાહજીરાજાનો છુટકારો થયેલો હોવો જોઇએ; પણ શાહજીરાજા અને શિવાજી મહારાજ પર મુરાદબક્ષ તરફથી આવેલા પત્રો રા. બ. પારસનીસ પાસે મૂળ ફારસી ભાષામાં છે. તે ખરા માનીને તેનો અનુવાદ કરેલો છે. તેમાંનો ત્રીજો પત્ર શિવાજી મહારાજની માર્ચ મહિનાની અરજી પછી મુરાદબક્ષે ખુદ શાહજીરાજાને લખેલો છે અને તેણે તે સાથે પોશાક પણ મોકલેલો છે. તેણે મોગલો સાથે શરતો કરવાને માટે વકીલ પણ મોકલવાનું લખેલું છે. ઑગસ્ટ મહિનામાં શિવાજી મહારાજને શાહજીરાજા વગેરેને લઇને હજૂરના દરબારમાં આવવાનું લખ્યું હતું. જો જેધેની શકાવલી ખરી માનીએ તો શાહજીરાજા આશરે જૂન મહિનામાં (જેઠ સુદિ પૂર્ણિમા) છૂટેલા હોવા જોઇએ. મિ. કિકેડ જણાવે છે કે, શાહજહાં બાદશાહનો કાગળ આવવાથી આદિલશાહના મનમાં ઘણોજ ડર પેઠો. તેને લાગ્યું કે, જો આપણે શાહજીરાજાનો વધ કરીશું તો શિવાજી મહારાજ મોગલોના તાબામાં જતા રહેશે અને તેથી પોતાનો જિતાયલો મુલક પણ મોગલોની સત્તા નીચે જતો રહેશે. ઉપરાંત શાહજીરાજાએ મોગલોની નોકરી સ્વીકારેલી હોવાથી જો તેનો વધ કરીશું, તો મોગલ બાદશાહ આપણો જવાબ માગશે. આ બાબતનો તેને વિચાર થઈ પડ્યો. પછી રણદુલ્લાખાન અને મોરારપંતની ભલામણથી આદિલશાહે શાહજીરાજાને મુકત કર્યા.

મેળવે તેમ હોવાથી આદિલશાહે રાજાને ત્યાં મોકલ્યા; પરંતુ રાજાને ત્યાં મોકલતાં પહેલાં તેમની પાસે કબૂલાત કરાવી લીધી કે, "તેમણે મુધોલકરને અને તેની જાગીરને કંઈપણ ઉપદ્રવ કરવો નહિ." બાદશાહ એટલુંજ કરીને અટક્યા નહિ, પણ તેમણે બનેલી વાત ભૂલી જઇને પરસ્પર વચ્ચે સ્નેહસંબંધ થાય તે માટે રાજાને કહ્યું કે, "તમે તમારી ઇનામી-જમીન ફેરબદલ કરો. ઘોરપડેએ પોતાની કર્ણાટકની સઘળી જાગીર શાહજીરાજાને આપવી અને રાજાએ કરાડ પ્રાંત ઉપરનો હક્ક ઘોરપડેને આપવો." બાદશાહની આજ્ઞા પ્રમાણે તેમણે પોતાની જાગીરો ફેરબદલ કરી લીધી.

પરંતુ શાહજીરાજાના અંતઃકરણમાંથી ઘોરપડે ઉપરનો દંશ જરા પણ ઓછો થયો નહોતો. નજરકેદમાંથી મુક્ત થઈ કર્ણાટકમાં પગ મૂકતાંજ રાજાએ શિવાજી મહારાજને પત્ર લખ્યો કે, "જો તું મારો ખરો પુત્ર હોય તો બાજી ઘોરપડેને શિક્ષા કરજે." ખરૂં જોતાં શિવાજી મહારાજને રાજા તરફની એવી આજ્ઞાની અગત્યજ નહોતી. તેમના અંતઃકરણમાં ઘોરપડે ઉપર સંપૂર્ણ દ્વેષ ઉત્પન્ન થયોજ હતો અને તેઓ તેને શિક્ષા કરવાની યોગ્ય તક જોતાજ હતા. એ તક તેમને આગળ જતાં આઠ નવ વર્ષે પ્રાપ્ત થઈ. શાહજીરાજાએ ધાર્યું હોત, તો તેના ઉપર વૈર વાળવાનો વિલંબ કરત નહિ; પરંતુ તેઓ બાદશાહના આશ્રયમાં હોવાથી ઘોરપડે સાથે પ્રકટ રીતે વૈર કરી શકતા નહોતા. ઇ. સ. ૧૬૬૧ના અરસામાં ખેમસાવંત અને લખમાસાવંત દેસાઈએ વિજાપુરસરકારની મદદ લઇને શિવાજી મહારાજ સાથે યુદ્ધ કરવાની ગોઠવણ કરી, ત્યારે સરકારે બાજી ઘોરપડેને તેમની મદદ માટે મોકલ્યો. ઘોરપડે વિજાપુર સરકારના સૈન્ય સહિત કોંકણમાં આવવા નીકળ્યો. ત્યાં જતાં પહેલાં ઘોરપડે પોતાને ગામ મુધોલ ગયો. ઘોરપડે મુધોલ આવ્યાના સમાચાર મળતાંજ શિવાજી મહારાજે વિશાળગઢ ઉપરથી ઝપાટાબંધ કૂચ કરી એકદમ મુધોલ ઉપર છાપો માર્યો. મહારાજ અને ઘોરપડે વચ્ચે મોટું યુદ્ધ થયું; તેમાં ઘોરપડે મરાયો.× મહારાજે સમસ્ત મુધોલ શહેર લૂંટી, બાળી ભસ્મ કરી પાય-

---

× બાજી ઘોરપડેનો એક પુત્ર માલોજી એ તોફાનમાંથી બચેલો હોવાથી તેના પિતાની જાગીરનો તેજ માલિક થયો. માલોજી મોટા પરાક્રમી નીવડ્યો, 'એ બળવાન સરદાર વશ થવાથી આપણાં મહત્ કાર્યો સિદ્ધ થશે,' એવો વિચાર કરી મહારાજે તેને ભાગાનગરથી એક પત્ર મોકલ્યો. તેમાં લખ્યું હતું કે, ઘોરપડે અને ભોંસલેના વંશજોમાંથી કલહ નાશ પામે, પરસ્પર બંધુભાવ થાય અને બન્ને મળીને યવનોનો પરાજય કરી મરાઠાનું રાજ્ય સ્થપાય એવો વિચાર અમારા મનમાં છે, પરંતુ એવા બંધુભાવદર્શક પત્રથી માલોજીનું મન ડગ્યું નહિ. તે અંત સુધી વિજાપુર-સરકારની નોકરીમાંજ રહ્યો.

માલ કર્યું. ઘોરપડેનાં સર્વ સગાં વગેરે જેટલાં મનુષ્યો હાથમાં આવ્યાં તેમને પકડી મારી નાખ્યાં. કહેવામાં આવે છે કે, મહારાજે એ સમયે લગભગ ત્રણહજાર મનુષ્યોનો સંહાર કર્યો હતો! અત્યાર પહેલાં કિંવા અત્યાર પછી મહારાજને હાથે એવું ભયંકર કૃત્ય કદી પણ થયું નહોતું; પરંતુ યવનોનો પક્ષ લઇને માત્ર પોતાનું તળિયું ટાઢું કરવા માટે ઘોરપડેએ શાહજીરાજાનો જીવ સંકટમાં નાખ્યો હતો, તે માટે મહારાજના અંતઃકરણમાં કેવો સખત દંશ હતો તે, તેમજ તેમના અંતઃકરણમાં પિતૃભક્તિ કેટલી ઉજ્જવળ હતી, તે પણ ઉપલા ભયંકર કાર્ય પરથી જણાઈ આવે છે.

શાહજીરાજા ઇ૦ સ૦ ૧૬૪૦થી ૧૬૫૩ સુધી વિજાપુરમાં નજરકેદ રહ્યા હતા. તે અરસામાં શિવાજી મહારાજે વિજાપુર સરકારના પ્રદેશમાં કંઇ પણ હિલચાલ કરી નહોતી, એનું કારણ સ્પષ્ટજ છે. શિવાજી મહારાજ જાણતા હતા કે, પોતાના પૂર્વક્રમને અનુસરીને તે સરકારના પ્રાંતમાં કિંચિત્ પણ ગડબડ કે તોફાન કરવામાં આવશે તો પોતાના પ્રિય પિતાના જીવનું જોખમ થશે. મોગલોના પ્રદેશમાં કંઇ પણ ઉથલપાથલ કરવામાં આવે, તો ત્યાંના મોગલ બાદશાહ સાથે વૈર થતાં પોતાના પિતા પર પુનઃ પ્રાણસંકટ આવે, તે પણ નક્કીજ હતું; તેથીજ તેમને એટલા બધા લાંબા સમયપર્યંત એકજ સ્થળે સ્વસ્થ બેસી દિવસો નિર્ગમન કરવા પડ્યા. તેમાં આનંદ પામવા જેવી એક વાત એ હતી કે, વિજાપુરસરકારે મોગલ બાદશાહની બીકથી મહારાજા સાથે શરત કરી નહિ કે, “અમારા કિલ્લા અને પ્રાંત તમે તાબે કર્યા છે, તે અમને પાછા નહિ આપો તો અમે શાહજીરાજાને દેહાંત શિક્ષા કરીશું.” મહારાજે એટલા લાંબા સમયમાં તાબે કરેલા કિલ્લા દુરસ્ત કરાવી મજબૂત બનાવ્યા અને તે પર સુવ્યવસ્થા કરી દીધી; તેમજ પોતાની સત્તામાં આવેલા પ્રાંતોમાં જમાબંધી વગેરે પદ્ધતિસર ચાલુ કર્યાં.

એટલા સમય દરમ્યાન વિજાપુરસરકારે શિવાજી મહારાજનો પરાજય કરવાનો પ્રયત્ન કર્યો નહિ, તેનું કારણ એ હોવું જોઇએ કે, મહારાજે મોગલોને શરણે જઇ તે સરકારને આશા આપી હતી અને મોગલો પાસે નોકરી રહેવા તૈયાર થયા હતા, એ સર્વ વાત આદિલશાહ જાણી શક્યા હતા. જો શિવાજી મહારાજ સાથે ક્લેશ ઉત્પન્ન થાય તો તેણે આપણી માલિકીના જે કિલ્લા અને પ્રાંતો કબજે કર્યા છે, તે મોગલોને સોંપી દઇ તેમના શરણમાં જશે અને તેમને આપણા ઉપર સવારી કરવા ઉશ્કેરણી કરશે, તો પછી આપણો ક્યાંય પત્તો લાગશે નહિ. આદિલશાહના મનમાં એવી પણ કલ્પનાનો પ્રવેશ થાય, એ પણ સંભવિત હતું.

प्रकरण ९ मुं–मोगलो साथे संबंध

પિતૃસંકટનિવારણ કરવા આરંભેલા કાર્યની સિદ્ધિ કરવા માટે અને આવી પડેલું ભયંકર વિઘ્ન ટાળવા માટે મહારાજ નિરુપાયે પૂર્વોક્ત પ્રકારે શાહજહાં બાદશાહને શરણે ગયા હતા અને માત્ર બાહ્યદૃષ્ટિએજ તેમની નોકરી સ્વીકારી હતી. તેમની સહાયતા વડે પિતાની મુક્તિ થયા પછી મહારાજે તેઓ સાથે કરેલી કબૂલાત પાળવામાં બહાનાં બતાવવા માંડ્યાં. સત્ય કહીએ તો તેમણે મોગલ બાદશાહ સાથે બુદ્ધિ–પ્રપંચ રચ્યો હતો. તેમણે સંકલ્પ કર્યો હતો કે, "પ્રાણ જતાં સુધી યવનોની તાબેદારી કરવી નહિ" અને ગમે તેવાં સંકટ આવવા છતાં તે સંકલ્પ ચલિત થયો હતો નહિ.

દિલ્હીપતિ તરફથી મહારાજ પ્રતિ વારંવાર માગણી થવા લાગી કે, "તમે તમારી કબૂલાત પ્રમાણે વરતો અને અમારી નોકરીમાં આવી અમારી મનસબદારી સ્વીકારો." મહારાજે એ માગણી યુક્તિપૂર્વક દૂર કરી. તેમણે મુરાદબક્ષ પાસે પોતાનો રૂઘનાથપંત નામનો એક વકીલ મોકલીને એવી માગણી કરી કે, "જુન્નર અને અહમદનગર પ્રાંતમાં અમારા પિતાએ ઉપાર્જિત કરેલો સરદેશમુખીનો હક્ક હજુ સુધી વસૂલ થયો નથી; તે હક્ક આ પ્રાંતમાં મંજૂર કરવો." તેનો ઉત્તર મહારાજને એવો મળ્યો કે, "જ્યારે હું બાદશાહ પાસે જઇશ ત્યારે તમારી માગણીનો યોગ્ય વિચાર થશે. તમે તમારા વકીલને મોકલજો; પરંતુ તેને તમારી વાત બરોબર સમજાવતાં આવડવી જોઇએ, તો કામ થવામાં હરકત નડશે નહિ." શાહજાદા પાસેથી આ મતલબનો ઉત્તર ઇ. સ. ૧૬૪૯ ની આખરે મહારાજ પર આવ્યો હતો. મહારાજે શાહજહાંની નોકરી કરવા સંબંધીનો આગ્રહ એ પ્રમાણે ટલ્લે ચડાવ્યો.

ઇ૦ સ૦ ૧૬૫૭ માં શાહજહાંએ પોતાના પુત્ર ઔરંગઝેબ અને મીરજુમલાને મોટું સૈન્ય આપી વિજાપુર રાજ્ય તાબે કરવા મોકલ્યા.× તેમણે સરહદ ઉપરના કલ્યાણ, બેદર વગેરે કિલ્લા સર

× પ્રો. સરકાર જણાવે છે કે, ઔરંગઝેબ સને ૧૬૫૩ થી દક્ષિણના સુબેદાર તરીકે આવ્યો હતો. સને ૧૬૫૬માં તે ગોવળ-

કરવાનો સપાટો ચલાવ્યો. તે સમયે શિવાજી મહારાજે ઔરંગઝેબને સ્નેહભાવે કહાવી મોકલ્યું કે, " હું દિલ્હીપતિનો નોકર છું. આ ચડાઇમાં તેમને જે સહાયતા જોઇએ તે આપવા હું તૈયાર છું. મેં વિજાપુરસરકારના જે કિલ્લા અને પ્રાંત હસ્તગત કર્યા છે, તે મારી સત્તામાંજ રહેવા દેવા. વિજાપુરસરકારના સમુદ્રકિનારા પરના દાભોળ વગેરે પ્રાંત હું તમારે માટેજ કબજે કરવા તૈયાર છું." મહારાજની એ માગણી શાહજાદો સ્વીકારે, એ સંભવિતજ હતું; કારણકે તે મહારાજની યોગ્યતા સારીપેઠે જાણતો હતો. તેણે મહારાજને પત્ર લખી જણાવ્યું કે, " તમારા તાબામાં વિજાપુર સરકારના જે પ્રાંતો છે તેને અમે હવે પછી સ્પર્શ કરીશું નહિ. સમુદ્રકિનારા પરનો જે પ્રાંત કબજે કરવાની તમારી ઇચ્છા છે, તે પ્રમાણે અવશ્ય કરશો."

એ સમયે શાહજાદા ઔરંગઝેબના મનમાં શિવાજી મહારાજની પ્રત્યક્ષ મુલાકાત લઇ, તેમને કહેવાની ઇચ્છા હતી કે, " એ ચડાઈમાં તમારો અને અમારો હિતસંબંધ એકસરખોજ છે. અમારી સાથે મળી જઇ અમને અંતઃકરણપૂર્વક મદદ કરશો તો તમારૂં વિશેષ કલ્યાણજ થશે." પ્રત્યક્ષ મુલાકાત લેવાનું બન્યું નહિ, ત્યારે ઔરંગઝેબે, એજ આશયનો પત્ર મહારાજને લખી મોકલ્યો. શાહજાદાએ બહાનાં અને લાલચ બતાવી મહારાજને વશ કરવાના ઘણા પ્રયત્નો કર્યા; પરંતુ મહારાજ બુદ્ધિમાન અને ચતુર હતા. શાહજાદાની લોભ-જાળમાં તેઓ ફસાયા નહિ. મહારાજ દિલ્હીપતિનાજ નોકર છે, એવું તેમને વારંવાર માત્ર લખતા હતા એટલુંજ. તેમણે ઔરંગઝેબને નમ્રતા બતાવી તેનું લશ્કર પોતાના પ્રદેશમાં કાંઇ પણ ઉપદ્રવ કરે નહિ, એવી યુક્તિ કરી વેગળું કાઢ્યું. મોગલોનું સૈન્ય ઘણે વેગળે જઇ વિજાપુર-સરકાર સાથે યુદ્ધ કરવામાં ગૂંથાયું છે, એ જાણીને મહારાજે બને તેટલું પોતાનું સામર્થ્ય વધારવાનો દૃઢ નિશ્ચય કર્યો.

યાવની બખરના આધારે પ્રો. સરકાર જણાવે છે કે, મોગલોએ વિજાપુર સરકારના પ્રદેશમાં લૂંટફાટ શરૂ કરી, ત્યારે તે સરકારે શિવાજી મહારાજને મોટી લાલચ આપીને મોગલોના નૈઋત્યમાં આવેલા પ્રાંતો પર હલ્લો કરવાને સમજાવ્યા. તેમાં તેનો ઇરાદો એવો હતો કે, આદિલશાહના ઇશાન ખૂણામાં આવેલા બેદરસ નામના

કોંડાના શાહ સાથે લડતો હતો. સને ૧૬૫૬ના નવેંબર મહિનામાં આદિલશાહ મરી ગયો, ત્યારે ઔરંગઝેબે વિજાપુર પર સવારી કરવાની તૈયારી કરી અને વિજાપુર દરબારના સરદારો અને માંડળિકોને વશ કરવાનો પ્રયત્ન શરૂ કર્યો. આ વખતે શિવાજીએ મોગલ સૂબેદાર મુલતફાતખાનની મારફતે આ સંદેશા ચલાવ્યા હતા.

કિલ્લાને મોગલોએ ઘેરો નાખ્યો હતો તે ઉઠાવી લઇને પોતાના પ્રાંતનું રક્ષણ કરવાને તેઓ પાછા જાય. આ પ્રમાણે શિવાજીએ મિનાજી ભોંસલે અને કાશીને તે પ્રાંત પર હલ્લો કરવાને મોકલ્યા. ઇ. સ. ૧૬૫૭ના માર્ચ મહિનામાં તેમણે ભીમા નદી ઓળંગી અને ચમારગોંદના પ્રાંતમાં લૂંટફાટની શરૂઆત કરી; તથા એ પ્રમાણે લૂંટફાટ કરતાં એ લોકો ઠેઠ અહમદનગરની નજીક સુધી પહોંચી ગયા.

એ પ્રમાણે મિનાજીને પૂર્વમાં અહમદનગર પ્રાંત પર મોકલીને પોતે જુન્નર શહેર પર ચડાઇ કરી. એ સમયે જુન્નર શહેર સંપત્તિસંપન્ન હોવાથી મહારાજ દિલ્હીપતિ પાસે જુન્નર અને અહમદનગરનો હક્ક માગતા હતા; પરંતુ તેણે મહારાજના હક્ક સંબંધી ફરિયાદ સાંભળી નહોતી, તેથી મહારાજે તેના પર વૈર વાળવાની ઇચ્છાથી તે શહેરો લૂંટવાનો વિચાર કર્યો અને જુન્નર શહેર ઉપર રાત્રે છાપો મારી થાણા પરના લોકોની ભારે કતલ કરી, શહેરને સારી પેઠે લૂંટી લીધું. એ લૂંટમાં મહારાજને ત્રણ લાખ હોન, બસો ઘોડેસવાર અને બીજી પુષ્કળ મૂલ્યવાન વસ્તુઓ હાથ લાગી. તે સર્વ તેમણે તરતજ પૂને પહોંચાડી દીધી; અને પ્રથમથીજ કેટલાંક મનુષ્યો પૂનામાં રાખ્યાં હતાં તેમને સઘળો માલ રાજગઢ ઉપર તરતજ પહોંચાડી દેવાનું કહ્યું. આ વાતની ઔરંગઝેબને ખબર પડી ત્યારે તેણે થાણદારને ઘણોજ ઠપકો આપ્યો અને તેની મદદને માટે કંઇક સૈન્ય રવાના કર્યું. નાસિરખાન, ઇરાજખાન અને બીજા કેટલાક સરદારોને ત્રણ હજારનું સૈન્ય લઇને અહમદનગર પ્રાંતનું રક્ષણ કરવાને અને શિવાજી મહારાજના મુલક પર સવારી કરવાને તેણે મોકલ્યા. તેજ પ્રમાણે એક રાવકર્ણ નામનો સરદાર ઔરંગાબાદથી શાહજાદાની મદદ માટે આવતો હતો તેને પણ શિવાજી મહારાજ પર મોકલ્યો અને શાસ્તાખાનને પોતાની પાસેથી એક હજાર માણસો લઇને જવાની આજ્ઞા કરી. આ બાજુ મરાઠાઓ લૂંટફાટ કરતા કરતા અહમદનગર સુધી આવી પહોંચ્યા છે એવા સમાચાર મળતાં ત્યાંનો થાણદાર મુલતફાતખાન તેમના પર ચઢી આવ્યો અને તેણે ચમારગોંદનો ઘેરો ઉઠાવીને મિનાજીની પૂંઠ પકડી; પણ મિનાજીએ તેને કશી દાદ આપી નહિ. તેનું તોફાન એ પ્રાંતમાં એકસરખું ચાલુ રહ્યું. જે વખતે મહારાજ જુન્નર શહેરની આજુબાજુનો પ્રાંત લૂંટતા હતા, તે વખતે રાવકર્ણ અને શાસ્તાખાન તેમના પર ચઢી આવ્યા; એટલે તેઓ જુન્નર પરગણામાંથી છટકીને અહમદનગર પરગણામાં ઘૂસ્યા અને ત્યાં લૂંટફાટ કરવા લાગ્યા અને કેટલાક માણસો સાથે તેઓ અચાનક અહમદનગર પાસે આવી પહોંચ્યા; તથા શહેરને લૂંટવા લાગ્યા. આ બાતમી કિલ્લા પર પહોંચતાંજ મુલતફાતખાને કેટલાંક માણસો શહેરના રક્ષણ માટે રવાના કર્યાં. આથી તેઓ શહેરને જેવું

જોઇએ તેવું લૂંટી શક્યા નહિ; છતાં પણ આ ચઢાઇમાં તેમને પુષ્કળ દ્રવ્ય મળ્યું. તેમના હાથમાં સાતસો ઘોડા અને ચાર હાથી આવ્યા. એ લઇને મહારાજ શત્રુઓના સપાટામાંથી છટકી ગયા. આ ઝપાઝપીમાં તેમનાં કેટલાંક માણસો મરાયાં. આ વખતે ઉપર જણાવેલા નાસિરખાને પણ તેમની પૂંઠ પકડી હતી. આ સરદારની જોડે સૈન્ય પુષ્કળ હોવાથી તેની સાથે નિભાવ થાય એમ હતું નહિ, તેથી તેને થાપ આપીને મહારાજ પાર નીકળી ગયા. મોગલોના ઘોડા અત્યંત થાકી ગયેલા હોવાથી તેમની પૂંઠ પકડવાનું તેમનામાં બળ રહ્યું ન હતું.

એ લૂંટ મળ્યા પછી મહારાજે પોતાનું ઘોડેસવાર લશ્કર વધારવાનો સપાટો ચલાવ્યો. જુન્નર અને અહમદનગરની લૂંટમાંથી તેમને પુષ્કળ ઘોડા મળ્યા હતા. તે સિવાય જ્યાં ઘોડા વેચાતા હતા, ત્યાંથી કેટલાક વેચાતા મંગાવ્યા. તે ઉપર પોતાના પાયદળ સિપાઇઓને સવાર બનાવ્યા અને મરાઠા શિલેદાર મળ્યા તેટલાને નોકરી પર રાખી લીધા. અત્યાર પહેલાં મહારાજ પાસે જે ઘોડેસવાર લશ્કર હતું, તે ઉપર માણકોજી દહાતોંડેને મુખ્ય અધિકારી નીમી તેને સરનૌબતનો ખિતાબ આપ્યો હતો. માણકોજી પ્રથમ શાહજીરાજાની નોકરીમાં હતો. તે ઘણો અનુભવી હતો. તેણે ઘોડેસવાર લશ્કરની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની રાખી હતી. માણકોજી મરણ પામ્યો ત્યારે તે જગ્યાએ નેતાજી પાલકર નામક એક શૂરા સરદારની નિમણુંક કરવામાં આવી. પાલકર શૂરવીર અને સાહસિક હતો. મરાઠા શિલેદારોમાં તેનું વિશેષ માન હતું, તેની લાગવગથી ઘણા મરાઠા શિલેદાર મહારાજની નોકરીમાં આવી રહ્યા.

શિવાજી મહારાજે મોગલોનું સૈન્ય પોતાની પીઠ પાછળ લાગેલું હોવા છતાં તેમનાં જુન્નર અને અહમદનગર પરગણામાં ધમાલ મચાવી મૂકી અને તે શહેરોને લૂંટી લીધાં; અને તેમના સરદારોને કંઇ પણ દાદ દીધા વગર સહીસલામત છટકી ગયા. આથી ઔરંગઝેબને ઘણોજ ગુસ્સો ચઢ્યો અને તેણે નસીરખાન વગેરે સરદારોને એવો હુકમ કર્યો કે, "જ્યાં જ્યાં મરાઠા હાથમાં આવે ત્યાં ત્યાં તેમની કતલ કરી નાખવી. શિવાજી મહારાજના પ્રાંતમાં સવારી લઈ જઇને ત્યાંના લોકોનો સંહાર કરવો અથવા તો તેમને ગુલામ બનાવવા. તેનાં પૂના, ચાકણ વગેરે થાણાં સર કરીને તેનો સદંતર નાશ કરવો. મોગલ સલ્તનતના જે દેશમુખોએ અથવા ખેડૂતોએ મરાઠાઓને મદદ કરી હોય તેમનો વધ કરવો. તેમાં જરાયે દયા કરવી નહિ." વિજાપુરસરકાર સાથે યુદ્ધ ચાલતું હતું, તે વખતે નૈઋત્ય ખૂણાના પોતાના પ્રાંતો મરાઠાઓના હાથમાં જાય નહિ, તેટલા સારૂ ઔરંગઝેબે ચારપાંચ ઠેકાણે થાણાં સ્થાપ્યાં અને તે

ઠેકાણે સૈન્ય મૂક્યું. તેણે એવી આજ્ઞા કરી કે, "મોગલોના પ્રદેશમાં મરાઠાઓનો બિલકુલ પ્રવેશ થવા દેવો નહિ અને તેમના પ્રદેશ પર વારંવાર છાપા મારીને તેને તદ્દન પાયમાલ કરવો." પણ ઔરંગઝેબના હુકમની બજવણી કરી શકાય એવી સગવડ તેના સરદારોને મહારાજે કદી પણ આપી નહિ.

વિજાપુર–સરકારને મોગલોએ જ્યાંત્યાંથી નસાડી તદ્દન પાયમાલ કર્યા, એ સમાચાર મહારાજને કાને આવતાંજ પોતાની શી વલે થશે, તેની તેમને બીક પેઠી. વિજાપુર–સરકારનો સંપૂર્ણ પરાજય કર્યા પછી ઔરંગઝેબ પોતાના પર ઊલટે તો તેની સામે ટક્કર ઝીલવાનું સામર્થ્ય અદ્યાપિપર્યંત તેમનામાં આવ્યું નહોતું, એ મહારાજ જાણતા હતા. આવી પડેલું સંકટ નિર્વિઘ્ને ટળી જતું હોય, તો તેમ કરવું જોઇએ; એવો વિચાર કરી શિવાજી મહારાજે ઔરંગઝેબને અતિ નમ્રતાપૂર્વક વિનતી[*] કરી કે, "મેં આપનાં બે શહેરોમાં તોફાન કર્યું છે, તે માટે મને ક્ષમા કરશો. હું એવી મૂર્ખતા પુનઃ કદી પણ કરીશ નહિ. હવે પછી આપની સેવામાં હાજર રહી આપની સાથે પ્રમાણિકપણેજ વર્તન કરીશ. આપનો પક્ષ હું કદી પણ છોડીશ નહિ." એ આશયનો પત્ર લખવા સાથે પોતાના કહેવાની ખાતરી કરી આપવા માટે મહારાજે પોતાના રઘુનાથ પંત બલ્લાળ કોર્ડે નામક વિશ્વાસુ અને બુદ્ધિમાન વકીલને શાહજાદા તરફ મોકલ્યો.

પરંતુ એટલામાં ઔરંગઝેબને પોતાની બહેન રોશન–આરા તરફથી શાહજહાંના મંદવાડનો પત્ર મળ્યો. વિજાપુર–સરકાર સાથે તહનામું થવાથી ઔરંગઝેબનું દક્ષિણનું કર્તવ્ય પૂર્ણ થયા બરોબરજ હતું, તેથી તે પોતાના લશ્કર સહિત સત્વર દિલ્હી ગયો. ઔરંગઝેબને ઉત્તર તરફ જતો જાણી, મહારાજે કૃષ્ણાજી ભાસ્કર[×] નામક એક બીજો વકીલ તેમની પાસે મોકલી કહાવ્યું કે, "મેં દિલ્હીપતિનો અપરાધ કર્યો છે, તેથી હવે મને ઘણોજ પસ્તાવો થાય છે. મેં અહીં પુષ્કળ ઘોડેસવાર ભેગા કર્યા છે. અગત્યને પ્રસંગે આપને મદદ કરવા હું તૈયાર છું. તમારી પાછળ દક્ષિણના તમારા મુલકોનું રક્ષણ કર-

---

[*] પ્રો. સરકાર જણાવે છે કે, આ અરજ તેમણે નસીરખાનને કરી હતી, તે પરથી તેણે કહાવ્યું કે, "તમારે જે કંઇ માગણી કરવી હોય તે તમારા વકીલને અમારી પાસે મોકલીને કરો." આ પરથી મહારાજે રઘુનાથપંતને પ્રથમ તે સરદાર પાસે મોકલ્યો. એટલે તે સરદારે ઔરંગઝેબને આ હકીકત જણાવી; પણ તેણે કશો નિશ્ચિત જવાબ આપ્યો નહિ, તે પરથી તેમણે ફરીથી ખુદ ઔરંગઝેબને લેખિત અરજ કરી.

[×] પ્રો. સરકાર આ વકીલનું નામ રઘુનાથ પંત હતું, એમ જણાવે છે.

વાનું કામ મને સોંપશો તો તે હું ઘણી ખુશીથી સ્વીકારીશ; પરંતુ આપના તાબામાં આવેલા કેટલાક પ્રાંતોમાં, અમારા વંશપરંપરાગતથી ચાલતાં આવેલા હક છે તે આપ ચાલુ કરશો. અમારા કુટુંબની જાગીરનો કેટલોક વિભાગ આપના કબજામાં છે તે અમને પાછો સોંપશો અને જુન્નર તથા અહમદનગર પ્રાંતની દેશમુખી અમને પાછી આપશો તો મારાં મનુષ્યો સાથે હું દિલ્હીપતિની જે નોકરી બજાવીશ, તેનો મને બદલો મળવા જેટલું થશે. કોંકણ પ્રાંત આદિલશાહના તાબામાં સોંપ્યો છે; પરંતુ તેને હાથે તેની સુવ્યવસ્થા થતી નથી. એ પ્રાંત મને સોંપવાથી આપને ઘણો ફાયદો થશે.''

શિવાજી મહારાજનો વકીલ પત્ર લઇને શાહજાદા ઔરંગઝેબ સમક્ષ ગયો. તે વખતે શાહજાદો ગડબડમાં હતો, તેથી પત્રમાં લખેલી માગણીઓ વાંચતાં તે ગુસ્સે થયો નહિ. ઊલટો તેણે વિચાર કર્યો કે, શિવાજી મહારાજ આપણા પ્રાંતમાં હક્ક વગેરેની જે માગણી કરે છે તેની હમણાં આશા આપવી; વિજાપુર રાજ્યમાં તેમણે જે હિલચાલ ચલાવી છે, તે તેવીજ રીતે ચલાવવાનું તેમને ઉત્તેજન આપવું. તેમ થવાથી આપણા તાબાના મુલકોનું રક્ષણ થશે. ઔરંગઝેબે મહારાજના પત્રનો યુક્તિપૂર્વક ઉત્તર લખાવ્યો કે, ''તમારા અપરાધ માટે તમને પશ્ચાત્તાપ થયો છે, તેથી તેની તમને ક્ષમા આપવામાં આવે છે. કોંકણ પ્રાંત ખુશીથી તમારે કબજે લેવો. સોનોપંત (આબાજી હોનદેવ)ને અમારી તરફ મોકલજો, એટલે તમારા વડીલોપાર્જિત હક સંબંધી ખુલાસો જાણી શકાશે. આપણા વચ્ચે પરસ્પર છેવટની સલાહ નક્કી થાય ત્યારે તમારે પાંચસો ઘોડેસવાર અમારી મદદ માટે મોકલવા. અમારા મુલકમાં બંદોબસ્ત અને શાંતતા રાખવા માટે તમારૂં સૈન્ય હમેશાં તૈયાર રાખશો.''

ઉભય પક્ષના પત્રવ્યવહારમાંથી કાંઇ સારૂં પરિણામ આવ્યું નહિ. બન્નેએ માત્ર એકબીજાને મધભરેલી આંગળી બતાવી એટલુંજ! પરસ્પર વચ્ચે હમેશને માટે કોઇ પ્રકારનો નિશ્ચય થયો નહિ; કારણકે ઔરંગઝેબ પોતાના ભાઇઓ સાથે લડવામાં અને પિતાને કેદ કરી રાજગાદી પચાવી પાડવાની ગોઠવણમાં ગૂંથાયો હતો. શિવાજી મહારાજને પણ એવુંજ જોઇતું હતું. તેમને ખાતરી હતી કે, આપણી માગણી ઔરંગઝેબ કદી પણ કબૂલ કરશે નહિ; પરંતુ તેને એ રીતે અદ્ધરતાલ રાખવાથી તાત્કાળિક અનર્થ થતો અટકશે અને આપણું કાર્ય સિદ્ધ કરી લેવાનો અવકાશ મળશે; એ વિચાર કરીનેજ તેમણે શાહજાદાને નમ્રતા બતાવી હતી. ઔરંગઝેબ કંઇ જેવોતેવો ધૂર્ત હતો નહિ. શિવાજી મહારાજની આ નમ્રતા માત્ર ઉપર ઉપરની હતી અને પોતાની પૂંઠ વળતાંજ પોતાના પ્રદેશમાં પેસીને તે લૂંટફાટ શરૂ કરી દેશે, એ બાબતની તેને સંપૂર્ણ ખાતરી

હતી. આથી ઉત્તરમાં જતાં પહેલાં તેણે પોતાના સરદાર મીરજુમલાને એવી સૂચના આપી કે, "નૈઋત્યના પ્રાંતો પર બરોબર ધ્યાન દેવું. પેલો કૂતરાનો બચ્ચો ટાંપી રહેલો છે." તેજ પ્રમાણે આદિલશાહને એવો સંદેશો કહેવડાવ્યો કે, શિયાળ કિલ્લામાં સંતાઈ ગયું છે માટે તેને હાંકી કાઢજો અને જો તમારે તેને પોતાની પાસે રાખવાની ઇચ્છા હોય તો દૂર કોંકણ પ્રાંતમાં કંઈ જાગીર આપીને ત્યાં તેને રાખજો; એટલે અમારા પ્રદેશમાં તેનો ઉપદ્રવ થાય નહિ."

ઇતિહાસકારો કહે છે કે, ઔરંગઝેબે દિલ્હી જઇ તેના પિતાને કારાગૃહમાં નાખી દિલ્હીની ગાદી પચાવી પાડવાનો ઇરાદો કર્યો હતો અને તેણે દક્ષિણના સરદારોને પત્ર લખી પોતાની સહાયતા માટે બોલાવ્યા હતા. તેના તરફથી અન્ય સરદારો સાથે શિવાજી મહારાજ પર પણ તેવાજ આશયનો પત્ર આવ્યો. તે વાંચતાંજ મહારાજના શરીરમાં રોમાંચ થયો. સ્વપિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરી પુત્ર તોફાન કરવું, એ તેમને બિલકુલ પસંદ પડ્યું નહિ. મહારાજે તેને ધિક્કાર આપ્યો અને પત્ર લઈ આવનાર મનુષ્યને પોતાની દૃષ્ટિ સમક્ષથી હાંકી કાઢ્યો. મહારાજ એટલેથીજ થોભ્યા નહિ; પરંતુ તે પત્ર કૂતરાની પૂંછડી સાથે બાંધી કૂતરાને પૂના શહેરના રસ્તાઓમાં ફેરવ્યો અને પિતૃઆજ્ઞાવિરુદ્ધ વર્તનાર ઔરંગઝેબની ફજેતી કરી. ઔરંગઝેબે પોતાના પત્રની ફજેતી સંબંધી જાણ્યું ત્યારે તેને મહારાજ ઉપર અતિશય ક્રોધ ચડ્યો અને એ બાબતનું સત્વર વૈર લેવાની તેણે પ્રતિજ્ઞા કરી; પરંતુ તે વૈર કદી પણ લઇ શક્યો નહિ; એટલુંજ નહિ પણ મહારાજ પર ચડેલો ગુસ્સો ઔરંગઝેબ સત્વર ભૂલી ગયો હશે, એવું અનુમાન થાય છે; કારણકે બાદશાહે ઇ૦ સ૦ ૧૬૫૯માં મહારાજને હાથે અફઝુલખાનનો વધ થવાના સમાચાર સાંભળ્યા, ત્યારે તેણે મહારાજને અતિ ગૌરવપૂર્ણ પ્રશંસાપત્ર લખી મોકલ્યો અને તેમના એ પરાક્રમના ઇનામ તરીકે બાદશાહે તેમને વિજાપુર સરકારની સરહદ ઉપરના બેત્રણ કિલ્લા બક્ષિસ આપ્યા; એટલુંજ નહિ પણ તેણે મહારાજને એવોજ કાર્યક્રમ આગળ ચાલુ રાખવાની આગ્રહપૂર્વક ભલામણ કરતાં વચન આપ્યું કે, તમે વિજાપુરસરકારના જે પ્રાંત કબજે કરશો તે પરથી તમારી ખંડણી માફ કરવામાં આવશે. ઔરંગઝેબે શિવાજી મહારાજને એ પ્રમાણે ઉત્તેજન આપ્યું, તેમાં તેનો એ ઉદ્દેશ હતો કે, શિવાજી મહારાજને હાથે આદિલશાહી ઘણીજ નિર્બળ થઇ જશે તો તેને પાયમાલ કરવાનું કામ આપણને બહુજ સહેલું થઇ પડશે અને શિવાજી જેવા તોફાનીને પણ ઉખેડી નાખતાં ફાવશે; પરંતુ છેવટનું કામ કેટલું કઠિન હતું તે ધૂર્ત બાદશાહની કલ્પનામાં પણ નહિ હોય, એમ જણાય છે.

प्रकरण १० मुं-विजापुर–सरकारना बीजा प्रांत ताबे लेवा

વિજાપુરથી મુક્ત થઈ શાહજીરાજા સુખરૂપ કર્ણાટક જઇ પહોંચ્યા પછી, શિવાજી મહારાજે વિજાપુરસરકારના રાજ્યમાં પુનઃ તોફાન શરૂ કર્યું. કિનારાનો સઘળો પ્રદેશ અને કોંકણપટ્ટી તેમણે પોતાને હસ્તગત કરવાનો વિચાર કરી, બીજા કિલ્લા તાબે કરવાનો ક્રમ શરૂ કર્યો. વિજાપુર સરકારને જ્યારે એ સમાચાર મળ્યા, ત્યારે તેઓને ઘણી ચિંતા ઉત્પન્ન થઈ. સૈન્ય મોકલી મહારાજ સાથે યુદ્ધ કરવામાં આવે તો તેઓ કાલનું વિઘ્ન આજે ઊભું કરે એમ હતું. મોગલ બાદશાહ ઘણા દિવસથી આદિલશાહનો નાશ કરવા ઇચ્છતા હતા, તેથી મહારાજ સાથે યુદ્ધ નહિ કરતાં તેમને યુક્તિપૂર્વક પકડી મંગાવવાનો વિચાર કર્યો. તે કાર્ય માટે બાજી શામરાજ નામક એક સરદારને દસહજાર મનુષ્યો સહિત મોકલ્યો. એ સમયે મહારાજ મહાડ પ્રાંતમાં હતા. બાજી શામરાજે વાઇને રસ્તેથી આવી જાવલીના ચંદ્રરાવ મોરેનો આશ્રય લીધો અને પારઘાટ પાસે સંતાઇ બેઠો. તેણે ધાર્યું હતું કે, મહારાજ આવે કે તરતજ તેમને અચાનક પકડવા; પરંતુ શિવાજી મહારાજના છૂપા જાસૂસો અનેક વેષ ધારણ કરી હમેશાં ચારે દિશામાં ફરતા હોવાથી, તેમણે મહારાજને એ સંબંધી ખબર આપી. ખબર મળતાંજ મહારાજ સાવચેત થયા અને પોતાના લશ્કર સહિત પારઘાટનાં પગથિયાં આગળ જઈ બાજી શામરાજ ઉપર તૂટી પડ્યા. તેનાં મનુષ્યો ત્રાસ પામીને વિખરાઇ ગયાં અને તેઓને જંગલમાં નાસી જવું પડ્યું.× બાજીનો પરાજય થવાથી તે

× ચિટનીસ જણાવે છે કે, બાજી શામરાજ જ્યારે મહાડ પહોંચ્યો, ત્યારે શિવાજી મહારાજ ચેઉલબંદર લૂંટીને તે હસ્તગત કરવાના કાર્યમાં રોકાયા હતા. ત્યાંથી તેઓ સીધા રાજગઢમાં ગયા અને શિવાજી મહારાજની એક ટુકડીએ બાજી શામરાજ પર હલ્લો કરીને તેને હરાવ્યો. શેડગાંવકરની બખરમાં એવો ઉલ્લેખ છે કે, મહારાજને પકડવાને રહિમતપુરના રણદુલ્લાખાન અને દતવડના બાજી ઘોરપડેને ૮૦૦૦ નું સૈન્ય આપીને મોકલ્યા હતા. તેમના પર એક

નિરુત્સાહ અને નિરાશ થઇ પાછો વિજાપુર ચાલ્યો ગયો.

જાવળીના કૃષ્ણાજી બાજી ચંદ્રરાવ મોરેએ બાજી શામરાજને પોતાના પ્રાંતમાંથી આવવા દઇ તે પ્રસંગે મદદ પણ કરી હતી, એ જાણી મહારાજને તેના ઉપર ઘણો ક્રોધ ચડ્યો અને એ કાંટો વચમાંથી કાઢી નાખ્યા વગર તેના પ્રાંત સાથે જોડાયલો પોતાનો પ્રદેશ સુરક્ષિત થશે નહિ, એમ તેમને જણાયું. કૃષ્ણા અને વારણા નદીઓની વચમાંનો કિનારા ઉપરનો પ્રાંત ચંદ્રરાવ મોરેના તાબામાં હતો. તેની પાસે દસબારહજાર માવળી વગેરે મનુષ્યો હતાં. તે પોતાને રાજા કહેવડાવતો હતો. આ જાગીર તેને વિજાપુર સરકાર પાસેથી સોળમા શતકમાં મળી હતી અને તે વિજાપુરસરકારના તાબામાં હતી. તે ઉપજની ચોક્કસ રકમ સરકારને આપતો ને બાકીની ઉપજ પોતાના ઉપભોગમાં લેતો. વળી તે આસપાસના મુલકોમાં લૂંટફાટ ચલાવી ગબ્બર થયો હતો. હશમગઢમાં તેનું થાણું હતું. ઘણા કિલ્લા અને કોતરડાં તેના તાબામાં હતાં. મહારાજે તેને પોતાની સલાહ* પ્રમાણે વર્તવાનું પ્રથમ ઘણી વખત કહાવ્યું હતું. મહારાજે તેને કહેવડાવી મોકલ્યું કે, “ તું તારી જાતને રાજા કહેવડાવે છે, તે તદ્દન વ્યર્થ છે. ખરો રાજા તો હું છું. મને શ્રીશંભુએ રાજ્ય આપેલું છે. તમે વિજાપુરસરકારને જે કર આપો છો, તે બંધ કરી અમને આપો અને અમારા ખંડિયા થાઓ. એ શરત કબૂલ ના હોય તો સર્વ ઉપજ તમે લેજો; પણ અમને અગત્ય હોય ત્યારે પાંચહજાર મનુષ્યોની મદદ આપજો. તમારા ઉપર સંકટ આવશે તે વખતે અમે તમને મદદ કરીશું. જો અમારી આજ્ઞાને માન આપી અંકિત નહિ થાઓ અને બદફેલી કરશો તો જાવળી હસ્તગત કરી તમને કેદ કરવામાં આવશે.” ચંદ્રરાવે તે પ્રમાણે વર્તવાનું કબૂલ કર્યું નહોતું.

તેણે મહારાજને સામો જવાબ વાળ્યો કે, “ તમે તો કાલેજ રાજા થયા છો.× તમને રાજા કોણે બનાવ્યા ? પોતાનાજ ઘરમાં

તરફથી મહારાજે અને બીજી તરફથી નેતાજી પાલકરે એમ બન્ને જણાએ એકસાથે હુમલો કરીને તેમનો પરાજય કર્યો.

* એમ કહેવાય છે કે, મહારાજે જાતે મળીને સલાહમસલતથી તેને વશ કરવાનો પ્રયત્ન કર્યો હતો; પણ તેણે તેમની વાત કબૂલ કરી નહિ; એટલુંજ નહિ પણ ઊલટું મહારાજને પકડીને કેદ કરવાની તેણે યોજના કરી હતી. આવો દગો થશે, એમ ધારીને મહારાજ પ્રથમથીજ તે માટે તૈયારી કરીને આવ્યા હતા, એટલે તેઓ છટકી ગયા. (રા. બ. પારસનીસનું મહાબળેશ્વરનું વર્ણન જુઓ.)

× એમ કહેવાય છે કે, પહેલાં જીજાબાઇ શિવાજી મહારાજને

પોતે મફતના રાજા કહેવડાવી લીધું, પણ તે બીજું કોણ માનશે ? જાવળી આવશો તો તમારો એક પણ માણસ પાછો જીવતો ફરવાનો નથી. જો તમારામાં ખરો પુરુષાર્થ હોય, તો કાલે આવતા હો તો આજેજ આવજો. અમે કોંકણના રાજા છીએ, શ્રીમહાબળેશ્વરની કૃપાથી અમે રાજ્ય કરીએ છીએ. શ્રીની કૃપાથી અમને બાદશાહે રાજાનો ખિતાબ આપેલો છે. કેટલીયે પેઢીઓથી અમે જાવળીમાં રાજ્ય કરીએ છીએ. અમારી પાસે વધારે ટકટક કરવી, તે વિચારીને કરવી. તમારે લૂંટફાટ કરવી હોય તો બીજો પુષ્કળ મુલક પડેલો છે. આ પ્રદેશમાં આવશો તો બકરૂં કાઢતાં ઊંટ પેસી જશે. યશ ન મળતાં ઊલટા અપયશના ભાગીદાર થશો." મહારાજે તેને એવો ધમકીનો પત્ર લખ્યો કે, "તમે રાજા કહેવડાવવાનું છોડી દેજો અને ચામર, છત્ર વગેરે રાજચિહ્નો એક બાજુએ રહેવા દઇને રૂમાલ વડે હાથ બાંધીને અમારે શરણે આવશો અને અમારી નોકરી કરશો તો ઠીક છે. જો બદફેલી કરશો તો પ્રાણ ગુમાવી બેસશો." મોરેએ આ ધમકી બિલકુલ ગણકારી નહિ.

ચંદ્રરાવ મોરેના તાબાનો ડુંગરાળ અને વિકટ મુલક પોતાના તાબામાં આવ્યા સિવાય કિનારા પરનો સઘળો પ્રદેશ પોતાના કબજામાં આવશે નહિ અને તે પર રહી યવનોને ત્રાસ આપવાનો વિચાર ફળીભૂત થશે નહિ, એવો વિચાર કરી મહારાજે મોરેને એકદમ પાયમાલ કરવાનોજ નિશ્ચય કર્યો; પરંતુ વિચાર કર્યો કે, "તેના તાબામાં આપણા જેવાજ શૂરા માવળીઓ વગેરે પુષ્કળ મનુષ્યો છે, તેમજ તેનો ભાઇ સૂર્યરાવ અને કારભારી હનમંતરાવ, એ બન્ને શૂરવીર યોદ્ધા છે; તેથી તેની સાથે પ્રકટ રીતે યુદ્ધ કરવાથી આપણાં ઘણાં મનુષ્યોનો કચ્ચડઘાણ નીકળી જશે. આપણને એકદમ યશ મળવાનો સંભવ બહુ ઓછો છે." એવા વિચારો થવાથી મહારાજે યુક્તિપૂર્વક તેને તાબે કરવાનો ઘાટ ઘડ્યો. મહારાજે તેના કિલ્લા વગેરેની વાસ્તવિક સ્થિતિ સંબંધી તપાસ કરવા માટે રઘુનાથ બલ્લાળને કેટલાંક મનુષ્યો સહિત મોકલ્યા. તેના મુલકમાં યુક્તિથી પ્રવેશ* કરીને મહા-

---

લઇને મહાબળેશ્વરનાં દર્શન કરવાને માટે ગયાં હતાં, તે વેળા મોરેની ત્રણ દીકરીઓને અતિ સુંદર જોઇને તેમાંની એક પોતાના પુત્ર શિવાજીને માટે માગી હતી. તે વખતે ભોંસલેનું કુળ પોતાના કરતાં હલકું છે, એવું કારણ બતાવીને મોરેએ એ માગણીનો ઇન્કાર કર્યો હતો.

* શિ. દિ. માં જણાવે છે કે, ચંદ્રરાવના કારભારી હનમંતરાવ સાથે લગ્ન સંબંધથી જોડાવાની વાતચીત કરવાનું બહાનું કાઢીને રઘુનાથ બલ્લાળ તેમની પાસે ગયો હતો અને તેને ગાફલ જોઇને તેનો દગાથી વધ કર્યો હતો. પછી મહારાજે ચંદ્રરાવ જોડે યુદ્ધ કરી-

રાજાને એવું લખી જણાવ્યું કે, “તમે કોઇ બહાનું કાઢી સૈન્ય સહિત આ પ્રાંત તરફ આવો અને અમે સૂચના આપીએ ત્યારે ડુંગર પરથી નીચે ઊતરજો.” એ પત્ર વાંચી મહારાજ કેટલાંક મનુષ્યોને તે તરફ મોકલી પોતે રાજગઢથી નીકળ્યા અને સપાટાબંધ પુરંદર જઇ ત્યાંથી મહાબળેશ્વરનાં દર્શને ગયા. ત્યાંના જંગલમાં પોતાનું લશ્કર ભેગું કરી સર્વ તૈયાર થઇ રહ્યા અને નજીક આવી પહોંચ્યા વિષેની તેમણે રઘુનાથ બલ્લાળને ખબર આપી. એટલે તે મહારાજને આવી મળ્યો. પછી મહારાજ મહાબળેશ્વરથી નીસણીના ઘાટ ઊતરીને જાવળી આવ્યા અને હશમગઢને ઘેરો ઘાલીને મોરેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. એક મહિના સુધી યુદ્ધ ચાલ્યું. છેવટે કૃષ્ણાજી ચંદ્રરાવ જાવળીથી નાસીને રાયગઢ જઇને રહ્યો. તેની પૂંઠ પકડી મહારાજે રાયગઢ પર ચડાઇ કરી. મોરેએ ત્રણ મહિના સુધી કિલ્લાનું રક્ષણ કર્યું; પણ છેવટે તે હાર ખાઇને શરણે આવ્યો અને કિલ્લો મહારાજને શરણે કર્યો. મહારાજે મોરેનો બહુ સત્કાર કર્યો અને પોતાની સાથે તેને ચાકણ લઇ ગયા. આ મોરેને જાવળીમાં પોતાની આધીનતામાં રાખી મૂકવો અને તેની પાસે થોડાંક માણસો રાખવાં, પ્રસંગ પડ્યે તેણે આપણને મદદ કરવી, એવો તેની સાથે કરાર કરવાનો વિચાર મહારાજના મનમાં હતો, પણ ચાકણના કિલ્લા પરથી તેણે મુધોળના વ્યંકાજી ઘોરપડેને કાગળ લખી પોતાનો છુટકારો કરવા માટે તેની મદદ માગી. આ કાગળ મહારાજના હાથમાં આવ્યો, એથી તેમણે મોરેને કહ્યું કે, “તમે રાયગઢમાં મારી સાથે પ્રમાણિકપણે વર્તવાના સોગન લીધા હતા, છતાં તમે ઘોરપડેને આવો કાગળ લખ્યો છે, માટે તમે બેઇમાન છો.” આ પ્રમાણે તેના પર આરોપ મૂકીને તેનો શિરચ્છેદ કર્યો. મોરેના કુટુંબને તેમણે પુરંદરમાં લાવીને રાખ્યું હતું, તેમાં મોરેના બે દીકરાઓ પણ હતા. આ બે છોકરાઓને થોડીક જાગીર આપીને મોરેના કુટુંબની વ્યવસ્થા કરવાનું મહારાજના મનમાં હતું; પરંતુ આ છોકરાઓએ વિજાપુરની સરકાર સાથે ગુપ્ત પત્રવ્યવહાર કરેલો હતો. તે મહારાજના હાથમાં આવવાથી તે છોકરાઓને પૂને લઇ જઇને મહારાજે તેમનો વધ કર્યો; અને મોરેની સ્ત્રી તથા દીકરીને છોડી મૂક્યાં.

આ મોરેને હનમંતરાવ કરીને એક પરાક્રમી બંધુ હતો, તે ઉપરની ઝપાઝપીમાંથી છટકી ગયો હતો. જાવળી મહારાજના હાથ-

---

ને તેને લડાઇમાં હાર માર્યો અને જાવળી હસ્તગત કરી. રાયરીની બખરમાં પણ લગભગ આવોજ ઉલ્લેખ છે. તેમાં એવું લખેલું છે કે, હનમંતરાવને મહાબળેશ્વરમાં પકડીને ત્યાં તેનો વધ કર્યો અને પછી મહારાજે મોરેની સાથે લડીને મહાબળેશ્વર અને જાવળી હસ્તગત કર્યાં.

માં ગયા પછી તે તળકોંકણમાં રાજા થઇને બેઠો હતો; તે મહા પરાક્રમી અને શૂરવીર હોવાથી જાવળી પાછી મેળવવાને ખટપટ કરશે, એવા ભયથી શંભાજી કાવજીને મહારાજે તેની પાસે મોકલ્યો. તેણે હનમંતરાવ પાસે જઇને અતિ સ્નેહપૂર્વક વાત કરી. તેણે કહ્યું: "જે થવાનું હતું તે થઇ ગયું. તમે એ બાબતને હવે મનમાં લાવશો નહિ. તમારૂં કલ્યાણ થાય એવો મહારાજના મનમાં વિચાર છે. તમારો અને તેમનો સગપણથી સંબંધ જોડાય, એટલા માટે એમણે મને તમારી પાસે મોકલ્યો છે. તમારો વાળ પણ વાંકો થવાનો નથી, એવું મહારાજે તમને અભયવચન આપેલું છે; માટે થઈ ગયેલી વાતનો શોક ન કરતાં, મહારાજની ઇચ્છા પૂર્ણ કરવાથી મહારાજને સંતોષ થશે." આ પ્રમાણે શંભાજીએ તદ્દન સરળભાવ બતાવવાનો દંભ કરી વાત કરતાં કરતાં એકદમ તેના પેટમાં કટાર મારી દગાથી તેનો વધ કર્યો.

આ પ્રમાણે જાવળી પ્રાંત કબજે કરીને મહારાજે મોરેના તાબાના સઘળા કોટકિલ્લા હસ્તગત કર્યા અને તે પ્રાંતમાં પોતાની સત્તા ચલાવી. મોરેએ પોતાના ગઢ પર દ્રવ્ય વગેરેનો પુષ્કળ સંગ્રહ કર્યો હતો, તે સર્વ મહારાજને અણચિંતવ્યુંજ પ્રાપ્ત થયું. બાબાજી કોંડદેવ* નામક એક બ્રાહ્મણ, મોરેના આશ્રય નીચે શિવતર-ખીણમાં રહેતો હતો. મોરેનું નિકંદન કાઢ્યા પછી મહારાજ તે પ્રાંતમાં પોતાની સત્તા ચલાવવા લાગ્યા, ત્યારે એ બ્રાહ્મણ ઉદ્ધત થઇ તેમની સત્તા માનતો નહોતો. તેણે આસપાસના પ્રાંતોમાં તોફાન શરૂ કર્યું તેથી તેને કેદ પકડ્યો. મહારાજ સમજતા હતા કે, બ્રાહ્મણને જીવથી મારવો નહિ; તેથી તેમણે તેની આંખના ડોળા કાઢવાની આજ્ઞા કરી.

આ મોરેના પ્રાંતમાં વાઇની નજદીક ગોળેવાડી કરીને એક ગામ છે. ત્યાં ગોળે નામનો એક મરાઠો સરદારના તાબામાં હતો. મોરેનો નાશ થયા પછી આ સરદાર સ્વતંત્ર થઇ બેઠો. મહારાજે તેના પર ચડાઇ કરીને તેનો પરાજય કર્યો અને ગોળેવાડી હસ્તગત કરી. આ યુદ્ધમાં મહારાજના એક બ્રાહ્મણ સરદારે તે ગોળેની પુત્રવધૂને કેદ કરી મહારાજ સમક્ષ રજૂ કરી. તે અતિશય સુંદર હોવાથી મહારાજ તેનો અંગીકાર કરશે, એવું તે બ્રાહ્મણ સરદારને લાગ્યું હતું; પરંતુ મહારાજ પાપભીરૂ હોવાથી કલ્યાણના યુદ્ધમાં ખૂબસૂરત યવન સ્ત્રી માટે જે ઉદ્‌ગાર કાઢ્યા હતા, તેવાજ ઉદ્‌ગાર તેમણે આ વખતે પણ કાઢ્યા.

માવળમાં બાંદલ નામક પુરુષ દેશમુખ હતો, તેને મહારાજે સીધી રીતે કહાવી મોકલી તાબેદાર બનાવવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તે સીધી રીતે વશ થયો નહિ. રોહીડા નામક કિલ્લામાં તે પ્રબળ

---

* રા. સભાસદ, એ પુરુષનું નામ બાજી કોડણે રાઉ (રાવ) લખે છે.

થઇ બેઠો હતો. મહારાજે રાત્રિને સમયે અચાનક તે કિલ્લા પર છાપો માર્યો. બાંદલે ખાતરીપૂર્વક જાણ્યું કે, શિવાજી મહારાજ પુષ્કળ લશ્કર સહિત ચડાઇ લાવ્યા છે, તેમના લશ્કર આગળ આપણે ટકી શકીશું નહિ; છતાં અંતપર્યંત લડવાનો નિશ્ચય કરી પોતાનાં મનુષ્યો સહિત મહારાજ ઉપર તૂટી પડ્યો. ઉભયપક્ષનાં મનુષ્યો અતિ શૌર્યપૂર્વક લડ્યાં. બાંદલ હાથમાં શસ્ત્ર લઈને રણમાં યુદ્ધ કરતો હતો. અંતે તેનો પરાજય થયો અને રણમાં પડ્યો, તેથી તેનાં બચેલાં મનુષ્યો મહારાજને શરણે આવ્યાં; તેમાં બાંદલનો દીવાન બાજીપ્રભુ દેશપાંડે પ્રમુખ હતો. દેશપાંડેની શૂરવીરતા જોઇ મહારાજ અતિ પ્રસન્ન થયા હતા. મહારાજે દેશપાંડે સાથે ઉદારતાપૂર્વક અને મમતાપૂર્વક વર્તન કરી, તેનાં વતનવજિફા પુનઃ તેનેજ સોંપી દીધાં. દેશપાંડેએ તે સમયથી મહારાજ સાથે પ્રમાણિકપણે વર્તવા માંડ્યું, તેથી તેમણે તેને પોતાની પાસે નોકર રાખ્યો અને એક પાયદળ ટુકડીનો સરદાર બનાવ્યો. આગળ ચાલતાં એ શૂરવીર અને બુદ્ધિમાન પુરુષ મહારાજને કેવો ઉપયોગી થઇ પડ્યો, તેનું વર્ણન યથાસ્થળે આલેખવામાં આવશે.

બાંદલનો નાશ કર્યા પછી સમસ્ત માવળ પ્રાંતમાં શિવાજી મહારાજની સત્તા નિર્વિઘ્નપણે પ્રવર્તવા લાગી. તે પ્રાંતમાં થતી લૂંટફાટ બંધ પાડી મહારાજે રૈયતને નિર્ભય કરી. સર્વત્ર જમીન મહેસૂલની સુવ્યવસ્થા દાખલ કરી; પ્રજાને હિતકર વચનો આપી, સર્વ જમીન ખેતીના ઉપયોગમાં આવે એવી ગોઠવણ કરી. લશ્કરી નોકરીમાં રહેવા રાજી હોય તેમને મહારાજે નોકરીમાં રાખી પોતાનું સૈન્યબળ વધારવાનો ક્રમ ચાલુ રાખ્યો હતો. મોરેના તાબાનાં ઘણાં શૂરવીર અને બુદ્ધિમાન મનુષ્યો મહારાજને અણચિંતવ્યાંજ મળી ગયાં. મહારાજે તે સર્વને ખુશીથી પોતાની પાસે નોકરીએ રાખ્યાં.

જાવળી અને તેની આસપાસનો જે પ્રદેશ મહારાજે તાબે કર્યો હતો, તે પોતાના તાબામાં સુરક્ષિતપણે રહે, એ ઇચ્છાથી કૃષ્ણા નદીના પૂર્વ કિનારા તરફ વિકટ અને ડુંગરાળ સ્થળ નક્કી કરી, તેમણે એક સુદૃઢ કિલ્લો બાંધવાનો નિશ્ચય કર્યો. એ કામ તેમણે મોરો ત્રિમળ પિંગળેને સોંપ્યું. પિંગળે અતિ બુદ્ધિમાન પુરુષ હતો. એનો પિતા શાહજીરાજાની નોકરીમાં હતો. રાજા કર્ણાટકમાં ગયા ત્યારે તે પણ તેમની સાથેજ કર્ણાટકમાં ગયો હતો. પિતાના અને શાહજીરાજાના હાથ નીચે રહેવાથી ત્યાં પિંગળેને તોફાનને સમયે યોગ્ય થઇ પડે એવું શિક્ષણ અને અનુભવ મળ્યાં હતાં. ઇ૦ સ૦ ૧૬૫૩ ના અરસામાં પિંગળે મહારાષ્ટ્રમાં પાછો આવી શિવાજી મહારાજ પાસે નોકરીએ રહ્યો હતો. તેને જે કાર્ય સોંપવામાં આવતું, તે અંતઃકરણપૂર્વક, પ્રમાણિકપણે અને બુદ્ધિપૂર્વક કરતો; તેથી મહારાજનો

તેના પર પૂર્ણ વિશ્વાસ બેઠો હતો. તેને હાથે કિલ્લો બાંધવાનું કાર્ય ઉત્તમ પ્રકારે થશે, એવું જણાયાથી મહારાજે તેને તે કાર્ય સોંપ્યું હતું. પિંગળેએ પણ તે કાર્ય ઉત્તમ પ્રકારે પરિપૂર્ણ કર્યું. કિલ્લાનું કાર્ય ઉત્તમ થવાથી મહારાજની તેના પર વિશેષ કૃપા થઇ. કિલ્લાનું નામ પ્રતાપગઢ રાખ્યું. એ સમયે મહારાજે મહાબળેશ્વરના દેવાલયનો જીર્ણોદ્ધાર કરી કૃષ્ણા નદીની પૂર્વ દિશામાં એક દેવાલય બંધાવી આસપાસ દીવાલ ચણાવી લીધી.

એ પછી ઔરંગઝેબે વિજાપુરસરકાર પર ચડાઈ કરી તેનો પરાભવ કર્યો અને તેમની સાથે તહનામું કરી પુનઃ દિલ્હી ગયા. દક્ષિણમાં મોગલોની ચડાઇ વખતે પોતાના તાબાના પ્રદેશમાં ઉપદ્રવ થાય નહિ, તે માટે મહારાજે કેવી યુક્તિ રચી હતી, તે પાછલા પ્રકરણમાં લખ્યું છે. ઔરંગઝેબ જેવા પ્રપંચી અને સ્વાર્થી બાદશાહને મહારાજે મિથ્યા લાલચ બતાવી ફસાવ્યો હતો અને તેને નમ્રતા બતાવી, વિજાપુરસરકારની સત્તામાં ઇચ્છાનુસાર તોફાન મચાવવાનો લાગ તેનીજ પાસેથી મેળવ્યો હતો. તે ઉત્તર દિશામાં ગયો, ત્યારે મહારાજે કોંકણપ્રાંત કબજે કરવાનો ક્રમ પુનઃ શરૂ કર્યો. સમુદ્રતટનાં રત્નાગિરિ, વિજયદુર્ગ, સુવર્ણદુર્ગ, સાળશી, ખારાપાટણ વગેરે થાણાં મહારાજે પોતાના તાબામાં લીધાં.

એ સમયે મહારાજ પાસે સાતસો પઠાણ નોકરી મેળવવા આવ્યા. મોગલો સાથેનું યુદ્ધ પૂર્ણ થયા પછી વિજાપુર સરકારે તે પઠાણોને પોતાની નોકરીમાંથી રજા આપી હતી. તેઓ ભટકતા ભટકતા મહારાજ પાસે પૂને આવી લશ્કરમાં નોકરી માગવા લાગ્યા. તેમણે કહ્યું: “આપની કીર્તિ સાંભળીને તેમજ આપને શાહજીરાજા ભોંસલેના પ્રતાપશાળી પુત્ર જાણી અમે આપની પાસે આશ્રય મળવાની આશાએ આવ્યા છીએ, અમને નિરાશ કરશો નહિ.” પઠાણો ગળે પડ્યા છતાં મહારાજે વિચાર કર્યો કે, યવનોને નોકરીએ રાખવા કે કેમ? પાસેનાં કેટલાંક મનુષ્યોએ એવો અભિપ્રાય દર્શાવ્યો કે, “એ પ્રપંચી યવનો છે, દિલ્હીના કિંવા વિજાપુરના બાદશાહે પ્રપંચ કરીને તેમને મોકલ્યા હશે. એ લોકો પ્રથમ વિશ્વાસ ઉત્પન્ન કરી, લાગ જોઇ આપણો વિશ્વાસઘાત કરશે. શું એમને બીજે કોઈજ ઠેકાણે નોકરી ન મળી? એમના ગુણસ્વભાવનો આપણને પ્રત્યક્ષ અનુભવ નથી, તેથી એમને નોકરીએ રાખવા ઉચિત નથી.” મહારાજ પાસે ગોમાજી નાયક પાનસંબળ નામક એક હવાલદાર નોકરી કરતો હતો. જીજાબાઇનાં લગ્ન થયાં તે સમયે તેમની સેવા માટે જાધવરાવ તરફથી એ હવાલદાર મોકલવામાં આવ્યો હતો. જીજાબાઇ ઉપર જે અનેક સુખદુઃખના પ્રસંગો આવી પડ્યા, તે સમયે ગોમાજીએ જીજાબાઇની પાસે રહી, અત્યંત પ્રમાણિકપણે તથા બુદ્ધિચાતુર્યથી તેમની અને

પોતાના બાળસ્વામીની સેવા બજાવી હતી. શિવાજી મહારાજે સ્વરાજ્યસ્થાપનાનો પાયો નાખી, તેની સિદ્ધિને માટે ઉદ્યોગ શરૂ કર્યો તે સમયે ગોમાજીને વિશ્વાસુ જાણી તેમણે તેની પદવી વધારી હવાલદાર બનાવ્યો હતો. ગોમાજી હવાલદારે મહારાજને સલાહ આપી કે, "આપ માલિક છો. આપની કીર્તિ સાંભળી પઠાણો આવ્યા છે, તેમને નિરાશ કરી પાછા કાઢવા ઉચિત નથી. આપને સ્વરાજ્યસિદ્ધિનું મહત્ કાર્ય પૂર્ણ કરવું છે. આપના તાબામાં સર્વ પ્રકારના શૂરવીર પુરુષો નહિ હોય તો તે ઉદ્દેશ શી રીતે સિદ્ધ થશે? માત્ર હિંદુઓનેજ નોકરીમાં રાખવાનો નિશ્ચય કેમ ટકશે? જેને રાજ્ય કરવું છે, તેણે સર્વ જાતનાં મનુષ્યો ઉપર એકસરખી દૃષ્ટિ રાખવી જોઇએ. સર્વ મનુષ્યોને પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવા દેવાં જોઈએ. કોઇ પણ જાતિમાંથી ગુણવાન અને યોગ્ય મનુષ્યો મળી આવે, તો રાજાએ અવશ્ય તેમનો સંગ્રહ કરવો જોઇએ. એ બાબત પર પૂર્ણ વિચાર કરી મહારાજને ઉચિત લાગે તેમ વર્તવું." ગોમાજી નાયકની સલાહ મહારાજને યોગ્ય જણાયાથી તેમણે પઠાણોને પોતાની સમક્ષ બોલાવ્યા. તેમના તરફ સૂક્ષ્મદૃષ્ટિએ અવલોકન કરી, કેટલાક બારીક પ્રશ્નો પૂછી તેમના મનોભાવની પરીક્ષા કરી. તેમને નોકરીમાં રાખ્યાથી વિશ્વાસઘાત થશે નહિ, એવી સંપૂર્ણ ખાતરી થતાં નોકરીએ રાખ્યા. રાઘો બલ્લાળ અત્રે નામક પુરુષને પઠાણોની ટુકડીનો સરદાર નીમ્યો. એ સમયથી મહારાજ મુસલમાનોને પોતાની નોકરીમાં રાખવા લાગ્યા. મુસલમાન નોકરોમાંના કેટલાક બુદ્ધિમાન અને શૂરવીર મનુષ્યોએ મહારાજના લશ્કરમાં સારી યોગ્યતા મેળવી ઊંચા હોદ્દા પર ચઢવાનાં અને પ્રમાણિકપણે વર્તવાનાં ઉદાહરણો ઇતિહાસમાંથી મળી આવે છે.

શિવાજી મહારાજ સર્વ કોંકણ પ્રદેશ હસ્તગત કરવાનો નિશ્ચય કરી તેજ ઉદ્યોગે વળગ્યા. તે સમયે તેમને જંજીરાના સીદી તરફથી ઘણો ત્રાસ સહન કરવો પડતો હતો. સીદી પોતાનાં વહાણોની સહાયતા વડે મહારાજે તાબે કરેલા કિનારા પરના પ્રાંતોમાં વારંવાર ઉપદ્રવ કરવા લાગ્યો. એવા પ્રબળ રિપુનો પરાજય કર્યા સિવાય પોતાનો ઉદ્દેશ સિદ્ધ થશે નહિ, એમ વિચારી મહારાજે શામરાજ પંત પેશ્વાને પુષ્કળ મનુષ્યો આપી સીદી પર ચડાઈ કરવા મોકલ્યો. તે સમયે ફત્તેહખાન નામક સીદી જંજીરામાં રાજ્ય કરતો હતો. તેને ખાતરી હતી કે, "મારા પર શિવાજી મહારાજની અકૃપા હોવાથી તેઓ મારા પર સત્વર ચડાઇ મોકલશે." ફત્તેહખાને યુદ્ધની સર્વ તૈયારી કરી. શામરાજ પંત અને સીદીરાજા વચ્ચે દંડરાજપુરી પાસે અનેક વેળા યુદ્ધ થયાં. તેમાં પેશ્વાનો પરાજય થયો. તેની યુદ્ધસામગ્રી પાસે મહારાજના લશ્કરનું કાંઇ ચાલ્યું નહિ; ઊલટું તેમને વારંવાર પાછું

હઠવું પડયું. તેમનાં પુષ્કળ મનુષ્યોનો નાશ થયો. પોતાના સૈન્યને અપયશ મળ્યાથી મહારાજના મનમાં અતિ શોક ઉત્પન્ન થયો, અને શામરાજ પંત ઉપર મહારાજની અવકૃપા થઇ. પેશ્વાને રણક્ષેત્રમાંથી પાછો બોલાવી, તેનો પેશ્વાઇનો હોદ્દો છીનવી લીધો અને તે ચડાઇમાં રઘુનાથ પંતને મોકલ્યો. રણભંગ કરી પાછા ફરેલા લશ્કરની મદદે મહારાજે વિશેષ લશ્કર મોકલ્યું. શામરાજ પંત પાસેથી પેશ્વાઇનો અધિકાર છીનવી લઇ તે હોદ્દો મોરે ત્રિમળ પિંગળેને આપ્યો. પિંગળેએ એ અધિકાર જીવનપર્યંત દીપાવ્યો હતો. એ સમયે નીળો સોનદેવે ઉત્કૃષ્ટ કર્તવ્યદક્ષતા બતાવ્યાથી મહારાજે બાળકૃષ્ણ પંત પાસેથી મજુમદારી છીનવી લઈ તેને આપી. ગંગો મંગાજીને વાકનિશીનો* અને યેસાજી કંકને પાયદળી લશ્કરનો સરનૌબતનો હોદ્દો આપ્યો.

સીદી સાથે યુદ્ધ ચાલતું હતું, તે સમયે વાડીના સાવંત દેશમુખના જાણવામાં આવ્યું કે, "શિવાજી મહારાજે કોંકણપટ્ટી કબજે કરવાનો સંકલ્પ કરી વિશાળ સૈન્ય મોકલ્યું છે." એવા પ્રબળ સૈન્ય સાથે યુદ્ધ કરવાની તેમનામાં શક્તિ નહોતી. દેશમુખ વિજાપુર સરકારના તાબે હોવાથી અને તેમને તે સરકારનો આશ્રય હોવાથી, તેઓ મહારાજની સત્તાને માન આપતા નહોતા; પરંતુ તેમણે વિચાર્યું કે, "મહારાજે જાવળીના મોરેને પાયમાલ કર્યો, આસપાસના સર્વ તોફાની આગેવાનોને જેર કર્યા, સઘળા મોટા કિલ્લા–કોટ તાબામાં લીધા અને એટલી બધી ઊથલપાથલ કરવા છતાં, વિજાપુરસરકારે મહારાજનો પરાજય કર્યો નહિ. વળી મોગલો સાથે હમણાંજ જે યુદ્ધ થયું, તેમાં વિજાપુર સરકારનાં હાડકાંપાંસળાં સારી પેઠે ખોખરાં થયાં છે, તે દરબારમાં બે પક્ષ પડ્યાથી કોઇ કોઇની દાદફરિયાદ સાંભળતું નથી, એવી સ્થિતિ થઇ છે. એવે સમયે તે સરકાર પાસેથી આપણને સહાયતા મળે અને શિવાજી મહારાજ જેવા વીર પુરુષ સાથે ટક્કર ઝીલવાનું સામર્થ્ય આવે, એ આશા નથી. મહારાજ સાથે મૈત્રી બાંધવાથીજ રક્ષણ મળશે," એવું સમજાયાથી સાવંતોએ મહારાજ પાસે પોતાનો વકીલ મોકલી તહનામું કરવાની પ્રાર્થના કરી. મહારાજે તે માગણી સ્વીકારી. એ તહનામામાં લખવામાં આવ્યું કે, "સાવંતોએ પોતાની જાગીરની આવકનો અર્ધો ભાગ શિવાજી મહારાજને આપવો. મહારાજે વખતોવખત પોતાના અમલદારો મોકલી એ વસૂલાત મેળવી લેવી. બાકીની અડધી આવક અને દેશમુખીનો સર્વ હક સાવંતોએ હમેશને માટે ભોગવવો. સાવંતોએ વિજાપુર સરકારને હવે પછી કંઇ પણ કર આપવો નહિ. પોતાના પ્રાંતના કિલ્લાઓ પર પોતાને ખર્ચે મનુષ્યો રાખી યોગ્ય બંદોબસ્ત

---

* વાકનિશી એટલે મોટા અમલદારોના ખાતા ઉપરનું ઉપરીપણું.

રાખવો અને અગત્ય હોય તે સમયે ત્રણહજાર પાયદળ લશ્કર સાથે શિવાજી મહારાજને સહાયતા કરવી.”

સાવંતોએ નિરુપાયે મહારાજ સાથે તહનામું કર્યું; પરંતુ તેમ કર્યા પછી સ્વાભિમાની દેશમુખીઓને તરતજ પસ્તાવો થયો; તહનામામાં નક્કી થયેલી શરતો પ્રમાણે વર્તવાની તેમની ઇચ્છા નહોતી. શિવાજી મહારાજની સત્તામાંથી મુક્ત થઇ, તેઓ તરતજ વિજાપુર સરકારની સત્તામાં ગયા. તેમણે એ અપકૃત્ય કર્યું તે માટે શિવાજી મહારાજે કેવી રીતે તેમની ખો ભુલાવી, તે યથાસ્થાને વર્ણવાશે.

સીદી પર મોકલેલા સૈન્યે દીર્ઘકાળપર્યંત યુદ્ધ કર્યું; પરંતુ તે કેમે કર્યો મહારાજને તાબે થતો નહોતો. એટલામાં ચોમાસાની ઋતુ આવવાથી ઉભય પક્ષને યુદ્ધ બંધ રાખવાની જરૂર પડી. સીદીની ખો ભુલાવવાનો નિશ્ચય કરી, શિવાજી મહારાજે તેના પર ચડાઇ મોકલવા માટે એક વિશાળ સૈન્ય તૈયાર કર્યું. તેના પર મોરોપંત પેશ્વા અને નેતાજી પાલકર નામક બે સરદારો નીમ્યા. તે વર્ષે ચોમાસું હમેશ કરતાં વિશેષ જોરમાં હોવાથી, નવા પ્રકારની ચડાઇ લઈ જતાં તેમને વિલંબ થયો; એટલામાં શિવાજી મહારાજ પર વિજાપુર સરકારનો એક મોટો સરદાર હુમલો લાવ્યો. મહારાજનું સઘળું લક્ષ્ય તે ચડાઇમાં ગૂંથાયલું હોવાથી તેમને, સીદી પરની ચડાઇ લંબાવવી પડી. મહારાજ પર એ નવું સંકટ કયું આવ્યું અને તેમાંથી તેમણે શી રીતે વિજય મેળવ્યો, તે સંબંધી હકીકત હવે પછીના પ્રકરણમાં લખવામાં આવશે.



प्रकरण ११ मुं–अफझुलखाननो वध

શિવાજી મહારાજે વિજાપુર–સરકારના ઘણા પ્રાંત અને પુષ્કળ કિલ્લા તાબામાં લીધા હતા, એ સર્વ હકીકત પાછલા પ્રકરણમાં લખવામાં આવી છે. તેમણે ચંદ્રરાવ મોરે જેવા બળવાન સરદારનો પરાજય કરી, તેને પાયમાલ કર્યો. વાડીના સાવંતોને પોતાના તાબેદાર બનાવવાની યુક્તિ રચી, કલ્યાણના સૂબાને હમેશને માટે કબજે કર્યો અને સીદીને હંફાવી સર્વ કોંકણતટ પોતાને હસ્તગત કરવાનો ઘાટ ઘડ્યો હતો. કહેવામાં આવે છે કે, એ સમયે શિવાજી મહારાજે વિજાપુર–સરકારના ચાળીસ કિલ્લા કબજે કર્યા હતા.* એ સર્વ સમાચાર વખતોવખત વિજાપુરસરકાર પાસે પહોંચતા હતા. શિવાજી મહારાજને શાંત પાડવાનો એક ઉપાય તો વિજાપુરસરકાર કરી ચૂકી હતી. તેમણે શાહજીરાજાને પકડી મંગાવી, ભીંતમાં ચણી લઈ દેહાંત શિક્ષા કરવાનો ભય બતાવ્યો હતો; પરંતુ એ ઉપાયનું જુદુંજ પરિણામ આવ્યું. મહારાજે મોગલો સાથે મૈત્રી બાંધવાથી ઊલટું તે સરકારને ઠંડાગાર થવું પડયું. શાહજીરાજાને બંધનમુક્ત કર્યા પછી વિજાપુર સરકારે મહારાજને પકડવા બાજી શામરાવને મોકલ્યો; પરંતુ તે પરાજય પામી પાછો આવ્યો. પછી મોગલો સાથે તેમને યુદ્ધ કરવું પડયું તેથી મહારાજને શિક્ષા કરવાનું કાર્ય, કેટલાક સમય સુધી મુલતવી રાખવું પડયું. વિજાપુર સરકારે મોગલો સાથે તહનામું કર્યા પછી ઔરંગઝેબ પોતાના પિતાનો રાજ્યાધિકાર છીનવી લેવાની ખટપટમાં ગૂંથાયો, તેથી તેના તરફથી ચડાઇ આવવાનો ભય રહ્યો નહિ; એટલે હવે તેમને શિવાજી મહારાજને શિક્ષા કરવાનો વિચાર સૂઝયો. તેમને જણાયું કે, "એવા બળવાખોરોને જેમ બને તેમ સત્વર શિક્ષા કરવી જોઇએ. તેના વર્તન તરફ દુર્લક્ષ કરવાથી ભવિષ્યમાં ગંભીર નુકસાન થશે."

એ સમયે અલી આદિલશાહ વિજાપુરની રાજગાદી પર હતો. તેનું વય વીસએકવીસ વર્ષનું હોવાથી રાજ્યનો સઘળો કારભાર તેની માતા ખવાસખાન નામના એક હોશિયાર મુત્સદ્દીની મદદથી ચલાવતી હતી. તે 'બડી બેગમ'ના નામથી ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે.

---

* જુઓ મોડકકૃત વિજાપુરનો ઇતિહાસ.

બડી બેગમે પોતાના સર્વ સરદાર અને અમીરોને બોલાવી આજ્ઞા કરી કે, “ લૂંટારો શિવાજી આપણી બાદશાહીમાં ઘણી લૂંટફાટ કરે છે, તેના પર ચડાઇ લઇ જઇ તેને જીવતો પકડી લાવવાનું કાર્ય કરવા કોણ તૈયાર છે ? ” તેણે સર્વને પૂછ્યું, પણ એ કાર્ય કરવા કોઈ આગળ ધસ્યું નહિ ! સર્વને શિવાજી મહારાજના પરાક્રમની ખબર હોવાથી તેમનો અતિશય ભય લાગતો હતો. તેમની સાથે યુદ્ધ કરવાને કોઈ કબૂલ થતું નહોતું. સભામાં અફઝુલખાન નામક* એક સરદાર હતો. તે ક્રોધે ભરાઇ ઊભો થયો અને કુરનિસ કરી બોલ્યો કે, “ એ બળવાખોર પર સવારી લઇ જવાની મને આજ્ઞા થાય તો ચડયેઘોડે જઈ તેને પકડી લાવી, આ સિંહાસનના પાયા સાથે બાંધી આપીશ. હું તેની પરવા કરતો નથી. મારી બીકથી શિવાજી બિલાડી જેવો થઇ જશે. ”

અફઝુલખાનનું વીરત્વભરેલું ભાષણ સાંભળી બડી બેગમ ખુશી થઇ અને તેને નજરાણાં આપી શિવાજી મહારાજ પર ચડાઈ લઇ જવાની આજ્ઞા આપી. તેની સાથે બારહજાર ઘોડેસવાર અને પુષ્કળ પાયદળ લશ્કર મોકલ્યું હતું.× તે ઉપરાંત મજબૂત તોપખાનું, પુષ્કળ અગ્નિબાણ, ઊંટો પર લાદેલી જેજાલ (લાંબી નળીની ફેરવી શકાય એવી નાની તોપો) વગેરે ઘણો યુદ્ધોપયોગી સામાન મોકલ્યો હતો. કહેવામાં આવે છે કે, ત્રણ વર્ષ સુધી યુદ્ધ કરવામાં આવે તોપણ એ સામાન ખૂટે એમ નહોતું. એ ઉપરાંત, અફઝુલખાને બે-ત્રણહજાર માવળીઓને લશ્કરમાં નોકરીએ રાખ્યા હતા; કારણકે તેને માવળી પ્રાંતમાં સવારી કરવાની હતી અને જેની સામું યુદ્ધ કરવાનું હતું, તેની પાસે માવળી લોકોનું વિશાળ લશ્કર હતું; પરંતુ બિચારા અફઝુલખાનને ખબર નહોતી કે, શિવાજી મહારાજે નોકરીમાં રાખેલા માવળીઓનું પ્રમાણિકપણું, સ્વામીભક્તિ અને શૂરાતન એ ગુણ તેના વેઠે પકડી લાવેલા નવીન માવળીઓમાં કદી પણ આવી શકે તેમ નહોતું !

અફઝુલખાન સૈન્ય સહિત કૃષ્ણા નદીને સામે પાર ગયો અને પડાવ નાખતો નાખતો બાલાઘાટ ચડી તુલજાપુરમાં ભવાનીના દેવળ

---

* એ જાતે ભઠિયારો હતો. તેણે સ્વપરાક્રમ વડે સરદારની પદવી મેળવી હતી, તેનું મૂળ નામ અબ્દુલખાન હતું. કેટલીક બખરોમાં અને પોવાડામાં એજ નામનો ઉલ્લેખ છે.

× ગ્રાંટ ડફ લખે છે કે, તેની સાથે પાંચહજાર ઘોડેસવાર અને સાતહજાર પાયદળ લશ્કર હતું. ચિટનીસના અભિપ્રાય પ્રમાણે ત્રીસ હજારનું લશ્કર હતું. ચિત્રગુપ્ત લખે છે કે, કુલ્લે સત્તરહજારનું લશ્કર હતું. પોવાડામાં બાર હજાર ઘોડેસવાર લખ્યા છે.

આગળ મુકામ કર્યો. એ મરાઠા કુળદેવીનું દેવળ જાણી ખાને તે દેવસ્થાન પાયમાલ કર્યું. દેવીની ગંડકી મૂર્તિ હતી તેને ભોપેએ જળમાં સંતાડી દીધી. દેવીની મોટી મૂર્તિ હતી તેના કટકા કરી ઘંટીમાં ભરડી લોટ કર્યો.* ત્યાંથી પોતાનો મુકામ ઉઠાવી પંઢરપુર તરફ કૂચ કરી. રસ્તામાં માણકેશ્વરનું દેવાલય તોડી નાખ્યું; તે આવી રીતે આડે માર્ગે ગયો તેનું કારણ એવું કહેવાય છે કે, તે સમયે વરસાદ પુષ્કળ વરસતો હોવાથી ડુંગરાળ પ્રદેશમાંથી સૈન્ય લઇ જવાતું કામ અતિ કઠિન હતું. ભીમાને કિનારે મુકામ કરી પંઢરપુરના દેવસ્થાનનો નાશ કરવાની તેની ઇચ્છા હતી, એ સંકટવાર્તા સાંભળતાંજ બડવેએ પાંડુરંગની મૂર્તિ સંતાડી દીધી અને ગામની સઘળી રૈયત ઘરબાર ત્યાગ કરી જંગલમાં નાસી ગઇ.× તે ગામની અને આસપાસનાં બીજાં ગામોની પાયમાલી કરી ખાન પૂના તરફ વળ્યો. રસ્તામાં મહારાજના જે જે કિલ્લા અને પ્રાંત દીઠા તે સઘળા તેણે કબજે કર્યા.

શિવાજી મહારાજને ગુપ્તચરોએ આવી અફ્ઝુલખાનની સવારીની સર્વ વાર્તા કહી સંભળાવી. મહારાજ તે સમયે રાજગઢમાં રહેતા હતા. ખાનની સવારી તેમને જીવતા પકડવા આવતી હોવાથી તેની સાથે યુદ્ધ કરવાની વ્યવસ્થા કરવા સંબંધી મહારાજે પોતાના સરદારોની સલાહ લીધી. સર્વેએ એવો અભિપ્રાય આપ્યો કે, તેની સાથે યુદ્ધ કરવા માટે ખાડીકોતરોવાળું એક ઉત્તમ સ્થાન શોધી કાઢવું. સ્થળ શોધતાં નક્કી થયું કે, જાવળી જઇ પ્રતાપગઢ ઉપર તૈયાર થઈ રહેવું; પરંતુ કેટલાંક મનુષ્યોએ કહ્યું કે, “ તેની પાસે પ્રચંડ લશ્કર છે, તેથી યુદ્ધ કરવામાં આપણે ટકીશું નહિ. તેની સાથે મૈત્રી બાંધવી એજ હિતકર છે.” એ સાંભળી મહારાજે કહ્યું કે, “ યવનો બેઈમાન છે. તેમની સાથે મૈત્રી કરવી એ અનુચિત કાર્ય છે. તેઓ ક્યારે વિશ્વાસઘાત કરશે, એ નક્કી નહિ. તેઓ દુર્બુદ્ધિ અને કપટી લોક છે. વિશ્વાસ બતાવી આપણો નાશ કરવા ચૂકશે નહિ. સાચી મિત્રતા કરવી એ તેઓ તેમના સ્વપ્નામાં પણ સમજ્યા નથી. તેમની સાથે સમર કરી ખરી બહાદુરી બતાવી તેમનો પરાજય કરવાનો મને ઉત્સાહ છે. યવનો સાથે સલાહ કરવી નહિ એવોજ મારો સંકલ્પ છે. તેઓ પાસે પ્રચંડ સૈન્ય છે, તેથી કોઇ પણ યુક્તિપ્રપંચ વડે આપણે તેમનો સંહાર કરવોજ જોઇએ.”

---

* પોવાડામાં લખ્યું છે કે, તુલજાદેવીના કટકા કરી તે દેવળ પર મસ્જિદ બાંધી. મસ્જિદ બાંધ્યા પછી ગાય ઝબેહ કરી.

× પોવાડામાં લખ્યું છે કે, તે ધસારાબંધ પંઢરપુર આવ્યો, વિઠુબાને ખંડિત કર્યા અને પુંડલીકને પાણીમાં નાખ્યા.

એ સંકટ શી રીતે ટાળવું, તેના વિચારમાં ચિંતાતુર થઈ મહારાજ નિદ્રાવશ થયા. સ્વપ્નામાં તુલજાપુરની ભવાની માતાનાં દર્શન થયાં. માતાજીએ કહ્યું: “ ચિંતા કર નહિ. તારે હાથે અફઝુલખાનનો વધ કરાવી તને યશ અપાવીશ.” સ્વપ્ન થયા પછી મહારાજ જાગૃત થયા. મુખપ્રક્ષાલન કરી તેમણે માતુશ્રી જીજાબાઈને જાગૃત કર્યાં અને તેમને સ્વપ્નની હકીકત કહી. પ્રાતઃકાળમાં પોતાના કારકુન અને સરદારોને બોલાવી તેમને સ્વપ્નનું વૃત્તાંત કહી સંભળાવ્યું અને કહ્યું કે, “ સાક્ષાત્ જગદંબા મને પ્રસન્ન થયાં છે. હવે અફઝુલખાનની શી ગણતરી ? જગદંબાએ મને તેની સાથે યુદ્ધ કરી તેને ભોંયભેગો કરવાની હિંમત આપી છે.” એ સાંભળી શ્રોતાજનોએ કહ્યું કે, “ એ સાહસકર્મની સિદ્ધિ થશે તો ઘણુંજ સારૂં થશે. આ પ્રસંગ ઘણો કઠિન છે.” તેમના કરુણ ઉદ્‌ગારો સાંભળી મહારાજે સ્પષ્ટ કહ્યું કે, “ ખાન સાથે મૈત્રી કરવાથી પ્રાણનાશ થશેજ, તેના કરતાં યુદ્ધ કરવું એજ ઉત્તમ છે. જય પ્રાપ્ત થશે તોપણ ઠીક છે અને પ્રાણ જશે તોપણ ઠીક છે. ત્રિભુવનમાં કીર્તિ થશે. સમરાંગણમાં પરાક્રમ બતાવી મરવું, એજ મને શ્રેયસ્કર જણાય છે. શત્રુને શરણે જઈ તેને હાથે આપણો પ્રાણનાશ થાય, એ મને અત્યંત અનુચિત જણાય છે. મેં ખાન સાથે યુદ્ધ કરવાનોજ નિશ્ચય કર્યો છે. તેની સાથે યુદ્ધ કરતાં યશ મળશે તો સારૂંજ થશે; પરંતુ જો હું મરણ પામું તો મારી પાછળ મેં જે સંપત્તિ મેળવી છે, તેનું રક્ષણ કરી જે સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું છે તેની સુવ્યવસ્થા રાખજો. મારાં માતુશ્રીની આજ્ઞા પ્રમાણે વર્તી પાછળ મારૂં નામ રાખજો.”

મહારાજે પોતાનો નિશ્ચય કહી સંભળાવ્યા પછી તરતજ પ્રતાપગઢ જવાની તૈયારી કરવાની આજ્ઞા કરી. તેમણે જે નિશ્ચય કર્યો હતો તે માતુશ્રીને વિદિત કરવા મહાલયમાં ગયા. મહારાજે જીજાબાઈના ચરણમાં માથું નમાવી પોતાનો નિશ્ચય કહી સંભળાવ્યો. એ સમયે માતાપુત્રનાં અંતઃકરણ ભરાઈ આવ્યાં. સંકટ કેવું વિકટ છે અને તેમાં વિજય મેળવવાનો સંભવ કેટલો અલ્પ છે, તે પણ તેઓ જાણતાં હતાં. તેમ છતાં સંકટમાંથી મુક્ત થવાનો બીજો માર્ગજ નથી, એમ જાણી સર્વ માયાજાળ વેગળી કરી; માતા જીજાબાઈએ પુત્રને યુદ્ધમાં જવાની રજા આપી. માતાએ પુત્રને માથે હાથ મૂકી આશીર્વાદ આપતાં કહ્યું કે, “ પુત્ર ! તને યુદ્ધમાં યશ પ્રાપ્ત થશે. શત્રુ સાથે અતિ શૌર્યપૂર્વક અને બહાદુરીપૂર્વક યુદ્ધ કરી મને વીરમાતા કહેવડાવજે.” સ્વમાતાની આશીર્વાદાત્મક આજ્ઞા લઈ શિવાજી મહારાજ પોતાના સૈન્ય સહિત પ્રતાપગઢ ગયા.

અફઝુલખાને આ સમાચાર સાંભળ્યા ત્યારે પુના તરફનો રસ્તો

છોડી લશ્કર સહિત વાઈ આગળ પડાવ નાખ્યો અને ઘણો સાવચેત રહેવા લાગ્યો. શિવાજી મહારાજ ડુંગરાળ અને વિકટ સ્થાનમાં રહ્યા છે, એ જાણીને ખાનને ઘણી દિલગીરી થઈ. એ પ્રાંત કેટલા ખાડાકોતરોવાળો છે, તે ખાન સારી પેઠે જાણતો હતો. એવા વિકટ સ્થાનમાં શિવાજી મહારાજ સાથે યુદ્ધ કરવાથી ઘણી મુસીબત નડશે, એવું તેના જાણવામાં આવતાં ખાન ઊંડા વિચારમાં પડ્યો. તેણે મનમાંજ નિશ્ચય કર્યો કે, કોઇ પણ યુક્તિ વડે શિવાજીને એ સ્થળમાંથી બહાર કાઢી તેને સ્નેહભાવ બતાવી વિશ્વાસ ઉત્પન્ન થાય તેવું વર્તન ચલાવી, આ સ્થળે બોલાવવો અને તેને જીવતો પકડી આપણો સ્વાર્થ સાધી લેવો.

અફઝુલખાને વાઈ આગળ પડાવ નાખ્યો તે સમયે તેના લશ્કરમાં કેવી હિલચાલ થાય છે, તેની સાથે લશ્કર વગેરે કેટલી સામગ્રી છે, તેની છૂપી તપાસ કરવાનું કામ મહારાજે વિશ્વાસરાવ નાના પ્રભુને સોંપ્યું. વિશ્વાસરાવ ફકીરનો વેશ લઈ દરરોજ રાતે ખાનની છાવણીમાં જતો અને ગુપ્ત રીતે તપાસ કરી સર્વ સમાચાર મહારાજને જણાવતો હતો. તે ઉપરથી મહારાજના જાણવામાં આવ્યું કે, "ખાન પાસે મોટું લશ્કર અને પુષ્કળ યુદ્ધસામગ્રી છે. તેણે મજબૂત તૈયારી રાખી છે. તેની સાથે સમરાંગણમાં યુદ્ધ કરતાં આપણા પુષ્કળ સિપાઇઓનો નાશ થશે, તેમ છતાં આપણને યશ મળશે કે કેમ, એ શંકાસ્પદ છે; તેથી યુક્તિપૂર્વક તેનો નાશ કરી આપણી કીર્તિ અચળ રાખવી." તાબાના નોકરોએ પણ મહારાજના એ વિચારને સંમતિ આપી. તેમણે અફઝુલખાનને નમ્રતાપૂર્વક કહાવ્યું કે, "આપના જેવા બળવાન અને શૂરવીર સરદાર સાથે યુદ્ધ કરવાની મને કદી પણ ઇચ્છા થાયજ નહિ. બનતે પ્રયત્ને વિજાપુર સરકાર સાથે સલાહ કરવી, એજ મારી ઉત્કટ ઇચ્છા છે. મેં આદિલશાહ સાથે ઉદ્ધતાઈભરેલું વર્તન ચલાવ્યું છે. હું તેમનો અપરાધી છું. બાદશાહ મને ક્ષમા આપશે કે નહિ, તેની મને શંકા થાય છે. આપ મધ્યસ્થ થઇ મારા ઉપર બાદશાહ હજૂરની કૃપા થાય અને કરેલા અપરાધની મને ક્ષમા મળે, એમ કરશો તો હું મારૂં અહોભાગ્ય સમજીશ. મેં આજપર્યંત જે કાંઇ કર્યું છે તે માટે મને અત્યંત શોક થાય છે. આપના આશ્રયથી અને ભલામણથી મારા અપરાધની બાદશાહ તરફથી ક્ષમા મળશે કે કેમ ? તે જાણી શકાતું નથી. હું મારા તાબાના સર્વ મુલક આપને સોંપી દેવા તૈયાર છું. માત્ર બાદશાહ હજૂરની મારા પર કૃપાદૃષ્ટિ થાય એવી આપ નામદારે મારી ખાતરી કરવી."

મહારાજ તરફથી કાલાવાલા અને ભયભીત સંદેશો મળતાંજ તેને ગર્વિષ્ઠ અને દંભી અફઝુલખાને સત્ય માની લીધો. તેમાં સમા-

યલું કપટ ખાનની કલ્પનામાં આવ્યું નહિ. "શિવાજી મહારાજે આપણી બધી માગણી કબૂલ કરી છે, તેથી તેને આપણા કબજામાં લાવતાં હવે વિલંબ લાગશે નહિ," એવો તેને વિશ્વાસ ઉત્પન્ન થવાથી તેમને સંપૂર્ણ વિશ્વાસ દર્શાવી, વિકટ સ્થાનમાંથી બહાર કાઢવાનો પ્રથમ વિચાર કાયમ રાખ્યો અને કૃષ્ણાજી ભાસ્કર* નામક બુદ્ધિમાન બ્રાહ્મણને વકીલ તરીકે મહારાજ પાસે મોકલ્યો. ખાને વકીલને એકાંતમાં લઈ જઈ પોતાના મનના સર્વ વિચારો જણાવતાં ઉપદેશ કર્યો કે, "તમે શિવાજી મહારાજ પાસે જઇ, તેમને અતિશય સ્નેહભાવ બતાવી શિખામણ આપજો કે, તમારા પિતા શાહજીરાજા અને અમે કાંઇ જુદા નથી. તેમની સાથે અમારે ઘરોબો છે; તેમજ બંધુત્વનો નાતો છે. તમે અમારે મન કોઇ પારકા મનુષ્ય નથી. અમારા સંબંધી તમે તમારા મનમાં યત્કિંચિત્ પણ શંકા રાખશો નહિ. તમારા પિતા શાહજીરાજાએ મહાન પરાક્રમ વડે દેશો જીતેલા હોવાથી તેમના પર બાદશાહની સંપૂર્ણ કૃપા છે. તમારૂં સર્વથા કલ્યાણ કરી હું તમને તળ કોંકણનું સંપૂર્ણ રાજ્ય અપાવીશ. તમે તાબે કરેલા કિલ્લા તમારી પાસે રહે, એવી ગોઠવણ કરીશ. તમારી બહાદુરી માટે બાદશાહ પાસે સ્તુતિ કરીને તમને તમારી ઇચ્છા પ્રમાણેની સામગ્રી અપાવીશ તથા તમારી અને બાદશાહની મુલાકાત કરાવી, તેઓ તમારૂં અતિશય સન્માન કરે, એવી વ્યવસ્થા કરીશ." ખાને વકીલ સાથે મહારાજને સંદેશો કહાવતાં તેના કાનમાં મંત્ર ફૂંક્યો કે, "તેમને સંતોષ અને ઉત્સાહ થાય, એવી ખૂબીથી વાતચીત કરવી, અને વગર ઢીલે મારી મુલાકાતે આવે એવી યુક્તિ કરવી. તેમ છતાં શિવાજી મારી મુલાકાતે નહિ આવે, તો હું તેમને મળવા આવીશ એમ પણ કહેજો."

ખાનનો વકીલ મુલાકાતે આવે છે, એ જાણતાંજ મહારાજ

---

* કેટલીક બખરોમાં લખ્યું છે કે, અફઝુલખાનેજ પ્રથમ મહારાજ પાસે વકીલ મોકલ્યો હતો. મહારાજે પ્રથમ સંદેશો કહાવ્યો નહોતો. પ્રો. સરકારનો પણ એવોજ મત છે. ખાને મોકલેલા વકીલનું નામ ગ્રાન્ટ ડફ, પંતાજી ગોપીનાથ લખે છે. ચિત્રગુપ્ત, દત્તાજી ગોપીનાથ લખે છે અને શિવદિગ્વિજયમાં, ગોવિંદપંત નામક એક બીજો વકીલ ખાન તરફથી આવ્યો હતો, એવું લખેલું છે. સભાસદકૃત બખરની મહાડની પ્રતમાં પંતાજી પંત નામ લખ્યું છે. શેડગાંવકરની બખરમાં વકીલનું નામ દત્તાજી ભાસ્કર આપેલું છે. પ્રો. સરકાર જણાવે છે કે, વાઇ પ્રાંતમાં આવેલી અફઝુલખાનની જાગીરની વ્યવસ્થા આ કૃષ્ણાજી ભાસ્કર કરતો હતો અને તેના પર અફઝુલખાનનો ઘણોજ ભરોંસો હતો.

ગઢ ઉપરથી નીચે ઊતરી તેને સામા લેવા ગયા અને તેને ગઢ ઉપર લઇ ગયા. પોતાને ત્યાં આવેલા વકીલ-અતિથિનો ઉત્તમ પ્રકારે આદરસત્કાર કરી, તેનું કહેવું સાંભળવા માટે મહારાજે દરબાર ભર્યો. કૃષ્ણાજી ભાસ્કરે ખાનનો સંદેશો દરબારમાં અથથી ઇતિ સુધી કહી સંભળાવ્યો. તે સાંભળી મહારાજે કહ્યુંઃ "તેમની કૃપા માટે હું ખાનનો અતિશય આભારી થયો છું. મેં કબજે કરેલા મુલકોમાંથી માત્ર થોડોક મુલક મને જાગીર દાખલ મળશે તો તેટલાથીજ મને સંતોષ થશે. ગમે તેમ થાય તોપણ હું બાદશાહનોજ નોકર છું. આ તરફના પ્રાંતમાં ઉદ્ધત લૂંટારાઓ હતા, તેમનો સંહાર કરી મેં સઘળા પ્રદેશોમાં શાંતિ ફેલાવી છે. સરકારી મુલકોમાં ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત કરી દેશની આબાદી વધારી છે. જૂના કિલ્લા દુરસ્ત કરાવી કેટલાક નવા કિલ્લા બંધાવ્યા છે અને લશ્કરમાં પણ શૂરવીર યોદ્ધાઓ રાખ્યા છે. એમ કરી મેં બાદશાહનીજ સંપત્તિ વધારી છે. એ સર્વ તેમને વગરમહેનતે પ્રાપ્ત થવાથી મેં તેમની મોટી સેવા બજાવેલી ગણાશે. હું ખાનને મારા પિતા જેવાજ પૂજ્ય માનું છું. તેમની મુલાકાત લેવા હું ઉત્સાહથી આવીશ." મહારાજે દરબારમાં લૌકિક વ્યવહાર પ્રમાણે સંભાષણ કરી દરબાર બરખાસ્ત કર્યો. ખાનનાં મનુષ્યો પોતપોતાનાં સ્થાનકે ચાલ્યાં ગયાં.

ખાન તરફનાં મનુષ્યોને રહેવાનાં મકાન આપતી વખત મહારાજે એવી ગોઠવણ કરી હતી કે, કૃષ્ણાજી ભાસ્કરનું મકાન બીજા કરતાં તદ્દન એકાંતમાં રાખવું. એનું કારણ એ હતું કે, તેને એકાંતમાં મળી વાતચીત કરી પોતાના પક્ષમાં લઇ લેવાની તેમની ઇચ્છા હતી. રાત્રિ થતાંજ સઘળાં મનુષ્યો નિદ્રાવશ થયાં અને શાંતિ પ્રસરી. શિવાજી મહારાજ મધ્યરાત્રિને સમયે ગુપચુપ ખાનના વકીલને મકાને ગયા. તેને જાગૃત કરીને કહ્યું કે, "તમે વર્ણશ્રેષ્ઠ બ્રાહ્મણજાતિના છો. આજપર્યંત મેં જે કાંઇ પ્રયત્ન કર્યા છે, તે માત્ર હિંદુધર્મ અને હિંદુલોકનું રક્ષણ કરવા માટેજ છે. સાક્ષાત્ ભવાનીમાતાએ મને એવી આજ્ઞા આપી છે કે, 'ગૌબ્રાહ્મણનું રક્ષણ કર, હિંદુનાં દેવાલયો તોડી હિંદુના દેવનું ખંડન કરનારં મનુષ્યોનો પરાજય કર. હિંદુધર્મ ઉપર દ્વેષ કરનાર મનુષ્યોનો સંહાર કર.' જગદંબાની એ આજ્ઞા પ્રમાણે મેં જે કાર્ય આરંભ્યું છે, તેમાં તમારા જેવા શ્રેષ્ઠ બ્રાહ્મણની સહાયતા અવશ્ય મળવી જોઈએ. આપણો ધર્મ ડૂબવા લાગ્યો છે. દેવબ્રાહ્મણોને સંકષ્ટ થાય છે. સર્વ ભરતખંડ મ્લેચ્છમય થવાનો સમય આવ્યો છે; એ માટે તમારા અંતઃકરણમાં અવશ્ય ખેદ ઉત્પન્ન થવો જોઇએ. એ દુરવસ્થાનો નાશ કરવાનોજ મેં યત્ન આરંભ્યો છે; પણ તમારા જેવા મહાપુરુષોની સહાયતા વડેજ તે સિદ્ધ થાય એમ છે. તમે મારો પક્ષ સ્વીકારશો તો તમને હું હિવરા ગામ ઇનામદાખલ

આપીશ.” મહારાજે મીઠા અને મોહક શબ્દોમાં સંભાષણ કરવાથી વકીલની ચિત્તવૃત્તિ એકદમ બદલાઇ ગઈ. તેના મનમાં ધર્માભિમાન જાગૃત થયું; તેમાં વળી વકીલ સાહેબને ઇનામની લાલચ ઉત્પન્ન થઈ. મહારાજનું ગૌરવપૂર્ણ અને ઉત્સાહજનક સંભાષણ સાંભળી વકીલ તદ્દન ભોળવાઇ ગયો. તેણે વિચાર કર્યો કે, “ એ મહાપુરુષ સ્વધર્મ–રક્ષણનું અને સ્વરાજ્ય–સ્થાપન કરવાનું સ્તુત્ય કાર્ય કરવા તત્પર થયા છે. તેમનામાં એ કાર્ય સિદ્ધ કરવામાં આવશ્યક થઇ પડે એવા ધૈર્ય, શૌર્ય, વીર્ય આદિ ઉત્તમ ગુણો વિદ્યમાન છે. તેમનું આજપર્યંતનું પરાક્રમ સ્તુતિ કરવા લાયક છે. મહારાજને સહાયતા આપી તેમના યશમાં ગૌરવ માનવું એજ મહત્ પુણ્ય છે.” વકીલે મહારાજ સમક્ષ પ્રતિજ્ઞા કરી કે, “ પ્રમાણિકપણે આપની નોકરી કરી જીવન ગાળવાનો મેં નિશ્ચય કર્યો છે.” પ્રતિજ્ઞા કર્યા પછી તેણે મહારાજને કહ્યું કે, “ ખાનનો ખરો ઉદ્દેશ તો તમને પકડી વિજાપુર લઇ જવાનો છે. તમને વિશ્વાસ દર્શાવી મુલાકાતે બોલાવશે અને પકડીને વિજાપુર લઇ જશે. તેની એ ગોઠવણ કદી બદલાશે નહિ.” ખાનના વકીલને પોતાના પક્ષમાં લીધા પછી “ હવે શું કરવું ? ” એ સંબંધી બંને વચ્ચે પરસ્પર સલાહમસલત ચાલી. અંતે એવો નિશ્ચય થયો કે, “ કૃષ્ણાજી ભાસ્કરે ખાનને વિશ્વાસ ઉત્પન્ન કરી તે જાતેજ ગઢ પાસે મુલાકાત લેવા આવે, એવી ગોઠવણ કરવી. ખાન આપણા કબ્જામાં સપડાયા પછી તેનો ઘાત કરવો, એટલે તેના સૈન્યમાં અવ્યવસ્થા થશે અને આપણે ઇચ્છાનુસાર તેમનો પરાજય કરી શકીશું.” એ પ્રમાણે ગુપ્ત મંત્રણા કરી, શિવાજી મહારાજ પોતાને સ્થાને ચાલ્યા ગયા.

ત્યાર પછી કેટલાક દિવસ સુધી વકીલ સાથે ઉપર ઉપરની સલાહમસલત ચાલ્યા પછી એવું ઠર્યું કે, ખાને જાવળીમાં આવવું અને શિવાજી મહારાજ સાથે મુલાકાત લઇ પરસ્પર શરતો નક્કી કરવી. એ મુલાકાતની વ્યવસ્થા નક્કી કરવા માટે મહારાજે પોતાના તરફથી પંતાજી*ગોપીનાથને પોતાના વકીલ તરીકે ખાન તરફ મોકલ્યો. એ બ્રાહ્મણ મહારાજનો તદ્દન વિશ્વાસપાત્ર હતો. તેને મોકલતાં પહેલાં મહારાજે એકાંતમાં લઇ જઈ કૃષ્ણાજી ભાસ્કર સાથે થયેલી સર્વ વાતચીતનો સાર કહી સંભળાવ્યો, અને વધારામાં કહ્યું કે, “ તમે ખાનને કહેજો કે મારે તમારી મુલાકાતે આવવું જોઈએ; પણ મને તમારી અતિશય બીક લાગે છે. તમારી મુલાકાતે વાઇ સુધી આવવા જેટલું મારામાં ધૈર્ય નથી. તમે મારા પિતા સમાનજ છો. તમે કૃપા કરીને જાવળી

---

* રા. રાજવાડે જણાવે છે કે, પંતાજી ગોપીનાથ મહારાજનો જૂનો નોકર હતો. તેને જીજાબાઇ અને મહારાજ સાથે સોગટાંબાજી રમવાનો અધિકાર હતો.

આવશો તો હું તમારી મુલાકાતે અવશ્ય આવીશ. મને ધૈર્ય આપી બાદશાહનાં દર્શન કરવા લઇ જશો અને મારે માટે તેમને ભલામણ કરશો, તો તેથીજ આપની ઉદારતા જણાશે. ખરો વિશ્વાસ હોય તો જાવળી આવવા માટે શંકા કરશો નહિ. ખાનને આ પ્રમાણે અતિ નમ્રતાપૂર્વક કહેજો. તેમને સહજ પણ શંકા આવવા દેશો નહિ. તેમની શી ઇચ્છા છે તથા તેમના સૈન્યની કેવી વ્યવસ્થા છે, તેનું નિરીક્ષણ કરતા આવજો.” ખાનના વકીલને વિદાય કરતાં મહારાજે તેના પર પ્રસન્ન થઈ જરીકસબનાં ભરેલાં વસ્ત્રો, મોતીની માળાઓ, સુવર્ણનાં કડાં, સુવર્ણનો પદક, એક અરબી ઘોડો અને પાંચ હજાર હોન બક્ષિસ આપ્યાં. પોતાના વકીલને પણ વસ્ત્રાલંકાર આપી બંનેને રવાના કર્યાં.

કૃષ્ણાજી ભાસ્કરે ખાન પાસે જઈ સમાચાર કહ્યા કે, “શિવાજી મહારાજ તમારે શરણે આવી મુલાકાત લેવા તૈયાર છે; પરંતુ તેમનામાં વાઇપર્યંત આવવાનું ધૈર્ય નથી. અહીં આવ્યાથી તેમનો વિશ્વાસઘાત થશે, એવી તેમની ધારણા છે. તેમનો વકીલ આપની પાસે આવ્યો છે. તેને આપની મુલાકાતે બોલાવશો તો તે આપને શિવાજી મહારાજનો યથાર્થ સંદેશો કહી સંભળાવશે.” ખાને પંતાજી ગોપીનાથને પોતાની રૂબરૂ બોલાવી શિવાજી મહારાજનો સંદેશો સાંભળ્યો. કૃષ્ણાજી ભાસ્કરે ખાનને પાણી ચડાવવા ખાતર કહ્યું કે, “તે જ્યારે તમને જાવળી બોલાવે છે ત્યારે એટલે સુધી જવા છતાં કાર્ય પરિપૂર્ણ કરવાનો લાગ શા માટે જવા દેવો ? તમે જાવળી આવશો એટલે મહારાજ જાણશે કે, તમારા મનમાં કપટ નથી એટલે તે તમારી મુલાકાતે અવશ્ય આવશે. તે આવશે એટલે તમારું કાર્ય સત્વર સિદ્ધ થઇ જશે.” એ શબ્દો સાંભળી ખાને પ્રશ્ન પૂછ્યો કે, “જાવળી જેવા વિકટ સ્થળે તે મને મુલાકાત લેવા બોલાવે છે, પરંતુ ત્યાં તેના તરફથી મને દગો નહિ થાય, એવું તમે પ્રતિજ્ઞા પર કહી શકો છો ?” કૃષ્ણાજી ભાસ્કરે ઉત્તર આપ્યો કે, “શિવાજી મહારાજના મનમાં તમારા સંબંધી કંઈ પણ કપટ નથી, એવી મને સંપૂર્ણ ખાતરી છે. એ સંબંધી તમારા મનમાં કંઇ પણ સંદેહ લાવવો નહિ. જે સંધિ પ્રાપ્ત થાય છે, તે વ્યર્થ જવા દેશો નહિ. જાવળી જઇ તેમની મુલાકાત લેવામાં કંઇ પણ અડચણ નથી. આપણું લશ્કર ત્યાં સાથે રાખવું. ત્યાં છાવણી નાખવાની પૂરતી જગ્યા છે અને ઘાસચારાની પણ સગવડ થાય એમ છે.” વકીલે ખાનસાહેબની સર્વ અડચણો તથા શંકાનું સમાધાન કરી તેના મનમાં જાવળી જઇ મહારાજની મુલાકાત લેવાની અને તેમને ત્યાં કેદ પકડવાની કલ્પના ઉત્પન્ન કરી. ખાનને પોતાના વકીલની ખાતરી સત્ય જણાયાથી તેણે જાવળી જવાની તૈયારી કરી;

અને તે કહે તેમ વર્તી પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. મહારાજના વકીલ પંતાજી ગોપીનાથે ખાનનો ખરો ઉદ્દેશ શો છે, એની બારીક તપાસ કરી અને મહારાજને આવીને એવું જણાવ્યું કે, ખાન જાવળી આવવાને માટે તૈયાર છે. તેને ભેટવાની તૈયારી કરી તમારે કિલ્લાની નીચે આવવું અને એકાંતમાં લાગ જોઇને તેનો વધ કરવો, અને પછી તેના સૈન્ય પર છાપો મારવો.

ખાન જાવળી આવવા તૈયાર થયા છે, એ સાંભળીને મહારાજે પોતાના સર્વ સરદારોને બોલાવી "હવે શું કરવું?" તે સંબંધી સલાહ પૂછી. તેઓએ મહારાજને ઉત્સાહ પ્રેરતાં ઉત્તર આપ્યો કે, "આ પ્રસંગે આપ અમને જે કાર્ય સોંપશો તે અમે શિરસાવંદ્ય કરી, તદનુરૂપ વર્તવા જીવતોડ મહેનત કરી આપનો ઉદ્દેશ સિદ્ધ કરીશું. આપ કિંચિત્ પણ ચિંતા કરશો નહિ." ત્યાર પછી મહારાજે માતુશ્રી જીજાબાઇને પોતાનો ઉદ્દેશ કહી તેમની સલાહ પૂછી. તેમણે પણ મહારાજને આશ્વાસન આપતાં કહ્યું કે, "તારા તાબાના વિશ્વાસુ મનુષ્યોની સલાહ હોય તેમ વર્તવું. એ કાર્યમાં તને યશ અપાવનાર શ્રીજગદંબા સમર્થ છે. તને આજપર્યંત કોઇ પણ કાર્યમાં અપયશ મળ્યો નથી. તેથી આ કાર્ય પણ તું ધૈર્યપૂર્વક અને બુદ્ધિપૂર્વક પાર પાડશે, એવી મને ખાતરી છે." મહારાજે સર્વની સલાહ લીધા પછી પોતાનું કાર્ય શરૂ કરવા માંડયું.

ખાનને પૂરો વિશ્વાસ આવે તે માટે મહારાજે તેની સગવડ સારૂ પોતાથી બને તેટલી સુવ્યવસ્થા કરવાનું કામ સપાટાબંધ ચલાવ્યું. ખાનના સૈન્યને ડુંગરના ચઢાણ પર ચડતાં અડચણ પડે નહિ તે માટે સ્થળે સ્થળે આવેલી ગીચ ઝાડી કાપી નંખાવી રસ્તા બનાવ્યા. તેના લશ્કરને છાવણી નાખવાનું વિશાળ સ્થાન જોઇએ, તે માટે ઝાડઝાંખરા કાપી નખાવી એક વિસ્તીર્ણ ખુલ્લું મેદાન બનાવ્યું. માર્ગમાં સ્થળે સ્થળે લશ્કરીઓની ગુપ્ત રીતે અને પ્રકટ રીતે ચોકી રાખી તેના પર ઉપરી અમલદારો નીમ્યા અને તેમને એવી આજ્ઞા કરી કે, "ખાનના લશ્કરને જે વસ્તુની જરૂર પડે તે વસ્તુઓ પૂરી પાડવી અને પ્રત્યેક સ્થળે મિજબાનીની ઉત્કૃષ્ટ વ્યવસ્થા રાખવી." પરંતુ ખાનના સૈન્યની સગવડ માટે મહારાજે જે માર્ગ બતાવ્યો હતો, તેમાં એવી યુક્તિ રચી હતી કે, જેથી સૈન્યમાર્ગની આસપાસ ઘોર ઝાડી હોવાથી, પાછળ શું થાય છે તે સૈન્યમાર્ગમાંથી જણાય નહિ. કોઇક સ્થળે આડાઅવળા ચીલા પડ્યા હતા, તેમાં મોટાં મોટાં ઝાડ કાપીને નાખ્યાં હતાં; તેથી તે માર્ગ પણ બંધ થઈ ગયા હતા.

મહારાજે પોતાની ગુપ્ત યોજના નેતાજી પાલકર, મોરોપંત પેશ્વા અને તાનાજી માલુસરેને કહી સંભળાવી. નેતાજી પાલકરને સૈન્ય સહિત કોંકણમાંથી બારોબાર કિનારા પરને સ્થાને બોલાવ્યો અને કિલ્લાના

પૂર્વ વિભાગ તરફ તદ્દન ગીચ ઝાડીમાં સંતાઇ રહેવાનું કહ્યું; કારણકે ખાનનાં મનુષ્યો તે દિશાએથી ચડીને ઉપર આવવાનો સંભવ હતો. મોરોપંત સાથે જૂના કસાયલા યોદ્ધા હોવાથી તેને એવી આજ્ઞા કરી કે, "ખાનનું ઘણુંખરૂં લશ્કર જાવળી નીચે છાવણી નાખી રહેવાનું છે. તેની આસપાસની ઝાડીમાં તમારે તમારા લશ્કર સાથે સંતાઇ રહેવું." નેતાજીની સહાયતામાં રઘુનાથ બલ્લાળને અને મોરોપંતની સહાયતામાં ત્રિંબક ભાસ્કરને ગોઠવવામાં આવ્યા. એ સર્વને એવી આજ્ઞા ફરમાવી કે, "ખાનનો પરાજય થતાંજ રણશિંગાનો નાદ થશે. તે નાદ સાંભળતાંજ નેતાજીએ ઝાડી બહાર આવી, શત્રુનું જે લશ્કર આગળ આવ્યું હોય તેના પર હુમલો કરવો અને ગઢ પરથી પાંચ તોપો ફૂટે તે સમયે મોરોપંતે જાવળી આગળના ખાનના લશ્કર પર તૂટી પડવું. કોઇએ પણ અસાવધ રહેવું નહિ અને લૂંટફાટ તરફ દૃષ્ટિ રાખવી નહિ." એ પ્રમાણે બાહ્ય વ્યવસ્થા કર્યા પછી ગઢ પર જે સ્થળે જેટલું લશ્કર અને જેટલી તોપો વગેરે સામગ્રી રાખવાની અગત્ય જણાઇ, તેની વ્યવસ્થા મહારાજે સ્વતઃ કરી લીધી. સ્થળે સ્થળે નાકેબંધી કરી. કિલ્લાના પાછલા વિભાગના પ્રત્યેક બુરજ પર પચાસ મનુષ્યો અને આગલા વિભાગના પ્રત્યેક બુરજ પર સો મનુષ્યો ગોઠવ્યાં. એ ઉપરાંત કિલ્લાના દરવાજા આગળથી તે અંદરના ચોકપર્યંત પુષ્કળ સિપાઇઓ ગોઠવી દીધા. તેમના નાયકોને એવી સૂચના આપવામાં આવી કે, "હું ગઢ પરથી નીચે ઉતરવાનું શરૂ કરીશ ત્યારે શરણાઇ વાગશે. તે સમયે ધીમે ધીમે આગળ આવજો અને મુલાકાત માટે નક્કી કરેલા સ્થળથી તીર જઈ શકે એટલે દૂર કમાન પાસેના થાણામાં રહેજો." એ પ્રમાણે કિલ્લાના દરવાજા પાસેથી મુલાકાત લેવાના સ્થાન સુધી પ્રત્યેક થાણામાં હજાર બેહજાર સિપાઇઓ ઊભા રહે એવી વ્યવસ્થા કરી અને થોડાક ચૂંટી કાઢેલા મનુષ્યો છેવટ સુધી સાથે રહે એવી ગોઠવણ કરી.

ગઢ નીચેના બુરજ પાસે ખુલ્લું સ્થાન હતું. ત્યાં ખાનની મુલાકાત લેવાની ગોઠવણ કરી. તે સ્થળે એક સુંદર અને ભવ્ય મંડપ તૈયાર કરાવ્યો. તેમાં એક મુખ્ય આસન અને બેત્રણ નાનાં આસનો બનાવ્યાં. મુખ્ય આસનની વેદી ઘણીજ ઉત્કૃષ્ટ બનાવી હતી. તેના પર સુંદર છત જડી લઇ, આસપાસ મોતીની ઝાલરો લટકાવી હતી. મંડપમાં ગાદી અને નાના તથા મોટા, લાંબા તથા ગોળ તકિયા વગેરે સુંદર રીતે ગોઠવ્યા હતા. એ પ્રમાણે મંડપમાં એકથી એક ઉત્તમ બેઠકો બનાવી સર્વ મંડપ સુંદર રીતે શણગાર્યો હતો.

સર્વ પ્રકારની સુવ્યવસ્થા કર્યા પછી મહારાજે અફઝુલખાનને મળવા આવવાનો સંદેશો કહાવી મોકલ્યો. ખાન પોતાના લશ્કર સહિત [illegible]ડીના ડુંગર પરનો રસ્તો સ્વચ્છ કર્યો હતો, તે રસ્તે આવવા

નીકળ્યો. એ સમયે તેણે પોતાની તોપો વગેરે વજનદાર સામાન સાથે રાખ્યો નહોતો.[1] એવું કહેવામાં આવે છે. રડતોંડીનો ડુંગર ઉતરીને ખાને પારા પાસે કોયનાને કિનારે પડાવ નાખ્યો. એ માર્ગ ઉપર ચડતાં તેના લશ્કરને અતિશય ત્રાસ પડ્યો. તેના લશ્કરના પઠાણ સિપાઇઓ કહેવા લાગ્યા કે, "શિવાજી દુષ્ટ છે. તેની યુક્તિ અને પ્રપંચ કોઇ જાણી શકતું નથી. આવે વિકટ સ્થાને ચડી ગયા પછી આપણો કાંઇ પત્તો લાગશે નહિ!" એ ઉદ્ગાર અફઝુલખાનને કાને ગયા હતા; પરંતુ તેની બુદ્ધિ ભ્રમિત થઇ હોય એમ લાગતું હતું. આવી યુક્તિથી શિવાજી મહારાજ અવશ્ય આપણા તાબામાં આવશે, એવી તીવ્ર આશા ઉત્પન્ન થવાથી ખાનસાહેબે તેમને મળવા જવાનું સાહસ કર્યું હતું. ખાનની છાવણી થવાની હતી તે સ્થળે મહારાજે તંબૂ રાવટી, મંડપ વગેરે વિપુલ સામગ્રી તૈયાર રાખી હતી; તેમજ લશ્કરને માટે અગત્યના સરસામાનનો પૂરતો બંદોબસ્ત કર્યો હતો, મહારાજની સુવ્યવસ્થા જોઈ ખાન ઘણોજ ખુશ થયો. એ સર્વ જોતાંજ ખાનને સ્પષ્ટ જણાયું હતું કે, "શિવાજી મહાજનું અંતઃકરણ મારા સંબંધી નિષ્કપટી છે. તે વગર અડચણે મારી મુલાકાત લેશે; એટલે મારો સંકલ્પ સિદ્ધ થશે."

જાવળી જઇ પહોંચતાંજ ખાને કૃષ્ણાજી ભાસ્કરને[2] ગઢ પર મોકલી મહારાજને સંદેશો કહાવ્યો કે, "હું નીચે આવી પહોંચ્યો છું. મુલાકાત કરવા સત્વર આવવું. વિલંબ કરવો નહિં." વકીલ સંદેશો લઇને ગઢ પર ગયો. મહારાજ અને વકીલ વચ્ચે લૌકિક વ્યવહાર પ્રમાણે પરસ્પર વાતચીત થયા પછી મહારાજ તેને એકાંત સ્થળે લઇ ગયા અને તેની સાથે સ્વહિતની વાતચીત કરવા લાગ્યા. વકીલે કહ્યું કે, "આપની પાસે પ્રતિજ્ઞા કર્યા પ્રમાણે હું ખાનને જાવળી સુધી લાવ્યો છું. હવે એકાંતમાં તમારી અને ખાનની એમ બે મુખ્ય મુખ્ય મોટા માણસોની મુલાકાત કરાવીશ. તે સમયે આપ પ્રબળ પરાક્રમ અને શૌર્ય બતાવી સ્વકાર્ય સિદ્ધ કરશો." ત્યાર પછી નક્કી કરવામાં આવ્યું કે, આજથી ત્રીજે દિવસે નક્કી કરેલે સ્થળે ખાનની અને મહારાજની મુલાકાત કરાવવી. કૃષ્ણાજી ભાસ્કરે ખાન પાસે એવું કબૂલ કરાવવું કે મુલાકાત કરવા આવતી વખતે તેણે તથા શિવાજી મહારાજે બન્નેએ પોતપોતાની સાથે એક એક સિપાઇ લાવવો. બીજાં મનુષ્યોને વેગળાં રાખવાં. ખાન પાસેથી એવી કબૂલાત લેવાનું મહારાજને અભયવચન આપી કૃષ્ણાજી ભાસ્કર ગઢ ઉપરથી નીચે ઉતર્યો. ખાન પાસે જઇ તેમને મુલાકાતની શરતો કહી સંભળાવી અને વળી

---

[1] કેટલાક બખરકર્તા લખે છે કે, ખાને પોતાનું તોપખાનું ગઢ પર જતાં સાથે રાખ્યું હતું.

[2] પ્રો. સરકાર જણાવે છે કે, તેણે ગોપીનાથ પંતને મોકલ્યો હતો.

ઉપરથી એવી વાક્ચાતુરી ચલાવી કે, “ શિવાજી મહારાજને અદ્યાપિપર્યંત તમારામાં વિશ્વાસ આવતો નથી; તેથી આપણો સંકલ્પ સાધ્ય કરવા મહારાજ કહે છે તે શરત કબૂલ કરવામાં આપણને અડચણ નથી. ખાનને એવી ઉતાવળ થઇ રહી હતી, કે શિવાજી મહારાજ ક્યારે પોતાના હાથમાં સપડાય ! તેથી તેણે મહારાજની શરત કબૂલ કરવામાં કંઇ પણ આનાકાની કરી નહિ. મહારાજની શરત તત્કાળ માન્ય થઈ. મુલાકાતની જગ્યા કેવી રીતે તૈયાર કરી છે, તે તપાસવા માટે ખાને પોતાનાં વિશ્વાસુ મનુષ્યો મોકલ્યાં. તેમણે આવી ખાનને નિવેદન કર્યું કે, સ્થાન મોટું છે. તેની પાસે લશ્કર આદિ કંઈ રાખ્યું નથી.

અંતે મુલાકાતનો સમય થયો. ખાન પોતાની સાથે પંદરસો સિપાઇ લઇ નીકળ્યો. એ જોઇ કૃષ્ણાજી ભાસ્કરે* કહ્યું કે, “ આપની સાથે મુલાકાતને સ્થળે આટલા બધા સિપાઈ લઇ જવાથી શિવાજીમહારાજને આપના ઉપર વિશ્વાસ આવશે નહિ અને કદાચ તે ગઢ પરથી નીચે પણ ઉતરશે નહિ ! તમે બાદશાહી વજીર તેમજ સુપ્રસિદ્ધ વીરપુરુષ છો. આપની પાસે શિવાજી મહારાજ કેવળ તૃણવત્ છે. તેમને પકડવા માટે આટલી બધી તૈયારી શા માટે ? શરત પ્રમાણે તેઓ માત્ર એક સિપાઇ સાથે લઇ આપને મળવા આવશે, તેથી આપે પણ એકજ સિપાઇ સાથે લઇ મળવાને સ્થાને જવું, એજ યોગ્ય છે.× ગર્વિષ્ઠ ખાનને એ વાત પસંદ પડી. તેણે પોતાનાં મનુષ્યોને માર્ગમાંજ સ્થળે સ્થળે ઊભાં રાખ્યાં; અને કેટલાંક મનુષ્યોને મુલાકાતના સ્થાનથી વેગળે તીર જઇ શકે એટલે દૂર થાણા પર રાખી પોતે પાલખીમાં બેસી મંડપ આગળ ગયો. પોતાની સાથે બે હજૂરિયા અને સૈદ બંદા નામક લકડીપટા રમવામાં હોશિયાર એક સિપાઇ તથા કૃષ્ણાજી ભાસ્કરને લઈ ખાન મંડપમાં આવ્યો. તેના અંતઃકરણમાં એવીજ ઇચ્છા હતી કે, “ શરત પ્રમાણે શિવાજી મહારાજ મુલાકાત લેવા આવે, એટલુંજ બસ છે. હું તેને તત્કાળ કેદ પકડી મારી સાથે લઇ જઇશ. મારા આગળ તેનું બળ કેટલું ?” ખાનને સ્વબળ પર સંપૂર્ણ વિશ્વાસ હોવાથી, સાધારણ રીતે કચેરીમાં જવા નીકળતો હોય તેમ તૈયાર થયો. શરીર પર મજલિનનો ઝીણો અંગરખો હતો. હાથમાં માત્ર એક તલાવાર હતી. અફઝુલખાન પહેલાંજ

---

* પ્રો. સરકાર જણાવે છે કે, ગોપીનાથ પંત તેને એ પ્રમાણે કહ્યું.

× પોવાડામાં લખ્યું છે કે, ખાનને તેડવા માટે મોરોપંત અને શામરાજ પંતને મોકલ્યા હતા. ખાન ચારહજાર મનુષ્યો સાથે લઈ, પાલખીમાં બેસી આવવા તૈયાર થયો તે સમયે તેમણે તે મનુષ્યોને વેગળે રાખવાનું તથા પાલખી પણ વેગળી મૂકવાનું ખાનને કહ્યું હતું.

મંડપમાં જઇ બેઠો અને મહારાજને તેડવા પોતાના વકીલને ગઢ પર મોકલ્યો. તેના કહેવાથી મહારાજે જાણ્યું કે, એક શૂરા સિપાઇને સાથે લઈ ખાન મંડપમાં બેઠા છે. શિવાજી મહારાજે ખાનને કહાવ્યું કે, "જો તમે ફક્ત એકજ હજૂરિયા સાથે મંડપમાં બેસશો તોજ હું નીચે ઉતરીશ." એ સાંભળી ખાને પોતાની સાથેના સૈદ બંદા નામક સિપાઇને પણ મંડપ બહાર જવાની આજ્ઞા કરી.

શિવાજી મહારાજે પૂર્વોક્ત પ્રકારનો સર્વ બંદોબસ્ત કર્યા પછી સ્નાન, દેવપૂજા આદિ નિત્યકર્મ કર્યું. તેમણે ભવાનીદેવીનું સ્મરણ કર્યું. એ જીવસટોસટને પ્રસંગે વિજય પ્રાપ્ત કરવા માટે તેમણે દેવીની અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી. ગદ્‌ગદ કંઠે પ્રાર્થના થવાથી ભવાનીદેવી મહારાજના શરીરમાં પ્રવેશ કરી બોલ્યાં કે, "અરે પુત્ર ! ચિંતા ના કર. આ સમયે હું તારી પાછળજ ઊભી છું. ખાનને મોહમાં નાખી તારી સમક્ષ લાવી છું; માટે તું નિર્ભયચિત્તે, હિંમત રાખી તેનો વધ કર. તેનું માથું કાપી મારી સમક્ષ અર્પણ કર. મારા લલાટમાં તેના રક્તનું તિલક કરી, મહિષનું બળિદાન આપી મને સંતુષ્ટ કર." પાસે ઊભેલા કારભારીઓએ દેવીના શબ્દો નોંધી લીધા. શરીરમાંથી દેવીનું ચૈતન્ય નીકળી ગયા પછી મહારાજ સાવધ થયા, ત્યારે કારભારીએ તેમને તે શબ્દો વાંચી સંભળાવ્યા. એ સાંભળી મહારાજને અધિક ઉત્સાહ થયો. તેમણે પોતાના સર્વ સરદારોને ઉદ્દેશી કહ્યું કે, "હું જીવનને તૃણસમાન સમજી શત્રુના શરીર પર ધસી જાઉં છું. તેમાં વિજય મળે તો સારી વાત છે; પરંતુ જો કંઇ બીજુંજ બને તોપણ તમે ગભરાશો નહિ. નિશ્ચય કરેલી યોજના પ્રમાણે શત્રુ પર હુમલો કરજો, તેમને પાયમાલ કરજો અને રાજ્યનું રક્ષણ કરજો. તમે સર્વ શૂરવીર અને પરાક્રમી છો. તમારા ઉપરજ મારો સર્વ આધાર છે. તમારા જેવા પ્રમાણિક અને શૂરા પુરુષોની સહાયતા હોવાથી આપણે યવનોથી જરા પણ બીવાનું નથી. આ સમયે સર્વેએ પોતપોતાનું શૌર્ય અને પરાક્રમ પૂરેપૂરૂં અજમાવવું. તમારી મદદ હોવાથીજ હું અફઝુલખાનને તુચ્છ ગણું છું. મેં આજપર્યંત જે કાંઇ પ્રાપ્ત કર્યું છે તે સર્વ તમારી સહાયતા અને શૌર્યનું ફળ છે. એ યશોધનનું રક્ષણ કરવા માટે પ્રાણની દરકાર ન કરતાં, આવા કઠિન પ્રસંગે શૌર્ય બતાવશો તો તમારી કીર્તિ અધિકજ વૃદ્ધિ પામશે." વીર્યોત્સાહને ઉત્તેજિત કરનારાં વાક્યો સાંભળી સર્વ મનુષ્યના શરીરમાં સ્ફૂર્તિ આવી અને તેઓએ કહ્યું કે, "આપ અમને જે જે આજ્ઞા કરશો તદનુસાર વર્તવાને અમે યત્કિંચિત્ પણ વિલંબ કરીશું નહિ. તેમ કરવામાં અમારા પ્રાણનું બલિદાન આપવું પડશે તોપણ અમે પાછા હઠીશું નહિ. જે શરીર એક વખત આપના ચરણમાં અર્પણ થયું છે, તે હવે અમારૂં નથી.

સ્વામીના કાર્યમાં તે શરીરનું પતન થાય તો તેમાંજ અમે અમારૂં મહદ્દભૂષણ સમજીશું."

તાબાનાં મનુષ્યોમાં ઉત્સાહ અને અભિમાન જાગૃત કરી અને તેમની સાથે કંઇક અગત્યની વાતચીત કરીને શિવાજી મહારાજ ગઢ નીચે ઉતરવા તૈયાર થયા. તેમણે શરીર પર બખ્તર પહેરી, ઉપર ઝબ્બો પહેર્યો; તેજ પ્રમાણે માથા પર બખ્તરટોપી મૂકી તે પર પાઘડી પહેરી, મજબૂત કછોટો વાળી, ઉપર ચોરણો પહેર્યો. એક હાથમાં ખંજર લઇ તેને અંગરખાની બાંયમાં સંતાડયું અને ડાબા હાથના પંજામાં વાઘ-નખ પહેર્યા. એ પ્રમાણે વસ્ત્રશસ્ત્રથી સજ્જ થઇ મહારાજે પુનઃ દેવીનાં દર્શન કરી, માતા જીજાબાઈના ચરણમાં મસ્તક મૂકી ગઢ નીચે ખાનની મુલાકાતે જવાની આજ્ઞા માગી. જીજાબાઇએ ગદ્દગદ કંઠે કહ્યું: "પુત્ર! જગદંબાની કૃપા વડે તને યશ મળશે. મારો તને આશીર્વાદ છે. કુંતીના પુત્ર ભીમ અને અર્જુન જેમ મહાપરાક્રમી ઉત્પન્ન થયા હતા, તેમ ભોંસલેના કુળમાં તું ઉત્પન્ન થયો છે. એ કુળનું નામ જગતમાં ગજાવી મૂક. અફઝુલખાનને રણમાં રોળી નાખી રાજ્યની અભિવૃદ્ધિ કર. શિવબા! તું મને આજે કુંતીની પંક્તિમાં બેસાડ. ખાનને જીવતો જવા દઇશ નહિ. તેનો શિરચ્છેદ કરી લાવ. ખાનને લીધેજ તારા જ્યેષ્ઠ બંધુ શંભાજીએ પ્રાણ ગુમાવ્યા છે, તેનું વૈર વાળ." *

માતુશ્રીનો આશીર્વાદ લઇ મહારાજ ધીમે ધીમે ગઢથી નીચે ઉતરવા લાગ્યા. તેમની સાથે તાનાજી માલુસરે,× યેસાજી કંક, હિરોજી ફરજંદ, પંતાજી ગોપીનાથ વગેરે પાંચપચાસ મનુષ્યો હતા. મંડપ

---

* રાયરીની બખરમાં લખ્યું છે કે, એ પ્રસંગે વિજય પ્રાપ્ત થશે કે નહિ, તે બાબતની મહારાજને શંકા થવાથી તેમણે કેટલાક બ્રાહ્મણોને પુષ્કળ દ્રવ્ય આપીને કાશી, ગયા વગેરે સ્થળે મોકલ્યા હતા અને પોતાના પ્રાણ જતાં પોતાનું ઉત્તરકાર્ય તે પુણ્યક્ષેત્રોમાં કરવાની તેમને આજ્ઞા કરી હતી; તેમજ તેમણે બ્રાહ્મણને પુષ્કળ ગોપ્રદાન કર્યાં અને પોતાની દાઢી કઢાવી નાખી. એ સર્વ જોઇ જીજાબાઇના હૃદયમાં ઘણો ખેદ થવાથી રડવા લાગ્યાં, તેથી મહારાજે તેમને વેગળે સ્થાને રાખ્યાં હતાં.

× સભાસદ અને ચિત્રગુપ્ત લખે છે કે, જીવા મહાલ્યા અને શંભાજી કાવજી એ બંને સાથે હતા. પ્રો. સરકાર અને મિ. કિંકેડ પણ આ વાત ખરી માને છે. પોવાડામાં લખ્યું છે કે, જીવાજી મહાલદારને પોતાની તલવાર પકડવા આપી હતી અને તેનેજ પોતાની સાથે લીધો હતો. ગ્રાન્ટ ડફ જણાવે છે કે, મહારાજની સાથે તાનાજી માલુસરે હતો.

પાસે આવતાંજ પાલખીમાંથી ઊતરી મહારાજ તાનાજી માલુસરેને સાથે લઇ મંડપમાં ગયા. અફઝુલખાનને જોતાંજ શિવાજી મહારાજ બીવાનો ડોળ કરી વચમાં વચમાં થોભવા લાગ્યા. કૃષ્ણાજી ભાસ્કર ખાન પાસેજ હતો. તેણે ખાનને સમજાવ્યું કે, “ આપની ભવ્ય મૂર્તિ જોઇને શિવાજી ગભરાય છે; તેથીજ તે એ પ્રમાણે કરે છે. તમારા હજૂરિયાને પણ અહીંથી મંડપ બહાર જવા દો, એટલે એમને આગળ આવવાની હિંમત થશે.” વકીલનું કહેવું સત્ય જણાતાં ખાને હજૂરિયાને પણ મંડપ બહાર મોકલ્યો; એટલે મહારાજ અફઝુલખાન પાસે ગયા. તેમના હજૂરિયાના બે હાથમાં બે તલવારો હતી; પણ અફઝુલખાને તે સંબંધી વાંધો લીધો નહિ.* શિવાજી મહારાજ છેક નજીક આવી પહોંચ્યા ત્યારે ખાન ઊભો થઈ તેમને આલિંગન કરવા માટે બેત્રણ પગલાં આગળ આવ્યો. એ સમયે ખાન એકદમ ઉતાવળો થઇ રહ્યો હતો. તેને સંપૂર્ણ ખાતરી થઇ કે, શિવાજી નિઃશસ્ત્ર હોવાથી સહજ વારમાં આપણા તાબામાં સપડાશે; કારણકે ખાનનું શરીર ઊંચું અને જબરજસ્ત હતું; ત્યારે શિવાજી મહારાજનું શરીર ઠીંગણું અને બાંધો પાતળો હતો. કૃષ્ણાજી ભાસ્કરે રિવાજ પ્રમાણે પરસ્પર ઓળખ કરાવ્યા પછી એકબીજાને આલિંગન કરવા હાથ લંબાવ્યા; એટલે ખાને ઝડપ કરીને મહારાજનું માથું× પોતાની

---

* પ્રો. સરકાર જણાવે છે કે, મંડપમાં તે વખતે આઠ માણસો હતાં:-અફઝુલખાન, તેનો વકીલ અને બે હજૂરિયા; મહારાજ, તેમનો વકીલ અને તેમના બે હજૂરિયા. તે આગળ વધીને એમ પણ જણાવે છે કે, જાણે કોઇ બંડખોર માણસ નિઃશસ્ત્ર થઇને શરણે આવતો હોય, એમ મહારાજ ખાન પાસે જતી વખતે દેખાતા હતા. અફઝુલખાન પાસે માત્ર તલવાર હતી. ખાફીખાન જણાવે છે કે, બંને નિઃશસ્ત્ર હતા.

× ગ્રાંટ ડફ લખે છે કે, પરસ્પર આલિંગન કરતી વખતે શિવાજી મહારાજેજ પ્રથમ ખાનના પેટમાં વાઘ-નખ ખોસી દીધા. સર્વ મરાઠી બખરોમાંનો મૂળ લેખ એકસરખોજ છે. મોડકકૃત આદિલશાહીના ઇતિહાસમાં અફઝુલખાનના વધની હકીકત જુદી રીતેજ વર્ણવી છે. તેમાં લખ્યું છે કે, અફઝુલખાન આગળ પોતાનું કંઇ ચાલશે નહિ, એવું જાણી મહારાજે તેની સાથે મૈત્રી કરવાનો વિચાર કર્યો અને તેની છાવણીમાં જઇ અત્યંત દીનપણું બતાવી તેમને પ્રતાપગઢ પર મિજબાની માટે આમંત્રણ કર્યું. મહારાજ પર વિશ્વાસ રાખી ખાન પોતાના દસબાર મનુષ્યો સાથે ગઢ ઉપર આવ્યો; એટલે મહારાજના સશસ્ત્ર સિપાઇઓ ખાન પર તુટી પડ્યા અને તેને મારી નાખ્યો, “બુસાતી તુસ્સલાતીન” નામક બખરમાં પણ એવુંજ લખ્યું છે. (જુઓ. પૃ. ૫૬૯.) ચિત્રગુપ્તની બખરમાં અને પોવાડામાં

ડાબી બગલમાં સખ્ત રીતે દબાવી દીધું. હાથમાં કટાર હતી, તેનું મ્યાન વેગળું ફેંકી મહારાજની કૂખમાં ખોસવાનો યત્ન કર્યો; પરંતુ તેમણે બખ્તર પહેરેલું હોવાથી શરીરમાં કટાર વાગી નહિ પણ બખ્તરમાં વાગવાથી ખખડાટ થયો. "ખાનેજ પ્રથમ દગો કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે હવે ઇચ્છા પ્રમાણે કરવામાં આપણને હરકતજ નથી," એવો વિચાર કરી મહારાજે ડાબા હાથમાં વાઘ-નખ હતા, તે ખાનના પેટમાં ખોસી દીધા અને જમણા હાથમાં ખંજર હતું, તે પણ તેના પેટમાં ખોસી દીધું; તેમજ તેની બગલમાંથી ચપળતાપૂર્વક પોતાનું માથું ખસેડી લીધું. વાઘ-નખ ખાનના પેટમાં પ્રવેશ થતાંજ તેના પેટમાંથી આંતરડાં બહાર નીકળી પડ્યાં. ખાને એક હાથે આંતરડા ઝાલી લઇ મહારાજને પોતાના હાથમાંની તલવારનો એક સખ્ત ઝટકો માર્યો. તે તેમણે કૂદકો મારી ચપળતાથી ચૂકવી દીધો; પણ માથાની પાઘડીમાં ઝટકો વાગવાથી થોડોક ઘા પડ્યો. મહારાજે પળવારમાં ખાન ઉપર તલવારનો એક બીજો ઘા કરી તેને તદ્દન ઘાયલ કર્યો. તેના હાથમાંની તલવાર ઝુંટાવી લેવા માંડી, ત્યારે ખાને મોટેથી ચીસો પાડી કે, "માર્યો, માર્યો,! દગો, દગો,! ધાઓ રે ધાઓ!" એ શબ્દો કાને પડતાંજ વેગળે ઊભેલા, ઉભય પક્ષના મનુષ્યો દોડી આવે ત પહેલાંજ સૈદબંદા ત્યાં ધસી આવ્યો અને તલવાર વડે પટા ફેરવતાં મહારાજને ઘા કર્યો. મહારાજે જીવા-મહાલિયા પાસેથી પટો લઇ જમણા હાથે પહેરી લીધો અને ડાબા હાથમાં ખંજર લઇ તેઓ તેના ઘા ચૂકવવા લાગ્યા; એટલામાં જીવા મહાલિયાએ સૈદબંદાના ખભા ઉપર તલવારનો ઘા કરી તેનો પટાવાળો હાથ કાપી નાખ્યાથી તે ઘાયલ થઇ પડ્યો. × ત્યાર પછી ઉભય

લખ્યું છે કે, તેઓનું પરસ્પર ક્રોધયુક્ત સંભાષણ થયા પછી દ્વંદ્વયુદ્ધ થયું. કેટલાકનું કહેવું એવું છે કે, મહારાજે મુલાકાતને માટે આવો ભપકાબંધ તંબૂ ઊભો કર્યો હતો, તેથી ખાનને તેમના પર ગુસ્સો આવ્યો. શેડગાંવકર જણાવે છે કે, મહારાજે પોતાના વૈભવનું આવું પ્રદર્શન કર્યું તે બદલ ખાને મહારાજના વકીલ પાસે નાખુશી બતાવી; આથી વકીલે તેનું સમાધાન કર્યું કે, આખરે તો એ બધુય વિજાપુર સરકારનેજ મળવાનું છે. તવારીખ-ઇ-શિવાજીમાં એવું લખેલું છે કે, તેમને થોડી બોલાચાલી થઇ અને ગોપીનાથ પંતે મહારાજને ખાનની માફી માગવાનું કહ્યું. મહારાજ ખાનની માફી માગવાને નીચા નમ્યા એટલે ખાને તેમનું માથું દબાવીને તલવારનો ઘા કર્યો એટલે મહારાજે તેના પેટમાં વાઘનખ ખોસી દીધા.

× ચિટનીસે લખ્યું છે કે, તેને યેસાજી કંકે મારી નાખ્યો. ડફ કહે છે કે, તાનાજી માલુસરે અને શિવાજી મહારાજ એ બંનેએ મળીને તેને મારી નાખ્યો.

પક્ષના સિપાઇઓમાં રણસંગ્રામ ચાલ્યો. એ ગડબડમાં ખાનનાં મનુષ્યોએ ચાલાકી વાપરી ખાનનું શબ પાલખીમાં નાખી ચાલવા માંડ્યું. [1] યેસાજી કંક અને તાનાજી માલુસરેએ પણ મહારાજને સુખરૂપ બહાર કાઢ્યા; પછી તેઓ ખાનની પાલખી પાછળ ધસ્યા. તેમણે ભોઇલોકોના પગ ભાગી નાખી પાલખી નીચે પાડી દીધી અને ખાનનું માથું કાપી રૂમાલમાં બાંધી લાવ્યા. [2] એ તોફાન વખતે કૃષ્ણાજી નામક એક કારભારી અફઝુલખાનની સાથે હતો. ખાનની એવી સ્થિતિ જોતાંજ તેણે મહારાજ ઉપર ધસી જઇ તલવાર ઉગામી. મહારાજે તેના બેત્રણ ઘા ચુકાવી દીધા અને કહ્યું કે, "બ્રાહ્મણને મારવો નહિ, એવી મારા પિતાની આજ્ઞા છે; માટે તું અહીંથી એકદમ ચાલ્યો જા." એમ કહી તેને જતો કર્યો.

એ સર્વ તોફાનમાંથી બહાર નીકળી મહારાજ સુખરૂપ કિલ્લાના દ્વાર આગળ આવી પહોંચ્યા. તે સમયે બેચાર ઘડી દિવસ બાકી રહ્યો હતો. આગમચથી કરેલી સંકેત પ્રમાણે તોપો ફૂટી અને રણશિંગું ફુંકાયું. તોપોના અવાજ કાને પડતાં ખાનની છાવણીનાં મનુષ્યોએ જાણ્યું કે, ખાનની મુલાકાત થઇ તેની ખુશાલીમાં તોપો

---

[1] સભાસદ અને ચિત્રગુપ્તે લખ્યું છે કે, ખાન સ્વતઃ વેદી પરથી કૂદીને નાસી ગયો અને તેણે "દગો, દગો" એવી મોટેથી ચીસો પાડી. ત્યારે તેનાં માણસો દોડી આવ્યાં અને તેને પાલખીમાં નાખી લઇ ગયાં.

[2] ડફે લખ્યું છે કે, ખાનનું માથું ખંડુ માલેએ અને એકબીજાએ કાપી હાજર કર્યું હતું. ચિત્રગુપ્ત અને સભાસદે લખ્યું છે કે, મહારાજની આજ્ઞા પરથી શંભાજી કાવજીએ તે લાવી આપ્યું. પોવાડામાં લખ્યું છે કે, શંભાજી કાવજીએ પાલખી ઊંચકનાર ભોઇ લોકોના પગ ભાગી નાખ્યા અને મહારાજે પોતેજ ખાનનું માથું કાપ્યું.

[3] યવની બખર અને રાજપુરના અંગ્રેજી વખારવાળાઓના લખાણ પરથી પ્રો. સરકાર જણાવે છે કે, અફઝુલખાન પોતેજ પોતાના દગાનો ભોગ થઇ પડ્યો. તે પોતે મહારાજને દગાથી પકડવાની કે વધ કરવાની પ્રતિજ્ઞા લઇને આવ્યો હતો અને જો તે તેવાજ દગાનો ભોગ ન થવાની કાળજી રાખે નહિ તો તેને ગાંડોજ ગણવો જોઇએ. મિ. કરકરિયા અને ન્યાયમૂર્તિ રાનડેએ મરાઠી બખરમાંની આપેલી હકીકત સાચી છે, એમ સાબિત કરેલું છે. આ બધા વિવાદ પરથી એટલું તો સ્પષ્ટ જણાઇ આવે છે કે, શિવાજીને દગાથી મારવાની કે પકડવાની ખાને પ્રતિજ્ઞા કરી હતી અને તેનાજ સપાટામાં પોતે ન આવી જાય, એવી કાળજી રાખવાની મહારાજને આવશ્યકતા હતી.

ફૂટે છે. તેઓ ભ્રમણામાંજ રહ્યા હતા. પ્રથમથી થયેલી ગોઠવણ પ્રમાણે નેતાજી પાલકર ખાન સાથે ગઢ ઉપર મંડપ આગળ આવેલાં પંદરસો મનુષ્યો ઉપર તૂટી પડ્યો. એટલામાં તેનાં માણસો ખાનનું માથું કાપી ગઢ પર લઈ ગયા. એ સમાચાર સાંભળ્યાથી ખાનનાં માણસો ગભરાઇ ગયાં. નેતાજી પાલકરનાં મનુષ્યોએ તેમના પર હુમલો કર્યો, તે વખતે તેમની બહુ દુર્દશા થઇ; તેમ છતાં તેઓ શૂરવીર અને રણમાં કસાયેલા ચૂંટી કાઢેલા લડવૈયા હોવાથી તેમણે માવળીઓ સાથે ઘણા વખત સુધી ભયંકર યુદ્ધ કર્યું; પરંતુ અંતે તેમનો પરાજય થયો. માવળીઓના હાથમાં જેટલા પઠાણો આવ્યા તેટલાને તેમણે કાપી નાખ્યા.

મોરોપંત પિંગળેએ પણ પૂર્વસંકેત પ્રમાણે ખાનના જાવળી પાસેના લશ્કર પર અચાનક હલ્લો કર્યો. શત્રુઓ અચાનક હુમલો કરશે, એ તેમના સ્વપ્નામાં પણ નહોતું. તેઓ તદ્દન નિશ્ચિંત રહ્યા હતા, તેથી તેમના પર એકાએક હુમલો થતાં તેઓ ગભરાઇ ગયા; તેમ છતાં તેઓ મરણપર્યંત લડ્યા. અંતે તેઓ વિખરાઇ જઇ નાસી છૂટ્યા. મહારાજે પોતાના સરદારોને આજ્ઞા કરી હતી કે, “ શસ્ત્રનો ત્યાગ કરી જે કોઇ શરણે આવે તેને મારી નાખવો નહિ.” તેથી પુષ્કળ સિપાઈઓ શરણે આવ્યા. કેટલાક સિપાઈઓ કેટલાક દિવસ સુધી આસપાસના ઝાડીજંગલમાં નાસતા-સંતાતા-ફરતા હતા. તેમને તેમાંથી બહાર નીકળવાનો માર્ગજ જડતો નહોતો. એવા દુઃખી અને કંગાલ થયેલા ઘણા મોગલ સિપાઇઓને મહારાજના સિપાઇઓ પકડી લાવ્યા.*

શત્રુના જે સિપાઇઓ× પકડાયા હતા, તેઓની સાથે મહારાજે પોતાની હમેશની નીતિ પ્રમાણે ઉદારતા અને મમતાભરેલી વર્તણૂંક ચલાવી, તેમની યોગ્ય બરદાસ કરી અને વાટખર્ચી આપી તેમને મુક્ત કર્યા. જે અમીરઉમરાવો પકડાયા હતા, તેમનું યોગ્ય સન્માન અને આતિથ્ય કરી વસ્ત્ર તથા ઘોડા વગેરે આપી ગૌરવપૂર્વક વિજાપુર જવાની રજા આપી. મહારાજના હૃદયની ઉદારતા જોઇ પકડાયેલા મરાઠા સિપાઇઓમાંથી કેટલાક તેમની નોકરીમાં રહેવા તૈયાર થયા. તેમને મહારાજે પોતાની નોકરીમાં રાખ્યા. એ સમયે ઝુંઝારરાવ ઘાટગે નામક એક શૂરવીર સરદાર મહારાજના તાબામાં આવ્યો હતો. તેના પિતા અને શાહજીરાજા વચ્ચે પરમ–

---

* પ્રો. સરકાર જણાવે છે કે, રાજાપુરના અંગ્રેજ વેપારીઓના મળેલા પત્રોમાં ત્રણહજાર માણસો કેદ થયેલા હોવાનું જણાવ્યું છે.

× પ્રો. સરકાર જણાવે છે કે, આ કેદ થયેલાં માણસોમાં ખાનના બે દીકરા, એક મોટો સરદાર, લિંબાજી ભોંસલે અને ઝુંઝારરાવ ઘાટગે પણ હતા.

સ્નેહભાવ હતો, તે મહારાજ જાણતા હતા. તેથી મહારાજે તેને પોતાની પાસે રહેવાનો ઘણો આગ્રહ કર્યો; પરંતુ ઘાટગેએ તે માગણી સ્વીકારી નહિ; ત્યારે તેને વસ્ત્રાલંકાર વગેરે અર્પણ કરી અતિ સન્માનપૂર્વક વિજાપુર મોકલી દીધો.

એ ઝપાઝપીમાં અફઝુલખાનનો પુત્ર ફાઝલખાન રણમાં ઘાયલ થઇ નાઠો હતો. તે પોતાના પગે પાટા બાંધી ઝાડીમાં લપાતો-સતાતો નાસી જતો હતો. તેને અને અફઝુલખાનના કુટુંબનાં ઇતર મનુષ્યોને ખંડુજી કાંકડેએ* પકડ્યાં, ત્યારે તેઓએ તેને લાંચ આપવાનો લોભ બતાવ્યાથી તેણે તેમને કોયનાના કિનારા પર કરાડમાં સુરક્ષિત પહોંચાડી દીધાં. તેમને મહારાજ સમક્ષ લાગ્યો નહિ એ વાત જાણવામાં આવતાં મહારાજે કાંકડેને દેહાંતદંડની શિક્ષા કરી.

એ યુદ્ધમાં મહારાજને પુષ્કળ લૂંટ મળી. સોપોણોસો હાથી, સાતઆઠ હજાર ઘોડા, હજારબારસો ઊંટ, સર્વ તોપખાનું અને બેત્રણ હજાર બળદ, દસબાર લક્ષ મહોરો, હોન વગેરે રોકડ નાણું, બેત્રણ લાખની કિંમતનું સોનું, રત્ન, મોતી વગેરે જરજવાહીર, આશરે બેહજાર ગાડાં ભરાય તેટલાં વસ્ત્રો, તંબૂઓ, રાવટીઓ, પાલાં વગેરે સવારીને ઉપયોગનો પુષ્કળ સામાન તેમને લૂંટમાં મળ્યો × એ ઉપરાંત ખાનના લશ્કરના ઘણા મરાઠા સિપાઇઓ મહારાજની તેજસ્વિતા અને ઔદાર્ય જોઇ ચકિત થયા હતા, તેઓ પોતાની રાજીખુશીથી તેમની નોકરીમાં રહ્યા, તેથી તેમના લશ્કરમાં વિશેષ વૃદ્ધિ થઇ.

શિવાજી મહારાજે ખાનનું માથું ભવાનીદેવી સમક્ષ ધર્યું. દેવીનાં દર્શન કર્યા પછી તેઓ માતુશ્રીનાં દર્શન કરવા ગયા. પોતાનો પરમપ્રિય પુત્ર વિજય પામી સુખરૂપ ગઢ ઉપર આવી પહોચ્યાથી જીજાબાઇને અતિશય હર્ષ થયો. માતાએ પ્રિય પુત્રને છાતીસરસો ચાંપીને કહ્યું કે, " પુત્ર ! શંભાજીનું વૈર વાળી, તેં મારા

---

[*] ચિટનીસ અને શિવદિગ્વિજયકાર લખે છે કે, ખંડોજી ખોપડા નામક માવળીઓનો એક મુખ્ય સરદાર અફઝુલખાનના તાબામાં હતો. તેણે બસો સિપાઈઓની સહાયતા વડે ફાઝલખાન અને ખાનના કુટુંબકબિલાને કરાડ સુધી પહોંચતાં કર્યા. પાછળથી મહારાજના સિપાઇઓને હાથે ખંડોજી કેદ પકડાયો, ત્યારે તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો. સભાસદ લખે છે, કે, ઇતર સરદાર સાથે ફાજલખાનને પણ પકડી લાવ્યા હતા. તેને મહારાજે યોગ્ય સન્માન આપી છોડી દીધો હતો.

× પ્રો. સરકાર જણાવે છે કે, ૬૫ હાથી, ૪૦૦૦ ઘોડા, ૧૨૦૦ ઊંટ, ૨૦૦૦ ગાંસડી કાપડ અને દસેક લાખનો ખજાનો મળ્યો.

નેત્રની સાર્થકતા કરી છે. સિપાઇગીરીની હદ વાળી છે. તને યશ પ્રાપ્ત થયો, એજ તારૂં મહદ્‌ભાગ્ય સમજવું જોઇએ. શત્રુનો વધ કરી સુખરૂપ મને ભેટ્યો, એટલે મારા મનથી આજે સોનાનો સૂર્ય ઊગ્યો." માતાએ મહારાજના માથા પરથી ઓવારણાં ઉતાર્યાં. જે જે મનુષ્યો તેમની સાથે ગયાં હતાં, તેમને મૂલ્યવાન વસ્ત્રો અને અલંકાર આપી તેમની પદવી વધારી. તેમણે તેમની સ્તુતિ કરતાં કહ્યું કે, "તમારી સર્વની સહાયતા હતી તોજ શિવાજીને વિજય પ્રાપ્ત થયો." જીજાબાઇએ આજના વિજયનો યશ શિવાજી મહારાજના સહાયક મનુષ્યોનેજ આપી તેમના અંતઃકરણને ઉત્તેજિત કર્યાં.

શિવાજી મહારાજ પોતાના લશ્કરની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે ગઢ નીચે ગયા અને યુદ્ધમાં ઘાયલ થઇ પડેલાં મનુષ્યોની સેવાશુશ્રૂષા યોગ્ય પ્રકારે થાય એવી ગોઠવણ કરી. મહારાજે પ્રત્યેક મનુષ્ય પાસે જઈ તેમના સ્વાસ્થ્યસમાચાર પૂછ્યા. તેમને શારીરિક વેદના વિશેષ જણાય નહિ, તેથી તેમની સાથે મધુર અને ઉત્તેજક સંભાષણ કર્યું. રણમાં મૃત્યુ પામેલા પ્રત્યેક સિપાઇની યાદી કરાવી, તેમનાં સ્ત્રીસંતતિ પ્રત્યે શોકસહાનુભૂતિ દર્શાવી આશ્વાસન આપ્યું અને તેમના નિર્વાહ માટે પગાર બાંધી આપ્યા. સમરભૂમિમાં મૃત્યુ પામેલા અમલદારોને વેતન વગેરે ઇનામ આપ્યાં હતાં, તે તેમની પાછળ તેમના વંશજોને વંશપરંપરા માટે આપવામાં આવ્યાં. યુદ્ધમાં ઘાયલ થયેલા સિપાઇઓને શરીરે પડેલા ઘા મહારાજે પોતાની નજરે જોઇ ઘાના પ્રમાણમાં કોઇને બસો, કોઇને સો અને કોઇને પોણોસો હોનનાં ઇનામ આપ્યાં; ઉપરાંત યોગ્યતા પ્રમાણે કોઇને પાઘડી, કોઇને શેલાં અને કોઇને સોનાનાં કડાં ઇનામ આપ્યાં. જેઓ મોટી પદવીના સરદાર અને અધિકારીઓ હતા, તેમને મંદિલ, ઝભ્ભા, સોનાનાં કડાં, કંઠમાળા, શિરપેચ, મોતીના તૂરા, વીંટીઓ તેમજ ઘોડા વગેરેનાં ઇનામ આપ્યાં. કેટલાક અધિકારીઓને ગામ તથા જમીનોનાં ઇનામ આપ્યાં. તેમજ જે મનુષ્યની જેટલી બહાદુરી જોઈ તેના પ્રમાણમાં તેમને મોટે હોદ્દે ચડાવ્યા. પાયદળ સિપાઇઓને ઘોડેસવાર બનાવ્યા, કેટલાકને સરદારી આપી, કેટલાકને પાલખી તથા અબદાગીરીઓ આપી અને યુદ્ધમાં મૃત્યુ પામેલા કેટલાક પુરુષોના યુવાન પુત્રોને બોલાવી પોતાની પાસે નોકરીમાં રાખ્યા.

શિવાજી મહારાજે તાબાનાં સર્વ મનુષ્યોનો મોટો સમારંભ કરી, સર્વ સમક્ષ યોગ્ય પુરુષોને યોગ્ય ઇનામો અને વિશેષ અધિકાર આપ્યા. વળી જેઓએ બહાદુરી બતાવી હતી, તેમની સર્વ સભાજનો સમક્ષ સ્તુતિ કરી; તેથી સર્વને અતિશય ઉત્તેજન અને ઉત્સાહ પ્રાપ્ત થયાં. મહારાજની ઉદારતા, દયાળુપણું અને ગુણની કદર કરવાની એવી ઉત્કૃષ્ટ પદ્ધતિ [illegible] પૂર્વક

અને પ્રમાણિકપણે નોકરી કરવાનો ઉમંગ થયો હતો. એ સમયે મહારાજ પંતાજી ગોપીનાથને* પણ વીસર્યા નહોતા. વકીલનું કામ કુશળતાથી કરવા માટે તેને હિવરા ગામ અને પુષ્કળ ઇનામ આપ્યું; તેજ પ્રમાણે વિશ્વાસરાવને પણ જાસૂસનું કામ ઉત્તમ પ્રકારે કરવા માટે મોટું ઇનામ આપ્યું.

એવો મોટો વિજય પ્રાપ્ત થવાથી પ્રતાપગઢ ઉપર તેમજ ઇતર સ્થાનોમાં પણ આનંદોત્સવ ઊજવવામાં આવ્યો હતો. સ્થળેસ્થળે વાજિંત્રોના સુસ્વરો સંભળાતા હતા; ઘેરઘેર ધ્વજા, પતાકા અને વિજયતોરણો ફરકી રહ્યાં હતાં; હાથી પરથી સાકર વહેંચવામાં આવી; મહાસ્થળના સિદ્ધ, સાધુ અને ગોસાંઇઓને દેવપૂજાના પ્રચાર માટે દ્રવ્ય મોકલવામાં આવ્યું. મહારાજે પોતાના સર્વ ઇષ્ટમિત્રોને અફઝુલખાનનું વધવૃત્તાંત લખી જણાવ્યું. કર્ણાટકમાં શાહજીરાજાને એ સમાચાર દૂત મોકલી લખી જણાવ્યા. આજે વિજય મળ્યો તે સમસ્ત હિંદુ રાષ્ટ્રનો વિજય માનીને સર્વત્ર આનંદોત્સવ કરવામાં આવ્યો. તુળજાપુર, પંઢરપુર અને શિંગણાપુરનાં દેવસ્થાનોને ભ્રષ્ટ કરનાર માણસનો આ રીતે વધ થયો, તેથી પુરાણોમાંની કથા પ્રમાણે એકાદ રાક્ષસનો વધ થયો હોય, એમ સર્વ લોકો માનવા લાગ્યા અને તેનો નાશ થવામાં કંઇક ઇશ્વરનો સંકેત છે, એમ તેઓને લાગવા માંડ્યું. સર્વના હૃદયમાં સ્વદેશાભિમાનની ઊર્મિઓ ઊછળવા લાગી. કંઇક સૈકાંઓ થયાં લોકોના હૃદયમાં આવી વૃત્તિની ગંધ સરખી પણ ન હતી. તે સમયે લોકોના મનમાં કેવી ભાવના ઊછળતી હતી, તેનું વર્ણન એક પોવાડામાં કરવામાં આવ્યું છે. અફઝુલખાનના વધનું વર્ણન કરવાનું દરબારના એક કવિને ખુદ જીજાબાઇએ કહ્યું હતું અને તે બદલ તેને એક શેર સુવર્ણ અને એક ઘોડો ઇનામ તરીકે આપવામાં આવ્યો હતો, એમ કહેવાય છે.

જે સ્થળે અફઝુલખાનનો વધ કર્યો હતો તે સ્થળે તેનું માથું દાટી તેના પર એક બુરજ બંધાવ્યો અને તેનું નામ અફઝુલબુરજ પાડ્યું. ખાનના હાથમાંથી મહારાજે જે તલવાર ઝૂંટવી લીધી હતી, તે તેમણે વિજયના સ્મરણચિહ્ન તરીકે યત્નપૂર્વક સાચવી રાખી. મહારાજે વિચાર્યું કે, તુળજાપુરની ભવાનીદેવીના પ્રસાદ વડે આપણને

---

* રાયરીની બખરમાં લખ્યું છે કે, દત્તાજી ગોપીનાથ એ મહારાજનો વકીલ હતો. તેણે ઉત્કૃષ્ટ કાર્ય કરવાથી મહારાજે તેને એક લાખ હોન અને હિવરા ગામ ઇનામમાં આપ્યાં હતાં. શિ. દિ.-માં લખ્યું છે કે, પંતાજીપંતને હિવરા ગામ ઇનામમાં આપ્યું હતું. કેટલાકનું કહેવું એવું છે કે, ખાનના વકીલ કૃષ્ણાજી ભાસ્કરને ઇનામની લાલચ આપીને મહારાજે તેને પોતાના પક્ષમાં લીધો હતો. તેનેજ હિવરા ગામ ઇનામમાં આપીને પોતાની નોકરીમાં રાખી લીધો.

મહાન વિજય પ્રાપ્ત થયો છે; માટે પ્રતાપગઢ ઉપર તેની સ્થાપના કરવી. એક વિદ્વાન બ્રાહ્મણને ગંડકી નદીએ મોકલી ત્યાંથી એક શિલા મંગાવી, એક કારીગરને તુળજાપુર મોકલી ત્યાંની દેવીમૂર્તિના જેવીજ નવીન દેવીમૂર્તિ ઘડાવી તૈયાર કરી. બાલે નામક કિલ્લા ઉપરના કોટમાં વિશાળ સ્થળ જોઇ ત્યાં એક સુંદર દેવાલય બંધાવ્યું અને તેમાં શુભ મુહૂર્ત જોઇ, વિધિપૂર્વક, નવીન મૂર્તિની સ્થાપના કરાવી. એ દેવાલયમાં નિત્યપૂજા, નૈવેદ્ય અને બ્રાહ્મણભોજન થવા માટે કારભારીઓ નીમી તેમને પગાર બાંધી આપ્યો. દેવાલયમાં ઉત્સવ આદિ ખર્ચ માટે વર્ષાસન બાંધી આપ્યાં. તે ઉપરાંત દેવીને શણગારવા માટે મૂલ્યવાન વસ્ત્ર તથા સુવર્ણરત્નના પુષ્કળ અલંકારો આપ્યા. એ સ્થળે તુલજાપુરની પેઠેજ ઉત્સવ, બાધા, યાત્રા વગેરે થાય, એવી વ્યવસ્થા કરી.*

અફઝુલખાનનો વધ થયાની અને તેની સાથે મોકલેલા લશ્કરનો સંપૂર્ણ કચ્ચડઘાણ નીકળી ગયાની શોકજનક વાર્તા આદિલશાહે અને બડી બેગમે સાંભળી ત્યારે તેમને અત્યંત દિલગીરી થઈ. કહેવામાં આવે છે કે, જાસૂસોએ જ્યારે બાદશાહને એ ભયંકર સમાચાર સંભળાવ્યા, ત્યારે તે અત્યંત દિલગીર થઇ સિંહાસન

---

* કેટલાકનું કહેવું એવું છે કે, ચંદ્રરાવ મોરેને જીત્યા પછી આ દેવળ બાંધ્યું હતું. શેડગાંવકરની બખરના આધારે મિ. કિંકેડ એવું જણાવે છે કે, મહારાજે વિજાપુર–સરકારની સાથે વિગ્રહ શરૂ કરેલો હોવાથી પોતાની કુળદેવતા તુળજાભવાનીનાં દર્શનને માટે પ્રતિવર્ષ જવું દુર્ઘટ હતું. તેથી તેમણે રાયરીના કિલ્લા પર ભવાનીનું દેવળ બાંધવાનો વિચાર કર્યો અને મૂર્તિ માટે આરસનો પથ્થર લાવવાને માટે માણસો મોકલ્યાં; પણ દેવીએ સ્વપ્નમાં આવીને જણાવ્યું કે, "મારી ઇચ્છા એવી છે કે, મારૂં દેવળ મહાબળેશ્વરની પાસે બાંધવું. માટે ભોરપ્પા નામની ટેકરીની શોધ કરી ત્યાં આગળ મારૂં દેવળ બાંધજે અને ત્યાં એક કિલ્લો પણ બંધાવજે." સ્વપ્નમાંની દેવીની આજ્ઞા પ્રમાણે ભોરપ્પા નામનો ડુંગર મહાબળેશ્વરથી બાર માઈલના અંતરે તેમને મળ્યો. ત્યાં આગળ મહારાજે આ દેવાલય અને પ્રતાપગઢ નામનો કિલ્લો બંધાવ્યો. અફઝુલખાનના વધ પહેલાં આ કિલ્લા પર દેવીનું દેવળ હતું, તેની સાબિતી માટે વધારામાં જણાવે છે કે, અફઝુલખાનની મુલાકાતે જતાં પહેલાં અને તેનો વધ કરીને પાછા ફર્યા ત્યારે મહારાજે આ દેવીનાં દર્શન કર્યાં હતાં; પણ આ ઉલ્લેખથી તો કદાચ એટલુંજ સિદ્ધ થાય કે, મહારાજે કિલ્લા પર પ્રથમ પોતાની કુલસ્વામિનીનું એકાદ નાનુંસરખું દેવળ બંધાવેલું હશે અને આ વિજય પ્રાપ્ત થયા પછીથી મોટા આકારનું દેવળ બંધાવ્યું હોય.

ઉપરથી ઊઠી મહેલમાં જઇ, પલંગ પર પડી તરફડવા લાગ્યો. તેજ પ્રમાણે બડી બેગમે એ સમાચાર સાંભળ્યા ત્યારે પલંગ પર પડી શોક કરતાં કરતાં "અલ્લાહ, અલ્લાહ, ખુદા, ખુદા," એવા પોકારો કરવા માંડ્યા. સર્વ વિચારવા લાગ્યાં કે, શત્રુઓ અફઝુલ્લખાન જેવા શૂરવીર અને બળવાન સરદારનો વધ કરી તેનું માથું કાપી ગયા, વિશાળ લશ્કર હતું છતાં તેનો સંપૂર્ણ નાશ થયો, સર્વ સરસામાન લુંટાઇ ગયો, આટલું બધું નુકસાન થયું; આથી શિવાજી મહારાજનું સામર્થ્ય અતિશય વધ્યું છે, તે હવે મુસલમાની બાદશાહીનો નાશ કરી હિંદુ રાજ્યધાનીની સ્થાપના કરશે. સર્વ અમીરઉમરાવોને બીક લાગી અને સઘળા ચિંતાગ્રસ્ત થયા કે, હવે આદિલશાહીનું અસ્તિત્વ રહેશે નહિ. શિવાજી મહારાજ પોતાનું મોટું વિજયી લશ્કર લઈ ચડી આવી વિજાપુર જીતી લેશે, એવી ચર્ચા ઘેરઘેર થવા લાગી. કહેવામાં આવે છે કે, બાદશાહી નોબત ત્રણ દિવસ સુધી બંધ રહી હતી અને આદિલશાહ બાદશાહે તથા તેની માતાએ ત્રણ દિવસ સુધી અન્ન ગ્રહણ કર્યું નહોતું.*

---

* અફઝુલ્લખાનના વધ સંબંધી અનેક દંતકથાઓ પ્રચલિત છે. વિજાપુરના ઇતિહાસમાં માર્શલ લખે છે કે, પોતાની સવારીનું પરિણામ શુભ આવવાનું નથી અને તેમાં પોતાનું મૃત્યુ થવાનું છે, એ વાતની તેને અગાઉથી ખબર પડી હતી. આથી લડાઇમાં જતાં પહેલાં તેણે પોતાની ૬૩ સ્ત્રીઓને ઠાર મારી નાખી હતી. આનું કારણ એવું જણાવવામાં આવે છે કે, પોતાના મૃત્યુ પછી પરપુરુષ સાથે પોતાની સ્ત્રીઓને સંગ થાય નહિ; એટલા માટે તેણે આ કાળજી લીધી હતી. જ્યાં આગળ અફઝુલ્લખાનનું મકાન હતું, ત્યાં આગળ હજુ પણ આ વધ કરેલી સ્ત્રીઓની કબરો બતાવવામાં આવે છે. શેડગાંવકરની બખરમાં આ દંતકથાનો ઉલ્લેખ છે. તેમાં એવું જણાવવામાં આવે છે કે, અફઝુલખાન ચડાઇમાં જતાં પહેલાં પોતાના ગુરુનાં દર્શન કરવાને માટે ગયો હતો, તે વખતે તેણે માથા વગરનું માત્ર ગુરુનું ધડજ દીઠું હતું. પ્રો. સરકારે અફઝુલ્લખાનના મકાનવાળું સ્થાન પ્રત્યક્ષ જોયું છે. ત્યાં આગળ બધું જંગલ જેવું જામી ગયું છે. માત્ર ત્યાં આગળ કોઇ કોઇ ખંડિયેરના અવશેષો બાકી રહ્યા છે. અફઝુલ્લખાને પોતાની ૬૩ સ્ત્રીઓને જે ખાઈમાં ડુબાવીને ઠેર મારી તે ખાઇ પ્રો. સરકારે જોઈ છે એમ તે જણાવે છે.

प्रकरण १२ मुं–विजापुरसरकारना अन्य सरदारोना पराजय

અફઝુલખાનનો વધ કરી, તેના વિશાળ સૈન્યનો સંપૂર્ણ નાશ કરવાથી ચારે દિશામાં શિવાજી મહારાજનો ભય પ્રસરી રહ્યો. તેમ થવાથી સ્વરાજ્યનો વિસ્તાર કરવાનું કાર્ય સુલભ થઇ પડયું. વિજાપુર સરકારના અન્ય કિલ્લા અને પ્રાંત તાબે કરવામાં મહારાજને વિશેષ અડચણ પડી નહિ. અફઝુલખાને શિવાજી મહારાજ પર ચડાઇ કર્યાના સમાચાર સીદીએ જાણ્યા કે તરતજ તેણે તળા અને ઘોસાળાના કિલ્લાને ઘેરો નાખ્યો; પરંતુ થોડા સમયમાંજ તેણે સાંભળ્યું કે, "ખાનનો વધ થયો છે અને તેનું સર્વ સૈન્ય કેદ પકડાયું છે" એટલે તરતજ તેણે ઘેરો ઉઠાવી લઈ લશ્કર પાછું વાળ્યું. શિવાજી મહાગજે તેના પર સવારી કરવાની ઇચ્છાથી પોતાનું સૈન્ય તૈયાર કર્યું હતું; પરંતુ તે સમયે પન્હાળાનો કિલ્લો હસ્તગત થાય, એવો સંયોગ જણાયાથી તેઓ તે તરફ વળ્યા.

એ કિલ્લા પર વિજાપુરસરકારે નીમેલો કિલ્લેદાર રહેતો હતો. તે પોતાની મેળેજ કિલ્લો મહારાજને સ્વાધીન કરવા તૈયાર થયો, તેથી તેની સાથે સંદેશા ચલાવ્યા. એ ઉત્તમ કિલ્લો અનાયાસે પ્રાપ્ત થતો હોવાથી મહારાજના મનમાં પ્રથમ તો એવો સંશય ઉત્પન્ન થયો કે, "વિજાપુરસરકારે આપણને લોભ બતાવી ક્વચિત્ પ્રપંચજાળમાં સપડાવવાની યુક્તિ રચી હશે." તેમ છતાં પણ એ ગઢ આપણા તાબામાં આવતાં ઘણીજ અનુકૂળતા થશે, એવું જણાયાથી તેમણે પુષ્કળ માવળી સિપાઇઓ સહિત પોતાના એક પરમવિશ્વાસુ સરદારને કિલ્લા ઉપર મોકલવાનો વિચાર કર્યો. મહારાજે અંનાજી દત્તોને એ કાર્ય સોંપ્યું અને પોતે પુષ્કળ ઘોડેસવાર તથા પાયદળ લશ્કર સહિન થોડે દૂર તૈયાર થઈને ઊભા; કારણકે શત્રુ તરફથી દગો જણાય તો તેમના પર હુમલો કરી તેમનો પરાજય કરી શકાય. પરંતુ યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યોજ નહિ. કિલ્લેદારે કબૂલાત કર્યા પ્રમાણે કિલ્લો મહારાજને સ્વાધીન કર્યો * (ઑકટોબર ૧૬૫૯)

---

* બીજા લેખકોએ એ કિલ્લો હસ્તગત કર્યાની વિગતમાં લખ્યું છે કે, એ કિલ્લો અતિશય મજબૂત હોવાથી સહેલાઇથી

એજ પ્રમાણે પાવનગઢ પણ મહારાજના તાબામાં આવ્યો. એ કિલ્લો હસ્તગત કર્યા પછી મહારાજે વસંતગઢ ઉપર છાપો મારી તે કિલ્લો પણ તાબે કર્યો. કૃષ્ણા નદીના ઉભય તટ–પ્રાંત પર મહારાજે પોતાની સત્તા સ્થાપી અને સરળ રીતે મહેસૂલ વસૂલ કરવા માટે સર્વ કિલ્લા પર પોતાનાં થાણાં બેસાડ્યાં; અર્થાત્ શિરાળાની ગઢીપર્યંત બત્રીસ થાણાં બેસાડી ત્યાંનું મહેસૂલ વસૂલ કરવા માટે અધિકારીઓ નીમ્યા.

પન્હાળાનો કિલ્લો સ્વાધીનમાં આવ્યાથી શિવાજી મહારાજે તેજ સ્થળે નિવાસ કર્યો અને સિંહાદ્રિના શિખર પરના તથા તળ પ્રદેશના કિલ્લા હસ્તગત કરવાની ઇચ્છાથી તે દિશામાં પોતાનું લશ્કર મોકલ્યું. તેમાંના ઘણાખરા કિલ્લા તો વગર અડચણેજ હસ્તગત થયા, યુદ્ધ વગેરે ખટપટ કરવી પડી નહિ. માત્ર રાંગણા અને ખેલણાના કિલ્લા છાપો મારીને તાબે લેવા પડ્યા. ખેલણાનો કિલ્લો લેતાં તેઓને ઘણી મહેનત કરવી પડી, તેથી શિવાજી મહારાજે તે કિલ્લાનું નામ વિશાળગઢ પાડ્યું અને તે નામ અદ્યાપિપર્યંત ચાલે છે. અફઝુલખાનનો વધ કર્યા પછી મહારાજે બેત્રણ મહિનામાંજ એટલો બધો વિશાળ પ્રદેશ સ્વાધીન કર્યો હતો. એ પ્રમાણે મહારાજે ધીમે ધીમે સર્વ કોલ્હાપુર પ્રાંત અને તેમાંના કિલ્લા પોતાને તાબે કર્યા હતા.

એ સમયે મિરજમાં વિજાપુરસરકારના થાણામાં રૂસ્તમજમાન નામક મુખ્ય સરદાર રહેતો હતો. તેણે મહારાજની હિલચાલમાં કંઇ પણ અડચણ કરી નહોતી. તેનું એક કારણ એ હોવું જોઇએ કે, રૂસ્તમ શિવાજી મહારાજથી ડરી જઇને પોતાના સ્થાનમાંજ ભરાઇ રહ્યો હશે; કિંવા તે સમયના અંગ્રેજ વેપારીઓ શંકા

હસ્તગત થશે નહિ, એમ જણાયું ત્યારે તે તાબે કરવા માટે મહારાજે એવી યુક્તિ રચી કે, પોતાના કેટલાક સરદારોને શિક્ષા કરવાનો ઢોંગ કર્યો. તે સરદારોએ પોતાના તાબાના સાતસોઆઠસો સિપાઇઓ સાથે મહારાજની નોકરી છોડવાનું બહાનું કરી પન્હાળાના કિલ્લેદારને વિનંતી કરી કે, “ શિવાજી મહારાજની નોકરીથી અમને અસંતોષ થવાથી અમે તેમની નોકરી છોડી દીધી છે. અમને તમારી નોકરીમાં રાખો. ” સરદારોનું કથન કિલ્લેદારને સત્ય જણાયાથી તેણે સર્વને પોતાની નોકરીમાં રાખ્યા. બીજી તરફથી મહારાજે કિલ્લાને ઘેરો ઘાલ્યો. પછી એક દિવસ રાત્રે સંકેત પ્રમાણે કિલ્લા પર ગયેલાં મનુષ્યોએ નીચેનાં મનુષ્યોને ઉપર લઇ જે સ્થળે ગીચ ઝાડી હતી, ત્યાં સંતાડી રાખ્યાં. અંતે મહારાજનાં મનુષ્યોએ એકત્ર થઇ રખેવાળો પર હુમલો કર્યો અને તેમનો પરાજય કરી કિલ્લો હસ્તગત કર્યો.

બતાવે છે, તે પ્રમાણે મહારાજે તેને લાંચ આપીને શાંત પાડ્યો હશે; પરંતુ પાછળથી તેને બાદશાહનો એવો હુકમ મળ્યો કે, તેણે શિવાજી મહારાજ સાથે યુદ્ધ કરી કોલ્હાપુર પ્રાંતનું રક્ષણ કરવું. એ સમયે તેની પાસે ત્રણહજાર ઘોડેસવાર અને થોડું પાયદળ લશ્કર હતું. એટલા લશ્કર સાથેજ રૂસ્તમ પન્હાળા સુધી ચડાઇ લઇ ગયો. (ઑકટોબર, સને ૧૬૫૯) તેને નજીક આવેલો જાણી મહારાજે તેના ઉપર પોતાના ઘોડેસવારો સહિત હુમલો કર્યો અને તેનો પરાજય કરી તેને કૃષ્ણા નદીને પેલે પાર હાંકી કાઢ્યો; તેમજ અંત સુધી તેની પૂંઠ પકડી. મહારાજ તેની પાછળ જતાં ઠેઠ વિજાપુરપર્યંત જઇ પહોંચ્યા× હતા. માર્ગમાં મોટાં મોટાં ગામ લૂંટી ઉજ્જડ કરી નાખ્યાં અને વ્યાપારી બજારો પર કર નાખ્યો. એ પ્રમાણે એકસરખું તોફાન મચાવી મહારાજ પ્રબળ વેગપૂર્વક પાછા ફર્યા. એ વેગ એટલો જુસ્સાબંધ હતો કે તેમની પાછળ પડવાની શત્રુઓની હિંમત નહોતી. તેમનો વિલક્ષણ વેગ જોઇને વિજાપુરસરકારે પાછળ પડવાનો યત્ન પણ કર્યો નહિ.

વિજાપુર શહેરપર્યંત જઇ સર્વ પ્રાંત લૂંટી ઉજ્જડ કરી, શિવાજીમહારાજ વિશાળગઢમાં આવી પહોંચ્યા. એ સમયે મહારાજની આજ્ઞાથી અણ્ણાજી દત્તોએ પાયદળ સૈન્ય તૈયાર રાખ્યું હતું, તે લઇ મહારાજ રત્નાગિરિ પ્રાંતમાં દાખલ થયા અને ત્યાંનાં બંદરો અને શહેરો કબજે કરવાનો તેમણે સપાટો ચલાવ્યો. આ સવારીમાં તેમણે માત્ર રાજાપુર પર હલ્લો કર્યો નહિ. રાજાપુરના વેપારીઓએ આનું કારણ એવું જણાવ્યું છે કે, આ શહેર રૂસ્તમજમાનનું હતું અને તેણે મહારાજ જોડે નમ્રતા દર્શાવી હતી. બડી બેગમ રૂસ્તમજમાનનો દ્વેષ કરતી હતી તેથી તેણે પોતાના આત્મરક્ષણને માટે મહારાજ જોડે સ્નેહભાવ બાંધેલો હતો. આ વખતે તેમણે દાભોળ શહેર અને તેના તાબાના સર્વ થાણાં પોતાને હસ્તગત કર્યાં. આદિલશાહે આ થાણા પર મૂકેલો સૂબેદાર નાસીને રાજાપુર જતો રહ્યો.

ત્યાંથી મહારાજે રાયગઢ પર આવી પુનઃ લશ્કરની સારી પેઠે તૈયારી કરી અને પછી ચેઉલ પર ચઢાઈ લઇ ગયા. તે શહેરમાં ત્રણ દિવસ મુકામ કરી સમસ્ત શહેર સારી પેઠે લૂંટ્યું. તે સમયે એ શહેર ઉત્તમ પ્રકારે ધનવાન હોવાથી મહારાજને ત્યાંથી પુષ્કળ દ્રવ્ય

× રાજાપુરના તે વખતના અંગ્રેજ વેપારીઓના લખાણ પરથી એવું માલૂમ પડી આવે છે કે, રૂસ્તમજમાનની સાથે અફઝુલખાનનો છોકરો ફાઝલખાન પણ હતો. ફાઝલખાનનાં ઘણાંક માણસો મરાયાં અને રૂસ્તજમાન નાસીને હુક્રી જઇ રહ્યો. (જુઓ પ્રો. સરકાર કૃત બખર, પૃ. ૨૯૪.)

મળ્યું. ત્યાંના થાણદાર ખોજોજીને કેદ પકડી શહેર તાબે કર્યું અને લૂંટમાં મળેલું સર્વ દ્રવ્ય સુરક્ષિતપણે રાયગઢ પર મોકલી દીધું.

આ ગડબડમાં દાભોળના સૂબેદારનો પરાજય થવાથી અફઝુલખાનનાં માલથી ભરેલાં ત્રણ વહાણો દાભોળના બંદરમાં હતાં તે લઇને સૂબેદાર રાજાપુર ગયો. ત્યાં આગળ રૂસ્તમજમાનનો હુકમ થવાથી તે માલને બંદર પર ઉતારવામાં આવ્યો. મહારાજના એક સરદારને આ બાતમી મળતાંજ પોતાના માણસો લઇને તે રાજાપુર તરફ ગયો. મરાઠાઓ રાજાપુર આવે છે, એવી બાતમી મળતાંજ રૂસ્તમજમાનનો રાજાપુરનો સૂબેદાર તે વહાણમાંના એકમાં બેસીને નાસી જવાની તૈયારી કરવા લાગ્યો. ત્યારે ત્યાંના અંગ્રેજ વેપારીઓના એક દલાલ મિ. હેન્રી રેવ્હીંગટન નામના એક અંગ્રેજ કામદાર પાસે જઈ તેણે જણાવ્યું કે, “તમારા નામે મેં રૂસ્તમજમાનને અમુક રકમ કરજે આપેલી છે, તે આ સૂબેદાર પાસેથી વસૂલ કરી લો.” આ પરથી તે અંગ્રેજ કામદારે રૂસ્તમજમાનના સૂબેદાર પાછળ પોતાનું એક વહાણ મોકલીને તેને અટકાવ્યો; ત્યારે તેણે તે રકમના બદલામાં તે વહાણમાંનો માલ આપ્યો. એ લોકોની એ ગડબડ ચાલતી હતી, તેવામાં ઉપર જણાવેલાં મહારાજનાં માણસો બંદર ઉપર આવી પહોંચ્યાં અને રાજાપુરનો સૂબેદાર જે વહાણોમાં બેસીને નાસી જતો હતો તે વહાણને પકડી આપવાનું અંગ્રેજ કામદારને જણાવ્યું; પણ તે તેણે ગણકાર્યું નહિ, એટલુંજ નહિ પણ તે સૂબેદારના કહેવાથી બાકી રહેલાં બે વહાણમાંથી એક પોતાને કબજે કર્યું અને તે વહાણનું અસલ નામ બદલીને નવું નામ પાડ્યું. આમ આ લોકોની બોલાચાલી થતી હતી એટલામા ત્રીજું વહાણ છટકી ગયું. ત્યારે મહારાજના સરદારે અંગ્રેજ કામદાર પાસે સૂબેદારના લીધેલા માલની માગણી કરી; પણ તે આપવાનો તેણે ઇનકાર કર્યો. આ પ્રમાણે નિરાશ થવાથી તે સરદારે અંગ્રેજોના બે દલાલોને પકડ્યા. જ્યારે ફિલિપ ગિફર્ડ નામનો એક કામદાર તેમને કહેવાને ગયો કે, “અમારા કેદ પકડાયેલા દલાલોને છોડી દો.” ત્યારે તેને પણ કેદ કરવામાં આવ્યો અને અંગ્રેજોને એવું કહાવી મોકલ્યું કે, “અફઝુલખાનનાં ત્રણ વહાણો અને સૂબેદાર પાસેથી લીધેલો માલ અમારે સ્વાધીન થશે નહિ, ત્યાંસુધી આ પકડાયેલા આસામીઓને છોડવામાં નહિ આવે.” એ ત્રણે કેદીઓને ખારાપાટણ લઇ જવામાં આવ્યા. આ બાજુથી રિવ્હીંગટને શિવાજીમહારાજને એક પત્ર લખી એવી વિનંતી કરી કે, “અમારાં કેદ પકડાયેલાં માણસોને છોડી દેવાની આજ્ઞા કરવી અને એના બદલા તરીકે તમે જ્યારે દંડરાજપુરી પર હલ્લો કરશો ત્યારે હું તમને મદદ કરીશ. તમારા લોકોએ મુસલમાનોનાં વહાણ પકડવાનું કહેલું ખરું, પણ તે આજ્ઞા અમે માની નહિ; કારણકે

મુસલમાનો સાથે વૈર કરવાનું અમને ઇષ્ટ લાગ્યું નહિ." આવી મતલબનો પત્ર મળવાથી મહારાજે પોતાના સરદારને આજ્ઞા કરી કે, "તેણે અંગ્રેજ કેદીઓને છોડી દેવા, રૂસ્તમજમાનના મુખત્યારને તે શહેર પાછું સોંપવું અને શહેરના લોકોની જે જે વસ્તુ લુંટાયેલી હોય તે તેમને પાછી આપવી." આ હુકમ મળતાંજ દલાલોને છોડી મૂકવામાં આવ્યા; પરંતુ એક બ્રાહ્મણે કંઈક લબાડી કરવાથી ગિફર્ડનો છુટકારો જલદી થયો નહિ. તે પરથી રિવ્હીંગટને મહારાજ પાસે ફરીથી ફરિયાદ કરી; પણ તેમનો હુકમ મળે તે પહેલાંજ મહારાજના માણસો કેદીઓને ખારાપાટણથી વિશાળગઢ લઇ જતા હતા, તે વખતે અંગ્રેજના સિપાઇઓએ હલ્લો કરીને ગિફર્ડને છોડાવ્યો.× એમ કહેવાય છે કે, પોતાના મિત્ર રૂસ્તમજમાનના શહેર પર તે સરદારે હુમલો કર્યો તે માટે મહારાજે તેને પોતાની નોકરીમાંથી બરતરફ કર્યો હતો.

અફઝુલખાન અને રૂસ્તમજમાન જેવા બળવાન સરદારોનું શિવાજીમહારાજ આગળ કંઇ બળ ચાલ્યું નહિ. એકનો જીવ ગયો અને બીજો જીવ લઇને નાઠો, તે મહામુસીબતે વિજાપુર પહોંચ્યો. મહારાજનું લશ્કર રાજધાનીપર્યંત પૂંઠે પડ્યું હતું, તેણે માર્ગનો સર્વ પ્રદેશ લૂંટી બાળી નાખ્યો હતો. વિજાપુરસરકારની સત્તાના એકેએક ગામની પ્રજાને મહારાજની મોટી બીક લાગતી હતી. નાના મુસલમાન સરદારો અને કિલ્લેદારો મહારાજનું નામ સાંભળતાંજ થરથર કંપાયમાન થતા હતા, તો પછી તેમના પર ચઢાઇ કોણ લઇ જાય? એવી સ્થિતિ જોઇને કેટલાક મરાઠા લૂંટારાઓ ગામોમાં જઈ શિવાજીમહારાજના નામથી ખંડણી અને લૂંટ મેળવી આનંદોપભોગ કરવા લાગ્યા.

વિજાપુર સરકારને શિવાજીમહારાજનો અતિશય ભય લાગ્યો. શાહના દરબારમાં અમીરઉમરાવો વચ્ચે જાદવાસ્થળી જામી હતી, તે પણ બંધ પડી અને મહારાજનું સર્વ તોફાન કેવી રીતે બંધ પાડવું, તેનીજ સૌ ચિંતા કરવા લાગ્યા. આદિલશાહને ચિંતા થઇ કે, શિવાજીમહારાજ ઉપર ચઢાઇ લઇને હવે કયા શૂરવીર પુરુષને મોકલવો? કોઇ પણ શૂરવીર સરદાર આગળ આવી છાતી ઠોકી કહેતો નહિ કે, "હું શિવાજીમહારાજ ઉપર ચડાઇ લઇ જવા તૈયાર છું." કહેવામાં આવે છે કે, પિતાનું વેર વાળવા અફઝુલખાનનો પુત્ર ફાઝલખાન શિવાજીમહારાજ ઉપર ચઢાઇ લઇ જવાની બાદશાહને હમેશાં અરજ કરતો હતો; પરંતુ તેમના ઉપર ચઢાઇ લઇ જવાની તેની એકલાની હિંમત ચાલતી નહોતી. કેટલાક સરદારોએ એવો

× પ્રો. સરકારે રાજાપુરના અંગ્રેજ વેપારીઓના સન ૧૬૬૦ ના કાગળપત્રો પરથી આ હકીકત આપી છે.

અભિપ્રાય દર્શાવ્યો કે, 'આદિલશાહ બાદશાહે પોતેજ એ ચડાઈ લઈ જવી. તાબાના કોઈ પણ સરદાર ઉપર વિશ્વાસ રાખવો યોગ્ય નથી, પરંતુ બીજા કેટલાક સરદારોએ વિરુદ્ધ અભિપ્રાય દર્શાવતાં કહ્યું કે, "બાદશાહે સ્વતઃ એવા બળવાખોર ઉપર ચડાઇ લઈ જવામાં રાજ્યનું લઘુત્વ જણાશે. તેમજ શિવાજીમહારાજ અતિશય હિંમતવાન અને બુદ્ધિમાન હોવાથી કયે સમયે કયું કાર્ય કરશે, તેનો નિયમ નહિ. અવિચારી કાર્યથી કદાચ બાદશાહનો જીવ ભયમાં આવી પડે."*

વિજાપુર–દરબારમાં એવી ભાંજગડ ચાલતી હતી તે સમયે સીદી જોહાર નામક એક સરદાર શાહ આગળ આવ્યો. તે જાતનો હબસી અને પ્રબળ પ્રરાક્રમી હતો. કર્ણાટકની સવારી વખતે એણે વિશેષ બહાદુરી બતાવી ઉચ્ચ પદાધિકાર પ્રાપ્ત કર્યો હતો. બાદશાહ સાથે અણબનાવ થતાં તે કુર્નૂલ પ્રાંતમાં સ્વતંત્ર થઈ બેઠો હતો. તેના ઉદ્ધતપણા માટે બાદશાહ તેને શિક્ષા કરવા ચાહતા હતા; પરંતુ તેણે કૃતકર્મની ક્ષમા માગી, બાદશાહની પુનઃ કૃપાદૃષ્ટિ થવા માટે પ્રયત્ન આદર્યો હતો. આ સમયે બાદશાહે તેને કહાવ્યું કે, "તમે શિવાજી મહારાજ ઉપર ચડાઇ લઇ જઈ, તેનો મદ ઉતારશો તો તમારો અપરાધ ક્ષમા કરી, તમને ઉચ્ચ અધિકાર આપવામાં આવશે." સીદી સરદાર જોહારે એ શરત કબૂલ કરી અને મહારાજ પર સવારી લઇ ગયો. ફાઝલખાન પણ પિતાના મૃત્યુનું વૈર વાળવા માટે સીદી જોહાર સાથે સવારીમાં ગયો હતો.×

બાદશાહે શીદી જોહારને પ્રચંડ સૈન્ય આપ્યું હતું. કહેવામાં આવે છે કે, અફઝુલખાન સાથે મોકલેલા સૈન્ય કરતાં આ વખતનું સૈન્ય બમણું મોટું હતું. સીદી સવારી લઇ જાય તે પહેલાં બાદશાહે તેને સલાબતખાનની નવીન પદવી આપી તેનું ગૌરવ વધાર્યું હતું. શાહે

---

* એમ કહેવામાં આવે છે કે, આ સમયે ઔરંગઝેબ પોતાના બાપને કેદ કરીને તથા પોતાના ભાઇઓનો નાશ કરીને દિલ્હીની ગાદી પર બેઠો હતો. તેના મનમાં તે વખતે દક્ષિણમાં પોતાની સત્તા જમાવવાનો વિચાર આવ્યો. તેના પ્રદેશમાં શિવાજી મહારાજ લૂંટફાટ કરતા હતા, તે અટકાવવાને માટે શાહિસ્તખાન નામના એક સરદારને મોટું સૈન્ય આપીને તેણે શિવાજી મહારાજ પર મોકલ્યો; (૧૬૬૦) અને વિજાપુરની સરકારને પણ મહારાજ પર સવારી કરવાનું કહ્યું. આથી કરીનેજ વિજાપુરની સરકાર ચડાઇ માટે ઉતાવળ કરતી હતી. શાહિસ્તખાનની ચડાઈની હકીકત આગળ સોળમા પ્રકરણમાં આપવામાં આવી છે.

× ચિટનીસ અને શિ. દિ. કાર લખે છે કે, સરજાખાન નામક એક બીજા સરદારને પણ તેમની સાથે ચડાઇમાં મોકલ્યો હતો.

ધાર્યું હતું કે, “તેનું ગૌરવ વધારવાથી પોતાનું કર્તવ્ય ઉત્સાહપૂર્વક અને પ્રમાણિકપણે કરવાની તેને ઉત્કંઠા થશે.” ફાઝલખાનને ઉત્કંઠા હતી કે, શિવાજી મહારાજ સાથે પ્રચંડ યુદ્ધ કરી, તેમનો પરાજય કરી મારા પિતાનું વૈર વાળવાનો ક્યારે પ્રસંગ મળે ?” એ સરદારોને મહારાજ ઉપર સવારીમાં મોકલી, આદિલશાહે જંજિરાના સીદીને વાડીના દેશમુખોની સહાયતા વડે, મહારાજના તાબાની કોંકણપટ્ટી પર સવારી કરવાની આજ્ઞા ફરમાવી. સીદી જોહાર અને ફાઝલખાને પ્રથમ પન્હાળાના કિલ્લા પર હુમલો કરવાનો નિશ્ચય કરી તે તરફ કૂચ કરી. તેઓએ પરસ્પર એવી ગોઠવણ કરી લીધી કે, કિલ્લો તાબે કરવાનું કામ સીદી જોહારે કરવું તથા ફાઝલખાને ડુંગરોને માર્ગે કોંકણમાં શિવાજી મહારાજના પ્રદેશમાં પ્રવેશ કરવો.

મહારાજના ગુપ્ત જાસૂસો હમેશાં ચારે દિશામાં ફરતા હતા. તેમણે એ સંબંધી સર્વ સમાચાર મહારાજને નિવેદન કર્યા. આસપાસથી શત્રુની ફોજ આવી પડશે, એવું જાણતાંજ મહારાજે પ્રત્યેક કિલ્લેદારને કિલ્લા પર ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત રાખી હોશિયાર રહેવાની ચેતવણી આપી. આસપાસથી ચડી આવતા શત્રુઓ સાથે યુદ્ધ કરતાં ફાવે તે માટેની સર્વ તૈયારી તેમણે ઝપાટાબંધ કરવા માંડી. મહારાજે રઘુનાથપંતને કોંકણમાં ફત્તેહખાન સીદી સાથે યુદ્ધ કરવાની આજ્ઞા કરી, આબાજી સોનદેવને કલ્યાણ–ભીમડી પ્રાંતનું રક્ષણ કરવાનું કાર્ય સોપ્યું, બાજી ફલસકરને વાડીના લખમ સાવંતો સાથે ટક્કર ઝીલવા મોકલ્યો, મોરોપંતને પર્વત ઉપરના પુરંદર, સિંહગઢ, પ્રતાપગઢ આદિ કિલ્લા અને તેની આસપાસના પ્રદેશનું રક્ષણ કરવાની આજ્ઞા કરી અને મહારાજે પોતે પન્હાળાના કિલ્લાનું રક્ષણ કરવાનો નિશ્ચય કરી તે ઉપર મજબૂત બંદોબસ્ત રાખ્યો. નેતાજી પાલકરને પોતાના ઘોડેસવાર સહિત સીદી જોહારના લશ્કર ઉપર થોડી થોડી વારે છાપો મારી ત્રાસ આપવાનું કામ સોપ્યું. મહારાજ સ્વતઃ પન્હાળાના કિલ્લામાં જઇ રહ્યા તેનું કારણ એ હતું કે, વિજાપુરસરકાર તરફથી આવના સૈન્યનો વેગ પ્રથમ કોલ્હાપુર પ્રાંત તરફ હોવા છતાં પન્હાળાનો કિલ્લો તાબે કરવાની દુશ્મનોએ યુક્તિ રચી હતી, તે મહારાજના જાણવામાં આવતાં તેમણે કિલ્લો એકાએક તેમના હાથમાં નહિ જવા દેવાનો વિચાર કર્યો હતો; પરંતુ તેમણે સ્વતઃ એ કિલ્લાનું રક્ષણ કરવાનો વિચાર કર્યો તે અયોગ્ય હતું, એ આગળ વાંચતાં સ્પષ્ટ જણાઇ આવશે.

સીદી જોહાર પોતાના લશ્કર સહિત પન્હાળાના કિલ્લા નજીક આવવા લાગ્યો ત્યારે શિવાજી મહારાજે માર્ગમાં તેને કંઇ પણ અટકાવ કર્યો નહિ; છેક નજીક આવવા દીધા પછી તેની ખો ભૂલાવવાની મહારાજની ઇચ્છા હતી. શત્રુના સૈન્યે પન્હાળા પાસે છાવણી

નાખી ત્યારે નેતાજીએ પોતાના સૈન્યની હિલચાલ શરૂ કરી. તે રાત્રિના સમયે શત્રુના સૈન્ય પર છાપો મારવા લાગ્યો, અનાજ વગેરે મળવાનાં સ્થાન બંધ કરી, તેમને અન્નકાષ્ઠ વગેરે મળે નહિ એવો યત્ન કરવા લાગ્યો, શત્રુઓ સાથે સામસામા થઇ તેમની સાથે યુદ્ધ કરવાનો લાગ ચૂકવતો. શત્રુઓને ખબર ના પડે તેમ આસપાસની ઝાડીમાંથી ગુપચુપ માવળી સિપાઇઓનાં ટોળાં તેમની છાવણીમાં પ્રવેશ કરતાં અને જે દિશા તરફનો બંદોબસ્ત તદ્દન અવ્યવસ્થિત જણાતો, તે બાજુએ તલવારોસહિત પ્રવેશ કરી કાપાકાપી ચલાવતાં; અને જ્યારે શત્રુના સિપાઈઓ તેમના પર ધસી જતા તે વખતે માવળીઓ તેમના પર ગરનાળનો (એક પ્રકારની તોપ) મારો ચલાવી, છાવણીમાંથી નીકળી, ઝાડીમાં ભરાઇ જતા. નેતાજીએ એ પ્રમાણે શત્રુના સૈન્યને ઘણો ત્રાસ આપ્યો અને પોતાનું વિશેષ નુકસાન થવા ન દેતાં શત્રુના પુષ્કળ સિપાઇઓ કાપી નાખ્યા. સીદી જોહારે વિચાર્યું કે, છાપો મારનારાં મનુષ્યોનો પ્રથમ નાશ કરવો જોઇએ તે સિવાય યુદ્ધમાં વિજય મળશે નહિ. સીદી પોતેજ પોતાના સૈન્ય સહિત તેમના પર હુમલા કરવા લાગ્યો અને તેણે જે હાથમાં આવે તેનો સંહાર કરવાનો સપાટો ચલાવ્યો. પરંતુ ડુંગરાળ પ્રદેશમાં મરાઠાઓની પૂંઠ પકડવાનું કામ અતિ વિકટ અને વિશેષ ફાયદાકારક નહિ જણાયાથી, પોતાના જે સિપાઇઓને વેગળે થાણાં રાખી ગોઠવ્યા હતા, તેમને એકત્ર કરી તેણે મજબૂત રીતે કિલ્લાને ઘેરો ઘાલ્યો. તે સમયે સંયોગો અતિશય પ્રતિકૂળ હતા છતાં, તેણે કિલ્લા ઉપર પ્રબળ વેગપૂર્વક તોપોનો મારો ચલાવ્યો. કોઇ મનુષ્ય કિલ્લામાંથી બહાર અને બહારથી કિલ્લામાં પ્રવેશ કરી શકે નહિ, તે માટે સખ્ત બંદોબસ્ત કર્યો. પોતાના લશ્કરમાં તેણે સખ્ત આજ્ઞા ફેરવી કે, કોઇ પણ મરાઠો હાથમાં આવે તો તેને જીવતો જવા દેવો નહિ. લશ્કરના સિપાઇઓ રાતદિવસ જાગૃત અને સાવધ રહે તે માટે રાતે અને દિવસે પહેરા પર જુદાજુદા અધિકારીઓ અને સિપાઇઓ રાખવાની વ્યવસ્થા કરી, સર્વ લશ્કર ઉપર સીદી પોતે જાતે દેખરેખ રાખવા લાગ્યો.

શિવાજીમહારાજ ચાર મહિના સુધી કિલ્લામાં અટકી પડયા. સીદીનો મજબૂત ઘેરો ઉપડે એવાં ચિહ્નો જણાતાં નહોતાં. તેનું લશ્કર વિશાળ હતું, તેમજ બંદોબસ્ત પણ ઘણોજ સખ્ત હતો. નેતાજી પાલકરે તેના સૈન્ય ઉપર ઘણાએ છાપા માર્યા; પરંતુ તેના સૈન્યમાંથી જોઇએ તેવી મોટી સંખ્યા ઓછી થઇ નહિ. કિલ્લા ઉપરથી ગમે તેટલો તોપોનો મારો આવે તોપણ તેમના લશ્કરમાં વિશેષ નુકસાન થઇ શકે એમ નહોતું. તેમાં વળી શિવાજીમહારાજ કિલ્લામાં ઘેરાઇ ગયાના સમાચાર શત્રુઓના જાણવામાં આવ્યા, ત્યારે તેઓ ઘેરો

ઉઠાવી બીજી બાજુએ જાય, એવું સ્વપ્ને પણ કલ્પી શકાય તેમ નહોતું ! કિલ્લો તાબે કરવા માટે સીદી પોતાના તરફથી તનતોડ યત્ન કર્યા વગર રહે તેવો નહોતો, એ નક્કીજ હતું. સીદી જોહારને ખાતરી થઇ હતી કે, કિલ્લો વહેલોમોડો આપણા તાબામાંજ આવવા સાથે શિવાજી મહારાજ પણ અવશ્ય પકડાશે અને આજપર્યંત જે કાર્ય કોઇથી થયું નથી તેમાં વિજય મેળવવાનો યશ આપણને મળશે; તેમજ વિજાપુરદરબારમાં આપણું ગૌરવ અતિશય વૃદ્ધિ પામશે. એ વિચાર થતાંજ સીદીને વિશેષ ઉત્સાહ અને જુસ્સો ઉત્પન્ન થયો હતો. શિવાજી મહારાજે પણ કિલ્લા પર સર્વ પ્રકારનો એવો ઉત્તમ બંદોબસ્ત રાખ્યો હતો કે, શત્રુ કિલ્લા નીચે એકબે વર્ષ સુધી ઘેરો નાખી પડી રહે, તોપણ મહારાજ કદી પણ તેમને હાથે પકડાય નહિ, તેમજ કિલ્લા પરનાં મનુષ્યોને બે વર્ષ ચાલે એટલું અન્ન તથા દારૂગોળો ભરી રાખ્યાં હતાં, તેથી બહારથી એ વસ્તુઓ કિલ્લામાં ન આવે તોપણ તેમનું કામ અટકી પડે તેમ નહોતું; તેમ છતાં શિવાજી મહારાજને ચિંતા થઈ કે, “આપણે એકજ સ્થળે ગોંધાઇ અટકી પડ્યા છીએ. આપણાં મનુષ્યો બહાર શું કરે છે તે જાણવાનો માર્ગ રહ્યો નથી; આપણાં મનુષ્યોને પ્રસંગને અનુસરતી જે જે આજ્ઞાઓ આપવી જોઇએ તે માટેની સગવડ રહી નથી, તો હવે આ સ્થળેથી છૂટા થવું.” એ સંબંધી ચિંતા કરવા લાગ્યા. કિલ્લા નીચે શત્રુની છાવણી પડી છે. કોઇ પણ સ્થળે તેમનો બંદોબસ્ત કાચો નથી. કિલ્લામાંથી છટકી જવાનો લાગ મળે તેમ નહોતું. શત્રુ પર એકદમ તૂટી પડીને સામું થવું, એ પણ શક્ય નહોતું; કારણકે તેઓનું લશ્કર ઘણું મોટું હતું; તેમજ એવું સાહસ કરવાથી આપણા સર્વ લશ્કરનો નાશ થશે એવી પણ મહારાજની ધારણા હતી. તેના સપાટામાંથી છૂટવાનો કંઇ બીજોજ ઉપાય યોજવો જોઇએ, એવો વિચાર કરી મહારાજે સીદી જોહારને સંદેશો કહાવ્યો કે, “કિલ્લો તમારે સ્વાધીન કરવા હું ખુશી છું. મારા જીવને નુકસાન ન પહોંચે એવું અભયવચન આપવાથી હું સ્વતઃ કિલ્લાની નીચલી માંચી પર તહનામાની શરતો નક્કી કરવા આવીશ.” એ સંદેશો સાંભળતાંજ સીદીને અતિશય આનંદ થયો. તેણે મહારાજને અભયવચન કહાવ્યું, તે પરથી થોડાક વીર સૈનિક–યોદ્ધાસહિત મહારાજે સંધ્યાસમયે સીદીની છાવણીમાં પ્રવેશ કર્યો. તેમને ખાતરી હતી કે, સીદીના શબ્દો ઉપર વિશ્વાસ રાખવામાં કંઇ પણ અડચણ નથી. બંનેની મુલાકાત થતાં મહારાજે એવું આશ્ચર્યજનક બહાનું કાઢ્યું કે, તે સીદીને ખરૂંજ જણાયું. કિલ્લો સ્વાધીન કરવા સંબંધીની કેટલીક મુખ્ય મુખ્ય શરતો પર વિચાર કરી તે નક્કી કરી; પરંતુ એટલામાં રાત્રિ થઇ જવાથી કેટલીક પરચુરણ બાબતોનો

નિકાલ બીજે દિવસે કરવાનું વચન આપી, મહારાજ તેની આજ્ઞા લઇ પાછા કિલ્લા પર ગયા.* ‘ શિવાજીમહારાજ તદ્દન નમ્ર થઈ આપણે શરણે આવ્યા છે, હવે તેને આપણે જેમ કહીશું તેમ વર્તશે,’ એવું જણાયાથી સીદી નિશ્ચિંત થયો. હવે તેઓ યુદ્ધ કરશે નહિ. કિલ્લો તો આપણા તાબામાં આવીજ ચૂકયો, એવું સમજી સીદીના સિપાઇઓએ કિલ્લા પર તોપોનો મારો બંધ કર્યો ને પહેરાપરના સિપાઇઓ પણ અસાવધ થઈ મોજમજા ઉડાવવા લાગ્યા.

સીદીના સિપાઇઓને ભૂલથાપમાં નાખી મહારાજે કિલ્લામાંથી નીકળી જવાનો ઘાટ ઘડ્યો. તે પોતાના ચુનંદા માવળી યોદ્ધા એકત્ર કરી રાત્રિના અંધકારમાં કિલ્લા નીચે ઉતર્યા અને શત્રુના પહેરેગીરોની પાસે થઇનેજ તેઓ બહાર નીકળી ગયાં.× પહેરેગીરો અસાવધ હોવાથી શિવાજીમહારાજ નાસી જાય છે, એ તેઓના લક્ષમા આવ્યું નહિ; પરંતુ તેમને થોડી વાર પછી મહારાજના નાસી જવાની ખબર પડતાંજ તેમની પૂંઠ પકડવાની તેઓ તૈયારી કરવા લાગ્યા. એટલામાં મહારાજ પોતાના સિપાઇઓસહિત, પ્રબળ વેગપૂર્વક

---

* મોડકકૃત આદિલશાહીના ઇતિહાસમાં એ સંબંધી લખ્યું છે કે, “ મહારાજે સીદીને અતિ નમ્રતાયુક્ત પત્ર મોકલી જણાવ્યું કે, હું મિત્ર તરીકે તમારી મુલાકાત લેવા ચાહું છું. મારો અપરાધ ક્ષમા કરી આશ્વાસન આપવાથી અને મુલાકાતની રજા મળ્યાથી બેત્રણ સિપાઇઓ સાથે આપના તંબૂમાં આવી મારો સર્વ ઉદ્દેશ પ્રત્યક્ષ કહીશ.” એટલું જાણતાંજ સીદી ખુશી થઇ ગયો. મૂળથીજ તે અપ્રમાણિક હોવાથી તેણે મહારાજને જણાવ્યું કે, “ બહારથી બાદશાહ તરફથી ચઢી આવ્યો છું; પરંતુ મારા હૃદયમાં તમારૂં નુકસાન કરવાની ઇચ્છા નથી. તમે મૈત્રી બાંધી તહનામું કરશો તો તમારો વાળ વાંકો થવા દઇશ નહિ. તમારી મુલાકાત કરવાની મને ઘણી ઉત્કંઠા છે.” એવું ધૈર્ય મળવાથી મહારાજે મધ્યરાત્રિને શુમારે બેત્રણ મનુષ્યો સહિત કિલ્લા નીચે ઉતરી સીદીની મુલાકાત લીધી. સીદીએ તેમની ઉત્તમ પ્રકારે બરદાસ્ત કરી. કેટલીક શરતો નક્કી કર્યા પછી મહારાજ ઉપર કિલ્લા પર ગયા. એ સમાચાર બાદશાહને મળતાંજ તેઓ ગુસ્સે થયા અને પોતેજ શિવાજીમહારાજ ઉપર ચડાઈ લાવવા તૈયાર થયા. (જુઓ પૃ. ૨૦૨.)

× રાયરીની બખરમાં લખ્યું છે કે, મહારાજ વીસહજાર માવળીસહિત મુસલમાનોના લશ્કર પર અચાનક તૂટી પડ્યા અને તેમની સાથે લઢતાં વિશાળગઢ સુધી ચાલ્યા ગયા. ફાજલખાન તેમની પાછળ પડ્યો હતો. તહનું બહાનું કરી મહારાજે તેમને અગાઉથી અસાવધ કર્યા હતા.

વિશાળગઢ* તરફ ચાલ્યા ગયા. ફાઝલખાન અને સીદી જોહારનો પુત્ર સીદી ઉજીઝ,× એ બન્ને કેટલાક ઘોડેસવારો લઈ મહારાજને પકડવા તેમની પાછળ દોડ્યા, તેની સાથે પાયદળ લશ્કર પણ પાછળ દોડ્યું; પરંતુ સૂર્યનો પ્રકાશ થતાં પહેલાં મહારાજનાં મનુષ્યો તેમની દૃષ્ટિએ પડ્યાંજ નહિ. એ તેમની નજરે પડ્યાં, તે વખતે તેઓ વિશાળગઢથી છ માઈલ વેગળે ડુંગર ચડતાં હતાં. પોતાની પાછળ શત્રુઓ ધસ્યા આવે નહિ અને તેમને માર્ગમાંજ અટકાવી શકાય, એટલા માટે મહારાજે ડુંગરની ટોચ પર કેટલાક માવળી સિપાઇઓ રાખ્યા અને તે ઉપર બાજી દેશપાંડેને મુખ્ય અધિકારી નીમ્યો. મહારાજે બાજીને એવી સલાહ આપી કે, "કિલ્લા પર જઇ પહોંચ્યા પછી અમે પાંચ તોપો ફોડી સંકેત કરીએ ત્યાંસુધી શત્રુઓને નીચલી ખીણમાં અટકાવી રાખજો. મહારાજને સંપૂર્ણ ખાતરી હતી કે, બાજી દેશપાંડે મહાન શૂરવીર અને પ્રમાણિક છે. તેઓ જાણતા હતા કે, કોઇ પણ વિકટ પ્રસંગે તેના પર વિશ્વાસ રાખવામાં જરા પણ અડચણ નથી. સાંપ્રત જેવા અણીને પ્રસંગે તેને સોંપેલું કાર્ય ઉત્તમ પ્રકારે પાર પડશે, એમ જાણી મહારાજે તેની નિમણુંક કરી એ તદ્દન યોગ્યજ હતું. તેની સાથે પાંચહજાર માવળા સિપાઇઓ રાખ્યા હતા. દેશપાંડેએ ડુંગર પર સ્થળે સ્થળે મોરચા બાંધી ઝાડીમાં સિપાઇઓ ઊભા રાખ્યા. મુસલમાનોના ઘોડેસવાર આગળ ધસી આવ્યા કે તેના પર માવળાઓએ બંદૂક અને જંજાળ (એક પ્રકારની નાની તોપ)નો મારો ચલાવ્યો; તેથી તેઓ ખીણમાંથી ઉપર ચડી શક્યા નહિ. પાછળથી પાંયદળ લશ્કરની મદદ આવી પહોંચી, એટલે મુસલમાનોએ ડુંગર પરના માવળાઓ ઉપર જુસ્સાભેર હુમલો કર્યો; પરંતુ તેઓએ જીવલેણ યુદ્ધ કરીને પ્રચંડ વેગ સહિત મુસલમાનોનો હુમલો પાછો હઠાવ્યો. તેમ છતાં તેઓએ બીજી વખત પુષ્કળ લશ્કર સહિત હુમલો કર્યો, તે પણ વીર યોદ્ધા દેશપાંડેએ પાછો હઠાવ્યો. આ સમયે ઉભય પક્ષના સૈનિકો અતિ તેજસ્વિપણાથી અને શૌર્યથી લડ્યા. બાજીપ્રભુએ બે પહોર દિવસ ચડ્યો ત્યાંસુધી શત્રુના એટલા મોટા સૈન્યને અતિ શૌર્યપૂર્વક થોભાવી રાખ્યું. તેઓને ખીણમાંથી ઉપર ચડવા દીધા નહિ, તેથી ફાઝલખાનને તેમના પર અતિશય ક્રોધ

---

* કેટલીક બખરોમાં લખ્યું છે કે, મહારાજ રાંગણા નામના કિલ્લા તરફ નાસી ગયા. ગ્રાંટ ડફ અને રાનડે આ હકીકતને ખરી માને છે. અમે પણ તે મુજબ ખરી માનીને પ્રથમ આવૃત્તિમાં એ પ્રમાણેજ લખ્યું હતું; પરંતુ રાંગણાનો કિલ્લો પન્હાળાના કિલ્લાથી પોણાસો માઈલ દૂર છે. જેધેની શકાવલીમાં ખેળણા કિલ્લા તરફ નાસી ગયા, એવું જણાવે છે. આ ખેળણા એજ વિશાળગઢ.

× તવારીખ-ઈ-શિવાજીમાં તેનું નામ સીદી હલાલ છે.

ચડ્યો. તેણે પોતાના કર્ણાટકના પાયદળ લશ્કર સહિત પુનઃ ત્રીજી વાર માવળાઓ પર ઘણા જુસ્સાભેર હુમલો કર્યો અને તેમના પર લાગલાગટ તોપોનો મારો ચલાવ્યો. આ સમયે અર્ધુંક માવળી લશ્કર મૃત્યુવશ થયું; તેમજ શત્રુના પાંચેક હજાર સૈનિકો મરણ પામ્યા હશે; તેમ છતાં વીરપુરુષ બાજી દેશપાંડેએ ધૈર્ય નહિ છોડતાં તેમનો ત્રીજો હુમલો પાછો હઠાવવાનો પ્રયત્ન કર્યો, એટલામાં તોપનો ગોળો વાગતાં દેશપાંડે રણમાં પડ્યો. તેના શરીરમાંથી પ્રાણ જાય તે પહેલાં પાંચ તોપોનો અવાજ તેને કાને પડ્યા અને મહારાજ સુખરૂપ કિલ્લામાં પહોંચી ગયાની ખાતરી થઈ. એ વખતે સ્વામિનિષ્ઠ દેશપાંડેના શરીરને અસહ્ય વેદના થતી હતી; છતાં તેને આનંદજ થયો. “મારે વિશ્વાસે સોંપેલું કર્તવ્ય પરિપૂર્ણ થયું છે અને સ્વામીના કાર્યમાં વીરત્વ બતાવતાં મારા પ્રાણનું બલિદાન થાય છે” એ વિચારે તેના અંતઃકરણમાં અતિશય સંતોષ થયો. પોતાના સરદારને પંચત્વ પામેલો જોઈ, માવળા સૈનિકોનું ધૈર્ય રહ્યું નહિ. મહારાજ કિલ્લા પર પહોંચી ચૂકયા છે, એ જાણી માવળાઓએ વિચાર્યું કે, હવે આપણું કર્તવ્ય સંપૂર્ણ થયું છે. તેઓ જંગલના ડુંગરોમાં થઇને જ્યાં માર્ગ જડ્યો ત્યાંથી નાસી જઇ સર્વે કિલ્લા પર એકઠા થયા. તેઓએ નાસતી વખતે પોતાના સરદારનું શબ ઉપાડી લીધું હતું. તેને શત્રુના હાથમાં જવા દીધું નહોતું. મુસલમાની લશ્કર વિકટ જંગલમાં થઇને તેમની પાછળ ગયું નહિ.*

ખીણ ઉપરના માવળા નાસી જતાં સીદી લશ્કરને અનુકૂળતા થઇ. તેઓ ડુંગર ચડી કિલ્લા નીચે આવ્યા; પરંતુ તે સમયે એ પ્રાંતની હવા શુષ્ક હતી. સખ્ત ઉનાળો હોવાથી નદીઓ અને નાળામાં પાણી ખૂટવા માંડ્યું હતું. કિલ્લા નીચેની જગ્યા તદ્દન ખાડાટેકરાવાળી હોવાથી ત્યાં છાવણી નાખી કિલ્લાની આસપાસ મોરચા માંડી ઘેરો ઘાલવાનું કાર્ય અતિ કઠિન હતું. ફાઝલખાનને ભીતિ લાગી કે, “શિવાજીમહારાજ અનેક યત્ને પણ મારી ફોજ પાયમાલ કરી પિતાના જેવીજ મારી સ્થિતિ કરશે.” તેથી તેણે કિલ્લાને ઘેરો નાખવાનો વિચાર બંધ રાખ્યો. તેમાં વળી સીદી જોહાર પન્હાળાનો ઘેરો ઉઠાવી વિશાળગઢ તરફ આવવાની આનાકાની કરવા લાગ્યો, તેથી નિરુપાયે ફાઝલખાન વિશાળગઢ નીચેથી પોતાની છાવણી ઉપાડી પન્હાળા આવ્યો; પરંતુ પન્હાળાને ઘેરો નાખી બેસી રહેવાથી તેને ફાયદો જણાયો નહિ. તેનું કારણ સ્પષ્ટજ હતું: “મહારાજ હવે મુક્ત થયા

---

* મિ. કિંકેડ જણાવે છે કે, વિશાળગઢ પાસે ગજપુરી નામના ગામમાં સીદી જોહારે કેટલાક દિવસ મુકામ રાખ્યો હતો. પછી તેણે વિશાળગઢના પૂર્વ ભાગમાં જઇને કિલ્લાને સુરંગ લગાડી; પણ મહારાજે બીજી તરફ સુરંગ લગાડીને તેના લશ્કરનો ઘાણ વાળી નાખ્યો.

છે, તે કયા વખતે શું કરશે અને ક્યારે આપણી પાયમાલી કરશે તેનો નિયમ નથી." ફાઝલખાનને એજ ભય લાગ્યો હતો. બીજું કારણ એ પણ હતું કે, વર્ષાઋતુ નજીક આવતી હોવાથી, હજુ પણ ઘેરો નાખી બેસી રહેવાથી ડુંગરાળ પ્રદેશમાં રહી શકાશે નહિ. તેમને એવો વિચાર થાય, એ પણ સ્વાભાવિકજ હતું. મહારાજ જ્યારે વિશાળગઢના કિલ્લા તરફ નીકળી ગયા ત્યારે તેમણે પન્હાળાનો કિલ્લો રાઘોબા બલ્લાળને સ્વાધીન કર્યો હતો. તે સીદી જોહાર સાથે શૌર્યપૂર્વક લડતો હતો. તેણે આ સમયે ઘણી બહાદુરી અને ચાતુરી વડે કિલ્લાનું રક્ષણ કર્યું. તેને બહારથી મદદ કરવા માટે મહારાજે લશ્કર મોકલ્યું હતું. મુસલમાનોએ મોરચા બાંધી કિલ્લાને ઘેરો નાખ્યો હતો. પાછળથી આવેલા લશ્કરની મદદ વડે તેમણે નીચેના લશ્કર પર હુમલા કરવા માંડ્યા અને કાપાકાપી કરી જે સામાન હાથમાં આવતો તે લૂંટી લઇ નાસી જવા લાગ્યા. કિલ્લા આગળ યુદ્ધ કરનાર મુસલમાન સિપાઇઓ નીચે છાવણી આગળ થતાં તોફાનનો બંદોબસ્ત કરવા જતા, તે સમયે કિલ્લા પરના સિપાઇઓએ તેમના મોરચા ઉખેડી નાખવા માંડ્યા. મહારાજના લશ્કરે તેમના પર બે તરફથી મારો ચલાવ્યો, તેથી સીદી જોહારે અને ફાજલખાને કિલ્લેદારને પોતાના પક્ષમાં લેવાનો વિચાર કર્યો. તેમણે રઘુનાથ બલ્લાળને કહાવ્યું કે, "કિલ્લો અમારા તાબામાં સોંપી તમે અમારા પક્ષમાં આવશો, તો બાદશાહ પાસે તમારી સ્તુતિ કરી તમને ઉચ્ચ અધિકાર તથા મોટી જાગીર અપાવીશું." સ્વામીનિષ્ઠ રઘુનાથે તેમની એ માગણીનો ઉત્તર આપ્યો કે, "હું કિંચિત્ પણ ધનલોભી નથી. હું મારા સ્વામી સાથે કદાપિ પણ વિશ્વાસઘાત કરીશ નહિ." રઘુનાથનો સ્પષ્ટ ઉત્તર સાંભળતાંજ તેમના મનમાં નિરાશા ઉત્પન્ન થઇ. અંતે તેઓ વિચાર કરવા લાગ્યા કે, "જેમ બને તેમ ઉતાવળે વિજાપુર તરફ જવું એજ યોગ્ય છે. વર્ષાઋતુ વીત્યા પછી પુનઃ નવેસરથી ચડાઇ કરવી; પરંતુ બાદશાહનું આટલું મોટું સૈન્ય અહીં સુધી લાવવાથી માત્ર તેની ખરાબી થઇ અને આપણે હાથે કાંઇ પણ પરાક્રમ થયું નહિ, એ સ્થિતિમાં વિજાપુર પાછા જવાથી આપણી કેવી ફજેતી થશે ? સર્વ મનુષ્યો આપણને નિર્બળ અને નિસ્તેજ કહેશે અને બાદશાહની આપણા પર વિશેષ ઇતરાજી થશે; તેના કરતાં વિજાપુર ન જતાં ચોમાસું આ પ્રાંતમાંજ વિતાડવું અને વર્ષાઋતુ વીતતાં પાછું યુદ્ધ શરૂ કરવું." તેમનો એ વિચાર છાવણીના સિપાઇઓએ જાણ્યો, ત્યારે તે તેમને રુચિકર નહિ થતાં લશ્કરમાં ઊલટો અસંતોષ ફેલાયો અને તેઓ સ્વદેશ જવા માટે રજા માગવા લાગ્યા. તેઓ કોઇ પણ પ્રકારે તેમના મનને સંતોષ આપી શક્યા નહિ, તેમ સિપાઈઓએ પોતાની હઠ પણ છોડી નહિ. સમસ્ત લશ્કરમાં અસંતોષ ઉત્પન્ન થવાથી તે સ્થળે પડાવ નાખવાનું

તેમને નિર્ભય લાગ્યું નહિ; તેથીજ તેમને પોતાની છાવણી ઉપાડી લઇ વિજાપુર જવાની ફરજ પડી.

પોતાનો સરદાર નિર્બળ, નિરાશ અને નિસ્તેજ થઈ પાછો આવ્યો, તે જોઇ અલી આદિલશાહના મનમાં ઘણીજ દિલગીરી ઉત્પન્ન થઈ. આટલું મોટું સૈન્ય લઇ જવા છતાં સીદી જોહારે કંઇ પણ પરાક્રમ બતાવ્યું નહિ; ઊલટો પુષ્કળ સિપાઇઓનો નાશ થયો, એ જોઇ બાદશાહને તેના પર અતિશય ક્રોધ ઉત્પન્ન થયો. આદિલશાહ બાદશાહ અતિ તામસી અને ઉતાવળા સ્વભાવનો હતો. તેમાં વળી સીદી પર દ્વેષ રાખનાર સરદારોએ બાદશાહને એવી ભંભેરણી કરી કે, “ શિવાજી મહારાજે સીદીને લાંચ આપ્યાથી તેણે તેમને પન્હાળાના કિલ્લામાંથી નાસી જવાની સગવડ કરી આપી હતી; નહિ તો શિવાજી સહજ રીતે તેના હાથમાં આવે તેવો યોગ હતો. વળી તે વિશાળગઢના કિલ્લા તરફ ગયો, ત્યારે તે કિલ્લાને ઘેરો નાખવાને બદલે સીદી પન્હાળામાંજ રહ્યો તથા તે કિલ્લાનો ઘેરો મજબૂત રીતે ચાલુ રાખવાને બદલે સીદી નિમકહરામ થઇ ત્યાંથી પાછો આવ્યો.” કાચા કાનના બાદશાહને સરદારોનું કહેવું સત્ય લાગ્યું. તેમણે સીદી પર રાજદ્રોહનો આરોપ મૂક્યો. તે સાંભળતાંજ સીદીને ગુસ્સો ચડ્યો. તે સાથે ક્રોધાવેશમાં જેમ મરજીમાં આવે તેમ બોલી તેણે પોતાના પરનો આરોપ વેગળો કરવાને યત્ન કર્યો. સીદીના ક્રોધયુક્ત સંભાષણનો એવો અર્થ કરવામાં આવ્યો કે, તે બાદશાહનું અપમાન કરવા પ્રવૃત્ત થયો હતો અને તેનામાં રાજભક્તિ નથી, એવું સ્પષ્ટ જણાય છે.

શત્રુના સપાટામાંથી મુક્ત થયા અને તેમનું પુષ્કળ સૈન્ય નષ્ટ થઇ પાછું ગયું; એ એક મોટું સંકટ વેગળું થતાં શિવાજી મહારાજને પરમહર્ષ ઉત્પન્ન થયો. જેના અદ્વિતીય પરાક્રમ વડે અને સ્વપ્રાણની આહુતિ વડે આવી પડેલા સંકટનું નિવારણ થયું, તે બાજી દેશપાંડેના પુત્ર બાલાજી બાજીને મહારાજે બોલાવી મંગાવી તેને દિલાસો આપ્યો. તેના પિતાની વીરતા અને સ્વામીનિષ્ઠાનાં ઘણાં વખાણ કર્યાં; તેમજ તેને તેના પિતાની સરદારી આપી મહારાજે તેનું ગૌરવ વધાર્યું. તેના પિતાના તાબામાં જે કિલ્લા હતા તેનું કામ બાલાજીને સોંપ્યું. વળી તેને બક્ષીનો હોદ્દો તથા જાગીર પણ આપી. બાલાજીને સાત બંધુ હતા. તે સર્વને બોલાવી મહારાજે પાલખી તથા વર્ષાસન બાંધી આપ્યું; તેમજ માવળા લોકોની સબનીસી આપી.

રઘુનાથ બલ્લાળ અત્રેએ દૃઢ હિંમતથી શત્રુ સાથે યુદ્ધ કરી પન્હાળગઢનું રક્ષણ કર્યું હતું, તેથી મહારાજ તેના પર ઘણાજ ખુશી થયા હતા. તેમણે તેમની સ્તુતિ કરી અને તેને ઉચ્ચ હોદ્દા પર ચડાવ્યો. તેને પન્હાળા તથા તેના આસપાસના પ્રાંતોનો સૂબો બનાવ્યો. તેણે એ કામ ઘણી હોશિયારીથી ચલાવ્યું, તેમજ તાબામાં આવેલા

નવીન પ્રાંતની વ્યવસ્થા ઉત્તમ પ્રકારે કરી. યુદ્ધની હિલચાલ થતાંજ ખેડૂત લોકો ખેતરો છોડી જ્યાં માર્ગ મળ્યો ત્યાં નાસી ગયા હતા. તેમને મહારાજે આશ્વાસન અને અભયવચન આપી પાછા બોલાવ્યા અને તેમની પાસે જમીનો ખેડાવી જમીનની ઊપજ વધારી.

મહારાજે સીદી જોહારને અને ફાઝલખાનને ડુંગરની તળેટીમાંજ અટકાવી યુદ્ધ કર્યું હતું અને તેના સૈન્યની મોટી ખરાબી કરી હતી; તથા ભવિષ્યમાં તેમની યુદ્ધ કરવાની હિંમત અને શક્તિ નિર્મૂળ થવાથી તેમને નિરાશ થઇ પાછું ફરવું પડયું હતું, તે સંબંધી ઉપર લખવામાં આવ્યું છે. જંજીરાના સીદીએ દરબારના સંકેત પ્રમાણે લડાયક વહાણો તૈયાર કરી મહારાજના તાબાનાં સમુદ્રકિનારા પરનાં કેટલાંક થાણાં પર હલ્લો કરી હસ્તગત કર્યાં હતાં, તેથી રઘુનાથ પંતને તેની સાથે યુદ્ધ કરવા મોકલ્યો હતો. સીદીએ તેને ઘણી વખત હરાવ્યો. ખયરાતખાન અને યાકૂબખાન નામક સરદારોએ મહારાજના તાબાના તળાગઢને ઘેરો નાખ્યો હતો; એટલામાં તેમને ખબર મળી કે, શિવાજી મહારાજ યવનોના સપાટામાંથી મુક્ત થઈ, યવનોને પાછા વિજાપુર નસાડવાની યુક્તિ રચી રાયગઢ પર જવાને અહીં આવે છે. એ સાંભળતાંજ બન્ને સરદારોના હોશ ઊડી ગયા. તેઓએ ગભરાટમાંજ ઘેરો ઉઠાવી લીધો અને જંજીરે પાછા ચાલ્યા ગયા. શત્રુનું એવું વર્તન જોઇ રઘુનાથપંતમાં નવું જોમ આવ્યું. તે સીદીની પાછળ પડયો, તેના માણસોને ક્યાંય પણ થોભવા દીધાં નહિ ને તેમના તાબાનો દંડરાજપુરીનો સઘળો પ્રાંત તેણે કબજે કર્યો. અત્યંત ત્રાસ સહન કરવો પડ્યાથી સીદીએ રઘુનાથ પંત તરફ પોતાનો વકીલ મોકલી સંધિ કરવાનું કહાવ્યું. ઉભય પક્ષ વચ્ચે સલાહ થઇ, યુદ્ધ બંધ થયું. સીદીએ રઘુનાથ પંતનો આદરસત્કાર કરી તેમને ભારે કિંમતી પોશાક તથા ઘોડા ભેટ આપ્યા.[૧]

ઉપર લખવામાં આવ્યું છે કે, વિજાપુર–સરકારે, સીદી જોહારને મહારાજ ઉપર ચડાઇમાં મોકલી જંજીરાના સીદીને અને વાડીના સાવંતોને મહારાજના તાબાની કોંકણપટ્ટી ઉપર સવારી કરી તે

---

૧. ઓર્મી લખે છે કે, શિવાજી મહારાજ પન્હાળા પરથી નીકળ્યા ને મોટા સૈન્ય સહિત ઠેઠ દંડરાજપુરીમાં આવ્યા અને તેમણે ત્યાંના સીદીને સીદી જોહારના હાથદસ્કતના હુકમ જેવો એક ખરીતો બતાવ્યો. તેમાં લખ્યું હતું કે, દંડરાજપુરી શિવાજી મહારાજને સ્વાધીન કરવું, એટલે તેઓ પન્હાળાનો કિલ્લો અમને સોંપી દેશે. એ હુકમ સીદીને ખરો જણાયાથી તેણે દંડરાજપુરી મહારાજને સોંપી દીધું. સીદીએ કલ્પના કરી કે, મહારાજ કિલ્લા બહાર નીકળ્યા છે તે સીદી જોહારની આજ્ઞા સિવાય બને નહિ; પરંતુ પાછળથી સીદીને વહેમ આવતાં તેણે જંજીરા ફક્ત મહારાજને સોંપ્યું નહિ.

પ્રદેશ તાબે કરવાની આજ્ઞા ફરમાવી હતી. તે બન્નેએ પરસ્પર એકબીજાને સહાયતા કરવી, એવું ઠર્યું હતું. સાવંતોએ પણ એ સમયે મહારાજ સાથે શત્રુત્વ પ્રકટ કર્યું, તેથી તેને શિક્ષા કરવાનું કાર્ય મહારાજે બાજી ફલસકરને સોંપ્યું હતું.[1] સાવંત સાથે તેને અનેક વખત ઝપાઝપી થઈ, તેમાં ફલસકરને યશ પ્રાપ્ત થયો. અંતે સીદીની સહાયતા વડે, સાવંત પાંચ હજાર સિપાઇઓ સહિત ફલસકર ઉપર હુમલો લાવ્યો. રાજાપુર પાસે ઉભય પક્ષ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. ફલસકર સ્વતઃ હાથમાં તલવાર લઈ, શત્રુ સામે ઘણા જુસ્સાભેર રણમાં લડતો હતો. સાવંત બાજી ફલસકર સાથે સામસામો થઈ જતાં બન્ને વચ્ચે દ્વંદ્વયુદ્ધ થયું. બંને મોટા વીર, બળવાન અને યુદ્ધકુશળ હોવાથી ભયંકર સંગ્રામ થયો. પરસ્પરે એકબીજાને સખ્ત ઘાયલ કર્યા. અંતે એકબીજાનો ઘા લાગતાં બન્ને એકીવખતે રણમાં પંચત્વ પામ્યા.[2] મહારાજનો એ વીર અને શૂરો સરદાર રણમાં પડ્યો, છતાં તેના હાથ નીચેના લશ્કરે ધૈર્ય છોડયું નહિ; પણ તેઓએ શત્રુ સાથે છેવટ સુધી લડી તેમનો પરાજય કર્યો. બાજી ફલસકર રણમાં પડવાના સમાચાર સાંભળ્યા, ત્યારે મહારાજના હૃદયમાં અતિ શોક ઉત્પન્ન થયો. પોતાનો અત્યંત વિશ્વાસુ, જીવજાન મિત્ર અને વીર સરદાર, સીદીના અને સાવંતોના વૈરને લીધેજ ગુમાવવો પડ્યો, એ જાણી મહારાજે તેઓને સખ્ત શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો.

---

[1] એ મનુષ્ય મહારાજનો બાળમિત્ર તેમજ અતિશય શૂરવીર અને વિશ્વાસુ હતો; યુદ્ધકાર્યમાં સંપૂર્ણ કુશળ અને શરીરે લાંબોપહોળો હૃષ્ટપુષ્ટ હતો. તેને માવળાની સરનૌબતી પ્રાપ્ત થઇ હતી. તે મૂળથી મુસેખોરા ગામનિવાસી અને આઠ ગામનો દેશમુખ હતો. એ પ્રથમ રાયગઢ નીચે છત્રી નિઝામપુર નજીક કુરડું નામક ગામમાં રહીને ખીણનાં નાકાં સંભાળતો હતો. તેની પાસે યશસ્વી નામની ઘોડી, ગજલી નામની તલવાર અને અજગર નામની મજબૂત ઢાલ, એ ત્રણ ઉત્તમ વસ્તુઓ હતી. તેની ઘોડી એક અપૂર્વ રત્ન જેવી હતી. તે ઘોડી મેળવવાની વિજાપુર સરકારની ઇચ્છા થતાં તેમણે સોનુ દળવીને જોરજુલમથી ઘોડી લાવવા ફલસકર પાસે મોકલ્યો. ફલસકરે તેનો પરાજય કર્યો. **(—પોવાડા)**

[2] પ્રો. સરકારે તે સમયના ડચ વેપારીઓના કાગળપત્રો (પૃ. ૨૯૮) પરથી એવો નિર્ણય કરેલો છે કે, શિવાજી મહારાજ બેંગલૂરથી ચાર દિવસના રસ્તાને અંતરે આવ્યા હતા. તેમનો કુડાળના દેસાઇઓએ પરાભવ કર્યો. આ બાતમી તે વેપારીઓએ કર્ણોપકર્ણ સાંભળી હશે અને તે શિવાજી મહારાજ માટે નહિ પણ તેમના સરદાર ફલસકરની સવારી સંબંધે હશે.

प्रकरण १३ मुं–विजापुरसरकारनो पराजय

સીદી જોહાર અને ફાઝલખાન, એ બંને પ્રબળ સૈન્ય સહિત શિવાજી મહારાજ ઉપર ચડાઇ લઇ ગયા હતા. તેમના અતિશય જુસ્સાભરેલા હુમલાનું પરિણામ સારૂં આવ્યું નહોતું; એ જોઇ બાદશાહ અલીઆદિલશાહને અતિશય દિલગીરી થઇ હતી. ક્રોધના આવેશમાંજ તેમણે શિવાજી મહારાજ ઉપર સ્વતઃ ચડાઇ લઇ જવાનો નિશ્ચય કર્યો હતો. એ સંબંધી પાછલા પ્રકરણમાં લખવામાં આવ્યું છે. ત્યાર પછી બાદશાહે પુષ્કળ લશ્કર ભેગું કર્યું અને કરાડ પ્રાંત તરફ સવારી લઇ જવામાં આવી. બાદશાહ પોતે સવારીમાં ચડેલા છે, એ સાંભળી આસપાસના પ્રાંતના જે જમીનદારોએ શિવાજી મહારાજને ખંડણી ભરી તેમની સત્તા કબૂલ કરી હતી, તેઓ ગભરાઈ જઇ બાદશાહની છાવણીમાં આવી તેમની આધીનતા સ્વીકારવા લાગ્યા. સીદી જોહારે બાદશાહ પાસે ક્ષમાપ્રાર્થના કરી હતી. તે બાદશાહ સાથે પુનઃ સવારીમાં ચડવા તૈયાર થયો નહિ, કારણકે તેને દરબારના અમીરઉમરાવોની અદેખાઇનો સંપૂર્ણ અનુભવ મળી ચૂક્યો હતો. તે તો પોતાની જાગીરમાંજ ચાલ્યો ગયો.

બાદશાહે પન્હાળાના કિલ્લાને ઘેરો નાખી જીતી લીધો તેમજ પાવનગઢ પણ તાબે કર્યો. ત્યાર પછી આસપાસના જે કિલ્લા શિવાજી મહારાજે કબજે કર્યા હતા, તે એક પછી એક સર કરવાનો સપાટો ચલાવ્યો. રાંગણા અને વિશાળગઢ એ બે કિલ્લા માત્ર તેના હાથમાં આવ્યા નહિ. એટલામાં વર્ષાઋતુની શરૂઆત થઈ. વરસાદના દિવસોમાં સિંહાદ્રિના શિખરપ્રદેશ પર નિવાસ કરવાનું સગવડભરેલું નહિ જણાયાથી, બાદશાહ પાછો ફર્યો અને કૃષ્ણા નદીને કિનારે આવેલા ચિમલગા ગામ આગળ છાવણી નાખી.

શિવાજી મહારાજે એવો વિચાર કર્યો હતો કે, "બાદશાહના સૈન્ય સાથે હમણાં યુદ્ધ કરવું ઉચિત નથી." તેઓ જાણી ગયા હતા કે, બાદશાહ પાસે પ્રચંડ સૈન્ય હોવાથી તેમની સાથે યુદ્ધ કરવામાં આવે તો આપણા પુષ્કળ સિપાઇઓનો કચ્ચરઘાણ નીકળી જશે અને આપણું સૈન્યબળ ઓછું થઇ જશે. સીદી જોહાર સાથે યુદ્ધ કરતાં ઘણા સૈનિકો મરણ પામ્યા હતા. તેમનો

વા-વંટોળિયો નીકળી જતાં ન જતાંજ તેના કરતાં બમણી પ્રબળ સેના આવી પહોંચી હતી. બાદશાહ કિલ્લા કબજે કરવાની ખટપટમાં ગૂંથાયા હોવાથી તેમનું ઘણું લશ્કર ઓછું થઇ જશે; એમ થવાથી તેની સાથે યુદ્ધ કરવું કઠિન થઈ પડશે નહિ અને બાદશાહ પરાજય પામી પાછો ફર્યા પછી તેણે તાબે કરેલા કિલ્લા આપણે પુનઃ કબજે કરવા શક્તિમાન થઇશું. એવા વિચારો ઉત્પન્ન થવાથી મહારાજ શાંત રહ્યા હતા.

પરંતુ શિવાજી મહારાજ આ વખતે કંઇ સ્વસ્થ બેસી રહ્યા નહોતા. તેમણે રાજાપુર શહેર પુનઃ હુમલો કરી હસ્તગત કર્યું. એ શહેરમાં અંગ્રેજ વેપારીઓની કોઠી હતી—એ સંબંધી પાછળ ઉલ્લેખ કર્યો છે. તેઓને આ સમયે ઘણુંજ નુકસાન થયું. કોઠીમાંના રિવ્હિંગ્ટન, ગિફર્ડ વગેરે અંગ્રેજ વેપારીઓને મહારાજે કેદ કર્યા અને પ્રથમ તેમની વૈસતીમાં રાખ્યા, ત્યાંથી કાઢીને તેમને સોનગઢમાં રાખ્યા અને આખરે કેટલાક દિવસ રાયગઢ પર રાખ્યા હતા. તેમને આવી સજા કરવાનું કારણ એ હતું કે, સીદી જોહારે પન્હાળાને ઘેરો ઘાલ્યો ત્યારે તેમણે તેને દારૂગોળાની મદદ કરી હતી; એટલુજ નહિ પરંતુ પૈસાના લોભથી તેમનાં કેટલાંક માણસોએ સીદીના સૈન્યમાં ફુલપી ગોળા (અંદરના ભાગમાં લોખંડના તીક્ષ્ણ ખીલા વગેરે ભરેલા તોપના ગોળા) છોડવાનું કાર્ય કર્યું હતું. ત્રણ વર્ષ પછી તેમની પાસેથી ખંડણી લઇ તેમને બંધનમુક્ત કર્યા હતા.

રાજાપુર તાબે કર્યા પછી મહારાજે શૃંગારપુર તરફ પોતાનું લશ્કર ફેરવ્યું. ત્યાં સુર્વેની* અટકવાળો એક મરાઠો સરદાર સ્વતંત્રપણે રાજ્ય કરતો હતો. તે કોઇને પણ ગાંઠતો નહોતો. તેની પાસે દસહજાર સિપાઈનું લશ્કર હતું. તે હમેશાં આસપાસના દેશમાં લૂંટફાટ કરી સર્વને હેરાન કરતો હતો. પિલાજી અને તાનાજી શિરકે નામના બે મરાઠા સરદાર તેના મુખ્ય કારભારી હતા. પિલાજી શિરકે મહારાજ પાસે સુર્વેના વકીલ તરીકે રહેતો; પરંતુ સુર્વે સરળતાપૂર્વક વર્તતો નહિ હોવાથી મહારાજે તેના વકીલને કેદ કર્યો હતો. સુર્વેનો ત્રાસ બંધ પાડવા માટે મહારાજે તેના મુખ્ય શહેર શૃંગારપુર ઉપર એકાએક છાપો મારી, તેને તાબે કર્યું. શૃંગારપુર હાથમાંથી ગયું છતાં સુર્વે ઠેકાણે આવ્યો નહિ. તેણે પોતાના લશ્કરને ધૈર્ય આપી મહારાજના સૈન્ય સાથે લાગલાગટ લડવાનું ચાલુજ રાખ્યું. અંતે મહારાજે જાતે તેના પર હુમલો લઇ જઇ સમરાંગણમાં તેની સામે

---

* ડફ લખે છે કે, એનું નામ દળવી હતું અને તે સુર્વેનો દીવાન હતો. શિરકેનું નામ જોવામાંજ આવતું નથી. મૂળ વિષય મરાઠી બખરોમાંથી લીધો છે.

ધસી દારુણ યુદ્ધ કર્યું. તેમાં સુર્વે મરણ પામ્યો અને શિરકે નાસી ગયો. સુર્વેનો નાશ થયો તે સમયે તેની સત્તા નીચેના કેટલાક સરદારોએ નાસી જઇ સીદીના પ્રાંતમાં આશ્રય લીધો. તેમનું એ કાર્ય મહારાજને પસંદ પડયું નહિ. શિરકે વગેરે સરદારો પુનઃ માણસો એકઠાં કરી અને સીદીની સહાય લઇ મહારાજે કબજે કરેલો પ્રાંત પાછો લેવાનો પ્રયત્ન કરે નહિ અને તે લોકો પોતાના થઈને રહે, તે માટે મહારાજે તાનાજીને પોતાના પક્ષમાં લઇ શૃંગારપુર શહેર અને બીજાં ગામો ઇનામદાખલ આપ્યાં. જ્યારે શિરકેએ મહારાજની તાબેદારી સ્વીકારી ત્યારે બીજા કેટલાક સરદારો સીદીના આશ્રયમાં ગયાં હતા, તે પોતપોતાના ગામમાં પાછા આવ્યા; તેમને મહારાજે તેમનાં વતનો પાછાં આપી સંતુષ્ટ કર્યા. તેમાંથી જે મનુષ્યો નોકરી કરવા ખુશી અને લાયક હતા, તેમને મહારાજે પોતાની પાસે નોકરીએ રાખ્યા. આગળ જતાં મહારાજે શિરકેની કન્યા સાથે પોતાના જ્યેષ્ઠ પુત્રનો વિવાહ કર્યો હતો.×

વર્ષાઋતુ શરૂ થઇ. તેમ છતાં મહારાજ સ્વસ્થ થયા નહોતા; કારણકે વિજાપુરના બાદશાહે તેમના પર સવારી કરી તે વખતે સીદીએ કરેલું તહનામું રદ કરી, પુનઃ હુમલો લઇ જઇ તેમના પ્રાંતમાં ઉપદ્રવ કર્યો; તેથી મહારાજને તેના ઉપર અતિશય ક્રોધ ચડયો અને ચોમાસું પૂરૂં થઈ વિજાપુરસરકાર અથવા વાડીના સાવંતો તેની મદદે આવે, તે પહેલાંજ તેમણે તેનો એકદમ ઉચ્છેદ કરવાનો નિશ્ચય કર્યો. મહારાજે વ્યંકાજી પંતને તેના ઉપર હુમલો કરવા મોકલ્યો. ઉભય પક્ષ વચ્ચે સખત ઝપાઝપી થઇ અને વ્યંકાજીએ છેવટે દંડરાજપુરી અને તેની આસપાસનો પુષ્કળ પ્રાંત કબજે કર્યો. એ નવા પ્રાંતમાં કિલ્લા બાંધ્યા અને તે પર પાંચ છ હજાર માણસો રાખી તે પ્રાંત હમેશાં પોતાના તાબામાં રહે, એવી વ્યવસ્થા કરી. સીદીના તાબામાં માત્ર એક જંજીરા રહ્યો. તે પણ તાબે લેવાનો નિશ્ચય કરી, મહારાજના સૈન્યે તેના ઉપર તોપોનો મારો ચલાવ્યો; પરંતુ એ પ્રયત્ન તેમને સત્વર છોડી દેવો પડયો; કારણકે તેમની પાસે જોઇએ તેટલી તોપો નહોતી, તેમજ ફોડવાને માટે હોશિયાર તોપચીઓ જોઇએ તે પણ નહોતા. ચોમાસું પૂરૂં થયા પછી વિજાપુરસરકારના સૈન્યની હિલચાલ શરૂ થઇ, ત્યારે શિવાજી મહારાજને તે તરફ લક્ષ આપવું પડયાથી સીદી પરના હલ્લાની ગતિ મંદ કરવી પડી.

× આ સવારીનો ઉલ્લેખ સોનગઢમાં કેદ પુરાયેલા અંગ્રેજ વેપારીઓએ સ૦ ૧૬૬૧ના પોતાના પત્રમાં કર્યો છે. તે એ રીતે કે, શિવાજી મહારાજે દળવીરાજા અને શૃંગારપુરના રાજાને જીતીને પોતાની સત્તા વધારી છે અને દંડરાજપુરી પાસેથી ખારાપાટણ સુધીનો સમુદ્રકિનારો તેમના હાથમાં ગયો છે. (પ્રો. સરકાર પૃ. ૫૬)

બાદશાહ આદિલશાહ ચોમાસું શરૂ થવાથી સવારી બંધ કરી ચિમલગા આગળ પડાવ નાખી રહ્યા હતા, તે વાચકોના લક્ષમાં હશે. ત્યાં તેમને ખબર મળી કે, કર્ણાટકમાં ભયંકર વિદ્રોહ ઉત્પન્ન થયો છે. તેમણે સીદી જોહારને તે તરફ મોકલવાનો વિચાર કરી તેનો સત્કાર કરી બોલાવી મંગાવ્યો અને તેનું સારૂં સન્માન કરી, કર્ણાટક જવાની માગણી કરી; પરંતુ તેણે ત્યાં જવાનું કોઇ પણ પ્રકારે કબૂલ કર્યું નહિ. સીદીને કોઇ પણ રીતે બાદશાહનો વિશ્વાસ આવ્યો નહિ; કારણકે શાહનો મુખ્ય વજીર ઇબ્રાહિમખાન સીદી ઉપર ઘણો દ્વેષ રાખતો હતો. શાહ તેને અતિશય માન આપતા હતા, તેથી સીદી જોહાર તરતજ પોતાની જાગીરમાં પાછો ચાલ્યો ગયો. તે ઉપરથી બાદશાહને ખાતરી થઈ કે, સીદી કર્ણાટકના વિદ્રોહીઓ સાથે મળી ગયો છે અને શિવાજી મહારાજ સાથે પણ તેને સારો સંબંધ છે.

સીદી જોહારે કર્ણાટકનો વિદ્રોહ બંધ પાડવા જવાનો અસ્વીકાર કર્યો, તેથી આદિલશાહને વિચાર થયો કે, હવે શું કરવું ? તેણે આ વખતે દઢ નિશ્ચય કર્યો હતો કે, શિવાજી મહારાજનો પરાજય કર્યા સિવાય પાછું ફરવું નહિ. તેમના પ્રત્યેક સલાહકારોનો પણ એવોજ અભિપ્રાય હતો; પરંતુ બીજા કેટલાક સરદારોએ સલાહ આપી કે, પ્રથમ કર્ણાટકનો વિદ્રાહ દાબી દેવો જોઇએ. શિવાજી મહારાજને શોધી કાઢવા માટે જંગલ, કોતરડાં અને ડુંગરોમાં શોધતા ફરી લશ્કરની ખરાબી કરવાથી અંતે ડુંગર ખોદીને ઊંદર કાઢવા જેવું થશે. એ સાંભળી બાદશાહની વૃત્તિ ડગમગવા લાગી. આગળ કેવી રીતે વર્તવું તે તેને સૂઝયું નહિ. એટલામાં વાડીના દેશમુખ લખમ સાવંત અને ખેમ સાવંતે બાદશાહ પાસે પ્રાર્થના કરી કે, "જો અમને સંપૂર્ણ સહાયતા મળે તો અમે શિવાજી મહારાજનો પરાજય કરી સર્વ કોંકણ પ્રાંત તાબે લેવા તૈયાર છીએ." તેમની પ્રાર્થના મંજૂર કરવામાં આવી અને એવો નિશ્ચય થયો કે, બહિલ્લોલખાને અને મુધોળના બાજી ઘોરપડેએ સૈન્ય એકઠું કરી સાવંતોને મદદ કરવી; એ ત્રણેએ મળીને શિવાજી મહારાજ પર સવારી લઈ જવી, અને બાદશાહે સૈન્યસહિત કર્ણાટક જવું.

શિવાજી મહારાજ ઉપર પ્રચંડ સૈન્યસહિત સવારી લઇ જવાની તૈયારી ચાલતી હતી, તે સમયે બાજી ઘોરપડે લશ્કર તૈયાર કરવા મુધોળ આવ્યો. એ સમાચાર મળતાંજ* શિવાજી મહારાજે તેના પર

---

* મિ. કિંકેડ અને રા. બ. પારસનીસ આ બાબતમાં શાહજીરાજા અને શિવાજી મહારાજ વચ્ચે થયેલો પત્રવ્યવહાર પોતાના પુસ્તકમાં આપે છે. તે પરથી જણાય છે કે, ખવાસખાન, વાડીના સાવંત અને ઘોરપડે પોતા પર સવારી કરનારં છે, એવી ખબર

અકસ્માત્ હુમલો કરી તેને તથા તેનાં પુષ્કળ સગાંને અને તેના પક્ષનાં મનુષ્યોને મારી નાખ્યાં અને એમ કરી પોતાના તીર્થસ્વરૂપ પિતાને વિશ્વાસઘાત કરનાર અને કેદ પકડાવનાર પર ભયંકર રીતે વૈર વાળ્યું, એ સંબંધી પ્રથમ લખવામાં આવ્યું છે. ઘોરપડેનો નાશ થતાં તેની જગ્યાએ ખવાસખાનને મોકલ્યો. એ સરદારે કોંકણના કિનારા સુધી કૂચ કરી, એટલામાં તેને બાદશાહ તરફથી પોતાના સૈન્ય સહિત તરતજ કર્ણાટક તરફ આવવાનો હુકમ મળવાથી તે કર્ણાટક ગયો. કર્ણાટકના વિદ્રોહી મનુષ્યો પ્રબળ હોવાથી, તેમનો પરાજય કરવા માટે વિશાળ સૈન્યની જરૂર પડવાથી બાદશાહે નિરુપાયે તેને તે તરફ બોલાવ્યો હતો.

કર્ણાટકના વિદ્રોહીઓ સાથે લડવામાં બાદશાહનું સર્વ સૈન્ય ગૂંથાયલું હોવાથી તેમને ત્યાં ઘણા દિવસ રહેવું પડયું, તેથી શિવાજી મહારાજને સારો લાગ મળ્યો. બાદશાહે કિલ્લા વગેરે જે સ્થાનો કબજે કર્યાં હતાં, તે સર્વ તેમણે સપાટાબંધ પાછાં પોતાને તાબે કર્યાં; એટલુંજ નહિ પણ બીજા પણ ઘણા પ્રાંતો કબજે કરી લીધા. વાડીના સાવંતોએ રાજભક્તિ બતાવી સ્વયં બાદશાહ પાસે શિવાજી મહારાજ સાથે લડવા માટે મદદ માગીને મહારાજ પર તેમની કેવી દાઢ હતી તે બતાવી આપ્યું હતું; તેથી મહારાજે તેમને સખ્ત શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો અને તરતજ તેમના તાબાના પ્રાંતો પર સવારી કરી તેમની સાથે યુદ્ધ આરંભ્યું; એથી સાવંતો તદ્દન ગભરાઇ ગયા. બાદશાહી લશ્કરની સહાયતા વગર મહારાજ સાથે લડ-

---

મહારાજને શાહજીરાજા તરફથી મળી હતી. આ પત્રમાં શાહજીરાજા જણાવે છે કે, "સ્વરાજ–સ્થાપનાના કાર્યમાં મદદગાર ન થતાં યવનોનાં કારસ્થાનમાં સામેલ થઇને મારી સાથે દગો કરીને મને ઘોરપડે વિજાપુર લઇ ગયો હતો. ત્યાં મારા પર કેવો પ્રસંગ આવી પડયો હતો તેની તો તને ખબર છે. સ્વરાજસ્થાપના અને સ્વધર્મરક્ષણનું કાર્ય તારે હાથે સફળ થાય, એવી ઇશ્વરની ઇચ્છા છે; તેથીજ હું એ પ્રસંગમાંથી ઊગરી ગયો હતો. ઘોરપડેની મદદથી ખવાસખાન તારા પર હુમલો લઇને આવે છે; એમાં તને શિવ અને ભવાનીની કૃપાથી યશ પ્રાપ્ત થાઓ. આ બંને પાસેથી બરોબર વૈરનો બદલો લેજે, એવી મારી ઇચ્છા છે. પિતાની આજ્ઞા પરિપૂર્ણ કરવામાં સદા તત્પર એવો આજ્ઞાધારક પુત્ર ઇશ્વરની કૃપાથી મને મળેલો છે, તેથીજ આટલું કાર્ય કરવાની હું તને આજ્ઞા કરું છું. બાજી ઘોરપડે પોતાનાં માણસો લઇને મુધોળ ગયો છે." આ મતલબનો પત્ર આવવાથી મુધોળ પર હલ્લો કરીને ઘોરપડેને મારી નાખી મહારાજે શી રીતે વૈરનો બદલો લીધો હતો, તે તેમણે શાહજીરાજાને લખી જણાવ્યું.

વાની તેમનામાં હિંમત નહોતી. વળી આ પ્રસંગે એવી સહાયતા મળવાની બિલકુલ આશા નહોતી. મહારાજે તેમના તાબાના કુડાળ, બાંદા વગેરે પ્રાંતો કબજે કર્યા. સાવંતોએ ફિરંગી રાજ્યમાં નાસી જઇ ગોવાના સુબેદારનો આશ્રય લીધો. ફિરંગીઓએ તેમને આશ્રય આપ્યાની વાત જાણતાંજ મહારાજે તે સરકારને ધમકી ભરેલો સંદેશો મોકલ્યો; એટલે ફિરંગી સરકારની આંખો ઉઘડી ગઇ. તેમણે સાવંતોને પોતાના રાજ્યમાંથી નીકળી જવાની આજ્ઞા કરી; એટલે નિરુપાયે સાવંતો પાછા શિવાજી મહારાજને શરણે આવ્યા. તેમણે પ્રથમ પીતાંબર શેણવીને મહારાજ પાસે વકીલ તરીકે મોકલ્યો અને વિજ્ઞપ્તિ કરી કે, “ અમે સાવંત છીએ. ભોંસલેવંશ સાથે અમારો સારો સંબંધ છે. અમે આપનાજ છીએ. આપના તાબેદાર થઇ હવે પછી આપની સાથે પ્રમાણિકપણે વર્તવાનો અમે નિશ્ચય કર્યો છે. અમારા પાછલા અપરાધ મનમાં નહિ લાવતાં અમારા પર કૃપા કરવી. ” આવી નમ્રતાભરેલી વિજ્ઞપ્તિ સાંભળી મહારાજે તેમને અભયવચન આપી પોતાને મળવા બોલાવ્યા. વાડી પ્રાંતની દેશમુખી તેમની પાસેજ રહેવા દીધી અને તેમણે પ્રતિવર્ષે ખંડણી ભરવાનું ઠરાવ્યું.* મહારાજે તેમના પાયદળ સૈન્યને પોતાની નોકરીમાં રાખી તેને દૂરના પ્રાંતમાં કામ કરવા મોકલી દીધું અને તેમના પ્રાંતનું રક્ષણ કરવા માટે પોતાના અધિકારીઓ નીમ્યા.

સાવંતોના તાબામાં નાનસાવંત× અને રામદળવી નામક બે સરદાર હતા. તેઓ બુદ્ધિમાન અને વીરપુરુષ હોવાથી મહારાજે તેમને નોકરીમાં રાખ્યા. રામદળવી અતિ શૂરવીર જણાયાથી મહારાજે તેના તાબામાં કેટલુંક લશ્કર આપ્યું અને તેને કોંકણના કેટલાક પ્રાંતનો બંદોબસ્ત રાખવા માટે મોકલ્યો. એ ગોઠવણ કરી મહારાજે સાવંત અને તેમના બે શૂરા સરદારો વચ્ચે હમેશનો વિયોગ કરાવ્યો.

એ ચડાઇમાં મહારાજે પંચમહાલ, મર્દનગઢ, બારદેશ વગેરે પ્રાંત કબજે કર્યા અને ગોવા ઉપર પણ દૃષ્ટિ રાખવાથી ફિરંગીઓ ગભરાયા. શિવાજી મહારાજનો પોતાના ઉપર કોપ ન થાય અને તેમના તરફથી પોતાને કંઇ ઉપદ્રવ ન થાય, એ હેતુથી તેમણે કુડાળકર દેસાઇના સબનીસ અનંત શેણવીને મહારાજ પાસે મોકલી

---

* સભાસદ લખે છે કે, તેમને પગાર તરીકે ૭ હજાર હોન આપવાનો ઠરાવ કરી રાખ્યા હતા. તેમણે કુડાળ કસબામાં રહેવું; પણ મકાન, કોઠીઓ, થાણાં, કોટ વગેરે કાંઇ પણ બાંધવું નહિ અને લશ્કર એકઠું કરવું નહિ એવું ઠરાવ્યું હતું.

× સભાસદ એનું નામ તાનાજી સાવંત લખે છે.

તહનામું કરવાનો સંદેશો કહાવ્યો; પરંતુ શેણવીએ હિતશત્રુત્વ બતાવી મહારાજનો વિશ્વાસઘાત કરવાની બાજી રચી. ફિરંગીઓ તરફથી તહનામાનો સંદેશો આવતાં મહારાજ અસાવધ રહેશે, એમ જાણી તેણે ફિરંગીઓને એવી સલાહ આપી કે, મહારાજની છાવણી ઉપર રાત્રિને સમયે એકાએક છાપો મારી તેઓનો નાશ કરવો; પરંતુ આ ગુપ્ત મસલત ગણોજી નામના એક ટંડેલના જાણવામાં આવી ગઇ અને તેણે તે મહારાજને જણાવી. મહારાજ તરતજ સાવધાન થઇ ગયા. એ ગોઠવણ કર્યા પછી અનંત શેણવી દશહજાર ફિરંગી લશ્કર સહિત મધ્યરાત્રિને સમયે ગુપચુપ મહારાજની છાવણી આગળ આવ્યો. મહારાજ પણ પોતાની છાવણીથી અર્ધગાઉ વેગળે તૈયાર થઇ ઊભાજ હતા. ફિરંગીસૈન્યે છાવણી નજીક આવી તોપબંદૂકો ફોડવા માંડી. મહારાજે અજવાળું થતાં સુધી કંઇ પણ હિલચાલ કરી નહિ. પ્રાતઃકાળ થતાંજ તેમના ઘોડેસવારોએ ફિરંગીના સૈન્ય ઉપર એકદમ ધસી જઇ કાપાકાપી શરૂ કરી. એ યુદ્ધમાં ફિરંગીઓનો પરાજય થયો. ભાગ્યેજ તેમના હજારબારસો સિપાઈઓ જીવ લઇને પાછા નાસી ગયા હશે. બાકીના સઘળા સમરભૂમિ પર પડ્યા. કેટલાક પાણીમાં કૂદી ડૂબી મરણ પામ્યા અને કેટલાક કેદ પકડાયા. પોતાનું મોટું સૈન્ય નાશ પામેલું જોઇ ફિરંગીઓ તદ્દન ગભરાઇ ગયા. મહારાજે તેમનો સઘળો પ્રદેશ લૂંટી, બાળી, ઉજ્જડ કરી નાખ્યો. જેટલા ફિરંગી હાથમાં આવ્યા, તેમને કાપી નાખવાનો સપાટો ચલાવ્યો. જેટલા શ્રીમંત ફિરંગી પકડાયા તેટલા પર ભારે કર નાખ્યો. કુડાળ, બાંદા, સાંકળી, મણેરી, તુચાળી, વગેરે સ્થળે મહારાજે થાણાં બેસાડ્યાં હતાં; તેજ પ્રમાણે ફિરંગીની રાજસત્તામાં પણ સ્થળેસ્થળે થાણાં બેસાડ્યાં. જાણે ગોવા પ્રાંતની ચારે દિશામાં તો ચોકી પહેરાજ બેસાડ્યા ! હવે ગોવા પ્રાંત પોતાના હાથમાંથી જશે, એવી ફિરંગીઓને બીક લાગી. અનંત શેણવીના કપટની બાજી ફિરંગીઓના લક્ષમાં આવતાં, તેણેજ પોતાના પર ઘોર સંકટ ઉપસ્થિત કરેલું જાણીને તેઓ અતિશય કલ્પાંત-પશ્ચાત્તાપ-કરવા લાગ્યા. છેવટે તેઓએ પોતાના વકીલદ્વારા મહારાજને પત્ર મોકલી, જે કંઇ બન્યું તેને માટે ક્ષમાપ્રાર્થના કરી. વકીલ સાથે તેમણે વીસહજાર પુતળીઓ×, કિંમતી વસ્ત્રો અને બીજું કેટલુંક નજરાણું મોકલી તહનામું કરવાની પ્રાર્થના કરી. મહારાજે તેમની પ્રાર્થના માન્ય કરી. તહનામામાં એવી શરત કરી કે, ફિરંગીઓએ પ્રતિવર્ષે નવી તોપો અને કેટલુંક જવાહિર પહોંચાડવું અને તેમનાં વહાણોનો પરવાનો મહારાજ પાસેથી લેવો.

સાવંતોનો પરાજય થયો. તેમને મહારાજના તાબેદાર થવું

× એક જાતના સોનાના સિક્કા.

પડ્યું. એ હકીકત વિજાપુરસરકારે જાણી ત્યારે તેને અતિશય દિલગીરી ઉત્પન્ન થઈ. કોંકણ દિશામાં એટલો એકજ સરદાર સમ ખાવા બચ્યો હતો, તે પણ શિવાજી મહારાજનો તાબેદાર થયો; એટલે તે સરકારની કોંકણપટ્ટી પાછી તાબામાં લેવાની આશા ભંગ થઇ. જંજીરાના સીદીનું તેમને થોડુંક પીઠબળ હતું, તેને પણ મહારાજે અતિશય નિર્બળ કરી નાખ્યો હતો. તે પણ હવે વિજાપુર–સરકારના આશ્રયમાં રહેવાથી પોતાનું શ્રેય થશે નહિ, એમ સમજી સરકાર સાથે તદ્દન નિષ્કાળજીથી વર્તવા લાગ્યો હતો. એવી વસ્તુસ્થિતિ હોવાથી વિજાપુર–સરકાર વિચાર કરવા લાગી કે, હવે શિવાજી મહારાજ સાથે યુદ્ધ કરવા કયા પુરુષને ઊભો કરવો ? દરબારમાંનો કોઈ પણ સરદાર તૈયાર થતો નહોતો અને શિવાજી મહારાજનો ઉપદ્રવ પણ કેમે કર્યો ઓછો થતો નહોતો. અંતે અલીઆદિલશાહના વજીર અબ્દુલ મહંમદે મહારાજનો ત્રાસ ઓછો કરવાના હેતુથી તેમની સાથે ગુપ્ત રીતે તહનામું કર્યું. ગુપ્ત તહનામું કરવાનું કારણ એ હતું કે, એ તહનામાની વાત દરબારના અમીરો જાણે તો તેમને તે કાર્ય બિલકુલ પસંદ પડે નહિ; તેમજ વજીર ઉપર દોષારોપણ કરી તેને હોદ્દા પરથી કાઢી મૂકવાની કદાચ તેઓ ખટપટ કરે; એટલુંજ નહિ, પણ બાદશાહને અનુચિત સલાહ આપવા માટે તેને સખત શિક્ષા પણ કરાવવામાં આવે. અસ્તુ. વજીરે મહારાજ સાથે જે તહનામું કર્યું, તેમાં ઠરાવ્યું હતું કે, “ તેમણે તાબે કરેલા પ્રાંત તેમની પાસેજ રહેવા દેવા; વિજાપુર–સરકારે પાછા મેળવવાની ખટપટ કરવી નહિ. તે ઉપરાંત મહારાજને બીજા પણ કેટલાક પ્રાંત આપવા. શિવાજી મહારાજ હવેથી વિજાપુર–સરકારના તાબામાં છે, એવું માનવું નહિ. મહારાજને એ સરકારે પ્રતિવર્ષે સાતલક્ષ હોન ખંડણી આપવી. વિકટ પ્રસંગ આવ્યે એકબીજાએ પરસ્પરને સહાયતા આપવી અને મહારાજના શામજી નાયક પુંડે નામક પુરુષને, વિજાપુરદરબારમાં વકીલ તરીકે રાખવો. ”

એ તહનામું થયા પછી મહારાજે, વિજાપુર–સરકારના પ્રાંતમાં ઉપદ્રવ કરવાનું બંધ કર્યું. એ સમયે શાહજીરાજાને મહારાષ્ટ્રમાં આવવાની ઇચ્છા થઈ. તેમણે વિજાપુર–સરકાર પાસે મહારાષ્ટ્રમાં જવાની પરવાનગી માગી. વિજાપુર–સરકારે તેમને પરવાનગી આપતાં ભલામણ કરી કે, “તમે તમારા પુત્રને મળી હવે પછી તે અમારી સાથે મિત્રભાવથી વર્તે એવી ગોઠવણ કરજો.” શાહજીરાજાએ મહારાષ્ટ્રમાં આવ્યા પછી શિવાજી મહારાજને એ પ્રમાણે વર્તવાની ભલામણ કરી, ત્યાર પછીથી તેમણે વિજાપુરસરકાર સાથે જાણી જોઇને વિરોધ કર્યો નહોતો; પિતાપુત્રની મુલાકાતનું વર્ણન આગલા એક સ્વતંત્ર પ્રકરણમાં વર્ણવવામાં આવશે.

મહારાજના એ શૌર્યવીર્યાદિ સદ્ગુણોનું અલૌકિક, ક્ષાત્રતેજ પ્રકટ થયું. દાદાજી કોંડદેવ વગેરે જનોને પ્રારંભમાં જે વાત અસંભવિત અને ભયંકર પરિણામજનક જણાતી હતી; તે સુસાધ્યજ નહિ પણ અતિસાધ્યજનક છે, એવું તેમણે પોતાનાં કર્તવ્યકર્મથી સર્વ જનોની દૃષ્ટિ સમક્ષ બતાવી આપ્યું; અને પંદરસોળ વર્ષ ઉપર કેટલાક દેશમુખો અને મરાઠાસરદારોને મહારાજા વિજાપુર સરકારના એક જાગીરદાર છે, એમ જણાતું હતું, તે હમણાં એટલા પ્રબળ થઇ પડ્યા હતા કે, તે સરકારનો તદ્દન પરાજય કરી, તેમની પાસેથી પ્રતિવર્ષે ખંડણી લેવા લાગ્યા હતા. એ જોઇ સર્વને કેટલું આશ્ચર્ય થયું હશે?

હવે એ સમયે એટલે ઇ૦ સ૦ ૧૬૬૨ પર્યંત શિવાજી મહારાજના તાબામાં કેટલો પ્રદેશ આવ્યો હતો, તેનું દિગ્દર્શન કરીએ. એટલા સમયમાં કલ્યાણથી ગોવાપર્યંત કોંકણપટ્ટીનો સઘળો પ્રદેશ તેમની સત્તામાં આવ્યો હતો. એ પ્રદેશની લંબાઈ આશરે ૩૦૦ માઈલ હતી. ભીમા નદીથી વારણા નદીપર્યંતનો સર્વ કોંકણકિનારાનો પ્રદેશ તેમના કબ્જામાં આવ્યો હતો. એ પ્રાંતની લંબાઇ આશરે ૧૬૦ માઇલ હતી અને પહોળાઇ એકંદર ૧૦૦ માઇલ હતી. એ સમયે તેમની સત્તામાં ૫૦,૦૦૦ પાયદળ અને ૭૦૦૦ ઘોડેસવાર હતા. તેમના તાબાના પ્રદેશના પ્રમાણમાં એ સૈન્ય તદ્દન અધિકજ હતું; પરંતુ એટલું સૈન્ય રાખવાની આવશ્યકતા હતી; કારણકે તેમને બે પ્રબળ બાદશાહી સાથે વૈર કરી સ્વરાજ્યની સ્થાપના કરવાની હતી. તેમાંની એક બાદશાહીનો તેમણે પૂર્વોક્ત પ્રકારે પરાજય કર્યો. હવે બીજી મોગલ બાદશાહી સાથે તેમણે કેવી રીતે વૈર આરંભ્યું, તેનું વૃત્તાંત યથાક્રમે લખવામાં આવશે.



प्रकरण १४ मुं–पितृदर्शन

શિવાજી મહારાજે વિજાપુર–સરકારનો પરાજય કરી તેને પોતાનું સ્વાતંત્ર્ય કબૂલ કરાવ્યું અને તેના પર વાર્ષિક ખંડણી ઠરાવી; એ સમાચાર શાહજીરાજાએ જાણ્યા હશે, ત્યારે તેમને પરમહર્ષ ઉત્પન્ન થયો હશે, એમાં કાંઈ શંકા નથી. તેમના હૃદયમાં ઘણા દિવસથી પોતાના અદ્વિતીય પરાક્રમી પુત્રને મળવાની ઉત્કંઠા થઇ હતી. મહારાજ પોતાના તરફના વર્તમાન તેમને વારંવાર પત્ર દ્વારા લખી જણાવતા હતા અને રાજા પણ પ્રસંગોપાત પત્રોત્તર લખી પુત્ર શિવાજી મહારાજનું ગૌરવ અને ઉત્સાહ વધારતા હતા; પરંતુ એ સર્વ પત્રવ્યવહાર અતિ ગુપ્ત રીતે ચાલતો હતો. મહારાજનાં સર્વ કૃત્યોમાં તેમની સંમતિ છે, એ વિજાપુર સરકારને નહિ જાણવા દેવા માટે શાહજીરાજા અતિશય સાવચેતી રાખતા હતા; કારણકે કર્ણાટકની પોતાની ધનસંપત્તિનું રક્ષણ કરી યોગ્ય સ્થળે સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની તેમની ઇચ્છા હતી, એમ પાછળ લખવામાં આવ્યું છે. પોતાના ઉપર વિજાપુર–સરકારને પુનઃ શંકા ન આવે, તે માટે રાજા પ્રત્યેક કાર્યમાં બહુ સાવધ રહેતા હતા. વિજાપુર સરકાર અને શિવાજી મહારાજ વચ્ચે જ્યારે તહનામું થયું અને મિત્રભાવ બંધાયો ત્યારે મહારાષ્ટ્રમાં જવાની આજ્ઞા સરળતાથી મળવાની સંધિ જોઈ શાહજીરાજાએ સરકાર પાસે અરજી કરી. તેમાં એવી મતલબનું લખ્યું હતું કે, “ મારા ઇષ્ટદેવની મેં કંઇક બાધા રાખી છે, તે દેવકાર્ય પરિપૂર્ણ કરવા અને ઘણા દિવસથી દેવદર્શન થયાં નથી, તે કરવા માટે મહારાષ્ટ્રમાં એક વખત જઇ આવવાની મને ઇચ્છા છે; માટે ત્યાં જવાની રજા આપશો.” પોતાની અરજી મંજૂર થવા માટે રાજાએ ખાનગી રીતે પણ કંઇક ખટપટ કરી હતી. વિજાપુર સરકારે અરજી મંજૂર કરતાં તેમને ફરમાવ્યું કે, “તમે સ્વદેશ જાઓ છો. તમારો પુત્ર ઘણો ઉપદ્રવી થયો છે, તેને અતિશય બોધ આપી અને યુક્તિપ્રયુક્તિથી સમજાવી બાદશાહની મુલાકાત માટે લઇ આવજો. તેણે પણ તમારી પેઠે બાદશાહની અમીરી સ્વીકારવી. તમારો બોધ લક્ષમાં લઇ તે જો અમારા દરબારમાં આવશે તો તેને વજીરનો હોદ્દો આપી સર્વ બાદશાહી તેને સ્વાધીન કરીશું. કોઈ પણ પ્રકારે તમારો પુત્ર અમારી સત્તામાં આવે એવી ખટપટ કરશો.” બાદશાહની ભલામણનો ઉત્તર

વાળતાં શાહજીરાજાએ જણાવ્યું કે, "મારો પુત્ર મારા સ્વાધીનમાં છે કે કેમ, તે સરકારને વિદિતજ છે, તેમ છતાં મારાથી બનશે તેટલો પ્રયત્ન કરીશ. મારે સરકારનું હિતજ કરવું છે. કુળદેવીનાં દર્શન કર્યા પછી આપના કાર્ય માટે પુત્રની મુલાકાત લઈશ અને તેને શિખામણની ચાર વાતો કહી જોઈશ." શાહજીરાજા પાસેથી એ પ્રમાણેનો ઉત્તર મળ્યાથી પુનઃ શાહે કહાવ્યું કે, "તમારાથી બને તેટલા પ્રયત્ન કરી જોશો, તમારી શિખામણ ન માને તો આ તરફ પાછા આવજો. તેમની સાથે મળી જશો નહિ; તેમજ પુત્રલોભને વશ થઈ ત્યાંજ નિવાસ કરી રહેશો નહિ."

બાદશાહની આજ્ઞા મળ્યા પછી શાહજીરાજા કર્ણાટકથી સ્વદેશ આવવા નીકળ્યા. આવતી વખતે દ્વિતીય પત્ની અને પુત્ર વ્યંકોજીને સાથે લીધાં હતાં. તેમણે પોતાના આવવાના વર્તમાન શિવાજી મહારાજને પત્ર દ્વારા જણાવ્યા હતા. શાહજીરાજા પ્રથમ તુલજાપુર આવ્યા. ત્યાં માતા ભવાનીદેવીનાં દર્શન કરી પુષ્કળ દાનધર્મ કર્યું. કહેવામાં આવે છે કે, સ્વરાજ્ય–સ્થાપન કરી ગોબ્રાહ્મણની વિપત્તિનો પરિહાર કરવાનો અને સ્વધર્મનું રક્ષણ કરવાનો સદુદ્દેશ ધારણ કરી, પોતાના પરાક્રમી પુત્રે ઉપાડેલા કાર્યમાં વિજય મળે તો લક્ષરૂપિયાનું સોનું લઇ મૂર્તિ વગેરે બનાવી ભવાનીદેવીને અર્પણ કરવાની શાહજીરાજાએ બાધા રાખી હતી. તે પ્રમાણે શિવાજી મહારાજનાં કાર્યોમાં ઘણો યશ મળેલો જોઇ શાહજીરાજા સોનું ખરીદ કરી, કર્ણાટકનાં ચતુર કારીગરોને હાથે સુંદર મૂર્તિ તૈયાર કરાવી પોતાની સાથે લાવ્યા હતા. તે મૂર્તિ દેવીને યથાવિધિ સમર્પણ કરી. ત્યાર પછી સિંગણાપુરના મહાદેવ, પંઢરપુરના વિઠોબા અને શિખરશંભુ મહાદેવનાં દર્શન કર્યાં. પ્રત્યેક દેવસ્થાનમાં પુષ્કળ દાનધર્મ કર્યું, બ્રાહ્મણભોજન કરાવ્યાં અને ગરીબગરબાંને અન્નવસ્ત્રાદિકનું દાન દીધું.

શાહજીરાજા મહારાષ્ટ્રમાં આવ્યાની ખબર મળતાંજ શિવાજી મહારાજે પ્રત્યેક સ્થળે સન્માનદર્શક વ્યવસ્થા કરાવી. શાહજીરાજાને રાત્રિદિવસ જેમ પુત્રનાં દર્શન કરવાની ઉત્કંઠા થઇ હતી, તેમ શિવાજી મહારાજને પણ પિતૃદર્શનની ઉત્કટ ઇચ્છા થઈ હતી, અને જીજાબાઇને મનથી તો આજે સુવર્ણનો સૂર્ય ઊગ્યો હતો. ઘણે વર્ષે પરસ્પરનાં દર્શન થતાં હોવાથી મહારાષ્ટ્રીય નીતિ પ્રમાણે બ્રાહ્મણોએ અભિપ્રાય આપ્યો કે, પતિપત્નીએ દેવાલયમાં મળવું જોઇએ. એ શુભ કાર્ય નિમિત્તે જેજુરીનું દેવાલય નક્કી કરવામાં આવ્યું. પતિપત્ની ઉભયે ત્યાં આવી પરસ્પર દર્શનનો લાભ લેવાની ગોઠવણ કરવામાં આવી. શાહજીરાજા નજીક આવી પહોંચ્યાના સમાચાર મળતાં મહારાજે પોતાનું લશ્કર, હાથી, ઘોડેસવાર, કારકુન વગેરે સહિત સરનૌબતને તેમનો આદરસત્કાર કરવા માટે સામૈયું લઇ સામો

મોકલ્યો અને પોતે જેજુરી જઈ તેમના આગમનની વાટ જોવા લાગ્યા. સામૈયા માટે ગયેલાં મનુષ્યો સહિત તેમની સવારી વાજતેગાજતે દેવળમાં આવી પહોંચી. શાહજીરાજાએ યથાવિધિ દેવનું પૂજનાર્ચન કર્યા પછી જીજાબાઈ, શિવાજી મહારાજ અને તેમની બે સ્ત્રીઓની વિધિપૂર્વક ભેટ લીધી. એ વિધિ કરતી વખતે કાંસાની એક મોટી થાળીમાં ઘી રેડયું હતું. તે ઘીમાં શાહજીરાજાએ એકીવખતે ચારેનાં મુખનું અવલોકન કર્યું. એ વિધિ થઈ રહ્યા પછી શિવાજી મહારાજે ગદ્દગદ્દ કંઠે હર્ષનાં અશ્રુસહિત પરમપ્રિય પિતાના ચરણમાં મસ્તક નમાવ્યું. રાજાનું હૈયું હર્ષથી ભરાઈ આવ્યું. તેમણે પુત્રનું મસ્તક ઊંચકી લઈ પ્રેમાલિંગન કર્યું. એ સમયે બન્નેના નેત્રમાં પ્રેમાશ્રુ ઊભરાઈ જતાં હતાં. સર્વ કુટુંબીજનો સાથે સ્નેહસંભાષણ કર્યા પછી શાહજીરાજાને પાલખીમાં બેસાડી, શિવાજી મહારાજે તેમના પગના જોડા પોતાના હાથમાં લઈ મર્યાદાપૂર્વક તેમની પાલખી સાથે ચાલવા માંડયું. એ પ્રમાણે અત્યંત આદર સાથે તેમને તંબુમાં લાવી ઉચ્ચ ગાદી પર બેસાડયા અને મહારાજ તેમના પગના જોડા પોતાના હાથમાં લઈ મર્યાદાપૂર્વક તેમના સામા ઊભા રહ્યા; પછી અતિ નમ્રતાપૂર્વક બોલ્યા કે, “આપની આજ્ઞાનો ભંગ કરી વિજાપુરસરકાર સાથે વૈર કરવાથી આપને ઘણો ક્લેશ સહન કરવો પડયો, એ અતિશય અનુચિત કહેવાય. પુત્રના કર્તવ્યથી પિતાને પ્રાણ–સંકટ પ્રાપ્ત થાંય, એ ખરેખર ખેદજનક હોવાથી મને ઘણી દિલગીરી થાય છે. મારાથી મોટો અપરાધ થયો છે. મહારાજની ઇચ્છામાં આવે તેવી મને શિક્ષા કરો.” શિવાજી મહારાજની નમ્ર પ્રાર્થના સાંભળી શાહજીરાજાનું હૃદય ભરાઈ આવ્યું. તે ગદ્દગદ્દ કંઠ થયા, અને તેમનાં નેત્રમાથી અશ્રુની ધારા વહેવા લાગી. પુત્રને આલિંગન કરી તેમને આગ્રહપૂર્વક પોતાની સાથે બેસાડ્યા. પછી મહારાજની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે, “તેં સિસોદિયાના ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થઇ, એ કુળને અનુરૂપ થઈ પડે એવું અપ્રતિમ પરાક્રમ કર્યું છે. હિંદુપ્રજાને યવનોની ક્લેશપ્રદ સત્તામાંથી મુક્ત કરી સ્વરાજ્ય સ્થાપવા અને સ્વધર્મનું રક્ષણ કરવા માટે તેં ભગીરથ પ્રયત્ન કરી યશ પ્રાપ્ત કર્યો છે, એ જોઈ મને અતિશય સંતોષ અને ધન્યતા જણાય છે. મારા પિતાને સ્વપ્ન થયું હતું કે, ‘તમારા કુળમાં એક શકકર્તા પુરુષ ઉત્પન્ન થશે અને તે યવનોના ત્રાસમાંથી હિંદુપ્રજાનું અને હિંદુધર્મનું રક્ષણ કરશે.’ તેં તારા અલૌકિક કર્તવ્યથી સર્વને એ સ્વપ્નની સત્યતા બતાવી આપી છે. તારા શૌર્યવીર્યાદિ અનુપમ ગુણોવડે અમારા કુળનો પુનઃ ભાગ્યોદય થયો છે. મારે ઘેર તારા જેવો પ્રતાપશાળી પુત્ર ઉત્પન્ન થવાથી હું ત્રૈલોક્યમાં ધન્ય કહેવાયો છું.” પ્રિય પિતાનું સ્તુતિજનક અને પ્રોત્સા-

હજનક સંભાષણ સાંભળી શિવાજી મહારાજે પુનઃ તેમનાં ચરણમાં પોતાનું મસ્તક નમાવ્યું અને બે હાથ જોડી વિનયપૂર્વક કહ્યું કે, "મારે હાથે જે કાંઇ યત્કિંચિત્ સેવા થઈ છે, તે સર્વ મહારાજના ચરણનાજ પુણ્યપ્રતાપ છે. આપનો શુભ આશીર્વાદ મળ્યો હતો, તેથીજ મને મારા કાર્યમાં થોડોઘણો યશ પ્રાપ્ત થયો છે."

મહાપ્રતાપી પિતાપુત્રનો સ્નેહ-સંવાદ સમાપ્ત થયા પછી મહારાજે ત્યાં હાજર રહેલા પોતાના સર્વ સરદાર તથા કારભારીઓની મુલાકાત કરાવી. ત્યારપછી શિવાજી મહારાજે અતિ સન્માન અને આદરવડે સાવકી-માતા તુકાબાઇનાં દર્શન કર્યાં; સાવકા-બંધુ વ્યંકોજીને પણ તેમણે ઘણા સ્નેહથી આલિંગન કર્યું. મહારાજે શાહજીરાજા સાથે આવેલા સરદારોની અને કારભારીઓની મુલાકાત લીધી. સર્વની મુલાકાત લીધાથી તેમના હૃદયમાં સ્નેહરસ ઊભરાઈ જવા લાગ્યો. મહારાજની નિઃસીમ અને અલૌકિક પિતૃભક્તિ જોઇ સર્વને અત્યંત આશ્ચર્ય લાગ્યું. સર્વે તેમનાં અતિશય વખાણ કરવા લાગ્યા. એ આનંદોત્સવનિમિત્તે મહારાજે તે સ્થળે ઘણું દાનધર્મ કર્યું, બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં, રંક જનોને અન્નવસ્ત્રાદિ આપી સંતોષ્યાં અને અહીંથી સર્વ જનસમાજ પૂને જવા નીકળ્યો.

શાહજીરાજાએ પૂનામાં બે મહિના નિવાસ કર્યો. મહારાજે રાજાનું અને તેમની સાથે આવેલા નાનામોટા સર્વ અતિથિઓનું પ્રેમપૂર્વક આદરાતિથ્ય કર્યું અને અનેક પ્રકારે પરોણાચાકરી કરી. મહારાજે સર્વદા તેમની સેવામાં તત્પર રહી કોઇ પણ પ્રકારની ઊણપ પડવા દીધી નહિ. મહારાજે સ્વરાજ્ય-સ્થાપનાનો આરંભ કર્યો ત્યારથી બનેલા સર્વ બનાવોનું વર્ણન શાહજીરાજાને કહી સંભળાવ્યું. શાહજીરાજાના નામથીજ અને તેમની આજ્ઞાથીજ નિત્ય સર્વ રાજ્યવહિવટ ચાલતો. પુત્રનું એ વર્તન જોઈ શાહજીરાજાને અતિશય સંતોષ થયો. પોતાના શૂરવીર, પરાક્રમી અને બુદ્ધિમાન પુત્રને તેમની સાથે અતિ નમ્રતાપૂર્વક વર્તતો જોઇને અને અર્ધા શુકને કાર્ય કરવા સદા તત્પર રહેલો જોઇને રાજાને કેટલો આનંદ અને ધન્યતા જણાઈ હશે! મહારાજે પોતાની સર્વ ધનસંપત્તિ શાહજીરાજાને બતાવી. તે જોતાંજ તેઓ દંગ થઈ ગયા! થોડા સમયમાં એક સાર્વભૌમ નૃપતિને છાજે એવી સંપત્તિ મેળવવા માટે પિતાએ પુત્રને શાબાશી આપી.

કર્ણાટકમાંથી મહારાષ્ટ્રમાં આવતી વખતે શાહજીરાજા કેટલીક ઉત્કૃષ્ટ તલવારો લાવ્યા હતા, તે શિવાજી મહારાજને આપી અને તેમના અપ્રતિમ પરાક્રમથી પોતાને પરમ સંતોષ થવાના સ્મરણચિહ્ન તરીકે રાજાએ પોતાના હાથમાંની એક કિંમતી તલવાર તેમને ભેટ આપી. મહારાજે એ તલવાર પરમ પૂજ્યબુદ્ધિથી સ્વીકારી, તેને

પિતાની યશસ્વી તલવાર જાણી તેનું નામ "તુલજા" રાખ્યું અને તેને ભવાની તલવાર પાસે નિત્ય પૂજા કરવાના સ્થાનમાં મૂકી.

શિવાજી મહારાજ નિત્ય પોતાના પૂજ્ય પિતાની સેવામાંજ નિમગ્ન રહેતા હતા. એ સમયે તેમણે કોઇ પ્રકારનાં રાજદ્વારી કાર્યમાં કે કોઈ સવારીમાં ચિત્ત રાખ્યું નહોતું. પિતાના એકાદ સામાન્ય સેવકની પેઠે તેઓ તેમની સેવામાં સર્વદા તત્પર રહેતા. પિતાનીજ સેવા કરીને સંતોષ પામતા નહિ; પણ સાવકી માતા તુકાબાઈની સેવા પણ વિશેષ આદરપૂર્વક કરતા. માતા જીજાબાઈ સાથે તેઓ જેવું પ્રેમસંભાષણ અને આદરશીલ વર્તન રાખતા, તેવુંજ સદ્વર્તન તુકાબાઈ માતા સાથે પણ રાખતા હતા. તેમની સેવામાં હોશિયાર અને બુદ્ધિમાન નોકરો રાખી તેમને સર્વ અનુકૂળતા કરી આપતા હતા. તેમને અને બંધુ વ્યંકોજીને અગત્યની વસ્તુઓ તત્કાળ મળવાની સુવ્યવસ્થા હતી કે કેમ, તેની પણ મહારાજ નિત્ય તપાસ રાખતા હતા; અને તુકાબાઈ પાસે પોતે વારંવાર જઈ તેમની સન્મુખ હાથ જોડી ઊભા રહેતા તથા કંઈ આજ્ઞા હોય તો તે વિદિત કરવાની પ્રાર્થના કરતા.

મહારાજે શાહજીરાજાને સવિનય વિનંતિ કરી કે, "મહારાજાએ થોડો શ્રમ લઈ મુખ્ય મુખ્ય કિલ્લાની વ્યવસ્થા મેં કેવે પ્રકારે રાખી છે, તે પ્રત્યક્ષ જોવી." તે પરથી રાજા કેટલાક કિલ્લા જોવા ગયા. મહારાજે તેમની સાથે જઈ પ્રત્યેક કિલ્લાની વ્યવસ્થા બતાવી અને તે કિલ્લા શી રીતે પ્રાપ્ત થયા, તેનું વર્ણન કહી સંભળાવ્યું. કેટલાક નવા કિલ્લા બંધાવ્યા હતા, તેની રચના કયા પ્રકારે કરી હતી તે પણ બતાવ્યું. પ્રત્યેક સ્થળની વ્યવસ્થા જોઇ રાજાએ જે જે સૂચના કરી તે મહારાજે ચિત્ત દઇને સાંભળી લીધી. રાજાને પ્રતાપગઢ ઉપર લઈ જઈ મહારાજે તેમને તે કિલ્લો, ભવાનીનું દેવાલય અને જે બુરજ પાસે અફઝુલખાનનો વધ કર્યો હતો તે સ્થળ બતાવ્યું. તે સમયે કેવી યુક્તિ રચી હતી, તેનું સવિસ્તર વર્ણન કહી સંભળાવ્યું. કિલ્લાની વ્યવસ્થા જોતી વખતે મહારાજે રાજા સાથે પ્રત્યેક કિલ્લેદાર, સરદાર અને કારકુનોની મુલાકાત કરાવી. છેવટે પન્હાળગઢ પર ગયા. પછી શાહજીરાજાએ મહારાજને કર્ણાટક જવાનો વિચાર જણાવ્યો. તે સાંભળતાંજ મહારાજને ઘણી દિલગીરી થઈ. મહારાજની ઇચ્છા હતી કે, તેમણે મહારાષ્ટ્રમાં નિવાસ કરી સંપાદન કરેલા સ્વરાજ્યની વ્યવસ્થા કરવી; પરંતુ શાહજીરાજાએ કહ્યું કે, "હું તમારી માયામાં ગૂંથાઇને અત્રે રહીશ તો કર્ણાટકમાં સંપાદન કરેલી મારી સર્વ સંપત્તિ વિનાકારણ યવનોના હાથમાં જશે. વળી હું કર્ણાટકની જાગીર સંભાળી ત્યાંજ નિવાસ કરીશ તો તમારા ભવિષ્યના કાર્યને અનેક પ્રકારે સહાયભૂત થઈશ. સર્વ ભારતભૂમિ પર

આક્રમણ કરવાનો અને યવનોને સ્વદેશમાંથી હાંકી કાઢવાનો તમારો દૃઢ સંકલ્પ પરિપૂર્ણ થવાનો વિશેષ સંભવ છે. ” પિતાનું યુક્તિપુરઃસર સંભાષણ સાંભળી મહારાજે તેમને રહેવાનો આગ્રહ કર્યો નહિ અને તેમને કર્ણાટક વિદાય કરવાની તૈયારી કરવામાં ગૂંથાયા. રાજા સાથે આવેલા સર્વ અતિથિઓને તેમણે પન્હાળગઢ પર મોટા ઠાઠમાઠથી મિજબાની આપી. જુદે જુદે સ્થળેથી ગુણીજનોને બોલાવી તેમની પાસે આનંદોત્સવ કરાવ્યો. તેઓને તેમના ગુણ પ્રમાણે ઝવેરાત, વગેરે ઇનામ આપ્યાં. તેઓના મુખ્ય કારભારી ત્ર્યંબક નારાયણ હનમંતેને કિંમતી પોશાક, ઝવેરાત અને ઢાલતલવારની બક્ષિસ આપી શાહજીરાજા, તુકાબાઇ અને વ્યંકોજીને પણ સ્મરણચિહ્ન તરીકે નાના પ્રકારની સુંદર વસ્તુઓ ભેટ આપી; તે ઉપરાંત તેમને જોઇતી અન્ય સામગ્રી આપી સંતુષ્ટ કર્યા. તેમને ઝવેરાત, હાથી, ઘોડા, વસ્ત્રો વગેરે પુષ્કળ આપ્યું, તેમજ માર્ગમાં ખર્ચવા માટે પૂરતું દ્રવ્ય અને સરસામાન પણ આપ્યો.

શાહજીરાજા કર્ણાટક જવા તૈયાર થયા, તે સમયે પરમ યોગ્ય પિતા-પુત્રનાં હૃદય ભરાઇ આવ્યાં. મહારાજને અતિશય દિલગીરી ઉત્પન્ન થઈ. યવનોની તાબેદારીમાં કેટલાં ક્લેશ અને સંકટો સહન કરવાં પડે છે, તે વારંવાર નજરે જોઇ શકાતાં હોવાથી મહારાજને તેનો ત્યાગ કરવામાંજ વાસ્તવિક સુખ જણાતું હતું. પ્રતાપી પિતાએ હમેશાં યવનોની તાબેદારી સ્વીકારી રહેવું, એ તેમને અંતઃકરણપૂર્વક પસંદ નહોતું; પરંતુ એવી તાબેદારી સ્વીકારવાનો હેતુ સ્પષ્ટરીતે સમજાયા પછી મહારાજ નિરુત્તર થયા હતા. પિતા વૃદ્ધાવસ્થામાં પણ યવનોના તાબામાં રહે, એ તેમને ખેદજનક લાગ્યું; પરંતુ તેમની ઇચ્છા પ્રમાણે તેમને કર્ણાટક મોકલવાની તૈયારી કરવા માંડી. શાહજીરાજાએ પ્રયાણ કર્યું, તે વખતે શિવાજી મહારાજે તેમની પાસેના નોકરોને વારંવાર વિનંતીપૂર્વક કહ્યું કે, “ મહારાજા વયોવૃદ્ધ થયા છે, તેમને તમારા જીવની પેઠે સંભાળજો. તેમની બરાબર સેવાચાકરી કરજો. તેમના દર્શન માટે હું સત્વર આવવાનો છું તે વખતે તમને સેવાચાકરી માટે યોગ્ય ઇનામો આપીશ. ”

કહેવામાં આવે છે કે, શિવાજી મહારાજે એ સમયે પિતાસમક્ષ પ્રતિજ્ઞા કરી હતી કે, “ તેઓના જીવનપર્યંત વિજાપુરસરકારના બાકી રહેલા પ્રાંતોમાં ઉપદ્રવ કરીશ નહિ. ” શાહજીરાજાએ વિજાપુર જઇ બાદશાહ સાથે મુલાકાત લીધી. શિવાજી મહારાજ તરફથી પોતાને મળેલા હાથી, ઘોડા અને ઝવેરાત, શિવાજી મહારાજે બાદશાહને મોકલેલું નજરાણું જણાવી, તેમને સમર્પણ કર્યું અને હજૂરે સોંપેલું કાર્ય ફત્તેહ થયું છે, એમ જણાવી તેમની રજા લઇ મહારાજ કર્ણાટક ચાલ્યા ગયા.

એ પછી શાહજીરાજા પોતાના પ્રિય અને સુશીલ પુત્રનાં બીજાં પરાક્રમ અને કીર્તિગાથા સાંભળવા ઘણા દિવસપર્યંત જીવ્યા નહોતા. એજ તેમની છેલ્લી ભેટ થઈ હતી. મહારાષ્ટ્રથી કર્ણાટક ગયા પછી બે વર્ષે તેમનું અવસાન થયું. તેમનું મૃત્યુ એકાએક કેવી રીતે થયું, તે સંબંધી વૃત્તાંત પાછળ બીજા પ્રકરણમાં લખવામાં આવ્યું છે. પિતાના મૃત્યુસમાચાર સાંભળી શિવાજી મહારાજ શોકસાગરમાં નિમગ્ન થયા ! તેમના મુખમાંથી શોકોદ્‌ગાર નીકળ્યા કે, "આજપર્યંત મારા માથા પર શિરછત્ર પિતા હોવાથી તેમની હિંમતેજ મેં યવનો સાથે વૈર કર્યું હતું. તેઓ આ લોક ત્યજી જવાથી હું કેવળ નિરાધાર થઇ પડ્યો છું. મારાં પરાક્રમ સાંભળતા જેને ખરૂં અભિમાન અને સંતોષ થતો અને જેના મુખથી ગૌરવપૂર્ણ શબ્દો સાંભળતાં મારા હૃદયમાં આનંદ, ઉત્સાહ અને ધન્યતા થતી, તેજ મારા પરમપ્રિય પિતા મારો ત્યાગ કરી ગયા !" શિવાજી મહારાજને અતિશય ખેદ થયો. તેમનાં નેત્રમાંથી ચોધાર આંસુ નીકળવા માંડ્યાં, છાતી ભરાઇ આવી. જીજાબાઇને પણ અત્યંત શોક થયો. તેમણે સતી થવાની તૈયારી કરી. એ જોઇ મહારાજને આકાશપાતાળ એક થયેલાં જણાયાં. પિતા ગયા અને માતુશ્રી પણ જશે, એ જોઇ તેમના હૃદયમાં અતિશય દુઃખ ઉત્પન્ન થયું. માતાના ચરણ આગળ બેસી મહારાજે તેમને અનેક પ્રકારે સમજાવ્યાં, તેમ છતાં સાધ્વી જીજાબાઈ પોતાના નિશ્ચયમાંથી ડગ્યાં નહિ, ત્યારે મહારાજે તેમનાં બંને ચરણ પકડી નાના બાળકની પેઠે રડવા માંડ્યું. કેમે કરીને માતાનાં ચરણ છોડ્યાં નહિ. મહારાજનું કલ્પાંત જોઇ મોરોપંત, નિરાજી પંત, દત્તાજી પંત વગેરે કારભારીઓ પાસેજ ઊભા હતા, તેમણે બે હાથ જોડી માતુશ્રીને વિનંતિ કરી કે, "આપના અગ્નિપ્રવેશ કર્યા પછી મહારાજ જીવશે નહિ. તેમણે સ્વબાહુબળ વડે સંપાદન કરેલું રાજ્ય આજેજ લય પામવાનો પ્રસંગ આવ્યો છે. શિવાજી મહારાજ અને શાહજીરાજાનું નામ યશસ્વી કરે, એવું બીજું કોઈ પાછળ રહ્યું નથી. એ સર્વ વિચારી મહારાજને આપના ખોળામાં લો, તેમને ધૈર્ય આપો, આપના હૃદયને મજબૂત કરો. વિરહ–શોક કરીને સતી થવાથી આપને વંશક્ષય કરવાનું કલંક પ્રાપ્ત થશે." સર્વ મનુષ્યોએ અનેક રીતે જીજાબાઈને સાંત્વન કરવાથી માત્ર પુત્રપ્રેમને ખાતરજ તેમણે સતી થવાનો વિચાર બંધ રાખ્યો.

મહારાજે શિરછત્ર પિતાની ઉત્તરક્રિયા કરી લાખો રૂપિયાનું દાનધર્મ કર્યું; શાહજીરાજાનું મૃત્યુ થયું તે બંદેકીર ગામમાં પુષ્કળ પૈસા ખર્ચીને પિતાના સ્મરણચિહ્ન માટે છત્રી બંધાવી, નિયમિત પૂજનાર્ચન થવા માટે નોકરો રાખી, વિજાપુરસરકાર પાસેથી ગામ મેળવી તેની ઊપજ ખર્ચમાં વાપરવાની વ્યવસ્થા કરી.

प्रकरण १५ मुं–दरियाई काफला अने समुद्रना किल्ला

કોંકણપટ્ટી સ્વાધીન કર્યા પછી તે પ્રાંત નિર્ભયપણે પોતાના તાબામાં રાખવા માટે શિવાજી મહારાજે ત્યાં ઉપદ્રવ કરનારા ઘણાખરા બળવાખોર–બહારવટિયાનો ઉચ્છેદ કરી તેમને પોતાને તાબે કર્યા; પરંતુ એક યવન સરદારને તેઓ અદ્યાપિપર્યંત તાબે કરી શક્યા નહોતા. જંજીરાના સીદી સાથે અનેક વખત યુદ્ધ કરી મહારાજે તેનો ઘણો પ્રાંત હસ્તગત કર્યો હતો; ત્યાં નવા કિલ્લા બાંધી પોતાનાં થાણાં બેસાડ્યાં હતાં; પરંતુ જંજીરાનો કિલ્લો ઘણો મજબૂત હોવા સાથે સીદી પાસે સામરિક–નૌકાબળ હોવાથી તે મહારાજના તાબામાં આવતો નહોતો. તેનાં લશ્કરી વહાણો હમેશાં સમુદ્રમાં ફરતાં હોવાથી લાગ ફાવે તે વખતે તે મહારાજના તાબાના કિનારા પરનાં ગામોમાં જઈ વારંવાર તેમને ત્રાસ: આપતો હતો; તેના કિનારા પર રહીને તેના કિલ્લામાં અન્ન, વસ્ત્ર વગેરે સામગ્રી જતી બંધ કરી તેના પર ગમે તેટલા દિવસ તોપોનો મારો ચલાવવામાં આવતો તોપણ તે કોઇને ગાંઠતો નહોતો. લશ્કરી વહાણોની સહાયતાથી વેગળેના બંદરોમાંથી જોઈતી સામગ્રી લાવી શકાય તેમ હતું, તેથી ગમે તેટલા દિવસ સુધી કિલ્લો ટકાવી રાખવાનું તેનામાં સામર્થ્ય હતું. જંજીરા તાબામાં આવ્યા સિવાય સીદીનો કિનારા પરનો ઉપદ્રવ નિર્મૂળ થશે નહિ, એમ જાણી મહારાજે વિચાર્યું કે, "સીદીના બળનો સર્વ આધાર માત્ર તેનાં સામરિક–વહાણો પરજ છે; તેથી આપણી પાસે પણ તેવાંજ વહાણો હોવાં જોઇએ; તેમ થવાથી આપણે તેની સાથે જળમાર્ગે યુદ્ધ કરવા શક્તિમાન થઇશું. જંજીરા સ્વાભાવિક રીતેજ તાબે કરી શકાશે અને તેનાં વહાણો આપણાં પ્રાંતમાં ઉપદ્રવ કરવા આવતાંજ આપણાં વહાણોની સહાયતા વડે તેમને પાછાં નસાડી શકાશે; તેમજ સમુદ્રમાર્ગે ચાલતા વેપારથી સીદી આજે વિપુલ સંપત્તિવાન થયો છે, તેને આપણાં વહાણોની સહાયતાથી વશ કરી શકાશે. વ્યાપારીઓનાં વહાણો લૂટી સીદી પુષ્કળ સંપત્તિ તથા નવાં મનુષ્યો અને નવાં વહાણો મેળવી શકે છે, તેથી એવા પ્રબળ શત્રુ સાથે યુદ્ધ કરવા માટે આપણે પણ તેના જેવાંજ વહાણો રાખવાં જોઇએ."

મહારાજે સામરિક–વહાણો તૈયાર કરવા માટે દૂર દેશોમાંથી

કારીગરો તેડાવ્યા અને નાનાંમોટાં ચારસોપાંચસો વહાણો તૈયાર કરાવ્યાં. વહાણોના આકાર પ્રમાણે તેમનાં નામ પાડ્યાં; જેમકે ફત્તેહમારી, નાની ફત્તેહમારી, જહાજ, નૌકા–જોડ, હોડી, મહાગિરિ, પડાઉ, મછવા, તરાપા ઇત્યાદિ. એ વહાણો તૈયાર કરાવતાં આશરે દશ લક્ષ રૂપિયા ખર્ચ થયો હતો. તેના ઉપર તોપો વગેરે લડાયક સામાન ચઢાવી સજ્જ કર્યાં અને વહાણમાં રહીને યુદ્ધ કરનાર પુષ્કળ મનુષ્યો કેળવી તૈયાર કર્યા. કોળી, ચાંચે,* ખારવા વગેરે જે લોકો વહાણ ચલાવવાની કળામાં પ્રવીણ હતા અને જેઓ પશ્ચિમના કિનારાના સંપૂર્ણ ભોમિયા હતા, તેમને જ્યાં ત્યાંથી બોલાવી મંગાવી પોતાના વહાણો પર નોકર રાખ્યા. માયનાયક× ભંડારી અને દરિયાસારંગ નામક બે સરદારોને મહારાજે પોતાનાં વહાણોના સેનાધિપતિ બનાવ્યા. પાછળથી કેટલાક મુસલમાન ખલાસીઓને પણ તેમણે પોતાના વહાણ પર નોકરીએ રાખેલા હતા. હબસીઓના સીદી પર નારાજ થઇ મીસ્ત્રી અને દોલતખાન નામના બે સરદાર પણ મહારાજનાં વહાણો પર નોકરીએ રહ્યા હતા.

સામરિક–વહાણો તૈયાર થઇ સમુદ્રમાં પ્રત્યેક સ્થળે પ્રવાસ કરવા લાગ્યાં. સરદારોએ મોગલાઇ, ફિરંગી, વલંદા, ફ્રેંચ અને અંગ્રેજ વહાણવટીઓ પર હુમલા કરી તેમને લૂંટવા માંડ્યા. તેમ થવાથી મહારાજને નાના પ્રકારની પુષ્કળ વસ્તુઓ મળવા લાગી અને વહાણોનો ઘણો ખર્ચ બારોબાર વસૂલ થવા લાગ્યો. હબસીઓને સખ્ત બીક લાગી. તેઓ પોતાને અત્યાર સુધી સમુદ્રના રાજા કહેવડાવતા હતા, તેમનો હવે જબરદસ્ત રિપુ ઉત્પન્ન થયો. તેમનાં અને મહારાજનાં વહાણો વચ્ચે વારંવાર ચકમક ઝરવા લાગી. ફિરંગી, અંગ્રેજ વગેરે વ્યાપારીઓને તેમની બીક લાગવાથી પોતાનાં વહાણો સમુદ્રમાંથી સુરક્ષિતપણે આવ–જા કરે તે માટે તેઓ મહારાજને વાર્ષિક ખંડણી ભરવા લાગ્યાં. મહારાજની સત્તા ધીમે ધીમે પશ્ચિમ સમુદ્રમાં પ્રસરવા લાગી અને સીદીનું મહત્ત્વ ધીમે ધીમે ત્યાંથી ઓછું થવા લાગ્યું.

---

* આ ચાંચે ઘણેભાગે કોળી અને ભંડારી જાતના હોય છે. અંગ્રેજ વગેરે વેપારીઓને આ લોકોનો ઘણોજ ધાક હતો. પશ્ચિમ સમુદ્રના કિનારા પરનાં ગામડાંમાં આ લોકોની વસ્તી ઘણું કરીને હોય છે.

× માયનાયક એટલે જળપ્રદેશનો સરદાર. 'માય' એ અરબી શબ્દ છે અને તેનો અર્થ 'પાણી' એવો થાય છે. 'સારંગ' એટલે કપ્તાન કિંવા સરદાર. કેટલાક કહે છે કે દરિયાસારંગ મુસલમાન હતો; પણ બીજા કેટલાક કહે છે કે, તે હિંદુજ હતો. (જુઓ રા. રાજવડેકૃત ખંડ ૮, પૃ. ૨ અને "તવારીખ–ઇ–શિવાજી.)

પોતાનાં વહાણોને થોભવાનું એક ચોક્કસ સ્થાન નિર્માણ કરવાના હેતુથી મહારાજે પોતાના સમુદ્ર–કિનારા પરના કેટલાક કિલ્લા દુરસ્ત કરાવવાનો વિચાર કર્યો. કોલાબાનો કિલ્લો તાબામાં લઇ, તેને દુરસ્ત કરાવી મજબૂત કર્યો અને ત્યાં વહાણો થોભવાનું મુખ્ય મથક બનાવ્યું. એ સ્થળે સર્વ સ્થળોનાં વહાણોની જડતી લેવામાં આવતી હતી. સુવર્ણદુર્ગ, વિજયદુર્ગ વગેરે કિલ્લા તેમણે દુરસ્ત કરાવી સુદૃઢ બનાવ્યા. એ સર્વ કિલ્લાના આશ્રય વડે તેમણે પોતાનાં વહાણો હમેશાં યુદ્ધ માટે તૈયાર રાખ્યાં હતાં. વ્યાપારીનાં અને મકકે હજ કરવા જનાર યાત્રાળુનાં વહાણો પર હુમલા કરી મહારાજના સરદારોએ લૂંટ મેળવી હોય તેનો હિસાબ કોલાબાના કિલ્લા નજીકના મુખ્ય થાણામાં આપવાની વ્યવસ્થા રાખી હતી.

ફિરંગીઓએ જ્યારે જાણ્યું કે, મહારાજનાં વહાણો આગળ આપણું કાંઈ ચાલશે નહિ અને વહાણો ફરતાં બંધ કરવાં પડશે, ત્યારે તેમણે મહારાજ પાસે પોતાનો વકીલ મોકલી સ્નેહસંબંધ બાંધવાનું કહાવ્યું. તે પરથી મહારાજે તેમની પાસેથી પ્રતિવર્ષે અમુક તોપો, દારૂગોળો વગેરે ઇતર યુદ્ધસામગ્રી લેવાનું કરારનામું લખાવી લીધું અને તેમને ઉપદ્રવ કરવામાં ન આવે, એવી વ્યવસ્થા કરી. મહારાજ તેમની પાસેથી પ્રતિવર્ષે નવું કરારનામું લખાવી લેતા હતા. કહેવામાં આવે છે કે, અંગ્રેજો સાથે પણ મહારાજને એવુંજ કરારનામું થયું હતું.

મહારાજે એ વહાણો પર આરોહણ કરી, કોઇ દિવસ ચડાઇ કરી નહોતી. એક વખત માત્ર વહાણમાં બેસી બારસીલોર શહેર લૂંટવા ગયા હતા અને જળમાર્ગેજ પાછા ફર્યા હતા. એ પ્રવાસ ઘણો ત્રાસદાયક જણાયો હતો. તેમને અને તેમનાં લશ્કરી માણસોને દરિયો લાગવાથી બધાંને ઘણું કષ્ટ ભોગવવું પડ્યું. દરિયાના તોફાનમાં સપડાતાં કેવી આફત આવી પડે છે, તેનો નિયમ નથી. જળનો પ્રવાસ મનુષ્યની આજ્ઞાને આધીન નથી. પવનની અનુકૂળતા કિંવા પ્રતિકૂળતા પ્રમાણે દરિયામાં વત્તાઓછા દિવસો વ્યતીત થાય છે. અપાર સમુદ્રમાં અટકી પડવાથી રાજ્યની સ્થિતિ જાણવાનો માર્ગ બંધ થાય છે. આ વગેરે અડચણો મહારાજના અનુભવમાં આવતાં તેમણે પુનઃ કદી પણ જળપ્રવાસ કર્યો નહોતો.

રા. ચિત્રગુપ્તે મહારાજનાં વહાણોની યાદી પ્રકટ કરી છે. તે યાદી સત્ય માનવામાં આવે તો તે આ પ્રમાણે છે. મોટી ફત્તેહમારી ૩૦, મોટાં વહાણ ૧૦૦, મહાગિરિ ૧૫૦, નાની ફત્તેહમારી ૫૦, મોટી હોડી ૧૦, નાની હોડી ૧૫૦, તરાપા ૬૦, તંબૂ જેવી હોડી ૨૫, જોડકાં હોડી ૧૫ અને મછવા ૫૦. અંગ્રેજ લોકોએ તે-

મનાં વહાણોની યાદી વખતોવખત નોંધી રાખી છે, તે પરથી જણાય છે કે, મહારાજનાં વહાણો જે સમયે કારવાર નજીક ગયાં, તે સમયે તેમાં ત્રીસથી એકસોપચાસ ટન વજનનાં એક સઢનાં ૮૫ વહાણ અને ત્રણ મોટાં વહાણ હતાં. તે સમયના અંગ્રેજોએજ લખ્યું છે કે, મુંબઈના અંગ્રેજો, સીદી સાથે મિત્રભાવથી વર્તવા લાગ્યા તે વખતે તેમને બીક બતાવવાને મહારાજે મુંબઇના બેકબે સન્મુખ ૧૬૦ લશ્કરી વહાણ ગોઠવ્યાં હતાં.

આ પ્રમાણે દરિયાઇ કાફલો તૈયાર કરીને મોગલ, સીદી, ફિરંગી, અંગ્રેજ અને ડચ લોકો પશ્ચિમ કિનારા પાસેથી જનાર-આવનાર વહાણોને ભય બતાવીનેજ મહારાજ અટક્યા નહિ; પરંતુ તે લોકોની પેઠે પરદેશ સાથે સ્વતંત્રપણે વેપાર કરવાનો પણ તેમનો ઇરાદો હતો, એવું તે સમયના સુરત, કારવાર વગેરે સ્થળના અંગ્રેજ વેપારીઓનાં લખાણ પરથી સ્પષ્ટ જણાઇ આવે છે. ઉત્તર કોકણના કિનારા પરનાં બંદરો તેમના હાથમાં આવ્યા પછી તેમણે વેપાર શરૂ કર્યો હતો એમ લાગે છે. રાજાપુરમાં અફઝુલખાનનાં જે વહાણો તેમણે હસ્તગત કર્યાં હતાં, તેનો ઉપયોગ આજ કામમાં થયો હતો. સુરતના અંગ્રેજ વેપારીઓ પાસે સને ૧૬૬૩ નો એક એવો લેખ છે કે, અરબસ્તાનના પશ્ચિમ કિનારા પરના મોકા બંદર સાથે વેપાર કરવાને માટે જતાપુર નામના બંદરમાં શિવાજી મહારાજ બે મોટાં વહાણો તૈયાર કરાવતા હતા. ૧૬૬૫ની સાલનો આ વેપારીઓ પાસે એક એવો ઉલ્લેખ છે કે, મહારાજ દરવર્ષે પોતાનાં મોટાં મોટાં બંદરેથી બેત્રણ વહાણોને ઇરાન, બસરા, મોકા વગેરે સ્થળોએ વેપારને માટે મોકલતા હતા. સને ૧૬૬૯ ની સાલનો એવો ઉલ્લેખ છે કે, ચોખાથી ભરેલાં મહારાજનાં કેટલાંક વેપારી વહાણો કારવારના કિનારા પાસે વરસાદના તોફાનથી નાશ પામ્યાં.×

એ વહાણો માત્ર સીદીનાં વહાણો સાથે યુદ્ધ કરી તેનો પરાજય કરવા માટેજ તૈયાર કરાવ્યાં હતાં અને તેમની સાથે સમુદ્રમાં અનેક વખત યુદ્ધ પણ થયાં હશે; પણ તેનું વર્ણન કોઇ સ્થળે જણાતું નથી. સીદીનો જંજીરાકિલ્લો તાબે કરવાનો મહારાજનો ઉદ્દેશ હતો તે મોટેભાગે પૂર્ણ થયા જેવુંજ હતું; પરંતુ આગળ જતાં તેણે વિજાપુરસરકારની તાબેદારી છોડી દઇ મોગલોનો આશ્રય લીધાથી, તેને મોટી સહાયતા મળતાં અંતે મહારાજનો ઉદ્દેશ અપૂર્ણ રહ્યો. સીદીનો જંજીરાકિલ્લો તાબામાં આવતો નહિ હોવાથી તેનાજ જેવો એક જંજીરાકિલ્લો બાંધવાની ઇચ્છાથી, મહારાજે પોતાના તાબાના

× જુઓ, પ્રો. સરકારકૃત બખર–પૃ. ૩૩૮

સમુદ્રકિનારા પર તપાસ કરી. તેમ કરતાં એવા કિલ્લાને માટે માલવણનો કિનારો સગવડભરેલો જણાતાં, ત્યાંજ તેમણે કિલ્લો બાંધવાનો નિશ્ચય કર્યો. એ સ્થળે જંજીરાકિલ્લો બાંધવાનો એક ઉદ્દેશ એ હતો કે, ગોવાના ફિરંગીઓ કંઈ ઉપદ્રવ કરે તો તેમને જેર કરવાનું સહેલું થઇ પડે; તેમજ વાડીના સાવંતોનાં કેટલાંક વહાણો, વ્યાપારી લોકોનાં વહાણો લૂંટતાં હતાં; તેથી જો સાવંતો કંઇ ઉપદ્રવ કરે તો તેમના પર પણ દાબ બેસાડી શકાય.

જળમાં કિલ્લો બાંધવાનો નિશ્ચય થયા પછી જે સ્થળે તે બાંધવાનો હતો, ત્યાંની જમીન કેવી હતી અને આસપાસનો જળવેગ કયી દિશામાં વિશેષ છે, તેની તપાસ કરવાનું કામ મહારાજે કોળી લોકોને સોંપ્યું. તે લોકોએ જીવની દરકાર નહિ કરતાં ઘણી મહેનતે સર્વ પ્રકારની માહિતી મેળવી. મહારાજે તેમને મોટાં ઇનામો આપ્યાં અને તેઓને પોતાનાં વહાણો પર ટંડેલની નોકરી આપી; તેમજ તેમને એક ગામનું વતન વંશપરંપરા માટે બક્ષિસ આપ્યું.

કિલ્લો બાંધવાનું શુભ મુહૂર્ત જોઇ મહારાજે ગણપતિપૂજન અને સમુદ્રપૂજન કર્યું. બ્રાહ્મણોને મિષ્ટાન્ન ભોજન કરાવ્યાં. તેમણે સો હોનની દક્ષિણા, પંચપકવાન્ન, ફળ, સુવર્ણનું શ્રીફળ, વસ્ત્રો, મંડિલ અને ચાદર સમુદ્રમાં અર્પણ કરી. વિધિપૂર્વક સમુદ્રપૂજન કર્યા પછી કિલ્લો બાંધવાનું કામ શરૂ કર્યું. પાંચસો સલાટ અને બસો લુહાર એકઠા કર્યા. બસો ખાંડી લોખંડ ખરીદ કરી ટાંકણાં, હથોડા, ગિરમીટ, કરવતી વગેરે હથિયારો તૈયાર કરાવ્યાં. પથ્થરોને સ્વચ્છ–સુંદર બનાવી તે પર ટાંકણાંવડે કોતરકામ કરાવ્યું. કિલ્લાનો પાયો મજબૂત બનાવવા માટે તે સ્થળે પાંચ ખાંડી સીસું રેડ્યું. શ્રેષ્ઠ પ્રકારનો ચૂનો પકવવા માટે ભીલ, કામાઠી,કોળી વગેરે જાતિના હોશિયાર લોકોને બોલાવ્યા. એ કાર્ય ઉપર એકંદરે ત્રણ હજાર માણસો રોકવામાં આવ્યાં હતાં, તેમને સર્વ સામગ્રીસહિત વહાણમાં બેસાડી સમુદ્રમાં લઇ ગયા. એ સ્થળની આસપાસ મહારાજે તોપ, દારૂગોળા વગેરે લડાયક સામગ્રી સહિત પોતાનાં બારકસો ગોઠવી દીધાં હતાં. કિનારા પર પાંચહજાર માવળા સિપાઇઓનો પહેરો રાખ્યો હતો. એ સમયે ગોવાના ફિરંગીઓ સાથે સંધિ થયેલી હોવાથી કિલ્લાના કામને અડચણ કરવા જેટલી તેમનામાં હિંમત નહોતી; તેજ પ્રમાણે સાવંતો પણ મહારાજના તાબેદાર હોવાથી તેમના તરફથી પણ કંઇ વિઘ્ન આવે તેમ નહોતું. મહારાજને માત્ર સીદીનાં અને મોગલોનાં વહાણનીજ બીક હતી; પરંતુ કિલ્લો બંધાવીને તૈયાર થતાં સુધી તેમના તરફથી કંઇ વિઘ્ન નડ્યું નહિ એમ જણાય છે.

સાંભળવામાં આવ્યું છે કે, તે સ્થળે શિવાજી મહારાજે પોતાને

હાથે કેટલાક દિવસ સુધી કામ કર્યું હતું. પ્રથમ સર્વ કામ ઉપર તેમનીજ દેખરેખ હતી અને કિલ્લો કેવી રીતે બાંધવો તથા પાણીમાં પાકો પાયો ચણવા માટે કેવી યુક્તિ યોજવી, તે સંબંધી સઘળી કલ્પના મહારાજેજ દર્શાવી હતી. કિલ્લાનો પાયો મજબૂત ચણાયા પછી ભીંત ચણવાનું કામ શરૂ થયું, ત્યારે તે કામ ઉપર દેખરેખ રાખવાને મહારાજે ગોવિંદ વિશ્વનાથ પ્રભુ નામક સૂબેદારની નિમણુંક કરી અને પોતે રાયગઢ ચાલ્યા ગયા. એ કિલ્લાનું કામ સંપૂર્ણ થતાં ત્રણ વરસ વીત્યાં હતાં. કિલ્લાનું કામ પરિપૂર્ણ થયા પછી મહારાજ તે ઇમારત જોવાને પન્હાળેથી બાવડીના ઘાટને માર્ગે માલવણ આવ્યા. તેમણે શુભ મુહૂર્ત જોઈ શાસ્ત્રવિધિપૂર્વક કિલ્લામાં પ્રવેશ કર્યો. પાંચહજાર બ્રાહ્મણોને ભોજન આપી તર્પણ કર્યું. સર્વ જનસમૂહમાં સાકર વહેંચાવી. કિલ્લામાં પ્રવેશ કરતી વખતે વહાણો ઉપરથી તોપો ફોડી આનંદ પ્રદર્શિત કર્યો. સલાટ કારીગરોના મુકાદમને કિંમતી વસ્ત્રો અને સુવર્ણનાં કડાંની બક્ષિસ આપી. એ કાર્ય માટે ગોવાની સરકારે સો કારીગરો મોકલ્યા હતા. તેમના કાર્યની કદર કરતાં મહારાજે કેપ્ટનને ઇનામમાં જરીકસબી ભરેલાં વસ્ત્રો અને સોનાનાં કડાં આપ્યાં. ગોવિંદ વિશ્વનાથ પ્રભુને શાબાશી આપી તેને ઝબ્બો, મંદિલ, જરીકસબ ભરેલી ચાદર, મોતીનાં તોરણ, સોનાનાં કડાં અને સુવર્ણની માળા તથા તલવારની બક્ષિસ આપી.

એ નવા જંજીરાકિલ્લાનું નામ મહારાજે સિંધુદુર્ગ પાડ્યું. કહે છે કે, સિંધુદુર્ગ બાંધવામાં એક કરોડ હોન ખર્ચાયા હતા. એ કિલ્લા પર ત્રણ હજાર માવળા સિપાઇ અને તેમના ઉપર એક મામલતદાર નીમ્યો. માવળા સિપાઇઓમાં જેઓ હોશિયાર હતા, તેમને નાયક, સરનાયક અને તટસરનૌબતના હોદ્દા આપ્યા. કિલ્લાની દીવાલ પર પાણીનો વેગ અથડાય નહિ, તે માટે પાણીમાં એક મોટો બુરજ બંધાવી તેનું નામ દરિયા–બુરજ પાડ્યું.× એ ઉપરાંત અંજનવેલી, રત્નાગિરિ, પદ્મદુર્ગ, સરજાકોટ, ગહનદુર્ગ, ખાકેરી અને રાજકોટ નામક કિલ્લા મહારાજે બંધાવ્યા, એમ કહેવાય છે.

નવા કિલ્લા બાંધવા છતાં સીદી ઉપર જોઇએ તેવો કરપ બેઠો નહિ. મુંબઇના બંદર પાસેના મહારાજના તાબાના પ્રાંતોમાં સીદીએ ઘણો ત્રાસ વર્તાવ્યો. તેને અંગ્રેજોની પણ થોડીઘણી સહાયતા

× એ કિલ્લામાં એક સ્થળે મહારાજનાં પગલાં ઊપસ્યાં હતાં, એમ માની તે સ્થળે એક દેવળ બંધાવ્યું છે; તેમાં મહારાજની મૂર્તિ છે અને તેની નિત્ય પૂજા થાય છે. પૂજા કરનારને હમણાં કોલ્હાપુર સરકાર તરફથી વર્ષાસન મળે છે.

જણાયાથી મહારાજે મુંબઇ બેટથી બાર માઇલ વેગળે ખાંદેરી અને ઉદેરી નામના બે ખડકાળ બેટ કબજે લઇ તેમના ઉપર કિલ્લો બાંધવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પ કયે પ્રકારે સિદ્ધ થયો તેનું વર્ણન આગળ એક સ્વતંત્ર પ્રકરણમાં લખવામાં આવશે.*

લશ્કરી વહાણ તૈયાર કરીને અને જળમાં કિલ્લા બાંધીને સીદી, ફિરંગી, અંગ્રેજ, મોગલ અને મુસલમાન પર સંપૂર્ણ સત્તા બેસાડવાનો અને મુસલમાન તથા મોગલોની સત્તા પર ચારે બાજુથી વિપત્તિ નાખવાનો મહારાજનો સંકલ્પ હતો, તે તેમના અલ્પાયુષ્યને લીધે અપૂર્ણ રહ્યો. સમુદ્રમાર્ગ પર સંપૂર્ણ સત્તા જમાવી સર્વ વ્યાપારની કૂંચી પોતાના હાથમાં રાખવાનો તથા પોતાના તાબાના દેશમાં શત્રુઓ તરફથી કોઇ પણ પ્રકારનો ત્રાસ ન થાય, એવો મજબૂત બંદોબસ્ત કરવાનો મહારાજનો ઇરાદો હતો; પરંતુ તેમની પાછળ એ યોજના કોઇ પરિપૂર્ણ સમજી શક્યું નહિ, તેથી બધાં વહાણ ધીમે ધીમે નષ્ટ થઈ ગયાં.

---

* જુઓ પ્રકરણ [illegible]

प्रकरण १६ मुं–मोगलराज्य पर सवारी अने शाहिस्तखाननी चडाई

ઔરંગઝેબ જ્યારે દક્ષિણનો સૂબો હતો, ત્યારે મહારાજે તેના તાબાના જુન્નર, ઔરંગાબાદ વગેરે પ્રાંતોમાં તોફાન કર્યું હતું; પરંતુ વિજાપુરસરકારની સાથે સલાહ કરીને જ્યારે ઔરંગઝેબ યુદ્ધમાંથી છૂટયો ત્યારે તેનો મોરચો પોતાના તરફ ફરશે, એવો ભય લાગવાથી મહારાજે પોતાના અપરાધોની ક્ષમા માગીને તેના તાબેદાર થઇ રહેવાની તેને લાલચ બતાવી હતી; પરંતુ એટલામાંજ શાહજહાંની માંદગીના સમાચાર આવવાથી ઔરંગઝેબ દિલ્હી જવાને નીકળ્યો. તે વખતે શાહજીરાજાને પ્રથમ જે જાગીર મળી હતી, તેનો કેટલોક ભાગ મોગલોએ કબજે કરેલો હતો. તે ભાગની મહારાજે તેની પાસે માગણી કરી અને આદિલશાહના તાબાનો કોંકણ પ્રાંત કબજે કરવાની પરવાનગી માગી. ઔરંગઝેબે આ માગણીઓનો કંઇ પણ સ્પષ્ટ જવાબ ન આપતાં આબાજી સોનદેવને પોતાના દરબારમાં વકીલ તરીકે મોકલવાનું કહ્યું. પછી ઔરંગઝેબે પોતાના બાપને કેદમાં નાખીને તથા પોતાના ભાઇઓનો અને તેમના કુટુંબનો નાશ કરીને દિલ્હીની ગાદી હાથ કરી લીધી. આ સમયે ત્યાં અનેક ખટપટો ઊભી થયેલી હોવાથી તે દક્ષિણ તરફ બરોબર ધ્યાન આપી શક્યો નહિ; પણ જ્યારે શિવાજી મહારાજે અફઝુલખાનનો વધ કર્યો અને વિજાપુરની સેનાનો સંપૂર્ણ નાશ કર્યો, એવા સમાચાર તેને મળ્યા ત્યારે તેણે શિવાજી મહારાજ પર એક અભિનંદનનો પત્ર લખ્યો હતો, એવું કહેવાય છે; પરંતુ તેજ સમયે આ દગાબાજ બાદશાહે આદિલશાહને પણ એક પત્ર લખ્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે, "શિવાજીની ખોડ બરોબર ભુલાવી દેવામાં આળસ કરશો નહિ." ઔરંગઝેબે પોતાના રાજ્યારોહણનો પ્રથમ વાર્ષિક ઉત્સવ કર્યો તે વખતે તેનું અભિનંદન કરવાને માટે મહારાજે પોતાનો વકીલ તેના દરબારમાં મોકલ્યો હતો અને સાથે સાથે પોતાની પૂર્વોક્ત માગણી પણ ફરીથી કરી હતી; તેનો તેણે એવો જવાબ આપ્યો કહેવાય છે કે, "ખુદાની મહેરબાનીથી મારા સઘળા શત્રુઓને જીતીને મેં મારા મનોરથો સિદ્ધ કર્યા છે. મેં શાહિસ્તખાનને દક્ષિણનો સૂબો નીમેલો

છે. તે તમારી સર્વ માગણીઓની વ્યવસ્થા કરશે." એવું કહેવાય છે કે, તેણે આ વખતે મહારાજને સન્માનસૂચક શિરપાવ પણ મોકલેલો હતો.*

૧૬૫૯ ના જુલાઇ માસમાં ઔરંગઝેબે શાહિસ્તખાનને દક્ષિણના સૂબા તરીકે મોકલ્યો. તેણે તેને ઘણાજ સન્માનસૂચક અમીર-ઉલ્-ઉમરાવનો ખિતાબ આપ્યો. આ શાહિસ્તખાન સરદાર ઔરંગઝેબનો મામો થતો હતો. જ્યારે ઔરંગઝેબે ગોવળકાંડા ઉપર સવારી કરી હતી, ત્યારે એ સવારીમાં તે એની સાથે હતો. ત્યાર પછી તે માવળા પ્રાંતનો સૂબેદાર નિમાયો હતો. વિજાપુરસરકારના જે પ્રાંતો શિવાજી મહારાજે હસ્તગત કરેલા હતા, તે પ્રાંતો તેમની પાસેથી જીતી લેવાનું કાર્ય તેને સોંપવામાં આવ્યું હતું. આ પ્રમાણે દિલ્હીની ગાદી પર પોતાની સત્તા કાયમ થઇ ન હતી ત્યાંસુધી ઔરંગઝેબે શિવાજી મહારાજ સાથે સ્નેહભાવ બતાવીને દક્ષિણમાંના પોતાના પ્રાંતોમાં તે કંઇ તોફાન કરે નહિ, એવી તેણે યુક્તિ કરી હતી; ત્યારે બીજી તરફ વિજાપુરસરકારને પણ ઉત્તજન આપીને મહારાજ સાથે યુદ્ધ કરવાને તૈયાર કરી અને તેજ સમયે પોતે પણ શાહિસ્તખાનને પ્રચંડ સેના આપીને મહારાજ પર ચડાઈ કરવાને મોકલ્યો. વિજાપુરની સરકારે સીદી જોહારને 'સલાબત ખાન'નો ખિતાબ આપીને મહારાજ ઉપર મોકલ્યો અને બીજી તરફથી હબસીઓના સીદી અને વાડીના સાવંતોને પણ મહારાજની વિરુદ્ધ ઊભા કર્યા. તેમની સાથે થયેલા યુદ્ધનું વર્ણન પાછળ તેરમા પ્રકરણમાં આવી ગયું છે. હવે શાહિસ્તખાનની સાથે થયેલા યુદ્ધનું વર્ણન કરીશું.× આ પ્રસંગે મહારાજને

---

* જુઓ રાજવાડેકૃત ભાગ ૮.

× શાહિસ્તખાનની સવારી ૧૬૬૨-૬૩ માં થઇ હતી, એવું અમે પ્રથમ આવૃત્તિમાં જણાવેલું હતું. આ હકીકત અમે મરાઠી બખર અને ગ્રાંટ ડફના આધારે લીધી હતી; અને તેને તેરમા પ્રકરણમાં વર્ણન કરેલા વિજાપુરસરકાર સાથેના યુદ્ધથી અલગ રાખી હતી તથા મોગલોની આ સવારી પહેલાં મહારાજના નૌકાસૈન્યની હકીકત લીધી હતી; તેજ પ્રમાણે શાહજીરાજા જોડે તેમની મુલાકાત આ પહેલાં થઇ હતી, એવું માન્યું હતું; પરંતુ ઔરંગઝેબની કારકિર્દીના પ્રથમ દશ વરસનો ઇત્થભૂત ઇતિહાસ "આલમગીરનામા" નામની મોગલ દરબારની બખરમાં છે. એને આધારે પ્રો. સરકાર અને ખાફીખાન જણાવે છે કે, શાહિસ્તખાન સને ૧૬૫૯ માં દક્ષિણમાં આવ્યો અને સને ૧૬૬૦ માં શિવાજી પર ચડાઇ કરી. આ હકીકત ખરી માનવાનું બીજું પણ એક કારણ છે. 'જેધે'ની શકાવલીમાં જે હકીકત આપવામાં આવી છે, તેની સાથે આ બખરની હકીકત બરોબર મળતી આવે છે.

પ્રથમ હાર ખાવી પડી, એમાં કંઇજ શંકા નથી. તે એકજ સમયે બંને બાજુથી પ્રબળ શત્રુ વડે ઘેરાઇને પડ્યા હતા. વળી કોંકણમાં પણ હબસી અને સાવંત પોતાનો લાગ તપાસીને બેસી રહ્યા હતા. આ પ્રમાણે ચાર બળવાન શત્રુઓના હાથમાંથી એકદમ છટકી જવું, એ કંઇ સહેલું નહોતું.

શાહિસ્તખાને દિલ્હીથી નીકળતાં એવી પ્રતિજ્ઞા કરી હતી કે:– “ શિવાજી મહારાજને જોતજોતામાં હરાવીને ધૂળભેગા કરી નાખીશ અને તેમણે જીતેલો સઘળો પ્રદેશ હસ્તગત કરીશ.” એમ કહેવાય છે કે, શાહિસ્તખાનની પાસે તે વખતે પાંચસોસાતસો હાથી, ચાર-પાંચ હજાર ઊંટ, દારૂગોળાથી ભરેલાં ત્રણ હજાર ગાડાં, બે હજાર ઘોડાની પોઠો, બત્રીસ કરોડનો ખજાનો અને એક લાખ માણસોનું સૈન્ય હતું. જ્યારે જ્યારે આ પ્રચંડ સેના મુકામ કરતી હતી, ત્યારે ત્યારે તે બે યોજન લંબાઈ અને દોઢયોજન પહોળાઇનો વિસ્તાર રોકતી હતી. દિલ્હીથી દક્ષિણમાં આવતાં આ સૈન્યને ત્રણ માસ લાગ્યા હતા. શાહિસ્તખાને પ્રથમ ઔરંગાબાદ જઇને સૂબાની ગોઠવણ કરી અને વિજાપુર–સરકારને શિવાજી મહારાજ પર સવારી કરવાની સૂચના મોકલી. વિજાપુર–સરકારે તે સૂચના પ્રમાણે શિવાજી મહારાજ પર સવારી કરી હતી, તેનું વર્ણન તેરમા પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

સને ૧૬૬૦ના જાનેવારી માસમાં શાહિસ્તખાને પોતાનું સૈન્ય લઇને મહારાજ પર ચડાઈ કરી. તે અહમદનગરથી પૂના પ્રાંતના પૂર્વભાગ પર ચડી આવ્યો અને રસ્તામાં જે જે કિલ્લા આવ્યા તે તે કબજે કરતો ગયો. આ પ્રમાણે સોનવડી, સૂપા, બારામતી વગેરે પ્રાંતો કબજે કરતાં કરતાં, તે નીરા નદીના પ્રદેશોમાંથી હોળગાંવને રસ્તે શિરવળ આવ્યો. ત્યાંથી થોડુંક સૈન્ય મોકલીને રાયગઢની આજુબાજુનાં ગામોનો તેણે નાશ કરાવ્યો. પછી કૂચ કરીને સાસવડમાં આવી છાવણી નાખી પોતાનો મુકામ કર્યો. એમ કહેવાય છે કે, સિંદખેડનો જાધવરાવ આ વખતે શાહિસ્તખાનની સાથે હતો, તેને આ પ્રદેશની ઘણીજ સારી માહિતી હતી, તેથી તે શાહિસ્તખાનના ઘણા ઉપયોગમાં આવ્યો. સૂપા પ્રાંત કબજે કરીને તે તેણે જાધવરાવના તાબામાં સોંપ્યો. જે જે કિલ્લા અને થાણાં તેણે કબજે કર્યાં તે ઉપર તેણે પોતાના માણસો મૂકી દીધાં. સાસવડમાં મુકામ નાખ્યા પછી (તા. ૧લી મે સન ૧૬૬૦) તેણે આજુબાજુનો પ્રદેશ જોવાને માટે માણસો મોકલ્યાં; કારણકે આ પ્રદેશનું નિરીક્ષણ કર્યા બાદ એક પછી એક કિલ્લો લેવાનો સપાટો ચલાવવો, એવો તેનો વિચાર હતો.

આવી પ્રચંડ સેનાની સામે [illegible] થાણાં

પર ચડી આવે ત્યાંથી ખસી જવું, એજ રસ્તો મહારાજના સૈનિકો માટે તત્કાળમાં ઠીક હતો; પરંતુ તેની સાથે મોગલ સૈન્યના પાછલા ભાગ ઉપર મહારાજના ઘોડેસવારો વારંવાર હુમલા પણ કરતા અને તેમને દાણાપાણી મળવા દેતા નહિ; તથા તેમના ઘોડા અને જે કાંઇ સરસામાન હાથ લાગે તે પડાવી લેતા હતા. પછી શાહિસ્તખાને શિવાપુર અને કાત્રજનો ઘાટ હાથ કરવાને સૈન્ય મોકલ્યું. તે સૈન્ય પર મહારાજના ત્રણહજાર ઘોડેસવારોએ હુમલો કર્યો; પણ મોગલોની સંખ્યા ઘણીજ મોટી હોવાથી તેમનો પરાજય થયો. ત્યાર પછી ખાને પુરંદર કિલ્લાની આજુબાજુનો પ્રદેશ અને ગામડાં વેરાન કરવાને માણસો મોકલ્યાં. તેમના પર મહારાજના ત્રણહજાર સૈનિકોએ હુમલો કર્યો અને ઘોર સંગ્રામ થયો. તેમાં મોગલ સેનાનો પરાભવ થવાની તૈયારી હતી; પણ એટલામાં ખાનના તરફથી તેમને બીજાં માણસોની મદદ આવી પહોંચવાથી મહારાજના સૈન્યનો તેમની આગળ નિભાવ થયો નહિ અને એ લોકો પુરંદરના પહાડી પ્રદેશ તરફ નાસી છૂટ્યા. શત્રુઓએ તેમની પૂંઠ પકડી એટલે કિલ્લા પરથી તેમના પર તોપોના ગોળાનો વરસાદ વરસવા લાગ્યો. આથી તે લોકોની પુષ્કળ ખરાબી થઇ; છતાં પણ તેમણે ધૈર્ય ન છોડતાં મહારાજના સૈન્યનો પરાભવ કર્યો. આ પછી શાહિસ્તખાને સાસવડથી પોતાનો મુકામ ઉપાડ્યો અને પૂના તરફ પોતાનો મોરચો ફેરવ્યો. કશી પણ હરકત વગર તેણે પૂનામાં પોતાનો મુકામ કર્યો. (તા. ૯મી મે સને ૧૬૬૦) ચોમાસાના ચાર માસ ત્યાંજ ગાળવાનો તેણે નિર્ણય કર્યો હતો; પરંતુ મોગલ સૈન્ય પૂના પહોંચે તે પહેલાંજ મહારાજનાં માણસોએ તે શહેરના આજુબાજુના પ્રદેશમાંથી દાણાપાણી વગેરેનો નાશ કરી દીધો હતો અને વસ્તીને પણ ઉજાડી દીધી હતી. તે ઉપરાંત દૂરનાં ગામોમાંથી અનાજપાણી તેમને મળી શકે નહિ, એવી ગોઠવણ પણ તેમણે કરી હતી. મોગલસત્તા તળેના પ્રદેશમાંથી તો આ સમયે અનાજપાણી લાવી શકાય એમ હતુંજ નહિ; કારણકે ચોમાસું શરૂ થઇ ગયું હતું અને નદીનાળાં પાણીથી ભરપૂર થઇ ગયાં હતાં. આથી ખાનના સૈન્યના પૂરેપૂરા હાલહવાલ થવા લાગ્યા. તે પરથી ખાને એવો વિચાર કર્યો કે, પૂનાની ઉત્તરે અઢાર માઇલ પર ચાકણ નામનો કિલ્લો છે, તે પોતે હસ્તગત કરવો, એટલે અહમદનગરથી દાણાપાણી વગેરે લાવવાની સગવડ બની શકશે.

આવો નિર્ણય કરીને ખાને ભર ચોમાસામાં પોતાની જાતે ચાકણના કિલ્લાને ઘેરો ઘાલ્યો. તેણે કિલ્લાની આજુબાજુ મોરચા બાંધી બીજા કિલ્લાઓમાંથી આણેલી મોટી મોટી તોપો તેના પર ચડાવી અને કિલ્લા પર તોપોનો મારો શરૂ કર્યો; પણ વરસાદની ઝડી સતત પડ્યા કરતી હોવાથી તેનો દારૂગોળો હવાઇ ગયો હતો.

કિલ્લા પરથી થતા તોપોના મારાથી તેનાં માણસો ટપોટપ પડવા લાગ્યા. ખાનની ગણતરી એવી હતી કે, આ કિલ્લો નાનો હોવાથી તે સહેજે પોતાના હાથમાં આવશે. એ કિલ્લા પર હવાલદાર ફિરંગોજી નરસાલા હતો. તેણે ઘણાજ શૌર્યથી આ કિલ્લાનો બે માસ સુધી બચાવ કર્યો. મોગલસૈન્યે પણ પરાકાષ્ટા કરી; પરંતુ એકે ઇલાજ સફળ થયો નહિ. કિલ્લામાંના લોકો રાત્રે એકાએક નીચે આવીને તેમના મોરચા પર હુમલો કરતા હતા; તેજ પ્રમાણે બહારથી મહારાજના ઘોડેસ્વારો પણ ખાનના સૈન્ય પર છાપા મારીને તેની પુષ્કળ ખરાબી કરતા હતા. તેમનું અદ્‌ભુત શાર્ય અને હિંમત જોઇને ખાન આશ્ચર્યથી દિગ્મૂઢ થઇ ગયો; પરંતુ તેની પાસે પ્રચંડ સેના હોવાથી તેણે ધીરજ ખોઈ નહિ. ઘેરો ઘાલ્યા પછી છપ્પનમે દિવસે સુરંગ લગાડીને ખાને કિલ્લાનો ઇશાનખૂણાનો બુરજ ઉડાવ્યો. આથી કિલ્લામાં મોટું બાકોરૂં પડયું અને બુરજ ઉપર જેટલાં માણસો હતાં, તે સર્વનો નાશ થયો. આ કિલ્લામાં પડેલા ગાબડામાંથી મોગલસૈન્ય અંદર દાખલ થવા લાગ્યું. તે વખતે તે બહાદુર કિલ્લેદારે પોતાનાં બાકી રહેલાં માણસો લઇને મોગલોના સૈન્ય પર હલ્લો કર્યો. આથી મોગલસૈન્ય અંદર દાખલ થઇ શકયું નહિ. આખી રાત ઘણાજ શાર્યથી લડીને ફિરંગોજીએ શત્રુને કિલ્લામાં દાખલ થવા દીધા નહિ. બીજે દિવસે નિરુપાય થવાથી ફિરંગોજી શત્રુના હાથમાં આવ્યો અને કિલ્લામાં મોગલસેના દાખલ થઇ.* શાહિસ્તખાને તેનું શૌર્ય જોઇને તેનાં ઘણાંજ વખાણ કર્યાં. અને ઘણાજ સન્માનપૂર્વક તેનો આદર-સત્કાર કરીને કહ્યું કે, "જો તમે બાદશાહના સૈન્યમાં નોકરી સ્વીકારો તો તમને હું ઘણી ઊંચી પદવીએ ચડાવીશ." ખાનની આ લાલચમાં ફિરંગોજી જરા પણ ફસાયો નહિ, પણ આથી ખાનને કશું પણ ખોટું લાગ્યું નહિ અને ફિરંગોજીનું ઘણુંજ સન્માન કરી તેને મુક્ત કર્યો. તે જ્યારે મહારાજ પાસે આવ્યો ત્યારે મહારાજે તેનાં શૌર્ય અને પ્રમાણિકતા માટે તેનો ઘણોજ સત્કાર કરીને તેને ઇનામ આપ્યું અને ભૂપાલગઢ ઉપર તેને કિલ્લેદાર બનાવ્યો.×

---

* ચાકણ કિલ્લા પર જે વખતે શત્રુનો આવો સખ્ત ઘેરો પડેલો હતો અને ઘોર સંગ્રામ ચાલતો હતો, તે વખતે મહારાજ પોતે પન્હાળાના કિલ્લામાં સપડાઇ ગયા હતા, તેથી તેઓ મદદ મોકલી શકયા નહિ. ફિરંગોજીને તેમણે કહેવરાવ્યું હતું કે, જ્યાંસુધી બની શકે ત્યાંસુધી કિલ્લાનો બચાવ કરજો અને જ્યારે કોઇ પણ ઉપાય રહે નહિ ત્યારેજ કિલ્લો શત્રુના હાથમાં જવા દેજો.

× શિ. દિ. માં જણાવે છે કે, આ કિલ્લેદાર પરાજય પામીને શિવાજી મહારાજ પાંસે આવ્યો; ત્યારે મહારાજે ગુસ્સે થઇને તેને

એમ કહેવાય છે કે, પૂનામાં બાબાજીરામ અને હોનાપ્પા દેશપાંડે× નામના બે દેશમુખ હતા. કંઇક કારણથી નારાજ થઈને આ લોકો બર્હાણપુર આગળ શાહિસ્તખાનને જઇ મળ્યા. ચાકણનો કિલ્લો સર કર્યા પછી શાહિસ્તખાન પૂનામાં આવીને કેટલાક દિવસો સુધી સ્વસ્થ રહ્યો. આ સમયે તેણે આ મરાઠા સરદારોને કેટલુંક સૈન્ય આપીને મહારાજના તાબાનો ઉત્તર કોંકણનો કંઇક ભાગ પોતાને કબજે લીધો, આ વખતે કલ્યાણ અને ભિંવડી મોગલોએ હસ્તગત કર્યાં. (ઇ૦ સ૦ ૧૬૬૧) આ સમાચાર સાંભળીને મહારાજને એ સરદારો ઉપર ઘણોજ ગુસ્સો આવ્યો. શંભાજી નામનો તેમનો એક સગો મહારાજનો સરદાર હતો. ભરદરબારમાં તેને મહેણું મારીને મહારાજ બોલ્યા કે, " તમારા એ બે સગાઓ અમારા આશ્રિત હોવા છતાં અમારા શત્રુને જઇને મળી ગયા છે તેથી હવે તમારો પણ અમને ભરોસો પડતો નથી." આ મહેણું શંભાજીથી સહન થયું નહિ. તેને ઘણોજ ગુસ્સો આવ્યો અને તે જઇને શાહિસ્તખાનને મળ્યો. આ શંભાજી યુવાન અને ઘણોજ બળવાન હતો. જ્યારે તેણે શાહિસ્તખાનની પ્રથમ મુલાકાત લીધી ત્યારે પોતાના અંગબળની ખાતરી કરી આપવાને માટે તેણે એક ઘોડાને ચાર પગે પકડીને ઊંચો કરી બતાવ્યો હતો. તેનું અદ્દભુત અંગબળ જોઇને ખાન ઘણોજ ખુશી થયો અને તેને પાંચસો ઘોડેસવારોની સરદારી આપી પોતાના સૈન્યમાં રાખ્યો. પછી આ શંભાજી માલફૂર નામના ગામમાં મોગલો તરફથી થાણાબંધી કરીને રહ્યો હતો. તે વખતે શિવાજી મહારાજે તેનાજ ગામનો એક નેતાજી કરીને સરદાર પોતાની પાસે હતો, તેને સૈન્ય આપીને તેના પર સવારી કરવાને મોકલ્યો. તેણે શંભાજી ઉપર હલ્લો કરીને તેનો પરાજય કર્યો અને યુદ્ધમાં તેને મારી નાખ્યો તથા માલફૂર ગામને બાળીને ખાખ કરી દીધું.

ચાકણનો કિલ્લો હસ્તગત કરવામાં ખાનના ઘણા માણસોની ખરાબી થઇ હતી, તેથી તેણે બીજો પ્રદેશ કબજે કરવાનો વિચાર માંડી વાળીને પૂના આવીને મુકામ કર્યો. પ્રથમ તો તેને એવી

પોતાની નોકરીમાંથી કાઢી મૂક્યો. આથી તે શાહિસ્તખાનને જઇ મળ્યો. તેણે તેને માલફૂર ગામનો થાણદાર બનાવ્યો; પરંતુ મહારાજે પાછળથી નેતાજી પાલકરને મોકલીને તેને પોતાની પાસે બોલાવી લીધો; પરંતુ આમાં એ બખરકારની ભૂલ થયેલી છે. જે સરદાર મોગલોને મળી ગયો હતો, તે તો શંભાજી નામનો એક સરદાર હતો. ફિરંગોજી ન હતો, એમ આગળનાં વર્ણન પરથી ધ્યાનમાં આવી જશે.

× ચિટનીસ જણાવે છે કે, એમનું નામ શંભુજી કાવજી અને બાબાજીરામ હોનાપ્પા દેશપાંડે હતું. "આલમગીરનામા"માં તેમનું નામ બાબાજી ભોંસલે અને રઘુનાથ એ પ્રમાણે આપેલું છે.

હિંમત હતી કે, શિવાજી મહારાજના કિલ્લાઓ જોતજોતામાં હું તાબે કરીશ; પણ આ એકજ કિલ્લો કબજે કરવા માટે તેને બે માસપર્યંત યુદ્ધ કરવું પડયું અને હજારો માણસોનો ભોગ આપવો પડ્યો, એ જોઇ તેનો સઘળો ભ્રમ મટી ગયો. તેને ખાતરી થઈ કે, શિવાજી મહારાજના તાબાના કિલ્લા લેવા તે કંઇ નાનીસૂની વાત નથી; પણ ઘણુંજ વિકટ કાર્ય છે. ઔરંગઝેબની પણ માન્યતા એવી હતી કે, આ પહાડી કિલ્લા જીતવામાં જરા પણ વિલંબ લાગવાનો નથી અને મરાઠાઓનો પરાજય કરવો, એ કામ ઘણુંજ સહેલું છે; પરંતુ જેમ જેમ શિવાજી મહારાજ અને તેમના સરદારોનાં શૌર્ય, ધૈર્ય અને પરાક્રમોની વાત તેને કાને જવા લાગી તેમ તેમ તેનો વિચાર બદલાતો ગયો. પછી જોધપુરના રાજા યશવંતસિંહને દસહજાર માણસોનું સૈન્ય આપીને શાહિસ્તખાનને મદદ કરવાને માટે ઔરંગઝેબે મોકલ્યો; કેમકે બે વરસ સુધી કોઇ પણ પ્રકારની હિલચાલ કર્યા વગર ખાન પોતાના સૈન્ય સાથે પુનામાં છાવણી નાખીને પડી રહ્યો હતો. માત્ર પોતે હસ્તગત કરેલાં થાણાં પાછાં શિવાજીના હાથમાં જાય નહિ, તેનોજ એણે પાકો બંદોબસ્ત રાખ્યો હતો. આ બાજુથી નેતાજી પાલકરે પોતાના ઘોડેસવારોના સૈન્ય સાથે અહમદનગર અને ઔરંગાબાદ શહેરો સુધી સવારી કરીને મોગલોનો પ્રદેશ વેરાન કરવાનો સપાટો ચલાવ્યો હતો. મોગલસેનાનું અનાજપાણી, ઘાસચારો, રસદ વગેરે અટકાવીને તેમના પર વારંવાર છાપા મારીને સમસ્ત સેનાને ત્રાહીત્રાહી કરી નાખી હતી. જો મોગલો આ મરાઠા સવારોને પકડવાનો પ્રયત્ન કરતા તો તેમનો વેગ એવો જબરો હતો કે, તે સપાટાબંધ તેમના હાથમાંથી છટકી જતા હતા અને દુશ્મનોને તેમની પૂંઠ પકડવામાં કંઇજ સાર દેખાતો ન હતો. આથી તે લોકો ત્યાં ને ત્યાંજ થંભી જતા હના. નેતાજીનો ઉપદ્રવ બંધ પાડવાને માટે શાહિસ્તખાને પોતાના સાતહજાર ઘોડેસવારોના સૈન્યને નેતાજીનો મુકાબલો કરવાને મોકલ્યું. તેમણે નેતાજીને પકડીપાડીને યુદ્ધ કરવાની ફરજ પાડી. ઉભય પક્ષ વચ્ચે ઘનઘોર યુદ્ધ થયું. આ યુદ્ધમાં નેતાજીએ પોતાના શૌર્યની અને યુદ્ધકુશળતાની પરાકાષ્ઠા કરી; પણ શત્રુસૈન્યની સંખ્યા ઘણી મોટી હોવાથી તેનો પરાજય થયો. યુદ્ધમાં તે પુષ્કળ ઘવાયો હતો અને તેને ઘણા ઝખમો લાગ્યા હતા. આવી સ્થિતિમાં તે શત્રુના હાથમાંથી છટકી જઇને દક્ષિણ તરફ નાસી છૂટયો; પણ મોગલ ઘોડેસવારોએ તેની પૂંઠ પકડી. આ કટોકટીના પ્રસંગે મહારાજના મિત્ર રૂસ્તમજમાને મોગલ સરદારની મુલાકાત લઇને એવું જણાવ્યું કે, "તમારા સૈન્યને અહીંના પ્રદેશની કંઇ પણ માહિતી નથી, તેથી તમારો ઉદ્દેશ સફળ થશે નહિ; માટે તમે પાછા વળો. નેતાજીની પૂંઠ પકડીને હું તેને કેદ કરીશ." તેની

આ વાત મોગલસરદારને પસંદ પડી અને તે પાછો ગયો. આ રીતે નેતાજી શત્રુના સપાટામાંથી બચી ગયો.*

શરૂઆતમાં વર્ષ સવાવર્ષ ધમાલ કરીને પછીથી પૂનામાં છાવણી નાખીને ખાન બે વરસ સુધી સ્વસ્થ બેસી રહ્યો, તેનાં બે કારણો હોય એમ લાગે છે. એક કારણ તો એ હતું કે, મહારાજના તાબાના બીજા કિલ્લાઓ લેવાની લાલચમાં જો આપણે પડીશું તો આપણું બધું સૈન્ય નાશ પામશે અને રોતે મોંએ આપણે પાછા ફરવું પડશે કે જીવ ગુમાવવો પડશે. બીજું કારણ એવું લાગે છે કે વિજાપુરસરકારનો પરાજય કરીને તેના ઉપદ્રવમાંથી મુક્ત થઇને મહારાજ આ વખતે પૂનાની નજદીકના પ્રદેશમાં આવેલા હતા. તેમની સાથે યુદ્ધ કરવાની ખાનની હિંમત ચાલતી નહિ હોય. ખરૂં જોતાં તો મહારાજના સઘળા કોટ, કિલ્લા અને પ્રદેશ કબજે કરીને, તેમને ધૂળમાં મેળવી દેવાની પ્રતિજ્ઞા કરીને ખાન દક્ષિણમાં આવેલો હતો; એટલે મહારાજ ત્યાં આવ્યા, તે સમયે તેણે તેમના પર ચડાઇ કરવી જોઇતી હતી; પરંતુ તેણે તેવું કશુંજ કર્યું નહિ. મોગલસેના કંઇજ હિલચાલ કરતી નથી, એવું જોઈને મહારાજે પોતેજ મોગલોના પ્રદેશમાં તોફાન કરવાની શરૂઆત કરી, પોતાનું પાયદળ લશ્કર તૈયાર કરી તેના પર મોરોપંતને અને ઘોડેસવાર લશ્કર તૈયાર કરી તેના પર નેતાજી પાલકરને તેમણે સેનાધિપતિ નીમ્યા. ઈ૦ સ૦ ૧૬૬૧ માં મોગલોએ ભીમડી–કલ્યાણ સર કર્યું હતું, તે પાછું મેળવી ત્યાંના સર્વ કિલ્લા કબજે કરવાનું કાર્ય મોરોપંતને સોંપ્યું હતું. તેણે તે થાણું હસ્તગત કરી જુન્નરની ઉત્તર તરફના મોગલોના ઘણા કિલ્લા તાબે કર્યા. નેતાજી પાલકરે પોતાના ઘોડેસવાર લશ્કર સહિત મોગલોના દૂરના પ્રદેશો સુધી ચડાઇ કરી તેમનાં ઘણાં ગામ લૂંટી લઇ મોટાં મોટાં શહેરો પર અને બજારો પર ખંડણી બેસાડી પુષ્કળ દ્રવ્ય મેળવ્યું. તેનો ધસારો એટલા બધા વેગથી થતો કે, આજ એક સ્થળે તો કાલે ક્યાંય ઘણે વેગળે બીજેજ સ્થળે દેખા દેતો. નેતાજી બાલાઘાટ, પરડ (પરાંડ) હવેલી, કલબુર્ગા, આવસા, ઉદગીર વગેરે ગામ લૂંટતો, તાબે કરતો અને ખંડણી લેતો લેતો ગોદાવરી નદીના કિનારાપર્યંત જઇ પહોંચ્યો. × તેણે ઠેઠ ઔરંગાબાદ શહેર સુધી ચડાઇ લઈ જઇ શહેરની આસપાસનો પ્રાંત કબજે કર્યો હતો.

---

* આ હકીકત પ્રો. સરકાર તે સમયના સુરતના અંગ્રેજ વેપારીઓના કાગળપત્રોના આધારે જણાવે છે. (પૃ. ૯૭)

× ચિટનીસ લખે છે કે, એ સમયે નેતાજી પાલકરનો સરનૌબતનો હોદ્દો પ્રતાપરાવ ગુજરને આપ્યો હતો અને ગુજર એ ચડાઇ લઈ ગયો હતો.

ઔરંગાબાદમાં મહફૂબસિંહ નામક મોગલોનો સૂબેદાર રહેતો હતો. તેણે એ તોફાન જોઇ, દશહજારના લશ્કર સહિત નેતાજી પાલકર ઉપર હુમલો કર્યો. નેતાજીએ તેની સાથે નગર પાસે યુદ્ધ કરીને તેનો પરાજય કર્યો. તેના હાથી, ઘોડા અને બીજો યુદ્ધોપયોગી પુષ્કળ સામાન મરાઠાઓના હાથમાં આવ્યો. નેતાજીએ મોગલોના રાજ્યમાં ઉથલપાથલ કરી મેળવેલી લૂંટ મહારાજ પાસે મોકલી દીધી.×

પ્રબળગઢ નામક એક મજબૂત કિલ્લો મોગલોના તાબામાં હતો. કેસરસિંહ નામક એક રજપૂત સરદાર તે કિલ્લાનું રક્ષણ કરતો હતો. તેને પોતાના પક્ષમાં લઇ કિલ્લો તાબે કરી શકાતો નહિ હોવાથી સ્વતઃ મહારાજે તેના પર હુમલો કર્યો. કેસરસિંહે મહારાજ સાથે ઘણા દિવસ સુધી યુદ્ધ કર્યું; પરંતુ મહારાજના બળ આગળ તેનું કંઇ ચાલતું નહિ હોવાથી તે રજપૂત સરદારે છેવટે કેસરિયાં કર્યાં અને પોતાના તાબાના લશ્કર સહિત મહારાજ ઉપર એકદમ તૂટી પડ્યો. રજપૂત સરદાર બહાદુરીપૂર્વક લડ્યો અને પોતાના સર્વ લશ્કર સહિત સમરભૂમિમાં પતન પામ્યો. છેવટે કિલ્લો મહારાજના તાબામાં આવ્યો. મહારાજે રજપૂતનાં મૃત શરીર ઓળખીને તેને અગ્નિદાહ કરાવ્યો. કેસરસિંહની માતા અને એક પુત્રી, ભૂલથી કિલ્લા પર રહી ગયાં હતાં. મહારાજે તેમનો સત્કાર કરી પોતાની પાસે રાખ્યાં. તે સ્ત્રીઓએ જ્યારે દેશમાં જવાની ઇચ્છા જણાવી ત્યારે મહારાજે તેમને વસ્ત્રાલંકાર અને દ્રવ્ય આપી માન સહિત વિદાય કર્યાં.

કહેવામાં આવે છે કે, મહારાજ પાલખીમાં બેસી કિલ્લો જોવા જતા હતા, તે વખતે તેમના શેલામાં બોરડીની ડાળી ભરાવાથી શેલું પૃથ્વી પર પડ્યું; તેમ થવાથી મહારાજે પાલખી ઊભી રખાવી કહ્યું કે, "મને આ સ્થળે થોભાવ્યો તેથી પૃથ્વીમાં દ્રવ્ય હોવું જોઇએ." તે સ્થળે ખોદાવતાં પૃથ્વીમાંથી ચાર લાખ મહોરો ભરેલા ચરુ મળ્યા.

મોગલોના પ્રદેશમાં આટલું બધું તોફાન કરવા છતાં શાહિસ્તખાન પૂનામાંથી મહારાજ સાથે યુદ્ધ કરવાને આવ્યો નહિ. પૂનામાં પોતાના સમસ્ત સૈન્યની છાવણી રાખીને પોતે હસ્તગત કરેલાં

× રાયરીની બખરમાં લખ્યું છે કે, મહફૂઅસિંહ પોતાના સ્થાનમાં સ્વસ્થ રહ્યો હતો. ઔરંગઝેબે તેને સખ્ત હુકમ ફરમાવ્યાથી તે પોતાના સૈન્યસહિત મહારાજ ઉપર ચડાઇ લઇ ગયો. તેને અહમદનગર પાસે અટકાવી, પ્રતાપરાવ ગુજરે પરાજય પમાડ્યો. એ લડાઇમાં સુબેદાર મૃત્યુ પામ્યો. ખાફીખાન જણાવે છે કે, જે વખતે શાહિસ્તખાન ઔરંગાબાદ છોડીને નીકળ્યો તે વખતે મુમતાઝખાનને ત્યાંનો સુબેદાર નીમેલો હતો.

થાણું એકાએક છોડી દેવાં નહિ, એટલેજ તેનો નિર્ધાર હતો. તેને તે સ્થાનમાંથી શી રીતે હલાવવો, એજ વિચારમાં મહારાજ હતા અને એવી કોઇ તક મળે તે માટે મહારાજ વાટ જોઇનેજ સિંહગઢમાં બેઠેલા હતા. શાહિસ્તખાન પૂનામાં દાદાજી કોંડદેવે શાહજીરાજા માટે બાંધેલા લાલ મહાલમાં* નિવાસ કરતો હતો. એ સમયે શિવાજી મહારાજ સિંહગઢમાં હતા, તે શાહિસ્તખાન જાણતો હતો. મહારાજ કયે વખતે કેવી યુક્તિથી પોતાના પર અકસ્માત્ છાપો મારશે, તેનો નિયમ નહિ, એ પણ ખાન સારી પેઠે જાણતો હતો. ખરૂં જોતાં એ સમયે તેણે સિંહગઢને ઘેરો નાખી મહારાજને કિલ્લામાંજ સપડાવવા હતા; તેમજ કિલ્લો તાબે કરી તેમને પકડવાનો યત્ન કરવો જોઇતો હતો; પરંતુ ચાકણના કિલ્લા આગળ ખાનને જે અનુભવ મળ્યો હતો, તે પરથી તેના મનમાં એ વિચાર ઉત્પન્ન થયો નહિ. વળી તેને એવી પણ ખાતરી થઇ હશે કે, જે કિલ્લામાં શિવાજી મહારાજ રહે છે તેનો બંદોબસ્ત કંઇ જેવો તેવો નહિ હોય. પૂનામાં પોતાની સ્થિતિ સુરક્ષિત રહે, તે માટે ખાને ઘણી સાવચેતી રાખી હતી. ખાને પોતાના લશ્કરમાં સખ્ત હુકમ ફેરવ્યો હતો કે, “કોઇ પણ સશસ્ત્ર મરાઠાને પરવાનગી વગર શહેરમાં પ્રવેશ કરવા દેવો નહિ. તેમજ કોઇ પણ મરાઠા શિલેદારને આપણી નજીક આવવા દેવો નહિ.” જે મરાઠા સરદારો બાદશાહના નોકર હતા તેમનેજ માત્ર ખાન પોતાની પાસે આવજા કરવા દેતા હતા, × બીજા કોઈ પણ મરાઠાની તેઓ મુલાકાતજ લેતા નહોતા. ખાને સમસ્ત શહેરમાં જ્યાં ત્યાં સખ્ત ચોકીપહેરા મૂકી દીધા હતા અને શિવાજી મહારાજ સાથે કેવી રીતે યુદ્ધ કરવું, તેનો વિચાર કરતા હતા.

શિવાજી મહારાજ સિંહગઢથી શત્રુની સર્વ હિલચાલ તપાસતા હતા.+ ખાન પ્રચંડ સેના લઇ મહારાજનો પરાજય કરવા દક્ષિણમાં આવી પૂના, સૂપા વગેરે પ્રાંતો દબાવી બેઠો હતો; ત્યાંથી તેને હાંકી કાઢવા માટે હવે કેવાં પગલાં ભરવાં, તે સંબંધી મસલત કરવા માટે મહારાજે તાબાના સરદારોને અને કારભારીઓને પોતાની પાસે બોલાવી તેમની સલાહ પૂછી. સર્વનો અભિપ્રાય થયો કે, “તેની

---

* કેટલાક એને રાજમહાલ કહે છે.

× મિ. કિંકેડ જણાવે છે કે, પોતાના ઘોડેસવારોમાંથી એકેએક મરાઠાને તેણે બાતલ કર્યો હતો અને માત્ર પાયદળમાંજ તેણે મરાઠા સિપાઇઓને રહેવા દીધા હતા.

+ મિ. કિંકેડ જણાવે છે કે, મહારાજ આ વખતે સિંહગઢથી રાયગઢ ઉપર ગયા હતા.

સાથે યુદ્ધ કરવામાં આપણે ટકીશું નહિ. આપણું સૈન્ય કેટલું થોડું છે અને તેનું સૈન્ય કેટલું મોટું છે! ખાન સાથે સલાહ કરી મુલાકાત કરવી એજ ઉત્તમ છે." પરંતુ સલાહ થાય કેવી રીતે તેજ અડચણ જણાઈ. ખાનના લશ્કરમાં એવો કોઇ નામાંકિત રજપૂત સરદાર નહોતો કે જે હિંદુધર્મ અને હિંદુસ્વરાજ્યનું અભિમાન રાખી કોઇ પણ યુક્તિ વડે ખાન સાથે મહારાજને સલાહ કરાવી આપે. શાહિસ્તખાન બાદશાહનો મામો હોવાથી તેને લાંચ-રૂશ્વત આપી વશ કરવાનો માર્ગ નહોતો, તેમજ તેનું અભયવચન મેળવી મુલાકાતે જઇ સલાહ કરવાનું પણ બને તેમ નહોતું; કારણકે શિવાજી મહારાજને પકડી સખ્ત શિક્ષા કરવાની તેણે દઢ પ્રતિજ્ઞા કરી હતી. મહારાજે સર્વ વિચાર કર્યા પછી નિશ્ચય કર્યો કે, શત્રુ સાથે સામે મોઢે યુદ્ધ કરીને આપણા લશ્કરનો કચ્ચરઘાણ કાઢવો યોગ્ય નથી. બીજા કોઈ પણ ઉપાયે શત્રુને ત્રાસ આપવો જોઇએ. તેમને એક ઉપાય સૂઝયો કે, " શત્રુના લશ્કરમાં અન્ન, ઘાસ વગેરે વસ્તુઓ પહોંચતી બંધ કરી તેને અકળાવી-મૂંઝાવી નાખવો. કોઇ પણ વિપત્તિમાં નાખી તેના લશ્કરને હાંકી કાઢવું અને જે કિલ્લા પર તેમણે ઘેરો નાખ્યો હોય ત્યાં તેના લશ્કર પર ચારે બાજુથી છાપા મારી તેને ત્રાહ્યત્રાહ્ય પોકરાવી દેવી."

શિવાજી મહારાજ મોટી વિપત્તિમાં આવી પડયા હતા. તેઓ ઊંડા વિચારમાં સ્તબ્ધ થઇ બેઠા હતા; એટલામાં તેમના શરીરમાં ભવાનીદેવીએ પ્રવેશ કરી કહ્યું કે, " મારા પુત્રને કહો કે શાહિસ્તખાનની જરા પણ ચિંતા કરે નહિ. મારા પ્રતાપથી જે રીતે અફઝુલખાનનો વધ કર્યો, તેજ રીતે એ દુષ્ટ યવનને પણ તારે હાથે શિક્ષા અપાવીશ. એ સંબંધી તું કંઇ પણ ચિંતા ન કર." મહારાજની પાસે ઊભેલા કારભારીઓએ દેવીની આશ્વાસન-વાણી નોંધી લીધી. મહારાજ સચેતન થયા ત્યારે દેવીની વાણી વાંચી તેમને ઘણો સંતોષ થયો. પોતાના પર દેવીની કૃપા છે, એ જાણી વિજય પ્રાપ્ત કરવાની આશાએ શુભ શકુન જોયા અને સ્વપરાક્રમ વડે શત્રુનો પરાજય કરવાની હિંમત ધારણ કરી.

લાલમહાલમાં નિવાસ કર્યો હતો તે સમયે શાહિસ્તખાને બાબાજીરાવની મદદથી સંસ્કૃત જાણનાર એક બ્રાહ્મણને બોલાવી મંગાવ્યો અને તેને થોડાક દ્રવ્યની લાલચ આપી, શિવાજી મહારાજ પર એક પત્ર લખાવ્યો.× તેમાં એવા આશયનું લખ્યું હતું કે, કે",તું

× મિ. કિંકેડના મત મુજબ એવું જણાય છે કે, આ કાગળ તેણે ફાસીર ભાષામાં લખાવેલો હતો અને મહારાજે તેનો જવાબ

મર્કટની પેઠે ડુંગરમાં રહેનાર છે. તારા કિલ્લાના આશ્રયમાં રહીને તું ઇચ્છાનુસાર ઉપદ્રવ કરે છે. યુદ્ધનો પ્રસંગ આવે છે, ત્યારે કિલ્લામાં ભરાઇ બેસે છે. તું કિલ્લામાં ગમે તેટલા દિવસ સંતાઈ રહેશે તોપણ હું તારી પૂંઠ છોડનાર નથી. હું ઇંદ્રરાજા છું. મારી સાથે યુદ્ધ કરવાની તારામાં હિંમત નથી. તું મારી સામેથી નાસી જાય છે." શિવાજી મહારાજે ઉત્તર આપતાં ખાનને લખ્યું કે, "તું મને મર્કટ જેવો કહે છે; પરંતુ જે મર્કટોએ અહંકારી રાજા રાવણનો નાશ કરી લંકા જીતી હતી તેના જેવોજ હું પણ છું. હું તને નાસતાં ભોંય ભારે કરીશ."

શાહિસ્તખાનની પૂનાની છાવણી ઉપર અકસ્માત્ છાપો મારી તેને ત્રાસ આપવાનો હમણાં સમય નહોતો. ત્યાં તેણે ઉત્કૃષ્ટ બંદોબસ્ત રાખ્યો હતો અને તેનું સૈન્યબળ પણ વિશેષ હતું; તેમ છતાં તેના ઉચ્છૃંખલપણા માટે અને ગર્વિષ્ઠપણા માટે કોઈ પણ પ્રયત્ને તેને દેહાંતશાસન કરવાથી, તેના સૈન્યનો પરાજય કરવાનું કામ ઘણું સહેલું થઈ પડશે; એવો વિચાર કરી મહારાજ કાર્યની સિદ્ધિના ઉદ્યોગે વળગ્યા. તેમણે બે બ્રાહ્મણોને પૂને મોકલી તેમને હાથે ખાનના લશ્કરનો એક મરાઠો શિલેદાર પોતાના પક્ષમાં લીધો, તેને ખાન પાસે એવું બહાનું કરી વિનંતી કરવાનું કહાવ્યું કે, "મારે ત્યાં લગ્નસમારંભ છે તેથી મને શહેરમાંથી વાજતેગાજતે વરઘોડો કાઢવાની પરવાનગી આપવી." શિલેદાર મરાઠાએ ખાન પાસે તે પ્રમાણે વિનંતી કરી વરઘોડો કાઢવાની પરવાનગી મેળવી. તેણે પોતાના કેટલાક મિત્રોને ભેગા કરી વરઘોડાનું સરઘસ કાઢવાનું બ્રાહ્મણોને વચન આપ્યું. એટલે સુધી તૈયારી થયા પછી મહારાજ હજાર દોઢહજાર માવળી યોદ્ધા લઇ સિંહગઢથી આગળ ચાલ્યા. રસ્તામાં કાત્રજના ઘાટ ઉપર સ્થળે સ્થળે વૃક્ષો ઉપર લૂગડાના કટકા વીંટાળ્યા. ત્યાં કેટલાક બળદો રાખી તેના શીંગડાં ઉપર પણ લૂગડાના કટકા વીંટાળ્યા, તેમજ તે વિકટ સ્થાનોમાં વીસપચીસ શરણાઇ તથા રણશિંગાં વગાડનાર રાખ્યા. ખાનની છાવણી ઉપર હુમલો કરી ફત્તેહ મેળવી, સિંહગઢ તરફ પાછા જતાં સંકેત તરીકે શરણાઇ વાગે તે સમયે માવળાઓએ વૃક્ષ ઉપરના અને બળદને શિંગડે બાંધેલા લૂગડાના કટકા બાળી ભડકા કરવા અને એકીવખતે શરણાઇ તથા રણશિંગાં વગાડી ત્યાંથી ચાલ્યા જવું, એવી મહારાજે તેમને સૂચના આપી. એ યુક્તિ

સંસ્કૃતમાં આપેલો હતો.

વળી મરાઠી ભાષામાં લખાયલી રાયરીની બખર જુઓ. તેમાં જેધેની શકાવળીમાં એવો ઉલ્લેખ છે કે, મહારાજ જ્યારે રાયગઢ ઉપર રહેતા હતા ત્યારે સોનાજી પંડિત નામના કોઇ બ્રાહ્મણે મહારાજને આ સંદેશો પહોંચાડ્યો હતો.

કરવામાં તેમનો ઉદ્દેશ એ હતો કે, ખાનનું લશ્કર પાછળ આવે ત્યારે કાત્રજના ઘાટ ઉપર અજવાળું જોઇને અને વાજિંત્રોનો ઘોષ સાંભળીને તેઓ તે તરફ ચાલ્યા જાય અને તેઓ સિંહગઢ પર સુરક્ષિતપણે પહોંચી જાય. મહારાજ સિંહગઢ પરથી આગળ ચાલ્યા તે વખતે તેમણે સ્થળે સ્થળે થોડા થોડા માવળી સિપાઇઓ ઊભા રાખ્યા હતા. તે સર્વ માવળાને કહી રાખ્યું હતું કે, શરણાઇનો કોમળ સ્વર સાંભળતાંજ સર્વેએ એકઠા થઈ જવું. આંબેઓળ નજીક આવ્યા પછી ત્યાં પાંચસોસાતસો મનુષ્ય રાખ્યાં અને ખાનની છાવણી બહાર–થોડેક વેગળે બસોત્રણસો મનુષ્યો રાખ્યાં * પૂર્વસંકેત પ્રમાણે રાજદ્રોહી કરેલા શિલેદારના વરઘોડાનું સરઘસ ચાલતું ચાલતું શહેરના દરવાજા પાસે આવ્યું, એટલે મહારાજ પોતાની સાથે માત્ર પચીસ મનુષ્યોસહિત સરઘસમાં મળી ગયા.× એ સમયે મહારાજ સાથે યેસાજી કંક, તાનાજી માલુસરે, દાદાજી બાપુજી દેશપાંડે અને ચિમણાજી બાપુજી દેશપાંડે પણ હતા. મરાઠા લોકોમાં વરઘોડામાં જતી વખતે શસ્ત્રો પોતાની સાથેજ રાખવાનો રિવાજ હતો તેથી તેમના હાથમાંના શસ્ત્રો માટે કોઇને શંકા આવી નહિ.

શિવાજી મહારાજે શરીર ઉપર બખ્તર પહેરી તે પર ઝભ્ભો પહેર્યો હતો. માથા પર ટોપી–બખ્તર ટોપી પહેરી તે પર મંદિલ બાંધ્યું હતું. તેમણે એક હાથમાં તલવાર અને બીજા હાથે વાઘનખ પહેરી ખંજર પકડ્યું હતું. સરઘસની સહાયતા વડે મહારાજે અને તેમનાં માણસોએ ખાનની છાવણીમાં પ્રવેશ કર્યા પછી થોડી વારે સઘળે સ્તબ્ધતા પથરાઇ રહી. રાત્રિ વધારે વીતેલી હોવાથી સઘળાં મનુષ્યો નિદ્રાવશ થયાં હતાં. ચોકીપહેરા પરના સૈનિકો ઊંઘમાં ઝોકાં ખાતા હતા. લશ્કર બહાર સખ્ત ચોકીપહેરો હોવાથી છાવણીની અંદરના સૈનિકો તદ્દન અસાવધ હતા. ખાન જે મહાલમાં+ રહેતો

---

* સભાસદે લખ્યું છે કે, નેતાજી પાલકર અને મોરોપંતને સૈન્યસહિત છાવણી બહાર, કેટલેક વેગળે થોભવાનું કહ્યું હતું. પ્રો. સરકાર પણ એજ પ્રમાણે જણાવે છે.

× ખાફીખાન જણાવે છે કે, મહારાજના ૨૦૦ સૈનિકો મોગલસૈન્યના મરાઠા સિપાઇઓનો વેશ ધારણ કરીને વરરાજાનો વરઘોડો કાઢી શહેરમાં દાખલ થયા. મહારાજ પણ એ લોકોની સાથે હતા. તેજ પ્રમાણે શહેરની બીજી બાજુએથી મહારાજના ૨૦૦ સૈનિકો તેવોજ વેશ ધારણ કરીને પોતાનાં કેટલાંક માણસોને કેદી તરીકે પકડેલાં હોવાનો ઢોંગ કરી તેમને મારફાડ કરતા હોય એવો દેખાવ કરતા કરતા શહેરમાં દાખલ થયા.

+ ચિટનીસ લખે છે કે, “ખાન મહાલમાં રહેતો નહોતો; પણ

હતો, તે મહારાજની માલિકીનોજ હોવાથી કયી જગ્યાએથી ક્યાં પ્રવેશ કરવો, એ તેઓ સારી પેઠે જાણતા હતા. મહારાજે પોતાનાં મનુષ્યોસહિત મહાલમાં પ્રવેશ કર્યો. રસોડાની ભીંતે એક બારી હતી, તેનાં બારણા બંધ હતાં તે ઉતારી નાખી મહાલની અંદર ઊતરવાનો રસ્તો કર્યો. તેજ રસ્તે થઇને મહારાજ પોતાની સાથે બેત્રણ મનુષ્યો

બાગની પાસે તંબૂ નંખાવી તેમાં રહેતો હતો. એ તંબૂમાં મહારાજે એકબે મનુષ્યોસહિત પ્રવેશ કર્યો અને તેઓ નિદ્રાવશ થયેલા ખાનની છાતી પર ચડી બેઠા. મહારાજ ખાનને ઘા કરવા જતા હતા; એટલામાં તેની પત્ની જાગૃત થઇ. તેણે એવી સ્થિતિ જોઇને મહારાજના પગ ઝાલી અનેક કાલાવાલા કરી પોતાના પતિનો જીવ નહિ લેવાની પ્રાર્થના કરી. એ જોઇ મહારાજનું હૃદય પીગળી ગયું અને વિચાર કર્યો કે, એ જ્યારે આપણી સાથે યુદ્ધ કરવા આવ્યો છે, ત્યારે એને જીવતો રહેવા દઇ એને સમરાંગણમાંજ શિક્ષા કરીશ, હમણાં એને મારવો નથી. ત્યાર પછીજ મહારાજે ખાનને બળ અને બુદ્ધિપૂર્વક દાબી રાખી તેની છાતી પરથી ઊઠી, તેના ગળા આગળ તલવાર રાખી અને બીજા હાથના વાઘનખ તેના પેટ આગળ ધરી કહ્યું: “ચાલ ઊઠ, હું તને જ્યાંસુધી લઇ જાઉં ત્યાંસુધી મારી સાથે ચાલ. અમે બહાર જઇએ, ત્યાંસુધી જો બૂમ પાડી તો જીવ લઇશ.” એમ કહી તેના હાથનાં બે આંગળાં કાપી નાખી ખાનને તેની પત્નીસહિત પકડ્યો; અને મહારાજ જે રસ્તેથી આવ્યા હતા તે રસ્તેથી બહાર નીકળી પોતાનાં મનુષ્યોને જઇ મળ્યા. બહાર નીકળી જવા પહેલાં ખાનને કહ્યું કે, “શિવાજી હું પોતેજ છું. તું મારા પર ચડાઈ લાવ્યો છે; પરંતુ તારો પરાજય કરી, તને મારી નાખતાં મને સહજ પણ વિલંબ લાગશે નહિ. તને તારો જીવ વહાલો હોય તો મારી સાથે યુદ્ધ કરવાનું છોડી દઇ આ પ્રાંતમાંથી ચાલ્યો જા.” સભાસદ અને ચિત્રગુપ્ત એજ હકીકત જુદી જુદી રીતે લખે છે. તેઓ લખે છે કે, “ખાન જે તંબૂમાં રહેતા હતા ત્યાં મહારાજે પ્રવેશ કર્યો, તે વખતે કેટલીક સ્ત્રીઓ જાગતી હતી. તેમણે ઘોંઘાટ કરી મૂક્યો, એટલે ખાન જાગૃત થયો અને ધાડપાડુએ પોતાના પર અકસ્માત્ છાપો માર્યો એમ સમજીને તે સ્ત્રીઓમાં ભરાઈ ગયો. મહારાજ તેને શોધવા લાગ્યા. એટલામાં ખાનને હાથમાં તલવાર લઈ ઘા કરવાની તૈયારીમાં જોતાંજ મહારાજે પોતાની તલવાર વડે તેના પર પ્રહાર કર્યો. તે પ્રહાર ચૂકવતાં ખાનના હાથનાં ત્રણ આંગળાં કપાઇ ગયાં. ખાનના સૈનિકોએ ઘોંઘાટ સાંભળી તંબૂમાં પ્રવેશ કર્યો. એ જોઇ મહારાજ પોતાનાં મનુષ્યોસહિત તંબૂમાંથી બહાર નીકળી ગયા.” રાયરીની બખરમાં લખ્યું છે કે, “ખાન લાલમહાલમાં ઊતર્યો હતો. મહાલ નજીક એક માળી રહેતો હતો. મહારાજે તેને

લઇ ઊતર્યા. તેમનાં પગલાંનો અવાજ સાંભળતાંજ ખાનના જનાનાની સ્ત્રીઓ જાગૃત થઇ. તેમણે પોતાના પતિને જાગૃત કર્યો. ખાન ગભરાઇ ઊઠી એક બારણાને રસ્તે નીચે ઊતરવા લાગ્યો, એટલામાં તે મહારાજની નજરે પડતાં તેઓ દોડતા તેની પાસે જઇ પહોચ્યા અને પોતાની કમરે લટકતી તલવારવડે ખાન ઉપર ઘા કર્યો. ઘા પડ-

---

તેના સાળા મારફતે પોતાના પક્ષમાં લઇ એવી ગોઠવણ કરી કે, તેણે મહારાજને રાત્રિને સમયે શાહિસ્તખાન નિદ્રા લે છે, તે ઓરડામાં લઇ જવા. એ કામ કરવા માટે મહારાજે તેને પાંચસો હોન આપવાનું કબૂલ કર્યું. એ વ્યવસ્થા થયા પછી મહારાજ રાયગઢથી નીકળી, ઝપાટાબંધ રાતોરાત પૂને આવી પહોંચ્યા અને તેમણે માળીની સહાયતાવડે, કેટલાક વિશ્વાસુ મનુષ્યોસહિત મહાલમાં પ્રવેશ કર્યો. દરવાજા આગળ પચીસ પહેરેગીરો હતા તથા એક ખોજો જાગૃત હતો તે સર્વને તેમણે કાપી નાખ્યા. માળી ભૂલથી મહારાજને ખાનના ઓરડાને બદલે તેના પુત્રના ઓરડામાં લઇ ગયો. મહારાજે તેના પુત્રને ત્યાંજ કાપી નાખ્યો અને એક દાસીને ધમકી આપી શાહિસ્તખાનનો ઓરડો બતાવવા કહ્યું. જીવ જવાની બીકે દાસીએ તે ઓરડો બતાવ્યો. એટલામાં ગડબડાટ થતાંજ ખાન જાગૃત થયો અને ગભરાઇ જઇ બારીવાટે બહાર કૂદી પડવા દોડ્યો. તેજ ક્ષણે મહારાજે દોડી જઇ તેના પર તલવારનો પ્રહાર કર્યો. તલવાર છરતી વાગતાં ખાનના એક હાથનો અંગૂઠો કપાઇ ગયો. ત્યાર પછી ઘણી ગડબડ થતાં ખાનના સૈનિકો મસાલ સળગાવી ભેગા થઇ ગયા; તેથી મહારાજ જે માર્ગે આવ્યા હતા, તે માર્ગે બહાર નીકળી ગયા; પરંતુ બાગની પ્રત્યેક બાજુ ખાનના સૈનિકોએ ઘેરી લીધેલી જોઇને પોતાનાં માણસો સાથે તેમના શરીર ઉપર જુસ્સાભેર એકદમ હલ્લો કરી તેમને કાપી નાખી મહારાજ શહેર બહાર સુરક્ષિત જઈ પહોંચ્યા અને ઘોડેસવાર થઇ રાયગઢ જવા ઊપડી ગયા.” શિવદિગ્વિજયમાં એથી જુદીજ હકીકત વર્ણવી છે. તેમાં લખ્યું છે કે, “મહારાજ રંગમહાલમાં પ્રવેશ કરી, શાહિસ્તખાનનો પુત્ર નિદ્રાવશ હતો તે ઓરડામાં ગયા અને તેનેજ ખાન સમજી તેના પર તલવારનો ઝટકો મારી તેને પૂરો કર્યો. તલવારનો પ્રહાર સાંભળતાંજ તેની પાસેજ નિદ્રાવશ થયેલી તેની પત્ની જાગૃત થઇ. તેને મહારાજે કહ્યું કે, “બૂમ પાડશે તો જીવથી જશે. કહે, શાહિસ્તખાન તે આજ કે?,” તેણે કહ્યું: “એ તો તેમનો પુત્ર છે.” મહારાજે શાહિસ્તખાનનું શયનગૃહ બતાવવાનું કહ્યાથી, જીવ જવાની બીકે તેણે તે સ્થળ બતાવ્યું. મહારાજે તેમાં પ્રવેશ કરી ખાન ઉપર તલવાર ઉગામી. દીવાના પ્રકાશમાં તલવાર ચળકી તેની સાથે ખાનની પત્ની થોડીક જાગૃત હતી તે બેઠી થઈ. પોતાના પતિને કોઇ ખૂની મારી નાખવા

તાંજ તેના હાથનું એક આંગળું કપાઈ પડયું; એટલામાં ખાનનો પુત્ર અબ્દુલ ફત્તેહખાન અને તેની તહેનાતના સિપાઇઓએ મહારાજ પર ધસારો કર્યો. તે સર્વેની કતલ કરી મહારાજ પોતાનાં મનુષ્યો-સહિત સુરક્ષિતપણે બહાર નીકળી ગયા. છાવણીમાં દુશ્મનોએ છાપો આવ્યો છે એમ જાણી તેણે મહારાજના ચરણમાં માથું નમાવ્યું અને ખાનનો જીવ નહિ લેવાની અતિ નમ્ર પ્રાર્થના કરી. એટલામાં ખાન જાગૃત થયો; પરંતુ હથિયાર લઇ તેમની સાથે યુદ્ધ કરવાની તેનામાં હિંમત નહિ હોવાથી ખાન મોઢું ઢાંકી પથારીમાંજ સૂઈ રહ્યો. સ્ત્રીની વિનંતિથી મહારાજના હૃદયમાં દયા આવી. તેમણે કહ્યું. "એને જીવતો રહેવા દઇશ; પરંતુ મારા બહાર નીકળી જતાં સુધી તમે કંઇ પણ બુમાટ કરશો નહિ, એવી તમારે પ્રતિજ્ઞા કરવી." સ્ત્રીએ તે પ્રમાણે કબૂલ કરી પતિને પણ ઉઠાડી કબૂલાત કરાવી. મહારાજે ખાનના હાથની એક આંગળી કાપી નાખી અને તેનો હાથ ઝાલી તંબૂ સુધી લઇ જઇ કહ્યું કે, "કાલેજ મારા મહાલમાંથી ચાલ્યો જજે નહિ તો જીવથી જશે." પ્રો. સરકાર યવની ખબરને આધારે એવું જણાવે છે કે, "મહારાજે નેતાજી પાલકર અને મોરોપંત પીંગળેને એક હજાર સૈનિકો આપીને ખાનની છાવણીની બંને બાજુએ એક એક માઇલના અંતર પર રહેવાનું કહ્યું હતું; અને પોતે ચારસો ચૂંટી કાઢેલા સૈનિકો લઇને ખાનની છાવણી પાસે આવ્યા. તેમને પહેરેગીરે ટોકયા ત્યારે તેમણે કહ્યું કે, 'અમે ખાનની છાવણીમાંના માણસો છીએ અને અમારે અમારા સ્થાન પર જવું જોઇએ;' એવું બહાનું કાઢીને તેઓ છાવણીમાં દાખલ થયા તથા રાત પડતા સુધી એક ઠેકાણે શાંતિથી થોભી ગયા. રાત પડયા પછી તેઓ જ્યાં ખાનનો મુકામ હતો ત્યાં આગળ આવ્યા. તે દિવસ રમજાનનો હતો, તેથી ખાનના સિપાઇઓ આખો દિવસ ઉપવાસ કરીને રાત્રે ભરનિદ્રામાં પડેલા હતા. પણ ખાનના બબરચીઓ સવારને માટે રસોઇ તૈયાર કરવાને જાગ્યા હતા. તેમની એકદમ કતલ કરી નાખી અને પછી મહારાજ બંધ કરેલા દ્વારને ઉનારી નાખવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આના અવાજથી અને કતલ કરેલા લોકોના કણવાથી ખાનની કેટલીક દાસીઓ જાગૃત થઇ અને કંઈક ગડબડ છે, એવી શંકા આવવાથી તેઓ ખાનને ઉઠાડવા લાગી; પણ પોતાની ઊંઘમાં ખલેલ પાડવા માટે ખાન તેમના ઉપર ગુસ્સે થયો અને પાછો ઊંઘી ગયો. માણસ દાખલ થઈ શકે એટલું બાકોરું પડતાંજ મહારાજ ચિમણાજી બાપુજીને સાથે લઇને અંદર દાખલ થયા અને ઠેઠ શાહિસ્તખાન સૂઈ ગયો હતો તે ઓરડા સુધી જઇ પહોંચ્યા. તેજ વખતે ખાનની સ્ત્રી જાગી જવાથી ખાનને તેણે ઉઠાડ્યો; પણ મહારાજે તરતજ તેના પર તલવારનો ઘા કર્યો અને આથી તેના હાથનો

માર્યાનો પોકાર પ્રસરતાંજ સર્વ સૈનિકો ગભરાઇ ઊઠ્યા. જ્યાં ત્યાં ગડબડાટ થઇ રહ્યો. સર્વ ચોરને શોધવા લાગ્યા. મહારાજ પણ ચોર ક્યાં છે? ચોર ક્યાં છે? એવી બૂમો પાડતા પોતાનાં મનુષ્યોસહિત મોટી ભીડમાંથી બહાર નીકળી ગયા. ઠેકઠેકાણેનાં મનુષ્યોને એકઠાં કરી સિંહગઢ તરફ પ્રયાણ કર્યું, તે વખતે સંકેતની શરણાઇ વાગી. શરણાઇ સાંભળતાંજ કાત્રજઘાટનાં ઝાડો પરની અને બળદનાં શિંગડાં પરની મસાલો બળવા લાગી; શરણાઇ અને રણશિંગાં ફુંકાવા લાગ્યાં. ખાનનાં માણસોને લાગ્યું કે, છાપો મારનારાં માણસો એ રસ્તેજ નાસી ગયાં છે, તેથી તેઓ સઘળા તેજ માર્ગે દોડ્યા.× બીજી તરફ મહારાજ પોતાનાં સર્વ મનુષ્યોસહિત સિંહગઢ પર સુખરૂપ જઇ પહોંચ્યા. ખાનનાં માણસો કાત્રજના ઘાટ તરફ દોડ્યાં, પણ પ્રાતઃકાળમાં તેમને જણાયું કે, "વૃક્ષ પર અને બળદને શિંગડે મસાલો બાંધી હતી, તે નિરર્થક હતી અને તેઓ ખોટે માર્ગે આવી ચડ્યા છે." આથી સર્વ નિરાશ થઇ પાછા ફર્યા. તેમને ખાતરી થઇ કે, શત્રુએજ એ પ્રપંચકાર્ય કર્યું છે અને તે સિંહગઢ પરજ પાછા

અંગૂઠો કપાઈ ગયો; પરંતુ એટલામાંજ ખાનની સ્ત્રીએ દીવો હોલવી નાખ્યો અને અંધારામાં તેણે ખાનને નસાડ્યો. આ સમયે મહારાજના લોકો દાખલ થઈ ગયા હતા અને કતલ શરૂ થઈ ગઇ હતી. આ કતલમાં ખાનનો એક દીકરો મરાયો અને બીજા બે ઘાયલ થયા. ખાનની છ સ્ત્રીઓ અને બે દાસીઓ ઠાર થઇ. આવી ગડબડ થઇ કે તરતજ મહારાજ છટકી ગયા." મિ. કિંકેડ જણાવે છે કે, "મહારાજ પ્રથમ મહેલના દરવાજા તરફ ગયા, પણ અંદર દીવા બળતા હોવાથી અને ખાનના જનાનખાનાના ખોજાઓ જાગે છે, એવું મહારાજને લાગવાથી તેઓ પાછળ રસોડા તરફ ગયા અને બારી ખોદવા લાગ્યા. એક દાસીએ ભીંતમાં પડેલું બાકોરું જોયું અને તેણે જઇને ખાનને જાગૃત કર્યો. અંદર દાખલ થનાર પ્રથમ માણસની છાતીમાં બાણ મારીને ખાને તેને ઠાર કર્યો; પણ તેણે પડતાં પડતાં ખાનની ઉપર તલવારનો ઘા કર્યો અને તેથી તેના હાથનો અંગૂઠો કપાઈ ગયો. આ અરસામાં દરવાજા આગળના ખોજાઓને ઠાર કરીને મહારાજનાં માણસો અંદર ઘૂસ્યાં અને તેમની વચ્ચે લડાઈ શરૂ થઈ. ખાનની દાસીએ ખાનને સંતાડી દીધો. તેનો એક છોકરો મરાયો અને તેના જેવાજ દેખાવવાળો તેનો એક સરદાર હતો તે મરાયો એટલે ખાનજ મરાયો છે, એમ માનીને મહારાજ પોતાનાં માણસોને લઇને નીકળી ગયા."

× મહારાજે આવી યુક્તિ કરી હતી કે નહિ અને મોગલોએ સિંહગઢને ઘેરો ઘાલ્યો હતો કે નહિ એ બાબતમાં પ્રો. સરકાર કશી બીના જણાવતા નથી.

ગયેલા હોવા જોઇએ. સિંહગઢ નીચે સર્વ એકત્ર થયા. મહારાજે તેઓ છેક કિલ્લા પાસે આવ્યા ત્યાંસુધી અટકાવ કર્યો નહિ. તેઓ પોતાની પાસેની તલવારો જુસ્સાબંધ ફેરવતા અને રણવાદ્યો વગાડતા ગઢ નજીક આવી પહોંચ્યા. તેમણે નિશ્ચય કર્યો હતો કે, ગમે તેમ કરીને પણ શિવાજી મહારાજને પકડી તેમનો જીવ લેવો; પરંતુ કિલ્લા પરથી તોપોના ગોળા આવતાંજ તેમના હોંસ ઊડી ગયા અને આમતેમ નાસવા લાગ્યા. હજારો સૈનિકો ત્યાં ને ત્યાંજ મરણને શરણ થયા. નિશાનવાળા હાથીને ગોળો વાગતાંજ તે મરણ પામ્યો. ત્યાં એવો કેર વર્તી રહ્યો કે, કોઇ કિલ્લા પાસે ઊભા રહેવાની પણ હિંમત કરતું નહોતું. "સૌ કરતાં જીવ વહાલો" એ ન્યાયે સર્વ પોતપોતાનો જીવ કેવી રીતે બચાવવો, તેનીજ ચિંતામાં પડયા. મોગલસૈન્યમાં હાહાકાર વર્તી રહ્યો. તેઓ ઘેરો ઉઠાવી લઈ પાછા નાસી છૂટયા; એટલામાં બીજી તરફથી નેતાજી પાલકરે કર્તોજી ગુજરને પોતાના ઘોડેસવારોની એક ટુકડી આપી તેમના પર હુમલો કરવા મોકલ્યો. એ ટોળીએ તેમના પર અકસ્માત્ હુમલો કરી ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી. ગુજરે મોગલોનું પુષ્કળ લશ્કર કાપી નાખ્યું. આ બનાવ તા. ૫ મી એપ્રીલ સને ૧૬૬૩માં બન્યો.

મોગલ લશ્કરની અતિશય પાયમાલી થયેલી જોઇ શાહિસ્તખાનને ઘણી દિલગીરી ઉત્પન્ન થઇ. પુત્રના મૃત્યુથી તેનું હૃદય શોકદગ્ધ થયું હતું, તેમાં વળી પોતાના સૈન્યનો કચ્ચરઘાણ નીકળી ગયો. ઘણા સૈનિકો કપાઇ મૂએલા હોવાથી હવે ખાનને હિંમત રહી નહિ. ચઢાઈ આગળ ચાલુ રાખવાનું કિંચિત્ પણ ધૈર્ય રહ્યું નહિ. ખાન વિચાર કરવા લાગ્યો કે, "શિવાજી મહારાજ દગાખોર છે. તે કયી વખતે શું કરશે તેનો નિયમ નથી; જીવ જવાનો વખત આવ્યો હતો પણ સદ્‌ભાગ્યે બચી જવાયું છે. સિંહગઢને ઘેરો નાખી બેસી રહીએ, તો આગળ વરસાદના દિવસો આવે છે. તે સમયે આપણા સૈનિકો રહી શકે નહિ. સૈનિકો પણ થાકયા છે. તેઓ પણ શિવાજી મહારાજ સાથે યુદ્ધ કરવાની વાતજ કહેવા દેતા નથી. બાદશાહના આગ્રહને લીધે મરાઠાઓ સાથે યુદ્ધ કરવાથી લશ્કરનીજ વિનાકારણ પાયમાલી થશે. તેમનો કદી પરાજય થશે નહિ. મેં આટલો બધો સખ્ત બંદોબસ્ત રાખ્યો હતો, છતાં શિવાજી મહારાજે મારા શયનગૃહમાં પ્રવેશ કરી, મારો જીવ લેવાનો યત્ન કર્યાથી જણાય છે કે, આપણી છાવણીમાં વિદ્રોહ થયો છે. વિદ્રોહી થયેલા સૈનિકોને વિશ્વાસે યુદ્ધ ચાલુ રાખવું, એ પણ નિરર્થકજ છે. આપણી સ્થિતિ પણ અફઝુલખાનના જેવી થયા વગર રહેશે નહિ." એમ ધારી શાહિસ્તખાને સિંહગઢને પુનઃ ઘેરો નાખવાનું બંધ રાખ્યું અને શિવાજી મહારાજ નજીકજ હોવાથી પૂને રહેવું ભયભરેલું જાણી ત્યાંથી પોતાની છાવણી

ઉઠાવી લઇ પેડગાંવ જઇ રહ્યો.

ખાનને યશવંતસિંહ ઉપર સંપૂર્ણ વહેમ આવ્યો. તેમણે તેની બેદરકારી અને વિદ્રોહ માટે સખ્ત ઠપકો આપ્યો. ખાને ઔરંગઝેબને પત્ર લખી જણાવ્યું કે, "આપણા સૈન્યમાં વિદ્રોહ થયો છે. યશવંતસિંહને શિવાજી મહારાજે લાંચ આપી વશ કર્યો છે, તેથીજ તેણે આપણી દુર્દશા કરી છે." બાદશાહને એ સમાચાર મળ્યા ત્યારે તે ઊંડા વિચારમાં પડી ગયા. તેમણે વિચાર્યું કે, "શિવાજી મોટો શયતાન છે. કોઇની કલ્પનામાં ન આવે તેવાં આશ્ચર્યજનક કર્મ કરી મોટા મોટા શૂરા સરદારોનો નાશ કરવાનું તે ચૂકતો નથી. મેં તેના પર આટલું મોટું લશ્કર મોકલ્યું હતું, છતાં તેનું પરિણામ શ્રેયસ્કર આવ્યું નહિ; ઊલટું મોગલ બાદશાહીનું પાણી ઊતરી ગયું!" ઔરંગઝેબને પોતાના દક્ષિણના પ્રાંતોનું રક્ષણ કરવાની ચિંતા થઇ. શાહિસ્તખાન અને યશવંતસિંહ વચ્ચે અણબનાવ થયેલો જોઇ તેમને દક્ષિણની વ્યવસ્થા સોંપવી યોગ્ય નહિ, એમ જાણી બાદશાહે તે બંનેને પાછા બોલાવી લીધા અને સુલતાન મોઆઝિમને દક્ષિણનો સૂબેદાર નીમ્યો. શાહિસ્તખાન જેવા બળવાન સરદારનું અપમાન ન થાય તે માટે બાદશાહે તેને બંગાળનો સૂબેદાર નીમ્યો. યશવંતસિંહ× અસંતોષ પામી મરાઠાઓને જઇ મળવાની બીકથી તેને સુલતાનનો મદદનીશ નીમી દક્ષિણમાંજ રાખ્યો. સત્ય કહીએ તો એ સમયે ઔરંગઝેબે સ્વયં દક્ષિણમાં ચડાઈ લઈ જઇ શિવાજી મહારાજનો પરાજય કરવાની જરૂર હતી; પરંતુ કંઇક અગત્યનું રાજદ્વારી કારણ ઉપસ્થિત થતાં તે કાશ્મીર તરફ જવા નીકળ્યો.

ઔરંગઝેબની આજ્ઞા થતાં શાહિસ્તખાન દક્ષિણમાંથી ચાલ્યો ગયો એટલે યશવંતસિંહે પોતાનું પ્રમાણિકપણું અને શૌર્ય બતાવી આપવા માટે સિંહગઢને પુનઃ ઘેરો ઘાલ્યો; પરંતુ શિવાજી મહારાજના સૈનિકોએ તેમના લશ્કરને ચારે દિશાએથી છાપા મારી એવું ગભરાવી નાખ્યું કે જેથી તેઓ કિલ્લા નજીક ઘણો વખત ટકી શક્યા નહિ. એટલામાં તેનો દારૂગોળો એકાએક સળગી ઊડવાથી ઘણાં માણસોનો નાશ થયો. તેઓ થોડા દિવસમાંજ ઘેરો ઉઠાવી લઇ મહામુસીબતે ઔરંગાબાદ જઇ પહોંચ્યા.

આ પ્રમાણે શાહિસ્તખાનનો પરાજય કરીને મહારાજે પોતાનો મોરચો કોંકણ તરફ ફેરવ્યો. આ વખતે આદિલશાહ કાનડા પ્રાંત પર સવારી લઇ ગયો હતો અને બેદનૂરનો રાજા શિવાપ્પાનાયક બહુ

× ટાવર્નિયર લખે છે કે, એ રજપૂત સરદારને બાદશાહે દિલ્લી પાછો બોલાવ્યો હતો, પણ ત્યાં નહિ જતાં તે પોતાના સંસ્થાનમાં ચાલ્યો ગયો.

પ્રબળ થઈ ગયો હતો. તેની સાથે તે લડતો હતો. આ તક સાધીને મહારાજ કોલ્હાપુર અને કુંડાળા થઇને બેંગલોર સુધી આવ્યા. (મે સન ૧૬૬૩.) આ સમયના અંગ્રેજોના લખાણમાં એવું છે કે, “ આ વખતે મહારાજ જે જે ગામ ગયા હતા, ત્યાંના લોકોને પોતાના તરફથી કોઇ પણ જાતનો ઉપદ્રવ કરવામાં નહિ આવે, એવા કોલ તેમણે આપ્યા હતા.” આ વખતે બેંગલોરના લોકોએ તેમના થાણદાર પર હલ્લો કર્યો, આથી મહારાજને ઘણોજ ગુસ્સો આવ્યો અને ત્યાં જઇને તે લોકોને સજા કરી. તે ગામના વેપારીઓને લૂંટીને તે સ્થાનમાં પોતાનાં ૨૦૦૦ માણસો મૂક્યાં. મહારાજ કોંકણના બંદરની નજીક આવ્યા છે, એવા સમાચાર મળતાંજ સાંકળી, દિચોલી વગેરેના મુસલમાન થાણદારો નાસી ગયા. આ સમાચાર સાંભળીને આદિલશાહે વાડીના સાવંતોને લખી જણાવ્યું કે, તેમણે ફોંડેના સૂબેદારને મદદ કરવી અને રાજાપુર વગેરે સ્થળોમાંથી મહારાજનાં માણસોને હાંકી કાઢવાં; પણ આ આજ્ઞાનું પાલન કરવાની તેમનામાં લગારે હિંમત હતી નહિ.

प्रकरण १७ मुं-सुरत, बार्सिलोर वगेरेमां लूंट

યુદ્ધનો વિચાર બંધ કરી, યશવંતસિંહ ઔરંગાબાદ પાછો જઈ સ્વસ્થ થયા પછી શિવાજી મહારાજે કલ્યાણ અને દંડરાજપુરીમાં પોતાનું સૈન્ય ભેગું કર્યું. સૈન્ય ભેગું કરવાનો ઉદ્દેશ જનસમાજમાં તદ્દન જૂઠોજ પ્રસિદ્ધ કર્યો કે, વસઇ અને ચેઉલના ફિરંગીઓ પર સવારી કરવાની છે અને સીદીનો પરાજય કરવાને પુનઃ એક વખત જુસ્સાબંધ ચડાઇ લઇ જવી છે; પરંતુ લશ્કર ભેગું કરવાનો તેમનો વાસ્તવિક ઉદ્દેશ તો સુરત શહેર ઉપર હુમલો કરી તેને લૂંટી લેવાનો હતો. એ સમયે હિંદુસ્તાનમાં થોડાંક ધનાઢ્ય શહેર હતાં; તેમાં સુરત શહેરની પણ ગણના થતી હતી. દેશવિદેશના વ્યાપારીઓ એ શહેરમાં આવી હિંદુસ્તાન સાથે વ્યાપાર ચલાવતા હતા, તેથી ત્યાં ઘણા શ્રીમંત વ્યાપારીઓ રહેતા હતા. તેમાંના કેટલાક તો મોટા ધનવાન હતા. બહીરજી નાયક નામક એક અતિશય બુદ્ધિમાન અને ચાલાક પુરુષ મહારાજના તાબામાં નોકર હતો, તેને તેમણે ગુપ્ત બાતમી લાવવાનું કામ સોંપ્યું હતું. તે નાના પ્રકારના વેશ ધારણ કરી સર્વત્ર ફરતો અને હમેશાં પોતાના સ્વામીને સર્વ પ્રકારની ખબર લાવી આપતો. ગુપ્ત રીતે સુરતની ખબર લાવવાનું કામ પણ મહારાજે તેને સોંપ્યું હતું. તેણે સુરત શહેરમાં ફરી વળી ત્યાંના બંદોબસ્તનું બારીક દૃષ્ટિથી અવલોકન કરી, મહારાજને સમાચાર આપ્યા કે, આ પ્રસંગેજ સુરત ઉપર હુમલો કરી લૂંટ કરવાથી અગણિત દ્રવ્ય મળે એવો સંભવ છે.*

ગુપ્તચરે ખબર આપ્યા પછી મહારાજે પૂર્વોક્ત પ્રકારે પોતાનું સૈન્ય તૈયાર કર્યું અને સુરત ઉપર પોતે સ્વતઃ ચડાઈ લઇ જવાનો નિશ્ચય કર્યો. તેમને અગાઉ અનેક વખત એવો અનુભવ મળ્યો હતો કે, કોઇ પણ સરદારને આવી ચડાઇનું કામ સોંપવાથી જોઇએ તેવી

---

* કેટલાક ઇતિહાસકારો લખે છે કે, શિવાજી મહારાજે સ્વતઃ વેશ બદલીને સુરત શહેરમાં પ્રવેશ કર્યો અને ત્યાં ત્રણ દિવસ રહી અગત્યની માહિતી મેળવી લીધી હતી;. તેમજ શ્રીમંત શાહુકારોનાં ઘર જોઇ લીધાં હતાં.

કાળજીપૂર્વક કાર્ય પરિપૂર્ણ થતું નથી. ચૂંટી કાઢેલા દશ હજાર માવળા યોદ્ધાસહિત મહારાજ સવારીમાં નીકળ્યા. તેમની સાથે મોરોપંત, પ્રતાપરાવ ગુજર, વ્યંકાજી પંત, મકાજી આનંદરાવ, નિળોપંત, અણ્ણાજી પંત, દત્તાજી પંત, માનસિંહ મોરે અને રૂપાજી ભોંસલે હતા. પોતાનાં મનુષ્યોસહિત તેમણે કોંકણમાંથી સીધો સુરતનો માર્ગ લીધો.× સુરત ઉપર હુમલો લઇ જવાનો મોગલોને સંશય ન પડે તેથી તેઓએ બહાનું કર્યું કે, “ અમે નાશિક તીર્થ જઈ ત્યાંથી મોરો પંતે હમણાંજ હસ્તગત કરેલો કિલ્લો તપાસવા જઈશું. ” ખોટું બહાનું બતાવી તેમણે ઉત્તર દિશામાં કૂચ કરી અને લાંબી મજલે પડાવ નાખતા નાખતા અચાનક સુરતથી ૨૮ માઇલ પર ગણદેવી નામનું ગામ છે, ત્યાં સુધી આવી પહોંચ્યા.

શિવાજી મહારાજ શહેર લૂંટવાને આવે છે, એવા સમાચાર મળતાંજ શહેરના લોકો ગભરાઇ ગયા અને પોતાનાં બૈરાંછોકરાં લઇને તાપી નદીને સામે પાર નાસી જવા લાગ્યા. કેટલાક શ્રીમંત લોકોએ કિલ્લેદારને લાંચ આપીને કિલ્લાનો આશ્રય લીધો. મહારાજ જ્યારે શહેરથી પાંચ માઇલના અંતર પર આવ્યા, ત્યારે કિલ્લેદારે તેમની સાથે ખંડણી આપી સલાહ કરવાને માણસ મોકલ્યો; પણ મહારાજે તેને કેદમાં રાખી મૂક્યો. આથી ઇનાયતખાન ઘણોજ ગભરાઇ ગયો અને શહેરના લોકોનું જે થવાનું હોય તે થાઓ, એમ ધારી એ બીકણ કિલ્લેદાર પોતાના કિલ્લામાં જઇને રહ્યો. શહેરના રક્ષણને વાસ્તે તેણે કશોજ પ્રયત્ન કર્યો નહિ.

મહારાજ તારીખ ૬ઠ્ઠી જાનેવારી સને ૧૬૬૪ના દિવસે સુરત પાસે આવીને બરહાનપુર ભાગોળ બહારના બાગમાં ઉતર્યા. આગલી રાત્રે બે જાસૂસોને પત્ર આપીને તેમણે શહેરમાં મોકલ્યા હતા. એ પત્રમાં એવું લખેલું હતું કે, “ શહેરના સૂબેદારે અને હાજી સૈયદ બેગ, બહારજી બોરા અને હાજી કાસમ નામના ત્રણ અતિ ધનાઢ્ય વેપારીઓએ પોતાની પાસે આવીને ખંડણીની રકમ નક્કી કરી જવી. જો તેમ કરવામાં નહિ આવે, તો તમારૂં શહેર બાળીને ખાખ કરી નાખીશ. ” આ પત્રનો કંઇ પણ જવાબ મળ્યો નહિ. આથી મહારાજના ઘોડેસવારો શહેરમાં દાખલ થયા. એમ કહે-

---

× ઓર્મી લખે છે કે, પોતાનો પ્રપંચ કોઇના જાણવામાં ન આવે તે માટે મહારાજે ચેઉલ અને વસઈ આગળ બે છાવણી નાખી એવો ભાસ કરાવ્યો કે, એ બંને શહેરો ઉપર અમારે હુમલો કરવો છે. પછી વસઇની છાવણીમાંથી ચાર હજાર ઘોડેસવાર લઇને નીકળ્યા અને તે છાવણીમાં પ્રથમના જેવીજ વ્યવસ્થા રાખવાની અને રણવાદ્ય વગેરે વગાડવાની તેમણે વ્યવસ્થા કરી.

વામાં આવે છે કે, સુરત આગળ આવીને એમણે એવું જાહેર કર્યું હતું કે, "શહેરના વેપારી વર્ગને ઉપદ્રવ કરવાનો પોતાનો જરા પણ ઇરાદો નથી; પણ ઔરંગઝેબે પોતાના રાજ્ય પર સવારી કરીને ઘણી ખરાબી કરી હતી અને પોતાના કેટલાક સંબંધીજનોનો નાશ કર્યો હતો, તેનું વેર લેવાને માટે હું આવેલો છું." મહારાજનાં માણસો જે વખતે શહેરમાં દાખલ થવા લાગ્યાં, તે વખતે કિલ્લા પરથી તેના પર તોપોનો મારો શરૂ થયો; પણ તેમણે તેની પરવા કરી નહિ. કિલ્લામાંના લોકો બહાર આવીને પોતાની લૂંટના કાર્યમાં હરકત કરે નહિ, તે બદલ તેમને અટકાવવાને માટે મહારાજે મોરચા બાંધીને પોતાનાં કેટલાંક માણસો બંદૂકો સાથે મૂક્યાં હતાં. કિલ્લો ઘણોજ મજબૂત હતો અને તે સર કરી શકાય એમ હતું નહિ. કિલ્લા પરની તોપોથી મહારાજનાં માણસોને વિશેષ નુકસાન થયું નહિ. માત્ર શહેરનાં પુષ્કળ મકાનોનો નાશ થયો.

શહેરમાં દાખલ થઇને શેઠિયાઓનાં મકાનો કબજે કરી તેમણે ચાર દિવસ સુધી લૂંટ ચલાવી. જે કોઇ પોતાની સંપત્તિ બતાવતું નહિ, તેને મારી નાખવાનો ભય બતાવીને તેની સંપત્તિ મહારાજે લઈ લીધી. આ વખતે મહારાજના હાથમાં એક યાહૂદી વેપારી આવ્યો. એ કોન્સ્ટેન્ટિનોપલનો રહેવાસી હતો અને ઔરંગઝેબને બતાવવા સારૂ તે ઘણું મૂલ્યવાન જવાહિર લાવ્યો હતો. મહારાજને એ વાતની ખબર પડતાંજ તેને પોતાની પાસે પકડી મંગાવ્યો અને એ બધું ઝવેરાત બતાવી દેવા કહ્યું; પણ તેણે તેમ કર્યું નહિ. ત્રણવાર તેને ભોંય પર નાખી તેની ગરદન પર તલવાર મૂકી મારી નાખવાની ધમકી આપી; પરંતુ આ યહૂદી વેપારી જરા પણ ડગ્યો નહિ. તેને પોતાના જીવ કરતાં પૈસો વધારે પ્રિય લાગ્યો. બીજો એક વેપારી ચાળીસ પોઠો કાપડની લાદીને આગ્રાથી સુરત આવ્યો હતો. તેને પકડી મંગાવીને તેની પાસે નગદ નાણાંની માગણી કરી. ત્યારે તેણે કહ્યું કે, મારી પાસે તો માત્ર આ કાપડ છે અને હજુ મેં તે વેચ્યું નથી. એ કાપડ લઇને તમે મને છોડી મૂકો; પણ તેની આ વાત મહારાજને ખરી લાગી નહિ, તેથી તેમણે તેનો જમણો હાથ કાપી નાખવાની આજ્ઞા કરી. તેનું કાપડ મહારાજનાં માણસોએ બાળી નાખ્યું; કારણકે એ લોકો માત્ર સોનુંરૂપું અને જવાહિરજ લૂંટતા હતા.

ડચ લોકોની વખાર પાસે ઉપર જણાવેલા બહરજી બોરાનું મકાન હતું. આ વેપારી પાસે અપાર સંપત્તિ છે, એવી લોકવાયકા હતી. આ મકાનમાં મહારાજનાં માણસોએ લૂંટ કરી અને તેમાંથી ૨૮ શેર મોતી, હીરામાણેક વગેરે જવાહિર અને પુષ્કળ દ્રવ્ય લઇ ગયા. તેજ પ્રમાણે અંગ્રેજોની વખાર પાસે હાજી સૈયદ બેગ નામના

વેપારીનું મકાન હતું. અહીં પણ તેમણે લૂંટ કરી. સૈયદબેગ આ વખતે કિલ્લામાં સંતાઇ રહ્યો હતો; પણ તેના આ મકાનના રક્ષણ માટે અંગ્રેજોએ પોતાનાં કેટલાંક માણસો મૂક્યાં હતાં અને તેથીજ તેની બાકી રહેલી સંપત્તિનો બચાવ થયો હતો એમ કહેવાય છે. સુરત શહેરની તે વખતની અંગ્રેજોની વખારનો મુખ્ય માણસ સર ઑક્ઝેન્ડન કરીને હતો. શિવાજી મહારાજ સુરત લૂંટવાને આવે છે એવા સમાચાર મળતાંજ તેણે નાસી ન જતાં બચાવની સંપૂર્ણ તૈયારી કરવા માંડી. વહાણો પરના ખલાસીઓ વગેરે મળીને આશરે ૧૪૦ અંગ્રેજો અને ૬૦ દેશી સિપાઈઓને બંદૂકો વગેરે આપીને તેણે તૈયાર કર્યા અને વહાણ પરની તોપો લાવીને પોતાની વખારની આજુબાજુ ગોઠવી દીધી. એની ગોઠવણ એવી રીતે કરી હતી કે, મરાઠાઓ જો વખાર ઉપર હલ્લો કરવાને આવે તો તોપોનો મારો એવી રીતે શરૂ કરી શકાય કે, તેઓ આગળ આવી શકે નહિ. મહારાજ શહેરમાં આવ્યા તે પહેલાં એણે એવું જાહેર કર્યું હતું કે, મરાઠાઓ સાથે ટક્કર લેવાને તે સંપૂર્ણ તૈયાર છે. પછી ઉપર જણાવ્યા પ્રમાણે સૈયદ બેગનું મકાન લૂંટવામાં પણ તેમણે હરકત કરી; એથી મહારાજને ગુસ્સો આવ્યો અને તેમણે ઑક્ઝેન્ડનને એવો સંદેશો કહાવ્યો કે, "કાં તો તમે અમને ત્રણ લાખ રૂપિયા મોકલી આપો અથવા અમને સૈયદ બેગનું મકાન લૂંટવા દો. જો આ બેમાંથી એક પણ વાત તમે નહિ કરો, તો હું પોતે ત્યાં આવીશ અને તમારા એકે એક માણસની કતલ કરીશ." આનો તેણે એવો જવાબ મોકલ્યો કે, "એમાંની એક પણ વાત કરવાને હું તૈયાર નથી. તમારી મરજી પડે ત્યારે ચઢી આવજો." તેના આ ઉત્તરથી તેને સજા કરવાનું મહારાજ ચૂકત નહિ, પણ તેમને ખબર હતી કે તેની સાથે લઢવામાં કંઇ ખાસ ફાયદો નથી. એમાં આપણને જેટલું નુકસાન થાય તેથી વધારે ફાયદો થવાનો સંભવ નથી. તે ઉપરાંત મોગલોનું સૈન્ય આવી પહોંચે તે પહેલાં કરેલી લૂંટ પોતાના કિલ્લામાં પહોંચાડવાની પણ તેમની ખાસ ધારણા હતી. આવો વિચાર જો તેમના મનમાં આવ્યો ન હોત, તો આ સો દોઢસો અંગ્રેજોની ખબર લઇ નાખવી, એ કંઇ તેમને માટે મુશ્કેલ નહોતું. બીજું મહારાજને એમ પણ લાગતું હતું કે, બને ત્યાંસુધી આ અંગ્રેજ વેપારીઓને ત્રાસ આપવો નહિ. એનું એક ઉદાહરણ છેઃ મહારાજ જે વખતે શહેરમાં દાખલ થયા તે વખતે એન્ટની સ્મિથ નામનો એક અંગ્રેજ ડચ લોકોના વહાણ પરથી ઊતરી કિનારે આવતો હતો, તેને મહારાજનાં માણસોએ કેદ કર્યો. આ અંગ્રેજ મહારાજની છાવણીમાં બીજા કેદીઓની સાથે ત્રણ દિવસ સુધી કેદ રહ્યો હતો. ત્રીજે દિવસે તેનો એક હાથ કાપી નાખવાની મહારાજે આજ્ઞા કરી

ત્યારે તેણે હિંદુસ્તાની ભાષામાં કહ્યું કે, મારો હાથ કાપો છો તેના કરતાં મારૂં માથુંજ કાપી નાખો. આથી તેના માથા પરથી ટોપી ઉતારવામાં આવી. તેનું માથું જોતાંજ તે અંગ્રેજ છે એમ મહારાજે જાણ્યું અને તેને ન મારવાની આજ્ઞા કરી. પછી એક સંદેશો લઇને તેને ઑક્ઝેન્ડન પાસે મોકલ્યો; પણ તેનો જવાબ આપવા ઑક્ઝેન્ડને તેને પાછો મોકલ્યો નહિ. આ અંગ્રેજે શિવાજીની છાવણીની હકીકત નજરોનજર જોઇ હતી. તે જણાવે છે કે, "મહારાજ એક તંબુમાં બેસતા હતા અને જે માણસ પર એવો આરોપ હોય કે, 'આ માણસ પોતાનું દ્રવ્ય ક્યાં સંતાડ્યું છે, તે બતાવતો નથી' તેના હાથ કે માથું કાપી નાખવાને તેઓ તરતજ હુકમ કરતા હતા."

આ શહેરની લૂંટ ચાલતી હતી, ત્યારે મહારાજે દરેકને પોતાનું ઉગ્ર સ્વરૂપ બતાવ્યું ન હતું. તે વખતે સુરતમાં રેવરંડ ફાધર આંબ્રોજ નામનો એક કાપુશિયન પાદરી રહેતો હતો. કોઇક માણસે તેનું મકાન બતાવ્યું; પણ મહારાજે તે મકાન ઉપર હલ્લો કર્યો નહિ. મહારાજે તે વખતે એવું કહ્યું કે, આ પાદરી લોકો સારાં આચરણવાળા હોય છે; માટે તેમને હેરાન કરવા તે ઠીક નથી. બીજી એક વાત એવી છે કે, તે વખતે એક મોહનલાલ પારેખ નામનો ડચ લોકોનો દલાલ ત્યાં રહેતો હતો. તે ઘણોજ નીતિમાન અને ધર્મશીલ હતો. તે કેટલાંક વર્ષોથી મરણ પામ્યો હતો અને પાછળ એક કુટુંબ મૂકી ગયો હતો. તેના ઘરમાં પુષ્કળ સંપત્તિ છે, એમ કેટલાક લોકોએ મહારાજને જણાવ્યું; પણ તેની નીતિની અને ધર્મશીલતાની વાત મહારાજના સાંભળવામાં આવી હતી, તેથી મહારાજે તેના મકાનને હાથ સરખો પણ લગાડ્યો નહિ.

આ પ્રમાણે સુરત શહેર લૂંટીને બધું દ્રવ્ય કોથળાઓમાં ભરીને ઘોડા પર લાદી મહારાજ રાયગઢ ઉપર સુરક્ષિતપણે આવી પહોંચ્યા. કોઇ પણ મોગલ સરદારનામાં તેમને અટકાવવાની હિંમત નહોતી. આ લૂંટમાં મળેલા માલની કિંમતનો અડસટ્ટો કરતાં તે સાડાઆઠ કરોડ હોનની થઇ હતી એમ કહેવાય છે. આ સવારીમાં મોગલોના તેમજ બીજા શાહુકારોના પુષ્કળ ઘોડા મહારાજને લૂંટ તરીકે મળેલા હતા. તેમની ગરદન પર ચોકડીનું ચિહ્ન કરીને તે ઘોડાઓની એક નવી પાયગા તૈયાર કરી.

એમ કહેવામાં આવે છે કે, મહારાજનું દગાથી ખૂન કરવાને માટે ઇનાયતખાને એક માણસને સુલેહના સંદેશાનું બહાનું કાઢીને મહારાજ પાસે મોકલ્યો હતો, તે માણસે મહારાજ પાસે જઇને સુલેહની કેટલીક શરતો કહી સંભળાવી. આ સાંભળી મહારાજે કહ્યું કે, "તારો સરદાર બાયલાની પેઠે કિલ્લામાં લપાઇને બેઠો છે, પણ શું અમે કંઇ તેના જેવા બાયલા છીએ કે, આવી શરતો માન્ય

કરીએ ?" એટલે તે માણસે કહ્યું: " અમે કંઈ બાયલા નથી. મારે તમને હજુ કંઇક કહેવાનું છે." એમ કહીને પોતાની પાસે સંતાડી રાખેલું ખંજર એકદમ બહાર કાઢીને તે મહારાજ ઉપર ધસી ગયો, પણ તે વખતે મહારાજની પાસે નાગી તલવારે એક શિલેદાર ઊભો હતો તેણે તેનો ખંજરવાળો હાથ કાપી નાખ્યો; પણ તે એટલા જુસ્સાથી આગળ વધ્યો હતો કે, તેના તે ઠૂંઠા હાથનો ધક્કો વાગવાથી મહારાજ અને તે માણસ ઉભય ભોંય પર પડ્યા. મહારાજનાં માણસોએ તેને ત્યાંજ ઠાર કર્યો અને ગુસ્સાના આવેશમાં કેદ કરી આણેલા માણસોની પણ તેમણે કતલ કરવા માંડી; પણ મહારાજે તે લોકોને તેમ કરતા અટકાવ્યા.

મહારાજ સુરત શહેર છોડીને ચાલ્યા ગયા પછી સાતઆઠ દિવસ બાદ મોગલોનું સૈન્ય ત્યાં આવીને દાખલ થયું. ત્યાંસુધી મહારાજના પાછા આવવાના ભયથી નાસી ગયેલા લોકો શહેરમાં પાછા આવ્યા ન હતા. મોગલોનું સૈન્ય આવવાથી નાસી ગયેલા લોકો ધીમે ધીમે પાછા આવવા લાગ્યા. ઇનાયતખાન કિલ્લામાં સંતાઇ ગયો હતો, તે શહેરમાં આવ્યો ત્યારે લોકોએ તેનો ઘણોજ તિરસ્કાર કર્યો અને અંગ્રેજોએ આ વખતે જે બહાદુરી બતાવી હતી, તે બદલ લોકોએ ઓક્ઝેન્ડનનાં ઘણાંજ વખાણ કર્યાં. એમ કહેવાય છે કે, અંગ્રેજ લોકોના શૌર્યને લીધે તેમની વખારની આસપાસ આવેલો શહેરનો ભાગ બચી જવા પામ્યો હતો. મોગલ સેનાપતિ જ્યારે શહેરમાં આવ્યો ત્યારે સર ઓક્ઝેન્ડન તેની મુલાકાત માટે ગયો અને તેના પગ આગળ પોતાના હાથમાંથી બંદૂક મૂકી દઇને તે બોલ્યો કે, "હું મારા હાથમાંના શસ્ત્રો હવે તમારી આગળ ધરી દઉં છું. હવે આ શહેરનું રક્ષણ કરવું એ તમારા હાથમાં છે." તે સેનાપતિએ તેનાં વખાણ કરીને કહ્યું કે, "તમને શિરપાવ અને ઘોડા આપી તમારી કમ્મરે તલવાર બાંધીને સત્કાર કરવો મારે માટે ઉચિત છે." આ સાંભળી તેણે કહ્યું કે, " એ બધું તો સૈનિકને માટે યોગ્ય છે, હું કંઇ સૈનિક નથી. હું તો માત્ર એક વેપારી છું અને અમારા વેપાર માટે બાદશાહ તરફથી સગવડ મળે એવી વ્યવસ્થા થવા માટે મારી વિનંતી છે." સુરતના વેપારીઓને આટલું બધું ભારે નુકસાન થયું તે બદલ ઔરંગઝેબે પોતાની સહાનુભૂતિ બતાવી અને તે સર્વના આયાતમાલ ઉપર એક વર્ષને માટે જકાત માફ કરી. ડચ લોકોએ અને અંગ્રેજોએ જે બહાદુરી બતાવી હતી, તે બદલ તેમના માલ ઉપર એક ટકો જકાત માફ કરી. ઇસ્ટઇન્ડિયા કંપનીના વ્યવસ્થાપકે સર ઓક્ઝેન્ડનને તેના શૌર્યની કદર તરીકે એક સુવર્ણનો ચાંદ આપ્યો.

સુરતથી પાછા આવ્યા પછી મહારાજને શાહજીરાજાના

મૃત્યુના અત્યંત શોકજનક સમાચાર મળ્યા, તેથી કેટલાક દિવસ શોકમાં અને પિતાની ઉત્તરક્રિયા કરવામાં વીત્યા. એ સમયે મહારાજ સિંહગઢ ઉપર નિવાસ કરતા હતા. પિતાની ઉત્તરક્રીયા પરિપૂર્ણ થયા પછી તેઓ પાછા રાયગઢ ઉપર ગયા. ત્યાં જઇને તેમણે રાજકારભારની અને જુદાં જુદાં ખાતાંની સુવ્યવસ્થા કરી. શાહજીરાજાના મૃત્યુ પછી મહારાજે પોતાના નામ પાછળ " મહારાજ " નો ખિતાબ ધારણ કર્યો અને પોતાના નામના સિક્કા પડાવ્યા.

એ સમયે શિવાજી મહારાજ તદ્દન સ્વસ્થ હતા, તેમ છતાં તેમનાં મનુષ્યો મોગલોની હદમાં એકસરખું તોફાન મચાવી રહ્યાં હતાં. નેતાજી પાલકર પોતાના ઘોડેસવારો સહિત આઠ મહિના મુસાફરી કરી વર્ષાકાળના આરંભમાં પુષ્કળ લૂંટ લઈ પાછો આવતો હતો. મહારાજનાં વહાણો પણ કંઇ સ્વસ્થ પડી રહ્યાં નહોતાં. સમુદ્રમાં વેપારીઓના મછવા કે વહાણ નજરે પડતાં તેને લૂંટી લાવવાનું કિંવા ખેંચી લાવવાનું કામ સર્વદા ચાલુ હતું. મોગલોનાં વહાણમાં મક્કે જનારા યાત્રાળુઓ મુસાફરી કરતા, તેમાંથી શ્રીમંત યાત્રાળુઓને પકડી તેઓ દંડ વસૂલ કરતા. શિવાજી મહારાજે બનતી ઉતાવળે અહમદનગર પર હુમલો કરી ત્યાંનાં બજારો લૂંટચાં અને ઔરંગાબાદ પર્યંતનો સર્વ પ્રાંત પુનઃ લૂંટી ઉજ્જડ કરી નાખ્યો.

મહારાજ એ કાર્યમાં ગૂંથાયલા હોવાનું જાણી પન્હાળા ઉપર વિજાપુર–સરકારના બે સરદાર રહેતા હતા તેમણે મહારાજ સાથે થયેલું તહનામું રદ કરી કોંકણપટ્ટી પાછું પોતાના તાબામાં લેવાનો પ્રબળ પ્રયત્ન કર્યો. તેમણે કેટલાંક થાણાં તાબે કર્યાં. આ તોફાનની ખબર મળતાંજ મહારાજ અતિ વેગપૂર્વક તે પ્રાંતમાં આવી પહોંચ્યા. વિજાપુર–સરદારોની કલ્પનામાં પણ નહોતું કે, મહારાજ એટલા સત્વર ત્યાં આવી પહોંચશે. તેમણે સરદારો સાથે યુદ્ધ કરી તેમનો પરાજય કર્યો, તેમજ તેમના હજારો સૈનિકોનાં માથાં ઉડાવી દીધાં. કારવાર અને વિજાપુરના અંગ્રેજ વેપારીઓએ લખ્યું છે કે, " એ યુદ્ધમાં લગભગ છહજાર સૈનિકો સમરભૂમિમાં મરણ પામ્યા હતા." વેંગુર્લાનાં માણસોએ મહારાજના તે સ્થળના થાણદાર ઉપર હુમલો કર્યો; તેથી તેમણે તે શહેર બાળી ભસ્મ કર્યું. વિજાપુરી સરદારોનો પરાજય કર્યા પછી મહારાજ પુનઃ સિંહગઢમાં આવ્યા. તેમના સાંભળવામાં આવ્યું હતું કે, જુન્નરમાં મોગલ લશ્કરની છાવણીમાં ઔરંગાબાદથી આવેલા વિશેષ લશ્કરનો ઉમેરો થયો છે અને તેઓ મહારાજના તાબાનાં થાણાં પર હુમલા કરવાની તૈયારીમાં છે; પરંતુ મહારાજને પુનઃ સિંહગઢ આવી પહોંચેલા જાણી મોગલોએ પોતાની હિલચાલ બંધ પાડી. મોગલો પોતાને સ્થળે શાંત બેસી રહ્યા છે, જાણી મહારાજે પોતાના કેટલાક ઘોડેસવારને કૃષ્ણા નદીની દક્ષિણ

બાજુએ વિજાપુર–સરકારના દેશમાં લૂંટફાટ કરવા મોકલ્યા. મહારાજે એક તરફથી તે સરકારને નિર્બળ બનાવી બીજી તરફથી તેમનાં બાર્સિલોર વગેરે ધનાઢ્ય શહેર લૂંટવાની યુક્તિ રચી. જળમાર્ગે બાર્સિલોર શહેર જવાનો નિશ્ચય કરી મહારાજે માલવણના સિંધુદુર્ગ પાસે એક મોટું લશ્કરી વહાણ તૈયાર કરાવ્યું. પોતાની યુક્તિ તદ્દન ગુપ્ત રાખવા માટે તેમણે બહાર એવી અફવા ફેલાવી કે, જુન્નરમાં મોગલોની છાવણી પર હુમલો કરવાની તૈયારી કરવામાં આવે છે. અન્ય મનુષ્યોને ભૂલથાપ આપી મહારાજ એકદમ માલવણ આવી પહોંચ્યા અને વહાણમાં બેસી બાર્સિલોર* શહેર તરફ ગયા. શહેર આગળ આવી પહોંચ્યા પછી સૂર્યોદય થતાંજ શહેરમાં પ્રવેશ કર્યો. ત્યાંની પ્રજા તદ્દન અસાવધ હતી. તેમના પર કોઇ શત્રુ સમુદ્રમાર્ગે ચડી આવશે, એ તેમના સ્વપ્નામાં પણ નહોતું. તેમણે એક દિવસમાં સમસ્ત શહેર લૂંટી ઉજ્જડ કર્યું. કહેવામાં આવે છે કે, સુરત શહેરની પેઠેજ એ શહેરમાંથી પણ તેમને પુષ્કળ લૂંટ મળી. એ લૂંટમાં મળેલા માલની કિંમત લગભગ બેત્રણ કરોડ રૂપિયા જેટલી થતી હતી.

એ શહેર લૂંટ્યા પછી મહારાજે ત્યાંથી કૂચ કરી કડવાલ, સિદ્ધેશ્વર, મિરજ, અકોલા, કોદ્રા, હુમાઉદ વગેરે સ્થળો સર કરી ત્યાં પોતાની સત્તા જમાવી. તેમણે ગોકર્ણ–મહાબળેશ્વરનું સ્થાન તાબે લઇ ત્યાંનાં દેવસ્થાનનાં દર્શન કર્યાં અને પુષ્કળ દાનધર્મ કર્યું. બેદનૂર પ્રાંતમાં શિવાપ્પા નાયક નામક એક જાગીરદાર સ્વતંત્ર થઇ પડ્યો હતો. તેની જાગીરમાં જતા પહેલાં મહારાજે તેને કહાવી મોકલ્યું હતું કે, “અમને પ્રતિવર્ષે કંઇક નજરાણું આપી તમારો વકીલ અમારા દરબારમાં રાખવો.” પરંતુ અભિમાની સરદારે તે માગણીનો ઉત્તર આપ્યો કે, “મારી પાસે નજરાણું લેવાની તમારામાં શક્તિ હોય તો અહીં આવીને લેવું.” સરદારનો ઉચ્છૃંખલતા ભરેલો ઉત્તર મહારાજ સહન કરી શકયા નહિ. જે સમયે મહારાજે પૂર્વોક્ત પ્રાંતો પર સવારી કરી એક પછી એક થાણાં સર કરવા માંડ્યાં, તે સમયે નાયક સરદાર ગભરાયો. તેણે તત્કાળ મહારાજ પાસે પોતાનો વકીલ મોકલ્યો અને તેની સાથે એક લાખ રૂપિયાનું જવેરાત તથા મૂલ્યવાન પોશાક ભેટ મોકલ્યો. નાયક સરદાર અતિશય નમ્રતા અને સ્નેહભાવ બતાવી મહારાજની મુલાકાત લેવા આવ્યો અને તેણે કબૂલ કર્યું કે, “હું પ્રતિવર્ષે ત્રણ લાખ રૂપિયા ખંડણી ભરીશ.” તેની નમ્રતા અને કબૂલતથી મહારાજ પ્રસન્ન થયા. મહારાજે તેને અભયવચન આપી તેની જાગીરમાં ઉમાજી પંતને પોતાના વકીલ તરીકે મોકલ્યો. આ વખતે સોમરાણીનું થાણું એક જમાદારને હવાલે હતું

---

* કેટલીક બખરમાં એ શહેરનું નામ બાસનૂર છે. શિ. દિ. માં એનું નામ હરહસનૂર છે. રાયરીની બખરમાં ફક્ત હસનૂર છે.

તે તેણે મહારાજને સ્વાધીન કર્યું.

ગોકર્ણથી આવ્યા પછી મહારાજે બારજ વહાણ રાખીને બીજાં ઘણાંખરાં વહાણો પાછાં મોકલી દીધાં અને ચારહજાર લશ્કર સહિત આગળ કૂચ કરી બીજાં કેટલાંક વેપારી શહેરો લૂંટી પુષ્કળ લૂંટ મેળવી. એ સમયે મહારાજ કારવાર પાસે આવ્યા. તેમના પાસે આવવાના સમાચાર સાંભળીને ત્યાંના અંગ્રેજ વેપારીઓએ પોતાની સર્વ રોકડ અને બીજી લઈ જવા યોગ્ય વસ્તુઓ લઇ જઇને મસ્કતના એક વેપારીનું વહાણ હતું, તેમાં ભરી અને પોતે પણ ત્યાં જઇને રહ્યા. તે વખતે શેરખાં પોતાનાં પાંચસો માણસો સાથે ત્યાં આવી ચડ્યો હતો. તેણે મહારાજને કહાવી મોકલ્યું કે, "જો તમે શહેર ઉપર હુમલો કરશો તો તેનું રક્ષણ કરવામાં અમે પણ કચાશ રાખીશું નહિ." મહારાજે જવાબ દીધો કે, "અંગ્રેજ લોકો મારા કટ્ટા દુશ્મન છે. મારે તેનો બદલો લેવો છે." શેરખાંએ આ સંદેશો અંગ્રેજ વેપારીઓને જણાવ્યો. તેનો જવાબ તેમણે એવો આપ્યો કે, "અમારા તરફથી તો પૈસાને બદલે દારૂગોળાથી તમારો સત્કાર કરવામાં આવશે." આ સંદેશો સાંભળીને મહારાજને ઘણોજ ગુસ્સો આવ્યો અને અંગ્રેજોને પકડ્યા વગર જવું નહિ, એવો તેમણે નિર્ણય કર્યો. તેમનો આવો નિર્ણય જાણીને શેરખાંએ કારવારના કેટલાક વેપારીઓ પાસેથી પૈસા લીધા અને અંગ્રેજો પાસેથી એકસોબાર પાઉંડ લીધા અને તે મહારાજને આપ્યા. એ પૈસા મળવાથી મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા. તે કારવારમાં હતા, તેજ સમયે જયસિંહ પોતાના પ્રદેશ ઉપર ચડાઈ કરવાનો વિચાર કરે છે, એ વાત તેમના જાણવામાં આવી હતી; તેથીજ જે કંઇ પૈસા મળ્યા તે લઇને મહારાજ ત્યાંથી નીકળી ગયા. તેમણે પોતાનું સર્વ સૈન્ય જમીનમાર્ગે રવાના કર્યું અને પોતે એક વહાણમાં બેસીને જળમાર્ગે પ્રયાણ કર્યું. તેમના મનમાં એવું હતું કે, જળમાર્ગે જલદીથી જવાશે અને તેથી સીદીની ચળવળ શી છે તે પોતાના જાણવામાં આવશે; પણ પવન પ્રતિકૂળ હોવાથી કેમે કરીને વહાણ ચાલ્યુંજ નહિ, તેથી તેમને કેટલાક દિવસો વહાણમાંજ રોકાઇ રહેવું પડ્યું. ત્યાર પછી તેમણે કદી પણ જળમાર્ગે પ્રવાસ કર્યો નહિ.

प्रकरण १८ मुं–जयसिंहमीरजा राजानी सवारी

દક્ષિણની ચડાઇમાંથી રાયગઢ પર પાછા આવતાંજ મહારાજને સમાચાર મળ્યા કે, ઔરંગઝેબે જયપુરના જયસિંહમીરજા રાજા તથા દિલેરખાન નામક પોતાના બે સરદારને વિશાળ સૈન્ય તથા યુદ્ધોપયોગી પુષ્કળ સામાન અને સરંજામ આપી રાયગઢ પર ચડાઇ કરવા મોકલ્યા છે. શાહિસ્તખાન પરાજય પામી પાછો ગયા પછી અને યશવંતસિંહ નિર્બળ થઇ છાવણીમાંજ સ્વસ્થ બેસી રહ્યા પછી ઔરંગઝેબ મહારાજ પર અતિશય ક્રોધાયમાન થયો હતો. મહારાજના નાશ માટે પુનઃ પ્રયત્ન કરવાનું કામ તેણે એટલું બધું લંબાવ્યું તેનું કારણ એ હતું કે, એ સમયે તેને પોતાનીજ સુરક્ષિતતા જણાતી નહોતી. પિતાને કારાગૃહમાં પૂરી અને બંધુઓને મારી નાખી બાદશાહ દિલ્હીની રાજગાદી પચાવી પડ્યો હતો, તેથી કયે સમયે કેવી પરિસ્થિતિ થઇ પડશે તેનો નિયમ નહોતો. મોઆઝીમને દક્ષિણના સૂબાની પદવી પર મોકલ્યો હતો; પણ તેના તાબામાં મોટું લશ્કર આપી શિવાજી મહારાજ સાથે યુદ્ધ કરવામાં આવે તો તે શું કરશે તેનો નિયમ નહોતો. ઔરંગઝેબને હમેશાં ભીતિ રહેતી કે, “મારા પિતા સાથે મેં જેવું વર્તન ચલાવ્યું છે, તેવુંજ વર્તન મારી સાથે મારો પુત્ર ચલાવવા ચૂકશે નહિ.” તેથી તેણે યોજના કરી હતી કે, ઉત્તરમાં બરોબર સ્થિર–સ્થાવર થયા પછી અને પોતાની સત્તા નિર્વિઘ્નપણે સ્થાપિત થયા પછી દક્ષિણમાં સ્વયં પોતેજ મોટું સૈન્ય લઈ સવારી કરવી અને શિવાજી મહારાજનો તથા આદિલશાહીનો એકદમ નાશ કરવો. વળી તેને એમ પણ જણાયું કે, “શિવાજી મહારાજે શાહિસ્તખાનને અચાનક પકડી ગભરાવી નાખ્યો, તેમાં તેણે કંઇ પુરુષાર્થ કર્યો કહેવાય નહિ. વિજાપુર સરકારની દુર્બળતાને લીધેજ તેનો નાશ થયો છે. વાસ્તવિક રીતે જોતાં મારી આગળ તે મગતરા જેવો છે. તેને પકડી મસળી નાખતાં મને વિલંબ થશે નહિ.” ઔરંગઝેબ શિવાજી મહારાજને “પહાડ કા ચુવા” કહેતો હતો. ઔરંગઝેબને શિવાજી મહારાજના વાસ્તવિક બળ–સામર્થ્યની કલ્પના નહોતી, તેથી તે તેમને ઘણા દિવસથી એક સામાન્ય પુરુષ જેવો જાણતો હતો.

મહારાજે મોગલોના પ્રાંતોમાં લાગલાગટ તોફાન મચાવી તેમનાં

ઘણાં થાણાં તાબે કરી લીધાં હતાં. સુરત શહેર લૂંટયું, પોતાના નામ સાથે “રાજા” શબ્દ જોડી પોતાના નામના સિક્કા પડાવ્યા વગેરે બાબતો જાણી ત્યારે ઔરંગઝેબને તેમના પર ક્રોધ ચડયો હતો. તેમાં વળી મહારાજે લશ્કરી વહાણો તૈયાર કરાવી મક્કે હજ કરવા જનાર મોગલ અને મુસલમાન યાત્રાળુઓનાં વહાણો પકડી લૂંટવાની ધમાચકડી ચલાવી હતી, તેથી બાદશાહે અતિશય ગુસ્સે થઈ પોતાના ધર્મવિરુદ્ધ કૃત્ય કરનાર કાફરનો એકદમ નાશ કરવાના નિશ્ચયથી ઉપર લખ્યા પ્રમાણે મીરઝા રાજા જયસિંહ અને દિલેરખાનને મોટું સૈન્ય આપી મોકલ્યા. એ ચડાઇમાં ઔરંગઝેબે બે સરદારો મોકલ્યા તેનું કારણ એ હતું કે, “બેમાંથી એકાદ સરદાર રાજદ્રોહી થશે તો બીજો સરદાર પોતાની સાથે પ્રમાણિકપણે વર્તશે.” શત્રુના સરદારો સાથે મળી જઇ તેમને રાજદ્રોહી બનાવવાની કળામાં શિવાજી મહારાજ નિપુણ હતા, તે પણ ઔરંગઝેબ સારી પેઠે જાણતો હતો. દિલેરખાનને ઔરંગઝેબે ગુપ્ત રીતે કહ્યું કે, “જયસિંહ હિંદુ હોવાથી શિવાજી મહારાજ સાથે મળી જઇને કંઇ પ્રપંચ રચે નહિ, તે માટે કાળજી રાખજો. હોશિયારી રાખવી, તમામ ગુપ્ત બાતમી મેળવવી અને વિશ્વાસઘાતના ભોગ થઇ પડવું નહિ.” ખરૂં જોતાં એ બંને સરદારો પર ઔરંગઝેબને વિશ્વાસ નહોતો; પરંતુ તરત વેળા દક્ષિણના શત્રુને નિર્બળ બનાવવાના કામમાં તેઓ ઉપયોગી થઈ પડશે, એમ જાણીનેજ તેમને ત્યાં રવાના કર્યા હતા.

કહેવામાં આવે છે કે, મહારાજના પરાક્રમની વાતો વખતોવખત ઔરંગઝેબના કાને જવાથી તેને મહારાજની ઘણી બીક લાગતી હતી. શાહિસ્તખાનને મોટી ફોજ આપી શિવાજી મહારાજ પર મોકલ્યો; પરંતુ તેનાથી કાંઈ વળ્યું નહિ; તેથી તેમનો પરાજય કેવી રીતે કરવો, એ ચિંતા કરતાં બાદશાહે વિચાર્યું કે, આદિલશાહની સહાયતા સિવાય શિવાજી મહારાજનો પરાજય કરી શકાશે નહિ; તેથી તેમણે એક વકીલ મોકલી વિજાપુર સરકારની સહાયતા માગી. વકીલ સાથે તેમને જે પત્ર મોકલાવ્યો હતો, તેનો સારાંશ આ પ્રમાણે છેઃ “શિવાજી મોટું તોફાન મચાવી લૂંટફાટ કરે છે, મુસલમાનોને ઘણું દુઃખ દે છે, તેમજ સર્વ પ્રજાને દુઃખ આપી ઉપદ્રવ કરવામાં આગળપાછળ જોતો નથી. તેનો પરાજય કરવામાં ઢીલ કરી ‘આંખ આડા કાન’ કરવામાં આવશે તો આગળ જતાં મુસલમાની રાજ્યો પાયમાલ થઇ જશે, તેથી સર્વ મુસલમાનોએ અને આપણે બંને મુસલમાન બાદશાહે, એ સર્વ તોફાન અને લૂંટફાટનું મૂળ કારણ જે શિવાજી છે, તેનો સમૂળો નાશ કરી ગરીબ રૈયતને તેના ત્રાસમાંથી છોડાવવી જોઇએ. એ સંબંધી યત્ન કરવામાં કિંચિત્ પણ આળસ કરવું યોગ્ય નથી. અમારી ઇચ્છા એવી છે કે, અમારા તરફથી દુષ્ટ

શિવાજીનો પરાજય કરવા માટે શૂરવીર યોદ્ધા અને બહાદુર સિપાઇઓનું લશ્કર મોકલવામાં આવે છે; તેજ પ્રમાણે તમારા તરફથી પણ લશ્કર મોકલવું અને બંનેના લશ્કરે એકત્ર થઇ શિવાજીરૂપી કાળા સર્પનો શિરચ્છેદ કરી તેની નાલાયકીભરેલી વર્તણુંકનું વેર લેવું. એ સર્વ લૂંટતોફાનનો કાંટો માર્ગમાંથી ઉખેડી નાખવો જોઇએ. એ પ્રમાણે કર્યા સિવાય તેનો મદ ઊતરશે નહિ. અતિશય ઉપદ્રવ કરનાર કાંટો બળવાન થાય, તે પહેલાંજ તેને જડમૂળથી ઉખેડી નાખ્યા સિવાયં સર્વત્ર સ્વસ્થતા થશે નહિ. એ સલાહ જો આપને પસંદ પડશે તો આપણ બંને–બાદશાહ–વચ્ચે નિર્મળ મિત્ર–સંબંધ બંધાશે અને કોઇ પણ પ્રકારનું કપટ કે વૈર રહેશે નહિ.''* ઔરંગઝેબની સલાહ પસંદ પડવાથી આદિલશાહે સહાયતા આપવાનું વચન આપ્યું; તેમજ ખવાસખાનને પ્રચંડ લશ્કર સહિત મહારાજ તરફ મોકલી દીધો.× એ સરદારને મહારાજે વિકટ સ્થળે પકડી તેની સાથે શૌર્યપૂર્વક યુદ્ધ કર્યું અને તેનો પરાજય કરી વિજાપુર પાછો મોકલી દીધો, એ હકીકત પાછળ જણાવેલી છે.

જયસિંહમીરજા રાજા અને દિલેરખાનને ઔરંગઝેબે દક્ષિણમાં પાછા મોકલ્યા ત્યારે મોઆઝિમ અને યશવંતસિંહને દિલ્હી પાછું ફરવું પડ્યું. તેમને પાછા બોલાવવાનું કારણ એ હતું કે, તેમને હાથે કંઇ પણ પરાક્રમ થયું નહોતું; તેમનામાં શિવાજી મહારાજને દાબમાં રાખવા જેટલું કિંચિત્ પણ બળ નહોતું. વળી બાદશાહને વહેમ આવ્યો હશે કે, કદાચિત્ તેઓ શિવાજી મહારાજ સાથે મળી જઇ ઊલટું તેમની ઇચ્છાનુસાર લૂંટફાટ કરવા દેતા હશે. નવા મોકલેલા સરદારોને ઔરંગાબાદના સૂબા નીમી તેમને બે કાર્ય સોંપ્યાં હતાં. એક એ કે, તેણે શિવાજી મહારાજને પાયમાલ કરવા અને બીજું એ કે, વિજાપુર–સરકાર તરફથી સમયોચિત ખંડણી ભરાતી નથી, તે તેમની પાસેથી વસૂલ કરવી; તેમજ તેઓએ પુનઃ મોગલો સાથે વિરોધ પ્રકટ કર્યો હતો, તેથી શિવાજી મહારાજની ખબર લીધા પછી તે સરકારનો પરાજય કરવો.

એ બન્ને સરદારો ઇ૦ સ૦ ૧૬૬૫ના ફેબ્રુઆરી મહિનામાં દિલ્હીથી નીકળી નર્મદા નદી ઊતરી દક્ષિણ તરફ આવ્યા. ત્યાંસુધી મહારાજને તેમની સવારીની ખબર મળી નહોતી; કારણકે મહારાજ તે સમયે સમુદ્રની મુસાફરી કરતા હતા. મોગલ સરદારોએ પ્રથમ

---

* મોડકકૃત આદિલશાહીનો ઇતિહાસ. (મરાઠી ભાષામાં) પૃ. ૨૧૨.

× મુસલમાન ઇતિહાસકાર લખે છે કે, એ યુદ્ધમાં મહારાજનો પરાજય થયો; પરંતુ બખરકાર લખે છે કે, મહારાજને જય મળ્યો હતો.

ઔરંગાબાદ જઇને સૂબાની વ્યવસ્થા કરી અને ત્યાર પછી મહારાજના પ્રાંતમાં પ્રવેશ કરી પુરંદરના કિલ્લાને ઘેરો નાખ્યો. એ ઘેરાનું ઉપરીપણું દિલેરખાનને સોંપી જયસિંહે સિંહગઢને ઘેરો નાખ્યો; તેમજ કેટલુંક લશ્કર રાયગઢ તરફ મોકલી દીધું.

એટલામાં મહારાજ કિનારે આવી પહોંચ્યાથી તેઓ તત્કાળ રાયગઢ ગયા અને ચડી આવેલા પ્રબળ શત્રુઓ સાથે કયી રીતે યુદ્ધ કરવું, તે સંબંધી સલાહ-મસલત કરવા માટે પોતાના મુખ્ય સરદારોને રાયગઢ પર બોલાવ્યા. એ સમયે નેતાજી પાલકર ઉપર મહારાજની ઇતરાજી થઇ હતી. તેનું કારણ એ હતું કે, શત્રુ આપણા પ્રાંતમાં ધસી આવ્યો, તે વખતે તેના પર દષ્ટિ રાખી તેને પોતાનાથી બનતો ત્રાસ આપવાનું કામ નેતાજીનું હતું; છતાં તે કાર્ય છોડી પોતાના ઘોડેસવારો સહિત તે ઘણે વેગળેના પ્રાંતોમાં નીકળી ગયો હતો. કેટલાક કહે છે કે, તેને જયસિંહે પુષ્કળ લાંચ આપ્યાથી તેણે પોતાના કામ તરફ બેદરકારી રાખી. મહારાજે તેને તત્કાળ પાછા આવવાની આજ્ઞા કરી તે વખતે તે તરતજ પાછો આવ્યો નહિ. તે પરથી મહારાજને તેના પર ગુસ્સો ઉત્પન્ન થયો અને તેનો સરનોબતનો હોદ્દો છીનવી લઈ તે કર્તોજી ગુજરને આપ્યો.* ગુજરને પ્રતાપરાવ ગુજરનું નામ આપવામાં આવ્યું હતું. તેણે ઘણીજ ચપળતા બતાવી, શત્રુના સૈન્યને અન્નજળ તથા ઘાસચારો ન મળે, એવી યુક્તિ રચી અને તેમની હિલચાલ ઉપર ગુપ્ત રીતે સંપૂર્ણ દષ્ટિ રાખી મહારાજને ક્ષણે ક્ષણે ગુપ્ત બાતમી પહોંચાડવાની વ્યવસ્થા કરી.

જયસિંહ સાથે એંસીહજાર સિપાઇઓનું લશ્કર હતું; તેમાં મજબૂત, તીક્ષ્ણ અને કસાયલા યોદ્ધા ઘણા હતા. સૈન્યની વ્યવસ્થા વખાણવા લાયક હતી. સેનાપતિ જયસિંહ પરાક્રમી યોદ્ધો હોવાથી તેની વ્યવસ્થામાં કિંચિત્ પણ અસાવધપણું કિંવા મંદપણું થાય તેમ નહોતું. તેણે મહારાષ્ટ્રમાં પ્રવેશ કરી તરતજ બે કિલ્લાને ઘેરા નાખ્યા અને ઘણા જુસ્સાથી યુદ્ધ કરી બાદશાહ પાસેથી શાબાશી મેળવવાનો પૂર્ણ નિશ્ચય કર્યો. મહારાજને વિચાર થયો કે, એવા શૂરા, બળવાન અને પ્રચંડ સેનાવાળા સરદાર સાથે યુદ્ધ કરવામાં આપણે ટકી શકીશું કે નહિ? અફઝુલખાન અને શાહિસ્તખાન જેવા સરદારોને અનેક યત્ને પરાજય પમાડ્યા; તેવો કોઇ પણ યત્ન એ મોગલ

---

* સભાસદ કહે છે કે, પન્હાળાના કિલ્લાને સીદી જોહારે ઘેરો નાખ્યો તે સમયે ગઢ નવીનજ હાથમાં આવેલો હોવાથી તેના પર સામાન વગેરે રાખી તેને મજબૂત કરવાનો અવકાશ મળ્યો નહોતો, તેથી નેતાજી પાલકરને લશ્કર લઇ મદદે આવવા મહારાજે આજ્ઞા કરી; પરંતુ તે ઘણે વેગળે હોવાથી વખતસર આવ્યો નાહિ. તેજ કારણથી તેનો હોદ્દો કમી કર્યો.

સરદારોના સંબંધમાં બનવો શક્ય નહોતો. મહારાજને સંપૂર્ણ ખાતરી હતી કે, તેઓ કોઇ પણ રીતે આપણા પર વિશ્વાસ રાખશે નહિ. જયસિંહ જેવા ચતુર, દક્ષ અને યુદ્ધકાર્યમાં કસાયલા વીરપુરુષ પાસે આપણી કંઇ પણ ચાલાકી ચાલશે નહિ.× સ્વધર્મ અને સ્વદેશસ્વાતંત્ર્ય સંબંધી તેમની સાથે વાતચીત કરી, લાગણી ઉત્પન્ન કરી તેમને આપણા પક્ષમાં લેવાનો પ્રયત્ન કરીએ તો દિલેરખાંન આપણો છળપ્રપંચ ચાલવા દેશે નહિ. મહારાજ ચારે દિશાએથી ઘેરાઈ ગયા હતા. તાબાના નોકરોની સલાહ લેતાં તેમણે પણ એવાજ ઉદાસીનતાભરેલા વિચાર બતાવ્યા. હવે શું કરવું, તેના વિચારમાંજ મહારાજ લીન થઇ ગયા હતા. તેજ સમયે તેમના શરીરમાં દેવીએ સંચાર કર્યો અને કહ્યું કે, "પુત્ર! આ પ્રસંગ અતિ વિકટ છે; જયસિંહરાજાનો પરાજય તારે હાથે થતો નથી; તારે તેની મુલાકાત લેવી પડશે. બાદશાહની મુલાકાત માટે દિલ્હી જવું પડશે, ત્યાં ભયંકર પ્રસંગ પ્રાપ્ત થશે; પરંતુ હું તારી સાથે તારા સંરક્ષણ માટે આવું છું. તને સંકટમાંથી મુક્ત કરી પુનઃ સ્વરાજ્યમાં લઇ આવીશ. રાજા! તને વિજય અપાવીશ. એ સંબંધી કિંચિત્ પણ ચિંતા કર નહિ." દેવીનાં વાક્યો ચિટનીસ અને કારભારીએ લખી રાખ્યાં હતાં. મહારાજને ચૈતન્ય આવ્યું, ત્યારે તે વાક્યો વાંચી સંભળાવતાં તેમને અતિશય આનંદ થયો.

જયસિંહે સિંહગઢ અને પુરંદરના કિલ્લાને ઘેરા નાખ્યા પછી તે કિલ્લા સામે પોતાના લશ્કરની છાવણી નાખી હતી. તે મહારાજનાં સર્વ કૃત્યો સારી પેઠે જાણતો હતો. સ્વધર્મરક્ષા અને સ્વરાજ્યસ્થાપના માટે મહારાજ અહર્નિશ જે ઉદ્યોગ કરે છે તે સ્તુતિપાત્ર છે, એમ પણ તેને લાગતું હતું. એવા પવિત્ર કાર્યમાં ઉદ્યુક્ત થયેલા તેજસ્વી પુરુષ સાથે યુદ્ધ કરતાં તેમાં જય મેળવવાની પણ તેને ખાતરી નહોતી. રજપૂત સરદાર જાણતો હતો કે, મહારાજ પાસે સદ્હેતુની સિદ્ધિ કરવા માટે મન, વાણી અને કર્મ વડે યુદ્ધ કરનારા સર્વ યોદ્ધાઓ તૈયાર છે. અને સર્વ યોદ્ધાઓ તેમની સાથે પ્રમાણિકપણે અને બહાદુરીથી વર્તી, સ્વપ્રાણનું બલિદાન આપવા સર્વદા તૈયાર રહે છે. એવા પ્રબળ પુરુષ સાથે યુદ્ધ કરવાનું મુલતવી રાખી તેમને કોઇ પણ

× સ્કોટ વેરિંગ લખે છે કે, જયસિંહને મારી નાખવા માટે મહારાજે પ્રતાપરાવ ગુજરને મોકલ્યો હતો. પ્રતાપરાવે જયસિંહ પાસે જઇ નોકરી માગી. તે સરદારે તેને નોકરી આપી. ગુજર હમેશાં જયસિંહની પાસે ને પાસેજ રહી તેની સેવા કરતો હતો. એક દિવસ જયસિંહ પાસે ઘણાં મનુષ્યો નહોતાં તે વખતે લાગ જોઇને તેણે તેના પર હુમલો કર્યો; પરંતુ પાસેના લોકોએ તેને તત્કાળ પકડી લઇ નિઃશસ્ત્ર કર્યો. જયસિંહે તેને કંઇ પણ શિક્ષા ન કરતાં છોડી દીધો.

રીતે વશ કરી લઇ, પોતાની આબરૂ બચાવી બાદશાહની નોકરી બજાવ્યા જેવું કરવું, એવો વિચાર તેમણે કર્યો. વળી તેમણે એવો પણ વિચાર કર્યો કે, "અફઝુલખાન, શાહિસ્તખાન વગેરે સરદારોની જેવી દશા થઇ તેવી આપણી પણ અવદશા થશે, એમાં શંકા નહિ." દક્ષિણમાં પગ મૂક્યો ત્યારથી તેને એવી બીક લાગી હતી, તેથી કોઇ પણ રીતે એક વખત પોતાની નોકરી બજાવી મહારાષ્ટ્રમાંથી પાછાં પગલાં ભરવાં, એવું તેના મનમાં આવ્યું હતું.* જયસિંહે જાસૂસ સાથે શિવાજી મહારાજને એક પત્ર લખી મોકલી જણાવ્યું કે, "ઔરંગઝેબ અતિ બળવાન બાદશાહ છે. તેમની સાથે તમારે મિત્રતા બાંધવી એજ ઉચિત છે. તેની સાથે શત્રુત્વ કરવાથી પરિણામ સારૂં આવશે નહિ. અમે જેમ જયપુરના રાજા છીએ તેજ પ્રમાણે તમે ઉદેપુરના સિસોદિયાના વંશજ છો. તમે ઉચ્ચ વંશમાં જન્મ્યા છો તથા હિંદુધર્મનું તમને સંપૂર્ણ અભિમાન છે, એ જોઇ મને અતિ સંતોષ થાય છે. સ્વધર્મરક્ષણાર્થે અને સ્વસત્તાસ્થાપનાર્થે તમે જે ઉદ્યોગ કર્યા છે, તેમાં મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. તમારૂં રક્ષણ કરી તમારી સત્તા હમેશાં ટકાવી રાખવી, એજ મારી ઇચ્છા છે. એ સંબંધી તમારો વિચાર જણાવશો."

જયસિંહ તરફથી પત્ર આવતાં શિવાજી મહારાજની ચિંતા ઘણી ઓછી થઈ. મહારાજે વિચાર કર્યો કે, "દેવીની આજ્ઞા પ્રમાણે તેની સાથે યુદ્ધ કરવાની આપણી ઇચ્છા નથી, તેમજ તેની પાસેથી પણ મૈત્રીબંધન માટે પત્ર આવ્યો છે, ત્યારે તો બનતે પ્રયત્ને તેની સાથે મિત્રતા કરવીજ." મહારાજના તાબાના નોકરોએ પણ એવોજ અભિપ્રાય દર્શાવ્યો. જયસિંહ સાથે સ્નેહબંધન સંબંધી વાતચીત કરવા કોઇ બુદ્ધિમાન અને ચતુર પુરુષને મોકલવાનું નક્કી થતાં તે કાર્ય માટે રઘુનાથ પંતને પસંદ કર્યો. મહારાજે જયસિંહરાજાને દિવ્ય વસ્ત્રો, અમૂલ્ય અલંકાર, શ્રેષ્ઠ ઘોડા અને હાથી નજરાણામાં મોકલ્યા અને સાથે એક પત્ર પણ લખી મોકલ્યો. તેમાં તેમણે લખ્યું હતું કે, "આપે રાજદૂત સાથે જે પત્ર મોકલ્યો તે વાંચી અત્યાનંદ પ્રાપ્ત થયો. તે પત્રને પિતૃદર્શન સમાન સમજી એ હાથે ઝાલી હૃદય સાથે ચાંપ્યો. આપના તરફથી આશા નહિ રાખવા છતાં પત્ર આવ્યો તેથી મને પરમસંતોષ થયો, ચિંતા દૂર થઇ. પત્રનો ભાવાર્થ મમતાભરેલો જણાય છે. પત્ર મળતાંજ જરા પણ અચકાયા વગર મને આપનાં દર્શને આવવાની ઇચ્છા ઉત્પન્ન થઇ છે. આપના પર અણુમાત્ર શંકા ન લાવતાં અને આપ પારકા છો, એવો લેશ પણ વિચાર ન કરતાં

---

* કેટલાક બખરકાર લખે છે કે, એ ચડાઈમાં યશ મળે તે માટે જયસિંહે વ્રત, જપ અને અનુષ્ઠાનો શરૂ કર્યાં હતાં.

આપના પર આધાર રાખવાથીજ મારો વાંચ્છિત હેતુ પરિપૂર્ણ થઇ મારૂં સર્વ પ્રકારે કલ્યાણ થશે, એમ મને જણાય છે. મને આપના ચિરંજીવી રામસિંહ રાજા જેવોજ સમજી આપે મમતાપૂર્વક પત્ર લખ્યો, તેથી મારા હૃદયમાં અતિ સંતોષ થયો છે. મારી એવી વૃત્તિ થવાનું કારણ માત્ર એક જગદંબાજ જાણે છે. તમારૂં દિલ્હીથી દક્ષિણમાં આગમન થયું એજ ઘણું સારૂં થયું છે. મારા મનના સર્વ મનોરથ સિદ્ધ થશે એવી મને ખાતરી થઈ છે; મારો સર્વ ભય નષ્ટ થયો છે; મન અતિશય પ્રફુલ્લિત થયું છે; આપ શિરછત્ર છો; ક્ષાત્રધર્મના સંરક્ષણકર્તા છો; મારા પર બાદશાહની ઇતરાજી થઈ છે; શી રીતે વર્તવું તે સમજાતું નથી; અમે રાતદિવસ એજ ચિંતા કરીએ છીએ. બાદશાહ સર્વના માલિક છે એ વાત સત્ય; પરંતુ ક્ષાત્રધર્મનો અવરોધ થયો છે; પૃથ્વીમાં અધર્મ થઈ રહ્યો છે; વિધર્મીઓએ ઉન્મત્ત થઇ આપણા ધર્મનો નાશ કરવા માંડ્યો છે; સર્વ પુણ્યક્ષેત્રોને ભ્રષ્ટ કરી તે સ્થળે ગોવધ થવા લાગ્યો છે; દેવાલયો તોડી પાડી ત્યાં તેમણે મસ્જિદો બાંધી છે; તેમનો હેતુ એવો છે કે, પૃથ્વી પરથી હિંદુધર્મનો નાશ કરવો. એ સ્થિતિ જોઇ મને અસહ્ય ત્રાસ ઉત્પન્ન થવાથી શિરછત્રના પ્રતાપ વડે તથા શ્રીજગદંબાની સહાયતા વડે આજસુધી મેં યવનો સાથે યથાશક્તિ વિરોધ કર્યો છે. હિંદુરાજાઓએ હિંદુધર્મનું અભિમાન છોડી દીધું છે, તે યોગ્ય નથી. પુરાતન કાળથી હિંદુરાજાઓ આ ભૂમિ પર રાજ્ય કરતા આવ્યા છે; પરંતુ સાંપ્રતમાં તેઓ પદભ્રષ્ટ થઇ યવનોના તાબેદાર થયા છે, એ જોઇ મારૂં મન અતિશય દિલગીર થાય છે. એ બાબતનું આપણને પૂર્ણ અભિમાન અને ઇર્ષ્યા હોવાં જોઇએ. મેં બાદશાહના તાબાના પ્રાંતોમાં તોફાન કરી તે કબજે લીધા છે; તેથી તેમને મારા પર ક્રોધ ચઢ્યો અને આપને મારા પર ચડાઇ લઈ મોકલ્યા છે; પરંતુ બાદશાહને નમન કરવા હું ચૂકીશ નહિ. મારા તાબામાં જે કિલ્લા અને પ્રાંતો છે તે, મારા બાહુબળ વડે મેં પરરાજ્યમાંથી કબજે કર્યા છે, તેને બાદશાહ તરફથી ઉપદ્રવ ન થતાં, મારા સંબંધી તેમનું મન નિર્મળ થાય, એજ મારી પ્રાર્થના છે. દક્ષિણ કબજે કરવાની તેમની ઇચ્છા છે, તો તેમના કાર્યમાં હું તેમને અંતઃકરણપૂર્વક સહાય કરીશ.” મહારાજે એ આશયનો પ્રત્યુત્તર લખી રઘુનાથ પંતને આપ્યો અને મોઢેથી પણ કેટલીક વાતો કહેવાની ભલામણ કરી.

જયસિંહે ઘણી ખુશીથી રઘુનાથ પંતની મુલાકાત લીધી. મહારાજ તરફથી આવેલું નજરાણું તેણે પ્રેમપૂર્વક સ્વીકાર્યું અને મમતાભરેલા શબ્દોમાં મહારાજનું સ્વાસ્થ્યકુશળ પૂછ્યું. ત્યાર પછી તેમણે પત્ર વાંચ્યો અને પંતને મોઢેથી અનેક વાતો સાંભળી તે અતિશય સંતોષ પામ્યા. તેમણે કહ્યું: “ દિલ્હીપતિ ઔરંગઝેબ બાદશાહ કંઈ

સામાન્ય વ્યક્તિ નથી. તેઓ સાર્વભૌમ છે, અતિ બળવાન છે. તેમની સાથે યુદ્ધ કરવાથી કોઈ પણ રીતે ઇષ્ટ થશે નહિ. ઇષ્ટજનક પરિણામ તથા સ્વહિતનો પ્રશ્ન બાજુએ મૂકી મહારાજે મારી સાથે બાદશાહની મુલાકાત લેવા દિલ્હી આવવું. હું સ્વતઃ તેમને બાદશાહ પાસે લઈ જઈ મુલાકાત કરાવીશ અને એ સંબંધી સર્વ પ્રકારની તેમને મદદ કરીશ. તેમણે હૃદયમાં અણુમાત્ર પણ ભય રાખવો નહિ. મારા પુત્ર રામસિંહ પેઠેજ હું શિવાજી મહારાજને મારા પુત્રસમાન ગણું છું. હું સત્યવક્તા રજપૂત છું, કદી પણ વિશ્વાસઘાત કરીશ નહિ; એ સંબંધી ખાતરી રાખી મહારાજે પ્રફુલ્લચિત્તે કાલે મારી મુલાકાત લેવા આવવું. તેમણે મનમાં જરા પણ અવિશ્વાસ કે શરમ રાખવી નહિ. બાદશાહ પાસે મહારાજની સર્વ પ્રકારે અતિશય પ્રશંસા કરી તેમને દિલ્હી આવવાનું આમંત્રણ મોકલીશ અને ત્યાં તેમનું યથાયોગ્ય સન્માન થાય, એવી વ્યવસ્થા કરીશ." જયસિંહ રાજાએ પ્રત્યુત્તર મોકલવા સાથે મહારાજના વકીલને વસ્ત્રાલંકાર આપી સન્માન કર્યું અને મહારાજને માટે નજરાણું મોકલ્યું.

મહારાજ પાસે જવા નીકળતી વખતે રઘુનાથ પંતે જયસિંહ રાજાને એકાંતમાં મળી નિવેદન કર્યું કે, "તમે બુદ્ધિમાન હિંદુરાજા છો. શાસ્ત્રમર્યાદા પ્રમાણે ક્ષાત્રધર્મનું રક્ષણ કરવામાંજ આપનું ભૂષણ છે. એમ કરવાથી ઈશ્વર તમારૂં વંશપરંપરા, પુત્રપૌત્રાદિપર્યંત કલ્યાણ કરશે. યવનોએ આપણા સ્વધર્મનો નાશ કરવા માંડ્યો છે. તેમના ભયથી શ્રી કાશી, યમુના, સરસ્વતી આદિ મહાતીર્થ ઉજ્જડ થઇ રહ્યાં છે. યવનો દુષ્કર્મ કરવામાં પ્રવૃત્ત થયા છે. એ સંબંધી તમને જરા પણ ઇર્ષ્યા નથી ? એવા યવનોને વંદ્ય માની તમે તેમની સેવામાં પ્રવૃત્ત થયા છો, એ માત્ર ભ્રષ્ટતાજ છે. એ વાતનું તમને અભિમાનજ નથી ? એવી સ્થિતિમાં જીવન ધારણ કર્યાનો પુરુષાર્થ શો ? શિવાજી મહારાજ તમારૂં બાળક છે. તેમના દ્વારા હિંદુધર્મનું રક્ષણ કરાવવું એ તમારાજ હાથમાં છે. તેમના કર્તવ્યકર્મ માટે યોગ્ય અભિમાન ધારણ કરી, યોગ્ય માર્ગે તેમનું કલ્યાણ કરવું એજ આપનો ધર્મ છે, એમ હું સમજું છું. હિંદુ રાજાના કુળમાં તમે બંને સૂર્ય ઉદય પામ્યા છો. શિવાજી મહારાજનો નાશ કર્યાની અપકીર્તિ તમારે કપાળે ચોટવા દેશો નહિ. તેમનો વિશ્વાસઘાત કરવાથી જગતમાં તમને ભયંકર કલંક મળશે. તેમણે તમારા ચરણમાં પોતાનું મસ્તક અર્પણ કર્યું છે, માટે તમારે તેમના પ્રાણદાતા તરીકે યશ પ્રાપ્ત કરવો." વકીલનું બોલવું સાંભળી જયસિંહને ક્રોધ ઉત્પન્ન થયો નહિ, પણ ઊલટું તેમણે મમતાપૂર્વક કહ્યું કે, "મારા તરફથી રાજાને કંઇ પણ વિશ્વાસઘાત થશે નહિ." એટલું કહી તેમણે પણ પ્રતિજ્ઞા કરી.

ત્યાર પછી જયસિંહે દિલેરખાન સાથે રઘુનાથ પંતની મુલાકાત કરાવી. મહારાજે મોકલેલું જુદું નજરાણું તેને ભેટ કર્યું અને સર્વની સલાહથી એવું ઠર્યું કે, શિવાજી મહારાજે ઔરંગઝેબ પાસેથી જે જે શરતો નક્કી કરવી હોય, તે તે સ્પષ્ટ રીતે લખી મોકલવી; એટલે તે પર વિચાર કરવામાં આવશે. રઘુનાથ પંત સંદેશો લઈ રાયગઢ પર ગયો. તેણે મહારાજને સર્વ હકીકત નિવેદન કરી. તે પરથી મહારાજે પોતાની શરતોની એક યાદી તૈયાર કરી. શરતોનો આશય એ હતો કે, "મેં જે પ્રાંત અને કિલ્લા કબજે કર્યા છે તે મારા કબજામાં રહેવા દેવા. વધારામાં દક્ષિણ પ્રાંતની ચોથાઇ અને સરદેશમુખી ચલાવવાનું કામ અમને સોંપવું. એ શરત પ્રમાણે અમારી અને બાદશાહની મૈત્રી થવી જોઇએ." શરતોની યાદી લઇને વકીલ પુનઃ જયસિંહ પાસે ગયો. યાદી જોઈ ત્યારે તેમને ખાતરી થઇ કે, શિવાજી મહારાજની તહ કરવાની અંતઃકરણપૂર્વક ઇચ્છા છે; તેમાં કંઇ પ્રપંચ જણાતો નથી. તે સંબંધી વકીલને પ્રતિજ્ઞા કરાવી ખાતરી કરી લીધી અને તેને કહ્યું કે, "રાજા અમારી મુલાકાતે આવશે, તે સમયે તહનામાની શરતો નક્કી કરીશું."

દિલેરખાને જાણ્યું કે, જયસિંહ શિવાજી મહારાજની મુલાકાત લઇ તેમની સાથે તહ કરવાનો વિચાર કરે છે; ત્યારે સ્વાભાવિક રીતેજ તેના મનમાં સંશય આવ્યો કે, બંને હિંદુઓ એકત્ર થઇ જશે તો બાદશાહીકાર્યમાં વિઘ્ન આવી પડશે. તેથી દિલેરખાને જયસિંહને કહ્યું કે, "શિવાજીની મુલાકાત લઈ તહની શરતો તરતજ નક્કી કરશો નહિ. તે કહે છે તેવી શરતો પ્રમાણે તહ કરી શકાશે નહિ. આપણે બાદશાહને સવિસ્તર વર્ણન લખી જણાવવું જોઈએ અને તેમની આજ્ઞા મળે તે પ્રમાણે વર્તવું જોઇએ. હમણાં આપણે તેમના બે કિલ્લાને ઘેરો નાખ્યો છે, તે બરાબર આગળ ચલાવવો. હું પુરંદર કબજે કરીશ. તમે રાયગઢ લેજો." દિલેરખાનનો આગ્રહ જોઈ જયસિંહે પ્રત્યુત્તર આપ્યો કે, "શિવાજી આપણી સાથે તહ કરીને મોગલ બાદશાહનો ખંડિયો થાય, એ ઘણું સારૂં થાય છે. નિજામશાહીના તાબાના જે પ્રાંત અને કિલ્લા તેમણે કબજે કર્યા છે, તે તહનામું કર્યાથી આપણે પાછા કબજે લઈ શકીશું; એટલે આપણી ચડાઇનું સાર્થક થયું સમજવું. એ કિલ્લા કબજે કરવાનું કામ અતિ કઠિન છે. પ્રત્યેક કિલ્લા પાછળ હજારો સિપાઈઓનું બલિદાન આપવું પડશે. તેમ કરવા છતાં પણ કિલ્લા તાબે કરી શકાશે કે નહિ, તે શંકાસ્પદ છે. કિલ્લા કબજે કરવાનું કાર્ય મુલતવી રાખી પ્રથમ સામેના પ્રાંતમાંથી કિલ્લા પર અન્ન વગેરે સામગ્રી જાય છે, તે બને તો બંધ કરાવવી, એથી વિશેષ પ્રવૃત્તિ કરવાની અગત્ય નથી." જયસિંહે તેને ઘણું સમજાવ્યું;

પરંતુ દિલેરખાને પોનાની હઠ છોડી નહિ. તેણે જયસિંહને એટલુંજ કહ્યું કે, "તમારે સિંહગઢ લેવો હોય તો લેજો. હું તો પુરંદરનો કિલ્લો સર કરીશજ. ગમે તેમ થાય પણ બાદશાહની આજ્ઞા વગર કોઈ પણ પ્રકારની તહ કરવી નિરર્થક છે."

એટલું કહી દિલેરખાન પુરંદરનો ઘેરો વિશેષ મજબૂત કરવા ગયો. તેણે કિલ્લાની ચારે બાજુએ મોરચા બેસાડી દીધા. કિલ્લાનું રક્ષણકાર્ય મુરાર બાજી પ્રભુ નામક એક સરદારના તાબામાં હતું. શત્રુનું સૈન્ય નજીક આવતું જોઇ તેણે તેમને અન્ન વગેરે સામગ્રી મળે નહિ એવી વ્યવસ્થા કરી, અને તેમના પર પુનઃ પુનઃ છાપો મારી તેમને અતિશય ત્રાસ આપ્યો. તેણે શત્રનો દારૂગોળો સળગાવી દઇ તેમની યુદ્ધસામગ્રીનો નાશ કરવાની યુક્તિ રચી હતી. કેટલાક દિવસ સુધી શત્રુઓ પૂંઠે આવે તો નાસી જઇને કિલ્લામાં ભરાઇ બેસવાનો ક્રમ પણ રાખ્યો હતો; પરંતુ અંતે તેને પુરંદરના કિલ્લામાં ઘેરી લઇ, શત્રુએ તેની આસપાસ પોતાના સૈન્ય વડે ઘેરો નાખ્યો. મુરાર બાજી અતિ શૂરવીર અને બુદ્ધિમાન પુરુષ હતો. તે સમયે તેના હાથ નીચે ભાગ્યેજ બેહજાર માવળા વગેરે સિપાઇઓ હતા. કિલ્લામાં દારૂગોળો તથા ધાન્યાદિ સામગ્રીનો પુષ્કળ સંગ્રહ કરી રાખ્યો હતો. મુરાર બાજીએ અને તેના લશ્કરે ઘણા દિવસ સુધી વિશેષ શૌર્યપૂર્વક કિલ્લાનું રક્ષણ કર્યું. શત્રુનું લશ્કર એટલું મોટું હોવા છતાં તેણે તેમને જરા પણ ચમક આપી નહિ. કિલ્લા નીચે હજારો મોગલો તરફડીને મરણ પામવા લાગ્યા, છતાં તેઓ કિલ્લા નજીક જઇ શક્યા નહિ. મહારાજે રાયગઢ પરથી કેદાર દરવાજેથી પુરંદરના કિલ્લા પર અન્ન વગેરે સામગ્રી પહોંચાડી અને લશ્કર પણ મોકલ્યું. દિલેરખાને કિલ્લાની એક માચી પરના બુરજ નીચેના ખડકને સુરંગ વડે તોડી નાખી કિલ્લામાં પ્રવેશ કરવાની યુક્તિ રચી અને પોતાના સૈનિકોને તે કાર્યમાં રોક્યા. એ સ્થિતિ જોઇ કિલ્લાં પરના સૈનિકોએ નીચેના લશ્કર પર વારંવાર છાપો મારી તેમને અધમૂઆ કરી નાખ્યા. શત્રુના સેંકડો સૈનિકો મરણ પામ્યા; પરંતુ તેમનું સૈન્ય અતિ વિશાળ હોવાથી તેઓએ સુરંગ ફોડી બુરજ તોડી પાડ્યો. શત્રુના સૈનિકોએ કિલ્લાની માચી પર પ્રવેશ કર્યો. તેમણે પ્રવેશ કરતાંજ ત્યાંમાં ઘરો લૂંટી બાળી દેવા માંડ્યાં; પરંતુ માવળા લશ્કરે બરોબર નેમ તાકીને એવો ગોળીબાર ચલાવ્યો કે જેથી શત્રુના લશ્કરમાં ત્રાહ્યત્રાહ્ય વર્તી રહ્યો અને તેઓ આસપાસ નાસી છૂટ્યા. સૈનિકો પોતપોતાનો જીવ બચાવવા માટે ક્યાંક સંતાઈ રહેવાની જગ્યા શોધવા લાગ્યા. તેમની એટલી બધી પાયમાલી થવા છતાં ખાનના સૈનિકોની બીજી મોટી ટુકડી કિલ્લા પર ચડવા લાગી. મુરાર બાજીએ પણ પોતાના ૭૦૦ વીર માવળી યોદ્ધા સહિત તે ટુકડીપર ધસારો કર્યો. બન્ને પક્ષ

વચ્ચે ભયંકર યુદ્ધ થયું. માવળાની તલવારોના ઝપાટાથી બેહજાર મોગલ અને પઠાણ સૈનિક રણમાં પડ્યા. માવળા પણ ઘણા મરણ પામ્યા; પરંતુ તેમણે ઘણા શૌર્યપૂર્વક યુદ્ધ કરી, શત્રુના લશ્કરને ડુંગરની તળેટી સુધી છેક નીચે પાછું હઠાવી દીધું. ખાનના સિપાઇઓ રસ્તો સૂઝ્યો તે બાજુ નાઠા. ખાન કિલ્લાની નીચે નારાયણના દેવળ પાસે હાથી પર સવાર થઇને ઊભો હતો. પોતાના લશ્કરની દુર્દશા થતી જોઇ તેને ઘણો ક્રોધ ચડવાથી પોતાના તિરંદાજ લશ્કરનાં તીરકામઠાં તૈયાર કરાવ્યાં. ખાને પોતે આગળ ધસી પોતાના શૂરવીર પઠાણ સિપાઇઓને ઉત્સાહસૂચક શબ્દો કહી મુરાર બાજી પર હુમલો લઇ જવા હુકમ કર્યો. જે સૈનિકો નાસી જતા હતા તેમને પાછા બોલાવી, તેમને સાથે લઇ ખાન માવળા લશ્કર પર તૂટી પડ્યો. એ સમયે મુરાર બાજીએ પોતાનું અપૂર્વ શૌર્ય બતાવી આપ્યું. તેણે દિલેરખાનનાં પગલાં સહેજ પણ આગળ વધવા દીધાં નહિ. દિલેરખાનના તાબાના પઠાણ સૈનિકો વિશેષ ઝનૂતી અને તેજસ્વી હતા; પરંતુ માવળા સિપાઇઓના શરીરમાં સ્વદેશાભિમાનનો પવન ભરાયેલો હોવાથી તેમની તલવાર પાસે પઠાણોનું બળ ચાલતું નહોતું. મુરાર બાજી યુદ્ધમાં પ્રાણ સમર્પણ કરવા તૈયાર થઇ ગયો હતો. ખાનના સૈનિકો વિશેષ હતા. તેમણે સુરંગ ફોડીને કિલ્લાની એક માચી નિર્બળ કરી હતી. રણભૂમિમાં પરાજય પામી કિલ્લો શત્રુના હાથમાં જવાથી મહારાજના અસંખ્ય સિપાઇઓ નાશ પામે તો પોતાનું કલંકિત મુખ મહારાજને શી રીતે બતાવી શકાય? મુરાર પંત એવા અનેક વિચાર કરી તલવાર લઇ આગળ ધસ્યો. પોતાના તાબાના સિપાઇઓને પણ ધૈર્ય આપી ઉત્સાહજનક શબ્દો કહી અતિશય જુસ્સાથી યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધ કરતાં તેને ખાનનો હાથી પોતાની સમક્ષજ જણાયો, તેજ ક્ષણે પુરુષસિંહ મુરાર પંતે તેના ઉપર હુમલો કર્યો. એ સમયે તેના હાથમાંની ઢાલ ભાગી જવાથી હાથે શાલ વીંટાળી શત્રુના પ્રહાર તે પોતાના હાથ પર ઝીલવા લાગ્યો. મુરાર પંતને છેક નજીક ધસી આવેલો જોઇ ખાને કહ્યું “ તું શૂરવીર યોદ્ધો છે. આજનું તારૂં અદ્ભુત પરાક્રમ જોઇ હું ઘણો ચકિત થયો છું. મારી પાસેથી અભયવચન મેળવી તું મારે સ્વાધીન થા. હું તને મોટે હોદ્દે ચડાવીશ.” ખાનના શબ્દો સાંભળી મુરાર પંતે તેનો તિરસ્કાર કરતાં કહ્યું કે, “ તમે તુર્ક! તમારી શી વિસાત! હું શિવાજી મહારાજનો નોકર છું. મારે તમારી પાસેથી અભયવચન મેળવવાનું કારણ શું? યુદ્ધમાં લડતાં રણમાંજ હું મારૂં આત્મબલિ આપીશ પણ એકાએક તમારે શરણે નહિ આવું!” એટલું કહી ખાન ઉપર તલવારનો પ્રહાર કરવા જતો હતો

તેજ ક્ષણે ખાને એક તીર મારી તેનું માથું ઉડાવી દીધું* પોતાના સરદારને રણમાં મરણ પામેલો જોઇ માવળા લશ્કર પાછું હઠયું અને યુદ્ધ કરતાં કરતાંજ કિલ્લા પર ચડી જઇ દરવાજા બંધ કરી દીધા; એટલામાં મહારાજ તરફથી મદદનું લશ્કર આવી પહોંચ્યું તેમને સાથે લઇ માવળાઓ પુનઃ ખાન સાથે યુદ્ધ કરવા લાગ્યા. કિલ્લા પર નગારાં, રણભેરી, વગેરે રણવાદ્યોના ગગનભેદી નાદ થવા લાગ્યા. માવળા યોદ્ધાઓએ શત્રુના સૈન્ય ઉપર પાછો તોપોનો વર્ષાદ વરસાવવા માંડ્યો.

ખાનના લશ્કરને પરાજય મળવા છતાં અને તેમના અનેક સૈનિકો મરણ પામવા છતાં, કિલ્લો સર કર્યા વગર પાછા નહિ જવાનો તેમણે નિશ્ચય કર્યો હતો. કહેવામાં આવે છે કે, તેમણે માથા પરની પાઘડી ઉતારી, ગઢ જીત્યા સિવાય પાઘડી નહિ પહેરવી એવી પ્રતિજ્ઞા કરી હતી. પુનઃ યુદ્ધ કરતાં તેઓએ કિલ્લા નીચેની માચી કબજે કરી. કિલ્લાની ઉત્તર દિશાનો ભાગ અભેદ્ય જણાતાં તેમણે વાયવ્ય દિશાનો રુદ્રમાળ× નામક નાનો કિલ્લો તાબે કરી તેના પર વ્યૂહ રચી, મુખ્ય કિલ્લા પર તોપોનો મારો ચલાવવાનો વિચાર કર્યો. એ કિલ્લા પર બાબાજી ખોવાજી અને યશવંતરાવ ખોવાજી નામક બે હવાલદાર બંધુ રક્ષણાર્થે રહેતા હતા. તેમની પાસે ઝાઝું લશ્કર નહોતું. કિલ્લા પર દિલેરખાનનો હુમલો થતાં મુરાર બાજીના લશ્કરની મદદ મળવાની આશાથી બન્ને બંધુએ પોતાના થોડા લશ્કર સહિત શત્રુના લશ્કર સાથે અતિ શૌર્યપૂર્વક લડાઇ કરી. તેઓએ શત્રુઓ સાથે ઘણો વખત ટક્કર ઝીલી પણ અંતે ઉભય બંધુ રણમાં પડવાથી કિલ્લો શત્રુઓના હાથમાં ગયો. દિલેરખાને એ કિલ્લા પરથી મુખ્ય કિલ્લા પર તોપોનો મારો ચલાવ્યો. એટલામાં વરસાદ પડવાથી તેમની તોપોના ગોળા જોઇએ તેવા જોરથી ફૂટતા નહોતા. કિલ્લા પરના લશ્કરે પોતાનો પરાજય થતો જોઇ કિંચિત્ પણ નિરાશ નહિ થતાં, શત્રુઓની પેઠેજ પોતે પણ સ્વામીકાર્ય માટે પ્રાણની આહુતિ આપવાનો સંપૂર્ણ ઉત્સાહ બતાવ્યો; પરંતુ ખાને કિલ્લા પર બે બાજુથી લાગલાગટ તોપનો મારો ચલાવ્યો તેથી તેમનું ધૈર્ય રહ્યું નહિ. ખરૂં જોતાં બે બાજુથી તોપનો મારો લાગતાં કિલ્લો તૂટી પડવો જોઇએ; પરંતુ દૈવી પ્રેરણાથી ખાનનું તોપખાનું જોઇએ તેવું બળવાન નહોતું. તેમાં વળી વરસાદ પડતાં પુષ્કળ દારૂગોળો પલળી નિરુપયોગી થયો હતો. શત્રુઓએ પ્રતિજ્ઞા કરી પુરંદરના કિલ્લા પર ઝડી મચવેલી જાણી મહારાજે તે કિલ્લા પર પોતાના

---

* મુરારબાજીનું માથું કપાઇ પૃથ્વી પર પડ્યા પછી માત્ર તેના ધડે કેટલાક યવનોની કતલ ચલાવી હતી, એમ કહેવાય છે.

× ગ્રાંટ ડફે એ ગઢનું નામ વજ્રગઢ લખે છે.

કેટલાક સૈનિકોની મદદ મોકલી અને હજુ પણ કેટલાક દિવસ સુધી એવાજ ઉત્સાહથી યુદ્ધ કરવાનું તેમને કહાવ્યું.

દિલેરખાને પુરંદરના કિલ્લા નીચે તોફાન મચાવ્યું ત્યારે જયસિંહે સિંહગઢ કબજે લેવા માટે એક સરદારને લશ્કર સહિત મોકલ્યો હતો. તે સરદારે કિલ્લા આગળ મોરચો બેસાડવાનો ઉદ્યોગ કરવા માંડ્યો છે, એ જોઇ મહારાજના સૈનિકોએ પરોઢિયામાંજ તેમના પર અકસ્માત્ છાપો મારી લશ્કરને ગભરાવી નાખ્યું અને તેમનો સરસામાન લૂંટી લીધો. તેમ થવાથી મોગલ સરદાર વીલે મોઢે પાછો ગયો. મરાઠાઓનો એવો સપાટો જોઇને જયસિંહ તદ્દન આશ્ચર્યચકિત થયો. મહારાજના સિપાઇઓ મોગલોની છાવણી પર રાત્રિને સમયે છાપો મારતા; સર્વ રસ્તા, નાકાં અને ચોર-રસ્તામાં સંતાઇ રહી લાગ જોતા અને તેમને અન્ન આદિ સામગ્રી મળે નહિ એવી યોજના કરતા. તેઓ તેમના ભારવાહી બળદ, ઊંટ વગેરે હાથમાં આવે તેટલાં પશુ ચોરી જતા અને આસપાસનાં જંગલમાં આગ લગાડી તેમને ગભરાવી મૂકતા. મહારાજના લશ્કરનું એ ધાંધલ જોઈ જયસિંહને ત્યાંથી જેમ બને તેમ સત્વર નાસી છૂટવાનું મન થયું હતું. તેજ પ્રમાણે દિલેરખાનના લશ્કરને પુરંદરના કિલ્લા આગળ તદ્દન નિર્બળ થયેલું સાંભળી જયસિંહે ખાનને કહાવી મોકલ્યું કે, "તમારો દુરાગ્રહ ઇષ્ટજનક નથી. શિવાજી મહારાજના સૈનિકો એક એકથી વિશેષ બળવાન છે. કિલ્લો સર કરવાનું કાર્ય અતિ કઠિન છે. એક કિલ્લો કબજે કરતાં આટલું બધું લશ્કર નષ્ટ થયું, તો કોંકણપટ્ટીના અને સિંહાદ્રિ પ્રદેશની ગીચ ઝાડીના તથા જંગલના વિકટ કિલ્લા તાબે કરવા જતાં કેવું ભયંકર નુકસાન થશે તેની કંઇ કલ્પના થાય છે? શિવાજી મહારાજ પોતાની મેળેજ શરણે આવ્યા હતા અને તહ કરવા કબૂલ થયા હતા, તે યોગ તમે વ્યર્થ જવા દઇ આપણો વિશ્વાસ ગુમાવી દીધો એ ઉચિત થયું નહિ." જયસિંહનું કહેવું ખાનને ઉચિત જણાયું; કારણકે પુરંદરનો કિલ્લો કબજે લેતાં તેને જે અનુભવ થયો હતો, તે પરથી શિવાજી મહારાજના કિલ્લા કબજે લેવાનું કાર્ય તેને અતિશય વિકટ જણાયું હતું. ખાને જયસિંહને પ્રત્યુત્તરમાં કહાવ્યું કે, "શિવાજી મહારાજને પુનઃ એક વખત વિશ્વાસ બતાવી રાજદ્વારી સલાહ-મસલત કરવા આપણી મુલાકાતે બોલાવી તહનામું કરવું. અમે પ્રતિજ્ઞા કરી છે કે, કિલ્લો સર કર્યાં પછી માથે પાઘડી પહેરીશું, માટે તમારે એક વખત અમારૂં નિશાન કિલ્લા પર ચડાવી આપવાની ગોઠવણ કરવી. તહનામાની શરતમાં તે કિલ્લો મહારાજને તાબે રાખવાનો ઠરાવ કરવો."

દિલેરખાનના દુરાગ્રહને લીધેજ જયસિંહે પ્રથમ મહારાજના વકીલને પાછો મોકલ્યો હતો; પરંતુ હમણાં તેજ નિર્બળ થઇ પોતાની

મેળે તહ કરવાની માગણી કરે છે, જાણીને તેમણે મહારાજ પાસે પોતાનો વકીલ મોકલી કહાવ્યું કે, “તમારી શરતો અમને કબૂલ છે. ખાનના આગ્રહને લીધે પુરંદરના કિલ્લા પર અમારૂં નિશાન રહેવા દેશો. તમારી ઇચ્છા હોય તો તહમાં કિલ્લો તમારે કબજે પાછો લેવાની ગોઠવણ કરીશું. જે શરતો કરવી હોય તે અમારી રૂબરૂ આવી કરી જશો. સર્વ હકીકત બાદશાહને લખી મોકલી તેમની મંજૂરી મંગાવીશું. તમને જે ત્રાસ થયો છે તે મનમાં નહિ લાવતાં મારા પર સંપૂર્ણ વિશ્વાસ રાખી કંઇ પણ અડચણ રાખ્યા વગર મને મળવા આવશો.” એ સમાચાર મળતાંજ શિવાજી મહારાજને અતિશય આનંદ થયો. આવી પડેલું મહાન સંકટ સત્વર દૂર થવા માટે તેમને ઘણી ચિંતા થતી હતી, તેમ છતાં આ વખત તેમણે જરા ખેંચતાણ કરવા માંડી. મહારાજે જયસિંહને પ્રત્યુત્તરમાં કહાવ્યું કે, “તમે મારા પર વિશ્વાસ રાખ્યો નહિ. હું તહ કરવાને તૈયાર હતો, છતાં તમેજ તે માગણી સ્વીકારી નહિ. પુરંદરના કિલ્લા પર તમારૂં નિશાન રાખવાની બાબત હમણાં એક બાજુએ રહેવા દો. તે પહેલાં કિલ્લા નીચેથી ખાનનું લશ્કર પાછું બોલાવી રુદ્રમાળ (વજ્રગઢ) તેમણે કબજે કર્યો છે, તે મને પાછો સોંપવાથી તમારી મુલાકાત લઈ તહ કરવાનો વિચાર કરવામાં આવશે.” જયસિંહે તેમની એ માગણી સ્વીકારી અને તેમને પુનઃ વિશ્વાસ ઉત્પન્ન થાય એવો સંદેશો કહાવ્યો.

જયસિંહે મહારાજને સંપૂર્ણ વિશ્વાસ બતાવ્યો તેથી મહારાજે તેની મુલાકાત લેવાનો નિશ્ચય કર્યો. મહારાજે પોતાના મોટા મોટા સરદાર અને મુત્સદ્દીઓને પોતાની સાથે લીધા અને મહાલદાર, ચોપદાર, વગેરે સર્વ રાજચિહ્નોથી વિભૂષિત થઇ તેઓ જયસિંહની મુલાકાત લેવા નીકળ્યા.× મહારાજની સેવા માટે સાથે રાખેલા અંગરક્ષક સિપાઇઓના શરીર પર કિંમતી વસ્ત્રા-

---

× ખુંદેલા અને ગ્રાન્ટ ડફ લખે છે કે, પુરંદરના કિલ્લા પર મોગલોનું સૈન્ય તોફાન મચાવી રહેલું હોવાથી શિવાજી મહારાજ ગભરાઈ જઈ થોડાક નોકરો સહિત જયસિંહની છાવણીમાં ગયા અને બહાર ઊભેલા ચોકીદારને જયસિંહ પાસે મોકલી પોતે તેમની મુલાકાત લેવા આવ્યા છે, એમ કહાવ્યું. જયસિંહે પોતાના પુત્ર કીર્તિસિંહને શિવાજી મહારાજને તેડવા મોકલ્યો અને તેમનો સારો આદરસત્કાર કર્યો. જયસિંહ પોતાના તંબૂના દ્વાર સુધી સામા આવી મહારાજને તંબૂમાં તેડી ગયા અને અતિ આનંદપૂર્વક તેમને આલિંગન કર્યું તથા આ પ્રમાણે શરણે આવવાનું કારણ પૂછ્યું. મહારાજ જેવા શૂરવીર અને પરાક્રમી પુરુષનાં દર્શન કરવા તંબૂ પાસે છાવણીના સૈનિકોની ઠઠ જામી ગઇ.

લંકાર હતા. સરદાર અને મુત્સદ્દીઓએ જરીકસબથી ભરેલાં સુંદર વસ્ત્રો અને ઝવેરાત શરીર પર ધારણ કર્યાં હતાં. મહારાજે ઘણા શૂરવીર માવળા યોદ્ધા અને પાયદળ સૈનિકો પોતાની સાથે લીધા હતા. તેમણે પણ ઉત્તમ વસ્ત્રો પહેર્યાં હતાં. સુંદર રીતે શણગારેલા હાથી અને ઘોડા પર સરદારો અને મુત્સદ્દીઓ આરૂઢ થયા હતા; પરંતુ શિવાજી મહારાજે તદ્દન સાદો પોશાક પહેર્યો હતો. મહારાજ હાથમાં ધનુષ્યબાણ લઇ હાથી પર બેસી મોટા ઠાઠમાઠથી જયસિંહને મળવા આવ્યા. મુલાકાતની સૂચના આપવા માટે તેમણે રઘુનાથ પંતને જયસિંહ પાસે અગાઉથી મોકલ્યો હતો. મહારાજ નજીક આવી પહોંચ્યાના સમાચાર મળતાંજ જયસિંહ પોતાની સાથે કેટલાક ઉચ્ચ પદવીધર અમલદારોને લઇ તેમની સામા ગયા. જયસિંહ આદર-સત્કાર માટે સામા આવ્યા છે, એમ જાણીને મહારાજ હાથી પરથી નીચે ઉતરી પગે ચાલતા આગળ ગયા. જયસિંહે અને મહારાજે આનંદાવેશમાં આવી જઇ પરસ્પર પ્રેમાલિંગન કર્યું. બંને પક્ષ તરફથી વાજિંત્રોના મંગળસૂચક મધુરધ્વનિ થયા. મોગલ લશ્કરના અમીર-ઉમરાવ પોતપોતાના તંબૂમાંથી ઉતાવળે બહાર નીકળી આવી મહા-રાજનાં દર્શન કરવા દોડ્યા. મહારાજની તેજસ્વિતા અને ઐશ્વર્ય જોઇ સઘળા ચકિત થયા. તેઓ પરસ્પર વાતો કરવા લાગ્યા કે, "દક્ષિણના રાજા શિવાજી મહારાજ સુંદર, તેજસ્વી અને વીર પુરુષ છે એમાં કંઇ શક નથી."

જયસિંહ, શિવાજી મહારાજને પોતાની સાથે હાથી પર બેસાડી તેમને વાજતેગાજતે તંબૂમાં લઈ ગયા. તંબૂમાં બંને એક આસન પર પાસે પાસે બેઠા અને સરદારોનો પરસ્પર પરિચય કરાવ્યો. મહારાજનો વૈભવ જોઇ જયસિંહ દંગ થઇ ગયો. તેમણે મહારાજની પ્રશંસા કરતાં કહ્યું: "સ્વપ્રતાપ વડે તમે હિંદુધર્મનું રક્ષણ કરો છો. દક્ષિણના મુસલમાન બાદશાહોને જેર કરી, ઔરંગઝેબ બાદશાહને પણ તમે ચિંતાયુક્ત કર્યા છે, એ સંબંધી તમારી જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી કહેવાય. હું તમને સર્વ પ્રકારે અનુકૂળ છું. મને તમારે માટે સંપૂર્ણ માન છે. તમે અને અમે કંઈ જુદા નથી. હું તમને મારા પુત્ર રામસિંહ સમાન ગણું છું. હવે પછી તમારે કશી ચિંતા કરવી નહિ. બાદશાહ પાસે તમારી ઇચ્છાનુસાર સર્વ વ્યવસ્થા કરાવી આપીશ." જયસિંહનું સન્માનસૂચક અને પ્રેમદર્શક સંભાષણ સાંભળી મહારાજે કહ્યું: "તમે મારા પિતા સમાન છો. તમારા ઉપર મારો સંપૂર્ણ ભક્તિભાવ છે. મેં મેળવેલું સર્વ રાજ્ય તમારૂંજ છે. હું પણ તમારોજ છું. પિતાને માથે હમેશાં બાળકનો ભાર હોય છે. તમારી આજ્ઞા પાળવી એ મારો ધર્મ છે. હું તમારી આજ્ઞાને આધીન થઇ તમારાં દર્શન માટે આવ્યો છું. પુત્રનું

ગૌરવ તે પિતાનુંજ ગૌરવ છે. એ ગૌરવનું અભિમાન રાખી પિતાને યોગ્ય લાગે તે કાર્ય કરવા તમે સમર્થ છો. તમને જે કિલ્લા જોઇએ તે આપવા હું તૈયાર છું.'' શિવાજી મહારાજનું અતિ નમ્રતા ભરેલું સંભાષણ સાંભળી જયસિંહને ઘણો સંતોષ થયો. તેણે કહ્યું: “ દિલેરખાન દંભી અને અહંકારી આરબ ઉમરાવ છે. તેના પર બાદશાહની વિશેષ કૃપા છે. આપણે તેને પ્રથમ અનુકૂળ કરી લેવો જોઇએ. તમારે તેની મુલાકાતે જવું પડશે. તમારી સાથે મારો રજપૂત નોકર તથા એક શૂરવીર અને માનનીય સરદાર મોકલું છું.'' મહારાજે કહ્યું: “હું તમારી આજ્ઞાથી વિરૂદ્ધ વર્તીશ નહિ; તેની મુલાકાતે જવામાં મને અડચણ નથી. તમે અભયવચન આપો તો પછી મને તેની કિંચિત્ પણ ભીતિ લાગશે નહિ.'' જયસિંહે શિવાજી મહારાજને પોતાના મામા સુભાનસિંહ સાથે દિલેરખાનની મુલાકાતે મોકલ્યો. ખાન તે સમયે પુરંદરના દરવાજા પાસે ઊભો હતો. મહારાજ પ્રથમ જયસિંહને મળ્યા પછી તેની પાસે ગયા, તે તેને ગમ્યું નહિ. કિલ્લો સર કરવાની પ્રતિજ્ઞા વ્યર્થ જતી જોઇ અભિમાની ખાનને ઘણો ક્રોધ ચઢ્યો તેમજ અંતે ચડાઇનો બધો યશ એક રજપૂત સરદારને પ્રાપ્ત થતો જોઈ તેને ઇર્ષ્યા ઉત્પન્ન થઇ. બંને હિંદુઓએ એકસંપ થઈ ચડાઈ નિરર્થક કરી અને જયસિંહે તેની સલાહ લીધા વગર પોતાની ઇચ્છાનુસાર તહ કર્યું, તે માટે પણ ખાનને ક્રોધ અને શંકા થઇ; પરંતુ મહારાજ નજીક આવી પહોંચ્યાનું જાણતાં માત્ર ઉપરચોટિયો દેખાવ બતાવવાને ખાન તેમના સામો ગયો અને આદરસત્કાર કરી તેમને પોતાની છાવણીમાં લઇ ગયો. બંને એક આસન પર બેઠા. ખાનને મહારાજ પર વિશ્વાસ નહોતો; તેથી પોતાનાં શસ્ત્રો સજ્જ કરી સાવચેત થઇ બેઠો હતો. તહ સંબંધી વાતચીત શરૂ થતાં સુભાનસિંહે ખાનને મહારાજની માગણી કહી સમજાવી; તે સમયે ખાને ફક્ત બાહ્યદંભ બતાવતાં કહ્યું કે, “એ કિલ્લો કબજે કરી તેમાંના એકેએક સિપાઇની કતલ ચલાવ્યા સિવાય હું તમારૂં કંઇ પણ સાંભળીશ નહિ.'' મહારાજે કહ્યું: ,, એ કિલ્લો તમારોજ છે. તમારે શા માટે તેને કબજે લેવાનો શ્રમ ઉઠાવવો જોઇએ? તમને સોંપવા માટેજ હું કિલ્લાની કૂંચીઓ સાથે લાવ્યો છું. આ લો. મારા સર્વ કિલ્લા અને પ્રાંત આજથી તમારા તાબામાં આવ્યા છે એમ સમજજો. મારી વિનંતિ છે કે, અપરાધની ક્ષમા આપવી. આપના જેવા બાદશાહના તાબાના શૂરવીર સરદાર સાથે બાથ ભીડવાનું સાહસ કરવું એ માત્ર મૂર્ખતાભરેલુંજ હું સમજું છું. મારૂં આજપર્યંતનું વર્તન મનમાં નહિ લાવતાં મને બાદશાહની હજૂરમાં નોકરી મળે તેવી ગોઠવણ કરો. તમે ભલામણ કરશો તો મારૂં કલ્યાણ થશે.'' મહારાજનું નમ્રતા-

ભરેલું સંભાષણ સાંભળી તથા કિલ્લાની કૂંચીઓ પોતાના હાથમાં આવેલી જોઇ ખાનને અત્યંત હર્ષ થયો. તેણે કહ્યું: "જયસિંહ રાજા મારા મુરબ્બી છે. તે બાદશાહના વિશ્વાસુ છે. હું તેમનો તાબેદાર છું. તેઓ જે કરશે તે મને કબૂલ છે." એમ કહી ખાને મહારાજને બે ઘોડા, એક તલવાર, એક રત્નજડિત ખંજર અને બે જરીથી ભરેલાં વસ્ત્રો ભેટ તરીકે આપ્યાં. પછી તે મહારાજની સાથે જયસિંહની છાવણીમાં આવ્યો અને તેમનો હાથ પકડીને જયસિંહના હાથમાં મૂક્યો. પછી મહારાજને વિદાય કર્યા અને પુરંદરનો ઘેરો ઉઠાવી લીધો. મહારાજે સુભાનસિંહને, ખાનને અને તેમના મોટા મોટા સરદારોને મોટી રાજશાહી મિજબાની આપી. તેમણે પણ મહારાજને અને તેમના કેટલાક સરદારોને મિજબાની આપી.

મોગલોના પ્રતિનિધિ સરદારો સાથે મૈત્રી બાંધી મહારાજ રાયગઢ પર આવ્યા. તહનામા સંબંધી થોડીઘણી સલાહમસલત થયા પછી નક્કી કરવામાં આવ્યું કે, શિવાજી મહારાજે મોગલોના જે કિલ્લા અને પ્રાંતો કબજે કર્યા છે, તે સર્વ મોગલોને પાછા સોંપી દેવા. નિજામશાહી પ્રાંતમાં સર કરેલા બત્રીસ કિલ્લામાંથી વીસ કિલ્લા* અને તેની આસપાસનો પ્રાંત મહારાજે જયસિંહને કબજે સોંપવો. બાકી રહેલા બાર કિલ્લા અને તેની આસપાસનો પ્રાંત મહારાજે જાગીર તરીકે પોતાને કબજે રાખવો.× એ ઉપરાંત વિજાપુર રાજ્યના જે પ્રાંત અને કિલ્લા મહારાજે પોતાના તાબામાં લીધા છે તે તેમનીજ સત્તામાં રહેવા દેવા. એ સર્વ સંપત્તિ દિલ્હીના બાદશાહ પાસેથી જાગીર મળી છે એમ જાણી મહારાજે તેમની તાબેદારી કબૂલ કરવી. મહારાજના આઠ વર્ષના પુત્ર શંભાજીને બાદશાહ તરફથી પાંચ હજાર સવારની મનસબદારી મળવી જોઇએ. નિજામશાહીમાંના પોતાના વડિલોપાર્જિત હક્ક છોડી દે, તેના બદલામાં મોગલ બાદશાહે મહારાજને વિજાપુર સરકારની સત્તાના ડુંગરાળ પ્રાંતની ચોથાઇ તથા સરદેશમુખી વસૂલ કરવાનો હક આપવો; સીદીનો જંજીરા મહારાજને આપવો. છેલ્લી બે કલમો કબૂલ કર્યાથી મહારાજે ઔરંગઝેબને ચાળીશ લાખ હોનનો બદલો આપવો. એ રકમ પ્રતિ વર્ષે ત્રણ લાખ રૂપિયાને હપ્તે ભરવી અને મોગલોને સહાય કરવા માટે મહારાજે બીજા કેટલાક ઘોડેસવાર નોકરીમાં રાખવા.

---

* કોઇના અભિપ્રાય પ્રમાણે પચીસ કિલ્લા અને કોઇના અભિપ્રાય પ્રમાણે સત્તાવીસ કિલ્લા છોડી દેવાનો ઠરાવ થયો હતો. ખાફીખાન લખે છે કે, એ સર્વ પ્રાંતની ઉપજ ચાળીસ લાખ રૂપિયા હતી.

× કહેવામાં આવે છે કે, એ પ્રાંતોની ઉપજ દશ લાખ રૂપિયા હતી.

જયસિંહે તહની શરતો સહિત એક અરજી ઔરંગઝેબ બાદશાહને મોકલી; તે સાથે ભલામણ કરી કે, "શિવાજી મહારાજ બાદશાહને ઘણા ઉપયોગી થઇ પડશે. મહારાજ દક્ષિણ દેશની કૂંચી જેવા છે. એ આપનાં સેવકવર્ગમાં પ્રવેશ કરશે તો સમસ્ત દક્ષિણ દેશ જીતી શકાશે." એ અરજીમાં મહારાજે જયસિંહની સૂચનાથી બાદશાહનાં દર્શન કરવાની ઇચ્છા દર્શાવી હતી.

ઔરંગઝેબ પાસે અરજી પહોંચતાંજ તેમણે મહારાજને એક લાંબો પત્ર લખી અરજીમાંની ઘણીખરી શરતો કબૂલ રાખી. મહારાજે વિજાપુર રાજ્યની ચોથાઇ અને સરદેશમુખી વસૂલ કરવાનો હક માગ્યો હતો તે, એવી શરતે કબૂલ કરવામાં આવ્યો કે, જયસિંહ વિજાપુરસરકાર ઉપર ચડાઇ કરે તે વખતે મહારાજે તેને પોતાના લસ્કરસહિત મદદ કરવી. નિજામશાહી પાયમાલ કરવા અંતઃકરણપૂર્વક યુદ્ધ કરવું અને બદલામાં જે રકમ ભરવાની કબૂલ કરી છે, તેનો પહેલો હપ્તો હમણાંજ ભરવો. જંજીરા સંબંધી જે માગણી કરી હતી તે માત્ર બાદશાહે કબૂલ કરી નહિ. જયસિંહે વિનતિ કરવાથી બાદશાહે મહારાજ ઉપર ફરમાન અને સરપાવ મોકલી આપ્યો તથા ઉપરના કરાર પ્રમાણે પુરંદરગઢ તેમણે મોગલોને સ્વાધીન કર્યો અને સિંહગઢ તેમના સરદાર કીરતસિંહને સ્વાધીન કર્યો. તેજ પ્રમાણે શંભાજીને ઉગ્રસેન નામના એક રજપૂત સરદારની સાથે જયસિંહની છાવણીમાં મોકલી આપ્યો.

જયસિંહે વિજાપુર રાજ્ય ઉપર ચડાઇ કરી તે સમયે મહારાજે કરાર પ્રમાણે બે હજાર ઘોડેસવાર અને આઠ હજાર પાયદળ લસ્કરસહિત તેને મદદ કરી. પ્રથમ તેમણે ફલટણના બજાજીરાવ નિંબાળકર સાથે યુદ્ધ કરી તેનો પરાજય કર્યો અને ફલટણ હસ્તગત કર્યું. નિંબાળકર× મહારાજનો સાળો હતો, છતાં તે તેમની સાથે કોઇ દિવસ સલાહસંપથી વર્ત્યો નહોતો. વિજાપુરસરકારનો એકનિષ્ઠ સેવક કહેવડાવવામાંજ તે ગૌરવ માનતો હતો. નિંબાળકરના તાબાનો તત્તોરાનો કિલ્લો પણ મહારાજના માવળીઓએ છાપો

× સઇબાઇ નામની બજાજી નિંબાળકરની એક બહેનને મહારાજ સાથે પરણાવવામાં આવી હતી. આ બજાજીને એક વાર આદિલશાહે કેદ પકડીને એવું કહ્યું કે, "જો તારે જીવતા રહેવાની ઇચ્છા હોય તો તું મુસલમાન થા." આથી તે મુસલમાન થયો અને આદિલશાહની દીકરીએ તેની સાથે લગ્ન કર્યું; પરંતુ પાછળથી શિવાજીનાં માતુશ્રી જીજાબાઇએ પ્રાયશ્ચિત્ત કરાવીને તેને હિંદુધર્મમાં લીધો હતો અને કોઇના મનમાં તે બદલ દગદગો રહે નહિ, તે માટે મહારાજની દીકરી સખુબાઇને તેના છોકરા મહાદજી સાથે પરણાવી હતી.

મારી કબજે લીધો હતો; તેમજ રસ્તામાં જે કિલ્લા આવ્યા તે પણ મહારાજે કબજે કરી લીધા.

મોગલો સાથે યુદ્ધ કરવા માટે અલી આદિલશાહે ઝપાટાબંધ તૈયારી ચલાવી હતી; તેમજ કોઈ પણ રીતે મોગલોની માગણીનો નિકાલ લાવી તેમની ચડાઇ પાછી ફેરવવાની ખટપટ પણ કરતો હતો. તેમાં તેને યશ મળ્યો નહિ. જયસિંહ અને દિલેરખાને પોતાના લશ્કર સહિત વિજાપુર રાજ્યના પ્રદેશોમાં પ્રવેશ કરી તેમના પ્રાંતો અને કિલ્લા કબજે લેવા માંડ્યા હતા. અંતે મંગળવેઢા આગળ મોગલો અને વિજાપુરી લશ્કર સામસામાં થઇ ગયાં. તેઓએ અતિ શૌર્યપૂર્વક યુદ્ધ કર્યું. વિજાપુરી લશ્કરમાં મરાઠા સરદારો વિશેષ હતા. તે સરદારોમાં મહારાજના સાવકા બંધુ વ્યંકોજી રાજા પ્રમુખ હતા. યુદ્ધમાં મરાઠા સરદારોએ પોતાના શૌર્યની અને યુદ્ધકૌશલ્યની અવધિ કરી નાખી હતી; તેમાં મુખ્યતઃ વ્યંકોજી રાજાએ અતિશય પરાક્રમ બતાવ્યું હતું. મોગલો તરફથી મહારાજ અને પ્રતાપરાવ ગુજર યુદ્ધ કરતા હતા. તેમણે અત્યંત શૌર્ય અને કુશળતા બતાવી જયસિંહ આદિ મોગલ સરદારોને ચકિત કરી નાખ્યા હતા. તેમને જે જે કાર્ય સોંપ્યાં હતાં, તે તે ઉત્તમ પ્રકારે પરિપૂર્ણ કરી તેમણે યશ પ્રાપ્ત કર્યો હતો. યુદ્ધમાં વિજાપુરસરકારનો પરાજય થયો હતો.

મહારાજનું અલૌકિક ધૈર્ય, શૌર્ય અને યુદ્ધચાપલ્ય જોઇ જયસિંહ રાજા વિશેષ આશ્ચર્ય પામ્યા. તેમણે ઔરંગઝેબને યુદ્ધ સંબંધી પત્ર લખ્યો. તેમાં મહારાજની અને તેમના લશ્કરની અતિશય પ્રશંસા કરી હતી. તે પરથી બાદશાહે પત્રદ્વારા તેમની ઘણી સ્તુતિ કરી, પોતાના લશ્કરને ઉત્તમ પ્રકારની સહાય કરવા માટે મહારાજનું યથોચિત ગૌરવ કર્યું અને તેમને કેટલાંક કૃપાસૂચક ઇનામ અને એક રત્નજડિત ખંજર મોકલ્યું.

જયસિંહ રાજાએ વિજાપુર સરકારના સૈન્યનો પરાભવ કર્યો ખરો, પણ વિજાપુરને ઘેરો ઘાલવા માટે તોપો વગેરે સામગ્રી જેટલા પ્રમાણમાં જોઇએ તેટલા પ્રમાણમાં તેની પાસે ન હોવાથી તેને પાછા ફરવું પડ્યું. બીજું એક કારણ એવું પણ છે કે, વિજાપુરસરકારે પોતાના બચાવ માટે સંપૂર્ણ તૈયારી કરી હતી અને કિલ્લામાં સૈનિકોની, તોપોની તેમજ બીજી યુદ્ધસામગ્રીની ઉત્તમ વ્યવસ્થા રાખેલી હતી. એટલે એ યુદ્ધમાં પોતાને યશ મળવાનો સંભવ નહિ જણાવાથી જયસિંહ રાજાએ પાછા હઠવા માંડ્યું. આ પ્રસંગે વિજાપુરસરકારના સૈન્યે તેના ઉપર હુમલો કરીને તેને હેરાન કરવાનો પ્રયત્ન કર્યો, પણ શિવાજી મહારાજના સૈન્યે તેમનું કશું ચાલવા દીધું નહિ. એમ કહેવાય છે કે, આ વખતે નેતાજી પાલકર કે જેને મોગલોએ “બીજો શિવાજી” એવું નામ આપ્યું હતું, તેણે અતિશય શૌર્ય

બતાવ્યું હતું. દિલેરખાન અને બીજા સરદારોને એમ લાગતું હતું કે શિવાજી મહારાજે આપણને બરોબર મદદ કરી નહિ તેથીજ મોગલ-સૈન્યને પાછું હઠવું પડ્યું અને આથી તે લોકો જયસિંહ રાજાને વારંવાર શિવાજી મહારાજને કેદ કરવાનું કહેવા લાગ્યા.* આ તરફ શિવાજી મહારાજે જયસિંહ રાજાને એવી સૂચના કરી કે, જો પોતાને થોડાંક માણસો આપવામાં આવે તો પોતે જઇને વિજાપુરસરકારનો પન્હાળાનો કિલ્લો સર કરશે. જયસિંહ રાજાએ તે પ્રમાણે મહારાજને સૈન્ય આપીને રવાના કર્યા, પણ કિલ્લા ઉપર ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત હોવાથી શિવાજી મહારાજને તેમાં યશ મળ્યો નહિ. તે ઉપરાંત આ સમયે કંઇક કારણસર નેતાજી પાલકર, શિવાજી મહારાજ ઉપર રુષ્ટ થઇને વિજાપુરની સરકાર સાથે મળી ગયો હતો. આ લડાઇમાં પન્હાળાના કિલ્લા આગળ મહારાજના એક હજાર સૈનિકો મરાયા તેથી નિરાશ થઇને મહારાજ વિશાળગઢ ચાલ્યા ગયા; પણ તેમના કેટલાક સૈનિકો કિલ્લાની આસપાસ તોફાન કરતા રહ્યા તેથી કિલ્લામાંના સૈનિકોથી મહારાજની કે મોગલોની પૂંઠ પકડી શકાઈ નહિ.

વિશાળગઢ આવ્યા પછી મહારાજે એક મુસલમાન સરદારને બે હજારનું સૈન્ય આપીને ફોંડના કિલ્લાને ઘેરો ઘાલવા મોકલ્યો. વિજાપુરની સેનાએ એ કિલ્લો બે મહિના સુધી ટકાવી રાખ્યો, પણ છેવટે તેમને હારવાનો સમય આવ્યો. આ બાજુ આદિલશાહે રૂસ્તમજમાન તથા સીદી મસાઉદ વગેરે સરદારોને પાંચ હજાર ઘોડેસવારો અને એક હજારનું પાયદળ આપીને ફોંડનો ઘેરો ઉઠાવવાને મોકલ્યા હતા. આ લોકો તે તરફ જતા હતા તેવામાં તેમને બાતમી મળી કે, પાસેની એક ટેકરી ઉપર શિવાજી મહારાજ પોતાનાં થોડાંક માણસો સાથે પડાવ નાખીને રહેલા છે; આથી એકદમ તેમના ઉપર

---

* મનુસ્સી જણાવે છે કે, દિલેરખાને શિવાજી મહારાજનો વધ કરવાની સૂચના અનેક વેળા જયસિંહ રાજાને આપી હતી; અને જો તે પ્રમાણે કરવાની તેની હિંમત ન હોય તો શિવાજીનો વધ કરવાની પોતાને પરવાનગી આપવી એમ તે કહેતો હતો. અંગ્રેજ વ્યાપારીઓના તે સમયના કાગળપત્રો ઉપરથી એમ જણાય છે કે, શિવાજી મહારાજે દિલેરખાનને બે દિવસમાં વિજાપુર સર કરી આપવાનું કહ્યું અને આ ઉપરથી દિલેરખાને તેમને વીસ હજાર ઘોડેસવારો આપ્યા. તે લઇને મહારાજે વિજાપુર પર સવારી કરી, પણ તેમાં તેમને યશ મળ્યો નહિ. આથી દિલેરખાન પોતાનો વધ કરશે; એવી મહારાજને બીક લાગવાથી તેઓ નાસી ગયા; પરંતુ જેધેની શકાવલીમાં એવું જણાવ્યું છે કે, જયસિંહરાજાની રજા લઇને મહારાજ રાયગઢ આવ્યા હતા.

હુમલો કરવાના ઇરાદાથી તે લોકોએ પોતાનો મોરચો મહારાજ તરફ ફેરવ્યો. આ સૈન્યમાં મહારાજનો મિત્ર રૂસ્તમજમાન પણ હતો. તેણે રણવાદ્યો વગાડીને મહારાજને એ બાબતની ચેતવણી આપી દીધી. તેથી ચેતીને મહારાજ તરતજ ત્યાંથી નાસી છૂટ્યા. મસાઉદખાને મહારાજની પૂંઠ પકડી અને તેમનાં બસો માણસ મારી નાખ્યાં; પણ મહારાજ તેના હાથમાં સપડાયા નહિ. જ્યારે મસાઉદખાન પાછો ફરતો હતો, ત્યારે રૂસ્તમજમાનના ઉપર મહારાજનો લખેલો એક કાગળ તેના હાથમાં આવ્યો. આ તેણે આદિલશાહ ઉપર મોકલી આપ્યો. આ કાગળ વાંચીને આદિલશાહે રૂસ્તજમાનને લખી જણાવ્યું કે, “જો આ નિમકહરામીના બદલામાં તમારે નોકરીમાંથી બરતરફ થવું ન હોય તો ફોંડનો ઘેરો ઊઠે એવું વ્યવસ્થા કરજો.” આ ઉપરથી રૂસ્તમજમાને ત્યાંના પોતાના એક સરદારને લખી જણાવ્યું કે, “હરેક ઉપાયે તમારે ફોંડનો ઘેરો ઉઠાવવો.” આથી તે સરદારે મહારાજના સરદાર સાથે ઉપર ઉપરથી સ્નેહભાવ બતાવીને તેની છાવણી ઉપર એકદમ હલ્લો કરી તેનો પરાજય કર્યો. આવો દગો કરવાથી રૂસ્તમજમાન માટે મહારાજના મનમાં દ્વેષ ભરાયો. રૂસ્તમજમાન પણ આટલુંજ કરીને અટક્યો નહિ; પણ તેણે ફોંડ, કુડાળ, બાંદે, ડિચોલી, સાંકળી વગેરે નાનાંમોટાં ગામો પોતાને હસ્તગત કર્યાં. આ પછી મહારાજને ઔરંગઝેબની મુલાકાત માટે જવાનું થયું તેથી તેઓ વિજાપુરસરકારના મુલકમાં સવારી કરી શક્યા નહિ.

આ પ્રમાણે શિવાજી મહારાજ પોતાના દેશમાં પાછા ગયા; પણ નેતાજી× સરખો શૂરવીર યોદ્ધો વિજાપુરસરકારને મળી જાય એ જયસિંહ રાજાને ઠીક લાગ્યું નહિ. આથી તેણે તેને પાંચ હજારની મનસબ અને આડત્રીસ હજાર રૂપિયા રોકડા આપીને પોતાની પાસે બોલાવી લીધો. આ વખતે જયસિંહ રાજાને બાતમી મળી કે, આદિલશાહને મદદ કરવાને માટે કુતુબશાહ આવે છે. આ વખતે જો શિવાજી મહારાજ વિજાપુરની સરકાર સાથે મળી જાય તો પોતાનો એક પણ અર્થ સરશે નહિ. એમ તેને લાગવાથી તેણે ઔરંગઝેબને એવું લખી જણાવ્યું કે, “આ પ્રસંગે હરેક ઉપાયે શિવાજી મહારાજને

× આ નેતાજી કેટલાક દિવસ જયસિંહના સૈન્યમાં નોકરી રહ્યો હતો; પરંતુ જ્યારે આગ્રાથી શિવાજી મહારાજ નાસી છૂટ્યા ત્યારે ઔરંગઝેબે નેતાજીને પકડીને કેદ કર્યો. આ કેદમાંથી પોતાનો છુટકારો થાય તે માટે તેણે મુસલમાન ધર્મ સ્વીકાર્યો અને તે ત્યાં રહેવા લાગ્યો; પણ ૧૬૭૬માં તે ત્યાંથી નાસીને દક્ષિણ આવ્યો અને મુસલમાન ધર્મનો ત્યાગ કરીને મહારાજની નોકરી કરવા લાગ્યો.

—ખાફીખાન

પોતાના કરી લેવા જોઇએ. તેથી હું તેમને તમારી મુલાકાત માટે દિલ્હી રવાના કરૂં છું." આ સૂચના ઉપરથી ઔરંગઝેબે મહારાજને એક બીજો પત્ર લખ્યો; તેમાં મહારાજની અતિશય પ્રશંસા કરી તેમને પોતાની મુલાકાત માટે દિલ્હી આવવા આમંત્રણ કર્યું. પત્રમાં આશ્વાસન આપતાં લખ્યું હતું કે, "તમે અહીં આવશો ત્યારે તમારી સર્વ શરતો પર પુનઃ વિચાર કરવામાં આવશે અને તમને ઉચ્ચ પદ પર ચઢાવી ઉચ્ચ ખિતાબ આપી દક્ષિણમાં પાછા ફરવાની રજા આપવામાં આવશે." ઔરંગઝેબે મહારાજને પત્ર મોકલી ઔરંગાબાદના સૂબા જયસિંહ રાજાને હુકમ લખી મોકલ્યો કે, "શિવાજી મહારાજને તમારી તિજોરીમાંથી ત્રણ લાખ રૂપિયા વાટખરચીના આપી અવશ્ય દિલ્હી મોકલશો." જયસિંહ રાજાએ પણ શિવાજી મહારાજને દિલ્હી જવાની અને મનમાં કિંચિત્ પણ શંકા નહિ રાખવાની સલાહ આપતાં કહ્યું કે, "મારો પુત્ર રામસિંહ દિલ્હીમાં છે, તે તમારી સર્વ પ્રકારની બરદાસ્ત કરશે. તે આપને કોઈ પણ પ્રકારનો વિશ્વાસઘાત થવા દેશે નહિ." જયસિંહ રાજાનો આગ્રહ હોવાથી મહારાજે દિલ્હી જવાનો નિશ્ચય કર્યો.

प्रकरण १९ मुं–आग्राप्रयाण

જયસિંહ રાજાનો અત્યાગ્રહ હોવાથી અને ઔરંગઝેબ તરફથી ઉત્તેજનપ્રદ પત્ર મળ્યાથી શિવાજી મહારાજે દિલ્હી જવાનો નિશ્ચય કર્યો. તેઓ જયસિંહની છાવણીમાંથી નીકળી રાયગઢ પર ગયા. તેમણે પોતાના મુખ્ય સરદારોને અને અમલદારોને બોલાવી તેમને પોતાનો દિલ્હી જવાનો વિચાર જણાવ્યો. એ સાંભળી કેટલાકે કહ્યું કે, "ઔરંગઝેબ કેવળ દૈત્ય છે, કપટી છે, અને આપણો કટ્ટો શત્રુ છે. તેનો વિશ્વાસ રાખવો એ યોગ્ય નથી. વળી અહીંથી દિલ્હી જતાં રસ્તામાં બે મહિના વીતી જાય છે. માર્ગમાં કેવાં સંકટ સહન કરવાં પડશે, તે કોણ જાણે છે?" મહારાજે ઉત્તર દીધો, "હમણાં દિલ્હી જવુંજ પડશે. શ્રી ભવાનીદેવીએ પણ મને કહ્યું છે કે, દિલ્હી જવું પડશે. ત્યાંથી હું તને સુખરૂપ પાછો લાવીશ. ત્યાં જવાથી ઉત્તર તરફનો પ્રદેશ અને દિલ્હીનો શાહીદરબાર જોવાની તક મળશે. મારા પૂર્વજોએ ઉત્તરના દેશોમાં રાજ્ય કર્યું છે, તે સ્થળોનું અવલોકન કરી શકાશે; અને ભાગીરથી, યમુના આદિ મોટાં તીર્થોનાં દર્શન થશે. જયસિંહ રાજાએ મને આશ્વાસન આપ્યું છે અને આપણને અનુકૂળ થઇ પડે એવું તહનામું બાદશાહે મંજૂર કર્યું છે. હવે બીક રાખવાનું કારણ રહ્યું નથી. એમ છતાં પણ કંઇ વિકટ પ્રસંગ આવી પડ્યો, તો મહાદેવીની કૃપાથી તેમાંથી મુક્તિ પ્રાપ્ત કરવાની મારામાં હિંમત છે." આ પ્રમાણે મહારાજે તેમની શંકાનું સમાધાન કરી શંભાજીસહિત દિલ્હી જવાનો નિશ્ચય કર્યો.

મહારાજે દિલ્હી જતાં પહેલાં રાજ્યકાર્યભારની સુવ્યવસ્થા કરી. તેમણે મોરોપંત પેશ્વા, અણ્ણાજી દત્તો સુરનીસ અને નિળો સોનદેવ મજુમદાર, એ ત્રણને સર્વાધ્યક્ષ નીમી રાજ્યનો સઘળો કારભાર તેમને સ્વાધીન કર્યો. તેમને રાયગઢ પર રહેવાની આજ્ઞા કરી. સર્વ સરદારોને તથા કારકુનોને એ ત્રણે અધ્યક્ષોની આજ્ઞા પ્રમાણે વર્તવાની ભલામણ કરી. પ્રતાપરાવ વગેરે કેટલાક આપ્ત સરદારોને માતુશ્રી તથા રાજારામની સેવાચાકરી કરવાની ભલામણ કરી. મહારાજે તેમને કહ્યું કે, "આપણા સર્વ પ્રાંતોની વ્યવસ્થા અને બંદોબસ્ત આજપર્યંત રાખવામાં આવ્યાં છે, તેજ પ્રમાણે ભવિષ્યમાં પ્રમાણિકપણે

અને દક્ષતાપૂર્વક રાખજો. આપણા સ્વાધીનના ગઢ, કોટ, કિલ્લા અને પ્રાંતોનું સંરક્ષણ કરજો. બની શકે તો સંપાદન કરેલા રાજ્યમાં વધારો કરજો. અમારા દિલ્હી ગયા પછી હમેશાં અમારી ખબર મેળવતા રહેજો. ત્યાં અમારા પર ગમે તેવો વિકટ પ્રસંગ આવી પડશે તોપણ અમે પાછા હઠીશું નહિ ! કોઇ પણ યુક્તિ રચીને તેવા પ્રસંગમાંથી મુક્ત થઇ સ્વદેશ પાછા આવીશું. જયસિંહ જેવો હિંદુ-રાજા આપણા પક્ષમાં છે. અમારા ઉપર કંઇ પ્રપંચ રચાશે તો જયસિંહ રાજા અમારા તરફથી લડવા તૈયાર થશે, એવી અમને સંપૂર્ણ ખાતરી છે. અમે ત્યાં વિશેષ સાવચેતીથી રહીશું. અમારી ચિંતા કરશો નહિ. માતુશ્રીના મનને સંતોષ આપતા રહેજો. અમારા ઉપર ત્યાં કદાચ કંઇ વિકટ પ્રસંગ આવે તો જરા પણ નહિ ગભરાતાં તમે સ્વરાજ્યનું રક્ષણ કરજો. રાજારામના નામથી રાજ્યકારભાર ચલાવજો. તમારું પ્રમાણિકપણું, તમારું બુદ્ધિચાતુર્ય અને તમારી હિંમત પર સંપૂર્ણ વિશ્વાસ રાખી સર્વ રાજ્ય તમને સોંપી હું ઉત્તર તરફ જાઉં છું.”

રાજ્યની સર્વ વ્યવસ્થા કર્યા પછી મહારાજે દિલ્હી જવાની તૈયારી કરી. તેમણે પોતાની સાથે એવા યોદ્ધા રાખ્યા હતા કે ગમે તેવો ભયંકર પ્રસંગ આવી પડે તોપણ તેઓ પોતાના પ્રાણની દરકાર નહિ રાખતાં, મહારાજને ખાતર પ્રાણ સમર્પણ કરવા તૈયાર થાય. મહારાજ સાથે કારકુન[૧] તરીકે નિરાજી રાવજી શહાણે, ત્ર્યંબકજી સોનદેવ ડબીર, દત્તાજી ત્ર્યંબક અને માણકો હરિ સબનીસ[૨] હતા; તથા હીરોજી ફર્જંદ, રાઘો મિત્ર, દાવલજી ગાડગે[૩] અને જીવા મહાલ્યાને હજૂરિયા તરીકે રાખ્યા હતા. તે ઉપરાંત મહારાજે ખાસ ચૂંટી કાઢેલા ત્રણચાર હજાર ધારકરી અને માવળી યોદ્ધાઓને પોતાની સાથે લીધા હતા.[૪] દિલ્હી પ્રયાણ કરતી વખતે મહારાજે પોતાના સર્વ સરદારોની મુલાકાત લઇ તેમને વિશેષ સાવચેતીથી રહેવાની ચેતવણી આપી. ત્યાંથી તેઓ શ્રીભવાનીદેવીનાં દર્શન કરી માતુશ્રી જીજાબાઈની આજ્ઞા લેવા ગયા. જીજાબાઇએ મહારાજનાં ઓવારણાં લઈ પરમ પ્રીતિથી છાતી સાથે દબાવી તેમના માથા ઉપર

---

[૧] ચિટનીસ લખે છે કે, એ સિવાય બાલાજી આબજી ચિટનીસ અને નરહર બલ્લાળ સબનીસ પણ હતા.

[૨] ચિટનીસ એનું નામ જીવનરામ માણકો લખે છે.

[૩] સભાસદે પોતાના ગ્રંથમાં એ નામ લખ્યું નથી. શિ. દિ. માં રઘુનાથરાવ કોરડે, યેસાજી કંક, તાનાજી માલુસરે અને બાલાજી આબજીનાં નામો લખ્યાં છે.

[૪] કેટલીક બખરોમાં લખ્યું છે કે, એ લશ્કરમાં પ્રતાપરાવ ગુજર સરનૌબત હતો.

હાથ મૂકી, નેત્રમાં આંસુ લાવી ગદ્‌ગદ કંઠે આશીર્વાદ આપતાં કહ્યું કે, “પુત્ર! શ્રીશંભુ અને શ્રીજગદંબાની કૃપાવડે તું યશસ્વી થઈ સુરક્ષિતપણે સત્વર પાછો આવશે. ઔરંગઝેબ ધર્માંધ, કૃતઘ્ન, દુરાત્મા અને કરુણાહીન છે. પુત્ર શંભાજીને તેના દરબારમાં લઇ જવો, એ કંઇ સાધારણ વાત નથી. શિવબા! પ્રવાસમાં ઘણી હોશિયારીથી વર્તજે. બાળક શંભાજીની પ્રકૃતિ સંભાળજે. બાદશાહ પાસે જઈ સમયોચિત નમ્ર વર્તન રાખજે અને સ્વકાર્યની સિદ્ધિ કરી સત્વર સ્વદેશમાં આવી પહોંચજે. જયસિંહરાજા સત્યવચની છે. તે ધર્મશીલ અને કર્મનિષ્ઠ હિંદુ રાજા છે. તેમની સલાહ પ્રમાણે વર્તી ઇષ્ટ ઉદ્દેશ સિદ્ધ કરજે. તું સુશીલ, સદાચારી અને સ્વધર્માભિમાની છે. જેમ પાંડપુત્રોને શ્રીકૃષ્ણની કૃપાથી ભારતીય યુદ્ધમાં યશ પ્રાપ્ત થયો હતો, તેમ તારા પૂર્વજોના પુણ્યને લીધે તને શ્રીજગદંબાની કૃપાથી યશ પ્રાપ્ત થશે.” મહારાજે માતુશ્રીના ચરણમાં મસ્તક નમાવી પ્રણામ કરી તેમનો તથા સઇબાઇનો આશીર્વાદ લીધો. ત્યાર પછી તેમણે ગઢપરથી પ્રયાણ કર્યું.

મહારાજે પુનઃ એક વખત ઔરંગાબાદ જઇ જયસિંહ રાજાની મુલાકાત લીધી. એ સમયે જયસિંહ રાજાએ શિવાજી મહારાજને તથા તેમનાં મનુષ્યોને મોટા ઠાઠમાઠથી મિજબાની આપી અને દિલ્હી ગયા પછી બાદશાહ સાથે કેવી રીતે વર્તવું તે સમજાવ્યું. તેમનો પુત્ર રામસિંહ બાદશાહના દરબારમાં હતો.× જયસિંહે તેના પર એક પત્ર લખી મોકલ્યો. પત્રમાં લખ્યું હતું કે, “મહારાજનું ઉત્તમ પ્રકારે આદરાતિથ્ય કરજો. તેમને જોઇએ તે પ્રકારની મદદ કરવાનું ભૂલશો નહિ.” અંતે જયસિંહે મહારાજ સમક્ષ પ્રતિજ્ઞા કરતાં કહ્યું કે, “આપ દિલ્હીથી પાછા આવશો, ત્યાંસુધી હું દક્ષિણમાંજ રહીશ અને આપના તાબાના પ્રાંતોને કિંવા કિલ્લાને મોગલો તરફથી કોઇ પણ પ્રકારની અડચણ થાય નહિ, એવો બંદોબસ્ત કરીશ. દિલ્હી ગયા પછી ઔરંગઝેબ આપને કોઇ પ્રકારનો વિશ્વાસઘાત કરશે તો તે સમયે આપનું રક્ષણ કરવા માટે મારો પુત્ર રામસિંહ બાદશાહ સાથે યુદ્ધ કરવા ચૂકશે નહિ; એટલુંજ નહિ, પણ તે બાદશાહ સાથે વૈર કરવામાં પાછો હઠશે નહિ, તેમજ હું પણ અહીંથી તેમની ખો ભુલાવવા તૈયાર થઇશ.”

જયસિંહ રાજા તરફથી પુનઃ આશ્વાસન મળ્યા પછી મહારાજ દિલ્હી જવા નીકળ્યા. તેમની સાથે જયસિંહ રાજાએ ગાઝીખાન

× કેટલીક બખરોમાં લખ્યું છે કે, રામસિંહ પોતાના પિતા સાથે દક્ષિણમાં આવ્યો હતો, તેને તેમણે શિવાજી મહારાજ સાથે દિલ્હી મોકલ્યો.

નામના એક સરદારને માર્ગદર્શક તરીકે મોકલ્યો. પોતાના આગમનની ચેતવણી આપવા માટે મહારાજે પ્રથમથીજ પોતાનો વકીલ દિલ્હી મોકલ્યો હતો. શિવાજી મહારાજ પોતાની મુલાકાત માટે આવે છે, એવા સમાચાર સાંભળી ઔરંગઝેબે તેમને એક કાગળ લખ્યો અને તેમાં જણાવ્યું કે, “ મનમાં કોઇ પણ પ્રકારનો સંશય ન લાવતાં તમે મારા દરબારમાં આવજો. અહીં તમારો ઘણોજ આદરસત્કાર કરવામાં આવશે અને પછી તમને દક્ષિણમાં જવાની રજા આપવામાં આવશે. આ સાથે સન્માન તરીકે તમને પોશાક મોકલાવ્યો છે.” તેમના ઉપર આવો કાગળ લખીને તેમની મુસાફરીના ખર્ચ માટે એક લાખ રૂપિયા ઔરંગાબાદની તિજોરીમાંથી આપવાનો હુકમ પણ તેણે મોકલ્યો. શિવાજી મહારાજને પોતાની મુલાકાતે આવતા જાણી બાદશાહે પોતાના તાબાના સર્વ મહાલકારી અને મોટા સરદારોને સખ્ત આજ્ઞાપત્રો મોકલ્યાં કે, “ શિવાજી મહારાજ અમારી મુલાકાતે આવે છે. તેઓ લશ્કર સહિત જ્યાં જ્યાં મુકામ કરે ત્યાં ત્યાંના ફોજદારોએ તેમના લશ્કરને જોઇતી વસ્તુઓ પૂરી પાડવી; તેમજ તેમની ઉત્તમ પ્રકારે સેવા બજાવી સર્વેએ તેમને શાહજાદા જેટલું માન આપવું.” એ આજ્ઞાપત્રો બાદશાહે અગાઉથીજ મોકલેલાં હોવાથી મહારાજે જ્યાં જ્યાં મુકામ રાખ્યો ત્યાં ત્યાં તેમનું અતિશય આદરાતિથ્ય થયું. ગામેગામનાં મનુષ્યો મહારાજ જેવા પ્રૌઢ, પ્રતાપી, ધીરવીર પુરુષનાં દર્શન ઉત્સાહપૂર્વક કરવા લાગ્યાં. મહારાજનાં દર્શન કરતાંજ સર્વનાં અંતઃકરણમાં એવા પ્રતાપી હિંદુ રાજા માટે અભિમાન ઉત્પન્ન થવા લાગ્યું. તેમના અંતઃકરણમાં વિશેષ આનંદ થવા લાગ્યો. ગામેગામના મહાલકરી અને મોકાસદારોને પ્રથમથીજ ખબર હતી કે, મહારાજ સ્વતઃ અત્યંત સ્વાભિમાની અને પરાક્રમી હોવાથી તેઓ પોતાનું સહેજ પણ અપમાન સહન કરી શકતા નથી. મહારાજ જ્યારે ઔરંગાબાદ ગયા ત્યારે એક બનાવ એવો બન્યો હતો કે, મહારાજ શહેર નજીક આવ્યાની ખબર સાંભળી ત્યાંના નાયબ સૂબેદારે પોતાના ભત્રીજાને મહારાજ સામો આવકાર દેવા મોકલ્યો. નાયબસૂબાની નિષ્કાળજી જાણી મહારાજને ગુસ્સો ઉત્પન્ન થયો. તેઓ જયસિંહની છાવણી તરફ વળ્યા. એ જોઇ તેડવા આવેલા અમીરે મહારાજને કહ્યું કે, “સૂબેદારસાહેબ દરબાર ભરીને આપની વાટ જુએ છે. પ્રથમ ત્યાં પધારો.” મહારાજે ઉત્તર દીધો: “ મને માન આપવાની તમારા સૂબેદારની ઇચ્છા હતી તો તેઓ સ્વતઃ કેમ અહીં આવ્યા નહિ?” એટલું કહી તેને તથા તેની સાથે આવેલાં મનુષ્યોને પાછા જવાનું કહી મહારાજ પોતાનાં મનુષ્યોસહિત જયસિંહ રાજાના મહાલય તરફ ગયા. સૂબેદારને એ બનાવની ખબર પડતાંજ તે પોતાના તાબાના સર્વ અમલદારોસહિત મહારાજની

મુલાકાતે આવ્યો. તેણે બનેલા બનાવ માટે મહારાજની ક્ષમા માગી સંતોષ આપ્યો અને તેમને મિજબાની આપી. એજ પ્રમાણે ઇતર ઉમરાવોએ પણ મહારાજને મિજબાની આપી તેમનું વિશેષ સન્માન કર્યું.[1]

સ્વરાજ્યમાંથી વિદાય થયા પછી પોતાનાં મનુષ્યો આપેલી આજ્ઞા પ્રમાણે પોતાના કિલ્લાનો બંદોબસ્ત રાખે છે કે નહિ, તેની તપાસ કરવા માટે મહારાજ રાત્રિને સમયે અકસ્માત્ પોતાના તાબાના એક કિલ્લા પર જઇ ચઢ્યા અને ત્યાંના હવાલદારને કહ્યું કે, “શિવાજીમહારાજ દરવાજા પાસે ઊભા છે. દુશ્મનોનું લશ્કર પાછળ આવે છે. દરવાજો ઉઘાડી મહારાજને કિલ્લામાં પ્રવેશ કરવા દો.“ એ સાંભળી કિલ્લેદારે તરતજ પોતાનાં મનુષ્યો ભેગાં કર્યાં અને ઉત્તર આપ્યો કે, “ મહારાજની સખ્ત આજ્ઞા છે કે, રાત્રિને સમયે કિલ્લાનો દરવાજો કદી પણ ઉઘાડવો નહિ; તેથી હમણાં દરવાજો ઉઘાડી શકાશે નહિ. શત્રુ આવતા હશે તો મારા તાબાનાં મનુષ્યો તેમને રોકી રાખશે. આપ કિલ્લા નીચેના દરવાજા આગળ ઊભા રહો. શત્રુઓ આગળ વધી શકે નહિ, તેવો હું બંદોબસ્ત કરૂં છું.” એ સાંભળી મહારાજે તેને કહ્યું કે, “આજ્ઞા કરનાર હું છું અને દરવાજો ઉઘાડવાની પરવાનગી પણ હુંજ આપું છું. હુંજ તમને આજ્ઞા કરૂં છું, પછી દરવાજો ઉઘાડવાની શી અડચણ? દરવાજો નહિ ઉઘાડો તો તમને શિક્ષા થશે. તમે પ્રમાણિક નોકર છો. તમારે મારી આજ્ઞા પ્રમાણે વર્તવુંજ જોઇએ.” મહારાજે તેને ધમકી આપી કહ્યું, છતાં પણ કિલ્લેદાર ગભરાયો નહિ. તેણે શાંત રીતેજ ઉત્તર આપ્યો કે, “હવે થોડી રાત્રિ બાકી રહી છે. હું પાછળ આવનારા શત્રુઓનું જોર ચાલવા દઇશ નહિ. હમણાંજ મારા સિપાઇઓને તેમના તરફ મોકલું છું.” કિલ્લેદારે મહારાજને રાત્રિને સમયે કિલ્લા બહારજ ઊભા રાખ્યા. પ્રાતઃકાળ થતાંજ હવાલદાર વગેરે કિલ્લાના અમલદારોએ દરવાજાનાં તાળાં ઉઘાડી, બે હાથ જોડી મહારાજને પ્રાર્થના કરી કે, “અમે અન્યાયી છીએ. રાત્રિનો સમય હોવાથી અમે આપની આજ્ઞાનું પાલન કર્યું નથી. આપની ઇચ્છામાં આવે તે શિક્ષા કરો.” અમલદારોની વર્તણૂંક જોઇ મહારાજને પૂર્ણ સંતોષ થયો. આથી તેમને ઇનામો આપી મોટે હોદ્દે ચઢાવ્યા. આ પ્રમાણે પોતાની પાછળ કિલ્લાનો સખ્ત બંદોબસ્ત રહ્યાની ખાતરી કર્યા પછી મહારાજ દિલ્હી જવા નીકળ્યા.

આ સમયે ઔરંગઝેબ આગ્રામાં[2] રહેતો હતો અને તેનો દર-

---

[1] સ્કોટ બેરિંગ અને બુંદેલાના ઇતિહાસમાંથી એ વર્ણન પ્રકટ કરવામાં આવ્યું છે.

[2] મ૦ બખર અને ગ્રાંટફ્ડના આધારે પ્રથમાવૃત્તિમાં મહા-

બાર પણ ત્યાંજ હતો. આથી મહારાજ દિલ્હી ન જતાં આગ્રે ગયા. મહારાજ શહેર નજીક આવી પહોંચ્યાની ખબર મળતાંજ ઔરંગઝેબે રામસિંહને અને એક બીજા હલકા હોદ્દાના અમલદારને શિવાજી-મહારાજનો સત્કાર કરવા મોકલ્યા. એવા સામાન્ય સરદારોને સત્કાર કરવા આવેલા જોઇ મહારાજને પોતાનું અપમાન થયેલું જણાયું છતાં એ સમયે તેમણે અપમાન સહન કરી લીધું. જે મકાન નક્કી કર્યું હતું, તેમાં મહારાજે પોતાનાં મનુષ્યોસહિત નિવાસ કર્યો. બાદશાહની મુલાકાતનો દિવસ નક્કી કરવા તેમણે રામસિંહને મોકલ્યો. એ સમયે રામસિંહને તેમણે આગ્રહપૂર્વક કહ્યું કે, "બાદશાહ સાથે મુલાકાત થતી વખતે બન્નેનું સમાનપણું જળવાઇ રહે એવી વ્યવસ્થા કરવી." રામસિંહે તેમને ઉત્તર દીધો કે, "ઔરંગઝેબ સાર્વભૌમ બાદશાહ છે. તેઓ તમારા જેવા એક નાના રાજાને પોતાના જેટલું માન આપશે નહિ. તેમની સાથે એવી શરત કરવી એ અયોગ્ય છે."

ઔરંગઝેબે મહારાજ અને તેમની સાથે આવેલાં મનુષ્યોની સેવાચાકરી કરવાની વ્યવસ્થા બહુ ઉત્તમ પ્રકારે રાખી હતી. તેમ છતાં એ સમયે તેના અંતઃકરણમાં મહારાજ ઉપર વૈરભાવ ઉત્પન્ન થયો અને તેમનો નાશ કરવાની બુદ્ધિ સૂઝી તેનું એક કારણ હતું. એ પ્રસંગે શાહિસ્તખાનની પત્ની દિલ્હીમાં હતી. તેના અંતઃકરણમાં મહારાજ ઉપર અત્યંત દ્વેષ જાગૃત હતો; કારણકે મહારાજને હાથેજ તેના પુત્રનો વધ થયો હતો અને તેમણેજ તેના પતિની ફજેતી કરી હતી. તે સ્ત્રીએ બાદશાહના જનાનખાનામાં લાગવગ ચલાવી. બાદશાહની બેગમો વગેરે સ્ત્રીઓનાં અંતઃકરણમાં શિવાજી મહારાજ ઉપર દ્વેષભાવ ઉત્પન્ન કર્યો અને તેમની મારફતે બાદશાહને વિનતિ કરી કે, "શિવાજી મહારાજ આપના તાબામાં આવ્યા છે. તેમનું ગૌરવ નહિ કરતાં તેમનો વધ કરવો." એથીજ બાદશાહનું મન ફરી ગયું અને મહારાજનો વધ કરવા તૈયાર થયા. દરબારના અમીર ઉમરાવોએ બાદશાહની એ ઇચ્છા જાણી ત્યારે તેમણે સલાહ આપી કે, "જહાંપનાહની આજ્ઞા ઉપરજ અમારૂં જીવન અવલંબન કરી રહ્યું છે; પરંતુ એ પ્રમાણે વિશ્વાસઘાત કરવાથી આપના તાબાના જયસિંહ રાજા જેવા બળવાન હિંદુ સરદાર સાથે વૈર થશે અને તેઓ બળવો જગાડશે." એ સાંભળી બાદશાહે પોતાનો વિચાર બંધ પાડ્યો.

રામસિંહે બાદશાહ સાથે સલાહમસલત ચલાવી. તા. ૧૨ મી મે સને ૧૬૬૬ ને દિવસે ઔરંગઝેબની પચાસમી વર્ષગાંઠ હતી, તે દિવસે મોટો દરબાર ભરાવાનો હતો અને મોટા મોટા અમીરઉમરાવો તેને નજરાણું આપવાને આવવાના હતા. એ દિવસે શિવાજી મહારા-

---

રાજ દિલ્હી ગયા એમ લખ્યું હતું; પરંતુ શાહજહાંના મૃત્યુ પછી ઔરંગઝેબ આગ્રામાં રહેતો હોવાથી મહારાજ આગ્રા ગયા હતા.

જને દરબારમાં લાવવા, એવી આજ્ઞા ઔરંગઝેબે રામસિંહને ફરમાવી. તે દિવસે બાદશાહે ભવ્ય દરબાર ભર્યો. પ્રમાણિક સરદારોને અને પઠાણોને સુંદર પોષાક પહેરાવી પોતાના રાજસિંહાસનની પાછળ ઉઘાડી તલવારે ઊભા રાખ્યા. બાદશાહને બીક હતી કે, “ શિવાજી મહારાજ કંઈ સાધારણ પુરુષ નથી. તે મહાન વીરપુરુષ છે. પ્રસંગ આવતાં તે પચીસ હાથ સુધી ફલંગ મારી શકે છે.” આથી બાદશાહે સખ્ત બંદોબસ્ત રાખવા સાથે પોતાના આસન પાસે પાંચ શસ્ત્ર તૈયાર રાખ્યાં હતાં. શરીર ઉપર બખ્તર પહેરી તે ઉપર મજલીનનો ઝભ્ભો પહેર્યો હતો. તે દિવસે દરબારમાં રાજ્યના સમસ્ત સરદારો અને શેઠશાહુકારો આવ્યા હતા. સર્વને મહારાજનાં દર્શન કરવાની ઉત્કંઠા થઇ રહી હતી. જનાનખાનાની બેગમો, શાહજાદીઓ વગેરે સ્ત્રીઓને પણ મહારાજનાં દર્શન કરવાની ઉત્કટ ઇચ્છા થવાથી તેમને દરબારમાં પડદા પાછળ બેસાડવાની વ્યવસ્થા કરી હતી.

દરબારમાં જતી વેળા મહારાજે કેટલાક તેજસ્વી શૂરવીર યોદ્ધા પોતાની સાથે લીધા હતા. તેમને લઈ તેઓ રામસિંહ સાથે દરબારમાં જઇ પહોંચ્યા. તેમણે દરબારના નિયમ પ્રમાણે કુરનિસ* કરી બાદશાહના સિંહાસન આગળ નજરાણાની ભેટ કરી. રામસિંહે નિયમ પ્રમાણે નજરાણું લઇ બાદશાહની પાસે મૂક્યું. ઔરંગઝેબે મહારાજને કુશળ સમાચાર પૂછ્યા. મહારાજે યોગ્ય ઉત્તર આપ્યા પછી બાદશાહે તેમને પોતાના જમણા હાથ તરફ સાધારણ પંક્તિના સરદારો ઊભા હતા, ત્યાં જઈ ઊભા રહેવાની ઇશારત કરી. રામસિંહે મહારાજને તે સ્થળે ઊભા રાખ્યા. મહારાજને નિરુપાયે ત્યાં ઊભા રહેવું પડ્યું; પરંતુ ત્યાં ગયા પછી સરદારો સાથે ઊભા નહિ રહેતાં મહારાજ પૃથ્વી ઉપર બેસી ગયા અને રામસિંહને પૂછ્યું કે, “આ અમીરોનો દરજ્જો કેટલો છે ?” રામસિંહે ઉત્તરમાં જણાવ્યું કે, “તેઓ પાંચહજારી મનસબદાર છે.” એ સાંભળી મહારાજને અતિશય ક્રોધ ચઢ્યો. તેમણે તેને કહ્યું કે, “બાદશાહે મને એમના જેવોજ સાધારણ મનસબદાર ગણ્યો, તેથી મારું અપમાન થયું છે. હું તેમની પંક્તિમાં ઊભો રહેવા ખુશી નથી.” મહારાજે રામસિંહ પાસે કટાર માગી.× એ જોઇ બાદશાહે ગડબડ થવાનું કારણ પૂછ્યું.

---

* ચિટનીસ લખે છે કે, મહારાજે કુરનિસ કરી નહોતી, એ પ્રસંગે રામસિંહેજ કુરનિસ કરી. રા. સભાસદ લખે છે કે, મહારાજે પૃથ્વીને હાથ અડકાડી ત્રણ સલામ કરી હતી; પરંતુ તેમણે પહેલી સલામ શ્રીશંકરને, બીજી શ્રીજગદંબાને અને ત્રીજી શાહજીરાજાને કરી છે, એવો અર્થ ધાર્યો હતો.

× એ ઉપરથી અનુમાન થાય છે કે, દરબારમાં મહારાજને નિઃશસ્ત્ર જવાની આજ્ઞા થઈ હતી. તેમણે દરબારમાં કટાર શા માટે

પાસે ઊભેલા અમીરોએ મહારાજની વાતચીત બાદશાહને કહી સંભળાવી.* બાદશાહ તરતજ અચકાયો અને હવે શિવાજી મહારાજ શું કરશે, તેની બીક લાગી. બાદશાહની છાતી ધડકવા લાગી. તેમણે રામસિંહને કહ્યું કે, “ મહારાજને વિદાયગીરીનું પાનબીડું આપી તેમના મહાલયમાં મૂકી આવો. આવતી કાલે પુનઃ મુલાકાત લઇશું.” એ સાંભળી રામસિંહ શિવાજી મહારાજને તેમના મકાનમાં લઇ ગયો.×

એ પછી મહારાજને ઔરંગઝેબ સાથે પુનઃ મળવાનો પ્રસંગ આવ્યો નહિ; કારણકે બાદશાહજ તેમને પુનઃ મળવા રાજી નહોતા. બાદશાહની ઇચ્છા જાણ્યાથી મહારાજને ઘણી દિલગીરી થઇ અને તેમના અંતઃકરણમાં કપટભાવ છે, એવી તેમને ખાતરી થઇ; એટલુંજ નહિ પણ મહારાજને બાદશાહની બીક પણ લાગી. બાદશાહની ઇચ્છા જાણવા માટે તેમણે રામસિંહને તેમની પાસે મોકલ્યો. બાદશાહે તેને કહ્યું કે, “ શિવાજી મહારાજને મારા દરબારમાં રાખી તેમને મોટાં કામો સોંપવાની મારી ઇચ્છા છે. દક્ષિણની જાગીરો સંબંધી તેમની ઇચ્છા પ્રમાણે તહનામું થયું છે. એ જાગીર તેમણે માગી તે સમજાતું નથી. બુંદેલા લખે છે કે, એ અપમાનથી શિવાજી મહારાજના અંતઃકરણમાં ઘણો ખેદ થયો અને તેજ કારણથી મહારાજ મૂર્ચ્છિત થયા હતા. એ સમયે તેમને સ્નાનગૃહમાં લઇ જવામાં આવ્યા. ત્યાં તેમને પવન નાખવાથી તથા માથા પર ગુલાબજળ છાંટવાથી તેઓ સાવચેત થયા. એ ઇતિહાસકર્તાની એવી કલ્પના છે કે, દરબારની ભવ્યતા જોઇ મહારાજ બેશુદ્ધ થયા હતા. તે લખે છે કે, મહારાજ શુદ્ધિમાં આવ્યા ત્યારે તેમણે પોતાને મકાને જવાનું કહ્યું. ત્યાં ગયા પછી મહારાજ ગાંડા જેવા ચાળા કરી ગમે તેમ બબડવા લાગ્યા. તેઓ મોટેથી બૂમો પાડી કહેતા કે, “ હું ગાંડો ગરુડના ટોળામાં સપડાયો છું. તેઓ મારૂં ખૂન કેમ કરતા નથી ?”

* ઓર્મ લખે છે કે, મહારાજ બાદશાહની મુલાકાતે ગયા તે વખતે તેમણે બાદશાહના ગુપ્ત હેતુ સંબંધી તેમને ઠપકો આપી કહ્યું કે, “ શાહિસ્તખાનનો વધ તથા સુરતની લૂંટના પ્રસંગો ઉપરથી આપને મારી યોગ્યતા જણાઇ હશે.” એટલું કહીને તેમણે પોતાનું ખંજર પોતાના પેટમાં ખોસવા માંડયું; પરંતુ પાસેનાં મનુષ્યોએ તેમનો હાથ પકડી રાખ્યો. બાદશાહે તેમને આશ્વાસન આપતાં કહ્યું કે, “ તમારા શરીરને કિંચિત્ પણ હરકત થશે નહિ. તમે અમારા તાબામાં રહી કંદહારની ચડાઇ વખતે અમને મદદ કરજો.”

× એક મુસલમાન બખરકર્તા લખે છે કે, બાદશાહે શિવાજી મહારાજને ઇનામ આપવા માટે ઝવેરાત અને હાથી તૈયાર રાખ્યા હતા; પરંતુ ગડબડ થવાથી તેમને આપી શકયા નહિ.

પોતાના પુત્રના નામથી ચલાવવી. અહીં તેમને કરોડો રૂપિયાની કિંમતની નવી જાગીર બક્ષિસ આપીશ. પચાસ હજારથી લાખ સિપાઈઓ સહિત તેમણે આ પ્રાંતમાં નિવાસ કરી મોટી ચડાઇઓ કરવી. આ દરબારમાંજ એમના જેવા શૂરવીર, ચતુર અને કર્તવ્યદક્ષ પુરુષોના ઉત્તમ ગુણોની કદર થશે."

બાદશાહનો વિચાર મહારાજને બિલકુલ પસંદ પડ્યો નહિ. તેમનો વિચાર શુદ્ધ બુદ્ધિવાળો અને ઉદાર છે, એમ પણ તેમને જણાયું નહિ. બાદશાહ કપટી અને ધૂર્ત છે તથા પોતાને દિલ્હીમાં ગૂંચવી રાખી દક્ષિણનો કાંટો એકદમ કાઢી નાખવાનો તેમનો વિચાર પણ તેઓ સમજી ગયા હતા. મહારાજે પોતાના વકીલ રઘુનાથ પંતને બાદશાહ પાસે મોકલી કહાવ્યું કે, "બાદશાહે મને મોટો અધિકાર આપવાની આશા બતાવી અહીં બોલાવ્યો,× તે ઉપરથી હું અહીં આવ્યો છું. મેં આપનાં જે કાર્યો કર્યાં છે તે આપને વિદિતજ છે. જયસિંહ રાજા સમક્ષ જે તહનામું થયું છે, તે પ્રમાણે વર્તવામાં હું જરા પણ પાછો હઠીશ નહિ. આદિલશાહી અને કુતુબશાહી ખાલસા કરવાની બાદશાહની ઇચ્છા છે. તે કાર્ય પરિપૂર્ણ કરવાને હું અંતઃકરણપૂર્વક સહાય કરીશ. દક્ષિણમાં આખા સૈન્યને જે મદદ જોઇશે તે આપવા હું તૈયાર છું. આ સ્થળે રહીને હું બાદશાહની જે નોકરી બજાવી શકીશ તેના કરતાં મારા સ્વદેશમાં રહીને વિશેષ કાર્ય કરી શકીશ; તેથી મને આ સ્થળે રાખવાનો બાદશાહનો વિચાર તેમના કિંવા મારા હિતનો નથી. તે ઉપરાંત મને, મારા પુત્રને અને મારાં મનુષ્યોને આ દેશની હવા માફક આવતી નથી; તેથી મને મારાં મનુષ્યોસહિત દક્ષિણમાં પાછા ફરવાની આજ્ઞા આપવી."

મહારાજની એ પ્રાર્થના સાંભળી બાદશાહે કોઇ પ્રકારનો ચોક્કસ ઉત્તર આપ્યો નહિ. મહારાજને દિલ્હીદરબારમાં રાખવાથી તેમના તરફથી દક્ષિણમાં જે ત્રાસ થાય છે, તે એકદમ બંધ થઇ જશે અને પોતાનો ઉદ્દેશ સહેલાઇથી પાર પડશે, એવું બાદશાહના મનમાં હતું. તેમને દિલ્હીમાં રાખવાથી તેઓ કોઇક વખત પણ

× મનુસ્સી જણાવે છે કે, શિવાજી મહારાજ મોગલોના દરબારમાં જાય તો તેમને બાદશાહના સરદારમંડળમાં પ્રથમ સ્થાન આપવામાં આવશે, એવો કરાર કરવામાં આવ્યો હતો; પણ એ કરાર બાદશાહે પાળ્યો નહિ અને મહારાજ આગ્રાથી પાછા આવશે ત્યારે તેમને મોગલોના દક્ષિણ પ્રાંતના સૂબેદાર નીમવામાં આવશે એવું જયસિંહે તેમને અભયવચન આપેલું હતું; પણ ખાફીખાન જણાવે છે કે, મહારાજની સાથે થયેલા કરાર જયસિંહ રાજાએ બાદશાહને જણાવેલા ન હતા.

પોતાના સંપૂર્ણ તાબેદાર થશે એવી બાદશાહને ખાતરી હતી. ખરૂં જોતાં આ સમયે મહારાજ બાદશાહના તાબામાં આવેલા હોવાથી તેમનો નાશ કરવાની તેમને ઉત્તમ સંધિ પ્રાપ્ત થઇ હતી; પરંતુ જયસિંહ રાજાએ મધ્યસ્થ થઇ તહનામું કરેલું હોવાથી તેમની સાથે વિશ્વાસઘાત કરવાની બાદશાહની હિંમત ચાલી નહિ.* તેમજ એવા શૂરવીર અને તેજસ્વી પુરુષનો બનતે પ્રયત્ને યોગ્ય ઉપયોગ કરી લેવાનો પણ તેમનો વિચાર હોવો જોઇએ. બાદશાહે રામસિંહદ્વારા મહારાજને પોતાના દરબારમાં રહેવાની અનેક લાલચો બતાવી; પરંતુ તેમણે તેમની માગણી સ્વીકારી નહિ.

જાફરખાન× નામક એક અમીર ઉપર બાદશાહની વિશેષ કૃપા હતી. તે શાહિસ્તખાનનો સાળો થતો હતો. તેણે બાદશાહને સલાહ આપી કે, "શિવાજી મહારાજ સામોપચારવડે મોગલ દરબારની સરદારી સ્વીકારતા નથી ત્યારે તેમને ભય બતાવી આપના તાબામાં રાખવા. તેમને અહીંથી જવા દેવા નહિ." અમીરની સલાહ બાદશાહને પસંદ પડ્યાથી તેણે તે પ્રમાણે વર્તવાનો નિશ્ચય કર્યો. મહારાજને એ સમાચાર મળતાંજ તેઓ જાફરખાનની મુલાકાતે ગયા અને તેને કહ્યું કે, "તમારા ઉપર બાદશાહની વિશેષ કૃપા છે. મને વચન આપ્યું છે તે પ્રમાણે બાદશાહ પાસેથી બક્ષિસ વગેરે અપાવી દક્ષિણમાં મોકલવાનો યશ પ્રાપ્ત કરો." મહારાજની પ્રાર્થનાનો કપટી ખાને ઉપરચોટિયો ઉત્તર આપ્યો. મહારાજ સાથે ખાન વાતચીત કરતા હતા, તે સમયે તેની પત્નીએ જનાનખાનામાંથી ગુપ્ત રીતે કહાવી મોકલ્યું કે, "શિવાજી મહારાજ સાથે વધારે વખત વાતચીત કરવી યોગ્ય નથી. તેમને સત્વર રજા આપો. તેઓ કયી વખતે શું કરશે તેનો નિયમ નથી." એ સૂચના મળતાંજ ખાને મહારાજને પાનબીડું આપી વિદાય કર્યા. આ વજીર પોતાનું કહ્યું માનતો નથી એવું જોયું ત્યારે પોતાને બાદશાહ સાથે કંઇક મસલત કરવી છે, માટે એકાંત-મુલાકાતનો લાભ આપવો એવી તેમણે

---

* મુસલમાન બખરકર્તા લખે છે કે, મહારાજનાં દર્શન કરવા આવેલી જનાનખાનાની સ્ત્રીઓમાં નિસાબેગમ નામક બાદશાહની એક પુત્રી હતી. તેણે મહારાજની કીર્તિ અને પરાક્રમ અગાઉથીજ સાંભળ્યાં હતાં. આ સમયે તેમનું સ્વરૂપ અને તેજ તથા સ્વાભિમાન અને વીરપુરુષ જેવું આચરણ પ્રત્યક્ષ જોઇને નિસાબેગમ મહારાજ ઉપર મોહ પામી હતી. તેણે પોતાના પિતાને આગ્રહ કરી મહારાજને સ્વદેશ જવાની પરવાનગી અપાવી, તેમજ તેના અંતઃકરણમાંથી મહારાજ સંબંધી દુષ્ટ વિચારો કાઢી નંખાવ્યા.

× પ્રો. સરકાર જણાવે છે કે એ બાદશાહનો વજીર હતો.

અરજ કરી; પરંતુ શાહિસ્તખાને જાફરખાનને એક એવો પત્ર લખ્યો હતો કે, શિવાજી બહુજ ઢોંગી માણસ છે, તેની સાથે એકાંત મુલાકાત લેવાનું સાહસ કરીને બાદશાહે પોતાના જીવને જોખમમાં નાખવો નહિ. આ પત્ર બાદશાહને બતાવીને તે વજીરે તેને એવી સૂચના કરી કે, ફરીથી શિવાજીની મુલાકાત તેણે લેવી નહિ. ખરૂં જોતાં આ સૂચનાની બાદશાહને જરા પણ આવશ્યક્તા ન હતી. અફઝુલખાનનો વધ અને શાહિસ્તખાનની થયેલી દશા ઔરંગઝેબને માલૂમ હતી, એટલે ઔરંગઝેબ જેવા કપટી અને ધૂર્ત બાદશાહ શિવાજી મહારાજ ઉપર વિશ્વાસ મૂકે એ શક્ય નહોતું. તેથી તેણે શિવાજીની અરજી ઉપર કશુંજ ધ્યાન આપ્યું નહિ.

ઔરંગઝેબે મહારાજને ભય બતાવી તેમને પોતાની માગણીને અનુકૂળ કરવાની ઇચ્છાથી શહેરના કોટવાળ પોલાદખાનને હુકમ કર્યો કે, "પાંચહજાર સિપાઇઓ સહિત, શિવાજી મહારાજની હવેલીને ઘેરો નાખવો. કોઇ પણ મનુષ્યને અમારી પરવાનગી સિવાય હવેલીની અંદર કે બહાર જવા દેવો નહિ. શિવાજી મહારાજને ક્યાંય પણ જવું હોય તો તેમની સાથે આપણા સિપાઇઓનો સખ્ત પહેરો રાખવો." એવો સખ્ત બંદોબસ્ત જોઇ શિવાજી મહારાજે રામસિંહદ્વારા બાદશાહને કહાવ્યું કે, "તમારી તાબેદારી સ્વીકારી હું દક્ષિણ હસ્તગત કરી આપવા તૈયાર થયો; છતાં તમને મારા ઉપર વિશ્વાસ નથી, તેમજ મને દક્ષિણમાં જવાની આપના તરફથી પરવાનગી મળતી નથી; તેથી બાદશાહની ઇચ્છા પ્રમાણે તેમની સરદારી સ્વીકારી અહીંજ નિવાસ કરવાનો મેં નિશ્ચય કર્યો છે." એ સાંભળી બાદશાહે રામસિંહને કહ્યું કે, "શિવાજી મહારાજનું અંતઃકરણ શુદ્ધ જણાતું નથી. બાદશાહી નોકરી સ્વીકારવાનું કહાવ્યું તે તેમણે કબૂલ કર્યું નહિ; તેથી મારે એવો બંદોબસ્ત કરવો પડ્યો. તેમના અંતકરણમાંથી અમારા સંબંધીનો વિરુદ્ધભાવ નીકળી જઇ હૃદય શુદ્ધ થતા સુધી તેમના ઉપર એવીજ સખ્ત દેખરેખ રાખવામાં આવશે. જયસિંહ રાજાએ અને દિલેરખાને મધ્યસ્થ રહીને તહનામું કર્યું છે, તે પ્રમાણે વર્તવાને હું તૈયાર છું. તેમને શિક્ષા કરવાનું કંઇ પણ પ્રયોજન નથી. તમે જેમ અમારા વિશ્વાસુ સરદાર છો, તેમજ શિવાજી મહારાજ પણ અમારા વિશ્વાસુ સરદાર થઇ અમારી આજ્ઞા પ્રમાણે શુદ્ધ અંતઃકરણથી વર્તે એવી ગોઠવણ કરો એટલે સૌ સારૂં થશે."

રામસિંહે બાદશાહની માગણી મહારાજને કહી સંભળાવી; તે સાંભળતાંજ મહારાજ નિરાશ થયા. મહારાજના મકાનની આસપાસ બાદશાહના સિપાઈઓનો ચોકીપહેરો બેઠો હતો. મહારાજ તેમાંથી મુક્ત થવાના વિચારો કરવા લાગ્યા. શત્રુઓને કિંવા પોતાનાં મનુ-

ષ્યોને ગભરાટનાં ચિહ્નો જણાવ્યા વગર આવી પડેલા સંકટમાંથી મુક્ત થવાની તેમણે અજાયબીભરેલી યુક્તિ શોધી કાઢી. તેમણે વિચાર્યું કે, “પ્રથમ મારી સાથે આવેલાં મનુષ્યો શત્રુના તાબામાંથી મુક્ત થઇ બાદશાહી હદપાર નીકળી જશે, તો મને તેમની ચિંતા ઓછી થશે અને પાછળથી હું પણ નિર્વિઘ્નપણે મુક્ત થઇ શકીશ.” એમ ધારી મહારાજે બાદશાહને કહાવ્યું કે, “મારી સાથે આવેલાં મનુષ્યોને ઉત્તર દેશનાં હવાપાણી અનુકૂળ આવતાં નથી. તેઓ વારંવાર માંદાં પડે છે, તેથી તેમને સ્વદેશમાં જવાની પરવાનગી આપવી. મને જેટલાં મનુષ્યોની જરૂર પડશે, તેટલાં મનુષ્યો હું રહેવા દઇશ. એમ થવાથી સરકારને નિરર્થક ખર્ચ થતો બચી જશે.” બાદશાહને તેમનો એ વિચાર પસંદ પડ્યો. તેમણે મહારાજનાં મનુષ્યોને સ્વદેશ જવાનો પરવાનો આપ્યો. તેમણે થોડાક સિપાઇઓ તથા થોડાક કારકુનો પોતાની પાસે રાખી બીજાં મનુષ્યોને સ્વદેશ મોકલ્યાં. તેઓ મહારાજને શત્રુના તાબામાં રહેવા દઇ સ્વદેશ જવા રાજી નહોતાં. મહારાજે તેમને સમજાવી આશ્વાસન આપ્યું કે, “તમે મારે માટે ચિંતા કરશો નહિ. શત્રુના તાબામાંથી મુક્ત થઇ હું સત્વર આવી પહોંચીશ. તમે ખુશીથી સ્વદેશ જાઓ. તમે અહીં રહેશો તો મારી યુક્તિમાં હું સફળ થઇશ નહિ.” વિશ્વાસુ અને સ્વામીનિષ્ઠ મનુષ્યો મહારાજને ત્યાંજ રહેવા દઇ સ્વદેશ ચાલ્યાં ગયાં.

આ બાજુ ઔરંગઝેબે જયસિંહ રાજાને પત્ર લખીને પુછાવ્યું કે, તેમણે મહારાજને શાં શાં અભિવચનો આપેલાં છે. તેના ઉત્તરમાં જયસિંહે લખી જણાવ્યું કે, પુરંદરના થયેલા કરાર સિવાય બીજા કોઇ પણ પ્રકારના કરાર મહારાજની સાથે થયા નથી; પરંતુ જ્યારે મહારાજના બંદિવાન થવાના સમાચાર તેના સાંભળવામાં આવ્યા, ત્યારે તે બહુ મોટા વિચારમાં પડ્યો અને મહારાજને જે જે વચન આપેલાં હતાં તે હવે ખોટાં પડવાનો સમય આવ્યો છે, એમ જોઇને તે ઘણોજ ખિન્ન થયો. તેણે બાદશાહને વારંવાર પત્રો લખીને એવી વિનતિ કરી કે, “જો શિવાજીના પ્રાણને કંઇ પણ નુકસાન થશે તો તેનું પરિણામ સારૂં આવશે નહિ. બાદશાહના એક મોટા સરદારે આપેલાં વચનો ખોટાં પડશે અને અમારા ઉપર ફરીથી કોઈ બિલકુલ વિશ્વાસ મૂકશે નહિ. એવી રીતે કરવાથી અમારી બેઆબરૂ થશે. શિવાજી મહારાજનો પ્રાણ લીધા છતાં પણ તેના રાજ્યનો બંદોબસ્ત એવો ઉત્તમ છે કે, તે અમારા હાથમાં આવવું લગભગ અશક્ય છે. તેનો નાશ કરવા કરતાં તેને આપણા મિત્ર બનાવીને રાખવાથી દક્ષિણમાં આપના રાજ્યનો વિસ્તાર વધવાનો પૂરેપૂરો સંભવ છે.” આવી મતલબનો કાગળ બાદશાહને મળ્યા છતાં, તે જાતે મહાકપટી હોવાથી શિવાજી મહારાજને દક્ષિણમાં જવાની રજા આપવાનું તેણે

ખોળંભે નાખ્યું; એટલુંજ નહિ, પણ તે ઉપરાંત એવું કહેવાય છે કે, શિવાજીથી નાસીને દક્ષિણમાં જવાય નહિ, એટલા માટે તેને અફઘાનિસ્તાનમાં મોકલી દેવાનો વિચાર પણ તેણે કર્યો હતો; પરંતુ જયસિંહરાજા અને તેના જેવા બીજા મોટા રજપૂત સરદારોને એ વાત પસંદ નહિ આવે એમ જાણીને એ વિચાર પડતો મૂકયો હતો. બાદશાહે રામસિંહને એવું સ્પષ્ટ જણાવી દીધું હતું કે, મહારાજને બરોબર અટકમાં રાખવાની સર્વ જવાબદારી તેને માથે છે; પરંતુ આ જવાબદારી કપટભરેલી છે, એવું જયસિંહને લાગવાથી હરેક ઉપાયે તે જવાબદારીમાંથી છૂટી જવાનું તેણે રામસિંહને લખી જણાવ્યું હતું. પછી દક્ષિણની સવારીમાં પોતે જાતે જવું, એવો બાદશાહે નિર્ણય કર્યો ત્યારે જયસિંહરાજાએ તેને લખી જણાવ્યું કે, “ આપની દક્ષિણની સવારી યશસ્વી થવાનો સંભવ અત્યારે ઘણોજ ઓછો છે; માટે આવે પ્રસંગે શિવાજી મહારાજને દક્ષિણમાં બિલકુલ આવવા દેવા નહિ અને જો આવવા દેશો તો આપને અહીંની સવારીમાં અપશય મળવાનો પૂરેપૂરો સંભવ છે; છતાં પણ તેના જીવને તો જરા પણ આંચ આવવા દેશો નહિ. જો તેનો પ્રાણઘાત કરશો, તો તેના લોકો વિફરી જશે અને જઇને આદિલશાહને મળી જશે. એમ થવાથી આપણને નાહક ઘણું નુકસાન થશે. તે ઉપરાંત શિવાજીને એવી રીતે કેદમાં રાખજો કે, તે છૂટીને તરતજ સ્વદેશ આવશે, એવી તેના લોકોને આશા બંધાય.”×

પોતાનાં મનુષ્યોને વિદાય કર્યા પછી મહારાજે બાદશાહને કહાવ્યું કે, “ મારે આપના દરબારમાં નોકરી કરવાની હોવાથી અહીંના અમીરઉમરાવો સાથે મારો પરિચય થવાની જરૂર છે. અવકાશ મળતાં હું તેમની મુલાકાત લઇ શકું, એવી મને પરવાનગી આપવી.” બાદશાહે મહારાજની માગણી સ્વીકારી. તેઓ રામસિંહને સાથે લઇ અમીરઉમરાવોની મુલાકાત લેવા લાગ્યા. મહારાજનું સંભાષણ અતિમોહક અને મધુર હોવાથી મોગલ સરદારોનો સ્નેહ સંપાદન કરવામાં તેમને વિલંબ થયો નહિ. સરદારો સાથે વાતચીત કરતી વખત મહારાજ કહેતા કે, “ પ્રમાણિકપણે બાદશાહની નોકરી કરીને શાબાશી તથા ઊંચી પદવી મેળવવાનો મેં નિશ્ચય કર્યો છે.” મહારાજનું કહેવું સરદારો સત્ય માનતા અને તેમની સાથે મિત્રભાવથી વર્તતા. તેમનું એ કથન બાદશાહ પણ વારંવાર સાંભળતા હોવાથી તેમને પણ સંતોષ થતો હતો.

થોડા દિવસ પછી મહારાજે ગુરુવારનું વ્રત ઊજવવાનું બહાનું કાઢયું. એ વ્રતનિમિત્તે તેમણે મોટો આનંદોત્સવ કરવાની ગોઠવણ

× આ ઉલ્લેખ પ્રો. સરકારના પુસ્તકમાંથી લીધેલો છે.

કરી અને પોતાના મિત્ર અમીરઉમરાવોને ત્યાં મેવામીઠાઇ મોકલવાનું શરૂ કર્યું. મેવામીઠાઇ લાવવા લઈ જવા માટે તેમણે વાંસની મોટી મોટી દશ પેટીઓ તૈયાર કરાવી. તેમાં મીઠાઇ ભર્યાં પછી તે એટલી વજનદાર થઇ જતી કે, તેને દોરડાં બાંધી વચમાં વાંસ નાખી બે માણસો ઊંચકી લઇ જતાં. પેટીઓમાં મીઠાઇ ભરી સરદારોને ઘેર લઈ જતી વખત દરવાજા પાસે ઊભેલા પહેરેગીર સિપાઇઓ પેટીઓ ઉઘડાવી તપાસતા અને મીઠાઇ જોયા પછી આગળ પસાર થવા દેતા. એ પ્રમાણે પ્રત્યેક ગુરુવારે મીઠાઈભરેલી પેટીઓ સરદારોને ઘેર મોકલવાનો રિવાજ હોવાથી પહેરેગીર સિપાઇઓ સર્વ પેટીઓ ઉઘાડી તપાસતા નહોતા. તેઓ એક બે પેટી ઉઘાડી તપાસ્યા પછી, બાકીની બધી પેટીઓ વગર તપાસ્યે પસાર થવા દેતા. મહારાજે ચોકીપહેરા ઉપરના સિપાઇઓને વખતોવખત ઇનામ આપી ખુશી રાખ્યા હતા. તેઓ તેમને પોતાની પાસે બોલાવતા, તેમની સાથે અતિ પ્રેમાળપણે સંભાષણ કરતા, તેમના સુખદુઃખની વાત સાંભળતા અને મોકળે હાથે તેમને જોઇતી મદદ કરતા તેમજ તેમના ઉપરીઅમલદારો સાથે બાદશાહસંબંધી સ્વામીભક્તિ દર્શાવતા. તેમનું એવું મધુર વર્તન હોવાથી બાદશાહના નોકરો મહારાજ ઉપર મમતા રાખતા; તેમના કાર્ય તરફ અવિશ્વાસ દર્શાવતા નહિ.

મહારાજે બાદશાહના તાબામાંથી મુક્ત થવાની જે યોજના રચી હતી, તેમાં સફળ થવાનો સંભવ જણાયાથી તેમણે પોતાની સાથેનાં મનુષ્યોને ધીમે ધીમે સ્વદેશ જવાની ભલામણ કરી. કોઇએ હવા માફક નહિ આવવાનું અને કોઇએ માંદા પડવાનું તેમજ કોઇએ નોકરી કરવામાં ઉપરી અમલદારોનો ત્રાસ પડવાનું બહાનું કાઢ્યું. એ પ્રમાણે ઘણાએ કાંઇ ને કાંઈ બહાનાં બતાવી બાદશાહની નોકરી છોડી શાહી પરવાના મેળવી સ્વદેશ ચાલ્યા ગયા. તેમાંના કેટલાકને મહારાજે એક ચોક્કસ સ્થળે પોતાની વાટ જોતાં બેસવાની આજ્ઞા કરી. પોતાની પાસેના મનુષ્યોને વિદાય કર્યા પછી મહારાજે બાદશાહના નોકરોને પોતાની હજૂરમાં નીમ્યા. મહારાજ પાસે અંતે પુત્ર શંભાજી, હીરોજી ફર્જંદ અને બીજો એક નોકર રહ્યો હતો. પોતાનાં સર્વ મનુષ્યો ચાલ્યા ગયા પછી મહારાજે મંદવાડનું બહાનું કાઢ્યું. વૈદોને બોલાવી ઔષધોપચાર કરવા માંડ્યા. તેમણે સર્વને આજ્ઞા કરી કે, "મારૂં શરીર સારૂં નથી. મારી પાસે કોઇએ વારંવાર આવવું નહિ. કાંઈ કામ હોય તો મને વેગળેથીજ કહેવું." એવો બંદોબસ્ત રાખી થોડા દિવસ વિતાડ્યા. થોડા દિવસ પછી શરીર તદ્દન સ્વસ્થ થયાનું બહાનું બતાવી મહારાજે વૈદોને અને અમીરઉમરાવોને ખુશાલીદાખલ મેવામીઠાઇ મોકલવાનું શરૂ કર્યું. બ્રાહ્મણોને અને ગરીબગરબાંને પુષ્કળ દાનધર્મ કરવા લાગ્યા. મસ્જિદોમાં રહેતા ફકી-

રોને ખેરાત આપવા માટે મેવામીઠાઇની પેટીઓ મોકલવા લાગ્યા. એ પ્રમાણે હમેશાં દાનધર્મ ચાલતું હતું. એક દિવસ સંધ્યાસમયે ચારપાંચ પેટીઓ તૈયાર કરાવી, તેમાંની એક પેટીમાં શિવાજી મહારાજ બેઠા અને બીજામાં શંભાજી મહારાજને બેસાડ્યા. બધી પેટીઓ મજૂરોને માથે ઉંચકાવી શહેરબહારની મસ્જિદ તરફ જવાની આજ્ઞા ફરમાવી. ચોકી* આગળ આવતાં પહેરેગીરે પેટીઓ જોવાની માગણી કરી. તેઓએ મેવામીઠાઇવાળી એકબે પેટીઓ તપાસ્યા પછી બીજી પેટીઓ વગર તપાસે પસાર થવા દીધી. બધી પેટીઓ શહેર બહાર ગયા પછી મહારાજ અને શંભાજીવાળી પેટીઓ વેગળે થોભાવી, તેઓ બન્ને બહાર નીકળી દૂર ચાલ્યા ગયા. એ પ્રમાણે મહારાજ શત્રુના તાબામાંથી મુક્ત થઈ પોતાનાં મનુષ્યોને જઇ મળ્યા.×

મહારાજ પોતાની હવેલીમાંથી બહાર નીકળ્યા તે વખતે હીરોજી ફર્જંદને પોતાની પથારીમાં પોતાનો પોશાક પહેરી સૂવાનું કહ્યું. તેમજ લાગ જોઇને મહારાજની પાછળજ નાસી આવવાની તેને સૂચના આપી. વિશ્વાસુ સેવકે તેમ કરવાનું કબૂલ કર્યું. તેમણે કહ્યું: "મહારાજ! આપ નિશ્ચિંતજીવે બહાર નીકળી જજો. મારા ઉપર ગમે તેવો ભયંકર પ્રસંગ આવી પડશે તોપણ હું પાછો હઠીશ નહિ. આપની કૃપાથી હું પણ મુક્ત થઇશ." હીરોજી મહારાજની પથારીમાં સૂઇ રહ્યો. તેણે પોતાના શરીર ઉપર ચાદર ઓઢી લીધી. એક હાથમાં મહારાજની વીંટી પહેરી હતી. એ હાથ ફક્ત ઉઘાડો

---

* એક બખરમાં લખ્યું છે કે, એ મીઠાઇ મથુરાના બ્રાહ્મણોને અને ફકીરોને વહેંચવા મોકલવાનું બહાનું બતાવ્યું હતું.

× બુંદેલા લખે છે કે, શિવાજી મહારાજને પ્રત્યેક ગુરુવારે ગરીબગરબાંને મેવામીઠાઇ વહેંચવાનો નિયમ હતો. તેથી તે દિવસે તેમના દ્વાર આગળ હજારો ગરીબ ભિક્ષુકો ભેગાં થતાં હતાં. એ સર્વને મીઠાઇ પૂરી પાડવા માટે સુખડિયાની દુકાને સંખ્યાબંધ વાંસના મોટા કંડિયા મોકલવામાં આવતા. એમાંના બે કંડિયામાં ભરાઇ મહારાજ અને શંભાજી નાસી ગયા હતા. એક મુસલમાન બખરકર્તાએ લખ્યું છે કે, બ્રાહ્મણોને દાન કરવા માટે મહારાજે ત્રણ ઉત્તમ ઘોડા ખરીદી શહેર બહાર મોકલ્યા હતા અને ત્યાંથી તેમને ચૌદ ગાઉ વેગળે લઈ જઇ સજ્જ કરવાની ગોઠવણ કરી હતી. આલમગીરનામા નામક બખરમાં લખ્યું છે કે, જયસિંહ રાજાએ શિવાજી મહારાજને નજરકેદમાં રાખ્યાની વાત જાણી, ત્યારે તેમણે ઔરંગઝેબને પત્ર લખી તેમના એ કાર્ય માટે ઠપકો આપ્યો હતો. એ ઠપકાને લીધે ઔરંગઝેબે મહારાજની હવેલી પાસેનો ચોકીપહેરો કાઢી નાખ્યો હતો.

રાખ્યો અને એક છોકરાને પગ દાબવા બેસાડ્યો. એ પ્રમાણે આખી રાત વિતાડી. પ્રાતઃકાળ થયો, ચાર ઘડી દિવસ ચડ્યો, છતાં પણ મહારાજનો ઓરડો ઉઘડ્યો નહોતો. તેથી પહેરેગીરે દ્વાર નજીક આવી છોકરાને પૂછ્યું કે, "મહારાજ હજુ સુધી કેમ ઊંઘે છે?" છોકરાને અગાઉથીજ શીખવી રાખ્યું હતું. તેણે ઉત્તર આપ્યો કે, "આજે મહારાજનું માથું બહુ દુઃખે છે." એ સાંભળી પહેરેગીર ચાલ્યો ગયો. થોડા વખત પછી હીરોજી પોતાનાં વસ્ત્રો પહેરી છોકરા સહિત બહાર નીકળ્યો અને બહાર ઊભેલા નોકરો તથા હજૂરિયાને કહ્યું કે, "મહારાજની પ્રકૃતિ ગઇ રાતથી ઘણી બગડી છે. હમણાં તેમને નિદ્રા આવી છે. કોઇએ ગડબડ કરવી નહિ અને ઓરડામાં પ્રવેશ કરવો નહિ. હું વૈદ્યને ઘેર ઔષધ લેવા જાઉં છું." હીરોજી ત્યાંથી બહાર નીકળ્યો. ચોકી પરના પહેરેગીરોએ તેને મહારાજ હજુ સુધી નિદ્રા લેતા હતા તેનું કારણ પૂછ્યું. મહારાજની પ્રકૃતિ આજે વિશેષ ખરાબ હોવાથી પોતે ઔષધ લેવા જવાનું જણાવી હીરોજી ઉતાવળે પગલે આગળ ચાલ્યો ગયો. તેણે રામસિંહ પાસે જઇ મહારાજ ગુપ્ત રીતે સુખરૂપ સ્વદેશ ગયાના સમાચાર કહ્યા અને પોતે પણ સ્વદેશ ચાલ્યો ગયો.

શિવાજી મહારાજ, દિલ્હી શહેર બહાર નીકળ્યા પછી તેમને માટે વેગળે એક સ્થળે ઘોડો તૈયાર રાખ્યો હતો તે પર સવાર થઇ, શંભાજીને આગળ બેસાડી* ઘોડો પૂરપાટ દોડાવી મૂક્યો અને પોતાના કારકુનો વગેરે જે ગામમાં તેમની વાટ જોતા ઊભા હતા, ત્યાં જઈ પહોંચ્યા.× પોતાનાં મનુષ્યોને મળ્યા પછી કયે માર્ગે

---

* બુંદેલા કહે છે કે, શંભાજીને ઘોડા પર બેસાડી શિવાજી મહારાજ ઘોડાની લગામ ઝાલી મથુરા તરફ ગયા હતા.

× રાયરીની બખરમાં લખ્યું છે કે, શહેર બહાર એક દક્ષિણી કુંભાર રહેતો હતો. હીરોજી ફર્જંદે તેની સાથે મસલત કરી હતી. મહારાજ શહેર બહાર નીકળ્યા પછી કુંભારને ઘેર ગયા અને ત્યાં પહેરવેશ બદલી એક મહિના સુધી સંતાઇ રહ્યા. ઔરંગઝેબે તેમની શોધ કરવા માટે ચારે દિશામાં મનુષ્યો દોડાવ્યાં, પણ તેઓ નિરાશ થઇ પાછાં આવ્યાં. ત્યાર પછી મહારાજ સાધુનો વેશ ધારણ કરી તીર્થયાત્રા કરવા ગયા. ઓર્મી લખે છે કે, શહેરના એક છેડા તરફ યમુના નદીના કિનારે મહારાજને પેલે પાર લઈ જવા માટે એક હોડી તૈયાર રાખી હતી. તેમાં બેસી મહારાજ પેલે પાર ગયા. હોડીવાળાને થોડુંક દ્રવ્ય આપી કહ્યું કે, તું ઔરંગઝેબ પાસે જઈ કહી આવજે કે, "હું શિવાજી મહારાજને નદીની પેલે પાર મૂકી આવ્યો છું." મહારાજ પેલે પાર ગયા પછી દોડતે ઘોડે કિનારેથી

થઇને સ્વદેશ જવું તે નક્કી કર્યું; ત્યાંથી સીધે રસ્તે સ્વદેશ જવાનું સુરક્ષિત નહોતું. ચારે તરફ બાદશાહનાં માણસો મહારાજને શોધતાં ફરતાં હોવાથી પુનઃ શત્રુના હાથમાં સપડાવાની ભીતિ હતી, તેથી તેમની સાથેનાં કેટલાંક મનુષ્યોને પહેરવેશ બદલી સ્વદેશ જવાનું કહ્યું અને પોતાની સાથે માત્ર ચારપાંચ કારકુને તથા બેત્રણ હજૂરિયા રહેવા દીધા. મહારાજે સાધુનો વેશ ધારણ કરી ધીમે ધીમે સ્વદેશ જવાનો વિચાર કર્યો હતો. તેઓ પ્રથમ વારાણસી ગયા. ત્યાંથી મથુરા ગયા. ત્યાં તેમના ઓળખીતા મોરો ત્રિમળ પિંગળેનો સાળો કૃષ્ણાજી પંત, કાશી પંત અને વિસાજી પંત નામક બંધુઓ મળ્યા. મહારાજે તેમને પોતાનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું અને શંભાજીને તેમની પાસે રાખવાની માગણી કરી. તે તેમણે ખુશીથી કબૂલ કર્યું.× મહારાજે તેમને કહ્યું કે, "સ્વદેશ જઇ પહોંચ્યા પછી હું તમને પત્ર લખીશ, તે પત્ર મળ્યા પછી તમે તમારૂં સમસ્ત કુટુંબ તથા શંભાજીને લઇ મારા રાજ્યમાં આવજો. ત્યાં આવ્યા પછી હું તમારૂં કલ્યાણ કરીશ." એ વ્યવસ્થા કર્યા પછી મહારાજે ત્રણ બંધુમાંથી કૃષ્ણાજી પંતને તીર્થયાત્રા કરવા પોતાની સાથે લીધો. એ સ્થળે મહારાજ દાઢી, મૂછ અને ચોટલી કઢાવી નાખી પૂરેપૂરા સાધુ જેવા બન્યા હતા.

મથુરામાં નિવાસ કર્યો તે સમયે શિવાજી મહારાજ નિત્ય નદીમાં સ્નાન કરવા જતા હતા. એક દિવસ નદીનો ઓવારો જોઇ મહારાજે કૃષ્ણાજીને કહ્યું કે, "આવું મોટું તીર્થ હોવા છતાં ઓવારાની વ્યવસ્થા જોઇએ તેવી થઇ નથી." તેમણે ઓવારાની બનાવટ પર ટીકા કરી અને તે કેવી રીતે બાંધવો જોઇએ, તે પણ સમજાવ્યું. એ ચર્ચા સાંભળી પાસે ઊભેલા એક ચોબાએ કહ્યું: "તમે ઇમારતનું કામ સારી પેઠે જાણો છો; તમે સાધુ નથી, કોઇ વેશધારી છો." કૃષ્ણાજી પંતે તરતજ ચોબાનો હાથ દબાવી ચૂપ રહેવા કહ્યું અને તેને પુષ્કળ દ્રવ્ય આપી પોતાની સાથે તીર્થયાત્રા કરવા લીધો. સ્વદેશ આવ્યા પછી મહારાજે તે ચોબાને નિમણુંક કરી આપી.

વાચક! આવો. શિવાજી મહારાજના નાસી ગયા પછી દિલ્હીમાં

નીચાણના પ્રદેશમાં ચાલ્યા ગયા અને ત્યાંથી પાછા કિનારાના ઊંચા પ્રદેશ ઉપર આવી, આડે માર્ગે ડુંગરકોતરડામાં થઇ સીધે રસ્તે ચઢી સ્વદેશ તરફ ગયા.

× રાયરીની બખરમાં લખ્યું છે કે, કાશીમાં નાનાજી વિશ્વાસ રાવ નામક એક મનુષ્ય હતો. શંભાજીને તેને ઘેર રાખ્યા; કારણકે તેમને નાસાનાસ કરવી પડતી હોવાથી શંભાજી વારંવાર માંદા પડતા હતા. પોતે અને શંભાજી સુખરૂપ સ્વદેશ પહોંચ્યા પછી મહારાજે એ બ્રાહ્મણને વિશ્વાસરાવનો ખિતાબ આપ્યો હતો.

શું બન્યું તે તપાસીએ. ચોકી પરના સિપાઇઓના જાણવામાં આવ્યું કે, મનુષ્યો જણાતાં નથી. તેમની પ્રકૃતિ સારી નથી તેથી દવા લેવા જવાનું તેમના એક માણસે બહાર જતી વખતે કહ્યું હતું, પરંતુ તે અદ્યાપિપર્યંત પાછો ફર્યો નથી. મહારાજના ઓરડામાંથી કોઇ બહાર જતું આવતું જણાતું નથી. એમ જાણી પહેરેગીરે મહારાજના શયનગૃહના દ્વાર પાસે જઇ ઓરડામાં ડોકિયું કર્યું, એટલે પલંગ પર મહારાજને તેમજ તેમની પાસેના નોકરોને દીઠા નહિ. એ જોઈ તેઓ ગભરાયા અને પરસ્પર વાતો કરવા લાગ્યા. આસપાસ દોડી જઇ મહારાજની તપાસ કરવા લાગ્યા; પરંતુ તેમને મહારાજ કિંવા તેમની પાસેનાં મનુષ્યોનો પત્તો લાગ્યો નહિ. બાદશાહના જે નોકર મહારાજની હજૂરમાં હતા તેમને પૂછતાં ઉત્તર મળ્યો કે, “ મહારાજ આ ઓરડામાં સૂતા હતા અને એક છોકરો તેમના પગ ચાંપતો હતો, એટલુંજ અમે સવારે જોયું છે. ત્યાર પછી ઓરડામાંથી તેઓ ક્યારે બહાર નીકળ્યા અને ક્યાં ચાલ્યા ગયા, તે અમે જાણતા નથી.” પહેરેગીરોએ પોલાદખાનને સર્વ વૃત્તાંત જણાવ્યો. પોલાદખાન ગભરાયો અને દોડતો બાદશાહ પાસે જઇ તેમને શિવાજી મહારાજના નાસી ગયાના સમાચાર નિવેદન કર્યા. તેણે બાદશાહને કહ્યું: “આપણા પહેરેગીરો અતિશય વિશ્વાસુ અને ચતુર હોવા છતાં તેમને થાપ આપી શિવાજી અદૃશ્ય થયા છે. તેમને લાંચ આપી નાસી જવાય એવું છેજ નહિ; માટે કાં તો શિવાજી પૃથ્વીમાં સંતાઈ ગયા હશે કિંવા આકાશમાં ઊડી ગયા હશે! આપણા સિપાઇઓ રાતદિવસ તેમની હવેલીની આસપાસ પહેરો ભરે છે; છતાં શિવાજી નાસી ગયા, તેથી અનુમાન થાય છે કે તેઓ જાદુવિદ્યા શીખ્યા હશે. એમાં મારા સિપાઇઓની જરા પણ ભૂલ કે બેદરકારી નથી.” એ સમાચાર સાંભળતાંજ બાદશાહને અત્યંત આશ્ચર્ય લાગ્યું. પોલાદખાન વિશ્વાસુ સરદાર હતો. બાદશાહ જાણતા હતા કે, તેણે ચોકીપહેરા પર ખાસ વિશ્વાસુ સિપાઇઓ નીમ્યા છે; છતાં પણ તેમને કોટવાળ ઉપર ઘણોજ ક્રોધ ચઢ્યો. શિવાજી મહારાજને શોધવા માટે બાદશાહે ચારે દિશામાં ઘોડેસવારો મોકલ્યા. તેમણે પ્રત્યેક પ્રાંતના સૂબેદાર અને તાલુકદારને પત્ર લખાવી મોકલ્યા કે, “શિવાજી મહારાજ દિલ્હીમાં નજરકેદમાં હતા ત્યાંથી નાસી ગયા છે. તેઓ કોઇની પણ હદમાંથી પસાર થતા જણાય તો તેમને કેદ પકડી એકદમ બાદશાહની હજૂરમાં મોકલી દેવા.” બાદશાહે જયસિંહને પત્ર લખાવી મોકલ્યો કે, “શિવાજી મહારાજના જે સરદારને તમારા લશ્કરમાં મદદ માટે રાખ્યો છે, તેને પકડી અમારા દરબારમાં મોકલી દેવો. જે પક્ષી અમારા પિંજરામાંથી ઊડી ગયું છે તેને પકડવાની [illegible] રાખવી, અને તે [illegible] પુનઃ

ધાંધલ મચાવે નહિ, એવી ગોઠવણ કરવી."

મહારાજ નિશ્ચિંતપણે શહેર બહાર નીકળી ગયા પછી હીરોજી ફર્જંદે રામસિંહને સર્વ હકીકત વિદિત કરી. તેજ સમયે રામસિંહે બાદશાહ પાસે જઇ તેમને જણાવ્યું કે, "મારા પિતાએ મારી મારફતે શિવાજી મહારાજને આપના દરબારમાં મોકલ્યા હતા; પરંતુ આપ નામદારે, તેમની સાથે થયેલા કરાર પ્રમાણે વર્તન નહિ ચલાવતાં તેમને નજરકેદમાં રાખ્યા હતા. હવે અમારે માથેથી તેમના સંબંધી સર્વ જોખમ ઊતરી ગયું છે. તેમની સાથે આપની ઇચ્છામાં આવે તેમ વર્તવું." એ સાંભળી બાદશાહે ઉત્તર દીધો કે, "શિવાજી મહારાજ અમારા તાબેદાર છે. અમારી ઇચ્છાનુસાર તેમની સાથે વર્તન ચલાવીશું. અમારી માગણી સ્વીકારશે તો તેમની બરદાસ્ત કરવામાં કસર કરીશું નહિ. તે સંબંધી તમારે કિંવા તમારા પિતાએ ચિંતા રાખવી નહિ." રામસિંહે પોતાના ઉપરનો વહેમ ઉડાવી દેવાની યુક્તિ યોજી ખરી; પરંતુ મહારાજના નાસી જવાના સમાચાર સાંભળતાંજ બાદશાહને તેમના ઉપર વહેમ તો આવ્યોજ. બાદશાહ રામસિંહ ઉપર ગુસ્સે થયા અને તેમને દરબારમાં આવતા બંધ કરી તેમની મનસબ છીનવી લીધી.

પોલાદખાન જેવા પરમ વિશ્વાસુ કોટવાળે સખ્ત ચોકીપહેરો રાખ્યો હતો; છતાં મહારાજ તેમાંથી અચાનક નાસી ગયાના વર્તમાન દિલ્હીના અમીર ઉમરાવોએ સાંભળ્યા ત્યારે તેઓએ દાંતમાં આગળાં કરર્યાં. સર્વ સ્થળે ચર્ચા ચાલી કે, "જયસિંહ રાજા જેવા વિશ્વાસુ સરદારે શિવાજી મહારાજને પ્રમાણિકપણું બતાવી અને આશ્વાસન આપી પોતાના પક્ષમાં લીધા અને બાદશાહની આજ્ઞા પરથી તેમને ઊંચી પદવીની લાલચ આપી અહીં મોકલ્યા હતા; તેમજ તેમની સાથે થયેલા કરારનો ભંગ કરી બાદશાહે જયસિંહ રાજાને નીચું જોવા જેવું પ્રપંચી વર્તન કર્યું, એ યોગ્ય થયું નહિ. એવા શૂરવીર, બુદ્ધિમાન અને તેજસ્વી પુરુષનું ગૌરવ વધારીને તેમની સાથે કરાર પ્રમાણે વર્તન રાખી પોતાના પક્ષમાં લેવાની સંધિ પ્રાપ્ત થઈ હતી તે વ્યર્થ જવા દીધી. એ બુદ્ધિમાન મનુષ્યનું કાર્ય નથી. દક્ષિણ દેશ કબજે કરવાના કાર્યમાં એવા પરાક્રમી અને કાર્યકુશળ પુરુષની અમૂલ્ય સહાયતા મળી શકત. બાદશાહે પોતાની દુર્બુદ્ધિને લીધે એ વીર પુરુષ ગુમાવ્યો. શિવાજી મહારાજ અતિ બુદ્ધિમાન પુરુષ છે. તેમના પર ભવાનીદેવીની કૃપા છે. એવો પ્રબળ રિપુ દક્ષિણમાં હોવાથી ત્યાં બાદશાહનું કંઇ વળશે નહિ. જયસિંહની વાક્ચાતુરીમાં ભોળવાઇ શિવાજી મહારાજે સ્વપરાક્રમવડે હસ્તગત કરેલા કિલ્લા, કોટ અને પ્રાંત બાદશાહને સોંપી દીધા અને તેઓ તેમની નોકરી કરવા તૈયાર થયા; પરંતુ બાદશાહના કપટયુક્ત વર્ત

નથી મહારાજ કંટાળી ગયા છે. હવે પુનઃ તેમને કબજે આવશે નહિ.” જનસમાજમાં એવી અનેક વાતો પ્રસરી રહી હતી. એ વાતો સાંભળી ત્યારે બાદશાહ અતિશય દિલગીર થયા. મહારાજને શોધવા મોકલેલાં મનુષ્યો નિરાશ થઇ પાછાં આવ્યાં. સૂબેદાર અને તાલુકદારોને પણ તેમનો પત્તો લાગ્યો નહિ, ત્યારે બાદશાહને બીક લાગી કે, મહારાજ વખતે શહેરમાંજ કોઇ સ્થળે સંતાઇ રહ્યા હશે અને લાગ જોઇ મારૂં ખૂન કરશે. ઔરંગઝેબે પોતાના સંરક્ષણ માટે શહેરની આસપાસ ઉઘાડી તલવારો સહિત બહાદુર સિપાઇઓ રાખી, શહેરમાં વિશેષ બંદોબસ્ત કર્યો. બાદશાહને એટલી બધી બીક લાગતી હતી કે, તેમને રાત્રે શાંત રીતે નિદ્રા પણ આવતી નહોતી.

શિવાજી મહારાજ મથુરાથીજ પોતાનાં મનુષ્યો સહિત સાધુના વેશમાં સાધુઓના ટોળામાં ભળી જઈ તીર્થાટન કરવા નીકળ્યા હતા. તેઓ પ્રત્યેક તીર્થસ્થળમાં ગુપ્ત રીતે યથાવિધિ દાનધર્મ કરતા હતા. ઉત્તરમાં હરદ્વારથી દક્ષિણમાં આવતાં માર્ગમાં જે જે મુખ્ય તીર્થો અને દેવસ્થાન આવ્યાં, ત્યાં ત્યાં દર્શન કરી દાનધર્મ કર્યું. એ પ્રવાસમાં તેમને અતિશય ત્રાસ ભોગવવો પડ્યો. તેઓ દિલ્હીથી નાઠા તે વખતે ચોમાસાની શરૂઆત થઈ હતી. કેટલીક નદીઓમાં રેલ આવેલી હોવાથી પેલે પાર જઈ શકાતું નહોતું. તેવે ઠેકાણે તેમને તરીને પેલે પાર જવું પડતું. કેટલાક પ્રાંતમાં વિકટ અરણ્ય અને ડુંગરોમાંથી પસાર થવું પડતું. એ સ્થળોમાં પગે ચાલવું ઘણું મુસીબત ભરેલું થઇ પડતું; છતાં મહારાજ ધૈર્ય રાખી સર્વ પ્રકારનો શ્રમ સહન કરતા હતા. એક ગામના ફોજદારે શંકાગ્રસ્ત થઈ મહારાજને કેદ પકડ્યા હતા; પરંતુ તેઓએ જ્યારે પોતાની ઓળખાણ આપી ત્યારે તે આશ્ચર્ય પામ્યો અને દિલગીર થયો. તેણે મહારાજ પાસે ક્ષમાપ્રાર્થના કરી. મહારાજે તેને થોડુંક દ્રવ્ય આપી કહ્યું કે, “કોઈ પણ મોગલ અમલદારને મારી બાતમી આપવી નહિ.* એક તીર્થસ્થળમાં મહારાજ સ્નાન કરવા જળમાં ઊતર્યા, તે સમયે તેમણે બ્રાહ્મણને સ્નાન કરવાનો મંત્ર ભણવાનું કહ્યું. એટલામાં બીજા એક બ્રાહ્મણે કહ્યું કે, “આ તો દક્ષિણના શિવાજી મહારાજ છે. દિલ્હીના બાદશાહની નજરકેદમાંથી નાસી આવ્યા છે.” એ સાંભળતાંજ મહારાજે ઉતાવળે સ્નાન કરી લીધું અને સહજ વારમાં

---

* ખાફીખાન જણાવે છે કે, ફોજદારે તેમની સાથેનાં માણસોને પકડીને તેમની તપાસ ચલાવી ત્યારે મહારાજે મધ્યરાત્રે એકાંતમાં તેની મુલાકાત લઇને પોતાની ઓળખાણ આપી અને તેના હાથમાં એક કિંમતી હીરો મૂકી દીધો એટલે તે ફોજદારે તેમને જવા દીધા.

અદશ્ય થઇ ગયા.* મહારાજ કટક પ્રાંતમાં પ્રવાસ કરતા હતા તે વખત તેમને ઘણો થાક લાગ્યો હતો, તેથી એક સાધારણ ઘોડો ખરીદવાની ઇચ્છાથી મહારાજે ઘોડાના વેપારી પાસે જઈ એક ઘોડાની કિંમત ઠરાવી; પરંતુ તેમની પાસે છૂટા રૂપિયા નહિ હોવાથી મહારાજે વેપારી સમક્ષ અજાણતાંજ હોનની કોથળી ઉઘાડી. એ જોઇ વેપારીએ કહ્યું કે, "સાધારણ ઘોડાની આટલી બધી કિંમત આપો છો તે ઉપરથી તમેજ શિવાજી મહારાજ હોવા જોઈએ." એ સાંભળતાં મહારાજે તેના શરીર ઉપર હોન ફેંક્યા અને ત્યાંથી સપાટાબંધ ચાલ્યા ગયા.×

તીર્થયાત્રા કરતા કરતા મહારાજ દક્ષિણમાં આવી પહોંચ્યા. તેઓ એકદમ સ્વરાજ્યમાં ગયા નહિ; પણ ગોંડવણ, ભાગાનગર અને વિજાપુર પ્રાંતમાં થઇને પન્હાળા ગયા અને પોતાની પ્રજાને સ્વદેશમાં આવી પહોંચ્યાની સૂચના આપ્યા પછી તેજ વેશમાં રાયગઢ ઉપર જઇ પહોંચ્યા. સ્વરાજ્ય છોડ્યા પછી તેઓ નવ મહિને સ્વદેશમાં આવ્યા હતા. સાધુના વેશમાંજ રાયગઢ કિલ્લાના દરવાજા પાસે જઈ તેમણે દ્વારપાળને કહ્યું કે, "મારે જીજાબાઇને મળવું છે." દ્વારપાળે જીજાબાઈને ખબર આપી કે, "કોઈ સાધુ આપને મળવા આવ્યો છે." તેમણે સાધુને કિલ્લામાં લાવવાનું કહ્યું. દ્વારપાળ મહારાજને જીજાબાઈ સમક્ષ લઈ ગયો; તે સમયે નિરોજી પંતે તેમને સાધુની ભાષામાંજ આશીર્વાદ આપ્યો; પરંતુ મહારાજે એકદમ આગળ ધસી જઇ માતુશ્રીને દંડવત્ પ્રણામ કર્યા. મહારાજનો ચહેરો બદલાઇ ગયેલો હોવાથી જીજાબાઇએ તેમને ઓળખ્યા નહિ. સાધુની વર્તણુંકથી જીજાબાઇને આશ્ચર્ય લાગ્યું. મહારાજે માથા પરથી સાધુની ટોપી ઉતારી નાખી જીજાબાઈના ખોળામાં માથું મૂક્યું. તે વખતે કેટલીક નિશાનીઓ જોઈ જીજાબાઇએ તેમને ઓળખ્યા એટલે આલિંગન દીધું. તેમનાં નેત્રમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. અહા! તેઓ માતાજ હતાં. તેમના આનંદનો પાર નહોતો. તેમણે એવુંજ જાણ્યું કે, આજેજ મહારાજનો નવો જન્મ થયો.

પ્રથમ પોતાની પ્રિય માતાનાં દર્શન કર્યા પછી મહારાજે પોતાના સર્વ સરદાર, કારભારી અને અન્ય અમીરઉમરાવોની મુલાકાત લીધી. મહારાજનું આગમન જાણી સર્વસ્થળે આનંદ પ્રસરી

---

* ખાફીખાન જણાવે છે કે, એ બ્રાહ્મણ તેને સુરતમાં મળેલો હતો અને ત્યાં વૈદકનો ધંધો કરતો હતો. તેણે ખાફીખાનને જણાવ્યું હતું કે, તે કાશીમાં એક બ્રાહ્મણને ત્યાં નોકર હતો. તે વખતે શિવાજી મહારાજે તેને દક્ષિણામાં જે ધન આપેલું હતું તેના વડે પોતે આ હવેલી બંધાવી હતી અને પોતાના દિવસો સુખચેનમાં ગાળતો હતો.

× આ બનાવનું વર્ણન બુંદેલાના ગ્રંથમાંથી પ્રકટ કર્યું છે.

રહ્યો. નોકરો અને પ્રજાજનો મહારાજનાં દર્શન કરવા આવવા લાગ્યાં. મહારાજે મોટો ઉત્સવ કરી બ્રાહ્મણોને પુષ્કળ દાનધર્મ કર્યાં. ગરીબગરબાંને પુષ્કળ અન્નવસ્ત્રો આપ્યાં. શ્રીભવાનીદેવીનો ઉત્સવ કરી તેમને મુક્તાફળોનો અભિષેક કર્યો. હાથી ઉપરથી સાકર વહેંચાવી. સર્વ સરદારો અને કિલ્લેદારોને ત્યાં સાકર મોકલાવી. રાજ્યનાં મોટાં મોટાં દેવસ્થાનમાં તથા બ્રાહ્મણ, તપસ્વી, સંત અને સાધુઓને દક્ષિણા તથા સાકર મોકલાવી. પ્રત્યેક ગઢમાંથી તોપો ફોડી મહારાજને સલામી આપવામાં આવી. મહારાજ સુખરૂપ રાજ્યમાં આવી પહોંચ્યાના સમાચાર સમસ્ત રાજ્યમાં પ્રસરતાં સર્વ પ્રજાએ આનંદોત્સવ કર્યો. શત્રુના હૃદયમાં પુનઃ બીક ઉત્પન્ન થઇ કે, શિવાજી મહારાજ અજિત હોવાથી તેમને કોઇ જીતી શકશે નહિ. હવે તેઓ યવનોની સર્વ બાદશાહી પાયમાલ કરશે. મહારાજની અલૌકિક યુક્તિમત્તા અને અપ્રતિમ ધૈર્યની કીર્તિ સર્વત્ર પ્રસરી ગઇ.

સાંપ્રત આનંદસમયે મહારાજ પોતાની સાથે આવેલાં મનુષ્યોને ભૂલ્યા નહોતા. જેઓએ જેટલો શ્રમ અને સાહસ કર્યું હતું, તેમને તેના પ્રમાણમાં ઇનામ આપી ઊંચે હોદ્દે ચઢાવ્યા. કોઇની સરદારીમાં અને કોઇની જાગીરમાં વધારો કર્યો. યોગ્યતા પ્રમાણે કોઇને વસ્ત્રાલંકાર, કોઇને હાથી, કોઇને ઘોડા અને કોઇને ગામ તથા મહાલ બક્ષિસ આપ્યાં. એ સંકટમય પ્રવાસમાં, હીરોજી ફર્જંદની અતિશય સહાયતા હોવાથી મહારાજે તેને પાયગા પર સરદાર નીમી, પાલખી તથા અબદાગીરી અર્પણ કરી. તેઓની સાથે ગયેલા કારકુનોએ અંતઃકરણપૂર્વક સહાય કરી, પ્રમાણિકપણે ચાલાકીભરેલું વર્તન ચલાવેલું હોવાથી તેમના ઉપર મહારાજનો અધિક વિશ્વાસ બેઠો હતો.

તીર્થયાત્રાથી પાછા ફરતી વખતે મહારાજ એક કણબીને ઘેર રાત રહ્યા હતા. તેમણે કણબી પાસે જમવાનું અન્ન માગ્યું ત્યારે કણબીની વૃદ્ધ માતાએ કહ્યું કે, “ બાવાજી મહારાજ ! તમને યથાશક્તિ અન્ન આપત; પરંતુ હમણાંજ શિવાજી મહારાજનાં માણસોએ અમારૂં ગામ લૂંટી લીધેલું હોવાથી અમારા ઘરનો પુષ્કળ માલ લૂંટાઇ ગયો છે. શિવાજી મહારાજ દિલ્હી ગયા છે. હજુ સુધી ઔરંગઝેબ બાદશાહ તેમનો કોણ જાણે કેમ પરાજય કરતા નથી ? તેઓ અમારા જેવાં ગરીબગરબાંને બહુ દુઃખ દે છે.” ડોસીનું બોલવું સાંભળી શિવાજી મહારાજે જાણ્યું કે, “ આપણી પાછળ આપણાં માણસોએ પ્રથમની પેઠે ગામ લૂંટવાનું ચાલુ રાખ્યું છે ખરૂં.” મહારાજે વૃદ્ધ ડોસીને કલ્યાણકારક આશીર્વાદ આપ્યો અને કણબીનું નામઠામ વગેરે પૂછી લીધું. સ્વરાજ્યમાં આવ્યા પછી તેમણે તે કણબીને કુટુંબસહિત બોલાવી મંગાવ્યો. તેના લૂંટાઇ ગયેલા માલની

કિંમત પૂછી અને તેટલી કિંમત ભરી આપી કણબીને પોતાની નોકરીમાં રાખ્યો.

પૂર્વસંકેત પ્રમાણે મહારાજે મથુરામાં કાશીપંતને પત્ર લખી મોકલ્યો કે, "હું સ્વરાજ્યમાં આવી પહોંચ્યો છું. તમે સર્વ બંધુ શંભાજીને લઇ સહકુટુંબ અહીં આવો." પત્ર મળતાંજ બ્રાહ્મણ કાશીપંત શંભાજીને લઇ દક્ષિણમાં આવવા નીકળ્યો. માર્ગમાં તેમને એક મોગલ અમલદાર મળ્યો. શંભાજી મહારાજની તેજસ્વી મુખમુદ્રા જોઇ તે અમલદારને તેમના પર શિવાજી મહારાજનો પુત્ર હોવાનો* સંશય આવતાં તેમને કેદ પકડ્યા. બંને બંધુએ તેને કહ્યું કે, "અમે મથુરાના બ્રાહ્મણ છીએ. એ અમારો પુત્ર છે." અમલદારે કહ્યું કે, "એ તમારોજ પુત્ર હોય તો તમે સાથે બેસી એક પાત્રમાં ભોજન કરો." કાશીપંતે તે કબૂલ કર્યું. કાશીપંતે દહીંમાં પૌંઆ પલાળી કેળના પાદડાંમાં પીરસ્યા અને શંભાજીસહિત એક પાત્રમાં ત્રણેએ ભોજન કર્યું. એ જોઇ યવન અમલદારે તેમને મુક્ત કર્યા.× કાશીપંત શંભાજીને લઇ રાયગઢ પર આવી પહોંચ્યો. તેમને જોઇ સર્વને આનંદ થયો. કાશીપંત શંભાજી મહારાજનું પાલન કરી તેમને સુખરૂપ રાયગઢ ઉપર લઇ આવ્યો હોવાથી મહારાજે તેને પુષ્કળ દ્રવ્ય સાથે વિશ્વાસરાવનો ખિતાબ આપ્યો અને તેના બે બંધુસહિત તેમને ઊંચા હોદ્દા આપી પોતાની પાસે નોકરીમાં રાખ્યા.+

આ પ્રમાણે મહારાજ દક્ષિણમાં સુખરૂપ પહોંચ્યાના સમાચાર જ્યારે બાદશાહના જાણવામાં આવ્યા ત્યારે તેને ઘણુંજ દુઃખ થયું, એમ તેના છેવટના મૃત્યુપત્રના ઉલ્લેખ પરથી જણાઇ આવે છે. તેમાં તે લખે છે કે, "કોઈ પણ રાજ્ય જો કાયમ ટકાવી રાખવું હોય તો તે રાજ્યમાં શું શું ચાલી રહ્યું છે, તેની સર્વ પ્રકારની બાતમી મેળવવાની અતિ ઉત્તમ વ્યવસ્થા કરવી ઘટે છે. જો તેમાં જરા પણ આળસ કરવામાં આવે તો તેનું પરિણામ આપણને લાંબા કાળ સુધી ભોગવવું પડે છે. પેલો હરામખોર શિવાજી મારા ગાફલપણાને લઇને મારા હાથમાંથી છટકી ગયો અને તેથી મારી સઘળી ચડાઇઓમાં

---

* બુંદેલા લખે છે કે, શંભાજીમહારાજના માથાના વાળ લાંબા હોવાથી કાશીપંતે તેમને સ્ત્રીનાં વસ્ત્રો પહેરાવી પોતાની સ્ત્રી સાથે રાખ્યા હતા.

× કેટલીક બખરોમાં લખ્યું છે કે, કાશીપંતના ઘરમાં શંભાજી હોવાની ખબર મળવાથી ઔરંગઝેબે તેના ઘર આગળ પહેરો બેસાડ્યો હતો. તે પરથી બ્રાહ્મણે ઉપર લખ્યા પ્રમાણે તેમને ખાતરી કરી આપી પોતાના ઉપરનો વહેમ ટાળ્યો હતો.

+ શિ. દિ.માં લખ્યું છે કે, સર્વ ભાઇઓને વિશ્વાસરાવનો ખિતાબ આપ્યો હતો.

મને છેવટ સુધી અપયશ મળ્યો."

દિલ્હીના પ્રવાસ સમયે બીજા એક બનાવનું વર્ણન કેટલાક મુસલમાન બખરકારો લખે છે. તેમાં લખ્યું છે કે, મહારાજ બાદશાહની મુલાકાત લેવા દરબારમાં ગયા તે સમયે જનાનખાનાની સ્ત્રીઓ તેમને જોવા ઇચ્છતી હોવાથી તેઓ પડદામાં બેઠી હતી. એ સ્ત્રીઓમાં નિસાબેગમ નામક ઔરંગઝેબની એક અવિવાહિત પુત્રી પણ પડદામાં બેઠી હતી. તેનું વય સત્તાવીશ વર્ષનું હતું. મહારાજને જોતાંજ નિસાબેગમ તેમના પર મોહ પામી. તે મહારાજ ઉપર અતિ સ્નેહ દર્શાવવા લાગી. અત્યારસુધી તેણે મહારાજની કીર્તિ ફક્ત કાને સાંભળી હતી. તેણે સાંભળ્યું હતું કે, મહારાજ શૂરવીર, સાહસી, તેજસ્વી અને ચપળ હોવા સાથે સ્વદેશને સ્વતંત્ર કરવા માટે જીવતોડ પરિશ્રમ કરે છે. તેમની અજાયબીભરેલી યુક્તિનાં વર્ણનો સાંભળી નિસાબેગમ આશ્ચર્ય પામતી હતી. વળી તાબામાં સપડાયલા શત્રુ સાથે મહારાજનું ઉદાર વર્તન, માતાપિતા સાથે અત્યંત પ્રેમભરેલો વ્યવહાર અને સ્વધર્મનાં દેવદેવીઓ ઉપર અતિશય ભક્તિ સંબંધી વાતો સાંભળી તેને મહારાજ ઉપર વિશેષ પ્રેમ ઉત્પન્ન થયો હતો. તેનો પિતા સાર્વભૌમ બાદશાહ હોવા છતાં અને તેમની પાસે શૂરા સરદાર અને પ્રચંડ સૈન્ય હોવા છતાં, મહારાજ તેની દરકાર નહિ કરતાં સ્વરાજ્યવૃદ્ધિ કર્યેજ જાય છે, એ જાણી નિસાબેગમ તેમની પ્રશંસા કરતી હતી. એજ તેજસ્વી અને શૂરવીર પુરુષ તેના પિતાના મિત્ર થઇ બાદશાહના દરબારમાં અતિથિ તરીકે આવેલા તેની દૃષ્ટિએ પડ્યા, ત્યારે તેમનું તેજ અને સુંદરતા જોઇને તથા દરબારમાં તેમનું સ્વાભિમાનપૂર્ણ વર્તન જોઇને નિસાબેગમ તેમના પર વિશેષ મોહ પામી. તેણે તેજ સમયે મનમાં નિશ્ચય કર્યો કે, " લગ્ન કરવું તો આવાજ યોગ્ય અને અપ્રતિમ પુરુષ સાથે કરવું, નહિ તો જન્મપર્યંત અવિવાહિત રહેવું."

કહેવામાં આવે છે કે, તેમના પર નિસાબેગમનો અતિશય પ્રેમ હોવાની વાત મહારાજે જાણી હતી; તેથી મહારાજની પાસે એવી પણ માગણી કરવામાં આવી હતી "કે, જો તમે મુસલમાની ધર્મ સ્વીકારો તો શાહજાદી તમારી સાથે લગ્ન કરવા તૈયાર છે." પરંતુ મહારાજે એ માગણી કબૂલ કરી નહિ. એક મોટા વિધર્મી સાર્વભૌમ બાદશાહના જમાઇ થઈ રહેવા કરતાં, તેમને સ્વધર્મ અને સ્વજાતિમાં નિવાસ કરવો એજ યોગ્ય લાગ્યું હતું. ફક્ત રાજ્યતૃષ્ણાને લીધેજ જો તેઓ પ્રોત્સાહિત થયા હોત, તો તેઓ શાહજાદી સાથે લગ્ન કરી ક્વચિત્ નર્મદા નદીના દક્ષિણ કિનારા તરફના સર્વ પ્રદેશના બાદશાહ થઇ શકયા હોત; પરંતુ રાજ્યતૃષ્ણા અને વિષયવાંછના કરતાં તેમનામાં સ્વાતંત્ર્યપ્રીતિ, સ્વધર્માભિમાન અને

સ્વકુલાભિમાનવૃત્તિ વિશેષ પ્રબળ હતી, એ ઉપલા બનાવ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

નિસાબેગમ પોતાના સંકલ્પ પ્રમાણે મરણપર્યંત અવિવાહિતા રહી હતી. ઔરંગઝેબ દક્ષિણમાં આવ્યા તે વખતે નિસાબેગમ પણ તેમની સાથે દક્ષિણમાં આવી હતી. મહારાજનાં દર્શન કરવાની તેની ઇચ્છા હતી, પણ ઈ૦ સ૦ ૧૭૦૨માં બ્રહ્મપુરી નામક સ્થળે તેના પિતાની છાવણીમાંજ તે મરણ પામી. શાહજાદીનો મૃતદેહ જે સ્થળે દાટવામાં આવ્યો તે સ્થળે તેના પિતાએ એક સુંદર કબર બંધાવી અને તે ગામનું નામ બેગમપુર રાખ્યું. કહેવામાં આવે છે કે, નિસાબેગમ વિદ્વાન હતી.* નિસાબેગમના અંતઃકરણમાં મહારાજ ઉપર છેવટપર્યંત કેટલો સ્નેહભાવ અને કેટલું માન હતું, તેનું એક ઉદાહરણ ઇતિહાસમાંથી મળી આવે છે. ઔરંગઝેબે શંભાજીને પકડી અનેક પ્રકારનો ત્રાસ આપી તેમનું ખૂન કર્યા પછી તેમણે રાયગઢનો કિલ્લો હસ્તગત કર્યો. કિલ્લામાંથી જે મનુષ્યોને કેદ પકડી લાવ્યા હતા, તેમાં શંભાજીનો એક બાળપુત્ર હતો. નિસાબેગમે એ પુત્ર પિતા પાસેથી માગી લીધો અને તેને પોતાનો પૌત્ર જાણી પોતાના મરણપર્યંત તેનું અતિ પ્રેમપૂર્વક લાલનપાલન કર્યું હતું. સર્વને વિદિત છે કે, એજ પુત્ર આગળ જતાં શાહુરાજાના નામથી પ્રસિદ્ધ થયો હતો.

---

* કહેવામાં આવે છે કે, તેના પિતાની પેઠે સમસ્ત કુરાન તેને કંઠસ્થ હતું. તેણે કેટલીક કવિતાઓ પણ રચી છે.

प्रकरण २० मुं–महाराजे पोताना हाथमांथी गुमावेला किल्ला अने प्रांत पाछा जीती लीधा

શિવાજી મહારાજ દિલ્હીમાં નજરકેદ પડ્યાના સમાચાર દક્ષિણમાં પ્રસરતાંજ તેમના સરદારોએ મોગલોના પ્રાંતમાં પુનઃ તોફાન શરૂ કર્યું અને મહારાજ કેદમાંથી મુક્ત થઈ સ્વદેશ આવવા નીકળ્યાના સમાચાર મળ્યા, ત્યારે તેઓને અધિક જુસ્સો આવવાથી તેઓએ મોગલોને ચારે તરફથી ત્રાસ આપવા માંડ્યો. તે સમયના અંગ્રેજ વેપારીઓએ એ સંબંધી લખ્યું છે કે, "જો શિવાજી મહારાજ ઔરંગઝેબની નજરકેદમાંથી નાસી ગયાના સમાચાર ખરા હશે, તો તેઓ બાદશાહને ત્રાહ્યત્રાહ્ય પોકરાવશે અને શિવાજીને કેદ કરવા માટે બાદશાહને સખ્ત પશ્ચાત્તાપ કરાવશે." તેઓનું કહેવું આગળ જતાં સત્ય ઠર્યું.

મહારાજ દક્ષિણમાં આવી પહોંચ્યા તે પહેલાં મોગલો અને વિજાપુર–સરકાર વચ્ચે પુનઃ યુદ્ધ થયું હતું; તેમાં મોગલોના સૈન્યની ભયંકર ખુવારી થઇ હતી. જયસિંહે વિજાપુરને ઘેરો ઘાલેલો હોવાથી તેના સૈન્યને દક્ષિણના શિલેદારોએ સખ્ત ત્રાસ આપ્યો હતો. તેમને અનાજ, લાકડાં કિંવા ઘાસચારો મળતો નહિ હોવાથી મોગલાઈ લશ્કરને ભૂખે મરવું પડતું હતું. તે વર્ષે અનાવૃષ્ટિ થયેલી હોવાથી સૈન્યને પીવાનું પાણી પણ પૂરતું મળતું નહિ. ગોવળકોંડાના કુતુબશાહે વિજાપુર–સરકારની સહાયતા માટે લશ્કર મોકલેલું હોવાથી મોગલલશ્કર તેમની સામે ટકી શકતું નહોતું. ઔરંગઝેબ, જયસિંહની સહાયતા માટે બીજું લશ્કર મોકલી શક્યા નહોતા. બાદશાહને વહેમ આવ્યો હતો કે, જયસિંહ અંદરખાનેથી શિવાજી મહારાજ સાથે મિત્રભાવ રાખતો હોવાથી તે વહેલોમોડો આપણાથી છૂટો પડશે અને શિવાજી મહારાજ સાથે મળી જઇ આપણી સત્તાને ધક્કો પહોંચાડતાં વિલંબ લગાડશે નહિ. એમ ધારી ઔરંગઝેબ હવે દક્ષિણની ચડાઈ માટે તદ્દન બેપરવાઈ બતાવવા લાગ્યો, ત્યારે જયસિંહે વિચાર્યું કે, "આપણા ઉત્કૃષ્ટ રજપૂત યોદ્ધાનું વિનાકારણ બલિદાન આપી અપયશ મેળવવો, તેના કરતાં યુદ્ધ બંધ કરી પાછા જવું, એજ યોગ્ય છે." તેમણે શત્રુ સાથે યુદ્ધ કરવાનું બંધ

રાખી ઔરંગાબાદ તરફ પાછા ફરવા માંડયું. શત્રુએ તેઓની પૂંઠ પકડી; પરંતુ તે શૂરવીર સરદાર શત્રુના તાબામાંથી મહામુસીબતે નીકળી નાઠો અને ઔરંગાબાદ જઈ પહોંચ્યો.

શિવાજી મહારાજના જે કિલ્લા તેમના તાબામાં આવ્યા હતા અને જે કિલ્લા મહારાજની મદદથી પ્રથમ કબજે કર્યા હતા, તે પર યોગ્ય બંદોબસ્ત રાખવા જેટલું તેમની પાસે લશ્કર બચ્યું નહોતું અને તે કામ માટે ખર્ચ કરવા જેટલા પૈસા પણ તેમના હાથમાં નહોતા; તેથી પર્વત ઉપરના લોહગઢ, સિંહગઢ અને પુરંદર તથા કોંકણમાં માહુલી અને કર્નાળા, એ પાંચ મુખ્ય કિલ્લા પર ઘણા સૈનિકો રાખી ત્યાં મજબૂત બંદોબસ્ત રાખ્યો હતો. એ સિવાય જે ગઢ ઉપર અન્નાદિ થોડી વસ્તુઓ મળે તેમ હતું, તે ઉપર થોડા થોડા સૈનિકો રાખી બાકીના કિલ્લાના દરવાજા બાળી નાખી, અને કિલ્લાના તોડી શકાય એવા ભાગને તોડી નાખી તે પર સૈનિકોના બંદોબસ્તની જરૂર રાખી નહિ. સર્વ સ્થળે બંદોબસ્ત કરી જયસિંહરાજા ઔરંગાબાદમાં સ્વસ્થ થઇ બેઠા. એ સમાચાર મળતાંજ બાદશાહે જયસિંહ પર ગુસ્સે થઇ તેમને પાછા બોલાવી લીધા અને દક્ષિણના સૂબા તરીકે યશવંતસિંહ તથા શાહજાદા મોઆઝીમની નિમણુંક કરી. એ શૂરવીર અને બહાદુર રજપૂત સરદાર ઉદાસ ચિત્તે બાદશાહ પાસે પાછો જતો હતો, એટલામાં માર્ગમાંજ બુરાનપુર આગળ સન ૧૬૬૭ના જુલાઇ માસમાં તેનું મૃત્યુ થયું.

મોગલોએ એકાએક તજી દીધેલા કિલ્લા મોરો પંત પિંગળેએ પોતાના તાબે કર્યા. તેને દુરસ્ત કરાવી તે પર પોતે થાણાં બેસાડ્યાં અને તેની આસપાસના પ્રાંત ઉપર પુનઃ પોતાની સત્તા સ્થાપન કરી. જે કિલ્લા પર મોગલોનો મજબૂત બંદોબસ્ત નહોતો, ત્યાંના રખેવાળોને પોતાના પક્ષમાં લઇ કિલ્લા પણ પોતાને તાબે લેવાનો ક્રમ ચાલુ કર્યો. મહારાજ જે સમયે દક્ષિણમાં પાછા આવ્યા તે સમયે તેમના સરદારોએ મોગલોના તાબામાં ગયેલા ઘણા કિલ્લા પુનઃ પ્રાપ્ત કરી લીધા હતા અને તેઓએ પાછા આવ્યા પછી સઘળો કલ્યાણ પ્રાંત પુનઃ પોતાના કબજામાં લીધો.

જયસિંહ અને દિલેરખાન સાથે દક્ષિણ કબજે કરવા પ્રચંડ સૈન્ય મોકલવા છતાં તેમને યશ મળ્યો નહિ. શિવાજી મહારાજ તાબામાં સપડાયા છતાં તેઓ મુક્ત થયા અને વિજાપુર–સરકાર તથા ભાગાનગર–સરકાર એકત્ર થઈ છે. તેઓ સાથે શિવાજી મહારાજ જઇ મળશે તો દક્ષિણમાંથી મોગલાઇ સત્તા સમૂળ ઉખેડી નાખવામાં વિલંબ લાગશે નહિ. ઔરંગઝેબના અંતઃકરણમાં એજ વિચારો ઉદય પામ્યાથી તેણે સ્વતઃ દક્ષિણમાં સવારી કરવાનો સંકલ્પ કર્યો હતો. એટલામાં ઉત્તરમાં કંઇક ગડબડ ઉત્પન્ન થવાથી શાહને તે તરફ

જવું પડયું, તેથી દક્ષિણમાં ચડાઇ લઇ જવાનો વિચાર બંધ પડ્યો. શિવાજી મહારાજ જેવો મહાન પરાક્રમી પુરુષ પોતાનો કટ્ટો શત્રુ થવાથી શાહને તેમની અત્યંત બીક લાગતી હતી. શાહજાદાને અને યશવંતસિંહને મોટું લશ્કર આપી દક્ષિણની ચડાઈમાં મોકલવામાં આવે તો પોતાના પુત્રનો પરાજય થતાં બાદશાહનુંજ પાણી ઊતરી જવા જેવું થાય અને કવચિત્ તેમાં તેને યશ પ્રાપ્ત થતાં શાહજાદોજ આપણી સામું બંડ ઉઠાવે તો શું કરવું ? એવો વહેમ આવવાથી ઔરંગઝેબે તેને દક્ષિણની ચડાઇમાં મોકલ્યો નહિ; પરંતુ બાદશાહના એવા વહેમી તથા પ્રપંચી સ્વભાવનો આપણા પ્રતાપી ચરિત્રનાયકે જોઇએ તેવો લાભ લેવામાં સહજ પણ આળસ કર્યું નહિ.

સૂલતાન મોઆઝીમ અને યશવંતસિંહને બાદશાહે દક્ષિણના સૂબા તરીકે નીમ્યાથી મહારાજને ઘણી અનુકૂળતા થઇ. તેઓ દિલ્હી હતા તે સમયે તેમણે યશવંતસિંહ સાથે મિત્રતા કરી હતી. એ રજપૂતસરદાર શૂરવીર અને સ્વધર્માભિમાની હતો. ઔરંગઝેબે પોતાના પિતા સામું બંડ ઉઠાવ્યું તે સમયે એ રજપૂત સરદાર પ્રથમ તેમની વિરુદ્ધ હતો; પરંતુ બાદશાહને વિજય મળવાની સંધિ જોઈ યશવંતસિંહ તેમના પક્ષમાં ગયો હતો; તેમ છતાં ઔરંગઝેબને તેના પર પૂર્ણ વિશ્વાસ નહોતો. દ્રવ્યલોભ, એજ તેનામાં મોટો દોષ હતો; પરંતુ તેનો એ દોષ મહારાજના માર્ગને અનુકૂળ થઇ પડયો. મહારાજનો અભિપ્રાય હતો કે, “દ્રવ્યના લાલચુ મનુષ્યો વંશમાં જનાવર જેવાં છે.” તેમણે તેને પુષ્કળ લાંચ આપી પોતાના પક્ષમાં લીધો હતો. શાહજાદો ઉમદા સ્વભાવનો હોવા ઉપરાંત તે ઉદાર અને શૂરવીર હતો; પિતાના જેવો વહેમી નહોતો. તેને એશઆરામ ભોગવવાનીજ ટેવ હતી. તેને કોઇએ કંઇ પણ કાનભંભેરણી કરી કે તરત તેના વિચારો બદલાઇ જતા. તેના પર યશવંતસિંહનો વિશેષ પ્રભાવ પડતો હતો. શાહજાદો તેમના કહેવાથી વિરુદ્ધ વર્તતો નહિ. તેને દક્ષિણમાં મોકલતી વખતે બાદશાહે શિખામણ દીધી હતી કે, “શિવાજી મહારાજ સાથે શત્રુતા કરવી નહિ ! તેમની સાથે વિશેષ મિત્રતા પણ રાખવી નહિ ! તેમના કબજામાં સપડાવું નહિ ! બનતા સુધી તેમની સાથે દ્વેષ કરવો નહિ ! તેમણે આજપર્યંત પુષ્કળ સરદારોનો નાશ કર્યો છે. તમારી પણ તેવી અવદશા થશે તો સર્વત્ર કલંક પ્રાપ્ત થશે અને આપણી બાદશાહીને ધક્કો પહોંચશે. તેમની સાથે બનતા પ્રયત્ને સલાહસંપ રાખી દક્ષિણનો આપણો પ્રાંત સંભાળવામાંજ આપણું ભૂષણ છે.” બાદશાહની શિખામણને લીધે શાહજાદાના મનમાં શિવાજી મહારાજ સાથે તહનામું કરવાની ઇચ્છા હતી. મહારાજ દિલ્હીમાં ગયા તે વખતે બાદશાહે તેમને નજરકેદ કર્યા તે વાત શાહજાદાને બિલકુલ પસંદ નહોતી. તેનો અભિપ્રાય

એવો હતો કે, “શિવાજીમહારાજ જેવા શૂરવીર અને બહાદુર અમીરને આપણા પક્ષમાં રાખવાથીજ આપણું હિત સાધ્ય થશે.”

કહેવામાં આવે છે કે, શાહજાદાને દક્ષિણમાં આવતો જાણી શિવાજી મહારાજ ખેડૂતનો વેશ ધારણ કરી બ્રહ્મપુરી નજીક એક ગામમાં તેને મળ્યા અને થોડાક દહીંની ભેટ કરી. દહીં ઉત્કૃષ્ટ જણાયાથી શાહજાદાએ તે સ્વીકાર્યું અને રોજ ભોજન કરતી વખત દહીં પૂરૂં પાડવાની તેમને આજ્ઞા કરી. દહીંમાંથી શાહજાદાને મીણની એક ગોળી પ્રાપ્ત થઇ. ગોળીમાંથી એક ચિઠ્ઠી લખેલી મળી. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, “યુદ્ધમાં વિજય સંપાદન કરવા માટે પરાક્રમી શાહજાદો આવે છે, એવું સાંભળી તેને નજરે જોવાનેજ મેં ખેડૂતનો વેષ ધારણ કરવાની યુક્તિ યોજી હતી.” એ પરથી શાહજાદાના હૃદયમાં મહારાજ માટે કેવો વિચાર ઉત્પન્ન થયો હશે, તેની કલ્પના થઇ શકે એમ છે. શાહજાદાને ખાતરી થઇ કે, “એવા યુક્તિમાન અને સાહસિક પુરુષ સાથે વિરોધ કરવો એ ભયંકર કાર્ય છે.” ઔરંગાબાદ આવી પહોંચ્યા પછી તેણે યશવંતસિંહદ્વારા મહારાજ સાથે તહનામું કરવાની ગોઠવણ કરી. મહારાજે યશવંતસિંહને દ્રવ્યની લાલચ આપી પ્રથમથીજ પોતાના પક્ષમાં મેળવી લીધો હતો; તેથી પોતાને અનુકૂળ થઇ પડે એવું તહનામું કરવામાં અડચણ પડી નહિ. મોગલ બાદશાહ સાથે અત્યારથીજ વિરોધ કરવો, એ મહારાજને હિતકારક જણાતું નહોતું; તેમજ શાહજાદા જેવા સુજ્ઞ પુરુષ સાથે સ્નેહસંબંધ રાખવાથી પ્રસંગોપાત પોતાના સંકલ્પની સિદ્ધિ થશે, એવી પણ તેમની કલ્પના હતી. એવી સ્થિતિ વચ્ચે શાહજાદાને રાજીખુશીથી તહનામું કરવાનું કહાવતો જાણી મહારાજે બાલાજી આવજી ચિટનીસને મોટા લશ્કર સહિત યશવંતસિંહ તરફ મોકલ્યો. તહનામું કરવામાં શાહજાદાનો ખરો હેતુ શો છે, તે બરોબર જાણી લેવાનીજ મહારાજની ઇચ્છા હતી. તેમણે શાહજાદાને ભેટ આપવાને માટે બાલાજી સાથે પુષ્કળ નજરાણું, કિંમતી વસ્ત્રો, ઝવેરાત અને હાથી મોકલ્યા હતા. યશવંતસિંહ બાલાજી ચિટનીસને શાહજાદા પાસે લઈ ગયો. બાલાજીએ શાહજાદાને કહ્યું કે, “અમારા શિવાજી. મહારાજ જયસિંહરાજાદ્વારા તહનામું કરી તેઓ બાદશાહની મુલાકાત કરવા દિલ્હી ગયા હતા. ત્યાં પ્રત્યક્ષ મુલાકાત થયા પછી કેટલાક ઠરાવો નક્કી કરવામાં આવ્યા. મહારાજની ઇચ્છા બાદશાહની નોકરી સ્વીકારવાનીજ હતી; પણ જયસિંહ અને રામસિંહ જેવા આબરૂદાર અને વિશ્વાસુ સરદારો મધ્યસ્થ હોવા છતાં બાદશાહને મહારાજનો વિશ્વાસ આવ્યો નહિ અને તેમને કેદ પૂર્યા એ ઉચિત થયું નહિ.” એ સાંભળી શાહજાદાએ ઉત્તર દીધો કે, “બાદશાહના મનમાં શિવાજી મહારાજ સંબંધી કંઇ

પણ વિપરીત ભાવ નહોતો તેમજ હમણાં પણ નથી. બન્ને વચ્ચેથી પ્રપંચભાવ નિર્મૂળ થવા માટે મહારાજે તેમની નોકરી સ્વીકારી દિલ્હી રહેવું, એવી તેમની ઇચ્છા હતી; પરંતુ મહારાજને તે પસંદ પડયું નહિ, ત્યારે તેમને માત્ર ધમકી આપી પોતાની પાસે રાખવાના વિચારથી બાદશાહે તેમને નજરકેદમાં રાખ્યા હતા. એથી મહારાજને ખોટું લાગ્યું અને તેઓ ત્યાંથી નાસી ગયા. બાદશાહે મને આજ્ઞા ફરમાવી છે કે, મહારાજ સાથે વિરોધ કરવો નહિ. એમના જેવો પરાક્રમી વીર પુરુષ હજુ થયો નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ. તેથીજ અમે તેમને અમારી પાસે રાખવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેમાં અમારો મનોરથ સફળ થયો નહિ. જે થયું તે યોગ્યજ થયું છે. બાદશાહની ઇચ્છા મહારાજને પોતાની પાસે રાખવાની છે; તેથી પ્રથમ કરેલું તહનામું કાયમ રાખી મહારાજ પાસેથી કામ લેવું અને તેમના વિચાર પ્રમાણેજ વર્તવું, એવીજ ખુદની ઇચ્છા છે. અમારે કાંઈ આડુંઅવળું કરવું હોત તો અમે તેજ સમયે કરી દેત. આ સંદેશો બાદશાહેજ કહાવ્યો છે, તમારી ઇચ્છા હોય તે જણાવો."

શાહજાદાનું સંભાષણ સાંભળી ચિટનીસે તેનો હેતુ જાણી લઇ મહારાજને પત્ર લખી મોકલ્યો. મહારાજે પત્ર વાંચી તહનામું કરવાની ખુશી બતાવી. ઉભય પક્ષે વિચાર કરી તહનામાની શરતો નક્કી કરી. તેમાં ઠરાવ્યું હતું કે, (૧) પરસ્પર એકબીજા સાથે મિત્રભાવથી વર્તવું. (૨) પ્રથમ થયેલું તહનામું કાયમ રાખવું. (૩) ઉભય પક્ષનું અંતઃકરણ નિર્મળ થયા સિવાય શિવાજી મહારાજે મોગલોની સહાયતા માટે પોતાનું લશ્કર મોકલવું નહિ અને પરસ્પર એકબીજાની મુલાકાત કરવી નહિ. (૪) લશ્કરના ખર્ચ માટે કેટલાક પ્રાંત નક્કી કર્યા પછી મહારાજે મોગલોની સહાયતા માટે પાંચ હજાર સિપાઈઓ મોકલવા. (૫) પ્રથમ તહનામામાં થયેલા ઠરાવ પ્રમાણે શંભાજીને પાંચહજાર ઘોડેસવારની મનસબ આપવી. તેના ખર્ચ માટે વરાડ પ્રાંતમાંના આવઢા અને બાલાપુર તાલુકા આપવા. (૬) પ્રથમ થયેલા ઠરાવ પ્રમાણે ચોથાઇ અને સરદેશમુખીનો હક વસૂલ કરવાની મહારાજને સંપૂર્ણ સત્તા આપવી અને (૭) નિજામશાહીના અને આદિલશાહીના જે કિલ્લા તથા પ્રાંત હાલમાં મહારાજની સત્તામાં છે, તે તેમની પાસેજ રહેવા દેવા.* તહનામું નક્કી કરવામાં આવ્યુ; તે ઉપર શાહજાદાએ પોતાની સહી કરી, મહારાજને કહ્યું કે, "માત્ર બાહ્યોપચારાર્થે તમે તહનામાની શરતો

---

* ચિટનીસ લખે છે કે, એ તહનામાની શરત પ્રમાણે મોગલોએ પ્રથમ છોડી દીધેલા સત્તાવીશ કિલ્લા પુનઃ મોગલોને સ્વાધીન કરવા પડ્યાં.

સહિત મને એક અરજી લખી આપો. હું મારી ભલામણ સહિત તે અરજી બાદશાહને મોકલી આપીશ.” એ સૂચના પ્રમાણે મહારાજે એક અરજી લખી આપી. શાહજાદાએ પોતાની સપ્ત ભલામણ સાથે તે અરજી બાદશાહને મોકલી આપી. તેણે લખ્યું કે, “શિવાજી મહારાજ જેવા મહાપરાક્રમી પુરુષ આપણને થોડી મહેનતે પુનઃ પ્રાપ્ત થાય છે, તેથી તહની શરતો કબૂલ કરી તેમની સાથે સ્નેહસંબંધ જોડવો, એજ ઉચિત છે.” શાહજાદાની ભલામણ સાથે ગયેલી અરજી બાદશાહે મંજૂર કરી. તે સાથે તેમણે મહારાજને “રાજા” નો ખિતાબ આપ્યો. પ્રથમની કબૂલાત પ્રમાણે શંભાજીને મનસબદારી આપી અને વરાડ પ્રાંતમાં તેમને જે જાગીર આપવાની હતી તેની સનદ પણ મોકલી આપી.

નવીન પ્રાપ્ત થયેલી જાગીરની વ્યવસ્થા કરવા માટે રાવજી સોમનાથ નામક એક બ્રાહ્મણ કારકુનને મહારાજે મોકાસદારનો નવો ખિતાબ આપી યોગ્ય સામગ્રી સહિત રવાના કર્યો. શંભાજી મોગલોના મનસબદાર થયાથી તેમની સાથે પ્રતાપરાવ ગુજરને પાંચ હજાર સવાર આપી ઔરંગાબાદ મોકલ્યો. શાહજાદાએ તેમને અતિશય સન્માન આપી મુલાકાત લીધી; તેમને રહેવા માટે સ્વતંત્ર સ્થાન આપી ત્યાં એક નવું પરૂં વસાવ્યું; પરંતુ એ સમયે શંભાજીનું વય અતિ અલ્પ હોવાથી શાહજાદાએ તેમને પાછા મોકલ્યા અને પ્રતાપરાવ ગુજરને સવાર સહિત પોતાની પાસે રાખ્યો.

ઉભય પક્ષ વચ્ચે સલાહસંપ ચાલતો હોવાથી પૂના, સૂપા વગેરે પ્રાંત પુનઃ મહારાજના કબજામાં આવ્યા અને પ્રથમ થયેલા તહનામાની શરતો પ્રમાણે મોગલોને સોપેલા ઘણા પ્રાંત તેમને પાછા મળ્યા. માત્ર પુરંદર અને સિંહગઢના કિલ્લા અદ્યાપિપર્યંત મહારાજના તાબામાં આવ્યા નહોતા. મહારાજને એવી લાલચ આપવામાં કપટી બાદશાહનો ઉદ્દેશ એ હતો કે, તેમને ભોળવી વિશ્વાસ બતાવી મહારાજનો ઘાત કરવો; પરંતુ શાહજાદાનો ઉદ્દેશ તેવો નહોતો. તે ઉદાર અંતઃકરણનો, નિર્મળ સ્વભાવનો અને નિષ્કપટી પુરુષ હતો.

શાહજાદાથી પોતાના પિતાનો કપટી સ્વભાવ અને વહેમીપણું સહન થયું નહિ. તેણે તેમના વિરુદ્ધ બંડ કરવાનો નિશ્ચય કરી શિવાજી મહારાજ પાસે સહાયતા માગી. શાહજાદાની માગણીથી શિવાજી મહારાજને શંકા ઉત્પન્ન થઈ. તેમણે તેને કહાવ્યું કે, “બાદશાહ સાથે તમે યુદ્ધ કરશો તે વખતે હું મારા લશ્કર સહિત તમને મદદ કરીશ.,” શાહજાદાએ જાણી લીધું કે, મહારાજને મારી માગણીથી શંકા ઉત્પન્ન થઇ છે. શાહજાદાએ તેમને ખાતરી થવા માટે પોતાના મોટા લશ્કર સહિત દિલ્હી તરફ કૂચ કરી, પુનઃ

મહારાજને સહાયતા કરવા માટે સંદેશો કહાવ્યો અને તેમનો સંશય દૂર કરવા માટે પોતાના મોટા મોટા અમલદારો તેમની પાસે મોકલ્યા. તેઓએ મહારાજને શાહજાદાની મનેચ્છા કહી સંભળાવી. મહારાજે તેમને ઉત્તર આપ્યો કે, "તમારી પાછળ તમારા દક્ષિણના પ્રાંતોનું રક્ષણ કરવા માટે હું દક્ષિણમાંજ રહીશ. બાદશાહ સાથે યુદ્ધ કરવા તમારું સૈન્ય પૂરતું છે; તેમ છતાં તમારો પરાજય થાય તો તમે દક્ષિણમાં મારા તાબાના પ્રાંતમાં આવી નિવાસ કરજો." એ સાંભળી શાહજાદાએ મહારાજને પોતાના સૈન્યના સેનાધિપતિ બનાવવાનું કહાવી મોકલ્યું; પરંતુ તેની એ માગણીથી પણ મહારાજ લલચાયા નહિ. અંતે તેમની સહાયતા નહિ મળવાથી શાહજાદાને નિરાશ થઈ પાછું ફરવું પડયું અને આરંગઝેબની ક્ષમા માગી પુનઃ તે ઔરંગાબાદ આવ્યો. મહારાજે એ પ્રસંગે તેને સહાયતા નહિ કરવાથી, ઉદાર અંતઃકરણના શાહજાદાને તેમના પર ગુસ્સો આવ્યો નહિ; ઊલટો તેમની સાથે અધિક સ્નેહભાવથી વર્તવા લાગ્યો.*

ઔરંગઝેબે શાહજાદાને કહાવ્યું કે, "શિવાજી મહારાજને આદિલશાહી અને કુતુબશાહી પ્રાંત પર સવારી કરવામાં ઉત્તેજન આપવું. તેમ થવાથી એ બંને બાદશાહી નિર્બળ થશે, એટલે પછી તેને પાયમાલ કરવામાં આપણને વિલંબ લાગશે નહિ. એ પ્રાંતો પર સવારી કરીને મહારાજ જે પ્રદેશ કબજે કરે તેમાંનો કેટલોક ભાગ તેમને જાગીરમાં આપવો." બાદશાહ તરફથી સૂચના મળતાંજ શિવાજી મહારાજ તે બંને બાદશાહીના તાબાના પ્રાંતો પર વારંવાર સવારીઓ કરવા લાગ્યા. મોગલ સૈન્યની સહાયતા વડે શિવાજી મહારાજ આપણા બચેલા પ્રાંતમાં સવારીઓ કરે છે, એ જાણી વિજાપુર-સરકારે મોગલો સાથે તહનામું કરવાની ઇચ્છા દર્શાવી. બંને રાજ્યો વચ્ચે તહનામું થયું. તેમાં ઠરાવ થયો કે, સોલાપુરનો કિલ્લો અને તેને લગતો અઢારહજાર હોનની ઊપજવાળો પ્રાંત વિજાપુર-સરકારે મોગલોને આપવો. તહનામું થવાની વાત જાણી શિવાજી મહારાજ યશવંતસિંહ અને શાહજાદાને મળ્યા; અને તેમને કબૂલ કરાવ્યું કે, "મહારાજે વિજાપુર-સરકાર અને ભાગાનગર-સરકારના

---

* મનુસ્સી જણાવે છે કે, આવું ખોટું બંડ ઊભું કરવાની બાદશાહેજ શાહજાદાને આજ્ઞા ફરમાવી હતી. આમાં એ કપટી બાદશાહના ત્રણ હેતુ હતા. એક હેતુ એવો હતો કે, શિવાજી મહારાજને ફરીથી ફસાવીને કેદ કરવા; બીજો હેતુ પોતાના સેનાપતિની કસોટી કરવાનો હતો અને ત્રીજો હેતુ એવો હતો કે કોઇ વખતે ભવિષ્યમાં શાહજાદો ખરેખરૂં બંડ કરે તો તેના ઉપર કોઇ વિશ્વાસ મૂકે નહિ. (પ્રો. સરકાર)

રાજ્યમાં ઇચ્છાનુસાર તોફાન મચાવવું. મોગલ સરદારો તે તરફ લક્ષ આપશે નહિ.” એ ગોઠવણ કર્યા પછી મહારાજે આદિલશાહના પ્રાંતમાં ચોથાઇ અને સરદેશમુખીનો હક વસૂલ કરવાનો સપાટો ચલાવ્યો. મહારાજના સતત ત્રાસમાંથી પોતાના દેશને મુક્ત કરવા માટે આદિલશાહના વજીર અબ્દુલ મહંમદે મહારાજ સાથે તહનામું કર્યું અને તેમને પ્રતિવર્ષે ત્રણ લાખ હોન ખંડણી આપવાનું પુનઃ કબૂલ કર્યું*. મહારાજે કોઈ પણ નિમિત્ત કાઢી આદિલશાહી પ્રાંતમાં તોફાન મચાવવું નહિ, એવો ઠરાવ કરવામાં આવ્યો. વજીરે આ તહનામું પણ ગુપ્ત રીતે કર્યું હતું; કારણકે હિંદુરાજા સાથે તહનામું કરી તેને ખંડણી ભરવાથી મુસલમાની બાદશાહીનું ગૌરવ ઓછું થયું જાણી દરબારના અમીરઉમરાવો ગડબડ મચાવે તેમ હતું; પરંતુ ખુદ આદિલશાહે એ તહનામા તરફ પસંદગી બતાવી વિજાપુર દરબારમાં મહારાજનો વકીલ રાખ્યો. મહારાજે શામજી નાયક પાંડેને વકીલ નીમી વિજાપુર તરફ રવાના કર્યો.

આદિલશાહ સાથે તહનામું થવાથી તેના રાજ્યમાં સવારીઓ કરવાનું બંધ થયું. એટલે મહારાજ કુતુબશાહના પ્રાંત તરફ વળ્યા અને તેના રાજ્યમાં વારંવાર સવારીઓ કરી તે દેશ લૂંટી વિધ્વંસ કરવા લાગ્યા. એ બાદશાહ મહારાજનો પરાજય કરવા તદ્દન અશક્ત હતો. વળી મહારાજને મોગલોની સહાયતા હોવાનું જાણી તેમની સાથે યુદ્ધ કરવા તેની હિંમત ચાલતી નહિ. પોતાના દેશની પાયમાલી થતી અટકાવવા માટે શાહને મહારાજ સાથે સામોપચારથી વર્તવાની ફરજ પડી. તેમના દીવાન માદણ્ણા અને આકણ્ણાએ પણ તેમને એવીજ શરતે વર્તવાની સલાહ આપી. હિંદુ દીવાનોને મધ્યસ્થ રાખી કુતુબશાહે મહારાજ સાથે સંધિ કરી. તેમાં એવું ઠર્યું કે, “શાહે મહારાજને પ્રતિવર્ષે પાંચ લાખ રૂપિયા ખંડણી આપવી. ઉભય પક્ષે પરસ્પર સાથે સ્નેહભાવે વર્તવું અને બન્નેના વકીલ બન્ને દરબારમાં રહે.” એ ઠરાવ પ્રમાણે મહારાજે નિરાજીરાવ નામક વકીલને કુતુબશાહના દરબારમાં મોકલ્યો.

એ પ્રમાણે બન્ને બાદશાહી ઉપર વિજય મેળવી, તેમની પાસે વાર્ષિક ખંડણી ઠરાવ્યા પછી મહારાજની દૃષ્ટિ કોંકણપટ્ટી તરફ ગઇ. ત્યાં હજુ ફિરંગી અને સીદીની સત્તા પ્રવર્તતી હતી. તેમની સત્તા નિર્મૂળ કરી સમસ્ત કોંકણ પ્રાંત પર પોતાની નિર્વંધ સત્તા ચલાવવાનો તેમનો હેતુ હતો. મહારાજે ગોવા ઉપર એકાએક હુમલો કરી ત્યાંના ફિરંગીઓને હાંકી કાઢવાનો સંકલ્પ કર્યો;

---

* કેટલાક બખરકારો લખે છે કે, સાતલાખ હોન ખંડણી ભરવામાં આવતી હતી. વિજાપુર સરકારે એ ખંડણી ભરવાનો બીજી વખત ઠરાવ કર્યો હતો.

પરંતુ તેમાં સફળતા મળી નહિ, એમ જણાય છે. ફિરંગીઓ સાથે મહારાજને યુદ્ધ થયું હતું; તેનું વર્ણન કોઇ પણ સ્થળેથી મળતું નથી. એ ઉપરથી અનુમાન થાય છે કે, તેઓ વચ્ચે યુદ્ધ થયુંજ નથી. મહારાજે સીદીના તાબાનો જંજીરા કિલ્લો હસ્તગત કરવાનો પુનઃ એક વાર પ્રબળ પ્રયત્ન કર્યો, તેમાં પણ તેમને વિજય મળ્યો નહિ. કહેવામાં આવે છે કે, "એ વખતે સીદી તદ્દન નિર્બળ થઇ જવાથી તેણે મુંબઈના અંગ્રેજ વેપારીઓની મદદ માગી હતી." આ વખતે મહારાજના બંને સંકલ્પ અપૂર્ણ રહ્યા.

આદિલશાહ, કુતુબશાહ અને મોગલબાદશાહ સાથે તહનામાં થયાથી સર્વત્ર શાંતિ થઈ અને શિવાજી મહારાજને એક બે વર્ષ સુધી થોડીક વિશ્રાંતિ મળી. વિશ્રાંતિના સમયમાં તેમણે સંપાદન કરેલા રાજ્યની વ્યવસ્થા ઉત્તમ પ્રકારે કરી. એ વ્યવસ્થાનું વર્ણન આગળ એક સ્વતંત્ર પ્રકરણમાં લખવામાં આવશે.× આ સ્થળે પૂર્વકથાનકને અનુસરતું વર્ણનજ નિવેદન કરવામાં આવે છે.

કોઇ પણ પ્રાંત પર સવારી કરવાની સગવડ નહિ હોવાથી મહારાજ આ સમયે સ્વસ્થ થયા હતા. તે પરથી ઘણાં મનુષ્યોએ ધાર્યું કે, "મહારાજના ઉદ્દેશ પ્રમાણે તેમને સ્વરાજ્ય પ્રાપ્ત થયું; તેમની ઇચ્છા તૃપ્ત થઇ. હવે તેઓ સંપાદન કરેલા રાજ્યનો બંદોબસ્ત રાખી સ્વસ્થ રહેશે. મોગલો સાથે યુદ્ધ કરવાની તેમની ઇચ્છા હોત તો તેઓ સાથે પુનઃ સંધિ કરી તેમના તાબેદાર થઇ રહેત નહિ. હવે પછી તેઓ મોગલસૂબેદારોને નજરાણાં અર્પણ કરી તેમને ખુશી રાખી તેમની સલાહ પ્રમાણે વર્તશે અને ઘણું તો પોતે સંપાદન કરેલી ધન-સંપત્તિ થોડાક દિવસ સાચવી રાખશે." પરંતુ મહારાજના ભવિષ્યના વર્તન સંબંધી એવી કલ્પના કરનાર મનુષ્યોની મોટી ભૂલ હતી, એ સ્પષ્ટ જણાઇ આવે છે. મોગલો સાથે યુદ્ધ કરવા જેવી તેમની સાંપ્રત સ્થિતિ નહોતી, એ મહારાજ સારી પેઠે જાણતા હતા; તેથીજ તેમની સાથે મિત્રભાવે વર્તવાનું તેમણે યોગ્ય ધાર્યું હતું. અસ્તુ. વિજાપુર-સરકાર અને ભાગાનગર-સરકાર સાથે થયેલાં તહનામાંનો ભંગ કરી તેમના રાજ્યમાં તોફાન મચાવવાથી તે બન્ને બાદશાહ એકત્ર થઇ જઇ મહારાજ સાથે સંગ્રામ કરવા તૈયાર થાય, એ પણ તેઓ જાણતા હતા; કારણકે વિજાપુર સરકારે મોગલો સાથે યુદ્ધ કર્યું તેમાં કુતુબશાહની સહાયતા વડે આદિલશાહે મોગલોના સરદારોનો પરાજય કર્યો, એ બનાવ તાજોજ હતો; તેથી તેઓ પુનરપિ એકસંપ કરે, એ સંભવિત હતું. હમણાં મોગલોના આશ્રયમાં રહેવાનુંજ મહારાજને ઇષ્ટપ્રદ જણાયું હતું. બન્ને બાદશાહ જોડે યુદ્ધ કરવા તૈયાર થતાં મોગલ સૂબેદારો તેમને સહાયતા કરે, એમ પણ

× જુઓ પ્રકરણ ચોવીસમું.

નહોતું; કારણકે મોગલો સાથે વિજાપુર સરકારે તહનામું કર્યું હતું; તેમજ મુસલમાની બાદશાહી પાયમાલ કરવા તૈયાર થતાં તે કાર્યને ઔરંગઝેબ જેવો ચુસ્ત સ્વધર્માભિમાની બાદશાહ સહાય કરે, એવો પણ સંભવ નહોતો. દીર્ઘદર્શી શિવાજી મહારાજે આસપાસના સર્વ વિચારો કરી સાંપ્રત મોગલોની સલાહ પ્રમાણે વર્તવાનો અને કુતુબશાહી તથા આદિલશાહી ધીમે ધીમે નિર્બળ કરવાનો વિચાર કર્યો. દક્ષિણની એ બન્ને બાદશાહી પાયમાલ કરી તે પ્રાંતમાં પોતાની સત્તા સ્થાપવાની ઔરંગઝેબની ઘણા દિવસથી ઇચ્છા હતી. તે કાર્યોની સિદ્ધિ માટે ઔરંગઝેબે આજ પર્યંત ઘણા પ્રયત્નો પણ કર્યા હતા. મહારાજનો પણ એજ ઉદ્દેશ હતો. એક ભક્ષ્ય પ્રાપ્ત કરવા માટે બે સિંહ તલપી રહ્યા હોય, ત્યારે જે સિંહ બાલ્યાવસ્થા ભોગવતો હોય તેણે બીજા હૃષ્ટપુષ્ટ સિંહ સાથે સ્પર્ધા કરવી, એ અવિચારી કૃત્ય હોવા સાથે બાળકસિંહને ધારેલું ભક્ષ્ય નહિ મળતાં પોતાની પાસે જે કાંઇ થોડુંઘણું ભક્ષ્ય હોય તે પણ ગુમાવી દેવા જેવું થાય છે; એ નીતિવાક્ય મહારાજ સારી પેઠે સમજતા હતા. તેથીજ પોતાના સ્નાયુ, દાઢ તથા નખ સુદૃઢ થતાં સુધી મોટા સિંહ સાથે સ્નેહભાવ રાખી તેની ઇચ્છા પ્રમાણે જે થોડુંઘણું ભક્ષ્ય મળે તેનોજ ઉપભોગ કરવો અને હૃષ્ટપુષ્ટ થયેલો સિંહ સૃષ્ટિના નિયમ પ્રમાણે અશક્ત અને કૃશ થઇ જાય ત્યારે તેણે મેળવેલું તેમજ તેનું પૂર્વનું સંગ્રહ કરેલું સર્વ ભક્ષ્ય ધીમે ધીમે પોતાના તાબામાં લેવું, મહારાજની એ ધારણા ઉચિતજ હતી, તેમજ તે સિદ્ધ થવા જેવાં કંઈક ચિહ્નો પણ જણાતાં હતાં.

પરંતુ શિવાજી મહારાજનો મોગલો સાથે થયેલો સ્નેહભાવ વિશેષ દિવસ ટક્યો નહિ. વહેમી મોગલ બાદશાહને એવી ભ્રમણા થઇ કે, "શિવાજી મહારાજે આપણને માત્ર ઉપર ઉપરથી નમ્રતા બતાવી મૈત્રી બાંધી છે. શાહજાદાને અને યશવંતસિંહને અનેક પ્રકારની લાલચો આપી તેઓ આપણા ઉપર હુમલો કરશે." બાદશાહને એવો સંશય આવતાંજ તેણે શાહજાદાને આજ્ઞા ફરમાવી કે, "શિવાજી મહારાજ સાથે એટલો બધો ઘાડો .સંબંધ રાખવો યોગ્ય નથી. તેઓ વિશેષ બળવાન થતા જાય છે. દક્ષિણની બંને મુસલમાની બાદશાહી ઉપર તેમની દૃષ્ટિ હોવાથી તેઓ તેને પોતાના તાબામાં લેવાનો ઉદ્યોગ કરે છે. તે હસ્તગત કરી પ્રબળ થયા પછી તેઓ આપણી બાદશાહી ઉપર પણ હુમલો કરશે. તે સમયે તેમને પૂરા પડવાનું આપણને કઠિન થઇ પડશે. બંને મુસલમાની બાદશાહીના જે કોટ, કિલ્લા અને પ્રાંત તેમણે આપણી સહાયતા વડે પ્રાપ્ત કર્યા છે, તેની ઊપજ આપણા દરબારમાં જમા કરાવવી જોઇએ, તેને બદલે શિવાજી મહારાજ પોતાનાજ ઉપભોગમાં લે છે, એ ઉચિત નથી. તેમની સાથે થયેલા તહનામાનો ભંગ કરી તેમને અર્પણ કરેલા કિલ્લા અને

પ્રાંત પાછા લેવા. આપણી સહાયતા માટે તેમનું જે લશ્કર આપણા રાજ્યમાં છે તેને પાછું મોકલી દેવું, કિંવા બને તો તેનો નાશ કરવો. પ્રતાપરાવ ગુજર, શિવાજી મહારાજ અને બીજા મોટા મોટા સરદારોને તરતજ કેદ કરવા. મારી આજ્ઞા પ્રમાણે નહિ વર્તો તો હું તમારા ઉપર ઘણોજ ગુસ્સે થઈશ.''* શાહજાદાના ગુપ્ત બાતમીદારોએ બાદશાહનો ખરીતો દિલ્હીથી રવાના થયાના સમાચાર તેને જણાવ્યા, તેજ ક્ષણે તેમણે પ્રતાપરાવ ગુજરને પણ એ હકીકત કહી અને તેમને ત્યાંથી સત્વર ચાલ્યા જવાની ભલામણ કરી. પ્રતાપરાવ ગુજર પોતાના સવારો સહિત, મહારાજના ઔરંગાબાદમાં રહેલા વકીલ નિરાજી રામજીને લઇ રાતોરાત મોગલોની છાવણીનો ત્યાગ કરી ઔરંગાબાદથી નીકળી પૂને આવી પહોંચ્યો. બાદશાહનો હુકમ મળતાંજ શાહજાદાએ પોતાની સલાહથી મરાઠાઓને નસાડી મૂકવાનો પોતાના ઉપર વહેમ ન આવે તે માટે નાસી જતા મરાઠાઓને પકડવા પોતાના સિપાઇઓ દોડાવ્યા; પરંતુ તેમાં તેઓ નિષ્ફળ થયા આથી શાહજાદાએ બાદશાહી આજ્ઞાનો ઉત્તર લખ્યો કે, " મરાઠાઓ નાલાયક, જૂઠા અને પ્રપંચી છે. આપની આજ્ઞા મળતાં પહેલાંજ તેઓ મારા તાબામાંથી નાસી ગયા છે, તેથી તેમને પકડી કેદ કરવાનું બન્યું નથી." આ સમાચાર બાદશાહને મળતાંજ તેણે શાહજાદાને મદદ કરવાને માટે બીજી ચડાઇઓ બંધ કરાવીને દિલેરખાન અને દાઉદખાન નામના બે સરદારોને મોકલ્યા; તેમજ ઉત્તરમાંથી પણ કેટલાક સરદારોને મોકલ્યા.

પ્રતાપરાવ ગુજર સર્વ લશ્કર, સરસામાન તથા શાહજાદાએ ગુપ્ત રીતે અર્પણ કરેલું પુષ્કળ નજરાણું લઇ, સુરક્ષિતપણે પાછો આવ્યો, એ સમાચાર મળતાંજ મહારાજને અતિશય આનંદ થયો. મોગલો સાથે થયેલા તહનામાનો એકાએક ભંગ થવાથી મહારાજને દિલગીરી થઇ નહિ; કારણકે સ્વસ્થ બેસી રહેવાનું તેમને હવે ઉચિત જણાતું નહોતું. બે વર્ષ સુધી સ્વસ્થ રહી તેમણે રાજ્યની વ્યવસ્થા ઉત્તમ પ્રકારે કરી હતી અને તે દરમ્યાન શાંતિથી પોતાના લશ્કરનું પોષણ થવાથી તેમને સંતોષ થયો હતો.

---

* બુંદેલા લખે છે કે, બાદશાહે શંભાજીને આપેલી જાગીર એવું બહાનું કાઢી પાછી લીધી કે, શિવાજી મહારાજને દિલ્હી જતી વખતે એક લાખ રૂપિયા ખર્ચ માટે આપ્યા હતા, તેના બદલામાં એ જાગીર ખાલસા કરવાની અમે આજ્ઞા ફરમાવી છે. મોગલોએ એ જાગીર પાછી લીધાના સમાચાર જાણતાંજ મહારાજે પ્રતાપરાવ ગુજરને પોતાના લશ્કર સહિત પાછો બોલાવી લીધો અને તેમના જે મનુષ્યો વરાડ પ્રાંતની જાગીરમાં હતાં, તેઓ મળ્યો તેટલો માલ લૂંટી સ્વરાજમાં પાછાં ફર્યાં.

प्रकरण २१ मुं–मोगलोना प्रांतमां पुनः सवारी

મોગલો સાથે થયેલા તહનામાનો ભંગ થયો ત્યારે મહારાજે પુનઃ તેમને પોતાનું ઉગ્ર સ્વરૂપ બતાવવાની શરૂઆત કરી. તેમણે તેમના પ્રાંતમાં જ્યાં ત્યાં તોફાન કરવા માંડ્યું. એ સમયે તેમના લશ્કરે એવું વિલક્ષણ શૌર્ય અને તેજ બતાવ્યું કે તેવું પૂર્વે કદી પણ બતાવ્યું નહોતું, એમ કહી શકાશે. મહારાજે પ્રથમ શત્રુના તાબાના સિંહગઢ અને પુરંદર કિલ્લા કબજે લેવાનો નિશ્ચય કર્યો. એ કિલ્લા શત્રુના તાબામાં હોવાથી પૂના, ચાકણ વગેરે પ્રાંતમાં નિર્ભયપણે આવજા કરવાની તેમને વિશેષ અડચણ પડતી હતી. તેમના પર જયસિંહ રાજાએ નીમેલા રજપૂત સૈનિકો સર્વદા સાવચેત રહી કિલ્લાઓનું રક્ષણ કરવામાં દક્ષ હતા. મહારાજે પ્રથમ સિંહગઢ કબજે કરવાનો વિચાર કર્યો.* ઉદયભાનુ નામક એક શૂરવીર અને બળવાન સરદાર એ કિલ્લા પર સેનાપતિ હતો. એ સરદાર મોગલો સાથે પ્રમાણિકપણે વર્તતો હોવાથી કોઇ પણ રીતે મહારાજના પક્ષમાં આવે તેમ નહોતું. તેના તાબાના રજપૂત સૈનિકો પણ શૂરવીર અને પ્રચંડ યોદ્ધા સમાન હતા; તેથી મહારાજ એ અભેદ્ય ગઢ તાબે કરવાની યુક્તિ શોધવા લાગ્યા. એ સમયે તાનાજી માલુસરેએ× મહારાજને કહ્યું કે, મારી સાથે નાનાભાઈ સૂર્યાજીને મોકલો

---

* પોવાડામાં લખ્યું છે કે, જીજાબાઈના આગ્રહને લીધેજ મહારાજે એ કિલ્લો તાબે કરવાનો સંકલ્પ કર્યો હતો. એક દિવસ મહારાજ અને જીજાબાઇ સોગટાંબાજી રમતાં હતાં, તેમાં મહારાજ ઉપર દાવ આવ્યો અને તેના બદલામાં તેમણે મહારાજ પાસે સિંહગઢની માગણી કરી. આ કિલ્લો હસ્તગત કરવાનું કાર્ય તાનાજી માલુસરેને સુપ્રત કરવામાં આવ્યું. આ વખતે તાનાજી પોતાના પુત્ર રાયબાના લગ્ન માટે પોતાને વતન ગયો હતો. તેને તેના માવળાઓ લઇને તાબડતોબ પાછા ફરવાનો મહારાજે હુકમ ફરમાવ્યો. આ હુકમ મળતાંજ તે શૂરવીર યોદ્ધો લગ્ન સમારંભ મુલતવી રાખી તરતજ મહારાજ પાસે રાયગઢ આવ્યો.

× બખરમાં લખ્યું છે કે, તાનાજી શરીરે અતિશય બળવાન, હૃષ્ટપુષ્ટ અને લાંબોપહોળો હતો. તેનું સ્વરૂપ ભયાનક જણાતું

અને મારી ઇચ્છામાં આવે તેવા એક હજાર માવળી યોદ્ધા આપો. એ કિલ્લો હું હસ્તગત કરી લઇશ.× મહારાજે તેની માગણી સ્વીકારી.

સિંહગઢનો કિલ્લો સિંહાદ્રિની પૂર્વ દિશામાં છે. પુરંદરના કિલ્લાની ટેકરીઓ એ કિલ્લાને લગતીજ છે. કિલ્લા પર જવાનો માર્ગ ઊંચો અને સાંકડા ચઢાવવાળો છે. ચડવાનું સ્થળ પૂર્વપશ્ચિમ દિશામાં છે. ઉત્તર તથા દક્ષિણ તરફથી જોતાં કિલ્લો એકાદ વિશાળ ખડકાળ પર્વત જેવો જણાય છે. તે પર ચડવાનો માર્ગ સીધો અર્ધો માઇલ જેટલો છે, એટલે ઊંચે ચડ્યા પછી ચાળીશ ફૂટ ઊંચા કાળા રંગના ખડકના પ્રચંડ ચડાવ આવે છે. એ ભવ્ય ચડાવ ઉપર પથ્થરનો મજબૂત કોટ બાંધી તે પર મોટા બુરજ બાંધ્યા છે. કિલ્લો ત્રિકોણાકાર છે. અંદરનો ઘેરાવો આશરે બે માઇલ જેટલો છે. જોનારને એવુંજ લાગે કે, દરવાજા સિવાય કિલ્લામાં પ્રવેશ કરવાનો બીજો માર્ગજ નથી. કિલ્લા ઉપરથી પૂર્વમાં જોતાં નીરા નદીનો સાંકડો પણ સુંદર જળપ્રવાહ દૃષ્ટિએ પડે છે. ઉત્તરમાં વિસ્તીર્ણ મેદાનપ્રદેશ અને પૂના શહેર જણાય છે. દક્ષિણ તથા પશ્ચિમમાં પર્વતનાં સુંદર ઉચ્ચ શૃંગો ગગનમંડળને ચુંબન કરતાં હોય એમ જણાય છે. એજ દિશામાં રાયગઢનો કિલ્લો છે.

એ કિલ્લો હસ્તગત કરવાની પ્રતિજ્ઞા કરીને તાનાજી માલુસરે એકહજાર માવળી યોદ્ધા સહિત રાયગઢથી નીકળ્યો. સર્વ માવળા એક સાથે સિંહગઢ તરફ ગયા નહિ, પણ રાત્રિના અંધકારમાં ડુંગરા અને કોતરોને જુદે જુદે માર્ગે થઇને તેઓ એક સ્થળે ભેગા થયા. આજે માઘ માસની કૃષ્ણાષ્ટમીનો દિવસ હતો. સર્વ માવળા એકત્ર થયા પછી તેમાંનાં અર્ધાં મનુષ્યોને તાનાજીએ થોડે વેગળે ઊભા રહેવાની અને સંકેત થતાંજ તેઓને આગળ ધસી આવવાની આજ્ઞા ફરમાવી. બાકીના માવળાઓને કિલ્લાના કોટ પાસે લઇ જઇ ગુપચુપ ઊભા રાખ્યા. ગઢ ઉપરના રખેવાળોએ કોટના જે વિભાગ તરફ શત્રુનો પ્રવેશ થવાનો સંભવ નહોતો તે સ્થળે મજબૂત બંદોબસ્ત રાખ્યો નહોતો. એ જોઇ તાનાજીએ એક માવળાને પાટ-

---

હતું. તેના વાળ પીળા અને નેત્રો લાલ હતાં. તેની દાઢી છાતી સુધી લાંબી હતી. તેનામાં હાથી જેટલું બળ હતું. હાથીને અંકુશ વડે તેજ સ્થળે ઊભો રાખતો; એટલો પ્રચંડ બળવાન હતો. સમરાંગણમાં તેના સામું કોઈ ટકી શકતું નહોતું. મહારાજના લશ્કરમાં તેના જેવો બીજો કોઇ બળવાન પુરુષ નહોતો; નિશાન મારવામાં, ઘોડે બેસવામાં, તલવારના પટા રમવામાં અને કૂદવામાં કુશળ હતો; તેમજ સર્વ શસ્ત્રવિદ્યામાં પ્રવીણ હતો.

× પોવાડામાં લખ્યું છે કે, બારહજાર સૈનિકો સાથે તાનાજી કિલ્લા નજીક ગયો હતો.

લાઘોની મદદથી કોટ ઉપર ચડાવી ખડક સાથે ગાંઠોવાળું એક દોરડું બંધાવ્યું. એ દોરડા મારફતે ત્રણસો માવળા કોટ ઉપર ચડાવ્યા.[×] તેઓ કોટમાં ઊતરી આમતેમ લપાઈ સંતાઇ રહ્યા, એટલામાં તેમનાં પગલાં સંભળાવાથી તેઓ ચડતા હતા ત્યાં કિલ્લાના રખેવાળો આવી પહોંચ્યા. તેમાંનો એક રખેવાળ અધીરો થઇ તપાસ કરવા આવ્યો. એક માવળાએ તેને તીર મારી ત્યાં ને ત્યાંજ પૂરો કરી નાખ્યો. એ જોઇ કિલ્લા પરના રખેવાળોમાં ગડબડ થઇ રહી. તેઓ પોતપોતાનાં શસ્ત્ર લેવા દોડ્યા. તેમને ગભરાયલા જોઇ તાનાજીએ એજ સમયે હુમલો કરવાની યોગ્ય સંધિ જાણી પોતાની સાથે કોટ પર ચડેલાં મનુષ્યો સહિત રખેવાળો પર હુમલો કર્યો. જે દિશામાં ગડબડાટ થતો હતો તે દિશામાં માવળાઓએ તીરનો વરસાદ વર્ષાવ્યો. રખેવાળોએ મશાલો સળગાવી અજવાળું કર્યું, ત્યારે તેમણે પોતાના પર હુમલો કરનાર દુશ્મનોને ઓળખ્યા. તેમને જોઈ સર્વ ગભરાયા. કેટલાકને તો પોતાનાં વસ્ત્રો લેવાનો અવકાશ પણ મળ્યો નહિ. બંને પક્ષના યોદ્ધાઓ વચ્ચે તત્કાળ યુદ્ધ થયું. ઉભય પક્ષના સૈનિકો જુસ્સાભેર લડવા લાગ્યા. માવળાઓ કરતાં કિલ્લાની અંદરના મનુષ્યોની સંખ્યા ઘણી મોટી હતી; તેમ છતાં તાનાજીના યુદ્ધકુશળ યોદ્ધાઓ પાછા નહિ હટતાં અતિ શૌર્યપૂર્વક રજપૂતો સાથે લડ્યા અને તેમને મારી નાખવા લાગ્યા. કિલ્લા પરના લશ્કરનો પરાજય થવાનાં ચિહ્ન જણાયાં, એટલામાં ઉદયભાનુ અને તાનાજીની એક દૃષ્ટિ થતાં બંને વચ્ચે દ્વંદ્વયુદ્ધ જામ્યું. બંને શૂરવીર, બળવાન અને યુદ્ધકુશળ પ્રચંડ યોદ્ધા હતા. તેઓ વચ્ચે ઘણા વખત સુધી યુદ્ધ થયું. બંનેને ઘણા ઘા વાગ્યા. અંતે એકબીજાના ઘાથી બંનેએ એકીસમયે સમરભૂમિમાં પ્રાણત્યાગ કર્યો. પોતાનો મુખ્ય સરદાર યુદ્ધમાં મરણ પામવાથી શત્રુની વિશેષ સંખ્યા આગળ વિજય મેળવી શકાશે નહિ, એમ જાણીને માવળા સૈનિકો પાછા હટ્યા. તેઓ જે માર્ગે કોટ પર ચડ્યા હતા તેજ માર્ગે પાછા જવા લાગ્યા. કોટ બહાર ઊભેલો તાનાજીનો નાનો ભાઇ સૂર્યાજી, કિલ્લામાં બનતો બનાવ જોવાને પોતાનાં મનુષ્યો સહિત કોટ ઉપર ચડ્યો હતો. તેણે પોતાના બંધુને યુદ્ધભૂમિ ઉપર પડેલો જોઈ અને માવળાઓને નાસભાગ કરતા જોઈ તેમને કહ્યું કે, “તમારા પિતાનું મુડદું ઢેડ લોકો ઊંચકી લઇ જાય એ તમારામાંથી કોને પસંદ પડશે વારૂ? કોટ બહાર નાસી જવાની આશા રાખશો નહિ. દોરડું મેં ક્યારનુંય કાપી નાખ્યું છે. તમે શિવાજી મહારાજના પ્રમાણિક અને શૂરવીર સિપાઇ છો, એ બતાવી આપવાનો આજ સમય છે. મૃત્યુની ભીતિ

[×] પોવાડામાં લખ્યું છે કે, કોટ ઉપર ચડ્યા પછી દોરડું તૂટી ગયું હતું.

રાખી રણભૂમિમાંથી નાસી જઈ શત્રુને પીઠ બતાવવી એ સાચા વીરપુરુષને શોભતું નથી. ચાલો વીર પુરુષો! પાછા ફરો અને શત્રુને તમારૂં શૌર્ય બતાવો." સૂર્યાજીનું વીરોત્સાહ પ્રદીપ્ત કરનારૂં સંભાષણ સાંભળીને અને સૂર્યાજી જેવા પોતાના નવીન જુસ્સાદાર વીર આગેવાનને સન્મુખ આવેલો જોઇને સર્વ માવળાઓના હૃદયમાં નવો જુસ્સો ઉત્પન્ન થયો. તેઓની નસેનસમાં વીરરક્ત ઊછળવા લાગ્યું. તેમના શરીરમાં શિવાજી મહારાજ પ્રત્યેનું અભિમાન પુનઃ જાગૃત થયું અને પોતાની સ્વદેશપ્રીતિનું પુનઃ સ્મરણ થયું. પોતાનો શૂરવીર અને પ્રિય સેનાપતિ રણમાં પડેલો હતો તેનું વૈર વાળવાની તેમનામાં હિંમત આવી. તેઓ પુનઃ જુસ્સાભેર હુમલો કરવા તૈયાર થયા. માવળા લોકોના અંતઃકરણમાં એક વખત ક્રોધનો પવન ભરાયા પછી તેઓ પોતાના પ્રાણની દરકાર નહિ કરતાં સન્મુખ આવેલા શત્રુઓ ગમે તેટલા પ્રબળ હોય તોપણ તેમની સાથે યુદ્ધ કરવા તૈયાર થતા; તેમાં વળી એ તો તાનાજીએ ચૂંટી કાઢેલા માવળા યોદ્ધા હતા. પછી પૂછવુંજ શું? "હર હર મહાદેવ"ની ગગનભેદી ગર્જના કરી તેઓ શત્રુ ઉપર એકદમ તૂટી પડ્યા. શત્રુઓનો પરાજય કરી તેઓએ કિલ્લો કબજે લીધો. એ ઘોર સંગ્રામમાં આશરે ત્રણસો માવળા રણમાં પંચત્વ પામ્યા. આશરે પાંચસો રજપૂત સિપાઇઓના મૃતદેહ સમરભૂમિ પરથી મળ્યા અને થોડાક સૈનિકો સંતાઈ રહ્યા હતા તેઓ શરણે આવ્યા તથા ઘણા રજપૂત સૈનિકોએ કોટ ઉપરથી ભૂસકા મારી પ્રાણત્યાગ કર્યા.

યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી ગઢ કબજે લેવાના આનંદદાયક સમાચાર શિવાજી મહારાજને નિવેદન કરવા માટે પ્રથમથી કરી રાખેલા સંકેત પ્રમાણે સૂર્યાજીએ ઘાસનું એક ઝૂંપડું સળગાવી દીધું. એ હુમલાનું પરિણામ જોવાની મહારાજને ઉત્કંઠા થઇ રહી હતી, તેથી ઝૂંપડાને આગ લાગેલી જોઇ તેમને અત્યંત હર્ષ ઉત્પન્ન થયો; પરંતુ એ જીવસટોસટના કાર્યમાં પોતાના અત્યંત પ્રમાણિક અને જીવજાન મિત્રના મરણ સમાચાર સાંભળ્યા ત્યારે તેમને અતિશય દિલગીરી થઇ. મહારાજે એ સમયે કહ્યું હતું કે, "ગઢ તાબામાં આવ્યો પણ સિંહ ગયો.*" યુદ્ધમાં જે માવળા સૈનિકોએ બહાદુરી બતાવી હતી તેમને મહારાજે ઇનામ આપ્યાં. પ્રત્યેકને ઇનામમાં એક એક રૂપિયાની વીંટી આપી. તેમના ઉપરી અમલદારોને પણ તેમણે યોગ્યતા પ્રમાણે ઇનામ આપ્યાં. એ પ્રસંગે સૂર્યાજીએ અપ્રતિમ પરાક્રમ અને શૂરવીરપણું બતાવ્યું હતું, તેથી તેનાં વખાણ કરી તેને

---

* કેટલાક ઇતિહાસકર્તા લખે છે કે, અત્યાર સુધી એ કિલ્લાનું નામ કોંડાણા હતું; પરંતુ મહારાજના ખેદોદ્ગારને લીધે તેનું નામ સિંહગઢ પાડ્યું.

સિંહગઢ ઉપર મુખ્ય અધિકારી નીમ્યો.

સિંહગઢ તાબામાં આવ્યા પછી પુરંદરનો કિલ્લો જીતવામાં વિલંબ થયો નહિ. સિંહગઢ જીત્યા પછી એક મહિને સૂર્યાજી પોતાના માવળા યોદ્ધાઓ સહિત રાત્રિને સમયે એકાએક પુરંદરના કિલ્લા પર ચડાઇ લઈ ગયો. તેણે કિલ્લા પરના સિપાઇઓને કાપી નાખી ત્યાં મહારાજની ધ્વજા ફરકાવી. સિંહગઢ ઉપર માવળાઓએ છાપો મારીને પોતાના રજપૂત બંધુઓને કેવી રીતે પાયમાલ કર્યા હતા, તેની એ કિલ્લા પરના રજપૂતોને સારી પેઠે ખબર હતી. માવળાના એ હુમલાથી તેઓ ગભરાઇ ગયા. તેમનો સમુદાય મોટો હોવા છતાં માવળા સાથે રણસંગ્રામ કરવાની તેમનામાં હિંમત નહોતી, તેથી મહારાજના વિશેષ સિપાઇઓનો નાશ થયો નહિ. ત્યારબાદ કેટલાક દિવસો વીત્યા પછી મહારાજે ચાંદોર શહેર ઉપર સવારી કરી અને બાદશાહનો ચાળીશહજારનો ખજાનો લૂંટી લીધો. આ લૂંટમાં તેમને એક હાથી અને બાર ઘોડા પણ પ્રાપ્ત થયા હતા.

પુરંદરનો કિલ્લો હાથમાં આવ્યા પછી મોગલોના તાબાનો માહુલીનો કિલ્લો સર કરવા માટે મહારાજે મોરો પંતને મોકલ્યો. તેણે એ કિલ્લાને ઘેરો ઘાલી તે પર એકદમ હુમલો કર્યો. એ સમયે ઉભય પક્ષના સૈનિકો વચ્ચે તુમુલ યુદ્ધ થયું. મોરો પંતના એકહજાર માવળા સિપાઇઓ રણમાં પડ્યા અને તેનો પરાજય થવાથી પાછું હઠવું પડ્યું, છતાં તે જરા પણ ગભરાયો નહિ, કિંવા નિરાશ થયો નહિ. તેણે જુસ્સાભેર કિલ્લાનો ઘેરો ચાલુ રાખ્યો. કિલ્લામાંના સિપાઇઓ પણ શૌર્યપૂર્વક કિલ્લાનું રક્ષણ કરવા લાગ્યા. મોરો પંત પેશ્વાએ થોડીક વિશ્રાંતિ લીધા પછી પુનઃ કિલ્લા પર હુમલો કર્યો, પરંતુ આ વખતે પણ કિલ્લા પરના સૈનિકોએ તેને પાછો હઠાવ્યો. બે વખત પાછું હઠવું પડ્યું છતાં મોરો પંતના સૈનિકો નિરાશ થયા નહિં. કિલ્લા પરના સૈનિકોને જુન્નરથી મદદ મળવાની આશા હતી, તેથી તેમણે છેવટ સુધી હિંમત રાખી. બે મહિના સુધી ઉભય પક્ષના સૈનિકો વચ્ચે યુદ્ધ ચાલ્યું. બંને પક્ષના સૈનિકો અતિ શૌર્યથી યુદ્ધ કરતા હતા; પરંતુ અંતે શત્રુના સૈનિકો નિર્બળ થયા. કિલ્લો પેશ્વાના તાબામાં આવ્યો.× ત્યાર પછી કર્નાળાનો કિલ્લો પણ મહારાજના

× બુંદેલા લખે છે કે, એ કિલ્લાને મહારાજે ઘેરો ઘાલ્યો હતો. તે પર મનોહરદાસ નામક એક રજપૂત સરદાર કિલ્લેદાર હતો. તેને અન્નાદિ સામગ્રીની તંગી પડવાથી તે ગભરાયો; તેથી તેણેજ મહારાજને કહાવ્યું કે, " હું રજપૂત છું, એકેએક મનુષ્યો રણમાં પ્રાણમુક્ત થશે ત્યાંસુધી હું કિલ્લો છોડનાર નથી. મહારાજને એ કિલ્લાના ગુપ્તમાર્ગની ખબર હતી. તેમાંના એક માર્ગે થઇને મહારાજ કિલ્લા પર ચડ્યા, પરંતુ શત્રુના સૈનિકો સાવધ હોવાથી તેઓ મહારાજના

સૈનિકોએ છાપો મારી સર કર્યો અને વર્ષાઋતુ શરૂ થતાં પહેલાં કલ્યાણ પ્રાંત પુનઃ કબજે કર્યો. લોહગઢ, શિવનેરી, ત્ર્યંબક, રોહિડા, અહિવંત, રાવળજાવળા, મકરંદગઢ વગેરે કેટલાક કિલ્લા હજુ સુધી મોગલોના તાબામાં રહ્યા હતા, તે મહારાજે છાપા મારી સર કર્યા. સન ૧૬૭૦ ના એપ્રિલ માસની આખર સુધીમાં અહમદનગર, જુન્નર, પરેન્ડા વગેરેની આસપાસનાં મોગલોનાં એકાવન ગામ મહારાજનાં માણસોએ લૂંટી લીધાં.

જે વખતે મહારાજની સેનાએ આ પ્રવૃત્તિ શરૂ કરી હતી તે વખતે ખાનદેશમાં દાઉદખાન હતો. તે પોતાની ઘોડેસવાર સેના લઇને અહમદનગર આવ્યો અને તેણે તેમના ઉપર સાતહજાર ઘોડેસવારની સેના રવાના કરી. તે વખતે મહારાજની સેનાએ તે પ્રાંતના ત્રણ કિલ્લાને ઘેરો નાખેલો હતો, તે તેમને ઉઠાવી લેવો પડયો. આ પ્રમાણે તેમને મોગલ સરદાર તરફથી હરકત આવી ખરી, પણ ઔરંગાબાદમાં મોઆઝીમ અને દિલેરખાન વચ્ચે કલહ શરૂ થઈ ચૂકયો હતો અને ઔરંગઝેબને પોતાના પુત્ર ઉપર સંશય આવેલો હોવાથી મોગલસેના તરફથી મહારાજને કંઈ ખાસ મુસ્કેલી પડી નહિ અને તેથી પોતાની મરજી પ્રમાણે તેઓ મોગલપ્રાંતમાં તોફાન કરવા લાગ્યા. ×

આ અરસામાં શિવાજી મહારાજે પોતાનું કેટલુંક સૈન્ય જંજીરાના સીદી ઉપર રવાના કરેલું હતું. તે સેનાએ તેના પ્રદેશમાં એકસરખા હુમલા કરીને તેને હેરાન કરી નાખ્યો, ત્યારે તેણે મોગલોની મદદ માગી હોય એમ લાગે છે; કારણકે સન ૧૬૬૯માં ઔરંગઝેબે શિવાજી મહારાજને એક પત્ર લખીને જણાવ્યું હતું કે, તેમણે સીદીને રસ્તે જવું નહિ. સુરતના અંગ્રેજ વેપારીઓને આ પ્રસંગે સીદીએ એવું લખી જણાવ્યું હતું કે, “ આખર સુધી કિલ્લાનો બચાવ કરવા માટે મરાઠાઓ સાથે યુદ્ધ ચાલુ રાખવાનો મેં સંકલ્પ કરેલો છે અને છેવટે કિલ્લામાં અનાજપાણી ખૂટવા-

---

સૈન્ય ઉપર તૂટી પડયા. ઝપાઝપીમાં મહારાજના ઘણા સૈનિકો ઘાયલ થયા. સૈનિકોની પાયમાલી થવાથી મહારાજને એકાએક ઘેરો ઉઠાવી લેવો પડયો; પરંતુ થોડા વખતમાંજ તેમણે છાપો મારી કિલ્લો સર કર્યો.

× આ વખતના સુરતના અંગ્રેજ વેપારીઓ જણાવે છે કે, હવે શિવાજી મહારાજ ચોર પ્રમાણે છાપા મારતા નથી પણ પોતાની સાથે ત્રીસહજાર માણસની સેના લઇને ઉઘાડી રીતે મોગલોના પ્રાંત ઉપર સવારી કરે છે અને વિજય પ્રાપ્ત કરે છે. બાદશાહનો શાહજાદો ઔરંગાબાદમાં પડેલો છે તેની તેમને કશી પરવા હોય એમ લાગતું નથી.

થી જો પરાજયનો પ્રસંગ આવશે તો કિલ્લો મોગલોને સ્વાધીન કરી દેવાનો મેં નિર્ણય કરેલો છે.” આ નિર્ણયની મહારાજને સંપૂર્ણ ખબર હતી. તે સિવાય જ્યારે જયસિંહે વિજાપુર સરકાર ઉપર સવારી કરી ત્યારે પોતે વિજાપુર સરકારને તાબે છે એવું કહેવડાવતાં છતાં જયસિંહરાજાએ આપેલી લાલચથી સીદીએ તેને મદદ કરી હતી. પાછળથી જ્યારે પુરંદર આગળ મહારાજને જયસિંહ રાજા સાથે તહ થયું ત્યારે જંજીરા પોતાને સ્વાધીન કરવો એવી શરત મહારાજે મૂકેલી હતી, પણ તે તેણે માન્ય કરી ન હતી; તેથી જો આ જંજીરાનો કિલ્લો મોગલોના તાબામાં જશે તો પશ્ચિમ કિનારો પોતાના તાબામાં બિનહરકતે આવશે નહિ અને આરમાર (નૌકાસૈન્ય) તૈયાર કરવામાં પોતાનો જે ઉદ્દેશ છે તે સફળ થશે નહિ, એમ મહારાજને લાગવાથી સીદીનો નાશ કરવાનો તેમણે દૃઢ સંકલ્પ કરેલો હતો. આથી સન ૧૬૭૦ માં મહારાજે જાતે જંજીરા પર સવારી કરી અને ઘેરો નાખીને જમીન પરથી તોપોનો મારો શરૂ કર્યો. ચોમાસું શરૂ થવા છતાં પણ તેમણે આ ઘેરો ઉઠાવ્યો નહોતો અને તોપોનો મારો પણ ઓછો કર્યો નહોતો. ચોમાસું શરૂ થતાં પહેલાં કિલ્લો હસ્તગત કરવાનો સંકલ્પ કર્યો હોવાથી, મહારાજ પોતાનું અપૂર્વ પરાક્રમ બતાવતા હતા. કિલ્લાને ઘેરો નાખીનેજ તેઓ બેસી રહ્યા નહોતા. તેમણે કિલ્લાના માલિક ફતેહખાનને મોટી રકમ અને જાગીર આપવાની લાલચ બતાવી, કિલ્લો ત્યાગ કરવાનું કહાવ્યું હતું. ફતેહખાન આવી લાલચથી ભોળવાયો નહિ એટલુંજ નહિ, પણ પોતાને આવી લાલચ બતાવી તે બદલ તેને મહારાજ ઉપર ગુસ્સો પણ આવ્યો; પરંતુ મહારાજે તોપોનો મારો ચલાવ્યાથી ફતેહખાનનું ધૈર્ય ખૂટી ગયું. અંતે તે મહારાજને શરણે આવી તેમના આશ્રયમાં રહેવા કબૂલ થયો. તેના હાથ નીચેના ત્રણ સરદારોને મહારાજ પર વૈર હતું. તે સરદારોને ફતેહખાનની યોજના પસંદ પડી નહિ. તેમને સ્વધર્મનું વિશેષ અભિમાન હતું. હિંદુ પર અને વિશેષતઃ મરાઠાઓ પર તેમને અતિશય તિરસ્કાર હતો. કાફરોને શરણે જઇ તેમના તાબેદાર થઇ રહેવું, એ તેમને બિલકુલ પસંદ નહોતું. ફનેહખાન પરાજય પામી મહારાજને શરણે જવાથી તેઓ બચવા પામશે નહિ એવી તેમને બીક લાગી; તેથી ગમે તે ઉપાયે ફતેહખાનની યોજના બંધ પાડવાનો તેમણે નિશ્ચય કર્યો. એ ત્રણે સરદારોએ પોતાના જાતિબંધુઓ સાથે સલાહમસલત ચલાવી તેમની સહાયતા વડે ફતેહખાનને કેદ કર્યો અને કિલ્લો બચાવવાનું કામ જુસ્સાભેર ચાલુ રાખ્યું; તેમ છતાં શિવાજી મહારાજ સમક્ષ ટકી શકાશે નહિ, એમ જાણીને તેઓએ સુરત મુકામે મોગલસરકારને કહાવ્યું કે, “આ પ્રસંગે અમને જોઇએ તેટલી સહાયતા કરવાથી

અને ભવિષ્યમાં પ્રસંગોપાત સહાયતા કરવાનું અભિવચન આપવાથી વિજાપુર સરકારની તાબેદારીમાંથી મુક્ત થઈ, અમારા તાબાનાં સૈનિકવહાણો સહિત અમે મોગલ બાદશાહની સેવા કરવા તૈયાર થઇશું અને જંજીરાનો કિલ્લો અમને મોગલ બાદશાહ તરફથી જાગીરમાં મળ્યો છે એમ માનીશું." મોગલસૂબેદારને એ માગણી પસંદ પડવાથી તેણે તે સંબંધી મોગલબાદશાહને ભલામણ કરવાથી, બાદશાહે તેમની અરજી મંજૂર કરી. ત્રણ સરદારમાંથી એકને કિલ્લાનો માલિક બનાવી તેમણે તેને 'યાકુતખાન'નો નવો ખિતાબ આપ્યો.*

સીદીને મોગલોની મજબૂત સહાયતા મળવાથી તેણે મહારાજના તોપોના મારાને ગણકાર્યો નહિ. મહારાજે વિચાર્યું કે, એકજ કિલ્લાને ઘણા દિવસ ઘેરો નાખી બેસી રહેવું અને બીજાં મહત્ત્વનાં કાર્યો તરફ દુર્લક્ષ્ય કરવું એ યોગ્ય નથી; એમ ધારી તેમણે પોતાનો સંકલ્પ અપૂર્ણ રહેવા દઇ ત્યાંથી છાવણી ઉઠાવી અને ભવિષ્યમાં અનુકૂળ સંધિ પ્રાપ્ત થતાં સીદીનો મદ ઉતારવાનો નિશ્ચય કર્યો.

સુરતના સૂબેદારે સીદીને મદદ કર્યાથી મહારાજનો સિદ્ધ થવા જેવો ઉદ્દેશ અપૂર્ણ રહી ગયો, તેથી તેના શહેર ઉપર પુનઃ એક વખત હુમલો કરી તેની નસ દબાવવાનો વિચાર કર્યો. મહારાજે ચોમાસું પૂરૂં થતાં ન થતાંજ પંદર હજાર ઘોડેસવાર સહિત તેના શહેર ઉપર અકસ્માત્ હુમલો કર્યો; પરંતુ એ અરસામાં સૂબેદારને કંઇક વ્યાધિ થવાથી તે મૃત્યુ પામ્યો હતો. તેમજ શહેરના રક્ષણ માટે રાખેલા પુષ્કળ સૈનિકોને જયસિંહે કિંવા શાહજાદાએ પાછા બોલાવી લીધા હતા. એ સ્થિતિ કાં તો દૈવેચ્છાથી કે કાં તો શિવાજી મહારાજના સુભાગ્યેજ થઇ હતી. ગમે તેમ હો, પણ મહારાજ સુરત શહેર પુનઃ લૂંટી શક્યા. કિલ્લો સર× કરીને તેમાં પોતાના થોડાક સૈનિકો રાખી તેઓએ નિશ્ચિંત જીવે ત્રણ દિવસ સુધી સુરત શહેર લૂંટયું.

સુરત શહેર ઉપર મહારાજ હુમલો કરવાના છે એવો ભય ગુજરાતના મોગલ સૂબેદારને લાગવાથી તેણે યુદ્ધની તૈયારી શરૂ કરી. તેણે વિજાપુર સરકારને પોતાની કુમકે બાર હજારની સેના મોકલવાનું લખી જણાવ્યું. તેજ પ્રમાણે મુંબઇના અંગ્રેજ વેપારીઓ પાસે

---

* પ્રો. સરકાર જણાવે છે કે, આ ત્રણ સરદારોમાંથી એકનું નામ સીદી સંબળ હતું. તેને મોગલ આરમારનો સેનાપતિ નીમીને ત્રણ લાખની જાગીર કરી આપી હતી અને સીદી કાસીમ તેમજ સીદી ખૈરાતને જંજીરા અને તેની આજુબાજુની વ્યવસ્થા કરવાનું કામ સોંપ્યું હતું. આ રીતે સીદીનું સઘળું આરમાર મોગલોના તાબામાં ગયું.

× તે સમયનો અંગ્રેજ પ્રવાસી ડૉ. ફ્રિયર લખે છે કે, મહારાજે સુરંગ ફોડીને એ કિલ્લો તોડી પાડવાનો પ્રયત્ન કર્યો હતો; પરંતુ મોગલ લશ્કરે તેમને ત્યાંથી હાંકી કાઢ્યા હતા.

તેણે દારુગોળાની માગણી કરી; પરંતુ આ સર્વ તૈયારી સંપૂર્ણ થાય તે પહેલાંજ તા. ૩ ઓકટોબર, સને ૧૬૭૦માં મહારાજે સુરત પર હલ્લો કર્યો. સપ્ટેંબર મહિનાથી મહારાજ કલ્યાણ આગળ પોતાના સૈન્યનો જમાવ કરે છે અને ગુજરાત ઉપર તેમની સવારી થવાની છે એવા સમાચાર અંગ્રેજ વેપારીઓને પ્રથમથીજ મળી ચૂક્યા હતા. સૌથી પ્રથમ તેમનો હલ્લો સુરત ઉપરજ થશે એવી તેમને ખાતરી હોવાથી અંગ્રેજ, ફ્રેંચ, ડચ, વગેરે વેપારીઓએ પોતાની વખારમાંનો સઘળો માલ ત્યાંથી દસબાર માઇલને અંતરે આવેલા એક સ્વાલી નામના બેટમાં લઇ જઇને ભર્યો; અને લાકડાના મોટા મોટા તકતાઓની દીવાલ કરીને તે ઉપર તોપો ગોઠવી. તેમજ સુરતમાં પોતાની વખારનો નાશ થાય નહિ તેટલા માટે, અંગ્રેજોએ તેના રક્ષણ માટે પોતાનાં કેટલાંક માણસોને પણ ત્યાં ગોઠવી દીધાં. શહેરમાંના મોટા મોટા વેપારીઓ અને અમલદારો નાસી ગયા. આ સમયે બાદશાહ ઔરંગઝેબની આજ્ઞાથી સુરત શહેરને કિલ્લેબંદી કરવામાં આવી હતી; પરંતુ તેના રક્ષણ માટે શહેરમાં આ સમયે મોગલ સૈન્યના માત્ર ત્રણસો સૈનિકો હતા. તેથી તેઓ મહારાજના સૈન્ય આગળ ટકી શક્યા નહિ અને કિલ્લામાંથી નાસી છૂટ્યા. મહારાજનું સૈન્ય કિલ્લામાં દાખલ થયું. શહેરના દરેક મકાન ઉપર ચોકીઓ ગોઠવીને તેમાંનો માલ લૂંટવામાં આવ્યો; પરંતુ અંગ્રેજ, ફ્રેંચ અને ડચ લોકોની વખારોને તેમણે કશુંજ નુકસાન કર્યું નહિ. અંગ્રેજોની વખારના રક્ષણ માટે મૂકેલાં માણસોએ મહારાજના સૈન્ય ઉપર તોપો અને બંદૂકોનો મારો ચલાવ્યો હતો, તેથી તેમનાં થોડાંક માણસો મરાયાં હતાં; તેથી ત્રીજે દિવસે જ્યારે તેઓ અંગ્રેજોની વખાર ઉપર હુમલો કરવાને ગયા, ત્યારે અંગ્રેજો તરફથી બે માણસો નજરાણું લઇને શહેર બહાર જ્યાં શિવાજી મહારાજનો તંબૂ નાખેલો હતો ત્યાં ગયા અને સ્નેહભાવથી વાતચીત કરી; ત્યારે મહારાજે તેમને આશ્વાસન આપ્યું અને કહ્યું કે, “ અંગ્રેજ મારા દોસ્ત છે. હું તેમનું કશુંજ નુકસાન કરવાનો નથી.” પહેલેજ દિવસે મહારાજે ડચ લોકોને કહાવી મોકલ્યું હતું કે, “જો તમે તમારા સ્થાનમાંજ સ્વસ્થ બેસી રહેશો અને કશી ગડબડ નહિ કરો તો મારા તરફથી તમને કશોય ઉપદ્રવ કરવામાં આવશે નહિ.” તેમણે એ પ્રમાણે વર્તવાનું કબૂલ કરવાથી મહારાજનાં માણસો તેમના તરફ બિલકુલ ગયાં નહિ. ફ્રેંચ વખારવાળાઓએ પ્રથમથીજ મહારાજ સાથે નમ્રતાથી વર્તીને તેમને કંઇક ખંડણી આપી, પોતાનો બચાવ કરી લીધો હતો. તે અરસામાં કાસ્કારનો તાર્તર જાતિનો રાજા સુરતમાં રહેતો હતો. તેને તેના પુત્રે ગાદીપરથી પદચ્યુત કરેલો હતો; તેથી મક્કાની યાત્રા કરી આવીને ઔરંગઝેબનો આશ્રય લઇ તે અહીં આગળ

રહેતો હતો. તેના મકાન ઉપર હલ્લો કરવાથી પુષ્કળ ધનની પ્રાપ્તિ થશે, એવું લાગવાથી મહારાજે ત્યાં હુમલો કરવાનો વિચાર કર્યો. તેના મકાન પર જવાનો રસ્તો ફ્રેંચલોકોની વખાર આગળ થઇને જતો હતો; છતાં મહારાજનાં માણસોને તેમણે બિનહરકતે જવા દીધાં. તે મકાનની લૂંટમાં મહારાજને સોનું, રૂપું અને જવાહિર પુષ્કળ પ્રમાણમાં મળ્યું.

શહેરની લૂંટ પૂરી થયા પછી મહારાજનો મોરચો સ્વાલી બેટ તરફ ફરશે અને ત્યાં નાસી ગયેલા વેપારીઓને પોતાને સ્વાધીન કરવાની તેમજ પોતાને ખંડણી આપવાની માગણી તેઓ યુરોપિયન વેપારીઓ પાસે કરશે, એવી દહેશત લાગવાથી તે વેપારીઓએ પોતાનો સર્વ માલ તરાપાઓ પર ચઢાવ્યો; પરંતુ તે દિવસે નદીમાં ભરતી આવવાની હોવાથી, મરાઠાઓ બેટ ઉપર સવારી કરી શક્યા નહિ એવું કહેવાય છે.

ત્રીજે દિવસે મહારાજને બુરાનપુરથી સમાચાર મળ્યા કે, સુરત શહેરના રક્ષણ માટે મોગલોનું પ્રચંડ સૈન્ય આવે છે. એ સાંભળી મહારાજે ત્યાંથી પોતાની છાવણી ઉપાડી લઇ લૂંટેલા સામાન સાથે સ્વદેશ તરફ પ્રયાણ કર્યું. મહારાજે સુરતથી જતી વખતે ત્યાંની પ્રજાને એક પત્રમાં લખી જણાવ્યું હતું કે, “ તમે પ્રતિ વર્ષે મને બાર લાખ રૂપિયા ખંડણી પહોંચાડશો તો પુનઃ તમારૂં શહેર લૂંટાવાની ધાસ્તી રહેશે નહિ.” આ વખતે મહારાજે ૬૬ લાખની લૂંટ મેળવી હતી.

શિવાજી મહારાજે સુરત શહેર લૂંટી બાળી નાખવાના સમાચાર ઔરંગાબાદ પહોંચ્યા ત્યારે ત્યાંના સૂબેદારે મહોબતખાન અને દાઉદખાન નામક સરદારોને આઠદસ હજાર સૈનિક સાથે સુરતના સૈનિકોની મદદ માટે રવાના કર્યા. મહારાજ સાલેરને માર્ગે પાછા ફરતાં ચાંદોર પાસે કંચનમંચન નામક સ્થળે પહોંચવા પહેલાંજ મોગલ સરદારે તેમને વણીદિંડોરી નામક સ્થળે પકડી પાડ્યા. મહારાજની ઇચ્છા હતી કે, નાશિક પાસેની ઊંડી ખીણમાં થઇને નીચલા વિભાગમાં ઊતરી પડવું, પણ એટલામાં મોગલોનું ઘણું લશ્કર તેમની નજીક આવી પહોંચ્યું. શત્રુએ આગળ જવાનો માર્ગ રોકયાથી લૂંટમાં મેળવેલું દ્રવ્ય ખીણમાં સુરક્ષિત રીતે ઉતારવાની મહારાજને ચિંતા થઇ. તેમણે પોતાના લશ્કરની પાંચ ટુકડીઓ બનાવી. એક ટુકડીને શત્રુ સામે જઇ ગોફણ મારવાની અને બીજી બે ટુકડીને શત્રુની બન્ને બાજુએ હુમલો લઇ જવાની આજ્ઞા કરી. એક ટુકડીના સ્વાધીનમાં લૂંટનો સઘળો માલ આપી આજ્ઞા ફરમાવી કે, શત્રુની ત્રણ બાજુએથી હલ્લો કરવાથી તેઓ યુદ્ધકાર્યમાં ગૂંથાય તે સમયે તમારે ઝપાટાબંધ તેના લશ્કરમાં થઇને નીકળી જઈ

પર્વત ઊતરી પેલી તરફ ચાલ્યા જવું. મહારાજ એ ટુકડીની સાથે હતા. સઘળા જુસ્સાભેર ચાલ્યા જતા હતા; એ જોઈ દાઉદખાને તેમની પૂંઠ પકડી. શિવાજી મહારાજે થોડાંક મનુષ્યોસહિત ખાન સાથે યુદ્ધ કર્યું. તેને ત્યાંજ અટકાવી રાખી, લૂંટમાં મેળવેલો માલ બાકીના સિપાઇઓ સાથે સુરક્ષિતપણે ખીણના ઊંડા પ્રદેશમાં મોકલી દીધો. શત્રુના સૈનિકો ઉપર એકદમ ચારે દિશામાંથી હુમલો થયો ત્યારે મોગલ સરદારે પોતાના સર્વ સૈનિકોને એક ટેકરી ઉપર એકઠા કરી મહારાજના લશ્કર સાથે યુદ્ધ કરવા માંડયું. એ સમયે મહારાજ પોતાના શરીર ઉપર બખ્તર અને માથે બખ્તર–ટોપી પહેરીને તથા બન્ને હાથમાં બે પટા ચઢાવીને ઘોડેસવાર થઇ યુદ્ધ કરતા હતા. પ્રતાપરાવ સરનૌબત વગેરે સરદારોને પાછળથી રક્ષણ કરવાનું સોંપી મહારાજ પોતે શત્રુના સૈન્ય ઉપર ધસી ગયા. બન્ને સૈન્ય વચ્ચે ભયંકર યુદ્ધ ચાલ્યું. બંને પક્ષના સૈનિકો અતિ શૌર્યથી લડયા. પોતાના સૈનિકોનો ઉત્સાહ વધારવા માટે મહારાજ સ્વતઃ મોખરે રહીને શત્રુ સાથે યુદ્ધ કરતા હતા. તેઓને અતિશય ક્રોધ ઉત્પન્ન થવાથી તેમણે પોતાના શૌર્યની હદ બતાવી હતી. એ તુમુલ યુદ્ધ બે પ્રહર સુધી ચાલ્યું. તેમાં ત્રણ હજાર મોગલો રણમાં પડયા અને મોગલસરદાર રણમાંથી નાસી ગયો. મોગલસૈન્ય ગભરાઇ જઇ આમતેમ નાસી છૂટયું. તેમની પૂંઠ નહિ પકડતાં મોગલોની છાવણીમાંથી હાથી, ઘોડા વગેરે જે સામાન હાથ લાગ્યો તે લઇ મહારાજે ખીણમાં ઊતરવાની તૈયારી કરી. એટલામાં રાયબાગીણ નામક એક શૂરી સ્ત્રીએ પોતાના જગજીવન નામના પુત્ર અને કેટલાક લશ્કરસહિત મહારાજ સાથે યુદ્ધ કરવા માટે માર્ગ રોકયો. રાયબાગીણ એ માહુલના દેશમુખ ઉદારામની પત્ની હતી. એ યુદ્ધમાં તેનો પતિ મરણ પામતાં રાયબાગીણે આગેવાન થઇ લશ્કરને ધૈર્ય આપી મહારાજ સાથે યુદ્ધ કર્યું હતું. ઔરંગઝેબે રાયબાગીણની બહાદુરી જોઇ તેની ઘણી પ્રશંસા કરી અને તેને "રાયબાગીણ"નો ખિતાબ આપ્યો. એ સ્ત્રી માર્ગમાં આડી આવી તે સમયે મહારાજે તેના લશ્કરને ચારે દિશામાંથી ઘેરી લઇ તેઓને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી. અંતે રાયબાગીણ દાંતમાં ઘાસનું તૃણ લઇ મહારાજને શરણે આવી. મહારાજે તેનો આદરસત્કાર કરી કિંમતી વસ્ત્રાલંકાર અર્પણ કર્યાં અને તેની ઇચ્છામાં આવે ત્યાં જવાની રજા આપી.

સુરતથી પાછા ફર્યાં પછી મહારાજે પોતાનાં લશ્કરી વહાણો અને લશ્કર તૈયાર કર્યું. પ્રતાપરાવ ગુજરને દસ હજાર ઘોડેસવાર આપીને અને મોરોપંતને વીસ હજાર પાયદળ લશ્કર આપીને તેમને મોગલોના ઉત્તર પ્રાંત તરફ સવારી કરવા મોકલ્યા. એ પ્રાંતની પ્રજા ધનવાન હતી; પરંતુ ત્યાં મજબૂત બંદોબસ્ત નહોતો તેથી એ વિભા-

ગમાં સવારી કરવાથી મહારાજને પુષ્કળ ધનસંપત્તિ મળવાની આશા હતી અને તે આશા ફળીભૂત પણ થઇ હતી. પ્રતાપરાવ ગુજર ખાનદેશ ઉપર ચઢાઇ લઈ ગયો. એ પ્રાંત તે સમયે વસ્તીપૂર્ણ હોવા સાથે ધનવાન પણ હતો. પ્રતાપરાવે બુરાનપુર સુધી દોડ કરીને તેની પાસે આવેલું બહાદુરપુર નામનું ગામ લૂંટયું. તેણે આ વખતે બુરાનપુર ઉપર પણ હલ્લો કર્યો હોત, પણ તે વખતે યશવંતસિંહ* બુરાનપુરમાં હતો. તેણે પ્રતાપરાવને કહાવી મોકલ્યું કે, તેણે શહેર ઉપર હલ્લો કરવો નહિ. એટલે પ્રતાપરાવે પોતાનો મોરચો ત્યાંથી ફેરવી લીધો; પણ ત્યાંનાં બીજાં મોટાં મોટાં શહેરો લૂંટી લઈ પ્રજા પર વાર્ષિક કર બેસાડયો. પ્રત્યેક ગામના આગેવાનો પાસેથી લખાવી લીધું કે, “મોગલોને વાર્ષિક જે કર ભરવામાં આવશે તેનો ચોથો ભાગ શિવાજી મહારાજને અથવા તેમના અમલદારોને વસૂલ આપવામાં આવશે.” ચોથો ભાગ મળવાથી તે ગામમાં લૂંટ થવાની ધાસ્તી રહેશે નહિ, એટલુંજ નહિ, પણ તેમને કોઈ ત્રાસ આપશે તો શિવાજી મહારાજના સૈનિકો તેમનું રક્ષણ કરશે, એવું પ્રતાપરાવે તેમને આશ્વાસન આપ્યું હતું. મરાઠાઓનો પ્રથમ આ સમયેજ મોગલોના પ્રાંતમાં ચોથા ભાગનો હક દાખલ થયો. એ પ્રવાસમાં પ્રતાપરાવે કારંજા શહેર લૂંટી ત્યાં ત્રણ દિવસ છાવણી નાખી હતી. ત્યાંની પ્રજા પોતાના ઘરમાં દ્રવ્ય દાટી રાખે છે, એવું જાણતાંજ પ્રતાપરાવે મોટા મોટા શ્રીમંતોનાં મકાનો ખોદાવી તેમાં દાટેલું દ્રવ્ય કાઢી લીધું અને ત્યાંના શ્રીમંતોને કેદ પકડાવી મંગાવ્યા. કેટલાક શ્રીમંતો સ્ત્રીનો વેશ ધારણ કરી સંતાઇ રહ્યા, તેટલાજ તેમના હાથમાંથી બચી ગયા. શિવાજી મહારાજે પોતાના મનુષ્યોને સખ્ત તાકીદ આપી હતી કે, કોઇ પણ સમયે સ્ત્રીજાતિને કોઇ પણ પ્રકારનો ત્રાસ આપવો નહિ.× પ્રતાપરાવે શત્રુના પ્રાંતમાં એવો ત્રાસ

---

* બુરાનપુર એ ખાનદેશનું મુખ્ય શહેર છે અને તે દાઉદખાનના તાબામાં હતું. આ સમયે તે બીજા યુદ્ધના કાર્યમાં રોકાયેલો હોવાથી તેનો છોકરો અહમદખાન તેના વતીનું કામકાજ કરતો હતો. શાહજાદા મોઆઝીમના ખર્ચ માટે પાંચ લાખ રૂપિયાની માગણી કરવાને યશવંતસિંહ આવ્યો હતો. તેને અહમદખાને એવો જવાબ આપ્યો હતો કે, “તમે બાદશાહનો હુકમ લઈ આવો તો પાંચને બદલે વીસ લાખ રૂપિયા આપવાને હું તૈયાર છું.” આવો જવાબ મળવાથી યશવંતસિંહે બુરાનપુર શહેરને લૂંટવાની ધમકી આપી હતી. તે આવી ખટપટમાં હતો તેથીજ તેણે પ્રતાપરાવને વાર્યો હશે.

× સભાસદ લખે છે કે, મહારાજે પોતેજ કારંજા શહેર લૂંટયું હતું.

વર્તાવી મૂક્યો હતો, તે સમયે મોરો પંતે પોતાના પાયદળ લશ્કર સહિત મોગલોના પ્રાંતમાં પ્રવેશ કરી ઔંધ, પટ્ટા, સાલેરા, માલેચી, રામનગર અને ત્ર્યંબકગઢ વગેરે કબજે કરી સ્થળે સ્થળે નવા ગઢ બાંધ્યા હતા.

લશ્કરી વહાણો તૈયાર કર્યાં તેમાં એકસોસાઠ મોટાં વહાણો હતાં. મહારાજના સૈનિકો ભરૂચ શહેર ઉપર સ્થળમાર્ગે હુમલો કરે, તે સમયે જળમાં રહી એ વહાણોએ તેમને સહાયતા આપવાનો ઠરાવ કરી વહાણોને ભરૂચ તરફ રવાના કર્યાં. વહાણો મુંબઇ થઇને આગળ ચાલ્યાં તે સમયે મહારાજે તેમને પાછાં ફરવાની આજ્ઞા કરી. વહાણ પાછાં આવતાં હતાં તે દરમ્યાન માર્ગમાં તેમને દમણ આગળ ફિરંગી લોકોનું એક મોટું વહાણ મળ્યું. વહાણના સૈનિકો તેને પકડી દાભોલની ખાડીમાં લાવ્યા. કહેવામાં આવે છે કે, એજ અરસામાં ફિરંગીઓ મહારાજનાં દસબાર વહાણ પકડી વસઇની ખાડીમાં લઈ ગયા હતા. એ ઉપરથી અનુમાન થાય છે કે, મહારાજનાં અને ફિરંગીનાં વહાણો વચ્ચે દમણ અને મુંબઇની વચમાં કોઇક સ્થળે યુદ્ધ થયેલું હોવું જોઇએ.

મોગલોના રાજ્યમાં ચારે તરફ મહારાજ એટલું બધું તોફાન મચાવતા હતા, છતાં મોગલો તરફથી તેમનો જોઇએ તેવો પ્રતિકાર થતો નહોતો એ અજાયબીભરેલું જણાય છે; પરંતુ એતું કારણ મોગલ બાદશાહના દક્ષિણના સૂબેદાર પાસે એ સમયે જોઇએ તેટલુંજ સૈન્ય હતું એમ જણાય છે. ઔરંગઝેબ જેવા વહેમી બાદશાહે તેની મદદે વિશેષ લશ્કર મોકલવાનું કામ જોખમભરેલું ધાર્યું હતું. માહુલીના કિલ્લા પર પેશ્વાએ હુમલો કર્યો, તે સમયે જુન્નરમાં વિશેષ લશ્કર રાખવાનું ઇષ્ટ જણાયાથી ત્યાંના લશ્કરમાં તેણે વધારો કર્યો હતો; અને આસપાસના પ્રાંતોને ઉપયોગી થઇ પડે એટલા માટે સુરતમાં પાંચ હજાર સૈનિકો વધારે રાખ્યા હતા; પરંતુ મહારાજના લશ્કર સાથે સરખાવતાં મોગલોનું એ લશ્કર નજીવું હતું. સઘળું મોગલ લશ્કર એકઠું થઇ મહારાજ સાથે યુદ્ધ કરવા આવ્યું હોત તો તેમની સાથે રણસંગ્રામ કરવા મહારાજ ચાળીસ હજાર સૈનિકો ભેગા કરવા શક્તિમાન હતા. એ સિવાય પ્રત્યેક ગઢ અને થાણા ઉપર રક્ષણ માટે પૂરતા સૈનિકો રાખ્યા હતા તે તો જુદા. મોગલોનું સૈન્ય ઓછું હતું; એટલુંજ નહિ પણ ચારે દિશામાં એવી અફવા પ્રસરી રહી હતી કે, સુલતાન મોઆઝીમ મહારાજ સાથે ગુપ્ત રીતે મળેલા છે; અને તેજ તેમને પ્રત્યેક કાર્યમાં સહાયતા કરે છે. તેમજ યશવંતસિંહ સાથે મહારાજને ગાઢ મિત્રતા છે. શાહજાદો ઔરંગઝેબને વારંવાર સૈનિકસહાયતા માટે પત્રો લખતો; પરંતુ વહેમી બાદશાહ શાહજાદાના પત્ર તરફ લક્ષ્ય આપતો નહિ.' શાહજાદાની

વાસ્તવિક ઇચ્છા એવી હતી કે, દક્ષિણ હિંદુસ્તાનમાં પોતાનો પક્ષ વધારવો. બાદશાહના મરણ પછી તેને ગાદી મળે એ સ્વાભાવિક હતું. બીજો કોઇ ગાદી પચાવી બેસે તો તેને કેદખાનું સેવવું પડે એવો પૂર્ણ સંભવ હતો. શિવાજી મહારાજ ચારે દિશામાં તોફાન મચાવી દિવસે દિવસે પ્રબળ થવા લાગ્યા, ત્યારે બાદશાહ પાસેથી વિશેષ લશ્કર મંગાવવાનું શાહજાદાને બહાનું મળ્યું. શાહજાદો બાદશાહને હમેશાં પોતાના તરફની સ્થિતિ લખવા સાથે પોતાની પાસે જોઇએ તેટલું લશ્કર નહિ હોવાથી, શત્રુનો પરાજય કરવાનું બનતું નથી એમ પણ લખતો હતો. શાહજાદો ધારતો હતો કે, વારંવાર એવી માગણી કરવાથી બાદશાહનું મન પીગળી કોઇ વખત પણ તેઓ સહાયતા માટે સૈન્ય મોકલશે અને તેમ થવાથી દક્ષિણમાં આપણું બળ વધશે. એવું જાણીનેજ તેણે પોતાના સૈન્યસહિત શિવાજી મહારાજ સાથે યુદ્ધ કરવાનું ઉચિત ધાર્યું નહોતું. તેને એવું પણ લાગ્યું હતું કે, એવા મહાપ્રતાપી પુરુષ સાથે બનતે યત્ને સલાહસંપ રાખવાથી ભવિષ્યમાં આપણને ઘણી સહાયતા મળશે. તેણે મહારાજ ઉપર એકબે વખત પોતાનું લશ્કર મોકલ્યું હતું; પરંતુ તે માત્ર બાદશાહને બતાવવા માટેજ. મહારાજનો વિજય થાય એટલું નાનું સૈન્યજ શાહજાદા તરફથી મોકલવામાં આવતું હતું.

પરંતુ ઔરંગઝેબે શાહજાદાની ધારણા પરિપૂર્ણ થવા દીધી નહિ. તેમણે યશવંતસિંહને પાછો બોલાવી લઇ તેની જગ્યાએ દક્ષિણમાં ચાળીસહજાર સિપાઇઓ સહિત મહોબતખાનને મોકલ્યો. એ સરદારને સ્વતંત્ર અધિકાર આપ્યો અને તેના ઉપર શાહજાદાની સત્તા ચાલે નહિ એવું ઠરાવ્યું. શાહજાદા પાસે ઔરંગાબાદમાં માત્ર એક હજાર સિપાઇઓ રહેવા દઈ બાકીનું સર્વ લશ્કર મહોબતખાનના તાબામાં સોંપ્યું. સુરતના સૂબેદાર ઉપર બાદશાહની ઇતરાજી થવાથી તેના ઉપર બાદશાહે રાજ્યના કામમાં ગફલત કરવાનો આરોપ મૂક્યો. એ આરોપ સહન નહિ થવાથી તે સ્વાભિમાની સૂબેદારે વિષપાન કરી આત્મઘાત કર્યો. બાદશાહે તેની જગ્યાએ બીજો સૂબેદાર નીમી તેને સુરત અને ખંભાતમાં પુષ્કળ લશ્કરી વહાણો બાંધવાનો હુકમ કર્યો. લશ્કરી વહાણો વધારવાનો હેતુ એ હતો કે, મહારાજનાં વહાણોનો ત્રાસ ઓછો કરવાના કામમાં જંજીરાના સીદીને વિશેષ સહાયતા મળે.

મહોબતખાને દક્ષિણમાં આવતાંજ શિવાજી મહારાજ સાથે યુદ્ધ આરંભ્યું. તેણે પ્રથમજ તેમના તાબાના ઔંધ અને પટ્ટાના કિલ્લા હસ્તગત કર્યા. એટલામાં વર્ષાઋતુની શરૂઆત થવાથી ચડાઈ બંધ રાખી તેને પોતાની છાવણીમાં પાછું ફરવું પડ્યું. ચોમાસું બંધ થતાંજ તેણે પોતાના લશ્કરના બે વિભાગ પાડ્યા. એક સૈન્ય-

વિભાગ ઉપર દિલેરખાનને સેનાપતિ નીમી તેને ચાકણના કિલ્લા પર ચડાઇ લઇ જવાની આજ્ઞા કરી. તેણે તે કિલ્લો તત્કાળ કબજે કરી, તેમાંનાં નવ વર્ષથી અધિક વયનાં મનુષ્યોને કતલ કર્યાં. ચડાઈમાં વિજય પ્રાપ્ત થતા મહોબતખાને તેને રાવળાજવળા અને અહિવંતના કિલ્લા તાબે કરવા મોકલ્યો. પહેલા બે કિલ્લા પર તેણે હુમલો કર્યો તે વખતે ગઢ ઉપરના રખેવાળોએ વિશેષ શૌર્યપૂર્વક યુદ્ધ કરી શત્રુઓનો હુમલો પાછો હઠાવ્યો; એટલામાં મોરો પંતે તેમની સહાયતા માટે બાર હજાર સિપાઇઓનું લશ્કર મોકલવાથી દિલેરખાને તે કિલ્લા તાબે કરવાનો વિચાર મુલતવી રાખી કણેરાગઢ* તરફ કૂચ કરી કિલ્લો સર કર્યો. કિલ્લો પાછો લેવાની ઇચ્છાથી રામાજી પાંગાર× નામક એક શૂરવીર સરદાર હશમાનો નાયક હતો તેણે બે હજાર+ માવળા લશ્કર સહિત કિલ્લા પર છાપો માર્યો. તેમને થોડી સંખ્યામાં જોઇ દિલેરખાને તેઓ પર હુમલો કર્યો. શત્રુનું અધિક સૈન્ય જોઇ પાંગાર ગભરાયો નહિ. તેણે પોતાના સિપાઇઓને કહ્યું કે, " જેઓને પ્રાણની દરકાર ન હોય તેઓએ મારી સાથે આગળ ધસવું." એ સાંભળી સાતસો શૂરવીર માવળા આગળ ધસ્યા. તેઓએ શત્રુના સૈન્ય ઉપર તૂટી પડી અતિ શૌર્યપૂર્વક યુદ્ધ કર્યું. યુદ્ધમાં બે હજાર પઠાણો રણમાં પડ્યા અને સાતસો વીર માવળા મોટા મોટા ઘા વાગતાં, પોતાના સેનાપતિસહિત રણતીર્થમાં પતન પામ્યા. તેઓનું અલૌકિક શૌર્ય જોઇ દિલેરખાન આશ્ચર્યચકિત થયો. બચેલા માવળા સિપાઇઓને જુસ્સો ચઢવાથી તેઓએ પણ કેટલોક વખત સુધી મોગલો સાથે યુદ્ધ કર્યું; પરંતુ અંતે તેમનો પરાજય થવાથી નાસી ગયા. મહોબતખાન અને દાઉદખાને મળીને અહિવંત કિલ્લાને ઘેરો ઘાલ્યો; પણ કિલ્લામાંના લોકોએ એક માસપર્યંત તે ટકાવી રાખ્યો. છેવટે દાઉદખાને સુરંગ લગાડીને કિલ્લામાં પ્રવેશ કર્યો. આ યુદ્ધનો યશ દાઉદખાનને મળ્યો એથી મહોબતખાનને તેની ઘણીજ ઇર્ષ્યા આવી અને બંનેમાં અણબનાવ થયો. આથી ઔરંગઝેબે દાઉદખાનને પાછો બોલાવી લીધો. પછી વર્ષાઋતુ શરૂ થવાથી મહોબતખાને પારતીર આગળ પોતાની છાવણી નાખી. વરસાદ અતિશય પડવાથી રોગચાળો ફાટી નીકળ્યો અને સૈન્યમાંનાં માણસો તેમજ જનાવરો ટપોટપ મરવા લાગ્યાં; પરંતુ તેની કશી પણ પરવા કર્યા વગર મહોબતખાન પોતાના દિવસો મિજબાનીઓ અને નાચરંગમાં ગાળવા લાગ્યો. એમ કહેવાય છે કે, તે વખતે અફઘાનીસ્તાન અને પંજાબની ચારસો નાચનારીઓ મોગલોની છાવણીમાં હતી.

---

* ચિટનીસ એનું નામ કોણારગઢ લખે છે.

× ચિટનીસ એનું નામ રૂપાજી નલગા લખે છે.

+ કેટલાક લેખકના અભિપ્રાય પ્રમાણે એક હજાર મનુષ્યો હતાં.

મહોબતખાને શરૂઆતમાં થોડીક ધમાલ કરી; પછીથી કશુંયે ન કરતાં દિવસો પસાર કર્યા, તેથી બાદશાહના મનમાં તેને માટે પણ વહેમ આવ્યો. શિવાજી મહારાજે તેને લાંચ આપીને વશ કરી લીધો છે એમ તેને લાગ્યું. આથી શિવાજી મહારાજનો બાગલાણ પ્રાંત જીતી લેવાને માટે તેણે ગુજરાતમાંથી બહાદુરશાહ અને દિલેરખાનને મોકલ્યા. તેણે આવીને સાલેરીના કિલ્લાને ઘેરો ઘાલ્યો; અને તે ઘેરો ચલાવવાનું કામ ઈખ્લાસખાન અને રાવ અમરસિંહ વગેરેને સોંપીને પોતે અહમદનગર તરફ ગયો. ત્યાંથી બહાદુરશાહ સુપાપ્રાંત પર સવારી લઈ ગયો અને દિલેરખાને પુના પર સવારી કરી. તેણે પુના શહેર કબજે કર્યું અને નવ વરસ ઉપરનાં સર્વ માણસોની કતલ કરી નાખી. મોગલોની આ સેનાને પાછી વાળવાને મહારાજે પોતાના કિલ્લા ઉપરનાં સર્વ માણસોને મહાડ આગળ એકઠાં કર્યાં અને મોગલસેના સાથે યુદ્ધ કરવાનો વિચાર કર્યો; પરંતુ એટલામાંજ સાલેરીના કિલ્લાને ઘેરો ઘલાયાના સમાચાર તેમને મળ્યા. એ થાણું વિશેષ મહત્ત્વનું હોવાથી મહારાજે બનતે પ્રયત્ને તેનું રક્ષણ કરવાનો નિશ્ચય કર્યો. કિલ્લામાં અન્ન વગેરે સામગ્રી ઓછી હોવાનું જણાતાંજ મહારાજે તે પૂરી પાડવાનો વિચાર કર્યો; પરંતુ કિલ્લાની ચારે દિશામાં શત્રુના લશ્કરે ઘેરો નાખેલો હોવાથી તેઓ પોતાની ઇચ્છા પરિપૂર્ણ કરવાની યુક્તિ શોધવા લાગ્યા. મહારાજે મોટા સૈન્યસહિત દિલેરખાન સાથે યુદ્ધ કરવા તે દિશા તરફ કૂચ કરી. દિલેરખાનને ખબર મળતાંજ પોતાના સૈન્યને એક સ્થળે ભેગું કરી, તે મહારાજ સાથે યુદ્ધ કરવા તૈયાર થયો; પરંતુ તે સમયે મહારાજે તેને છેતર્યો. સાલેરીના કિલ્લાની આસપાસ મોગલ લશ્કર ઓછું થતાંજ તેમણે ઉત્તર દિશાને રસ્તે કિલ્લામાં અન્નસામગ્રી તથા દારૂગોળો મોકલી આપ્યો. દિલેરખાનના લશ્કર ઉપર બહારથી છાપો મારવા માટે મહારાજે બે હજાર માવળાને મોકલ્યા; પરંતુ દિલેરખાને તેમના પર હુમલો કરી તેમને કાપી નાખ્યા. પોતાના લશ્કરની પાયમાલી સાંભળી મહારાજે મોરો પંતને કોંકણી લશ્કરસહિત દિલેરખાન તરફ રવાના કર્યો, તેમજ પ્રતાપરાવને પોતાના ઘોડેસવાર લશ્કરસહિત સાલેરી કિલ્લાના રક્ષણ માટે તત્કાળ રવાના થવાનો પત્ર લખ્યો. આ સમયે મહારાજનું એકંદર વીસ હજારનું સૈન્ય મોગલો ઉપર હુમલો લઈ ગયું હતું. લશ્કરને આગળ વધતું જાણીને મોગલસેનાપતિએ તેને અટકાવવા માટે પોતાનું પુષ્કળ લશ્કર તેઓ સામે મોકલ્યું. સૈન્ય ઉપર એખલાસખાન નામક સરદારને તેણે સેનાપતિ નીમ્યો હતો. મોગલ લશ્કરને ચઢી આવતું જોઇ પ્રતાપરાવ પોતાના લશ્કરને આગળ વધતું અટકાવી તેમની સાથે યુદ્ધ કરવા તૈયાર થઇ રહ્યો. મોગલોએ તેમના લશ્કર પર ધસારો કર્યો, તે સમયે થોડો વખત યુદ્ધ જેવો દેખાવ કરી પ્રતાપરાવે

લશ્કરને પાછું નાસવાનો ઇશારો કર્યો. ઇશારત થતાંજ માવળી લશ્કર આસપાસ નાસવા લાગ્યું. એ જોઇ વિજયાનંદના આવેશમાં આવી જઇ મોગલ લશ્કર તેઓની પૂંઠે પડ્યું. પૂંઠે પડતી વખતે મોગલ લશ્કરના ફાંટા પડ્યાથી તેઓ જ્યાં ત્યાં પ્રસરી ગયા. તેમ થવાથી પ્રતાપરાવે અકસ્માત્ પાછા ફરી પોતાના લશ્કરને એકત્ર થવાનો સંકેત કર્યો. તેજ ક્ષણે સર્વ લશ્કરે એકત્ર થઇ મોગલ લશ્કર ઉપર હુમલો કર્યો. બન્ને પક્ષ વચ્ચે ઝપાઝપી ચાલતી હતી, તે સમયે મોરો પંત પોતાના લશ્કરસહિત ત્યાં આવી પહોંચ્યો. તેની સહાયતાવડે મરાઠા લશ્કરે મોગલ સૈન્યનો કચ્ચડઘાણ કાઢી નાખ્યો. તેમ છતાં એખલાસખાન નરમ પડ્યો નહિ. તેણે પોતાના લશ્કરને એકત્ર કર્યું અને સહાયતા માટે વિશેષ લશ્કર મંગાવી મરાઠાઓ પર પુનઃ હુમલો કર્યો; પરંતુ આ વખતે:પણ મહારાજના શૂરવીર યોદ્ધાઓએ તેમનો પૂરેપૂરો પરાભવ કર્યો. પાંચ હજાર મોગલો રણમાં પડ્યા. તેમના મોટા મોટા બાવીસ અમલદારો પંચત્વ પામ્યા. કેટલાક સરદારો નિર્બળ થઇ મરાઠાને શરણે આવ્યા. મહારાજના પણ હજાર દોઢ હજાર સિપાઇઓ મૃત્યુ પામ્યા. એ ઘનઘોર રણસંગ્રામમાં સુરરાવ કાંકડે× નામક મહારાજનો એક શૂરવીર સમશેરબહાદુર સરદાર બંદૂકની ગોળી વાગતાં મૃત્યુ પામ્યો. કાંકડે મહારાજનો જૂનો સહાયક અને પાંચ હજાર માવળાનો સરદાર હતો. મહારાજે જાવળી ઉપર ચડાઈ કરી તે સમયે એ સરદારે વિશેષ પરાક્રમ બતાવી ખ્યાતિ મેળવી હતી. એજ સરદારે રોહીડાના કિલ્લા પર છાપો મારી તે કબજે કર્યો હતો. તેના મૃત્યુસમાચાર સાંભળતાં મહારાજને અતિશય દિલગીરી થઇ હતી. તેમણે શોકોદ્‌ગાર કાઢતાં કહ્યું હતું કે, "મારો જૂનો, પ્રમાણિક અને શૂરવીર સરદાર મને છોડી ગયો." એખલાસખાનનો પરાજય થયો ને તેનું પુષ્કળ લશ્કર શત્રુને હાથે કેદ પકડાયલું જાણી બહાદુરશાહનું અભિમાન ઉતરી ગયું. બચેલા લશ્કર સહિત મરાઠા લશ્કરસાથે યુદ્ધ કરવાનું તેને ધૈર્ય રહ્યું નહિ. તેણે સાલેરીનો ઘેરો ઉઠાવી લઈ એકદમ ઔરંગાબાદ તરફ નાસવા માંડ્યું, પરંતુ મરાઠા લશ્કરે તેમની પૂંઠ છોડી નહિ. આ સાલેરીનું યુદ્ધ સને ૧૬૭૨માં થયું.

એ યુદ્ધમાં મહારાજને ૧૨૫ હાથી, ૭૦૦ ઉંટ, ૬૦૦૦ ઘોડા, પુષ્કળ ઝવેરાત, સેંકડો બળદ અને ઇતર યુદ્ધોપયોગી સામાન મળ્યો. એ પ્રસંગે આનંદરાવ, વ્યંકોજી દત્તો, રૂપાજી ભોંસલે, ખંડોજી જગતાપ, સંતાજી જગતાપ, માનસિંગ મોરે, વિસાજી બલ્લાળ, મોરો રંગનાથ, મુકુંદ બલ્લાળ વગેરે સરદારોએ વિશેષ પરાક્રમ બતાવ્યાથી મહારાજે તેમના પર ખુશ થઇ વસ્ત્રાભૂષણ અર્પણ કર્યાં; શત્રુ તર-

---

× સભાસદ એનું નામ સૂર્યરાવ લખે છે.

ફનાં કેદ પકડાયેલાં મનુષ્યો પૈકી મોગલસરદારો અને મોટા મોટા અમલદારોને રાયગઢ ઉપર મોકલ્યા હતા, તેમનો મહારાજે આદર-સત્કાર કર્યો; તેમાંના જેઓ ઘાયલ થયા હતા તેમને ઔષધોપચાર કરી, તંદુરસ્ત થયા પછી તેમને નજરાણાં આપી બંધનમુક્ત કર્યા અને કેદ પકડાયેલા મોગલ સિપાઇઓમાં જેઓ મહારાજ પાસે નોકરી કરવા ખુશી હતા, તેઓને તેમણે પોતાના લશ્કરમાં નોકર રાખ્યા. તેમ થવાથી મહારાજના લશ્કરમાં ઘણો વધારો થયો.

મોગલ સૈન્ય સાથે રણસંગ્રામ કરવામાં મહારાજને અદ્યાપિ-પર્યંત જેટલા વિજય પ્રાપ્ત થયા હતા, તેમાં સાલેરીના રણસંગ્રામનો વિજય મુખ્ય ગણાય છે. એવો મોટો વિજય તેમને પૂર્વે કદી પણ મળ્યો નહોતો. એ ઘનઘોર સંગ્રામમાં મહારાજના લશ્કરે બતાવેલું શૌર્ય અને યુદ્ધકૌશલ્યની કીર્તિ ચારે દિશામાં પ્રસરી જવાથી પ્રથમ કરતાં તેઓનો વિશેષ કરપ બેઠો. મરાઠાઓના શૌર્યવીર્યાદિ ઉજ્જ્વલ ગુણોનું અપ્રતિમ પ્રદર્શન જોઇ મોગલસરદારો તદ્દન ચકિત થઇ ગયા. તેમને મહારાજના લશ્કરની વિશેષ બીક લાગવા માંડી. મરાઠા-સિપાઇઓ વિજાપુર–સરકાર અને મોગલ–સરકારની નોકરી છોડી મહારાજ પાસે નોકરી રહેવા લાગ્યા. મહારાજે તેઓને યોગ્યતા પ્રમાણે પોતાના લશ્કરમાં નોકરી આપી. સાલેરીમાં વિજય પ્રાપ્ત થયા પછી તેની પાસે મુલ્હેરી કરીને એક કિલ્લો હતો તે તેમણે હસ્તગત કર્યો; આથી આખા બાગલાણ પ્રાંત પર તેમની સત્તા બેઠી અને સુરત શહેરને માટે કાયમનો ભય ઊભો થયો.

મોગલોના મોટા મોટા સરદારોએ પ્રચંડ સેના સાથે મહારાજ પર આ વખતે સવારી કરી હતી; છતાં પણ તેમની સેનાઓ નાશ પામી અને તેમનો પરાજય થયો. આથી ચારે દિશામાં મહારાજનો પ્રતાપ જામ્યો. તેમનું બળ ઘણુંજ વધી પડયું અને હવે તેમને મોગલબાદશાહીની કે બીજી કોઇ પણ બાદશાહીની જરા પણ બીક રહી નહિ. તે સમયના અંગ્રેજ વેપારીઓનો એવો ઉલ્લેખ છે કે, મોગલોના એ મોટા સરદારોએ પ્રચંડ સેના સાથે શિવાજીના પ્રદેશમાં પ્રવેશ કર્યો હતો; પરંતુ તેમનો પરાજય થવાથી ભારે નુકસાન ખમીને તેમજ ફજેત થઇને તેમને પાછા જવું પડયું. પ્રો. સરકાર જણાવે છે કે, આ અરસામાં અફઘાન લોકોએ અને સતનામી લોકોએ બંડ કરવાથી આ પરાજયનો બદલો લેવાની સવડ મોગલ બાદશાહને મળી નહિ. થોડાક દિવસ પછી શાહજાદા મોઆઝિમ અને મહોબતખાનને ઉત્તર તરફ જવું પડયું અને દક્ષિણના સૂબેદાર તરીકે બહાદુરખાનની નિમણૂંક કરવામાં આવી; પરંતુ તે પોતાના સ્થાનમાં સ્વસ્થ બેસી રહ્યો.

એ પછી મહારાજે મોરો પંતને દસ હજાર સિપાઇઓ સહિત

સુરત તરફ રવાના કર્યો. પાછળ લખ્યા પ્રમાણે ઔરંગઝેબે સુરત શહેર આગળ વહાણો તૈયાર કરાવી, તેને સીદીની સહાયતામાં આપી, મહારાજ તરફથી સમુદ્રમાર્ગે કોંકણપટ્ટી પર થતી સવારીઓ બંધ કરવાનો અને તેમનાં વહાણોનો નાશ કરવાનો વિચાર કર્યો હતો. મોગલોનાં વહાણો તૈયાર થઈ સીદીનાં વહાણો સાથે મળી જાય અને પોતાના પ્રાંતોમાં ઉપદ્રવ કરે તે પહેલાં મહારાજે મોરો પંતને તેમનાં વહાણો બાળી નાખવાની આજ્ઞા ફરમાવી; પરંતુ મોરો પંત તે કાર્ય પરિપૂર્ણ કરી શક્યો નહિ; કારણકે મોરો પંત ત્યાં જઈ પહોંચે તે પહેલાંજ મોગલોનાં વહાણો સુરત બંદરથી ઊપડી સીદીના જંજીરા નજીક જઈ પહોંચ્યાં હતાં. મોરો પંતથી વહાણોનો નાશ કરવાનું કામ થયું નહિ, ત્યારે તેણે સુરત શહેરને ઘેરો નાખ્યો અને શહેરમાં જતી અન્ન વગેરે સામગ્રી અને વ્યાપાર એકદમ બંધ પાડી તે મોટી ખંડણી માગવા લાગ્યો. તેણે આ ઘેરો નાખ્યો તે પહેલાં શહેરના સૂબેદારને મહારાજના નામથી ત્રણ પત્રો મોકલ્યા હતા. તેમાંના છેવટના પત્રનો આશય આ પ્રમાણે છેઃ "તારા પ્રાંતમાંની ઊપજની જે વસૂલ તું બાદશાહને મોકલાવે છે, તેમાંથી ચોથો ભાગ તારે અમને આપવો જોઇએ. આ સંબંધી મેં તને બે પત્રો લખ્યા છે અને આ પત્ર છેવટનો છે. મારો દેશ અને મારા લોકોના રક્ષણને માટે તારા બાદશાહના ભયથી અમારે મોટું સૈન્ય રાખવાની જરૂર પડે છે; તેથી એ સૈન્યનો ખર્ચ તેનીજ પ્રજા પાસેથી અમને મળવો જોઇએ. જો આ રકમ એકદમ ન મોકલાય તો અમારે માટે ત્યાં એક મકાન તૈયાર કર કે જેથી અમે ત્યાં બેસીને સરકારનો કર અને જકાત વગેરે અમારી જાતેજ વસૂલ કરીએ. તારા શહેરમાં પ્રવેશ કરતાં અમને અટકાવી શકે એવું કોઇ રહ્યું નથી." આ પત્ર આવ્યાથી સુરતના સૂબેદારે ત્યાંના મોટા મોટા હિંદુ-મુસલમાન વગેરે વ્યાપારીઓને એકત્ર કરીને કહ્યું કે, બે માસ સુધી શહેરનું રક્ષણ કરવાને માટે ત્રણ હજાર પાયદળ અને પાંચ હજાર ઘોડેસવારોની જરૂર છે; એટલા માટે તમારા પોતાનામાં ઉઘરાણું કરીને મને રૂ. ૪૫૦૦૦ આપો. ત્યાર પછી તેણે શહેરનાં મકાનોની યાદી કરીને ઉપરના નિમિત્તથી પુષ્કળ પૈસા એકત્ર કર્યાં; પણ પોતાના વચન પ્રમાણે તેનો ઉપયોગ ન કરતાં તે પૈસા પોતાની ખાનગી તિજોરીમાં જમા કર્યાં. જ્યારે ઉપર જણાવેલો મોરો પંતનો ત્રીજો પત્ર આવ્યો ત્યારે શહેરના સર્વ વેપારીઓ ગભરાઇ ગયા અને શહેરમાંથી ચાલ્યા જવાની પરવાનગી સૂબેદાર પાસે માગવા લાગ્યા; પણ તે કેમે કરીને પરવાનગી આપે નહિ. તેણે ખંડણીની રકમ આપવાને માટે વેપારીઓ પાસે એક લાખ રૂપિયાની અને જમીનદારો પાસે ૬૦ હજાર રૂપિયાની માગણી કરી; પરંતુ તેનો વિશ્વાસ ન આવવાથી

તેમણે તે રકમ આપવાનો ઇન્કાર કર્યો, છતાં પણ તેણે ત્યાંના કેટલાક શ્રીમંત રહેવાસીઓ પાસેથી પુષ્કળ પૈસા એકત્ર કર્યા. તેમાંથી થોડોક ભાગ મોરો પંતને ખંડણી તરીકે આપીને તેને સંતુષ્ટ કર્યો અને બાકીના પૈસા તેણે પોતાની ખાનગી તિજોરીમાં જમા કરી દીધા.

મહારાજે વિચાર કર્યો હતો કે, સુરત તરફનો બને એટલો પ્રાંત કબજે કરી તે શહેરને સખ્ત બીક બતાવવી. એ ઉદ્દેશથી તેમણે જવ્હાર (ઘોડબંદર) અને રામનગર નામક પ્રાંતમાં બે નાના કોળી રાજાઓ રાજ્ય કરતા હતા તેમના ઉપર પોતાના લશ્કરસહિત સવારી કરી. મહારાજે એ વખત સુરત ઉપર સવારી કરી તે વખતે તેમને એ રાજાઓએ પોતાના ડુંગરાળ પ્રદેશમાંથી જવા દીધા હતા. સુરત ઉપર ચડાઇ લઇ જવા સંબંધી મોગલ અમલદારોને ખબર પડે નહિ અને કંઇ વિઘ્ન આવે નહિ, તે માટે મહારાજે પણ એ રાજ્યોમાં થઇનેજ જવાનો આડો રસ્તો લીધો હતો. એ રાજાઓએ માર્ગ આપવાથી મહારાજે તેમને પુષ્કળ દ્રવ્ય આપી મિત્રતા બાંધી હતી. હમણાં પણ મહારાજે તેમના રાજ્યમાં મિત્રભાવે પ્રવેશ કર્યો. જવ્હારના રાજા વિક્રમશહાને* તાબે કરીને જવ્હાર તેમણે હસ્તગત કર્યું અને તેની તિજોરીમાં સત્તર લાખ રૂપિયા હતા તે જપ્ત કર્યા. ત્યાંથી મહારાજ રામનગર ઉપર ગયા. રામનગરના× રાજાએ તેમને કિલ્લામાં પ્રવેશ કરવા દેતાંજ મહારાજે તેને કહ્યું કે, "આ કિલ્લો અમારા તાબામાં રહેવો જોઇએ. અમારી તિજોરી (એટલે સુરત)ની કૂંચી તમારા કબજામાં રહે, એ ઇષ્ટપ્રદ નથી." તેમનું કહેવું રાજાને સ્વીકારવાની ફરજ પડી. તે રાજાના તાબામાં થોડાક ડુંગરાળ કિલ્લા હતા અને આસપાસનો પ્રદેશ ફિરંગીઓના તાબામાં હતો. પોતાના પ્રાંતમાં રાજા લૂંટફાટ કરે નહિ તે માટે ફિરંગીઓ તેને પ્રતિવર્ષે ખંડણી ભરતા હતા. રાજાના સર્વ કિલ્લા કબજામાં લીધા પછી મહારાજે ફિરંગીઓના દમણના કિલ્લા પર પોતાનું લશ્કર મોકલ્યું. મહારાજના લશ્કરને ચડી આવતું જાણી ફિરંગીઓ ગ-

---

* આ વિક્રમશહા જ્યારે રાજ્યભ્રષ્ટ થયો, ત્યારે મોગલ લોકોના તાબાના નાશિક પ્રાંતમાં નાસી ગયો અને મહારાજના પ્રદેશમાં તે વારંવાર લૂંટફાટ કરવા લાગ્યો. જ્યારે સને ૧૬૭૮ માં મોરોપંતે નાશિક પ્રાંત ઉપર સવારી કરી, ત્યારે ત્યાંના ફોજદાર સાથે મળીને તે મરાઠાઓ સાથે અતિ શૌર્યથી લડ્યો; પણ આખરે તેનો પરાજય થયો અને તે યુદ્ધમાં મરાયો.

× આ સંસ્થાન અત્યારે ધરમપુરના નામથી પ્રસિદ્ધ છે. રામનગર ધરમપુરથી ૨૪ માઇલના અંતર પર આવેલું છે અને તે "નગર"ના નામથી ઓળખાય છે.

ભરાયા. કિલ્લાની આસપાસ કોટ ચણાવ્યો હતો; પરંતુ તે ઉપર તોપો વગેરે ગોઠવવાની મજબૂત વ્યવસ્થા કરી નહોતી; તેથી તેઓએ ગભરાટમાંજ કિલ્લા પર થોડીક તોપો ચડાવી અને પોતાના એક અમલદારને મહારાજનું લશ્કર ચડી આવવાનું કારણ પૂછવા મોકલ્યો. તેણે મહારાજના શીખવવા પ્રમાણે ફિરંગી અમલદારને ઉત્તર આપ્યો કે, "તમે રામનગરના રાજાને જે ખંડણી આપો છો તે તેમને ભવિષ્યમાં પણ આપવાનો ઠરાવ કરવા અમે આવ્યા છીએ." આવી પડેલું વિઘ્ન એટલેથીજ અટકતું જાણી ફિરંગીઓએ નિયમિત રીતે વાર્ષિક ખંડણી આપવાનું ખુશીથી કબૂલ કર્યું.

ઔરંગાબાદમાં પુનઃ અધિકારીઓની ફેરબદલી થઇ. મહોબતખાનનો પૂર્વોક્ત રીતે પરાજય થઈ પુષ્કળ સૈન્ય નાશ પામ્યું, એ જાણતાંજ ઔરંગઝેબને તેના પર વિશેષ ક્રોધ ઉત્પન્ન થયો. તેથી તેણે મહોબતખાનને અને શાહજાદાને પાછા બોલાવી લીધા. તેમની જગ્યાએ ગુજરાતના સૂબા બહાદુરખાનને દક્ષિણનો સૂબેદાર નીમ્યો અને તેના તાબામાં સત્તર હજાર સિપાઇઓનું લશ્કર આપી તેને મરાઠા સાથે યુદ્ધ કરવા મોકલ્યો. દક્ષિણની સૂબેદારી પર આવતાંજ તેણે ત્યાંની પરિસ્થિતિ ધ્યાનમાં લઇ વિચાર કર્યો કે, "આપણી પાસેનું લશ્કર મરાઠા લશ્કર સાથે યુદ્ધ કરવાને પૂરતું નહિ હોવાથી તેમની સાથે યુદ્ધ કરવાની ખટપટ નહિ કરતાં, મરાઠાઓ આપણા પ્રાંત ઉપર સવારી કરી રૈયતને ત્રાસ આપે છે તે બંધ પાડવાની વ્યવસ્થા કરવી જોઈએ."

ઉપર જણાવ્યા પ્રમાણે કોળી રાજાઓનાં રાજ્ય હસ્તગત કર્યાથી મોરો પંતને મોગલોના નાસિક પ્રાંત પર સવારી કરવાનું ઘણુંજ અનુકૂળ થઇ પડ્યું. ઇ૦ સ૦ ૧૬૭૨ ના જુલાઇ માસમાં ત્યાંનો ઘાટ ઓળંગીને તેણે તે પ્રાંત પર સવારી કરી. તે સમયે નાશિકત્ર્યંબકનું થાણું લુખજી જાધવના ભાણેજપુત્રના તાબામાં હતું. તેની પાસે ચાર હજારનું સૈન્ય હતું; પરંતુ તેનું કશું ચાલ્યું નહિ. મોરો પંતે તેનો પરાભવ કરીને ત્યાંનો પ્રાંત પોતાને હસ્તગત કર્યો. તેજ પ્રમાણે વણીદિંડોરીના થાણા ઉપર સીદી હલાલ હતો તેનો પરાજય કરીને તે પ્રાંત પણ પોતાને હસ્તગત કર્યો. આ પ્રમાણે એ બંને સરદારો પરાભૂત થવાથી ઔરંગઝેબને તેમના પર ઘણોજ ગુસ્સો આવ્યો; તેથી આ બંને સરદારો અને તેમની સાથે બીજા બે મોગલ સરદારો પણ પોતાની મોટી ઘોડેસવાર સેનાઓ સાથે શિવાજી મહારાજને આવી મળ્યા. આથી દિલેરખાન ઘણોજ ગભરાયો અને ગુજરાતનું રક્ષણ શી રીતે કરવું, એ બાબત તેને મોટી ચિંતા થઈ પડી. આ બાજુથી શિવાજી મહારાજની મોટી સેના રામનગરમાં તૈયાર થતી હતી, તેથી પાછી સુરતના લોકોની પનોતી લોખંડને પાયે બેઠી હોય એમ

લાગતું હતું; પરંતુ આ સેનાએ પોતાનો મોરચો ત્યાંથી ફેરવીને વરાડ પ્રાંત પર સવારી કરી અને તે પ્રાંત તેમજ તૈલંગણ લૂંટવાનો એકસરખો સપાટો ચલાવ્યો. એટલે બહાદુરખાને તેમની પૂંઠ પકડી; પરંતુ તેને ભૂલથાપ આપીને ત્યાંથી છટકી તેણે ભાગાનગર તરફ પોતાનો મોરચો ફેરવ્યો. ત્યાંથી પાછા ફરતાં તેણે પોતાના બે વિભાગ કરીને બંને દિશામાં દોડ કરી. તેમાંના એક ભાગની પાછળ બહાદુરખાન પડ્યો અને બીજા ભાગની દિલેરખાને પૂંઠ પકડી; પરંતુ મહારાજની સેનાએ તેમને કાંઇ પણ દાદ આપી નહિ. એક ઠેકાણે મહારાજના સાડીસાતસો ઘોડેસવારોએ મોગલોના દસ હજારના સૈન્ય પર હલ્લો કર્યો અને તેઓને ગભરાવીને નસાડી મૂક્યા; પરંતુ મોગલોને વખતસર બીજી મદદ આવી મળવાથી મરાઠાઓનો પરાજય થયો. આ યુદ્ધમાં મરાઠાઓના ચારસો સૈનિકો મરાયા.

મરાઠાઓ જે ડુંગરાળ માર્ગે સવારી કરવા આવતા હતા ત્યાં પોતાનું લશ્કર રાખી તેમને અટકાવવાનો અને પર્વતોની ખીણ ઉપર તોપો ગોઠવવાનો બહાદુરખાને વિચાર કર્યો. નવા સૂબેદારનો વિચાર દિલેરખાનને પસંદ પડ્યો નહિ. ચાકણના કિલ્લાને ઘેરો ઘાલીને હસ્તગત કરેલો હોવાથી તેના મગજમાં રાઇ ભરાઈ ગઇ હતી. ઔરંગઝેબ તેને ઘણો બુદ્ધિમાન અને શૂરવીર સરદાર જાણતા હતા. એ સરદારનો મદ હજુ પૂરેપૂરો ઊતર્યો નહોતો. મરાઠાઓ સાથે યુદ્ધ કરવાની તેને હજુ ઉમેદ હતી. તેણે ખાનજહાનને સલાહ આપી કે, "પર્વતોમાં આપણું લશ્કર અટકાવી રાખવાથી કશો ફાયદો નથી. આપણા લશ્કરસહિત શિવાજી મહારાજના તાબાના કિલ્લા પર ચડાઇ કરવાનો ઉદ્યોગ કરવો જોઇએ." પરંતુ ખાનજહાનને એ સલાહ યોગ્ય નહિ જણાતાં તેણે પોતાનો પ્રથમનો વિચાર અમલમાં મૂક્યો. એ વિચારનું પરિણામ શું આવ્યું ? મહારાજના સેનાપતિએ ખાનદેશ ઉપર સવારી કરવાનું બંધ રાખી પોતાના લશ્કરની જુદી જુદી ટુકડીઓ બનાવી અને અહમદનગર અને ઔરંગાબાદ શહેરની આસપાસ તે ચક્કર મારવા લાગ્યો. નવા સૂબેદારે પોતાનું લશ્કર દોડાવી તેમનો પરાજય કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેમાં તેને યશ મળ્યો નહિ. અંતે ચોમાસું શરૂ થવાથી તેઓને ભીમા નદીને કિનારે પેડગાંવ આગળ છાવણી કરવી પડી. એ સ્થળે નિવાસ કરતી વખતે પોતાના રક્ષણ માટે તેમણે ધૂળનો કોટ બનાવી તેનું નામ બહાદુરગઢ પાડ્યું. એ સ્થળે રહીને મરાઠાઓ પર ચારે તરફથી હલ્લા કરવાનું ઘણુંજ સગવડભરેલું હોવાથી બહાદુરશાહે પોતાની છાવણી ત્યાં ઘણાંજ વરસો સુધી રાખી હતી.

આ સમયે શિવનેરી કિલ્લો મોગલોના તાબામાં ગયો હતો અને તેના રક્ષણને માટે ત્યાં ઘણાં માણસો રાખવામાં આવ્યાં હતાં.

આ કિલ્લો પોતાના હાથમાં આવે એવી મહારાજને ઉત્કૃષ્ટ ઇચ્છા થઇ આવી. એનું એક કારણ એવું હતું કે, આ કિલ્લો મોગલોના પ્રાંતની સરહદપર આવેલો હોવાથી તેમના તે પ્રદેશનું સારૂં રક્ષણ થતું હતું; અને એનેજ લીધે ઉત્તર કોંકણમાંથી મોગલોના પ્રદેશમાં પ્રવેશ કરવાનું કાર્ય અતિ મુસ્કેલ થતું હતું. બીજું કારણ એવું હતું કે, આ કિલ્લો મહારાજનું જન્મસ્થાન હતો અને તેથી મોગલોના હાથમાં તે રહે એ ઇચ્છવાજોગ નહોતું. આથી તેમણે એ કિલ્લો હસ્તગત કરવાનો વિચાર કર્યો. આ કિલ્લો અબ્દુલ અઝિઝખાન નામના એક સરદારના તાબામાં હતો. આ સરદાર પૂર્વાશ્રમમાં બ્રાહ્મણ હતો અને પાછળથી તેણે ઇસ્લામધર્મનો સ્વીકાર કર્યો હતો; તે ઔરંગઝેબનો ઘણોજ વિશ્વાસુ સરદાર હતો. તેને મહારાજે પુષ્કળ દ્રવ્ય લઇને કિલ્લો પોતાને સ્વાધીન કરવાનો સંદેશો કહાવી મોકલ્યો. મહારાજે આપવાનું કહેલું દ્રવ્ય પોતાને મળ્યા પછી કિલ્લો સ્વાધીન કરવાનું તેણે કબૂલ કર્યું અને અમુક દિવસે કિલ્લો સ્વાધીન લેવાને માટે મહારાજે સાત હજારનું ઘોડેસવાર સૈન્ય મોકલવું એવો સંદેશો કહાવ્યો. તે પ્રમાણે મહારાજે પોતાની ઘોડેસવારસેના ત્યાં રવાના કરી; પરંતુ આ સરદારે દગાબાજી કરીને બહાદુરશાહને પોતાની પ્રપંચયુક્તિ જણાવી પુષ્કળ મોગલસૈન્યને કિલ્લા પાસે લાવી રાખ્યું હતું. એથી જ્યારે મહારાજનું સૈન્ય ત્યાં પહોંચ્યું, ત્યારે તે લોકોએ તેના પર અચાનક હલ્લો કર્યો. આ લડાઇમાં મહારાજના સૈન્યનો પરાજય થયો અને તેને પાછા ફરવું પડ્યું.

મોગલસરદાર ખાનજહાન પોતાની ધારણામાં સફળ નહિ થવાથી તે એકજ સ્થળે પડાવ નાખી રહ્યો હતો. તે સમયે મહારાજે વેગળા પ્રદેશમાં ચઢાઇ મોકલી. ગોવળકોંડાના બાદશાહ કુતુબશાહના રાજ્યમાં ફ્રેંચ× લોકોએ બંડ મચાવ્યાના સમાચાર મળતાં બાદશાહ વિશાળ લશ્કરસહિત તે તરફ જવાના વિચારમાં હતા. શાહના દરબારમાં મહારાજનો એક વકીલ રહેતો હતો, તેણે એ સમાચાર જણાવ્યાથી મહારાજ રાયગઢથી દશ હજાર સિપાઇઓસહિત ગોવળકોંડા પર ચઢાઈ લઈ ગયા. મહારાજ ક્યાં જતા હતા તે તેમણે પોતાના હમેશના રિવાજ પ્રમાણે કોઇને જાણવા દીધું નહિ. તેઓ ઔરંગાબાદ, અહમદનગર કે વિજાપુર ઉપર ચઢાઈ લઈ જાય છે, તે પ્રથમ કોઇ જાણી શક્યું નહિ. મહારાજે લાંબી મજલ કરતાં કરતાં કુતુબશાહના પ્રાંતમાં પ્રવેશ કર્યો અને અકસ્માત્ હૈદ્રાબાદ શહેર નજીક જઇ થોભ્યા. એકાએક હુમલો આવેલો જાણી શહેરની

× સેંટ થોમી નામના થાણા પરથી કુતુબશાહનાં માણસોને ફ્રેંચોના ગવર્નરે હાંકી મૂક્યાં હતાં, તેથી તે થાણું ફરીથી હસ્તગત કરવાને પોતાનું સૈન્ય મોકલવાનો વિચાર કુતુબશાહ કરતો હતો.

પ્રજા ગભરાઇ ગઇ. મહારાજે શહેરના આગેવાનોને અને અમલદારોને ધમકી આપી કે, "અમને વીસ લાખ હોન ખંડણી આપવી, નહિ તો તમારૂં શહેર બાળી ભસ્મ કરી નાખીશું." તેઓએ મહારાજની માગણી કબૂલ કરી, ખંડણીની રકમ ભરી દઇ, શહેર ઉપર આવી પડેલું વિઘ્ન ટાળ્યું. એ રકમથી સંતોષ પામી શહેરમાં કાંઇ પણ ઉપદ્રવ નહિ કરતાં મહારાજ સત્વર રાયગઢ પાછા ફર્યા.

મહારાજ ચઢાઇમાં ગયા તે વખત દરમ્યાન સુરતમાં તૈયાર થયેલાં મોગલનાં અને સીદીનાં વહાણોએ એકત્ર થઇને કોંકણપટ્ટીના સમુદ્ર કિનારા પરનાં ગામો ઉપર સવારી કરી પુષ્કળ નુકસાન કર્યું. દંડરાજપુરીમાં મહારાજે જે કોટ બંધાવ્યો હતો, તે પર તેઓએ છાપો મારી કોટનો નાશ કર્યો. એ કોટ રાઘો બલ્લાળના તાબામાં હતો. બલ્લાળે મોગલો સાથે સખ્ત રીતે યુદ્ધ કર્યું હતું; પરંતુ અંતે તેનો પરાજય થયો અને તે રણમાં પંચત્વ પામ્યો. દંડરાજપુરી પર સીદીએ આ હલ્લો હોળીના તહેવાર પર કર્યો હતો. કિલ્લાના રખેવાળો રાત્રે સૂઇ ગયા હતા, તેવામાં અચાનક સીદી ચઢી આવ્યો. સીદી ખૈરાત જમીનમાર્ગે સૈન્ય લઇને ચઢી આવે છે, એવું જાણીને મરાઠાઓ તેની સાથે યુદ્ધ કરવાને ગયા હતા. આ તકનો લાભ લઇને યાકુતખાને ચાળીસ વહાણોની મદદથી જળમાર્ગે હલ્લો કરીને કિનારો સર કરી લીધો અને તેના સૈન્યે અંદર દાખલ થઇને કતલ શરૂ કરી. આ ગડબડમાં ત્યાંના દારૂગોળાના ભંડારને આગ લાગવાથી એક મોટો ધડાકો થયો અને પુષ્કળ માણસો મરાયાં. એવું કહેવાય છે કે, મહારાજ આ સમયે ચાળીસ માઇલના અંતર પર હતા. તેઓ આ ધડાકો સાંભળીને એકદમ ઊંઘમાંથી જાગી ઊઠ્યા અને કહ્યું કે, દંડરાજપુરીમાં કંઇક દગો થયો હોય એમ લાગે છે. શું બીના બની છે તેની તપાસ કરવાને માટે તેમણે માણસો પણ મોકલ્યાં હતાં. દંડરાજપુરીને લગતા મહારાજના સાત કિલ્લાઓ હતા. તે કિલ્લાઓ પર યાકુતખાને હલ્લો કર્યો. અંદરના લોકોએ બે ત્રણ દિવસ સુધી તેનો બચાવ કર્યો; પરંતુ નાઇલાજ થઇને આખરે તેમને છ કિલ્લા છોડી દેવા પડ્યા અને એકજ કિલ્લાવાળાઓએ માત્ર સાત આઠ દિવસ સુધી ટકાવ કર્યો. એટલા સમયમાં મહારાજની મદદ આવી પહોંચશે, એવી તેમને આશા હતી; પરંતુ તે આશા વ્યર્થ છે, એવું લાગવાથી છેવટે તેમને તે કિલ્લો શત્રુને સ્વાધીન કરવો પડ્યો. યાકુતખાને અંદરના લોકોને અભયવચન આપવાથી તેઓ બહાર આવ્યા. આ સર્વ મળીને સાતસો માણસો હતાં; પરંતુ કિલ્લો હાથમાં આવ્યા પછી યાકુતખાને દગાબાજી કરી. જે જે ખૂબસૂરત અને યુવાન સ્ત્રીઓ હતી તેમને પકડીને ગુલામ બનાવી અને મુસલમાન ધર્મમાં વટલાવી. જે સ્ત્રીઓ વૃદ્ધ

અથવા બદસુરત હતી તેમને છોડી મૂકી અને પુરુષમાત્રની કતલ કરી. પોતાના આ ક્રૂર અને અધમ કાર્યની હકીકત તેણે મોગલ સેનાપતિને લખી જણાવી. તેના આ અધમ કાર્યની તે મોગલ સેનાપતિએ તારીફ કરી; એટલુંજ નહિ પણ તેની મનસબદારી પણ વધારી આપી અને તેને સરપાવ પણ આપ્યો; પરંતુ ગોવળકોંડાથી પાછા આવ્યા પછી મહારાજે તેનો બરોબર બદલો લીધો.

સીદીએ કરેલા ભયંકર ક્રૂર કર્મનો બદલો વાળવાને માટે મહારાજે તેના પ્રદેશમાં એકસરખું તોફાન મચાવી મૂકયું. દંડરાજપુરી કબજે કરવાને માટે તેમણે મુંબઇના અંગ્રેજોની મદદ માગી હતી; પરંતુ સુરતના અંગ્રેજોની કાઉન્સિલે તથા પ્રમુખે એવી સલાહ આપી કે, “ શિવાજીને મદદ કરવાથી મોગલો આપણા પર નારાજ થશે અને આ દેશમાંથી આપણે ઉચાંતરી કરવી પડશે. શિવાજી દારૂગોળો વગેરે માગે છે તે તેને આપશો નહિ; પણ નથીજ આપતા એવું કહીને તે આપણા પર ગુસ્સે થાય એવું પણ કરશો નહિ. તેને અધ્ધરતાલજ રાખજો. જો દંડરાજપુરી શિવાજીના હાથમાં જશે તો તેમાં આપણને નુકસાન છે; કારણકે તેથી મુંબઇબંદરને તેના તરફથી હમેશાં ઉપદ્રવ થવાનો ભય છે.” આવી સલાહ મળવાથી મુંબઈના અંગ્રેજ વેપારીઓએ તટસ્થવૃત્તિ ધારણ કરી; પરંતુ જ્યારે ઔરંગઝેબે પોતાનાં ૩૬ વહાણોનો કાફલો મોકલીને મહારાજના કોંકણકિનારા પરનાં શહેરો પર સવારી કરી અને મહારાજનાં નાનાં નાનાં ઘણાં વેપારી-વહાણોનો તેણે નાશ કર્યો, ત્યારે એ કાફલાના ભયથી મહારાજે પોતાનાં છ વહાણ મુંબઇના બંદરમાં રાખ્યાં હતાં. જ્યારે મોગલોના કાફલાને આ વાતની ખબર પડી ત્યારે તે વહાણ કબજે કરવાનો તેણે વિચાર કર્યો; પરંતુ અંગ્રેજ વેપારીઓએ એવું જણાવ્યું કે, સને ૧૬૬૦માં શિવાજીએ રાજાપુરમાં તેમની વખાર લૂંટી હતી, તેનો બદલો લેવાને તેમણે એ વહાણો પોતાને કબજે કરેલાં છે. તેમની એ વાત સાચી માનીને મોગલ આરમારે તે વહાણને જતાં કર્યાં. આ પ્રમાણે મોગલોનો કોપ પોતાના પર ઊતરે નહિ અને શિવાજી મહારાજ રાજી રહે એવી યુક્તિ મુંબઇના અંગ્રેજ વેપારીઓએ કરી. ફ્રેંચ વેપારીઓ પણ મહારાજને ખુશી રાખવાનો પ્રયત્ન કરતા હતા. મોગલોને ખબર પડે નહિ એ પ્રમાણે તેઓ મહારાજને તોપો, બંદૂકો અને દારૂગોળો વગેરે પૂરું પાડતા હતા. મહારાજના કાફલા વચ્ચે અને મોગલોના કાફલાની જેણે મદદ લીધી છે એવા સીદીના કાફલા વચ્ચે ઉપર જણાવ્યું તે પ્રમાણે યુદ્ધ ચાલતું હતું, તે વખતે એક ફ્રેંચ વહાણે મહારાજના કાફલાને ૮૦ નાની તોપો અને ૨૦૦૦ મણ દારૂગોળો ગુપ્તપણે વેચ્યો હતો, એવું કહેવાય છે. મુંબઈના બંદર-

માંથી દાખલ થઇને મહારાજના તાબાનો કુર્લા પ્રાંત ઉજ્જડ કરવાનો મોગલોના અને સીદીના કાફલાના સરદારોએ વિચાર કર્યો અને તે બેટના અંગ્રેજ ગવર્નર આંગિયર પાસે તેમણે બંદરમાં દાખલ થવાની પરવાનગી માગી; પણ તે તેણે આપી નહિ. પછી આગળ જણાવ્યા પ્રમાણે કંઇક ગામોનો નાશ કરીને સીદી પાછો ગયો અને અંગ્રેજોની પરવાનગી લીધા વગરજ મુંબઇ બંદરમાં તેણે પ્રવેશ કર્યો. ત્યાં જઈને એવી સલાહમસલત કરવા લાગ્યો કે, "આપણે બે એકત્ર થઇને શિવાજી સાથે યુદ્ધ કરીએ." આ વાતની બાતમી જ્યારે મુંબઇમાંના શિવાજી મહારાજના વકીલને મળી ત્યારે તેણે અંગ્રેજોને એવી ધમકી આપી કે, "જો તમે સીદી સાથે મળી જશો તો શિવાજી મહારાજ તમારા પર ખાસ સવારી કરશે." આથી આ પ્રસંગે તટસ્થ રહેવામાંજ પોતાનો લાભ સમાયેલો છે, એમ લાગવાથી આંગિયરે સીદીની માગણીનો ઇન્કાર કર્યો; પણ સીદીએ મુંબઇ બંદરમાંથી પેણ અને નાગોટની ખાડીઓદ્વારા કંઈક વહાણો મોકલીને તે બાજુનાં મહારાજનાં ગામોનો નાશ કરવાનો અને લોકોને પકડી લાવવાનો ક્રમ શરૂ કર્યો, ત્યારે રાયગઢ પરથી મહારાજના સૈન્યે આવીને સીદીનાં માણસો પર હલ્લો કરીને તેમની કતલ કરી નાખી. સીદીના કેટલાક અમલદારોનાં ડોકાં કાપી નાખીને તેઓ મહારાજ પાસે લઇ ગયા હતા, એવું પણ કહેવાય છે.

આ સમયે અંગ્રેજો અને ડચ લોકોને પરસ્પરમાં વૈર વધી ગયું હતું અને તેઓ એકબીજા સાથે યુદ્ધ કરતા હતા. ડચ લોકોનો એક સેનાપતિ બાવીસ વહાણોનો કાફલો લઇને ઉત્તરમાંથી મલબારના કિનારા આગળ આવ્યો. મુંબઇ બંદર પર હલ્લો કરીને તે બેટ હસ્તગત કરવો, એવો તેના મનમાં ઇરાદો હતો. મહારાજની કીર્તિ પ્રથમથીજ તેના સાંભળવામાં આવી હતી; તેથી તેણે મહારાજને સંદેશો કહાવી મોકલ્યો કે, "જો તમે અમને જમીનમાર્ગે ત્રણહજાર સૈનિકો આપીને મુંબઇબેટ જીતવામાં મદદ કરો તો દંડરાજપુરી અને જંજીરા જીતવામાં હું તમને મારા કાફલાની મદદ કરીશ." આ સંદેશાનો મહારાજ શો જવાબ આપે છે તેની તે ડચ–સેનાપતિ રાહ જોવા લાગ્યો; પરંતુ મહારાજ આ વખતે બીજા મહત્ત્વના કાર્યમાં રોકાયેલા હોવાથી અને આ ડચ–સેનાપતિ પર ભરોસો રાખીને અંગ્રેજો સાથે વિરોધ કરવો એ વાજબી નથી એમ લાગવાથી તેમણે ડચ–સેનાપતિના સંદેશા પર કંઇ ધ્યાન આપ્યું નહિ. એમના તરફથી કાંઇ પણ મદદ મળતી નથી એવું જોઇને તે ડચ–સેનાપતિ નિરાશ થઇને પાછો ચાલ્યો ગયો.

प्रकरण २२ मुं–विजापुर-सरकार साथे पुनः युद्ध

આદિલશાહના મુખ્ય વજીર અબ્દુલ મહંમદે મહારાજ સાથે ગુપ્ત રીતે તહનામું કરી પ્રતિ વર્ષે ત્રણ લાખ રૂપિયાની ખંડણી આપવાનું કબૂલ કર્યું હતું, એ પાછળ લખવામાં આવ્યું છે. એ તહનામા પ્રમાણે મહારાજને પ્રતિવર્ષે ખંડણીની રકમ પહોંચતી હોવાથી મહારાજે વિજાપુર–સરકારના રાજ્યમાં તોફાન મચાવવાનું બંધ કર્યું હતું; પરંતુ ઇ૦ સ૦ ૧૬૭૩માં આદિલશાહ મરણ પામ્યાથી તેનો પાંચ વર્ષનો શાહજાદો ગાદી પર બેઠો અને ખવાસખાન મુખ્ય કારભારી નિમાયો. અબ્દુલ મહંમદના હાથમાંથી રાજ્યકાર્યભાર જવાથી તેણે મહારાજ સાથે થયેલું તહનામું રદ કર્યું. ખવાસખાનને રાજ્યાધિકાર મળવાથી તે કોઇને ગણકારતો નહોતો. ઇતર સરદારો તેની ઇર્ષ્યા કરવા લાગ્યા. તેઓ પોતપોતાનો પક્ષ સબળ કરી એકબીજા સાથે કલહ કરવા લાગ્યા. વિજાપુરસરદારો વચ્ચે વૈમનસ્યની વાર્તા મહારાજે પોતાના બ્રાહ્મણ કારભારી દ્વારા સાંભળી ત્યારે વિજાપુર–સરકારના રાજ્યમાં પુનઃ તોફાન કરવાનો ઉત્કૃષ્ટ સમય જાણી વિશાળગઢ ઉપર પુષ્કળ લશ્કર એકઠું કરી, મહારાજે આદિલશાહી પ્રાંતો પર પુનઃ ચડાઈ કરવાની તૈયારી કરી; એટલે વિજાપુર રાજ્યના મુખ્ય સેનાપતિ અબ્દુલ કરીમ બહિલોલખાને મોગલો સાથે મિત્રતા કરી અને મહારાજ સાથે યુદ્ધ કરવા તૈયાર થયો.

એકત્ર કરેલા લશ્કરમાંથી પંદરહજાર સૈનિકોને મહારાજે પન્હાળાનો કિલ્લો પાછો મેળવવા મોકલ્યા. મરાઠાસૈન્યે કિલ્લાને ઘેરો નાખ્યો તે સમયે અબ્દુલકરીમ મોટી ફોજ લઇને તેમના પર હુમલો લઇ ગયો. ઉભય પક્ષ વચ્ચે ઘનઘોર યુદ્ધ થયું. તેમાં ખાનને પ્રથમ વિજય મળવાથી પોતાના થાકેલા સૈન્યને વિશ્રાંતિ આપવાની ઇચ્છાથી તેણે તિકોટામાં છાવણી નાખી. એટલામાં મહારાજના લશ્કરને વખતસર સહાયતા મળતાંજ તેઓએ પુનઃ શત્રુ પર હુમલો કરી ખાનના લશ્કરનો પરાજય કર્યો.* આ પ્રમાણે પન્હાળાનો કિલ્લો

---

* મોડકકૃત ઇતિહાસમાં લખ્યું છે કે, એ યુદ્ધમાં જે મરાઠા સૈનિકો નાસી આવ્યા હતા, તેમાંના કેટલાકને મહારાજે દેહાંતદંડની શિક્ષા કરી હતી.

હસ્તગત થયા પછી મહારાજે સતારાના કિલ્લેદારને લાંચ આપીને તે કિલ્લો પોતાને હસ્તગત કર્યો. (સપ્ટેંબર સને ૧૬૭૩)

જ્યારે મહારાજના વિજયની વાત અંગ્રેજોના સાંભળવામાં આવી, ત્યારે તેમના અધ્યક્ષ આંગિયરે તા. ૧૬મી સપ્ટેંબર ૧૬૭૩-ના દિવસે એવું લખ્યું કે, "શિવાજી પોતાના સર્વ શત્રુઓ સાથે ટક્કર દઈ શકે એટલો સમર્થ થયો છે. મોગલોનું સૈન્ય તેના પ્રદેશમાં પ્રવેશ કરે એવો પૂરો સંભવ છે; અને વિજાપુર–સરકારનો સરદાર બહિલોલખાન પણ તેમના ઉપર સવારી કરે એમ લાગે છે. શિવાજી મહારાજ સાથે બરોબર યુદ્ધ કરીને તેનો સંપૂર્ણ નાશ કરવાની વિજાપુર–સરકારના સરદારની દાનત હોય એમ લાગતું નથી." મહારાજ જ્યારે દક્ષિણમાં પાછા ફર્યા ત્યારે તેમની પૂંઠ પકડવાનું રહેવા દઇને બહિલોલખાને કોલ્હાપુરમાં પોતાનો મુકામ કર્યો અને તે એવા નિમિત્તથી કે, મહારાજ જ્યારે કાનડા પ્રાંતમાંથી પાછા ફરે ત્યારે તેમને અટકાવવા. આ યુદ્ધમાં વિજય પ્રાપ્ત થયા પછી મહારાજે આગળ કૂચ કરી કેટલાંક ગામો તથા શહેરો લૂંટી લીધાં અને પછી તેમણે હુબલી શહેર પર હુમલો કર્યો. તે સમયે એ શહેરની પ્રજા ધનવાન હોવા સાથે ત્યાં મોટો વેપાર ચાલતો હતો. એ શહેરમાં જુદા જુદા દેશના શાહુકારો વેપાર કરવા આવ્યા હતા. મહારાજે નિશ્ચિંતપણે શહેર લૂંટી લીધું. કહેવામાં આવે છે કે, એ શહેર લૂંટતાં મહારાજને જેટલું દ્રવ્ય મળ્યું, તેટલું બીજું કોઇ પણ શહેર લૂંટતાં મળ્યું નહોતું. ત્યાંના અંગ્રેજ વેપારીઓને પણ મહારાજે લૂંટ્યા હતા. તેમાં તેઓને સાત આઠ હજાર હોનનું નુકસાન થયાનો લેખ મળી આવે છે. એ સમયના મુંબઇના ગર્વનર મિ. આંગિયરે મહારાજ સાથે નમ્ર વર્તન રાખી સ્નેહભાવ રાખ્યો હતો. તેણે મહારાજને નાખુશ કરવાનો કદી પણ યત્ન કર્યો નહોતો. હુબલીના અંગ્રેજ વેપારીઓને શહેરની લૂંટ વખતે જે નુકસાન થયું હતું, તે વસૂલ કરવા માટે ગવર્નર સાહેબે અનુકૂળ સંધિ જોઇ મહારાજ પાસે માગણી કરી હતી. તે માગણીનો મહારાજે પ્રત્યુત્તર વાળ્યો હતો કે, "એ શહેરના તમારા વેપારીઓને મારા સિપાઇઓએ કંઇ પણ ત્રાસ આપ્યો નથી, તેમજ તમે લખો છો તેટલું તેઓને નુકસાન પણ થયું નથી." એ સંબંધી તેમને ખાતરી કરી આપવા માટે મહારાજે પોતાના અમલદારો પાસેથી લૂંટની યાદીઓ મંગાવી તેમને બતાવી આપ્યું કે, માત્ર બસો હોનની કિંમતનો માલ અંગ્રેજોની વખારમાંથી લૂંટ્યો હતો. એ અને રાજાપુરમાં થયેલું નુકસાન અમે સગવડ પ્રમાણે ભરી આપવા તૈયાર છીએ. એ પ્રમાણે બન્ને વચ્ચે મિત્રભાવે પત્રવ્યવહાર ચાલતો હતો, તે દરમ્યાન મહારાજે અંગ્રેજોને રાજાપુરમાં પુનઃ વખાર ઉઘાડવા આગ્રહ કર્યો. અંગ્રેજોએ

તે કબૂલ કર્યું; પરંતુ મહારાજે મિ. આંગિયર પાસે પોતાનાં લશ્કરી વહાણો મજબૂત બનાવવા થોડીક તોપોની માગણી કરી. તે તેમણે સ્વીકારી નહિ; કારણકે ગવર્નરને મોગલોની અને સીદીની સજ્જડ બીક હતી. અંગ્રેજો સાથે સ્નેહસંબંધ રાખી તેમને થયેલું નુકસાન ભરી આપવા મહારાજ તૈયાર થયા હતા. તેનું કારણ એ હતું કે, સીદી અને મોગલોનાં વહાણો સાથે યુદ્ધ કરતી વખતે ગવર્નર તરફથી તેમને સહાયતા મળવાનો સંભવ જણાતો હતો. મહારાજે મિ. આંગિયરને કહ્યું હતું કે, "તમારી સાથે તહનામું કરવાની અમારી ઇચ્છા છે. સીદીને તમારો શત્રુ જાણી તેનો જંજીરા કબજે કરવામાં અમને મદદ કરશો તો તમારૂં સર્વ નુકસાન અમે ભરી આપીશું." ગવર્નરે તે શરત કબૂલ કરી નહિ; કારણકે સુરતમાં અંગ્રેજોનો વેપાર ધમધોકાર ચાલતો હતો. એ શહેર મોગલોના તાબામાં હોવાથી અંગ્રેજોનું ઇષ્ટાનિષ્ટ અદૃષ્ટ મોગલબાદશાહના હાથમાં હતું; તેથી મોગલોને યત્કિંચિત્ પણ દુભવવાનું તેમને હિતકર ન જણાય, એ સ્વાભાવિકજ હતું. અંગ્રેજો દ્વારા શિવાજી મહારાજને સહાયતા મળવાના સમાચાર જણાતાંજ બાદશાહ અંગ્રેજ વેપારીઓને સુરતમાંથી કાઢી મૂકવા ચૂકશે નહિ, એવી પણ ગવર્નરને ખાતરી હતી. વળી સીદીએ મોગલોની ઉપરી સત્તા સ્વીકારેલી હોવાથી અંગ્રેજો તેની વિરુદ્ધ થઈ શિવાજી મહારાજ સાથે તહનામું કરે, તો તે પણ ઔરંગઝેબને પસંદ પડે તેમ નહોતું; અસ્તુ. શિવાજી મહારાજ સાથે વિરોધ કરી સીદી સાથે અંગ્રેજો સ્નેહસંબંધ રાખે તો તેમ કરવામાં પણ તેઓને ભીતિ લાગતી હતી; કારણકે મુંબઇ બેટની આસપાસ સર્વત્ર મહારાજની સત્તા પ્રવર્તતી હતી અને તેમના પ્રાંતમાં પુષ્કળ અંગ્રેજો વ્યાપાર કરતા હતા. તેથી મહારાજ ગુસ્સે થતાં અંગ્રેજોને મુંબઇ બેટમાં કોઇ સ્થળે આશ્રય મળે નહિ એવી તેમને સદોદિત બીક લાગતી હતી. એ સર્વ કારણોને લીધે ગવર્નર મિ. આંગિયર કોઈ પણ પક્ષમાં નહિ ભળતાં તટસ્થ રહ્યા. સીદી તેમની પાસે વારંવાર સહાયતા માગતો; પરંતુ તેઓ હમેશાં તેને સાફ ના પાડતા. સીદી મુંબઇના બારામાંથી પોતાનાં વહાણો પસાર કરવાની ગવર્નર પાસે પરવાનગી માગતો હતો; પરંતુ તેઓએ કોઈ પણ પક્ષનાં વહાણોને પોતાના બંદરમાંથી પસાર થવા દીધાં નહિ. તેમણે મોગલોનાં માત્ર ચાર વહાણોને પોતાના બંદરમાં રહેવા દીધાં હતાં; પણ તે ઉપરનાં મનુષ્યોને કોઇ પણ બહાને પૃથ્વી ઉપર ઊતરવાની સખ્ત મના કરી હતી. ગવર્નરના તટસ્થપણા બદલ ઉભય પક્ષ તરફથી તેમને સારૂં માન મળતું. અંગ્રેજ અને મહારાજ વચ્ચે ભવિષ્યમાં ઊભી થયેલી ખટપટનું વર્ણન આગલા એક સ્વતંત્ર પ્રકરણમાં લખવામાં આવશે. આ સ્થળે મહારાજ અને વિજાપુરસરકાર વચ્ચે જે

વિશેષ યુદ્ધ થયાં હતાં તેનુંજ વર્ણન લખવામાં આવે છે.

મહારાજ પશ્ચિમ કિનારાનો સર્વ પ્રદેશ સ્વતંત્ર રીતે પોતાને કબજે લેવા ચાહતા હતા. એ હેતુ સિદ્ધ કરવા માટે તેમણે પોતાનાં વહાણો સુસજ્જ કરી કારવાર, આકોલા, વગેરે શહેરો ઉપર પુનઃ ચડાઇઓ કરવા સરદારો મોકલ્યા અને પ્રાંતમાંના દેશમુખીઓને બંડ કરવાની ઉશ્કેરણી કરી. દેશમુખીઓએ પોતાના પ્રાંતના મુસલમાન થાણદારોને તેમનાં થાણાં છોડાવી નસાડી મૂકયા.

વિજાપુરસરકાર સાથે નિશ્ચિંતજીવે અને નિર્વિઘ્ને યુદ્ધ કરતાં ફાવે તેથી મોગલોને લાલચ બતાવી તેમને થોડા દિવસ શાંત રાખવાના ઉદ્દેશથી મહારાજે ખાનજહાનને પત્ર લખ્યો કે, “ મારો અપરાધ ક્ષમા કરી બાદશાહ પાસે મારી ભલામણ કરવી અને તેમના વચન પ્રમાણે મને દક્ષિણની દેશમુખી આપી બાદશાહે મને પોતાની પાસે બોલાવવો. મારા પુત્ર શંભાજીને પુનઃ મનસબ આપવી. તેમ થવાથી બાદશાહની સેવા કરવાના કાર્યમાં ભવિષ્યમાં વાંધો પડશે નહિ. હું બાદશાહ સાથે હમેશાં પ્રમાણિકપણે વર્તીશ. ” મહારાજની અરજી ખાને ઔરંગઝેબ તરફ રવાના કરી અને તે મંજૂર કરવા માટે ખાને તેમને આગ્રહપૂર્વક વિનંતી કરી. વાસ્તવિક સ્થિતિ એવી હતી કે, ખાનજહાને મહારાજ સાથે ગુપ્ત રીતે સ્નેહસંબંધ રાખ્યો હતો; કારણકે દક્ષિણમાં આવ્યા પછી મહારાજ સાથે યુદ્ધ કરી તેમને તાબામાં લેવાનું કાર્ય ખાનને અતિશય કઠિન જણાયું હતું. ખાનની ફોજ પણ ઓછી થઈ હતી અને બાદશાહ વધારે લશ્કર મોકલવા ખુશી નહોતા. એમ હોવાથી તેમણે મહારાજ સાથે શત્રુતા નહિ કરતાં તેમની સંલાહ પ્રમાણે વર્તવાનો અને તેઓ પોતાના તાબાના પ્રદેશમાં ઉપદ્રવ ન મચાવે એવી ગોઠવણ કરવાનો વિચાર કર્યો. મહારાજ જે સમયે વિજાપુરસરકાર સાથે પુનઃ યુદ્ધ કરવામાં ગૂંથાયા, તે સમયે તેમના પ્રાંતમાં એ મોગલ સરદારે સવારી કરવાની જરૂર હતી; પરંતુ તેમ નહિ કરતાં તે પોતાના પ્રાંતમાંજ સ્વસ્થ બેસી રહ્યો. પોતાની એવી વર્તણુંકથી ઔરંગઝેબ તરફથી ઠપકો મળવાની બીકેજ ખાને મહારાજને અરજી કરવાની કલ્પના ઉત્પન્ન કરેલી હોવી જોઇએ. ગમે તેમ હોય, પણ મહારાજે વિજાપુરસરકાર સાથે યુદ્ધ કર્યું, તે વખતે મોગલોએ તેમના પ્રાંતમાં કંઈ પણ ઉપદ્રવ કર્યો નહોતો; તેમજ મરાઠાઓએ પણ મોગલાઇ હદમાં તોફાન કર્યું નહોતું.

એ અરસામાં કારવારના ફોજદાર મિયાન સાહેબે બંડ કરી પોતાના તાબાના મુસલમાન અમલદારોને કેદ પકડયા અને જે દેશમુખીઓ તેના બંડમાં સામેલ થયા નહિ તેઓને તાબે કર્યા. ગોવાની ફિરંગી પ્રજાને અને તેમની માલમતાને પણ તે નુકસાન કરવા લાગ્યો. કારવારમાં અંગ્રેજોની વખાર હતી, તેઓ પાસે દારૂ-

ગોળા અને બંદૂકો માગવા લાગ્યો. અંગ્રેજોએ તેને કાંઇ પણ આપ્યું નહિ, ત્યારે તેણે તેમની વખારો લૂંટી લીધી. ફોજદારે જે તોફાન મચાવ્યું હતું, તેના સમાચાર વિજાપુરસરકારને મળતાંજ ફોજદારનો પરાજય કરવા માટે તે સરકારે આઠ હજાર સિપાઇઓનું લશ્કર મોકલ્યું. મહારાજને એ સમાચાર મળતાં વિલંબ થયો નહિ. તેમણે એ લાગ જોઇ વિજાપુરસરકારના પ્રાંતમાં સવારી કરી અને મિયાન રાજુના તાબાના કારવાર, અંકોલા અને શિવેશ્વર થાણાં કબજે કર્યાં. આ સમયે મહારાજે પોતે આગળ કૂચ કરીને કારવારથી એક દિવસના અંતર પર મુકામ કર્યો. આ સમયનો અંગ્રેજ વેપારીઓનો એવો લેખ છે કે, તે વખતે મહારાજ ત્યાં આવેલી એક ઊંચી ટેકરી પર કિલ્લો બાંધવાનો વિચાર કરતા હતા અને કારવારના ફોજદારને બંડ કરવાનું ઉત્તેજન પણ તેમણેજ આપ્યું હતું.

એ સમયે પરળીનો કિલ્લો વિજાપુરસરકારના તાબામાં હતો, તે પર કેટલાક માવળાઓ મોકલી મહારાજે તે પોતાને તાબે લીધો. તે કિલ્લા નજીકના સતારાના કિલ્લા પર છાપો મારી મહારાજ તેને પોતાને સ્વાધીન લેવાની તૈયારીમાં હતા; પરંતુ કિલ્લા પર સિપાઇઓનો મજબૂત બંદોબસ્ત હોવાથી તે સહજ રીતે તેમના હાથમાં આવી શક્યો નહિ. મહારાજના લશ્કરે કિલ્લાને ઘેરો નાખ્યો; પણ કિલ્લામાં અન્ન વગેરે સામગ્રી પુષ્કળ હોવાથી સિપાઇઓએ ચાર-પાંચ મહિના સુધી મહારાજના લશ્કર સાથે યુદ્ધ કરી કિલ્લાનું રક્ષણ કર્યું. અંતે કિલ્લો મહારાજના કબજામાં આવ્યો. તેમાંથી તેમને પુષ્કળ લૂંટ મળી; અને તે સર્વ વસ્તુઓ મહારાજે રાયગઢ મોકલી દીધી. ત્યાર પછી મહારાજે ચંદનવંદન, પાંડવગઢ, નંદગિરિ, તાટોરા વગેરે કિલ્લા તાબે કર્યા. તેજ પ્રમાણે વાઇ, કરાડ, શિરોળ અને કોલ્હાપુર કબજે કરી હુકેરી રાયબાગપર્યંત મહારાજે પોતાની સત્તા સ્થાપી. એ ચડાઇમાં તેમને પુષ્કળ લૂંટ મળી હતી, તે લઈ મહારાજ રાયગઢ ઉપર આવ્યા. મહારાજે પુનઃ લશ્કર તથા વીસ હજાર ફરશી તૈયાર કરાવવાની મોગલોને ખબર મળી. તેમની એ તૈયારી કોઈ પણ શહેર લૂંટવા માટે થતી હોવાનું અનુમાન કરી મોગલોએ સુરત શહેંરમાં ઉત્તમ બંદોબસ્ત રાખ્યો. વિજાપુરસરકારે કલ્પના કરી કે, મહારાજ કારવારના બળવાખોર ફોજદારને મદદ કરવા જાય છે; પરંતુ ત્યાં મોગલોએ પોતાના શહેરનો મજબૂત બંદોબસ્ત કર્યાનું સાંભળ્યું, ત્યારે વિજાપુરસરકારની બીક ઓછી થઇ. મહારાજે તો તે બન્ને સરકારને છેતરી. તેમના પચીસ હજાર સિપાઇઓ પર્વતના મધ્ય ભાગમાંથી જુદે જુદે રસ્તે નીચે ઉતર્યા અને એકત્ર થયા પછી તેમણે એકાએક ફોંડાના કિલ્લા પર હુમલો કરી તે કિલ્લાને ઘેરો નાખ્યો. મરાઠા શત્રુઓને નજીક આવેલા

જાણી વિજાપુરસરકારનું લશ્કર ગભરાઇ ઊઠયું અને તેમની સાથે યુદ્ધ કરવાનું છોડી દઇ તેઓ નાસી ગયા.

મહારાજના લશ્કરે વિજાપુરસરકારના પ્રદેશમાં ખૂબ તોફાન મચાવ્યાથી ખવાસખાને બહિલોલખાનને* પ્રચંડ સૈન્ય આપી તેમના પર હુમલો કરવા મોકલ્યો. તેણે એકદમ પન્હાળા તરફ જઇ તેની આસપાસનો પ્રાંત કબજે કરી કિલ્લાને ઘેરો નાખ્યો. એ સમાચાર સાંભળતાંજ મહારાજે પ્રતાપરાવ ગુજરને મોગલો પર હુમલો લઇ જવા મોકલ્યો; પરંતુ પન્હાળાના કિલ્લેદારોને મદદ કરવા જઇ શત્રુઓ સાથે યુદ્ધ કરવામાં પોતાના લશ્કરની પાયમાલી ન થવા દેતાં તે કિલ્લાનો ઘેરો ઉઠાવવાની યુક્તિ યોજવાનો પ્રતાપરાવે વિચાર કર્યો. તેણે મોગલ સરદાર પર હુમલો નહિ કરતાં પોતાનું લશ્કર વિજાપુર તરફ ફેરવ્યું અને તે તરફના પ્રાંતો લૂંટતો લૂંટતો તે ઠેઠ વિજાપુર શહેરપર્યંત જઈ પહોંચ્યો. મરાઠા શત્રુઓને શહેર નજીક આવી પહોંચેલા જોઇ ખવાસખાન ગભરાયો. પ્રતાપરાવ સાથે યુદ્ધ કરવા જેટલું શહેરમાં લશ્કર ન હતું; તેથી બહિલોલખાનને પન્હાળાનો ઘેરો ઉઠાવી રાજધાનીના રક્ષણ માટે તાબડતોબ આવી પહોંચવાની ખવાસખાને આજ્ઞા ફરમાવી. સરદાર ઘેરો ઉઠાવી પાછો આવતો હતો તે સમયે પ્રતાપરાવે તેને મીરજ અને વિજાપુરના મધ્ય રસ્તામાં સપડાવી તેમને આગળ વધવાનો રસ્તો બંધ કર્યો. મરાઠા લશ્કરે મુસલમાની ફોજને ચારે તરફથી ઘેરી લઈ ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી. મુસલમાની લશ્કરને અન્ન, જળ, ઘાસ, કાષ્ઠ વગેરે મળતું નહિ હોવાથી તેઓ ભૂખે મરવા લાગ્યા. છાવણીમાંથી બહાર નીકળેલો મુસલમાન સિપાઇ નજરે પડતાં મહારાજના સિપાઇઓ તેને કાપી નાખતા. સામે મોઢે યુદ્ધ કરતાં બળપૂર્વક યુદ્ધ કરવાનો તેમણે ભય બતાવવાથી ખાન વિશેષ ગભરાયો અને બે હાથ જોડી શરણે આવ્યો, તેમજ તહનામું કરવાની ભલામણ કરી, નિર્વિઘ્ને ત્યાંથી પસાર થવાની વિનતિ કરી. એ સાંભળી પ્રતાપરાવે ખાનને ત્રાસ નહિ આપતાં વિજાપુર જવા દીધો. તેમની વચ્ચે કેવું તહનામું થયું તે જાણવાનું સાધન નથી; પરંતુ પ્રતાપરાવની એ વર્તણુંકથી મહારાજને સંતોષ થયો નહિ. તેને મહારાજે સખ્ત ઠપકાભરેલો એક પત્ર લખ્યો. સ્વાભિમાની સરદાર પ્રતાપરાવ મહારાજનો ઠપકો સહન કરી શક્યો નહિ; તેથી તે ઘણે વેગળે ચડાઇ લઈ ગયો. કહેવામાં આવે છે કે, તેણે વરાડ પ્રાંત વા પૈનઘાટ તરફ ચડાઇ કરી હતી.×

---

* મરાઠી બખરમાં આનું નામ અબ્દુલ કરીમ આપેલું છે; પરંતુ પ્રો. સરકાર એનું નામ બહિલોલખાન જણાવે છે.

× સભાસદ લખે છે કે, પ્રતાપરાવ ભાગાનગરના દેશ ચાંદા, દેવગઢ, રામગિરિ વગેરે લૂંટતો ઘણે વેગળે ચાલ્યો ગયો હતો.

એ સમયે એટલે વેગળે ચઢાઈ લઈ જવાની અગત્ય નહોતી; કારણ-કે મહારાજ સ્વતઃ ફોંડાના કિલ્લાને ઘેરો નાખી તે કિલ્લો તાબે કરવાના પ્રયત્નમાં ગુંથાયા હતા, તેથી શત્રુ તરફથી બીજે માર્ગે હુમલો થતાં તેને પહોંચી વળવા માટે મહારાજને પ્રતાપરાવની સહાયતાની વિશેષ જરૂર હતી.

મહારાજ સાથે રિસાઇને પ્રતાપરાવ ઘણે વેગળે ચડાઈ લઇ ગયો છે, તે જાણી બહિલોલખાન પોતાનું લશ્કર એકત્ર કરી પન્હાળાનો કિલ્લો કબજે લેવાની પુનઃ ખટપટ કરે છે, એવી મહારાજને ખબર મળી. તે મુસલમાન સરદારનો વિચાર નષ્ટપ્રાય કરે એવો કોઇ સરદાર મહારાજ પાસે હાજર ન હોવાથી તેમને અતિશય દિલગીરી ઉત્પન્ન થઈ. દક્ષિણમાં તરતના મેળવેલા અને પોતાના પૂર્વે મેળવેલા જૂના પ્રાંતમાં, મધ્ય ભાગમાં ફોંડા વગેરે જે થાણાં હતાં તે હસ્તગત કરી, સર્વત્ર પોતાની સ્વતંત્ર સત્તા બેસાડવાનો મહારાજનો સંકલ્પ હતો. તે તેમના ત્યાંથી ચાલ્યા જવાથી અપૂર્ણ રહેવાની તેમને ભીતિ લાગી. બહિલોલખાન પ્રચંડ લશ્કરસહિત પન્હાળાપર્યંત જઈ પહોંચ્યો હતો, એટલામાં પ્રતાપરાવ ગુજરને એ સંબંધી ખબર મળતાંજ તે પોતાના ઘોડેસવાર લશ્કરસહિત જુસ્સાબંધ તે પ્રાંતમાં જઈ પહોંચ્યો. પ્રતાપરાવ શત્રુ પર હુમલો કરવાની તૈયારીમાં હતો, એટલામાં મહારાજ તરફથી તેને હુકમ મળ્યો કે, “તમે તમારા ઉદ્ધત વર્તનથી મને દિલગીરી ઉપજાવી છે. તહનામું કરી તમે જેને મુક્ત કર્યો તેજ પુનઃ લશ્કરસહિત મારા પ્રાંતમાં આવ્યો છે. એવા મનુષ્યનો વિશ્વાસ રાખવાનું કારણ શું ? તેજ સમયે તેનો નાશ કર્યો હોત તો આજે મને સખ્ત ત્રાસ ભોગવવો પડત નહિ. તમારા એ કૃત્યને લીધે મેં તમને અપરાધી ઠરાવ્યા છે. વિજાપુરી લશ્કરનો નાશ કર્યા વગર તમે મારી સામે આવશો નહિ.” એ આજ્ઞા સાંભળતાંજ પ્રતાપરાવને અત્યંત ક્રોધ ચઢયો. તેણે શત્રુના લશ્કર ઉપર એકદમ ધસારો કર્યો.* શત્રુનું લશ્કર ઘણું મોટું હતું તેનો તેણે વિચાર કર્યો નહિ; તેની લડવાની હમેશની પદ્ધતિ એવી હતી કે, શત્રુઓનું પુષ્કળ સૈન્ય હોય તે વખતે આગળ ધસી તેમને બરોબર પોતાની સામા આવવા દઇ પોતાનો પરાજય થવાનો ઢોંગ કરવો અને શત્રુનું લશ્કર વિખરાઇ જઇ પોતાની પૂંઠ પકડે તે વખતે એકદમ પાછા ફરી, પોતાના એકત્ર થયેલા લશ્કરસહિત હુમલો કરી શત્રુઓનો પરાજય કરવો; પણ પ્રતાપરાવે આ વખત એ પ્રપંચ રચ્યો નહિ. તેણે ક્રોધના આવેશમાં એકદમ શત્રુઓ પર હુમલો કર્યો.

---

* પ્રો. સરકાર જણાવે છે કે, મહારાજનો એવો સંદેશો આવવાથી જીવની કંઇ પણ દરકાર કર્યા વગર માત્ર ૭ ઘોડેસવારો લઇને તેણે બહિલોલખાન પર હુમલો કર્યો.

તેમ થવાથી મરાઠાઓનો પરાજય થયો. સેંકડો મરાઠા રણમાં મૃત્યુ પામ્યા. એ યુદ્ધમાં વીર સરદાર પ્રતાપરાવ ગુજર રણમાં પડ્યો. પોતાના સેનાપતિનું મૃત્યુ જોઇ મરાઠા સિપાઇઓને ધૈર્ય રહ્યું નહિ. તેઓ પણ આસપાસ નાસી છૂટયા. બહિલોલખાને તેમની પૂંઠે પડી ઘણા મરાઠાઓને કાપી નાખ્યા. મરાઠાઓએ નાસીને ઠેઠ પન્હાળાના કિલ્લામાં ભરાઇ જઇ પાછળ ધસી આવેલા શત્રુઓ પર કિલ્લા પરથી તોપોનો મારો ચલાવ્યો. હંસાજી મોહિતે* નામક એક પાંચહજારી સરદાર પોતાના લશ્કરસહિત પાછળ રહી ગયો હતો. પ્રતાપરાવ સાથે હુમલો કરવા ગયેલા લશ્કરની નિર્બળ સ્થિતિ જાણતાંજ તે સરદાર જુસ્સાબંધ પન્હાળે આવી પહોંચ્યો. શત્રુના લશ્કરને ત્યાં તોફાન કરતું જોઇ મોહિતે તેમના ઉપર એકાએક તૂટી પડ્યો. એ હુમલામાં મોહિતેએ શત્રુઓનો પરાજય કરી વિજય મેળવ્યો. મુસલમાનો પોતાનો વિજય મળવાથી હર્ષમાં આવી જઇ મરાઠાઓની પાછળ પડ્યા હતા તેમનેજ નાસી જવાનો વખત આવ્યો અને મરાઠાઓ પ્રથમ નાસી ગયા હતા તે મુસલમાનોની પાછળ પડ્યા. મરાઠા લશ્કરનો ધસારો સહન નહિ થવાથી સેંકડો મુસલમાન સિપાઇઓનો નાશ થયો. બહિલોલખાન તદ્દન નિરાશ થઈ દિલગીર ચહેરે મહામુસીબતે વિજાપુર જઈ પહોંચ્યો. આ જેસરીનું યુદ્ધ સને ૧૬૭૪માં થયું.

હંસાજી મોહિતેએ એ પ્રસંગે વિલક્ષણ પરાક્રમ બતાવી શત્રુ પર વિજય મેળવ્યાથી મહારાજને અત્યંત આનંદ થયો. તેમણે તેની ઘણી પ્રશંસા કરી સરનૌબતની પદવી તથા હંબીરરાવનો ખિતાબ આપ્યો. એ સમરપ્રસંગે હંસાજીના હાથ નીચેના સંતાજી ઘોરપડે અને ધનાજી જાધવ નામક બે મરાઠા સરદારોએ અતિશય શૌર્યપૂર્વક યુદ્ધ કરી પ્રશંસાપાત્ર પરાક્રમ બતાવ્યું હતું. તે બન્ને સરદારોની પીઠ થાબડી મહારાજે ઘણી શાબાશી આપી, ઊંચી પદવીએ ચઢાવ્યા. પ્રતાપરાવ ગુજર માત્ર ક્રોધે ભરાઇ શત્રુ સાથે યુદ્ધ કરતાં રણભૂમિમાં મૃત્યુ પામવાથી પોતાને ઘણું નુકસાન થયેલું જણાવી મહારાજે શોક પ્રદર્શિત કર્યો. એવા શૂરવીર અને પ્રબળ પરાક્રમી પુરુષના મૃત્યુથી મહારાજને ઘણો ખેદ થયો હતો; એટલુંજ નહિ પણ તે બહાદુર સરદારે પ્રમાણિકપણે અને શૌર્યપૂર્વક તેમની સેવા બજાવેલી હોવાથી તેની કદર કરવા મહારાજે પ્રતાપરાવનાં નિકટનાં સગાં અને તેના તાબાનાં મનુષ્યોને ઊંચી પદવીએ ચઢાવ્યાં; તેની એક પુત્રી સાથે પોતાના પુત્ર રાજારામનું લગ્ન કરી, પ્રતાપરાવના કુટુંબ સાથે પોતાનો સગાઇનો સંબંધ જોડ્યો.

આ હંબીરરાવને મહારાજે એવી આજ્ઞા કરી કે શત્રુઓનો સંપૂર્ણ પરાભવ કર્યા વગર જીવતા પાછા ફરવું નહિ. આવી મહા-

---

* પ્રો. સરકાર એનું નામ આનંદરાવ જણાવે છે.

રાજની સખ્ત આજ્ઞા થતાંજ તે પોતાની ઘોડેસવાર સેના લઇને વિજાપુરસરકારના મુલકમાં દાખલ થયો અને બહિલોલખાનની પૂંઠ પકડી. આ બાજુ મરાઠાઓએ બહિલોલખાનની પૂંઠ પકડી છે, એવા સમાચાર મળતાંજ મોગલસરદાર દિલેરખાન પોતાનું સૈન્ય લઇને તેની મદદે ગયો; પણ આ ઉભય સરદારો સાથે યુદ્ધ કરવામાં આપણે ફાવીશું નહિ એવું હંબીરરાવને લાગવાથી તેમને ભૂલથાપ આપીને તેણે કાનડા પ્રાંત ભણી કૂચ કરી. આ ઉભય યવન સરદારોએ તેની પૂંઠ પકડવાના પ્રયત્ન કર્યા; પરંતુ તે દિવસની પિસ્તાળીસ માઇલની મજલ કરતો હોવાથી, તેમનું કંઇ વળ્યું નહિ. આથી નિરાશ થઇને દિલેરખાન પોતાના થાણા પર પાછો આવ્યો અને બહિલોલખાન કોલ્હાપુર ગયો. હંબીરરાવે કાનડા પ્રાંતમાં પ્રવેશ કરીને બહિલોલખાનની જાગીરમાં પેંચ નામનું શહેર હતું તે લૂંટયું. આ લૂંટમાં તેને દોઢલાખ હોનનો અવેજ મળ્યો હતો એમ કહેવાય છે. આ લૂંટ લઇને તે પાછો ફરતો હતો તે સમયે બહિલોલખાને અને ખિજરખાને તેને બંકાપુર આગળ અટકાવ્યો. ત્યાં આગળ સખ્ત યુદ્ધ થયું, તેમાં મુસલમાનોનો સંપૂર્ણ પરાભવ થયો અને તેઓ નાસી છૂટયા. આ યુદ્ધમાં હંબીરરાવને પાંચસો અશ્વ, બે હાથી અને બીજો પુષ્કળ યુદ્ધનો સામાન મળ્યો.* આ યુદ્ધ સને ૧૬૭૪ના માર્ચ માસમાં થયું. આ પરાજયથી બહિલોલખાનને ઘણોજ ખેદ થયો અને તેથી બીજાં માણસો લઇને હંબીરરાવ ઉપર તેણે હલ્લો કર્યોઃ પરંતુ તેની સાથે યુદ્ધ ન કરતાં પોતે પ્રાપ્ત કરેલી લૂંટ જેમતેમ કરીને હંબીરરાવે મહારાજના રાજ્યમાં પહોંચતી કરી. મુસલમાનોએ પૂંઠ પકડેલી હોવાથી તેને ઘણુંજ નુકસાન થયું. ઉપર જણાવેલી લૂંટ સુરક્ષિત સ્થાનમાં પહોંચતી કર્યા પછી, તેણે બાલાઘાટ તરફ દરોડો પાડયો. આ વખતે તેણે ખાનદેશ, બાગલાણ, બરહાનપુર, વરાડ, ગુજરાત વગેરે મોગલોના પ્રાંત પર સવારી કરીને ત્યાંનાં શહેરો લૂંટયાં. મોગલોના સૈન્યે તેની પૂંઠ પકડી પરંતુ તેનો વેગ એવો હતો કે મોગલ સૈન્યને તે હમેશાં ત્રીસચાળીસ માઇલ પાછળ મૂકી દેતો હતો. આથી તે સૈન્ય નિરાશ થઇ પાછું ફર્યું.

ઉપર જણાવ્યા પ્રમાણે મરાઠાઓ વિજાપુરસરકાર સાથે યુદ્ધ કરવામાં રોકાયા છે, એ તકનો લાભ લઇને દિલેરખાને મહારાજના

---

* સભાસદ જણાવે છે કે, હંબીરરાવે મોટા સૈન્ય સાથે સંપગામ પર ચડાઇ કરી ત્યારે વિજાપુરસરકારે હુસેનખાન મિયાનાને પાંચ હજાર પઠાણ આપી તેની સામે મોકલ્યો. એ લોકો સાથે દોઢ દિવસપર્યંત યુદ્ધ ચાલ્યું, તેમાં હુસેનખાનનો પરાભવ થયો અને તે કેદ પકડાયો. આ યુદ્ધમાં ચાર હજાર અશ્વ, બાર હાથી અને પુષ્કળ ઉંટો હંબીરરાવના હાથમાં આવ્યાં.

કોંકણ પ્રાંતમાં ઊતરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ મહારાજે જુદા જુદા ઘાટ ઉપર પોતાનાં માણસો મૂકીને તેને અટકાવવાનો બંદોબસ્ત કર્યો હતો. આ લોકોએ એક ઠેકાણે તેની સાથે યુદ્ધ કરીને તેનો સંપૂર્ણ પરાજય કર્યો. આ રીતે પરાજય પામીને પોતાના થાણા પર પાછો ચાલ્યો ગયો. એ અરસામાં ઉત્તરમાં ખૈબરના પઠાણો વગેરેએ બંડ કરવાથી ઔરંગઝેબને તે તરફ ધ્યાન આપવું પડ્યું અને દક્ષિણમાંથી દિલેરખાન વગેરે સરદારોને બોલાવી લેવા પડ્યા. ઔરંગાબાદના થાણા પર માત્ર એકલો બહાદુરખાન થોડુંક સૈન્ય લઇને રહ્યો. આથી કેટલાક માસપર્યંત મહારાજને મોગલો તરફથી ઉપદ્રવ થવાનો ભય રહ્યો નહિ અને વિજાપુરસરકારની પણ ઠીકઠીક ખબર લેવાયાથી તે એકાએક યુદ્ધ કરવાને તૈયાર થાય એમ નહોતું. આ અનુકૂળ સંધિનો લાભ લઇને મહારાજે મોટા ઠાઠમાઠથી પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો, એની હકીકત આગલા ભાગમાં સવિસ્તર આપેલી છે.

એ સમયે મહારાજનો આબાજી સોનદેવ નામક એક બીજો શૂરવીર સરદાર મરણ પામ્યો. રામચંદ્ર પંત નામક તેનો પુત્ર પ્રથમથીજ મહારાજની નોકરીમાં હતો. તે બુદ્ધિમાન હોવાથી મહારાજે તેને તેના પિતાનો હોદ્દો આપ્યો. મહારાજાનો સાધારણ નિયમ હતો કે, કોઇને કોઇ પણ હોદ્દો વંશપરંપરા આપવો નહિ; પરંતુ કોઈ અમલદારનો પુત્ર તેના પિતાના જેવો કર્તવ્યદક્ષ જણાય તો તેઓ તેનું સન્માન કરી, તેને પિતાનો હોદ્દો આપવાનું ચૂકતા નહિ. એ નીતિથી મનુષ્યના ગુણની કદર થઇ, તાબાના નોકરોને ઉત્સાહપૂર્વક સ્વામીસેવા કરવાનો ઉમંગ થાય છે.

મહારાજે ફોંડાને ઘેરો નાખ્યો હતો તે ઉપર લખવામાં આવ્યું છે. તેમણે એ ઘેરો ઘણા દિવસ પર્યંત મજબૂત ચાલુ રાખ્યો હતો; પરંતુ કોઈ પણ રીતે કિલ્લો કબજે લઇ શકાતો નહોતો; તેથી એકજ કિલ્લાને ઘેરો નાખી ત્યાં લાંબા દિવસ વિતાવવાનું અને લશ્કર રોકી રાખવાનું ઉચિત નહિ જણાયાથી મહારાજે ઘેરો ઉઠાવી લીધો. ઘેરો ઉઠાવતી વખત મહારાજે કિલ્લાના સૂબેદાર સાથે કરાર કરાવી લીધો કે, “ વિજાપુરસરકારનું સૈન્ય પર્વત પરથી ઊતરી શકે નહિ તે માટે ચોક્કસ સ્થળે અમે અમારૂં લશ્કર રાખીએ, તેને તમારે અડચણ કરવી નહિ. એ કરાર પ્રમાણે વર્તવાથી અમે તમારા કિલ્લાને કિંવા તમારા તાબાના પ્રાંતોને ઉપદ્રવ કરીશું નહિ.” કહેવામાં આવે છે કે, એ કિલ્લાને મહારાજે ઘેરો નાખ્યો તે વખતે તેમણે સુરતના ફ્રેંચ લોકો પાસેથી પુષ્કળ દારૂગોળો અને ૮૦ તોપો વેચાતી લઇ, એ યુદ્ધસામગ્રી રાજાપુરમાં રાખી મૂકી હતી. એ ચડાઇમાં મહારાજે રાજાપુરથી બારદેશપર્યંતનો સર્વ તટપ્રદેશ પોતાના કબજામાં લીધો હતો અને તેનો બંદોબસ્ત કરવા માટે ત્યાં પોતાના કેટલાક નોકરો

રાખી તેઓ રાયગઢ પાછા ફર્યાં. એ વર્ષે અનાવૃષ્ટિને લીધે લશ્કરને અન્નજળ મળતું નહિ હોવાથી, તેમને ઘણી અડચણ પડતી હતી, તેથી મહારાજે પોતાની ઘોડેસવારસેના ચિપલુણમાં રાખી હતી.

ફોંડાના કિલ્લાને ઘેરો નાખી મહારાજ ત્યાંજ ગૂંથાઇ રહ્યા, તે સમયે મોગલ અને સીદીએ પોતાનાં લશ્કરીવહાણો એકત્ર કરી, તેમણે મહારાજના તાબાના કોંકણકિનારા ઉપર પુનઃ ઉપદ્રવ કરવાની શરૂઆત કરી. મહારાજના અને તેઓના દરિયાઇ લશ્કર વચ્ચે સખ્ત યુદ્ધ થયું, તેમાં મહારાજના લશ્કરને વિશેષ યશ મળ્યો નહિ. શત્રુઓ તેમનાં વહાણો પકડી ગયા. મોગલ અને સીદીના એકત્ર લશ્કરે અંગ્રેજોની પરવાનગી વગર મુંબઇ બંદરમાં પ્રવેશ કર્યો. તે લશ્કરે મહારાજના કુરલા પ્રાંતમાં પ્રવેશ કરી તેમનાં ઘણાં ગામ લૂંટી પાયમાલ કર્યાં. તેઓએ પ્રજાનો મોટો ભાગ કાપી નાખ્યો અને પુરુષો, સ્ત્રીઓ તથા બાળકોને કેદ કરી તેમને ગુલામ તરીકે વેચ્યાં. તેમનું એ કૃત્ય મુંબઇના ગવર્નર મિ. આંગિયરને બિલકુલ પસંદ પડ્યું નહિ. ગવર્નરે લશ્કરના સેનાપતિ સાથે એ કૃત્ય સંબંધી તકરાર કરતાં કહ્યું કે, “તમારા એ કૃત્યથી શિવાજી મહારાજ નાહક અમારા ઉપર ક્રોધે ભરાશે.” ગવર્નરની તકરારનું શુભ પરિણામ આવ્યું નહિ. સીદીએ ગવર્નરની ઇતરાજી તરફ લક્ષ્ય નહિ આપતાં પોતાનાં વહાણો મુંબઇ બંદરમાં થોભાવી, કુરલા પ્રાંત ઉપર વારંવાર હુમલા કર્યા. સીદીનો પરાજય કરવા માટે મહારાજે રાયગઢથી ત્રણહજાર માવળા લશ્કર મોકલ્યું. તેઓએ સીદીના લશ્કર સાથે યુદ્ધ કરી તેનો પરાજય કર્યો અને ત્યાંથી સીદીને હાંકી કાઢ્યો. મરાઠાઓનો સખ્ત માર પડવાથી સીદીના ઘણા સૈનિકો મૃત્યુ પામ્યા. પોતાનાં વહાણ શત્રુઓદ્વારા બળી ભસ્મ થવાની બીક લાગ્યાથી સીદી મુંબઇના બારામાંથી પોતાનાં વહાણ હંકારી ગયો. ઇ૦ સ૦ ૧૬૭૪માં સીદી સંબળે મહારાજનું આરમાર સાતવલીની ખાડીમાં હતું તે પર હલ્લો કર્યો. મહારાજના આરમાર પર દૌલતખાન નામનો નૌકાપતિ હતો. ઉભય પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું અને સીદી સંબળને તેમજ દૌલતખાનને ઘણા જખમો પડ્યા; પરંતુ આખરે મહારાજના આરમારને વિજય મળ્યો અને શત્રુને નાસી જવું પડ્યું; પરંતુ કારવારથી પાછા ફર્યા પછી મહારાજે એવો નિશ્ચય કર્યો કે, ગમે તેટલા સૈનિકો અને ખરચને ભોગે પણ દંડરાજપુરી કબજે કરીને સીદીની ખો ભુલાવવી જોઇએ. ઉદ્દેશ સિદ્ધ કરવાને માટે સને ૧૬૭૪ના મે માસથી તે તરફ તોપો, દારૂગોળો, સૈન્ય વગેરે એકસરખી રીતે તેઓ મોકલતા રહ્યા.

प्रकरण २३ मुं-राज्याभिषेक

હંબીરરાવ મોહિતેએ બહિલોલખાનનો પરાજય કર્યો તે સમયે વિજાપુરસરકારનું ઘણું લશ્કર કેદ પકડાયું હતું. તેથી શિવાજી મહારાજ સાથે પુનઃ યુદ્ધ કરવા જેટલું લશ્કર ભેગું કરવાની તેનામાં શક્તિ નહોતી તેમજ બીજા કોઇ પણ સરદારમાં મરાઠા પર સવારી કરવાની હિંમત નહોતી. એવી સ્થિતિ હોવાથી વિજાપુરસરકારના મુખ્ય વજીર ખવાસખાને, મહારાજ પર તત્કાળ સવારી નહિ કરવાનો તથા ભવિષ્યમાં વિશેષ સૈનિકબળ પ્રાપ્ત કરી પુનઃ તેમના પર સવારી કરવાનો વિચાર કર્યો. એ સમાચાર મળવાથી મહારાજ વિજાપુરસરકાર સંબંધી તદ્દન નિશ્ચિંત રહ્યા હતા. ઔરંગાબાદના મોગલ સૂબેદારને તેમણે સખ્ત ત્રાસ આપ્યો હોવાથી તે સૂબેદાર પોતાના સ્થળમાંજ સ્વસ્થ રહ્યો હતો. તેના પ્રાંત પર મહારાજ સવારીઓ નહિ કરતા હોવાથી, તે પોતાને ભાગ્યશાળી સમજી મહારાજની સલાહ પ્રમાણે વર્તતો હતો. ઔરંગઝેબ દક્ષિણમાં કંઇ પ્રવૃત્તિ કરે તેમ હતું, પરંતુ ઉત્તરમાં તોફાન જાગ્યાથી તે ત્યાં બંદોબસ્ત કરવામાં ગૂંથાઇ રહ્યો હતો. એ ઉપરાંત તેને મહારાજની સખ્ત બીક લાગતી હોવી જોઇએ, એમ માનવાને અડચણ નથી. બાદશાહ સ્વાભિમાની હોવાથી સ્વતઃ દક્ષિણમાં સવારી કરી મહારાજનો પરાજય કરવા જતાં તેમાં યશ મળે તો ઠીક, નહિ તો પરાજય થતાં એના જેવી બીજી ફજેતી નથી, એમ પણ તે માનતા હતા. એ સિવાય તેમણે વિચાર કર્યો હતો કે, "શિવાજી મહારાજ સાથે આપણે અનેક વખત વિશ્વાસઘાતી વર્તન ચલાવેલું હોવાથી, દક્ષિણમાં જતાં તેમના સપાટામાં સપડાયાથી તેઓ પાછલા અપકારનો બદલો લેવા કદી પણ ચૂકશે નહિ." વળી બાદશાહે મહારાજના તાબાના એકેએક પ્રમાણિક સરદારોના પરાક્રમની વાતો સાંભળી હોવાથી તે આશ્ચર્ય પામ્યા હતા; તેમજ એવા શૂરવીર સરદારોના બાહુબળ આગળ પોતાના રડતી સૂરત જેવા નકામા ઘોડેસવાર થનારા સેનાપતિનું બળ ચાલશે નહિ, એ પણ તેમને જણાયું હતું. ભાગાનગરની અને વિજાપુરસરકારની લશ્કરી સહાયતા વડે શિવાજી મહારાજનો પરાજય કરવાની તેમને આશા નહોતી; કારણકે મોગલ બાદશાહે એ બાદશાહીનો નાશ કરવાનો સંકલ્પ કર્યો હોવાથી એ બંને રાજ્યો પર તેમની હમેશાં

દાઢ હતી. ઔરંગઝેબે તો એ બન્ને રાજ્યોને અતિશય ગભરાવી નાખ્યાં હતાં, તેથી એ મુસલમાન રાજાઓ મોગલો પર પોતાનું વૈર વાળવાની હમેશાં તક જોતા હતા. શિવાજી મહારાજ ઉક્ત બંને બાદશાહીની સત્તા ધીમે ધીમે ઓછી કરતા હોવાથી, ઔરંગઝેબને તે કાર્યમાં અનુકૂળતાજ જણાતી હતી. ઔરંગઝેબે ધાર્યું હતું કે, યોગ્ય તક પ્રાપ્ત થતાંજ પ્રચંડ સૈન્ય સહિત ચડાઈ લઇ જઈ, પ્રથમ બંને મુસલમાની બાદશાહી કબજે કરવી અને ત્યાર પછી મરાઠાઓની ખબર લેવી. એ કારણને લીધેજ ઔરંગઝેબે પોતાના દક્ષિણના સૂબેદારને મહારાજ સાથે કોઇ પ્રકારનો વિરોધ નહિ કરવાની આજ્ઞા ફરમાવી હતી અને તેજ કારણને લીધે બાદશાહે તેને વિશેષ લશ્કરની મદદ પણ મોકલી નહોતી. દક્ષિણના સૂબેદારે મહારાજની એક અરજી બાદશાહને મોકલી હતી, તે પણ ઔરંગઝેબે પડી રહેવા દીધી હતી. વાસ્તવિક રીતે જોતાં ધૂર્ત બાદશાહને, મહારાજની અરજી માત્ર પ્રપંચભરેલી જણાઇ હતી. મોગલબાદશાહની એવી સ્થિતિ હોવાથી મહારાજ સંબંધી તેઓ નિશ્ચિંતજ રહ્યા હતા. મહારાજે પણ દક્ષિણના મોગલાઈ પ્રાંતમાં સવારીઓ કરવાનુ બંધ રાખ્યું હોવાથી બાદશાહને ગુસ્સો કરવાનું ખાસ કારણ ઉપસ્થિત થયું નહોતું. મોગલો સ્વસ્થ હોવાથી મહારાજને એ સંબંધી ખાતરી થઇ હતી. ભાગાનગરના કુતુબશાહનો પણ મહારાજને ભય લાગતો નહોતો. તે સરકાર તરફથી મહારાજને નિયમિત ખંડણી મળતી હતી, તેમજ ત્યાંનો મુખ્ય પ્રધાન માદણ્ણા મહારાજની ઇચ્છાનુસાર વર્તતો હતો.

સર્વે યવન બાદશાહોને તેમના રાજ્યમાં સ્વસ્થ રાખ્યા પછી, મહારાજે પોતાનો રાજ્યાભિષેક કરવાનો વિચાર કર્યો. શાહજીરાજાના મૃત્યુ પછી મહારાજે “રાજા”નો ખિતાબ ધારણ કર્યો હતો, તેમજ તેમણે પોતાના નામના સિક્કા પણ પ્રવર્તાવ્યા હતા; પરંતુ મહારાજે વિચાર કર્યો કે, “શાસ્ત્રવિધિ પ્રમાણે રાજ્યાભિષેક થઈ છત્ર, સિંહાસન વગેરે રાજચિહ્નો ધારણ કર્યા સિવાય મારા પ્રત્યે પ્રજાનો પૂજ્યભાવ ઉત્પન્ન થશે નહિ, શત્રુઓ મારી બળવાખોર લૂંટારામાં ગણના કરશે, ઇતર રાજા અને બાદશાહ મને યોગ્ય સન્માન આપશે નહિ અને મારા રાજ્યમાં નિવાસ કરતાં પરદેશી મનુષ્યો મને લૂંટારો સમજી મારો તિરસ્કાર કરશે. એ ઉપરાંત જે મરાઠા સરદારો અદ્યાપિપર્યંત યવન બાદશાહના આશ્રયમાં નોકરી કરે છે અને જે મરાઠા સરદાર સ્વતંત્રપણે બંડ ઉઠાવે છે, તેઓના અંતઃકરણમાં મારા ઉપર આદરબુદ્ધિ ઉત્પન્ન થશે નહિ, તેમજ મારી સત્તા સ્થાયી નથી એમ જાણી મને પણ તેમના જેવોજ લૂંટારાનો એક મોટો સરદાર સમજી તેઓ મારા પક્ષમાં આવી મળશે નહિ અને મહારાષ્ટ્રમાં સ્વરાજ્ય સંસ્થાપન કરી, સર્વ મરાઠાઓને એકત્ર કરી, તેઓને સ્વરાજ્ય તથા સ્વા-

તંત્ર્યની કિંમત સમજાવી, તે તરફ તેમને લલચાવવાના મારા ત્રીસ વર્ષના સંકલ્પને જોઇએ તેવો યશ મળશે નહિ.” આવા વિચારો મહારાજના અંતઃકરણમાં હમેશાં ઘોળાયા કરતા હતા.

સ્વરાજ્ય સ્થાપવા માટે મહારાજે ત્રીસ વર્ષ સુધી સતત તનતોડ મહેનત કરી ઉત્તમ પ્રકારનો યશ સંપાદન કર્યો અને આસપાસની યવન બાદશાહીઓને સર્વ રીતે નિર્બળ બનાવી તેઓના પર મહારાજે પોતાનો પ્રભાવ બેસાડ્યો હતો; છતાં તેમના અંતઃકરણમાં શાસ્ત્રવિધિ પ્રમાણે રાજચિહ્નો ધારણ કરવાનો વિચાર ઉત્પન્ન થયો નહિ તેથી આશ્ચર્ય લાગ્યા વિના રહેશે નહિ! પરંતુ શાહજી રાજાના જીવતાં આવાં રાજચિહ્નો ધારણ કરવાનું મહારાજને ઉચિત જણાયું નહોતું. તેઓ મહારાષ્ટ્રમાં આવ્યા તે વખતે સ્વદેશમાંજ રહ્યા હોત, તો મહારાજે સર્વ રાજ્યકારભાર તેમનેજ સોંપ્યો હોત અને તેમનેજ નામે રાજગાદી સ્થાપી હોત. શાહજી રાજાના મૃત્યુ પછી મહારાજે દશ વર્ષ મોગલ તથા મુસલમાનો સાથે યુદ્ધ કરવામાં તેમજ પોતાના પ્રચંડ સૈન્યનો તથા કબજે કરેલા સેંકડો કિલ્લા દુરસ્ત કરાવી તેમને મજબૂત રાખવાનો અઢળક ખર્ચ ચલાવવા માટે પુષ્કળ દ્રવ્ય મેળવવાના ઉદ્યોગમાં તેઓ ગૂંથાયા હતા, તે વાચકો સારી પેઠે જાણે છે. મહારાજના અંતઃકરણમાં સિંહાસનારૂઢ થવાની વારંવાર કલ્પના આવવા છતાં, અદ્યાપિપર્યંત સર્વત્ર સ્વસ્થતા થતાં સુધી એ કલ્પના દબાવી રાખવાની તેમને ફરજ પડી; પરંતુ પ્રથમ લખ્યા પ્રમાણે સર્વત્ર સ્વસ્થતા અને નિર્ભયતા જણાંતાંજ તેમણે પોતાનો સ્તુત્ય ઉદ્દેશ પરિપૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો.

એ ઉદ્દેશ સત્વર સિદ્ધ કરવાનું એક બીજું પણ કારણ હતું. એક સમયે મહારાજના મહાલયમાં કાંઇ પ્રયોજન નિમિત્તે મહારાજે પોતાના સર્વ માનકરી અને સરદારોને આમંત્રણ કર્યું હતું. ભોજનસમારંભની વ્યવસ્થા થતાં કારભારીઓએ દીવાનખાનામાં એક ઊંચા બાજઠ ઉપર ગાદી પાથરી મહારાજને બેસવા માટે આસન બનાવ્યું હતું. મહારાજની આસપાસ ચડતાઊતરતા હોદ્દેદાર બેસે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. સમારંભમાં મોહિતે, મહાડિક, શિરકે, નિંબાળકર, ઘાડગે, જાધવ વગેરે મરાઠા સરદારો આવ્યા હતા. મહારાજને બેસવાનું ઉચ્ચ આસન જોતાંજ તેમને ઇર્ષ્યા ઉત્પન્ન થઈ. તેઓ કહેવા લાગ્યા કે, “શિવાજી મહારાજ હવે સૌથી શ્રેષ્ઠ થયા કે શું? અમે વંશપરંપરાથી શ્રીમંત સરદાર છીએ. અમે છત્રચામરના અધિકારી છીએ. મહારાજના પિતાને એવો ઉચ્ચ અધિકાર પ્રાપ્ત થયો નહોતો. અમારૂં માનખંડન કરી મહારાજ ઉચ્ચ ગાદી પર બેસે અને અમે નીચી ગાદી પર બેસીએ, તો અમારૂં માનખંડન થઈ અમને હતગૌરવ કરવા જેવું થશે. અમે અપમાન સહન કરીએ તે

કરતાં અહીં બેસીએ નહિ એજ ઉત્તમ." એટલું કહી તેઓ ત્યાંથી ઊઠી ઊભા થયા. કારભારીઓએ તેઓને સમજાવ્યું કે, "એ સંબંધી તમે મહારાજને કહો. હમણાં તેઓને ગુસ્સો ઉત્પન્ન કરવાનું કારણ નથી." મહારાજે એ વાત સાંભળી ત્યારે તે ઊંડા વિચારમાં પડ્યા. કેટલાક સામાન્ય પદવીના મરાઠા સરદારોને એકાંતમાં બોલાવી ભોજન કરવા બેસાડ્યા. ત્યાર પછી ઘોરપડે, નિંબાળકર વગેરે મોટા મોટા સરદારોને એકાંતમાં બોલાવી મહારાજે તેમની અડચણનું કારણ પૂછ્યું. સ્વાભિમાની સરદારોએ ઉત્તર આપ્યો કે, "અમે યવન બાદશાહના જૂના નોકર છીએ, અમે અમારા પૂર્વજોથી ચારસો-પાંચસો વર્ષથી–સરદારી ભોગવીએ છીએ. અમને પૃથ્વી પર બેસાડી અમારૂં માનખંડન કરવામાં આવે છે તે અમે સહન કરીશું નહિ. આપેજ એનો ન્યાય કરવો." એ સાંભળી મહારાજે તેમને પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, "જેઓને પોતાના પ્રતિષ્ઠિતપણા માટે એટલું બધું અભિમાન હોય તેમણે મારી કચેરીમાં આવવું નહિ. જરૂર પડશે તે વખતે તેઓને બોલાવી મંગાવવામાં આવશે. નિરર્થક તકરાર ઉત્પન્ન કરવાનું કારણ નથી. જેઓને એ વ્યવસ્થા પસંદ ન હોય તેઓએ હમણાંજ અહીંથી ચાલ્યા જવું." એટલું કહી તોફાની અને અભિમાની સરદારોને પાનનાં બીડાં આપી મહારાજે કચેરી બરખાસ્ત કરી. એ ઉપરથી મહારાજે વિચાર્યું કે, મારા તાબાના મરાઠા સરદારોને પણ મારા ઉપર આદરબુદ્ધિ નથી તેનું કારણ હું અભિષિક્ત થયો નથી એજ છે.

રાજ્યાભિષેક કરવાનો નિશ્ચય કરી તેજ વિચારો કરતાં મહારાજ નિંદ્રાવશ થયા. સ્વપ્નમાં ભવાનીદેવીએ કહ્યું કે, "તેં સ્વધર્મના રક્ષણ માટે આટલો બધો ઉદ્યોગ કર્યો છે, તેથી તું સિંહાસનાધીશ થવાને યોગ્ય છે. મારી કૃપાથી તારો સંકલ્પ પરિપૂર્ણ થશે." દેવી તરફથી આશ્વાસન મળ્યાથી મહારાજે પ્રથમ પોતાનાં માતુશ્રીને સ્વપ્નની વાત કહી. જીજાબાઇને મહારાજનો ઉદ્દેશ પસંદ પડ્યો. ત્યાર પછી મહારાજે રામદાસ સ્વામી પાસે કારકુન મોકલી તેમને પોતાનો ઉદ્દેશ જણાવ્યો. તેમણે પણ મહારાજના કાર્યમાં સંમતિ જણાવી. એજ પ્રમાણે ચિંચવડમાં દેવ વગેરે સ્વરાજ્યસ્થિત સાધુ-સંતો પાસે કારકુનો મોકલી તેમના અભિપ્રાય પુછાવ્યા. એ પછી સ્વરાજ્યના વિદ્વાન પંડિત અને પ્રતિષ્ઠિત બ્રાહ્મણોને પાલખી મોકલી મહારાજે અતિ સન્માનપૂર્વક બોલાવી મંગાવ્યા. મુખ્ય કાર્યભારીઓ અને સરદારોને તેમણે એકઠા કર્યા; તેમજ પોતાના ઇષ્ટમિત્રો અને સ્વજનસંબંધીઓને આમંત્રણ કર્યાં. સર્વની સભા ભરી મહારાજે તેમને પોતાનો ઉદ્દેશ કહી સંભળાવ્યો અને તેમની સલાહ પૂછી. એ સાંભળતાંજ સર્વને અતિશય આનંદ થયો. સર્વાનુમતે

નિશ્ચય થયો કે, મહારાજે શાસ્ત્રવિધિ પ્રમાણે ક્રિયા કરી રાજાને ઉચિત એવાં છત્રસિંહાસનાદિ રાજચિહ્નો ધારણ કરવાં.

સશાસ્ત્ર રાજ્યાભિષેક કરવા માટે કયા પ્રકારની અનુકૂળતા અને સિદ્ધતા હોવી જોઇએ તે સંબંધી વિદ્વજ્જનોને પૂછતાં મહારાજને જણાયું કે, “ જેને ઉપનયનસંસ્કાર થયો હોય તેનેજ શાસ્ત્રાનુસાર રાજ્યાભિષેક થઇ શકે.” મહારાજે શાસ્ત્રોક્ત રીતે ઉપવીત ધારણ કરેલું નહિ હોવાથી વિદ્વાનોના અભિપ્રાય પ્રમાણે તેમની શૂદ્રમાં ગણના થતી હતી, તેથી મહારાષ્ટ્રના વિદ્વાનો મહારાજનો ઉદ્દેશ પરિપૂર્ણ થવો કઠિન ધારતા હતા. મહારાજનું વય હમણાં છેંતાળીસ વર્ષનું હતું. તેમણે બે વખત લગ્ન કર્યું હતું અને પુત્રસંતતિ પણ થઇ હતી. પંડિતોએ અભિપ્રાય દર્શાવ્યો હતો કે, “ એવા વયોજ્યેષ્ઠ પુરુષને હવે શાસ્ત્રોક્ત રીતે ઉપવીતસંસ્કાર થવો અશક્ય છે.” પંડિતોના અભિપ્રાયથી મહારાજના ઉદ્દેશમાં નવીન પ્રત્યવાય ઉપસ્થિત થયો, ત્યારે તેઓ તેમાંથી વિજય પ્રાપ્ત કરવાનો માર્ગ શોધવા લાગ્યા.

એ સમયે મહારાજના તાબાના એક અત્યંત બુદ્ધિમાન, પ્રામાણિક અને સ્વામીનિષ્ઠ સેવકે તેમને પંડિતોના દાવપેચમાંથી મુક્ત થવાનો માર્ગ દર્શાવ્યો. એ સેવકનું નામ બાલાજી આવજી ચિટનીસ હતું. તેણે મહારાજને સલાહ આપી કે, “ મહારાષ્ટ્રના પંડિતોના અભિપ્રાયથી આપને નિરુત્સાહ થવાનું પ્રયોજન નથી. આપે આજપર્યંત જે જે દુર્ઘટ કાર્યો કરવાની કલ્પના કરી હતી, તે કાર્યો ઇષ્ટકૃપાથી પરિપૂર્ણ થયાં છે, તો પછી રાજ્યાભિષેકનું કાર્ય અપૂર્ણ કેમ રહેશે ? કાશી ક્ષેત્રમાં ગાગાભટ્ટ નામક એક મહાન પંડિત રહે છે. તેઓએ ચાર વેદ, છ શાસ્ત્ર અને સ્મૃતિ વગેરે શાસ્ત્રગ્રંથોનું યથાસાંગ અધ્યયન કરી, સર્વત્ર પ્રશંસા મેળવી છે. દેશદેશાંતરના વિદ્વાન પંડિત તેમનો શાસ્ત્રાર્થ માન્ય કરે છે. શાસ્ત્રાર્થ માટે તેઓ મહાન અધિકારી ગણાય છે. ઉપસ્થિત થયેલા વિવાદ સંબંધી તેમને શાસ્ત્રાર્થ પૂછવો ઉચિત છે. એ પંડિત હમણાં પૈઠણ આવ્યા છે. તેમને તથા પૈઠણના ઇતર મહાન પંડિતોને રામદાસ સ્વામીએ બોલાવી મંગાવવા જોઇએ. સ્વામીજીની ઉજ્જવળ કીર્તિ તેઓને વિદિત હોવાથી તેમનું આમંત્રણ તેઓ સ્વીકારશે.” એ સાંભળી મહારાજને ધૈર્ય આવ્યું. ઇતર કારભારીઓને પણ ચિટનીસની સલાહ પસંદ આવી. પંડિત ગાગાભટ્ટને તેડી લાવવાનું કાર્ય બાલાજી આવજીને સોંપવામાં આવ્યું. કેશવ પંડિત, ભાલચંદ્ર ભટ્ટ પુરોહિત અને સોમનાથ કાત્રેને તેની સાથે મોકલવામાં આવ્યા. ગાગાભટ્ટ અને પૈઠણના મહાન પંડિતોને તેડી લાવવાના ખર્ચ માટે બાલાજીને

દસહજાર રૂપિયા તથા પાલખી અને મ્યાના વગેરે સામગ્રી આપવામાં આવી હતી.[૧]

બાલાજી આવજી પૈઠણ ગયો અને ગાગાભટ્ટને મળ્યો. તેણે તેમને મહારાજનો ઉદ્દેશ અને ઉપસ્થિત થયેલો વિવાદ નિવેદન કર્યો. બાલાજીએ પૈઠણના પંડિતોની સભા ભરી. સભામાં મહારાજના પ્રશ્ન સંબંધી ચર્ચા ચાલી. અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, જયપુર, ઉદેપુર વગેરે સ્થળે રજપૂત રાજાઓના જે વિધિપૂર્વક રાજ્યાભિષેક થાય છે, તેજ વિધિ પ્રમાણે શિવાજી મહારાજનો રાજ્યાભિષેક થવામાં અડચણ નથી. પંડિતોની અનુમતિ મળતાંજ બાલાજી સર્વ પંડિતો સહિત રાયગઢ ગયો. પંડિતોના આગમનની વાર્તા જાણી મહારાજ સામૈયું લઇ તેમની સામા ગયા અને તેમનો અતિશય આદરસત્કાર કરી વાજતેગાજતે રાયગઢ પર તેડી લાવ્યા. મહારાજે તેમનું અતિ સન્માન કરી સર્વને રહેવાનાં ઉત્તમ સ્થળો આપ્યાં અને તેમની ઉત્કૃષ્ટ પ્રકારે બરદાસ્ત કરી.

મહારાજે પોતાના તાબાના કારભારીઓ, સ્વરાજ્યના પંડિતો તથા ઇતર વિદ્વજ્જનોની પુનઃ સભા ભરી. ત્યાં ગાગાભટ્ટ તથા પૈઠણના પંડિતોને બોલાવ્યા અને ભરસભામાં પોતાના રાજ્યાભિ-

---

[૧] સભાસદ અને ચિત્રગુપ્ત લખે છે કે, ગાગાભટ્ટને કોઈ તેડવા ગયું નહોતું. મહારાજની કીર્તિ સાંભળી તે પોતાની મેળેજ મહારાજને મળવા આવ્યા હતા. મહારાજે તેનો યોગ્ય આદરસત્કાર કર્યો, તેથી ખુશી થઈ પંડિતે મહારાજની પુષ્કળ સ્તુતિ કરતાં કહ્યું કે, “ કલિયુગમાં ક્ષાત્રધર્મ તદ્દન નાશ પામ્યો છે, સંપૂર્ણ પૃથ્વી યવનમય થઈ, યવનો સિંહાસનારૂઢ થયા છે. સૂર્યવંશ કિંવા ચંદ્રવંશમાં હવે શુદ્ધત્વ રહ્યું નથી. યજ્ઞયાગ બંધ પડ્યા છે. સર્વત્ર અનાચાર પ્રવર્તી રહ્યો છે. બ્રાહ્મણધર્મ તદ્દન લોપ પામ્યો છે. તીર્થક્ષેત્રો બંધ પડ્યાં છે. તમે સ્વપરાક્રમ વડે દક્ષિણના બાદશાહનો પરાજય કર્યો છે. દિલ્હીના ઔરંગઝેબ બાદશાહને નિર્બળ બનાવ્યો છે. તેના મોટા મોટા સૂબેદારો ચડી આવ્યા તેમને તમે હરાવ્યા છે. તમે વિશાળ રાજ્ય સંપાદન કર્યું છે. એકલાખ ઘોડા અને ત્રણસોસાઠ કિલ્લા તમારા તાબામાં હોવા સાથે તમે અઢળક ધનસંપત્તિ પ્રાપ્ત કરી છે, તેમ છતાં તમારૂં રાજસિંહાસન નથી; તેથી મારી અને ઇતર હિંદુજનોની ઇચ્છા થઇ છે કે, તમને સિંહાસનારૂઢ કરી સર્વ રાજ્યાધિપતિ પાસે તમને છત્રપતિ કબૂલ કરાવવા. સિંહાસનારૂઢ થયા સિવાય જગતમાં રાજાનું ભૂષણ નથી. તમે સિંહાસનારૂઢ થતાં ઔરંગઝેબ આદિ યવન બાદશાહને નાકે ચૂનો ચોપડ્યા જેવું થશે. અમારો ઉદ્દેશ તમારે પરિપૂર્ણ કરવો.” ગાગાભટ્ટના સંભાષણથી મહારાજને પોતાનો રાજ્યાભિષેક કરાવવાની ઇચ્છા થઈ હતી.

ષેક સંબંધી પ્રશ્ન ઉપર ચર્ચા ચલાવી. પંડિતો વચ્ચે વાદવિવાદ થયા. ગાગાભટ્ટે સર્વની શંકાનું નિવારણ કરી નિર્ણય કર્યો કે, "શિવાજી મહારાજ સિસોદિયાના રાજવંશમાં ઉત્પન્ન થયા છે. તેઓ ક્ષત્રિય છે. તેમના પૂર્વજો નર્મદા નદીના દક્ષિણ પ્રદેશમાં નિવાસ કરી પોતાને મરાઠા કહેવડાવવા લાગ્યા છે. ઉપવીત આદિ કેટલાક સંસ્કારો તેમણે પાળ્યા નહિ હોવા છતાં તેમનું ક્ષત્રિયત્વ નષ્ટ થતું નથી. ઉદેપુર, જયપુર આદિ સ્થળોના રજપૂત રાજાઓને જેમ ઉપવીત ધારણ કરાવી રાજ્યાભિષેક થાય છે તેમ શિવાજી મહારાજનો રાજ્યાભિષેક થવામાં અડચણ નથી. એ કાર્યને શાસ્ત્ર કિંવા રૂઢિનો પ્રત્યવાય નથી. ઉદેપુરના તેમના વંશજોને અદ્યાપિ પર્યંત છત્રસિંહાસનનો અધિકાર છે, ત્યારે મહારાજના તે અધિકારમાં પ્રતિરોધ શા માટે થવો જોઇએ, તે સમજાતું નથી. હમણાં મહારાજનું વિશેષ વય થયું છે. તેમનાં બે વખત લગ્ન થયાં છે. તેમને પુત્રસંતતિ પણ થઇ છે. તેમનાથી શી રીતે ઉપવીત ધારણ કરી શકાય? એ પ્રશ્નનું નિરાકરણ એટલુંજ થઇ શકે કે, સાંપ્રત પ્રસંગે આપદ્ધર્મનું અવલંબન કરી, ઉપવીતસંસ્કારને રાજ્યાભિષેકવિધિનું એક અંગ સમજી, મુખ્ય વિધિ કરતાં પહેલાં મહારાજને ઉપવીતસંસ્કાર કરાવવો." પૈઠણના અને મહારાષ્ટ્રના પંડિતોએ ગાગાભટ્ટનો નિર્ણય કબૂલ કર્યો. મહારાજને ઉપવીત ધારણ કરાવી રાજ્યાભિષેક કરાવવાનો સભામાં નિશ્ચય થયો.

પોતાની ઇચ્છાનુસાર શાસ્ત્રનિર્ણય મળ્યાથી મહારાજને પરમસંતોષ થયો. ઉપવીતસંસ્કારવિધિ માટે ગાગાભટ્ટ વગેરે પંડિતોએ જે સામગ્રી મંગાવી તે મહારાજે સત્વર એકઠી કરાવી. મહા નદીઓનાં પવિત્ર જળ, સમુદ્રનું જળ, સુલક્ષણો અશ્વ અને હાથી, વ્યાઘ્રચર્મ, મૃગચર્મ આદિ મંગાવ્યાં. સિંહાસન અને સુવર્ણ આદિના કળશ વગેરે પાત્રો તૈયાર કરાવ્યા. મોટા મોટા વિદ્વાન જ્યોતિષીઓ પાસે સશાસ્ત્ર સુમુહૂર્ત જોવડાવ્યું. તેઓના અભિપ્રાય પ્રમાણે (આનંદ નામ સંવત્સરે) જ્યેષ્ઠ શુક્લા ત્રયોદશી તિથિએ રાજ્યાભિષેક કરવાનું ઠરાવ્યું.

મહારાજે સંપૂર્ણ તીર્થક્ષેત્રોના અને ઇતર સ્થળોના પ્રતિષ્ઠિત અને વિદ્વાન બ્રાહ્મણ, સર્વ માંડલિક આદિ રાજા, સર્વ સ્નેહીસગાં, સ્વરાજ્યના સર્વ શ્રીમંત અને સેવક વગેરેને આમંત્રણપત્રિકાઓ મોકલી. જે સ્થળે સિંહાસન સ્થાપવાનું હોય તે રાજધાનીનું સ્થળ પુણ્યભૂમિ હોવા સાથે તેની આસપાસ પુણ્યક્ષેત્રો અને મહા નદી હોવી જોઇએ; ત્યાં વિપુલ જળ અને કૂવા, વાવ, તળાવ આદિ અનેક કૃત્રિમ જળાશયો હોવાં જોઇએ. રાજધાનીની આસપાસના પ્રદેશમાં નાના પ્રકારનાં ધાન્યો ઉત્પન્ન થવાં જોઈએ. તે સ્થળ

શત્રુઓને દુઃસાધ્ય થાય એવું હોવું જોઇએ. શિષ્ટજનોની એવી સૂચનાનુસાર રાયગઢનો કિલ્લો ઉપરોક્ત ઘણાં લક્ષણથી યુક્ત જણાયો હતો. એ સિવાય સ્વરાજ્યમાં શત્રુઓને માટે દુઃસાધ્ય સ્થળ બીજું કોઇ જણાયું નહિ; એટલે એ ગઢ ઉપરજ રાજ્યાભિષેકનો સમારંભ કરવાનો નિશ્ચય થયો.

ગઢ ઉપર નિવાસ કરવા માટે મહારાજે એક ઉત્તમ મહાલય બંધાવ્યું હતું. કારખાના માટે અઢાર સ્થળો અને પ્રધાન, સર કારકુન વગેરે અધિકારીઓને રહેવા માટે અનેક મકાનો બંધાવ્યાં હતાં. સિંહાસન માટે એક વિશાળ ગૃહ બનાવ્યું હતું.* એ ગૃહમાં હજારો મનુષ્ય બેસી શકે એટલી વિશાળ જગ્યા હતી. તેની રચના એવી ઉત્તમ હતી કે, અંદર બેઠેલાં મનુષ્યોને શીતોષ્ણથી એકાએક અડચણ પડે નહિ. રાયગઢ ઉપરની વ્યવસ્થા જોતાં જણાય છે કે, એ ગઢ ઉપર ગાદી સ્થાપવાનો મહારાજનો પ્રથમથીજ વિચાર હતો. પંડિતોની સંમતિ મળતાંજ મહારાજે ગઢ ઉપરના મહાલયની ભીંતો વિવિધ પ્રકારના રંગ વડે રંગાવી તે પર સુંદર આકર્ષક ચિત્રો કઢાવી મહાલયને પરમ રમણીય બનાવ્યું. જે સભાગૃહમાં સિંહાસન સ્થાપવાનું હતું, ત્યાંની છત ઉપર વસ્ત્રના ચંદરવા, પડદા વગેરે બંધાવી તેને અતિ મનોહર બનાવ્યું. જે સ્થળે સિંહાસન ગોઠવવાનું હતું, તે સ્થળે સોનાનાં પતરાં મઢેલા ચાર સ્થંભ રોપી તે પર અમૂલ્ય જરીકસબનો ચંદરવો બંધાવ્યો. ચંદરવાની કિનાર પર મુક્તાફળના ઝૂમખાંવાળાં તોરણો લટકાવ્યાં. ગઢ ઉપરનાં ઇતર સ્થાનો તથા મકાનો રંગાવી સુશોભિત કરાવ્યાં હતાં. રાજ્યાભિષેકને પ્રસંગે આવનાર વિદ્વાન બ્રાહ્મણ અને માંડલિક રાજાઓને ઊતરવા માટે સગવડવાળી જગ્યાઓ રાખી ત્યાં ઉત્તમ પ્રકારની વ્યવસ્થા કરી હતી. ભોજનપંક્તિ બેસાડવા માટે અને સભાઓ ભરવા માટે જુદે જુદે સ્થળે વિસ્તીર્ણ મંડપો ઊભા કર્યા હતા. સ્વરાજ્યના ગુણીજનો ગવૈયા, બજવૈયા અને રામજણીઓ વગેરેને બોલાવી પરોણાઓને ગમત-આનંદ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. બ્રાહ્મણભોજન માટે એકજ સ્થળે પાંચહજાર બ્રાહ્મણની પંક્તિ બેસે એવાં પાંચ-

---

* સભાગૃહ સિવાય મહાલયમાં વિવેકસભા (જ્યાં પંડિતોની સભા ભરાતી), ન્યાયસભા (જ્યાં પ્રજાની ફરિયાદોનો ન્યાય થતો), પ્રગટસભા (જ્યાં ગરીબગરબાંની ફરિયાદ સાંભળવામાં આવતી), પ્રબોધસભા (જ્યાં પુરાણની કથા અને કીર્તન થતાં), રત્નાગરસભા (જ્યાં અલંકાર, વસ્ત્ર વગેરેની કિંમત અંકાતી), નીતિસભા (જ્યાં પરદેશીઓનો આદરસત્કાર અને મુલાકાત થતી), વગેરે જુદાં જુદાં સભાગૃહો બંધાવ્યા હતાં; તેમજ તેમાં અંતર્ગૃહ, દેવાલય, ભોજનગૃહ આદિ સ્થાનો બનાવ્યાં હતાં. (શિ. દિ.)

દશ સ્થળો નિર્માણ કર્યાં હતાં. એ પ્રત્યેક સ્થળે ભોજન તૈયાર કરવા માટે કેળવાયલા પાકશાસ્ત્રીઓ, પીરસનાર અને પત્રાવળી ઉપાડી લેનાર મનુષ્યો નીમી સર્વ પ્રકારની ઉત્તમ તૈયારી રાખી હતી. નિત્ય જેટલા બ્રાહ્મણો આવે તેમને માટે નિત્ય નૂતન પકવાન્ન તૈયાર કરવાની પાકશાસ્ત્રીઓને સૂચના અપાઇ હતી. આપ્ત, સુહૃદ અને સેવકજનો માટે રહેવાનાં મકાનની સગવડ થાય અને તેમને કોઇ પણ વસ્તુની ઊણપ ન પડે, એવી પોતાનાં મનુષ્યોને સખ્ત તાકીદ આપી હતી. તેમને જમવા બેસવા માટે પણ મોટા મોટા મંડપો બંધાવી તૈયાર કર્યા હતા.

એ પ્રમાણે કિલ્લા ઉપર અને કિલ્લા નીચેની માચી ઉપર સ્થળે સ્થળે મંડપ, તંબૂ અને રાવટીઓ બાંધવામાં આવી હતી. સમારંભમાં આવનાર નાનાંમોટાં સર્વ મનુષ્યોને કોઈ પણ પ્રકારની ન્યૂનતા પડે નહિ, માટે ધાન્ય વગેરેના ઊંચા પર્વત જેવા કોઠાર ભરાવી તે ઉપર દેખરેખ રાખવા અધિકારીઓ નીમવામાં આવ્યા હતા અને સર્વ અધિકારી પર દેખરેખ રાખવા એક અધ્યક્ષ નીમ્યો હતો. પ્રત્યેક પદાર્થો જુદા જુદા અધિકારીના તાબામાં સોંપ્યા હતા અને તેમના હાથ નીચે કારકુનો તથા નોકરો નીમ્યા હતા. જે વસ્તુની જરૂર પડે તે તત્કાળ પૂરી પાડવાનો અને કોઈ પણ વસ્તુની કોઈને ઊણપ પડે નહિ, તેમજ કોઇને કદી પણ નકાર કહેવો નહિ, એવો મહારાજે સખ્ત હુકમ ફેરવ્યો હતો. સમારંભમાં આવેલા સર્વ દરજ્જાના મનુષ્યોની તેમની યોગ્યતા પ્રમાણે બરદાસ્ત થાય છે કે કેમ, તેની દેખરેખ રાખવા અધિકારીઓ નીમ્યા હતા. મહારાજે સર્વ નોકરોને સખ્ત આજ્ઞા ફરમાવી હતી કે, નાનામોટા અતિથિઓનો યથોચિત આદરસત્કાર કરવામાં યત્કિંચિત્ પણ ભૂલ કરવી નહિ. આ કાર્ય ઉપર પ્રમાણિક અને સ્વામીકાર્યનિષ્ઠ અમલદારો નીમી સમારંભના પહેલા દિવસથી છેલ્લા દિવસ સુધી–પ્રત્યેક દિવસે નિત્ય પ્રાતઃકાળથી સાયંકાળપર્યંત પ્રત્યેક અમલદારે કયાં કામ કરવાં, કયી કયી સામગ્રી ભેગી કરવી અને તે તૈયાર કરવી તથા કયા અમલદારના તાબામાં કયી વસ્તુઓ સોંપવી તેના નિયમો લખી પ્રત્યેક અમલદારોને આપવામાં આવ્યા. વારંવાર તેમને માગણી કરવાની કિંવા આપવા જવાની જરૂર ન પડે અને સર્વ વ્યવહાર શાંત અને વ્યવસ્થિતપણે ચાલ્યા કરે, એવો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. તેથી ગઢ ઉપર અને ગઢ નીચે હજારો મનુષ્યોની મેદની થવા છતાં અમલદારોએ સર્વની બરદાસ્ત ઉત્તમ પ્રકારે રાખી હતી. સર્વ અમલદારોએ પોતાને સોંપેલાં કાર્ય નિયમાનુસાર, ઉત્સાહપૂર્વક અને ચપળતાથી બજાવ્યાં હતાં.

સમારંભને માટે જોઇતી સર્વ તૈયારીઓ થયા પછી અને

પરોણાઓ માટે યથાસ્થિત સગવડ કર્યા પછી જ્યેષ્ઠશુકલા ચતુર્થીને દિવસે મહારાજને પ્રથમ ઉપવીતસંસ્કાર કરવામાં આવ્યો. પંડિતોએ એ વિધિ બે દિવસમાં પરિપૂર્ણ કરી. એ દિવસે એક લક્ષ બ્રાહ્મણભોજન કરાવવામાં આવ્યું અને સર્વને એકએક રૂપિયો દક્ષિણા આપવામાં આવી. પંડિત, વૈદિક અને ઇતર શિષ્ટ બ્રાહ્મણોનું યોગ્ય સન્માન કર્યું. એકલા ગાગાભટ્ટનેજ તે દિવસે સાતહજાર હોન મળ્યા હતા અને બીજા બ્રાહ્મણોને ૧૭૦૦૦ હોન મળ્યા. છઠ્ઠને દિવસે પ્રથમ પટબંધનવિધિ કરીને પુણ્યાહવાચનપૂર્વક યજ્ઞનો આરંભ થયો. ગણપતિશાંતિ, નક્ષત્રશાંતિ અને ગ્રહશાંતિ આદિ કર્માંતર કરાવ્યા પછી રાજ્યાભિષેકને લગતી સર્વ શાસ્ત્રવિધિ કરવામાં આવી. ઋત્વિજ અને યજમાન (મહારાજ) એટલા દિવસ પર્યંત દૂધ, ફળ આદિનો આહાર કરી વ્રતસ્થ રહ્યા હતા. એ ક્રિયા કરતાં ૭ સાત દિવસ વીત્યા હતા. એટલા દિવસ સુધી નિત્ય પચાસ હજાર બ્રાહ્મણભોજન થતું હતું. સમારંભમાં આવેલા પરોણાઓને નિત્ય નૂતન પ્રકારનાં મિષ્ટાન્નભોજન મળતાં હતાં. તેમને આનંદ આપવા માટે સ્થળે સ્થળે ગાયનવાદન થતાં હતાં; નાના પ્રકારનાં માંગલિક વાદ્યો વાગતાં હોવાથી સમસ્ત ગઢ જાણે ગાજી રહ્યો હતો.

અંતે ત્રયોદશીનો મંગલમય દિવસ આવી પહોંચ્યો. ઇષ્ટમિત્રોના અને સ્વામીનિષ્ઠ સેવકજનોના અંતઃકરણમાં આનંદની લહેરો ઊછળવા લાગી. સર્વને અભિષેકનાં દર્શન કરવાની ઉત્કંઠા થઇ રહી હતી. મહારાજે અષ્ટ પ્રધાનોની યોજના કરી, એક પત્રલેખક અને એક હિસાબલેખક એવા બે લેખકો નીમ્યા. દ્વાદશકોષ (બાર મહાલ), અષ્ટાદશ શાળા (અઢાર કારખાનાં), ઇત્યાદિ ઉપર અધિકારી, દેશાધિકારી, નગરાધિકારી એવી પૃથક્ પૃથક્ નિમણુંક કરી, એ સર્વને મંગલસ્નાન કરવાનું કહી મહારાજે સ્વતઃ મંગલસ્નાન કર્યું. તેમણે વિધિપૂર્વક મૃત્તિકાસ્નાન, પંચગવ્યસ્નાન, ગંગાઆદિ પુણ્યતીર્થોદકસ્નાન અને પંચામૃતસ્નાન કર્યું. સર્વેએ શ્વેત વસ્ત્રો, ગંધ, પુષ્પ અને અલંકાર ધારણ કર્યાં. ક્ષીરવૃક્ષનું સવા હાથ ઊંચું અને સવા હાથ પહોળું આસન બનાવી તેને સુવર્ણથી મઢી લેવામાં આવ્યું હતું. મહારાજે તે આસન પર આરોહણ કર્યું. મહારાજ અને પટ્ટરાણીના છેડા ગાંઠ્યા હતા. તેઓ એકબીજાની પાસે પાસે બેઠાં. શંભાજી પણ તેમની સામે બેઠા. મહારાજની પૂર્વ દિશામાં મુખ્ય પ્રધાન મોરો પંત પિંગળે હાથમાં ઘી ભરેલો સુવર્ણકળશ લઇને, દક્ષિણમાં સેનાપતિ હંબીરરાવ મોહિતે દૂધ ભરેલો રૌપ્યકળશ લઇને, પશ્ચિમમાં અમાત્ય રામચંદ્ર નીલકંઠ પંડિત* દહીં ભરેલો તામ્રકળશ લઇને અને ઉત્તરમાં છંદોગામાત્ય પ્રધાન રઘુનાથ પંડિતરાવ મધ ભરેલો સુવર્ણકળશ લઇને ઊભા હતા,

---

* સભાસદ એનું નામ નારો નીલકંઠ લખે છે.

એમની પાસે માટીના કુંભમાં સમુદ્રનું અને મહા નદીઓનું[૧] જળ ભરી રાખ્યું હતું. ઉપદિશાની જગ્યાએ અગ્નિ ખૂણામાં સચિવ અણ્ણાજી દત્તો પંડિત છત્ર લઇને, નૈઋત્ય ખૂણામાં સામંત જનાર્દન પંડિત હનમંતે[૨] વીંઝણો લઇને, વાયવ્ય ખૂણામાં મંત્રી[૩] દત્તાજી પંડિત ચામર લઇને અને ઇશાન ખૂણામાં ન્યાયાધીશ બાળાજી પંડિત બીજું ચામર લઇને ઊભા હતા. સામે જમણી તરફ પત્રલેખક બાળાજી આવજી અને ડાબી તરફ હિસાબલેખક ચિમનાજી આવજી હાથમાં લેખનપાત્ર લઇને ઊભા હતા. મહારાજની આસપાસ સર્વ કોશાધ્યક્ષ અને શાળાધ્યક્ષ અધિકારીઓ ઊભા હતા. સુહૃજ્જનો અને માંડલિક રાજાઓ મહારાજની આસપાસ ઊભા હતા. સર્વ મનુષ્યો યોગ્યતા પ્રમાણે ઊભા રહ્યા પછી અભિષેકનો આરંભ કરવામાં આવ્યો. સો છિદ્રવાળા સુવર્ણપાત્રમાં જળ રેડી તે વડે અને પ્રધાનો કળશો લઇ ઊભા હતા તેમાંના દ્રવ્યોવડે, મહારાજને યથાશાસ્ત્ર મંત્રોચ્ચારપૂર્વક અભિષેક કર્યો. એ સમયે સર્વ મધુર વાજિંત્રોનાં, રામજણીઓનાં અને ગવૈયાઓ વગેરેનાં મંગલમય નૃત્યગાનની પ્રચંડ ગર્જના થઇ રહી. એ વિધિ પરિપૂર્ણ થયા પછી મહારાજને પુનઃ મંગલસ્નાન કરાવી સૌભાગ્યવતી સ્ત્રીઓએ તેમની આરતી ઉતારી. કાંસાના વાસણમાં ઘી ભરીને તેમાં તથા દર્પણમાં મહારાજે પોતાનું મુખ જોયું. એ સમયે બ્રાહ્મણોને દક્ષિણા આપવામાં આવી. ત્યાર પછી મહારાજ શ્વેત વસ્ત્રો ધારણ કરી સિંહાસન પર બેસવાના શુભ મુહૂર્તની વાટ જોવા લાગ્યા.

મહારાજે શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે સિંહાસન તૈયાર કરાવ્યું હતું. પ્રથમ ક્ષીરવટ અને ઔદુંબર નામક વૃક્ષોનાં લાકડાંની વેદી બનાવી તેને સુવર્ણનાં પતરાંથી મઢાવી સર્વત્ર રત્નો જડાવ્યાં હતાં. સિંહાસન ઉપર ચારે બાજુએ બળદ, બિલાડી, તરસ, સિંહ અને વાઘનાં ચિત્રો કોતરાવ્યાં હતાં. સિંહાસનની આસપાસ સોનાના આઠ સ્તંભ હતા, તે પ્રત્યેક ઉપર સોનાનો એકએક સિંહ બેસાડચો હતો અને તેના પર ચિત્રવિચિત્ર વૃક્ષ, ફળ, પુષ્પ, વેલ, પક્ષી, મત્સ્ય, કાચબો આદિ જળચર પ્રાણીઓનાં તેમજ કંચનીઓ હાથમાં તંતુવાદ્ય લઇ નૃત્ય કરતી હોય, એવાં ચિત્રો કોતરાવ્યાં હતાં.[૪] સશાસ્ત્રવિધિ પ્રમાણે

---

[૧] એ મહાનદીઓનાં નામ કૃષ્ણા, ગોદાવરી, યમુના અને ગંગા.

[૨] ચિટનીસ એનું નામ ત્ર્યંબક સોનદેવ લખે છે અને સભાસદ, ત્ર્યંબક સોનદેવનો પુત્ર રામચંદ્ર પંત લખે છે.

[૩] સભાસદ એનું નામ નિરાજી પંત લખે છે. ચિટનીસ એનું નામ નિરાજી રાનજી લખે છે.

[૪] કેટલાક બખરકર્તા લખે છે કે, સિંહાસનનાં સર્વ કાર્યમાં ત્રણ ખાંડી, બત્રીશ શેર અને બત્રીશ માસા સોનું વપરાયું હતું.

તૈયાર કરાવેલા મહારાજના સિંહાસન ઉપર પ્રથમ મૃગચર્મ બિછાવી તે પર થોડુંક સુવર્ણદ્રવ્ય પાથર્યું હતું. તેના પર વ્યાઘ્રચર્મ બિછાવી રૂની નરમ ગાદી બનાવી હતી. ગાદી પર મખમલ જડયું હતું. ગાદી-તકિયા પર જરીકસબ ભરેલાં આચ્છાદન પાથર્યાં હતાં. સિંહાસનની પાછળ છત્ર બનાવ્યું હતું, તે જવાહિર જડેલું અને મોતીની ઝાલરોવાળું હતું. તે ઉપર મંડપ બનાવી તેને સુવર્ણમય વસ્ત્રનો ચંદરવો બાંધ્યો હતો. ચંદરવાની આસપાસ મોતીની કલગીઓનું તોરણ વીંટાળ્યું હતું. સિંહાસનની ઉત્તમ રચના કર્યા પછી ઉત્તમલક્ષણા ઘોડા અને હાથીને સુવર્ણાદિના સુંદર શૃંગાર વડે સુશોભિત કરી સભામંડપ સમક્ષ ઊભા કર્યા હતા. સિંહાસન પર આરોહણ કરવાનું શુભ મુહૂર્ત આવી પહોંચ્યું, તે સમયે શ્રીવિષ્ણુની સુવર્ણમય પ્રતિમા તૈયાર કરાવી હતી, તેનું મહારાજે ષોડશોપચાર પૂજન કર્યું અને તે પ્રતિમા પોતાના જમણા હાથમાં ધારણ કરી, મુહૂર્તઘટિકા સંપૂર્ણ થતાંજ મહારાજે સર્વ બ્રાહ્મણવૃંદને નમસ્કાર કરી, વેદમંત્રોચ્ચારપૂર્વક તેમના આશીર્વાદ લીધા. પછી માતુશ્રી જીજાબાઇને નમસ્કાર કરી, તેમનો પ્રેમપુરઃસર આશીર્વાદ લીધો અને વિષ્ણુભગવાનની મૂર્તિ હાથમાં લઇનેજ તેઓ સિંહાસન આગળ ગયા. મહારાજે પ્રથમ સિંહાસનના જમણા સ્થાન આગળ જઇ, જમણે પગે ઘૂંટણિયે પડી સિંહાસનને નમસ્કાર કર્યા. ત્યાર પછી સિંહાસનને પગસ્પર્શ નહિ કરતાં પૂર્વાભિમુખ રાખી મહારાજ સિંહાસન પર બેઠા. એ સમયે સિંહાસનના અષ્ટસ્તંભ પાસે અષ્ટપ્રધાન ઊભા રહ્યા. પ્રથમ જમણી બાજુએ ધર્માધ્યક્ષ પંડિતરાવ, ડાબી બાજુએ મુખ્ય પ્રધાન (પેશ્વા), તેની પાછળ જમણી બાજુએ સેનાપતિ (સરનૌબત), ડાબી બાજુએ અમાત્ય (મજમુદાર), તેની પાછળ જમણી બાજુએ સામંત (ડબીર), ડાબી બાજુએ સચિવ (સુરનીસ), તેની પાછળ જમણી બાજુએ મંત્રી (વાકનીસ) અને ડાબી બાજુએ ન્યાયાધીશ ઊભા હતા. યુવરાજ શંભાજી, મહોપાધ્યાય ગાગાભટ્ટ અને મુખ્ય પ્રધાન મોરો ત્ર્યંબક પિંગળે એ લોકો સિંહાસનની પાસે ઉચ્ચ આસન પર બેઠા અને બીજા દરબારના લોકો તથા આમંત્રિત મહાજન પોતપોતાની યોગ્યતા પ્રમાણે નક્કી કરી આપેલા સ્થાન પર ઊભા રહ્યા. મહારાજ સિંહાસન ઉપર બિરાજ્યા તેજ ક્ષણે નૌબત, ચોઘડિયાં વગેરે સર્વ મંગલવાદ્યોની ગર્જના થઇ રહી. નૃત્ય, ગાયન આદિ શરૂ થયાં, સર્વ પ્રેક્ષકોએ એકીવખતે જયઘોષ કર્યો. એ નાદથી સર્વ દિશાઓ કંપાયમાન થઇ. સર્વ બ્રાહ્મણવૃંદે દીર્ઘસ્વરે આશીર્વચનો ઉચ્ચાર્યાં. મહોપાધ્યાય ગાગાભટ્ટે આગળ આવીને સોનામોતીની ઝાલરવાળું છત્ર પોતાને હાથે ઊંચકીને મહારાજના માથા પર ધર્યું અને દીર્ઘસ્વરે કહ્યું કે, “ શિવ છત્રપતિ સદા વિજયી થાઓ. ” સલામતી માટે તોપો

ફૂટી. સ્વરાજ્યના પ્રત્યેક કિલ્લેદારોને સૂચના કરવામાં આવી હતી કે, એક કિલ્લા પર તોપ ફૂટવાનો અવાજ સંભળાતાંજ બીજા પર તોપ ફોડવાનું શરૂ કરવું. તેથી રાજ્યના પ્રત્યેક કિલ્લા પરથી તોપોની ગર્જના થઈ રહી.

સિંહાસન ઉપર આરોહણ કર્યા પછી મહારાજે પોતાનાં શ્વેત વસ્ત્રો બદલી લાલ વસ્ત્રો ધારણ કર્યાં. શરીર ઉપર સુવર્ણનાં કડાં, મોતીની માળાઓ, હીરાના હાર, શિરપેચ, તુરો, પાયજામો, પહોંચી વગેરે અલંકારો પહેર્યાં. ધનુષ્યબાણ અને તલવારનું મંત્રવિધિપૂર્વક પૂજન કરી તે શસ્ત્રો હાથમાં લીધાં. એ સમયે પ્રજાજનોએ તેમના પર સોનારૂપાનાં પુષ્પની વૃષ્ટિ કરી. સોળ સૌભાગ્યવતી બ્રાહ્મણલલનાઓએ મહારાજની આરતી ઉતારી. તેઓને મહારાજે વસ્ત્રાભૂષણ આપ્યાં. સિંહાસન ઉપર બિરાજ્યા પછી જે જે મંત્રવિધિ કરવાની હતી, તે તે સંપૂર્ણ કરી મહારાજે બ્રાહ્મણોનો આશીર્વાદ લીધો. ઋત્વિજ, આચાર્ય અને બ્રાહ્મણોની પૂજા કરી મહારાજે તેમને પુષ્કળ દક્ષિણા આપી. આ સમયે ગાગાભટ્ટને દક્ષિણામાં એક લાખ રૂપિયા અને ભારે કિંમતનાં વસ્ત્રાભૂષણો અર્પણ કરી તેમનું સન્માન કર્યું. સર્વ ઋત્વિજોને દક્ષિણામાં પાંચપાંચ હજાર રૂપિયા આપ્યા. પુરોહિતને ચોવીસહજાર રૂપિયા આપ્યા. બીજા વિદ્વાન બ્રાહ્મણોને દક્ષિણામાં તેમની યોગ્યતા પ્રમાણે હજાર, પાંચસો, બસો રૂપિયા આપ્યા. બાકીના તમામ બ્રાહ્મણોને પચીસપચીસ રૂપિયા આપ્યા. એ સિવાય ગોસાંઇ, સાધુ, ગરીબગરબાં, ભિખારી વગેરેને પાંચપાંચ, ચારચાર અને બબ્બે રૂપિયા વહેંચ્યા. ભગવત્પરાયણ સાધુસંતોને અને ધર્મપરાયણ બ્રાહ્મણોને ગામ અને વતનોનાં ઇનામ આપ્યાં. એ સમયે મહારાજે પોતાની સુવર્ણતુલા કરી. તેમાં સોળહજાર હોન થયા હતા તે બ્રાહ્મણોને વહેંચી આપવામાં આવ્યા.×

એ પછી આઠ પ્રધાન, સૂબેદાર, દરખદાર, મહાલદાર, કારખાનાદાર અને ઇતર અધિકારીઓને મહારાજે તેમના અધિકારનાં વસ્ત્રો આપ્યાં. મુખ્ય પ્રધાન અને સેનાપતિને જરીકસબભરેલા પાંચ પોશાક, પાયજામો, શિરપેચ, મોતીનો તુરો, સોનાનાં કડાં, કંઠીઓ, મંડિલ, કટાર, ઢાલતલવાર, ચોઘડિયાં, નૌબત, જરીફેંટા, હાથી, ઘોડા, સોનાના હાથાનાં ચામર વગેરે અર્પણ કરી કરારપત્ર લખી

× એ સોળહજાર હોનનું વજન એકસો ચાળીસ રતલ એટલે મુંબઇના પાંચ મણ થયા. માત્ર આ સુવર્ણતુલા કરીનેજ બ્રાહ્મણોને સંતોષ થયો નહિ; પણ સર્વે સાત ધાતુઓ વડે મહારાજની તુલા કરી તેમજ રેશમ, કપૂર, લસણ, જાયફળ, ઘૃત, સાકર, મધ, પાન વગેરે ખાદ્યપદાર્થોથી તેમજ અન્ય પદાર્થો વડે મહારાજની તુલા કરીને તે સર્વ બ્રાહ્મણોને વહેંચી દેવામાં આવ્યું.

ખિતાબ આપ્યા. અમાત્યને જરીકસબભરેલો પોશાક, ઢાલતલવાર, સોનાનાં કડાં, કંઠી, તુરા, શિરપેચ, કટાર, રૂપાની કલમદાની, ચામર, હાથી અને ઘોડા આપ્યા. એજ પ્રમાણે સચિવ, સામંત, મંત્રી, પંડિતરાવ અને ન્યાયાધીશને મહારાજે વસ્ત્રાલંકારો અર્પણ કર્યાં. અર્પણ કરેલાં વસ્ત્રાલંકાર આદિ સન્માનપૂર્વક ગ્રહણ કરી અષ્ટપ્રધાનોએ મહારાજને નજરાણું ભેટ કર્યું. મહારાજે પ્રત્યેક પ્રધાનને એકલક્ષ હોન બક્ષિસ આપ્યા; બાળાજી આવજીને ચિટનીસનાં વસ્ત્રો આપ્યાં. તેને મંડિલ, જરીકસબી દુપટ્ટો, પાયજામો, ઇજાર, મોતીની કંઠી, શિરપેચ, સોનાનાં કડાં, રૂપાની કલમદાની, ચામર અને ઘોડા બક્ષિસ આપ્યા. તેજ પ્રમાણે ચિમણાજી આવજીને તેના હોદ્દાનો પોશાક આપ્યો. તેમણે મહારાજને નજરાણું કરી મુજરો કર્યો. અષ્ટપ્રધાનોના હાથ નીચે અધિકારીઓ નીમ્યા. તેમને પણ આધકાર પ્રમાણે વસ્ત્રો આપ્યાં. શંકરાજી નીલકંઠ મહાગાંવકરને રાજજ્ઞાપદ આપ્યું. શામજી નાયક પુંડેને લશ્કરની બક્ષિગીરીનાં વસ્ત્રો તથા ઢાલતલવાર અને એક કલમદાની આપી. મુખ્ય સૂબેદાર, મહાલદાર, કારખાનાદાર, લશ્કરના સરદાર અને માનકરીઓને મહારાજે તેમની પદવીનાં વસ્ત્રો આપ્યાં.

સર્વ અધિકારીઓને વસ્ત્ર આદિ અર્પણ કરીને અને તેમનાં નજરાણાં સ્વીકારીને મહારાજ સુવર્ણ અને જવાહિરના સામાન સહિત તૈયાર રાખેલા એક સુલક્ષણા અશ્વ ઉપર સવાર થઇ રાજમહાલયના આંગણામાં આવ્યા અને ત્યાંથી થોડે વેગળે સુવર્ણની અંબાડી, મોતીના અલંકાર તથા સુવર્ણની ઘૂઘરીઓ જડેલાં જરીકસબનાં વસ્ત્રો વડે સજ્જ કરેલા ગજરાજ ઉપર આરૂઢ થયા. એક હાથમાં મોરપીંછનું ચામર અને એક હાથમાં અંકુશ લઇ સેનાપતિ હાથીના માથા પર બેઠો. મહારાજની પીઠ પાછળ મુખ્ય પ્રધાન મોરપીંછ-ચામર લઇને બેઠો. નાનામોટા પ્રધાન અને મુતાલિક બીજા હાથી પર આરૂઢ થયા. મહારાજની પાંછલી હારમાં ચાલનાર કેટલાક સરદારો હાથી ઉપર અને કેટલાક ઘોડા ઉપર બેઠા. મહારાજની સવારી દેવદર્શન કરવા ચાલી. સવારીની રચના જોવા જેવી હતી. સૌથી આગળ જરીપટકાનાં અને ભગવાં નિશાન ધારણ કરેલા બે હાથી ચાલતા હતા. તેની પાછળ પ્રધાન અને સેનાપતિનો જરીપટકાનાં નિશાન સાથેનો હાથી અને સર્વ લશ્કર નિશાન સહિત ચાલતું હતું. એ નિશાન સાથે હજૂર પાયગાના અને કરોલી સૈન્યના અમલદારો ઉત્તમ વસ્ત્રાભૂષણો પહેરી, સોનાચાંદીના સામાનથી પોતાના ઘોડા શણગારી હાથમાં બંદૂકો લઇ પોતપોતાના લશ્કરની ટુકડીને મોખરે ચાલતા હતા. તેઓની પાછળ ગાડામાં તોપો અને તેની પાછળ ઘોડાગાડીઓ ચાલતી હતી. તેની પાછળ કોઇ ઘોડેસવાર થઇને અને કોઇ હાથીની

અંબાડીમાં બેસીને શૂરવીર યોદ્ધા ચાલતા હતા. તેની પાછળ તલવારથી પટ્ટા રમનાર, સાંગબરછીવાળા, બાણ મારનાર, મલ્લયુદ્ધ કરનાર અને બીજા પાયદળ સિપાઇઓ ચાલતા હતા. તેની પાછળ તલવારધારી અને બંદૂકધારી ઘોડેસવાર લશ્કર અને તેઓની પાછળ ઢોલ, નગારાં, રણશિંગાં વગેરે રણવાદ્યો વગાડનારાં મનુષ્યો ચાલતાં હતાં. તેમની પાછળ પચાસ હાથી ઉપર કોટવાળ, એકસો સાંઢણી સવાર અને ઊંટસવાર ચાલતા હતા. તેમની પાછળ પચાસ કોટવાળ ઘોડેસવાર, તેમની પાછળ તુરાઈ અને શરણાઇ વગાડનાર, ઘોડા ઉપર નગારાં, શરણાઇ અને તુરાઇ વગાડનાર વગેરે મંડળ વાદ્યો વગાડતાં ચાલતા હતા. તેમની પાછળ વહીવંચા, ભાટ અને બંદીજનો મહારાજના અપૂર્વ પ્રતાપનું વર્ણન કરતા ચાલતા હતા. તેની પાછળ નિશાન, ભાલા અને ધારવાળી ફરસી ધારણ કરેલા તથા ચોપદાર અને લાકડી ધારણ કરેલા સિપાઇઓ ચાલતા હતા. તેમની પાછળના હાથીઓ પર શૂરવીર મલ્લ અને તેમની પાછળ શિવાજી મહારાજનો હાથી ચાલતો હતો. માવળા સરદારો કિંમતી વસ્ત્રાલંકાર ધારણ કરી મહારાજની આસપાસ ચાલતા હતા. તેમની પાછળ પ્રધાન મુત્સદ્દી તથા ઇતર મોટા મોટા અધિકારીઓના હાથી ચાલતા હતા. એ સર્વની પાછળ કેટલુંક લશ્કર ચાલતું હતું. આ પ્રમાણે મહારાજની સવારી અતિશય ઠાઠમાઠથી દેવદર્શને ગઇ.

સર્વ રસ્તા સ્વચ્છ કરી શણગારવામાં આવ્યા હતા. માર્ગમાં સ્થળે સ્થળે મંડપો બાંધી રંગોળી પૂરવામાં આવી હતી. સર્વ ઘરો રંગાવી સુશોભિત કર્યાં હતાં. સર્વ સ્થળે ધ્વજા, પતાકા અને તોરણો બાંધ્યાં હતાં. સર્વ નગરદેવતાની યથાયોગ્ય પૂજા કરાવી તેમને નૈવેદ્ય ધરાવ્યાં હતાં. મહારાજની સવારી ધીમે ધીમે દેવદર્શન કરી, દેવને વસ્ત્રાલંકાર અર્પણ કરી અને બ્રાહ્મણોને દક્ષિણા વગેરેથી સંતુષ્ટ કરી પાછી ફરી. પાછા ફરતી વખતે સૌભાગ્યવતી સ્ત્રીઓએ મહારાજની મંગળ આરતી ઉતારી અને તેમના માથા પરથી દહીં, પુષ્પ અને દુર્વાદલની વૃષ્ટિ વરસાવી. સવારી પાછી ફરી રાજદ્વાર આગળ આવી પહોંચ્યા પછી મહારાજ રથમાં બેસી રાજમહાલય નજીક જઇ પહોંચ્યા અને ત્યાંથી પાલખીમાં બેસી સભાગૃહદ્વાર આગળ આવ્યા. ત્યાં તેમના માથા ઉપરથી પાણી ભરેલો કળશ અને મીઠાનું ઓવારણું ઉતારી વેગળું ફેંકી દેવામાં આવ્યું. એ વિધિ કરનારને મહારાજે વસ્ત્રાલંકાર આપ્યા પછી તેમણે ગૃહપ્રવેશ કર્યો.

રાજમહાલયમાં આવતાંજ મહારાજે પ્રથમ કુલદેવતાનાં અને ત્યાર પછી પ્રિય માતુશ્રી જીજાબાઇનાં દર્શન કર્યાં. રાણીઓએ આરતીઓ ઉતારી. મહારાજે તેમને અમૂલ્ય વસ્ત્રાલંકાર આપ્યા. ત્યાંથી આવી મહારાજ પુનઃ સિંહાસન ઉપર બિરાજ્યા. ત્યાં સર્વનાં

નજરાણાં અને મુજરા લઇ તેઓને પાન, ગુલાબ, અત્તર વગેરે આપી સ્વગૃહે જવાની આજ્ઞા ફરમાવી. ત્યાર પછી બ્રાહ્મણભોજન કરાવ્યું. મહારાજે સર્વ સુહૃદ્‌જનો અને ઇષ્ટમિત્રસહિત ભોજન કર્યું. માંડલિક રાજાઓ અને આપ્તજનોનું અતિ સન્માન કરી, તેઓને વસ્ત્રાલંકાર આપી સંતુષ્ટ કર્યા. ગુણીજનો આવ્યા હતા તેમને વિદાયગીરીમાં મોટી બક્ષિસો આપીને સંતુષ્ટ કર્યા. રાજ્યાભિષેકનો સમારંભ મોટા દાદમાઠથી નિર્વિઘ્નપણે પરિપૂર્ણ થયો. સમારંભમાં આવેલાં સર્વ મનુષ્યો સંતોષ પામી મહારાજની ઐશ્વર્યસંપત્તિની અને ઔદાર્યની સ્તુતિ કરતાં સ્વસ્થાને ગયાં. કહેવામાં આવે છે કે, એ સમારંભ વખતે એક કરોડ બેંતાળીસ લાખ હોન ખર્ચાયા હતા.

મહારાજે ક્ષત્રિયકુલાવતંસ શ્રી રાજા શિવછત્રપતિનો ખિતાબ ધારણ કર્યો. રાજ્યાભિષેક થયા પછી તેઓ કાગળપત્રમાં નવો શક લખવા લાગ્યા અને સ્વરાજ્યમાં એ શક પ્રવર્તાવવાની તેઓએ સખ્ત આજ્ઞા ફરમાવી. શકે ૧૫૯૬ની જ્યેષ્ઠશુક્લા ત્રયોદશીને દિવસે મહારાજને રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો; અંગ્રેજી તારીખ ૬ઠ્ઠી જૂન ઇ. સ. ૧૬૭૪. મહારાજે અતિ બાલ્યાવસ્થાથી પોતાના અંતઃકરણમાં અત્યંત સ્તુત્ય ઉદ્દેશ ધારણ કરી તેની સિદ્ધિ માટે અવ્યાહત પરિશ્રમ કર્યો હતો. તેમનો ઉદ્દેશ પરિપૂર્ણ થયો. સ્વરાજ્ય સ્થાપી સશાસ્ત્ર સિંહાસનારોહણ કરી મહારાજે નૂતન શક પ્રવર્તાવ્યો.

મહારાજનો અભિષેકસમારંભ અતિશય દાદમાદથી થયાના સમાચાર યવન બાદશાહે સાંભળ્યા, તે સમયે તેમને કેટલી દિલગીરી થઈ હશે એ કહેવાની અગત્ય નથી. અત્યાર સુધી બાદશાહ એવુંજ જાણતા હતા કે, ગમે તેમ પણ શિવાજી મહારાજને એક જબરજસ્ત લૂંટારા કિંવા બળવાખોરજ કહી શકાશે. તેઓ આપણા જેવા રાજપદાધિકારી બાદશાહ નથી; તેથી તેમના પર ભાવી પ્રજાજનોનાં હૃદયમાં વાસ્તવિક પૂજ્યભાવ ઉત્પન્ન થશે નહિ. તેમની ચળવળ બંધ પાડવાથી તેઓ હતા ન હતા થઇ જશે અને પૃથ્વીના હૃદયપટ ઉપરથી તેમનું નામ ભુસાઇ જશે; એટલુંજ નહિ પણ પછી તેમને કોઇ યાદ સુધ્ધાં કરશે નહિ; પરંતુ બાદશાહ પોતાની ગણતરીમાં ભૂલ્યા! જે મહા વીર્યશાળી પુરુષે પ્રથમથીજ સ્વરાજ્ય સ્થાપવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો, તે વીરપુરુષ માત્ર યવનોના પ્રાંત અને કિલ્લા કબજે કરીને સ્વસ્થ થાય અને સશાસ્ત્ર રાજ્યાભિષેકવિધિ કરીને એ દ્વારા સર્વ પ્રજાના હૃદયમાં સ્વતઃસંબંધી વાસ્તવિક પૂજ્યત્વબુદ્ધિ ઉત્પન્ન કરવા જેવું મહત્વનું કાર્ય કર્યા વગર રહે, એ ત્રણ કાળમાં બને તેમ નહોતું. મહારાજના વિચારને મહારાષ્ટ્રના બ્રાહ્મણોએ શાસ્ત્રની અડચણ બતાવી, છતાં તેઓ કિંચિત્ પણ નિરુત્સાહ કે નિરાશ નહિ થતાં તેમણે કાશી અને પૈઠણના મહાન પંડિતોની સ-

હાયતા વડે રાજ્યાભિષેકનો વિધિ યથાયોગ્ય રીતે પરિપૂર્ણ કર્યો.

મહારાજ ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયા હતા, તે સંબંધી સત્ય કહીએ તો તે સમયના કોઇ પણ બ્રાહ્મણને અથવા પંડિતોને સંશય નહોતો; પરંતુ મહારાજે ક્ષત્રિય સંસ્કારનો લોપ કર્યાથી, તેમને શૂદ્ર ઠરાવવાનો કેટલાકનો પ્રયત્ન હતો. એવા ઇર્ષ્યાખોર પંડિતોનાં મોં બંધ કરવા માટે મહારાજને ગાગાભટ્ટ વગેરે પરદેશી વિદ્વાનોની સહાયતા લેવી પડી હતી. ગમે તેમ હો; પરંતુ એક સાચા ક્ષત્રિયને શોભે એવાં ઉત્તમ પ્રકારનાં મહાપરાક્રમો કરી જે મહાપુરુષે મહારાષ્ટ્રને યવનોની તાબેદારીમાંથી મુક્ત કરી, સ્વરાજ્ય અને સ્વાતંત્ર્યનો અનુભવ બતાવ્યો, તે પુરુષનું ક્ષત્રિયત્વ તે સમયના સર્વ બુદ્ધિમાન અને કૃતજ્ઞ પુરુષો અમાન્ય કરે તેમ નહોતું. સંપાદન કરેલું સ્વરાજ્ય ચિરકાળપર્યંત ટકાવી રાખવા અને હિંદુબાદશાહીનો ઊંડો પાયો નાખવા માટે, સાંપ્રતનો રાજ્યાભિષેક જેવો મહાન ઉપાય યોજવામાં મહારાજે અતિશય દીર્ઘદૃષ્ટિ દર્શાવી હતી, એમાં કંઇ પણ શંકા નથી. એ સમય પછી સર્વ રજપૂત રાજા, અંગ્રેજ, ફ્રેંચ અને ફિરંગી વગેરે પરદેશી× મનુષ્યો શિવાજી મહારાજને વિશેષ માન આપતા હતા, એ સુવિદિતજ છે; પરંતુ આદિલશાહ અને મોગલ બાદશાહ પણ મહારાજને પોતાના જેટલુંજ માન આપવા લાગ્યા. અત્યાર પહેલાં સર્વ રાજાઓને મહારાજની અતિશય બીક લાગતી હતી; પરંતુ હવે તેઓનાં અંતઃકરણમાં બીક સાથે માનવૃત્તિ ઉત્પન્ન થઇ.

રાજ્યારોહણનિમિત્તે મહારાજના રાજ્યમાં સર્વત્ર આનંદોત્સવ થઇ રહ્યો હતો. તે સમયે એક અત્યંત ખેદજનક બનાવ બન્યો હતો. એ સમયે માતુશ્રી જીજાબાઈનું અવસાન થવાથી મહારાજ અને પ્રજાજનો અત્યંત શોકનિમગ્ન થયાં હતાં. જે પરમપૂજ્ય અને અત્યંત પ્રેમાળ માતાના શિક્ષણથી, ઉપદેશથી અને સતત પ્રોત્સાહનથી મહારાજે પ્રચંડ ઉદ્યોગ આરંભ્યો અને તેમાં યશ પ્રાપ્ત કર્યો, તથા જેમને પોતાનો પુત્ર સર્વત્ર વિજય મેળવી રાજસિંહાસન પર આરૂઢ થઈ નૂતન શકપ્રવર્તક થવાથી આનંદનો પાર રહ્યો નહોતો, તેજ પવિત્ર માતા આનંદોત્સવ જોવા વિશેષ દિવસ જીવ્યાં

× મહારાજના એ સમારંભ વખતે અંગ્રેજોનો પ્રતિનિધિ પણ મહારાજને નજરાણું આપવાને ગયો હતો. નજરાણા તરીકે તેણે પોતાની પાસે એક હીરાની વીંટી રાખી હતી. સિંહાસનારૂઢ થઇને મહારાજ જ્યારે લોકોનું નજરાણું લેવા લાગ્યા, ત્યારે અંગ્રેજ પ્રતિનિધિ ઓકઝેન્ડન અને તેના દુભાષિયા નારાયણ શેણવીને નારોજી પંત મહારાજ પાસે લઇ ગયો. તે લોકોએ દૂરથીજ મસ્તક નમાવીને મહારાજને મુજરો કર્યો અને નજરાણું આપ્યું. મહારાજે તે નજરાણું સ્વીકારીને તેમને બક્ષિસ આપી વિદાય કર્યા.

નહિ. રાજ્યાભિષેકનો સમારંભ સંપૂર્ણ થતાંજ દસબાર દિવસે માતુશ્રીને એકાએક કંઇ વ્યાધિ થયો અને તેમાંજ તેમનું અવસાન થયું. સાંપ્રતના જેવા અતિ આનંદોત્સવ પ્રસંગે અકસ્માત્ માતુશ્રીનો વિયોગ થવાથી મહારાજના હૃદયમાં અત્યંત દુઃખ થયું. પોતાની ઐશ્વર્યવૃદ્ધિ જોઇ જેને વાસ્તવિક સંતોષ અને ઉત્સાહ થતો તેજ અત્યંત પ્રિય જનની પોતાનો ત્યાગ કરી ગયેલાં હોવાથી મહારાજને સર્વ ઐશ્વર્ય શૂન્યવત્ જણાવા લાગ્યું. મહારાજ કેવા નિઃસીમ માતૃભક્ત હતા, તે એ સમયે સર્વ મનુષ્યોએ ઉત્તમ પ્રકારે જાણ્યું. લાખો રૂપિયા ખરચી મહારાજે માતાની ઉત્તરક્રિયા કરી અને વર્ષાઋતુના ચાર મહિના રાયગઢ ઉપર નિવાસ કરી માતૃશોક પાળ્યો.* મહારાજ એટલા દિવસ સિંહાસન ઉપર બેઠા નહિ. આશ્વિન શુક્લા પંચમીને દિવસે શુભ મુહૂર્ત જોઇ પુનઃ સભા ભરી સિંહાસન ઉપર બેઠા. ત્યાર પછી અષ્ટપ્રધાન તથા મોટું લશ્કર લઇ પ્રતાપગઢ ઉપર દેવીનાં દર્શન કરવા ગયા, ત્યાંથી રામદાસસ્વામીનાં દર્શન કરવા ગયા અને ત્યાર પછી શિખર પરના મહાદેવ તથા જેજુરીના ખંડોબાનાં દર્શન કરી મહારાજ પુનઃ રાયગઢ ઉપર આવ્યા.

---

* જીજાબાઇએ ઇ. સ. ૧૬૭૪ તા૦ ૧૮મી જૂનને દિવસે સ્વર્ગવાસ કર્યો. પાંચ લાખ હોનની તેમની ખાનગી મિલકત હતી તે સર્વ તેમણે મહારાજને સ્વાધીન કરી.

प्रकरण २४ मुं–राज्यव्यवस्था

રાજ્યાભિષેકની ક્રિયા કરીને મહારાજે સ્વરાજ્ય સ્થાપવાની પૂર્ણતા કરી. સુદૃઢ પાયા પર હિંદુબાદશાહીની ઇમારત રચી અને સતત ત્રીસ વર્ષપર્યંત કરેલા અવિશ્રાંત પરિશ્રમનું તેમણે સાર્થક્ય કર્યું. એ બાદશાહીને સુવ્યવસ્થિત અને ચિરાયુ કરવા માટે તેમણે જે ઉત્કૃષ્ટ નિયમો રચ્યા હતા, તેનું ઉપલબ્ધ વર્ણન પ્રસ્તુત પ્રકરણમાં લખ્યા પછી, સિંહાસન ઉપર બેઠા પછીના ચરિત્રવિભાગનું વર્ણન લખવું અમને ઇષ્ટ જણાય છે. એ રાજ્યવ્યવસ્થા તેમણે રાજ્યારોહણવિધિ થયા પછી કરી હતી, એમ કોઈએ સમજવાનું નથી. મહારાજે સૈન્ય એકઠું કરી, કિલ્લા અને પ્રાંત કબજે કરવા માંડયા, તે વખતથીજ રાજ્યમાં સુવ્યવસ્થાનો આરંભ કર્યો હતો.

તે સમયે પ્રચલિત થયેલી હિંદુ અને યવનરાજ્યપદ્ધતિની મહારાજને ઉત્કૃષ્ટ માહિતી હતી. એ સિવાય મહારાજે અવકાશ મળતાંજ આર્યગ્રંથોમાંથી મળી આવતું પ્રાચીન રાજ્યપદ્ધતિનું અવલોકન કર્યું હતું. તેમણે દીર્ઘકાળપર્યંત સર્વ રાજ્યપદ્ધતિના ગુણદોષનું મનન કરી, દેશ, કાળ અને વર્તમાન સમયને અનુકૂળ થાય અને પ્રજાને અત્યંત સુખપ્રદ થઈ પડે, એવી રાજ્યપદ્ધતિ નક્કી કરી, પ્રસંગને અનુસરતી રાજ્યપદ્ધતિ સ્થાપી હતી. એ રાજ્યપદ્ધતિથી મહારાજે જે ઉદ્દેશ અને બુદ્ધિમત્તા પ્રકટ કરી છે, તેવી કલ્પના અર્વાચીન કિંવા પ્રાચીન કાળના ઇતિહાસમાંથી મળી આવતી નથી, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. રાજ્ય સંપાદન કરવામાં વીર્ય, શૌર્ય, યુક્તિમત્તા ઇત્યાદિ ગુણો હોવા જોઇએ. મહારાજ તે સર્વ સદ્‌ગુણોથી અલંકૃત હતા. તેજ પ્રમાણે મેળવેલા રાજ્યની સુવ્યવસ્થા કરવાને રાજ્યવ્યવહાર, ચાતુર્ય, પ્રજાપાલન, પટુત્વ ઇત્યાદિ ગુણો હોવા જોઇએ, તે સર્વ અપ્રતિમ સદ્‌ગુણો પણ મહારાજમાં વિદ્યમાન હતા, તેની તેમની રાજ્યકાર્યદક્ષતા ઉપરથી સંપૂર્ણ રીતે સાબિતી મળી આવે છે.

રાજા પોતાના એકાદ દીવાનની સલાહથી કિંવા પોતાનીજ બુદ્ધિથી રાજ્યકારભાર ચલાવે તો તેનાથી યથાયોગ્ય ન્યાય અને યથાયોગ્ય સર્વ વ્યવસ્થા થઇ શકે નહિ અને પ્રજાજનોને સુખ પણ

મળે નહિ; એનું કારણ સ્પષ્ટજ છે કે, ગમે તેવો બુદ્ધિમાન પુરુષ હોય તોપણ તેને એકલાને રાજ્યમાં બનતી પ્રત્યેક ઉથલપાથલનું સંપૂર્ણ જ્ઞાન થવું અશક્ય છે. તેજ પ્રમાણે કોઇ પુરુષ ગમે તેવો નીતિમાન હોય તોપણ તે સર્વ કારભાર નિષ્પક્ષપાતપણે અને નિરપેક્ષ બુદ્ધિપૂર્વક ચલાવે એ પણ સહસા શક્ય નથી. વળી જુદાં જુદાં ખાતાંની વ્યવસ્થા કરતી વખતે એક ખાતાથી બીજા ખાતાને કયા પ્રકારની અડચણ થાય છે, તે એક મનુષ્યના લક્ષમાં આવવા જેવું નથી; તેમજ પ્રજાજનો નારાજ થવાથી રાજ્યની દૃઢતામાં અંતરાય પડે છે, વગેરે તત્ત્વો મહારાજના લક્ષમાં સંપૂર્ણ રીતે આવતાંજ તેમણે સર્વ રાજ્યસૂત્ર પોતાના સ્વાધીનમાં નહિ રાખતાં રાજકાર્ય ચલાવવાને અષ્ટપ્રધાનની સહાયતા લીધી. તે સમયના કોઇ પણ રાજ્યમાં અષ્ટપ્રધાનમંડળની સંસ્થા નહોતી, તેમજ મહારાજના રાજ્ય પછી કોઇ પણ રાજાએ એ રાજનીતિનું જોઇએ તેવું અવલંબન કર્યું નહિ. સર્વ રાજ્યસૂત્ર પેશ્વાના તાબામાં જતાં તેઓ કેવળ નામધારી રાજા થયા. તે સમયથી ઉપરોક્ત સંસ્થાનો સર્વથા લોપ થયો. સાંપ્રત પરદેશી રાજાની સુધરેલી રાજ્યપદ્ધતિમાંથી માત્ર એ પ્રધાનમંડળનું તત્ત્વ જણાઈ આવે છે.

રાજ્યાભિષેક સમયે કયા અષ્ટપ્રધાન હતા તે પાછલા પ્રકરણમાં લખવામાં આવ્યું છે. આ સ્થળે તેમના કાર્ય સંબંધી થોડું દિગ્દર્શન કરાવવામાં આવે છે.

૧–મુખ્ય પ્રધાન એટલે પેશ્વા. એ પદવી રાજાથી બરોબર ઊતરતી પંક્તિની હતી. તેઓ મુલકી અને લશ્કરી બન્ને ખાતાં પર દેખરેખ રાખતા હતા. રાજ્યની એકંદર વ્યવસ્થા બરોબર ચાલે છે કે નહિ, તેની સંભાળ તેને રાખવાની હતી અને રાજાની ગેરહાજરીમાં સર્વ કાર્યની જવાબદારી તેને માથે હતી. દરેક હુકમો ઉપર રાજાના સહીસિક્કા પછી એનો સહીસિક્કો પણ આવતો હતો.

૨–સેનાપતિ એટલે સરનૌબત. સર્વ લશ્કર ઉપર તેમનું આધિપત્ય હોવાથી તેમને લશ્કરી વ્યવસ્થા તપાસવાનો અધિકાર હતો. એવા બે સેનાપતિ રાખવામાં આવતા. એક ઘોડેસવાર લશ્કર ઉપર અને બીજો પાયદળ લશ્કર ઉપર દેખરેખ રાખતો. ઘોડેસવાર લશ્કરના સેનાપતિની પદવી અધિક હોવાથી પાયદળ લશ્કરનો સેનાપતિ તેના હાથ નીચે મદદનીશ ગણાતો; કારણકે પાયદળ લશ્કરના સેનાપતિને પ્રધાનમંડળમાં જગ્યા મળતી નહોતી.

૩–પંત અમાત્ય એટલે મજમુદાર. એ સ્વરાજ્યના સર્વ હિસાબ ઉપર દેખરેખ રાખતો. રાજ્યનાં સર્વ લશ્કરી અને મુલકી ખાતાંનો તથા કિલ્લાનો હિસાબ તેને તપાસવો પડતો હતો. સર્વ પ્રાંતનાં

આવકજાવકનાં સરવૈયાં એ અધિકારીની પાસે તપાસવા આવતાં હોવાથી સર્વ અધિકારીઓના જમાખર્ચ ઉપર એમનો દાબ રહેતો; તેમજ કંઇ ભૂલચૂક કિંવા ગોટાળો થતાંજ તે કાર્ય તરત પ્રસિદ્ધિમાં આવતું. વધારાના ખર્ચની મંજૂરી કિંવા કોઇ પ્રાંતનો ખર્ચ ઓછો કરવા હજૂર–હુકમ મેળવવાની જરૂર પડતી, તો તે કાર્ય આ પ્રધાનની અનુમતિથી કિંવા ભલામણથી થતું; તેથીજ એ પ્રધાનના તાબામાં અધિક કારકુનો રહેતા અને જુદાજુદા પ્રાંતનો લશ્કરનો અને કિલ્લાનો હિસાબ તપાસવા માટે જુદાજુદા સરકારકુનની નિમણુંક કરવામાં આવતી.

૪–પંત સચિવ એટલે સુરનીસ. એ અધિકારી સરકારી દફતર ઉપર દેખરેખ રાખતો. રાજ્યના જુદાજુદા પ્રાંતના અધિકારી, લશ્કરી અમલદાર અને કિલ્લેદાર તરફથી આવતા પત્રો અને સરકાર તરફથી રવાના થતા ખરીતા તપાસી તેનો ભાવાર્થ નોંધી રાખવાનું કામ એ અધિકારીના તાબામાં હતું. કિલ્લેદારોને અપાતા હવાલાપત્રો, ઇનામપત્રો, સનંદો ઇત્યાદિ લેખોની નોંધ રાખવાનું કામ એ અધિકારીની સત્તામાં હતું. સર્વ સરકારીખાતાંનાં દફતરોની વ્યવસ્થા નિયમસર રાખવામાં આવે છે કે કેમ, તે એ અધિકારીએ તપાસવું પડતું. એ પ્રધાનના હાથ નીચે પુષ્કળ કારકુનો હતા. એ અધિકારીના સિક્કા વગર કોઈ પણ સરકારી કાગળ કિંવા ખરિતો મુલકી અથવા લશ્કરી અમલદારને રવાના થતો નહિ. પંત અમાત્ય અને પંત સચિવ, એ બન્ને અધિકારીઓ પોતાના તરફથી પોતાના તાબાના કારકુનોને પ્રત્યેક પ્રાંતના અધિકારીઓના અને કિલ્લેદારોના હિસાબની અને દફતરોની વ્યવસ્થા બરોબર છે કે નહિ, તે તપાસવા પ્રતિ વર્ષે મોકલતા. હિસાબનાં સરવૈયાં વગેરે બરાબર તપાસતાં કંઇ ભૂલચૂક જણાતી તો તે કારકુનોને શિક્ષા કરવાનો તેમને અધિકાર હતો. કોઈ કોઈ વખતે એ અધિકારીઓ સ્વતઃ જઇને કોઈ કોઇ ખાતાની તપાસણી કરતા.

૫–મંત્રી એટલે વાંકનીસ (પ્રાઇવેટ સેક્રેટરી). એ અધિકારી ખાનગી ખાતાની વ્યવસ્થા રાખતો. અઢાર કારખાનાં, બાર મહાલ, હજૂરપાયગા અને કેળવાયલા પાયદળ લશ્કરનો બંદોબસ્ત સુવ્યવસ્થિત રહે છે કે કેમ, તે એ અધિકારીને તપાસવું પડતું. ખાનગી ખાતાનાં દફતરો અને પત્રવ્યવહાર ઉપર પણ એ પ્રધાનની દેખરેખ રહેતી. તે ઉપરાંત રાજાના રોજના કાર્યક્રમની અને રાજ્યમાં થતા બનાવોની તેને નોંધ રાખવી પડતી. વળી રાજાના આમંત્રિત મહેમાનો અથવા તો મુલાકાતે આવનાર માણસો ઉપર તેની સખ્ત દેખરેખ રહેતી હતી કે જેથી મહારાજનો ઓચિંતો ઘાત કરવાની કોઇને જરા પણ તક મળે નહિ.

૬–સુમંત એટલે ડબીર. એ અધિકારી પરદેશી પ્રાંતો સાથે ચાલતા સર્વ વ્યવહાર ઉપર દેખરેખ રાખતો. અન્ય રાજાઓ તરફથી આવતા ખરીતા અને જાસૂસ તથા તેઓને સરકાર તરફથી મોકલવામાં આવતા ખરીતા તથા જાસૂસની વ્યવસ્થા રાખવાનું કામ એ અધિકારીને કરવું પડતું.

૭–ન્યાયશાસ્ત્રી કિંવા પંડિતરાવ. એ અધિકારીએ રાજાને પ્રસંગોપાત શાસ્ત્રાર્થ કહેવો પડતો. દેવસ્થાનો અને સત્પુરુષોને આપેલી બક્ષિસ–વર્ષાસનોની વ્યવસ્થા રાખવી પડતી; તેમજ સરકાર તરફથી થતાં ધર્માદા–કાર્યોની અને ધર્મવિધિની વ્યવસ્થા તેને તપાસવી પડતી તથા ફોજદારી મુકદ્દમાઓમાં પ્રજાને ધર્મશાસ્ત્રાનુસાર ન્યાય મળે છે કે કેમ, તેની પણ દેખરેખ રાખવી પડતી.

૮–ન્યાયાધીશ. પ્રત્યેક મુલકી અને દીવાની મુકદ્દમા સંબંધી પ્રજાને યોગ્ય ન્યાય મળે છે કે કેમ, તે એ અધિકારીએ તપાસવું પડતું. પંચ કિંવા મુલકી અધિકારીઓદ્વારા મળેલો ન્યાય કોઇને યોગ્ય નહિ જણાયાથી, તેઓને હજૂરમાં અપીલ કરવી પડતી અને એ પ્રધાન પુરાવા તપાસીને તેનો ફેંસલો આપતો. જમીનનો હક, ગ્રામાધ્યક્ષનો હક વગેરે બાબતનો નિકાલ આ પ્રધાનની સહીથી પ્રસિદ્ધ કરવામાં આવતો હતો.

શિવાજી મહારાજે પોતાના રાજ્યમાં સર્વ ખાતાંની વ્યવસ્થા જુદાજુદા પ્રધાનોને સોંપી હતી.× તેથી તેઓ પોતપોતાનું કાર્ય બુદ્ધિપૂર્વક કરતા હતા. એકાદ ગૂંચવણભરેલો વિષય આવી પડે તો પ્રધાનો તે સંબંધી પ્રથમ મહારાજને એકાંતમાં સર્વ હકીકત નિવેદન કરતા. તે વિષય જે અધિકારીને સોંપવામાં આવ્યો હોય તેને મહારાજ પોતાની પાસે બોલાવતા. એકાંતમાં તેની સાથે મસલત ચાલ્યા પછી યોગ્ય જણાતાં તેજ વિષયની પુનઃ પ્રધાનમંડળ સમક્ષ ચર્ચા થતી. સર્વ રાજ્ય સાથે સંબંધ ધરાવનારા વિષય સંબંધી પ્રધાનમંડળમાં ચર્ચા થયા પછી મહારાજ સર્વાનુમતે એક નિશ્ચય ઉપર આવતા. મહારાજે તેમના ઉપર એટલો બધો વિશ્વાસ રાખેલો હોવાથી અને તેમની સલાહને યોગ્ય માન આપેલું હોવાથી, પ્રત્યેક પ્રધાન બુદ્ધિપૂર્વક અને દક્ષતાપૂર્વક પોતાનું કર્તવ્ય બજાવતાં; તેમજ તેઓ સ્વરાજ્યનું અને છત્રપતિ મહારાજનું અંતઃકરણપૂર્વક હિત અને ઉત્કર્ષ ઇચ્છતા.

એ પ્રધાનમંડળમાં પંડિતરાવ અને ન્યાયાધીશ પ્રધાનો સિવાય બીજા છ પ્રધાનોએ લશ્કરી નોકરીમાં કુશળતા મેળવવી

× આ પ્રધાનોનો વાર્ષિક પગાર નીચે પ્રમાણે હતોઃ–મુખ્ય પ્રધાન પંત અમાત્ય અને પંત સચિવને પંદર હજાર હોન મળતા હતા; અને બાકીના બીજાઓને દસદસ હજાર હોન મળતા હતા.

પડતી. તે ધામધૂમને સમયે સતત યુદ્ધ થતાં હોવાથી સર્વેએ યુદ્ધકળામાં નિપુણ હોવાની જરૂર હતી. પ્રસંગ પ્રાપ્ત થતાં એ સરદારોએ તલવાર બાંધી યુદ્ધમાં જવું પડતું. સર્વ પ્રધાનોના તાબામાં એકએક મુતાલિક (મદદનીશ) અધિકારી નીમવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન ચડાઇમાં જતો તે સમયે તેમનાં સર્વ કાર્યોની વ્યવસ્થા મુતાલિકને તપાસવી પડતી. મુખ્યપ્રધાનનાં સિક્કામહોર મુતાલિકના તાબામાં રહેતાં, પરંતુ એકાદ મહત્ત્વનું કાર્ય આવી પડતાં તેનો ન્યાય પોતાના મુખ્યપ્રધાનની આજ્ઞા સિવાય મુતાલિક કરી શકતા નહિ, એવી ગોઠવણ રાખવામાં આવી હતી. મુતાલિક અધિકારીઓના હાથ નીચે બીજા સાતસાત અધિકારીઓ નીમ્યા હતા; તેમનાં નામઃ-(૧) મજમુદાર-એ અધિકારી પાસે જમાખર્ચનું કામ રહેતું. (૨) ફડનવીસ એ મજમુદારનો મદદનીશ અધિકારી ગણાતો. (૩) સબનીસ કિંવા દફ્તરદાર-એ અધિકારી પાસે દફ્તરનું સર્વ કામ રહેતું. (૪) ચિટનીસ એ અધિકારી સર્વ પત્રવ્યવહારનું કામ કરતો. (૫) કારખાનનીસ એ અધિકારીના તાબામાં સર્વ કોઠીઓની અને અનાજના કોઠારોની વ્યવસ્થા તપાસવાનું કામ રહેતું. (૬) જામદાર. એ અધિકારી પાસે રોકડ નાણાં સિવાય અન્ય સર્વ વસ્તુઓનો સંગ્રહ કરવાનું કામ હતું. અને (૭) પોતનીસ એ અધિકારીના તાબામાં સર્વ રોકડ સિલક રહેતી. એ સર્વ અધિકારીઓના તાબામાં કામના પ્રમાણમાં ઓછાવત્તા કારકુનો નીમ્યા હતા. એક ચિટનીસ, એક ફડનવીસ, એક પારસનીસ અને પોતનીસ હજૂરની તહેનાતમાં રહેતા. પાછળ લખવામાં આવ્યું છે કે, ચિટનીસ બાલાજી આવજી એ પ્રભુજાતિનો વિશ્વાસુ ગૃહસ્થ હતો. ફડનવીસ તરીકે બાળકૃષ્ણ પંતને નીમવામાં આવ્યો હતો. એ અધિકારી શાહજીરાજાના મુખ્ય કારભારી હનુમંતેનો નજીકનો સગો થતો હતો. પારસનીસ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી હતી તે નક્કી જાણી શકાતું નથી; તેમ છતાં એ અધિકારી ફારસી ભાષામાં લખાયલા પત્રો અને ખરીતા વાંચી તેના અર્થ કરવા માટે અને તે ભાષામાં પત્રો વગેરે લખી મોકલવા માટે નીમ્યો હતો. તેના હાથ નીચેનો પોતનીસ અધિકારી એ શ્રીગોંદાના શેશાવા નાયક પુંડેનો જ્યેષ્ઠ પુત્ર હતો. માલોજીરાજાને સાપના દરમાંથી જે દ્રવ્ય પ્રાપ્ત થયું હતું, તે તેમણે એજ શેશાવા નાયકને ઘેર મૂકયું હતું અને તે વખતે તેમણે શેશાવાને વચન આપ્યું હતું કે, "મને રાજ્ય મળશે તે વખતે તમને પોતનીસ નીમવામાં આવશે." મહારાજે તેના પુત્રને પોતનીસ બનાવી માલોજીની પ્રતિજ્ઞા સંપૂર્ણ કરી હતી.

રાજ્યનાં સર્વ ખાતાંની વ્યવસ્થા જુદાજુદા પ્રધાનોના તાબામાં સોંપ્યા પછી પોતાની ખાનગી (પ્રાઇવેટ) સંપત્તિની સુવ્યવસ્થા

કરવા માટે મહારાજે દ્વાદશ કોષ (બાર મહાલય) અને અષ્ટાદશ શાળા (અઢાર કારખાનાં) સ્થાપ્યાં હતાં. દ્વાદશ કોષનાં નામઃ– અંતઃપુર, દ્રવ્યભંડાર, ધાન્યાગાર, અશ્વધન, ગોધન, આરામ–ક્ષેત્ર, ટંકશાળામહાલ, શિબિકા આદિ યાનમહાલ, મહાલ ઇમારત (મકાનો બાંધવા સંબંધી કામ કરવાનું ખાતું), મહાલ સૌદાગીરી (માલ ખરીદ કરનાર અધિકારીઓનું ખાતું), મહાલ છબિના (અશ્વપાળ ઉપર દેખરેખ રાખનાર અધિકારીઓનું ખાતું) અને વસનાગાર (જામદારખાનું). અષ્ટાદશ શાળાનાં નામઃ–ગજશાળા (પીલખાનું), મલ્લશાળા (તાલીમખાનું–કસરતશાળા), ધાન્યસંગ્રહ (અંબારખાનું), ભેરિદુંદુભિશાળા (નગારખાનું), યંત્રશાળા (તોપખાનું), વૈદ્યશાળા (શરબતખાનું), પાનીયશાળા (આબદાખાનું), ઉષ્ટ્રશાળા (સુતરખાનું), શિબિરશાળા (ફરાસખાનું), ખટકશાળા (શિકારખાનું), રત્નશાળા (જવાહિરખાનું), પાકશાળા (રસોઇખાનું), શસ્ત્રશાળા (હથિયારખાનું), તાંબૂલશાળા (શરાફખાનું), રથશાળા (ગાડીખાનું), લેખનશાળા (દફતરખાનું), નાટકશાળા (નટખાનું), અને જણસખાનું; એ સર્વ કોષ ઉપર અને શાળા ઉપર દારોગા, કારકુન અને હવાલદાર ઇત્યાદિ યોગ્ય અધિકારીઓ નીમવામાં આવ્યા હતા.

મહારાજે પોતાની ખાનગી સંપત્તિની સુવ્યવસ્થા પ્રમાણેજ માતુશ્રી જીજાબાઇ સંબંધી પણ સુવ્યવસ્થા કરી હતી. તેમની સેવામાં બુદ્ધિમાન પુરુષો અને સ્ત્રીઓ નીમવામાં આવ્યાં હતાં. ચોકીપહેરા માટે સિપાઈ, પ્યાદા અને સ્ત્રીનોકર રાખ્યાં હતાં. તેમને માટે પૂજારી, પુરાણી વગેરે બ્રાહ્મણો જુદા નીમ્યા હતા. તેઓ દેવપૂજા, પુરાણપઠન, અનુષ્ઠાનો વગેરે ધાર્મિક કાર્યો કરતા હતા. માતુશ્રીને દાનધર્મ કરવા માટે પુષ્કળ દ્રવ્યનું વર્ષાસન આપવામાં આવતું હતું. તેમની સર્વ વ્યવસ્થા યોગ્ય રીતે ચલાવવા માટે એક ચિટનીસ, એક ફડનવીસ અને એક પોતનીસ તથા ઇતર કારકુનો રાખવામાં આવ્યા હતા. માતુશ્રીને કંઇ પણ વસ્તુની ઊણપ ન પડે અને તેમના સુખમાં યત્કિંચિત્ પણ અંતરાય ન પડે, તે માટે મહારાજ અંતઃકરણપૂર્વક કાળજી રાખતા હતા.

સાથે સાથે આ સ્થળે મહારાજના દરબારની રચનાનું પણ વર્ણન આપી દઈશું. દરબારના મધ્યભાગમાં મૂકેલા સિંહાસન પર મહારાજ પોતે બેસતા હતા. તેમના બેઠા પછી તેમની પાછળ હજૂરિયાઓ ચામરછત્ર વગેરે લઇને ઊભા રહેતા હતા. તેમની બાજુમાં અત્યંત વિશ્વાસુ એવા આપ્તજનો ઊભા રહેતા હતા. સિંહાસનની નીચે જમણી બાજુએ મુખ્ય પ્રધાન, પંત અમાત્ય, પંત સચિવ, મંત્રી, ચિટનીસ અને પરરાજ્યોના વકીલ અનુક્રમે બેસતા હતા. ડાબી

બાજુએ સેનાપતિ, સુમંત, ન્યાયાધીશ, પંડિતરાવ ફડનવીસ, સેનાધિકારી, સરદાર વગેરે નામાંકિત શૂરવીર પુરુષો બેસતા હતા અને સિંહાસનની પાછળ બંને બાજુએ મહારાજના બારકોશના અને અઢાર કારખાનાના અધિકારીઓ ઊભા રહેતા હતા. પ્રધાનમંડળના મુતાલિકો અને કારકુનો પોતપોતાના માલિકની પાછળ બેસતા હતા. બીજા કારભારીઓ, તાલુકદારો, મામલતદારો અને કિલ્લેદારોનાં સ્થાન દરબારમાં નિશ્ચિત કરી આપેલાં હતાં. મહારાજનાં દર્શન કરવાને માટે કોઇને દરબારમાં જવું હોય તો અંદર ખબર આપવાને માટે અને તેને યોગ્ય સ્થાને બેસાડવાને માટે દરવાજા આગળ બે ચોબદારો ઊભા રહેતા હતા.

મહારાજે પોતાના લશ્કરની કેવી વ્યવસ્થા રાખી હતી તે તપાસીએ. પાયદળ લશ્કરમાં તેમણે બે પ્રકારનાં મનુષ્યો રાખ્યાં હતાં. એક ડુંગરાળ પ્રદેશ ઉપર રહેનારા માવળા અને બીજા પ્રદેશના નીચલા ભાગમાં રહેનારા હેટકરી હતા. માવળાઓ તલવારબહાદુર હતા અને હેટકરીઓ અચૂક નેમ તાકી શસ્ત્ર મારવામાં કુશળ હતા. પ્રત્યેક મનુષ્યોને ઢાલતલવાર અને બંદૂકો આપવામાં આવી હતી. હથિયારો તેઓએ પોતેજ ખરીદી પોતાની પાસે રાખવાનો ઘણોખરો નિયમ હતો. શસ્ત્રના ઉપયોગ માટે તેમને જોઇતો દારૂગોળો માત્ર સરકાર તરફથી મળતો. તેમનો મુખ્ય પોશાક એક બદન અને ટૂંકું ધોતિયું પહેરી તેનો કાછડો વાળવો એ હતો. કમરે એક દુપટ્ટો વીંટાળતા હતા. કેટલાક શરીરે અંગરખો અને માથે પાઘડી પહેરતા. માવળા અને હેટકરીઓ સર્વદા ડુંગરાળ પ્રદેશમાં રહેનારા હોવાથી તેઓ ડુંગરોના વિકટ ચઢાણ પર અને ખીણમાં જવાઆવવામાં કુશળ હતા. એવા ચપળ મનુષ્યો કોઈ પણ બીજા પ્રાંતમાં કિંવા દેશમાં મળી આવતા નથી, એમ કહેવું અત્યુક્તિભરેલું નથી.

પાયદળ લશ્કરમાં દસદસ સિપાઇઓની ટુકડીઓ બનાવવામાં આવી હતી; તેમાં નવ સિપાઈ અને એક નાયક મળી દસ સિપાઈ થતા. એવી પાંચ ટુકડીઓ ઉપર એક હવાલદાર અને બે હવાલદારો પર એક જુમલેદાર નીમ્યો હતો. દસ જુમલેદાર ઉપર એક હજારી સરદારની નિમણુંક કરવામાં આવતી.* એ સિવાય કેટલાક પાંચહજારી× સરદાર નીમવામાં આવતા. એક હજારી અને પાંચહજારી સરદારો સરનૌબત અધિકારીની આજ્ઞામાં રહેતા. પાયદળમાં

---

* ચિટનીસ લખે છે કે, માવળાના પાયદળમાં પાંચ હવાલદાર ઉપર એક જુમલેદાર અને પાંચ જુમલેદાર ઉપર એકહજારી સરદાર નીમવામાં આવતો.

× કેટલાકનું કહેવું એવું છે કે, મહારાજના સૈન્યમાં કોઈ પાંચહજારી ન હતા; પરંતુ માત્ર સાતહજારીજ હતા.

કેટલાક સિપાઇઓને તીરકામઠાં, તલવાર, લાઠી, બરછી અને ફરશીઓ આપવામાં આવતી અને કેટલાક પાસે બંદૂકો પણ રહેતી હતી. આ હથિયારો તેમને પોતાને ખરચે લાવવાં પડતાં. સરકાર તરફથી માત્ર દારૂગોળો પૂરો પાડવામાં આવતો હતો. જે સિપાઇઓ જે શસ્ત્ર વાપરવામાં કુશળ હોય તેમને તે શસ્ત્ર વાપરવા દેવામાં આવતાં. સિપાઇઓને અને નાયકોને દર મહિને એક, બે કે ત્રણ હોન પગાર મળતો. જુમલેદારોને પ્રતિવર્ષે સો હોન અને હજારી સરદારોને પાંચસો હોન પગાર મળતો. પાંચહજારીને વરસદિવસે અઢીહજાર હોન પગાર મળતો હતો અને સરકાર તરફથી પાલખી તેમજ છત્રીની નિમણુંક કરી આપવામાં આવતી.

ઘોડેસવાર લશ્કરમાં એક બારગીર અને બીજા શિલેદાર, એમ બે પ્રકારના સિપાઇઓ હતા. બારગીરોના ઘોડેસવાર લશ્કરને “પાગા” કહેવામાં આવતી. પાગામાં સઘળા ઘોડા સરકારી હતા અને તેમની સંભાળ સરકાર તરફથી રાખવામાં આવતી હતી. શિલેદાર લશ્કરના પ્રત્યેક સિપાઇઓ પોતાને ખર્ચે ઘોડો ખરીદ કરી સરકારી નોકરી કરતા અને તેમનેજ પોતાના ઘોડાની બરદાસ્ત રાખવી પડતી. તેના બદલા તરીકે સરકારમાંથી શિલેદાર સિપાઇઓને વધારાનો પગાર મળતો. શિલેદાર લશ્કર રાખવામાં મહારાજે યવનબાદશાહીનું અનુકરણ કર્યું હતું, પરંતુ મહારાજને એ પદ્ધતિ પસંદ નહોતી. એ પદ્ધતિથી ઘોડા જોઇએ તેવા ચપળ થઇ શકતા નહિ. નોકરીથી કંટાળેલો શિલેદાર ઘોડા સહિત નાસી જવાનો સંભવ હતો, તેથી મહારાજ હમેશાં શિલેદાર સિપાઇઓની સંખ્યા ઓછી કર્યે જતા. એ સમયે શિલેદારી કરીને ઉદરનિર્વાહ કરનારાં મનુષ્યોની સંખ્યા અતિશય હોવાથી, એજ શરત પ્રમાણે તેઓને નોકરીમાં રાખવાની મહારાજને ફરજ પડતી. કોઇ શિલેદારને પોતાનો ઘોડો વેચવાની ઇચ્છા થતી, તો સરકારમાંથી તેની યોગ્ય કિંમત લઈ શિલેદાર તે ઘોડો પાગામાં બાંધી આવતો અને એવા શિલેદારને સરકારી પાગામાં નોકરીએ રાખતા. સરકારી ઘોડાના પાછલા પગને થાપે સરકારી ઓળખાણ માટે સિક્કો મારવામાં આવતો. ઘોડેસવાર પોતાના પગમાં તંગિયો અને પટ્ટા વીંટાળતા, શરીર ઉપર લાંબો અંગરખો પહેરતા, કમરે શેલું વીંટાળતા અને માથે પાઘડી (ફેંટા) બાંધતા. દોડતી વખત પાઘડી પડી જાય નહિ તેથી તેનો એક છેડો ડોક સાથે વીંટાળવામાં આવતો. કમરે શેલામાં તલવાર ખોસવામાં આવતી અને ઢાલ પીઠ પાછળ લટકાવવામાં આવતી. સર્વના હાથમાં ભાલા અને કેટલાકના હાથમાં ભાલા તથા બંદૂકો રહેતી. એ શસ્ત્રો સિપાઇઓને ઘણુંખરૂં પોતાને ખર્ચે ખરીદવાનો નિયમ હતો. બારગીર સિપાઇઓને સરકારી ખર્ચે દારૂગોળો આપવામાં આવતો પણ

શિલેદારોને તે પોતાને ખર્ચે લાવવો પડતો.

પચીસ બારગીર ઉપર એક શિલેદાર કિંવા એક હવાલદાર, પાંચ હવાલદાર ઉપર એક જુમલેદાર અને પાંચ જુમલેદાર ઉપર એક સૂબેદાર નીમવામાં આવતો.* એવા દસ સૂબેદાર ઉપર એક પાંચહજારી (સરદાર)ની નિમણુંક થતી. સર્વ સૂબેદાર અને પાંચહજારી સરદાર, સરનૌબતની આજ્ઞામાં રહેતા. ઘોડેસવાર લશ્કરનો સરનૌબત જુદોજ નીમવામાં આવતો. પચીસ ઘોડા પાછળ એક પખાલી અને એક નાળબંધ રાખવામાં આવતા. હવાલદારે પોતાના તાબાના ઘોડાને ઘાસચંદી વગેરે બરોબર મળે છે કે કેમ તથા તેમની બરદાસ્ત બરોબર થાય છે કે કેમ, તેની તપાસ અને તેમના સામાનનો બંદોબસ્ત રાખવો પડતો. પ્રત્યેક ઘોડેસવાર બારગીરને તેમના દરજ્જા પ્રમાણે બેથી પાંચ હોનપર્યંત અને શિલેદારને છથી બાર હોનપર્યંત પગાર મળતો. જુમલેદારને વીસ હોનપર્યંત પગાર મળતો.× સૂબેદારોને વાર્ષિક એક હજાર હોન અને એક પાલખી આપવામાં આવતી. પાંચહજારી સરદારોને વાર્ષિક બે હજાર હોન અને આબદાગીરી (છત્રી) આપવામાં આવતી. શિલેદારોનો સૂબેદાર સ્વતંત્રજ નીમવામાં આવતો અને તેઓ સર્વ સરનૌબતની આજ્ઞા પ્રમાણે વર્તતા. પ્રત્યેક સૂબેદાર, પાંચહજારી અને સરનૌબત અમલદારો પાસે જાસૂસ અને હલકારા (સિપાઇઓ) રાખવામાં આવતા.

એ લશ્કર સિવાય મહારાજે પોતાની સવારીમાં પાંચ હજાર કેળવાયલા સિપાઇઓ રાખ્યા હતા. મહારાજને સ્વતંત્ર લશ્કર રાખવાનું કારણ એ હતું કે, તેમને યવન બાદશાહ સાથે શત્રુવટ હોવાથી અચાનક યુદ્ધપ્રસંગ પ્રાપ્ત થાય તેમ હતું; તેથી મહારાજના રક્ષણ માટે પાંચ હજાર સિપાઇઓ હમેશાં તૈયાર રાખવાની અગત્ય હતી. મહારાજે ચૂંટણી કરીને માવળાઓના લશ્કરની જુદીજુદી ટુકડીઓ બનાવી હતી. તેમણે ત્રીસ, ચાળીશ, સાઠ અને સો માવળા સિપાઇઓની ટુકડીઓ બનાવી તે ઉપર શૂરા, બહાદુર અને પ્રમાણિક સરદાર નીમ્યા હતા. કેળવાયલા પાયદળ સિપાઇઓને સરકારમાંથી ઊંચો પોષાક આપવામાં આવતો અને તે તેઓએ સવારી વખતે ધારણ કરવાનો નિયમ હતો. તેમને માથે મંદિલ, શરીરે લાંબો અંગરખો અને ઓઢવા મીણકપડું અથવા પૈઠણી ધાબળી આપવામાં આવતી. શરીરે પહેરવા માટે કોઇને સોનાનાં કડાં, કોઇને રૂપાની સાંકળીઓ

---

* કેટલાક લેખકો લખે છે કે, દસ જુમલેદાર ઉપર એક હજારી અને એવા પાંચહજારી જુમલેદારો ઉપર એક પાંચહજારી સરદાર નીમવામાં આવતો.

× સભાસદ લખે છે કે, જુમલેદારને પાંચસો હોનનું વર્ષાસન અને પાલખી આપવામાં આવતી.

અને કોઇને કંઠી વગેરે અલંકાર આપવામાં આવતા. તેમના શસ્ત્રની મૂઠ, મ્યાનનો ઉપલોનીચલો ભાગ, તેમજ કમરપટાનો આગલો ભાગ સોનાનો બનાવી આપવામાં આવતો. હજૂર પાયદળ સિપાઇઓ પ્રમાણેજ હજૂર–પાગા બનાવવામાં આવી હતી. તેમાં પાંચહજાર ઘોડા રાખવામાં આવતા. તે ઘોડાનું જીન અને સામાન સોનારૂપાનાં બનાવવામાં આવતાં. એ પાગામાં ચાલાક અને શૂરવીર બારગીરોને ઘોડેસવાર તરીકે નીમવામાં આવતા હતા. એ ઉપરાંત હજૂરને માટે બસો ઉત્કૃષ્ટ પ્રકારના ઘોડા જુદાજ રાખવામાં આવતા. એ ઘોડા ઉપરનાં જીન અને સામાન વિશેષ ઉત્કૃષ્ટ પ્રકારનાં રાખવામાં આવતાં. મહારાજની હજૂરસવારી વખતે એ ઉભય પ્રકારની હજૂર-સેનામાંથી નીમવામાં આવેલા સિપાઇઓ આગળપાછળ અને બે બાજુએ–થોડે વેગળે–ચાલવાનો નિયમ હતો.

મહારાજ સ્વતઃ ઘોડેસવાર કિંવા પાયદળ લશ્કરના પ્રત્યેક સિપાઈની પરીક્ષા કરી નોકરીએ રાખતા. લશ્કરમાં નવી નોકરી ગ્રહણ કરનાર મનુષ્યે, જૂના સિપાઇની ઓળખાણ આપવી પડતી અને ઓળખાણ આપનાર સિપાઇ પાસેથી જામીનપત્ર લખાવી લેવામાં આવતું: જુમલેદાર, સૂબેદાર, હજારી અને પાંચહજારી સરદારની નિમણુંક વખતે પણ શૂરવીર, સાહસિક, બળવાન, કુલીન અને યુદ્ધકાર્યમાં પૂરેપૂરા કસાયલા મરાઠાનેજ મહારાજ નોકરીમાં રાખતા. પ્રત્યેક સૂબેદાર અને હજારી સરદારના તાબામાં એક બ્રાહ્મણ સબનીસ અને પ્રભુ કારખાનનીસ કિંવા બ્રાહ્મણ મજમુદાર અને પ્રભુ સબનીસ અમલદાર નીમવામાં આવતા. પાંચહજારી સરદારના તાબામાં એક દીવાન, એક સબનીસ અને એક કારખાનનીસ અમલદારની નિમણુંક થતી. એ અમલદારોના તાબામાં ઓછાવત્તા કારકુનો નીમવામાં આવતા. તે ઉપરાંત તેમને જરૂર પડે તેટલા કારકુન અને સરદાર તેઓ પોતાના ખર્ચે રાખતા. સૂબેદારોને અને હજારીસરદારોને મહારાજે સખ્તમાં સખ્ત આજ્ઞા ફરમાવી હતી કે, પોતાના તાબાનાં મનુષ્યોને વખતસર પગાર મળે છે કે નહિ, તેની તેઓએ તપાસ રાખવી.

હવે મહારાજે કિલ્લાનો બંદોબસ્ત કેવા પ્રકારે રાખ્યો હતો તે તપાસીએ. બખરકર્તાએ પ્રકટ કરેલી યાદીઓને આધારે જાણી શકાય છે કે, મહારાજના તાબામાં આશરે ૨૮૦ કિલ્લા હતા.* તેમને એ કિલ્લાઓનું અને ખાસ કરીને ડુંગર પર આવેલા કિલ્લા કે જેને ગઢ કહેવામાં આવતા તેનું વિશેષ મહત્ત્વ જણાતું હતું. કબજે કરેલા પ્રાંતનું યથાસ્થિત રક્ષણ થવા માટે એવા તોફાનને સમયે કિલ્લાઓની અતિશય આવશ્યકતા હતી. ગમે તેવો પ્રબળ શત્રુ ચડી

---

* એ યાદી એકત્રીસમા પ્રકરણમાં પ્રકટ કરી છે.

આવવા છતાં તેની પરવા નહિ રાખતાં, વર્ષોનાં વર્ષો સુધી એ કિલ્લાના આશ્રયમાં રહી યુદ્ધ થઇ શકે એમ હતું; કારણકે ઘણાખરા કિલ્લાઓ ડુંગર પરજ બાંધવામાં આવેલા હતા અને તે પર જવાનો માત્ર એકજ માર્ગ રહેતો હતો. જો કોઇ કિલ્લાનો ચઢાવ સહેલો હોય તો ત્યાં સુરંગો લગાડીને એવી ઊંડી ખીણો પાડવામાં આવતી હતી કે, તે રસ્તે થઇને જવું તદ્દન અશક્ય થઇ પડતું હતું. શત્રુ ઉપર હુમલો કરી તેનો પરાજય કરી શકાય નહિ; તોપણ તેમના તાબામાંથી મુક્ત થઇ કિલ્લામાં સુરક્ષિત રહેવાની ઉત્તમ સગવડ હતી. મહારાજના કિલ્લાની આસપાસના પ્રાંતો ઉપર શત્રુની કંઈ પણ સત્તા સ્થપાવાનો સંભવ નહોતો; કારણકે કિલ્લાના આશ્રયથી શત્રુ ઉપર ઇચ્છામાં આવે તે પ્રમાણે હુમલા કરી, તેને ત્રાસ આપી નસાડવાની સારી સગવડ હતી; એટલુંજ નહિ પણ એ કિલ્લાના આશ્રયથી થોડું લશ્કર હોવા છતાં, શત્રુના પ્રચંડ લશ્કર સાથે ટક્કર ઝીલવાનું સામર્થ્ય હતું. સારાંશ કે, સર્વ કિલ્લા મહારાજને સ્વરાજ્યના જીવનપ્રાણ જેવા લાગે એ સ્વાભાવિકજ છે. તેથીજ કિલ્લાઓ દુરસ્ત કરાવવામાં અને યોગ્ય સ્થળે નવા કિલ્લા બાંધવામાં મહારાજ ગમે તેટલા પૈસા ખર્ચવા સર્વદા તૈયારજ રહેતા. એક વખતે તેમની પાસેનાં માણસોએ મહારાજને કહ્યું કે, "કિલ્લાઓ બહુ થયા છે અને તે પાછળ પૈસાનો વિનાકારણે ખર્ચ થાય છે." આ સાંભળી મહારાજે જવાબ દીધો કે, "જે પ્રમાણે ખેડૂત માળાઓ બાંધીને ખેતરનું રક્ષણ કરે છે, તે પ્રમાણે કિલ્લાથી રાજ્યનું રક્ષણ થાય છે. જે પ્રમાણે વહાણનાં પાટિયાંઓને ખીલા મારી, વહાણને મજબૂત કરવામાં આવે છે તે પ્રમાણે કિલ્લાથી રાજ્યને મજબૂતાઇ મળે છે."

પ્રત્યેક કિલ્લા પર શૂરવીર અને પ્રમાણિક, ઓળખીતો અને કુલીન, જ્ઞાની અને સાહસિક મરાઠો હવાલદાર નીમવામાં આવતો. તેના તાબામાં એક શૂરવીર અને સાહસિક મરાઠો સરનૌબત અને એક કિંવા અનેક મરાઠા તટસરનૌબત અમલદાર નીમવામાં આવતા.× તે ઉપરાંત વળી એક સૂબેદાર, એક સબનીસ, એક ફડનવીસ અને એક કારખાનનીસ અમલદાર નીમવામાં આવતો. સૂબેદાર ફડનવીસ અને સબનીસ એ ઘણું કરીને બ્રાહ્મણ અને કારખાનનીસ એ પ્રભુ જાતિના હતા. જે અમલદારો શૂરવીર, વિશ્વાસુ, બુદ્ધિમાન અને સ્વામીસેવામાં તત્પર હોય તેમનેજ એ જગ્યા ઉપર નીમવામાં આવતા. હજૂરના કારભારીઓ કિંવા મોટા હોદ્દેદાર સરદારો તે

× પુરંદર, સિંહગઢ, પ્રતાપગઢ વગેરે કેટલાક કિલ્લાની પ્રત્યેક બાજુએ એકએક તટસરનૌબત નીમ્યો હતો અને કિલ્લાની આસપાસ કોટ ચણી લેવામાં આવ્યા હતા.

અમલદારોની ખાતરી કરતા હતા. કિલ્લાનો સર્વ કારભાર હવાલદારના તાબામાં રહેતો અને બીજા સર્વ અમલદારો તેની આજ્ઞામાં રહેતા. કિલ્લાના દરવાજાની કૂંચીઓ પણ હવાલદારના તાબામાંજ રહેતી. કિલ્લામાં જોઇતો સામાન, દારૂગોળો અને અનાજ, ઘાસ વગેરે હવાલદારની હાજરીમાંજ કિલ્લામાં લાવવામાં આવતું. હવાલદારના નામનાજ સિક્કામહોર રાખવામાં આવતાં. કિલ્લા પરના લશ્કરનો સર્વ પ્રકારનો બંદોબસ્ત હવાલદારનેજ રાખવો પડતો. સરકારી ખરીતા તેના નામથીજ આવતા અને સરકારી લખોટાની રસીદ પણ તેજ આપતો. સૂબેદાર મુલકી વ્યવસ્થા રાખતો. આસપાસનાં ગામોની વસૂલાત આવતાં તેની વ્યવસ્થા સૂબેદાર રાખતો. હવાલદારની આજ્ઞા લઇનેજ સૂબેદાર સર્વ વ્યવસ્થા ચલાવતો. કિલ્લા સંબંધી પત્રવ્યવહાર ચલાવવાનું કામ સબનીસના તાબામાં હતું. કિલ્લા પરના સિપાઇઓ વગેરેનું હાજરીપત્રક લખવાનું તથા તપાસ રાખવાનું કામ તેનાજ તાબામાં હતું. કારખાનનીસના તાબામાં કોઠારની અને દારૂગોળાની વ્યવસ્થા રાખવાનું કામ હતું અને તેનો હિસાબ પણ તેજ રાખતો; તે નોકરોને રોજના પૈસા વહેંચતો અને કિલ્લાની દેખરેખ રાખી દુરસ્ત કરાવતો. એ પ્રમાણે મહારાજે પ્રત્યેક કિલ્લા સંબંધી કાર્યો જુદીજુદી મુખ્ય જાતિના અમલદારોના તાબામાં સોંપેલાં હોવાથી વિશ્વાસઘાત કે કપટ થવાની તેમને વિશેષ બીક નહોતી. કિલ્લાનું મહત્ત્વ જોઈ તે ઉપર વત્તુંઓછું લશ્કર રાખવામાં આવતું. એ સિવાય કિલ્લા પર કાયમની વસ્તી પણ રહેતી હતી. દરેક કિલ્લાને આ પ્રમાણે એક નાનો સ્વતંત્ર રાજ્યવિભાગ માનવામાં આવતો હતો. કિલ્લા પરનું સૈન્ય યુદ્ધ કરવા બહાર જતું કે તરતજ સૂબેદાર અને કારખાનનીસ કિલ્લાની દેખરેખ રાખવામાં, મરામત કરાવવામાં અને અન્નસામગ્રી તેમજ પૈસાનો સંચય કરવાના કાર્યમાં લાગતા, કારણકે ક્યારે અને કયા કિલ્લાને મદદની આવશ્યકતા પડશે તે કહી શકાય એમ હતું નહિ. એકંદર કિલ્લાની સર્વ વ્યવસ્થા ઘણીજ બારીકાઇથી કરવામાં આવી હતી અને દરેક અમલદારને તે વ્યવસ્થા પ્રમાણેજ વર્તવાની સખ્ત આજ્ઞા હતી. કિલ્લાના બંદોબસ્ત પાછળનો સર્વ ખર્ચ ઘણીજ કરકસરથી કરવામાં આવતો હતો. દરેક કિલ્લામાં દારૂગોળો, અન્નસામગ્રી વગેરેની વ્યવસ્થા જરૂરિયાત પ્રમાણે છે કે નહિ તેની વારંવાર તપાસણી થતી હતી.

મહારાજે એ પ્રમાણે કિલ્લાનો બંદોબસ્ત રાખ્યો હતો. હવે કિલ્લાના કોટ નીચેના ડુંગર ઉપર અને છેક નીચે કેવા પ્રકારનો બંદોબસ્ત રાખ્યો હતો, તે તપાસીએ. કોટ નીચેની માંચીઓ ઉપર ચોકીઓ બાંધી હતી અને તે પર સ્થળેસ્થળે ચોકીદારો નીમ્યા હતા. ચોકીદારો પોતપોતાની ચોકી પર રાતદિવસ રહેતા. તેમને

આસપાસ શત્રુની હિલચાલ સંબંધી તપાસ રાખવી પડતી તથા સાવચેતી રાખી હોશિયાર રહેવું પડતું. કિલ્લાની માંચીઓ આગળના રસ્તા પરની પ્રત્યેક ચોકી ઉપર રામોશી, પરવારી, મહાર, માંગ, બેરડ વગેરે જાતિનાં મનુષ્યો ચોકીદાર તરીકે રાખવામાં આવતાં. તેઓ દરેક પ્રકારની સાવચેતી રાખી, જાણવા જેવી હકીકત તત્કાળ કિલ્લેદારને જણાવી સાવધ બનાવતા. કિલ્લા સંબંધી કોઇ જાસૂસ માહિતી મેળવવા આવે, તો તેને તેઓ જૂઠી હકીકત કહી ભરમાવી દેતા અને કિલ્લાની આસપાસમાં શત્રુનાં મનુષ્યો જણાતાંજ તેઓ થોડાં હોય તો તેમના ઉપર અકસ્માત્ હુમલો કરી તેમને કાપી નાખતા.

સંધ્યાસમય થતાંજ કિલ્લાના દરવાજા બંધ કરી તાળું મારવામાં આવતું. હવાલદાર સ્વતઃ દરવાજાનું તાળું ખખડાવી જોઇ ચોકસી કરતો અને કૂંચીઓ લઇ જઈ પોતાના ઓશિકા નીચે દબાવી સૂતો. કિલ્લા પરના અમલદારો રાત્રિના સમયે વારા પ્રમાણે કિલ્લાની આસપાસ ચોકીપહેરાની વ્યવસ્થા રાખતા. ઠેકઠેકાણે ચોકીપહેરો બરોબર છે કે નહિ, તે સંબંધી હવાલદાર રાતમાં એકબે વખત સ્વતઃ જઇને તપાસ કરતો, સરનૌબત એ ચોકીપહેરાની વ્યવસ્થા કરનાર અમલદારો ઉપર દેખરેખ રાખતો. તટસરનૌબત એ કિલ્લાનાં બેચાર અગત્યનાં થાણાં કે જ્યાંથી શત્રુ કંઇ દગો કરી શકે એવો સંભવ હોય, ત્યાંના રખેવાળો ઉપર દેખરેખ રાખતો. હવાલદારને પોતાની કચેરીમાં રાતદિવસ હથિયારબંધ સિપાઇઓ સહિત જાગૃત રહેવું પડતું. રાત્રિને સમયે સહજ પણ અસાવધપણું તે રાખી શકતો નહિ. એકેએક હોદ્દેદાર અને અમલદારોને વર્તવા માટે કાયદા ઠરાવ્યા હતા. કાયદા પ્રમાણે વર્તવામાં કોઇએ જરા પણ ભૂલ કરવી નહિ, એવી મહારાજની સખ્ત આજ્ઞા હતી. કોઇ અમલદારે એકબીજાના કાર્યમાં એકાએક હાથ નાખવો નહિ અને જે અમલદારને જે કાર્ય કરવાનું હોય, તે તેણે દક્ષતાપૂર્વક અને બુદ્ધિપૂર્વક કરવું, એવો સખ્ત નિયમ હતો. કોઇ અમલદાર પોતાના કાર્યમાં ઢીલ કરતો કિંવા આનાકાની કરતો તો તેને જબરજસ્ત શિક્ષા થતી.

કિલ્લા પરનાં મનુષ્યોને નિયમિત રીતે પગાર મળે અને કોઇ પણ રીતે તેઓ નારાજ થાય નહિ, તે માટે સખ્ત બંદોબસ્ત રાખ્યો હતો. કિલ્લામાં દાણાના કોઠાર, લાકડાં, દારૂગોળો, સિમેંટ–ચૂનો વગેરે હમેશની ઉપયોગી વસ્તુઓ બેચાર વર્ષ સુધી ચાલે એટલી ભરી રાખવામાં આવતી. પ્રત્યેક કિલ્લામાં જરૂર જેટલો સામાન પહોંચાડવાની યાદીઓ કરી તેના નિયમો ઠરાવ્યા હતા. કિલ્લા પર ચડવાનો સહેલો માર્ગ ખાડાટેકરાવાળો, અથવા સુરંગ ફોડી, ઊંડી ખાડી બનાવી કિંવા તે સ્થળે મકાન બંધાવી ઉપર ચડી શકાય નહિ તેવો

બનાવ્યો હતો. આ બાબતમાં આ પ્રમાણેની એક કથા પ્રચલિત છેઃ—"પોતાની રાજધાની સુરક્ષિત થાય અને શત્રુનો તે પર સહસા હલ્લો થાય નહિ તે માટે મહારાજે રાયગઢ કિલ્લાની બરોબર મજબૂતી કરી અને પોતાનું નિવાસસ્થાન ત્યાં બનાવ્યું. આ કિલ્લા પર જવાનો માત્ર એકજ માર્ગ ખુલ્લો રાખી બીજી સર્વ બાજુએથી કિલ્લા પર જવાનું અશક્ય કરી નાખ્યું. પછી મહારાજે એવું જાહેર કર્યું કે, આ એક માર્ગ સિવાય બીજા કોઇ માર્ગ પરથી જે કોઇ કિલ્લા પર જઈ નિશાન ચડાવશે તેને એકસો હોન અને એક સોનાનું કડું ઇનામ આપવામાં આવશે. આ જાહેરખબર પરથી એક ઢેડાએ અતિ અશક્ય એવા માર્ગેથી કિલ્લા પર જઈ નિશાન ચડાવ્યું, આથી તે માણસને ઠેરવેલું ઇનામ આપ્યું; પણ તેના પગ ભાગી નાખવામાં આવ્યા અને તે રસ્તાને તદ્દન નાબૂદ કરી નાખવામાં આવ્યો." કિલ્લા પરના હવાલદાર, સૂબેદાર અને તટસરનૌબત વગેરે અમલદારોને શું વર્ષાસન મળતું તે જાણવાનું સાધન નથી. હવાલદારને પાલખીમશાલનું માન મળતું હતું. કિલ્લા પરના લશ્કરને બીજા લશ્કરના જેટલોજ પગાર મળતો. પ્રત્યેક કિલ્લાના રક્ષણ માટે, લશ્કર ઉપરાંત રામોશી, પરવારી, મહાર, માંગ, બેરડ વગેરે જાતિનાં મનુષ્યો નીમ્યાં હતાં. તેમને પગાર મળતો નહોતો. તેઓને કિલ્લાની આસપાસની જમીનો આપી હતી. તે જમીનમાં ખેતી કરી તેઓએ ઉદરનિર્વાહ કરવો અને તેજ સ્થળે ઘર બાંધી રહેવાનું ઠરાવ્યું હતું. એવી દીર્ઘદૃષ્ટિભરેલી યોજના હોવાથી ચોકીદારો પ્રમાણિકપણે ગઢનું રક્ષણ કરતા અને તેને દુધાળી ગાય સમજી, શત્રુને હાથ જતાં પોતાના નિર્વાહનો નાશ થશે એમ જાણતા. ચોકીદારો એમ સમજતા હોવાથી પ્રત્યેક ગઢ ઉપર પ્રમાણિક અને શૂરવીર પુરુષો વધવા લાગ્યા અને ગઢનો મજબૂત બંદોબસ્ત રહેવા લાગ્યો. વૃદ્ધ સિપાઇઓને તેમની સારી નોકરીથી ખુશી થઈ, ઇનામ આપવાની મહારાજની ઇચ્છા થતી, તે સમયે તેમને ગઢ ઉપર હોદ્દેદાર નીમવાનો તેમણે નિયમ રાખ્યો હતો.

પ્રત્યેક કિલ્લો આસપાસના તાલુકાની સીમા સાથે જોડી દીધેલો હોવાથી, તાલુકદારો કિંવા મામલતદારો સૂબેદારની સલાહ લઈ, જરૂરની વસ્તુઓ કિલ્લામાં પૂરી પાડતા. હજૂરના આજ્ઞાપત્રથી કિલ્લા પરના નોકરો પૈકી કોઇની નિમણુંક, બહાલી કિંવા રજા આપવામાં આવતી, એ સંબંધી વ્યવસ્થા મહારાજ સિવાય બીજા કોઈની સત્તામાં નહોતી.

હવે તોપખાનાની વ્યવસ્થા તપાસીએ. એના બંદોબસ્તને માટે મહારાજે સુદક્ષ અમલદારો નીમ્યા હતા. તેમના નામનો કિંવા દરજ્જાનો ઉલ્લેખ કોઇ પણ સ્થળેથી મળતો નથી. જુદાજુદા કિલ્લાઓ

પર યોગ્ય સ્થળે તોપો ગોઠવી હતી. લશ્કર સાથે લઇ જવાની તોપો માટે મોટાં ગાડાં અને દારૂગોળો લઈ જવા માટે છકડાં ગાડાં તૈયાર કરાવ્યાં હતાં. ગાડાં ખેંચી જવા માટે સરકારે બળદો પાળ્યા હતા. પ્રસંગોપાત વિઘ્ન આવી પડે નહિ તે માટે ગાડાંની સાથે જોડેલા બળદો ઉપરાંત બેવડા બળદો ચલાવવામાં આવતા. સુતાર, લુહાર, ચમાર, અશ્વપાળ, ગોલંદાજ વગેરે પુષ્કળ નોકરો રાખ્યા હતા. કેટલીક વિશેષ વજનદાર તોપો ખેંચી જવા માટે હાથીઓ રાખ્યા હતા. પ્રત્યેક તોપ માટે પાયદળ લશ્કરની સંખ્યા નક્કી કરવામાં આવી હતી. તોપખાનાના અધિકારીઓ તોપના દારૂગોળા વગેરે સામાન તરફ હમેશાં કાળજી રાખતા હતા. તોપમાં ગોળા ભરવા અને તેને ફોડવાનું કામ વિશેષ શૂરવીર પુરુષોનું હોવાથી તે કામના સંપૂર્ણ અનુભવી પુરુષોનેજ મહારાજે તોપખાનાની નોકરીએ રાખ્યા હતા. જુદાજુદા કિલ્લા પર ગોઠવેલી તોપો ઉપરાંત લશ્કર સાથે લઇ જવા માટે આશરે બસો તોપો ગાડીમાં ગોઠવેલી તૈયાર રહેતી. એ તોપો ફિરંગી, ફ્રેંચ, અંગ્રેજ વગેરે પરદેશી વેપારીઓ પાસેથી વેચાતી કિંવા તહનામાને બહાને લઇ મહારાજે તેનો સંગ્રહ કર્યો હતો.

આ સિવાય મહારાજે આરમાર પણ તૈયાર કર્યું હતું. નાનાંમોટાં સેંકડો લડાયક વહાણો બાંધીને તે પર યુદ્ધસામગ્રીનો ઉત્તમ બંદોબસ્ત કર્યો હતો. મહારાજને મન આ આરમાર એક અગત્યની વસ્તુ હતી; પરંતુ તેની વ્યવસ્થા કેવે પ્રકારે રાખવામાં આવતી હતી, એ બાબત કોઇ પણ બખરમાં કશી વિગત આપેલી નથી. બારદેશથી તે અલિબાગ સુધીના પશ્ચિમ કિનારા ઉપર તેમણે અનેક કિલ્લા તેમજ જંજીરા પણ હસ્તગત કરી, બીજા નવા કિલ્લા પણ બાંધ્યા હતા. સીદી, મોગલ, ડચ, પોર્ટુગીઝ અને અંગ્રેજ લોકોનાં વહાણો ઉપર પોતાનો દાબ રહે અને તેમના તરફથી પોતાની સત્તા તળેના પ્રદેશને કશો ઉપદ્રવ થાય નહિ, તે માટે તેમણે આ નૌકાસૈન્ય (આરમાર) તૈયાર કર્યું હતું. તે ઉપરાંત દરિયાપારના વેપારીઓ પ્રમાણે પોતાનો વેપાર પણ દરિયાપારના દૂર પ્રદેશો જોડે ચાલે, એવી તેમની ઇચ્છા હતી અને તે પ્રમાણે તેમણે થોડીક શરૂઆત પણ કરી હતી.

જેટલી માહિતી મળી, તે પરથી મહારાજના લશ્કરની, આરમારની (નૌકાસૈન્ય) અને કિલ્લાની વ્યવસ્થાનું વર્ણન કર્યું. હવે મહારાજે કબજે કરેલા દેશનો બંદોબસ્ત કયા પ્રકારે રાખ્યો હતો તે જોઇએ. મહારાજે સ્વરાજ્યમાંના દેશના મહાલ (તાલુકા) અને પ્રાંત એવા બે વિભાગ કર્યા હતા. સવાલાખ કિંવા પોણોલાખ રૂપિયા ઉપજે તેટલાં ગામો એક મહાલમાં સમાતાં. એવા બે કિંવા ત્રણ મહાલ મળીને એક પ્રાંત કિંવા સૂબો ઠરાવતા. પ્રત્યેક મહાલ

ઉપર એક મહાલકરી અમલદાર રહેતો. તેનેજ તરફદાર કિંવા તાલુકદાર કહેતા. એ હોદ્દો બ્રાહ્મણ કિંવા પ્રભુજાતિને મળતો. પ્રત્યેક મહાલમાં એક મરાઠો હવાલદાર નીમતા. પ્રત્યેક પ્રાંત કિંવા સૂબા ઉપર એક સૂબેદાર નીમતા. એ અમલદારને મામલતદાર કહેતા. સૂબેદારના તાબામાં એક બે કિલ્લા રાખતા. બે કિંવા ત્રણ ગામ પર એક કમાવીસદાર (તલાટી) નીમતા હતા. મહાલકરી કિંવા તાલુકદારની સંમતિ વડે સરકારી મહેસૂલ એકઠું કરી, તેણે સૂબેદારની કચેરીમાં હિસાબ આપવાનો નિયમ હતો. હજૂર તરફથી સૂબેદારના તાબામાં એક મજમુદાર, એક ચિટનીસ, એક ફડનવીસ અને એક દફ્તરદાર નીમવામાં આવતો. એ ઉપરાંત પ્રત્યેક અમલદારના તાબામાં કામના પ્રમાણમાં ઓછાવત્તા કારકુનો નીમવામાં આવતા. મહાલકરીએ કમાવીસદાર (તલાટી)ના કામ ઉપર દેખરેખ રાખવી અને સૂબેદારે મહાલકરી ઉપર હકુમત ચલાવવી, એવો નિયમ હતો. ઉભય વચ્ચે તકરાર ઉત્પન્ન થતાં સૂબેદાર તેનો નિકાલ કરતો. ફોજદારી ગુના તપાસવા, ગામના પંચદ્વારા દીવાની ફરિયાદનો નિકાલ કરાવવો અને પંચના ફેંસલા પ્રમાણે પ્રજાને ચલાવવી એ સૂબેદારની સત્તામાં હતું. સરહદના પ્રદેશમાં હમેશાં તોફાન થવાનો સંભવ હતો, તેથી તે પ્રદેશના મહાલકરી અને સૂબેદારોના તાબામાં પાયદળ અને ઘોડેસવાર લશ્કર સોંપ્યું હતું. વસૂલ કરેલું અન્ન અને રોકડનાણું સૂબેદારે પોતાની હદના એક કિલ્લામાં સુરક્ષિત રાખવું પડતું. સૂબેદારને વાર્ષિક ચારસો હોન ઉપરાંત પાલખી અને છત્રીનું માન મળતું. તેના હાથ નીચેના મજમુદારને વાર્ષિક સોસવાસો હોન મળતા. એ નિયમ પ્રમાણે બીજા હોદ્દેદારોને ઓછોવત્તો પગાર મળતો. મહાલકરી અને કમાવીસદાર (તલાટી)ને કેટલો પગાર મળતો, તે જાણવાનું સાધન મળતું નથી.

સ્વરાજની સર્વ જમીનની મોજણી (માપણી) કરી, ખેતી કરનારના નામ ઉપર ચડાવી દીધી હતી. મહાલકરીના દફ્તરમાં ખેડૂતોની નોંધ રહેતી. જમીન માપવા માટે પાંચ હાથ ને પાંચ મૂઠ લાંબી લાકડીઓ બનાવી હતી. એક હાથની લંબાઇ ચૌદ તસુ અને એક લાકડીની લંબાઇ બ્યાસી તસુ ગણતા. વીસ લાકડીનું એક વીઘું અને એકસોવીસ વીઘાંનું એક ચાવર એવું મોજણીનું પ્રમાણ રાખ્યું હતું. ખેતરમાં ઊભો પાક જોઈ પ્રત્યેક વીઘામાં પાકની ઉત્પત્તિ ઠરાવવાનો નિયમ હતો. ઉત્પત્તિના પાંચ ભાગ કરી તેમાંથી ત્રણ ભાગ જમીન ખેડનાર ખેડૂત લેતો અને બેભાગ સરકાર–વસૂલાતમાં ભરાતા. ખેડૂતો અનાજ કિંવા રોકડ રૂપિયા આપી સરકારી મહેસૂલ ભરતા. મહેસૂલ ભરવા માટે પ્રતિવર્ષે ખેડૂતો પાસેથી સરકાર કબૂલાત લેતી. અનાવૃષ્ટિ જેવા સંકટ સમયે સરકાર ખેડૂતો-

ને મોકળે હાથે તગાવી આપતી. તગાવીની રકમ ખેડૂતોએ કટકે કટકે ચારપાંચ વર્ષે પૂરી કરવી પડતી. ખેતી વગરની જમીન નવા ખેડૂતને આપતી વખતે તેને જરૂર પડતાં બળદ, બીને માટે અનાજ અને પાક થતાં સુધી તેનું પોષણ કરવા જેટલું અનાજ સરકારમાંથી મળતું. એ રકમ ખેડૂત પાસેથી બેચાર વર્ષે સરકારવસૂલ કરવામાં આવતી. એ પ્રમાણે મહારાજ પ્રજા પાસે ગણોતપટ્ટા લખાવી જઇ જમીન ખેડવા આપતા. ઘણીખરી ફળદ્રૂપ જમીન ઉપર ખેતી કરાવી હતી. ઊપજનો બરોબર આશરો જોઇ રૈયત ઉપર કર નાખતા. કોઇ ઉપર જુલમ કરવો નહિ, એવી મહારાજે સર્વ અધિકારીઓને સખ્ત આજ્ઞા ફરમાવી હતી.

જમીનમહેસૂલના બંદોસ્ત માટે શિવાજી મહારાજે રૈયતના હિતનો એક નિયમ ઠરાવ્યો હતો. તે આ સ્થળે અવશ્ય લખવો જોઇએ. મહારાજે કબજે કરેલા યવનપ્રદેશમાં એવો પુરાતન રિવાજ હતો કે, મહાલમાં અને ગામોમાં દેશમુખ, દેશપાંડે, દેસાઈ. પાટીલ (મુખી) કુળકર્ણી (ઉઘરાતદાર), ખોત (તલાટી), મિરાસદાર (ઇનામદાર), જમીનદાર વગેરે નીમવામાં આવતા. મહાલ અને પ્રાંત તેમના તાબામાં રહેતો અને તેઓ જમીનનું મહેસૂલ ઉઘરાવતા. સરકારી અધિકારીઓ પ્રજા પાસેથી રૂબરૂ મહેસૂલ લેતા નહોતા. દેશમુખ વગેરે જમીનદારો ઉપર મહેસૂલની સર્વ જવાબદારી રહેતી. એમ હોવાથી સર્વ પ્રજા ઉઘરાતદાર અને ઇનામદારના તાબામાં સપડાઈ રહેતી. તેઓ પોતાની ઇચ્છામાં આવે તેવો ત્રાસ આપી પ્રજા પાસેથી મહેસૂલ વસૂલ કરતા. એક ગામનું મહેસૂલ બસો-ત્રણસો રૂપિયા ભરવાનું હોય ત્યારે ઉઘરાતદાર અને ઇનામદાર તે ગામમાંથી ત્રણહજાર રૂપિયા મહેસૂલ ઉઘરાવતા. પોતાની તિજોરી તર કરવા તેઓ પ્રજાને નાહક ત્રાસ આપતા અને સરકારને પણ ઠગતા હતા. પોતાનાં ગામોમાં તેઓ કિલ્લા, કોટ અને મોટાંમોટાં મકાનો બંધાવતા; તેમજ સિપાઇ, પ્યાદા અને તલવારબંદૂકોનો સંગ્રહ કરતા. તેમની ગેરકાયદેસર વર્તણૂક સરકારી અધિકારીઓના જાણવામાં આવતાં તેઓ તેમની પાસે વિશેષ મહેસૂલ માગતા; પરંતુ કેટલાક દેશમુખ વગેરે પ્રબળ જમીનદારો અધિકારીઓને દાદ આપતા નહોતા; પ્રસંગ આવ્યે જમીનદારો તેમની સાથે તકરાર કરવાને પણ ચૂકતા નહિ. એવી અવસ્થા હોવાથી દેશમાં જ્યાંત્યાં બળવાખોર તોફાનીઓનું જોર વધી પડયું હતું.

શિવાજી મહારાજે એ અવ્યવસ્થા એકદમ બંધ પાડી દીધી. પ્રજા પાસેથી મહેસૂલ ઉઘરાવવા માટે તેમણે સર્વત્ર પગારદાર નોકરોની નિમણૂંક કરી. કોઇ પણ ઇનામદારે કિંવા જમીનદારે પ્રજાને કોઇ પણ પ્રકારનો ત્રાસ નહિ આપવાની, તથા તેઓને પ્રથમના

રાજ્યઅમલમાં જે વતન મળતું હતું, તે તેમણે ખેડૂતો પાસેથી વસૂલ નહિ કરતાં સરકારી અમલદારો પાસેથી યોગ્ય પ્રમાણમાં મેળવવાની સખ્ત આજ્ઞા ફરમાવી. સરકારી મહેસૂલની ઊપજ માટે તેઓને કંઇ પણ જોખમ નહિ હોવા છતાં જે અંશ મળતો તે માટે પ્રતિવર્ષે સરકારી મંજૂરી મેળવવી પડતી. એવી વ્યવસ્થા થવાથી તેઓ પર સરકારનો દાબ બેઠો અને ખેડૂત પ્રજા તેમના ત્રાસમાંથી મુક્ત થઇ; તેમજ ખેડૂતો સુખી અને સ્વતંત્ર થયા. પ્રથમ તેઓ જમીનદારો અને રખેવાળોના પૂર્ણ રીતે ગુલામ બન્યા હતા. દેશમુખ, દેસાઇ, દેશપાંડે વગેરે ગ્રામ્યાધિકારીઓએ મોટાં મકાનો, કોટ અને થાણાં બંધાવ્યાં હતાં તે મહારાજે પાડી નંખાવી, જમીનદોસ્ત બનાવી દીધાં. તેઓને પુનઃ એવું તોફાન નહિ કરવાની અને બીજી પ્રજાની પેઠે સાદાં ઘર બાંધી રહેવાની મહારાજે આજ્ઞા ફરમાવી. કમાવીસદાર (તલાટી), મહાલકરી અને સૂબેદારોને તેઓના પર કરડી નજર રાખવાનું ફરમાવ્યું. એમ થવાથી જમીનદારોનો ત્રાસ બંધ થયો, તેથી તેઓ મહારાજના રાજ્યઅમલથી ત્રાસ પામે એ સ્વાભાવિકજ હતું; પરંતુ એવા મનુષ્યો લશ્કરી અને મુલકી ખાતામાં નોકરીઓ મળ્યાથી અને ઊંચી પદવીએ ચડવા લાગ્યાથી સ્વપરાક્રમ બતાવવા લાગ્યા. તેમનો અસંતોષ અલ્પ સમયમાંજ બંધ પડ્યો. તેમને નોકરીના બદલામાં વતનો મળવા લાગ્યાં અને વંશપરંપરાગત ચાલતા આવેલા હક વ્યવસ્થિત ઠરાવી આપવામાં આવ્યા, તેથી તેમને વધારાની ઊપજ સરળ રીતે મળતી હતી. એ પ્રમાણે મહારાજે પ્રજાને હમેશની સુખી બનાવી, તે ઉપરાંત રખેવાળોને પણ સંતોષ પમાડ્યો.

જમીનમહેસૂલની બાબતમાં એક મહત્ત્વની વાત જણાવવી આવશ્યક છે. તે ઉપરથી મહારાજનું ધોરણ કેવું ઉત્તમ હતું, તે જણાઇ આવશે. પ્રત્યેક પ્રાંતની જે કંઇ ઊપજ આવે તે સર્વે ખરચી ન નાખતાં તેમાંની કંઇક રકમ સિલક ખાતે બાકી રાખવાનો તેમણે નિયમ કર્યો હતો. જ્યારે કોઈ એવો જરૂરનો પ્રસંગ ઊભો થાય ત્યારેજ આ ખજાનાને હાથ લગાડવો, નહિ તો તેમાં ઉમેરોજ કર્યા કરવો. મોગલોનો હલ્લો થાય અને જો વધારે ખરચ કરવો પડે, તો તે બને ત્યાંસુધી બારોબારજ કાઢવો અને ન છૂટકેજ આ ખજાનામાંથી તે ખરચ ભોગવવો. કોઇ પણ સબબસર વધારે ખરચ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તે માટે અગાઉથી મંજૂરી મેળવવી. દરેક પ્રાંતના સૂબેદાર પાસે આ પ્રમાણે અમુક રકમ સિલક રાખવામાં આવતી હતી. કયા પ્રાંતમાં કેટલી સિલક રાખવી તે તે પ્રાંતની યોગ્યતા જોઇને ઠરાવેલું હતું. આ પ્રમાણે મહારાજના તાબાના પ્રદેશની એકંદર સિલક આશરે સવાલાખ હોનની હતી.

મહારાજે લૂંટફાટ કરવા માટે કેવા નિયમો ઠરાવ્યા હતા તે

તપાસીએ. આસપાસ યવનોનો પ્રદેશ હતો. તેમાંથી જીતી લીધેલો પ્રદેશ હમેશાં પોતાના કબજામાં રાખવા માટે મહારાજને તે સમયે પ્રચંડ લશ્કર રાખવાની અગત્ય હતી. લશ્કરના વાસ્તવિક ખર્ચમાં તેઓ અતિશય કરકસરથી કામ લેતા હતા; તેમ છતાં હમેશાં લશ્કરની સંખ્યા વધારવાથીજ સ્વરાજ્યનું સંરક્ષણ અને વૃદ્ધિ થવાનો સંભવ હતો. વળી પ્રત્યેક કિલ્લા ઉપર હમેશાં લશ્કર રાખવામાં આવતું તેનો ખર્ચ આસપાસના ગામોની ઉપજ ઉપર નિભાવવો પડતો; પણ જમીનમહેસૂલ ઉપર એટલા મોટા લશ્કરનું પોષણ થવું અશક્ય હતું. મોગલ અને વિજાપુરસરકાર જેવા ધનવાન બાદશાહની વિશાળ સેના સાથે સતત યુદ્ધ કરવું પડતું હોવાથી મહારાજને અઢળક દ્રવ્ય ખર્ચવું પડતું. એમ હોવાથી મહારાજને પોતાનું કેટલુંક લશ્કર લૂંટફાટ કરવા મોકલવું પડતું. તેમાં મહારાજના બે હેતુ હતા. એક હેતુ એ હતો કે, લૂંટફાટ કરવાથી બારોબાર લશ્કરનું ઉદરપોષણ થતું અને ખજાનામાં પણ કંઈક ઉમેરો થતો અને બીજો મહત્ત્વનો હેતુ એ હતો કે, યવનરાજ્યઅમલમાં સર્વદા ત્રાસ આપવાથી ધીમે ધીમે તેઓ નિર્બળ થાય અને ભારતભૂમિને યવનોની સત્તામાંથી છોડાવવાનો પોતાનો ઇષ્ટ ઉદ્દેશ પણ સુસાધ્ય થાય.

મહારાજે ઠરાવ્યું હતું કે, સરનોબતે પોતાના ઘોડેસવાર લશ્કર સહિત પ્રતિવર્ષે આઠ મહિના લૂંટફાટ કરવા જવું. મોગલોના અને વિજાપુરસરકારના પ્રાંતોમાં જઇ ચોથાઈ (ઉપજનો ચોથો ભાગ) અને સરદેશમુખીનો હક વસૂલ કરવો અને શત્રુના તાબાનાં ધનાઢ્ય શહેરોમાં લૂંટ કરવી. સવારીમાં જતી વખતે પ્રત્યેક સિપાઇના સામાનની વિગત યાદીમાં નોંધ્યા પછી, તેની કિંમત લખવી. મહારાજે ઠરાવ્યું હતું કે, સવારીમાંથી આવ્યા પછી તેમની પાસેનો સામાન યાદી પ્રમાણે તપાસી લેવો અને વિશેષ માલ મળતાં તે માલ ક્યાંથી લાવવામાં આવ્યો, તે સંબંધી પૂછપરછ કરવી. માલ લૂંટનો ઠરતાં સરકારમાં જપ્ત કરવો અથવા તેટલા માલની કિંમત ઠરાવી તેના પગારમાંથી વસૂલ કરવી; પરંતુ તેના માલમાંથી જો કંઇ ગુમ થયો હોય તો તેટલા માલની કિંમત સરકારમાંથી ભરી આપવી. સરકારી નોકરી બજાવતાં કોઇ શિલેદારનો ઘોડો અનિવાર્ય કારણને લીધે મરણ પામે અથવા નિરુપયોગી થઇ પડે તો યાદીમાં લખેલી કિંમત તેને તત્કાળ આપવી. ચડાઇમાં જતા કોઈ પણ સૈનિકે પોતાની પત્ની કિંવા વેશ્યા સ્ત્રીને પોતાની સાથે લઇ જવી નહિ; તેમજ ચડાઇ સાથે દારૂનાં પીઠાં રાખનાર કલાલ હોવા જોઇએ નહિ; એવો સખ્ત નિયમ હતો. નિયમનું ઉલ્લંઘન કરનાર મનુષ્યને દેહાતદંડની શિક્ષા થતી. એવો કાયદો ઘડવાનું કારણ, પ્રત્યેક મનુષ્ય નિર્વ્યસની થયા સિવાય હોશિયારીથી અને જુસ્સાથી સરકારી નોકરી બજાવી શકે નહિ, એવું મહારાજ સારી પેઠે જાણતા હતા તે હતું.

વળી લૂંટ કરતી વખતે લૂંટારાઓએ બ્રાહ્મણોને અને દેવસ્થાનોને ઉપદ્રવ કરવો નહિ, ગાયોને પકડવી નહિ, અગત્ય જણાતાં ભારવહન કરવા જેટલાજ બળદો પકડવા, ખેડૂતો અને સ્ત્રીઓને કદી પણ લૂંટવી નહિ, શ્રીમંત મુસલમાન કિંવા તેના તાબાના શ્રીમંત હિંદુઓમાં ખંડણી ભરવાનું સામર્થ્ય જણાતાં તેમનેજ ફક્ત પકડવા અને ખંડણી આપતાંજ તેમને મુકત કરવા, અન્ય પ્રજાને એકાએક ત્રાસ આપવો નહિ, એ પકડાપકડીમાં બાળકો અને સ્ત્રીઓને કદી પણ પકડવાં નહિ, બ્રાહ્મણો ઉપર ખંડણી બેસાડવી નહિ અને યવનો ઉપર ખંડણી બેસાડવા ચૂકવું નહિ. લૂંટમાં જનારાઓને મહારાજ તરફથી એવી સખ્ત તાકીદ આપવામાં આવતી હતી.

ચોમાસું શરૂ થતાં નદીઓ અને નાળામાં પાણી ભરાઇ જાય તે પહેલાં ચડાઇમાં ગયેલા સર્વ લશ્કરી સિપાઈઓએ સ્વદેશની છાવણીમાં પાછા આવવું પડતું. સ્વદેશની સરહદ નજીક આવતાંજ સૈનિકોની જડતી લેવામાં આવતી. પૂર્વે લખેલી યાદી પ્રમાણે તેમનો સામાન મેળવી લેવાતો. કોઇ સૈનિક પાસે વિશેષ માલ મળતાંજ તેની યાદી થતી કિંવા માલ જપ્ત થતો. કોઇ ભારે કિંમતનો માલ મળતાંજ તેને સરકારી લૂંટના માલમાં સામેલ કરાતો. સર્વ લૂંટની તપસીલવાર યાદી થતી. સરકારી લૂંટમાંથી કોઇ માલ સંતાડતા નહિ; તેમ કરવાથી તેને સખ્ત શિક્ષા થતી. સ્વરાજ્યમાં આવ્યા પછી સૈનિકો છાવણીમાં નીમેલી જગ્યાએ પાયગાને લઇ જતા. બે-ત્રણ ઠેકાણે છાવણીઓ રાખવામાં આવી હતી. એ સ્થળે ઘોડાઓ માટે તબેલા અને સવારોને રહેવા માટે મકાનો બાંધવામાં આવ્યાં હતાં. છાવણીમાં ગયા પછી સૂબેદારોએ પોતપોતાના તાબાના ઘોડાની ઘાસચંદી તથા ઔષધની વ્યવસ્થા કરવી અને સવારોની હાજરી લખવી તથા તેમના પગારનો હિસાબ નક્કી કરવો, એવી ગોઠવણ રાખવામાં આવી હતી.

સરકારી લૂંટની યાદી તૈયાર થતાંજ સરનૌબત સઘળી લૂંટ મહારાજ પાસે લઇ જતો અને ત્યાં સઘળો હિસાબ બતાવી, લૂંટ સરકારી તિજોરીમાં જમે કરાવતો. વસ્ત્ર અને ઘરેણાં ધોવડાવી દુરસ્ત કરાવી, તેની આશરે કિંમત લખતા. કોઇ સિપાઈને કિંવા અમલદારને લૂંટમાંની કોઇ વસ્તુ જોઈતી હોય તો તે તેને આપી તેની કિંમત પગારમાંથી વસૂલ કરતા. ચડાઇમાં જે સૈનિકે વિશેષ બહાદુરી બતાવી હોય તેને સૂબેદારની આજ્ઞાથી, સરનૌબત મહારાજ પાસે લઇ જઇ તેને માટે ભલામણ કરી ઇનામ અપાવતા. કિંવા ઊંચે હોદ્દે ચડાવતા. લડાઇમાં મરણ પામેલા સૈનિકોની સ્ત્રી તથા બાળકોને સરકારમાંથી વતન મળતું. લડાઈમાં ઘાયલ થયેલા કિંવા વ્યાધિગ્રસ્ત થયેલા સૈનિકને ઔષધ માટે સરકારમાંથી પૈસા મળતા. ઘાયલ થયેલા

સૈનિકની તપાસ કરી જખમના પ્રમાણમાં તેને નુકસાન મળતું કિંવા ઉચ્ચ પદવી મળતી. જે નોકર જે જે કામ ઉપર નિમાયો હોય તે તે કામને માટે નાલાયક ઠરતાં બીજું કામ મળતું કિંવા તેને લશ્કરમાંથી કમી કરી, બીજા ખાતામાં નોકરી અપાતી. સરકારી નોકરીમાંથી તેને એકાએક કાઢી મૂકતા નહિ. ચડાઈમાં કોઇએ નિયમ વિરુદ્ધ વર્તન કર્યું હોય કિંવા નિર્બળપણું બતાવ્યું હોય તેની તપાસ થઇ શિક્ષા થતી અને વારંવાર એવો અપરાધ થતાં તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવતો. લૂંટના માલમાંથી કોઇ વસ્તુ ઉચાપત કરનારને સખ્ત શિક્ષા થતી. સરનૌબતે એ કામ હજૂરની આજ્ઞા વડે કરવું પડતું. પોતાની ઇચ્છાનુસાર નહિ વર્તવાનો નિયમ હતો.

ચોમાસું પૂરું થતાંજ દશેરાનું શુભમુહૂર્ત જોઇ ચડાઇમાં જવાની ઘોડેસવારોને આજ્ઞા થતી. ચોમાસું પૂરું થતાંજ દશેરાનો મહોત્સવ આવે છે. શિવાજી મહારાજ એ દિવસે મોટો ઉત્સવ ઊજવતા હતા. શિલેદારોને, બારગિરોને કિંવા સિપાઇઓને નોકરીમાં રહેવું હોય તો તેઓ વિજયાદશમીને દિવસે મહારાજ સમક્ષ આવી પોતાની કાર્યકુશળતા અને બળ બતાવતા. મહારાજ તેમની યોગ્ય પરીક્ષા કરતા અને જે મનુષ્ય જે કાર્યમાં કુશળ જણાતો, તેની તેવા કાર્ય ઉપર નિમણુંક કરતા. લૂંટ કરવા માટે નીમવામાં આવેલા પ્રત્યેક સિપાઈઓને અને પ્રત્યેક ઘોડાને મહારાજ સ્વતઃ પસંદ કરતા. ત્યાર પછી લશ્કરના સરસામાનની પુનઃ યાદી કરવામાં આવતી. એ સમયે સરનૌબત અને ઇતર સરદારો મહારાજનાં દર્શન કરવા આવતા અને જે પ્રદેશમાં જવાની તેમને આજ્ઞા મળતી ત્યાં તેઓ પોતાના તાબાના લશ્કરસહિત ચડાઇ લઇ જતા.

ચડાઇમાં જનારા સરદારોને અને બીજા મોટા અમલદારોને તેમનો પગાર અગાઉથી મળતો. લશ્કરી સિપાઇઓને અને બીજા સાધારણ નોકરોને ચડાઈમાંથી પાછા આવ્યા પછી પગાર મળતો. એકસાથે મળેલા પગારમાંથી તેઓ પોતાના કુટુંબના વાર્ષિક નિર્વાહની વ્યવસ્થા કરતા. ચોમાસાના ચાર મહિનાનો પગાર તેમને દશેરાને દિવસે મળતો હશે એમ જણાય છે. ચડાઈમાં ગયા પછી આઠ મહિના સુધી તેમને એકાએક પોતાના પગારમાંથી ખર્ચ કરવો પડતો નહોતો. તેઓ બારોબારજ પોતાનો ઉદરનિર્વાહ ચલાવતા. મહારાજ લશ્કરના પ્રત્યેક નોકરને ખુશી રાખવાની કાળજી રાખતા હોવાથી, તેમના સૈન્યમાં રાજદ્રોહ કિંવા અસંતોષ બિલકુલ ઉત્પન્ન થતો નહિ. પ્રત્યેક નોકર બહાદુરી બતાવીને મહારાજ પાસેથી ઉચ્ચ પદવી અને શાબાશી મેળવવા અંતઃકરણપૂર્વક યત્ન કરતો. લશ્કરના સિપાઇઓ એ સંબંધી પરસ્પર ઇર્ષ્યા કરતા અને એકબીજા કરતાં ઉચ્ચ પદવી મેળવવા યત્ન કરતા.

રાજ્યનાં બીજાં ખાતાંના નોકરોના પગાર, વતન અને વર્ષાસન તેમને વખતસર મળવાની વ્યવસ્થા મહારાજ વિશેષ દક્ષતાથી રાખતા હતા. પ્રતિવર્ષે સર્વના વેતનના હિસાબ તેમને ચૂકતે મળી જાય અને કોઇનું દેવું રહે નહિ, એવી તેમણે અમલદારોને સૂચના આપી હતી. નોકરોને વખતસર પગાર મળવાથી તેઓ રાજી રહે છે અને તેમના કુટુંબને વિપત્તિ ભોગવવી પડતી નથી, તેમજ તેઓ દેવાદાર થતા નથી; નોકરો દિલગીર રહે તો રાજ્યમાં ફાટફૂટ થઇ રાજ્યને નુકસાન થાય, રાજ્યકાર્યમાં તેઓ આળસ કરે, તેમજ સોંપેલું કામ તેઓ હોશિયારીથી તથા પ્રમાણિકપણે બજાવે નહિ; એ સર્વ મહારાજ સારી પેઠે સમજતા હતા. પોતાના લશ્કરી કિંવા મુલકી ખાતાના નોકરો દેવું કરે નહિ, તે માટે મહારાજ ઘણીજ સાવચેતી રાખતા હતા. દેવું કરવાથી મનુષ્ય નિરાધાર અને નિરુત્સાહી થાય છે અને અઘટિત કર્મ કરવા પ્રવૃત્ત થાય છે; એ જાણી મહારાજે કાયદો રચ્યો હતો કે, કોઇએ દેવું કરવું નહિ. લગ્ન આદિ પ્રસંગો ઉપર ગરીબ તેમજ શ્રીમંત મનુષ્યોને પણ દેવું કરવું પડે છે; પરંતુ કાર્યપ્રસંગે જેને આર્થિક સહાયતાની અગત્ય જણાય તેને મહારાજ તરફથી યોગ્ય આશ્રય મળતો. એમ છતાં પણ જે મનુષ્ય ઉપજ કરતાં વિશેષ ખર્ચ કરીને કિંવા અન્ય પ્રકારે ઉડાઉપણું કરી દેવાદાર થતો તેને સરકારી નોકરીમાંથી કાઢી મૂકવાનો નિયમ હતો.

ઉચ્ચ અધિકારીઓને રોકડો પગાર મળતો કિંવા તેમને વસૂલાતી અધિકારીઓને નામે મહેસૂલી તિજોરી ઉપર ચિઠ્ઠી મળતી. અધિકારીઓ સરકારી ચિઠ્ઠી પ્રમાણે નોકરોને તિજોરીમાંથી નાણું ઉપાડી વખતસર પગાર કિંવા અનાજ આપતા. સરકારી પગારચિઠ્ઠી પ્રમાણે નોકરોને જે પગાર મળતો તે સર્વ ચિઠ્ઠી અને પગારનો હિસાબ વર્ષોવર્ષ નક્કી કરવામાં આવતો. કોઇનું સરકાર પાસે બાકી લહેણું રાખવામાં આવતુંજ નહિ. કોઈ પગારદાર નોકર ખેડૂત હોય, તો તેના તાબાની જમીનનું મહેસૂલ બીજા ખેડૂતો પ્રમાણે નક્કી કરી તેના પગારમાંથી બાદ કરવામાં આવતું હતું. તેમ થવાથી નોકરનું જે કાંઇ લહેણું નીકળતું તેની તિજોરી ઉપર ચિઠ્ઠી લખી આપીને અનાજ કિંવા રોકડ નાણું અપાવી હિસાબ ચૂકતે થતો. કોઈ પણ લશ્કરી અમલદારને કિંવા બીજા ખાતાના હોદ્દેદારને વર્ષાસન તરીકે કોઇ ગામની ઉપજ આપતા નહોતા. એ ધોરણને મોકાસ (ઇનામ) કહે છે. યવનબાદશાહી વખતે ગામનાં ઇનામ આપવાનો રિવાજ ઘણો પ્રચલિત હતો. એ રિવાજથી મોકાસદાર (ઇનામદાર) લોકો પોતાના તાબાની પ્રજાને ઇચ્છાનુસાર ત્રાસ આપતા. જમીનદાર અને ઇનામદાર એકસંપ કરી પ્રજાને ઠગતા. સરકારી સત્તાના જોરથી તેઓ રૈયત પાસેથી જોઈએ તેવાં કામો કઢાવી લેતા. પ્રજાની એવી સ્થિતિ

જોઇને મહારાજે ગામોની ઊપજ ઉપર સરકારી કારકુનો નીમ્યા અને ઇનામદાર તથા જમીનદારોને જે કાંઇ આપવું પડતું, તે વસૂલાતી અધિકારીઓ સરકારી ઊપજમાંથી આપતા. જેઓને ઇનામ મળતાં તેઓના તાબામાં કોઇ ગામ કે મહાલ સોંપતા નહિ. એ સંબંધી મહારાજે સખ્ત કાયદા ઠરાવ્યા હતા.

એજ પ્રમાણે મહારાજે જાગીર આપવાની પદ્ધતિ પણ તદ્દન બંધ કરી હતી. યવનબાદશાહી સમયે ઉચ્ચ સરદારોને અને હોદ્દેદારોને સરકારી નોકરીમાં વિશેષ બહાદુરી બતાવવાથી જાગીરો મળતી. જાગીરદારો પોતાના નોકરોદ્વારા ગામની ઊપજ એકઠી કરતા અને તેમાંથી અમુક ભાગ સરકારને ખંડણી ભરવાનો કિંવા યુદ્ધ આદિ પ્રસંગે સરકારને અમુક સંખ્યાના સૈન્યની સહાયતા આપવાનો નિયમ હતો. એવો નિયમ હોવાથી જાગીરદાર એક માંડલિક રાજા જેવો થઇ પડતો. પોતાની જાગીરની પ્રજા ઉપર જાગીરદાર સર્વ પ્રકારની સત્તા ચલાવતા તેથી પ્રજા તેમનેજ પોતાના રાજા ગણતી. જાગીરદારો લશ્કર રાખતા અને પોતાની જાગીરમાં કોટકિલ્લા બાંધીને ઘણી ખબરદારીથી રહેતા. તેમજ એ જાગીર વંશપરંપરાને માટે મળતી તેથી જેઓએ પ્રથમ જાગીર મેળવી હોય તેમના વંશજોમાં પૂર્વજોના જેવી સરકાર તરફ રાજ્યભક્તિ અને પ્રમાણિકપણું કાયમ રહેવાનો તેમજ પૂર્વજ પુરુષોના જેવી કર્તવ્યદક્ષતા હોવાનો સંભવ પણ નહોતો. એવા જાગીરદારો વડીસરકાર સાથે નિષ્કાળજીથી વર્તવા અને તેમના વિરુદ્ધ બળવો કરવા તૈયાર થાય છે. અન્ય રાજ્યોના હુમલાથી મુખ્ય સરકારની સત્તા નિર્બળ થવાનો અને ક્વચિત્ નષ્ટ થવાનો સમય આવતાં, જાગીરદારો દ્વારા સહાયતા મળવી તો બાજુએ રહી; પણ ઊલટા તેઓ સ્વતંત્ર થઇ બેસે છે અથવા શત્રુપક્ષમાં ભળી જાય છે, એમ જાણી મહારાજે એ અનિષ્ટકારક વ્યવસ્થા પોતાના રાજ્યમાં નિર્મૂળ કરી હતી. કબજે કરેલા દેશોમાં જાગીરદારો જણાતાં પૂર્વપદ્ધતિ પ્રમાણે તેમની પાસે માલિકીના હકથી જાગીરો રહેવા દેતા નહિ. ઘણું તો તેમને હકના બદલામાં તેના તાબાના ગામોની ઊપજનો અમુક અંશ મળવાનું ઠરાવતા અને તે ગામની પ્રજા પાસેથી મહેસૂલ વસૂલ કરવાનું કામ સરકારી કારકુનો દ્વારા કરાવતા. મહારાજ જાગીરદારની કોઇ પ્રકારની સત્તામાં પ્રજાને રહેવા દેતા નહિ. હોશિયાર અને કર્તવ્યદક્ષ જાગીરદાર સરદારોને મહારાજ તેમની યોગ્યતા પ્રમાણે પોતાના લશ્કરમાં કિંવા બીજા ખાતામાં નોકરી આપતા. ખાલસા કરેલી જાગીરમાં જાગીરદારોએ ભવ્ય મકાનો, કોટ, કિલ્લા, થાણાં વગેરે બંધાવ્યાં હતાં, તે મહારાજે તોડી નખાવ્યાં અને સામાન્ય પ્રજાના જેવાંજ ઘરો બાંધી રહેવાની તેમને આજ્ઞા ફરમાવી. જે કિલ્લા મજબૂત જણાતા તે ઉપર

મહારાજ પોતાનાં થાણાં બેસાડી તેને પોતાના કબજામાં લેતા.

મહારાજે એ પ્રમાણે પાટીલ, કુળકર્ણી, ખોત, દેશમુખ, દેસાઇ દેશપાંડે, જમીનદાર, મોકાસદાર, મિરાસદાર અને જાગીરદાર વગેરેના તાબામાંથી પોતાની પ્રજાને મુક્ત કરી–સુખી કરી. તે હકદારોને પણ મહારાજે બનતે ઉપાયે ખુશી રાખવા જેવું વર્તન ચલાવ્યું હતું. મહારાજના રાજ્યમાં જાગીરની પદ્ધતિને આશ્રય–ઉત્તેજન મળતું નહોતું; તેથી તેમના રાજ્યઅમલમાંજ વિશેષ પરાક્રમ વડે પ્રસિદ્ધ થયેલા સરદારો અને અધિકારીઓના ઘણાખરા વંશજોનાં નામનિશાન પણ સાંભળવામાં આવતાં નથી. મહારાજે જાગીર બક્ષવાની પદ્ધતિ ચાલુ રાખી હોત, તો મોરો પંત પિંગળે, આબાજી સોનદેવ, તાનાજી માલુસરે, યેસાજી કંક, બાજી ફસલકર, બાજી પ્રભુ, નેતાજી પાલકર, પ્રતાપરાવ ગુજર, હંબીરરાવ મોહિતે વગેરે સરદારોના વંશ આજે પણ ક્વચિત્ અસ્તિત્વમાં હોત.

મહારાજે બીજા એક વિશેષ મહત્ત્વના કાર્યનો નિયમ ઠરાવ્યો. હતો. તેનું આ સ્થળે દિગ્દર્શન કરાવવું ઉચિત છે. તેમણે ઠરાવ્યું હતું કે, કોઇ પણ હોદ્દેદારના કુળમાં કોઇ પણ સરકારી હોદ્દો વંશપરંપરા માટે આપવો નહિ. પિતા ગમે તેટલો હોશિયાર અને કર્તવ્યદક્ષ હોય તોપણ તેની કર્તવ્યદક્ષતાને બદલે તેના પુત્રને નોકરી આપતી વખત મહારાજ તેની વાસ્તવિક યોગ્યતા તપાસીનેજ તેને નોકરી આપતા. માત્ર “ઉચ્ચ હોદ્દેદારનો પુત્ર” જાણીને પુત્રમાં કર્તવ્યદક્ષતા ન હોય તો તેને તે નોકરી આપવી નહિ; એટલુંજ નહિ પણ યોગ્યતા ન હોય તો બીજો ઉચ્ચ હોદ્દો પણ તેને આપવો નહિ, એવો મહારાજે નિયમ રાખ્યો હતો. એ નિયમથી પ્રત્યેક હોદ્દેદારના ગુણની કદર થતી અને તેઓ સરકારી કામ પૂરતી હોશિયારીથી બજાવતા. મહારાજના તાબાના પેશ્વા, સેનાપતિ વગેરે પ્રધાન, સૂબેદાર અને હવાલદાર વગેરે હોદ્દેદારો હોશિયાર અને કર્તવ્યદક્ષ હતા; તેમજ સ્વરાજ્ય પ્રાપ્ત કરવામાં તેમણે વિશેષ સહાયતા કરવા છતાં તેમનો હોદ્દો મહારાજે વંશપરંપરા માટે ચાલુ રાખવાનો અવિચાર કોઇના સંબંધમાં કર્યો નહોતો; એટલુંજ નહિ પણ ગમે તેવા ઉચ્ચ હોદ્દેદારે રાજકાર્યમાં ગફલત કરતાં કિંવા તેનું અન્યાયી વર્તન જણાતાં શિવાજી મહારાજ તે હોદ્દેદારને નોકરી પરથી કાઢી મૂકવાનું ભૂલતા નહોતા. હોદ્દેદારોને કિંવા સરદારોને જાગીરો આપેલી નહિ હોવાથી ઇચ્છામાં આવે તે સમયે નોકરી પરથી રજા આપવામાં અડચણ પડતી નહોતી. એ પદ્ધતિ તદ્દન નવીન હતી; કારણકે એમાં પુરાતન કિંવા બાદશાહી રાજ્યપદ્ધતિથી વિરુદ્ધ નિયમો જોવામાં આવે છે. શાહુરાજાના સમયથી પેશ્વાઇ સત્તા પ્રસરતા સુધીમાં જાગીર બક્ષવાની પદ્ધતિ નિર્મૂળ થવાથી મરાઠા સામ્રાજ્યની વિજયપતાકા કેવી

ફરકી રહી હતી તે સર્વને સુવિદિતજ છે.

મહારાજે પોતાના લશ્કરી અને મુલકી ખાતાની કેવી વ્યવસ્થા રાખી હતી તેનું દિગ્દર્શન કર્યું. હવે સ્વરાજ્યના અધિકારીઓ ઠરાવેલા નિયમ પ્રમાણે પોતપોતાનાં કામ વખતસર અને પ્રમાણિકપણે કરતા હતા કે નહિ તે જોઇએ. તેમના પર પ્રધાનમંડળ અને મહારાજ સ્વતઃ ફુરસદ પ્રમાણે દેખરેખ રાખતા હતા. પ્રત્યેક કિલ્લો, પ્રત્યેક મહાલ, પ્રત્યેક સૂબો અને પ્રત્યેક છાવણી અને ચડાઇમાંના અધિકારીઓની હિલચાલ ઉપર વખતોવખત દૃષ્ટિ રાખવાનું કામ પ્રમુખ અધિકારીઓથી બની શકે નહિ, તેથી તે કામ માટે મહારાજે ગુપ્તચર અને બાતમીદારો રાખ્યા હતા. બહિરજી નામક પુરુષ એ સર્વનો નાયક હતો. તેના પર મહારાજને સંપૂર્ણ વિશ્વાસ હતો. લૂંટ કરવા મોકલેલા લશ્કરના અમલદારો મેળવેલી લૂંટનો કિંવા ખંડણીનો બરોબર હિસાબ આપે છે કે નહિ, કિંવા કંઇ ગડબડગોટાળો કરે છે કે કેમ, તેની તપાસ રાખવા પ્રત્યેક ચડાઈ સાથે મહારાજ ગુપ્તચર મોકલતા. પ્રત્યેક કિલ્લા પરના અમલદારો નિયમ પ્રમાણે પોતાનાં કામ કરે છે કે કેમ કિંવા તેઓ શત્રુ જોડે મળી જઇ કંઇ પ્રપંચ રચે છે કે કેમ, તેની તપાસ કરવા સઘળે સ્થળે મહારાજના ગુપ્તચર ફરતા હતા. તેજ પ્રમાણે મહાલકરી, સૂબેદાર વગેરે મુલકી ખાતાના અધિકારીઓ પ્રજાને ત્રાસ આપે છે કિંવા વસૂલ કરેલી રકમ તેઓ પ્રમાણિકપણે સરકારમાં જમે કરાવે છે કે કેમ, તેની તપાસ રાખવા પ્રત્યેક પ્રાંત અને મહાલમાં મહારાજના ગુપ્તચર ફરતા હતા. ગુપ્તચર અને જાસૂસો એટલુંજ કામ કરતા નહોતા પણ પારકા પ્રદેશોની કેવી સ્થિતિ છે, શત્રુ કેવી હિલચાલ કરે છે, આદિલશાહી, કુતુબશાહી, મોગલાઇ વગેરે દરબારમાં કેવી મસલત ચાલે છે, તેની તેઓ વખતોવખત માહિતી મેળવતા. મહારાજના ગુપ્તચર વેશ બદલી જ્યાંત્યાં ફરતા રહેતા અને તેમને જે કાંઇ બાતમી મળતી તે વિગતવાર લખી રાખી મહારાજને તત્ક્ષણજ પહોંચાડતા. ગુપ્ત જાસૂસો મારફત આવેલા પત્રો મહારાજ બાલાજી આવજી ચિટનીસ પાસે વંચાવતા. ગુપ્ત જાસૂસદ્વારા સ્વરાજ્યમાંના કોઈ અમલદારનું ગેરકાયદેસર વર્તન જણાતાં મહારાજ તેની બરોબર તપાસ કરતા અને અમલદાર અપરાધી જણાતો તો તેને તેઓ તરત શિક્ષા કરતા. એમ થવાથી સર્વ નોકરો ઉપર મહારાજનો સખ્ત કરપ બેસતો અને સર્વ પોતાના કાર્યમાં દક્ષ રહેતા.

મહારાજને એ સમયે ન્યાયખાતું જુદું સ્થાપવાની અગત્ય જણાઇ નહોતી. જમીન સંબંધી કિંવા લેવડદેવડ સંબંધી મુકદ્દમા ઉપસ્થિત થતાં તેનો ન્યાય કરવાનું કાર્ય, પ્રાંતના કિંવા મહાલના અધિકારીઓએ ગ્રામપંચાયતને સોંપી દેવાનો નિયમ હતો. તે સમયે

ગ્રામપંચાયતની પદ્ધતિ સર્વત્ર ચાલુ હતી. એ પદ્ધતિ પ્રજાને વિશેષ અનુકૂળ જણાયાથી મહારાજે તેને કાયમ કરી હતી. મુકદ્દમાને માટે પ્રજાને વેગળે સુધી જવું પડે નહિ, તેમને પોતાનાજ ગામમાં વગર ખર્ચે ન્યાય મળે તથા પંચના સભ્યો વસ્તુસ્થિતિ નિહાળી સત્વર ન્યાય આપે; એ સર્વ મહારાજને વિશેષ હિતકર જણાયું હતું. પંચના સભ્યોએ કરેલો ફેંસલો મહાલકરી અને સૂબેદાર માન્ય કરી, તે ઉપર અમલબજાવણી કરતા હતા. પંચનો ફેંસલો જેઓને પસંદ ન પડે તેઓએ હજૂરમાં અરજ કરવી અને ન્યાયાધીશ તેનો ફેંસલો આપે એવી ગોઠવણ હતી. ફોજદારી ગુના ઉપસ્થિત થતાં પ્રાંતના સૂબેદાર તેનો ફેંસલો આપતા. સૂબેદારના ફેંસલા ઉપર હજૂરમાં અરજ થતી અને તે ફેંસલાની તપાસ પંડિતરાવે કરવી એવું ઠરાવ્યું હતું. લશ્કરમાં તોફાન કિંવા ગુનો થતાં લશ્કરી સૂબેદાર કિંવા બીજા વરિષ્ઠ અધિકારી દ્વારા તેની તપાસ થતી. તેમના વિરુદ્ધ પણ હજૂરમાં અરજ થતી અને સરનૌબતે તેની તપાસ ચલાવવી એવો નિયમ હતો.

સ્વરાજ્યમાં ચોરનો ભય વિશેષ હતો, તે મહારાજે એકદમ બંધ પાડ્યો. સ્થળે સ્થળે ચોર, ધાડપાડુ અને લૂંટારા ફરતા હતા, તેમને પકડી મંગાવી કેટલાકનો શિરચ્છેદ કરાવ્યો તથા કેટલાકને ખેતર ખેડવા આપી કિલ્લાના આશ્રયમાં રાખ્યા. કિલ્લાનું રક્ષણ કરનાર સિપાઇઓને તેમના પર સખ્ત દેખરેખ રાખવાનો મહારાજે હુકમ કર્યો હતો. કેટલાક મનુષ્યને કિલ્લા પર અને કિલ્લાની આસપાસ રખેવાળની નોકરી આપી તેમની ઉપજીવિકા ચાલે એવી ગોઠવણ કરી. જે ગામમાં ચોરોનો ઘણો ઉપદ્રવ જણાતો ત્યાં કોઇ બીજા ગામના ચોરનેજ રખેવાળની નોકરીએ મોકલતા; પણ જો તે ચોર–રખેવાળ ચોરી કરતો તો તત્કાળ તેનો શિરચ્છેદ કરાવવામાં આવતો; અથવા તેના ગામમાં ચોરી થતાં તેનેજ ચોરનો પત્તો મેળવવો પડતો કિંવા ચોરીની રકમ ભરી આપવી પડતી એવા નિયમો ઠરાવ્યા હતા.

સ્વરાજ્યમાં મોટાં દેવસ્થાનો અને તીર્થસ્થાનો હતાં. તેને પ્રાચીન સમયથી ધર્માદા વર્ષાસન મળતાં હતાં, તે મહારાજે યથાસ્થિત પુનઃ શરૂ કર્યાં. કેટલાંક દેવસ્થાનોને ખર્ચ જેટલાં વર્ષાસન મળતાં નહોતાં તે મહારાજે સંપૂર્ણ કરી આપ્યાં. કેટલાંક નવાં દેવસ્થાનોને બિલકુલ વર્ષાસન મળતાં નહોતાં, ત્યાં પૂજા, નૈવેદ્ય, ઉત્સવ, અભિષેક, નંદાદીપ વગેરે યથાસ્થિત થવા માટે મહારાજે તે દેવસ્થાનો માટે ઇનામી જમીનો અર્પણ કરી. એ સર્વ દેવસ્થાનોની યોગ્ય વ્યવસ્થા થવા માટે મહારાજે દેવસ્થાન–ધર્માદા–અધિકારી નીમ્યા. દેવસ્થાનોને મળતી ઊપજમાંથી બ્રાહ્મણો કિંવા પૂજારીઓ ઇચ્છાનુસાર ખર્ચ કરે નહિ તે માટે તેઓને ખર્ચનો વિગતવાર હિસાબ રાખવાનું ઠરાવ્યું હતું.

સરકારી અધિકારીઓ પ્રતિવર્ષે હિસાબ તપાસતા. મોટાં મોટાં ક્ષેત્રના કેટલાક સત્પાત્ર બ્રાહ્મણોને વર્ષાસનો આપી, તેઓ સ્નાનસંધ્યા કરવામાં સમય વ્યતીત કરે એવી ગોઠવણ કરી હતી. તેજ પ્રમાણે મોટા મોટા સત્પુરુષોનું યથાસ્થિત ગુજરાન ચાલે અને તેમનો ઉત્સવ વગેરે સારી પેઠે ઉજવાય તે માટે મહારાજે તેમને ગામ અને જમીનની બક્ષિસો આપી હતી.

મહારાજ ફક્ત હિંદુધર્મનાં દેવસ્થાનોને વર્ષાસન આપતા હતા એમ નહોતું; પરંતુ સ્વરાજ્યમાં મુસલમાનની કબરો, મસ્જિદો, પીર વગેરેને યવનબાદશાહીને સમયે જે વર્ષાસન વગેરે મળતાં તે મહારાજે પણ ચાલુ રાખ્યાં હતાં. તે ખાલસા કર્યાં નહોતાં; એટલુંજ નહિ પણ કેટલાકને ખર્ચ કરતાં ઓછાં વર્ષાસનો મળતાં હતાં તેની તપાસ કરાવી, મહારાજે ભરપૂર વર્ષાસન બાંધી આપ્યાં હતાં. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, તેમના અંતઃકરણમાં યવનોનાં પૂજ્યસ્થાન સંબંધી કિંચિત્ પણ તિરસ્કાર કિંવા દ્વેષ નહોતો. મહારાજે તેમજ તેમના સરદારોએ આટલી બધી સવારીઓ-લડાઇઓ કરી છતાં એક પણ પ્રસંગે તેમણે મુસલમાનોનાં પવિત્ર સ્થળે ઉપદ્રવ કર્યો હોય એવું જણાતું નથી. ખરૂં જોતાં જેમ યવનો વખતોવખત હિંદુનાં દેવસ્થાનોનો નાશ કરતા હતા, તેમ મહારાજે યવનોની મસ્જિદ વગેરે પૂજ્યસ્થાનોનો નાશ કર્યો હોત તો તેઓને કોઇ કલંક ચડાવત નહિ; પરંતુ ધર્મ સંબંધે મહારાજ ઉદાર બુદ્ધિના હતા; તેમનામાં ધર્માંધપણું કિંચિત્ પણ નહોતું.

યવનઅમલ સર્વત્ર સ્થપાયા પછી મહારાષ્ટ્રમાંથી વેદશાસ્ત્રનું અધ્યયન તદ્દન લોપ થયા જેવું હતું. તેને ઉત્તેજન આપવાના હેતુથી મહારાજે એવી વ્યવસ્થા કરી હતી કે, વિદ્વાન બ્રાહ્મણોએ પ્રતિવર્ષે શ્રાવણ માસમાં શિવાજી મહારાજ સમક્ષ આવવું અને પંડિતરાવે તેઓની પરીક્ષા લેવી. જે બ્રાહ્મણે એક ગ્રંથનું અધ્યયન કર્યું હોય તેને એક મણ, બે ગ્રંથનું અધ્યયન કર્યું હોય તેને બે મણ ને પાંચ કે દશ ગ્રંથોનું અધ્યયન કર્યું હોય તેને પાંચ કે દશ મણ અન્ન પ્રતિવર્ષે આપવામાં આવતું. મહાન વિદ્વાન પંડિત, વૈદિક, જ્યોતિષી, વગેરે આવતા તેમનો યોગ્યતા પ્રમાણે સત્કાર કરી સો કે પચાસ રૂપિયા દક્ષિણા આપવામાં આવતી. પરરાજ્યના બ્રાહ્મણને દ્રવ્ય આપી તેનું સન્માન કરાતું અને સ્વરાજ્યના બ્રાહ્મણને તેના ગામના મહેસૂલી અધિકારી ઉપર ચિઠ્ઠી લખી આપી ધાન્ય અપાવવાનો બંદોબસ્ત થતો. સંસ્કૃત ધર્મગ્રંથોના અધ્યયનને મહારાજે એ પ્રમાણે ઉત્તેજન આપી, મહારાષ્ટ્રમાં કિંબહુના સર્વત્ર આર્યધર્મનો ઉદ્ધાર કર્યો હતો. જે બ્રાહ્મણો અગ્નિહોત્ર લેવા તૈયાર થતા કિંવા જેઓ યજ્ઞ, અનુષ્ઠાન આદિ ધર્મકાર્યો કરવા તત્પર થતા તેને

મહારાજ દ્રવ્યની યથોચિત સહાયતા આપતા. પોતાના રાજ્યના સત્પાત્ર બ્રાહ્મણોને અને સત્પુરુષોને અન્ય સ્થળે યાચના કરવી પડે નહિ, તેમજ તેમના પોષણકાર્યમાં અડચણ પડે નહિ તે સંબંધી મહારાજ સર્વદા વિશેષ કાળજી રાખતા હતા.

મહારાજે રાજ્યમાં સર્વત્ર અન્નક્ષેત્રો સ્થાપી ગરીબગરબાંના નિર્વાહની સગવડ કરી હતી અને મોટાં મોટાં દેવસ્થાનોમાં વખતોવખત બ્રાહ્મણભોજન કરાવવાની વ્યવસ્થા કરી હતી. એ ઉપરાંત નિત્ય નિયમિત રીતે પુષ્કળ દાનધર્મ કરવાનો મહારાજે નિયમ રાખ્યો હતો.

મહારાજે ઘાસનાં મેદાનો જોઇને માનદેશ, ભીમપડી વગેરે સ્થળે ગૌશાળાઓ સ્થાપી હતી. ત્યાં પુષ્કળ ગાયો રાખવામાં આવતી. ગાયોનું રક્ષણ કરવા માટે ગવલી (રબારી) અને બીજા નોકરો નીમ્યા હતા. એ ગૌશાળાઓમાં લશ્કરમાં ગાડે જોડવાના બળદો તૈયાર થતા. કોઇ ખેડૂતને સરકારમાંથી બળદ આપવાનું ઠરતું તો એજ ગૌશાળાઓમાંથી બળદો મંગાવી આપતા. ગાયોની પેઠે ભેંસોને માટે પણ સ્થળે સ્થળે મહિષીશાળાઓ સ્થાપવામાં આવી હતી. ભેંસોના રક્ષણ માટે પણ રબારી અને બીજા નોકરો નીમ્યા હતા. તેઓ ગામમાં કે પર્વત આગળની ઘાસચારાની જગ્યામાં નિવાસ કરતા હતા. એ શાળાઓનો હિસાબ વર્ષોવર્ષ તપાસવામાં આવતો. તેમજ પ્રત્યેક શાળા તરફથી ચોક્કસ પ્રમાણમાં ઘી કિંવા માખણ આવવું જોઇએ તેમજ પ્રત્યેક શાળા તરફથી બ્રહ્મભોજન માટે વપરાતું દૂધ ચોક્કસ પ્રમાણમાં પૂરૂં પાડવું જોઇએ, એવી વ્યવસ્થા રાખી હતી. એજ પ્રમાણે વીસપચીસ હજાર બકરાંઘેટાં ભરવાડોને સોંપી તેનું રક્ષણ કરવામાં આવતું હતું. વર્ષોવર્ષ તેમનો હિસાબ તપાસવામાં આવતો અને પ્રત્યેક રબારીએ ઘેટાંની ચોક્કસ સંખ્યા દશરા વગેરે દિવસે તેમજ સરકારી કાર્યના ઉપયોગ માટે મોકલવાનો નિયમ ઠરાવ્યો હતો.

મહારાજે રાજ્યની સર્વ ધનસંપત્તિનો સુદૃઢ બંદોબસ્ત કરી તેને માટે યોગ્ય નિયમો ઠરાવી દીધા હતા. તેઓએ પોતાની દિનચર્યાના પણ નિયમો ઠરાવ્યા હતા. તેઓ મોટા પરોઢિયામાં જાગૃત થતા. પરોઢિયામાં નોબત વાગતી અને ગાયકો વીણા, મૃદંગ આદિ મંજુલ વાજિંત્રો સહિત ભગવાનની સ્તુતિ ગાતા. એ નાદ સાંભળતાંજ ઊઠીને તેઓ થોડો વખત સુધી પ્રાતઃસ્મરણ કરતા. ત્યારપછી શૌચાદિ વિધિ સમાપ્ત કરી ગોદર્શન અને તુલસીદર્શન કરતા. ગંગા આદિ પવિત્ર નદીઓનાં જળસહિત સ્નાન કરીને જપ તથા દેવાર્ચન કરતા. ત્યારપછી થોડો વખત પુરાણશ્રવણ કરતા. ચાર ઘડી દહાડો ચઢે નહિ તે પહેલાં મહારાજ એ સર્વ કામથી પરવારી જતા. ત્યાર પછી વસ્ત્રાલંકાર ધારણ કરી તિરંદાજી અને નિશાન મારવાનો

એક કલાક વ્યાયામ કરી સભામાં જતા. ત્યાં કારભારીઓ પોતપોતાનાં કામની સુનાવણી કરી મહારાજ પાસેથી હુકમ કિંવા મંજૂરી મેળવતા. કોઇ તેમની મુલાકાત કરવા આવતું, તેનો મુજરો લેતા અને તેના તરફ કૃપાદૃષ્ટિથી જોતા. કોઇના સામું જોઈ માત્ર અવલોકન કરી સ્મિતહાસ્ય કરતા. કોઈ સાથે થોડી વાતચિત કરતા અને કોઇને કાંઈ કામ સોંપતા. એ પ્રમાણે સર્વનાં અંતઃકરણમાં પોતાનો પ્રતાપ પાડતા. એ ઉપરથી સર્વને મહારાજની પોતાના ઉપર કૃપા જણાતી. સભામાં કોઇ ગુણીજન આવતાં, તેના ગુણના પ્રમાણમાં મહારાજ તેનું ગૌરવ કરી ઇનામ વગેરે આપી તેને ખુશી કરતા. દશ ઘડી દિવસ ચઢે ત્યાંસુધી સભામાં બેઠા પછી મહારાજ કોઇ સાથે એકાંત–મસલત ચલાવવાનું ઉચિત જણાય તો જુદે જુદે સ્થળે બેસી મસલત ચલાવતા. બાર ઘડી દિવસ ચઢતાંજ મહારાજ બ્રાહ્મણભોજનનો સંકલ્પ મૂકી દેવને નૈવેદ્ય કરી પંક્તિભોજન કરનાર મનુષ્યોને સાથે લઇ ભોજન કરવા બેસતા. તાંબૂલસેવન કર્યા પછી મહારાજ પુનઃ મંત્રણાસભામાં બેસતા અને પત્રો આવ્યા હોય તે ચિટનીસ પાસે વંચાવી, તેમને પત્રોના જવાબ લખવાની સમજણ આપતા. રાજ્યમાંથી રવાના કરવાના પત્રોના ખરડા ચિટનીસ વાંચી સંભળાવતા. ત્યારપછી કોઇ કાર્યની યોજના કરવાની હોય તો તે કરતા અને પાછલે દિવસે થયેલી આવકજાવકનો અને આગલે દિવસે ખર્ચ થવાનો હોય તેનો હિસાબ તપાસતા. એટલું કામ કર્યા પછી મહારાજ અંતઃપુરમાં જઇ બેત્રણ ઘડી સુધી આરામ લેતા. ત્યારપછી તેઓ મુખપ્રક્ષાલન કરી સભામાં જતા અને કારખાનાં તથા મહાલની વ્યવસ્થા કેવે પ્રકારે રાખવામાં આવે છે તેની સ્વતઃ તપાસ કરતા. અધિકારીઓએ ન્યાય કર્યો હોય તે તપાસતા અને તેને યથોચિત મંજૂરી આપતા. કોઇની અરજ હોય તો મહારાજ સાંભળી લેતા. ચાર ઘડી દિવસ રહેતાં મહારાજની સવારી બહાર ફરવા નીકળતી. કારખાનાં, મહાલ વગેરે તેઓ સ્વતઃ જઇને જોતા અને દેવદર્શન કરતા. ત્યારપછી બાગબગીચા કિંવા આરામવાટિકામાં જઈ મગદળ ફેરવવા, જંજીર ફેરવવી વગેરે કસરત કરી સાયંકાળ થતાંજ પુનઃ મહાલયમાં પાછા આવી સભામાં બેસતા. ત્યાં લોકોના મુજરા અને મુલાકાત લઇ બે ઘડી રાત વીતતા સુધી જપધ્યાન કરી પુરાણ આદિ શાસ્ત્રનું શ્રવણ કરતા. ત્યારપછી ભોજન કરી તાંબૂલસેવન કર્યા પછી મહારાજ પુનઃ મહાલયના વિશાળ દીવાનખાનામાં આવી બે કારભારી સહિત રાજ્યકારભાર સંબંધી એકાંત સ્થળે વિચાર ચલાવતા. ત્યારપછી ગુપ્તચરદ્વારા મળેલી બાતમી, ગુપ્ત કાર્યો અને ગુપ્ત પત્રો તપાસી અન્નાદિ પાક સંબંધી પૂછપરછ કરી અંતઃપુરમાં જતા. મહારાજે એ પ્રમાણે પોતાની દિનચર્યાના નિયમો નક્કી કરી

જે ઘડીએ જે કામ કરવાનું ઠરાવ્યું હોય, તેજ ઘડીએ તેઓ તે કાર્ય કરતા. જે વખતે જે કાર્ય કરવાનું ઠરાવ્યું હોય, તે તેઓ બીજા વખત ઉપર કદી પણ મુલતવી રાખતા નહિ. એ સંબંધી તેઓ વિશેષ કાળજી રાખતા. પોતે પોતાનું કામ વખતસર કરવાથી નોકરો પણ તેઓનું કામ વખતસર કરે છે અને તેઓ વખતસર કામ કરે નહિ તો આપણે તેને ઠપકો આપવા શક્તિમાન થઇએ છીએ, એ તત્ત્વ મહારાજ સારી પેઠે જાણતા હતા. કામ નિયમિત વખતેજ કરવું, આજનું કાલ ઉપર મુલતવી રાખવું નહિ અને તેમાં યત્કિંચિત્ પણ આળસ રાખવું નહિ; એ તત્ત્વ મહારાજ પોતાનાજ વર્તનથી પોતાના સેવકોના અંતઃકરણમાં હમેશાં ઠસાવતા.

પોતાના આયુષ્યની એક ક્ષણ પણ વ્યર્થ જાય નહિ એવી મહારાજની હમેશાં ઉત્કટ ઇચ્છા હતી. પોતાના સેવકોએ પણ પોતપોતાનાં કામ આળસ વગર અને દક્ષતાપૂર્વક-વખતસર પરિપૂર્ણ કરવાં એવી મહારાજની તીવ્ર ઇચ્છા હતી. જે મનુષ્ય મહેનતુ અને હોશિયાર તથા પોતાના કામમાં દક્ષ જણાતો તેનેજ મહારાજ પસંદ કરતા. કોઇ નોકરને ઉચ્ચ પદવી કિંવા માન આપતી વખત મહારાજ તેનામાં એજ બંને ગુણોની મુખ્ય તપાસ કરતા. ગુણની બરોબર પરીક્ષા કર્યા પછી અને હોશિયારી જોયા પછી મહારાજ પોતાના નોકરોને ઉચ્ચ પદવી આપતા. માત્ર કોઇ નોકર સ્નેહી-સંબંધી હોય, કે કોઇની ભલામણ લાવ્યો હોય કિંવા કોઇ ઉપર મહારાજની વિશેષ મહેરબાની હોય તેને તેઓ કોઇ ઉચ્ચ હોદ્દો આપતા નહોતા. પ્રત્યેક નોકરના વાસ્તવિક ગુણ જોયા પછીજ અમલદારોએ તેની ભલામણ કરવાનો રિવાજ હતો. તેમ થવાથી ખરા ગુણવાન પુરુષોની કદર થતી અને સર્વ સમક્ષ લાયકાત જણાઇ આવવાથી રાજ્યના નોકરોને ઉત્તેજન મળતું. આળસુ, ગપાટા હાંકનાર કિંવા માત્ર હાજી હા કરનાર સગાંસ્નેહી કે ઈતર કોઇ પણ મનુષ્યને મહારાજ સરકારી નોકરીમાં રાખતા નહોતા.

મહારાજ સભામાં બેઠા હોય તે સમયે કોઇએ હાસ્યવિનોદ વગેરે નિરર્થક વાતો નહિ કરવાનો સખ્ત નિયમ હતો. મશ્કરા, વિવિધ પ્રકારનાં મનુષ્ય કિંવા જાનવરોની બોલીની નકલ કરનારા અને ખુશામદખોર ઉપર મહારાજને સંપૂર્ણ તિરસ્કાર હતો. બિભત્સ અને અશ્લીલ વાતો તેમને બિલકુલ પસંદ નહોતી; વ્યસની અથવા કુછંદી મનુષ્યોને મહારાજ પોતાની પાસેજ આવવા દેતા નહિ. સર્વદા યુદ્ધવાર્તા, અશ્વ, શસ્ત્ર અને પરરાજ્ય પ્રાપ્ત કરવાની ચર્ચામાંજ તેમનો કાળ નિર્ગમન થતો હતો. આનંદ મેળવવા માટે સમય પ્રાપ્ત થતાં તેઓ ક્વચિત્ બેચાર નિર્વ્યસની અને નિષ્કપટી કૃપાપાત્ર મનુષ્યો સાથે એકાંતમાં બેસી હાસ્યવિનોદ કરવો અથવા ભૂષણકવિ

જેવા કવિનાં કાવ્યરત્નોનું શ્રવણ કરી મનને રીઝવવું, એવો તેમનો નિયમ હતો. ઉત્તમ ગાયક અથવા વિદ્વાન પુરુષ આવે તો તેનું ગાયન કિંવા વાક્ચાતુર્ય શ્રવણ કરી તેને યથોચિત્ ઇનામ આપી વિદાયગીરી આપતા. નૃત્ય, ગાયન આદિ કળાઓ ઉપર મહારાજને કંટાળો કે તિરસ્કાર ઉત્પન્ન થતો નહોતો. તેનું શ્રવણ, અવલોકન વગેરે કરી મહારાજ ક્વચિત્ પોતાનું મન રંજન કરતા; પરંતુ તેઓ તેમાં અતિ આસક્ત થઇ જતા નહોતા. તેમને શિકાર કરવાની વિશેષ લત નહોતી; પરંતુ મૃગયા રમવામાં હિંસક પશુઓનો સંહાર કરવાના મુખ્ય ઉદ્દેશને, ક્ષાત્રધર્મને અનુસરતો જાણી ફુરસદ મળતાં મહારાજ એકએ મહિને શિકાર કરવા જતા. તે સમયે તેઓ હરિણ આદિ ગરીબ પશુનો સહસા વધ કરતા નહિ. શ્રાદ્ધ આદિ વિધિમાં જરૂર પડતાં ક્વચિત્ પ્રસંગેજ મહારાજ એવાં પશુનો શિકાર કરતા હતા.

રાજ્યના નોકરોએ એકબીજા સાથે સલાહસંપથી વર્તવું જોઇએ, કોઇએ કોઇ પર ક્રોધ–દ્વેષ કરવો નહિ, એવી મહારાજની સખ્ત આજ્ઞા હતી. પ્રત્યેક નોકરે પોતાનું કામ કરવું, બીજાના કાર્યમાં હસ્તક્ષેપ કરવો નહિ અને કોઇ પણ કામમાં આગ્રહ કરી એકબીજા સાથે સ્પર્ધા કિંવા દ્વેષ કરવો નહિ એવો તેમણે નિયમ ઠરાવ્યો હતો. એક નોકર બીજા નોકરની બદનક્ષી કરવા જતો તે વખત મહારાજ તેની વાત સાંભળતાજ નહિ; એક અધિકારીએ બીજા અધિકારીનો દ્વેષ કર્યાથી પરસ્પર વચ્ચે વૈરભાવ ઉત્પન્ન થતાં મહારાજ તેમના મધ્યસ્થ થઇ તેઓનું વૈમનસ્ય દૂર કરતા; તેમ છતાં તે બન્ને અધિકારીઓ વચ્ચેનો વૈરાગ્નિ શાંત ન થાય તો તેઓ જો એકજ જાતિના અધિકારીઓ હોય તો, મહારાજ તેમનાં પુત્રપુત્રીનો લગ્નસંબંધ જોડી આપી બન્ને વચ્ચે હમેશની મિત્રતા બાંધી આપતા. નાના હોદ્દેદારે મોટા હોદ્દેદારનું એકાએક અપમાન કરવું નહિ, મહારાજની ગમે તેટલી કૃપાદષ્ટિ હોય તેમ છતાં કૃપાના બળ વડે તેમણે ઉચ્ચ હોદ્દેદારોનું માનખંડન કિંવા અપમાન કરવું નહિ, તેમણે રાજ્યકારભાર સંબંધી કંઇ પણ બોલવું નહિ, તેમણે મહારાજ પાસે એકાંતમાં જઇ પોતાના સંબંધી અથવા પોતાના ઇષ્ટમિત્રો સંબંધી કંઇ પણ વાતચીત કરવી નહિ; જે કંઇ નિવેદન કરવું હોય તે યોગ્ય અધિકારીદ્વારા કરવું, શિવાજી મહારાજનાં અતિ નિકટનાં સગાંસંબંધીજનોએ અથવા કૃપાપાત્ર સરદારોએ પણ મહારાજને કંઈ વિનંતી કરવી હોય તો યોગ્ય અધિકારીદ્વારા નિવેદન કરવું, એવો સખ્ત નિયમ હોવા છતાં, કોઇ મનુષ્ય મહારાજને પ્રત્યક્ષ જઈ વિનતી કરતો, તે સમયે તેઓ અમુક કારભારીને ઉત્તર આપવાનું કહી તેને રજા આપતા. કોઇ અધિકારી વિરુદ્ધ કોઇ મનુષ્ય ફરિયાદ કરવા જતું તો મહારાજ તે તરફ વિશેષ લક્ષ આપતા નહિ. કોઇ અધિકારીનો

અપરાધ થયાનું લક્ષમાં આવતાં મહારાજ તે સંબંધી સંપૂર્ણ તપાસ કરી, ખાતરી કર્યા સિવાય તેને ઠપકો કિંવા શિક્ષા કરતા નહોતા. રાજા કાચા કાનનો કિંવા ચલિત બુદ્ધિનો હોય છે, તેથી ઈર્ષ્યાખોર કિંવા પ્રપંચી મનુષ્યો તેની કાનભંભેરણી કરી અધિકારી પ્રત્યે રાજાનું મન કલુષિત કરવા ચૂકતા નથી. એમ થવાથી પ્રમાણિક સેવકની વર્તણુંક સંબંધી સંદેહ ઉત્પન્ન થઇ રાજા સેવકને અન્યાયપૂર્વક નુકસાન કરે છે. મહારાજ એ સર્વ નીતિ સારી પેઠે જાણતા હતા. પ્રપંચી અને ઇર્ષ્યાખોર મનુષ્યોનાં પગલાં તેઓ તરત ઓળખી જતા. સેવકજનો મહારાજની વૃત્તિ સારી પેઠે જાણતા હોવાથી, પોતાને હાથે અપરાધ થયા સિવાય કિંવા પોતાના કાર્યમાં ભૂલ થયા સિવાય મહારાજની પોતા પર ઇતરાજી થશે નહિ, એવી તેમને સંપૂર્ણ ખાતરી હતી.

મહારાજે દરબાર ભરવા સંબંધી અને સવારી કાઢવા સંબંધી કેવા નિયમો રચ્યા હતા, તેનું દિગ્દર્શન કરવું ઉચિત છે. પ્રથમ દરબાર ભરવાની યોજના લખવામાં આવે છે. દરબારસ્થળના મધ્યભાગમાં સિંહાસન ગોઠવ્યું હતું. તે ઉપર છત્રપતિ શિવાજી મહારાજ બિરાજતા હતા. સિંહાસન પાછળ હજૂરિયા મોરપિંછ, ચામર, પંખા, પાનદાન વગેરે લઇ ઊભા રહેતા. સિંહાસનની બન્ને બાજુએ દસબાર આપ્ત અને વિશ્વાસુ માનકરી ઊભા રહેતા. સિંહાસનની જમણી બાજુએ ગાદીતકિયા પર મુખ્ય પ્રધાન, પંતઅમાત્ય, પંતસચિવ, મંત્રી, ચિટનીસ, પરરાજ્યના વકીલ, મામલતદાર અને કિલ્લેદાર અનુક્રમે પોતાની યોગ્યતા પ્રમાણે બેસતા હતા. પ્રધાનના, સરદારોના અને બીજા અધિકારીઓના મદદનીશ તથા કારકુનો પોતપોતાના ઉપરીઅધિકારીઓની પાછળ બેસતા. તેમની પાછળ બન્ને બાજુએ કારખાનાંના અને મહાલના દારોગા બેસતા તથા હવાલદાર, નાયક વગેરે ઊભા રહેતા. અગ્રભાગ ઉપર બે ચોબદાર ઊભા રહેતા. સભાસદોને મુજરો કરાવવો, તેમને યોગ્યતા પ્રમાણે બેસાડવા અને કોઇ પરકીય મનુષ્ય આવતાં મહારાજને તેની વરધી આપવાનું કાર્ય ચોબદારો બજાવતા. ચોબદારો દરબારની દેવડીની ચોકી કરતા. કોઇ મનુષ્યને દરબારમાં બોલાવવાની જરૂર પડતાં, દેવડી પરના ચોબદાર પોતાના તાબાના સિપાઇને કિંવા ઘોડેસવારને રવાના કરતા.

સવારી માટે કેવા નિયમો રાખ્યા હતા તે જોઇએ. મહારાજની સવારી નીકળતી તે વખતે પ્રથમજ એક જરીના નિશાનવાળો અને એક ભગવાં નિશાનવાળો એવા બે હાથી ચાલતા. તેની પાછળ મુખ્ય પ્રધાન અને સેનાપતિનો એક જરીકસબના નિશાનવાળો અને એક ભગવા નિશાનવાળો એવા બે હાથી ચાલતા. તેની પાછળ લશ્કરનાં સર્વ નિશાનો અને તેની સાથેજ પાયગાના અને શિલેદારના સરદારો પોતાના થોડાક સૈનિક સહિત, ટુકડીઓને મોખરે ચાલતા હતા.

તેની પાછળ તોપખાનું અને દારૂગોળાનાં છકડાં ગાડાં ચાલતાં. તેની પાછળ શૂરવીર સરદારો હાથી ઉપર અને ઘોડેસવાર થઇ ચાલતા, તેની પાછળ પાયદળ લશ્કરના ઉઘાડી તલવાર, સાંગ, બરછી, ધનુષ્યબાણ, બંદૂક અને ભાલા ધારણ કરનાર સિપાઇઓ હારબંધ ચાલતા. તેની પાછળ નગારાં, ઢોલ, રણશિંગાં, તુરાઈ, ભેરી વગેરે રણવાદ્ય ચાલતાં. તેની પાછળ કોટવાળનો હાથી અને તેની પાછળ ઊંટ ઉપર ભાલા ધારણ કરેલા સિપાઇઓ ચાલતા હતા. તેની પાછળ હજૂરપાયગાના ઘોડેસવાર અને કોટવાળ ઘોડેસવાર ચાલતા હતા. તેમની પાછળ શરણાઇ અને રણઢોલ જેવાં મંગલવાદ્યો અને ઘોડા ઉપર નગારાં વાગતાં હતાં. તેમની પાછળ ભાટ અને બંદીજનો ચાલતા. તેમની પાછળ જુદી જુદી જાતનાં નિશાન, જંજીર અને ભાલા ધારણ કરનાર બાણદાર, ચોબદાર તથા લાઠી ધારણ કરનાર મનુષ્યો અને તેની પાછળ કસરતબાજ મલ્લ ચાલતા હતા. એટલાં મનુષ્યો સવારીની આગળ ચાલતાં હતાં. તેમની પાછળ શિવાજી મહારાજ હાથી પર સુંદર અંબાડીમાં બિરાજતા. એ હાથીની પાછળ અંતઃપુરની સ્ત્રીઓ મ્યાનામાં બિરાજતી. તેમની પાછળ અષ્ટપ્રધાન, જે ક્રમ પ્રમાણે દરબારમાં બિરાજતા તેજ પ્રમાણે હાથી પર બેસી ચાલતા. તેની પાછળ ચિટનીસ, કોટનીસ, માનકરી અને અન્ય સરદારો ઘોડેસવાર થઇ ચાલતા. એ સર્વની પાછળ દરબારી નોબત અને તેની સાથે સરલશ્કર અને અન્ય સરદારો ચાલતા.

મહારાજ ગુણીજનોની સલાહ લેવામાં અને તેમનો સંગ્રહ કરવામાં તત્પર રહેતા. તે સંબંધી ઇતિહાસપ્રસિદ્ધ એક ઉદાહરણ બખરોમાંથી મળી આવે છે. તે સંબંધી અત્રે ઉલ્લેખ કરી, આ લંબાણ પ્રકરણની સમાપ્તિ કરવામાં આવશે. દિલ્હીના બાદશાહી દરબારમાં ચિંતામણિ નામક કવિ હતો.* તે પોતાનાં કાવ્યો સંભળાવી બાદશાહનું મન રંજન કરતો હતો. એ કવિનો ભૂષણ નામક એક બંધુ હતો, તે પણ વિદ્વાન કવિ હતો; છતાં તેને કંઇ પ્રાપ્તિ થતી નહોતી. કવિ પોતાના બંધુના આશ્રય વડે જીવનનિર્વાહ કરતો હતો. તેને ઘરમાંજ બેસી રહેવાનું કોઇએ મહેણું માર્યાથી ઘણો ગુસ્સો ચઢ્યો, તેથી યવનનું અન્ન ભક્ષણ નહિ કરવાની પ્રતિજ્ઞા કરી, તેઓ દિલ્હી બહાર નીકળ્યા અને ફરતા ફરતા કમાઉ પહાડના એક રાજા પાસે જઈ પહોંચ્યા.× રાજાએ તેમને પોતાની પાસે રાખી

---

* એ કવિ નાગપુરના રાજા મકરંદશાહ ભોંસલેના દરબારમાં પ્રથમ ઘણાં વર્ષપર્યંત હતો, એમ કહેવાય છે.

× એ કવિ પ્રથમ પન્નાના રાજા છત્રસાલના દરબારમાં છ માસપર્યંત હતો; અને ત્યાંથી ઇ૦ સ૦ ૧૬૬૪માં મહારાજના

લીધા. ત્યાં કેટલાંક વર્ષ રહ્યા પછી કવિને સ્વદેશ જવાની ઇચ્છા થઇ. રાજાએ તેમને સ્વદેશ જવાની રજા આપતાં એક લાખ રૂપિયા બક્ષિસ આપ્યા. રજા આપતી વખતે રાજાએ કવિને કહ્યું કે, "મારા જેવો અન્નદાતા તમને પૃથ્વી ઉપર મળવો દુર્લભ છે!" રાજાના અહંકારભરેલા શબ્દો સ્વાભિમાની કવિને રુચ્યા નહિ. કવિએ તત્ક્ષણ રાજાને ઉત્તર આપ્યો કે, "આપના જેવા તો શું, પણ આપનાથી અધિક ઉદાર દાતા રાજા પૃથ્વી ઉપર હજારો પડ્યા હશે; પરંતુ આપના અહંકારી શબ્દો સાંભળી લાખ રૂપિયાને ઠોકર મારનાર મારા જેવા યાચકો નહિ હશે." એટલું કહી નિઃસ્પૃહ કવિ રાજાના લાખ રૂપિયાને સ્પર્શ નહિ કરતાં ત્યાંથી ચાલ્યા ગયા. કવિ પુનઃ ફરતા ફરતા શિવાજી મહારાજની કીર્તિ સાંભળી દક્ષિણમાં આવી પહોંચ્યા. મહારાજનાં દર્શન કરી કવિએ કહ્યું કે, "જે રાજા યવનોનો દુશ્મન હોય તેમના આશ્રયમાં રહેવાની મારી ઇચ્છા છે." એ સાંભળી શિવાજી મહારાજે કવિને સારૂં વર્ષાસન બાંધી આપી પોતાની પાસે રાખી લીધા. કવિ જુદાજુદા વિષયો ઉપર વૃજભાષામાં હૃદયસ્પર્શી, મધુર કવિતાઓ બનાવી વખતોવખત મહારાજનું મન રંજન કરતા. તેમણે કાવ્યમાં શિવાજી મહારાજના પ્રતાપનું વર્ણન કર્યું છે અને તે ગ્રંથનું નામ "શિવરાજભૂષણ" પાડ્યું છે.× તેમાં રસાત્મક કાવ્યરચના જોઇ મહારાજ ઘણાજ ખુશી થયા હતા. કવિ મહારાજ પાસે ઘણાં વર્ષ રહ્યા પછી સ્વદેશ જવા તૈયાર થયા. તે સમયે મહારાજે તેમને પુષ્કળ દ્રવ્ય અર્પણ કરી, સન્માન કર્યું હતું અને તેમને પાછા આવવા માટે આગ્રહ કર્યાથી પાછા આવવાનું કબૂલ કર્યું હતું.

ભૂષણ કવિ શિવાજી મહારાજ પાસેથી પુષ્કળ દ્રવ્ય અને સન્માન મેળવી દિલ્હી આવ્યાના સમાચાર સાંભળી ઔરંગઝેબ બાદશાહે તેમને પોતાની મુલાકાતે બોલાવવાની ઇચ્છા ચિંતામણિ કવિને જણાવી. બાદશાહની ઇચ્છા કવિએ પોતાના બંધુ ભૂષણ કવિને જણાવી, ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે, "બાદશાહ મારા સ્વામી શિવાજી મહારાજના શત્રુ છે; મારે શા માટે તેમનાં દર્શન કરવા જવું? કારણકે મારા મુખમાંથી શિવાજી મહારાજના પ્રતાપ સિવાય અન્ય કાવ્યો ગવાશે નહિ

આશ્રયમાં આવ્યો એવું "કાવ્યેતિહાસસંગ્રહ" નામક મરાઠી માસિક પુસ્તકમાં લખ્યું છે.

× એ કાવ્ય "કાવ્યેતિહાસ સંગ્રહ" નામક મરાઠી ભાષામાં પ્રકટ થતા માસિકપત્રમાં પ્રકટ થયું છે. રાજ્યાભિષેક પછી એક વર્ષે કાવ્યગ્રંથ રચાયો હતો. કવિએ કાવ્યમાં અલંકારોનું વર્ણન કર્યું છે; અને ઉદાહરણ માટે જે પદ્યો રચ્યાં છે તેમાં તેણે શિવાજી મહારાજનું વર્ણન કર્યું છે.

અને તેમ થવાથી બાદશાહને માત્ર ક્રોધ ઉત્પન્ન થશે.” ચિંતામણિ કવિએ પોતાના બંધુને અત્યાગ્રહ કર્યાથી તેઓ બાદશાહના દરબારમાં જવા કબૂલ થયા; પરંતુ કવિએ શરત કરી કે, “મને દરબારમાં કવિતા ગાવાનું કહેવામાં આવશે, તો હું ફક્ત શિવાજી મહારાજના પ્રતાપનુંજ વર્ણન ગાઇશ. એ શરત બાદશાહને કબૂલ હોય તો હું દરબારમાં આવીશ.” ચિંતામણિ કવિએ બાદશાહને પોતાના બંધુની શરત નિવેદન કરતાં તેમણે તે શરત કબૂલ કરી. ભૂષણ કવિ દરબારમાં ગયા. બાદશાહે તેમને કંઇ વર્ણન કરવાનું કહ્યું. કવિએ કહ્યું કે, “આપ નામદાર હાથ ધોઇ સ્વચ્છ કરો, કારણકે મારો બંધુ શૃંગારરસપૂર્ણ કવિતા કરી આપનું મન રીઝવે છે, તે સમયે આપ વારંવાર દાઢી ઉપર હાથ ફેરવો છો; પણ હું વીરરસપૂર્ણ કવિતા કહીશ તે સમયે આપ વારંવાર મૂછ ઉપર હાથ ફેરવશો.” એ સાંભળી બાદશાહે કહ્યું: “તમારૂં કાવ્ય સાંભળી મારો હાથ મૂછ ઉપર જશે નહિ, તો તમારો શિરચ્છેદ કરાવીશ.” એમ કહી કવિરાજને કાવ્ય સંભળાવવાની આજ્ઞા ફરમાવી. કવિએ શિવાજી મહારાજના પ્રબળ પ્રતાપનું વર્ણન કરવા માંડયું. કાવ્યો સાંભળી બાદશાહે કવિને કહ્યું કે, “હું સાર્વભૌમ બાદશાહ છું. બીજા રાજા અમને ખંડણી આપે છે, તે સંબંધી વર્ણન કરો.” કવિએ કાવ્યમાં સર્વ રાજાને વૃક્ષની અને ઔરંગઝેબ બાદશાહને ભ્રમરની ઉપમા આપી અને બાદશાહ સર્વ વૃક્ષોના પુષ્પોમાંથી મધુસેવન કરે છે, એવું વર્ણન કર્યું. એ વર્ણનમાં તેમણે શિવાજી મહારાજને ચંપકવૃક્ષની ઉપમા આપી. એનું કારણ સ્પષ્ટજ છે કે, “જેમ ભ્રમર ચંપક પુષ્પને સ્પર્શ કરતો નથી, તેમ પ્રબળ પ્રતાપી ઔરંગઝેબ બાદશાહ માત્ર શિવાજી મહારાજનો પરાજય કરી શકતા નથી.” એવો ભાવ વ્યક્ત કર્યો હતો. ત્યાર પછી બાદશાહે કહ્યું કે, “મને હાથ ધોઇ સ્વચ્છ કરવાનું કહ્યું છે તેનું કેમ?” તે સમયે કવિએ બીજાં છ કાવ્યો સંભળાવ્યાં. તેમાં કેટલુંક એવું ઉત્કૃષ્ટ વર્ણન હતું કે છઠ્ઠું કાવ્ય ગવાતાં કવિના હોકારાની સાથેજ બાદશાહને સંપૂર્ણ આવેશ ચડયો અને અકસ્માત્ મૂછે તાલ દીધો; એટલે કવિએ પોતાનું કવન બંધ કર્યું. કવિનું ચાતુર્ય અને કાવ્યશક્તિ જોઇ બાદશાહ અતિશય ખુશી થયા અને તેમનું યથોચિત્ સન્માન કરી સારી બક્ષિસ આપી. બાદશાહના દરબારમાં શિવાજી મહારાજનો વકીલ રહેતો હતો, તેણે સર્વ હકીકત મહારાજને લખી મોકલી. એ વાંચી મહારાજને પરમ સંતોષ થયો અને કવિને સત્વર મોકલી દેવા વકીલને પત્ર લખ્યો. પત્ર મળતાંજ ભૂષણકવિ પુનઃ શિવાજી મહારાજ પાસે જઇ રહ્યા હતા, એવું કહેવામાં આવે છે.

प्रकरण २५ मुं–मोगल अने विजापुरसरकार साथे पुनः कलह

મોગલ બાદશાહના સૂબેદાર ખાનજહાં સાથે શિવાજી મહારાજે સલાહ કરી તેની મારફતેજ ઔરંગઝેબ બાદશાહને એક અરજી મોકલી. શિવાજી મહારાજે તેમને ઘીના કુપ્પામાં હાથ મુકાવવાનો પ્રયત્ન કર્યો હતો અને મોગલ સૈન્ય તેમના વિરુદ્ધ કંઇ પ્રવૃત્તિ કરે નહિ એવી ગોઠવણ કરી હતી; એ સંબંધી પાછળ લખવામાં આવ્યું છે; પરંતુ એ સલાહ ઘણા દિવસ ટકી નહિ. મહારાજે મોટા ઠાઠમાઠથી પોતાનો અભિષેક કરી ચિરવાંચ્છિત હિંદુ–બાદશાહીની પુનઃ સ્થાપના કર્યાના સમાચાર સાંભળતાંજ બાદશાહને મહારાજ ઉપર ક્રોધ ચડ્યો. પોતાનો દક્ષિણનો સૂબો મહારાજ સાથે મળી ગયાનો બાદશાહને વહેમ આવ્યો અને તે શાંત બેસી રહ્યો હોવાથી તેને તેમણે સખ્ત ઠપકો આપ્યો. આ વખતે ખાન પેડગામમાં પોતાની છાવણીમાં મોજ કરતો હતો. રાજ્યાભિષેક પૂરો થતાંજ બીજા માસમાં તેની છાવણી લૂંટવાનો મહારાજે નિર્ણય કર્યો અને બે હજાર ઘોડેસવારો મોકલીને તે તરફના મોગલોના પ્રાંત લૂંટવાની યોજના કરી; એટલે ખાન એ લોકોને હાંકી કાઢવાને માટે પોતાનું સૈન્ય લઇને ગયો. મહારાજની ઘોડેસવાર સેના ખાનને છેતરીને ઘણેજ દૂર લઇ ગઇ એટલે મહારાજે સાત હજારનું સૈન્ય લઇ ખાનની છાવણી પર અકસ્માત્ હલ્લો કરી તેના લોકોનો પરાજય કર્યો અને છાવણી યથેષ્ટ લૂંટી. આ લૂંટમાં તેમને એક કરોડ રૂપિયા અને બીજી અનેક વસ્તુઓ પ્રાપ્ત થઈ. બાદશાહને ભેટ કરવાને માટે ખાને ઊંચી જાતના બસો ઘોડા એકઠા કર્યા હતા, તે ઘોડા પણ મહારાજને હાથ આવ્યા. મોગલસેનાના તંબૂઓને બાળી નાખવામાં આવ્યા. એ પરથી દિલેરખાને સૈન્ય સહિત મહારાજના પ્રાંતમાં પ્રવેશ કરી તેમની સાથે યુદ્ધ શરૂ કર્યું. મહારાજે તેના પર મોરો પંતને ચડાઇ લઈ મોકલ્યો. તેમણે ખાન સાથે સામે મોઢે યુદ્ધ કરવાનું સાહસ નહિ કરતાં, મોગલોના પ્રાંતમાં પ્રવેશ કરી તેમનાં થાણાં સર કરવા માંડ્યાં. મોગલોએ જીતી લીધેલા ઔધ અને પટ્ટાનાં થાણાં પંતે પુનઃ તાબે કરી લીધાં. એ સમયે પંતે શિવનેરીનો કિલ્લો પાછો મેળવવા ઘણા પ્રયત્ન કર્યા

પણ તેમાં ફાવ્યો નહિ. મોરો પંત એ સ્થળે ગૂંથાયો હતો તે સમયે હંબીરરાવ સેનાપતિ સુરત નજીકના કિનારા ઉપર થઇને ઉપલા પ્રદેશ તરફ ગયો. તેણે પોતાના લશ્કરની અનેક ટુકડીઓ બનાવી ચારે દિશામાં મોકલી દીધી. તેઓએ તે તરફના મોગલોના તાબાના પ્રાંત લૂંટી પાયમાલ કરી નાખ્યા. મરાઠા લશ્કરની એક ટુકડીએ નર્મદા ઓળંગી ભરૂચ પ્રાંતમાં પ્રવેશ કર્યો અને તેઓએ એ પ્રાંતની પ્રજા ઉપર જબરજસ્ત ખંડણી બેસાડી. મરાઠા લશ્કરે એવું તોફાન મચાવ્યાથી દિલેરખાને પોતાની સૂબેદારી નીચેના પ્રદેશનો મજબૂત બંદોબસ્ત રાખવા માટે શિવાજી મહારાજના પ્રદેશમાં ગયેલું પોતાનું લશ્કર પાછું બોલાવી લીધું.

દિલેરખાન પાછો ફર્યાથી મોરો પંતે દશ હજાર સૈનિક સહિત કલ્યાણ નજીક છાવણી નાખી અને વસઇના ફિરંગીઓ પાસે પોતાનો વકીલ મોકલી તેમના સઘળા પ્રાંતની ઉપજનો ચોથો હિસ્સો માગ્યો. મહારાજે ફિરંગીઓ પાસે અગાઉ ચોથા ભાગની માગણી કરી હોય એમ જણાય છે. ફિરંગીઓએ અગાઉ તહનામું કરી મહારાજને પ્રતિ વર્ષે તોપ, દારૂગોળા વગેરે પૂરું પાડવાનું કબૂલ કર્યું હતું અને શરત પ્રમાણે તેઓ વર્તતા પણ હતા. સાંપ્રત સમયે તેમના પ્રાંતમાંથી ચોથ-ભાગનો હક માગવાનું કારણ એ હતું કે, પોતાના પ્રાંતનાં ઘણાં હિંદુકુટુંબો પર ખ્રિસ્તીધર્મ સ્વીકારવા માટે તેમણે જુલમ ગુજારવા માંડ્યો હતો અને જેઓ તે ધર્મ સ્વીકારવા તૈયાર થયા નહોતા તેમને તેઓ ભયંકર રીતે સતાવતા હતા. ફિરંગીઓના એ જુલમની વાત સાંભળતાં મહારાજના અંતઃકરણમાં અત્યંત દુઃખ થવાથી તેમના પ્રાંત ઉપર ચોથ-ભાગની ખંડણી નાખવાનો તેમણે સંકલ્પ કર્યો હતો. મોરો પંતે મોકલેલા વકીલને ફિરંગીઓએ ઘણું કરીને ના પાડી નહોતી; કારણકે તેઓએ મોરો પંત સાથે યુદ્ધ કર્યાનું કોઇ પણ સ્થળે જણાતું નથી. ફિરંગીઓએ કોઇ પણ રીતે મોરો પંત સાથે નિકાલ કરી તેમના સપાટામાંથી મુક્ત થવાની વ્યવસ્થા કરેલી હોવી જોઇએ. મરાઠા સાથે યુદ્ધ કરવાનું તેમનામાં બિલકુલ સામર્થ્ય નહોતું. મોરો પંતે પણ તેમના પ્રાંતમાં ઉપદ્રવ કર્યો હોય, એમ જણાતું નથી.

સાષ્ટી બેટ આગળ મોરો પંતની છાવણી પડી હતી. તે ત્યાં ઘણા દિવસ સુધી રહ્યો હતો; તેથી સીદીને તેની ઘણી બીક લાગી. વળી મહારાજના ઘણા સૈનિકો કિનારા ઉપરથી નીચે ઊતરવાના તેને સમાચાર મળ્યા હતા. એ સમયે સીદીનાં વહાણો મુંબઇબંદર નજીક હતાં. મરાઠાઓ તે વહાણને આગ લગાડતાં પાછા હઠશે નહિ, એવી સીદીને બીક લાગે એ પણ સ્વાભાવિક હતું; તેથી સીદીએ પોતાનાં વહાણો ત્યાંથી સત્વર વેગળાં ખસેડી લીધાં. મોરો પંત સૈન્ય સહિત

કિનારે ઊતરી કલ્યાણ આગળ છાવણી નાખી પડયાના સમાચાર સુરત પહોંચતાંજ ત્યાંની પ્રજા ગભરાઇ ગઇ. સેનાપતિ હંબીરરાવે ભરૂચ સુધી જઇ પહોંચી તે તરફના પ્રદેશમાં તોફાન મચાવ્યું હતું; તેથી પોતાના શહેર ઉપર એ દિશામાંથી હુમલો આવતાં પ્રજાની દુર્દશા થવાની પ્રજાજનોને ચિંતા થાય, એ સ્વાભાવિક હતું.

બે પ્રધાન એ પ્રાંતોમાં લૂંટફાટ કરતા હતા. તે સમયે શિવાજી મહારાજ સ્વસ્થ બેઠા નહોતા. કિનારા ઉપરથી ઊતરતું સર્વ લશ્કર મોરો પંતની છાવણીમાં એકઠું થતું હતું. એ પ્રચંડ લશ્કર એકજ સ્થળે ભેગું થવાનું કારણ ઘણા દિવસ સુધી કોઇની કલ્પનામાં આવ્યું નહિ. મોરો પંત પાસે પચીસ હજાર સૈનિક એકઠા થયા પછી તેમની છાવણીનો બંદોબસ્ત તપાસવાને બહાને શિવાજી મહારાજ રાયગઢથી નીકળી કોંકણમાં આવ્યા. એટલી બધી ઉતાવળથી જવાનો હેતુ કોઇ જાણી શકયું નહિ. એ સમયે જુન્નરમાં મોગલોનું મોટું થાણું હોવાથી ત્યાં મોગલોના આશરે ચાળીસ હજાર સિપાઇઓ એકઠા થયા હતા. તેઓ મહારાજના પ્રાંતમાં પ્રવેશી યુદ્ધ કરવાની તૈયારીમાં હતા. મહારાજે એ સમાચાર જાણ્યા હતા, તેથી તેમણે શત્રુને જાણવા નહિ દેતાં વિશાળ લશ્કર ભેગું કર્યું હતું. મહારાજ સ્વતઃ પ્રચંડ સૈન્ય લઇને વેગપૂર્વક જુન્નર તરફ ગયા અને મોગલોના મોટા લશ્કર ઉપર અકસ્માત્ હુમલો કર્યો. ઉભય પક્ષ વચ્ચે ઘનઘોર યુદ્ધ જામ્યું. તેમાં મોગલ લશ્કરનો પરાજય થયો અને તેઓ આસપાસ નાસી છૂટયા. એ યુદ્ધમાં મહારાજ કરતાં મોગલોને દસગણું નુકસાન થયું. શત્રુનું સૈન્ય ચારે દિશામાં નાસતું હતું. મહારાજના લશ્કરની ટુકડીઓએ તેમની પૂંઠ પકડી. તેમાં શત્રુના ઘણા ઘોડા અને પુષ્કળ યુદ્ધોપયોગી સામાન મહારાજને પ્રાપ્ત થયો. શત્રુના નાસી જતા સૈન્યની પૂંઠે પડેલા મહારાજના સૈન્યે તેમને ઘણે વેગળે સુધી નસાડી મૂકયા. માર્ગમાં આવતા મોગલોના પ્રદેશ તેમણે લૂંટી ઉજજડ કર્યા. મરાઠા લશ્કરની એક ટુકડીએ તો શત્રુના સૈન્યને બ્રહ્મપુરીપર્યંત નસાડી મૂકયું અને ત્યાંનાં સર્વ બજારો લૂંટી પુષ્કળ માલ લઇ આવ્યા. એજ પ્રમાણે સુરત શહેરમાં માલ જવાના માર્ગમાં મહારાજના સૈનિકો ઊભા રહ્યા અને મળ્યો તેટલો માલ લૂંટી લાવ્યા.

મહારાજે જુન્નરનું થાણું કબજે લેવાનો નિશ્ચય કરી તે કિલ્લાને ઘેરો નાખ્યો અને તે પર તોપોનો મારો ચલાવ્યો. તેમ છતાં કિલ્લો કેમે કર્યો તેમના તાબામાં આવ્યો નહિ. મહારાજના બે શૂરવીર પુરુષોએ કિલ્લા ઉપર ચઢી તેના દરવાજા ઉઘાડવાનો યત્ન કર્યો; પરંતુ કિલ્લા પરના સિપાઇઓએ તેમને ઉપર ચઢતા જોઇ તેમના તરફ મોટી શિલાઓ ફેંકયાથી તેઓનો નાશ થયો. મોટી શિલાઓ નીચે ફેંકી મરાઠા લશ્કરનો નાશ કરવાની યુક્તિમાં ફાવવાથી તેઓએ

કિલ્લા ઉપરથી મોટી મોટી શિલાઓ ફેંકી મરાઠા લશ્કરનો નાશ કરવા માંડ્યો. પોતાનો નાશ થતો જોઈ મરાઠા લશ્કરને હિંમત રહી નહિ, તેથી તેઓ નાસવા લાગ્યા. મરાઠા લશ્કરને નાસતું જોઇ મોગલ લશ્કર તેમની પૂંઠે પડ્યું; પરંતુ તેમ થવાથી મોગલ લશ્કરનો ઊલટો કચ્ચરઘાણ નીકળી ગયો, કારણકે શત્રુઓની આગળ નાસવાની મરાઠા લશ્કરની યોજના ઘણી વિલક્ષણ હતી. તેઓ નાસીને ઘણે વેગળે જતા પણ પુનઃ એકત્ર થઇ શત્રુ સામા ધસી જતા. શત્રુઓ એ સમયે પણ પ્રબળ હોય અને પુનઃ પણ પોતાનો પરાજય થાય, તો મરાઠાઓ નાસી જતા અને વળી પાછા એકત્ર થઈ શત્રુઓ ઉપર તૂટી પડતા. મરાઠા લશ્કરની એવી યુક્તિને લીધે તેની પૂંઠે પડી પરાજય પમાડવાની ઇચ્છા રાખનાર લશ્કરનોજ ઊલટો પરાજય થતો. એજ યુક્તિથી આ સમયે મોગલોના પુષ્કળ લશ્કરનો નાશ થયો; પરંતુ જુન્નરને પુનઃ ઘેરો નાખવામાં લાભ નહિ જણાયાથી મહારાજ પોતાના લશ્કર સહિત રાયગઢ ગયા.

ફોંડના સૂબેદારે મહારાજને જુન્નર તરફ ગૂંથાયલા જાણી તેમની સાથે કરેલા તહનામાનો ભંગ કરી પુનઃ વિજાપુરસરકારની તાબેદારી સ્વીકારી હતી અને મહારાજના તટપ્રદેશનાં થાણામાં ત્રાસ વર્તાવવા માંડ્યો હતો. રાયગઢ પર જતાંજ મહારાજને સમાચાર મળ્યાથી તેમણે તેનો પરાજય કરવાનો નિશ્ચય કર્યો અને કિલ્લા પર સવારી કરવા વિશાળ સૈન્ય તૈયાર કર્યું. સવારીમાં મહારાજ પોતે પણ ગયા હતા. આ સવારીમાં પંદર હજાર ઘોડેસવારો, ચૌદ હજાર પાયદળ અને બીજાં દસ હજાર માણસો હતાં. રાજાપુરમાં ત્રણ દિવસ કામ કરીને ચાળીસ વહાણો તૈયાર કરાવ્યાં અને તેમને બેંગલોરના બંદરમાં જઇને રહેવાનું કહ્યું તેમજ પોતે ત્યાંથી કુંડાળા તરફ જઇ, ફોંડ પહોંચ્યા અને કિલ્લાને મજબૂત રીતે ઘેરો નાખ્યો. કિલ્લો અતિશય મજબૂત હતો અને અંદરના સૈનિકો ઘણી હિંમતથી લડ્યા. કિલ્લો કેમે કર્યો તાબામાં આવતો નહોતો; એટલે મહારાજે કિલ્લા તરફ જતી અન્નસામગ્રી અટકાવીને અંદરનાં માણસોને ભૂખે મારી કિલ્લો તાબે કરવાનો ઇરાદો કર્યો. કિલ્લાના સૂબેદાર મહંમદખાન પાસે માત્ર ચાર મહિના ચાલે એટલીજ સામગ્રી હતી. વિજાપુર-સરકાર તરફથી મદદ મળવાની તેને મુદ્દલે આશા ન હતી; પોર્ટુગીઝ લોકો તરફથી પણ મદદ મળે એમ હતું નહિ; કારણકે મહારાજ સાથે ઉઘાડો વિરોધ કરીને પોતાના ગોવા પ્રાંતનું રક્ષણ કરવાની તેમનામાં તાકાત હતી નહિ. ત્યાંનો સૂબેદાર રૂસ્તમજમાન પણ દ્રવ્ય અને માણસની તંગીને લીધે કંઈ મદદ કરી શકે એમ હતું નહિ. મીરજમાં આ વખતે બહિલોલખાન પોતાના પંદર હજાર સૈનિકો લઇ પડેલો હતો, તેના મનમાં કિલ્લેદારને મદદ કરવાની ઇચ્છા હતી; પરંતુ તેના

માર્ગમાં મહારાજે ઝાડ વગેરે કાપીને કોટ ઊભો કરી, તે પર પોતાના માણસો મૂકી દીધાં. એ મુસ્કેલીમાંથી પાર પડવું અશક્ય લાગવાથી બહિલોલખાન ફોંડના કિલ્લેદારને મદદ ન કરતાં પોતાના સ્થાનમાંજ બેસી રહ્યો; તેથી દરબારના લોકો તેના પર એવો આરોપ મૂકવા લાગ્યા કે, તેણે શિવાજી મહારાજ પાસેથી લાંચ લીધી છે. મહંમદખાનને આમ ચારે બાજુથી નિરાશા મળી, છતાં પણ ઘણીજ શૂરવીરતાથી તેણે પુષ્કળ દિવસો સુધી ઘેરો ટકાવી રાખ્યો. મહારાજે પણ ઘણીજ કાળજીથી ઘેરાનું કામ ચાલુ રાખ્યું. બહારનો કોટ હસ્તગત કરીને તેની તળેની ખાઇ પૂરી દીધી અને પાંચસો સીડીઓ તથા અર્ધોઅર્ધો શેર સોનાની પાંચસો કડીઓ તૈયાર કરી અને પોતાનાં માણસોને કહ્યું કે, " જે કોઈ સીડી લગાવીને કિલ્લા પર ચડી જશે તેને આ કડી ઇનામ આપવામાં આવશે." આ લડાઇમાં મહારાજનાં પુષ્કળ માણસો મરાયાં. પછી મહારાજે કિલ્લાને મોટી મોટી સુરંગ લગાડી. આથી કિલ્લામાં બાકોરું પડયું અને કિલ્લા પરનાં ઘણાં માણસો સુરંગ ફૂટવાથી મરણ પામ્યાં. એ રીતે કિલ્લા પરનાં માણસોનો પરાભવ થયો અને કિલ્લો મહારાજને હાથ આવ્યો. કિલ્લામાંનાં માણસોમાંથી માત્ર મહંમદખાન અને બીજાં પાંચ માણસોજ બચવા પામ્યાં. આ પાંચ માણસો પણ એજ કારણથી બચી શક્યાં કે, તે બાજુના વિજાપુરસરકારના સર્વ કિલ્લાઓ અને પ્રાંતો મહારાજને તાબે કરવાનું મહંમદખાને વચન આપ્યું અને તે બાજુના સર્વ કિલ્લાઓ મહારાજને સ્વાધીન કરી દેવાના પત્રો લખ્યા; પણ તે તેમણે ગણકાર્યું નહિ. આથી મહારાજે મહંમદખાનને કેદમાં રાખ્યો. અકોલાના ફોજદાર ઈનામતખાને મહંમદખાનનો સર્વ પ્રદેશ પોતાને તાબે કર્યો અને તેમાંના કિલ્લાઓ પર પોતાનાં માણસો મૂકયાં; પરંતુ મહારાજ સામે તે ટકી નહિ શકવાથી તેણે થોડાક પૈસા લઇને તે કિલ્લાઓ તેમજ તેના તાબાનો સર્વ પ્રદેશ મહારાજને સ્વાધીન કરી દીધો. પછી મહારાજે અકોલા, શિવેશ્વર અને કાદ્રા શહેરો પોતાના તાબે કર્યાં અને દક્ષિણમાં ગંગાવતી નદી પર્યંતનો વિજાપુર-સરકારનો સઘળો પ્રદેશ સ્વાધીન કર્યો.

ચડાઇમાં મહારાજના લશ્કરમાંના ઈબ્રાહીમ નામક એક શૂરવીર સરદારે અતિશય પરાક્રમ બતાવ્યાથી મહારાજે તેની પ્રશંસા કરી તેને સારૂં ઇનામ આપ્યું અને તેનેજ કિલ્લાનો હવાલદાર નીમ્યો. કિલ્લાની હવાલદારી એક મુસલમાનને આપવાનો આ પહેલોજ બનાવ હતો. મરાઠા સિવાય કોઈને કિલ્લાની હવાલદારી આપવાનો મહારાજનો રિવાજ નહોતો. એ ઉપરથી જણાય છે કે, મુસલમાન સરદારના પ્રમાણિકપણા સંબંધી મહારાજને સંપૂર્ણ ખાતરી થઈ હતી; નહિ તો સરહદ ઉપરના કિલ્લા પર તેને હવાલદાર નીમવાનું મહારાજ

કદાપિ સાહસ કરત નહિ.

ફોંડના કિલ્લા પર થાણું બેસાડ્યા પછી મહારાજે આસપાસનો પ્રાંત કબજે કર્યો અને તેને પોતાના તાબામાં રાખવા માટે ત્યાં ભીમગઢ અને પારગઢ નામક બે નવીન કિલ્લા બંધાવ્યા. ત્યાર પછી મહારાજે સુંદ પ્રાંતમાં પ્રવેશ કરી ત્યાંના ઘણા કિલ્લા કબજે કર્યા. કારવારના કિલ્લા પરનો હવાલદાર સામોપચારપૂર્વક મહારાજને તે કિલ્લો સોંપતો નહોતો; તેથી મહારાજે પોતાના લશ્કરને તે શહેરમાં આગ લગાડવાની આજ્ઞા આપી. શહેરમાં અંગ્રેજ વેપારીઓ નિવાસ કરતા હતા, તેમની સાથે મહારાજે સારી વર્તણુંક ચલાવી હતી. તેમની વખારોને ઉપદ્રવ કરવામાં આવ્યો નહોતો. એ સમયે કોંકણ અને કાનડા પ્રાંતના ઉત્તર સીમા પર્યંતનો સઘળો પ્રદેશ મહારાજે કબજે કર્યો હતો, બેદનૂર પ્રાંતમાં એક સ્ત્રી× રાજ્ય ચલાવતી હોવાથી એ પ્રાંતમાં ઉપદ્રવ કરવાનું મહારાજને યોગ્ય લાગ્યું નહિ. એ પ્રાંતની રાણીએ તેમને ઘણું નજરાણું ભેટ મોકલી વિનંતી કરી કે, "મારા કેટલાક કારભારીઓ અને સગાંઓ મારી વિરુદ્ધ થયાં છે, તેઓનો પરાજય કરવા માટે આપે મને મદદ કરવી." મહારાજે સંતોષપૂર્વક માન આપી તેની વિનંતી સ્વીકારી અને પોતાનું થોડું લશ્કર રાણીની મદદે મોકલી તેનું સંકટ નિવારણ કર્યું.

મહારાજને ફોંડ પ્રાંત તરફ ચડાઈમાં ગયેલા જાણી ફલટણના નિંબાળકર અને મલવડીના ઘાટગે નામક વિજાપુરસરકારના બે જાગીરદારોએ પન્હાળા અને તાતોરાના કિલ્લા અને મધ્યસ્થનાં સર્વ થાણાં મહારાજના અમલદારો પાસેથી કબજે કર્યાં તથા ત્યાંથી તેમના લશ્કરને હાંકી કાઢ્યું. બંને કિલ્લાની આસપાસનો સર્વ પ્રદેશ તેઓએ કબજે કરી વિજાપુરસરકારને સોંપી દીધો; પરંતુ દક્ષિણની ચડાઇમાં વિજય પ્રાપ્ત કરી મહારાજ કિનારા ઉપરના પ્રદેશમાં આવતાંજ તેમણે પોતાનાં થાણાં અને પ્રાંત પુનઃ કબજે કરી લીધાં; તેમજ ભવિષ્યમાં એ કિલ્લા અને પ્રાંત પુનઃ વિજાપુરસરકારના જાગીરદારોના હાથમાં એકાએક જાય નહિ તે માટે તાતોરા અને પન્હાળાના કિલ્લાની વચમાં મહારાજે હારબંધ બીજા કિલ્લા બંધાવ્યા. એ કિલ્લાનાં નામ વર્ધનગઢ, ભૂષણગઢ અને સદાશિવગઢ વગેરે પાડ્યાં હતાં. નવીન બાંધેલા કિલ્લા ઘણા મજબૂત નહોતા; પરંતુ તેને લીધે આસપાસના પ્રદેશનું રક્ષણ થતું હતું.

મહારાજે જ્યારે ફોંડના કિલ્લાને ઘેરો ઘાલ્યો ત્યારે મોગલો પોતાના પ્રાંતમાં કશો ઉપદ્રવ કરે નહિ, તે માટે મહારાજે તેમની

× આ સ્ત્રી વિધવા હતી અને પોતાનો પુત્ર નાનો હોવાથી તેના વતી રાજ્યકારભાર ચલાવતી હતી.

સાથે તહની વાતો ચલાવી હતી, એવું કહેવાય છે. તેમાંની મુખ્ય કલમ એવી હતી કે, "મહારાજે ઔરંગઝેબને સત્તર કિલ્લા આપવા અને મોગલ સૂબેદારને મદદ કરવા માટે શંભાજીને કેટલાંક માણસો સાથે ઔરંગાબાદ મોકલવો." ઔરંગઝેબને આ તહ કરવાનું ઠીક લાગવાથી ફરમાન મોકલીને તહ કબૂલ કર્યો અને શિવાજી મહારાજના પૂર્વ અપરાધો ક્ષમા કર્યા છે, એવું તેમાં જણાવ્યું. આથી બહાદુરખાને મહારાજને સંદેશો કહાવ્યો કે, "બાદશાહના આ ફરમાનને માન આપીને સત્તર કિલ્લા અમારે સ્વાધીન કરી દો." પરંતુ એટલા સમયમાં તો મહારાજ ફોંડના ઘેરામાંથી મોકળા થયા હતા, એટલે તેમણે ખાનના માણસ જોડે એવો સંદેશો કહેવડાવ્યો કે, "તમે તે અમને એવી કયી મુશ્કેલીમાં લાવી નાખ્યા છે કે જેથી તમારી સાથે અમારે તહ કરવો પડે?" આ જવાબથી બહાદુરખાનને ઘણુંજ આશ્ચર્ય થયું અને શિવાજી મહારાજે ખોટો પ્રપંચ રચીને તેને ફસાવ્યો તે બદલ તેને ખોટું લાગ્યું. આથી તેનો બદલો લેવાને માટે વિજાપુરસરકારના વજીર જોડે તેણે મસલત ચલાવી, મહારાજ પર એક સાથે હુમલો કરવાનું નક્કી કર્યું. ઔરંગઝેબને પણ આ વાત પસંદ પડી અને આ મદદ કરવા માટે વિજાપુરસરકારની એક વર્ષની ખંડણી માફ કરવાનું તેણે વચન આપ્યું; પરંતુ એટલામાંજ વિજાપુરદરબારમાં ઉથલપાથલ થવાથી ખવાસખાનના હાથમાંથી સર્વ સત્તા જતી રહી અને મોગલોનો એ ઉદ્દેશ પરિપૂર્ણ થયો નહિ.

હંબીરરાવ સેનાપતિ ગુજરાતમાં સર્વત્ર એકસરખું તોફાન મચાવી રહ્યો હતો. તે મોગલોના પ્રાંતમાં યથેષ્ટ લૂંટફાટ કરીને સ્વદેશ આવવા નીકળ્યો હતો. દિલેરખાન તેની હિલચાલ પર સંપૂર્ણ લક્ષ રાખતો હતો. હંબીરરાવને લૂંટફાટના માલ સહિત પોતાની હદ પસાર કરી જતો જોઇ, ખાન તેની પૂંઠે પડ્યો. તેમ છતાં તેના હાથમાંથી છૂટી જઇ મહારાજનો એ મહાપ્રતાપી સેનાપતિ લૂંટના માલ સહિત રાયગઢ જઇ પહોંચ્યો અને દિલેરખાનને ડોળા ખેંચતો રહેવા દીધો. ચોમાસું વીતતાંજ હંબીરરાવે પુનઃ મોગલોના પ્રદેશમાં પ્રવેશ કરી તેમની પાયમાલી કરી. છતાં કોઇ પણ મોગલસરદારે તેને અડચણ કરી નહિ; કારણકે એ સમયે મોગલ અને વિજાપુરસરકાર વચ્ચે કંઇ કારણસર યુદ્ધ જામ્યું હોવાથી દિલેરખાન વગેરે સરદારો તેમાં ગૂંથાઇ રહ્યા હતા, તેથી હંબીરરાવને સારો લાગ મળ્યો હતો.

એ સમયે ખવાસખાન વિજાપુરસરકારના કારભાર ઉપર દેખરેખ રાખતો હતો. તેમણે મોગલોનો સખ્ત ત્રાસ જોઇ ખાનજહાં સાથે સંધિ કરી. તેમાં ઠરાવ્યું હતું કે, વિજાપુરસરકારે

પોતાને મોગલબાદશાહના માંડલિક સમજી વર્તવું અને બાળરાજાની ભગિની શાહજાદી ઔરંગઝેબના એક પુત્ર સાથે પરણાવવી. પરંતુ એ તહનામું દરબારના અન્ય સરદારોને પસંદ નહિ આવવાથી, તેમણે ખવાસખાનનું ખૂન કરાવ્યું. અબ્દુલકરીમ સરદારમંડળનો પ્રમુખ હતો, તેણે સર્વ રાજ્યકારભાર પોતાના હાથમાં લઇ મોગલો સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી. બહાદુરખાન પોતાના સૈન્યસહિત વિજાપુર ઉપર ચડાઇ લઇ ગયો. ઉભય પક્ષ વચ્ચે સખ્ત ઝપાઝપી થઇ, તેમાં વિજાપુરસરકારને વિજય મળ્યો. મોગલસૈન્યનો પરાજય થવાનો રંગ જોઇ દિલેરખાને અધવચથીજ લડાઈ બંધ પાડી. ઉભય પક્ષ વચ્ચે તહનામું થયું–સલાહ થઇ.

મોગલોએ વિજાપુરસરકાર પર ચડાઇ કરી ત્યારે એ નવા વજીરે ગોવળકોંડાના દીવાન માદણ્ણાની મધ્યસ્થીથી શિવાજી મહારાજ સાથે તહ કર્યો. એમાં એવું ઠરાવ્યું કે, વિજાપુરસરકારે મહારાજને ત્રણ લાખ હોન આપવા. મોગલોના ઉપદ્રવમાંથી બચાવ કરવા માટે દર વર્ષે એક લાખ હોન આપવા. પૂર્વમાં કૃષ્ણા નદી પાસેનો પશ્ચિમ તરફનો સઘળો મુલક મહારાજના તાબામાં ગયો છે, તે તેમની પાસે રાખવો. તેમાં કોલ્હાપુર પ્રાંતનો પણ સમાવેશ કરવો; પરંતુ આ તહ વધારે દિવસ ટક્યો નહિ અને તે ન ટકવા બદલ મહારાજને પણ કશી ચિંતા થઇ નહિ; કારણકે તે વખતે વિજાપુરદરબારમાં અંધેર જામ્યું હતું અને કોઇ પણ માણસના હાથમાં કાયમની સત્તા રહે એ બનવું બિલકુલ અશક્ય હતું.

તટપ્રદેશ નીચે કોંકણના ઘણા પ્રાંતો ઉપર મહરાજની સત્તા સ્થપાઈ હતી. સીદીનાં અને મોગલોનાં વહાણ અને સૈન્ય તેમને વારંવાર ત્રાસ આપતાં હતાં; પરંતુ એ પ્રાંતો તેમના તાબામાંથી કબજે લેવાની તેઓમાં શક્તિ નહોતી. વિશેષતઃ મોગલ અને ફિરંગીઓની સરહદ નજીકના કલ્યાણ અને કુર્લા પ્રાંત મહારાજના તાબામાં હતા, તે પર મોગલોની વિશેષ દૃષ્ટિ હતી. એ પ્રાંતો કબજે કરવાનો વિચાર કરી ખાનજહાં કોંકણમાં ઊતરી તોફાન કરવા લાગ્યો હતો; પરંતુ તેનો ત્રાસ બંધ પાડવા મહારાજે સરળ યુક્તિ શોધી કાઢી. ખાનજહાંને દસ હજાર હોન આપી પાછો કાઢ્યો. ખાનને એ બહાનું મળતાંજ પોતાની કોંકણની ચડાઈ રદ કરી પાછો કિનારાના પ્રદેશ પર ગયો; પરંતુ સીદી કંઇ નિરર્થક બેસી રહ્યો નહોતો. તેણે પોતાનાં લશ્કરી વહાણો તૈયાર કરી મહારાજના તાબાનાં કોંકણ કિનારા પરનાં ગામોમાં ત્રાસ આપવાનો તડાકો શરૂ કર્યો હતો. તેણે વેંગુર્લામાં જઇ ત્યાંની પ્રજામાં લૂંટફાટ ચલાવી તેમનાં ઘરબાર બાળી મૂકવા માંડ્યાં હતાં. એ સમયે એ શહેરમાં ડચ લોકોની એક વખાર હતી. તેમના પર સીદીએ હુમલો કરવાથી

ડચ લોકોએ તેની સાથે વિશેષ શૌર્યપૂર્વક યુદ્ધ કરી પોતાનો બચાવ કર્યો હતો, એમ કહેવાય છે. વિજયદુર્ગ અને રાજપુર આગળ મહારાજનાં લસ્કરી વહાણો તૈયાર હતાં તે સીદીની પૂંઠે નીકળ્યાં; પરંતુ તે તેમને પકડી શક્યાં નહિ. અંતે મરાઠાના સામુદ્રિક સૈન્યે સીદીના સામુદ્રિક જંજીરા કિલ્લાને ઘેરો નાખ્યો. તે સમયે સીદી પોતાના કિલ્લાના રક્ષણ માટે આવતાંજ ઉભય સૈન્ય વચ્ચે યુદ્ધ જામ્યું. યુદ્ધમાં મરાઠા સૈન્યને વિજય પ્રાપ્ત નહિ થવાથી તેઓ ઘેરો ઉઠાવી ત્યાંથી ચાલ્યા ગયા.

મોગલસૂબેદારને કોંકણ પ્રાંતમાંથી હાંકી કાઢ્યા પછી મહારાજે વિચાર કર્યો કે, “ફિરંગીઓ પર સખ્ત કરપ રાખવા માટે સાષ્ટી પ્રાંતમાં આપણું થાણું નથી. ત્યાં થાણું બાંધવાથી તેમના પર અને તે તરફના બીજા શત્રુઓની હિલચાલ પર તીવ્ર નજર રાખી શકાશે.” એ ઇચ્છાથી તેમણે વસઇ નજીક સિબોન નામક ફિરંગીના તાબાના કિલ્લાની સામે એક નવો કિલ્લો બાંધવાનું શરૂ કર્યું. ફિરંગીઓએ તે કામ બંધ પાડવાની ઘણી ખટપટ કરી; પરંતુ તેમાં તેમનું કંઇ વળ્યું નહિ. કિલ્લાનું કામ મરાઠાઓએ સપાટાબંધ પૂરૂં કર્યું.

એ અરસામાં મહારાજની પ્રકૃતિ બગડ્યાથી તેઓ સતારામાં સાતઆઠ મહિના પર્યંત અટકી પડ્યા, તેથી સર્વત્ર અફવા ઊડી કે, “શિવાજી મહારાજ વ્યાધિગ્રસ્ત થયા હતા. તેમના પુત્ર શંભાજીએ તેમને વિષ ખવડાવ્યાથી તેઓ મૃત્યુ પામ્યા છે; પરંતુ પૂર્વે ઘણી વખત એવી ખોટી ગપો ઊડેલી હોવાથી ઘણાખરા મનુષ્યોએ એ વદંતી સત્ય માની નહિ. પોતાના ત્રીશબત્રીશ વર્ષના આયુષ્યમાં મહારાજ આ વખતે પ્રથમજ વ્યાધિગ્રસ્ત થયા હતા, એમ જણાય છે; કારણકે પૂર્વે તેમની પ્રકૃતિ બગડવાનો ઉલ્લેખ બીજે કોઈ સ્થળે જણાતો નથી. આટલાં બધાં વર્ષપર્યંત સતત પરિશ્રમ કરી અને અનેક યુદ્ધપ્રસંગોમાં જઇ સ્વરાજ્યસિદ્ધિ મેળવ્યા પછી મહારાજને થોડો સમય વિશ્રાંતિ લેવાની આવશ્યકતા હતી, પણ તેમને વિશ્રાંતિ લેવાનો અવકાશ મળતો નહોતો; કારણકે મહારાજ પર પ્રબળ શત્રુઓની દૃષ્ટિ હોવાથી વારંવાર યુદ્ધ કરવા તૈયાર રહ્યા સિવાય તેઓનો છૂટકોજ નહોતો. અતિશય પરિશ્રમ કર્યાથી તેમની પ્રકૃતિ બગડી અને તેજ કારણથી તેમને ઘણા દિવસપર્યંત સતારામાં નિવાસ કરવો પડ્યો હતો; પરંતુ વ્યાધિગ્રસ્ત અવસ્થામાં પણ તેમણે એક મોટી ચડાઇ લઇ જવાનો વિચાર કર્યો અને પ્રકૃતિ સ્વસ્થ થતાંજ મહારાજ સ્વતઃ તે ચડાઇ લઇ ગયા. એ ચડાઇ કર્ણાટકની ચડાઇને નામે ઇતિહાસમાં વિખ્યાત છે, તેનું વિગતવાર વર્ણન આગલા પ્રકરણમાં લખવામાં આવશે.

સતારામાં મહારાજ કર્ણાટક ઉપર ચડાઇ લઇ જવાનો વિચાર કરતા હતા, તે સમયે મોરો પંત પિંગળેએ દસ હજાર સૈનિક સહિત કલ્યાણ જઇ ત્યાંથી તેણે કેટલાક સિપાઈ અને મજૂરો પારનેલના તૂટી પડતા કિલ્લા તરફ મોકલ્યા. તેઓએ પારનેલનો કિલ્લો કબજે લઈ દુરસ્ત કરાવી તેને મજબૂત બનાવવાનું કામ શરૂ કર્યું. કિલ્લો મહારાજે કબજે લેવાનું કારણ એ હતું કે, "દમણના ફિરંગીઓ ઉપર સખ્ત દાબ બેસે અને સુરત જવાના રસ્તામાં તે કિલ્લો હોવાથી મોગલોની તે તરફની હિલચાલ ઉપર પણ બરોબર દેખરેખ રાખી શકાય." ફિરંગીઓએ મહારાજના એ કામમાં કંઈ પણ અડચણ કરી નહિ. કિલ્લો દુરસ્ત થયા પછી તેની મજબૂતી સંબંધી તપાસ કરવા પ્રકૃતિ સ્વસ્થ થતાંજ મહારાજ પહેલાં તે કિલ્લા પર ગયા અને ત્યાંથી આવ્યા પછી કર્ણાટક ઉપર ચડાઇ લઇ ગયા.

प्रकरण २६ मुं–कर्णाटक पर चडाई

મહારાજની પ્રકૃતિ બગડયાથી તેઓ સતારામાં નિવાસ કરતા હતા, તે સમયે વ્યંકોજીરાજાનો મુખ્ય કારભારી રઘુનાથ નારાયણ હનમંતે તેમની મુલાકાતે આવ્યો. રઘુનાથ પંત એ શાહજીરાજાના મુખ્ય કારભારી નારો ત્રિમળ હનમંતેનો પુત્ર હતો. પિતાના મરણ પછી શાહજીરાજાનો કારભાર રઘુનાથ પંતના હાથમાં હતો. શાહજીરાજાના મૃત્યુ પછી વ્યંકોજીરાજા કર્ણાટકની જાગીરના માલિક થયા અને રઘુનાથ પંતના હાથમાંજ તેમનો સર્વ કારભાર રહ્યો હતો; પરંતુ કેટલાંક વર્ષ પછી વ્યંકોજીરાજાના અંતઃકરણમાં સઘળો કારભાર સ્વબુદ્ધિ વડે ચલાવવાની અને કોઇ પણ કાર્યમાં પિતાના સમયના એ કારભારીની સલાહ લેવાની ઈચ્છા થઇ નહિ, તેથી વ્યંકોજીરાજાએ કારભાર પોતાના હાથમાં લીધો; રઘુનાથ પંતનું ચલણ રહ્યું નહિ. વ્યંકોજીરાજા અધમ મનુષ્યોના સહવાસમાં રહેવા લાગ્યા અને તેમનીજ સલાહ પ્રમાણે વર્તવા લાગ્યા. પગલેપગલે રઘુનાથ પંતનું માનખંડન કરવા લાગ્યા, તેથી ત્યાં રહી પોતાનું વજન ગુમાવવાનું તેને યોગ્ય લાગ્યું નહિ. શાહજીરાજાએ મેળવેલી કીર્તિ જળવાઇ રહે એવું પણ તેને જણાયું નહિ. વળી વ્યંકોજીરાજા પાસે રહેવા છતાં તેમની સંપત્તિની સુવ્યવસ્થા નહિ રાખવાનું, શિવાજી મહારાજ તરફથી કલંક આરોપણ ન થાય તે માટે કારભારમાંથી મુક્ત થઇ કોઇ તીર્થક્ષેત્રમાં જઈ, સ્નાનસંધ્યામાં અવશેષ આયુષ્ય વ્યતીત કરવાની રઘુનાથ પંતની ઇચ્છા થઇ; પરંતુ તેમણે પુનઃ વિચાર કર્યો કે, " આપણી હયાતીમાં આપણા સ્વામીની ધન–સંપત્તિનો નાશ થતો જોવો એ યોગ્ય નહિ. હમણાં કારભાર છોડી ચાલ્યા જવું ઇષ્ટજનક નથી. બનતા પ્રયત્ને એમની સંપત્તિનું રક્ષણ કરવું અને રાજાને સદ્બુદ્ધિ ઉત્પન્ન થતાં અધમ સલાહકારોનો ત્યાગ કરી મારી સલાહ પ્રમાણે વર્તે છે કે નહિ, તે જોવું." રઘુનાથ પંતે એવા અનેક વિચારો કર્યા પછી સ્વામીના રક્ષણ માટે તેમની પાસેજ રહેવાનું પસંદ કર્યું.

રઘુનાથ પંતે એક દિવસ વ્યંકોજીરાજાને શિખામણ આપતાં કહ્યું કે, " પ્રભો ! અમે વંશપરંપરાથી આપની સેવા બજાવીએ છીએ. આપનું હિત કરવું શ્રેયસ્કર જાણી અમે આપની સેવા કરીએ છીએ,

તે આપને રુચતું નથી. આપ અધમ મનુષ્યોના સહવાસમાં રહી તેમની સલાહ પ્રમાણે વર્તો છો, એ યોગ્ય નથી. આપના પિતાની કીર્તિ અને આપના બંધુ શિવાજી મહારાજે સ્વરાજ્ય સ્થાપી જે દિગંતવ્યાપી યશ પ્રાપ્ત કર્યો છે, તે સંબંધી વિચાર કરો. આપ પણ તેમની પેઠે પરાક્રમ કરી કીર્તિ મેળવો, એવી અમારી અંતઃકરણપૂર્વક ઇચ્છા છે. અમારા જેવા આપની પાસે સેવક હોવા છતાં, આપને હાથે વિશેષ પરાક્રમ નહિ થવાથી શિવાજી મહારાજ અમારા પર કલંક ચઢાવશે. આપે અમને ઇચ્છાનુસાર સેવાકાર્ય સોંપવું જોઇએ અને અમારે તે કાર્ય જીવતોડ શ્રમ કરીને પરિપૂર્ણ કરવું જોઇએ, એજ અમારે માટે ઉચિત છે. આપની પાસે ઘણા નોકરો અને વિપુલ દ્રવ્ય હોવા છતાં તેનો સદુપયોગ થતો નથી. અધમ મનુષ્યોના સહવાસમાં રહી આપ ફક્ત દ્રવ્યનો વિનાશજ કરો છો. પિતા કરતાં અધિક કીર્તિ મેળવવી એમાંજ પિતૃકુળમાં જન્મ્યાનું સાર્થક્ય છે." વિશ્વાસુ સેવક રઘુનાથ પંતે વ્યંકોજીરાજાને અનેક વાર શિખામણ દીધી હતી, તેમ છતાં તેઓ સુધર્યા નહિ. તેની શિખામણ વ્યંકોજીરાજાને વિષતુલ્ય લાગી તેનાથી તેમને કંટાળો ઉપજવા લાગ્યો અને તેઓ રઘુનાથ પંતનું ખુલ્લી રીતે અપમાન કરવા લાગ્યા.

તેમની ઉચ્છૃંખલ વૃત્તિ જોઇ રઘુનાથ પંતે તે સંબંધી શિવાજી મહારાજને એક પત્ર લખ્યો. પત્ર વાંચી મહારાજે વ્યંકોજીરાજાને એક બોધપ્રદ પત્ર લખ્યો. તેમાં લખ્યું હતું કે, " મારા સાંભળવામાં આવ્યું છે કે, તમે નિરર્થક બેસી રહી ક્ષુદ્ર મનુષ્યોની સલાહ પ્રમાણે વર્તો છો. આળસુ અને નિરુદ્યમી મનુષ્યોને પાસે રાખી તેમને પુષ્કળ દ્રવ્ય ખવડાવી અમીર બનાવો છો. પિતાશ્રીએ જે કુલીન, વિશ્વાસુ અને બુદ્ધિમાન પુરુષોને નોકરીમાં રાખ્યા છે, તેમનો અનાદર કરી તમારી ઇચ્છા પ્રમાણે વર્તો છો, એ ઉચિત નથી. તમારૂં વર્તન સુધારી ભવિષ્યમાં રઘુનાથ પંત જેવા કુલીન, અનુભવી અને વિશ્વાસુ કારભારીઓની સલાહ પ્રમાણે વર્તી સ્વહિત સાધશો અને સ્વસત્તાની વૃદ્ધિ કરશો, એવી મને સંપૂર્ણ આશા છે." એ પત્ર મળવા છતાં પણ વ્યંકોજીરાજાની વર્તણુંક સુધરી નહિ અને તેમણે પોતાની પ્રથમની વર્તણુંક તજી નહિ. હમેશાં તેમની પાસે રહેનારા દુષ્ટ મનુષ્યોએ તેમની બુદ્ધિ ભ્રમિત કરેલી હોવાથી તેઓ પોતાનું વાસ્તવિક હિત સમજી શકતા નહોતા. રઘુનાથ પંતે પોતાના જ્યેષ્ઠ બંધુને ફરિયાદ લખેલી હોવાથી તેઓ તેમના પર પ્રથમ કરતાં અધિક ગુસ્સે થયા અને વારંવાર તેમનું અપમાન કરવા લાગ્યા. સ્વામીનિષ્ઠ અને પ્રમાણિક સેવકથી તે સહન થયું નહિ. તેણે સલાહસંપથી વ્યંકોજીરાજાની નોકરી છોડી શિવાજી મહારાજ પાસે જવાનો સંકલ્પ કર્યો. પોતાના કુટુંબને ત્યાંજ રહેવા દઇ રઘુનાથ પંત મહારાજની સુ-

લાકાતે જવા નીકળ્યો.

શિવાજી મહારાજને નૂતન રાજ્ય સંપાદન કરવાનો અમર્યાદ ઉમંગ હોવાનું જાણી, રઘુનાથ પંતે કર્ણાટકથી નીકળતી વખતે તે તરફના કેટલાક સાંસ્થાનિકો સાથે રાજકીય સલાહ કરી હતી અને વ્યંકોજીરાજાના પરાજય માટે શિવાજી મહારાજને કર્ણાટક લાવવાનો તેનો નિશ્ચય હોવાથી, માર્ગમાં કોઇ પ્રકારની અડચણ પડે નહિ એમ જાણી કુતુબશાહ સાથે રાજકીય સલાહ કરવાનો વિચાર કરી તેઓ ત્યાંથી પછી ભાગાનગર ગયા.

એ સમયે કુતુબશાહી રાજ્યમાં આકણ્ણા અને માદણ્ણા નામક બે બંધુ મુખ્ય વજીર હતા. બાદશાહીનો સર્વ કારભાર તેમનીજ સત્તામાં હતો. રઘુનાથ પંતે વજીરોને મળવાનો વિચાર કર્યો; પરંતુ તેઓને પોતાની એકદમ ઓળખાણ આપી રાજકીય સલાહમસલત કરવી ઉચિત નહિ જણાતાં, તેમણે પ્રથમ પંડિત તરીકે પોતાની ઓળખાણ આપવાનો નિશ્ચય કર્યો. બંને વજીર અતિ ધર્મશીલ અને દાનશૂર હતા. તેમણે ઘણાં અન્નક્ષેત્રો સ્થાપ્યાં હતાં. રઘુનાથ પંતે પોતાના નોકરો તથા સરસામાન એક દૂરના ગામમાં રાખ્યાં અને તેણે એકલાએ તેમની રાજધાનીમાં પ્રવેશ કર્યો. સંધ્યાસ્નાન કરવાને સમયે રઘુનાથ પંત વજીર મુલાકાત કરવા નીકળ્યો. એ સમયે તેમને કોઇ પંડિત મળવા આવતાં તેનું સારૂં સન્માન કરવાનો તેમનો નિયમ હતો. રઘુનાથ પંત મળવા આવતાં તેનું તેમણે ઉત્તમ પ્રકારે આદરાતિથ્ય કર્યું. તે સમયે તેમના મહાલયમાં બીજા પણ કેટલાક પંડિતો આવ્યા હતા. પંડિતોમાં શિવ અને વિષ્ણુની સર્વોત્તમતા સંબંધી વાદવિવાદ ઉપસ્થિત થયો હતો. રઘુનાથ પંત પણ એ વાદવિવાદમાં સામેલ થયો. તેઓ વૈષ્ણવ હોવા છતાં પ્રથમતઃ તેમણે શિવની સર્વોત્તમતા પ્રતિપાદન કરી પ્રતિપક્ષને નિરુત્તર કર્યો. વિષ્ણુપક્ષ નિર્બળ થવાથી રઘુનાથ પંતે પુનઃ વિષ્ણુપક્ષનું સમર્થન કરી શિવપક્ષને નિરુત્તર કર્યો. તેમની અપ્રતિમ વિવાદશક્તિ જોઇ માદણ્ણા વિશેષ આશ્ચર્યચકિત્ થયો અને તે અતિશય વિદ્વાન હોવાની તેને ખાતરી થઇ. તેણે રઘુનાથ પંતને કહ્યું: “ સ્વામીજી મહારાજ ! આપ વિદ્વાન અને સત્પાત્ર છો. આપ ક્યાંથી પધાર્યા છો અને આપની શી ઇચ્છા છે તે નિવેદન કરો.” એ સાંભળી રઘુનાથ પંતે કહ્યું: “ મને દ્રવ્યની કિંવા ભૂમિ, ગ્રામ આદિ જીવિકાની અપેક્ષા નથી. આપ સુજ્ઞ અને ધર્મનિષ્ઠ છો. મારે આપની સાથે એકાંતમાં બે ઘડી વાતચીત કરવાની ઇચ્છા છે.” વજીર માદણ્ણા રઘુનાથ પંતને એકાંત સ્થળે લઇ ગયો. તેને તેમણે કહ્યું: “ હું યાચક પંડિત નથી, હું શિવાજી મહારાજનો સેવક છું. મારૂં નામ રઘુનાથ પંત. રાજદ્વારી કારણસર કર્ણાટકથી મહારાજ તરફ જાઉં છું. એ કાર્ય પરિપૂર્ણ કરવા માટે મહારાજને કર્ણાટક

જવું પડશે; પરંતુ ચડાઇ વખતે તેમને આપની સહાયતાની અગત્ય પડશે. તે સમયે આપના તરફથી અને આપના બાદશાહ તરફથી મહારાજને સહાયતા મળે અને તેમના તરફથી આપને સહાયતા મળે, એ ઇચ્છાથી બાદશાહ સાથે તેઓનો સ્નેહસંબંધ સાંધવાની મને આજ્ઞા ફરમાવી છે, તેથીજ હું આપનાં દર્શન કરવા આવ્યો છું. આપ ધર્મશીલ છો, શિવાજી મહારાજ સ્વધર્મનું રક્ષણ કરવાનો પરિશ્રમ કરે છે; આપ તેમને અવશ્ય સહાયતા કરશો. એ પ્રમાણે વર્તવામાં આપના બાદશાહનો દ્રોહ કરવાની મારી ભલામણ નથી; પરંતુ તેમના અંતઃકરણમાં શિવાજી મહારાજ ઉપર સ્નેહ ઉત્પન્ન કરશો, એજ મારી પ્રાર્થના છે." પંતની પ્રાર્થના સાંભળી વજીરને ઘણોજ આનંદ થયો. તેના અંતઃકરણમાં મહારાજ સંબંધી પ્રથમથીજ આદરબુદ્ધિ ઉત્પન્ન થઇ હતી અને તેમના અતુલ પરાક્રમની વાતો તેણે લાગલાગટ સાંભળી હતી. એ ઉપરાંત કુતુબશાહ પાસેથી મહારાજને ખંડણી અપાવવાના કાર્યમાં તેણે ઘણી ખટપટ કરી હતી. રઘુનાથ પંતની મિત્રભાવયુક્ત પ્રાર્થના વજીરે માન્ય કરી, તેમને કુતુબશાહ બાદશાહની મુલાકાતે લઇ ગયા અને તેમની ઇચ્છા પ્રમાણે વર્તવાનું તેઓએ કબૂલ કર્યું. શિવાજી મહારાજે કર્ણાટક જતી વખત ભાગાનગર થઇને જવું અને તે સમયે પરસ્પર મુલાકાત કરવી, એવું નક્કી થયું. વજીરે રઘુનાથ પંતને મોટા ઠાઠમાઠથી મિજબાની આપી. તેમને વસ્ત્રાલંકાર આપી ગૌરવ કર્યું અને સ્નેહપૂર્વક વિદાય કર્યા; તેમજ બાદશાહ પાસેથી શિવાજી મહારાજ ઉપર એક પત્ર પણ તેણે લખાવી આપ્યો.

ભાગાનગર જઇ રાજકીય સલાહમસલતમાં વિજય પ્રાપ્ત કર્યા પછી, પ્રથમ લખ્યા પ્રમાણે રઘુનાથ પંત સતારે જઇ શિવાજી મહારાજને મળ્યો. પિતાનો વિશ્વાસુ અને બુદ્ધિમાન કારભારી પોતાને મળવા આવવાના સમાચાર જાણી મહારાજ સ્વતઃ તેની સામા ગયા અને તેનું વિશેષ સન્માન કરી સ્વસ્થાને લઇ આવ્યા.* રઘુનાથ પંત કર્ણાટકથી અનેક વિચિત્ર વસ્તુઓ અને ઘણું કિંમતી ઝવેરાત મહારાજને માટે લાવ્યો હતો, તે તેમને સમર્પણ કર્યાં. તેનું નજરાણું અને સ્વામીનિષ્ઠા જોઇ મહારાજને અતિ સંતોષ થયો. પોતાના પિતાનો જૂનો, અનુભવી, બુદ્ધિમાન અને પ્રમાણિક કારભારી મળવાથી

---

* રાયરીની બખરમાં લખ્યું છે કે, રઘુનાથ પંત કર્ણાટકથી આવતાં વિજાપુર ગયો. તે સમયે આદિલશાહે તેને પોતાની પાસે રાખી વજીર બનાવવાનું કહ્યું. એ સમાચાર સાંભળતાંજ મહારાજે તેને કહાવ્યું કે, "મારા જીવનપર્યંત મારા પિતાના વિશ્વાસુ સેવકે યવનોની નોકરી સ્વીકારવી ઉચિત નથી. તમે ખુશીથી મારી પાસે આવો. હું તમારૂં અપમાન કરીશ નહિ."

પોતાનુંજ હિત સમજી તેનું ગૌરવ કર્યું અને તેને અમાત્ય–પ્રધાનનો હોદ્દો આપી પોતાનીજ પાસે રાખવાનો વિચાર કર્યો. એ હોદ્દા ઉપર તે સમયે રામચંદ્ર પંત હતા, તેને બદલે રઘુનાથ પંતને નીમ્યો.×

રઘુનાથ પંત મહારાજ પાસે આવ્યા તે વખતે મહારાજની પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી તેઓ સતારામાંજ નિવાસ કરતા હતા, એ પાછળ લખવામાં આવ્યું છે. તેમાં વળી વર્ષાઋતુના દિવસો હોવાથી મહારાજે ત્યાંજ ચાતુર્માસ વિતાડ્યા. એ વિશ્રાંતિને સમયે રઘુનાથ પંતે મહારાજને વ્યંકોજીરાજા સંબંધી સર્વ હકીકત કહી સંભળાવી અને કર્ણાટક પર ચડાઇ કરી શાહજીરાજાની ધનસંપત્તિનો યોગ્ય બંદોબસ્ત કરવાનો વિચાર ઉત્પન્ન કર્યો. ચડાઇમાં વિજય પ્રાપ્ત થવા માટે તે તરફના સાંસ્થાનિક રાજાઓ જોડે સર્વ પ્રકારનો બંદોબસ્ત કર્યાનું પણ રઘુનાથ પંતે મહારાજને વિદિત કર્યું અને ભાગાનગરના કુતુબશાહ સાથે બાંધેલા રાજકીય મિત્રભાવ સંબંધી પણ તેમને કહી સંભળાવ્યું. રઘુનાથ પંતની વાતચીત ઉપરથી મહારાજે વ્યંકોજીરાજા પાસે પિતાની કર્ણાટકની સંપત્તિમાં હિંદુશાસ્ત્ર પ્રમાણે અર્ધો ભાગ માગવાને બહાને ચડાઇ લઇ જવાનો નિશ્ચય કર્યો; એ ઉપરાંત કર્ણાટક જવાથી વખતે કોઇ નવીન પ્રાંત પોતાના કબજામાં આવવાનો અને છેવટે પિતાની સંપત્તિની સુવ્યવસ્થા કરવાનો સંભવ જણાયો. એ સમયે ચડાઇ લઇ જવાની અનેક પ્રકારે અનુકૂળતા હતી. કુતુબશાહના રાજ્યમાં થઇને કર્ણાટક જવાની અડચણ રહી નહોતી. એ રાજ્યમાંથી મહારાજને ખંડણી મળવા ઉપરાંત વજીર માદણ્ણા અને આકણ્ણા તેમના પક્ષમાં હતા. તેમાં વળી રઘુનાથ પંત મહારાષ્ટ્રમાં આવ્યો તે સમયે તેમની સાથે સ્નેહસંબંધ બાંધ્યો હતો. એ સમયે વિજાપુરસરકાર અને મોગલો વચ્ચે સ્નેહસંબંધ બંધાયા જેવું થયું હતું, તે કુતુબશાહને પસંદ નહોતું. વિજાપુરસરકારના મુખ્ય વજીર અને દિલેરખાન વચ્ચે સગપણનો સંબંધ હોવાથી તેઓ વચ્ચે મૈત્રી થઈ હતી. દિલેરખાન ગોવળકોંડાની કુતુબશાહીનો કટ્ટો શત્રુ હતો અને ખાન શિવાજી મહારાજનો પરાજય કરવાનો લાગ જોતો હતો. બંનેનો વૈરી એકજ હોવાથી તેઓ વચ્ચે પરસ્પર સ્નેહસંબંધ બંધાવામાં અડચણ પડી નહિ.*

× ચિટનીસ લખે છે કે, રઘુનાથ પંતે મહારાજને વિનંતી કરી કે, "હું વંશપરંપરાથી મજમુદારનો હોદ્દો ભોગવું છું, તેથી તેજ હોદ્દો મને આપવો." તે ઉપરથી મહારાજે તેને એ હોદ્દો આપ્યો. રાયરીની બખરમાં લખ્યું છે કે, નિળુ સોનદેવ મજમુદાર એ અરસામાં મરણ પામ્યો હતો. મહારાજે તેનો હોદ્દો રઘુનાથ પંતને આપ્યો.

* પ્રો. સરકાર જણાવે છે કે, વિજાપુરના દરબારમાં આ વખતે બે પક્ષ પડેલા હતા; એક અફઘાન અને એક દક્ષિણી. અફઘાનપક્ષના

કર્ણાટક જેટલે વેગળે ગયા પછી પોતાની પાછળ મોગલો તોફાન કરે નહિ અને પોતાના તાબાના પ્રદેશને નુકસાન થાય નહિ તે માટે શિવાજી મહારાજે નિરાજી પંત ન્યાયાધીશને મોગલસૂબેદાર ખાનજહાન બહાદુર પાસે સ્નેહસંબંધ બાંધવા મોકલ્યો. ખાનને લાંચ આપી તાબે કરી શકાય એમ હોવાથી, મહારાજે તેને પુષ્કળ દ્રવ્ય અને ઝવેરાત નજરાણારૂપે મોકલ્યું. નજરાણાથી લોભાઇને ખાને મહારાજના પ્રદેશમાં કોઇ પ્રકારનો ત્રાસ નહિ આપવાનું ન્યાયાધીશને વચન આપ્યું. ખાનને પુષ્કળ દ્રવ્ય આપ્યા પછી મહારાજે બીજો પણ પ્રપંચ રચ્યો કે, મોગલ બાદશાહના ખંડિયા રાજા તરીકે તેમણે તેમને પુષ્કળ દ્રવ્ય આપ્યું. કહેવામાં આવે છે કે, મહારાજે મોગલ બાદશાહને ખંડિયા રાજા તરીકે ચાર લાખ હોન ખંડણી ભરી અને ખાનને પાંચ હજાર ઘોડેસવાર સહિત મદદ કરવાનું વચન આપ્યું હતું. ખંડણી આપતી વખતે મહારાજે કહ્યું હતું કે, "દૂઝણી ગાયને હું ઘાસ આપું છું." ઔરંગઝેબે મહારાજ સાથે તહનામું કર્યું. બાદશાહ સિંધુ નદીને કિનારે પઠાણો સાથે યુદ્ધ કરવામાં ગૂંથાયા હતા. તેમણે પોતાના પુત્રને લખી જણાવ્યું હતું કે, "શિવાજી મહારાજ સાથે યુદ્ધ કરવાનું બંધ રાખી તેમની સાથે તહનામું કરવું એજ ઇષ્ટપ્રદ છે. તેમ કરવાથી આપણી મહત્તા ઓછી થવાનું ધારવું નહિ."

મહારાજે મોગલસૂબેદારનું ગજવું ભરી પોતાના પ્રદેશમા તોફાન થાય નહિ એવો બંદોબસ્ત કર્યો. મહારાજે પોતાની દક્ષિણની સરહદ ઉપર કિલ્લા બાંધવા માંડ્યા હતા. તે કામ સંપૂર્ણ થતાંજ ત્યાં લશ્કરી બંદોબસ્ત કર્યો. નિંબાળકર, ઘાટગે વગેરે આદિલશાહી જાગીરદારોના તે તરફ હુમલા થતા તેમનું કંઇ વળે નહિ એવી વ્યવસ્થા કરી. મહારાજને પોતાના કોંકણ પ્રદેશની વિશેષ ચિંતા હતી. એ પ્રાંત ઉપર સીદીનો ડોળો હોવાથી હમેશાં ત્રાસ આપતો હતો. પોતાની પાછળ સીદી તોફાન મચાવે તો તત્ક્ષણ તેનો પરાજય કરવાનું કામ મહારાજે અણ્ણાજી દત્તો પંત સચિવને સોંપ્યું. તેમણે એ પ્રધાનના તાબામાં પ્રચંડ સૈન્ય આપ્યું હતું. કલ્યાણથી ફોંડાના કિલ્લા

આગેવાન બહિલોલખાને ગાદી પર સિકંદર નામના એક બાળકને બેસાડ્યો હતો અને તેના નામથી પોતે સત્તા પચાવી પડ્યો હતો. પ્રથમના વજીર ખવાસખાનનું તેણે ખૂન કરાવ્યું હતું. ખીજરખાન નામનો તેનો એક ઘણોજ હોશિયાર મદદગાર હતો. દક્ષિણીપક્ષે તે મદદગારનું ખૂન કરાવ્યું. ઉભય પક્ષમાં ભારે કલહ જામ્યો હતો. બહિલોલખાને મોગલ સૂબેદાર બહાદુરખાનને પોતાના પક્ષમાં લીધો હતો અને તે મોગલ સૂબેદાર વિજાપુરસરકાર પર ચડાઇ કરવાની તૈયારી કરતો હતો. આવું અંધેર જામેલું હોવાથી મહારાજના કાર્યમાં કાંઇ હરકત આવે એમ નહોતું.

સુધીના કિલ્લાની અને પ્રાંતની વ્યવસ્થા એજ સરદારને સોંપી હતી. કિલ્લા પર પણ મહારાજે મજબૂત બંદોબસ્ત રાખ્યો હતો. કોઇ પણ કિલ્લા પર શત્રુ હુમલો કરે, તો તેમને આસપાસથી સત્વર સહાયતા મળે અને એકાએક કિલ્લો શત્રુના તાબામાં જાય નહિ તેમજ ઘણા દિવસ સુધી તેમની સાથે યુદ્ધ થઇ શકે એવી ગોઠવણ કરી હતી. સર્વ પ્રદેશનો ઉત્કૃષ્ટ બંદોબસ્ત કર્યા પછી મહારાજે રાજ્યનો કારભાર મોરો પંતને સોંપ્યો. ઇતર પ્રધાનોએ અને સરદારોએ તેની આજ્ઞા પાલન કરવાનો અને તેને વખતસર સહાયતા કરવાનો મહારાજે સર્વને હુકમ કર્યો.*

રાજ્યમાં સર્વ પ્રકારની વ્યવસ્થા કર્યા પછી ઇ૦ સ૦ ૧૬૭૬-ની આખરે મહારાજ કર્ણાટક પર ચડાઇ લઇ જવા તૈયાર થયા. તેમણે પોતાની સાથે ત્રીસ હજાર ઘોડેસવાર અને ચાળીસ હજાર પાયદળ લશ્કર રાખ્યું હતું. એટલા બધા વિશાળ લશ્કરને વેગળે પરદેશમાં લઇ જતાં અઢળક ખર્ચ થાય એમ હતું. તે ખર્ચ ખજાનામાંથી નહિ કરતાં બારોબાર કાઢવાનો મહારાજે વિચાર કર્યો. ભાગાનગર રાજ્યમાં વિપુલ દ્રવ્ય હોવાથી તેમણે ત્યાંના રાજા પાસે દ્રવ્યની સહાયતા માગવાનું ઉચિત ધાર્યું. રાજા પાસેથી ખંડણી મળતી હોવાથી તેના પર દ્રવ્ય માટે જુલમ ગુજારવાનું મહારાજને યોગ્ય લાગ્યું નહિ. વળી રઘુનાથ પંતે માદણ્ણા અને આકણ્ણાને મહારાજના પક્ષમાં લીધા હતા. મહારાજે આસપાસની પરિસ્થિતિ લક્ષમાં લઇ કુતુબશાહી દરબારના પોતાના વકીલ પ્રહ્લાદ નિરાજીને× પત્ર લખ્યો કે, “ કર્ણાટક પર ચડાઇ લઇ જવાનો અમારો વિચાર છે. તમારે બાદશાહ પાસેથી ચડાઈના ખર્ચ માટે થોડા દ્રવ્યની સહાયતા માગવી. કર્ણાટક જતી વખતે બાદશાહની મુલાકાત લેવાની અમારી ઇચ્છા છે.” વકીલે મહારાજનો પત્ર વાંચી સંભળાવતાં બાદશાહ ગભરાયો. શિવાજીમહારાજ સૈન્ય સહિત મળવા આવે તે તેમને ભયંકર જણાયું. એ પાપ બારોબાર ચાલ્યું જાય તે માટે બાદશાહે તેમને જોઇએ તેટલું દ્રવ્ય આપવા કબૂલ કર્યું. બાદશાહે વકીલને જણાવ્યું કે, “ શિવાજી મહારાજે મળવા આવવાની તસ્દી લેવાની અગત્ય નથી.” પ્રહ્લા-

---

* તે સમયના અંગ્રેજોના લેખ પરથી પ્રો. સરકાર જણાવે છે કે, નેતાજી પાલકર કે જે મહારાજ સાથે રિસાઇને મોગલોને જઇ મળી ગયો હતો અને યવનધર્મનો સ્વીકાર કરી દિલ્હીમાં દસ વરસ સુધી રહ્યો હતો, તે આ વખતે દક્ષિણમાં પાછો આવ્યો હતો. મહારાજે તેને હિંદુધર્મમાં લઈને કંઇક કામગીરી સોંપેલી હતી; પરંતુ આ વાતનો ઉલ્લેખ બીજી કોઈ બખરમાંથી મળી આવતો નથી.

× એ નિરાજીરાવનો પત્ર હતો. નિરાજીરાવનું મૃત્યુ થતાં મહારાજે એને કુતુબશાહીમાં વકીલ નીમ્યો હતો.

દલ્લાજી નિરાજીએ મહારાજને બાદશાહની ઇચ્છા પત્ર દ્વારા લખી જણાવી.

તેમ છતાં રઘુનાથ પંતે માદણ્ણા તથા આકણ્ણા સાથે પ્રથમ ઠરાવ્યા પ્રમાણે મહારાજ તો પોતાના લશ્કર સહિત ભાગાનગર તરફ જવા નીકળ્યા. બાદશાહની મુલાકાત લેવાની ઇચ્છાથી મહારાજ તેમના રાજ્ય નજીક ગયાના સમાચાર આપવા માટે તેમણે રઘુનાથ પંત અને નિરાજી રાવજીને અગાઉથી બાદશાહ પાસે મોકલ્યા. મહારાજને પોતાના રાજ્ય નજીક આવેલા જાણી બાદશાહ અત્યંત ગભરાયા. રાજ્યની પ્રજાને પણ ઘણી બીક લાગી; પરંતુ રઘુનાથ પંતે અને પ્રહ્લાદજી નિરાજીએ તેમની પાસે પ્રતિજ્ઞા લઇ કહ્યું કે, “ શિવાજી મહારાજ ફક્ત સ્નેહભાવપૂર્વકજ આપના પ્રદેશમાં આવ્યા છે. તેમનો બીજો કંઇ ઉદ્દેશ નથી. ” માદણ્ણા અને આકણ્ણાને તેમનું કહેવું સત્ય જણાયું. તેમણે બાદશાહને સમજાવ્યું કે, “ શિવાજી મહારાજ સાથે સ્નેહસંબંધ થવાથી આપનું કલ્યાણ થશે. ” પોતાના વજીરો તરફથી ખાતરી મળતાં બાદશાહની બીક ઓછી થઇ.

મહારાજે પોતાના લશ્કરમાં સખ્ત હુકમ ફેરવ્યો હતો કે, “ કુતુબશાહી રાજ્યની સરહદમાં પગ મૂકયા પછી તે પ્રાંતની પ્રજાનું કિંચિત્ પણ નુકસાન કરવું નહિ. જ્યાં છાવણી નાખવામાં આવે ત્યાં અનાજ, લાકડાં વગેરે સામાન વેચાતો લેવો. પ્રજાને જરા પણ ત્રાસ આપવો નહિ. હુકમ વિરુદ્ધ વર્તનારને સખ્ત શિક્ષા થશે. ” એ હુકમ તરફ દુર્લક્ષ કરી જે સિપાઇએ કુતુબશાહીની પ્રજાને ત્રાસ આપ્યો, તેના હાથનાં આંગળાં મહારાજે કાપી નખાવ્યાં, કેટલાકના હાથજ કાપી નખાવ્યા અને મોટો ગુનો કરનારનો શિરચ્છેદ કરાવ્યો. તેમ થવાથી લશ્કરમાં મહારાજની સખ્ત ધાક બેઠી. પ્રજાનું સહજ પણ નુકસાન થયું નહિ, એ હકીકત બાદશાહને કાને જતાં તેમને પણ સંતોષ થયો.

મહારાજને તદ્દન નજીક આવી પહોંચ્યા જાણી કુતુબશાહે તેમને સામે લેવા જવાની તૈયારી કરવા માંડી. જ્યારે આ સમાચાર મહારાજને મળ્યા ત્યારે મહારાજે એવો સંદેશો કહાવ્યો કે, “ તમે તો મારા મોટાભાઇ બરોબર છો. મોટાભાઇએ નાનાભાઇને આટલું બધું માન આપવું યોગ્ય નથી. ” આ પરથી કુતુબશાહે પોતે જવાનો વિચાર માંડી વાળી, પોતાના વજીર માદણ્ણા અને આકણ્ણાને તેમજ નગરના બીજાં મોટા મોટા લોકોને કેટલાક માઇલ સુધી મહારાજનું સામૈયું કરવાને મોકલ્યા. ઉભય પક્ષ વચ્ચે અતિ સ્નેહપૂર્વક ભેટ થઇ. બીજે દિવસે કુતુબશાહ સાથે મુલાકાત લેવાની ગોઠવણ થઇ. મુલાકાતે જતી વખતે મહારાજે પોતાના અમલદારોને કિંમતી વસ્ત્રાલંકાર ધારણ કરવાની આજ્ઞા ફરમાવી અને હાથી, ઘોડા વગેરે શૃંગારી ઠાઠમાઠથી સવારી તૈયાર કરી. કુતુબશાહે

પણ સમસ્ત નગર શૃંગારવાનો હુકમ ફેરવ્યો. નગરમાં સ્થળે સ્થળે કમાનો બનાવી, ધ્વજાતોરણો લટકાવ્યાં હતાં તથા વાજિંત્રના મધુર નાદ થતા હતા. મહારાજની સવારી નગરમાં વાજતેગાજતે ફરવા લાગી. નગરની હિંદુ પ્રજા શિવાજી મહારાજનાં દર્શન કરવા અત્યંત ઉત્કંઠિત થઇ હતી. સર્વ રસ્તા ખીચોખીચ ભરાઇ ગયા હતા. તેઓ મહારાજને વારંવાર પુષ્પહાર પહેરાવવા લાગ્યા. ઘરની બારીઓમાંથી મહારાજ પર પુષ્પની વૃષ્ટિ થવા લાગી. સૌભાગ્યવતી સ્ત્રીઓ બારીમાં ઊભીઊભી આનંદ પામતી મહારાજનાં ઓવારણાં લેવા લાગી. મહારાજે તે દિવસે નગરનાં ગરીબ તથા ફકીરોને પુષ્કળ દાનધર્મ કર્યું. માર્ગમાં જેઓએ મહારાજનું સન્માન કર્યું, તેમને તેઓએ વસ્ત્રાલંકાર અર્પણ કર્યાં.

બાદશાહે દાદમહાલમાં મહારાજની મુલાકાત લેવાની ગોઠવણ કરી હતી. ભવ્ય દીવાનખાનામાં સુંદર બેઠકો બનાવી હતી. મહારાજની સવારી મહાલ નજીક પહોંચતાંજ પોતાનું લશ્કર બહારજ ઊભું રાખી, મહારાજ થોડાક કારભારીઓ સહિત કુતુબશાહના મહેલમાં ગયા. બાદશાહ તેમને લેવા દીવાનખાના પરથી નીચે ઊતરતા હતા, તેમને મહારાજે કહાવ્યું કે, “આપે મહેલ નીચે ઊતરવાની તસ્દી લેવી નહિ.” મહારાજ મહેલ પર ગયા. ત્યાં પરસ્પર એકબીજાએ આલિંગન કર્યું અને બન્ને એક આસન પર બેઠા. માદણ્ણા અને આકણ્ણા તેમની પાસે બેઠા. બીજા અમીરઉમરાવો ઊભા રહ્યા. મહારાજ સાથે આવેલા કારભારી બાબારાવ સરનૌબત, રઘુનાથ પંત, નિરાજી પંત, દત્તો પંત, વાકનીસ અને બાલાજી આવજી ચિટનીસને બેસવાની આજ્ઞા ફરમાવી. કુતુબશાહના જનાનખાનાની સ્ત્રીઓને પણ મહારાજને જોવાની ઇચ્છા થયેલી હોવાથી પડદાઓ નાખી તેમને માટે પણ વ્યવસ્થા કરેલી હતી. થોડા વખત સુધી મહારાજ અને બાદશાહ વચ્ચે સ્નેહસંભાષણ થયું. બાદશાહે મહારાજના સરદારોની મુલાકાત લઇ તેમને યથોચિત સન્માન આપ્યું. તેમની સૈન્યનીતિ અને વસ્ત્રાલંકર જોઇ બાદશાહ ઘણા ખુશ થયા. ત્યાર પછી મહારાજને અને તેમનાં સઘળાં મનુષ્યોને પાનબીડાં અને અત્તરગુલાબ આપ્યાં. બાદશાહે મહારાજને બહુમૂલ્ય ઝવેરાત, હાથીઘોડા વગેરે માનપૂર્વક સમર્પણ કર્યું. કહેવામાં આવે છે કે, બાદશાહે પોતાને હાથે મહારાજના શરીરે અત્તર ચોપડી પાનનું બીડું આપ્યું હતું. લગભગ એક પ્રહર સુધી દાદમહાલમાં રહી બાદશાહનું પ્રેમપૂર્વક આદરાતિથ્ય સ્વીકારી મહારાજ પોતાનાં મનુષ્યોસહિત તંબૂમાં પાછા આવ્યા. મહારાજ જ્યારે જવાને નીકળ્યા ત્યારે કુતુબશાહ તેમને વિદાય કરવાને માટે ઠેઠ મેડા પરથી નીચે સુધી આવ્યો હતો,

કહેવામાં આવે છે કે, મહારાજે ભાગાનગરમાં એક મહિના

સુધી પડાવ નાખ્યો હતો. બાદશાહ સાથે માદણ્ણાની હાજરીમાં મહારાજને ઘણી રાજદ્વારી વાતો થઇ હતી. માદણ્ણા પંતે મહારાજને પોતાને ઘેર મિજબાની આપી હતી. તેમની સાથે આવેલા સરદાર અને કારભારીઓને તેણે પોશાક આપ્યા અને મહારાજને વસ્ત્રાલંકાર તથા હાથીઘોડા નજરાણું આપ્યું. આ મિજબાની વખતે માદણ્ણાની વૃદ્ધ માતાએ પોતાને હાથેજ રસોઇ કરી હતી અને મહારાજને પોતાને હાથે પીરસ્યું હતું. જ્યાંસુધી મહારાજ જમતા હતા ત્યાંસુધી એ બંને ભાઇઓ બહુજ અદબથી બેઠા હતા, એવું કહેવાય છે. મહારાજે પણ બંધુદ્વયને મિજબાની આપી અને તેમને હાથીઘોડા આપી તેમની સાથેનાં મનુષ્યોને પોશાક અર્પણ કરી માન આપ્યું. બાદશાહ અને તેમના અમીરઉમરાવોને મહારાજે એક ભવ્ય મિજબાની તથા સર્વને બહુમૂલ્ય વસ્ત્ર, ઝવેરાત આપી સંતોષ પમાડ્યો. નગરના સર્વ અમીર ઉમરાવ અને મનસબદારની મુલાકાત લઇ મહારાજે તેમનો સ્નેહ સંપાદન કર્યો.

મુલાકાત સમયે એક આનંદજનક બનાવનું વર્ણન એક બખરમાંથી મળી આવે છે*. કુતુબશાહે એક સમયે વાતચીત કરતાં રઘુનાથ પંતને કહ્યું કે, " શિવાજી મહારાજનાં મનુષ્યોની બહાદુરી સંબંધી મેં ઘણી પ્રશંસા સાંભળી છે. તેમની બહાદુરી પ્રત્યક્ષ જોવા ઇચ્છા છે." રઘુનાથ પંતે ઉત્તર દીધો: " તેમના તાબાના પ્રત્યેક સિપાઈ એકએક હાથી બરોબર છે." બાદશાહે પૂછ્યું: " તેઓ હાથી સાથે યુદ્ધ કરી શકશે કે ? " રઘુનાથ પંતે કહ્યું: " તેમાં શંકા શી ? તેઓ હાથીની પરવા રાખતા નથી." કુતુબશાહે કહ્યું: " તેઓ હાથી સાથે કેવું યુદ્ધ કરે છે તે આજે નજરે જોવાની ઇચ્છા છે. એક સિપાઇ લઈ આવજો." પંતે બાદશાહની ઇચ્છા મહારાજને નિવેદન કરી; તેમની આજ્ઞાથી યેસાજી કંકને દસ બળવાન શૂરવીર સિપાઇ પસંદ કરી કુતુબશાહ પાસે લઇ જવાનું કહ્યું. રઘુનાથ પંત દસ સિપાઈ સહિત યેસાજી કંકને લઇ બાદશાહ પાસે ગયા. તેમણે સિપાઇઓને પોશાક ભેટ આપ્યો. ત્યાર પછી તેમના સમક્ષ એક મદોન્મત્ત હાથી છોડી મુકાવ્યો. હાથી સીધો યેસાજી કંકના શરીર તરફ ધસી આવ્યો. યેસાજી જરા પણ ડગ્યો નહિ. તેણે પોતાની તલવાર ઉગામી ચપળતાપૂર્વક હાથીના મો ઉપર સખ્ત ઘા કર્યો. ઘા

---

* શિવદિગ્વિજયમાં પ્રો. સરકાર જણાવે છે કે, હૈદ્રાબાદના અમીરઉમરાવોને મહારાજે જ્યારે મિજબાની આપી ત્યારે આ હકીકત બની હતી. એક બખરમાં એવું છે કે, કુતુબશાહે મહારાજને પૂછ્યું કે, " તમારી પાસે નામાંકિત હાથી કેટલા છે ? " ત્યારે મહારાજે પોતાના હજારો વીર માવળા સૈનિકો તરફ આંગળી બતાવી કહ્યું કે, " આ સૌ મારા હાથી છે."

વાગતાંજ હાથીના દાંત આગળથી સૂંઢ કપાઈ પૃથ્વી પર પડી. એ દૃશ્ય જોઇ બાદશાહ આશ્ચર્ય પામ્યા. બાદશાહે યેસાજીને પોતાની પાસે બોલાવી તેની ઘણી પ્રશંસા કરી અને તેને સોનાનાં કડાં, પગના તોડા અને ગળાનો ગોપ બક્ષિસ આપ્યાં. બાદશાહ એટલેથીજ સંતોષ પામ્યા નહિ. તેમણે યેસાજીને પાંચ હજાર રૂપિયાની ઉત્પત્તિનું ગામ બક્ષિસ આપવાની ઇચ્છા દર્શાવી. એ જોઇ યેસાજીએ બાદશાહને મુજરો કરતાં કહ્યું: "હજૂર! હું મહારાજના અન્ન વડે ઉદરપોષણ કરૂં છું તે આપનુંજ છે. તેમની આજ્ઞાથી હું અહીં આવ્યો છું અને આપે મારા બુદ્ધિબળની પરીક્ષા કરી સંતોષ બતાવ્યો છે. આપની એ બક્ષિસ લેવી ઇષ્ટપ્રદ નથી. મહારાજે મને શું ઓછું આપ્યું છે કે જેથી આપની બક્ષિસ વડે મારે નિર્વાહ ચલાવવો? આપની બક્ષિસ લઈ ઓશિયાળા થવાથી મારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ મહારાજની સેવામાં અંતર પડે. બક્ષિસ આપવાની ઇચ્છા થાય તો મહારાજને આપવી. તે મારા અન્નદાતા સ્વામી છે. તેમની સેવા બજાવવી એ મારો ધર્મ છે." પ્રમાણિક યેસાજીની નિઃસ્પૃહતા અને નિઃસીમ સ્વામીનિષ્ટા જોઈ બાદશાહને કેવું આશ્ચર્ય થયું હશે, તે અત્રે લખવાની અગત્ય નથી.

કુતુબશાહનું અને તેના વજીરોનું આદરાતિથ્ય ગ્રહણ કર્યા પછી મહારાજે ભાગાનગરથી છાવણી ઉપાડવાનો સંકલ્પ કરી, બાદશાહ પાસે રજા માગી. તે સમયે બાદશાહે પુનઃ દરબાર ભરી સર્વની મુલાકાત લીધી. તેમણે મહારાજને વિદાયગીરીમાં પાંચ હાથી, પાંચ ઘોડા તથા પાંચ પોશાક અર્પણ કર્યા. તેમના સરદારોને તથા કારભારીઓને વસ્ત્રાભૂષણ આપી સંતોષ પમાડ્યો. પરસ્પરે પ્રત્યેક પ્રસંગે એકબીજાને સહાયતા આપવાની ઉભય પક્ષે પ્રતિજ્ઞા કરી.[૧] સવારીના ખર્ચ માટે માગેલું દ્રવ્ય બાદશાહે પ્રફુલ્લ ચિત્તે મહારાજને સ્વાધીન કર્યું.[૨] ઉભય પક્ષ વચ્ચે શરત થઈ કે, કર્ણાટકની શાહજીરાજાની જાગીર સિવાય બીજો પ્રદેશ જીતવામાં આવે તેનો અર્ધો ભાગ કુતુબશાહને આપવો. કુતુબશાહે મહારાજના લશ્કર સાથે પોતાનું તોપખાનું મોકલવું. કુતુબશાહે પોતાના થોડાક લશ્કરની સહાયતા આપવાનું કહ્યું; પરંતુ મહારાજે ના પાડી. ઉભય પક્ષના

---

[૧] મુલાકાત વખતે મહારાજે કહ્યું કે, "આદિલશાહ અને તમે મને મદદ કરશો તો હું તમને સમસ્ત હિંદુસ્તાન જીતી આપીશ."
(રાયરીની બખર)

[૨] વિલ્કિઝ લખે છે કે, કુતુબશાહે મહારાજને દસ લાખ હોન અને કેટલુંક ઝવેરાત આપ્યું હતું. રાયરીની બખરમાં લખ્યું છે કે, પાંચ લાખ હોન આપ્યા હતા. પ્રો. સરકાર જણાવે છે કે, દરરોજ ત્રણ હજાર હોન મહારાજને મળતા હતા.

ઠરાવની એક કલમમાં લખ્યું હતું કે, કર્ણાટકમાંનો વિજાપુરસરકારનો જે પ્રાંત શિવાજી મહારાજ હસ્તગત કરે, તેમાંનો કેટલોક પ્રાંત તેજ સરકારને એવી શરતે પાછો આપવો કે, અબ્દુલકરીમને આદિલશાહીના રાજ્યકારભાર ઉપરથી કાઢી મૂકી તે જગ્યાએ આકણ્ણાને નીમવો.[1]

અઢળક દ્રવ્ય અને મજબૂત તોપખાનું મેળવી મહારાજ કર્ણાટક તરફ જવા નીકળ્યા. માર્ગમાં તુંગભદ્રાને કિનારે કરનાળા કડપ્પા નામક એક સંસ્થાનના સંસ્થાનિકે[2] મહારાજને પાંચ લાખ હોન ખંડણી આપવાનું કબૂલ કર્યું, તેથી તેના પ્રાંતને ઉપદ્રવ નહિ કરતાં તેમણે આગળ પ્રયાણ કર્યું. એ શહેરથી પચીસ માઇલ વેગળે નિવૃત્તિસંગમ નામક ક્ષેત્ર આવે છે. ત્યાં સ્નાન કરી મહારાજ કૃષ્ણા નદીને પેલે પાર ગયા અને પાયદળ લશ્કરને કડપ્પાને માર્ગે આગળ રવાના કરી થોડાક ઘોડેસવાર સહિત તેઓ શ્રીશૈલમલ્લિકાર્જુનના દેવાલયમાં[3] દર્શન કરવા ગયા. દેવાલયના વિશાળ ચોગાનમાં લશ્કર રાખી થોડાં મનુષ્યો સહિત મહારાજ ગંગાસ્નાન કરવા ગયા. ત્યાંના પર્વતના દેખાવ અને વનશ્રી અત્યુત્તમ હતાં. કૃષ્ણા નદીના પ્રશસ્ત પટમાં થઇને પૂર્વસમુદ્ર તરફ જતાં ત્યાંનાં રમણીય અને પરમપૂજ્ય સ્થાન જોઈ મહારાજને અત્યાનંદ થયો અને જાણે બીજું કૈલાસસ્થાન હોય એવો તેમને ભાસ થયો. દેવદર્શન કરવા ગયા તે વખતે મહારાજના હૃદયમાં વિલક્ષણ ભક્તિભાવ પ્રજ્વલિત થયો અને દેવસ્થાનમાં પોતાનો દેહ સમર્પણ કરી જીવનનું સાર્થક્ય કરવાની ઇચ્છા થઈ. તેજ ક્ષણે અદસ્ય જુસ્સો આવતાં મહારાજ તલવાર ઉગામી દેવને પોતાનું શિરકમળ અર્પણ કરવા તૈયાર થયા; પરંતુ જુસ્સાના આવેશમાંજ મહારાજના શરીરમાં ભવાનીદેવીએ પ્રવેશ કરી કહ્યું: “વત્સ! દેહાર્પણ કરવાથી તને મોક્ષ પ્રાપ્ત થશે નહિ. તારે હાથે હજુ વિશેષ મહત્ત્વનાં કર્તવ્ય થશે. ધર્મસંરક્ષણ માટે તારો દેહ નિર્માણ થયો છે; માટે આવું સાહસ કરવું ઉચિત નથી.” મહારાજ સાવધ થયા પછી નજીકનાં મનુષ્યોએ ભવાનીદેવીની આજ્ઞા નિવેદન કરી. તે સાંભળી મહારાજે આત્મયજ્ઞ કરવાનો વિચાર બંધ રાખ્યો. એવા પૂજ્ય અને રમ્ય સ્થાનમાં રહી તપસ્વીવૃત્તિ ધારણ કરવાની અને મરણપર્યંત તપશ્ચર્યા કરી અવશેષ જીવન આત્મકલ્યાણમાંજ વિતાવવાની ઇચ્છા થઇ. તેમણે કારભારી અને સરદારોને કહ્યું કે, “શ્રીજગદંબાના કૃપાપ્રસાદ વડે મારા સર્વ મનોરથો પરિપૂર્ણ થયા છે, હવે સંસારમાંથી નિવૃત્ત થઇ આવા પવિત્ર સ્થાનમાં રહેવું

---

[1] શિવદિગ્વિજય.

[2] વિલ્કિઝ એનું નામ આનંદરાવ દેશમુખ લખે છે.

[3] ગ્રાન્ટ ડફ અને વિલ્કિઝ એનું નામ પર્વતમ્ અને સભાસદ શૈલપર્વત લખે છે.

અને શેષ જીવન મોક્ષસાધનમાં વિતાવવું, એવી મારી સંપૂર્ણ ઇચ્છા છે. આ ચડાઇનો આ સ્થળેજ અંત લાવી તમે પુનઃ સ્વદેશ જાઓ અને મારા પુત્રને રાજગાદી પર બેસાડી તેમના નામથી રાજ્યકારભાર ચલાવજો." એ સાંભળી સાથેનાં મનુષ્યોને દિલગીરી ઉત્પન્ન થઈ. તેઓએ મહારાજને અનેક પ્રકારે સમજાવ્યા અને ભવાનીદેવીની આજ્ઞા પ્રમાણે વર્તવામાંજ જીવનનું સાર્થક્ય છે એમ પણ કહ્યું; છતાં તેમણે કોઇનું માન્યું નહિ. મહારાજે તપસ્વીનાં વસ્ત્રો પહેરી સર્વ અંગે ભસ્મલેપન કર્યું. તેઓ ધ્યાનમગ્ન થઇ એકજ આસન વાળી બેસવા લાગ્યા. પરમહંસની પેઠે તેમનું દેહભાન નષ્ટ થતું. મહારાજ કેવળ ઇશ્વરચિંતવનમાંજ સમય વ્યતીત કરવા લાગ્યા. મહારાજની એ વૃત્તિ જોઇ સાથેનાં મનુષ્યોને ઘણી ચિંતા થઇ. તેઓ મહારાજ પાસે પહેરો રાખી, તેઓની ચેષ્ટા જોવા લાગ્યા. ધ્યાનભંગ થતાં મહારાજને દેહભાન થતું, તે સમયે રઘુનાથ પંત તેમની પાસે જતા અને ધર્મશાસ્ત્રના અનેક વચનોનો આધાર બતાવી એ વૃત્તિ ક્ષત્રિયને માટે ઉચિત નથી, એવું સિદ્ધ કરતા. મહારાજને નવ દિવસ પર્યંત વિરક્તાવસ્થા રહી હતી.* રઘુનાથ પંતના સમયોચિત બોધને લીધે મહારાજને પોતાનું જીવન એ પ્રકારે ક્ષય કરવાનું ઉચિત જણાયું નહિ. તેઓએ તપસ્વી વેશનો ત્યાગ કર્યો અને સંસારી સ્વાંગ ધારણ કરી પુનઃ રાજકાર્યમાં પ્રવૃત્ત થયા. દેવસ્થાનમાં ઘણાં બ્રહ્મભોજન કરાવ્યાં, અઢળક લક્ષ્મી ખર્ચી દાનધર્મ કર્યું, એક ઉત્તમ ઓવારો બંધાવ્યો અને તપસ્વીજનોને માટે તપશ્ચર્યા કરવા અનેક ગુફાઓ તૈયાર કરાવી. બીજા આઠદસ દિવસ નિવાસ કર્યા પછી મહારાજે આગળ પ્રયાણ કર્યું.

મહારાજનું પાયદળ-લશ્કર વ્યંકટગિરિની ખીણમાં થઇને પૈનના ડુંગરો ઓળંગી કર્ણાટક જઇ પહોચ્યું હતું. મહારાજ તેમને જઇ મળ્યા. તેમને વજનદાર સામાન સહિત નાની મજલો કરી પાછળ આવવાની આજ્ઞા કરી અને પોતાની સાથે થોડા માવળા અને ઘોડેસવાર લઇ તેઓ તેમની આગળ ગયા. મહારાજે મદ્રાસથી સાત માઇલના અંતર પર આવેલા એક ગામ આગળ મુકામ કર્યો. સને ૧૬૭૭ના મે માસની ૧૪મી તારીખે મદ્રાસના અંગ્રેજ વેપારીઓ પાસે મહારાજે કેટલીક ઔષધિની માગણી કરી; એટલે તે લોકોએ આશરે ૬૦ હોનની કિંમતની ઔષધિ અને કેટલુંક ઊંચી જાતનું કાપડ મહારાજને ભેટ કર્યું. મહારાજે તા. ૨૫મીએ તે બાબત એક આભારદર્શક પત્ર લખ્યો અને તેજ જાતનો બીજો કેટલોક માલ વેચાતો આપવાનું જણાવ્યું. આ પરથી તે અંગ્રેજોએ મહારાજને બીજો કેટલોક માલ નજરાણા તરીકે આપ્યો. એવું કહે-

---

* જુઓ વિલ્કિઝકૃત મ્હૈસૂરનો ઇતિહાસ.

વાય છે કે, તેની કિંમત બાવન હોન હતી. આ પ્રમાણે સ્નેહભાવ પ્રગટ થયેલો હોવા છતાં મહારાજનાં માણસોએ વ્યંકોજીરાજાના તાબાના પ્રદેશમાં તિમરી નામના ગામમાં અંગ્રેજોની વખાર હતી તે લૂંટી. ત્યાંથી આગળ વધીને મહારાજ રઘુનાથ પંતની મદદથી કર્ણાટકના કેટલાક નાનામોટા સરદારોનો પ્રદેશ હસ્તગત કરવા લાગ્યા. રઘુનાથ પંતની યુક્તિ અને ખટપટથી મહારાજને કોઇની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો નહિ. ચંદીનો મજબૂત કિલ્લો પણ એજ રીતે કશી ધાંધલ વગર તેમને હાથ આવ્યો. એ કિલ્લો વિજાપુરસરકારના તાબાનો હતો અને અંબરખાનના પુત્ર રૂપખાન* તેમજ નાસરખાનને હવાલે હતો. રઘુનાથ પંતે તેમની સાથે પ્રથમથીજ સલાહમસલત કરી રાખી હતી. મહારાજે કિલ્લાને મોરચાબંધી કરવા માંડી કે તરતજ કિલ્લેદારોએ એ કિલ્લો તેમને સ્વાધીન કરી દીધો. ×

---

* કેટલાક મરાઠી બખરકાર એનું નામ ખાનખાનાન લખે છે.

× એ કિલ્લો કબજે લેવાની હકીકત સંબંધી રાયરીની બખરમાં લખ્યું છે કે, મહારાજે કિલ્લેદાર અંબારખાનને કહાવ્યું કે, વિજાપુરસરકાર અને ભાગાનગરની સરકાર સાથે તહનામું કરી અમે અહીં આવ્યા છીએ, તેથી તમારે અમારી મુલાકાતે આવવું. મહારાજનું કહેવું સત્ય લાગવાથી કિલ્લેદાર પોતાના આઠ પુત્રો સહિત મહારાજને મળવા ગયો. મહારાજે તેને પકડી કેદ કર્યો અને કિલ્લો કબજે લીધો. શિવદિગ્વિજયકાર લખે છે કે, અંબરખાન નજરાણાં લઈ મહારાજની મુલાકાતે આવ્યો, તે સમયે મહારાજે તેને કહ્યું કે, "તમારા પ્રાંતનું સંરક્ષણ કરવાની ઇચ્છા હોય તો ચંદીનો કિલ્લો અમને સોંપી દેવો, નહિ તો તમે અમારા લશ્કરમાં નિવાસ કરો, ચંદી જશો નહિ. અમે કોઇ પણ યત્ને કિલ્લો કબજે લઇશું." તેણે કિલ્લો કબજે સોંપવાનું કબૂલ કર્યું અને પરવાનગીપત્રો લખી આપ્યા. મહારાજ સાથે સલાહસંપ રાખવામાંજ તેને પોતાનું શ્રેય જણાયું; પરંતુ તેના આઠ પુત્રો કિલ્લા પર હતા, તેઓ કિલ્લો કબજે આપવા ખુશી નહોતા. તેઓ મહારાજ સાથે યુદ્ધ કરવા તૈયાર થયા; પરંતુ રઘુનાથ પંતે અંદરખાનેથી સલાહ કરેલી હોવાથી તેમના પક્ષમાં થોડુંક લશ્કર રહ્યું હતું. પોતાનો પક્ષ દુર્બળ જાણી તેઓ ગભરાયા અને કિલ્લો મહારાજને સોંપવાનું કબૂલ કર્યું. મહારાજે તેમને કેટલાંક ગામનું વતન આપી પોતાની નોકરી કરવાનું ઠરાવ્યું. વિલ્કિઝ લખે છે કે, જીંજીના કિલ્લા તરફ જતાં માર્ગમાં આવેલાં ગામોની પ્રજાને મહારાજે ત્રાસ આપ્યો નહોતો. પોતે વિજાપુરસરકારના મિત્ર હોય એવી ત્યાંની પ્રજાને ખાતરી કરી આપી હતી; એથી અંબરખાને તેમની પાસે વકીલ મોકલ્યો હતો. તેને મહારાજે ઉત્તર આપ્યો કે, " વિજાપુરસરકાર સાથે અમારે કલહ ઉત્પન્ન થયો

કિલ્લો કબજે આવ્યા પછી મહારાજે તે પર રામજી નલગે નામક એક અત્યંત પ્રમાણિક માવળા સરદારને કિલ્લેદાર, તિમાજી કેશવને સબનિસ અને રુદ્રાજી સાવળીને કારખાનનીસ નીમ્યો. તેમણે પોતાના મહારાષ્ટ્રના કિલ્લા જેવીજ એ કિલ્લાની વ્યવસ્થા ગોઠવી હતી. મદુરામાં તે વખતે જેસ્યુઇટ પંથનો એક પાદરી હતો તેણે એવું લખ્યું છે કે, શિવાજી મહારાજે આ કિલ્લામાં એવો સુધારોવધારો કર્યો કે જે જોઇને યુરોપના મોટા મોટા કારીગરોને પણ નીચું જોવું પડે. કિલ્લાની આસપાસનો સઘળો પ્રાંત કબજે કરી વિઠ્ઠલ પિળદેવ ગોરાડકરને× ત્યાંનો સૂબેદાર બનાવ્યો અને સ્વરાજ્યના જેવીજ જમાબંધીની પદ્ધતિ શરૂ કરવાની તેને આજ્ઞા કરી. રૂપખાન અને નાસરમહમદને વર્ષાસન બાંધી આપી સંતુષ્ટ કર્યા.

ચડાઇ વખતે મહારાજે પ્રથમ બહાનું કર્યું હતું કે, “ અમે ગોવળકોંડાના કુતુબશાહના પક્ષ તરફથી ચડાઇ કરીએ છીએ.” તેમને એ સરકાર તરફથી પુષ્કળ પૈસાની સહાયતા મળી હતી અને હજુ પણ બીજી સહાયતા મળવાની આશા હતી; તેથી મહારાજે એવું બહાનું કાઢયું હતું; પરંતુ કિલ્લો કબજે આવ્યા પછી તેમણે એ બહાનું તજી દઇ થાણા પર પોતાનાં મનુષ્યો નીમી પોતાનાજ નામથી વ્યવસ્થા કરવા માંડી. મહારાજનું એ કૃત્ય જોઇ કુતુબશાહની આંખ ઊઘડી ગઇ. તેમણે મહારાજને વિશેષ સહાયતા આપવાનું બંધ કર્યું. ચડાઇમાં થતો ખર્ચ મળવાનું બંધ થયાથી, મહારાજે લૂંટ કરી પૈસા મેળવવાની શરૂઆત કરી. તેમણે એ પ્રાંતમાં તોફાન મચાવ્યું. તે વખતે પ્રજાની કેવી દુર્દશા થઈ હતી, તેનું વર્ણન તે પ્રાંતના અંગ્રેજ વેપારીઓએ લખી રાખ્યું છે; તે પરથી જણાય છે કે શિવાજી મહારાજે દ્રવિડ પ્રાંતમાં પ્રવેશ કર્યાના સમાચાર ચારે દિશામાં પ્રસરતાં ત્યાંની પ્રજા અતિશય ગભરાઇ. તેઓ એક ભયંકર પુરુષ છે, તેમણે પશ્ચિમ કિનારા પરના પ્રાંત લૂંટીબાળી ઉજ્જડ કર્યા છે અને યવન બાદશાહને ત્રાહ્યત્રાહ્ય પોકરાવી છે; એવી સર્વત્ર ખ્યાતિ ફેલાઇ હોવાથી દ્રવિડ પ્રજાને મહારાજની અતિશય બીક લાગી. સર્વને પોતાનું સંરક્ષણ કરવાની ચિંતા થઇ. તેઓને ખાતરી હતી કે, શિવાજી મહારાજ કોઇક દૈવી શકિત વડે દ્રવ્યનું સ્થાન તથા દ્રવ્ય પ્રાપ્ત થાય એવા શ્રીમંતોને જાણી જાય છે.

હતો તે શાંત થયો છે. અમે તે સરકારના તાબેદાર થયા છીએ.” એવું ખોટું બહાનું કાઢી મહારાજે તે વૃદ્ધ કિલ્લેદારને તેના પુત્ર અને સગાસહિત પોતાના તંબૂનાં બોલાવ્યો. કિલ્લેદારને કબજામાં આવેલો જાણી મહારાજે તેને કેદ પકડ્યો અને કિલ્લો તાબે કર્યો.

× શિવદિગ્વિજયકાર એનું ઉપનામ ગરુડ લખે છે.

ચંદીનો કિલ્લો કબજે કર્યા પછી મહારાજ ત્રિનમલ્લી× પ્રાંતમાં ગયા. એ પ્રાંત વિજાપુર–સરકારના અંકિત શેરખાન નામક પાંચહજારી સરદારની સત્તામાં હતો. મહારાજને પોતાના પ્રાંતમાં પેઠેલા જાણી શેરખાને લશ્કર સહિત તેમના ઉપર સખ્ત હુમલો કર્યો. ઉભય પક્ષ વચ્ચે યુદ્ધ થયું, તેમાં એ સરદારનો પરાજય થયો અને પ્રાંત મહારાજના તાબામાં આવ્યો. એ પ્રાંતમાંથી તેમને પુષ્કળ દ્રવ્ય અને હાથીઘોડા મળ્યા હતા.

મહારાજને એટલે સુધી આવેલા જાણી શાહજીરાજાએ સ્થાપેલી નૃત્યશાળાનો સંતાજીરાજા નામક એક પુરુષ તેમની પાસે આવ્યો. તે પ્રથમ વ્યંકોજીરાજાના આશ્રયમાં હતો; પરંતુ તેમનું વર્તન તેને અયોગ્ય જણાયાથી તેમજ મહારાજને નજીક આવેલા જાણીને તેમને આવી મળ્યો હતો. મહારાજે તેનું યોગ્ય સન્માન કરી તેને પોતાની પાસે રાખ્યો અને આગળ જતાં એ પુરુષ શૂરવીર, બુદ્ધિમાન અને વિશ્વાસપાત્ર જણાતાં મહારાજે તેને ચંદીના કિલ્લાનો કિલ્લેદાર નીમ્યો.

આ પ્રાંતમાં વેલૂર, ત્રિવાદી અને આર્ની વગેરે કિલ્લાઓ આવેલા હતા. તે પરના કિલ્લેદારોએ સામોપચારથી કિલ્લા મહારાજને સ્વાધીન કર્યા નહિ. આથી પાછળ આવતા મહારાજના પાયદળ-સૈન્યે સને ૧૬૭૭ના મે માસમાં વેલૂરના કિલ્લાને ઘેરો નાખ્યો. આ કિલ્લો ઘણોજ મજબૂત હતો. તેની આસપાસ વિશાળ ખાઇ આવેલી હતી. તે એટલી મોટી હતી કે તેમાં મોટામોટા મગરો પણ રહેતા હતા. એ કિલ્લાની દીવાલ એટલી પહોળી હતી કે તે પરથી બે ગાડાં સાથે જઇ શકે. આ કિલ્લાના ઘેરાનું કામ નરહરિ બલ્લાળે ઘણીજ સફાઇથી ચલાવ્યું. કિલ્લાની આજુબાજુ બે ટેકરીઓ હતી, તેને સાજરા અને ગોજરા નામ આપી, તે પર મોરચા બાંધી તોપો ચડાવી એવો મારો ચલાવ્યો કે જેથી કિલ્લાનાં માણસોથી તેનો બચાવ કરી શકાયો નહિ અને કિલ્લો મરાઠાઓને સ્વાધીન કર્યો. *

આજ વખતે આર્ની અને ત્રિવાદીને મહારાજના લોકોએ ઘેરો

× ચિટનીસ એ પ્રાંતનું નામ ત્રિસલ્લી અને સભાસદ ત્રિવાઇ લખે છે.

* મુસલમાન બખરકાર જણાવે છે કે, કિલ્લાના હવાલદાર અબ્દુલખાને મહારાજ પાસેથી પચાસહજાર હોનની લાંચ લઇને કિલ્લો મહારાજને સ્વાધીન કર્યો હતો. જેધેની શકાવલીમાં જણાવ્યું છે કે, ઘેરાનું કામ ચૌદ માસપર્યંત ચાલ્યું હતું. સેંટ જ્યોર્જના અંગ્રેજો જણાવે છે કે, અબ્દુલખાને પોતાનું ચાલ્યું ત્યાંસુધી કિલ્લાનું રક્ષણ કર્યું. પછીથી ત્રીસહજાર હોન લાંચ લઇને કિલ્લો મહારાજને સ્વાધીન કર્યો.

ઘાલ્યો અને ઑક્ટોબર માસમાં એ કિલ્લા પોતાને હસ્તગત કર્યા. શેરખાન નાસી જઇને ત્રિવાદીમાં રહેલો હતો. તેણે એ કિલ્લાનું કેટલોક સમય રક્ષણ કર્યું; પરંતુ મરાઠાઓ આગળ તેનો નિભાવ થયો નહિ અને રાત્રિના સમયે પોતાનાં માણસો લઇને તે કિલ્લામાંથી નાસી છૂટ્યો. મરાઠાઓએ તરતજ તેની પૂંઠ પકડી તેનાં માણસોની કતલ કરી. શેરખાન જેમતેમ કરીને તેમના હાથમાંથી માત્ર સો ઘોડેસવારો સાથે છટકી જઇ ભવનગિરિમાં જઇને રહ્યો; પરંતુ તેના નાસી જવા છતાં કિલ્લા મહારાજના હાથમાં સહેલાઇથી આવ્યા નહિ. ખાનનો સસરો પોતાનાં માણસો સાથે આ કિલ્લાનું રક્ષણ કરતો હતો; તેથી ઘેરો ચલાવવાનું કામ પોતાના બે મુસલમાન સરદારોને સોંપીને મહારાજ પોતાની ઘોડેસવાર સેના સાથે ભવનગિરિ તરફ ગયા. આ સ્થાનમાં મદ્રાસના અંગ્રેજોએ પોતાના નેલૂર રમણ્ણા નામના વકીલ સાથે મહારાજે માગેલી વસ્તુઓ પહોંચતી કરી. વરસાદને લીધે કાવેરી નદીના કિનારા પર આરંદી પાસે ત્રિવાદી નામના સ્થાનમાં મહારાજે પોતાના ઘોડેસવાર–સૈન્યની છાવણી નાખી. આ વખતે મદુરાના રાજાનો વકીલ તેમની પાસે આવ્યો. મહારાજે પોતાની સવારીના ખર્ચ માટે આ રાજા પાસે એક કરોડ રૂપિયાની માગણી કરી હતી. આ રાજા વ્યંકોજીનો મિત્ર હતો અને તેની પાસે પુષ્કળ ધન હતું, એ વાતની મહારાજને ખબર હતી. તે વકીલે મહારાજને કહ્યું કે, “મ્હૈસૂરના નાયકે અને વ્યંકોજી રાજાએ મારા માલિકનો કેટલોક મુલક પચાવી પાડ્યો છે, તે જો તમે અમને અપાવો તો અમે તમને સાત લાખ રૂપિયા આપવાને તૈયાર છીએ.” આ બાજુ એ રાજા ત્રિચીનાપલ્લીમાં રહેતો હતો, ત્યાંથી પોતાના કુટુંબપરિવાર સાથે મદુરામાં આવી બરોબર બંદોબસ્ત કરી રહેવા લાગ્યો. મહારાજે તે વકીલ જોડે રઘુનાથ પંતને મોકલી ખંડણીની રકમ નક્કી કરી; તેમાં સાત લાખ હોન આપવાનું નક્કી થયું અને તેમાંથી દોઢલાખ હોન તરતજ ગણી આપ્યા, એટલે મહારાજે તેના મુલકમાં કશો ઉપદ્રવ કર્યો નહિ.

એ સ્થળેથી તેમણે વ્યંકોજી રાજાને કહાવ્યું કે, “તમારી સાથે સલાહસંપથી મસલત ચલાવવા માટે તમારા કારભારી ગોવિંદભટ્ટ ગોસાંઇ, કાકાજી પંત અને નિળો નાયકને× અમારી પાસે મોકલવા.” એ પરથી વ્યંકોજી રાજાએ ઉક્ત ત્રણે ગૃહસ્થોને મહારાજ તરફ રવાના કર્યા. મહારાજે તેમને કહ્યું કે, “આજ તેર વર્ષ થયાં પિતાશ્રીએ કૈલાસવાસ કર્યો છે. મહારાજની સર્વ ધનસંપત્તિ રઘુનાથ પંતે વ્યંકોજીરાજાને સોંપી દઇ તેમને સત્તાધીશ બનાવ્યા છે;

× શિવદિગ્વિજયકાર, રંગો નાયક અને તિમાજી નાયકનાં નામો પણ લખે છે.

પરંતુ તે સંપત્તિ પિતૃધન છે. મારો તેમાં અર્ધો ભાગ છે. આજપર્યંત તેમણે મારા અર્ધા ભાગનો ઉપભોગ કર્યો છે. મારો ભાગ મેં ક્યારનોય માગ્યો હોત; પરંતુ હું ઘણે વેગળે હોવાથી મને મારો ભાગ લેવાની સગવડ મળી નથી. તેઓ પણ પિતા શાહજીરાજાના પુત્ર છે, સંપત્તિના માલિકજ છે. તેઓની ઇચ્છામાં આવે ત્યાંસુધી ભલે તેનો ઉપભોગ કરે. મારી ઇચ્છામાં આવે તે વખતે તેમાંથી અર્ધો ભાગ લઈ શકાશે, એમ ધારી મેં આજ તેર વર્ષ સુધી સબૂરી રાખી. રાજદ્વારી કાર્યનિમિત્તે કુતુબશાહની મુલાકાત લેવા આવ્યો અને ત્યાંથી કર્ણાટક આવવાની અગત્ય જણાતાં અહીં આવ્યો છું. દ્રવિડમાં અત્યાર સુધી મેં કયા કયા પ્રાંત કબજે કર્યા છે તે તમને વિદિત છે. મારો અર્ધો ભાગ મને આપવાની તેમની ઇચ્છા છે કે કેમ, એ સંબંધી મને સત્વર જણાવશો. મારે તેમની સાથે કલહ કરવો પડે, ચાર સારા મનુષ્ય તેમને સમજાવવા જાય ત્યારે તેઓ મને મારો ભાગ આપે અને પરસ્પર ક્લેશ થાય એ યોગ્ય નહિ. અમે એક લોહીના બંધુ છીએ. તીર્થસ્વરૂપ પિતાશ્રીનો કૈલાસવાસ થયા પછી અમારે એકસંપથી વર્તવું જોઇએ. અમારે એકબીજાના સુખદુઃખમાં ભાગ લેવો જોઇએ. વ્યર્થ કલહ ઉપસ્થિત કરવાથી કોઈનું કલ્યાણ થયું નથી અને થશે પણ નહિ." મહારાજે ત્રણે કારભારીને ભલામણ કરી તેમને પોતાના કેટલાક કારભારી સહિત વ્યંકોજીરાજા તરફ મોકલ્યા. તેઓએ વ્યંકોજીરાજા પાસે જઈ શિવાજી મહારાજની ઇચ્છા નિવેદન કરી.

વ્યંકોજીરાજાના સલાહકારોએ તેમને સલાહ આપી કે, "શિવાજી મહારાજને તેમનો અર્ધો ભાગ શાંત રીતે આપવો નહિ. તમે શૂરવીર છો. તેમની સાથે યુદ્ધ કરવા તૈયાર થાઓ." મહારાજ સાથે યુદ્ધ કરવામાં મદુરાના અને મ્હૈસૂરના રાજાઓએ તેમને સહાયતા આપવાનું કબૂલ કર્યું હતું. વ્યંકોજીરાજાએ કારભારીઓને મહારાજના ઉક્ત પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ, તેથી તેઓ પાછા ચાલ્યા ગયા. વ્યંકોજીરાજાએ યુદ્ધ માટે થોડીક તૈયારી કરી; પરંતુ જે રાજાઓએ તેમને સહાયતા આપવાનું અભિવચન આપ્યું હતું, તેઓએ છેલ્લી ઘડીએ ના કહ્યાથી વ્યંકોજીરાજા નિરાશ થયા. તેઓ એકલા મહારાજ સાથે યુદ્ધ કરવા શક્તિમાન નહોતા. કહેવામાં આવે છે કે, રઘુનાથ પંતે મદુરાના નાયક સાથે ગુપ્ત મસલત કરેલી હોવાથી તેણે છેલ્લી ઘડીએ વ્યંકોજીરાજાનો પક્ષ છોડી દીધો હતો. વ્યંકોજી નિરાશ થતાં મહારાજની મુલાકાતે આવ્યા.*

---

* રાયરીની બખરમાં લખ્યું છે કે, મહારાજે પ્રથમ વ્યંકોજીરાજાને સંદેશો કહાવ્યો કે, "ઘણાં વર્ષ થયાં આપણે મળ્યા નથી. હું આટલે [illegible] છું, ત્યાર તમારે મારી મુલાકાત લઈ

મહારાજે તેમની ઉત્તમ પ્રકારે બરદાસ્ત કરી. વ્યંકોજીરાજાની સાથે શાહજીરાજાની નૃત્યશાળાના બીજા ત્રણ રાજપુત્ર ભિંવજી રાજા, પ્રતાપજી રાજા અને રાયભાન રાજા મહારાજાની મુલાકાતે આવ્યા હતા, તેમને પણ મહારાજે યથોચિત આદરમાન આપ્યું. તેઓને કોઇ રીતે ઓછું આવે નહિ અને તેમને જોઇતી વસ્તુ તરતજ પ્રાપ્ત થાય તે માટે મહારાજે કારકુનોને સખ્ત તાકીદ આપી હતી. વ્યંકોજીરાજા પંદરવીસ દિવસ સુધી મહારાજની છાવણીમાં પરોણા રહ્યા; પણ એટલા દિવસમાં તેઓએ મહારાજના અર્ધા ભાગ સંબંધી વાત કાઢી નહિ. ત્યારે મહારાજ તે વાત કાઢવાનો વિચાર કરી વ્યંકોજીરાજાને એકાંત સ્થળે લઇ ગયા અને કહ્યું: “ આપણે બંને બંધુ છીએ; તેર વર્ષ થયાં પિતાશ્રીનું મૃત્યુ થયું છે; તેમની સર્વ સંપત્તિ તમે એકલાજ ભોગવો છો; વડીલોપાર્જિત સંપત્તિના આપણે ઉભય સરખા ભાગીદાર છીએ. મારી સલાહ નહિ લેતાં પિતાની સંપત્તિનો તમારી ઇચ્છાનુસાર વ્યવહાર કરો છો. જે સંપત્તિમાંથી હું ભાગ માગું છું તે તમે સ્વપરાક્રમ વડે સંપાદન કરેલી નથી. તમને ઈશ્વર નવીન સંપત્તિ મેળવવાનું સામર્થ્ય અને બુદ્ધિ આપે અને હું તે જોઉં, એવીજ મારી ઉત્કટ ઇચ્છા છે. મારી સલાહ સિવાય પિતાશ્રીએ સંપાદન કરેલી સંપત્તિનો તમારે વહીવટ કરવો એ યોગ્ય નથી. પિતાની સંપત્તિના કાગળપત્રો મને બતાવવા. આપણે બંને એકસંપથી વર્તીએ. કઠિન જણાતાં કાર્યોમાં હું તમને અવશ્ય સહાયતા કરીશ. તમે જરા પણ ગભરાશો નહિ.” મહારાજે વ્યંકોજીરાજાને અનેક પ્રકારે સમજાવ્યા. તેમણે માત્ર “ હા, હા ” કહ્યા કર્યું; પરંતુ કોઇ પ્રકારનો સ્પષ્ટ ઉત્તર આપ્યો નહિ. મહારાજે પ્રસંગોપાત પુનઃ એજ પ્રશ્નો પૂછ્યા અને તેમની ઇચ્છા જાણવાનો પ્રયત્ન કર્યો; પણ તેમણે મૌનજ ધારણ કર્યું હતું. તેમણે પોતાના અંતઃકરણની ઇચ્છા મહારાજને કિંવા બીજા કોઇને જાણવા દીધી નહિ. મહારાજે કારભારીઓ અને સરદારોને પણ એ સંબંધી વ્યંકોજીરાજાને સમજાવવાનું કહ્યું; પરંતુ એ ઉદ્યોગમાં તેમને યશ મળ્યો નહિ. કહે છે કે, વ્યંકોજીરાજાએ ઉત્તરમાં કહ્યું હતું કે, “ મહારાજે પ્રાપ્ત કરેલા પ્રદેશનો અર્ધો ભાગ મને મળે તો હું તમને મારી સંપત્તિનો અર્ધો ભાગ આપવા તૈયાર છું.” મહારાજે પ્રત્યુત્તર આપ્યો કે, “ મારા તાબાનો ઘણો પ્રદેશ મેં સ્વતઃ મેળવ્યો છે. તમારા તાબાનો સર્વ પ્રદેશ આપણા પિતાએ મેળવ્યો છે. તેમાં તમે વધારો કર્યો નથી. હિંદુશાસ્ત્ર પ્રમાણે પિતાની સંપત્તિનો અર્ધો ભાગ મને મળવો જોઇએ.”

મને આનંદ આપવો.” એ સાંભળી વ્યંકોજીરાજા પોતાના લશ્કર સહિત મહારાજને મળવા આવ્યા. બન્ને બંધુ મહાદેવના દેવળમાં મળ્યા અને એક થાળીમાં બન્નેએ ભોજન કર્યું.

મહારાજે પંદરવીસ દિવસ સુધી વ્યંકોજીરાજા સાથે વાતચીત ચલાવી; પરંતુ તે સઘળું વ્યર્થ થયું. તેમનો દુરાગ્રહ જોઇ મહારાજને ક્રોધ ચડ્યો અને તેમને કેદ પકડી પિતાની સંપત્તિમાંથી જોરજુલમથી અર્ધો ભાગ લેવાનો વિચાર કર્યો; પરંતુ પુનઃ તેમણે ઉદારવૃત્તિપૂર્વક વિચાર કર્યો કે, "એ મારો કનિષ્ઠ બંધુ છે, તેની સાથે કઠોરપણે વર્તવું ઉચિત નથી. એવી વર્તણુંક મારી પ્રતિષ્ઠાને છાજે નહિ. તે સરળ રીતે કબૂલ થાય એવો યત્ન કરવો જોઇએ." વ્યંકોજીરાજા પોતાની ઇચ્છાનુસાર વર્તતા નહિ હોવાથી તેમને પોતાની છાવણીમાંથી જવાની રજા આપી. તેમને તંજાવર× સુધી પહોંચાડવાને બહીરરાવ મોહીતે, રૂપાજી ભોંસલે, માનસિંહ મોરે અને અપ્પાજી રંગનાથ કેળકરને તેમની સાથે મોકલ્યા.* તંજાવર સુધી પહોંચ્યા પછી વ્યંકોજીરાજાએ પોતાની સાથે આવેલાં મહારાજનાં મનુષ્યોને વસ્ત્રાભૂષણો આપી તેમનો સત્કાર કર્યો અને પાછાં મોકલ્યાં. મહારાજે પુનઃ પોતાના કારકુનો સાથે વ્યંકોજીરાજાને કહાવ્યું કે, "તંજાવર પ્રાંતનો અર્ધો ભાગ અને એકબે કિલ્લા મને આપશો તો હું સંતોષ માનીશ. આપણે બંને સલાહસંપથી રહીએ એજ ઉત્તમ છે. ગૃહકલહ વધારવાથી આપણને બંનેને નુકસાનજ છે. તેમ કરવાથી માત્ર વ્યર્થ કષ્ટ ભોગવવું પડશે. કૌરવપાંડવને કેવું કષ્ટ ભોગવવું પડ્યું હતું તેનો વિચાર કરશો અને વ્યર્થ કલહ વધારશો નહિ. આજપર્યંત તમે મારા ભાગનો ઉપભોગ કર્યો છે તેની ચિંતા નથી; પણ હવે તેવી અભિલાષા રાખશો નહિ. મારો ભાગ હું છોડીશ નહિ, તમારે તે આપવોજ પડશે. તમે વિચાર કરીને મારી વાત કબૂલ કરશો તો મારા ભાગમાંથી હું કંઇ ઓછું પણ લઇશ." પણ વ્યંકોજીરાજા પાસેના કેટલાક યવન અધિકારીઓએ તેમને સલાહ આપી કે, "શિવાજી મહારાજ તમારા જ્યેષ્ઠબંધુ છે એ ખરૂં, પણ તેમણે તમારા માલિક આદિલશાહ વિરુદ્ધ બળવો કર્યો છે. તેમણે એ સરકારનો ઘણો પ્રદેશ કબજે કર્યો છે. એમના બળવાથી તમારા પિતાને ઘણું કષ્ટ સહન કરવું પડ્યું છે. એક વખત તો શાહજીરાજાના જીવ પર વાત આવી હતી. તમે એ સરકારના તાબામાં રહ્યા!, તેથી તમારા પિતાના મરણ પછી આદિલશાહે શાહજીરાજાની સંપત્તિ તમારા

× એ ગામનું નામ ચંદાવર અને ચંજાવર પણ અન્યત્ર જણાય છે.

* સભાસદ લખે છે કે, વ્યંકોજીરાજા મહારાજની છાવણીમાંથી ભય પામીને નાસી ગયા હતા. એ જાણી મહારાજે દિલગીર થઇ કહ્યું કે, "તેમણે નાસી જવાનું કારણ નહોતું." મહારાજે તેમની સાથે આવેલા કારકુનોને વસ્ત્રાલંકાર આપી સત્કાર કર્યો અને પોતાના માલિક પાસે જવાની રજા આપી.

તાબામાં રહેવા દીધી છે, નહિ તો ક્યારનીય ખાલસા થઇ જાત. તમારી પાસેની સંપત્તિ આદિલશાહની કૃપાને લીધેજ રહી છે. તેમાંથી શા માટે તે બળવાખોરને ભાગ આપવો? વળી તમારા પિતાની પ્રમાણિક નોકરીને લીધે તેમને એ સંપત્તિ મળી હતી; અને તમે આદિલશાહના તાબેદાર હોવાથી તમને એ સંપત્તિ મળી છે. તેની સાથે એ બળવાખોરને શો સંબંધ?" આ પ્રમાણે સલાહ સાંભળ્યા પછી વ્યંકોજીરાજાએ મહારાજનો સંદેશો લાવનાર કારકુનોને કહ્યું કે, "પિતાના સમયના હાથી, ઘોડા, ઝવેરાત વગેરે જે કંઇ હોય તેમાંથી ભાગ લેવો હોય તો રઘુનાથ પંતે આવી કાગળપત્રો અને યાદીઓ ઉપરથી સઘળું મને બતાવી આપવું. તેઓ મહારાજનો ભાગ ઠરાવી આપે તે પ્રમાણે આપવા હું તૈયાર છું. રઘુનાથ પંત શિરછત્રસ્વરૂપ છે. તેઓ ઉચિત જણાય તેમ કરશે. મહારાજનો ભાગ આપવાની ઇચ્છાથીજ આટલા દિવસ મેં તેમને ઉત્તર આપ્યો નહોતો." એમ કહાવી વ્યંકોજીરાજાએ કારકુનોને વસ્ત્રાભૂષણ આપી રવાના કર્યા.

કહેવામાં આવે છે કે, વ્યંકોજીરાજાએ એ સમયે આદિલશાહને પત્ર લખી જણાવ્યું કે, "જ્યેષ્ઠ બંધુ મારી સંપત્તિમાંથી ભાગ માગે છે. એ સંપત્તિ આપની તાબેદારી સ્વીકારવાને લીધે પ્રાપ્ત થઈ છે. તેમને ભાગ આપવો કે કેમ તે જણાવશો." બાદશાહે ઉત્તર આપ્યો કે, "શાહજીરાજાએ અમારી નોકરી પ્રમાણિકપણે બજાવી છે; તેથી અમે તેમને એ સંપત્તિ માટે વંશપરંપરાગત સનંદ આપી છે. એ મુદ્દો ધ્યાનમાં લઈ શિવાજી મહારાજ ભાગ માગે છે. તેઓ બળવાખોર થયા છે; પણ તેની અમે ખબર લઇશું. તમે ગૃહકલહ કરીને સરકાર સાથે મહારાજને શત્રુતા કરાવો છો, તેનું કારણ શું? તેમને ભાગ નહિ આપવાની અમે સલાહ આપીએ તો તેઓ અમારા પ્રદેશમાં ઉપદ્રવ કરશે અને નિરર્થક અમારી વચ્ચે યુદ્ધ જામશે. તમારી સંપત્તિમાંથી તેમને અવશ્ય ભાગ આપવો. તેઓ હમણાં અમારી સાથે શત્રુભાવથી વર્તે છે; પણ તમારી સંપત્તિમાંથી ભાગ લઇ અમારા તાબામાં રહી અમારી નોકરી કરે તો ઘણું સારૂં. તેમ કરવાથી અમારી સાથે મિત્રતા થશે. તેઓ શાહજીરાજાના જ્યેષ્ઠ પુત્ર હોવાથી સંપત્તિના માલિકજ છે." આદિલશાહ તરફથી સ્પષ્ટ ઉત્તર મળવા છતાં વ્યંકોજીરાજાની પાસેના યવન અમલદારોએ તેમની કાનભંભેરણી કરી કે, "શિવાજીરાજા ઉચ્છ્રંખલ હોવાથી બાદશાહ તેમનાથી બીએ છે. તમે સંપત્તિના સ્વતંત્ર માલિક છો. મહારાજ સાથે યુદ્ધ કરવામાં પાછા હઠશો નહિ; જયપરાજયનો અનુભવ લેવો. અમારા જીવનપર્યંત તેમને ભાગ આપવા દઇશું નહિ; તમને બીક કેની? શિવાજી મહારાજેજ માતાનું દૂધ પીધું છે કે શું?"

વ્યંકોજીરાજા તરફથી ઉત્તર મળ્યા પછી યવન સરદારની ઉસ્કેરણીથી તેઓ વિરોધ કરવા તૈયાર થયા છે, એમ જાણી મહારાજને ઘણી દિલગીરી થઇ. તેઓએ વ્યંકોજીરાજાના પ્રાંત ઉપર સવારી કરવાનો નિશ્ચય કર્યો; પરંતુ મહારાજે પુનઃ વિચાર કર્યો કે, “તેમના પર સવારી કરી તાબે કરવામાં પુરુષાર્થ શો ? ગમે તેમ પણ તે મારો બંધુ છે. પિતાની સંપત્તિમાં તોફાન મચાવવા કરતાં બીજા પ્રાંત કબજે કરવાની ક્યાં ખોટ છે ? તે પ્રાંતો સર કરી ત્યાં આપણી સત્તા સ્થાપ્યાથી યવનસત્તામાંથી એટલા પ્રાંત ઓછા થશે.” એવું ધારી મહારાજે વ્યંકોજીરાજા પર સવારી કરવાનો વિચાર બંધ પાડ્યો.

વ્યંકોજીરાજાની મુલાકાત થયા પછી મહારાજ ત્રિવાદીથી વેલૂર આવ્યા. ત્યાં પોતાનાં થાણાં સ્થાપી મહારાજગઢ, જગદેવગઢ, કર્ણાટકગઢ વગેરે આસપાસના કિલ્લા તેમણે કબજે કર્યા. ત્યાર પછી પર્વતો ઉપર થઇને આદિલશાહે પૂર્વે શાહજીરાજાને જાગીરમાં આપેલા પ્રાંતમાં આવ્યા; અને કોલ્હાર, બાલ્લાપુર, બેંગલોર, શિરટા, વાસકોટ વગેરે તાલુકા શાહજીરાજાને પૂર્વે જાગીરમાં મળ્યા હતા, તે સર્વ મહારાજે કબજે કર્યા. એ સિવાય તે તરફના બીજા ઘણા કોટકિલ્લા કબજે કરી તેમણે ઉચ્ચ ટેકરીઓ ઉપર નવા કિલ્લા બંધાવ્યા. સ્થળેસ્થળે પોતાનાં થાણાં સ્થાપ્યાં અને તે તરફના બળવાખોર લૂંટારાનો ઉચ્છેદ કરી સર્વ સ્થળે સ્વસ્થતા કરી. જેઓએ પ્રતિ વર્ષે ખંડણી આપવાનું કબૂલ કર્યું, તેમને મહારાજે ત્રાસ આપ્યો નહિ.

શાહજીરાજાએ વેદો ભાસ્કર નામક એક બ્રાહ્મણને આરણીનો કિલ્લો સોંપ્યો હતો, તે અદ્યાપિ પર્યંત તેના પુત્રના તાબામાં હતો. તેણે મહારાજને શરણે આવી કિલ્લાની કૂંચીઓ સોંપી દીધી. તેની નમ્રતા જોઇ મહારાજ ઘણા પ્રસન્ન થયા; અને ત્રણ લાખ હોનની ઊપજવાળા આસપાસના પ્રદેશસહિત કિલ્લો તેનેજ સોંપી દઇ પોતાનો ખંડિયો બનાવ્યો. પ્રાંતનો મજબૂત બંદોબસ્ત રાખવા માટે મહારાજે માનસિંહ મોરે અને રંગનાથ કેળકરને થોડા લશ્કર સહિત ત્યાંજ નીમ્યા. ત્યાર પછી મહારાજ શ્રીરંગપટ્ટણ વગેરે પ્રાંતમાંથી ખંડણી લેતા લેતા ગદગલક્ષ્મેશ્વર આવી પહોંચ્યા અને ત્યાંના બે કિલ્લા કબજે કર્યા. તે પ્રાંતનો અધિકારી ખાનગૌડ દેસાઈ ભય પામીને નાસી ગયો. મહારાજે તેનો પ્રાંત વગર અડચણે તાબે કર્યો.

આ પ્રાંતમાં વૃદ્ધ ચાલમ નામનું એક પ્રાચીન શિવાલય હતું. ત્યાં મહારાજ દર્શન માટે ગયા હતા. તે વખતે ડચ વેપારીઓના એક પ્રતિનિધિએ મહારાજની મુલાકાત લઈ તેમને રેશમી વસ્ત્રો, ચંદન, લવીંગ, માલદિવી નારિયેળ, તલવારનાં પાનાં વગેરે ચીજો નજરાણાં તરીકે આપી. ત્યાંથી કૂચ કરીને મહારાજે વનિયમ વાડી

નામના સ્થાનમાં મુકામ કર્યો. ત્યાંથી તેમણે મદ્રાસના અંગ્રેજ વેપારીઓના અધ્યક્ષને નીચે પ્રમાણે પત્ર લખ્યોઃ–" કર્ણાટકના કેટલાક કિલ્લાઓમાં બાંધકામ કરવાનો મારો વિચાર છે; તેથી તોપોને માટે મોટાં ગાડાં બનાવવાનું અને સુરંગો ફોડવાનું કામ જાણનારા માણસો તમારી પાસે હોય તો તેમને અહીં મોકલી આપજો. તેમાંયે સુરંગો લગાડી કોટકિલ્લા તોડવાનું કામ જેમને આવડતું હોય એવા માણસોની તો અમને ઘણીજ જરૂર છે. એવા વીસપચીસ અથવા કંઇ નહિ તો દસ માણસો અવશ્ય મોકલી આપશો. હું ઘણોજ સારો પગાર આપીને કિલ્લા પર તેમની નિમણુંક કરીશ." આનો અંગ્રેજોએ એવો જવાબ આપ્યો કે, " કોઇ પણ પક્ષમાં ભળી જવું અમારે માટે ઠીક નથી, તેથી તમારી માગણી માન્ય કરી શકતા નથી." ત્યાંથી મહારાજે કૂચ કરીને પોર્તોનોવો નામનું શહેર લૂંટયું, તથા આર્કટના દક્ષિણ તરફના સર્વ પ્રાંત અને ઉત્તરમાંના કેટલાક પ્રાંત પોતાને તાબે કર્યા.

મહારાજ વિજાપુર–સરકારના કર્ણાટક પ્રાંતમાં તોફાન મચાવતા અને ખંડણી લેતા હતા, તે સમયે દિલ્હીના શાહીદરબારના તેમના વકીલદ્વારા અને ગુપ્તચરદ્વારા પત્રો મળ્યા કે, ઔરંગઝેબ બાદશાહ મોટા લશ્કર સહિત દક્ષિણ ઉપર ચડાઈ લાવવાના વિચારમાં છે અને તે કાર્ય માટે તેમણે દિલ્હીમાં મોટું લશ્કર તૈયાર કરવા માંડયું છે. એ સમાચાર મળતાંજ મહારાજે કર્ણાટકથી મહારાષ્ટ્રમાં પાછા ફરવાનો વિચાર કર્યો. ચંદીનો કિલ્લો અને તેની આસપાસનો પ્રદેશ સંતાજીરાજાના તાબામાં સોંપ્યો હતો. તેની અને કબજે લીધેલા નવીન પ્રાંતોની સુવ્યવસ્થા રાખવાની ઇચ્છાથી, સંતાજીની સહાયતા માટે તેમણે રઘુનાથ પંત અને હંબીરરાવ સેનાપતિને થોડા લશ્કર સહિત ત્યાંજ રહેવા દીધા અને બાકી વધેલા લશ્કર સહિત મહારાજ સ્વદેશ આવવા નીકળ્યા. એ ચડાઇમાં રામેશ્વર પર્યંતનો પ્રદેશ કબજે કરવાની તેમની ઇચ્છા હતી; પરંતુ ઉપર લખ્યા પ્રમાણે પત્રો મળ્યાથી તે સંકલ્પ અપૂર્ણ રહ્યો.×

આ ચડાઇમાં મહારાજે વીસબાવીસ લાખ હોનની ઊપજનો પ્રદેશ અને સો કિલ્લા તાબે કર્યા. તે વખતના મદ્રાસના અંગ્રેજ વેપારીઓએ એવું લખ્યું છે કે, " જીંજી અને બેલોર નામના બે મજબૂત કિલ્લાઓ અને તેની આસપાસનો બાવીસલાખ હોનની

× સ્વદેશ જતી વખતે તેમણે પોતાના એ સ્થળના સરદારોને કહ્યું હતું કે, " તમારે પાલિયાકોટ, સદ્રાસ અને મદ્રાસના ડચ તથા અંગ્રેજોનાં થાણાં ઉપર છાપો મારી તેને કબજે કરવાં." એ સમયે ફ્રેંચ લોકો પોંડીચેરીમાં રહેતા હતા; તેમના પર ઉપદ્રવ કરવાની ના પાડી હતી.

ઊપજનો મુલક મહારાજે કબજે કર્યો; અને તેના રક્ષણને માટે મોટું પાયદળ અને હયદળ (ઘોડેસવારસૈન્ય) ગોઠવ્યું. ૧૪ મોટા કિલ્લા અને ૭૨ મજબૂત ડુંગરા હસ્તગત કર્યા. કર્ણાટકના શ્રીમંત લોકો પાસેથી અપાર દ્રવ્ય કઢાવ્યું. સવારીના ખરચને માટે શ્રીમંત લોકો પાસેથી તેઓ કરજે રકમ માગતા હતા. કિનારા પરના પ્રાંતોમાંથી તેમણે એ રીતે બેલાખ હોન પ્રાપ્ત કર્યા. મદ્રાસ અને પાલિકતમાંથી પણ પચાસ પચાસહજાર હોન કઢાવ્યા. બહુ લઢાઇઓ લડયા વગર તેમણે ઘણો પ્રદેશ હસ્તગત કર્યો. આ પ્રદેશમાંથી તેઓ કેટલું જવાહિર, સોનું, રૂપું વગેરે લઇ ગયા તેની ગણતરી થઇ શકે એમ નથી.”

ઉત્તરમાં વાસ્તવિક રીતે શું બન્યું હતું, તે તપાસીએ. ખાનજહાન બહાદુરે મહારાજ સાથે તહનામું કર્યું હતું, તે ઔરંગઝેબને યોગ્ય લાગ્યું નહિ; તેમજ એ સરદારની વર્તણુક સંબંધી બાદશાહને વહેમ ઊપજ્યો હતો. દિલેરખાને બાદશાહને સમજાવ્યું કે, “ વિજાપુર–સરકારના મુખ્ય કારભારી અબ્દુલકરીમને આપણા પક્ષમાં લઈ તે સરકારની લશ્કરી મદદથી કુતુબશાહની રાજધાની પર સવારી કરવી. તેમ કરવાથી શિવાજી મહારાજ દક્ષિણમાં પાછા આવે તે પહેલાં કુતુબશાહી ખાલસા કરી શકાશે. બાદશાહને એ સલાહ પસંદ પડી. તેમણે લશ્કર તૈયાર કરવાનો હુકમ આપ્યો; અને ખાનજહાન બહાદુરને પાછો બોલાવી લીધો.

શિવાજી મહારાજ અને કુતુબશાહ વચ્ચે દૃઢ સ્નેહબંધન થયું; તેથી મોગલ અને વિજાપુર સરકારને ઘણું ખોટું લાગ્યું હતું. મોગલ અને વિજાપુર–સરકારનું સૈન્ય એકત્ર થઇ કુતુબશાહી પર ચડાઈ લાવવાના સમાચાર મળતાંજ માદણ્ણા પંતે પોતાનું લશ્કર તૈયાર કર્યું અને બન્ને પક્ષ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. તે સમયે માદણ્ણાએ શત્રુસૈન્યનો પરાજય કરી તેને પાછું હઠાવ્યું. વિજાપુર સરકારનું સૈન્ય તદ્દન પાયમાલ થઇ ગયું. અન્ન નહિ મળવાથી સિપાઇઓ ટપોટપ મરવા લાગ્યા. તેમને પગાર નહિ મળવાથી લશ્કરમાં ધાંધલ મચી રહ્યું. તેઓ નોકરી છોડી પોતાની ઈચ્છામાં આવ્યું ત્યાં ચાલ્યા ગયા. અમલદારો અને સરદારોને પણ સિપાઇઓ ગાંઠતા નહિ. તેમાં વળી અબ્દુલકરીમ છેલ્લી ઘડીએ માંદો પડી મરણ પામ્યો, તેથી કોઈ કોઇની દરકાર રાખતું નહિ. દિલેરખાને વિજાપુર–દરબારની પુનઃ સુવ્યવસ્થા કરી સિપાઇઓનો અસંતોષ શાંત પાડવાનો વિચાર કર્યો. તેણે પ્રથમ અમીરઉમરાવો વચ્ચેનો અસંતોષ શાંત કર્યો અને સર્વની સંમતિ લઇ મસાઉદખાન નામક એક ધનાઢ્ય જાગીરદારને આદિલશાહીનો મુખ્ય કારભારી નીમ્યો. મસાઉદખાન સીદીજોહારનો જમાઇ થતો હતો. તેની પાસે પુષ્કળ દ્રવ્ય હતું. તેણે દિલેરખાન સાથે શરતો કરી કે, “હું આદિલશાહીમાં ઉત્તમ બંદોબસ્ત રાખી

સર્વત્ર શાંતિ પ્રસરે એવો યત્ન કરીશ. તમારૂં દેવું વાળીશ. શિવાજી-મહારાજ સાથે કોઇ પ્રકારનો સંબંધ રાખીશ નહિ; અને અસંતોષ પામેલા લશ્કરનો પગાર ચૂકવી આપી, તેઓ સરકારની નોકરીમાં રહે એવી વ્યવસ્થા કરીશ.” એમાંની તેણે માત્ર છેલ્લી શરત પાળી નહિ. લશ્કરમાંથી ઘણા ઘોડેસવારોને રજા આપી, તેથી તેઓ દેશમાં ચારે તરફ જઇ પ્રજાને ત્રાસ આપવા લાગ્યા. કંગાલ થયેલા ઘોડેસવારોને મોરો પંત પિંગળેએ પોતાના લશ્કરમાં નોકરીએ રાખી લીધા.

મહારાજને વખતોવખત સર્વ સમાચાર મળતા હતા. વિજાપુર-સરકાર અને મોગલ–સરકાર એકત્ર થઇ કુતુબશાહ ઉપર ચડાઇ લઇ ગયા હતા. પોતાના રાજ્ય ઉપર પણ તેઓનો હુમલો થવાની બીકે મહારાજ ઉતાવળા સ્વદેશ આવવા નીકળ્યા. તેઓ મદ્રાસ પ્રાંત છોડીને સને ૧૬૭૭ના ડિસેમ્બર માસમાં મ્હૈસૂર પ્રાંતમાં દાખલ થયા. આ પ્રાંતનો પૂર્વ અને મધ્ય ભાગ તેમણે કબજે કર્યો અને ત્યાંથી તેઓ કોપલ પ્રાંતમાં આવ્યા. ત્યાંના કિલ્લાને ઘેરો ઘાલી તે પંદર દિવસમાં સર કરી તેની આજુબાજુનો સઘળો પ્રદેશ પોતાને તાબે કર્યો. લક્ષ્મેશ્વરનો કોટ પણ પોતાને હસ્તગત કર્યો અને ચોર-લૂંટારાને વશ કરી ત્યાં પોતાની સત્તા સ્થાપી. એજ પ્રમાણે ગદગ, માલગુંડ વગેરે થાણાં પણ તેમને હાથ આવ્યાં. તે પ્રદેશમાં પોતાની સત્તા કાયમ કરવાને માટે જનાર્દન પંત સુમંતને થોડી સેના સાથે ત્યાં મૂક્યો. ત્યાંથી મહારાજ સપાટાબંધ કૂચ કરતા હતા તે સમયે વિજાપુરસરકારના હુસેનખાન માઇણા અને લોદીખાન નામના બે સરદારે દસ હજાર સૈનિકો સાથે મહારાજ પર હલ્લો કર્યો. મહારાજે તેમનો પરાભવ કર્યો. મહારાજે કબજે કરેલા કોલ્હાપુર અને તારળ વગેરે પ્રાંતમાં બાવલીખાન નામનો એક પઠાણ સરદાર ઉપદ્રવ કરતો હતો, તેનો પરાભવ કરવાને મહારાજે નિળોજી કાટકરને મોકલ્યો. તેણે ઘુરંબા નામના સ્થાન આગળ પઠાણ સાથે યુદ્ધ કરીને તેની સેનાનો પરાભવ કર્યો. આ યુદ્ધમાં જેમણે શૌર્ય બતાવ્યું હતું તે સર્વને મહારાજે ઇનામો આપ્યાં. નિળોજી કાટકરને કસબી વસ્ત્રો, સુવર્ણપદક, મોતીનો તોરો, કડી, એક હાથી, બે ઘોડા વગેરેનું ઇનામ આપ્યું. ત્યાંથી મહારાજ સંપગામ તરફ કૂચ કરતા હતા તે વખતે સાવિત્રીબાઈ દેસણ[*] નામની એક વિધવા સ્ત્રી બેલવાડી[×] કિલ્લાની માલિક હતી. તેણે મહારજના લશ્કરને ઘણુંજ હેરાન કર્યું, તેથી તેમણે બેલવાડી કિલ્લાની આસપાસ મોરચો સ્થાપ્યો. દેસણે મહારા-

---

[*] સભાસદ એ સ્ત્રીનું નામ લાલબાઈ લખે છે. કેટલાક મલબાઇ પણ જણાવે છે.

[×] એ કિલ્લાનું નામ બલવેડ, બલવાડા અને બલેરી પણ જોવામાં આવે છે.

જના સૈન્ય સાથે સત્તાવીસ દિવસ સુધી યુદ્ધ કરી કિલ્લો બચાવ્યો. અંતે અન્નસામગ્રી અને દારૂગોળો ખૂટી પડવાથી પોતાના માણસો લઇને તે મહારાજની સેના પર તૂટી પડી. આખો દિવસ બહુજ શૌર્યથી લડીને તેણે મહારાજની સેનામાં ઘણુંજ નુકસાન કર્યું. અંતે તેનો પરાજય થયો અને કિલ્લો મહારાજને કબજે આવ્યો. દેસણને પકડી મહારાજ સમક્ષ લાવ્યા; પરંતુ સ્ત્રીજાતિને શિક્ષા નહિ કરવાનો મહારાજનો નિયમ હોવાથી, તેને વસ્ત્રાભૂષણ આપી સન્માન કર્યું અને ઇનામમાં બે ગામ આપી તેને મુક્ત કરી.*

મહારાજે ત્યાંથી કૂચ કરી તોરગલ આગળ છાવણી નાખી. તે સમયે તેમને રઘુનાથ પંતનો પત્ર મળ્યો. તેમાં મહારાજના વિદાય થયા પછી પાછળથી વ્યંકોજીરાજાએ ગડબડ મચાવ્યાનું લખ્યું હતું, તેથી મહારાજને એ સ્થળેજ મુકામ કરવો પડ્યો. વ્યંકોજીરાજાએ કેવી ગડબડ મચાવી હતી તે જોઇએ. મહારાજ કર્ણાટકથી સ્વદેશ જવા નીકળ્યાના સમાચાર મળતાંજ વ્યંકોજીરાજાએ કેટલાક મુસલમાન સરદારો સાથે સલાહમસલત ચલાવી. તેમની સહાયતા વડે સંતાજી ભોંસલે, રઘુનાથ પંત અને હંબીરરાવ સરનૌબત ઉપર લશ્કર સહિત ચડાઈ કરી.× મહારાજની છાવણીમાંથી નાસી ગયા પછી મ્હૈસૂર અને મદુરાના નાયકો સાથે સલાહમસલત કરવાનો તેમણે પ્રયત્ન કર્યો; પણ મદુરાનો રાજા તેમાં સામેલ થયો નહિ. વ્યંકોજીએ વિજાપુરસરકાર પાસે પણ મદદ માગી હતી, પણ તે સરકારે મદદ કરવાની ના પાડી. કેટલાક મુસલમાન જાગીરદાર અને બંડખોરોએજ માત્ર વ્યંકોજીને મદદ કરી હતી. વ્યંકોજીના પોતાનાજ સૈન્યમાં આ વખતે દસ હજાર પાયદળ અને ચાર હજાર ઘોડેસવાર હતા. તે ઉપરાંત મુસલમાન સરદારોની તેમજ બંડખોર માણસોની પણ તેને ઘણીજ મદદ મળી હતી. તેમનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે, જ્યેષ્ઠબંધુએ તેમના તાબાનો જે પ્રાંત કબજે કર્યો હતો તે પાછો જીતી લેવો. વ્યંકોજીરાજાને ચડી આવતા જાણી રઘુનાથ પંત, સંતાજી ભોંસલે અને

---

* તવારીખ-ઇ-શિવાજી નામની બખરમાં લખ્યું છે કે, સખુજી ગાયકવાડ નામના મહારાજના એક સરદારે તે બાઇને પકડીને ઘણુંજ ખરાબ વર્તન ચલાવ્યું હતું. આથી શિવાજીએ તે સરદારની બંને આંખો ફોડાવી નાખી કેદ કર્યો. અંગ્રેજ વેપારીઓ લખે છે કે, શિવાજી મહારાજને એ બાઇએ સત્તાવીસ દિવસ હંફાવ્યાથી તેમની જેવા ફજેતી થઇ તેવી પ્રથમ કોઇ વાર થઈ નહોતી.

× રાયરીની બખરમાં લખ્યું છે કે, વ્યંકોજીરાજા સ્વતઃ લશ્કર લઇને આવ્યા હતા, પરંતુ તેમણે પોતાના દીવાન જગન્નાથ પંત અને અન્ય સરદારોને રઘુનાથ પંત અને સરનૌબત ઉપર ચડાઇ કરવા મોકલ્યા હતા.

હંબીરરાવે યુદ્ધ કરવાની ઇચ્છાથી પોતાનું સૈન્ય તૈયાર કર્યું અને બાળગોડાપુર નજીક તેમની સામા થયા. રઘુનાથ પંતે એકદમ યુદ્ધ નહિ કરતાં તેમને શિખામણ દીધી; પરંતુ વ્યંકોજીરાજાએ પોતાનો દુરાગ્રહ છોડચો નહિ તેમજ તેમના પક્ષના મુસલમાન સરદારોએ ઉતાવળ કરી યુદ્ધ શરૂ કર્યું. અંતે બન્ને પક્ષ વચ્ચે યુદ્ધ થયું. તેમાં વ્યંકોજીરાજાના પક્ષનો પરાજય થયો.* એ સમયે શાહજીરાજાના નૃત્યશાળાના પુત્ર પ્રતાપજી અને ભિંવજીને કેદ પકડચા. વ્યંકોજીરાજા સોબસો સિપાઇઓ સહિત નાસી છૂટચા. તેઓને પણ મહારાજના સિપાઇઓ કેદ પકડી શકત; પરંતુ તેમ કરવાથી પોતાનાજ સ્વામીનું અપમાન કરવા જેવું થાત અને ક્વચિત્ શિવાજી મહારાજને પણ ખોટું લાગત. એ વિચારથી રઘુનાથ પંતે તેમને નાસી જવા દીધા.

એ સમાચાર સાંભળી મહારાજે રઘુનાથ પંતને પત્ર લખી જણાવ્યું કે, "વ્યંકોજી મારા કનિષ્ઠબંધુ છે. તેમણે બાળકબુદ્ધિ ચલાવી છતાં પણ અમારો બંધુસ્નેહ જશે નહિ; તેમનું રક્ષણ કરવું ઉચિત છે. તેમનું રાજ્ય પાયમાલ કરવું નહિ." વ્યંકોજીરાજાને પણ મહારાજે એક પત્ર લખ્યો: "તમે મુસલમાન સરદારોની સલાહથી મારા સરદારો સાથે યુદ્ધ કર્યાનું જાણ્યું છે, તેમાં તમનેજ નુકસાન થયું છે. પ્રતાપજી રાજા તથા ભિંવજી રાજાને મારા સરદારોએ કેદ પકડચા છે. તમારા ઘણા સરદાર ઘાયલ થયા છે, એ જાણી મને ઘણી દિલગીરી થઇ છે. આપણે બંધુ છીએ. તમને નુકસાન થયું તે મને થવા બરોબરજ છે. તમારૂં અપમાન થયું તે મારૂં થવા બરોબરજ હું સમજું છું. અવિચારી કૃત્ય કરી તમે સર્વત્ર અપકીર્તિ સંપાદન કરી એ યોગ્ય કર્યું નહિ. તમે તમારી બુદ્ધિથી કાંઇ કર્યું

---

* વિલ્કિઝ લખે છે કે, યુદ્ધમાં સંતાજીનો પ્રથમ પરાજય થયો અને તેનું સૈન્ય પાછું હઠચું ત્યારે તેને ઘણી દિલગીરી થઇ. સમરભૂમિમાંથી પાછા ફરેલા સર્વ સિપાઇઓને રાત્રિને સમયે એકત્ર કરી ઠરાવ્યું કે, "આ પ્રમાણે પરાજય પામી પાછા નાસી જવું તે કરતાં શત્રુ ઉપર પુનઃ એક વખત અકસ્માત્ હુમલો લઇ જઇ મારવું કે મરવું એજ યોગ્ય છે. એમ કરવાથી સ્વામીકાર્યમાં પ્રાણ અર્પણ કરવાનું શ્રેય મળશે અને આપણા ઉપરનું કલંક ટળશે." સંતાજીના વીરત્વ ભરેલા સંભાષણથી સર્વને જુસ્સો ચડચો અને આખો દિવસ યુદ્ધ કરી થાકેલા હોવા છતાં, શત્રુ પર પુનઃ હુમલો કરવાનું નક્કી કર્યું. થોડો વખત વિશ્રાંતિ લીધા પછી તેઓએ શત્રુના સૈન્ય ઉપર અકસ્માત્ હુમલો કર્યો. તેમનું સૈન્ય એ સમયે યુદ્ધમાં વિજય પ્રાપ્ત થવાથી આનંદોત્સવ કર્યા પછી વિશ્રાતિ લેતું હતું. મહારાજના સૈન્યે અકસ્માત્ હુમલો કર્યાથી તેમનો પરાજય થયો. સંતાજીના લશ્કરે તેમનો ઉચ્છેદ કર્યો.

નથી. જે મનુષ્યોની સલાહથી એ કૃત્ય કર્યું, તેમને ઇશ્વરેચ્છાથી યોગ્ય શિક્ષા મળી છે. તમારા અંતઃકરણમાં અમારા સંબંધી અનિષ્ટ વિચારો ઉત્પન્ન થતાં એ કાર્ય બન્યું છે. યવનોની સલાહ પ્રમાણે નહિ વર્તતાં તમે મારા ઉપર વિશ્વાસ રાખ્યો હોત તો તમારૂં હિતજ થાત. હવે તમારી વિશેષ અપકીર્તિ થશે અને મારો ભાગ મને આપવો પડશે. પિતાએ નોકરીના બદલામાં સંપત્તિ મેળવેલી હોવાથી મને ભાગ નહિ આપવાની તમારી ઇચ્છા યોગ્ય નથી. મારો ભાગ મળ્યા પછી હું છું અને વિજાપુરસરકાર છે. તે સંબંધી તમારે વિચારવાનું નથી. તમે બાળકબુદ્ધિ ચલાવો છો. હજુ પણ પિતાના નિયમ પ્રમાણે સન્માર્ગે વર્તો, અનીતિનો ત્યાગ કરો. પ્રત્યેક કાર્ય કરતા પહેલાં વિચાર કરો. દુષ્ટ મનુષ્યોનો સંહાર કરી પ્રજાજનોને સુખી કરો. તમે શાહજીના પુત્ર છો, કુલીન છો; તેમ છતાં તમારા હૃદયમાં ધર્માધર્મનો વિચાર ઉત્પન્ન થતો નથી; પરંતુ તમે દુઃખી થશો. આજપર્યંત તમે એકલાએજ સર્વ સંપત્તિનો ઉપભોગ કર્યો છે, હવે મને અર્ધો ભાગ આપો. મારો ભાગ મને આપ્યા પછી તમારી ઇચ્છા પ્રમાણે વર્તજો. મારા પર તુળજાપુરનાં ભવાનીદેવીની કૃપા હોવાથી મને સદોદિત વિજય પ્રાપ્ત થશે, એ લક્ષમાં રાખી યવન સરદારોની સલાહ પ્રમાણે મારી સાથે યુદ્ધ કરવાનું સાહસ કરવું ઉચિત નહોતું. દુર્યોધન જેવી દુષ્ટ બુદ્ધિ ધારણ કરી વિના કારણ તમારા શૂરવીર યોદ્ધાનો સંહાર કરાવવો નહોતો. મારા સેવકોને હાથે પરાજય પામ્યાથી, સર્વત્ર તમને કલંકજ મળ્યું છે. યુદ્ધમાં તમને જે નુકસાન થયું તે મનેજ થયું છે, એમ હું સમજું છું. પુનઃ એવો પ્રસંગ આવવા દેશો નહિ. જૂના, અનુભવી અને પ્રમાણિક નોકરોનું અપમાન કરી નવા, સ્વાર્થી ને અજ્ઞાન નોકરોની સલાહ પ્રમાણે વર્તશો નહિ. પિતાના હાથ નીચે કેળવાયેલા મનુષ્યોને તમારે પિતાના જેટલુંજ માન આપવું જોઇએ. તેમનો અનાદર કરી ઇચ્છા પ્રમાણે વર્તવાનું ફળ તમને મળ્યું છે અને ભવિષ્યમાં પણ મળશે. રઘુનાથ પંત મારી પાસે આવ્યાથી, આપણી વચ્ચે કલહ ઉત્પન્ન થયો છે એમ સમજશો નહિ. બંધુત્વ હોવા છતાં એકબીજાને ભાગ લેવો-આપવો જોઇએ, તેમાં મીનમેખ નહિ. એ કાર્યમાં બીજાની શિખવણીનો સંબંધ નથી. તમારા હિતની વાત તમને વિપરીત જણાઇ તેથીજ આટલે સુધી વાત આવી પહોંચી છે. જૂનાં મનુષ્યોને પિતા સમાન માની તેમની પાસેથી કામ લેશો, તો તમને યશ મળશે અને તમારી સંપત્તિમાં પણ વધારો થશે; એ સર્વ લક્ષમાં લઇ ઇચ્છાનુસાર વર્તશો. અરણી, બેંગરૂલ (બેંગલોર), કોલાહ, વાસકોટ, શિરટા, વગેરે તાલુકા મારા તાબામાં આવ્યાજ છે. ચંદાવર પણ મારા મનુષ્યોને સ્વાધીન કરજો. રોકડ અને જરઝવેરાત વગેરે પિતાની

સંપત્તિમાંથી અર્ધો ભાગ મને આપો. મારી સાથે સલાહસંપથી વર્તશો તો તુંગભદ્રાની પેલી બાજુનો અમારા તાબાનો પન્હાળા પ્રાંત જેની ઉપજ ત્રણ લાખ હોન છે, તે તમને આપીશ. તે પ્રાંત લેવાની ઇચ્છા નહિ હશે તો કુતુબશાહને ભલામણ કરી, તેમની પાસેથી એટલીજ ઉપજનો બીજો પ્રાંત અપાવીશ. વિના કારણ ગૃહકલહ ઉત્પન્ન કરી આપણે બંનેએ નુકસાન ભોગવવું ઇષ્ટપ્રદ નથી. આપણ બંને વચ્ચે બંધુભાવજ રહેવો જોઇએ. જ્યેષ્ઠબંધુ તરીકે તમને જે શિખામણ આપું છું. તે તરફ લક્ષ આપશો તો તમારૂં કલ્યાણજ થશે. મારી સાથે વિરોધ કરવાથી તમનેજ નુકસાન થશે. ”

વ્યંકોજીરાજાને પત્ર લખ્યા પછી મહારાજે રઘુનાથ પંતને પત્ર લખી જણાવ્યું કે, “ હવે પછી વ્યંકોજીરાજા સાથે કલહ કરી તેમને નુકસાન કરશો નહિ અને તેમનું અપમાન થાય એવું પગલું ભરશો નહિ. તેઓ મારા પિતાના પુત્ર હોવાથી સર્વ સંપત્તિનો ઉપભોગ કરશે તો અડચણ નથી. તેમની સાથે તહનામું કરી સલાહ કરશો. ” મહારાજ તરફથી ખરીતો મળતાંજ રઘુનાથ પંતે વ્યંકોજીરાજા પાછળ લશ્કર મોકલ્યું હતું, તે પાછું બોલાવી લીધું. વ્યંકોજીરાજાને પત્ર મળતાંજ વિચારમાં પડ્યા. તેઓ વિચારવા લાગ્યા કે, “ મારા લશ્કરનો પરાજય થયો અને તે ચોતરફ નાસી ગયું. હાથી, ઘોડા, ઊંટ, વગેરે મહારાજના લશ્કરના તાબામાં ગયાં. મારા ઘણા સિપાઇઓ કપાઈ ગયા. તેમની વિધવા સ્ત્રીઓ અને બાળકો મારી પાસે આવી આક્રંદ કરે છે. ઘણા શિલેદારોના ઘોડા પકડાયલા હોવાથી તેઓ મારી પાસે પાછા માગે છે. ઘાયલ થયેલા સિપાઇઓ અન્ન વિના ટળવળે છે. એ સર્વને શી રીતે સમજાવવા? જ્યેષ્ઠબંધુ ભાગ લીધા સિવાય છોડશે નહિ. સંપત્તિના અનુભવી રઘુનાથ પંત મહારાજ પાસે છે. શી રીતે નિકાલ કરવો? કયી બાબતનો વિચાર કરવો? તેમની સાથે પુનઃ યુદ્ધ કરવાથી મારૂંજ વિશેષ નુકસાન થશે અને સંપત્તિ નાશ પામશે. તેમની સાથે પ્રથમથી વિરોધ કર્યો એજ મારી મૂર્ખતા થઈ. જ્યેષ્ઠબંધુની મુલાકાતે ગયો તેજ સમયે નમ્ર થઇ તેમની સલાહ પ્રમાણે વર્ત્યો હોત તો આજે મારી અવદશા થાત નહિ. જ્યેષ્ઠબંધુ ભાગ્યશાળી છે. દુષ્ટ અને સ્વાર્થી મનુષ્યોની સલાહથી મેં તેમની સાથે વિરોધ કર્યો, એ કૃત્ય મારાથી ઘણું ખોટું થયું. ”

વ્યંકોજીરાજાને અત્યંત પશ્ચાત્તાપ થયો. તેમને અતિશય ચિંતા થવા લાગી. ભોજન અને શયન કરવાનું સૂઝતું નહોતું. આખો દિવસ વિચાર કરવામાંજ વિતાવ્યો. એ જોઇ વ્યંકોજીની પત્ની દીપાબાઇએ ચિંતાનું કારણ પૂછ્યું. તેમણે ઉત્તર દીધોઃ “ જ્યેષ્ઠબંધુના કારભારી દક્ષિણમાં રહે છે, તેમણે ઉચ્છૃંખલ-બંડખોર

મનુષ્યોનો પરાજય કરી બાદશાહી સત્તાના કેટલાક કોટકિલ્લા કબજે કર્યા છે. તેઓ દરરોજ યુદ્ધ કરે છે; પરંતુ તેમને ક્યાંય પણ અપયશ મળતો નથી. બાદશાહથી તેમનો પરાજય થતો નથી. તો પછી તેમના બળ સામે આપણી શી વિસાત? તેમની સાથે યુદ્ધ કરવાથી આપણને ફળ શું? આપણે યુદ્ધ કર્યું તેમાં માત્ર આપણનેજ નુકસાન થયું." દીપાબાઇએ કહ્યું: "શાહજીરાજાના મૃત્યુ પછી શિવાજી મહારાજ આપણા પિતા સમાન છે. સ્વાર્થી મનુષ્યોની સલાહ પ્રમાણે વર્તી આપે અપકીર્તિ વહોરી લીધી છે. બંધુત્વમાં વિરોધ કર્યા પછી હવે તે સંબંધી ખેદ થાય છે, પરંતુ પ્રથમથીજ વિચાર કરીને પગલું ભર્યું હોત તો આ દશા થાત નહિ. આપના વડીલબંધુ પુણ્યશ્લોક ધર્માવતાર પુરુષ છે. આપ સરળ રીતે વર્તશો તો આપનું અપમાન કરશે નહિ. આપની અયોગ્ય વર્તણુંકને લીધેજ તેમનો ભય લાગે છે. તેમને આપની સંપત્તિમાંથી ભાગ લેવાની દરકાર નથી; આપને સારે માર્ગે ચડાવવાનીજ માત્ર તેમને ચિંતા છે. તેઓએ એવી ઘણીય સંપત્તિ મેળવી હશે! અને આપના જેવા કેટલાય શ્રીમંત સરદારો તેમના તાબામાં નોકરી કરતા હશે! આપ તેમની સાથે નિરર્થક કલહ કરો છો; તેમને શરણે જવામાં શી હાનિ? શા માટે વડીલબંધુને ભાગ ના આપવો? આપે નવીન સંપત્તિ તો મેળવી નથી ને? આપની કમાણીમાંથી તો તેઓ ભાગ માગતા નથી ને? તેમના તરફથી આપનું અપમાન શું થયું? ભ્રાતૃસ્નેહમાં શિવાજી મહારાજ પ્રત્યવાય નાખત નહિ; પણ આપેજ જાણીજોઇને તેમની સાથે વિરોધ કર્યો છે. આપે તેમનું અપમાન કર્યું છે. એ સર્વનું કારણ આપના સ્વાર્થી અને દુષ્ટ સલાહકારો છે. રઘુનાથ પંત પિતાના વખતના જૂના, પ્રમાણિક અને અનુભવી નોકર હતા. તેઓ આપના પિતા જેવા હતા; તેમ છતાં આપે તેમનું અપમાન કરી તેમને દિલગીર કર્યા. તેઓ સુવ્યવસ્થા રાખત અને આપણે સુખાનંદમાં દિવસ નિર્ગમન કરી શકતઃ પરંતુ દુષ્ટ મનુષ્યોએ અનિષ્ટકારક સલાહ આપી, તે પ્રમાણે વર્તી આપે અપયશ મેળવ્યો. હજુ પણ ચિંતા નથી; આપ રઘુનાથ પંતને શરણે જઇ તેમની સલાહ પ્રમાણે વર્તશો તો આપને કિંચિત્ પણ નુકસાન થશે નહિ. આપ અભિમાન રાખી અનુચિત રીતે વર્તશો તો નાહક આપની ફજેતી થશે. રઘુનાથ પંત સાથે આપને વિરોધ થવાથી તેમને શરણે જવું ઇષ્ટ ન જણાય, તો આપના વડીલબંધુ પાસેજ જઇ પહોંચવું. તેમની સાથે નમ્રતાથી વર્તશો તો હજુ પણ તેઓ આપનું સંરક્ષણ કરશે. મને તો એજ ઇષ્ટપ્રદ જણાય છે. તેમને શરણે ગયા સિવાય છૂટકો નથી."

દીપાબાઇની સલાહ વ્યંકોજીરાજાને પસંદ આવ્યાથી તેમણે મહારાજ સાથે સલાહ કરવાનો વિચાર કર્યો અને તહનામાની શરતો

નક્કી કરવા માટે રઘુનાથ પંતને પોતાની મુલાકાતે આવવા આમંત્રણ કર્યું. રઘુનાથ પંતે તેમને ઉત્તર લખ્યો કે, "એ કાર્યમાં મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવાનું હોવાથી, તેમની પરવાનગી મળ્યા સિવાય મારાથી આપની મુલાકાતે આવી શકાશે નહિ." પંતે મહારાજની પરવાનગી મેળવી અને વ્યંકોજીરાજાની મુલાકાતે જવા તૈયાર થયા. તેમણે વ્યંકોજીરાજાને જણાવ્યું કે, "હું શિવાજી મહારાજનો સેવક છું. તમે તેમના કનિષ્ઠબંધુ છો; તેથી આપણી મુલાકાત સામાન્ય મનુષ્યો કરતાં વિશેષ સન્માનપૂર્વક થવી જોઇએ. નાના બંધુએ મોટા બંધુને વિશેષ માન આપવું જોઇએ." વ્યંકોજીરાજાએ તે પ્રમાણે વર્તવાનું કબૂલ કર્યું. મુલાકાતનું સ્થળ નક્કી કરી ત્યાં તંબૂ નાખવામાં આવ્યા. બન્ને જણ બે દિશામાંથી હાથી પર બેસી તંબૂ નજીક આવ્યાં.* વ્યંકોજીરાજા હાથી પરથી નીચે ઊતર્યા. પછી રઘુનાથ પંત ઊતર્યા. પરસ્પર એકબીજાનો હાથ પકડી તંબૂમાં ગયા. ત્યાં બે ઉચ્ચ ગાદી તૈયાર કરાવી હતી. ત્યાં જતાંજ રઘુનાથ પંતે વ્યંકોજી મહારાજનો હાથ છોડી દઇ એક બાજુ પર જઇ ઊભા અને કહ્યું: "મહારાજ ! હું એ ગાદીનો સેવક છું. આપ ગાદી પર બિરાજવા યોગ્ય છો." રઘુનાથ પંતે તેમને ગાદી પર બેસાડી માન આપ્યું અને મુજરો કરી પોતાની મર્યાદા પ્રમાણે વેગળા ઊભા રહી કહ્યું: "મહારાજ ! તમે અને શિવાજી મહારાજ એ બન્ને મારે મનથી સરખાજ છો. તમારી પાસેથી રજા લેતી વખતે મેં કહ્યું હતું કે, 'હું તમારી સાથે એક આસન પર બેસવા યોગ્ય સેવક છું; અર્થાત્ મારી સલાહ પ્રમાણે તમારે વર્તવું જોઇએ.' એ વાક્યની ખાતરી કરી આપવા માટેજ મારે આટલું બધું કરવું પડ્યું છે; નવા સેવકો જેવો હું અલ્પજ્ઞ નહિ હોવાથીજ શિવાજી મહારાજે મારો સ્વીકાર કર્યો છે; તમારે પણ તે પ્રમાણે કરવું ઉચિત છે. પ્રાણ જતાં સુધી તમારૂં અહિત કરીશ નહિ, એજ મારો સંકલ્પ છે. સ્વામી અયોગ્ય કાર્ય કરે તો તેમને યોગ્ય સલાહ આપવાની મારી ફરજ સમજું છું. સ્વરાજ્ય અને સ્વસત્તા વધારવા માટેજ મેં આપને વારંવાર વિનંતી કરી હતી; પરંતુ ક્ષુદ્ર મનુષ્યોની સલાહ માની આપે મારૂં અપમાનજ કર્યું; તેથી શિવાજી મહારાજ પાસે જઇ કર્ણાટકનું રાજ્ય કબજે લેવા

---

* શિવદિગ્વિજયકાર લખે છે કે, એ મુલાકાત ચંદાવર આગળજ થઇ હતી. વ્યંકોજીરાજાએ અને દીપાબાઇએ રઘુનાથ પંતને અત્યાગ્રહ કરવાથી મહારાજની આજ્ઞા માટે નહિ થોભતાં તે ચંદાવર ગયો. તેઓએ તેમને પ્રથમ એકાંતમાં લઇ જઇ ઉભયે તેમના ચરણમાં માથું મૂકી કહ્યું કે, "અમારૂં શિર તમારા હાથમાં છે; તારો કે મારો." તેમની નમ્રતા અને પશ્ચાત્તાપ જોઈ રઘુનાથ પંતે તેમની સાથે તહનામું કર્યું.

યોગ્ય જણાવ્યું. મહારાજ પ્રબળ પરાક્રમી છે. તેઓ સ્વસત્તા અને સ્વધર્મની સ્થાપના કરવા અને હિંદુધર્મોચ્છેદક દુષ્ટ મ્લેચ્છોનો સંહાર કરવા પ્રવૃત્ત થયેલા હોવાથી મારી સૂચના તેમણે પસંદ કરી, કર્ણાટક જેટલે ઘણે વેગળે સુધી આવી પહોંચ્યા અને આ દેશમાં ત્રણચાર કરોડની આવકનાં નવાં રાજ્ય સંપાદન કર્યાં; તેમ છતાં તમારા ઉપર તેમનો અતિશય પ્રેમ અને મમતા છે. મારા ઉપર તેમના એ આશયનાજ પત્રો આવ્યા છે. હવે પછીથી આપ તેમની સાથે નિર્મળ અંતઃકરણથી વર્તશો. લક્ષ્મણ રામચંદ્રની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા તેજ પ્રમાણે મહારાજ સાથે વર્તવાનો આપનો ધર્મ છે. એ પ્રમાણે વર્તવાથીજ આપનો ઉત્કર્ષ થશે. કઠિન પ્રસંગે મને આજ્ઞા કરવાથી હું સૈન્ય સહિત આપને સહાયતા કરીશ. શિવાજી મહારાજ પેઠે આપને હાથે પણ પરાક્રમ થાય અને આપની કીર્તિ વધે એજ મારી ઇચ્છા છે." વ્યંકોજીરાજાને અનેક પ્રકારનો બોધ આપી રઘુનાથ પંતે તેમની પાસે લખાવી લીધું કે, "પિતાની જાગીરની ઉપજમાંથી પ્રતિ વર્ષે શિવાજી મહારાજને અર્ધો ભાગ આપવામાં આવશે. વડીલોપાર્જિત જરઝવેરાતમાંથી તત્કાળ અર્ધો ભાગ તથા સવારીના ખર્ચ માટે ચોક્કસ રકમ આપીશ. વ્યંકોજીરાજાએ તે સમયે કિંચિત્ પણ આનાકાની કરી નહિ, તેથી મહારાજે તંજાવર પ્રાંત તેમનાજ તાબામાં રહેવા દીધો અને પિતાની જાગીરમાંના તાલુકા જપ્ત કર્યા હતા તે પણ પાછા આપ્યા.×

રઘુનાથ પંત તરફથી એ સંબંધી મહારાજને પત્ર મળ્યો ત્યારે તેમણે ઉત્તરમાં રઘુનાથ પંતને લખ્યું કે, "ચિરંજીવી વ્યંકોજીરાજાને સૌભાગ્યવતી દીપાબાઇએ બોધ આપી તમારી સાથે મેળવી તહનામું કરાવ્યું, તે યોગ્યજ થયું છે. ચિરંજીવીને હું રૂબરૂમાં કહેતો હતો તે તેમણે ધ્યાનમાં લીધું નહિ. તે સમયે તેમના મનમાં અભિમાન હતું. જેઓની કાનભંભેરણીથી તેમણે મારી શિખામણ માની નહિ, તેઓનો પ્રપંચ હવે સ્પષ્ટ જણાઇ આવ્યો અને તેમનાં નેત્રો ઊઘડી ગયાં એ સારૂં થયું છે. તેઓ જે શુદ્ધબુદ્ધિથી કહે છે તે પ્રમાણે વર્તવાનો તેમની પાસે દૃઢ નિશ્ચય કરાવજો. તમારી ઇચ્છા હોય તો તેમના સંસ્થાનની સુવ્યવસ્થા કરવા માટે તમે તેમની પાસે રહેજો. અમારા તાબાના ચંદી વગેરે પ્રાંતોનું કામ જનાર્દન પંતને સોંપજો અને કામના પ્રમાણમાં તમે વખતોવખત બંદોબસ્ત રાખજો. વ્યંકોજીરાજા પાસે રહેવાનો તમારો નિશ્ચય થાય તો અગાઉની પેઠે

× રાયરીની બખરમાં લખ્યું છે કે, વ્યંકોજીરાજાએ કોલ્હાર, બાલાપુર, મહારાજગઢ, જગદેવગઢ અને કર્ણાટકગઢ નામક કિલ્લા મહારાજના તાબામાં સોંપ્યા. એ સ્થળો મહારાજે અગાઉથી કબજે કર્યાં હતાં, એમ પ્રથમ લખ્યું છે.

તેમના સંસ્થાનની વ્યવસ્થા રાખી તે સંબંધી મને વખતોવખત સમાચાર આપતા રહેજો. બંદોબસ્તની કલમો નીચે પ્રમાણે:–

૧. સગાં અને માનકરી સેવકોનો યોગ્ય બંદોબસ્ત રાખવો. તેમનું અપમાન થવા દેવું નહિ તેમજ તેમને ખાનગી કામ સોંપી કોઈ પ્રકારનો ત્રાસ આપવો નહિ.

૨. દરખદાર અને કામદારની સલાહ સિવાય કોઇ પણ કામકાજ થવા દેવું નહિ. પ્રત્યેક કાર્યમાં તેમની સલાહ પૂછવી. વિશ્વાસુ સેવકોનેજ રાજકાર્ય સોપવાં. દરખદાર સેવકો સાથે તકરાર કરવી નહિ; યોગ્યતા પ્રમાણે તેમને ઉચ્ચ હોદ્દા આપવા.

૩. શાગીર્દ સેવકો ઉચ્ચ, કુલીન, પ્રમાણિક અને વિશ્વાસુ હોવા જોઇએ. તેનની ઓળખાણ લઇને નોકરીએ રાખવા. તેમના પર કૃપા રાખવી. સર્વ સ્થળની બાતમી મેળવવી. અમુક મનુષ્યનીજ ભલામણ કિંવા કાનભંભેરણી ચાલે છે, એવું કોઇને જણાય નહિ. સર્વ ઉપર કરપ રાખવો.

૪. આસપાસના મિત્ર કિંવા શત્રુ સાંસ્થાનિકના રાજ્યમાં આપણા વકીલ અને બાતમીદાર રાખવા. તેમને ખબર પડે નહિ તે પ્રમાણે સર્વ સ્થળની મુખ્ય ખબર આપણને મળે એવી ગોઠવણ કરવી.

૫. પાયગા, શિલેદાર અને ઘોડેસવારનાં કામ નિત્ય તપાસવાં અને સર્વ સારી સ્થિતિમાં રાખવું. ઘોડા અને સવાર હમેશાં તૈયારજ રાખવા. શિલેદાર સેવકોના ઘોડા વેચાતા લઇ પાયગામાં રાખવા અને તેમને પાયગામાં નોકરીએ રાખવા. લશ્કરને હમેશાં નિયમિત રીતે કસરત કરાવવી, તેથી તેઓ સર્વદા હોશિયાર રહે છે; નહિ તો તેમનામાં આળસ વધી જશે અને પરરાજ્યનો હુમલો આવતાં પરાજય થશે. પાયગા અને તોપખાનું હમેશાં તૈયારજ રાખવું.

૬. દુષ્ટ, દુરાત્મા, હિંદુદ્વેષ્ટા, ચોર, ચાડિયા, ભામટા, ખુશામતખોર, લૂંટારા અને દારૂ પીનાર વગેરે નઠારી ટેવવાળાં મનુષ્યોને આપણા રાજ્યમાં આશ્રય આપવો નહિ. તેઓ રાજ્યમાં રહે તો જામીન લેવા કિંવા દંડ કરવો. તેઓ પ્રજાને ત્રાસ ન આપે એવી ખબરદારી રાખવી. તેમને માટે મજબૂત બંદોબસ્ત રાખવો. એ કામમાં બેદરકારી કરવી નહિ.

૭. નાનાંમોટાં મનુષ્યો સાથે હદનામાં કિંવા તહનામાં વગેરે કરાર થયા હોય તે સંબંધી તકરાર ઉપસ્થિત થવા દેવી નહિ. ગરીબ–અનાથ મનુષ્યોની યોગ્ય બરદાસ્ત રાખવી અને તેમને યથોચિત સહાયતા કરવી. તેમને કોઇ વિના કારણે ઠગે કિંવા ત્રાસ આપે તો તે સંબંધી તાબડતોબ બંદોબસ્ત કરવો.

૮. ધર્માદા, દેવસ્થાનનાં વર્ષાસન, બ્રાહ્મણનાં ઇનામી ગામ વગેરે

પૂર્વ પ્રમાણેજ ચાલુ રાખવાં. તેમનો ઉચ્છેદ થવા દેવો નહિ, પણ યોગ્ય બંદોબસ્ત રાખવો.

૯. લેવડદેવડ સંબંધી કિંવા મિત્ર આદિ જનસમાજમાં ફરિયાદ, તકરાર ઊભી થાય તો તેનો ન્યાય કરવા માટે લાયક મનુષ્યોને પંચ નીમી તરતજ ફેંસલો કરાવવો. પ્રજાને યોગ્ય ન્યાય મળે એવો યત્ન કરવો. લાંચ વગર ઇન્સાફ મળે એવી વ્યવસ્થા રાખવી. સરકાર એ ગરીબગરબાંનાં ધર્મનાં માબાપ છે, એમ સમજી કોઇ પાસેથી એક પાઈ પણ ન લેતાં તેમને નિર્મળ ન્યાય આપવો.

૧૦. કોઇને અભયવચન આપી તેનું રક્ષણ કરવાનું સ્વીકાર્યા પછી તેની સાથે ઉદ્ધતાઇથી વર્તવા જેવું નીચ કાર્ય આપણા કુળમાં થયું નથી અને હવે પછી થવું જોઇએ નહિ.

૧૧. અરણીના કિલ્લાનો મહાલ વેદોભાસ્કરને પિતાશ્રી શાહજીરાજાએ બક્ષિસ આપ્યો છે. વેદોભાસ્કરને હમણાં આઠ પુત્રો છે. તે કિલ્લો તેમના તાબામાંજ રહેવા દેવો. તેઓ સરકારી સેવા બજાવે તો ઠીક, નહિ તો તેમના મહાલમાં ઉપદ્રવ કરવો નહિ.

૧૨. વિજાપુરસરકાર તરફથી કેટલાંક ઇનામી ગામ મળ્યાં છે, તેજ પ્રમાણે પિતાશ્રી મહારાષ્ટ્રમાં આવતા હતા તે વખતે દૌલતાબાદ સરકાર તરફથી કેટલાંક ઇનામી ગામ મળ્યાં છે. તે સિવાય કેટલાક બંડખોર લોકોને કબજે લઈ કેટલાંક ગામો મેળવ્યાં છે, એ સર્વ પ્રદેશની આવકનો હિસાબ જમે કર્યો નથી, તે ઊપજ બરોબર જમે કરવી. એ ઊપજના બદલામાં શાહજીરાજાના સમયથી અત્યાર સુધી વિજાપુરસરકારની પાંચ હજાર સૈનિક સહિત નોકરી બજાવવી પડતી હતી. એ સરકાર સાથે અમે તહનામું કર્યું છે. તે વખતે નોકરીની શરત બંધ કરી એવું ઠરાવ્યું છે કે, હું તેમને પ્રસંગોપાત મદદ કરીશ. પિતા જીવતા હતા તે સમયે એ શરત થઇ હતી, તેથી હવે તમારે તેમની નોકરી કરવાની જરૂર નથી. નોકરીના બદલામાં પ્રસંગોપાત જરૂર પડે તો તમારે તમારા સૈન્ય સહિત તેમને મદદ કરવી. તે પ્રમાણે નહિ વર્તશો તો તમારો જવાબ લેવામાં આવશે. મારે એવી મદદ કરવી પડશે તો સવારીનો ખર્ચ તમારે આપવો પડશે.

૧૩. હિંગણી, બેરડી, દેઊળગાંવ વગેરે ગામની પટલાઇ, દેશમુખી વગેરે વડીલોપાર્જિત વતનો છે. તેનો તમારે વહીવટ કરવો નહિ. હું તેનો વહીવટ કરીશ.

૧૪. પ્રસંગોપાત અમારા તરફનું કોઈ મનુષ્ય તમારા તરફ આવે કિંવા તમારા તરફથી અમારા તરફ આવે તો તેની યોગ્ય તપાસ રાખવી. કોઇને કંઇ સમજાવવું હોય કિંવા ખુલાસો પૂછવો હોય, તો તે લઇ જનાર સેવકોને તત્ક્ષણ રવાના કરવા; તે સંબંધી હરકત કરવી નહિ.

૧૫. અમે પ્રાપ્ત કરેલા પ્રાંતમાંના બેંગરૂળ, બાસકોટ અને સિલકોટ નામક ત્રણ મહાલની ઊપજ ત્રણ લાખ વરાઇ છે. જમાબંધીની સુવ્યવસ્થા થતાં ત્યાંની ઊપજ પાંચ લાખ વરાઇ સુધી થશે. એ મહાલ મેં મારા તરફથી ચિરંજીવી સૌભાગ્યવતી દીપાબાઇને વસ્ત્રાભૂષણના ખર્ચ માટે બક્ષિસ કર્યાં છે. તેનાં પર વ્યંકોજીરાજાનો કિંવા તેમના વંશજોનો હક નથી. તેમણે તેની ઊપજ લેવી નહિ. દીપાબાઇએ પોતાના ખાનગી ખર્ચ માટે એ ઊપજ પોતાની પાસે રાખવી. એ પ્રાંતનો બંદોબસ્ત માત્ર વ્યંકોજીરાજાએ રાખવો.

૧૬. ચંદી પ્રાંત નજીકનો જે પ્રાંત અમે મેળવ્યો છે તેમાંનો સાત લાખ હોનની ઊપજવાળો મહાલ ચિરંજીવી રાજશ્રી વ્યંકોજીરાજાને અમે દૂધભાત ખાવાને ઇનામ આપ્યો છે, તેનો તેમના વંશજોએ પરંપરાગત ઉપભોગ કરવો. એ મહાલની યાદી કરી તમારે અમારા તરફ મોકલવી, એટલે અમે તે મંજૂર કરી તમારા તરફ સનંદ મોકલાશું.

૧૭. તમે (રઘુનાથ પંત) વંશપરંપરાથી વિશ્વાસુ સેવક છો. તમારૂં કુળ ઉચ્ચ અને સત્પાત્ર છે. એમ સમજી તંજાવર પ્રાંતમાંના એક લાખ વરાઈની ઉત્પન્નવાળાં ગામ તમને બક્ષિસ આપવાનાં છે. એ ગામોની યાદી અમને મોકલવી, જેથી તેની સનંદો મોકલવામાં આવશે. તેની ઊપજ તમો વંશપરંપરાગત ભોગવી શકશો.

૧૮. તમારાં સંસ્થાનમાંનો કોઇ ચોર વગેરે ગુનેગાર અમારા રાજ્યમાં આવે કિંવા અમારા તરફથી તમારા સંસ્થાનમાં આવે તો આપણે પરસ્પર એકબીજાને સ્વાધીન કરવો. તે કામમાં અટકાવ કરવો નહિ કિંવા તેને મદદ કરવી નહિ.

૧૯. તીર્થસ્વરૂપ શાહજીરાજાની છત્રી પાસે ચોઘડિયાં વગેરેનો માસિક પગાર તમારે આપવો. ત્યાં હાથી, ઘોડા, કારકુન, સિપાઈ, પ્યાદા વગેરે નીમવાં જોઇએ. એ કામમાં ઢીલ કરવી નહિ.

ચિરંજીવી વ્યંકોજીરાજા ઉપરોક્ત ઓગણીસ કલમો પ્રમાણે વર્તવા કબૂલ થાય, તો તેમના હાથનો પત્ર લખાવી મોકલવો જેથી મને સંતોષ થશે." રઘુનાથ પંતે એ પત્ર વ્યંકોજીરાજાને વાંચી સંભળાવ્યો. મહારાજે વ્યંકોજીરાજાને પણ જુદો પત્ર લખી આશ્વાસન આપ્યું હતું. પરસ્પર સલાહમસલત ચાલ્યા પછી એવું ઠર્યું કે, રઘુનાથ પંતે વ્યંકોજીરાજાની જાગીરની વ્યવસ્થા કરવી અને મહારાજે નવીન સંપાદન કરેલા પ્રાંત ઉપર પણ દેખરેખ રાખવી. વ્યંકોજીરાજા સાથે સલાહ કર્યા પછી કર્ણાટક પ્રાંત નિર્વિઘ્ન થયેલો જોઇ મહારાજ તોરગલથી આગળ કૂચ કરી ગયા અને હંબીરરાવ સરનૌબતને સૈન્ય સહિત સ્વદેશ પાછા ફરવાની આજ્ઞા કરી.

એ સમયે નિંબાળકર અને ઘાડગે પન્હાળા પ્રાંતમાં પ્રવેશ કરી, તે પ્રાંત ઉજ્જડ કરી, લૂંટ ચલાવતા કરાડ પ્રાંત સુધી ગયા હતા. મહારાજને તોરગલની છાવણીમાં એ સમાચાર મળતાંજ તેમણે નિળાજી કાટકરને કેટલુંક સૈન્ય આપી તે સરદારો ઉપર હુમલો કરવા મોકલ્યો. નિળાજીએ કુર્લીસ્થાન આગળ યુદ્ધ કરી તેમનો પરાજય કર્યો અને તેમણે મેળવેલી લૂંટનો ઘણો માલ પાછો મેળવ્યો. પ્રજાની લૂંટનો માલ જેનો હોય તેને પાછો આપવાની ફરજ જાણી મહારાજે તેમને પાછો આપવાની વ્યવસ્થા કરી. લૂંટના માલમાંથી મહારાજે એક પાઇનો માલ પણ પોતાના ખજાનામાં રાખ્યો નહિ.

મહારાજે કોપલ પ્રાંત કબજે કરી તેની વ્યવસ્થા કરવા જનાર્દન પંતને નીમ્યો હતો. તે પ્રાંત પર વિજાપુરસરકારનું લશ્કર હુમલો લઇ જવાની તૈયારી કરતું જોઇ મહારાજે જનાર્દન પંતની સહાયતા માટે કેટલુંક લશ્કર રવાના કર્યું અને થોડા લશ્કર સહિત તેઓ રાયગઢ આવી પહોંચ્યા. (માર્ચ. સં૦ ૧૬૭૮)

કર્ણાટકમાંથી સ્વદેશ પાછા ફરતી વખતે વિજાપુરનો કિલ્લો હસ્તગત કરીને ત્યાંનો બધો કારભાર પોતાને હાથ લેવાનો મહારાજે વિચાર કર્યો હતો. બહિલોલખાનના મૃત્યુ પછી જમશીદખાન નામના એક સરદારે કારભાર પોતાના હાથમાં લીધો હતો; પરંતુ તેને ઘણા દુશ્મનો હતા અને તે લોકોની સામે ટકી શકે એમ હતું નહિ. આથી તેણે મહારાજ સાથે સલાહમસલત કરી કે મહારાજ જો તેને ૭ લાખ હોન આપે તો પોતે વિજાપુરનો કિલ્લો અને બધો કારભાર મહારાજને સ્વાધીન કરે. મહારાજને આ વાત પસંદ પડવાથી તેમણે તે કબૂલ કરી અને પોતાની સવારીનો મોરચો વિજાપુર તરફ ફેરવ્યો પરંતુ એમને તરતજ સમાચાર મળ્યા કે, આ જમશીદખાનને દગાથી કેદ કરીને મસાઉદખાને સઘળો કારભાર પોતાને હાથ કર્યો છે; આથી નિરાશ થઇને તેઓ પન્હાળગઢ તરફ ગયા.

મહારાજની આજ્ઞા પ્રમાણે હંબીરરાવ સ્વદેશ આવવા નીકળ્યા હતા; એ ઉપર લખવામાં આવ્યું છે. હંબીરરાવને આવી પહોંચેલા જાણી જનાર્દન પંતે તેની સહાયતા વડે વિજાપુરસરકારના સૈન્ય ઉપર હુમલો કરવાનો વિચાર કર્યો. હંબીરરાવે પણ તે પ્રમાણે વર્તવાનું કબૂલ કર્યું. તેઓએ લશ્કર સહિત તુંગભદ્રા અને કૃષ્ણા નદીના મધ્ય પ્રદેશમાં જઇ, શત્રુના સૈન્ય સાથે યુદ્ધ કરી તેનો પરાજય કરી નસાડી મૂક્યું. શત્રુના પાંચસો ઘોડા, પાંચ હાથી અને એક સરદાર પકડી તે તરફનો સઘળો પ્રાંત કબજે કરી પોતાની સત્તા સ્થાપી. કોપલ અને બેલવાડી પ્રાંતના દેશમુખીઓ જે વિજાપુરસરકારને મહેસૂલ નહિ આપતાં બંડખોર થઇ સઘળો પ્રાંત કબજે કરી બેઠા હતા, તે

સર્વને તાબે કરી જર્નાદન પંતે તેમની પાસે શિવાજી મહારાજનું ઉપરીપણું કબૂલ કરાવ્યું. શિવાજી મહારાજે વિજાપુરસરકારના જે પ્રાંતો કબજે કર્યા હતા તે પાછા લેવાનો પુનઃ તેમણે કદી પણ યત્ન કર્યો નહોતો; કારણકે તેમના ઘોડેસ્વાર લશ્કરનો મોટો ભાગ નાશ પામ્યો હતો અને મોગલો તથા કુતુબશાહ સાથે યુદ્ધ કરવાથી તેમની વિશેષ પાયમાલી થઇ હતી. એ આરસામાં ચોમાસું શરૂ થવાથી નદીનાળાંમાં જળ ભરાઇ ગયું. તેથી તે તરફ લશ્કર મોકલી શકાય તેમ નહોતું. જનાર્દન પંતને અને રઘુનાથ પંતને એ સમયે સારો લાગ મળ્યાથી તેઓએ પોતાના કબજાના પ્રાંતમાં મજબૂત બંદોબસ્ત કર્યો.

જનાર્દન પંતને સહાયતા કરી તેને નિર્ભય કર્યા પછી હંબીરરાવ પુનઃ સ્વદેશ તરફ આવવા નીકળ્યો. માર્ગમાં દેઉરનો કિલ્લો જણાતાં તેના પર તેણે હુમલો કર્યો. વિજાપુરસરકારને સમાચાર મળતાંજ તેમણે હુસેનખાન× નામક સરદારને દશ હજાર સિપાઇનું લશ્કર આપી કિલ્લાનું રક્ષણ કરવા મોકલ્યો. હંબીરરાવે તેને હરાવી કેદ પકડ્યો અને કિલ્લો સર કર્યો. એ જાણી વિજાપુરસરકારે લોદીખાનને મોકલ્યો. તેને પણ હંબીરરાવે હરાવી કેદ પકડ્યો. હંબીરરાવે આગળ ચાલતાં ગોંડલ અને બહાદુરબંધ નામક કિલ્લા પર છાપો મારી કબજે કર્યા. માર્ગમાં શત્રુના જેટલા કિલ્લા જણાયા તે સર કરતો કરતો હંબીરરાવ મહારાજ પાસે જઇ પહોંચ્યો. તેની ઉત્કૃષ્ટ સેવા અને બહાદુરી જોઇ મહારાજે તેને ઘણી શાબાશી આપી અને બહુમૂલ્ય ઇનામ આપ્યું. એ ચડાઇમાં ધનાજી જાધવ અને બયાજી ઘોરપડે પણ હતા. તેમણે ઉત્તમ પરાક્રમ કર્યાથી મહારાજે તેમની પ્રશંસા કરી તેમને ઇનામ અને ઉચ્ચ હોદ્દા આપ્યા. કર્ણાટકની ચડાઈમાં જે જે હોદ્દેદારે અને અમલદારે ઉત્તમ પરાક્રમ બતાવ્યું હતું તેમને મહારાજે યોગ્યતા પ્રમાણે પારિતોષિક આપી સંતુષ્ટ કર્યા. એ ચડાઇમાં ગયા પછી મહારાજ અઢાર મહિને સ્વદેશ પાછા ફર્યા હતા.

કેટલાક દિવસ વીત્યા પછી રઘુનાથ પંતે મહારાજને પત્ર લખ્યો કે, "વ્યંકોજીરાજાની વૃત્તિ ઉદાસીન જણાય છે. તેઓ નેત્ર બંધ કરીને બેસી રહે છે. કોઇ સાથે વાતચીત કરતા નથી. અન્નજળ તરફ દુર્લક્ષ કરે છે. સદૈવ એકાંત સ્થળમાં બેસી શું કરે છે, તે જણાતું નથી. અમે તેમની પાસે જઇએ છીએ ત્યારે કોઇક વખતજ વાતચીત કરે છે. બ્રાહ્મણો જે કંઈ માગે છે તે તેમને ખુશીથી આપે છે.

× એ સરદાર ઘણોજ શૂરવીર હતો. તુંગભદ્રા અને કૃષ્ણા નદી વચ્ચેના પ્રદેશનો એ સૂબેદાર હતો. હંબીરરાવ તેને કેદ કરીને મહારાજ પાસે લઇ ગયા. મહારાજે તેને આદરસત્કાર આપી મુક્ત કર્યો; પરંતુ આ પરાજયથી તે સરદારને એટલું બધું ખરાબ લાગ્યું કે તેણે ઝેર ખાઇને પ્રાણત્યાગ કર્યો.

એમની ઉદાસીનવૃત્તિ વર્ષે છ મહિને બદલાશે જાણી વાટ જોઇ; પરંતુ તેમ થયું નથી. તેમની વૃત્તિ હજુ તેવીજ હોવાથી આપને ખબર આપી છે. મહારાજ સંબંધી સમાચાર નહિ આપ્યાનો મારા ઉપર દોષારોપ થાય નહિ. આપનું કર્તવ્ય આપ બજાવશો." એ પરથી મહારાજે વ્યંકોજીરાજાને પત્ર લખ્યો. તેમાં લખ્યું કે, "રઘુનાથ પંત તરફથી પત્ર મળ્યો છે. તમારી ઉદાસીનતાના વર્તમાન જાણી ઘણો દિલગીર થયો છું. આપણે ઉભય એક પિતાશ્રીના પુત્ર હોવાથી આપણને એકબીજાનો આધાર છે; પરંતુ તમે ઉદાસીન થઈ બેઠા છો એ જાણી મારા અંતઃકરણને ઘણો ખેદ થયો છે. ઉદાસીનવૃત્તિ ધારણ કરવાનું કારણ મને જણાવશો, તો તે નિવારણ કરવાનો યત્ન કરવામાં આવશે. મને કોઇ પણ વિષય લખવામાં શંકા કરશો નહિ. તમારો જે મનોરથ હશે તે તત્કાળ પૂર્ણ થશે. તમને સંતુષ્ટ રાખવામાં હું જરા પણ આળસ કરીશ નહિ એવી ખાતરી રાખશો. તમારા મનની વિકૃતિ થવાનું મૂળ કારણ અવશ્ય લખશો. તે નિવારણ થઇ શકશે. હવે પછી ઉદાસીનપણે વર્તશો નહિ, તેમ કરશો તો તમને મારી પાસે રાખવા પડશે. પછી અહીંથી પાછા જઈ શકશો નહિ. એ લક્ષમાં રાખી સરળ રીતે વર્તશો. રઘુનાથ પંતની સલાહ પ્રમાણે હમેશાં વર્તજો. તેમાંજ તમારૂં હિત છે. પછી તમારી ઇચ્છા." એ પત્ર વાંચતાંજ વ્યંકોજી રાજાની ઉદાસીનતા નિવૃત્ત થઇ. તેઓ પ્રથમની પેઠે સર્વ કાર્ય કરવા લાગ્યા.

प्रकरण २७ मुं–मोगलो साथे अंतिम युद्ध

કર્ણાટકની ચડાઇમાં વિજય મેળવીને અને તે પ્રદેશના ઘણા પ્રાંતોમાં પોતાની સત્તા સ્થાપીને વિજયી શિવાજી મહારાજ સ્વદેશ પાછા આવ્યાના સમાચાર સાંભળતાં, ઔરંગઝેબ બાદશાહને અતિશય ખેદ થયો. બહાદુરખાનને દ્રવ્યની લાલચ આપીને અને મોગલ બાદશાહને ખંડણી ભરવાનું કબૂલ કરીને મહારાજે તેઓ દ્વારા સ્વરાજ્યમાં ઉપદ્રવ ન થાય, એવી યુક્તિ રચી હતી. બાદશાહને તેમની એ સંધિનું રહસ્ય પ્રથમ જણાયું નહિ અને એવી સંધિની તેમને તે સમયે અગત્ય પણ જણાઇ હતી. તેનું કારણ એ હતું કે, બાદશાહ ઉત્તરમાં પઠાણો સાથે યુદ્ધમાં ગૂંથાયલા હોવાથી પોતાના દક્ષિણના સૂબેદારને લશ્કરની મદદ કરવા શક્તિવાન નહોતા. આગળ જતાં એ સંધિ રુચિકર નહિ થવાથી તેમણે દિલેરખાનને દોષ દીધો ખરો; પરંતુ દિલેરખાનની સૂચના પરથી મહારાજના પ્રાંતમાં તોફાન મચાવવાની આજ્ઞા નહિ ફરમાવતાં તેને કુતુબશાહ સાથે યુદ્ધ કરવાની પરવાનગી આપી. તેમાં ખાનને યશ મળ્યો નહિ. યુદ્ધમાં બાદશાહનું પુષ્કળ લશ્કર નાશ પામ્યું, તેથી મહારાજના પ્રદેશમાં તોફાન મચાવવાની તેમનામાં શક્તિ રહી નહિ. ઔરંગઝેબની એવી ધારણા હતી કે, કર્ણાટક જેવા વિકટ, વગર ઓળખાણવાળા અને ઘણા દૂરના પ્રાંતમાં સવારી લઇ જવાથી શિવાજી મહારાજનું સૈન્યબળ ઘણું ઓછું થશે, તેમજ દુર્બળ થયા પછી તેમનો પરાજય કરવામાં વિશેષ પ્રયાસ કરવો પડશે નહિ; પરંતુ બાદશાહની કલ્પના ખોટી પડી. મહારાજે એ સવારીમાં કર્ણાટકના ઘણા પ્રાંત ઉપર પોતાની સ્થાયી સત્તા સ્થાપી હતી અને વિજાપુરસરકારની તે પ્રાંતમાંની સત્તા ઘણી ઓછી કરી હતી; એટલુંજ નહિ પણ તે તરફના વિજાપુરસરકારના પ્રાંતો ઉપર પુનઃ ચડાઇ લઇ જવા માર્ગ મોકળો કર્યો હતો. એ જોઇ ઔરંગઝેબને વિચાર થયો કે, “હવે શિવાજી મહારાજ વિજાપુરસરકારના બચેલા પ્રાંતો ઉપર ચારે તરફથી હુમલા કરી આદિલશાહી ડુબાવી દેશે અને ઠેઠ રામેશ્વર પર્યંત પોતાની સત્તા સ્થાપશે, તેમજ દક્ષિણની બંને મુસલમાની બાદશાહી પાયમાલ કરી દક્ષિણ–સમુદ્ર પર્યંત એકચક્રી સત્તા સ્થાપવાની આપણી ધારણા નિષ્ફળ થશે.” તેથીજ દિલેરખાનની સલાહથી તેમણે શિવાજી મહારાજ સવારી-

માંથી પાછા ફરે તે પહેલાં આદિલશાહી પાયમાલ કરવાનો વિચાર રાખ્યો હતો; પરંતુ તેમાં બાદશાહને યશ મળ્યો નહિ. ત્યારે તેમણે બહાદુરખાનને દક્ષિણની સૂબેદારી પરથી છૂટો કરી, પોતાના પુત્ર મોઆઝીમને દક્ષિણની સૂબેદારી પર મોકલ્યો.

પાછલા પ્રકરણમાં લખ્યા પ્રમાણે વિજાપુરસરકારનો કારભાર મસાઉદખાનના તાબામાં સોંપી દિલેરખાને તેની સાથે તહનામું કર્યા પછી, મોરો પંતે પોતાના પ્રત્યેક થાણાની વ્યવસ્થા તપાસી સર્વ પ્રકારનો મજબૂત બંદોબસ્ત રાખ્યો હતો અને સ્થળે સ્થળે પોતાનું લશ્કર તૈયાર રાખ્યું હતું. મોગલ અને વિજાપુરસરકાર એકસંપ કરી પોતાના પ્રાંત ઉપર ચડાઇ કરશે, એવી તેને બીક હતી. એ સમયે કોંકણમાં સીદીએ પણ તોફાનની શરૂઆત કરી હતી. તેની સાથે મોરો પંતને યુદ્ધ કરવું પડ્યું હતું, તે સંબંધી હકીકત આગલા પ્રકરણમાં લખવામાં આવશે.

મસાઉદખાન સાથે દિલેરખાને કરેલું તહનામું ઔરંગઝેબને પસંદ આવ્યું નહિ, તેથી તેમણે સરદારને સખ્ત ઠપકો દીધો અને આજ્ઞા ફરમાવી કે, “વિજાપુરસરકારના લશ્કરનો બાકી રહેલો પગાર અદ્યાપિપર્યંત ચૂકવી આપ્યો નથી તે અપાવવો, તે દરબારના બને તેટલા સરદાર આપણા પક્ષમાં લઇ લેવા, સર્વ કારભાર આપણી સલાહથી ચાલે એવી ગોઠવણ કરવી; અર્થાત્ સર્વ રાજ્ય આપણા આશ્રયથી ચાલે એવો યત્ન કરવો.” એ હુકમ પ્રમાણે દિલેરખાને વિજાપુર–દરબારના ઘણાખરા અફઘાન સરદારોને પોતાના પક્ષમાં મેળવી લીધા; પરંતુ બીજા કેટલાક સરદારોને મોગલો ઉપર તિરસ્કાર હોવાથી તેઓ કેમે કર્યા વશ થયા નહિ. બાળરાજાની ભગિની બાદશાહબેગમ સાથે ઔરંગઝેબના પુત્રનો વિવાહ કરવાનું ઠર્યું હતું; પણ બાદશાહનાં મનુષ્યો વિવાહની માગણી કરવા આવ્યાં તે સમયે કેટલાક સરદારો વિરુદ્ધ પડ્યા. મોગલ–બાદશાહ સાથે સગપણનો સંબંધ જોડવાની તેમની ઇચ્છા નહોતી. તેઓ વિરુદ્ધ પક્ષના સરદારો સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. બીજો પક્ષ પણ મોગલશાહજાદા સાથે બાદશાહબેગમનું લગ્ન કરાવવાની હઠ લઈ બેઠો. ગૃહકલહ ઉપસ્થિત થવાથી પોતાના બંધુના રાજ્યની પાયમાલી નહિ થવા દેવાની ઇચ્છાથી બાદશાહબેગમ જનાનખાનામાંથી બહાર નીકળી અને તેણે કહ્યું કે, “હું મોગલોને ત્યાં જવા ખુશી છું.” તેની સ્વતઃની ઇચ્છા જાણી વિરુદ્ધ પક્ષે તકરાર કરવાનું છોડી દીધું અને તેઓ શાંત થયા. બાદશાહબેગમે દિલેરખાનની છાવણીમાં પ્રવેશ કર્યો, એટલે ખાને તેને પૂરે ઠાઠમાઠથી દિલ્હી મોકલાવી દીધી.

દિલેરખાનને એટલેથીજ સંતોષ થયો નહિ. મસાઉદખાને તહનામા પ્રમાણે વર્તન નહિ કર્યાથી તેનો પરાજય કરવા માટે ખાને

વિજાપુર તરફ ધસારો કર્યો. મસાઉદખાનને એ અરિષ્ટ ટાળવાની ચિંતા થતાં આ ભયંકર પ્રસંગે શિવાજી મહારાજ તરફથી સહાયતા મળે તો યત્ન કરી જોવાની તેને ઇચ્છા થઇ. તેણે વિચાર કર્યો કે, "આપણી સરકાર સંબંધી શિવાજી મહારાજનું અંતઃકરણ શુદ્ધ નથી; તેમજ તેમની પાસે મદદ માગતાં તેઓ વખતે આપે કે ન આપે. તેમ છતાં તેઓ શાહજીરાજાના પુત્ર છે; તેમના પિતા આ રાજ્યના આશ્રયથી ઉચ્ચ હોદ્દો ચઢ્યા હતા, તે ધ્યાનમાં લઈ આ પ્રસંગે પોતાનો આગલો સંબંધ યાદ કરે છે કે નહિ તે જોવું જોઇએ. એમાંજ એમની કુલીનતા જણાઈ આવશે. મોગલો સાથે તો તેમને વિરોધજ છે. તેમની સાથે યુદ્ધ કરવાની સંધિ સાંધવા કવચિત્ તૈયાર પણ થાય." તેણે મહારાજને પત્ર લખ્યો. તેમાં લખ્યું કે, "પ્રચંડ સૈન્ય સહિત મોગલો વિજાપુર આવી પહોંચ્યા છે. એ બાદશાહી તમારીજ છે. સત્વર આવી સહાયતા આપવી જોઇએ."

આ સ્થાને એક વાતનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. આ વખતે શિવાજી મહારાજ તરફ કુતુબશાહના મનમાં મોટું વૈમનસ્ય ઉત્પન્ન થયું હતું. તેના દીવાન માદણ્ણાએ શિવાજી જોડે સ્નેહસંબંધ કરાવીને કર્ણાટકની ચડાઈમાં મહારાજને પુષ્કળ સૈન્ય, તોપો અને પૈસાની મદદ કરી હતી; પરંતુ મહારાજે ત્યાં આટલા બધા કિલ્લા સર કર્યા અને આટલી બધી લૂંટ દેશમાં આણી છતાં તેમણે કુતુબશાહને એક પણ કિલ્લો આપ્યો નહિ અને ચડાઇના ખરચ માટે જે રકમ લીધી હતી તેમાંથી એક પાઇ પણ પાછી વાળી નહિ. મહારાજની આ ઠગબાજીનો બદલો લેવાને માટે તેણે વિજાપુરસરકાર જોડે મસલત કરી. મસાઉદખાન અને તેના સામા પક્ષના સારજાખાન વગેરે જોડે સલાહ કરી તેણે એવું નક્કી કર્યું કે, મહારાજને કર્ણાટકમાંથી નીકળવાજ ન દેવા. વિજાપુરસરકાર પાસે પોતાના સૈન્યને આપવાના પગારના પૈસા પણ હતા નહિ, તે કુતુબશાહે જોઇએ તેટલા પ્રમાણમાં આપ્યા. આવી રીતે સલાહમસલત કરી તેમણે એક મોટી સેના તૈયાર કરી; પરંતુ ઉપર જણાવ્યું તે પ્રમાણે દિલેરખાને વિજાપુર પર ચડાઈ કરી; તેથી તેમનો એ સંકલ્પ અધૂરો રહ્યો અને મસાઉદખાનને ઊલટી મહારાજ પાસે મદદ માગવી પડી. મસાઉદખાને મહારાજની મદદ માગી તેથી દિલેરખાન ઊલટો વધારે ગુસ્સે થયો.

મસાઉદખાનના વિનતિપત્રનું મહારાજે સન્માન કર્યું, પોતાનું ઘોડેસવાર લશ્કર તેમણે પન્હાળામાં એકત્ર કર્યું અને સાત હજાર ઘોડેસવાર વિજાપુર રવાના કર્યા. સૈન્યને મહારાજે આજ્ઞા કરી હતી કે, "તમારે વિજાપુરના કિલ્લાનો કબજો મેળવી ઘણી હોશિયારીથી રહેવું. હું મારા લશ્કર સહિત શત્રુના સૈન્ય ઉપર પાછળથી હુમલો કરી તેમને સપાટામાં લઈશ." મહારાજનું લશ્કર વિજાપુર ગયું

ત્યારે મસાઉદખાને તેમને અટંગ નદીને કિનારે છાવણી નાખી શત્રુના લશ્કર સાથે યુદ્ધ કરવા તૈયાર રહેવાનું કહ્યું. મહારાજના સરદારે તેનું કહેવું સાંભળ્યું નહિ. તેઓએ ખાનાપુર અને ખુસકપુર નજીક જઈ છાવણી નાખી અને ખાનને કહાવ્યું કે, "કિલ્લાનો એક દરવાજો તથા એક બુરજ અમારે કબજે સોપવો. અમે કિલ્લાનું રક્ષણ કરીશું." મસાઉદખાને તેમની માગણી સ્વીકારી નહિ અને મરાઠા લશ્કરના મુખ્ય સરદારો સિવાય બીજા કોઇને શહેરમાં પેસવા દીધા નહિ. તેમ થવાથી મરાઠા લશ્કરે કિલ્લા નજીક જોહારપુરના મેદાનમાં જઇ છાવણી નાખી, ત્યાંથી મહારાજના સિપાઇઓ વેપારનું બહાનું કાઢી શહેરમાં જવા નીકળ્યા. બળદો ઉપર અનાજની ગુણો લાદી તેમાં તલવાર અને બીજાં હથિયારો સંતાડી પ્રત્યેક બળદ પાછળ એકએક સવાર શહેરમાં પ્રવેશ કરવા લાગ્યો. શહેરમાં જુદે જુદે સ્થળે તેઓની ટોળી બંધાઇ. એ ભેદ સત્વર ઉઘાડો પડ્યાથી તેમને શહેરમાં પેસતાં અટકાવ્યા. મહારાજના કેટલાક સરદાર મસાઉદખાનની પાસે જઇ કહેવા લાગ્યા કે, "અમે તમારી મદદે આવ્યા છીએ, છતાં તમે અમારા સૈન્યને કિલ્લામાં આવવા દેતા નથી. અમને શત્રુના સપાટામાં સપડાવાનો સંભવ છે, તે સમયે અમારૂં રક્ષણ થવું કઠિન છે. અણીને પ્રસંગે તમે અમને કિલ્લામાં સ્થાન આપશો નહિ, એમ જણાય છે." મસાઉદખાને તેમના કહેવાની પરવા કરી નહિ; કારણકે તેને મહારાજ પર વિશ્વાસ નહોતો. મહારાજના અંતઃકરણમાં એ સમયે લાગ ફાવે તો વિજાપુર શહેર તાબે લેવાની ઇચ્છા હતી. મસાઉદખાને મરાઠા લશ્કરને શહેરમાં પેસવા દીધું નહિ ત્યારે તેઓએ પ્રકટ રીતે વૈરભાવ બતાવી શહેર ઉપર હુમલો કર્યો. દોલતપુર અને ખુસકપુર લૂંટી લઇ ત્યાંના શ્રીમંત લોકોને કેદ પકડ્યા. જોહારપુર ઉપર પણ હુમલો કર્યો. કેટલાંક મનુષ્યો તેમની સામે લડવા આવ્યાં તેમને ઘાયલ કરી પાછાં હઠાવ્યાં. એ હુમલામાં કેટલાક સરદારો મરણ પામ્યા. એટલામાં કિલ્લા પરથી તેમના પર તોપોનો મારો ચાલવાથી તેઓ પાછા હઠ્યા. કિલ્લો તાબે લેવા તેમણે કેટલાક દિવસ પ્રયત્ન કર્યો; પરંતુ તે સહજ રીતે તાબે કરી શકાય તેમ હતું નહિ અને દિલેરખાન પોતાના મોટા સૈન્ય સાથે વિજાપુર તરફ આવતો હતો, તેથી તે લોકો પાછા ગયા.×

આ બાજુ દિલેરખાન પોતાની સેના સાથે વિજાપુર આવી પહોંચ્યો. મહારાજ તેની હિલચાલ ઉપર સખ્ત દેખરેખ રાખતા હતા.

× કેટલાક બખરકારનું કહેવું એવું છે કે, મરાઠાઓએ કિલ્લેદારને પચાસ હજાર હોનની લાંચ આપીને કિલ્લો હસ્તગત કર્યો અને મસાઉદખાન કિલ્લેદાર પાસે એ પૈસા માગવા લાગ્યો, ત્યારે સરજાખાનને તેણે દસહજાર હોન આપ્યા અને તેની મદદ લીધી.

વિજાપુર નજીક તેની છાવણી પડ્યા પછી તેના પર હુમલો કરવાની ઇચ્છાથી મહારાજે સાતઆઠ ગાઉ વેગળે છાવણી નાખી. તેમને દિલેરખાનના લશ્કરમાં પઠાણ સિપાઇઓની સંખ્યા વિશેષ હોવાના સમાચાર મળ્યા, તે ઉપરથી તેમણે વિચાર કર્યો કે, “એટલા મોટા લશ્કર સાથે યુદ્ધ કરી વિના કારણ આપણા લશ્કરનો નાશ કરવો તેના કરતાં ખાન યુદ્ધમાં ગૂંથાય તે સમયે તેના શહેરમાં પ્રવેશ કરી લૂંટ ચલાવવી એજ ઠીક છે.” મહારાજે ત્યાંથી છાવણી ઉપાડી ભીમા નદી ઓળંગી પોતાના લશ્કર સહિત મોગલના પ્રાંતમાં પ્રવેશ કર્યો. ત્યાં તેમણે જુલમ વર્તાવ્યો, છતાં દિલેરખાને વિજાપુરનો ઘેરો ઉઠાવ્યો નહિ કિંવા તેમનો પરાજય કરવા લશ્કર પણ મોકલ્યું નહિ.* તેથી મહારાજે ભીમા નદીથી ગોદાવરી નદીપર્યંતનો મોગલોનો સર્વ પ્રદેશ લૂંટી લીધો. ધરમગામ, ચોપ્રા વગેરે મોટાં મોટાં વેપારી શહેરો લૂંટીને પછી ગોદાવરી નદી ઓળંગીને તેઓ જાલના શહેરમાં પેઠા અને ત્રણ દિવસપર્યંત તે શહેર લૂંટ્યું. શહેર નજીક ઔરંગાબાદમાં મોઆઝિમ હતો, તેની તેમણે કિંચિત્ પણ બીક રાખી નહિ. દ્રવ્ય અને ઝવેરાત પ્રજા ક્યાં સંતાડી રાખતી હતી, તેની તેમને માહિતી હોવાથી પોતાના સિપાઇઓને દ્રવ્યનાં સ્થાનો મહારાજ બતાવી આપતા હતા. કહેવામાં આવે છે કે, મરાઠા લશ્કરે એ સમયે મુસલમાન ફકીરોનાં ઘર પણ લૂંટ્યા હતાં. એ બનાવ મહારાજના હમેશના નિયમથી વિરુદ્ધ બન્યો હતો. ધર્મપરાયણ મનુષ્યોને ત્રાસ નહિ આપવાનો મહારાજે પોતાના લશ્કરને હમેશનો હુકમ કર્યો હતો; છતાં એ નિયમનો ભંગ કરનાર અપરાધી સિપાઇઓને તેમણે શિક્ષા કર્યાનું જણાતું નથી.×

---

* પ્રો. સરકાર જણાવે છે કે, મસાઉદખાને આ વખતે દિલેરખાન સાથે સલાહ કરીને શહેરમાં બોલાવી તેનો ઘણોજ સત્કાર કર્યો. તેની મદદ લઇને તેણે મહારાજનાં માણસો પર ચડાઇ કરી. એવામાં તેને સમાચાર મળ્યા કે, મહારાજ પોતે સાતહજારની સેના લઇને પોતાનાં માણસોને મદદ કરવાને આવે છે. વળી એજ અરસામાં મસાઉદખાન અને સરજાખાન વચ્ચે પાછો અણબનાવ શરૂ થયો; આથી મરાઠાઓ પર ચડાઇ કરવાનો વિચાર જતો કરવો પડ્યો.

× મુસલમાન બખરકાર લખે છે કે, મહારાજે મુસલમાન ફકીરોને લૂંટ્યા તેથીજ તેમનું સત્વર મરણ થયું. પ્રો. સરકાર જણાવે છે કે તે શહેરમાં સૈયદ જાનમહમ્મદ નામનો એક સાધુ રહેતો હતો. શહેરના શ્રીમંત લોકો પોતાનું જરજવાહિર લઈ એ સાધુના મઠમાં સંતાઇ ગયા હતા મહારાજને એ વાતની બાતમી મળતાંજ તેઓ ત્યાં આવ્યા અને સાધુની વિનતિ પર ધ્યાન ન આપતાં તે શ્રીમંત લોકોને મારફાડ કરીને સર્વ દ્રવ્ય લઇં લીધું. આથી તે સાધુએ મહારાજને

લૂંટમાં મેળવેલો સામાન રાયગઢ ઉપર પહોંચાડતી વખતે મહારાજને માર્ગમાંજ પકડી તે સામાન પાછો મેળવવા માટે શાહજાદાએ રણમસ્તખાનને દસહજાર ઘોડેસવાર લશ્કર સહિત રવાના કર્યો. ખાન અને મહારાજ સંગમનેર નજીક સામસામા થઇ ગયા. ઉભય પક્ષ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. સંતાજી ઘોરપડેને જુસ્સો ચડવાથી વિચાર કર્યા વગરજ તે રણસંગ્રામમાં પેઠો, તેથી તેના તાબાના સૈન્યમાં થોડોક ગોટાળો થયો. એ ધાંધલમાં સિંધોજી નિંબાળકર મરણ પામ્યો; છતાં મહારાજ ગભરાયા નહિ. પ્રાણની દરકાર નહિ કરતાં પોતાના લશ્કરને ઉત્તેજન આપતા આગળ ધસ્યા. પોતાના સ્વામીને હાથમાં શસ્ત્ર લઇ સર્વથી આગળ ધસેલો જોઇ મરાઠા સિપાઇઓમાં વિશેષ જુસ્સો આવ્યો. તેઓ શત્રુ પર એકદમ તૂટી પડવાથી મોગલ લશ્કરનો પરાજય થયો અને તેઓ આસપાસ નાસી ગયા. આ પ્રમાણે મહારાજને વિજય પ્રાપ્ત થયો અને લૂંટનો સઘળો સામાન લઇ તેઓ આગળ વધ્યા.

રમણમસ્તખાનના લશ્કરની પાયમાલી થવાથી તેને મદદ કરવા શાહજાદાએ કિશનસિંહને* લશ્કર સહિત મોકલ્યો. મદદ મળવાથી આસપાસ વિખરાઈ ગયેલા મોગલ સૈન્યમાં પુનઃ ધૈર્ય આવ્યું. તેઓ એકત્ર થયા અને એક ખીણ આગળ ભરાઈ રહ્યા. મહારાજ ખીણ આગળથી પસાર થાય તેજ વખતે તેમના પર અચાનક હુમલો કરવાનો તેમણે સંકલ્પ કર્યો હતો. મોગલોના નવા લશ્કર સાથે યુદ્ધ કરવાની મરાઠાલશ્કરમાં શક્તિ નહોતી, એ મહારાજ જાણી શક્યા હતા તેથી તેમને ચિંતા થઇ. તેમની પાસે હીરજી નાયક નામક એક ગુપ્તચર હતો. તેણે સ્વામીનું સંકટ જોઇ હિંમત રાખી મહારાજને કહ્યું કે, "લૂંટનો માલ મોગલોના જાણવામાં આવે નહિ એવી ખૂબીથી હું ખીણની પેલી બાજુએ લઇ જઇશ." મહારાજે તેને તે કામ સોંપ્યું. હીરજીએ મરાઠાલશ્કરસહિત બીજીજ એક ખીણ ઉપરથી રાતોરાત કૂચ કરી. મોગલોને તેની ખબર પડી નહિ. મોગલોએ પ્રાતઃકાળમાં તપાસ કરી, પણ મરાઠાલશ્કરનો પત્તો લાગ્યો નહિ, ત્યારે તેઓને આશ્ચર્ય થયું. મરાઠાલશ્કર જે ખીણ ઉપરથી

શાપ દીધો અને તે દિવસ પછી પાંચ મહિને શિવાજી મહારાજ મૃત્યુ પામ્યા. મુસલમાન લોકોનું કહેવું એવું છે કે, આ શાપને લીધેજ મહારાજનું મરણ થયું.

* એ જયસિંહ રાજાનો જ્યેષ્ઠ પુત્ર હતો. સભાસદ એનું નામ કેસરસિંહ લખે છે. ચિત્રગુપ્ત લખે છે કે, કેસરસિંહે ત્રણ માઇલ વેગળે છાવણી નાખી મહારાજને ગુપ્ત સંદેશો કહાવ્યો કે, "આપણા વચ્ચે બંધુત્વ સંબંધ છે. અમારો મેળાપ થાય તે પહેલાં તમે કૂચ કરી ચાલ્યો જાઓ."

નીચે ઊતરી ગયું હતું તે ખીણનોજ તેમને પત્તો લાગ્યો નહિ. છેવટ તેઓ ખીણ નીચે ઊતરી ગયા. મહારાજ લશ્કર સહિત સુરક્ષિતપણે પટ્ટા આગળ* જઈ પહોંચ્યા. શત્રુના સપાટામાંથી સહિસલામત ગઢ ઉપર આવી વિશ્રાંતિ લીધી, તેથી મહારાજે તેનું નામ વિશ્રામગઢ પાડ્યું. મરાઠા લશ્કરે પટ્ટામાં જઇ મજબૂત બંદોબસ્ત રાખ્યો છે જાણી મોગલસૈન્ય નિરાશ થઇ ઔરંગાબાદ પાછું વળ્યું. અણીને પ્રસંગે હીરજી નાયકે ઘણી સહાયતા કરી હતી, તેથી મહારાજે તેને પુષ્કળ ઇનામ આપ્યું. મહારાજ પટ્ટામાં કેટલાક દિવસ વિશ્રાંતિ લેવા રહ્યા. તે સમયે તેમણે ગઢની આસપાસના કિલ્લા કબજે લેવાનો વિચાર કર્યો. દિલેરખાન વિજાપુર તરફ ગૂંથાયો હતો તે દરમ્યાનજ તેમણે પોતાના સંકલ્પની સિદ્ધિ કરવાનો વિચાર કર્યો. મહારાજે એ કાર્ય મોરો પંતને સોંપ્યું. તેની સહાયતા માટે કોંકણમાંથી પાયદળ લશ્કર મંગાવ્યું. તે સિવાય તેના તાબામાં ઘણા ઘોડેસવાર સોંપ્યા. મોરો પંતે મહારાજની આજ્ઞા પ્રમાણે એક પછી એક કિલ્લા સર કરવા માંડ્યા.

આ વખતે તેણે મુંગીપટ્ટણ શહેર કબજે કરીને મોગલોના હાથમાંથી શિવનેરી કિલ્લો પાછો લેવાને સૈન્ય મોકલ્યું. મરાઠાઓએ જુન્નર શહેરમાં દાખલ થઇ રાત્રિને સમયે નિસરણી મૂકી કિલ્લામાં પોતાનાં ત્રણસો માણસો દાખલ કર્યાં; પરંતુ કિલ્લેદારે તેમની કતલ કરી નાખી અને સવારે કિલ્લાની આસપાસ ઝાડી, ઝાંખરાં અને ગુફાઓમાં મરાઠા સંતાઇ રહ્યા હતા, તેમને હાંકી કાઢ્યા અને મહારાજને સંદેશો કહાવ્યો કે, "જ્યાંસુધી હું આ કિલ્લા પર કિલ્લેદાર છું, ત્યાંસુધી એ કિલ્લો હાથ કરવાની આશા કરશો નહિ."

મહારાજ પટ્ટામાં નિવાસ કરતા હતા તે સમયે મસાઉદખાન તરફથી એક જાસૂસે તેમને પત્ર આપ્યો. તેમાં લખ્યું હતું કે, " તમે અમારા સંકટસમયે દરબાર સાથે પ્રમાણિકપણે વર્ત્યા છો. શાહજીરાજાના યોગ્ય પુત્રની તમે સાબિતી કરી આપી છે. શાહજીરાજાએ દરબારનું નિમક ખાધું હતું, તેની તમે સાર્થકતા કરી છે. અમારા દરબાર સાથે તમારે વૈમનસ્ય હોવા છતાં અણીને પ્રસંગે તમે સહાયતા કરી છે. તમે તમારા તરફથી હદ કરી નાખી છે. તમે સલાહ આપી હતી કે, શત્રુઓના પ્રદેશમાં ઉપદ્રવ મચાવી તેને અમારા રાજ્યમાંથી હાંકી કાઢવા અને પછી ચારે દિશામાંથી ઘેરી વળી પાયમાલ કરવા. તે યુક્તિ ઉત્તમ હતી. તેમના પ્રદેશની તમે પાયમાલી કરી છે અને એકબે સ્થળે તેમનો પરાજય કર્યો. અમારી રાજધાનીના કિલ્લાને પણ તમારા લશ્કરે સારી મદદ કરી છે. દિલેરખાન દુરાગ્રહી થયો છે. મોગલોની સર્વ સંપત્તિ નાશ પામે તોપણ વિ-

---

* સભાસદ લખે છે કે, મહારાજ પાવનગઢ ઉપર આવ્યા હતા.

જાપુર કબજે લીધા સિવાય અહીંથી નહિ જવાનો તેનો નિશ્ચય જણાય છે. તે અહીંથી ઘેરો ઉઠાવતો નથી. તેનું લશ્કર કોટની નજીક છાવણી નાખી પડયું છે; તેથી આપની મદદ મળ્યા સિવાય અમારો છૂટકો થશેજ નહિ. આપે ભૂતવર્તમાનનો કંઇ પણ વિચાર કર્યા વગર સત્વર આવી પહોંચી આદિલશાહીનું રક્ષણ કરવું, એજ અમાંરી પ્રાર્થના છે." પત્ર વાંચી મહારાજ પુનઃ વિજાપુર જવા તૈયાર થયા; એટલામાં તેમને શંભાજી નાસી જઇને દિલેરખાન સાથે મળી ગયાના સમાચાર મળ્યા તેથી હંબીરરાવને લશ્કર સહિત વિજાપુરસરકારની મદદે મોકલી મહારાજ પન્હાળા ગયા અને શંભાજીને શત્રુની છાવણીમાંથી પાછો લાવવાનો વિચાર કરવા લાગ્યા.

શંભાજી મહારાજને પોતાના તીર્થસ્વરૂપ પિતા સાથે રિસાવાનું કારણ અત્રે લખવું ઉચિત છે. શંભાજીને સુશિક્ષણ આપવા માટે મહારાજે ઘણી સારી વ્યવસ્થા કરી હતી. તેમને વિદ્યાભ્યાસ કરાવવા માટે અને સદાચાર વૃત્તિ ઉત્પન્ન કરાવવા માટે મહારાજે તેમની પાસે વિદ્વાન પુરુષો રાખ્યા હતા; પરંતુ એ વ્યવસ્થાથી કંઈ સુફળ પ્રાપ્ત થયું નહિ. તેઓનું વર્તન હમેશા ઉચ્છૃંખલ થતું ગયું. રાજ્યાધિકાર ચલાવવા જેવા આવશ્યક સદ્‌ગુણનો તેમનામાં વિકાસ થવાની ઇચ્છાથી મહારાજ સદોદિત અનેક પ્રયત્નો કરતા હતા; પરંતુ તેનું ઇષ્ટપ્રદ પરિણામ આવ્યું નહિ. યોગ્ય સમયે યુવરાજ્યાભિષેક કરવાની ઇચ્છાથી મહારાજે તેમને ઉપવીતસંસ્કાર કર્યો હતો; પરંતુ શંભાજી મહારાજને સર્વદા ઉન્મત્તપણે વર્તતા જોઈ મહારાજને પરમ ખેદ થતો હતો. એક દિવસ શીતળગૌરીના ઉત્સવ નિમિત્તે રાજમહાલયમાં હળદકુમકુમનો સમારંભ કરવામાં આવ્યો હતો. કિલ્લા પરની સર્વ સૌભાગ્યવતી મહિલાઓ રાજમહાલયમાં એકત્ર થઈ હતી. તેમાં એક અત્યંત લાવણ્યસંપન્ન બ્રાહ્મણ યુવતી પણ હતી, તેને જોઈ શંભાજી મોહિત થયા. બ્રાહ્મણયુવતીને મહાલયમાં લઇ જઇ તેના ઉપર તેમણે બળાત્કાર કર્યો. મહારાજને એ ખબર પડતાં તેઓ અત્યંત દિલગીર થયા. તેમણે કહ્યું કે, "શંભાજી રાજ્યના ઉત્તરાધિકારી છતાં વ્યભિચાર કરે છે, એ શ્રેષ્ઠ વર્ણનો ઉચ્છેદ કરવા જેવું છે. તેમનું કૃત્ય અતિ નિંદાજનક છે; વ્યભિચાર એ અતિ નીચ કર્મ છે. રાજાએ પ્રજાને પોતાના કુટુંબ જેવી જાણવી જોઇએ. શંભાજીને તેના દુષ્ટ કર્મ માટે અવશ્ય શિક્ષા કરવી જોઇએ. રાજપુત્ર છે તેથી શું થયું? દુષ્ટ કર્મ કરનાર પુત્રનો હું ત્યાગ કરીશ.[×]" મહારાજે શંભાજીને સખ્ત કેદની શિક્ષા કરી પન્હાળાના કિલ્લામાં મોકલી દીધા. થોડા દિવસ પછી સખ્ત કેદમાંથી તેમને તેજ કિલ્લામાં ન-

---

[×] કેટલાક લેખમા લખ્યું છે કે, પિતાના ક્રોધોદ્‌ગાર સાંભળી શંભાજી ગભરાયા અને પત્ની સહિત રાતોરાત નાસી ગયા.

જરકેદ રાખ્યા. શંભાજીને કેદની શિક્ષા અસહ્ય થઈ પડી હતી. પિતાને મોગલો સાથે વેગળે યુદ્ધ કરવામાં ગૂંથાયલા જાણી તેમણે પન્હાળા પરથી નાસી જવાનો વિચાર કર્યો. તેમણે દિલેરખાનને અગાઉથી સૂચનાપત્ર લખી મોકલ્યો હતો. મહારાજના ઘરમાંજ ફાટફૂટ થયેલી જાણી ખાનને અત્યંત આનંદ થયો. શંભાજીનો આદરસત્કાર કરવા ખાને એખલાસખાનને અને ઘૈરાતખાનને ત્રણ-ચાર હજાર ઘોડેસવારલશ્કર સહિત સામૈયું લઇ તેડવા મોકલ્યો હતો.

શંભાજીને નાસી ગયેલા જાણી મહારાજે તેમની પાછળ લશ્કર મોકલ્યું; પણ સુપાથી ચાર માઇલ છેટે શંભાજી અને એખલાસખાનની મુલાકાત થવાથી તેમને મોગલોનો આશ્રય મળ્યો. પાછળ ગયેલા સિપાઈઓએ જોયું કે, શત્રુનું લશ્કર વિશેષ હોવાથી તેમના પર હુમલો કરતાં સારૂં પરિણામ આવશે નહિ; તેથી તેઓ નિરાશ થઇ પાછા ચાલ્યા ગયા. આ બાજુ દિલેરખાન શંભાજીને મળવાને એટલો બધો આતુર થઇ ગયો હતો કે પોતે જાતે કેટલાક માણસો લઇને તેની સામે ગયો. શંભાજી તેના પક્ષમાં ભળ્યાથી દક્ષિણ જીત્યા જેટલો તેને આનંદ થયો અને મુકામે પહોંચ્યા પછી રણવાદ્યો વગેરે વગાડવાની તેણે આજ્ઞા કરી. શંભાજીને સાત હજારી સરદાર બનાવી રાજાનો ખિતાબ આપ્યો અને એક હાથી ભેટ આપ્યો.

દિલેરખાને શંભાજીનો સારો આદરસત્કાર કર્યો, તે સંબંધી ઔરંગઝેબને સૂચના આપી અને લખ્યું કે, "શંભાજી આપણા પક્ષમાં આવ્યા, એ ઘણુંજ સારૂં થયું. શિવાજી મહારાજના તાબાના કેટલાક સરદાર શંભાજીના પક્ષમાં આવી મળવાનો સંભવ છે. એવી ઘરફૂટ થવાથી તેઓ સત્વર દુર્બળ થશે અને અનાયાસે આપણો લાગ ફાવશે. શંભાજીને આપણા સૈન્યની એક ટુકડીના સેનાપતિ નીમી તેમના પિતા સામે યુદ્ધ કરવા મોકલ્યા હોય તો તેમના તાબાના પ્રાંત અને કિલ્લા કબજે લેવામાં વિલંબ લાગશે નહિ." બાદશાહને એ સૂચના યોગ્ય લાગી નહિ. બાદશાહને એ સંબંધી વહેમ આવ્યો કે, "એ કારસ્થાન શિવાજી મહારાજનુંજ છે. તેમણેજ પોતાના પુત્રને આપણા લશ્કરનો ગુપ્ત ભેદ કાઢવા કિંવા વિશ્વાસપાત્ર થઇ દગો કરવા મોકલ્યો છે." ઔરંગઝેબ તરફથી નિષેધપત્ર આવે તે પહેલાં દિલેરખાને શંભાજીને કેટલુંક લશ્કર આપી ભૂપાળગઢને ઘેરો ઘાલી હુમલો કરવા મોકલ્યા હતા. એ ગઢ પર મહારાજનું સૌથી જૂનું થાણું હતું. ત્યાં ઘણો મજબૂત બંદોબસ્ત હતો. ગઢ ઉપરના લશ્કરે અત્યંત જુસ્સાભેર લડવાની તૈયારી કરી. તેઓ મોગલોના ઘેરાથી પાછા હઠત નહિ; પરંતુ મહારાજના પુત્ર શંભાજીને કિલ્લાના દરવાજા પાસે ઊભેલા જોઇ તેમના ઉપર ગોળા મારતાં પાછા હઠ્યા. શંભાજીએ કિલ્લાના હવાલદારને દમ ભરાવ્યો કે, "દરવાજો નહિ

ઉઘાડે તો તારો શિરચ્છેદ કરીશ.'' એ સાંભળી કિલ્લા પરનાં મનુષ્યોને બીક લાગી. તેઓ આસપાસ નાસી ગયા. કિલ્લાની હવાલદારી ફિરંગોજી નરસાલાના તાબામાં હતી. શાહિસ્તખાને ચાકણના કિલ્લાને ઘેરો નાખ્યો તે વખતે અતિશય શૂરવીરપણાથી કિલ્લાનું રક્ષણ કરનાર એજ વીરપુરુષ હતો; પરંતુ આ પ્રસંગે તેના સિપાઇઓનું ધૈર્ય રહ્યું નહિ. તેઓ વીર ફિરંગોજીને છોડી નાસી ગયા; તેથી તેને હિંમત રહી નહિ. શત્રુ ઉપર તોપોનો મારો ચલાવવામાં આવે તો શંભાજી દરવાજા આગળજ ઊભા હતા. પોતાના સ્વામીપુત્ર ઉપર ગોળા છોડી શકાય તેમ નહોતું. ફિરંગોજી ઊંડા વિચારમાં પડ્યો અને અંતે રાત્રિને સમયે કિલ્લામાંથી નાસી ગયો. આથી કિલ્લો દિલેરખાનના હાથમાં આવ્યો. કિલ્લા પર કેટલાક માણસો હતાં તે મોગલોના હાથમાં આવ્યાં. તેમાથી સાતસો શૂરવીર યોદ્ધાઓના ડાબા હાથ તેણે ભાગી નાખ્યા અને બીજાં માણસોને ગુલામ બનાવ્યાં. શંભાજીને આ ક્રૂર કર્મ પસંદ પડ્યું નહિ. આવું ક્રૂર કર્મ કરવાનું કારણ એટલુંજ કે એથી બીજાં માણસોને દહેશત લાગે. એ કિલ્લામાંથી પુષ્કળ લૂંટ તેના હાથમાં આવી. જે જે ચીજો તેનાથી લઈ જવાય તેમ હતી નહિ, તે સર્વ તેણે બાળી નાખી અને કિલ્લો તોડી નાખીને સાફ મેદાન કરી દીધું. મહારાજે કિલ્લા પરની ચડાઇના સમાચાર સાંભળ્યા કે તરતજ તેના રક્ષણને માટે તેમણે સોળ હજારની ઘોડેસવાર સેના મોકલી; પરંતુ તેમના ત્યાં પહોંચતા પહેલાં કિલ્લો મોગલોના હાથમાં ગયો હતો. મહારાજના સૈન્યે તેમના પર છાપા મારીને બહુ હેરાન કર્યા. મોગલ સરદાર ઇરાજખાન અને બજાજી નિંબાળકર દિલેરખાનના સૈન્ય માટે અન્નસામગ્રી લઇ જતા હતા તે તેમણે લૂંટી લીધી. સર્વ હકીક્ત મહારાજને મળતાં તેમણે પોતાના તાબાના બીજા કિલ્લેદારોને કહાવી મોકલ્યું કે, "શંભાજી રાજદ્રોહી થઈ મોગલો પાસે નાસી ગયા છે. મોગલોના સૈન્ય સહિત આપણા કિલ્લા પર ચડી આવે તો તેમની શરમ નહિ રાખતાં યુદ્ધ કરવું, કિલ્લો તેમને સોંપવો નહિ."

મહારાજે શંભાજી પાસે વિશ્વાસુ કારકુન મોકલી બોધ કરાવ્યો કે, "તમારી વર્તણુંક યોગ્ય નથી. મેં અથાગ શ્રમ કરીને સ્વરાજ્ય સ્થાપ્યું છે તે તમારે માટે કે કોઇ બીજાને માટે ? યવનો સાથે મળી જઇ આપણું રાજ્ય પુનઃ તેમના તાબામાં સોંપવાની દુર્બુદ્ધિ તમને ક્યાંથી સૂઝી ? તમારા એ વર્તનથી નુકસાન કોને થશે ? તમને કે મને ? મારે માટે હવે કંઇ કર્તવ્ય અવશેષ રહ્યું નથી. એકાદ તીર્થક્ષેત્રમાં જઇ રહેવું કિંવા ગુરુ રામદાસ મહારાજના ચરણ આગળ બેસી પ્રભુભજન કરવું એવી મારી ઇચ્છા છે. આપણું રાજ્ય નષ્ટ થશે તો તેમાં તમનેજ નુકસાન છે. જે થયું તે ખરૂં. મનમાં શંકા

નહિ રાખતાં એકદમ ચાલ્યા આવજો. શત્રુના તાબામાં રહેશો નહિ. તમારા ખાનગી ખર્ચને માટે તાલુકો આપવામાં આવશે. પછી તમારી ઇચ્છામાં આવે ત્યાં રહેજો અને થાય તેટલી વ્યવસ્થા કરજો.” કારકુને એવાં અનેક બોધપ્રદ વાક્યો કહ્યાં, છતાં શંભાજીની બુદ્ધિ ઠેકાણે આવી નહિ.

હંબીરરાવ મોહિતે સરનૌબત મહારાજની આજ્ઞા પ્રમાણે સૈન્ય લઇને વિજાપુરસરકારની સહાયતા માટે જતો હતો, તેને રણમસ્તખાને આઠ નવ હજાર ઘોડેસવાર સહિત રસ્તામાંજ પકડ્યો. બંને પક્ષ વચ્ચે યુદ્ધ થયું તેમાં મોગલ સરદારનો પરાજય થયો અને તેઓ નાસી ગયા. હંબીરરાવ દિલેરખાનની છાવણી નજીક જઇ તેમના પર વખતોવખત છાપા મારવા લાગ્યો. મોગલ લશ્કરને અન્નઘાસ વગેરે મળે નહિ એવી ગોઠવણ કરી. મોગલ લશ્કરને કડાકા થવાથી તેઓ હાથીઘોડા સહિત ટપોટપ મરણ પામવા લાગ્યા. અંતે ખાનને છાવણી ઉપાડવાની ફરજ પડી. તે મરાઠાઓના સપાટામાંથી નાસી છૂટી લશ્કર સહિત ઔરંગાબાદ જઇ પહોંચ્યો. હંબીરરાવ પાસે વધારે લશ્કર નહિ હોવાથી, મોગલ લશ્કર સાથે યુદ્ધ કરવાની હિંમત નહોતી. તેમ છતાં તે વીર પુરુષ–સિંહ ઔરંગાબાદ સુધી મોગલોની પૂંઠે ધસ્યો હતો.

એટલું થવા છતાં દિલેરખાન નરમ પડ્યો નહોતો. વર્ષાઋતુ પૂરી થતાંજ તેણે પોતાનું લશ્કર તૈયાર કર્યું અને વિજાપુરસરકારના પ્રાંતોમાં પ્રવેશ કરી લૂંટફાટ કરવા માંડી. હિંદુ તેમજ મુસલમાન સ્ત્રીઓ તેના પંજામાંથી બચવાને માટે તળાવ વગેરેમાં પડીને પોતાનો પ્રાણત્યાગ કરવા લાગી. કેટલાંયે ગામોનાં ગામ તેણે બાળી નાખીને ઉજ્જડ કર્યાં. એક મોટા ગામમાંથી ત્રણ હજાર હિંદુ રહેવાસીઓને પકડીને તેણે ગુલામ બનાવ્યા. અથની નામનું એક વ્યાપારનું મોટું મથક હતું તે તેણે લૂંટીને બાળી નાખ્યું અને તેમાં પકડાયલા દરેક હિંદુને ગુલામ બનાવ્યા. શંભાજી આ વખતે ખાનની સાથે હતો, તેને આ ભયંકર કૃત્ય મુદ્દલ ગમ્યું નહિ અને તેણે ખાનને વાર્યો પણ તેણે તેનું કહ્યું જરા પણ માન્યું નહિ. ખાનના આ ઘોર કૃત્યથી શંભાજીની આંખ ઊઘડી અને પોતે લીધેલાં પગલાં બદલ તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. હંટી નામક એક મોટું શહેર લૂંટ્યું અને કૃષ્ણા નદીને પેલેપાર જઇ કર્ણાટકમાં લૂંટફાટ ચલાવી. તેણે પોતાના સૈન્યની બે ટુકડી બનાવી બે દિશામાં રવાના કરી. એક ટુકડી ઉપર દિલેરખાન પોતે સેનાપતિ થયો હતો. જનાર્દન પંતને એ લૂંટફાટના સમાચાર મળતાંજ તેણે છ હજાર ઘોડેસવાર સહિત તેના પર હુમલો કર્યો અને તેની સાથે યુદ્ધ કરી તેમનો પરાજય કર્યો. દિલેરખાન અને તેનું લશ્કર મરાઠાઓના મારથી નિર્બળ થઇ નાસી ગયું. જના-

ર્દન પંતે મોગલોની એક ટુકડીને હરાવ્યા પછી બીજી ટુકડી ઉપર ધસી જઈ, તેમને પણ કાપી નાખી અને ખાનનો પરાજય થવાથી તે પણ શરમિંદો થઇ નાસી ગયો. એમ કહેવાય છે કે મહારાજે ફરીથી ભૂપાળગઢ પોતાને હસ્તગત કર્યો હતો અને તેની દુરસ્તી કરાવી તે પર પોતાનું થાણું બેસાડ્યું હતું.

દિલેરખાનની દુર્દશાના સમાચાર જાણી ઔરંગઝેબને ખાન ઉપર અત્યંત ક્રોધ ઉત્પન્ન થયો. ખાનનું કૃત્ય તેમને પસંદ આવ્યું નહિ; પોતાના પ્રાંતનો બંદોબસ્ત રાખવાને બદલે વિજાપુરસરકાર સાથે યુદ્ધ કરવા જવાથી બાદશાહે ખાનને સખ્ત ઠપકો આપ્યો અને આજ્ઞા ફરમાવી કે, "શિવાજી મહારાજના પુત્ર શંભાજી તમારી પાસે આવ્યા છે, તેમને સરદારી આપી આપણા લશ્કરમાં રાખવા ઉચિત નથી. તે મોગલ લશ્કરમાં દ્રોહ ઉત્પન્ન કરી આપણો નાશ કરવા ચૂકશે નહિ; તેમને કેદ કરી દિલ્હી મોકલવા." દિલેરખાનને બાદશાહનો હુકમ યોગ્ય લાગ્યો નહિ. તેણે શંભાજીને પોતાની છાવણીમાંથી નાસી જવાની ભલામણ કરી. શંભાજી ત્યાંથી નીકળી નાઠા અને મહારાજ પન્હાળા ઉપર હતા તેમને જઇ મળ્યા.* આ વખતે મહારાજે પન્હાળા કિલ્લાની ઘણીજ મજબૂતી કરી હતી અને ફ્રેંચ લોકો પાસેથી લીધેલી પચાસ તોપો તેમણે કિલ્લા પર ચઢાવી હતી; કારણકે તેમને એવા સમાચાર મળ્યા હતા કે, આ વખતે શંભાજી અને દિલેરખાન બંને મળીને કિલ્લા પર હલ્લો કરવાના છે.

શંભાજી પાછા આવ્યા પછી મહારાજે તેમને શિખામણ દેતાં કહ્યું કે, "તમે અમને છોડી મોગલોમાં જઇ મળ્યા એ સારૂં કર્યું નહિ. ઔરંગઝેબ સાથે આપણે વૈર હોવાથી દિલેરખાન સાથે પણ આપણને શત્રુતા છે. એવી સ્થિતિ છતાં તેમના તાબામાં જઇ પડવું એ સાહસકર્મ કહેવાય. તેઓ તમારો વિશ્વાસઘાત કરત; પરંતુ જગદંબાની કૃપાથી તમે તેના તાબામાંથી જીવતા મુક્ત થયા. એમાં દિલેરખાનનો અમારા પર ઉપકારજ થયો છે. તમે હિંદુરાજ્યના ઉત્તરાધિકારી છો. ઉચ્ચ કુળમાં જન્મ્યા છો. તમે કંઇ સામાન્ય પુરુષ નથી. મારી કમાણી તમારે માટેજ છે, તેમ છતાં દિલેરખાન જેવા

---

* પ્રો. સરકાર જણાવે છે કે, દિલેરખાનનું ઘાતકીપણું જોઇને શંભાજીને તેના પર કંટાળો આવ્યો; તેથી તેની છાવણીમાંથી રાતોરાત તે વિજાપુર તરફ નાસી ગયો. તેની સાથે તેની સ્ત્રી યેસુબાઈ પણ હતી. તેને પુરુષનો પોષાક પહેરાવેલો હતો. વિજાપુરમાં મસાઉદખાને આદરસત્કાર કરી તેમને આશ્રય આપ્યો; પરંતુ દિલેરખાને મસાઉદખાનને લાંચ આપીને શંભાજીને પકડવાનું તરકટ રચ્યું. એ વાતની બાતમી શંભાજીને મળતાંજ ત્યાંથી રાતોરાત નાસીને, મહારાજ પન્હાળગઢ પર હતા ત્યાં તે આવ્યો.

એક નિર્જીવ સરદારના આશ્રયમાં જઇ પોતાનું અપમાન અને ઘાત વહોરી લેવાં એ તમારા જેવા બુદ્ધિમાન, અભિમાની અને હોશિયાર પુરુષને શોભે નહિ. મારી પાછળ તમે રાજગાદીના માલિક થનાર છો. સર્વ પ્રજાને તમારે પુત્રવત્ જાણવી જોઇએ. તેમની સંપત્તિ જીવન અને આબરૂનું રક્ષણ કરવું એજ તમારૂં પરમ પવિત્ર કર્તવ્ય છે. તેમ છતાં તમે અયોગ્ય કૃત્યો કરી પ્રજાને દુઃખ આપશો તો પછી શી રીતે તેનું પાલન થશે? વેશ્યાગમન કિંવા પરસ્ત્રીગમન એ મનુષ્યના યશનો ક્ષય કરી નાશ કરનાર છે. રાવણાદિ રાજાઓએ પરસ્ત્રીગમન જેવાં દુષ્કર્મ કર્યાથી, તેમનાં રાજ્ય નાશ પામ્યાં અને કુળનો ક્ષય થયો હતો એ તમારે લક્ષમાં લેવું જોઇએ. તમારૂં એ મહાન દુર્લક્ષણ નાશ પામે તેથીજ મેં તમને પુત્રવાત્સલ્યભાવથી થોડી શિક્ષા કરી હતી; તેથી તમને ક્રોધ ઉપજ્યો અને તમે અનિષ્ટ વિચાર કર્યો; પરંતુ તમારા એ કૃત્યને લીધે જગદંબાની કૃપાથી કંઇ અનિષ્ટ પરિણામ આવ્યું નહિ એજ તેની કૃપા સમજું છું. પુનઃ એવાં દુષ્કૃત્યો કરશો નહિ. દુરાચરણ એ મનુષ્યનું અધઃપતન થવાનું મોટામાં મોટું લક્ષણ છે. આપણા ઘરમાં ફાટફૂટ થવાથી શત્રુને આનંદ થાય છે અને આપણો નાશ કરવાની તેમનામાં હિંમત આવે છે. યવનોની તાબેદારીમાંથી છૂટવાનો મેં દીર્ઘ પરિશ્રમ કરીને સ્વાતંત્ર્ય અને સ્વરાજ્ય સંપાદન કર્યું, છતાં તેની દરકાર નહિ કરતાં પુનઃ યવનોના આશ્રયમાં જવાની તમને દુર્બુદ્ધિ સૂઝે એ હું તમારૂં મોટું દુર્ભાગ્યજ સમજું છું. તમને રાજ્યાધિકાર ભોગવવાની ઇચ્છા હોય તો હું રાજ્યના બે વિભાગ પાડી તુંગભદ્રાથી કાવેરી પર્યંતનો પ્રદેશ તમને અને નર્મદા નદીથી તુંગભદ્રા સુધીનો પ્રદેશ રાજારામને સોંપવા તૈયાર છું. હું કોઇ પુણ્યક્ષેત્રમાં જઇશ કિંવા રામદાસસ્વામીના ચરણાશ્રયમાં જઈ અવશેષ જીવન પરમેશ્વરની ભક્તિમાં પૂરૂં કરીશ; પરંતુ એ વ્યવસ્થા કરતા સુધી તમને પન્હાળામાં નજરકેદ રાખવા પડશે; કારણકે તમારા પર હવે મને વિશ્વાસ ઉત્પન્ન થતો નથી. રાયગઢ જઇ રાજારામનાં લગ્ન કરી આવીશ, ત્યાર પછી યોગ્ય જણાશે તે પ્રમાણે વ્યવસ્થા કરીશ." મહારાજે શંભાજીને બોધવચનો કહી તેમને પન્હાળા ઉપર નજરકેદ રાખ્યા અને ખર્ચ માટે તે પ્રાંતનો ત્રણ લાખ રૂપિયાની ઊપજનો તાલુકો તમને નામે ચઢાવી આપ્યો. તેમના કારભારી તરીકે વિઠ્ઠલ ત્રિંબક દેશપાંડેને* ખાસનીસનો હોદ્દો આપ્યો. તેમની પાસે બંદોબસ્ત રાખવા માટે સોમાજી નાયક બંકી, બાત્રાજી નાયક સમશેરબહાદુર અને બાવાજી ઢમઢેરે નામક ત્રણ પરમ વિશ્વાસુ સરદારો નીમવામાં આવ્યા. તેઓને મહારાજે હુકમ કર્યો હતો કે, "શંભાજીને નિત્ય સારી શિખામણ આપી સારે માર્ગે

---

* એ ઇતિહાસપ્રસિદ્ધ મુરારબાજી દેશપાંડેનો જ્યેષ્ઠ પુત્ર હતો.

ચઢાવવાનો યત્ન કરવો. તેમની સાથે હોશિયારીથી વર્તવું. મારી આજ્ઞા સિવાય તેમને ગઢ ઉપરથી નીચે ઉતરવા દેવા નહિ. કિલ્લાનો સર્વ બંદોબસ્ત ત્યાંના હવાલદારના તાબામાં રાખવો. તેમાં શંભાજીએ અડચણ કરવી નહિ." શંભાજીના ખર્ચ માટે નક્કી કરવામાં આવેલા પ્રાંતની વ્યવસ્થા જનાર્દન નારાયણ સુમંતને સોંપી તેને પણ શંભાજી મહારાજ ઉપર દેખરેખ રાખવાનું કહ્યું.

મોગલ સૈન્યની પાયમાલી થવાથી તેને પાછું જવું પડયું હતું અને વિજાપુરસરકાર તેના ત્રાસમાંથી મુક્ત થઇ હતી, એ ઉપર લખવામાં આવ્યું છે. શિવાજી મહારાજની સહાયતા વડે તેમના સંકટનું નિવારણ થયું હતું, એમ જાણી વિજાપુરસરકાર તરફથી મહારાજને એક પત્ર મોકલવામાં આવ્યો હતો. પત્રમાં લખ્યું હતું કે, "તમે અમને યોગ્ય પ્રસંગે સારી મદદ કરી શત્રુના તાબામાંથી મુક્ત કર્યા એ તમારી કુલીનતા અને ઉદારતા છે. તમે શાહજીરાજાના પુત્ર છો. તેમના ઋણમાંથી તમે આજ મુક્ત થયા છો. અમારી સરકાર સાથે તમે વિરોધ કર્યાથી આટલા દિવસ તમારી સાથે વૈર ચાલતું હતું. તમારા વર્તનને લીધેજ શાહજીરાજાને અમારી સરકારે ઘણોજ ત્રાસ આપ્યો હતો; તેમ છતાં અમારી સરકારના અપકાર તરફ લક્ષ નહિ આપતાં અમારી વિનંતીને માન આપી અમને યોગ્ય પ્રસંગે સહાયતા આપવાથી સર્વત્ર આપની કીર્તિ પ્રસરી રહી છે." વિજાપુરસરકારે મહારાજને વકીલ સાથે પત્ર અને પોષાક, ઝવેરાત, હાથી, ઘોડા વગેરે નજરાણું મોકલ્યું હતું. મહારાજે પત્રના ઉત્તરમાં લખી જણાવ્યું કે, "મેં આપની બાદશાહીના ઘણા પ્રાંત કબજે કરવા છતાં મારા તીર્થસ્વરૂપ પિતાજી મારા કાર્યમાં સહાયભૂત નહિ હોવાની આપની ખાતરી થયા પછી, તેમને અર્પણ કરેલી જાગીર અદ્યાપિ પર્યંત આપે કાયમ રાખીને તેમનું અને તેમની પાછળ તેમના દ્વિતીય પુત્રનું સન્માન કર્યું છે, તેથી અમારા કુટુંબ ઉપર આપનો મોટો ઉપકારજ થયો છે. આજ પર્યંત આપનાજ આશ્રયથી મારી ઉન્નતિ થઇ છે. મારી સંપત્તિ અને લશ્કર આપના ઉપયોગમાં આવશે તો મારા જીવનને ધન્ય માનીશ. આપની સરકારનું લશ્કરી બળ વિશેષ હોવાથી, આપને વિજય પ્રાપ્ત થયો છે. મેં બનતી મદદ કરી છે. ભવિષ્યમાં સંકટસમયે સહાયતાની જરૂર જણાતાં અવશ્ય લખશો, મનમાં જુદાઇ રાખશો નહિ." વકીલને ઉત્તરપત્ર આપ્યા પછી આદિલશાહને યથોચિત નજરાણું મોકલ્યું તથા તેને તહનામાની શરતોની યાદી આપી. યાદીમાં લખ્યું હતું કેઃ—(૧) કોપલ અને બેલવાડી (બિલારી)ની આસપાસનો પ્રાંત અમારે સ્વાધીન કરવો. (૨) દ્રવિડ દેશમાં અમે કબજે કરેલા પ્રાંત પર આદિલશાહે પોતાનો હક્ક રાખવો નહિ. (૩) શાહજીરાજાની જાગીરને નુકસાન કરે એવા

તંજાવર વગેરે પ્રાંત ઉપર આદિલશાહે કોઈ પ્રકારની સત્તા રાખવી નહિ. તેના ઉપર અમારી સંપૂર્ણ સત્તા કબૂલ કરવી અને (૪) પ્રસંગોપાત એકબીજાને પરસ્પર સહાયતા આપવી. મસાઉદખાને તહનામાની શરતો કબૂલ કરી. તહનામું મંજૂર થયા પછી મહારાજ મસાઉદખાનની મુલાકાત લેવા વિજાપુર તરફ ગયા. તેઓ વચ્ચે બીજી પણ કેટલીક ગુપ્ત સલાહમસલત ચાલી હતી. આ વખતે મહારાજના મનમાં એવું આવ્યું કે, વિજાપુર શહેરમાં જઇ આદિલશાહની મુલાકાત લેવી. મસાઉદખાને પણ આ વાતને અનુમોદન આપી પાંચસો માણસો સાથે મુલાકાત માટે આવવા મહારાજાને સંદેશો કહાવ્યો; પરંતુ મોરોપંત પિંગળેએ આવું સાહસ કરવાની મહારાજને ના પાડી તેથી મહારાજે એ વિચાર માંડી વાળ્યો.

કર્ણાટકના અને દ્રવિડ દેશના પ્રાંત ઉપર વિજાપુરસરકારે શિવાજીમહારાજનું પ્રભુત્વ કબૂલ કર્યાના સમાચાર જાણ્યાથી, વ્યંકોજીરાજાને અતિશય વિષાદ થયો અને તેમને પોતાનું સ્વાતંત્ર્ય તદ્દન નષ્ટ થયા જેવું જણાયું. મહારાજે રઘુનાથ પંત દ્વારા તેમના ઉપર દાબ બેસાડી પ્રથમથીજ તેમની જાગીરની ઘણીખરી વ્યવસ્થા પોતાના તાબામાં લીધી હતી. તેમાં વળી વિજાપુરસરકારે તહનામું કરી, તેમની જાગીર ઉપરનો હક ઉઠાવી લીધો હોવાથી, ભવિષ્યમાં તે સરકાર પાસેથી મદદ મેળવી પોતાના બંધુના દાબમાંથી મુક્ત થવાની વ્યંકોજીને આશા હતી તે પણ હવે નિર્મૂળ થઈ. વ્યંકોજીરાજાએ અત્યંત ઉદાસીનભાવ ધારણ કર્યો. પોતાનાં નિત્યવ્યવહારનાં કાર્યોપ્રત્યે દુર્લક્ષ કરી વિરક્ત પુરુષ પેઠે વિચરવા લાગ્યા. રઘુનાથ પંતે તેમની ઉદાસીનવૃત્તિ સંબંધી મહારાજને પત્ર દ્વારા જણાવ્યું ત્યારે મહારાજે વ્યંકોજીને પત્ર લખ્યો કે, “ઘણા દિવસથી તમારા તરફથી પત્ર નહિ આવવાથી તમારા તરફના સમાચાર જાણી શકાતા નથી અને અંતઃકરણમાં ચિંતા થાય છે. રઘુનાથ પંતે લખ્યું છે કે, તમે ઉદાસ અને ખિન્ન રહો છો. શરીરની બરદાસ્ત રાખતા નથી. તમને જિંદગી પર કંટાળો આવ્યો છે. કોઇ તહેવાર કિંવા ઉત્સવ ઊજવતા નથી. સૈન્ય સ્વસ્થ બેસી રહ્યું છે. દરબારના કામકાજમાં લક્ષ પરોવતાં નથી. તમે સંપૂર્ણ સાધુ બની કોઇક પવિત્ર સ્થાનમાં બેસી કાળ નિર્ગમન કરો છો. તમારા સંબંધી એવી ઘણી બાબત પંતે લખી છે, એ વાંચી અમને ઘણી દિલગીરી થાય છે. આપણા પિતાશ્રીનું ઉદાહરણ તમારી દષ્ટિ સમક્ષ હોવા છતાં, તમારી એવી વૃત્તિ થાય એ મને નવાઇભરેલું લાગે છે. સંકટપ્રસંગે પિતા કેવી રીતે વર્તતા હતા, સંકટપ્રસંગનું નિવારણ તેમણે કેવી હોશિયારીથી, ધૈર્યથી અને દઢનિશ્ચયથી કર્યું હતું તથા અતિશય કીર્તિ અને માન સંપાદન કરી મરણ પર્યંત તે કેવી રીતે જાળવી રાખ્યું તેનો વિચાર

કરો. તમારી નજર સામેજ તેમનું ઉજ્જ્વળ ચરિત્ર રચાયું છે. પિતાનો તમને નિત્ય સમાગમ હતો. તેમની હોશિયારી અને વ્યવહારકુશળતાનું તમે નિત્ય નિરીક્ષણ કર્યું હોવાથી, તમને અત્યંત લાભ થવો જોઇએ. મેં અનુકૂળ સ્થિતિ પ્રમાણે સ્વરક્ષણ કરી કેવી રીતે સ્વરાજ્ય સંપાદન કર્યું છે, તે તમને વિદિતજ છે. તમને હાલમાં અનુકૂળ સંધિ મળવા છતાં સાંસારિક વ્યવહારનો ત્યાગ કરી, સાધુ થવું એ ઉચિત છે કે ? તમારો કારભાર અન્યના તાબામાં આપો અને તે તમારૂં સંસ્થાન પચાવી પડે એ યોગ્ય જણાય છે કે ? તમારી સંપત્તિનો નાશ થવા દઇ તમારૂંજ નુકસાન કરવું એ યોગ્ય જણાતું નથી. એમાં તમારૂં ડહાપણ શું ? એનું અંતિમ પરિણામ શું આવશે ? હું તમારો વડીલબંધુ તમારૂં સંરક્ષણ કરવા સર્વદા તત્પર છું. મારી કિંચિત્ પણ ભીતિ રાખવાનું કારણ નથી. ઉદાસીનવૃત્તિનો ત્યાગ કરો. વિરક્ત થશો નહિ. સાધુભાવ દૂર કરો. સુખપૂર્વક કાળનિર્ગમન કરો: વ્રત, ઉદ્યાપન, તહેવાર, ઉત્સવ અને અન્ય વ્યવહારનું પાલન કરો. તમારા જીવને સુખ થાય તેવાં કાર્યો કરો. તમારા તાબાના સૈન્યને નિરર્થક બેસી રહેવા દેશો નહિ. લશ્કરની સુવ્યવસ્થા રાખો. મહત્ત્વનાં રાજદ્વારી કાર્યો પ્રત્યે લક્ષ રાખો. તાબાના નોકરો પાસેથી બરોબર કામ લો. તેમને કામ સોંપી તે કામ બરોબર થાય છે કે નહિ તેનું દક્ષતાપૂર્વક અવલોકન કરો. યોગ્ય રીતે વર્તી કીર્તિ સંપાદન કરો. તમે મારા કનિષ્ઠબંધુ છો. તમારી કીર્તિ અને ઉત્કર્ષ સાંભળી મને વિશેષ સંતોષ થશે. તમારી પાસે રઘુનાથ પંડિત છે, તે પારકા મનુષ્ય નથી. તેઓ આપણા આપ્તજ છે. તેમની સલાહથી પ્રસંગોપાત ઉચિત જણાતાં કાર્યો નક્કી કરતા જાઓ. તે તમને મારા જેટલુંજ સન્માન આપી વર્તશે. મને તેમના પર સંપૂર્ણ વિશ્વાસ છે. તેજ પ્રમાણે તમે પણ તેમના પર સંપૂર્ણ વિશ્વાસ રાખજો. તેમનો ત્યાગ કરશો નહિ. તમને પરસ્પર એકબીજાના પૂર્ણ આશ્રયની જરૂર છે. તેમ થવાથીજ તમારી ખ્યાતિ થશે. વધારામાં કહેવાનું એજ છે કે, આળસ કરશો નહિ. અનુકૂળ સંધિ પ્રાપ્ત થતાં તેને વ્યર્થ જવા દેવી નહિ. તમારા લશ્કર પાસેથી કંઇક કામ લેતા જાઓ. પરાક્રમ કરવા જેવું તમારૂં વય છે. વૃદ્ધાવસ્થામાં સાધુ થવું જોઇએ. ચાલો ઊઠો, ઉદાસીનતા કાઢી નાખો, આળસનો ત્યાગ કરો અને કંઇક પરાક્રમ કરી બતાવો. તમે સુજ્ઞ છો. તમને વિશેષ શું લખવું ?"

મહારાજે વ્યંકોજીરાજાને એ છેલ્લોજ પત્ર લખેલો હોવો જોઇએ. ત્યાર પછીથી તેમની પ્રકૃતિ બગડતી ગઇ અને તેમાંજ તેમનું અવસાન થયું હતું.

प्रकरण २८मुं–अंग्रेज अने सीदी

મહારાજે ઇ. સ. ૧૬૬૧માં રાજાપુર શહેર લૂંટયું. ઈ. સ. ૧૬૬૪માં સુરત શહેર પ્રથમ લૂંટયું. ઇ. સ. ૧૬૬૫માં કારવાર શહેર ઉપર હુમલો કરી ત્યાં ખંડણી બેસાડી. ઇ. સ. ૧૬૭૦માં સુરત શહેર પુનઃ લૂંટયું અને ઇ. સ. ૧૬૭૩ માં હુબલી શહેર લૂંટયું. એ સર્વ સ્થળે અંગ્રેજોની વખારો હોવાથી તેમને તે પ્રસંગે ઘણું નુકસાન સહન કરવું પડયું હતું. એ પાછળ લખવામાં આવ્યું છે. રાજાપુર શહેર શિવાજી મહારાજના તાબામાં આવ્યા પછી અંગ્રેજોએ ત્યાંથી પોતાની વખારો બંધ કરી હતી. ઇ. સ. ૧૬૬૮ માં સુરતના અંગ્રેજ વ્યાપારીઓએ મુંબઈ બેટમાં * વખાર ઉઘાડી ત્યાં પોતાનું કાયમનું થાણું સ્થાપ્યું અને આસપાસના પ્રદેશમાં વ્યાપાર શરૂ કર્યો હતો.

એ બેટને લગતા સાષ્ટિ પ્રાંતમાં ફિરંગી (પોર્ટુગીઝ) લોકોની સત્તા હતી. મુંબઈ બેટમાંથી તેમની સત્તા બંધ પડવાથી તેમને ઘણો ખેદ થયો. તેઓ અંગ્રેજ વ્યાપારીઓ ઉપર દ્વેષ કરવા લાગ્યા. તેઓ તેમને પોતાના તાબાના કોઇ પણ પ્રાંતમાં કોઈ પણ પ્રકારનો વ્યાપાર કરવા દેતા નહોતા. મુંબઇના અંગ્રેજોને સાષ્ટિ પ્રાંતમાંથી કિંચિત્ પણ અનાજ પૂરૂં પાડવામાં આવતું નહિ હોવાથી, તેઓને અન્ય પ્રાંતોમાંથી અનાજ વગેરે લાવવું પડતું. સાષ્ટિ પ્રાંત સિવાય મુંબઇની આસપાસના ઇતર પ્રાંતો ઉપર શિવાજી મહારાજની સત્તા હોવાથી તેમની સાથે સલાહસંપ રાખવાની અંગ્રેજોને અગત્ય જણાતી હતી. મહારાજને તેમના પર વક્રદૃષ્ટિ રાખવાનું કારણ નહોતું. તેઓ તેમને કુશળ વ્યાપારી અને હોશિયાર દરિયાવર્દી તરીકે જાણતા હતા. તેમના વ્યાપારમાંજ પોતાના પ્રાંતનું હિત સમજતા હતા. વળી સીદી સાથે મહારાજને વારંવાર યુદ્ધ કરવું પડતું હોવાથી તેમની પાસેથી લસ્કરી વહાણો વગેરેની મદદ મળવાની મહારાજને આશા

---

* પોર્ટુગલના રાજાની પુત્રી સાથે લગ્ન કરતી વખતે એ બેટ ઈંગ્લેંડના દ્વિતીય ચાર્લ્સ રાજાને પહેરામણીમાં મળ્યો હતો. ચાર્લ્સ રાજાએ પ્રતિવર્ષે દસ પાઉંડ લેવાની શરતે તે બેટ ઇસ્ટ ઇંડિયા કંપનીને આપ્યો હતો.

હતી. તેમનાં વહાણો મજબૂત અને મોટાં હતાં. તેમના તરફથી વહાણો મળવાની તથા બંદૂકો, તોપો અને દારૂગોળો મળવાની મહારાજને આશા હતી. મોગલોની સહાયતા વડે સીદી અંગ્રેજોના બંદરમાં પ્રવેશ કરી પોતાના કુર્લા વગેરે પ્રાંતમાં ઉપદ્રવ કરવાની તેમને હમેશાં બીક હતી; તેથી અંગ્રેજોને પોતાના સ્નેહી બનાવી એ બીકનું નિવારણ કરવાની મહારાજની ધારણા હતી. સત્ય કહીએ તો અંગ્રેજોને એ બેટમાંથી હાંકી કાઢી ત્યાં પોતાનાં થાણાં બેસાડવાનું મહારાજને કઠિન જણાતું નહોતું; પરંતુ પરદેશના વ્યાપારીઓને વિનાકારણે ત્રાસ આપવો અને પોતાના પ્રાંતમાં ચાલતો તેમનો વ્યાપાર બંધ પાડવો, એ મહારાજને યોગ્ય જણાતું નહોતું. સઘળા પશ્ચિમ કિનારા તરફ પોતાની સત્તા સ્થાપવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો; પરંતુ તે સિદ્ધ કરવા માટે પોતાની પાસે સુદૃઢ લશ્કરી વહાણ તૈયાર હોવાં જોઇએ એવું જણાતું હતું અને તે તૈયાર કરવાના કામમાં જેમના તરફથી સહાયતા મળવાનો સંભવ હતો, તેમને બનતે પ્રયત્ને ત્રાસ નહિ આપવાનો મહારાજ પ્રયત્ન કરતા હતા. એ કારણથીજ તેઓ ફ્રેંચ, ડચ વગેરે પરદેશી વ્યાપારીઓ સાથે મિત્રભાવથી વર્તતા હતા. પોર્તુગીઝ લોકો સાથે પ્રથમ બંધુત્વ હતું, પરંતુ તેમનામાં ધર્મઘેલાપણું વિશેષ વધવાથી તેઓ હિંદુ પ્રજાને છળવા લાગ્યા. તેમની એ વૃત્તિ યોગ્ય નહિ જણાયાથી મહારાજે છેવટે તેમની સાથે વૈર કર્યું. તેમ છતાં પણ તેઓ તહનામાની શરત પ્રમાણે પ્રતિવર્ષે બંદૂકો, તોપો અને દારૂગોળો પૂરો પાડતા; તેથી મહારાજ થોડો વખત સ્વસ્થ રહ્યા. તેઓ બીજાં થોડાં વર્ષ જીવ્યા હોત તો આ દેશમાંથી પોર્તુગીઝ લોકોનું જડમૂળ ઉખેડી નાખત.

અંગ્રેજ વેપારીઓ સુરતના મોગલોના આશ્રયમાં રહ્યા, ત્યારે તેમના તરફથી વિશેષ સહાયતા મળવાની મહારાજને આશા રહી નહિ; તેથી તેઓએ વારંવાર તેમની વખારો લૂંટવા માંડી; પરંતુ અંગ્રેજ વેપારીઓ જ્યારથી મુંબઇ આવી નિવાસ કરવા લાગ્યા ત્યારથી તેઓ મહારાજ સાથે ઘણા નિકટ સંબંધમાં જોડાયા. અંગ્રેજ વ્યાપારીઓને મુંબઇ બેટ મળ્યા પછી ચાર વર્ષે એટલે ઇ૦ સ૦ ૧૬૭૨માં ત્યાંની વખારો ઉપર આંગિયર નામક એક ઠરેલ અને બુદ્ધિમાન ગવર્નર આવ્યો. તેણે શિવાજી મહારાજ સાથે સ્થાયી મૈત્રી બાંધવાનો વિચાર કર્યો અને તે તેવાજ યત્ન કરવા લાગ્યો. સીદીએ પણ અંગ્રેજોને પોતાના પક્ષમાં લઇ તેમના તાબાના મુંબઇ બંદરમાં પોતાનાં વહાણો લઇ જવાનો અને ત્યાંથી શિવાજી મહારાજના કુર્લા વગેરે પ્રાંતમાં ઉપદ્રવ કરવાનો વિચાર કર્યો હતો. સીદી મોગલોનો ખંડિયો બનવાથી તે સરકારનાં વહાણો તેની સત્તામાં આવ્યાં હતાં અને તેમના વગવસીલાથી મુંબઇ બંદરમાં પ્રવેશ કરવાનો તે લાગ જોતો

હતો; પરંતુ આંગિયર તેને તેમ કરવા દેતો નહિ. સુરતનો મોગલ સૂબેદાર તેમને વારંવાર સંદેશા કહાવતો કે, “સીદીને તમારા બંદરમાં પ્રવેશ કરવા દેજો.” પરંતુ શિવાજી મહારાજની બીકે આંગિયર તેની માગણી કબૂલ કરતો નહિ. મહારાજને ગવર્નર સાહેબનું મધ્યસ્થપણું પસંદ પડ્યું હોવાથી તેમના સંબંધી મહારાજનો અભિપ્રાય ઘણો સારો બંધાયો હતો.

મહારાજના લશ્કરે ફિરંગીઓ (પોર્તુગીઝ લોકો)ના વસઇ પ્રાંત નજીક કિલ્લા બાંધવાનું શરૂ કર્યું. તે વખતે તેઓ દ્વારા પોતાને પણ કદાચિત ઉપદ્રવ થવાની બીક લાગવાથી આંગિયર સાહેબે ઉસ્કિટ સાહેબને મહારાજ સાથે તહનામું કરવા માટે તેમના તરફ મોકલ્યો; પરંતુ તેણે રાજાપુર અને હુબલીમાં થયેલું બત્રીસ હજાર હોનનું નુકસાન ભરી લેવાની કલમ તહમાં લખેલી હોવાથી મહારાજે તે સમયે અંગ્રેજો સાથે તહનામું કર્યું નહિ. આંગિયરે પુનઃ બીજે વર્ષે નિકલ્સ નામક વકીલને શંભાજી મારફત તહનામું કરવા મહારાજ પાસે મોકલ્યો હતો.

આ સમયે પણ ઉભય પક્ષની શરતો નક્કી થઇ નહિ. મહારાજ કહેતા હતા કે, “રાજાપુરમાં તમને જે નુકસાન થયું હોય તે ભરી આપવા અમે તૈયાર છીએ; પરંતુ હુબલીમાં તમે કહો છો તેટલું તમને અમારાથી નુકસાન થયું નથી.” એ સંબંધી તેમને ખાતરી કરી આપવા માટે મહારાજે હુબલીમાં કરેલી લૂંટની યાદીઓ પણ તેમને બતાવી હતી. એ સંબંધી પાછળ લખવામાં આવ્યું છે; અર્થાત્ ઉભય પક્ષ વચ્ચે વાંધો પડ્યો હતો. તેમજ મહારાજ અંગ્રેજો પાસે તોપોની માગણી કરતા હતા, તે તેઓ મોગલ અને સીદીની બીકે આપવા રાજી નહોતા.

કેટલાક દિવસ પછી અંગ્રેજોની પરવાનગીની દરકાર નહિ કરતાં સીદીએ મુંબઇ બંદરમાં પોતાનાં વહાણો લઇ જઈ મહારાજના પ્રાંતમાં તોફાન મચાવ્યું. આંગિયરને તે યોગ્ય લાગ્યું નહિ, તેથી તેમણે તેને મનાઇ કરી અને તેનાં વહાણો કાઢી મૂકયાં. એ સમાચાર મળતાંજ મહારાજ અંગ્રેજો ઉપર ઘણા ખુશી થયા અને તેમને કહાવી મોકલ્યું કે, “આપણી વચ્ચેનો વાંધો કાઢી નાખી તમારા વકીલને તહ કરવા મોકલો.” પરંતુ એ સમયે સુરતના મોગલ સૂબેદાર પાસેથી વારંવાર તેમને પત્રો મળવા લાગ્યા કે, “આવતા ચોમાસામાં સીદીનાં વહાણ તમારા બંદરમાં રહેવા દેવાં.” એથી અંગ્રેજ ગવર્નર ગૂંચવણમાં પડ્યા. મોગલોને દુભવવાથી સુરતમાંથી અંગ્રેજ વખારો ઉઠાવી લેવાની તેમને બીક લાગે એ સ્વાભાવિકજ હતું. મહારાજે એ પત્રવ્યવહાર સંબંધી જાણ્યું ત્યારે તેમણે અંગ્રેજોને ધમકીભરેલો સંદેશો કહાવ્યો કે, “તમે મોગલ સૂબેદારની [illegible]

માની સીદીને તમારા બંદરમાં આવવા દેશો, તો તમારા બેટ ઉપર હુમલો કરવા આવતા ડચ લોકોનાં વહાણના સરદાર અમારી સહાયતા માગે છે, તેમને દસ હજાર સિપાઇઓ સહિત સહાયતા આપી અમે તમારો બેટ સર કરીશું." સીદીએ તો પોતાનાં વહાણ મુંબઇ-બંદર નજીક લાવી ગોઠવ્યાં હતાં. આંગિયરે તેને ત્યાંથી ચાલ્યા જવાનું કહ્યું. સીદીએ તેમનું કહ્યું માન્યું નહિ. તેણે પોતાનાં વહાણોમાંના કેટલાંક પડાઉ ખાડીમાં હંકાર્યાં અને સિવના ઉત્તર કિનારા ઉપર પોતાનું પુષ્કળ લશ્કર ઉતાર્યું. સિપાઇઓએ ત્યાંના રહેવાસીઓને હાંકી કાઢી ચોમાસામાં પોતાની છાવણી ત્યાંજ રાખવાની ગોઠવણ કરી; પરંતુ અંગ્રેજ સિપાઇઓએ તેમને ત્યાંથી હાંકી કાઢ્યા. ત્યાર પછી સીદીના પાંચસો હથિયારબંધ સિપાઇઓ પડાવમાં બેસી પુનઃ મજગામ નજીકના કિનારા પર ઊતરવા લાગ્યાથી, અંગ્રેજોએ તેમના પર તોપોનો મારો શરૂ કર્યો, તેથી સીદીના લશ્કરને ત્યાંથી નાસી જવું પડ્યું. એ સમયે ડચ લોકોનાં વહાણો ઉત્તર તરફ આવતાં હતાં તે વેંગુર્લાથી છૂટાં પડી થોડાં સુરત તરફ, થોડાં ઇરાન તરફ અને બાકીનાં ખાલી વહાણ સિંહલદ્વીપ તરફ વળ્યાં. મુંબઇના અંગ્રેજોને એ સમાચાર મળતાંજ તેમને ધૈર્ય આવ્યું અને શિવાજી મહારાજની ધમકી તેમને તદ્દન નિરર્થક જણાઇ. સીદીના લશ્કરે બે વખત જમીન ઉપર ઊતરવા કરેલો પ્રયત્ન નિષ્ફળ ગયો હતો; છતાં સીદી મુંબઇ બંદર પાસેથી પોતાનાં વહાણ કેમે કર્યો પાછાં ફેરવતો નહોતો. તેણે ઘણુંજ તોફાન મચાવ્યું, ત્યારે અંગ્રેજોએ તેની સાથે એવી શરત કરી કે, તેમણે ત્રણસોથી વધારે સિપાઇઓ બંદરમાં લાવવા નહિ, તેઓ પર અંગ્રેજોનો પહેરો હોવો જોઇએ, શિવાજી મહારાજના પ્રાંતમાં ઉપદ્રવ મચાવશે તેઓને અંગ્રેજો એકદમ હાંકી કાઢશે અને પુનઃ બંદરમાં આવવા દેશે નહિ.

મહારાજનો વકીલ તહની શરતો નક્કી કરવા મુંબઇ આવ્યો હતો. તેણે ઉપલી હકીકત મહારાજને લખી જણાવી. અંગ્રેજોના એ વર્તનથી મહારાજને સંતોષ થયો. તેમણે અંગ્રેજોને પોતાનો વકીલ રાયગઢ પર મોકલી તહનામાની શરતો નક્કી કરવાનું લખ્યું. મિ. આંગિયરે પોતાના વકીલને થોડા લશ્કર સહિત રાયગઢ મોકલ્યો. અંગ્રેજોનો વકીલ રાયગઢ નજીક ગયો, ત્યારે તેને કિલ્લામાં પ્રવેશ કરવાની મનાઇ કરવામાં આવી; કારણકે મહારાજ તે સમયે કિલ્લામાં નહોતા. તેઓ રાજ્યાભિષેક કરવાની ગડબડમાં હોવાથી દેવીનાં દર્શન કરવા પ્રતાપગઢ ઉપર ગયા હતા.* મહારાજના અધિકારીઓએ અંગ્રેજી વકીલને મહારાજ રાયગઢ ઉપર આવ્યા પછી તેમની પરવાનગીથી

---

*ડૉકટર ફ્રિયર પોતાના પ્રવાસવૃત્તાંતમાં લખે છે કે, મહારાજે એ સમયે દેવીને સવા મણ સોનાની ભેટ કરી હતી.

કિલ્લામાં પ્રવેશ કરવા દેવાનું કહાવ્યાથી તેણે કિલ્લાની તળેટીમાં પાંચડા નામના ગામમાં પોતાનો તંબૂ ઠોકાવી નિવાસ કર્યો હતો. અંગ્રેજી વકીલે નારાયણજી× પંડિતને પોતાના આવવાનું પ્રયોજન જણાવ્યાથી તે તેમને મળવા ગયો. વકીલે તેને આંગિયરનો પત્ર વંચાવ્યો અને મહારાજ તથા ઇતર કારભારીઓ માટે ગવર્નર સાહેબે મોકલેલું નજરાણું બતાવ્યું. એ જોઇ પંડિત ખુશી થયો. મહારાજ પ્રતાપગઢથી આવતાંજ તેણે તેની મુલાકાત કરાવી આપવાનું વચન આપ્યું. વકીલે પંડિતને તહનામાની શરતો વંચાવી અને તેમનો અભિપ્રાય પૂછ્યો. એ તહનામામાં મહારાજે સીદી સાથે તહનામું કરવા સંબંધી એક કલમ લખી હતી તે વાંચી નારાયણજી પંડિતે કહ્યું કે, "આ કલમ તમે તદ્દન કાઢી નાખો. મહારાજ એ કલમ કબૂલ કરશે નહિ. સીદીને પાયમાલ કરી તેનો જંજીરા કબજે કરવાનો મહારાજનો વિચાર આજકાલનો નથી. ઇ૦ સ૦ ૧૬૪૮થી તેઓ સીદીની પાછળ પડ્યા છે. તેમાં મહારાજને પુષ્કળ નુકસાન સહન કરવું પડ્યું છે. તેને પાયમાલ કર્યા સિવાય અમારો કોંકણ કિનારો સુરક્ષિત થશે નહિ; મહારાજે ગમે તે યત્ને પણ તેનો નાશ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો છે, મનુષ્યોની અને પૈસાની ગમે તેટલી ખરાબી થશે તોપણ મહારાજ પાછા હઠવાના નથી. હાલમાં જંજીરાને અમે ઘેરો ઘાલ્યો છે અને તે સર થવાનો સંભવ છે પ્રતિ દિવસ અમે તોપો, દારૂગોળા, લશ્કર અને પૈસા મોકલીએ છીએ. મહારાજને તમારી એ શરત રુચશે નહિ, તેથી એ કલમ કાઢી નાખશો તો સારૂં થશે." પંડિતની ભલામણથી અંગ્રેજી વકીલે તે કલમ કાઢી નાખ્યા પછી કહ્યું કે, "ચોતરફના વેપારીઓને પોતાના રાજ્યમાંથી જવાઆવવાનો માર્ગ મહારાજે મોકળો રાખવો. બાલેઘાટનો રસ્તો બંધ છે તે ખુલ્લો મૂકવો. એમ થવાથી વ્યાપારીઓને પોતાનો માલ બંદર પર લઇ જવાની સગવડ થશે અને મહારાજની પ્રજાને તથા અમને પુષ્કળ લાભ થશે. મહારાજની જિંદગી સિપાઇગીરીમાં વ્યતીત થયેલી હોવાથી એ વાત તેમના લક્ષમાં આવી નથી, તમે તેમને એ સંબંધી સ્પષ્ટ રીતે સમજાવશો." નારાયણજીએ કહ્યું; "એ વ્યવસ્થા સત્વર કરવામાં આવશે; કારણકે મહારાજ સાથે વૈર રાખી લાગલાગટ યુદ્ધ કરવાથી વિજાપુરસરકારને ત્રાસ ઉપજ્યો છે અને હવે યુદ્ધ કરવાની તેનામાં શક્તિ પણ રહી નથી. તે સરકાર મહારાજ સાથે તહનામું કરી સલાહ કરવાના વિચારમાં છે. એ ઉદ્દેશથી તેમણે અનેક વખત વકીલ પણ મોકલ્યો હતો. બે-ત્રણ મહિનામાં તહનામું થઇ સર્વત્ર શાંતિ પ્રસરશે, વ્યાપારીઓ માટે સઘળા માર્ગ ખુલ્લા થશે અને તેઓને પોતાનો માલ ઇચ્છા-

---

× એ નામ ડો. ક્રિયરે જણાવ્યું છે.

નુસાર સુરક્ષિતપણે લઇ જવાની સગવડ થશે. મહારાજ રાજસિંહાસન પર અભિષિક્ત થયા પછી રાજપદને યોગ્ય એવું પ્રજાપાલન કરવામાં પોતાનું લક્ષ પરોવશે અને દક્ષતાપૂર્વક પોતાના રાજ્યનો વેપાર વધારવાના પ્રત્યેક પ્રયત્ન કરશે. અત્યાર સુધી તેમને વિજાપુર-સરકાર સાથે અને મોગલો સાથે યુદ્ધ કરવું પડવાથી એ વાત તરફ લક્ષ આપવાની યોગ્ય તક મળી નથી." અંગ્રેજ વકીલ અને નારાયણજી પંડિત વચ્ચે આ પ્રમાણે સંવાદ ચાલ્યા પછી વકીલે તેને એક હીરાની વીંટી આપી તેમજ તેના જ્યેષ્ઠ પુત્રને પણ ઇનામ આપ્યું અને મહારાજ સાથે સત્વર મુલાકાત કરાવી આપવા માટે તેને વિનતી કરી.

મહારાજ પ્રતાપગઢથી આવ્યા પછી અંગ્રેજ વકીલને ગઢ ઉપર આવવાની પરવાનગી મળી. તેને રહેવા માટે એક બંગલો આપવામાં આવ્યો. નારાયણજી પંડિતે મહારાજ પાસે જઇ અંગ્રેજ વકીલ તરફથી ઘણીજ પ્રાર્થના કર્યાથી તેમણે ચાર દિવસ પછી વકીલને પોતાની મુલાકાતે લાવવાની પરવાનગી આપી. અંગ્રેજ વકીલે મહારાજ પાસે જઇ તહનામાની કલમો વાંચી સંભળાવી. મહારાજને એ કલમો યોગ્ય જણાઇ. તેમણે વકીલને આશ્વાસન આપતાં કહ્યું કે, " અમારા રાજ્યમાં વેપાર કરતાં તમને કોઈ પ્રકારની અડચણ પડશે નહિ. તેમજ તમને અને તમારા માલને અમારા તરફથી ઉપદ્રવ થશે નહિ. પ્રસ્તુત તહનામા પ્રત્યે અમારી પૂર્ણ સહાનુભૂતિ છે." વકીલે ઉત્તર દીધો કે, " અમારી કાઉન્સિલના અધ્યક્ષે મને એજ ઉદ્દેશથી આપની પાસે મોકલ્યો છે. હિંદુસ્તાનના અને ઇરાનના બાદશાહ તરફથી અમને જેવી સગવડ મળી છે તેવીજ આપના તરફથી પણ મળે એવી અમારી વિનંતી છે," મહારાજે " બહુ સારૂ " કહી વકીલ પાસેથી તહનામાની યાદી લઇ બરોબર તપાસી જોઇ યોગ્ય સુધારો કરવા માટે મોરોપંતને આજ્ઞા ફરમાવી અને પછી સત્વર દરબારમાંથી ઊઠી રાજ્યાભિષેકની તૈયારી કરવા માટે તેઓ ચાલ્યા ગયા.

વકીલના જાણવામાં આવ્યું કે,રાજ્યાભિષેકવિધિ પૂર્ણ થતા સુધી પોતાના કાર્યનો નિકાલ થશે નહિ, તેથી તેણે નારાયણજી પંડિત પાસે જઇ બીજા કારભારીઓને માટે આણેલું નજરાણું ભેટ આપવા સંબંધી સલાહ પૂછી. તેણે વકીલને સલાહ આપી કે, " મોરોપંતને તમારે સ્વતઃ જઇને નજરાણું આપવું. બીજા કારભારીઓને કારકુન દ્વારા નજરાણું મોકલવામાં આવશે તો તે પ્રમાણે ચાલશે. તમારૂં કામ સત્વર અને સરળ થાય તે માટે તમારે કારભારીઓને કિંમતી નજરાણાં આપવાં જોઇએ. હમણાં તમે જે વસ્તુઓ લાવ્યા છો તે યોગ્ય નથી. તેમને બીજી ભારે વસ્તુઓ આપવી જોઇએ." એ સલાહ વકીલને યોગ્ય જણાયાથી તેણે મુંબઈથી તાબડતોબ બીજી કિંમતી

વસ્તુઓ મંગાવી. રાજ્યના કારભારીઓને ખુશી કરવા માટે અધિક પૈસા ખર્ચાયા તે સહન કર્યા, પણ ચોમાસાના ત્રણચાર મહિના પર્યંત રાયગઢ ઉપર અટકી પડવાનું તેણે પસંદ કર્યું નહિ.

કહેવામાં આવે છે કે, અંગ્રેજી વકીલે મહારાજ સમક્ષ વીસ શરતો રજૂ કરી હતી; તેમાંથી અઢાર શરતો તેમણે કબૂલ કરી. એ શરતોમાંની કેટલીક આ પ્રમાણે છેઃ–"રાજાપુરમાં અંગ્રેજોને થયેલા નુકસાનના બદલામાં મહારાજે તેમને દસ હજાર હોન આપવા. રાજાપુર, દાભોળ, ચેઉલ અને કલ્યાણમાં અંગ્રેજો પોતાની વખારો સ્થાપી શકે. મહારાજના રાજ્યમાં સર્વત્ર અંગ્રેજોને વેપાર કરવાની પરવાનગી હોવી જોઇએ. તેમણે ઇચ્છાનુસાર કિંમતે માલ લેવોવેચવો. માલની ચોક્કસ કિંમત મુકરર કરવામાં આવશે નહિ. આયાત માલ ઉપર માલની કિંમત પ્રમાણે અગ્રેજોએ અઢી ટકા જકાત આપવી."

મહારાજે બે શરતો નાપસંદ કરી હતી. તેમાંની એક એ હતી કે, "મહારાજના રાજ્યમાં અંગ્રેજી નાણું ચાલવું જોઇએ." એ સંબંધી મહારાજે ઉત્તર આપ્યો કે, "તહનામામાં એ શરત લખવાની આવશ્યકતા નથી. કોઇ પણ નાણું અમારા રાજ્યમાં ચલાવવા સંબંધી અમારા તરફથી બિલકુલ પ્રતિબંધ થતો નથી. જે નાણું લેવાથી અમારી પ્રજાને નુકસાન થવાનો સંભવ હોય છે, તે લેવા માટે અમારા તરફથી તેમના પર જુલમ થાય, એ ઉચિત નથી. તમારૂં નાણું મોગલોના નાણા જેવું વજનદાર અને લાભજનક હશે તો તે ચાલવા દેવામાં અમારા તરફથી તમને હરકત થશે નહિ. એ તો પ્રજાની ખુશીનો સોદો છે." બીજી શરત એ હતી કે, "સમુદ્રમાં તોફાન થવાથી કે કોઇ બીજા કારણથી અંગ્રેજોનાં વહાણ ભાગી જતાં તેમાંનો જે માલ કિનારે આવે તે, કિંવા જે વહાણો કિનારે અથડાઈ ભાગી જાય તે અંગ્રેજોને પાછાં આપવાં." મહારાજે એ સંબંધી ઉત્તર આપ્યો કે, "કોંકણના કિનારાને અથડાઇ ભાંગી ગયેલાં વહાણ કિંવા માલ પાછો આપવાનો રિવાજ નથી. તેના ઉપર ત્યાંના રાજાનો પ્રાચીન કાળથી હક છે. એ હક છોડી દેવાનું અમને ઉચિત જણાતું નથી." અંગ્રેજોને એવી સગવડ કરી આપવાથી ફ્રેંચ વગેરે ઇતર વેપારીઓ પણ તે પ્રમાણે માગણી કરશે તેથી એ શરત માટે આગ્રહ કરવો નહિ. મહારાજની ઇચ્છાનુસાર અંગ્રેજી વકીલે એ શરત સંબંધી આગ્રહ કર્યો નહિ; પરંતુ નારાયણજી પંડિતે તેને સમજાવ્યું કે, "એ શરત મંજૂર થવામાં અડચણ પડશે નહિ. મોગલ બાદશાહ તરફથી અને આદિલશાહ બાદશાહ તરફથી તમને એવી સગવડ મળી છે, તેથી અમારા રાજ્યમાંથી પણ તમને તેવી સગવડ મળવી જોઇએ. એ વાત મહારાજના લક્ષમાં ઉતારવા જેવી છે."

તહનામા સંબંધી વાદવિવાદ થયા પછી અંતે સર્વ શરતો મંજૂર

થઇ. * રાજ્યાભિષેક થયા પછી થોડા દિવસ પછી તહનામા ઉપર મહારાજની તથા સર્વ પ્રધાનોની તેના પર સહીઓ થઇ. એ તહનામા પ્રમાણે અંગ્રેજોને રાજાપુરમાં થયેલા નુકસાનીના દસ હજાર હોન રોકડા નહિ આપતાં ગોઠવણ કરવામાં આવી કે, " અંગ્રેજોએ મહારાજ પાસેથી લાગલાગટ ત્રણ વર્ષ સુધી પાંચપાંચ હજાર હોનની કિંમતનો માલ ખરીદવો. તેના બદલામાં તેઓએ તેમને અર્ધી કિંમત આપવી; અર્થાત્ ત્રણ વર્ષમાં અંગ્રેજોને સાડાસાત હજાર હોનની કિંમતનો માલ મળે. બાકી રહેલા અઢીહજાર હોન સંબંધી એવી ગોઠવણ કરવામાં આવી કે, અંગ્રેજોએ રાજાપુરમાં વખાર ઉઘાડ્યા પછી ત્યાંના બંદરમાં જે માલ આવે તેની જકાતના અઢીહજાર હોન થાય ત્યાંસુધી તે રકમ લેવી નહિ." તહનામું નક્કી કર્યા પછી સર્વની સહી થઈ. નારાયણજી પંડિતે તહનામું અંગ્રેજ વકીલના હાથમાં સોંપ્યું. તેણે તેને મહારાજનો સંદેશો કહ્યો કે, "અમારા રાજ્ય નજીક તમારી વસ્તી થવાથી અમારા રાજ્યમાં તમારો સારો વેપાર ચાલશે અને અમારી પ્રજાનું ઘણું કલ્યાણ થશે, એમ જાણીનેજ તમારી સાથે સંધિ કરવામાં આવી છે. તમારી સાથેનો સ્નેહસંબંધ હમેશાં કાયમ રહે એજ અમારી ઇચ્છા છે."

મહારાજનો રાજ્યાભિષેક થયો, તે વખતે મુંબઈના ગવર્નરના પ્રતિનિધિ તરીકે એજ વકીલ દરબારમાં ગયો હતો. તેણે એ સમયે મહારાજને હીરાની વીંટી ભેટ આપી હતી. એ વકીલને મહારાજના સિંહાસન પર્યંત જવાનો યોગ પ્રાપ્ત થયો હતો. તેની રચના જોઈ તેણે લખ્યું છે કે, " સિંહાસનની બે બાજુએ સોનાના ભાલાની અણી ઉપર સત્તાપ્રદર્શક પુષ્કળ સાંકેતિક ચિત્રો હતાં. જમણી બાજુના

---

* ઓર્મી લખે છે કે, જે બે કલમ સંબંધી મહારાજે વાંધો કાઢ્યો હતો તે બે કલમ મંજૂર થઇ નહોતી. ડૉ. ક્રિયર લખે છે કે, નાણાં સંબંધીની કલમ બાદ કરી બાકીની સર્વ કલમો મંજૂર થઇ હતી. ગ્રાંટ ડફના ઇતિહાસમાંથી મૂળ વિષય અત્ર પ્રકટ કર્યો છે. રાજવાડેએ પોતાના આઠમા ભાગમાં આ પ્રમાણે કાગળ છાપેલો છે. અંગ્રેજોએ શિવાજી મહારાજ જોડે ચાર સગવડ માગી હતી. (૧) મહારાજના રાજ્યમાં અંગ્રેજોના વેપાર પર જકાત લેવી નહિ. (૨) મહારાજના બંદરો પર અંગ્રેજોના માલ પર જકાત લેવી નહિ. (૩) અંગ્રેજોનું નાણું મહારાજના રાજ્યમાં ચાલવા દેવું. (૪) અંગ્રેજોનાં જે વહાણો દરિયામાં ભાગી જાય અને તે મહારાજના તાબાના કિનારા પર હાથ લાગે તો તે માલ અને તે વહાણો અંગ્રેજોને મહારાજે પાછાં આપવાં. મહારાજે પ્રથમની બે કલમો મંજૂર કરી પાછળની બે કલમો નામંજૂર કરી હતી. આ તહનામા પર તા. ૧૨ જૂન ૧૬૭૪ના દિવસે મહારાજે સહી કરી.

ભાલા પર બે મોટાં મત્સ્ય હતાં, તેમનું મોઢું વિકરાળ જણાતું હતું. ડાબી બાજુના ભાલા પર ઘોડાનાં પુચ્છ જણાતાં હતાં અને બે ઉચ્ચ ભાલાની અણી પર સોનાનું ત્રાજવું સમતોલ ગોઠવ્યું હતું.

મત્સ્ય ગોઠવ્યાં હતાં તે ઉપરથી મહારાજની સમુદ્ર ઉપરની સત્તા જણાતી હતી; અને ઘોડાનાં પુચ્છ ગોઠવ્યાં હતાં તે ઉપરથી મહારાજની પૃથ્વી ઉપરની સત્તાનું સૂચન થતું હતું. ત્રાજવું ગોઠવવાની મતલબ એ હતી કે, આ રાજ્યની સર્વ પ્રજાને એકસરખી ગણી યોગ્ય ન્યાય આપવામાં આવે છે, એવું આશ્વાસન મળે.

કહેવામાં આવે છે કે, અંગ્રેજોનો વકીલ એક મહિના પર્યંત રાયગઢ ઉપર રહ્યો હતો. તેણે રાયગઢનું, ત્યાંની ઈમારતોનું તથા રાજમંદિરનું વર્ણન કર્યું છે અને તે ડો. ક્રિયર નામક તે સમયના એક પ્રવાસીએ પોતાના પ્રવાસવૃત્તાતમાં પ્રકટ કર્યું છે. વિસ્તારભયથી તે વર્ણન અત્રે લખવામાં આવતું નથી.* અંગ્રેજ વકીલે તે સમયે દરબારમાં ઠરેલપણું બતાવી જે વર્તન ચલાવ્યું હતું, તે પરથી મહારાજના અંગ્રેજ સંબંધી ઉચ્ચ વિચારો બંધાયા હતા. તહનામાની શરત પ્રમાણે અંગ્રેજોએ રાજાપુરમાં વખાર સ્થાપી; પરંતુ તે ઘણા દિવસ ટકી નહિ. તેથી તહનામાની શરત પ્રમાણે નક્કી થયેલી દસ હજાર હોનની રકમ અંગ્રેજોને મળી કે નહિ. તે સંબંધી શંકા થાય છે. એ તહનામા પછી બે વર્ષે આંગિયરનું મૃત્યુ થયું. તેમના પછી નિમાયલા ગવર્નર તેમના જેવા બુદ્ધિમાન અને ઠરેલ નહોતા.

સીદીએ મુંબઇની ખાડીમાં પ્રવેશ કરી મહારાજના કુર્લા પ્રાંતમાં ઉપદ્રવ મચાવ્યો હતો, એ પાછળ લખવામાં આવ્યું છે. તેણે મહારાજના પ્રાંતની નિરપરાધી પ્રજાને પકડી ત્રાસ આપવા માંડ્યો હતો, તે પુરુષોને કાપી નખાવતો તથા સ્ત્રીઓ અને બાળકોને ગુલામ તરીકે વેચી દેતો. તેણે ઇ. સ. ૧૬૭૩માં એવો કેર વર્તાવા માંડ્યો હતો, એ પણ ઉપર લખવામાં આવ્યું છે. તેનું તોફાન અંગ્રેજોને પસંદ પડ્યું નહિ. તેઓ સીદીનાં દુષ્ટ કાર્યોમાં પોતાનાથી બનતો પ્રતિબંધ કરતા; પરંતુ કોઇ કોઇ વખત તેઓ નિષ્ફળ જતા. મોગલોની બીકને લીધે સીદી સાથે ખુલ્લી રીતે યુદ્ધ કરવાનું તેમનામાં ધૈર્ય નહોતું. સીદીનો જંજીરાનો કિલ્લો કબજે કરી ત્યાં પોતાની વખાર સ્થા-

---

* ડો. ક્રિયરે પોતાના વર્ણનમાં એક રમૂજી વાત આપેલી છે. તે વાત આ પ્રમાણે છે:—એક ખાટકી કિલ્લા પરનાં માણસોને માંસ આપતો હતો, તે અંગ્રેજોના વકીલને ખાસ જોવાને માટે કિલ્લા પર આવ્યો. તેનું કારણ એ હતું કે, કિલ્લા પરનાં માણસોએ આખા વરસમાં જેટલું માંસ નહોતું ખાધું, તેટલું માંસ એ અંગ્રેજોએ એક માસમાં ખાધું; તેથી તેને જોવાનું મન થયું કે, એટલું માંસ ખાનાર માણસો કેવાંયે હશે?

પવાના અને મુંબઈનું થાણું ઉઠાવી નાખવાના વિચારથી તેમણે કંપનીના ડાયરેક્ટરો પાસે પરવાનગી માગી; પણ તેઓએ આપી નહિ. મહારાજની બીકથી તેમને જણાતું હતું કે, સીદીનાં ઘોર કૃત્યનું પરિણામ એકાદ વખત પોતાને પણ ભોગવવું પડશે. સીદી વિરુદ્ધ વર્તન કર્યાથી મોગલો ગુસ્સે ભરાશે અને તેના રાજ્યમાં આશ્રય મળશે નહિ, એવી પણ અંગ્રેજોને બીક હતી. અંગ્રેજ વેપારીઓને એક તરફથી શિવાજી મહારાજની અને બીજી તરફથી ઔરંગઝેબની, એમ બેવડી બીક હોવાથી, સીદીને નહિ દૂભવતાં બનતે પ્રયત્ને તટસ્થ રહેવામાંજ તેમને પોતાનું શ્રેય જણાતું હતું.

સીદીને સખ્ત શિક્ષા કરવાનો નિશ્ચય કરીને શિવાજી મહારાજે પોતાનું લશ્કર અને વહાણો તૈયાર કરી તેની સાથે યુદ્ધ શરૂ કર્યું. પૂર્વે દંડરાજપુરી મોગલોની મદદથી તેણે પાછું મેળવ્યું હતું. તે મહારાજે પુનઃ કબજે કર્યું. જંજીરાથી ગોવા પર્યંતનો સઘળો કોંકણ કિનારો તેમના તાબામાં આવ્યો. સીદી મોગલોની મદદથી મહારાજના કોંકણકિનારા પરનાં ગામો લૂંટતો લૂંટતો ઠેઠ બેંગલૂર સુધી ગયો; પરંતુ વિજયદુર્ગ આગળના મહારાજના આરમારે તેને હરાવીને સુરત સુધી હાંકી મૂક્યો. આ બાજુ મહારાજનાં માણસોએ જંજીરાને જમીનમાર્ગે અને જળમાર્ગે ઘેરો ઘાલ્યો. પાણીમાં મોરચા માંડીને કિલ્લા પર તોપોનો મારો શરૂ કર્યો; પરંતુ એટલામાંજ સુરતથી સીદી સંબળ મોટું આરમાર લઇને આવી પહોંચ્યો, તેથી મહારાજનાં માણસોને ઘેરો ઉઠાવી લેવો પડ્યો; પણ ફરીથી વંકોજી દત્તોજી સીદીની સાથે યુદ્ધ કરતો હતો, તેને મદદ કરવાને માટે ઇ. સ. ૧૬૭૬માં મહારાજે મોરો પંત પિંગળેને દસ હજારની સેના લઇને મોકલ્યો. આ વખતે એ કિલ્લો મરાઠાઓના હાથમાં આવવાનો પૂરેપૂરો સંભવ હતો; પરંતુ એટલામાં સીદી કાસમ મોગલ આરમાર લઇને આવી પહોંચવાથી મરાઠાઓને પાછું જવું પડ્યું. એ સમયે સીદીના હજારો સૈનિકોનો નાશ થવાથી તે અત્યંત નિર્બળ થયો; પરંતુ મોગલોની સહાયતા મળવાથી પાછો પુનઃ ટટાર થયો.

મહારાજને કર્ણાટકની ચડાઇમાં ગયાના સમાચાર સાંભળી સીદીએ કોંકણ કિનારા પર પુનઃ તોફાન શરૂ કર્યું. એ તોફાન વખતે તેને મોગલોનાં ઘણાં દરિયાઈ વહાણોની સહાયતા મળી હતી. તેણે પ્રતાપપુર શહેર ઉપર હુમલો કરી તેને આગ લગાડી દીધી; પરંતુ ત્યાંના થાણા ઉપરના સિપાઇઓએ સીદી સાથે જુસ્સાભેર યુદ્ધ ચલાવ્યાથી ત્યાંની ખાડીમાંથી તે આગળ વધી શક્યો નહિ. મહારાજનું દરિયાઈ લશ્કર તેની પૂંઠે પડ્યું; પણ તેને નહિ ગણકારતાં સીદી પોતાનાં વહાણો લઇ મુંબઇના બંદરમાં પેસી ગયો અને મજગામમાં ઊતરી ત્યાં છાવણી નાખી. સીદી ત્યાં વિલાસ કરતો હતો, તે સમયે

મહારાજના તાબાના કુર્લા પ્રાંતના એક દુષ્ટ બ્રાહ્મણે તેની પાસે જઇ કહ્યું કે, "તમે મને મદદ કરશો તો મરાઠાના તાબાના કેટલાક સંભાવિત બ્રાહ્મણો તમને પકડી આપીશ." સીદીએ તે માગણી સ્વીકારી અને તેને થોડાક સૈનિક તથા એક હોડી સહિત ગુપ્ત રીતે રવાના કર્યો. એ કાળા કર્મમાં સીદીએ પોતાની સહાનુભૂતિ અંગ્રેજોને જાણવા દીધી નહિ. તે દુષ્ટ બ્રાહ્મણે લશ્કરની મદદથી ચાર બ્રાહ્મણને પકડી સીદીના તાબામાં સોંપ્યા. સીદીએ કોઇને જાણવા ન દેતાં તેમને પોતાનાં વહાણોમાં કેદ કર્યા. ચેઉલના સૂબેદારને એ સમાચાર મળતાંજ તેણે મુંબઇના અંગ્રેજોને ધમકીભરેલો પત્ર લખ્યો કે, "તમારા બેટમાં અમારા પ્રાંતના બ્રાહ્મણોને પકડી લઇ જવામાં આવ્યા છે, તેમને છોડાવી એકદમ અત્રે મોકલી દેવા; નહિ તો અમારા પ્રાંતમાંથી તમારા તરફ અન્નકાષ્ઠ આદિ રવાના કરવામાં આવે છે તે બંધ કરવામાં આવશે; એટલુંજ નહિ પણ એથી ભયંકર પરિણામ તમારે સહન કરવું પડશે." અંગ્રેજોને પત્ર પહોંચતાંજ તેઓએ એ સંબંધી સીદી પાસે તપાસ કરી. સીદી પ્રથમ તો નામક્કર ગયો; પરંતુ અંગ્રેજોએ સખ્ત તાપ બતાવ્યો ત્યારે તેણે કહ્યું કે, "એ કામમાં હું કાંઈ જાણતો નહોતો." અંતે તેણે બ્રાહ્મણોને મુક્ત કર્યા. જે હોડીમાં બેસાડી બ્રાહ્મણોને પકડી લાવ્યા હતા, તે ઉપરના અગિયાર ખલાસીઓને કેદ કર્યા અને તેમાંના ત્રણ ખલાસીઓને દેહાંતશિક્ષા કરી તથા બાકીના ખલાસીઓને સેન્ટ હેલીના ટાપુમાં દેશનિકાલ કર્યા. આ ઘટના મુંબઇના ગવર્નર જોન પીટિટની કારકિર્દીમાં સન ૧૬૭૭માં બની.

મહારાજ કર્ણાટકમાંથી પાછા આવ્યા પછી મોરોપંત પેશ્વા વગેરે બ્રાહ્મણ કારભારીઓએ તેમને ફરિયાદ કરી કે, "સીદીએ આપણા રાજ્યના બ્રાહ્મણોને પકડી ત્રાસ આપ્યો છે, તેથી તેનો પરાજય કરવો જોઇએ. હમણાં તેનાં વહાણ મુંબઇ બેટમાં છે. મોગલોના આગ્રહને લીધે, અંગ્રેજોએ ચોમાસું હોવાથી, તેને મજગામમાં છાવણી નાખવા દીધી છે. તેનાં વહાણોને આગ લગાડવા માટે આપણા લશ્કરને મોકલવું જોઇએ." મહારાજે તેમની માગણી સ્વીકારી પોતાના દરિયાઇ સરદાર દરિયાસારંગ અને દૌલતખાનને ચાર હજાર સૈનિક સાથે જુલાઇ મહિનામાં પનવેલ રવાના કર્યા; પરંતુ તેમને સામે કિનારે લઇ જવા માટે જોઇતી હોડીઓ મળતી નહોતી. ચોમાસું હોવાથી બીજી તરફથી હોડીઓ લાવવાની પણ સગવડ નહોતી, તેથી તેમને નિરાશ થઇ મજગામ જવાનો વિચાર બંધ રાખવો પડ્યો. દૌલતખાને ત્યાંથી કલ્યાણ તરફ કૂચ કરી અને તેણે ફિરંગીઓ પાસે થાણા પ્રાંતમાં પ્રવેશ કરવાની પરવાનગી માગી. તેની ધારણા એ હતી કે, થાણે થઇને માહીમની ખાડી ઓળંગી મુંબઇ બેટમાં પ્રવેશ કરવો અને સીદીની છાવણી ઉપર તથા કિનારા

નજીકનાં તેનાં વહાણો ઉપર હુમલો કરવો; તેમજ ત્યાંથી હોડી મેળવી નજીકજ ભેગાં થયેલાં સીદીનાં વહાણોમાં આગ લગાડી દેવી.

મહારાજનું લશ્કર પનવેલ સુધી આવી પહોંચ્યાના સમાચાર જાણી અંગ્રેજો અતિશય ગભરાયા. તેમણે બેટના રક્ષણ માટે ગોઠવેલા ઘણા સિપાઇઓને મજગામ નજીક ગોઠવ્યા. દૌલતખાનને લશ્કર સહિત કલ્યાણ આગળ આવેલો જાણી તેઓએ માહીમમાં પોતાનું લશ્કર ગોઠવ્યું અને માહીમની ખાડીમાં એક સામરિક નૌકા (ફ્રિગેટ) ગોઠવી; પરંતુ એ સાવચેતીનો ઉપયોગ થયો નહિ; કારણકે મહારાજના લશ્કરને નજીક આવતું જાણી વસઇના ફિરંગીઓને પણ બીક લાગી, તેમજ પોતાના સાષ્ટિ પ્રાંતનું રક્ષણ કરવાનો વિચાર થઇ પડ્યો. ફિરંગીઓનો સૂબેદાર પોતાના બહાદુર સૈન્ય સહિત થાણે આવી પહોચ્યો અને તેણે ત્યાંની ખાડીમાં ચાળીસ પડાઉ સજ્જ કરી રાખ્યાં. એમ થવાથી દૌલતખાનનો થાણેથી આવવાનો માર્ગ બંધ થયો. એ જોઇ દૌલતખાન નિરાશ થયો અને આટલા બધા લશ્કર સહિત આટલે બધે દૂર સુધી આવવાનું સાર્થક કરવાના વિચારથી તેણે ફિરંગીઓના પ્રાંતમાં પ્રવેશ કરી ગામેગામ લૂંટ ચલાવી, તે પ્રાંત ઉજ્જડ કર્યો. ત્યાર પછી તેણે પોતાનું થોડું લશ્કર દમણ તથા સુરત તરફ લૂંટ ચલાવવા મોકલ્યું, એટલામાં રાયગઢ પરથી પાછા ફરવાનો હુકમ મળ્યાથી તરતજ તેને લશ્કર સહિત પાછું ફરવું પડ્યું.

સીદીને અંગ્રેજના આશ્રયમાં રહી પોતાના પ્રાંતોમાં ઉપદ્રવ કરતો જોઇ મહારાજના અંતઃકરણમાં ક્રોધ ભરાય–એ સ્વાભાવિક હતું. અંગ્રેજો તેને આશ્રય આપે એ પણ તેમની સાથે કરેલા સ્નેહમય તહનામાથી તદ્દન વિરુદ્ધ હતું. તેઓ પૂર્વે જેમ તટસ્થપણે વર્તતા હતા તેમ તેમણે હમેશાં વર્તવું જોઇતું હતું; પરંતુ આંગિયર સાહેબના મૃત્યુ પછી મોગલોની બીકને લીધે તેઓએ પોતાની તટસ્થવૃત્તિ તદ્દન છોડી દીધી હતી. તેથીજ આ વખતે ચોમાસામાં સીદીને પોતાના બંદરમાં આશ્રય આપ્યો હતો. અંગ્રેજોને તેમના એ કૃત્ય માટે મહારાજે શિક્ષા આપવાનું ધાર્યું હોત તો તેમાં કંઇ અન્યાય કહેવાત નહિ; પરંતુ તેમના વિચારો જુદાજ હતા. અંગ્રેજો મોગલો સાથે પોતાની ઇચ્છા વિરુદ્ધ વર્તન ચલાવતા હતા, તે મહારાજ જાણી ચૂક્યા હતા; પરંતુ અનિવાર્ય કારણને લીધે ચલાવવામાં આવતા વર્તનને માટે મહારાજને તેમના ઉપર શસ્ત્ર ઉગામવાનું ઉચિત જણાયું નહિ. અંગ્રેજોને લીધેજ તેમના રાજ્યમાં વેપાર વધતો હતો અને પ્રજાના હાથમાં પૈસા ઊછળવા લાગ્યા હતા, એ મહારાજ સારી પેઠે જાણતા હતા. તે ઉપરાંત મોગલોનાં સુરત વગેરે થાણાં સર કરીને સીદીનો જંજીરા હસ્તગત કર્યાથી અંગ્રેજોનો જુસ્સો નરમ

પડશે અને ત્યાર પછી તેમની સહાયતા વડે પોતાનાં વહાણો સુધારી શકાશે, એવી મહારાજને ઉમેદ હતી. અંગ્રેજ લોકોને બનતા સુધી ત્રાસ નહિ આપવા માટે મહારાજ કેટલા યત્ન કરતા હતા, તે સંબંધી એક ઉદાહરણું અત્રે પ્રકટ કરવામાં આવે છે. ચેઉલનો સૂબેદાર પીટિટ નામક એક અંગ્રેજ વેપારી પાસે વેપાર સંબંધી લહેણાની રકમ માગતો હતો, તેજ પ્રમાણે સુરતના અંગ્રેજોના એક મુનિમના બંધુ પાસે એવાજ લહેણા માટે તેણે લાગલાગટ તગાદો કરવા માંડ્યો હતો.તેમણે લહેણી રકમ આપવા માટે ઘણી લાંબી મુદતનો વાયદો કર્યો, તેથી સૂબેદારે તેમના ઉપર વૈર વાળવાનો વિચાર કર્યો હતો. એ સમયે સીદીનાં વહાણને આગ લગાડવાનો પ્રયત્ન નિષ્ફળ જવાથી મહારાજને દિલગીરી થઇ હતી; તેથી અંગ્રેજો ઉપર કોઈ પણ રીતે વૈર લેવાથી મહારાજ નાખુશ થશે નહિ, એવું તેને લાગ્યું. મુંબઇનાં વહાણ ચેઉલના સૂબેદારના તાબાનાં બંદરોમાં વેપાર કરવા આવ્યાં હતાં, તે સર્વ તેણે પકડ્યાં. મુંબઇના અંગ્રેજોને ખબર પડતાં તેમણે કાઉન્સિલનાં ચાર વહાણો ઉપર સાઠ યુરોપિયનની નિમણુંક કરી તેમને પોતાનાં પકડાયલાં વહાણ છોડવવા મોકલ્યા. અંગ્રેજોનાં કેદ પકડેલાં વહાણ ઉપર દેખરેખ રાખવા સૂબેદારે પોતાના સિપાઇઓ ગોઠવ્યા .હતા. તેમના ઉપર અંગ્રેજ સિપાઇઓએ હુમલો કરી પોતાનાં કેટલાંક વહાણ છોડાવ્યાં. અંગ્રેજોના એ કૃત્ય સંબંધી સૂબેદારે મહારાજની પાસે અરજ કરી લખ્યું કે, “ મહારાજની સત્તાનું અપમાન કર્યાથી તેમને અવશ્ય શિક્ષા થવી જોઇએ.” તેમણે ઉત્તર લખ્યો કે, “ અંગ્રેજોએ જે કંઇ કર્યું છે તે યોગ્યજ છે. તેમનાં વહાણ અને માલ તમે કબજે લીધેલ હોય તો તે તેમને સ્વાધીન કરવાં. ” સૂબેદારને એ હુકમ પ્રમાણે વર્તવું પડ્યું.

મહારાજે પોતાનાં વહાણો તૈયાર કરી ઇ. સ. ૧૬૭૮ની આખરે જંજીરાને જળમાર્ગે ઘેરો નાખ્યો અને તેના પર તોપોનો મારો ચલાવ્યો. એ સમયે સીદી કાસમ મુંબઈના બંદરમાં હતો. તેના સિપાઈઓને પગાર નહિ મળ્યાથી તેઓમાં અસંતોષ ફેલાયો હતો. સીદી પાસે પૈસા પણ નહોતા. સુરતના સૂબેદાર પાસે તેણે થોડું દ્રવ્ય માગ્યું હતું; પણ તે વખતસર આવી પહોંચ્યું નહિ, તેથી સીદી ત્યાંથી આગળ જઇ શક્યો નહિ. સીદી ત્યાં અટકી પડ્યો હતો; છતાં તેનો જંજીરા કિલ્લો મહારાજ તાબે લઇ શક્યા નહિ. આ સમયે પણ મહારાજને ઘેરો ઉઠાવી પાછું જવું પડ્યું.

મહારાજે વિચાર કર્યો કે, સીદી સાથે આજ પર્યંત કરેલા યુદ્ધમાં આપણને યશ મળ્યો નહિ, તેનું મુખ્ય કારણ એ છે કે, તે પોતાની ઇચ્છામાં આવે તે સમયે મુંબઇના બંદરમાં નાસી ભરાઇ શકે છે. અંગ્રેજો વચમાં ન હોય, તો તે સીદી આપણા પ્રાંતોમાં ઉપદ્રવ કરી શકે

નહિ. અંગ્રેજોનો આશ્રય મળવાથી તે આપણા રાજ્યમાં ઇચ્છાનુસાર તોફાન મચાવી શકે છે; તેથી સીદીની અને મોગલોની મુંબઇ બંદર નજીકની હિલચાલ બને તેટલી ઓછી કરવાનો અને અંગ્રેજોને બીક બતાવવાનો યત્ન કરવો જોઇએ. મહારાજે આ સમયે એક નવીન યુક્તિ શોધી. મુંબઈબંદરથી બાર માઇલ વેગળે ખંદેરી અને ઉંદેરી નામક બે નાના બેટ છે. ત્યાંથી બેત્રણ માઇલ દૂર સામેનો કિનારો છે. બેટમાં વસ્તી નથી. ત્યાં તદ્દન જંગલ છે. અંગ્રેજોને એ બેટમાંથી કોઇ કોઇ વખત લાકડાં પ્રાપ્ત થતાં હતાં. તે સિવાય તેનો વિશેષ ઉપયોગ કરવાનું કોઇની કલ્પનામાં નહોતું. એ બેટમાંથી મુંબઇબંદરમાં જતાંઆવતાં પ્રત્યેક વહાણો ઉપર દેખરેખ રાખી શકાશે અને ત્યાંના શત્રુની હિલચાલ ઇચ્છાનુસાર જાણી શકાશે, એવું મહારાજના લક્ષમાં આવ્યાથી એ બંને બેટ કબજામાં લઇ તેમાં મજબૂત કિલ્લા બાંધવાનો તેમણે નિશ્ચય કર્યો. તેઓએ પોતાના ત્રણસો સિપાઇ અને તેટલાજ મજૂરોને શસ્ત્ર તથા ઓજારો સહિત પ્રથમ ખંદેરીબેટમાં મોકલ્યાં અને ત્યાં તટબંધી કરવાનું કામ ઝપાટાબંધ શરૂ કરાવ્યું. અંગ્રેજોને એ સમાચાર મળતાંજ તેઓ ચિંતા કરવા લાગ્યા. ખંદેરીબેટ ઉપર મહારાજનું થાણું સ્થપાવાથી પોતાને કેટલો મોટો ધક્કો પહોંચશે, તે તેમણે તેજ સમયે જાણ્યું. તેઓ કહેવા લાગ્યા કે, "એ બંને બેટ ઉપર અમારો હક છે. ફિરંગીઓએ મુંબઇબેટ સાથેજ એ બેટ અમને આપ્યા. છે." બીજી તરફથી વસઇના ફિરંગીઓ પણ પોતાનો હક બતાવવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કે, "એ બેટ ઉપર અંગ્રેજોનો બિલકુલ હક નથી. ઘણાં વર્ષ થયાં તે અમારા કબજામાં છે. અમે ત્યાં વસ્તી વસાવવાના હતા; પરંતુ તેમાં કૂવા ખોદતાં મીઠું પાણી નહિ જણાયાથી તે કામ બંધ રાખ્યું છે." મહારાજે તેમના કહેવા તરફ લક્ષજ આપ્યું નહિ. તેમણે પોતાનું કામ આગળ ચલાવવાનોજ નિશ્ચય કર્યો.

અંગ્રેજોએ મહારાજને અડચણ કરવાનો નિશ્ચય કર્યો. તેમણે ત્રણ વહાણ તૈયાર કરી તે પર ચાળીસ યુરોપિયન નીમ્યા. તેમને હુકમ ફરમાવ્યો કે, "શિવાજી મહારાજના વહાણ કે તરાપા ખંદેરીબેટ નજીક આવવા દેવા નહિ અને તેમના અમલદારોને બેટમાંથી ચાલ્યા જવાનું કહેવું." અંગ્રેજી વહાણ બેટ નજીક પહોંચ્યાં. તેમાંના અમલદારોએ બેટ પરના મહારાજના અમલદારોને ત્યાંથી નીકળી જવાનું કહ્યું; ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે, "અમારા માલિકની આજ્ઞા સિવાય અમે અમારૂં કામ છોડી જઇશું નહિ. અંગ્રેજી વહાણોએ દસદિવસ પર્યંત બેટ આગળ પડાવ નાખ્યો; પરંતુ આકાશમાં વરસાદનાં વાદળાં જણાતાં વહાણ પાછાં મુંબઇ લઈ જવામાં આવ્યાં. મુંબઇના અંગ્રેજોએ રિવેન્જ નામક ફ્રીગેટ સહિત પુનઃ તેમને ખંદેરી-

બેટ નજીક મોકલ્યા. રિવેન્જ ઉપર સોળ તોપો ચડાવી હતી. અંગ્રેજોનાં વહાણ પુનઃ ખંદેરીબેટ નજીક ફરવા લાગ્યાં. એક વહાણ ઉપરનો લેફ્ટેનન્ટ દારૂ પીને છાકટો થયો હતો, તેણે પોતાના તાબાનું વહાણ બેટને કિનારે થોભાવ્યું અને પોતાનાં મનુષ્યો સહિત બેટ પર ચડ્યો. એ સમયે તેનાં અને મહારાજનાં મનુષ્યો વચ્ચે લડાઇ થઇ, તેમાં લેફ્ટેનન્ટ અને છ અંગ્રેજ સિપાઇઓ મરણ પામ્યા તથા બીજાં મનુષ્યો કેદ પકડાયાં અને તેમનાં વહાણોને ખેંચી લાવી કિનારે બાંધ્યાં. પવન જોસમાં ફુંકાતો હોવાથી ભરતીનું જોર વધ્યું, તેથી બીજાં અંગ્રેજી વહાણ તેમની મદદે આવી શક્યાં નહિ. તેમનો બીજો ઉપાયજ નહોતો. અનુકૂળ પવન ફુંકાયા પછી પ્રચંડ તરંગોનું જોર ઓછું થયું; તોપણ અંગ્રેજી વહાણ પરના અમલદારોમાં ખંદેરી નજીક જવાની હિંમત નહોતી.

મરાઠાઓના તરાપા ખંદેરી નજીક આવે તે સમયે તેને અટકાવવા માટે મુંબઈના અંગ્રેજોએ પોતાનાં વહાણ ઉપરના સિપાઇઓને આજ્ઞા ફરમાવી હતી; પરંતુ તે કાર્ય તેઓ બરાબર બજાવી શકતા નહોતા. મરાઠાઓના તરાપા રાત્રિને સમયે સપાટાબંધ બેટમાં જઇ તટબંધીને ઉપયોગી વસ્તુઓ તથા મનુષ્યોને ઉપયોગી અન્ન આદિ સામગ્રી પહોંચાડી જતા અને તેવીજ ત્વરિત ગતિએ પાછા જતા હતા. અંગ્રેજી વહાણ તેમની પૂંઠ પકડી શકતાં નહોતાં; કારણકે મરાઠાઓનાં વહાણનાં તળિયા અને સૂકાનની બનાવટ એવી હતી કે; પવનનો સપાટો કિંવા સમુદ્રના ઊછળતા તરંગોની ગમે તેવી પ્રતિકૂળતા હોય તોપણ ઉતાવળે ચાલી શકતાં હતાં. અંગ્રેજી વહાણનાં તળિયાં તેવી બનાવટનાં ન હોવાથી ઉતાવળે ચાલી શકતાં નહોતાં. વળી તેઓની સંખ્યા થોડી હોવાથી મરાઠાઓ ઉપર હુમલો કરવાની તેમનામાં હિંમત નહોતી. અંગ્રેજ અમલદારોએ પોતાના વરિષ્ઠ અધિકારીઓ પાસે વધારે મદદ માગવાથી તેઓએ બીજાં કેટલાંક વહાણ ભાડે લીધાં અને તેના ઉપર સિપાઇઓ તથા અમલદારો નીમી તેમને ખંદેરી તરફ રવાના કર્યાં. કહેવામાં આવે છે કે, બેટ નજીક અંગ્રેજોનાં કુલ આઠ વહાણો હતાં (એક ફ્રીગેટ, બે જહાજ, ત્રણ નાનાં વહાણ અને બે મછવા) વહાણોમાં યુરોપિયન અને બીજા સિપાઇઓ મળીને કુલ બસો મનુષ્યો હતાં. એ સિવાય કેટલાક ખલાસી લોકો પણ હતા.

દૌલતખાનના તાબાનાં વહાણો ખંદેરીબેટ સામે ચેઉલ નજીક થોભ્યાં હતાં, ત્યાંથી પ્રત્યેક રાત્રે કેટલાંક વહાણ બેટ નજીક મોકલવામાં આવતાં અને શત્રુ પૂંઠે પડે તે પહેલાં વહાણો પુનઃ પોતાના કાફલામાં આવી પહોંચતાં. એક સમયે દૌલતખાને પોતાનાં વહાણો બેટ તરફ હંકાર્યાં. વહાણો એટલી ત્વરિત ગતિએ ચાલતાં હતાં કે

અંગ્રેજી વહાણો લંગર ઉપાડી તૈયાર કરવામાં આવે તે પહેલાં તો દૌલતખાનનાં વહાણ તેમની પાસે થઇને ઘણે દૂર નીકળી ગયાં. તે વખત તેઓ અંગ્રેજોનું એક વહાણ પકડી લઇ ગયા. એ જોઇ અંગ્રેજ અમલદાર પોતાનાં બીજાં વહાણ લઈ નાસી ગયો. માત્ર રિવેન્જ પરનો અમલદાર ધૈર્યવાન હોવાથી તે નાસી ગયો નહિ.

તેને મરાઠાના વહાણે ચારેદિશામાંથી ઘેરી લીધો. રિવેંજ ઉપર મજબૂત તોપો હોવાથી તેમાંથી છૂટતા ગોળા આગળ મરાઠાનાં વહાણ ટકી શક્યાં નહિ, આ વખતે રિવેંજ પરના અંગ્રેજ કેપ્ટને દગાબાજી કરી પોતે હારી ગયો છે, એવો ડોળ કર્યો અને વહાણ પરના વાવટા ઉતારી નાખી સુલેહ કરવાની નિશાની કરી. દૌલતખાનને આ વાત ખરી લાગવાથી તે પોતાનાં ચોવીસ વહાણો લઇને નજીક આવ્યો અને અંગ્રેજોનાં વહાણ પર પોતાનાં માણસો મોકલવા માટે પાણીમાં હોડીઓ ઉતારી કે તરતજ અંગ્રેજોએ તોપોનો મારો શરૂ કર્યો. એમ કહેવાય છે કે, ફ્રીગેટ પરથી તોપોનો સખ્ત મારો થવાથી મરાઠાનાં પાંચ વહાણો ભાગી જળમાં ડૂબી ગયાં. આ તરફ પરસ્પર યુદ્ધ ચાલતું હતું, તે સમયે કેટલાંક મનુષ્યો બેટ ઉપરનાં મનુષ્યોને અન્ન આદિ સામગ્રી તથા સરસામાન પહોંચાડી પાછાં ચાલ્યા ગયાં. દૌલતખાને પોતાનું કાર્ય પરિપૂર્ણ થયેલું જોઇ પોતાનાં વહાણ નાગોઠણાના બંદર તરફ હંકાર્યાં. અંગ્રેજોએ પોતાનું ફ્રીગેટ તેની પાછળ છોડયું, પણ ખાનનાં વહાણો ઘણે વેગળે નીકળી ગયેલાં જોઇ તેઓ પાછા વળ્યા. દૌલતખાને નાગોઠણાની ખાડીમાથી ખંદેરી બેટ ઉપર જોઇતો સરસામાન પૂરો પાડવા માંડયો હતો. અંગ્રેજોનાં વહાણ ખાનને વિશેષ પ્રતિબંધ કરી શક્યાં નહિ.

ખંદેરી નજીક મરાઠી અને અંગ્રેજી વહાણોની દોડધામ ચાલતી હતી; તે સમયે મહારાજે પોતાના પાંચ હજાર સિપાઇ કલ્યાણ મોકલ્યા. તેમણે પહેલાંની પેઠેજ વસઇના ફિરંગીઓ પાસે થાણે થઇને મુંબઇ જવાની પરવાનગી માગી; પણ તે તેઓએ આપી નહિ. મરાઠાઓનું સૈન્ય કલ્યાણમાં આવવાના સમાચાર જાણતાંજ મુંબઇના અંગ્રેજોને ઘણી બીક લાગી. ફિરંગીઓ મરાઠા લશ્કરને પોતાના પ્રાંતમાંથી પસાર થવાની પરવાનગી આપશે કિંવા તેમને જોઇતાં વહાણો મળશે તો તેઓ આપણા બેટ ઉપર અવશ્ય ચડાઇ કરશે, એવું તેઓ ધારવા લાગ્યા. તે સમયે તેમના ઘણા સિપાઇ અને સર્વ વહાણ ખંદેરી નજીક રોકાયાં હતાં, તેથી મજગામ નજીક કિંવા માહીમ નજીક પૂર્વના જેવો બંદોબસ્ત કરવાની પણ તેમને અનુકૂળતા નહોતી. અંગ્રેજો અતિશય ગભરાયા અને તેથી તેઓએ મહારાજ સાથે તહનામું કરવા માટે પોતાનો વકીલ રાયગઢ મોકલ્યો.

ખંદેરી નજીક અંગ્રેજોનાં વહાણ એકઠાં થઇ તેઓએ મરાઠા-

નાં વહાણ અટકાવવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો હતો; છતાં તેને નહિ ગણકારતાં મરાઠી વહાણ બેટમાં સરસામાન અને અન્ન આદિ વસ્તુઓ પૂરી પાડયે જતાં હતાં. બેટ ઉપર તોપો ગોઠવવાનું કામ સંપૂર્ણ થતાં મરાઠાઓએ અંગ્રેજી વહાણો ઉપર તોપના ગોળા છોડવા માંડયાથી અંગ્રેજોને પોતાનાં વહાણો વેગળે લઇ જવાની ફરજ પડી. એટલામાં તેમની મદદે સુરતથી થોડાં વહાણ આવી પહોંચ્યાં. તેમાં હંટર નામક એક ફ્રીગેટ હતું. તે પર સોળ તોપ અને છત્રીસ યુરોપિયનો હતા. એ મદદથી અંગ્રેજોને કંઇક હિંમત આવી અને નાગોઠણાની ખાડીને મોખરે રહી મરાઠાનાં વહાણ બહાર નીકળતાં અટકાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ તેમનો એ પ્રયત્ન વ્યર્થ ગયો; કારણકે ખાડીમાં બીજો માર્ગ હતો. તે માર્ગે થઇને મરાઠાનાં વહાણ ખાડી બહાર નીકળી બેટમાં આવ-જા કરતાં હતાં. એ જોઇ અંગ્રેજોએ વિચાર કર્યો કે, ખાડીમાં ધસી જઇ મરાઠાનાં વહાણોને આગ લગાડવી; પરંતુ તેમનો એ વિચાર મુંબઇના ગવર્નરને તથા સુરતના અંગ્રેજી પ્રતિનિધિને યોગ્ય જણાયો નહિ. એમ કરવાથી શિવાજી મહારાજ અતિશય કોપાયમાન થઇ અંગ્રેજોને પાયમાલ કરી નાખશે, એવી તેઓને બીક લાગતી હતી. રાયગઢ ઉપર મોકલેલા વકીલ દ્વારા મહારાજ સાથે તહનામું થશે તો પરસ્પર વચ્ચે ઉત્પન્ન થયેલો કલહ બંધ પડવાની પણ તેમને આશા હતી.

મહારાજે ખંદેરી અને ઉંદેરી બેટ ઉપર પોતાનાં થાણાં સ્થાપવાનો ઉદ્યોગ ત્વરિત ગતિએ ચાલુ રાખ્યો હતો. છતાં અંગ્રેજો તેને અટકાવ કરી શકતા નહિ. ફિરંગી લોકો એ કામમાં તટસ્થ રહ્યા છે, એ સમાચાર જાણી સુરતના મોગલ સૂબેદારને વિશેષ ભય ઉત્પન્ન થયો. આજ પર્યંત શિવાજી મહારાજનું પ્રાબલ્ય માત્ર પૃથ્વી ઉપરજ વિશેષ હતું; પણ હવે સમુદ્ર ઉપર પણ સ્થાપિત થવાથી તેને એ બાજુથી સપાટા વાગવાનો સમય નજીક આવેલો જણાયો. સુરતનું મહત્ત્વ માત્ર પરદેશી વેપારને લીધેજ વધ્યું હતું; તે વેપાર ઉપર અટકાવ પડવાનો અને સુરત શહેર તથા બીજાં બંદરો સત્વર મહારાજના તાબામાં જવાનો તેને ભય ઉત્પન્ન થયો. એ પ્રસંગે સીદીને પણ પોતાનો જંજીરા કિલ્લો મહારાજના તાબામાં જવાની અને પોતાને પાયમાલ થવાની બીક લાગી.

મહારાજનાં વહાણો અટકાવવાની સીદીની ઇચ્છા હતી; પરંતુ તેના લશ્કરને પગાર નહિ મળવાથી તેઓમાં અસંતોષ ફેલાયો હતો. તે મોગલો પાસેથી દ્રવ્યની સહાયતા માગતો હતો; પરંતુ મોગલ બાદશાહ સહાયતા આપવી કે નહિ, તેજ વિચારોમાં ગુંચવાતો હતો. એટલામાં મહારાજે સમુદ્રમાં નવીન થાણું સ્થાપી સર્વને અટકાવવા જેવી યુક્તિ રચેલી જાણી બાદશાહે સીદીને નાણાંની પૂરતી સહાયતા

આપી અને પોતાનાં વહાણોની મદદ સહિત તેને મરાઠાના વહાણ તરફ રવાના કર્યો. સીદી પોતાનાં વહાણ સહિત મુંબઇના બંદરમાં આવી પહોંચ્યો. તેણે પ્રથમ ત્યાંની અંગ્રેજ કાઉન્સિલની મુલાકાત લીધી. તેમની સાથે સલાહમસલત ચલાવ્યા પછી અંગ્રેજોની મદદ લઇ સીદી ખંદેરી બેટ નજીક ગયો. તેણે બેટની આસપાસ ફરી વળી બારીકાઇથી તપાસ કર્યા પછી અંગ્રેજ અમલદારોને કહ્યું કે, “તમે મને મદદ કરશો તો મરાઠાઓનો એ કિલ્લો હું કબજે લઇ શકીશ.” તેનું કહેવું અંગ્રેજોને યોગ્ય જણાયું નહિ. તેઓ જાણતા હતા કે, “સીદી આપણી મદદથી બેટ સર કરી પચાવી બેઠા પછી તેના તરફથી આપણને અતિશય ત્રાસ સહન કરવો પડશે, તેના કરતાં શિવાજી મહારાજ તરફથી થતો ત્રાસ વેઠી લેવો એજ ઠીક છે.” એ વિચારથીજ તેઓ સીદીને સહાયતા કરવામાં ઢીલ કરવા લાગ્યા.

સીદીને અંગ્રેજોએ મદદ કરી નહિ ત્યારે તેણે પોતાનાં વહાણમાંથી બેટ ઉપર તોપોના ગોળા છોડવા માંડ્યા. મરાઠાઓએ પણ બેટમાંથી પોતાની તોપો ફોડવા માંડી. અંગ્રેજો તટસ્થ રહીને બંને વચ્ચેનું યુદ્ધ જોવા લાગ્યા. તેમનું એ વર્તન જોઇ મરાઠાઓએ તેમને ઉપદ્રવ કરવાનું બંધ રાખી ફક્ત પોતાના કટ્ટા શત્રુ સીદી ઉપરજ તોપોનો મારો ચાલુ રાખ્યો. રાયગઢ ઉપર અંગ્રેજોનો વકીલ જઇ તહનામું કરવાની મહારાજને પ્રાર્થના કરતો હોવાના સમાચાર સીદી જાણી ગયો હતો. તેથી તહનામું નહિ થવા દેવાના હેતુથી તેણે થોડાં વહાણ સહિત મુંબઈના બંદરમાં થઇને મહારાજના પ્રાંતમાં પ્રવેશ કર્યો અને ત્યાંનાં ચાર ગામ બાળી ઉજ્જડ કરી પુષ્કળ મનુષ્યો કેદ પકડી લાવ્યો.

સીદીનાં અને અંગ્રેજોનાં વહાણ ખંદેરી બેટ નજીક ફરતાં હતાં પણ તેની દરકાર નહિ કરતાં મરાઠાના પડાઉ નાગોઠણાની ખાડીમાંથી બહાર નીકળી બેટ આગળ જઇ તેમાંનાં મનુષ્યોને માટે અન્ન તથા દારૂગોળો વગેરે વસ્તુઓ પૂરી પાડતા હતા. પોતાનાં સર્વ વહાણો સહિત એક વખત શત્રુ સાથે યુદ્ધ કરવાનો વિચાર કરી દૌલતખાને નાગોઠણાની ખાડીના મુખ આગળ પોતાનાં થોડાં વહાણ લાવી થોભાવ્યાં. સીદી અને અંગ્રેજોએ મરાઠાનાં વહાણોને બહાર આવતાં જોઇ તેમને પ્રતિબંધ કરવાની ધારણાથી તેઓએ પોતાનાં વહાણ ખાડીના મુખ તરફ હંકાર્યાં, શત્રુઓનાં વહાણ આવતાં જોઇ મરાઠાઓએ પોતાનાં વહાણ પાછાં ફેરવ્યાં અને શત્રુઓને ખાડીમાં આવતા અટકાવવા માટે દૌલતખાને પોતાનાં થોડાં વહાણ તેજ સ્થળે રહેવા દીધાં. મરાઠાનાં વહાણ રાત્રિને સમયે અકસ્માત્ નજીક આવી પોતાનાં વહાણ ઉપર આગ સળગાવી દે, એવી બીકે સીદીએ પોતાનો કાફલો પાછો ફેરવ્યો અને તપાસ રાખવા માટે ફક્ત અંગ્રેજોનાં

વહાણ તેજ સ્થળે રહેવા દીધાં. સીદી પુનઃ બેટ તરફ વળ્યો અને તે પર તોપોનો મારો ચલાવવા લાગ્યો; પરંતુ મરાઠાઓએ તેને કિંચિત્ પણ દાદ આપી નહિ.

ખંદેરી ઉપર મરાઠાઓએ તોપો ગોઠવી ઉત્તમ બંદોબસ્ત કર્યાથી તે બેટ કબજે લેવાનો સંભવ નહિ જણાયાથી સીદીએ ઘણી મહેનતે પોતાની તોપો અને મનુષ્યો ઉંદેરી બેટ પર ચઢાવ્યાં. તેણે અંગ્રેજોને કહાવ્યું કેઃ—"આ બેટ હું મારા તાબામાં લઇશ." સીદીનું કૃત્ય જોઇ દૌલતખાન પોતાનાં વહાણ સહિત ખાડીમાંથી બહાર નીકળ્યો અને તેનાં વહાણો ઉપર હુમલો લઈ ગયો. બંને પક્ષ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. તેમાં કોઇનો જયપરાજય થયો નહિ. અંગ્રેજ લોકોનાં વહાણ તે સ્થળે જઈ પહોંચે તે પહેલાં તેમનું યુદ્ધ સમાપ્ત થયું. દૌલતખાન ખંદેરી બેટને કિનારે ઉચ્ચસ્થળ પર તોપો ગોઠવી ત્યાંથી ઉંદેરી બેટ પર ગોળા મારવા લાગ્યો. ઉંદેરી બેટમાંથી તેઓ પર મારો શરૂ થયો. ઉભયપક્ષ તરફથી કેટલાક દિવસ સુધી લાગલાગટ તોપોનો મારો ચાલવા લાગ્યો. ત્યારપછી દૌલતખાન પોતાનાં વહાણસહિત પુનઃ સીદીનાં વહાણ ઉપર તૂટી પડ્યો. ઉભયપક્ષ વચ્ચે ચાર કલાક સુધી જુસ્સાબંધ યુદ્ધ ચાલ્યું. એ યુદ્ધમાં મરાઠાનાં ચાર મોટાં વહાણ અને ચાર નાનાં વહાણ નાશ પામ્યાં. તેમાં આશરે પાંચસો સિપાઇઓ મરણ પામ્યા અને પુષ્કળ સિપાઇઓ સીદીના હાથમાં કેદ પકડાયા, તેમજ દૌલતખાન ઘાયલ થયો. કહેવામાં આવે છે કે, એ યુદ્ધમાં સીદીને વિશેષ નુકસાન થયું નહોતું. યુદ્ધ થઇ રહ્યા પછી મરાઠા લશ્કર ઘાયલ થયેલા મરાઠા સરદારને પોતાનાં બચી ગયેલાં વહાણમાં લઇ રાજાપુર તરફ ચાલ્યું ગયું. ત્યાં ભાગેલાં વહાણ દુરસ્ત કરી નવા સિપાઇઓ સહિત તેઓએ પુનઃ શત્રુ સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી.

અંગ્રેજોનો વકીલ રાયગઢ ઉપર તહનામું કરવા ગયો હતો, તેને મહારાજે અનુકૂળ ઉત્તર આપી તહની કલમો નક્કી કરવા પોતાનો વકીલ પણ મુંબઇ મોકલ્યો. મહારાજની અનુકૂળતા જોઈ અંગ્રેજોએ ખંદેરી નજીકનાં પોતાનાં વહાણ પાછાં મંગાવી લીધાં અને સીદીને વિજય મળ્યો હતો તે તરફ પોતાની નાપસંદગી દર્શાવી. મહારાજનો વકીલ મુંબઇ જઇ તહનામું કરતો હતો, તે બંધ પાડવાની ઇચ્છાથી સીદીએ મરાઠાનાં વહાણો પકડ્યાં હતાં, તે તેણે મુંબઇ વેચવા મોકલ્યાં અને પોતાનાં વહાણો સહિત મુંબઇ બંદરમાં પ્રવેશ કરવાની તેણે અંગ્રેજો પાસે પરવાનગી માગી. અંગ્રેજોએ તેને તેમ કરવાની પરવાનગી આપી નહિ, ત્યારે તે પેનની ખાડીમાં પ્રવેશ કરી બંને કિનારા પરનાં ગામ બાળી ઉજ્જડ કરવા લાગ્યો. કહેવામાં આવે છે કે, એ તોફાનમાં તેણે એક હજારથી વિશેષ મનુષ્યો પકડ્યાં હતાં.

સીદીનું આ ધાંધલ ચાલુજ હતું, એટલામાં ઇ. સ. ૧૬૮૦ ના માર્ચ મહિનામાં મહારાજ અને અંગ્રેજો વચ્ચે પુનઃ તહનામું થયું. તેમાં ઇ૦ સ૦ ૧૬૭૪માં થયેલું તહનામું કાયમ રાખવામાં આવ્યું; તેમજ અંગ્રેજોએ ચોમાસામાં પોતાના બંદરમાં સીદીનાં વહાણોને આશ્રય આપવો નહિ અને આશ્રય આપવાની જરૂર પડે તો તેઓએ તેની પાસેથી મહારાજના પ્રાંતમાં કિંચિત્ પણ ઉપદ્રવ નહિ કરવાનો કરાર કરાવી લેવો, એવું ઠર્યું.

તહનામું થયા પછી ખંદેરી અને ઉંદેરી બેટ મહારાજના તાબામાં આવ્યા. મરાઠાઓને તે બેટમાંથી કાઢી મૂકવાનું એકલા સીદીમાં સામર્થ્ય નહોતું. ઉંદેરી પર તેણે પોતાની તોપો ચઢાવી હતી, એ ઉપર લખવામાં આવ્યું છે; પરંતુ એ બાજુથી મરાઠાઓનો મારો પડવાથી સીદી ટકી શક્યો નહિ. અંતે તેને ઉંદેરી બેટને પોતાના કબજામાં રાખવાનો વિચાર છોડી દેવો પડ્યો. પોતાના બંદર નજીકના એ બેટ મરાઠાઓના તાબામાં જઈ તે પર તેમનાં થાણાં સ્થપાયાથી અંગ્રેજોને ભવિષ્યને માટે મોટી વિષમતા જણાવા લાગી. એ બેટ પોતાના તાબામાં રાખવાની તેમની ઘણી ઇચ્છા હોવાથી, પાછા લેવા માટે તેઓએ મરાઠા સાથે તકરાર કરવાની કોર્ટ ઑફ ડાયરેક્ટર પાસે પરવાનગી માગી; પરંતુ તેમને પરવાનગી મળી નહિ. કોર્ટે અભિપ્રાય આપ્યો કેઃ—"મરાઠા જેવા પ્રબળ મનુષ્યો સાથે વૈમનસ્ય કરીને આપણો ત્યાંનો આશ્રય નાબૂદ કરવો એ ડહાપણભરેલું નથી."

એ બેટ કબજે લીધા પછી ભવિષ્યમાં જે કાર્ય કરવાનો મહારાજનો સંકલ્પ હતો, તેની સિદ્ધિ કરવા મહારાજ જીવ્યા નહિ. ખંદેરી બેટ આગળનું તોફાન બંધ પડ્યા પછી થોડા દિવસમાંજ મહારાજનું દેહાવસાન થયું.



प्रकरण २९ मुं-सज्जनसेवा

અહીં સુધી આપણા મહાપ્રતાપી ચરિત્રનાયકનું જીવનવૃતાંત્ત કથન કરવામાં આવ્યું છે; તેમાં અનેક પ્રસંગે તેમનું શૌર્ય, વીર્ય, ઔદાર્ય, રાજકાર્યનિપુણતા, પ્રજાપાલનપટુત્વ, યુક્તિમત્તા, બુદ્ધિમત્તા, માતૃપિતૃભક્તિ, ઇત્યાદિ ઉજ્જવલ સદ્ગુણોનું દિગ્દર્શન થયું છે; તેજ પ્રમાણે કેટલાક પ્રસંગે તેમની ધર્મશીલતા પણ વ્યક્ત થઈ છે. એ વૃત્તિ મહારાજમાં કેટલી બધી નિઃસીમ હતી, તે તેમનો સાધુસમાગમ અને સાધુસેવા સંબંધીની તેમની પ્રબળ ઉત્કંઠાનાં દૃષ્ટાંત પ્રકટ કરવાથીજ જાણી શકાશે, તેથી એ સંબંધી કેટલીક કથા પ્રકૃત પ્રકરણમાં લખવામાં આવે છે.

સદાચારસંપન્ન અને ધર્મશીલ માતાના સહવાસથી મહારાજના હૃદયમાં અલ્પવયથીજ ધર્મભાવ જાગૃત થયો હતો અને કથાપુરાણ આદિના શ્રવણથી તે ધર્મભાવના ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી ગઇ હતી. ત્યાર પછી મહારાજે દાદાજી કોંડદેવ જેવા ધર્મપરાયણ અને પાપભીરુ પુરુષની દેખરેખ નીચે કેટલુંક વય વ્યતીત કરવાથી એ વૃત્તિને વિશેષ પોષણ મળ્યું હતું. તેમના હૃદયમાં તરુણ વયથીજ જે ધર્મભાવના બંધાઇ હતી, તે અવસાન પર્યંત સુદૃઢ રહી હતી. એ ઉજ્જવલ વૃત્તિને લીધેજ તેમને હમેશાં એવાજ વિચારો થતા હતા કે, માત્ર ઐહિક ઐશ્વર્યપ્રાપ્તિથી જીવનસાફલ્ય થતું નથી. પરલોકસાધનમાંજ ખરૂં જીવનસાર્થક્ય છે. મહારાજના જીવન સમયે મહારાષ્ટ્રમાં સર્વત્ર ભાગવતધર્મનો પ્રચાર થવાથી સર્વ જાતિનાં અને સર્વ દરજ્જાનાં મનુષ્યોને સંતમંડળના બોધામૃત વડે ભક્તિમાર્ગનું સુલભ સાધન પ્રાપ્ત થયું હતું. મહારાજ નિત્ય મુકુંદરાજ, જ્ઞાનદેવ, નામદેવ, એકનાથ વગેરે પૂર્વકાલીન સંતમંડળના ચરિત્રમહિમા અને બોધામૃતનું શ્રવણ કરતા. તેજ પ્રમાણે મુક્તેશ્વર, રામદાસ સ્વામી, વામન પંડિત, તુકારામ બાવા, જયરામ સ્વામી, રંગનાથ સ્વામી, આનંદમૂર્તિ, કેશવ સ્વામી ઇત્યાદિ મહાસાધુઓ અને ગ્રંથકારો, મહારાજના સમકાલીન હોવાથી તેમની કીર્તિ અને કવનો પ્રસંગોપાત મહારાજના સાંભળવામાં આવતાં હતાં. તે સમયે પંઢરપુરમાં વર્ષમાં બે વખત લાખો ભગવદ્ભક્તની મેદની ભરાતી હતી. એ દિવસે ઘણું કરીને પ્રત્યેક

ગામોમાંથી પારાવાર ભક્તો, જ્ઞાનદેવ નામદેવ આદિના અભંગ ગાતા અને 'વિઠ્ઠલ' નામનો ઘોષ કરતા પંઢરપુર જતા હતા અર્થાત્ મહારાષ્ટ્રમાં તે સમયે અત્યંત ધર્મજાગૃતિ થવાથી મહારાજના હૃદય ઉપર તેની સારી છાપ પડવામાં વિલંબ લાગ્યો નહિ. એ સ્પષ્ટ રીતે જાણી શકાય એમ છે.

મહારાજે જે પ્રાંતમાંથી સ્વરાજ્યસ્થાપનાનો આરંભ કર્યો, તેજ પ્રાંતમાં મહાસાધુ જ્ઞાનદેવ અને તુકારામબાવાનાં પગલાં અને સમાધિમંદિરનાં સ્થાનક છે. મહારાજે બાલ્યાવસ્થાથીજ તેમના સંબંધી કથાનક અને તેમણે રચેલાં બોધદાયક કાવ્ય સાંભળ્યાં હતાં. તેમાં તુકારામ બાવાનાં ઉત્કૃષ્ટ કીર્તનો મહારાજે ઉત્સાહપૂર્વક સાંભળ્યાં હોવાથી તેમને એ મહાસાધુ ઉપર અત્યંત આદરબુદ્ધિ ઉત્પન્ન થઇ હતી. તે સમયના કીર્તન કરનારાઓમાં મુખ્ય તુકારામ બાવા અત્યંત ભાવિક અને પ્રેમાળ ભગવદ્‌ભક્ત હોવાથી તેમની બોધવાણી અત્યંત પ્રાસાદિક અને મનોવેધક હતી. મહારાજને તેમનાં કીર્તન સાંભળવાથી અતિશય ઉત્સાહ અને આનંદ થતો. તુકારામ બાવા પ્રસંગોપાત પૂને આવી કીર્તન કરતા, તે સમયે મહારાજ સાંભળવા જતા હતા. ઉપરાંત આસપાસનાં ગામોમાં તેમનાં કીર્તન થવાની વાત જાણી મહારાજ રાત્રે તે ગામમાં જઈ કીર્તન શ્રવણ કરવાનો અવશ્ય લાભ લેતા. તુકારામ બાવાનાં કીર્તન શ્રવણ કરવાનો મહારાજને કેટલો ઉત્સાહ હતો. તેનું એક દૃષ્ટાંત અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

એક સમયે તુકારામ બાવાને કેટલાક ભાવિક ભકતોએ પૂને બોલાવી ઘેરઘેર તેમનાં કીર્તન કરાવવાનું શરૂ કર્યું. તે સમયે શિવાજી મહારાજ સિંહગઢ ઉપર નિવાસ કરતા હતા. તેમને એ સમાચાર મળતાંજ તેઓ દરરોજ રાત્રિને સમયે ગઢ ઉપરથી ઊતરી પૂને કીર્તન સાંભળવા આવવા લાગ્યા.* મહારાજને દરરોજ પૂને આવતા જાણી યવનોએ તેમને પકડવાની ગોઠવણ કરી. એક દિવસ એક વણિકને ઘેર કીર્તન હતું. શિવાજી મહારાજ ત્યાં સાંભળવા આવવાના હતા. ચાકણના યવન કિલ્લેદારને એ ખબર મળતાંજ તેણે મહારાજને કેદ પકડવા બેહજાર પઠાણલશ્કર વણિકના ઘર આગળ મોકલ્યું. પઠાણલશ્કરે વણિકના ઘરની આસપાસ ઘેરો નાખ્યો. લશ્કરના સરદારે મહારાજને પ્રથમ નજરે દીઠેલા નહિ હોવાથી તેણે કીર્તન સાંભળવા બેઠેલાં સર્વ મનુષ્યોને પકડવાનો નિશ્ચય કર્યો હતો. લશ્કરી સિપાઇઓ જોતાંજ કીર્તન શ્રવણ કરવા બેઠેલાં મનુષ્યો ગભરાઇ જઇ ચિંતા કરવા લાગ્યાં. તુકારામ બાવાએ ગડબડનું કારણ પૂછતાં સર્વેએ આવી પડેલું સંકટ નિવેદન કર્યું અને મહારાજને ત્યાંથી નાસી

---

* એક ગ્રંથમાં લખ્યું છે કે, એ કીર્તનો લોહગાંવમાં થતાં હતાં.

જવાની રજા આપવાનું કહ્યું. તુકારામ બાવાએ તેમને ઉત્તર આપ્યો કે, "કીર્તન ચાલતું હોય તે સમયે વચમાંજ ઊઠી જવું યોગ્ય નથી. આજે એકાદશી છે. આજે હરિકથા શ્રવણ કરતાં સર્વને મરણ પ્રાપ્ત થાય તો આપણું મહદ્‌ભાગ્ય સમજવું. વિઠ્ઠલની ભક્તિમાં તલ્લીન થતાં મૃત્યુ પ્રાપ્ત થશે તો કૈવલ્યપ્રાપ્તિ થઇ જન્મમરણનો ફેરો ટળશે. અહીંથી કોઇએ ઊઠી જવું નહિ; એટલું કહીને બાવાએ વિઠ્ઠલ નામોચ્ચારની ગર્જના કરી, પરમ ગદ્‌ગદ અંતઃકરણપૂર્વક દેવનો જયઘોષ ચલાવ્યો. મહારાજે પણ ધૈર્ય ધારણ કરી કીર્તમાંથી નહિ ઊઠવાનો નિશ્ચય કર્યો અને પોતે ભગવદ્‌ભક્તિમાં તલ્લીન થઇ રહ્યા. મહારાજ સાથેના વિશ્વાસુ નોકરોમાંના એક મનુષ્યે ઉપસ્થિત સંકટ જોઈ પોતાના સ્વામીને મુક્ત કરવાની યુક્તિ શોધી કાઢી. તે મહારાજનો શિરપેચ પહેરી એક ઘોડા પર બેસી યવનો તેને જોઈ શકે એવી રીતે ત્યાંથી ચાલ્યો ગયો. મરાઠા ઘોડેસવારને દોડતે ઘોડે ગુપચુપ નાસતો જોઇ પઠાણ ઘોડેસવારોએ તેને શિવાજી મહારાજ જાણી તેની પાછળ પોતાના ઘોડા દોડાવ્યા. ચાંદની રાત હોવાથી તે ઘોડેસવાર જે દિશામાં ગયો તે દિશામાં પઠાણોએ પોતાના ઘોડા દોડાવ્યા. ઘણે વેગળે સુધી જવા છતાં તે પકડાયો નહિ. અંતે ચંદ્રનો અસ્ત થયો. સર્વત્ર અંધકાર છવાઇ ગયો, ઘોડેસવાર આડેઅવળે રસ્તે થઇને ઘણો વેગળે ચાલ્યો ગયો. વણિકના ઘર નજીક થોડા ઘોડેસવાર ઊભા રહ્યા હતા, તેઓ પણ પોતાના આગળ ગયેલા સોબતીઓ પાછળ ગયા હતા. કીર્તન સાંભળવા બેઠેલાં મનુષ્યોએ એ સ્થિતિ જોઇ ત્યારે નિર્ભય થયા અને સર્વે ખુશી થતા પોતાને ઘેર ચાલ્યા ગયા. શિવાજી મહારાજ પણ તુકારામ બાવાની રજા લઈ રાતોરાત સિંહગઢ પર જઇ પહોંચ્યા.×

મહારાજના અંતઃકરણ પર તુકારામ બાવાના બોધની કેવી છાપ પડી હતી, તેનું એક બીજું દૃષ્ટાંત પણ જોવામાં આવે છે. એક સમયે તુકારામ બાવા લોહગાંવમાં રાત્રિસમયે ઘેરઘેર કીર્તન કરવા આવ્યા હતા, એ સાંભળી મહારાજ પોતાનાં મનુષ્યોસહિત એક દિવસ કીર્તન સાંભળવા ગયા. કીર્તનનો આરંભ થયો. તેમાં પહેલું મંગળાચરણજ એવી ખૂબીથી ગાવામાં આવ્યું કે, તે સાંભળી મહા-

---

× કેટલાક ભાવિક મનુષ્યો તે સમયે એવું સમજ્યા હતા કે, પરમેશ્વરે શિવાજી મહારાજનું સ્વરૂપ ધારણ કરી પઠાણોને પોતાની પાછળ દોડાવી ઉપસ્થિત સંકટ નિવારણ કર્યું હતું. રા. મહિપતિએ અને રા. સભાસદે પોતાના ગ્રંથમાં એજ લોકકથા પ્રકટ કરી છે; પરંતુ પોતાના સ્વામીનો જીવ બચાવવા માટે પોતાનો જીવ સંકટમાં નાખવાનું સાહસ કરનાર સ્વામિભક્તોની તે સમયે ખોટ નહોતી.

રાજ તદ્દન સ્તબ્ધ થઇ ગયા. ભાવિક શ્રોતાજનોનાં અંતઃકરણમાં પ્રેમપ્રવાહ રેલાઇ રહ્યો. તેઓ દેહભાન ભૂલી જઇ તાળીઓ વગાડતા અને મુખથી વિઠ્ઠલ નામોચ્ચાર કરતા નાચવા લાગ્યા. મહારાજને પ્રથમ એવો અદ્ભુત ભક્તિરસનો અનુભવ થયો નહોતો. મંગળાચરણ થયા પછી વિષય પ્રતિપાદન કરવાનું કામ શરૂ થયું. તેમાં તુકારામ બાવાએ વૈરાગ્યવૃત્તિનું મહત્ત્વ અને તેનાં લક્ષણનું વર્ણન કરતાં જણાવ્યું કે, વિશ્વમાં 'વિઠ્ઠલ' સિવાય કંઇ વિશેષ નથી. જેને જીવન સાર્થક કરવું હોય તેણે 'વિઠ્ઠલ'ની ભક્તિ કરવાનો સહેલો માર્ગ સ્વીકારવો. એ સંબંધી બાવાએ અનેક ઉદાહરણો સંભળાવ્યાં તથા વચમાં વચમાં તાત્કાલિક જુસ્સો આપતા પ્રાસાદિક અભંગ કહી કીર્તન કર્યું. બાવાએ શ્રોતાવૃંદનાં અંતઃકરણમાં સંપૂર્ણ રીતે ઠસી જાય એવી ખૂબીથી ઐહિક વૈભવની અને ઐશ્વર્યની અસ્થિરતા, સુખવિષયની અનર્થતા તથા જીવનની ક્ષણભંગુરતાનો બોધ કર્યો. એ શ્રવણ કરતાં મહારાજની ચિત્તવૃત્તિમાં વિલક્ષણ પ્રકારનો ફેરફાર થયો. તેઓ પ્રથમથીજ ભાવિક અને સદ્વ્રત પાલન કરતા હતા. તુકારામબાવાનું બોધામૃતભરેલું વકતૃત્વ શ્રવણ કરી તેમનું ચિત્ત તલ્લીન થઇ ગયું. તેમના પ્રબળ અને ભાવિક અંતઃકરણમાં ખાતરી થઇ કે, "બાવાના ઉપદેશ પ્રમાણે વર્તવાથી નિઃસંશય કૈવલ્ય પ્રાપ્ત થશે."

કીર્તન સંપૂર્ણ થયા પછી મહારાજ તુકારામ બાવાની રજા લઇ પોતાને મુકામે ચાલ્યા ગયા અને ત્યાંથી ઊઠી જંગલમાં એકાંત સ્થળે જઇ તેમના બોધનું મનન કરવા લાગ્યા. મહારાજની એવી વૃત્તિ જોઇ કારભારીઓએ તેમની પાસે જઇ તેમને સમજાવ્યું કે, "આ વયમાં આપને ઉદાસીન દશા પ્રાપ્ત થાય એ ઉચિત નથી;" પરંતુ તેમણે તેમના કહેવા તરફ લક્ષ આપ્યું નહિ. તેમણે તેમને કહ્યું કે, "તમો કોઇ મારી પાસે આવશો નહિ; તમારી ઇચ્છા પ્રમાણે મારી ધનસંપત્તિની વ્યવસ્થા કરજો. હું હવે પછી એ તરફ ચિત્તવૃત્તિ રાખીશ નહિ. આયુષ્ય ક્ષણભંગુર છે. દેહ કયારે પડશે તેનો નિયમ નથી, મારા જન્મનું સાર્થક્ય મારે આ ક્ષણથીજ કરવું જોઇએ. રાજ્ય પ્રાપ્ત કરવાની જંજાળમાં ગૂંથાઇ રહી, મોક્ષસુખ પ્રાપ્ત કરવામાં અંતરાય નાખવો એ મને ઉચિત જણાતું નથી." મહારાજનું સંભાષણ સાંભળી કારભારીમંડળને મોટી ચિંતા ઉત્પન્ન થઇ. તેમણે એ સંબંધી જીજાબાઈ માતુશ્રીને પત્ર લખ્યો. જીજાબાઇ શિબિકામાં બેસી તરતજ લોહગાંવ ગયાં. પ્રથમ તેમણે તુકારામ બાવાનાં દર્શન કરી, હાથ જોડી વિનંતી કરી કે, "સ્વામી મહારાજ! આપનું કીર્તન સાંભળી મારો પુત્ર શિવાજી વિરક્ત થયો છે અને સંસારનો ત્યાગ કરી જંગલમાં જઇ બેઠો છે. તેણે સંપાદન કરેલું રાજ્ય હવે કોણ સંભાળશે વારૂ? શિવાજી પુનઃ યવનોને હાથે પકડાશે તો ગરીબ હિંદુ

પ્રજાને વિધર્મી લોકોનો પુનઃ ત્રાસ સહન કરવો પડશે. મારી વિનંતી સ્વીકારી તેને રાજ્ય મેળવવાનો ઉદ્યોગ નહિ છોડવાનો બોધ કરશો.” જીજાબાઇની નમ્રતાભરેલી વિનંતી સાંભળી તુકારામ બાવાએ તેમને આશ્વાસન આપતાં કહ્યું કે, “શિવાજી મહારાજ આજ રાત્રે કીર્તન સાંભળવા આવશે તે સમયે હું તેમને શિખામણ આપી તેમનું મન પુનઃ સંસાર તરફ વળે એવી યોજના કરીશ.”

જીજાબાઇ રાત્રે તુકારામ બાવાનું કીર્તન સાંભળવા ગયાં. મહારાજ પણ નિત્ય નિયમ પ્રમાણે કીર્તન સાંભળવા આવ્યા. એ પ્રસંગે બાવાએ કર્મકાંડનું પ્રયોજન કહી, પ્રત્યેક મનુષ્યે પોતાના ધર્મ પ્રમાણે વર્તન કરવામાંજ શ્રેય છે એવું પ્રતિપાદન કર્યું. તેમણે કહ્યું કે, “હરિભક્તિ માટે સંસારનો ત્યાગ કરી જંગલમાં જઇ બેસવાનું પ્રયોજન નથી. જનસમાજમાં નિવાસ કરી પ્રમાણિકપણે તથા માણસાઇથી સંસારનિર્વાહ કરી પોતાના બાંધવોના સુખમાં શક્તિ પ્રમાણે વધારો કરવા અહર્નિશ તત્પર રહેવું એજ ખરૂં પુરુષત્વ છે. આસપાસનાં જનમંડળની કનિષ્ઠ સ્થિતિ પ્રતિક્ષણે દૃષ્ટિએ પડવા છતાં એવાં દુઃખીજનોનો ત્યાગ કરી કેવળ સ્વમોક્ષ માટે ગિરિગુહામાં જઈ બેસવામાં પુરુષાર્થ નથી. સ્વજનનું કલ્યાણ કરવા માટે સંસારમાં રહેવાની અગત્ય છે. મનુષ્યને માટે ગૃહસ્થાશ્રમના જેવો બીજો આશ્રમ હિતપ્રદ નથી. જગતથી કંટાળીને જેઓ સ્ત્રીપુત્રનો ત્યાગ કરે છે અને શરીરે ભસ્મ ચોળી જેઓ વિરક્ત થાય છે, તેઓથી ઇન્દ્રિયોનું દમન થઇ શકતું નથી; પણ તેઓ પુનઃ પુનઃ મોહવશ થાય છે અને જનમંડળના આક્ષેપને પાત્ર થાય છે. એવી વિડંબના મેળવનાર મનુષ્યને કોઇ સ્થળે માન મળતું નથી અને તેને સાચું મોક્ષસુખ પણ પ્રાપ્ત થતું નથી. તાત્પર્ય એ છે કે, ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સાધુ બની ગમે ત્યાં ભટકતા ફરવું, તેના કરતાં સંસારમાં રહીને નીતિ પ્રમાણે વર્તવું અને પરોપકાર તથા હરિભક્તિ કરવામાં આયુષ્ય વ્યતીત કરવું એજ વિશેષ ઇષ્ટપ્રદ છે.” તુકારામ બાવાએ એ પ્રમાણે સાર્વજનિક બોધ કર્યા પછી રાજાના કર્તવ્ય સંબંધી થોડું વિવેચન કર્યું. તેમાં જણાવ્યું કે, “રાજા સદાચાર ધારણ કરનાર અને પ્રજાપાલનદક્ષ હોય તો તેનાથી પુષ્કળ લોકકલ્યાણ થઇ શકે છે.” પુરાણકથિત અંબરીષ, જનક, ધર્મ આદિ રાજર્ષિનાં દૃષ્ટાંત કહી સંભળાવી પ્રતિપાદન કર્યું કે, “હરિભક્તિ અને સદ્વર્તન સાધ્ય કરવા માટે રાજાએ રાજ્યત્યાગ કરવાની આવશ્યકતા નથી.” તુકારામ બાવાનો અનેક દૃષ્ટાંત સહિત આગ્રહભરેલો સદ્બોધ સાંભળી મહારાજની ચિત્તવૃત્તિ તદ્દન શાંત થઇ. તેમને બાવાનો બોધ સત્ય જણાયો અને તે પ્રમાણે વર્તવામાંજ વાસ્તવિક હિત છે એવો નિશ્ચય થયો. મહારાજ, તુકારામ બાવાનાં અને મા-

તુશ્રી જીજાબાઇનાં ચરણોમાં મસ્તક નમાવી સ્વસ્થાને ગયા. તેઓએ પોતાનો રાજ્યકાર્યભાર પુનઃ ચલાવવા માંડ્યો.

તુકારામ બાવા પર મહારાજની અતિશય શ્રદ્ધાભક્તિ હતી. તેમના હૃદયમાં એ મહાસાધુના સમાગમમાં સદોદિત રહેવાની અને તેમના બોધામૃતનું સેવન કરવાની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થઇ. તેમણે તેમને એજ આશયનો એક પત્ર લખ્યો અને તેમને પોતાની પાસે નિવાસ કરાવવાની ઇચ્છાથી એક કારકુનને પત્ર, ઘોડા, છત્રી વગેરે સરંજામ સહિત બોલાવવા મોકલ્યો. તુકારામ બાવાએ પત્ર વાંચી મહારાજને ઉત્તરમાં કેટલાક અભંગ લખી મોકલ્યા હતા. બાવાએ તેમાં લખ્યું છે કે, "વિરંચિએ સકળ બ્રહ્માંડ રચ્યું છે, તેમાં નાના પ્રકારના યુક્તિયુક્ત ખેલ રચ્યા છે. એ ખેલની યુક્તિના ચાલક તપોનિષ્ઠ જ્ઞાની પુરુષો છે. ગુરુભક્તિ ઉપર વિશ્વાસ હોવો જોઈએ. તારા પત્ર ઉપરથી તારો પ્રેમ તેવોજ જણાય છે. તારૂં પવિત્ર નામ શિવાજી છે. વિશ્વનું સૂત્ર જે છત્રપતિ તે તને મળ્યું છે. વ્રત, નિયમ, તપ, ધ્યાન અને યોગકળા વડે તું નિવૃત્ત થયો છે. મને મળવાની તારી ઇચ્છા થઇ છે; તેથીજ મને પત્રમાં પ્રેમભરેલી એવીજ વિનતી કરી છે. હે ભૂપતિ! તારા પત્રનો ઉત્તર સાંભળ. અમે અરણ્યવાસી, ઉદાસીન, ગમે ત્યાં ફરનાર, અમારૂં દર્શન હીન અને અમંગળ છે. વસ્ત્ર વગર અમારૂં શરીર મલિન થયું છે. અમે અન્ન વગરના ફળાહારી છીએ. અમારા હાથપગ વાંકાચૂંકા છે. એવા દર્શનની તને અભિલાષા શી? મારી નમ્ર વિનતી છે કે, મારી મુલાકાતની ઇચ્છા રાખવી નહિ. તારી પાસે આવીને મારે શું કરવું? ભિક્ષા માગી અન્ન ગ્રહણ કરવું એમાંજ અમારી શ્રેષ્ઠતા છે. વસ્ત્રમાં ચીંથરાં પહેરવાં એમાંજ અમારી સુંદરતા છે. પાષાણ ઉપર નિદ્રા લેવી એજ ઉત્તમ છે. ઓઢવાને માટે આકાશની ચાદર બનાવવી એજ યોગ્ય છે. એવી સ્થિતિમાં રહેવાની ઇચ્છા છે, ત્યાં અમારે બીજાની આશા શા માટે રાખવી? જેમતેમ કરીને આયુષ્ય વિતાડવું. રાજગૃહમાં માનની અભિલાષાએ આવવું કે બીજું કંઇ? ત્યાં સંતોષ અને આનંદ ક્યાં છે? રાજાને ઘેર ઉચ્ચ સન્માન છે ખરૂં, પણ તે કંઇ ઉચ્ચ પ્રકારનું સન્માન નથી. વસ્ત્રાભૂષણ ધારણ કરેલાં મનુષ્યોને જોતાં મને તત્કાળ મરણ આવે છે. એકાંતમાં અમારૂં મન ઉદાસ થવા છતાં પરમાત્મા અમારી ઉપેક્ષા કરશે નહિ. તને એક કૌતુકવાર્તા કહું છું કે, ભિક્ષા જેવું અમને બીજું સુખજ નથી. મોટા મોટા મનુષ્યો તપ, વ્રત અને યાગ કરે છે, પણ તેમાં આશા સમાયેલી છે. તુકો કહે છે કે, અમે અમારા મનનાજ શ્રીમંત છીએ. પૂર્વના દૈવી હરિભક્ત છીએ.[×]"

[×] અભંગના છ પત્રો છે; પરંતુ કેટલાક અભંગમાં અષ્ટપ્રધાન

તુકારામ બાવા તરફથી નિઃસ્પૃહતાભરેલો પત્રોત્તર આવ્યાથી શિવાજી મહારાજની ઇચ્છા અતૃપ્ત રહી ગઇ; તેમ છતાં વિષાદ નહિ થતાં એ મહાસાધુ પ્રત્યે મહારાજની આદરબુદ્ધિ અને પૂજ્યત્વબુદ્ધિ વિશેષ વૃદ્ધિંગત થઈ, મહારાજ બાવાના અવસાન પર્યંત વખતોવખત તેમનાં દર્શન કરવા અને કીર્તન સાંભળવા જતા. બાવા પાસે પૈસા નહિ હોવાથી તેમને વર્ષાસન બાંધી આપી તેમનો જીવનનિર્વાહ સારી રીતે ચાલે એવી ગોઠવણ કરવાની મહારાજની ઇચ્છા હતી; પરંતુ મહારાજનો ઉદ્દેશ પરિપૂર્ણ થતાં પહેલાંજ બાવાનું અવસાન થયું હતું. તેમના બોધામૃતનું પાન કર્યાનો બદલો તેમને નહિ તો તેમના વંશજોને આપવાની ઇચ્છાથી અને તેમણે જીવન પર્યંત જનસમાજમાં સદાચાર અને ઈશ્વરભક્તિનો બોધ ફેલાવ્યો હતો તેનું જ્વલંત દૃષ્ટાંત જગતમાં કાયમ રાખવાની ઉત્કંઠાથી, મહારાજે તુકારામ બાવાના પુત્રને ત્રણ ગામની સનંદ બક્ષિસ આપી હતી; તે હજુ સુધી તેમના વંશજોના તાબામાંજ છે.*

તુકારામ બાવાને ગુરુપદે સ્થાપી તેમના સમાગમમાંજ પોતાનું આયુષ્ય વ્યતીત કરવાની મહારાજની ઉત્કટ ઇચ્છા હતી, તે તેમના અકાળ અવસાનને લીધેજ અપૂર્ણ રહી. તે સમયે ઘણા સાધુસંતો હતા; પરંતુ તેઓ તુકારામ બાવા જેવા નિરપેક્ષ નહિ હોવાથી મહારાજે તેમાંના કોઇને પોતાના ગુરુ કરવા યોગ્ય ધાર્યા નહિ હોય એમ જણાય છે. મહારાજ એક દિવસ મહાડમાં હતા, ત્યારે ત્યાં એક હરિદાસ બાવાનું કીર્તન થતું હતું. મહારાજ કીર્તન સાંભળવા ગયા. હરિદાસે ધ્રુવાખ્યાન શરૂ કર્યું અને ઇશ્વરપ્રાપ્તિ સંબંધી ધ્રુવના અચળ નિશ્ચયનું સરસ વર્ણન કહી સંભળાવ્યું. તે સાંભળી મહારાજના હૃદયમાં વિચાર થયો કે, “ધ્રુવજીને નારદઋષિ જેવા સદ્ગુરુ મળ્યાથી તેઓ મોક્ષ પામ્યા હતા. મને પણ એવોજ કોઇ સદ્ગુરુ મળવો જોઇએ. ગુરુ વગર પરલોકસિદ્ધિ થતી નથી; પરંતુ સાત્ત્વિકતા અને મોક્ષ પ્રાપ્ત કરાવે એવા ગુરુ હોવા જોઇએ.” મહારાજની એવી ઇચ્છા હોવાથી તેમની કસોટીમાં કોઇ સાધુ સાત્ત્વિક જણાતો નહિ. તુકારામ બાવાનું અલૌકિક સાધુત્વ અને ઇશ્વરનિષ્ઠાનું અવલોકન કર્યા પછી તેઓ સાધુઓની ઉચ્ચ પ્રતિની કસોટી કરતા હતા. સ્વરાજ્યસાધનની ખટપટમાં અને સંપાદન કરેલી ધન-સંપત્તિનું રક્ષણ કરવામાં મહા-

---

અને રામદાસ સ્વામી સંબંધી ઉલ્લેખ છે. એ સમયે અષ્ટપ્રધાનની યોજના કરવામાં આવી નહોતી, તેમજ મહારાજને રામદાસ સ્વામીનાં દર્શન પણ થયાં નહોતાં. ઇ૦ સ૦ ૧૬૪૯માં તુકારામ બાવાનું અવસાન થયું હતું એ નિર્વિવાદ છે.

* તુકારામ બાવાના ચરિત્રમાં તેના લેખકે લખ્યું છે, તેજ પ્રમાણે ઘણુંખરૂં અત્રે લખવામાં આવ્યું છે.

રાજનો ઘણો સમય વીતેલો હોવાથી અન્યત્ર જઇને સાધુની સેવાશુશ્રૂષા અને કીર્તનબોધ શ્રવણ કરવાનો તેમને અવકાશ મળતો નહોતો; તેથીજ તેમણે તુકારામબાવાને પોતાની પાસે રહેવા પત્ર લખ્યો હતો; પરંતુ બાવા અત્યંત વિરક્ત હોવાથી તે મહારાજનાં ઐશ્વર્યથી અને બહુ માનપુરઃસર કરેલા આમંત્રણથી વિચલિત થયા નહિ. એ જોઇ મહારાજને ખાતરી થઇ હતી કે, સાચા સાધુપુરુષોનાં હૃદયમાં નિઃસીમ વૈરાગ્યવૃત્તિ હોવાથી તેઓ કોઇની દરકાર કરતા નથી અને તેમને કોઇના આશ્રયની કિંચિત્ પણ પરવા રહેતી નથી. નિઃસ્પૃહ સાધુ આપણી પાસે રહેવા તૈયાર થાય એ પણ કહિનજ છે. તેમ છતાં સાત્ત્વિક સાધુનો સમાગમ થાય અને તેની કૃપાથી કૈવલ્ય પ્રાપ્ત કરી શકાય એવો પ્રયત્ન કરવો જોઇએ. એ ઇચ્છાથી મહારાજ જ્યાં ત્યાં અહર્નિશ સાત્વિક સાધુ શોધતા હતા. સાધુસંતની ખબર મળતાં તેઓ અનુકૂળતા પ્રમાણે તેમનાં દર્શન કરતા અને તેમનો જીવનવ્યવહાર સુખરૂપ ચાલે એવી વ્યવસ્થા કરતા હતા.

રામદાસ સ્વામી, એ મહા સાધુપુરુષ હતા. તેઓ અતિશય વિરક્ત અને સર્વદા અરણ્યભ્રમણ કરતા હતા. તેઓ એક સ્થળે નિવાસ કરી રહેતા નહોતા. તેઓ ચાફળની ટેકરી ઉપર રામચંદ્રજીનું મંદિર અને મઠ બાંધી ઘણુંખરૂં ત્યાંજ નિવાસ કરતા હતા. એ જાણી મહારાજ તેમનાં દર્શન કરવા ગયા. દેવાલયમાં દેવનાં દર્શન કરી ચોકમાં આવ્યા પછી મહારાજે રામદાસ સ્વામીની તપાસ કરી. ટેકરી ઉપર રહેતા મહારાજના અમલદાર નરસોમલ્લનાથે ખબર આપી કે, "સ્વામી હમેશાં મઠમાં રહેતા નથી. તેઓ ઘણુંખરૂં અરણ્યમાંજ રહે છે. તેઓ હમણાં કોંડવણના કિનારા નજીક ભૈરવગઢમાં રહે છે." મહારાજ નરસોમલ્લનાથને રામદાસ સ્વામી સંબંધી સવિસ્તર પૂછપરછ કરતા હતા; એટલામાં વિઠ્ઠલ ગોસાંઈ અને ભાનજી ગોસાંઇ નામક રામદાસ સ્વામીના બે શિષ્યોએ મહારાજને મહાફળ, ગંધ અને પુષ્પમાળાનો પ્રસાદ આપ્યો. મહારાજે પ્રસાદ લઇ તેમને નમસ્કાર કરી પૂછ્યું કે, "આ દેવાલય કોણે બંધાવ્યું છે? સમર્થ મહારાજ આટલા દિવસ થયાં અહીં રહે છે, છતાં હું તેમની સેવા કરી શક્યો નહિ એ શું?" ગોસાંઇએ ઉત્તર દીધો કે, "આપને સમર્થ મહારાજનાં દર્શન થયાં નથી, છતાં આપના તરફથીજ દેવાલય બાંધવાના પૈસા આવ્યા છે." મહારાજે કહ્યું: "તમે ફક્ત મારી ઉદારતા બતાવવાનેજ એ પ્રમાણે કહો છો. તમારી વાત સત્ય હોય તો મારી તરફથી કેવી રીતે અને ક્યારે પૈસા આવ્યા તે કહો." ગોસાંઇએ ઉત્તર આપ્યો કે, "પૂનામાં આપના ઉપાધ્યાયને ઘેર ગિરિગોસાંઈ નાશિકકરનું કીર્તન થયું હતું. આપ ત્યાં પધાર્યા હતા. આપે કીર્તન સાંભળી ખુશી થઇ ત્રણસો હોન આપવા માંડ્યા. તેમણે ઉત્તર દીધો કે, "હું નિવૃત્તિપરાયણ છું,

મને દ્રવ્યની ઇચ્છા નથી.'' આપે કહ્યું હતું કે, '' મેં જે દ્રવ્ય અર્પણ કર્યું તે પાછું લઇ શકાય નહિ. આપ ભગવદ્ભક્ત છો; આપની ઇચ્છા પ્રમાણે એનો ઉપયોગ કરવો.'' ગોસાંઇએ આપને ઉત્તર દીધો હતો કે, '' ચાફળની ટેકરી પર રામદાસ સ્વામી રઘુપતિનું દેવાલય બાંધે છે ત્યાં એ દ્રવ્ય પહોચતું કરજો.'' આપે તે કબૂલ કરી આપના તાબાના મામલતદાર નરસોમલનાથ દ્વારા ત્રણસો હોન સ્વામીને પહોંચાડ્યા હતા. એ સાંભળી મહારાજને પાછલી વાત યાદ આવી. મહારાજ દેવાલયની બહાર આસપાસ ફરવા લાગ્યા. ત્યાં તેમણે જોયું કે ટેકરીની ઉત્તર દિશા તરફ વહન થતા એક જળપ્રવાહના તરંગોથી ટેકરીને નુકસાન થાય છે. મહારાજે નરસોમલનાથને આજ્ઞા ફરમાવી કે, '' જળપ્રવાહ વેગળે લઇ જવો અને તેના પર એક પૂલ બાંધવો. ખર્ચને માટે આપણી તિજોરીમાંથી પાંચસો હોન લેવા.'' એ વ્યવસ્થા કર્યા પછી મહારાજ કોંડવણને કિનારે સમર્થ મહારાજનાં દર્શન કરવા ગયા. ત્યાં તેમનાં દર્શન થયાં નહિ. મહારાજ નિરાશ થઇને પ્રતાપગઢ ઉપર ગયા. ત્યાંથી મહાબળેશ્વર જઇ ત્યાંનાં દેવસ્થાનોમાં દર્શન કરી પુનઃ વાઇ આવ્યા. ત્યાં બ્રાહ્મણભોજન, દાનધર્મ વગેરે કર્યા પછી માહુલીમાં આવ્યા. ત્યાં કૃષ્ણાવેણીના સંગમમાં સ્નાન કરી દાનધર્મ કરવામાં અને બ્રાહ્મણભોજન કરાવવામાં ગૂંથાયા હતા; એટલામાં તેમને રામદાસ સ્વામીનો ઓવીબદ્ધ (પદબદ્ધ) પત્ર મળ્યો.

એ પત્રમાં મહારાજની કીર્તિનાં ગુણગાન લખ્યાં હતાં. મહારાજે પત્ર અતિ પ્રેમપૂર્વક વાંચ્યો અને પત્રવાહક શિષ્યનો આદરસત્કાર કરી ઉત્તર લખી આપ્યો કે, '' સ્વામી મહારાજ! હું અપરાધી છું. આપ ક્ષમાશીલ છો. આશીર્વાદપત્ર પ્રાપ્ત થતાં પરમ આનંદ થયો છે. પત્રમાં શું લખું ? આપે પત્રમાં મારી સ્તુતિ લખી છે, તેને હું પાત્ર નથી. આપનાં દર્શનની મને ઘણા દિવસથી તીવ્ર ઉત્કંઠા થઈ રહી છે. આપનાં દર્શને સત્વર આવીશ. કૃપા કરીને મને દર્શનનો લાભ આપશો અને ઘણા દિવસની મારી ઇચ્છા તૃપ્ત કરશો.'' મહારાજે શિષ્યને પત્ર આપતાં તેમનું નિવાસસ્થાન પૂછ્યું. શિષ્યે ઉત્તર આપ્યો કે, '' હમણાં સ્વામીજી ચાફળમાંજ છે, પરંતુ તેમનો નિયમ નથી; કારણકે ક્ષણવારમાં તેઓ એક સ્થળેથી બીજે સ્થળે ચાલ્યા જાય છે.'' શિષ્ય પત્રનો ઉત્તર લઇ ચાલ્યો ગયો.

બીજે દિવસે મહારાજ સવારીનાં મનુષ્યો સહિત ચાફળ ગયા. રઘુપતિનાં દર્શન કરી રામદાસ સ્વામીનું નિવાસસ્થાન પૂછવા લાગ્યા. શિષ્યમંડળે ઉત્તર આપ્યો કે, '' સમર્થ સ્વામી હમણાં શિંગણવાડીના મારુતિમાં છે. કાલે સાંજે શિષ્ય આપનો પત્ર લાવ્યો હતો. તે કલ્યાણ ગોસાંઇએ આજેજ સ્વામીજીને પહોંચાડ્યો છે. આપ હમણાંજ સ્વામી પાસે નહિ જતાં અહીં નૈવેદ્ય તૈયાર થાય છે, તે દેવને સમર્પણ થયા

પછી મંડળી સહિત પ્રસાદ લઇ પછી જજો; એટલા વખતમાં સ્વામીજીને આપના આગમનના સમાચાર મોકલી ઉત્તર મંગાવું છું." મહારાજે કહ્યું, "આજે ગુરુવાર છે. સ્વામી મહારાજનાં દર્શન કર્યા સિવાય અન્ન ગ્રહણ કરવું નહિ એવો મારો નિશ્ચય છે." શિષ્યોએ કહ્યું:-"ઘણાં મનુષ્યો સહિત જવાથી વખતે સમર્થ મહારાજનાં દર્શન થાય કે નહિ! માટે એકલા જવું યોગ્ય છે." એ સાંભળી મહારાજે દિવાકર ભટ્ટજી નામક એક શિષ્યને માર્ગ બતાવવા સાથે લીધો અને શિંગણવાડીમાં હનુમાનના દેવળમાં આવ્યા. ત્યાં જતાં રામદાસ સ્વામી ટેકરી નીચેના બગીચામાં ગયાના સમાચાર મળ્યા. મહારાજ તે સ્થળે ગયા. સમર્થ સ્વામી બગીચામાં ઔદુંબરના વૃક્ષ નીચે બેસી કલ્યાણ ગોસાંઈએ આપેલો પત્ર વાંચી હસતા હતા; એટલામાં આગળ દિવાકર ભટ્ટજી અને તેની પાછળ મહારાજ જઈ પહોંચ્યા. મહારાજે સ્વામીજીના ચરણ આગળ શ્રીફળ અર્પણ કરી સાષ્ટાંગ પ્રણામ કર્યા. રામદાસ સ્વામીએ આશ્ચર્ય પામી પૂછયું કે, "શિવાજી રાજા! તમે અને પત્ર એ બંને એકજ સમયે આવી પહોંચ્યા! તમે ઘણીજ ત્વરા કરેલી જણાય છે. તમારા દેશમાં હું ઘણા દિવસ થયાં નિવાસ કરૂં છું. આજ પર્યંત તમે મારી ઘણી સેવા કરી છે છતાં આજેજ રૂબરૂ કેમ આવ્યા?" મહારાજે કહ્યું: "હું ઘણા દિવસથી આપનાં દર્શન માટે પ્રયત્ન કરતો હતો; પરંતુ તે આજપર્યંત સફળ થયો નહિ એ માટે મને ક્ષમા આપવી. આજે મને કૃપાપ્રસાદ આપવો, એવી મારી ઉત્કટ ઇચ્છા છે. મનોકામના પૂર્ણ કરનાર આપ સમર્થ છો." રામદાસ સ્વામીએ મહારાજની વિનતી સ્વીકારી. કલ્યાણ ગોસાંઇના કહેવાથી મહારાજે પૂજાનું સાહિત્ય ત્યાંજ મંગાવ્યું. મહારાજે સ્નાન કર્યા પછી દિવાકર ભટ્ટજીએ તેમની પાસે ગુરુપૂજન કરાવ્યું. મહારાજે પૂજા કર્યા પછી સમર્થના ચરણમાં પોતાનું મસ્તક મૂકી સાષ્ટાંગ પ્રણામ કર્યા. સ્વામીજીએ મહારાજને ઉપાસનામંત્રની દીક્ષા આપી અને યથોચિત બોધ કર્યો. દાસબોધ નામક પુસ્તકના તેરમા અધ્યાયના છઠ્ઠા સમાસમાં "લઘુબોધ" નામક જે વિભાગ જોવામાં આવે છે, તેજ બોધ સ્વામીજીએ શિવાજી મહારાજને કહ્યો હતો એમ કહેવામાં આવે છે.

એ બોધ શ્રવણ કરતાંજ શિવાજી મહારાજની વૃત્તિ બદલાઇ ગઇ. તેમણે સ્વામીજીને વિનંતિ કરી કે, "હવે રાજ્ય સંપાદન કરવાની મારી ઇચ્છા પરિપૂર્ણ થઇ છે. રાજ્ય છોડી આપના શિષ્યમંડળ સાથે નિવાસ કરી અવશેષ આયુષ્ય આપની સેવામાં વ્યતીત કરવાની મારી ઇચ્છા છે; તેથી આપના સમાગમમાં રહેવાની મને આજ્ઞા આપશો." તેમની વિનંતિ સાંભળી રામદાસ સ્વામીએ કહ્યું કે, "એટલા માટેજ તમે મારે શરણે આવ્યા છો કે શું? તમારો

ક્ષાત્રધર્મ છે. ક્ષત્રિયે રાજ્યનું રક્ષણ કરીને પ્રજાનું પાલન કરવું જોઇએ. દેવબ્રાહ્મણની સેવા કરવી જોઇએ. તમારે હાથે હજુ પુષ્કળ અલૌકિક પરાક્રમ થવાનાં અવશેષ રહ્યાં છે. પૃથ્વી ઘણા દિવસથી મ્લેચ્છમય થઇ છે. તમારે હાથે તેમનો ઉચ્છેદ કરાવવાની રઘુપતિની ઇચ્છા છે. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને બોધ કર્યો છે, તે તમને વિદિતજ છે. એજ બોધ લક્ષમાં લો. તમારે ક્ષાત્રધર્મ પ્રમાણે વર્તવું જોઇએ. પૂર્વે થઇ ગયેલા રાજાઓની કથા તમે પુરાણમાંથી સાંભળી છે. તમારા પૂર્વજોએ કરેલાં પરાક્રમો તમે સારી પેઠે જાણો છો. તે સર્વ લક્ષમાં લઇ ક્ષાત્રધર્મ પ્રમાણે વર્તવું એજ કલ્યાણપ્રદ છે. એ પવિત્ર કાર્યનો ત્યાગ કરી નિરર્થક કાર્ય કરવાની ઇચ્છા રાખો છો તે યોગ્ય નથી." સ્વામીજીનો ઉપદેશ સાંભળી મહારાજે પોતાનો ઉદ્દેશ-બંધ રાખ્યો અને પોતે સ્વસ્થાનમાં ગયા.

મહારાજ અનુકૂળતા પ્રમાણે પ્રસંગોપાત રામદાસ સ્વામી પાસે જતા હતા અને તેમનો આધ્યાત્મિક બોધ એકચિત્તે શ્રવણ કરતા હતા. એ સત્પુરુષ ઉપર મહારાજને અત્યંત શ્રદ્ધા હતી. અતિશય કાર્યોને લીધે, તેમજ સ્વામીજી પોતાની ઇચ્છાનુસાર ભ્રમણ કરતા હોવાથી મહારાજને તેમનાં દર્શન કરવા માટે ઘણો પ્રયાસ કરવો પડતો હતો; તેથીજ તેઓ વારંવાર તેમની પાસે જઈ દર્શનનો લાભ લઇ શકતા નહોતા. પ્રથમ જાસુસો દ્વારા સ્વામીનું સ્થાન શોધાવ્યા પછી તેમની મુલાકાત લેવાની ગોઠવણ કરવી પડતી. સ્વામીજીનાં દર્શનની સંધિ હમેશાં અનિશ્ચિત હોવાથી મહારાજ તેમને પોતાની પાસે રાખવા આતુર હતા અને તે સંબંધી તેમણે તેમને વારંવાર આગ્રહ પણ કર્યો હતો. અંતે રામદાસ સ્વામીએ મહારાજની ઇચ્છા પ્રમાણે પરળી જઇને રહેવાનું કબૂલ કર્યું હતું. મહારાજ તેમને મોટા ઠાઠમાઠથી ગઢ ઉપર લઇ ગયા. ત્યાં એક ભવ્ય મકાન હતું. તેમાં સમર્થ સ્વામીને રાખવાની મહારાજની ઇચ્છા હતી; પરંતુ મકાન જોઇ સ્વામીજીએ કહ્યું કે, "મકાન જીર્ણ થયું છે, તેને નવું બંધાવવું જોઇએ અને ત્યાં સુધી કિલ્લાના દરવાજા નજીક ઉત્તર દિશામાં ઓરડી છે તેમાં હું મુકામ કરીશ."

એ કિલ્લો થોડા વખત ઉપરજ મહારાજના તાબામાં આવ્યો હતો, તેથી ત્યાંની વ્યવસ્થા સારી નહોતી. મકાનો દુરસ્ત કરાવ્યાં નહોતાં. સ્વામીજીની ઇચ્છાથી કિલ્લો દુરસ્ત કરાવ્યો. કિલ્લા પરના જીજોજી કાટકર નામક હવાલદારને મહારાજે આજ્ઞા ફરમાવી કે, તેણે હમેશાં સમર્થ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવું, તેમજ કિલ્લા પરનાં અને કિલ્લાની નીચેનાં સર્વ મનુષ્યોને સ્વામીજીની આજ્ઞામાં રહેવા સરકારી હુકમ ફેરવ્યો. સ્વામીજીના ભોજન ખર્ચ માટે મહારાજે વાવરદરા નામક ગામની ઉપજ આપવાનો સરકારી ઠરાવ કર્યો.

એ સંબંધી વ્યવસ્થા તેમણે કોંડોપંત નામક કારકુનને સોંપી અને તેને હમેશાં ગઢ પર સ્વામીજીની પાસે રહેવાની આજ્ઞા કરી. રામદાસ સ્વામી જ્યારે પરળી આવી નિવાસ કરવા લાગ્યા, ત્યારે તે કિલ્લાનું નામ સજ્જનગઢ રાખવામાં આવ્યું. સ્વામીજીને મળવા માટે દેશદેશાંતરના સાધુઓ ગઢ ઉપર આવતા હતા; તેથી મહારાજને અનાયાસે તેમનાં દર્શનનો લાભ મળવા લાગ્યો. આગળ જતાં સમર્થ સ્વામીજીનો શિષ્યસમુદાય વિશેષ વધ્યાથી ભોજનખર્ચ માટે વાવરદરા ગામની ઊપજ પૂરતી થઇ નહિ, તેથી મહારાજે વર્ષાસનની રકમમાં ઘણો વધારો કર્યો. વર્ષાસન વધાર્યું તેજ વર્ષમાં મહારાજે કર્ણાટક-પર ચડાઈ કરી હતી. એવું સમર્થ સ્વામીના જીવનચરિત્રમાં લખ્યું છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, ઇ. સ. ૧૬૭૬ માં વર્ષાસનની રકમ વધારેલી હોવી જોઇએ.

સમર્થ સ્વામીના જીવનચરિત્રમાં મહારાજ અને સ્વામીજીની મુલાકાતના અનેક પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં અદ્ભુત ચમત્કાર સમાયલા હોવાથી તે સંપૂર્ણ વાંચ્યા વિના આનંદ પ્રાપ્ત થાય તેમ નથી. એ સર્વ પ્રસંગોનું વર્ણન પ્રકૃત ગ્રંથમાં લખવું ઉચિત જણાતું નથી. તેમ છતાં એ પ્રસંગો પરથી અનુમાન કરી શકાય છે કે, મહારાજના હૃદયમાં ઉત્કૃષ્ટ પ્રકારની ગુરુભક્તિ, સ્વધર્મનિષ્ઠા અને સદાચારશીલતા જેવી સદ્વૃત્તિઓનો વિકાસ થયો હતો; તેથીજ તેઓ રામદાસ સ્વામી જેવા અત્યંત નિઃસ્પૃહી સાધુના આદર અને પ્રીતિને પાત્ર થયા હતા અને તેથી જનક, અંબરીષ, ધર્મ આદિ પુરાણપ્રસિદ્ધ સાધુ, નૃપવરમાં તેમની ગણના કરીએ તો અત્યુક્તિ થશે નહિ.

રામદાસ સ્વામીએ મહારાજને ત્રણ કાર્ય કરવાનો બોધ આપ્યો હતો. એક કાર્ય એ હતું કે, મહારાજ પ્રથમથીજ શંકરની ભક્તિ કરતા હોવાથી પ્રતિવર્ષે શ્રાવણ માસમાં એક કરોડ પાર્થિવ શિવલિંગનું પૂજન કરી બ્રાહ્મણભોજન કરાવવું. બીજું, વિદ્વાન બ્રાહ્મણોનો પ્રસંગોપાત તેઓ સત્કાર કરતા હોવાથી પ્રતિવર્ષે શ્રાવણ માસમાં સ્વરાજ્યના વિદ્વાન બ્રાહ્મણોને આમંત્રણ કરી તેમનો સત્કાર કરવો. રાજ્યવ્યવસ્થાના પ્રકરણમાં પાછળ લખવામાં આવ્યું છે કે, શ્રાવણ માસમાં વિદ્વાન બ્રાહ્મણોની પરીક્ષા લઇ તેમની વિદ્વત્તા પ્રમાણે તેમને દક્ષિણા આપવાનો રિવાજ ચાલુ હતો. ત્રીજું, મહારાજના રાજ્યની સર્વ હિંદુપ્રજાએ એકબીજાને જુહાર કરવાનું બંધ કરી રામરામ કરવા અને પત્રવ્યવહારમાં પરસ્પર રામરામ લખવા. કેટલાકના અભિપ્રાય પ્રમાણે રામરામ કરવાની પદ્ધતિ અસલથીજ ચાલુ હતી એમ કહેવામાં આવે છે. આ સ્થળે મહારાજના ભગવા નિશાન સંબંધી કથાનક લખવું ઉચિત જણાય છે. કહેવામાં આવે છે કે, રામદાસ

સ્વામીના શરીર ઉપરનાં વસ્ત્રો પરથી મહારાજે પોતાના નિશાનનો ભગવો રંગ રાખ્યો હતો. એ સંબંધી આખ્યાયિકા કહેવામાં આવે છે કે:–" એક સમય મહારાજની સવારી સતારામાં હતી, તે સમયે રામદાસ સ્વામી પોતાના શિષ્યમંડળ સહિત તે શહેરમાં ભિક્ષા માગવા ગયા. મહારાજ શહેરમાં હતા તે સ્વામીજી જાણતા નહિ હોવાથી ભિક્ષા માગતા માગતા મહારાજના મહાલય આગળ આવી પહોંચ્યા. મહારાજે એ સમાચાર જાણ્યા, તેજ ક્ષણે બાલાજી આવજી ચિટનીસને સ્વામીજી પર એક ચિઠ્ઠી લખવાનું કહ્યું. તેમાં લખ્યું હતું કે:–" આજ પર્યંત મેં જેટલું રાજ્ય મેળવ્યું છે તે આપને ભિક્ષામાં અર્પણ થાઓ " ચિઠ્ઠી પર મહોર કરી મહારાજે સ્વામીજીની ઝોળીમાં નાખી તેમને ભક્તિપુર:સર નમસ્કાર કર્યા. સમર્થ સ્વામીજીએ પૂછ્યું, " શિવબા ! ભિક્ષામાં અનાજ આપવું જોઈએ તેના બદલામાં તેં ચિઠ્ઠી શા માટે નાખી ?" મહારાજે કહ્યું, " પ્રભો ! ભિક્ષામાં જે આપવું જોઇએ તે આપ્યું છે." સ્વામીજીએ કલ્યાણ ગોસાંઇ પાસે ચિઠ્ઠી વંચાવી. તેમાંનો લેખ સાંભળી સમર્થ સ્વામીએ કહ્યું, " શિવબા ! તેં સર્વ રાજ્ય ભિક્ષામાં આપ્યું છે. હવે તું શું કરીશ ?" મહારાજે ઉત્તર દીધો, " દીનબંધુ ! આપના ઇતર શિષ્યોની પેઠે આપની સેવામાં નિમગ્ન રહેવાની મને ઇચ્છા છે." મહારાજની વૃત્તિ જોઇ સ્વામીજીએ તેમને રામ અને જનકવિદેહીની કથા સંભળાવી અને ધર્મનીતિઅનુસાર રાજ્ય ચલાવી પરોપકાર કરવામાંજ પુરુષાર્થ છે એવો બોધ કર્યો. ત્યાર પછી તેમને પોતાના તરફથી પૂર્વવત્ રાજ્યકાર્યભાર ચલાવવાની આજ્ઞા કરી. મહારાજે સ્વામીજીની આજ્ઞા શિરસાવંદ્ય કરી તે પ્રમાણે વર્તવા માંડ્યું અને સર્વ રાજ્ય રામદાસ સ્વામીનું છે, એવું જણાવવા માટે ભગવા રંગનું નિશાન ચઢાવ્યું."*

આ સ્થળે એક મહત્ત્વના વિષય સંબંધી થોડો ઉલ્લેખ કરવો યોગ્ય જણાય છે. રામદાસ સ્વામીને ગુરુપદે સ્થાપી તેમના પર એટલી બધી ભક્તિ રાખવાથી કેટલાક લેખકો એવો તર્ક કરે છે કે, મહારાજ પ્રત્યેક રાજદ્વારી કાર્યોમાં એ સાધુની સલાહ લેતા હતા. સમર્થ સ્વામીજીનું જીવનચરિત્ર પ્રકટ થયું છે. તેમાં સ્પષ્ટ લખ્યું છે કે, "સ્વામીજીએ મહારાજને ઇ૦ સ૦ ૧૬૪૯ માં શિષ્યદીક્ષા આપી હતી અને તે સમયથી તેઓ સ્વામીજીના ઉપદેશાનુસાર વર્તતા હતા." પરંતુ એ ઇસ્વીસન સત્ય નથી. ચરિત્રમાં લખેલી ઇસ્વીસન વિશ્વસનીય જણાતી નથી. તે ગ્રંથમાં મહારાજના ચરિત્રક્રમસંબંધી ઇસ્વીસન લખી છે, તેમાં કેટલેક સ્થળે ભૂલ થયેલી જણાય છે. રામદાસ સ્વામીનું મહત્ત્વ વધારવાના ઉદ્દેશથીજ ગ્રંથકારે સત્યનો

---

* આ આખ્યાયિકા મહારાજની કોઇ પણ બખરમાં જણાતી નથી.

લોપ કરેલો જણાય છે; કિંવા પૂર્વપરંપરાગત લખાયલી આખ્યાયિકાને સત્ય માની તેનો અનુવાદ ગ્રંથકારે પોતાના ગ્રંથમાં પ્રકટ કરેલો જણાય છે. પૂર્વકાલીન ચરિત્રકાર મહીપતિનું અનુકરણ કરી સાંપ્રત ગ્રંથકારે પોતાના ગ્રંથમાં અદ્ભુત ચમત્કારના પ્રસંગો વર્ણવ્યા છે, તે ઉપરથી તેમની સત્યનિષ્ઠા જણાઇ આવે છે. મહાસાધુપુરુષની લીલાનું વર્ણન કરવામાં અદ્ભુત ચમત્કારોનું કથન અવશ્ય હોવું જોઇએ; એવું સામાન્ય મનુષ્યો સમજતા હોવાથી ઐતિહાસિક નીતિ અનુસાર તેમના ગ્રંથ પ્રમાણભૂત કહી શકાશે નહિ. તેમ છતાં એવા અદ્ભુત કથામય ગ્રંથમાં સત્યનો ઘણો અંશ હોવાથી સત્યશોધક વાચકવર્ગે તે શોધી લેવું જોઇએ. કેટલાક આધુનિક વિદ્વાન વાચકો એ કર્તવ્ય ભૂલી જાય છે; કિંવા તેનાથી પરાઙ્મુખ થાય છે, તેથીજ સામાન્ય મનુષ્યોનો ભ્રમ દૂર થતો નથી. એ વિષયપરત્વે જે ભૂલ થઈ છે, તે સંબંધી ટૂંકમાં લખવામાં આવે છે.

રામદાસ સ્વામીના જીવનચરિત્રમાં, મહારાજને સ્વામીનાં દર્શન પ્રથમ ચાફળની ખીણ પર થયાં. તે સમયે ખીણવાળો પ્રદેશ મહારાજની સત્તામાં હતો અને ત્યાં એક મામલતદાર પણ રહેતો હતો. તેમજ ચાફળ ગામથી પાછા જતી વખત મહારાજ કરાડ, વાઇ અને માહુલી ગામ આગળ થઇને ગયા હતા; તથા વાઇ અને માહુલીમાં બ્રાહ્મણભોજન અને પુષ્કળ દાનધર્મ કરવાનો ઉલ્લેખ કર્યો છે. એ પરથી સ્પષ્ટ જણાય છે કે, એ પ્રાંત પર તે સમયે મહારાજની સત્તા હતી, પરંતુ વાસ્તવિક ઇતિહાસ એવો છે કે, મહારાજે ઇ૦ સ૦ ૧૬૭૩ માં એ પ્રાંત પ્રથમ કબજે કર્યો.* તે પહેલાં તેમના કબજામાં આવ્યો નહોતો. તેજ પ્રમાણે રામદાસ સ્વામીની શિષ્યદીક્ષા લીધા પછી એક બે વર્ષે તેમને પરળીના કિલ્લાપર લઈ જવામાં આવ્યા હતા; અને સ્વરાજ્યદાન કરવાનો પ્રસિદ્ધ પ્રસંગ સતારામાં બન્યો હતો એવું લખવામાં આવ્યું છે; પરંતુ મહારાજે એ બન્ને કિલ્લા ઇ૦ સ૦ ૧૬૭૩ માંજ કબજે કર્યા હતા. તે એકજ ઐતિહાસિક પ્રમાણ ઉપરથી રામદાસ સ્વામીના ભક્તમંડળે લખેલો વાદગ્રસ્ત પ્રસંગ તદ્દન નિરાધાર છે, એમ કહેવામાં અડચણ નથી.

મહારાજના ચરિત્રની જે બખરો પ્રસિદ્ધ થઇ છે, તેમાં અદ્ભુત ચમત્કારિક પ્રસંગનું વર્ણન નથી પણ ઐતિહાસિક કથાનકજ વર્ણવ્યા છે. તેથી એ સર્વ ગ્રંથ ઉપર વિશ્વાસ રાખવામાં અડચણ નથી. મહારાજે કોઈ પણ પ્રસંગે રામદાસ સ્વામીની સલાહ લીધી હોય એવું બખરોમાં લખ્યું નથી. માત્ર એકજ પ્રસંગે અર્થાત્ રાજ્યાભિષેક સમારંભ સમયે તેમણે તેમનો અભિપ્રાય પૂછ્યાનું મળી આવે છે. હવે પ્રશ્ન એ થશે કે, ચિટનીસકૃત બખરમાં અને

---

* જુઓ પ્રકરણ ૨૨ મું.

શ્રી શિવદિગ્વિજય ગ્રંથમાં મહારાજે રામદાસ સ્વામી પાસેથી ઇ. સ. ૧૬૪૯માં દીક્ષા લીધી હતી એમ લખ્યું છે, તે પણ ખોટું કે કેમ? પ્રશ્નના ઉત્તરમાં લખવું જોઇએ કે, સમર્થ સ્વામીના ચરિત્ર-ગ્રંથમાંથી ઉક્ત બખરકારોએ એ વિષયનો ઉતારો કર્યો હોય એવું સ્પષ્ટ જણાય છે. મહારાજ સંબંધી ઇતર જૂના ચરિત્રગ્રંથમાં તેમની શિષ્યદીક્ષા સંબંધી ઉલ્લેખજ નથી. રામદાસ સ્વામીના શિષ્ય દિવાકર ગોસાંઇના વંશજો પાસેથી મળેલા પત્રસંગ્રહમાના કેટલાક અસલ પત્રોના ઉતારા પ્રસિદ્ધ થયા છે.* તે ઉપરથી મહારાજની શિષ્ય-દીક્ષાના સમયનો નિર્ણય થઇ શકે છે. તેમાં જોતાં જણાય છે કે, સ્વામીજી સાથે મહારાજની પ્રથમ મુલાકાત ઇ. સ. ૧૬૭૨માં થઇ હતી. તેજ પ્રમાણે ઇ. સ. ૧૬૭૬ પર્યંત સ્વામીજી પરળી પર કાયમ નિવાસ કરવા આવ્યા નહોતા. આ સ્થળે પણ કોઇને શંકા થશે કે, મહારાજ ઇ. સ. ૧૬૭૨ પર્યંત તેમને પ્રત્યક્ષ મળ્યા નહોતા, પરંતુ તેમની માહિતી હોવીજ જોઇએ. શંકાનું સમાધાન કરતાં કહેવું જોઇએ કે, મહારાજને ઇ. સ. ૧૬૫૮ પર્યંત સ્વામીની ખબરજ નહોતી.× અને

---

* રા. ગો. કા. ચાંદોરકરે કેસરી પત્રના તા. ૨૬ મી જૂન ઇ. સ. ૧૦૦૬ના અંકમાં એક પત્ર પ્રસિદ્ધ કર્યો છે. તેમાં એ પત્રો સંબંધી ઉલ્લેખ કર્યો છે. તેમાંના બે ઉતારા અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે. કેશવ ગોસાંઇએ દિવાકર ગોસાંઇને લખેલો ઉત્તર; "રાજેશ્રી શિવરાજા ભોંસલે સમર્થની મુલાકાતે આવનાર છે. પ્રથમ ભેટ. તેમની બરદાસ્ત કરનાર કોઇ નથી; લખ્યું છે તે જાણ્યું. દેવળનાં મનુષ્યો ઉપયોગમાં લેજો...ચૈત્ર વ. ૧. શકે ૧૫૯૪ (ઇ. સ. ૧૬૭૨) સજ્જનગઢના કિલ્લા પર રહેતા કારકુન જીજાજી કાટકર હવાલદાર પર મહારાજનો પત્ર: "શ્રી. રામદાસ ગોસાંઇ શિવથરીમાં રહે છે. સાંપ્રત કેટલાક દિવસ ગઢ ઉપર નિવાસ કરવા આવશે. તેમને આવવા દેજો, રહે તેટલા દિવસ રહેવા દેજો, જાય તે વખત જવા દેજો... છ. ૮, જમાદિલાખર સન સબ્બાસબૈન, ૧૦૭૭, શકે ૧૫૯૮ (ઇ૦ સ૦ ૧૬૭૬)"

× દિવાકર ગોસાંઇ પર ભાસ્કર ગોસાંઇનો પત્ર:—"શિવાજીરાજા પાસે ભિક્ષા માટે ગયો હતો. તેમણે પૂછ્યું કે, તમે કોણ છો? ક્યાં નિવાસ છે? મેં ઉત્તર દીધો કે, હું રામદાસી શ્રી સમર્થનો શિષ્ય, ચાફળમાં નિવાસ છે. પછી તેમણે પૂછ્યું કે, તેઓ ક્યાં રહે છે? તેમનું મૂળ ગામ કયું? તેના ઉત્તરમાં મેં કહ્યું કે, ગંગાકિનારા પરનાં જાંબાનિવાસી છે. હમણાં ચાફળમાં મઠ બાંધી તેમાં દેવની સ્થાપના કરી ઉત્સવ ચાલુ કર્યાં છે અને અમને સર્વને આજ્ઞા કરી છે કે, તમારે સર્વેએ ભિક્ષા માગી લાવી દેવસ્થાનમાં ઉત્સવ કરવો એટલું કહી હું ચાલ્યો ગયો. રાજશ્રીએ [illegible] દેવના

ત્યાર પછી પણ તેમને સમર્થ સ્વામીનું સ્મરણ રહ્યું હોય એવું જણાતું નથી; કારણકે મહારાજ સમર્થ સ્વામીનાં પ્રથમ દર્શન કરવા ચાફળ ગયા, તે સમયે સ્વામીજીના શિષ્યને તેમણે પ્રશ્ન કર્યો હતો કે, "આટલા દિવસ થયાં મારાથી સ્વામીજીની સેવા થઇ નહિ એ શું?" એ સંબંધી રામદાસ સ્વામીની બખરમાં લખ્યું છે કે, રામદાસ સ્વામીના ઓવીબદ્ધ પત્રમાંથી એ વિસ્મરણનું પ્રબળ પ્રમાણ મળી આવે છે. તેમાં સ્વામીજીએ પોતાની ખબર નહિ લેવાનું અને પોતાનું વિસ્મરણ થયાનું સ્પષ્ટ રીતે લખ્યું છે. વળી એ પત્રમાં મહારાજની સ્તુતિ કરી છે. મહારાજ ઇ. સ. ૧૬૪૯માં કિંવા તે પછી પંદર–વીસ વર્ષે એ સ્તુતિને લાયક થયા હતા એમ કહી શકાશે નાહ. એ સર્વ ઉપરથી કહી શકાય છે કે, ઈ. સ. ૧૬૭૨ પર્યંત સ્વામીજીની અને મહારાજની મુલાકાત થઇ નહોતી. મુલાકાત થયા પછી મહારાજે તરતજ શિષ્યદીક્ષા લીધી હતી કે કેમ, તે નિશ્ચયાત્મક કહી શકાતું નથી. સ્વામીજીની બખરમાંથીજ ઉપરોક્ત હકીકત અક્ષરશઃ લખવામાં આવી છે. તે સત્ય માનવામાં આવે તો મહારાજે વાઈ, કરાડ વગેરે પ્રાંત ઇ. સ. ૧૬૭૨માંજ અને પરળી તથા સતારાના કિલ્લા ઇ. સ. ૧૬૭૩માં કબજે કર્યા હશે એમ જણાય છે. સમર્થ સ્વામીના× શિષ્ય અનંત ગોસાંઇએ ભૈરવભટને એક પત્ર લખ્યો હતો. તેમાં લખ્યું છે કે, "શ્રી શિવાજી રાજા ભોંસલેએ, પરિધાવી નામ સંવત્સરે શિંગણવાડીના મઠમાં પરમાર્થ કર્યો." પરિધાવી નામ સંવત્સર ઇ. સ. ૧૬૭૨માં થાય છે. તે સંવત્સરને ઈ. સ. ૧૬૭૩ના પ્રારંભ સુધી માનવામાં આવે તો કવચિત્ ઉપરોક્ત પ્રાંત મૂળ ગ્રંથમાં લખેલા પ્રથમ જણાવેલા વર્ષમાંજ કબજે કરેલો હોવો જોઇએ.

તુકારામ બાવાના સાંનિધ્યમાં રહેવાની ઇચ્છાથી મહારાજે તેમને

ઉત્સવ માટે પ્રતિવર્ષે બસો હોન મોકલવાનો પત્ર લખ્યો. એ હોન નિયમિત સમયે મળશે. ઉત્તર લખશો. ફાલ્ગુન સુદ ૨, શકે ૧૫૮૦" (રા. દેવે પ્રકટ કરેલા 'દાસબોધ' નામક ગ્રંથની પ્રસ્તાવનામાં ૪૬મા પૃષ્ઠ ઉપર આ પત્ર પ્રકટ થયો છે.) સમર્થ સ્વામીના શિષ્યોને મહારાજ સાથે સંભાષણ થયું, તેમાં ઉક્ત વર્ષાસન સંબંધી લખ્યું નથી. એ લેખ સમર્થ સ્વામીની બખરમાંથી પ્રકટ કર્યો છે. રા. ચાંદોરકરે પોતાના પૂર્વોક્ત પત્રમાં લખ્યું છે કે, શિવરાયે સમર્થ સ્વામીને જે સનંદો આપી હતી તેમાં શકે ૧૫૯૪ (ઇ. સ. ૧૬૭૨) પહેલાંની એક પણ સનંદ નહોતી; અર્થાત્ ભાસ્કર ગોસાંઇએ પોતાના પત્રમાં લખેલી વાર્ષિક રકમ, પ્રતિવર્ષે નિયમિત રીતે મળતી નહિ હોય અને તે સંબંધી સનંદ દ્વારા ઠરાવ પણ થયો નહિ હોય.

× એ પત્ર પણ રા. ચાંદોરકરના પૂર્વોક્ત પત્રના અંશરૂપે અસલ તરીકે પ્રકટ કરવામાં આવેલો છે.

સવારી સહિત પત્ર મોકલ્યો હતો. પ્રત્યુત્તરમાં તે મહાવિરકત સાધુપુરુષે મહારાજને એક અભંગાત્મક પત્ર મોકલી રામદાસ સ્વામીની ભકિતમાં મન તલ્લીન કરવાની ભલામણ લખી છે. એ પરથી કોઇ પ્રશ્ન કરશે કે, એ પત્રવ્યવહાર પહેલાંજ મહારાજને રામદાસ સ્વામીનાં દર્શન અને દીક્ષા મળ્યાં હશેઃ પરંતુ પૂર્વોકત ઐતિહાસિક પ્રમાણ અસત્ય ઠર્યા સિવાય એ પ્રમાણપત્ર ઉપર આધાર રાખી શકાય નહિ. વળી રામદાસ સ્વામીના ચરિત્રમાં મહારાજને શિષ્ય બનાવ્યા તે સંવતને સત્ય માનવામાં આવે તો તુકારામ બાવાનું દેહાવસાન થયું તેજ વર્ષમાં મહારાજને શિષ્ય બનાવ્યા એમ માનવું પડશે. એ જો સત્ય માનવામાં આવે તો સ્વામીજીના શિષ્ય થયા પછી તુકારામ બાવા, રામદાસ સ્વામી અને શિવાજી મહારાજ એઓની પરસ્પર અનેક વખત મુલાકાત થઈ અને પરળીમાં મોટો સમારંભ થયો, તે સમયે તુકારામ બાવા તે સ્થળે આવ્યા હતા. વગેરે બાબત સ્વામીજીની બખરમાં લખી છે, તે સત્ય માની તુકારામ બાવાનો દેહાવસાનકાળ ઘણોજ આગળ માનવો પડે; પરંતુ ઇ. સ. ૧૬૪૯ પહેલાં તેમનો અવસાનકાળ માની શકાયજ નહિ એ નિર્વિવાદ છે. મહારાજે બાવાને પત્ર લખ્યો તે તેમના દેહાવસાન પહેલાં કેટલાક દિવસ અગાઉજ મોકલેલો હોવો જોઇએઃ પરંતુ રામદાસ સ્વામીની બખરમાં મહારાજ તેમના શિષ્ય થયા પછી ઘણે દિવસે પત્ર મોકલ્યાનું લખ્યું છે. ચિટનીસકૃત બખરમાં પણ એવોજ ઉલ્લેખ છે. એ બખરમાં તો એ સંબંધી કંઈક કૃત્રિમ પ્રકાર જણાય છે; તેમાં તુકારામ બાવાના અભંગરૂપ પત્રોત્તરના બે વિભાગ કર્યા છે. રામદાસ સ્વામીનાં દર્શન થયા પહેલાં મહારાજે તુકારામ બાવાને નિમંત્રણ મોકલ્યું, ત્યારે તેમણે જે ઉત્તર મોકલ્યો તેના બે અભંગ પ્રકટ કર્યા છે, અને રામદાસ સ્વામીએ શિષ્ય બનાવ્યા પછી પુનઃ મહારાજે બાવાને દર્શન આપવા માટે વિનતિપત્ર લખ્યો તેનો ઉત્તર બાવાએ મોકલ્યો તેના ચાર અભંગ પ્રકટ કર્યા છે. મહારાજને જ્યારે સમર્થ સ્વામી પર દૃઢ ભકિત ઉત્પન્ન થતાં તેમનાંજ દર્શન કરવાની ઉત્કંઠા થઇ રહી હતી, ત્યારે તુકારામ બાવા પાસે જવાનું તેમને શું પ્રયોજન હતું? માત્ર દર્શન કરવાની ઇચ્છા હતી તો તેમને પત્ર લખી તેડાવવાનું શું પ્રયોજન હતું? મહારાજ હમેશાં પ્રવાસ કરતા હતા અને તેઓ વખતોવખત તુકારામ બાવાનાં કીર્તન સાંભળવાની સંધિ પ્રાપ્ત કરતા હતા, એવો બીજા ગ્રંથમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. શું તે સમયે તેમને બાવાનાં દર્શન નહોતાં થતાં? તાત્પર્ય એ છે કે, ઉપરોકત વિવાદ ઉત્પન્ન કરનારા લેખકોએ તદ્દન બનાવટ કરી છે, એમજ કહેવું પડશે.

હવે આપણે કહી શકીશું કે, જે સમયે તુકારામ બાવા પર

મહારાજને દઢ શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી, તે સમયે સમર્થ સ્વામીનું નામ પણ તેઓ જાણતા નહોતા. આ સ્થળે શંકા થશે કે, તુકારામ બાવાએ પોતાના પત્રરૂપ અભંગમાં રામદાસ સ્વામીના નામનો ઉલ્લેખ કર્યો છે, તેનું કારણ શું? એ શંકાનું સમાધાન કરતાં કહેવુંજ પડશે કે, એ અભંગ પૈકી કેટલાક અભંગ તુકારામ બાવાના રચેલા નથી; પણ બનાવટી છે અને તે મહારાજનો રાજ્યાભિષેક થયા પછી રામદાસ સ્વામીના ભક્તોએ રચી તેમાં દાખલ કર્યા છે, એમ તેમાંના 'છત્રપતિ' વિશેષણ ઉપરથી તથા અષ્ટપ્રધાન સંબંધી લેખ ઉપરથી કહી શકાશે; કારણકે તુકારામ બાવાની હયાતિમાં મહારાજ છત્રપતિ થયા નહોતા, તેમજ અષ્ટપ્રધાનની યોજના પણ થઈ નહોતી. બનાવટ કરનારાઓએ પોતાના ગુરુનું મહત્ત્વ વધારવા માટે સત્યનો લોપ કર્યો ન હોત, તો આજે મહારાજે મહારાષ્ટ્રમાં હીનપણું પ્રાપ્ત કરાવનાર પ્રવાદ પ્રચલિત થાત નહિ, અર્થાત્ મહારાજે રામદાસ સ્વામીના ઉપદેશથીજ સ્વધર્મરક્ષણ અને સ્વરાજ્યસાધન કર્યું હતું, એમ કહેવાય છે તે કહેવાત નહિ. એ પ્રવાદનું સત્યત્વ સ્થાપવા માટે કેટલાક મહારાષ્ટ્રીય ઇતિહાસશોધક ગૃહસ્થો પુરાવા શોધવાનો પ્રયત્ન કરી રહ્યા છે એમ સંભળાય છે; પરંતુ ઉપર પ્રકટ કરેલા પત્રો ખોટા ઠરતા સુધી તેમનો એ પ્રયત્ન વ્યર્થ જશે અને તેમનું એ સંબંધીનું વાક્પાંડિત્ય કેવળ નિરર્થક થશે.

હવે અત્રે એક શંકાનું સમાધાન કરી પ્રસ્તુત પ્રકરણ પૂર્ણ કરવામાં આવશે. એ શંકા એ છે કે, રામદાસ સ્વામી અને શિવાજી મહારાજની પ્રથમ મુલાકાત ઇ૦ સ૦ ૧૬૭૨માં થઇ, તે વર્ષે કિંવા તે પછીના વર્ષના આરંભમાં તેમને શિષ્ય બનાવ્યા એ જ્યારે નિર્વિવાદ છે, ત્યારે સમર્થ સ્વામીના દાસબોધ નામક ગ્રંથમાં મહારાજને ઉપદેશ આપવા જેવાં રાજનીતિ આદિ પ્રકરણો જણાય છે, તે ક્યારે રચાયલાં હોવાં જોઇએ? કારણકે દિવાકર ગોસાંઇએ બહરી ભટને શકે ૧૫૭૬ માં લખેલા પત્ર ઉપરથી સિદ્ધ થાય છે કે, સ્વામીજી શકે ૧૫૭૬ (ઇ૦ સ૦ ૧૬૫૪) પછીનાં દસવર્ષ પર્યંત દાસબોધ નામક ગ્રંથ રચવાના ઉદ્યોગમાં નિમગ્ન થયા હતા. તેણે પત્રમાં લખ્યું છે કે, "શ્રી સમર્થ, ગ્રંથ લખવા માટે દસ વર્ષનો સંકલ્પ કરી, કલ્યાણ ગોંસાઇ, ચિમણાબાઈ આકા અને અનંત કવિને સાથે લઇ શિવથરના જંગલમાં ગયા છે."* શંકાનું સમાધાન એ છે કે, દાસબોધના એકંદર વીસ દશક આજ પર્યંત ઉપલબ્ધ છે; તેમાંના પહેલાં આઠ દશક મૂળ હોવાથી તેટલોજ ગ્રંથ દાસબોધ કહી શકાશે અને બાકીનાં દશક સમર્થ સ્વામીના કોઈ શિષ્યે પાછળથી

---

* રા. ચાંદોરકરના પૂર્વોક્ત પત્રમાંથી એટલો વિભાગ મૂળ લેખ તરીકે પ્રકટ કર્યો છે.

બનાવી ગ્રંથમાં સામેલ કર્યાં હશે કિંવા સ્વામીજીએ આગળ ઉપર પ્રસંગોપાત રચ્યાં હશે. રા. શં. શ્રી દેવે પ્રકટ કરેલા દાસબોધ ગ્રંથની પ્રસ્તાવનામાં એ સંબંધી પુરાવો દર્શાવતાં લખ્યું છે કેઃ– (૧) આઠ દશક પૂરાં થતાં સુધી ગ્રંથરચનાનો પ્રવાહ એકસરખો છે; તેમાં કોઇ પણ સ્થળે પુનરુક્તિદોષ જણાતો નથી. આઠમા દશક પછી અનેક વખત પુનરુક્તિદોષ જણાય છે. શ્રી. સમર્થને મુખ્યતઃ અધ્યાત્મનિરૂપણ કરવું હતું. આઠ દશક પૂર્ણ થતાં સુધી તેમાં અધ્યાત્મ સિવાય બીજો કોઈ વિષય નથી અને તેમાં 'રાજકીય' શબ્દ પણ નથી. હજુ તેમને શિવાજી મહારાજનું સ્મરણ થયું નહોતું. 'રાજકીય' શબ્દ પ્રથમજ નવમા દશકમાં અણચિંતવ્યો આવી પડ્યો છે. (૨) × × × જ્ઞાનદશક રચ્યા પછી ગ્રંથ સંપૂર્ણ કરવાના હતા. (૩) નવમા દશકના છઠ્ઠા સમાસનું બીજું પદ્ય જોતાં સિદ્ધ થાય છે કે, એ દશક દાસબોધમાં લખ્યું નથી. નવમા દશકથી બીજા દશકની પણ એજ સ્થિતિ સમજવી અને બારમા દશકમાં કોઈક સ્થળે શિવાજી મહારાજને ઉદ્દેશી બોધ લખ્યાનું કહેવામાં આવે છે, તે ઇ૦ સ૦ ૧૬૭૨ પછી રચેલાં હોવાં જોઇએ. સર્વ વાદવિવાદ તપાસતાં એવા નિર્ણય ઉપર આવી શકાય છે કે, સમર્થ સ્વામીના ભક્તો તેમના બોધની જે મહત્તા ગાય છે તે મહારાજે સ્વરાજ્યસાધન અને સ્વાતંત્ર્યસંપાદન સંબંધી ઉદ્યોગ પરિપૂર્ણ કર્યા પછીજ તેની ઉત્પત્તિ થઇ છે. કિંબહુના મહારાજના અલૌકિક કર્તવ્ય ઉપરથીજ સ્વામીજીને એવો બોધ સૂઝ્યો હશે.

દાદાજી કોંડદેવે સ્વરાજ્ય સ્થાપવાનો આરંભ કરી મહારાજને તે માર્ગ બતાવ્યો અર્થાત્ શાહજીરાજાના કારકુને મહારાજ સમક્ષ સ્તુત્ય ઉદ્યોગ શરૂ કર્યો હતો, એવું કહેનાર ઇતિહાસપંડિત અમારા દેશમાં ઝળકી રહ્યા છે; પરંતુ પાછળ તેમની માન્યતા તદ્દન અસત્ય દર્શાવવાનો યત્ન કર્યો છે. તેજ પ્રમાણે શિવાજી મહારાજે કરેલાં સર્વ કર્તવ્યોનું શ્રેય રામદાસ સ્વામીને આપવાનો પ્રયત્ન કરનારાઓ કેટલા સત્યવાદી છે, તે ઉપરોકત વિવેચન ઉપરથી વાચકવર્ગના લક્ષમાં આવશે, એવી આશા છે.

प्रकरण ३० मुं–अंतकाळ

ખંદેરીએટ ઉપર થાણું સ્થાપી મહારાજે અંગ્રેજ અને સીદીને સ્વસ્થ કર્યા હતા, એ સંબંધી પાછળ લખવામાં આવ્યું છે. ત્યાર પછી મહારાજને સમાચાર મળ્યા કે, ઔરંગાબાદના લશ્કરના ખર્ચ માટે દિલ્હીથી પુષ્કળ રૂપિયા આવે છે. મહારાજે તરતજ ગુપ્ત રીતે પોતાના ઘોડેસવાર સહિત મોગલાઇ તિજોરી લાવનાર મનુષ્યો ઉપર હુમલો કર્યો અને તમામ દ્રવ્ય કબજે લઇ શત્રુઓ અટકાવે તે પહેલાં ત્વરિત ગતિએ રાયગઢ જઈ પહોંચ્યા. એ ઉતાવળમાં મહારાજને ઘણો થાક લાગવાથી તેમની છાતીમાં દુખાવો થયો. થૂંકમાં લોહી પડવા લાગ્યું અને શરીરમાં ઝીણો તાવ ભરાવા લાગ્યો.* મહારાજનો વ્યાધિ પ્રતિ દિવસ વધવા માંડ્યો. કારભારીઓએ વિદ્વાન વૈદ્યો તેડાવી તેમને ઔષધોપચાર કરવા માંડ્યા. અનેક દેવની બાધા રાખી. સર્વ પ્રકારનાં અનુષ્ઠાનો કર્યાં. માત્રિક લોકોને બોલાવી અનેક પ્રકારના મંત્રજંત્ર કરાવ્યા; અર્થાત્ સર્વ પ્રકારના ઉપાય કરી જોતાં મહારાજનો વ્યાધિ ઓછો થયો નહિ.

મહારાજે પોતાના મંદવાડની વાત પ્રકટ નહિ કરવાની સર્વને સખ્ત તાકીદ આપી હતી. કવચિત્ તેમ થયું હોત તોપણ કોઈ

---

* સભાસદ અને ચિત્રગુપ્ત લખે છે કે, તેમના શરીરમાં શીતજ્વર ઉત્પન્ન થયો હતો. ચિટનીસ અને રાયરીના બખરકર્તા લખે છે કે, તેમને જ્વરનો વ્યાધિ થયો હતો. ગ્રાંટ ડફ લખે છે કે, તેમને ઘૂંટણમાં સંધિવા થયો હતો. બુંદેલાની બખરમાં મરણનું કારણ જુદુંજ લખ્યું છે. તે લખે છે કે, મહારાજે જાલના શહેર પર હુમલો કર્યો તે વખતે તેમના સિપાઇઓએ ત્યાંના ફકિરોને ત્રાસ આપતાં તેમણે મહારાજને શાપ દીધો; તેથી તેઓ માંદા પડી મરણ પામ્યા ! શિવદિગ્વિજયમાં એથી પણ વધારે ચમત્કારિક કારણ લખ્યું છે કે, મહારાજની દ્વિતીય પત્ની સોયરાબાઇએ તેમને વિષ ખવડાવ્યું. તેનું કારણ એ હતું કે, શંભાજી પન્હાળામાં કેદ હતા તે સંધિ જોઇને પોતાના પુત્ર રાજારામને ગાદી પર બેસાડી શકાય. મૂળ હકીકત ડો. ક્રિયર અને પ્રસિદ્ધ ઇતિહાસકાર આર્મીના ગ્રંથ ઉપરથી પ્રકટ કરી છે.

સાચું માનત નહિ; કારણકે એવી વાતો પ્રથમ ઘણી વખત પ્રસર્યો પછી મહારાજ અનેક ચડાઈમાં ગયેલા જણાયા હતા, એવું મુસલમાન બખરકારો લખે છે. સાંપ્રત સમયે મહારાજના લશ્કરે સુરતના કિનારા પર્યંત જઇ પહોંચી શહેર ઉપર સખ્ત રીતે હુમલો કર્યો હતો. શહેરમાંનાં મનુષ્યોએ અનુમાન કર્યું હતું કે, શિવાજી મહારાજ સ્વયં સુરત શહેર પર હુમલો કરવા આવ્યા છે. શહેરનાં મનુષ્યોના જીવ ઊડી ગયા હતા. અંગ્રેજ વેપારીઓએ પોતાના પૈસાટકા તાપી નદીને પેલે પાર સ્વાલી તરફ પોતાના વહાણ ઊભાં હતાં તે પર મોકલી દીધાં. સુરતના મોગલ સૂબેદારે આ સમયે પુષ્કળ ખંડણી આપી મોરોપંત પેશ્વાને પાછો વાળ્યો. એ ચડાઇમાં મહારાજ સ્વતઃ જવાના હતા; પરંતુ શરીરમાં દુખાવો થવાથી તેમનું જવાનું અટકી પડયું હતું. ગુજરાત પ્રાંતમાં લૂંટફાટ કરીને અને ખંડણી વસૂલ કરીને મોરોપંત રાયગઢ પર આવ્યો તે સમયે મહારાજની પ્રકૃતિ અત્યંત બગડી હતી.

અંત સમય સમીપ આવેલો જાણી મહારાજે પોતાના પ્રધાન, કારભારી વગેરે આપ્તમંડળને પોતાની પાસે બોલાવ્યા. તે સમયે મહારાજ પાસે મોરોપંત પેશ્વા, પ્રહ્લાદ પંત ન્યાયાધીશ, બાલાજી આવજી ચિટનીસ, રામચંદ્ર પંત અમાત્ય, રાવજી સોમનાથ, સૂર્યાજી માલુસરે, બાજી કદમ, મહાદજી નાયક, પાન સંબળ, વગેરે ગૃહસ્થ હતા. મહારાજે તેમને કહ્યું: "મારા આયુષ્યની મર્યાદા પૂરી થઇ છે. હવે મારો અવસાનસમય જણાય છે. હવે મારો દેહ ટકશે નહિ. મારા પિતાની ચાળીસ હજાર હોનની જાગીર હતી, તે વધારી મેં એક કરોડ હોનનું રાજ્ય મેળવ્યું છે. એંસી હજારની પાયગા બનાવી છે. મારૂં રાજ્ય શૂરવીરપણાથી, હિંમતથી અને હોશિયારીથી ચલાવે એવો મારી પાછળ પુત્ર નથી. રાજારામ નાની ઉંમરનો છે. તે જો જીવતો રહેશે તો મારૂં રાજ્ય સંભાળી તેમાં વધારો કરશે. શંભાજી જ્યેષ્ઠ પુત્ર છે તે રાજકાર્યનો માહિતગાર છે, પરંતુ તેનામાં બુદ્ધિ નથી. બંને પુત્રોને રાજ્ય વહેંચી આપવાની મારી ઇચ્છા હતી પણ શંભાજીએ તે માન્યું નહિ. તેમ છતાં રાજ્યના વિભાગ કરવામાં આવે તો મારા તાબાના ચાર શ્રીમંત સરદારો એકબીજાથી વિરુદ્ધ થાય અને રાજ્યવૃદ્ધિ ન થતાં માત્ર કલહજ ઉત્પન્ન થાય એમ છે; એથી એકબીજાની મર્યાદા જળવાશે નહિ. જ્યેષ્ઠ પુત્રે રાજ્ય કરવું અને કનિષ્ઠ પુત્રે તેની આજ્ઞા પાલન કરી સેવા કરવાનો રાજધર્મ છે; પરંતુ મારા પુત્રો તે પ્રમાણે વર્તે એવો સંભવ નથી. શંભાજી મારી પાછળ રાજ્ય ગુમાવશે. શંભાજીને જ્યેષ્ઠ પુત્ર જાણી લશ્કરના પ્રસિદ્ધ શૂરા સરદાર તેના પક્ષમાં જશે. રાજારામને નાનો પુત્ર જાણી લશ્કર તેના પક્ષમાં નહિ જવાથી તેનો પક્ષ દુર્બળ થશે.

કારભારીઓ રાજારામના પક્ષમાં રહેશે. એમ થવાથી રાજ્યમાં બે પક્ષ બંધાશે. શંભાજી પ્રતિષ્ઠિત પુરુષોને કેદ પકડી દેહાંતદંડની શિક્ષા કરશે. શ્રીમંત સરદારોનું માન ખંડન કરી તેમનાં ખૂન કરશે. ક્ષુદ્ર મનુષ્યોનું જોર વધી જશે, નામાંકિત અને આપ્ત જેવા જે પુરુષોએ શ્રમ અને સાહસ કરી આજ પર્યંત મને સહાયતા આપી છે તેમનું અપમાન અને અપ્રતિષ્ઠા કરી રાજ્યપદ્ધતિ બગાડી નાખશે. તે કેફી અને વ્યભિચારી હોવાથી તેની મતિ ભ્રષ્ટ થશે અને મદાંધપણે વર્તશે. રાજ્યમાં નિર્દય, અવિચારી અને કૃતઘ્ન લોકોનું ચલણ થશે અને સર્વત્ર અરાજકતા પ્રસરી રહેશે. શંભાજી દ્વારા રાજ્યની તિજોરી ખાલી થઇ જશે. મેં સદ્ગુણસંપન્ન મનુષ્યો મેળવી સ્વરાજ્યનો પાયો નાખ્યો છે. મારી પાછળ તેમની દુર્દશા અને અપમાન થવાથી તેઓ રાજ્યમાં રહેશે નહિ! મારા રાજ્યમાં એવો ગોટાળો થયેલો જાણી ઔરંગઝેબને લાગ મળશે. તે આજ પર્યંત મારી બીકે પોતાના સ્થળમાંથી ડગી શકતો નથી; પણ મારા રાજ્યમાં અવ્યવસ્થા જોઈ પ્રચંડ લશ્કર સહિત દક્ષિણમાં સવારી કરશે. આદિલશાહી અને કુતુબશાહી દુર્બળ થઇ છે તેનો પ્રથમ નાશ કર્યા પછી, બાદશાહ આપણા રાજ્ય ઉપર ચડાઇ લાવશે. શંભાજી સ્વરાજ્યનું રક્ષણ કરી શકશે નહિ. ઔરંગઝેબ તેનો નાશ કરવા પ્રવૃત્ત થશે. કેફી મનુષ્યોને દગો કરવામાં વિલંબ લાગતો નથી. રાજારામ જીવતો રહેશે તો મારા વિશ્વાસુ સરદારોની સહાયતાથી દુશ્મનના તાબામાં ગયેલું રાજ્ય પાછું મેળવશે. આમ ભવિષ્યમાં મને આપણા રાજ્યની ઉત્કૃષ્ટતા જણાતી નથી.”

મહારાજના અંતકાળનું નિરુત્સાહપ્રદ ભાષણ સાંભળી નજીક ઊભેલા સર્વ મનુષ્યોનાં અંતઃકરણ ભરાઇ આવ્યાં. તેમનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેમને અત્યંત દિલગીર થતા જોઇ મહારાજે કહ્યું: “ તમે અણુમાત્ર શોકાંકિત થશો નહિ. ઇશ્વરે માનવી દેહમાત્રને માટે મૃત્યુ નિર્માણ કર્યું છે. આ મૃત્યુલોક છે. જેટલાં જન્મ્યાં છે તેટલાં જવાનાં છે. કોઇ ચિરંજીવ રહેવાનું નથી. ધન, સુત, જાયા, વીરશ્રી, પરાક્રમ, અહંકાર એ સર્વ મિથ્યા છે અને સર્વ અહીંનું અહીંજ રહેવાનું છે. તેમાં લુબ્ધ રહી મોહવશ થવાથી માત્ર ચિત્તવૃત્તિ ચંચળ થાય છે. તેમાં કંઇ હિત નથી. જે સમયે જે બને તેને ઉપભોગ્ય માની નિરપેક્ષ ચિત્તે વર્તવું એમાંજ કલ્યાણ છે. તમે સર્વ પરાક્રમી છો. બનતે પ્રયત્ને સ્વરાજ્યનું રક્ષણ કરજો. સર્વ મનુષ્યો એકસંપ કરી વર્તજો. મારો વ્યાધિ મટાડવા તમે તમારાથી બનતો પ્રયત્ન કર્યો છે; પરંતુ સર્વ મનુષ્યોના પ્રયત્ન નિષ્ફળ થયા છે. હવે પ્રયત્ન કરશો નહિ. મારૂં આયુષ્ય પૂર્ણ થયું છે. હું સ્વર્ગમાં જવા તૈયાર થયો છું. હવે તમે સાવધ રહેજો. મારી પાછળ યુક્તિપૂર્વક રાજ્યનું રક્ષણ કરજો. સર્વ ભરતખંડ જીતવો, દિલ્હીનું તખ્ત લેવું,

શ્રીભાગીરથીને ત્રાસમુક્ત કરવી અને અટક જઇને પેલે પારના રાજ્ય ઉપર ચડાઇ લઇ જઇ ત્યાં રાજ્ય ચલાવવું, એવી મારી ઉત્કટ ઇચ્છા હતી તે અપૂર્ણ રહી. મારૂં આયુષ્ય પૂર્ણ થયું છે. તમે એ વાતનો શોક કરશો નહિ. વિવેકબુદ્ધિથી ચિત્તને સંતોષ આપજો." એમ કહી સર્વને દીવાનખાનાની બહાર જવાની આજ્ઞા કરી.

ત્યાર પછી મહારાજે ગંગોદક મંગાવી પ્રાયશ્ચિત્તવિધિપૂર્વક સ્નાન કર્યું. સર્વાંગે અગ્નિહોત્રની ભસ્મલેપન કરી, રુદ્રાક્ષની અને તુલસીની માળાઓ ધારણ કરી, દર્ભાસન ઉપર બેસી મહાન પંડિતોને અને સંન્યાસીઓને પોતાની પાસે બોલાવ્યા. તેમની પાસેથી આત્માઅનાત્મા સંબંધી ઉપદેશ સાંભળી, મહારાજ વિરક્તિ ધારણ કરી ભગવદ્ભજન કરવા લાગ્યા અને કથાકીર્તન આદિ શ્રવણ કરી સમય વ્યતીત કરવા લાગ્યા. પોતાની સમક્ષ સો ગાયોનું દાન કરાવ્યું અને દ્રવ્ય દ્વારા સહસ્ર ગોપ્રદાનનો સંકલ્પ કર્યો. ભગવદ્ગીતા અને વિષ્ણુસહસ્રનામના પાઠ વંચાવવા માંડ્યા. બ્રહ્મવૃંદની વેદવાણીનો ઘોષ ચાલતો હતો તે સમયે, શકે ૧૬૦૨, રૌદ્રનામ સંવત્સરે, ઉત્તરાયણી ચૈત્ર સુદિ પૂર્ણિમા અને રવિવારને દિવસે મધ્યાહ્નને સમયે, (તા. ૫ એપ્રિલ ઇ૦ સ૦ ૧૬૮૦) 'શ્રી રામ' શબ્દનો ઉચ્ચાર કરી મહારાજે અત્યંત શાંતચિત્તે સ્વસ્થતાપૂર્વક પોતાના દેહનો ત્યાગ કર્યો. મરણપર્યંત અવિશ્રાંત પરિશ્રમ અને પરાક્રમ વડે સંપાદન કરેલું ઐશ્વર્ય અને રાજ્યસંપત્તિનો ત્યાગ કરી જતાં તેમને કિંચિત્ પણ શોક થયો નહિ, એ કાંઇ જેવુંતેવું ધૈર્ય નહોતું. ધર્મપરાયણતા વડે મનોજય પ્રાપ્ત કરવાનું તેમનામાં કેટલું સામર્થ્ય હતું, તે આ ઉપરથી સ્પષ્ટ વ્યક્ત થાય છે. શાસ્ત્રમાં વર્ણવેલા રાજર્ષિના રાજધર્મ પ્રમાણે વર્તન કરી, રાજ્ય પોતાના પુત્રોને સ્વાધીન કરી, સર્વનો સંબંધ ત્યાગ કરી, ઇશ્વરપ્રાપ્તિના માર્ગનું અખંડ અવલંબન કરવું, એવા વિચાર મહારાજના અંતઃકરણમાં વારંવાર ઉત્પન્ન થતા હતા; પરંતુ ભારતભૂમિમાંથી યવનબાદશાહી સમૂળ ઉખેડી નાખી, હિંદુરાજ્ય સ્થાપવાનો તેમનો સંકલ્પ અપૂર્ણ હોવા છતાં અને પોતાની પાછળ પોતાના પુત્ર સ્વરાજ્યનું રક્ષણ કરી પ્રજાનું યથાન્યાય પાલન કરવા અશક્ત જણાયા છતાં, રાજ્યત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવાથી પ્રજાનું અહિત થઇ રાજ્યનો નાશ થશે અને તેમ થવાથી સર્વત્ર પોતાની અપકીર્તિ થશે, એમ જાણી મહારાજે સંસારત્યાગ કરવાનો વિચાર બંધ રાખ્યો હતો. અંતે તેમણે નિશ્ચય કર્યો હતો કે, સંસારમાં રહીનેજ ધર્માચરણ કરવું, સત્સમાગમ કરવો, વિષયસુખમાં આસક્ત થવું નહિ અને યથાયોગ્ય સ્વકર્તવ્ય કરી મોક્ષસાધન પ્રાપ્ત કરવામાંજ ખરો પુરુષાર્થ છે. સંસારત્યાગ કરવાથી સ્વકર્તવ્યથી પરાઙ્મુખ થવાશે અને બીકણપણું વ્યકત થશે એવું તે માનતા.

મહારાજનું દેહાવસાન થયું તે સમયે સર્વ કારભારી, સરદાર અને આપ્તજનોને અત્યંત દુ:ખ થયું. આબાલવૃદ્ધ શોકસાગરમાં નિમગ્ન થયાં. પ્રધાનમંડળે કિલ્લાના દરવાજા બંધ કરાવી, મહારાજના અવસાનની વાર્તા બહાર પ્રસરે નહિ એવી સાવચેતી રાખી. સર્વ રાજચિહ્ન સહિત મહારાજની શબયાત્રા કાઢી તેમના મૃત શરીરને શાસ્ત્રવિધિપૂર્વક અગ્નિદાહ દીધો. મહારાજની તૃતીય પત્ની પૂતળાબાઇ તેમની સાથે સતી થઇ. સાબાજી ભોંસલે[1] શિંગણાપુરકર દ્વારા રાજારામને હાથે ઉત્તરક્રિયા કરાવીને પુષ્કળ દાનધર્મ કરવામાં આવ્યું.

મહારાજને સાત સ્ત્રીઓ હતી:–(૧) સઇબાઈ (એ ફલટણના પ્રખ્યાત કુટુંબમાંની હતી),[2] (૨) સોયરાબાઇ (એ શિર્કે કુટુંબમાંની હતી), (૩) પૂતળાબાઈ[3] (૪) સકવારબાઇ (ગાયકવાડ કુટુંબમાંની) અને (૫) સગુણાબાઇ, (શિર્કેના કુટુંબમાંની હતી), (૬) લક્ષ્મીબાઈ અને (૭) ગુણવંતાબાઇ. સઇબાઇને શંભાજી, સખુબાઇ અને અંબિકાબાઇ એમ ત્રણ સંતાનો હતાં. સખુબાઇને ફલટણના મહાદજી નાયક નિંબાળકર સાથે પરણાવેલી હતી. તે મહારાજનો કંઇક સગો થતો હતો અને કંઇ કારણથી મુસલમાન થઈ ગયો હતો. તેને શુદ્ધ કરીને હિંદુધર્મમાં લેવાની જીજાબાઇની ઇચ્છા થવાથી બજાજીને તેણે પ્રાયશ્ચિત્ત કરાવ્યું અને હિંદુધર્મમાં લીધો. પોતાની જ્ઞાતિમાં લીધા બદલ કોઇને શંકા આવે નહિ માટે તેના પુત્ર મહાદજી સાથે જીજાબાઇએ સખુબાઇનાં લગ્ન કરી આપ્યાં. સઇબાઇની બીજી છોકરીને હરજીરાજા મહાડિક તારળેકરની સાથે પરણાવી હતી. સોયરાબાઇને રાજારામ અને દીપાબાઇ નામનાં બે સંતાન હતાં. દીપાબાઇનું લગ્ન વિસાજીરાવ નામના એક સરદાર જોડે થયું હતું. સકવારબાઇને કમળાબાઇ કરીને એક છોકરી હતી. તેને જાનોજી પાલકર સાથે પરણાવેલી હતી. પૂતળાબાઇને કંઇ પણ સંતાન હતું નહિ. સગુણાબાઇને રાજકુંવરબાઇ (નાનીબાઇ) કરીને પુત્રી હતી, તેને ગણોજી રાજે શિર્કે માલોકરની સાથે પરણાવી હતી. બાકીની ગુણવંતાબાઇ અને લક્ષ્મીબાઇને કંઇ સંતાન હતાં નહિ. રામદાસની ચરિત્રાત્મક બખરમાં સઇબાઈ, પૂતળાબાઇ અને સગુણાબાઈ એ ત્રણ પત્નીઓ અને બીજી બે ઉપપત્નીઓ હોવાનું જણાવેલ છે. આ ઉપસ્ત્રીઓ હોવાનું બીજી કોઇ બખરમાં નથી, માટે એ વિશ્વસનીય નથી.

ઇ. સ. ૧૬૬૪માં[4] સોયરાબાઇને પેટે રાજારામનો જન્મ થયો

---

[1] ૧. ગ્રાન્ટ ડફ એનું નામ શહાજી ભોંસલે લખે છે.

[2] ૨. પાછળ લખ્યું છે કે, એ શિર્કેના કુટુંબમાંની હતી તે ખોટું છે; મિ. કિંકેડ જણાવે છે કે, તે વિઠોજી મોહિતે નેવાસકરની કન્યા હતી.

[3] ૩. એ જાધવ અથવા ઇંગળે કુટુંબમાંની હતી, એવું જેધેની શકાવલીમાં છે. રા. રાજવાડે જણાવે છે કે, તે પાલકરની છોકરી હતી.

[4] ૪. કેટલાક બખરકાર રાજારામનો જન્મ ઇ. સ. [illegible]માં લખે છે.

હતો. એનાં આચરણો સારાં હોવાથી ભવિષ્યમાં તે સારો નીવડશે એવો મહારાજનો અભિપ્રાય હતો. પૂતળાબાઇને સંતતિ હતી કે નહિ તે જાણી શકાતું નથી. ઇ. સ. ૧૬૫૯માં સઇબાઇ મરણ પામી હતી. તે અતિ બુદ્ધિમાન અને પતિવ્રતા સ્ત્રી હતી. તેના પર મહારાજની અતિશય પ્રીતિ હતી. તેના મરણ પછી મહારાજને યોગ્ય શંસારસુખ પ્રાપ્ત થયું નહોતું. કહેવામાં આવે છે કે, સોયરાબાઇ ઘણી પ્રપંચી હતી. પોતાના પુત્ર રાજારામને રાજગાદી મળે એવી તેની ઉત્કટ ઇચ્છા હોવાથી તેણે એ કાર્ય સિદ્ધ કરવા માટે મહારાજની હયાતીમાંજ પ્રયત્ન શરૂ કર્યો હતો. તેણે ઘણા પ્રધાનોને પોતાના ઉદ્દેશને અનુકૂળ કરી લીધા હતા. મુખ્યતઃ અણ્ણાજી દત્તો પંત સચિવ તેના પક્ષમાં હતો. મહારાજ વારંવાર કહેતા કે, શંભાજીનાં આચરણ સારાં નથી અને અંતસમયે પણ મહારાજે શંભાજી સંબંધી નિરાશાજનક ઉદ્દગાર દર્શાવ્યા હતા. તેથી કારભારીમંડળે સોયરાબાઇના પક્ષને અનુકૂળ થઇ રાજારામને ગાદીએ બેસાડી તેના તરફથી રાજ્યકારભાર ચલાવવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પ નિર્વિઘ્નપણે સિદ્ધ કરવા માટે, તેમણે શંભાજી પન્હાળા પર નજરકેદમાં હતા તેમને મજબૂત બંદોબસ્ત સાથે સખ્ત કેદમાં રાખતાં સુધી મહારાજના મરણસમાચાર કોઇને પણ નહિ જાણવા દેવાનો પ્રયત્ન કર્યો હતો. એજ ઉદ્દેશથી તેઓએ જનાર્દન પંત સુમંતને લશ્કર સહિત પન્હાળા પર રવાના કર્યો. રાયગઢ ઉપર વધારાના સિપાઇઓ રાખી તે થાણું મજબૂત બનાવ્યું. પંચવડીમાં દસ હજાર ઘોડેસવાર રાખ્યા અને હંબીરરાવ સેનાપતિને કરાડમાં મોટા લશ્કર સાથે તૈયાર રહેવાની આજ્ઞા ફરમાવી. એટલું કાર્ય પરિપૂર્ણ કરતાં થોડો વખત લાગશે એમ જાણી તેમણે હીરોજી ફર્જંદને શંભાજીનો બંદોબસ્ત રાખવા નીમ્યો હતો. તેણે ભવિષ્યમાં કેવી રીતે વર્તવું તે સંબંધી તેને એક પત્ર લખી મોકલ્યો હતો. પ્રધાનમંડળે એટલી બધી સાવચેતી રાખવા છતાં, શંભાજીને મહારાજના મરણસમાચાર અગાઉથીજ મળી ચૂક્યા હતા અથવા તો છેવટે તેને એવો સંશય ઉપજ્યો હતો, એવું ધારવામાં આવે છે; કારણકે શંભાજીએ પત્ર લઇ આવનાર જાસૂસને જોતાંજ તેને પકડી પત્ર પોતાને સ્વાધીન કરવાની અને તેમ નહિ કરવામાં આવે તો તેને દેહાંતદંડની શિક્ષા કરવાની ધમકી આપી હતી. જાસૂસે નિરુપાયે શંભાજીને પત્ર આપ્યો. પ્રધાનમંડળ તરફથી મોકલવામાં આવેલો ગુપ્ત પત્ર શંભાજીના હાથમાં ગયાનું જાણી હીરોજી ફર્જંદ કોંકણમાં નાસી ગયો. શંભાજીએ તરતજ કિલ્લા પરના સર્વ નોકરોને પોતાના તાબામાં લીધા. એક બે નોકરોએ આનાકાની કર્યાથી તેમને ઠાર માર્યા. કિલ્લો પોતાના કબજે રાખવા માટે ચારે તરફ મજબૂત બંદોબસ્ત કર્યો અને પ્રધાનમંડળ ભવિષ્યમાં કેવી રીતે વર્તે

છે, તેની વાટ જોતા બેઠા. શંભાજીએ પન્હાળાનો કિલ્લો પોતાના કબજામાં લીધાથી તે પર સૈન્ય લઇ જવાનો લાગ નથી એમ જાણી, જનાર્દન પંતે લશ્કર સહિત કિલ્લાને ઘેરો નાખ્યો અને થોડા દિવસ ત્યાં રહ્યા પછી ઘેરો એમ ને એમ રહેવા દઇ પંત કોલ્હાપુર ગયો.

પ્રધાનમંડળે રાજારામને ગાદી પર બેસાડી તેમના નામથી રાજ્યકારભાર ચલાવવાનું શરૂ કર્યું; પરંતુ પ્રધાનમંડળમાં ઐક્ય નહોતું. પેશ્વા અને સચિવ વચ્ચે પ્રથમથીજ ઇર્ષ્યા ચાલતી હતી, તે હમણાં વધી પડી. રાજારામને ગાદીએ બેસાડવાના કાર્યમાં હંબીરરાવની સલાહ નહિ લેવાથી તે પણ પ્રતિકૂળ થયો હતો. જનાર્દન પંત પન્હાળાનો ઘેરો પડતો રહેવા દઇ કોલ્હાપુર ચાલ્યો ગયો હતો, તેનું કારણ પણ ઘણું કરીને એવુંજ હોવું જોઇએ. તેણે પન્હાળાના ઘેરા માટે નીમેલા અમલદારોમાંના ઘણાખરાને શંભાજીએ પોતાને વશ કરી લીધા અને જનાર્દન પંત ત્યાં પાછો આવ્યો તે સમયે શંભાજીએ કેટલાક માવળાઓ સહિત તેની છાવણી પર હુમલો કરી તેને કેદ પકડી પન્હાળામાં રાખ્યો. શંભાજીનું એ કૃત્ય જોઇ હંબીરરાવ સેનાપતિએ જાણ્યું કે, "શંભાજી શિવાજી મહારાજના પુત્રને શોભે એવું પરાક્રમ કરી શકે એવો હોવાથી તેના પક્ષમાં જવું એજ યોગ્ય છે." જનાર્દન પંતને શંભાજીએ કેદ પકડ્યાના સમાચાર રાયગઢ પર પહોંચતાંજ મોરો પંત પિંગળે તેમને છોડાવવાનું બહાનું કાઢી સૈન્ય સહિત પન્હાળે ગયો; પરંતુ શંભાજી સાથે યુદ્ધ નહિ કરતાં તે તેમને મળી ગયો. એ જોઇ શંભાજીએ તેનો હોદ્દો કાયમ રાખ્યો. હંબીરરાવ પણ પોતાના તાબાના સૈન્ય સહિત પન્હાળે આવી શંભાજીને મળી ગયો. પોતાના પક્ષની સબળતા જોઇ શંભાજી રાયગઢ ઉપર આવી પહોંચ્યા; પણ કિલ્લા પરના પાયદળ સિપાઇઓએ તેમના આવતા પહેલાંજ શંભાજીના પક્ષમાં ભળી જઇ તેમની વિરુદ્ધનાં સઘળાં મનુષ્યોને કેદ પકડ્યાં. પંચવડીમાં રાખેલું સૈન્ય પણ શંભાજીના પક્ષમાં થઇ ગયું હતું. ચારે તરફથી અનુકૂળતા જોતાં તેઓને રાયગઢના કિલ્લામાં પ્રવેશ કરતાં અડચણ પડી નહિ. કિલ્લામાં જતાંજ તેમણે પ્રથમ અન્નાજી દત્તો પંત સચિવના પગમાં બેડીઓ પહેરાવી અને તેની માલમતા જપ્ત કરી. રાજારામને કેદ કર્યો. સોયરાબાઇને પકડી મંગાવી અતિશય કઠોર શબ્દોમાં તેનો તિરસ્કાર કર્યો. મહારાજને ઝેર આપવાનો તેના પર આરોપ મૂક્યો અને તેને સખ્ત ત્રાસ આપી મારી નાખવાનો હુકમ કર્યો. તેના પક્ષનાં મનુષ્યોનો શિરચ્છેદ કર્યો. એક મનુષ્યને તો ગઢ ઉપરથી નીચે ગબડાવી દીધો. પ્રતિપક્ષનાં મનુષ્યોનો નાશ કર્યા પછી શંભાજીએ ઑગસ્ટ મહિનામાં પોતાનો રાજ્યાભિષેક કર્યો. શંભાજીનાં એ પછીનાં ઘોર કૃત્ય આ સ્થળે લખવાં અપ્રસ્તુત છે.

प्रकरण ३१ मुं–शिवाजी महाराजनी धनसंपत्तिनो हिसाब

આપણા મહાતેજસ્વી અને પ્રૌઢપ્રતાપી ચરિત્રનાયકનું જીવનવૃત્તાંત પાછલા પ્રકરણમાં સમાપ્ત થયું છે. શિવાજી મહારાજે લાગલાગટ છત્રીસ વર્ષ સુધી અવ્યાહત પરિશ્રમ કરીને પ્રબળ યવનબાદશાહના તાબાની કેટલી ધનસંપત્તિ કબજે લીધી હતી, તેનો અડસટ્ટો પ્રસ્તુત પ્રકરણમાં પ્રકટ કરવો ઉચિત જણાય છે. આદિલશાહીમાં નોકરી સ્વીકારી શાહજીરાજા કર્ણાટક જઇ રહ્યા, તે સમયે મહારાષ્ટ્રમાં તેમણે દાદાજી કોંડદેવના તાબામાં જે જાગીર સોંપી હતી તેમાં પૂના, સૂપા, ઈંદાપુર, બારામતી અને માવળા પ્રાંતનો થોડો ભાગ; એટલાં પરગણાંનો સમાવેશ થતો હતો. મહારાજના તાબામાં વગર મહેનતે પિતાની એટલીજ સંપત્તિ આવી હતી. તે પણ આદિલશાહીની સંપૂર્ણ માલિકીની અને બાદશાહની ઇચ્છાનુસાર ખાલસા થઇ શકે એવી હતી. યવનબાદશાહની કૃપા વડે પ્રાપ્ત થયેલી જાગીર પિતાની હયાતીમાંજ મહારાજના તાબામાં આવ્યા પછી તેમણે એ સંપત્તિ સ્વતંત્ર લઇ કેટલો વધારો કર્યો, તેનું સ્પષ્ટીકરણ કરીએ. જો કે એ કાર્ય યથાયોગ્ય થઇ શકે એવું નથી, છતાં જુદી જુદી બખરોમાંથી જે યાદીઓ મળી આવે છે તે પરથી નીચેનો હિસાબ પ્રકટ કરવામાં આવે છે. મહારાજે પોતાની હયાતીમાંજ એ હિસાબ નોંધી રાખેલો હોય એવું જણાય છે; કારણકે શંભાજી દુરાચરણી નીકળ્યો હતો અને એક વખત દુશ્મનોને જઇ મળ્યો હતો. તે વહેલોમોડો સંપત્તિનો નાશ કરશે, એવી મહારાજને બીક લાગતી હતી; તેથી શંભાજીને અને રાજારામને રાજ્યના ભાગ પાડી આપવાની તેમની ઇચ્છા હતી, એવું કેટલીક બખરો પરથી જણાય છે.

ચિટનીસકૃત બખરમાં મહારાજના તાબાના મુલકના એકંદર ચૌદ વિભાગ તથા પ્રત્યેક વિભાગમાં કેટલા કિલ્લાનો સમાવેશ થાય છે, તે લખ્યું છે. તેની યથાસ્થિત નોંધ અત્રે પ્રકટ કરવામાં આવે છે.

૧. પ્રાંત માવળ સહ્યાદ્રિ—એમાં સાંપ્રતના માવળ, સાસવડ, જુન્નર અને ખેડ તાલુકાનો સમાવેશ થાય છે. એ પ્રાંતમાં એકંદર

અઢાર કિલ્લા હતા. તેનાં નામઃ-રોહિડા, સિંહગઢ, નારાયણગઢ, કુંવારી, કેલના, પુરંધર, દૌલતમંગળ, મોરગિરિ, લોહગઢ, રુદ્રમાળ, રાજગઢ, તુંગ, તિકોના, રાજમાચી, તોરણા, દાતેગઢ, વિસાપુર, લાસોટા અને શિવનેરી.

૨. પ્રાંત સતારા વાઇ-એમાં અગિયાર કિલ્લા હતા. તેમનાં નામઃ-[illegible], [illegible]ગઢ, [illegible] પરળી (સજ્જનગઢ), પાંડવગઢ, મહિમાનગઢ, કમળગઢ, વંદનગઢ, તાથવડા, ચંદનગઢ અને નાંદગિરિ.

૩. પ્રાંત કરાડ-એમાં વસંતગઢ, મચિંદ્રગઢ, ભૂષણગઢ અને કસ્બા કરાડ નામક ચાર કિલ્લા હતા.

૪. પ્રાંત પન્હાળા-એમાં તેર કિલ્લા હતા. તેનાં નામઃ-પન્હાળા, ખેળણા, વિશાળગઢ, પાવનગઢ, રાંગણા, ગજેન્દ્રગઢ, ભૂદરગઢ, પારગઢ, મદનગઢ, ભીમગઢ, ભૂપાળગઢ, ગગનગઢ અને બાવડા.

૫. પ્રાંત કોંકણ કિનારો અને નલદુર્ગ-એમાં એકંદર અઠ્ઠાવન કિલ્લા હતા. તેનાં નામઃ-માલવણ, સિંધુદુર્ગ, વિજયદુર્ગ, જયદુર્ગ, રત્નાગિરિ, સુવર્ણદુર્ગ, ખંદેરી, ઉંદેરી; કોલાબા, રાજકોટ, અંજનવેલ, રેવદંડા, રાયગઢ, પાલી, કલાનિધિગઢ, અરનાળા, સુરંગગઢ, માનગઢ, મહિપતગઢ, મહીમંડણ, સુમારગઢ, રસાલગઢ, કર્નાળા, ભોરપ, બલ્લાળગઢ, સારંગગઢ, માણિકગઢ, સિંદગઢ, મંડળગઢ, બાળગઢ, મહિમંતગઢ, લિંગાણા, પ્રચીતગઢ, સમાનગઢ, કાંગોરી, પ્રતાપગઢ, તળાગઢ, ઘોસાળાગઢ, બિરવાડી, ભૈરવગઢ, અવચિતગઢ, કુંભગઢ, સાગરગઢ, મનોહરગઢ, સુભાનગઢ, મિત્રગઢ, પ્રહ્લાદગઢ, મંડનગઢ, સહનગઢ, શિકેરાગઢ, વીરગઢ, મહીધરગઢ, રણગઢ, સેટગાગઢ, મકરંદગઢ, ભાસ્કરગઢ, માહુલી અને કાવન્હી.

૬. પ્રાંત ત્રિંબક-એમાં પચીસ કિલ્લા હતા. તેનાં નામઃ-ત્રિંબક, બાહુલા, મનોહરગઢ, ખળાગઢ, ચાવડંસ, મૃગગઢ, કરોલા, રાજપેહર, રામસેન, માસણાગઢ, હર્ષણુ, જવળાગઢ, ચાંદવડ, સબળગઢ, આવઢા, કણકઇ, ગડગડા, મનરંજન, જીવધન, હડસર, હરીંદ્રગઢ, માર્કંડેયગઢ, પટાગઢ, ટણકઇ અને સિદ્ધગઢ.

૭. પ્રાંત બાગલાણ-એમાં સાત કિલ્લા હતા.તેનાં નામઃ-સાલેરી, નાહાવા, હરસળ, મુલેરી, કણેરા, અહિવંતગઢ અને ઘોડપ.

૮. પ્રાંત વનગઢ વગેરે-એમાં ધારવાડ જિલ્લાના ઘણા ભાગનો સમાવેશ થાય છે. તેમાં એકંદરે ચોવીસ કિલ્લા હતા. તેનાં નામઃ-વનગઢ, ગહનગઢ, સીમદુર્ગ, નલદુર્ગ, મિરાગઢ, શ્રીમંતદુર્ગ, શ્રીગદનગઢ, નરગુંદ, મહંતગઢ, કોપલગઢ, બાહદુર બિંડા, વ્યંકટગઢ, ગંધર્વગઢ, ઢાકાગઢ, સૂપાગઢ, પરાક્રમગઢ, કનકાદ્રિગઢ, બ્રહ્મગઢ, ચિત્રદુર્ગ, પ્રસન્નગઢ, હડપસરગઢ, કાંચનગઢ, અચલાગિરિગઢ અને મંડનગઢ.

[illegible] પ્રાંત [illegible], બિદનુર—એમાં [illegible] કિલ્લા હતા. તેમાં નામઃ—કોટ [illegible], કોટ કાલૂર, કોટ બંકાપુર, કોટ બ્રહ્મગિરિ, કોટ [illegible], કોટ આકોલા, કોટ કકર, કોટ કલબગી, કોટ શિવેશ્વર, કોટ મંગરૂળ, કોટ કડણુર અને કોટ કૃષ્ણગિરિ.

૧૦. પ્રાંત કોલ્હાર, બાળાપુર—એમાં સત્તાવીસ કિલ્લા હતા. તેનાં નામઃ—કોલ્હાર, બ્રહ્મગઢ, વડનગઢ, ભાસ્કરગઢ, મહીપાલગઢ, મૃગમદગઢ, આએનિરાઇગઢ, બુધલા કોટ, માણિકગઢ, નંદીગઢ, ગણેશગઢ, ખળગઢ, હાતમંગળગઢ, મંચક પ્રકાશકગઢ, ભીમગઢ, પ્રેઇવારગઢ, સોમસેખરગઢ, મેદગિરિ, ચેનગઢ, શ્રીવર્ધનગઢ, બિદનૂર કોટ, મલકોલ્હાર કોટ, ઠાકુરગઢ, સરસગઢ, મલ્હારગઢ, ભૂમંડલગઢ અને બિરૂટ કોટ.

૧૧. પ્રાંત શ્રીરંગપટ્ટણ—એમાં બાવીસ કિલ્લા હતા. તેનાં નામઃ કોટ ધર્મપુરી, હરિહરગઢ, કોટ ગરુડ, પ્રમોદગઢ, મનોહરગઢ, ભવાનીદુર્ગ, કોટ અમરાપુર, કોટ કુસુર, કોટ તળેગિરિ, સુંદરગઢ, કોટ તળગોંડા, કોટ આટનૂર, કોટ ત્રિપાદૂરે, કોટ દુટાનેટી, કોટ લખનૂર, કળપગઢ, મહિનદીગઢ, રંજનગઢ, કોટ આલૂર, કોટ શામલ, કોટ વિરાડે અને કોટ ચંદમાલ.

૧૨. પ્રાંત કર્ણાટક—પ્રાંત જગદેવગઢ—એમાં અઢાર કિલ્લા હતા. તેનાં નામઃ—જગદેવગઢ, સુદર્શનગઢ, રમણગઢ, નંદીગઢ, પ્રબળગઢ, બહિવરગઢ, વારુણગઢ, મહારાજગઢ, સિદ્ધગઢ, જવાદિગઢ, માર્તંડગઢ, મંગળગઢ, ગગનગઢ, કૃષ્ણગિરિ, મલ્લિકાર્જુનગઢ, કસ્તૂરીગઢ, દીર્ઘપલીગઢ અને રામગઢ.

૧૩. પ્રાંત વેલૂર—એમાં સાંપ્રતના આર્કોટ જિલ્લાનો સમાવેશ થાય છે. તેમાં પચીસ કિલ્લા હતા. તેનાં નામઃ—કોટ આર્કોટ, કોટ લખનૂર, કોટ પળણાપટ્ટણ, કોટ ત્રિમલ, કોટ ત્રિવાદી, પાળે કોટ, કોટ ત્રિકોનદુર્ગ, કૈલાસગઢ, ચંજીઅરા કોટ, કોટ વૃંદાવન, ચેતપાલ્હલી, કાલબાળગઢ, રસાળગઢ, કર્મટગઢ, યશવંતગઢ, મુખ્યગઢ, ગર્જનગઢ, મડવિંડગઢ, મહીમંડણગઢ, પ્રાણગઢ, સામરગઢ, સાજરાગઢ, ગોજરાગઢ, દુભેગઢ અને અનુરગઢ.

૧૪. પ્રાંત ચંદી—એમાં છ કિલ્લા હતા. તેનાં નામ—રાજગઢ, ચેનગઢ, કૃષ્ણાગિરિ, મદોન્મત્તગઢ, આખલુગઢ અને કાળાકોટ.

ઉપરોક્ત કિલ્લા સિવાય બીજી બખરોમાંથી કેટલાક કિલ્લાનાં નામ મળી આવે છે. તે આ પ્રમાણે છેઃ—ધનગઢ, કોટ લાવડ, કોટ કેચર, વલ્લભગઢ, ચેલબર્ગીગઢ, સાલોભગઢ, કોટ કુષ્ટગી, નોબતગઢ, કોટ હાલિયાળ, તાનવડા, દકરીગઢ, હરૂપગઢ, કુરકુ ઉર્ફે મંદરગઢ, કેદારકોટ, કોરાગઢ, કાસેગઢ, કોલજાગઢ, કોહીમગઢ, કોઠારગઢ, કંકણીગઢ,

ફુલાગઢ, કૈહાતકોટ, કુડાળકોટ, કડવરીગઢ, કારડીગઢ, ઢોચનાગઢ, નાગિરિગઢ, તરુગઢ, દેવગઢ, ગુણવંતગઢ, ઢીલગઢ, ચંદ્રગઢ, ચતુરગઢ, રત્નગઢ, રાજહંસગઢ, સુધાકરગઢ, સુગાણાગઢ, સામત્રાગઢ, શેરગાગઢ, વ્યેંદ્રગઢ, વરૂપગઢ, વિંદાવિંદગઢ, વિશ્વાસી ઈશ્વરકોટ, શરગાગઢ, શેવળગઢ, કાંગરીગઢ, મહાનગઢ, માનાડગઢ, મત્તગઢ, મૃગગઢ, મહીગઢ, મહીતળાગઢ, મકરંદગઢ, ભોરગિરિ, ભિલવડી, ભદ્રગઢ, પારાશરગઢ, પહારગઢ, બીરકોટ, બળરાજ કોટ, પતાકાગઢ, પક્ષાગઢ, કોથળાગઢ, કમરગઢ, મયોરગઢ ઉર્ફે નીંવલગુંદ, પટગઢ, સોનગઢ, કુંજરગઢ, વારૂગઢ, સુબકરગઢ, નાકગઢ, લોણજાગઢ, કાચણાગઢ, સીદીગઢ, ખોલગઢ, પ્રૌઢગઢ, બાલેરાજા, સરગઢ, મુરગોડ, કોટચેલૂર, નાચણાગઢ, વલ્લભગઢ, સેવડાગઢ, સેવકગઢ, કોહજગઢ, કઠોરગઢ, કોટ બોટાગિરિ, કંબલગઢ, સ્વરૂપગઢ, ઢોલાગઢ, બહુલગઢ, મહીંદ્રગઢ, બળવંતગઢ, શ્રીગલવડગઢ, પવિત્રગઢ, સુમનગઢ, ગંભીરગઢ, મંદરગઢ, દહીગઢ, મોહનગઢ, કપલગઢ, હરિશ્ચંદ્રગઢ, વજ્રગઢ, પિપલા ઉર્ફે પ્રકાશગઢ, કોટ ઢમકૂર, કોટ કોલાર કદીમ, દુર્ગમગઢ, મરસગઢ, અહિનિજયાદુર્ગ, કદ્દરગઢ, મેજ કોલ્હારગઢ, મહીપાલગઢ, બુંદીકોટ, અર્જુનગઢ, પડવીરગઢ, ભંજનગઢ, મુખણાગઢ, કોટવેલ. ભાતુર, પતનગદનાગઢ, કેવળગઢ, મહારાજગઢ, શિદગઢ, મદગઢ, બિગેવાળુંગઢ, બહિરવગઢ, કોટ સુભા, મનગઢ, વેટવલ ઉર્ફે કેમલ, લાગગઢ, ચંદી, કોટ ત્રિચંદી, કોટ દેવણાપાટી, ચિંતાહર કોટ, વૃદ્ધાચલ, ચવીકોટ, નિલસાજિતગઢ, કર્ણાટકગઢ, ચેલગઢ, ચંદી, ગર્વગઢ, કોંડાપુર કોટ, કાણુપુર, કામકોટ, ગોકાકકોટ, ભવાનીદુર્ગ, ધરાપુરકોટ, ત્રિચનાપુરકોટ, મૃગાંકગઢ, બાગલકોટ, રાયદુર્ગ, વિરાટકોટ અને શિરોળકોટ.[1]

આ સર્વ કિલ્લા પૈકી એકસો અગિયાર કિલ્લા મહારાજે નવા બંધાવ્યા હતા એવું લખ્યું છે અને તેની યાદી પણ પ્રકટ કરી છે. કેટલાક ગ્રંથકર્તાના અભિપ્રાય પ્રમાણે મહારાજે ફક્ત ચોરાસી નવા કિલ્લા બાંધ્યા હતા.

હવે ખજાનો અને મૂલ્યવાન વસ્ત્રોના હિસાબની યાદી જણાવવામાં આવે છે. પ્રથમ સોનાનાણું કેટલું હતું તે જોઇએઃ—ગંબાર (ગાદર અથવા ગબસ) એક લક્ષ, મોહોર બે લક્ષ, પૂતળીઓ[2]

---

[1] ૧. કિલ્લાની યાદી ઘણા લંબાણપૂર્વક લખવામાં આવી છે; પરંતુ શિવાજી મહારાજના ઐશ્વર્યનો કોઇ પણ અંશ આ પુસ્તકમાં અપૂર્ણ રહે નહિ, તેથીજ જુદી જુદી બખરોમાંથી સંગ્રહ કરી એ યાદી પ્રગટ કરી છે.

[2] ૨. તે સમયે ગંબાર, મોહોર અને પૂતળીઓ; તથા સણુગિરિ, અચ્યુતરાઇ, દેવરાઇ, રામચંદ્રરાઈ, ગુતી અને ધારવાડી હોન નામક સોનાના સિક્કાનું ચલણ હતું.

ત્રણ લક્ષ, બાદશાહી હોન× આશરે સાડાતેર લક્ષ, સણુગિરિ હોન સુમારે પોણાતેર લક્ષ, અચ્યુતરાઈ હોન આશરે અઢી લક્ષ, દેવરાઇ હોન આશરે ત્રણ લક્ષ, રામચંદ્રરાઇ હોન આશરે એક લક્ષ, ગુતી હોન આશરે એક લક્ષ, ધારવાડી હોન આશરે બે લક્ષ, અને જુદું જુદું નાણું ત્રણ લક્ષ,* સતલામી એક લક્ષ; ઇભિરામી એક લક્ષ, શિવરાઇ હોન ચાર લક્ષ, કાવેરી હોન (પાલા) પંદર લક્ષ, પ્રલખટી હોન બે લક્ષ, પામનાયકી હોન એક લક્ષ, આદવણી હોન ત્રણ લક્ષ, જડમાલ હોન પાંચ લક્ષ, લાડપત્રી હોન એક લક્ષ ચાળીસ હજાર, તુતીહોન એક લક્ષ, સૈલ્યાઘટી હોન બે લક્ષ, એલોરી હોન પચાસ હજાર, નિશાની હોન પાંચ લક્ષ અને સોનાના સાદા કટકા નંગ એક લક્ષ–(વજન સાડાબારખાંડી). હવે રૂપાનાણાંની યાદી જોઇએ:–રૂપિયા પાંચ લક્ષ, અસરફી દશ લક્ષ, દાભોળી કોરી પચીસ લક્ષ, ચુલી કોરી દશ લક્ષ, બસરી કોરી પાંચ લક્ષ, ફક્ત રૂપાના કટકા અને રૂપાનાં વાસણો નંગ દશ લક્ષ (વજન પચાસ ખાંડી.)

એ સિવાય બે કરોડ હોનની કિંમતનું જરઝવેરાત હતું. ઝવેરાતનાં નામ:–માણેક, પંચિ, વૈડૂર્ય, નીલમ, પેરાજ (પોખરાજ), મોતી, પન્નાં, પુષ્કરાજ અને હીરા. નાના પ્રકારનું કાપડ આશરે એક કરોડ હોનની કિંમતનું હતું.

હવે લશ્કરનો હિસાબ જોઇએ. મહારાજની ખાસ પાયગામાં એંસી હજાર સવાર હતા અને શિલેદાર પાયગામાં પચીસ હજાર સવાર હતા. એકંદર એક લાખ પાંચ હજાર સવાર હતા. ખાસ પાયગાના સરદારોનાં નામ આ પ્રમાણે હતાં:–હંબીરરાવ સરનૌબત, આનંદરાવ સપ્તહજારી, નેતાજી પાલકર, માનાજી (માનસિંહ) મોરે, સ્વરૂપજી (રૂપાજી) ભોંસલે, ગોંદજી જગતાપ, ખંડોજી જગતાપ, સંતાજી જગતાપ, ધનાજી જાધવ, નેતાજી કાટકર, દાદાજી કાંકડે, નિળોજી કાઠે, સંતાજી ઘોરપડે, તેલંગરાવ પાગેસરદાર, તુકોજી નિંબાળકર, વ્યંકોજી ખાંડેકર જુમલેદાર, નિંબાજી પાટોલા, શમણખાન પણી, ગંગાજી (ગણોજી) શિર્કે, માલોજી નિંબાળકર, કૃષ્ણાજી પવાર, ધર્માજી નિગડે, અગ્નોજી ભાલેકર, ધનાજી શિગડા, સંભાજી હંબીરરાવ, બુવાજી (ઉદાજી) પોવાર, પરસોજી ભોંસલે, કૃષ્ણાજી ઘાટગે, પરશરામ પવાર,

---

× બાદશાહી રાજ્ય વખતે હોન નામક સોનાના સિક્કાનું ચલણ હતું. હજુ પણ એવા અનેક પ્રાચીન સિક્કા કોઇ કોઇ સ્થળે જોવામાં આવે છે.

* એમાં બાર પ્રકારના હોનનાં નામ આપ્યાં છે. તેનાં નામ:– અફરજી, ત્રિવાપુરી, ત્રિશળી, ચંદાવરી, બિલધરી, ઉલફકરી, મહમદશાઇ, વેળુરી, ફટેરાઇ, દેવજવળી, રામનાથપુરી અને [illegible].

બજાજી બિર્જે, માલોજી મચાળે, કાનોજી દિવેકર, અપાજી તાંબે, નિંબાજી પાટોળે, બાળોજી કાટકર, શામરાવ, રાઘોજી શિર્કે, ભવાનરાવ, સાવજી મોહિતે, સાબાજી ભોંસલે, શિંગણાપુરકર, જયસિંહ પાલકર, આનંદરાવ નિંબાળકર, બાજીમોહિતે, પદાજી કાટકર, રામોજી શિર્કે, હરજીરાજા મહાડિક, મહાદજી નાયક, નિંબાળકર, ખંડેરાવ દાભાડે, ખંડોજી આટોળે, ગણોજી દરેકર, કાન્હોજી, આંગ્રે, બાજી નલગે, માલોજી નલગે, શંભાજી કાવજી, ભુજબળરાવ, બહીરજી ઘોરપડે શંભાજી કાટકર, સૂર્યાજી કાટકર, રાયજી ગડઘે, દેવજી ઉઘડે, કેરોજી વવેર, ગોમાજી નાયક પાનસંબળ, સંતાજી ભોંસલે, મહાદજી નાયક પાનસંબળ, મકાજી આનંદરાવ, પિલાજી શિર્કે, તાનાજી શિર્કે, સંભાજી શિર્કે, જયસિંહ પાલકર, અચલોજી રાજા મહાડીક, તુકોજી પાલકર, યેસાજી થોરાત, નેમાજી સિંદે, મુધોજી ખાદણકર, સોમવંશ, કાનોજી ભાડલકર, બહીરજી નાયક ઇંગળે. કૃષ્ણાજી ઘાટગે, કૃષ્ણાજી પવાર, હીરોજી સેલકે, ખાપણે, બહીરજી બાંડગે, બળવંતરાય દેવકાંતે, પરસોજી શિતોળે, રાયજી નલગે, યેસાજી ખાંડેકર, અમદોજી પાંઢરે, અમૃતરાવ નિંબાળકર, ભવાનરાવ દેવકાંતે, કાંકડે, કડુ, કોંકાટે, ઢમઢેરે, બાંડે અને ઉચલે.

માળવા અને હેટકરીનું પાયદળ લશ્કર એકંદર એક લક્ષ હતું.× પાયદળ લશ્કરના સરદારોનાં નામ આ પ્રમાણે છે:–યેસાજી કંક સરનૌબત, સૂર્યાજી માલુસરે, ગણોજી દરેકર, મુગ્બાજી બેનમણા, માલસાવંત, વિઠોજી લાડ, ઇંદ્રોજી ગાવડે, જાવજી મહાનલાગ, નાગોજી પ્રહ્લાદ, પિલાજી ગોળે, દત્તાજી ઇડિલકર, પિલાજી સણસ, જાવજી પાયે, ભિકજીદળવી, કોંડાજી વડખલે, ત્રિંબકજી પ્રભુ, કોંડાજી ફર્જંદ, તાનાજી તુંદુસકર, તાનાસાવંત માવળે, મહાદજી ફર્જંદ, મુધોજી સોનદેવ, કૃષ્ણાજી ભાસ્કર, કલઘોડે, હીરોજી મરાઠે, રામાજી મોરે, હીરોજી ભાલદાર, તુકોજી કડુ, રામદળવી, યેસાજી દળેકર, બાળાજીરાવ દળેકર, સોનદળવી, ચાંગોજી કડુ, કોંડાળકર, ઢવળેકર, તાનસાવંત ભોંસલે, તાનાજી માલુસરે, જિવા મહાલા, સોન મહાલા, રાજપાટીલ યશવંતરાવ, રામાજી વિશ્વાસરાવ, કૃષ્ણાજી નાયક, તુકાજી લાડ, ડોળે, જાવજી પારલે, મુધોજી હણુકણે, વિઠોજી કડુ, ઇંદ્રાજી ગોરડ, જાવજી મોહને, હીરાજી ભાનગીરે, મુધોજી ખાનવેલકર, સુભાનજી નાયક, બાજીરાવ પાસલકર, બાજીપ્રભુ દેશપાંડે (માવલકર), બાજીમુરાર દેશપાંડે (મહાડકર), હીરોજી ફર્જંદ, નાગોજી ફર્જંદ નાયક, હરબાજી ફર્જંદ, પારઠે, ઠાકૂર, ઢમાલે; દાદાજી બાપુજી દેશપાંડે, ચિમનાજી બાપુજી દેશપાંડે, બાગરાવ, દિનકરરાવ તુબાજી ફર્જંદ, કૃષ્ણાજી ભોંસલે,

---

× એ સિવાય પ્રત્યેક કિલ્લાના રક્ષણ માટે કિલ્લેદાર અને સિપાઇઓ રાખવામાં આવતા હતા. વાચકવર્ગ કિલ્લાની સંખ્યા ઉપરથી તે લશ્કરની [illegible] સહેલાઇથી કરી શકશે.

રાણોજી દરેકર, હરજી નાયક જાસૂસ, ખંડોજી નાયક જાસૂસ, ગણોજી કાવળે, સોમાજી નાયક બંકી, સૂર્યાજી કાળે અને બાપુજી માંડરે.

મહારાજનાં વહાણોનો હિસાબ એક બે બખરોમાંથી મળી આવે છે, તે આ પ્રમાણે છેઃ–મોટાં ફત્તેહમારી ત્રીસ, જહાજ એકસો, મહાગિરિ વહાણ દોઢસો, નાનાં વહાણ પચાસ, મોટી હોડી સાઠ, તરાપા હોડી પચીસ, મછવા પચાસ, જોડકાં વહાણ પંદર, નાની હોડી દસ અને નાના મછવા દોઢસો. એકંદર નાનાંમોટાં છસો ચાળીસ વહાણની નોંધ મળી આવે છે. તેમ છતાં બીજા ગ્રંથોમાંથી જણાય છે કે, મહારાજના તાબામાં નાનાં મોટાં મળીને એક હજાર ઉપર વહાણ હતાં. મહારાજે જળમાં અને જળ નજીક બાંધેલા જંજીરા (કિલ્લા)નાં નામ પાછળ લખેલી કિલ્લાની નોંધમાં પ્રકટ કરવામાં આવ્યાં છે; પરંતુ આ સ્થળે પુનઃ તેનાં નામ લખવાનું ઇષ્ટ જણાય છે. તેનાં નામ આ પ્રમાણે હતાંઃ– કોલાબા, ખંદેરી, ઉંદેરી, અંજનવેલી, રત્નાગિરિ, પદ્મદુર્ગ, સરજાકોટ, વિજયદુર્ગ, ગહનદુર્ગ, ખાકેરી, સુવર્ણદુર્ગ, રાજકોટ અને સિંધુદુર્ગ. એ કિલ્લાઓની આસપાસ હમેશાં લડાયક વહાણો તૈયાર રાખવામાં આવતાં. સામુદ્રિક લડાયક વહાણ ઉપરના સરદારનાં ત્રણ ચાર નામ બખરમાંથી પ્રાપ્ત થાય છે. તેમનાં નામઃ–દરિયાસાગર, માયનાક ભંડારી, ઇબ્રાહીમખાન અને દૌલતખાન. બીજા સરદારનાં નામ શા માટે પ્રકટ કરવામાં આવ્યાં નથી તે જાણી શકાતું નથી; પરંતુ વહાણો ઉપરના સરદાર અને ટંડેલના સંબંધથી અનેક કોળી અને ભંડારી મનુષ્યોનો ભાગ્યોદય થવો જોઇએ; કારણકે જંજીરાનાં આસપાસનાં સર્વ ગામોમાં એ જાતિના પુષ્કળ શ્રીમંત વંશજો જણાય છે.

મહારાજનાં સ્વરાજ્યસાધનનાં કાર્યમાં જે જે બ્રાહ્મણ અને પ્રભુ મનુષ્યોએ સ્વામિનિષ્ઠાપૂર્વક પ્રમાણિકપણે ઓછાંવત્તાં મહત્ત્વનાં જુદાં જુદાં કાર્યો બજાવ્યાં છે, તેમનાં નામ આ પ્રમાણે છેઃ– મોરોત્રિમલ પિંગળે, રામચંદ્ર નીલકંઠ, રઘુનાથ નારાયણ પંડિતરાવ, અન્નાજી દત્તો, બાળાજી રઘુનાથ, નરહર બલ્લાળ સબનીસ, રાવજી સોમનાથ સૂબા, વ્યંકાજી દત્તો, જનાર્દન પંત હનમંતે, દત્તાજી પંત વાંકનીસ, બાળાજી સોનદેવ, શામજી નાયક પુંડે પોતદાર, શંકાજી નીલકંઠ, રઘુનાથ બલ્લાળ કોરડે, કૃષ્ણજોશી, નરહરિ આનંદરાવ, નિરાજી રાવજી, પ્રહ્લાદ નિરાજી, ગંગો મંગાજી પાગે, પ્રભાકર ભટ્ટ ઉપાધ્યાય, દત્તાજી ગોપીનાથ બોકીલ, અન્નાજી રંગનાથ કેલકર, વિઠ્ઠલ પિલદેવ ગારુડકર, તિથાજી કેશવ સબનીસ, કોન્હેરપંત, ત્રિંબક ભાસ્કર, શિવાજી શંકર, કૃષ્ણાજી પંત મથુરે, કાશી પંત મથુરે, વિશ્વાસરાવ, વિસાજી પંત મથુરે, શિવભટ્ટ ઉપાધ્યાય, બાળભટ્ટ ગોસાંઇ ઉપાધ્યે, કૃષ્ણાજી સખાજી, યેસાજી ગોવિંદ, શામરાવ પદ્મનાભ, ગોવિંદ

ભટ્ટ ગોસાંઇ ઉપાધ્યાય, કૃષ્ણભટ્ટ ગોસાંઇ ઉપાધ્યાય, રઘુનાથ પંત, નારો સદાશિવ, અનાજી મલ્હાર, દાજી આનંદરાવ, શામજી સદાશિવ,× બાળાજી અનંત, તિમાજી પંત, અન્નાજી સોમનાથ, ધર્માજી નરહર, ઉધો રઘુનાથ, જયરામ પંત, નારો શંભાજી, બાપુજીરામ, ગંગાજી દપટશા, નરસો ગોપાળ, ભિખાજી ગોપાળ, કૃષ્ણાજી અનંત, ભીમાજી ભગવંત, પુરુષોત્તમ પંત, લિંગો નારાયણ, વ્યંકટાદ્રિ પંત, જનાર્દન કોનેર, હોનો નરહર, વિસાજી રામચંદ્ર, ગંગાધર ત્રિઅંક, વિઠ્ઠલ કૃષ્ણ, દત્તાજી દામોદર, દાદો અનંત, બાળાજી મોરેશ્વર અને સુંદર દત્તાજી.

કેટલાક પ્રભુ ગૃહસ્થનાં નામ એક બખરમાંથી જુદાંજ મળી આવે છે. તે આ પ્રમાણે છેઃ–બાળાજી આવજી ચિટનીસ, ચિમનાજી આવજી દફતરદાર, શામજી આવજી કારખાનનીસ, ત્રિબંક વિઠ્ઠલ ખાસનીસ, ચંદોનારાયણ, ગણેશ શિવદેવ, કૃષ્ણાજી બહિરવ, રાયાજી જનાર્દન, નીલકંઠ યેસાજી પારસનિવીસ, મહાદજી નારાયણ, બાપોજી નીલકંઠ, ચંદો બિરદેવ, સંક્રાજીરામ, કાકાજી લક્ષ્મણ, જસાજી, રામાજી ભાસ્કર, રાયાજી ગોવિંદ, નાગોજી બલ્લાળ, રાઘો બલ્લાળ અને દાદાજી.

મહારાજે સંપાદન કરેલી ઉપરોક્ત ધનસંપત્તિનો હિસાબ જુદી જુદી બખરોમાંથી મેળવી પ્રકટ કર્યો છે. એ હિસાબ અપૂર્ણ છે, પરંતુ તે સંપૂર્ણ કરવાનાં બીજાં સાધનો મળી આવતાં નથી. કોઇ ગ્રંથકાર સંપૂર્ણ હિસાબ પ્રકટ કરે ત્યાંસુધી એ હિસાબ ઉપર આધાર રાખવો ઉચિત છે. તેજ પ્રમાણે શિવાજી મહારાજને સ્વરાજ્ય પ્રાપ્ત કરવાના કાર્યમાં સહાયક થઇ પડેલા પુરુષોનાં નામ જુદી જુદી બખરમાંથી મળ્યાં તેટલાં આ પ્રકરણમાં પ્રકટ કરવામાં આવ્યાં છે. એ સિવાય બીજા પુષ્કળ ગૃહસ્થોનાં નામ અપ્રકટ રહી જતાં હશે એ સ્પષ્ટજ છે. મુખ્યત્વે કરીને ઘણા પ્રભુ અમલદારો અને કિલ્લા પરના હવાલદારોનાં નામ ઉપલી નોંધમાં પ્રકટ થયેલાં જણાતાં નથી.

× આટલાં નામોમાં કેટલાંક પ્રભુ ગૃહસ્થોનાં નામ પણ હોવાં જોઇએ. હવે પછીનાં સઘળાં નામ બ્રાહ્મણનાંજ છે, તેઓ જુદા જુદા મહાલના સૂબેદાર હતા.

प्रकरण ३२ मुं–गुणदोषविवेचन

શિવાજી મહારાજના ઉજ્જ્વલ ચરિત્રનું કથન ઉપલબ્ધ માહિતીને આધારે બનતે પ્રયત્ને અત્ર પર્યંત સંકલિત કરવામાં આવ્યું છે, તે પરથી મહારાજમાં કયા કયા પ્રશંસાપાત્ર સદ્ગુણ હતા તથા શત્રુઓએ તેમના પર જે કલંક ચડાવવાનો પ્રયત્ન કર્યો છે તેમાં કેટલું સત્ય છે, તે અવલોકન કરનાર મનુષ્ય સહજ રીતે સમજી શકે એમ છે. તથાપિ અભિયુક્ત ગ્રંથકારની પદ્ધતિને અનુસરી સામાન્ય વાચકોની અનુકૂળતા માટે મહારાજના ગુણદોષનું સત્યાસત્ય સ્વરૂપ આ સ્થળે પ્રકટ કરવું અમને ઉચિત જણાય છે. આપણા ચરિત્રનાયકના જીવનમાં બનેલા અનેક બનાવનું વર્ણન લખાયું છે, તેજ સ્થળે તેમના ગુણઅવગુણ સંબંધી વિવેચન કરવામાં આવે તો વાચનમાં રસહાનિ થવાનો સંભવ જાણી પ્રસ્તુત લેખકને તે તે સ્થળે મૂક રહેવું પડ્યું છે. મહારાજના જીવનનો મુખ્ય કથાવિભાગ સંપૂર્ણ થયેલો હોવાથી તેમનામાં કયા કયા ગુણાવગુણ હતા અને પ્રસ્તુત ચરિત્રના વાચનશ્રવણથી વાચકવૃંદને કેવો બોધ પ્રાપ્ત થાય છે, તેનું યથામતિ અવલોકન કરવાનો ચરિત્રકર્તાને અધિકાર છે; એમ જાણીનેજ તેમના ગુણદોષનું નીચલું વર્ણન વાચકવૃંદ સન્મુખ પ્રદર્શિત કરવામાં આવે છે, તેનો યથોચિત આદરસત્કાર કરી તેમાં કંઇ ભૂલચૂક જણાય તો લેખકને ક્ષમા કરવામાં આવશે, એવી આશા છે.

કોઇ પણ મહાપુરુષનું જીવનચરિત્ર જોતાં જણાશે કે, તે સર્વ સદ્ગુણમંડિત અને સર્વદોષવિવર્જિત હશે નહિ. મનુષ્યને કદી પણ સંપૂર્ણત્વ પ્રાપ્ત થતું નથી. એ દૃષ્ટિએ જોતાં આપણા પ્રતાપશાળી શિવાજી મહારાજના ચરિત્રની ચિકિત્સા કરતાં કંઇ દોષ જણાય તો તે કેવળ ક્ષમ્ય છે. જે મનુષ્યના કર્તૃત્વની વ્યાપ્ત વિશાળ હોય અને જે મનુષ્યને પરસ્પર વિરુદ્ધ હિતસંબંધ ધરાવનારાં મનુષ્યો સાથે સંસારવ્યવહાર ચલાવવાનો હોય તેના ચરિત્રમાંથી અનેક દોષાસ્પદ પ્રસંગો જણાઈ આવે એ સ્વાભાવિક છે. જ્યાંસુધી કોઇ સત્યનિષ્ઠ પુરુષ એ પ્રસંગોની વાસ્તવિક દોષાસ્પદતાનું નિરીક્ષણ કરે નહિ,

ત્યાંસુધી તે મહાપુરુષની ખરી યોગ્યતા સામાન્ય જનસમાજના લક્ષમાં જોઇએ તેવી આવતી નથી. તેમનાં કર્તવ્યથી જેઓનું કલ્યાણ થયું હોય છે તેઓ તેમની સર્વદા સ્તુતિજ કરે છે અને જેઓનું અકલ્યાણ થયું હોય છે તેઓ તેમની અનેક પ્રકારે નિંદાજ કરે છે. મનુષ્યમાત્રનો એવો નિયમજ છે. પરંતુ કોઈ નિરપેક્ષ મનુષ્ય એ બંને પક્ષની તકરાર જાણી લઇ, ન્યાયપૂર્વક અવલોકન કરી તે મહાપુરુષનું વાસ્તવિક સ્વરૂપ પ્રકટ કરે છે, ત્યારે તેની ખરી યોગ્યતા સામાન્ય જનસમાજના લક્ષ્યમાં આવે છે.

અમારા કથાનાયકના જીવનચરિત્રને પક્ષપાતરહિત બુદ્ધિથી અવલોકી સત્યાસત્યનો નિર્ણય કરનાર ગ્રંથલેખકનો સુયોગ આજપર્યંત થયો નહિ, તે બહુશ્રુત વાચકવૃંદને કહેવાની અગત્ય નથી. આ ગ્રંથનો મૂળ લેખક મહારાષ્ટ્રનિવાસી છે અને તે શિવાજી મહારાજ સંબંધી સંપૂર્ણ અભિમાન ધરાવતો હોવાથી તેને હાથે એ કાર્ય યથાસ્થિત થઇ શકે નહિ એ સ્પષ્ટજ છે; પરંતુ શિવાજી મહારાજ સંબંધી મહારાષ્ટ્રનિવાસીઓનો કેવો અભિપ્રાય છે અને તેમને વિજાતીય ગ્રંથકારોએ તથા તેજ ગ્રંથોના અનુવાદ કરનાર આંગ્લગ્રંથકારોએ જે દોષ લગાડ્યા છે, તે સંબંધી ઉક્ત લેખકનો કેવો અભિપ્રાય છે, તે અત્રે સવિસ્તર દર્શાવવું ઉચિત જણાય છે.

બંડખોરપણાનો આરોપ

તેમનો પ્રથમ દોષારોપ એવો છે કે, મહારાજે વિજાપુર–સરકાર સાથે નિમકહરામી કરી તેમની વિરુદ્ધ બંડ ઉઠાવ્યું એ યોગ્ય કર્યું નહિ. તેમના બંડખોરપણાને લીધેજ તેઓએ તેમની લૂંટારામાં ગણના કરી છે. આદિલશાહે મહારાજના પિતાને સંકટ પ્રસંગે આશ્રય આપી જાગીર અર્પણ કરી હતી, તે સંબંધી ઉપકાર નહિ માનતાં તેમણે વિજાપુર–સરકાર સાથે કૃતઘ્નપણું દર્શાવી તેમના વિરુદ્ધ શસ્ત્ર ઊંચક્યાં અને તે સરકારની સત્તા ઘણી નબળી કરી નાખી. એ કાર્યપરત્વે ઇતિહાસકારો મહારાજને દોષ આપે છે; પરંતુ એ દોષારોપ તદ્દન અયોગ્ય છે. કૃતજ્ઞતાના ભાર નીચે દબાઇ રહી પરતંત્રાવસ્થામાં મરણપર્યંત દુઃખક્લેશ ભોગવવાનું તેજસ્વી અને સ્વાભિમાની પુરુષોને અસહ્ય થઇ પડે તો તેમાં તેમનો અપરાધ માની લેવો યોગ્ય નથી. પરદેશી મુસલમાનોએ આ દેશમાં આવી સત્તાધીશ થવું તથા ગરીબ હિંદુપ્રજા સાથે પોતાની ઇચ્છાનુસાર વર્તવું અને તેમ થવાથી હિંદુધર્મની સર્વત્ર ગ્લાનિ થાય, એ જોઇ કયા દેશભક્ત તથા સ્વધર્માભિમાની પુરુષને એવા પરદેશીઓની કૃપા વડે પ્રાપ્ત થયેલા વૈભવથી સુખ ઉત્પન્ન થશે? વળી એ વૈભવ પરદેશીઓની કૃપા વડે પ્રાપ્ત થયેલો હોવાથી તેનાથી વિમુક્ત થવાનો

સમય ક્યારે આવશે એ નક્કી નથી. એમ હોવાથી ખરો તેજસ્વી પુરુષ પ્રાપ્તવૈભવમાં સુખ માની કોઇ પણ રીતે સ્વામીની ઇચ્છાનુસાર વર્તવાથીજ પોતાનું કલ્યાણ માની લે, એ પણ અસંભવિત છે. તે પુરુષ પરતંત્રતા ટાળવા માટે યોગ્ય ઉપાયના અવલંબનપૂર્વક વેગ કરે તો તેમાં તેને દોષ આપવાનું કારણ પણ શું? જગતના ઇતિહાસમાંથી આજપર્યંત એવા અનેક રાજસ્થાપકોના ઉદ્દામપણાનાં દૃષ્ટાંત મળી આવે છે; પરંતુ તેમના રાજવૈભવને લીધે તેમના ઉદ્દામપણાનો દોષ ઢંકાઇ જઈ તેઓ આજે માન્યાધિકારી થઈ બેઠા છે. આપણા ચરિત્રનાયકને પણ તેવુંજ માન મળવું ઉચિત છે. પરદેશી મુસલમાનોની ગુલામગીરીમાં સપડાયલા સ્વદેશને મુક્ત કરી મહારાજે તેને સ્વાતંત્ર્યનો અનુભવયોગ પ્રાપ્ત કરાવ્યો, એ અમારા ભારતવાસી પ્રજાજનો પર તેમનો અત્યંત ઉપકાર થયો છે અને અમારા માથા પર તેમનું ઉપકારઋણ હમેશને માટે ચોટયું છે. એ સ્વતંત્રતા ઘણા દિવસ સ્થાયી રહી નહિ, તેને માટે શિવાજી મહારાજ કિંચિત્ પણ દોષપાત્ર નથી; પણ તેમની પાછળ સ્વાતંત્ર્ય કાયમ રાખવાનું કામ જેમની સત્તામાં હતું તેમનેજ દોષપાત્ર ઠરાવવા જોઇએ, એ ઇતિહાસવેત્તાઓને કહેવાની જરૂર નથી. મહારાજે આદિલશાહીમાં બંડ ઉઠાવી સ્વરાજ્યસ્થાપનાનો પરમ સ્તુત્ય ઉદ્યોગ આરંભ્યો હતો. તે પરિપૂર્ણ થયો ન હોત તો એજ ગ્રંથકારો તેમને બંડખોર-લૂંટારા કહેવા સાથે, મૂર્ખ અને અવિચારી પણ કહેત; પરંતુ તેમને યશ પ્રાપ્ત થયાથી ગ્રંથકારો ઉપરોક્ત એકજ વિશેષણ લગાડી દોષપાત્ર ઠરાવે છે અને તેમની શુભ્રકીર્તિમાં કાળો ડાઘ લગાડવાનો પ્રયત્ન કરે છે. મુસલમાન ગ્રંથકારોએ મહારાજ પર વિવાદગ્રસ્ત દોષારોપ કર્યો હોય તો તે ક્ષમ્ય છે; પરંતુ સ્વતંત્રતાદેવીના નિઃસીમ ભક્ત જેવા યુરોપિયન ગ્રંથકારોએ પણ મુસલમાન લેખકોના એવા અભિપ્રાયનો અનુવાદ પોતાના ગ્રંથમાં ગ્રહણ કર્યો છે, એજ આશ્ચર્યજનક જણાય છે. તેમણે અમારા એ દેશોદ્ધારક વીરચૂડામણિ સંબંધી નિષ્પક્ષપાત બુદ્ધિથી અભિપ્રાય આપવો ઉચિત હતો; પરંતુ ચિત્તની સમતા રાખવી એ બહુ કઠિન છે. આજે એ સ્વરાજ્યનું અસ્તિત્વ રહ્યું હોત તો તે ગ્રંથકારો એવો નિશ્ચયાત્મક અભિપ્રાય દર્શાવી શકત નહિ એ સુવિદિતજ છે.

કપટીપણાનો આરોપ

ઉક્ત ગ્રંથકારો મહારાજ ઉપર બીજો એવો દોષારોપ મૂકે છે કે, તેઓ મહા કપટી, ઘાતકી અને ક્રૂર હતા. મહારાજનાં અનેક કૃત્યોનું ઉપરચોટિયું અવલોકન કરનારનો અને વિશેષતઃ મુસલમાનોનો એવો અભિપ્રાય હોય એ સ્વાભાવિક છે; પરંતુ તેમના મહાન કાર્યનું મહત્ત્વ કેવું હતું અને તે સંપૂર્ણ કરવા માટે જોઇતી સાધન-

સામગ્રીની અનુકૂળતા કેવી હતી તે સંબંધી વિચાર કરવામાં આવે તો તેમણે અનેક પ્રસંગે જે કાપટ્યનું અવલંબન કર્યું છે તે યોગ્યજ હતું એવું આપણે કહેવું પડશે. આદિલશાહી, કુતુબશાહી અને મોગલશાહી જેવી ત્રણ મહાપ્રબળ બાદશાહી સાથે મહારાજ જેવા તદ્દન ક્ષુદ્ર જાગીરદારે વિરોધ ઉત્પન્ન કરવાનું સાહસ કરવું એ તે સમયના મનુષ્યોને અતિ વિલક્ષણ અને અવિચારી કૃત્ય જણાય એ સ્વાભાવિક છે. મહારાજના પ્રતિપાલક દાદાજી કોંડદેવને પોતાના સ્વામીપુત્રનું વિલક્ષણ ઉચ્છૃંખલપણું મહાઘાતકી જણાયાથી તેને ચિંતાજ્વર લાગુ પડતાં તે મરણ પામ્યો હતો; એ વાચકવૃંદના જાણવામાંજ છે. એટલે ત્રણ પ્રબળ શત્રુ જોડે વિરોધ કર્યા પછી કાપટ્ય અને ધૂર્તતાની સંપૂર્ણ સહાયતા વડેજ મહારાજના મહત્ત્વના કાર્યમાં યશ પ્રાપ્ત થાય એમ હતું. મહારાજમાં એ કળા સંપૂર્ણ ન હોત કિંવા સ્વલ્પ પ્રમાણમાં હોત તો તેમને હાથે જગતને ચકિત કરનાર મહાન કાર્યો કદી પણ થાત નહિ અને મહારાષ્ટ્રી જનોને થોડા વખત સુધી સ્વાતંત્ર્યનો જે અનુભવ મળ્યો તે યોગ કદી પણ પ્રાપ્ત થાત નહિ. વૈભવને શિખરે પહોંચેલા આદિલશાહ અને સાર્વભૌમ સત્તા પ્રાપ્ત કરેલા મોગલ બાદશાહ પોતાના અઢળક દ્રવ્યબળની અને પ્રચંડ સૈન્યબળની સહાયતા વડે મહારાજનો નાશ કરવા સદા ઉદ્યુક્ત હતા, તેમ છતાં સર્વને પહોંચી વળી તેઓની સત્તા ઓછી કરવાના કામમાં મહારાજની કાપટ્યકળા તેમને કેટલી ઉપયોગી થઇ પડી તે વાચકોને વિદિતજ છે; પરંતુ મહારાજે સર્વ મનુષ્યો સાથે કાપટ્યપૂર્ણ વર્તન ચલાવ્યું એમ કહી શકાશે નહિ. તેમનાં ઇષ્ટ કાર્યોમાં જેઓ સભ્યતાપૂર્વક અને પ્રમાણિકપણે સહાયતા કરવા અનુકૂળ થતા તેઓની સાથે મહાદાજ અત્યંત સરળ અને વિશ્વાસુપણે વર્તતા હતા. અફઝુલખાને અને શાહિસ્તખાને પ્રચંડ સૈન્ય સહિત મહારાજ ઉપર ચડાઇ કરી હતી, પણ સમરાંગણમાં તેમની સામા જઈ યુદ્ધ કરવાની મહારાજમાં શક્તિ નહોતી. એવા સંકટસમયે પોતાનો અને પોતાનાં તાબાનાં મનુષ્યોનો નાશ કરી સ્વરાજ્યસિદ્ધિના કાર્યમાં હમેશનો અંતરાય પાડી જનમંડળમાં દોષપાત્ર થવું એના કરતાં છળકપટ રચી ધૈર્યપૂર્વક શત્રુનો નાશ કરવા પ્રવૃત્ત થવું, એ મહારાષ્ટ્રીયજનોને કિંચિત્ પણ દોષપાત્ર જણાય નહિ, એ સ્વાભાવિકજ છે. એવો કિંવા એથી પણ હીન પ્રકારનો કપટપ્રયોગ રચી, અન્યના સ્વાતંત્ર્ય કિંવા રાજ્ય અપહરણ કર્યાનાં અનેક ઉદાહરણો ઇતિહાસોમાંથી મળી આવે છે; પરંતુ મહારાજનો ઉદ્દેશ તદ્દન હીન પ્રકારનો નહોતો. સ્વરાજ્યસાધનનું પવિત્ર કાર્ય પરિપૂર્ણ કરવા માટે તેઓએ મુસલમાનોની દૃષ્ટિએ ઘાતકીપણું કર્યું હતું. જો તેમ ન કર્યું હોત તો તેઓનો સમૂળગો નાશ થઇ સર્વત્ર ઇમામશાહી પ્રસરી ગઇ હોત

અને જગતના ઇતિહાસમાં મરાઠાઓનું નામ અમર થવાનો યોગ પ્રાપ્ત થાત નહિ. શત્રુ દ્વાર નજીક આવી પોતાનો નાશ કરવાનું ચૂકશે નહિ અને તેની સાથે નીતિપૂર્વક વર્તતાં પોતાનાથી ટકી શકાશે નહિ, એવી ખાતરી થયા પછી બનતે ઉપાયે તેનો નાશ કરવો એ રાજનીતિને કિંબહુના વ્યવહારનીતિને યોગ્યજ છે. વળી પોતાની સાથે પોતાને આશ્રયે રહેલાં હજારો મનુષ્યોનો સંહાર થવાનો કિંવા તેઓને અખંડ વિપત્તિમાં પડવાનો જ્યાં અનિવાર્ય સમય પ્રાપ્ત થતો હોય ત્યાં ઉદાર નીતિનાં સર્વ તત્ત્વો એક બાજુએ મૂકી, સ્વજનના રક્ષણ માટે એકાદ નવીન ઉપાય અવલંબન કરવાથી કોઇ મનુષ્ય દોષપાત્ર ઠરતો નથી એ નિર્વિવાદજ છે. એજ સૂત્રાનુસાર મહારાજે અફઝુલખાનનો વધ કર્યાથી અને શાહિસ્તખાન ઉપર છાપો માર્યાથી તેઓ દોષપાત્ર ઠરતા નથીઃ પણ ઊલટું શત્રુનો પરાજય કરવાની અપ્રતિમ યુક્તિ યોજવા માટે તેઓ પ્રશંસાપાત્રજ ઠરે છે. તેમની એવી યુક્તિથી જેઓને અતિશય નુકસાન થયું હોય તેઓનાં હૃદયમાં દુઃખ થાય અને તેઓ મહારાજને ગાળો ભાંડે તથા શાપ આપે એ સ્વાભાવિક છે; પરંતુ તેઓના તિરસ્કારયુક્ત લેખોનો અનુવાદ યુરોપીય ગ્રંથકારો પોતાના ગ્રંથમાં ગ્રાહ્ય ગણે, એ આશ્ચર્યકારક છે.

એ સમયે રાજકાર્યમાં દગાબાજી અને કપટયુક્તિનો સર્વત્ર પ્રયોગ થતો હતો. મોગલોના અને દક્ષિણના સુલતાનોના ઇતિહાસમાંથી એનાં પુષ્કળ દૃષ્ટાંતો મળી આવે એમ છે. શાહજીરાજાને પકડવાને આદિલશાહના સરદાર બાજી શામરાવે ચંદ્રરાવ મોરેની મદદથી કપટયુક્તિની યોજના કરી હતી. શિવાજી મહારાજને કપટ કરીનેજ ઔરંગઝેબે દિલ્હી બોલાવ્યા હતા. ખુદ અંગ્રેજોએ મહારાજ સાથે દગાબાજી કરી તેમના વિશ્વાસનો ભંગ કરીને વિજાપુર–સરકારને દારૂગોળો પહોંચાડ્યો હતો અને તોપો ફોડવામાં મદદ કરી હતી. ખંદેરી બેટ આગળ અંગ્રેજ કેપ્ટને સુલેહ કરવાનું બહાનું કરી મહારાજના વહાણો નજીક આવ્યાં કે તરતજ તોપોનો મારો શરૂ કરીને પુષ્કળ જાનમાલનું નુકસાન કર્યું હતું. આવાં અનેક કપટ–દૃષ્ટાંતો ઇતિહાસમાં મોજૂદ છતાં માત્ર શિવાજીનેજ એ બાબતમાં દોષ આપવાનું કારણ શું?

ક્રૂરપણાનો આરોપ

મહારાજ ક્રૂર અને દ્વેષી હતા એવો આરોપ મૂકવામાં આવ્યો છે, પણ તે તદ્દન નિરાધાર છે. તેમના ચરિત્રનું જેઓએ ઉપરટપકે અવલોકન કર્યું છે, તેઓને પણ એ દોષમાં અસત્યતા જણાયા વગર રહેશે નહિ. વિનાકારણ રક્તપાત નહિ કરવાનો મહારાજનો હમેશનો નિયમ હતો. શત્રુ સાથે યુદ્ધ થતાં તેનો પરાજય થયા પછી તેમનાં

મનુષ્યો મહારાજના તાબામાં આવતાં, તેમની સાથે તેઓ કદી ક્રૂરપણે વર્ત્યા નથી. તેઓ હમેશાં તેમનો યથોચિત આદરસત્કાર કરતા અને તેમને વસ્ત્ર, અશ્વ તથા વાટખર્ચીને માટે દ્રવ્ય આપી સ્વસ્થાને રવાના કરતા. મહારાજનું એ ઔદાર્ય આધુનિક સુધરેલા રાષ્ટ્રોની યુદ્ધનીતિને પણ લજવે એવું છે. તે સમયના યવનો યુદ્ધમાં પકડેલાં મનુષ્યોને અનેક પ્રકારે ત્રાસ આપતા, તેમને વટાળવાનો પ્રયત્ન કરતા અને તેમને ગુલામ તરીકે વેચતા કિંવા કેદખાનામાં નાખતા હતા; પરંતુ મહારાજે દુશ્મનોનાં કેદ પકડાયલાં મનુષ્યો સાથે એવી કોઈ પણ પ્રકારની ગેરવર્તણુંક ચલાવી નથી; શસ્ત્રનો ત્યાગ કરી શરણે આવેલો શત્રુ ગમે તેવો અપરાધી હોવા છતાં તેની સાથે ઉદારપણે વર્તી તેને શરમ પમાડવાની અલૌકિક કળા મહારાજે સંપાદન કરેલી હોવાથી શત્રુના તાબાના વીર પુરુષો તેમના તાબામાં નોકરી રહેવા સર્વદા ઉત્સુક રહેતા. એવા કેટલાક વીર પુરુષોએ મહારાજના તાબામાં જઈ તેમના સ્વરાજ્યસાધનના કાર્યમાં પ્રાણ અર્પણ કર્યા હતા, એ વાચકવૃંદને વિદિતજ છે. એ તરફ દૃષ્ટિ કરતાં મહારાજ ઉપર ક્રૂરપણાનો અને દ્વેષીપણાનો દોષારોપ કરવો એ તદ્દન શુષ્કજ છે. બાજી ઘોરપડેના વધ ઉપરથી કેટલાંક મનુષ્યે મહારાજ ઉપર એવો નિરર્થક દોષારોપ કરેલો હોવો જોઇએ. કેટલાંક મનુષ્યો કહે છે કે, તેમનું એ કાર્ય તદ્દન ક્રૂરતાયુક્તજ હતું; બાજી ઘોરપડેના એકલાના અપરાધને માટે તેના કુટુંબના સર્વ પુરુષોને, તેનાં સર્વ સગાંને અને તેના સર્વ આશ્રિતજનોને દેહાંત પ્રાયશ્ચિત્ત મળે એ તદ્દન યોગ્ય નહોતું, પરંતુ બાજી ઘોરપડે જેવો મરાઠો સરદાર યવનોના કહેવાથી પોતાના ઉત્કર્ષ તરફ દૃષ્ટિ રાખી, પોતાની જાતિના મહા તેજસ્વી પુરુષનો ઘાત કરવા પ્રવૃત્ત થાય, એ અત્યંત ધિક્કારપાત્ર અને અક્ષમ્ય હતું. તેના એ કાળા કૃત્યનું કેવું ભયંકર પરિણામ આવવાનો સંભવ હતો, એ વાચકને કહેવાની જરૂર નથી. મહારાજના હૃદયમાં નિઃસીમ પિતૃભક્તિ હોવાથી પિતાના રક્ષણ માટે તેમને પોતાના સ્વરાજ્યસાધનનો ઉદ્યોગ તદ્દન છોડી દેવો પડ્યો હતો અને શાહજીરાજા બંધનમુક્ત થયા ત્યાંસુધી લગભગ ચાર વર્ષ પર્યંત તેમને સ્વસ્થ બેસી રહેવું પડ્યું હતું. એ પરિસ્થિતિ લક્ષમાં લેતાં પિતૃપ્રેમ અને સ્વરાજ્યસાધનપ્રીતિ જેવી સદ્વૃત્તિને વશ થઇ મહારાજે બાજી ઘોરપડે ઉપર અતિ ભયંકર રીતે વૈર વાળ્યું, તે કંઈક ક્ષમ્ય ગણી શકાશે.

દ્રવ્યલોભથી લૂંટ કરવાનો આરોપ

પ્રતિપક્ષનો ત્રીજો દોષારોપ એવો છે કે, મહારાજને અમર્યાદ દ્રવ્યલોભ હોવાથી તેઓ મુસલમાની રાજ્યની નિરપરાધી પ્રજાને સર્વદા લૂંટતા અને તેઓને અનેક પ્રકારે ત્રાસ આપતા હતા; તથા

તેમ થવાથી સર્વત્ર અરાજકતા અને અશાંતિ વ્યાપી રહી હતી. એ આરોપ કંઇક અંશે સત્ય હોય એવી અમારામાંનાં કેટલાંક મનુષ્યોની સમજણ છે; પરંતુ તેનું વાસ્તવિક સ્વરૂપ લક્ષમાં લેતાં પ્રતિપક્ષ કહે છે તેટલા પ્રમાણમાં મહારાજને દોષપાત્ર ઠરાવી શકાય તેમ નથી. પ્રથમજ જોઇએ કે, મહારાજે સ્વરાજ્યસિદ્ધિના આરંભથી અંતપર્યંત એ નિયમ રાખ્યો હતો, તેમાં તેમનો હેતુ કેવળ સ્વધનવૃદ્ધિ કરવાનો નહોતો. ત્રણ પ્રબળ અને ધનાઢ્ય બાદશાહી સાથે વૈર બાંધી તેમના પ્રચંડ સૈન્ય સાથે લાગલાગટ યુદ્ધ કરવામાં સૈન્યબળ અને દ્રવ્યબળ કેટલું હોવું જોઇએ, તે સંબંધી કોઇ પણ મનુષ્ય અનુમાન કરી શકે એમ છે. પોતાના તાબાના મનુષ્યોને સર્વદા ખુશી રાખી, સ્વરાજ્યપ્રાપ્તિના મહત્કાર્ય માટે હાથમાં માથું લઇ પ્રબળ યવનસેના સાથે લડવા તૈયાર થવા માટે તેમને દ્રવ્યની લાલચ સિવાય બીજી લાલચ બતાવી શકાય તેમ હતી? મહારાજે પોતાનું સૈન્યબળ બની શકે તેટલું વધાર્યા સિવાય છૂટકોજ નહોતો. તેઓ હમેશાં લશ્કર વધાર્યેજ જતા હતા. તો પછી તેમણે એકઠા કરેલા વિશાળ સૈન્યનો પગાર ક્યાંથી મેળવવો? તેજ પ્રમાણે સ્વરાજ્યના રક્ષણ માટે અને અને તેમાં વૃદ્ધિ કરવા માટે સર્વ પ્રકારે સહાયભૂત થનારા સેંકડો કિલ્લા હમેશાં દુરસ્ત કરાવી તેના પર ઉત્તમ બંદોબસ્ત રાખવામાં અને સેંકડો નવીન કિલ્લા બાંધવામાં ખર્ચાતું અઢળક દ્રવ્ય તેમણે ક્યાંથી લાવવું? પોતાના તાબાની જાગીરની ઉપજમાંથી એટલો બધો ખર્ચ થઇ શકે તેમ હતું? જ્યારે તેમ નહોતું ત્યારે તેમને લૂંટ ચલાવીનેજ દ્રવ્યબળ પ્રાપ્ત કરવું પડે, એ નિર્વિવાદ છે. સાંપ્રત સુધરેલાં રાષ્ટ્ર યુદ્ધાદિ પ્રસંગે જેમ રાજ્યદ્વારી દેવું કરી તેનો બોજો સ્વપ્રજાને માથે નાખવાનો અને તેમને કરના બોજા નીચે દબાવી દેવાનો માર્ગ ગ્રહણ કરે છે, તેવો માર્ગ તે સમયે અનુકૂળ હતો? આધુનિક રાષ્ટ્રનાં રાષ્ટ્રીય દેવાના આંકડા જોતાં આપણી છાતી ધડકી જાય છે અને એવુંજ જણાય છે કે, કાં તો એ રાષ્ટ્રે દેવાળાં કાઢેલાં હોવાં જોઇએ કે કાં તો અનાથ પ્રજાને તેમણે હમેશને માટે દેવામાં દબાવી દીધેલી હોવી જોઇએ. એ રાષ્ટ્ર યુદ્ધ કરે છે તે સર્વ સ્વત્વરક્ષણાર્થે કિંવા સ્વાતંત્ર્યસંપાદનાર્થે કરે છે? તેઓની પરસ્પર તકરાર માત્ર એક રાજાના કિંવા રાજ્યદ્વારી પુરુષના પ્રપંચને લીધે, મૂર્ખતાને લીધે કિંવા રાજ્યતૃષ્ણાને લીધે ઉત્પન્ન થાય છે અને તેમના પગ આગળ લાખો મનુષ્યોનું બલિદાન થવા સાથે તેમની પ્રજાને અને વંશપરંપરાને યુદ્ધનો ખર્ચ–દંડ ભરતાં રહેવું પડે છે. એવી અત્યંત અનર્થકારક, અક્ષય વિપત્તિમૂલક અને અન્યાયી પદ્ધતિ સાથે તુલના કરી જોતાં મહારાજનો વિવાદગ્રસ્ત દ્રવ્યપ્રાપ્તિનો માર્ગ કેવળ ક્ષમ્ય કહી શકાશે. તેમણે પોતાની પ્રજા પાસેથી અઢળક દ્રવ્યની સહાયતા એવી પદ્ધતિએ

મેળવી નહોતી; પરંતુ મુસલમાનો આ દેશમાં નિવાસ કરી, આ દેશની પ્રજાના જીવ ઉપર ધનાઢ્ય થયા હતા તેમની પાસેથી અને તેમના આશ્રયથી જે હિંદુઓ ધનાઢ્ય થયા હતા તેમની પાસેથી મહારાજે ખંડણી લઇ, તેઓએ જેમને પરતંત્ર કર્યા હતા તેમને સ્વતંત્ર બનાવવાના પુણ્યકૃત્ય માટે એ દ્રવ્યનો ઉપયોગ કર્યો, તેમાં તેમણે મહાપાતક કર્યાનું જણાશે નહિ. મહારાજે લૂંટ કરીને દ્રવ્ય નહિ મેળવવાનો નીતિબોધ આપવો, એ તેમણે સ્વરાજ્ય અને સ્વાતંત્ર્ય સંપાદન કરવાનો પ્રયત્નજ કરવો નહોતો, એમ કહેવા બરોબર છે. એક લાખ સિપાઇનું લશ્કર હમેશાં તૈયાર રાખવું અને એક સાધારણ સિપાઇથી તે ઉચ્ચ દરજ્જાના સેનાપતિ સુધીના સર્વ લશ્કરને રોકડો પગાર ચૂકવી આપવા માટે કેટલા પૈસાની જરૂર હોય અને સ્વસત્તાના પ્રદેશની ઊપજ તે સમયે સરાસરી કેટલી હશે તેનું અનુમાન કરતાં બારોબાર દ્રવ્ય મેળવ્યા સિવાય છૂટકોજ નહોતો, એ પણ સ્પષ્ટજ છે. સાર્વભૌમ ઔરંગઝેબ બાદશાહની પોતાના ઉપર સત્વર ચડાઇ આવવાનું અને રણસંગ્રામ થતાં તે સમયે અતિશય દ્રવ્યની અગત્ય પડવાનું મહારાજ સારી પેઠે જાણતા હતા; તેથીજ તેઓ બને તેટલો દ્રવ્યસંગ્રહ કરતા હતા. એવી પરિસ્થિતિ હોવા છતાં મહારાજને કોઇ દ્રવ્યલોભી કહે તો તે તદ્દન ખોટું છે, એમ કહેવુંજ પડશે. મહંમદ ગિઝનીએ સત્તર વખત હિંદુસ્તાન ઉપર ચડાઇ કરી અગણિત દ્રવ્ય એકઠું કર્યું હતું. તેણે મરણસમયે કહ્યું હતું કે, “ અહો ! આ સર્વ દ્રવ્ય છોડીને મારે જવું પડશે ! ” એમ કહેતાં મહંમદનાં નેત્રોમાંથી અશ્રુપાત થયો હતો. શિવાજી મહારાજે શું એવી આકાંક્ષા રાખી હતી ? તેઓની ઇચ્છા એવી હતી ? કોણ કહી શકશે કે તેમનો ઉદ્દેશ એવો હતો ?

લૂંટ સંબંધી નિયમો

શિવાજી મહારાજ લૂંટફાટ કરતા હતા, તે સંબંધી તેમણે કંઇ નિયમો ઠરાવ્યા હતા કે, તેઓ નિયમરહિત કાર્ય કરતા હતા તેનું અવલોકન કરવું ઇષ્ટ છે. લૂંટસંબંધી મહારાજના કેવા નિયમ હતા, તે સબંધી પાછળ લખવામાં આવ્યું છે. તેમનાં માણસો ગરીબ રૈયતને અને ખેડૂતોને બિલકુલ ત્રાસ આપતાં નહોતાં. સ્ત્રીઓ અને બાળકોને પકડવાં નહિ અથવા તેમની આબરૂ લેવી નહિ તથા દેવસ્થાન, મસ્જિદ, સાધુસંત અને મુસલમાન ફકિરોને કિંચિત્ પણ ત્રાસ આપવો નહિ, એવી મહારાજની પોતાના લશ્કરને સખ્ત આજ્ઞા હતી; તેમજ કોઇ સિપાઇ કે અમલદાર, લશ્કરના તાબામાં જતો લૂંટનો માલ પચાવી પાડી ધનાઢ્ય થઇ પડતો એમ પણ થતું નહોતું. સરકારમાં લૂંટનો હિસાબ આપવો પડતો હોવાથી લૂંટ ઉપર જતા

સરદારનું લશ્કર પરરાજ્યની પ્રજાને ઇચ્છાનુસાર ત્રાસ આપી શકતું નહિ. મહારાજ પછી પેશ્વાઇ રાજ્ય થયું, તે સમયે સરકારી લશ્કર સાથે બળવાખોર ધાડપાડુઓ પણ જતા; તેઓ જ્યાં ત્યાં લૂંટફાટ કરતા અને સરકારી લશ્કરને પણ અન્ન આદિ સામગ્રીનો દુષ્કાળ પાડતા, તેવું મહારાજના લશ્કરમાં નહોતું. વળી લૂંટ વખતે જે અમીરઉમરાવો કિંવા શેઠશાહુકારો પોતાનું દ્રવ્ય નહિ છુપાવતાં પોતાની શક્તિ પ્રમાણે સરળતાથી ખંડણી આપતા, તેને મહારાજના લશ્કર તરફથી કિંચિત્ પણ ત્રાસ થતો નહિ. તેજ પ્રમાણે જે શહેરની પ્રજા રાજીખુશીથી ખંડણી આપવાનું કબૂલ કરતી, તે શહેરમાં મહારાજનું લશ્કર પ્રવેશ કરતું નહિ. શહેર બહાર ઊભા રહી ખંડણી મેળવી ત્યાંથીજ પાછું ચાલ્યું જતું. જે સાંસ્થાનિક રાજાઓ વાર્ષિક ખંડણી ભરવા કબૂલ થતા, તેમના રાજ્યમાં પણ મહારાજનું લશ્કર પ્રવેશ કરતું નહિ. આદિલશાહે અને કુતુબશાહે જ્યારથી વાર્ષિક ખંડણી આપવાનું કબૂલ કર્યું, ત્યારથી મહારાજે તેમના પ્રાંતમાં પણ લૂંટ ચલાવી નહોતી; પરંતુ તેઓ વચ્ચે થયેલું તહનામું ઘણા દિવસ ટક્યું નહિ તેથીજ તેમને પુનઃ પુનઃ એ બંને રાજ્યોમાં સવારી કરી ધનાઢ્ય પ્રજા ઉપર હુમલા કરવા પડ્યા હતા. મહારાજની લૂંટફાટ સંબંધી એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે, મહારાજના સિપાઇઓ એક હાથમાં તલવાર અને બીજા હાથમાં અગ્નિ લઇને ગરીબ પ્રજાની કતલ કરતા નહોતા; કિંવા તેમનાં ઘરબાર બાળી મૂકતા નહોતા. મહારાજને હાથે એવું અપ્રયોજક ક્રૂરપણું કદી પણ થયું નથી. મહારાજ પોતાના ગુપ્ત જાસૂસો દ્વારા પ્રથમ ધનાઢ્ય મનુષ્યોની ખબર મેળવ્યા પછીજ તેમને લૂંટતા; પણ જેઓ અડચણ કર્યા વગર દ્રવ્ય આપી દેતા તેઓને મુક્ત કરતા, એવો તેઓનો નિયમ હતો. એ સર્વ વસ્તુસ્થિતિનું અવલોકન કરતાં તાત્પર્ય એ જણાય છે કે, મહારાજને ક્રૂર લૂંટારા લોકોના વર્ગમાં મૂકી તેમની અવહેલના કે નિંદા કરવી એ બિલકુલ ઉચિત નથી અને એક સત્યશોધક મનુષ્ય પણ પોતાનો એવોજ અભિપ્રાય દર્શાવ્યા વગર રહેશે નહિ.

લૂંટનો ઉદ્દેશ

મહારાજને મુસલમાની રાજ્યના દેશોમાં લૂંટાલૂંટ કરવાનું એક બીજું પણ પ્રયોજન હતું, તે આ સ્થળે નિર્દિષ્ટ કરવું ઉચિત જણાય છે. તે પ્રયોજન ઘણા વાચકોના લક્ષમાં આવ્યું નહિ હોય એ સ્વાભાવિક છે. યવનબાદશાહોના અમલમાં એ પ્રમાણે સતત ધાંધલ કરતા રહેવાથી તેઓને પ્રજા પાસેથી જે કર મળવો જોઇએ તે નહિ મળતાં તેમની શક્તિ ક્ષીણ થાય અને એવા લૂંટારા અર્થાત્ પ્રબળ રિપુને સંતુષ્ટ રાખ્યા સિવાય નિર્વિઘ્ને રાજસત્તા ચલાવવી કઠણ છે,

એમ તેઓને જણાય, એવીજ મહારાજની ઉત્કટ ઇચ્છા હતી. પાછળ લખવામાં આવ્યું છે કે, મહારાજના સતત ત્રાસમાંથી મુક્ત થવા માટેજ આદિલશાહે અને કુતુબશાહે તેમને વાર્ષિક ખંડણી આપવાનું કબૂલ કર્યું હતું. મહારાજે ખંડણી ઉપરાંત મોગલોને અર્ધો ભાગ આપવાની શરત કરી. આદિલશાહી સત્તાના મુલકોમાંથી ચોથાઈ અને સરદેશમુખીનો હક વસૂલ કરવાનો નિયમ ચાલુ રાખ્યો હતો, એ પણ પાછળ લખવામાં આવ્યું છે. તેજ પ્રમાણે કુતુબશાહીમાં પોતાનો હક સ્થાપવાનો વિચાર હતો, તે કર્ણાટક પર ચડાઈ લઇ ગયાથી મહારાજને તરતવેળા મુલતવી રાખવો પડચો હતો, એવોજ હક મોગલોના દક્ષિણ પ્રાંતમાંથી વસૂલ કરવાની ખટપટ તેમણે ચલાવી હતી અને જો તેઓ થોડાં વર્ષ વધુ જીવ્યા હોત, તો મોગલ બાદશાહ પાસેથી પણ મહારાજ તેવો હક મેળવી શકચા હોત. એ હક સંબંધી મહારાજનો ઉદ્દેશ કેવો હતો તે લખવાનું પ્રયોજન જણાતું નથી. હિંદુપ્રજા પાસેથી મળતા કરના બળવડે યવનબાદશાહ પ્રબળ થયા હતા. તેમાંનો થોડો ભાગ ખેંચી લેવાથી તેઓનું તેટલું સામર્થ્ય ઓછું થાય અને તેના પ્રમાણમાં પોતાની શક્તિ વધવા સાથે તેમની સાથે યુદ્ધ કરવાની સગવડ કરી શકાય, એજ મહારાજનો ઉદ્દેશ હતો.

આ સ્થળે કોઈ પ્રશ્ન કરશે કે, 'યવન બાદશાહીઓને દુર્બળ કરવાના પ્રયત્ન માટે નિરપરાધી પ્રજાને નાહક ત્રાસ આપવો એ શું મહાન પાતક નથી?' એ પ્રશ્નનો માત્ર એટલોજ ઉત્તર આપી શકાશે કે, " મહારાજ યાવનીઅમલની સર્વ પ્રજાને એકસરખો ત્રાસ આપતા નહોતા. તેઓનું લક્ષ્ય હમેશાં ધનાઢ્ય મનુષ્યો ઉપરજ રહેતું. તેઓના વિત્તનો થોડો અંશ સ્વરાજ્ય અને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવાના મહત્પુણ્યકારક કાર્યમાં યોજાય, એવો તેમનો સંકલ્પ હતો. મહારાજ હમેશાં ઘણુંખરું ધનાઢ્ય યવનોનેજ ત્રાસ આપતા હતા અને તેમના આશ્રયથી ગબ્બર થયેલા ઇતર મનુષ્યો પાસેથીજ ખંડણી લેતા હતા, એ સંબંધી પાછળ લખવામાં આવ્યું છે. મહારાજે પોતાના સદુદ્દેશ સંબંધી પરદેશી મનુષ્યોને સમજાવ્યું હોત, તોપણ તેઓ વસ્તુસ્થિતિ જાણી જઇને પોતાની સંપત્તિમાંથી રાષ્ટ્રીય કાર્યને માટે રાજીખુશીથી થોડો અંશ પણ કાઢી આપવા તૈયાર થાત નહિ, એ સુસ્પષ્ટજ છે. તેથી તેમના ઉપર જુલમ કર્યા સિવાય બીજો માર્ગજ નહોતો. જે કાર્ય સર્વ હિંદુજનોને હિતાવહ થનાર હતું, તેને માટે થોડાં મનુષ્યોને અલ્પકાળ પર્યંત ઘસારો વેઠવો પડે, તો તેમાં એકાએક મોટું પાપ માનવું અનુચિત છે. મહારાજના અંતિમ હેતુ પરત્વે દીર્ઘદષ્ટિથી વિચાર કરનાર મનુષ્યને તેમના એ કૃત્યમાં અન્યથા જેવું કશું જણાશે નહિ.

રાજ્યતૃષ્ણાનો આરોપ

પ્રતિપક્ષનો એક દોષારોપ એવો છે કે, કેવળ રાજ્યતૃષ્ણાને વશ થઇને મહારાજે એ સર્વ ખટપટ કરી હતી અને તે કોઇ પણ દૃષ્ટિ વડે જોતાં ક્ષમ્ય નથી; એ દોષનું નિદાન કરવા જતાં તેમની ખટપટોનું વાસ્તવિક સ્વરૂપ જગતની દૃષ્ટિ સન્મુખ પ્રત્યક્ષ કરવું જોઇએ. સ્વરાજ્યસંપાદન કરવાનો મૂળ ઉદ્દેશ સ્પષ્ટજ છે કે, યવનોની તાબેદારીમાંથી મુક્ત થઈ સ્વતંત્ર થવું. મહારાજ પ્રથમથીજ એ ભગીરથ ઉદ્યોગે વળગ્યા હતા એમાં શંકા નથી; પરંતુ તે પ્રયત્નમાં સર્વ હિંદુપ્રજાને યવનોના ત્રાસમાંથી મુક્ત કરવાના ઉદ્દેશનું મિશ્રણ નહોતું, એમ એકાએક કહી શકાશે નહિ; કારણકે પોતાનો ઉદ્યોગ શરૂ કરતી વખતે કેવળ અસાધ્ય જણાતા કાર્ય માટે મહારાજે જે મનુષ્યોને અનુકૂળ કરી લીધાં હતાં, તેમનાં હૃદયમાં તેમણે યવનસત્તા સંબંધી તિરસ્કાર અને સ્વાતંત્ર્યપ્રીતી જેવી ઉચ્ચ વૃત્તિ ઉદ્દીપન કરી ન હોત તો તેઓએ સ્વસુખની અને સ્વજીવિતની યત્કિંચિત્ પણ પરવા નહિ કરતાં, જેવી સહાયતા કરી તેવી સહાયતા કદી પણ કરી ન હોત. અફઝુલખાન તરફથી આવેલા બ્રાહ્મણ વકીલ, જયસિંહરાજા, યશવંતસિંહ વગેરે પુષ્કળ પુરુષોને પોતાના પક્ષમાં ખેંચી લેવામાં મહારાજને યશ પ્રાપ્ત થયો, તે તરફ જોતાં યવનસત્તાનો વિનાશ કરવાનો પોતાનો વાસ્તવિક ઉદ્દેશ તેઓને બરોબર સમજાવી તેમના હૃદયમાં અભિમાન જાગૃત કરવાનોજ મહારાજે પ્રયત્ન કર્યો તેજ યોગ્ય હતું. બાકી સ્વરાજ્યપ્રાપ્તિના ઉદ્યોગ માટે તેમણે ગમે તેટલાં બહાનાં બતાવ્યાં હોત, તોપણ તેઓ મહારાજના પક્ષમાં આવત નહિ. મહારાજને અનિવાર્ય રાજ્યતૃષ્ણા ઉત્પન્ન થઇ હતી એવું કહેનારા મનુષ્યોએ, તેમણે ત્રણચાર પ્રસંગે વિરક્તતા દર્શાવી, રાજ્ય ત્યાગ કરી મોક્ષસાધનનો માર્ગ અવલંબન કરવાનો જે નિશ્ચય પ્રકટ કર્યો હતો અને તે પ્રસંગે તેઓને એ નિશ્ચયમાંથી નિવૃત્ત કરવાને તેમના તાબાનાં મનુષ્યોને કેટલી મહેનત પડી હતી, તે લક્ષમાં લેવું જોઇએ. એલેક્ઝાન્ડર, તૈમૂરલંગ, બાબર અને ઔરંગઝેબ જેવા માત્ર સ્વસત્તાવૃદ્ધિ કરવાની લાલસાવાળા પુરુષો સાથે મહારાજની તુલના કરવી યોગ્ય નથી. એ રાજ્યતૃષ્ણાવશ થયેલા પુરુષોએ પરકીય સ્વાતંત્ર્યનું અને રાજ્યનું અપહરણ કરી પોતાની સત્તા વધારવા માટે પ્રચંડ મનુષ્યસંહાર કર્યો, તે સર્વથા ક્ષમ્ય નથી; એ તો કેવળ મહાપાતકજ કહી શકાશે. મહારાજને એમના જેવા દૂષિત ઠરાવી શકાશે નહિ. હિંદુસ્તાન હિંદુઓનુંજ હોવાથી તે પર રાજ્ય કરવાનો હક માત્ર હિંદુઓનોજ હોવો જોઇએ; તેમ છતાં તેમાં મુસલમાન પરદેશીઓ પ્રવેશ કરી પોતાની સત્તા જમાવે અને ત્યાંની પ્રજાને [illegible] આપે એ અતિશય

અન્યાયજ કહેવાય. એવા અન્યાયી અને જુલમી સત્તાધીશને સ્વદેશમાંથી હાંકી કાઢી પુનરપિ સ્વરાજ્ય અને સ્વાતંત્ર્યની સ્થાપના કરવા મહારાજ ઉદ્યુક્ત થયા હતા તે કિંચિત્ પણ અન્યાયનું કર્મ નહિ પણ મહત્પુણ્યનુંજ કર્મ કહેવાશે; અને તેવું કર્મ કરવા માટે જે નરરૂપી સિંહ પ્રવૃત્ત થયો તેનું અખિલ મહારાષ્ટ્ર ચિરકાળ પર્યંત ઋણી થઇ રહે તેમાં આશ્ચર્ય શું! એવું સત્કાર્ય કરતાં મહારાજને રાજ્યતૃષ્ણાનો દોષ લાગે તોપણ તેમને હીનત્વ પ્રાપ્ત થશે નહિ. કોઇ મનુષ્ય કોઇ પણ કાર્ય કરવા માટે કોઇ પણ ઉદ્દેશથી પ્રવૃત્ત થયો હોય; પરંતુ તે કાર્યનું પરિણામ સર્વ જનસમાજને હિતકર થઇ પડે એવું હોય, તો તે કાર્ય અત્યંત સ્તુત્ય કહેવાય, એજ નીતિસૂત્ર છે, એ દૃષ્ટિથી જોતાં મહારાજ કેવળ રાજ્યતૃષ્ણાને વશ થઇ, સ્વરાજ્યસાધનમાં પ્રવૃત્ત થયા હતા એમ માનવામાં આવે, તોપણ તેમાં વિરુદ્ધતા થઇ નથી, એવું અમને અમારા મનોદેવતા કહે છે. મહારાજનાં કૃત્યોથી જે પરદેશીઓને નુકસાન થયું છે તેઓ તેમના નામ પાછળ ગમે તેવાં વિશેષણ લગાડશે તે સર્વ વ્યર્થજ છે. નિરપેક્ષ અને નિષ્પક્ષપાતી ઇતિહાસકારો તો જગતના ઇતિહાસમાં સ્વાતંત્ર્યસંપાદક મહાપુરુષોની સર્વદા સ્તુતિજ કરે છે અને સ્વાતંત્ર્યમૂલક રાષ્ટ્રીય સુખની વૃદ્ધિ કરવા માટે તેમને ધન્યવાદજ આપે છે. અમારા ચરિત્રનાયક સર્વ પ્રકારે એ ધન્યવાદોને પાત્ર થાય છે, એ નિર્વિવાદજ છે.

સ્વાર્થીપણાનો આરોપ

પ્રતિપક્ષ કહે છે કે, રાજ્યતૃષ્ણારૂપ દોષના અંગીભૂત સ્વાર્થપરતા અને મહત્ત્વાકાંક્ષા જેવા બે દોષ પણ મહારાજમાં હતા. એમાં કેટલું સત્ય છે તે આપણે તપાસીએ. સ્વાર્થી મનુષ્ય હમેશાં પોતાનો ઉત્કર્ષ સાધવા સર્વદા તત્પર હોય છે. તે મનુષ્યો અન્ય જનોનાં સુખદુઃખનો કિંચિત્ પણ વિચાર કરતા નથી. મહારાજનું ચરિત્ર જોતાં કોઇ પણ સ્થળે તેઓએ પોતાની સ્વાર્થસિદ્ધિ કરી હોય એવું જણાતું નથી. સ્વરાજ્ય મેળવી વૈભવ ભોગવવાની તેમની ઇચ્છા હોત તો તેમણે મરણપર્યંત સખ્ત મહેનત અને ચિંતા કરી નહોત. તેમણે પ્રાપ્ત ઐશ્વર્યનો યથેચ્છ ઉપભોગ કરવાની કલ્પના પણ કરી નહોતી. તેમને સર્વ પ્રકારના સુખવૈભવની સંપૂર્ણ અનુકૂળતા પ્રાપ્ત થઈ હતી, છતાં તેઓ એક ક્ષણ પણ તેમાં ગૂંથાયા નહોતા. તેઓની દિનચર્યા જોતાં જણાય છે કે, રાતદિવસના ચોવીસ કલાકમાં સુખવૈભવને માટે તેમણે એક પળનો પણ અવકાશ રાખ્યો નહોતો. લૌકિક કૃત્યમાંજ તેમનો સર્વ સમય વ્યતીત થતો હતો. સંપાદન કરેલા રાજ્યનું રક્ષણ કરી સુવ્યવસ્થિત રાખવામાં અને તેની વૃદ્ધિ કરવા હમેશાં યત્ન કરવામાંજ તેમની બુદ્ધિ અને શક્તિનો વ્યય થતો હોવાથી તેમને એક ક્ષણનો પણ અવકાશ નહોતો. અત્યંત પરિશ્રમ

કરી થાકી જતા તેમના દેહને કિંવા મનને કવચિત્ પણ આરામ મળતો નહિ; એ તેમનું ચરિત્ર લક્ષપૂર્વક વાંચનારના ધ્યાનમાં આવ્યા વગર રહેશે નહિ. સર્વ હિંદુસ્તાન દેશ યવનસત્તામાંથી મુક્ત કર્યા સિવાય વિશ્રાંતિ લેવી નહિ એવો જે મહાપુરુષનો દઢ સંકલ્પ હતો, તેમના પર સ્વસુખને માટે અને સ્વવૈભવવૃદ્ધિને માટે એટલો બધો શ્રમ કર્યાનો આરોપ મૂકવો એ ઉચિત નથી. મહારાજે આટલી બધી ધનસંપત્તિ મેળવી હતી, છતાં તેમણે પોતાનો આડંબર વધારવા તરફ તેનો વિશેષ વિનિયોગ કર્યો હતો, એમ કહી શકાશે નહિ. તેઓ હમેશાં સાદો પોશાક પહેરતા હતા અને શરીર ઉપર અલંકાર ધારણ કરવાનો તેમને બિલકુલ શોખ નહોતો; તેમ છતાં પરકીય અને સ્વકીય મનુષ્યો પર પોતાનો પ્રભાવ અને મહત્તા બેસાડવા માટે તેમને સવારી અને દરબાર વખતે યોગ્ય પ્રકારનો આડંબર રાખવો પડતો. વળી પોતાના તાબાનાં મનુષ્યો ઉત્કૃષ્ટ કાર્ય કરતા તે વખતે તેમને યોગ્ય પારિતોષિક આપવામાં મહારાજનું વિશેષ ઔદાર્ય જણાઈ આવે છે. તેજ પ્રમાણે પોતાના સેવકજનોને તેમના કામની મહત્તા અને યોગ્યતા પ્રમાણે પગાર આપવામાં તેમણે કદી પણ કંજૂસપણું દર્શાવ્યું નથી. જેઓની સહાયતા વડે તેમને એટલી બધી ધનસંપત્તિ પ્રાપ્ત થઈ હતી, તેમને સંતુષ્ટ રાખવામાં મહારાજે કદી પણ પાછું જોયું નહોતું. મુખ્યતઃ સ્વરાજ્યના રક્ષણ અને વર્ધન કાર્યમાં તથા જે પ્રકારે સ્વજનોનું હિતસાધન થાય, કિંબહુના અખિલ ભારતવર્ષ યવનત્રાસમાંથી મુક્ત થાય તેવાં કાર્યો કરવામાંજ સંપાદિત દ્રવ્યનો વ્યય થવો જોઇએ. એવોજ મહારાજનો વિચાર હતો. એ સંપત્તિના તેઓ પોતાને ભોક્તા નહિ પણ રક્ષક અને વર્ધક સમજતા હતા; અને એ તત્ત્વ તેમના હૃદયમાં સંપૂર્ણ રીતે કોતરાયલું હતું એમ કહેવામાં અડચણ નથી. જે મહાપુરુષે મરણપર્યંત એ તત્ત્વાનુસાર આચરણ રાખ્યાં હોય, તેના પર સ્વાર્થપરતાનો દોષ લગાડવો એ બિલકુલ યથાર્થ નથી.

મહત્ત્વાકાંક્ષાનો આરોપ

હવે મહારાજમાં સ્વાર્થપરતાની અંગીભૂત મહત્ત્વાકાંક્ષા વસ્તુતઃ હતી કે નહિ તે તપાસીએ. પોતાનો આડંબર વધારવો, પોતાની સત્તા સર્વત્ર સ્થાપિત થઇ સર્વ પોતાના અંકિત થઇ રહે અને સર્વ જનસમાજમાં પોતાની કીર્તિનાં ગાન થાય, એવી ઇચ્છા રાખનાર રાજાનેજ મહત્ત્વાકાંક્ષી કહેવો જોઇએ; પરંતુ મહારાજે સર્વ આર્યભૂમિ ઉપર સ્વસત્તા પ્રવર્તાવવાનો સંકલ્પ કરી જન્મપર્યંત તેનેજ અનુસરતો જે પ્રચંડ ઉદ્યોગ કર્યો, તે એ દૂષિતવૃત્તિને લીધેજ હોવો જોઇએ, એવી કલ્પના થવી સંભવિત છે; પરંતુ તપાસ કરતાં જણાઇ આવશે કે, એ વૃત્તિનો અનિવાર્ય ક્ષોભ થઇ, મહારાજ હિંદુ-

ઓનું સ્વરાજ્ય સ્થાપી પરતંત્રતારૂપ ઊંડી ખાડીમાંથી તેનો ઉદ્ધાર કરવા પ્રવૃત્ત થયા હતા, એ સત્ય માનવામાં આવે તો તેઓ ઉપરોક્ત દોષને પાત્ર ઠરતા નથી. જે મહત્ત્વાકાંક્ષાનું પરિણામ રાષ્ટ્રના ઉત્કર્ષનું કારણભૂત થઇ પડે તેને, દોષરૂપ શી રીતે કહી શકાય? મહારાજનાં સર્વ કૃત્યોની સરખામણી કરતાં જણાઇ આવે છે કે, સ્વરાજ્યસાધન અને સ્વાતંત્ર્યસંપાદન કરવા માટે અહર્નિશ પરિશ્રમ કરવો એજ પોતાનું પરમ પવિત્ર કર્તવ્ય તેઓ સમજતા હતા અને કેટલાંક કાર્યોના પ્રારંભથીજ તેમની એવી પરમ ઉદાત્તવૃત્તિ થઇ હતી. એ મહત્કાર્ય કરવા માટેજ પોતાનો જન્મ થયો છે અને તે સાધ્ય કરવામાંજ પોતાના જીવનનું સાર્થકચ છે, એવું તેમને સદૈવ જણાતું હતું, એમ કહેવામાં લેખકને માથે અતિશયોક્તિનો દોષ આવવાનો સંભવ નથી. તેમનામાં એવી અલૌકિકવૃત્તિ સંપૂર્ણ રીતે વિકાસ પામી ન હોત, તો જગતના ઇતિહાસમાં અદ્વિતીય એવાં સાહસિક અને શૌર્યજનક કૃત્યો તેમને હાથે કદી પણ થાત નહિ.

મહારાજ ઉપર મહત્ત્વાકાંક્ષાનો દોષારોપ કરનાર કોઇ મનુષ્ય ક્વચિત્ કહેશે કે, તેમણે સ્વરાજ્ય સ્થાપવાનો આરંભ કર્યો તે સમયે કેટલાક સ્વતંત્ર થઇ પડેલા હિંદુસરદારોને તેમણે પાયમાલ કરવાનો ઉદ્યોગ કર્યો, તે ઉચિત નહોતું. યવન તાબેદારીમાંથી મુક્ત થવાની ઇચ્છા હતી તો તેમણે પોતાનાંજ મનુષ્યો ઉપર શસ્ત્ર ઉગામ્યાં તેનું કારણ શું? એ ઉપરથી મહારાષ્ટ્રમાં પોતાની સત્તા સિવાય અન્ય સરદારોની સત્તા હોવી જોઇએ નહિ એવો શિવાજી મહારાજનો દૃઢ સંકલ્પ હતો અને તે પરથીજ મહત્ત્વાકાંક્ષા ક્ષમ્ય હતી, એમ કહી શકાશે. એવી શંકા કરનાર મનુષ્યોને મહારાજનાં કર્તવ્યનું વાસ્તવિક સ્વરૂપ સમજાયું નથી એમ કહેવું પડશે, જે દેશને પરદેશી મુસલમાન બાદશાહની સત્તામાંથી મુક્ત કરવો હોય તે દેશમાં જુદા જુદા મનુષ્યો કિંવા સરદારો સ્વતંત્ર થઇ અથવા મુસલમાન બાદશાહ સાથે મળી જઈ બંડ કરી પોતપોતાનો થોડો પ્રદેશ કબજે લઇ લે, તો તેથી જોઇએ તેવું સુફળ પ્રાપ્ત થાય નહિ અર્થાત્ એક વિશાળ સ્વરાજ્ય બનાવી શકાય નહિ એ સમજાવવાની જરૂર નથી. બંડખોર મનુષ્યોનો નાશ કરી તેમનો ત્રાસ બંધ પાડવાને વરિષ્ટ સરકાર હમેશાં સમર્થ હોય છે, તે પ્રમાણે મહારાજે પણ બહારવટિયા કિંવા બંડખોર મનુષ્યોનો નાશ કરી અથવા તેમને વશ કરી સ્વસત્તાની વૃદ્ધિ કરવામાંજ ઇષ્ટપ્રદ પરિણામ જોયું હોય તો તે યથાયોગ્યજ કહી શકાશે. કેટલાક મરાઠા જાગીરદારોએ આદિલશાહની તાબેદારી સ્વીકારી હતી. તેમને વશ કરવાનો પ્રયત્ન કરવો, કિંવા સામોપચારપૂર્વક વશ થાય નહિ તેમને કોઇ પણ ઉપાયે તાબે કરી લેવા એજ તેમના મહત્કાર્યની સિદ્ધિને માટે અત્યાવશ્યક હતું; એવું કોઇ પણ

કબૂલ કરી શકશે. ઇટાલી દેશમાં પરરાષ્ટ્રીય પ્રજાએ અવ્યવસ્થા શરૂ કરી સ્વસત્તા સ્થાપવાનો ઉદ્યોગ આરંભ્યો તે સમયે કાઉન્ટ કેવર આદિ નાગરિક જનોએ સ્વરાષ્ટ્રને સ્વતંત્ર બનાવવાના કાર્ય માટે ઉદ્યોગ કર્યો હતો, કિંવા જર્મનીના શહેનશાહે જર્મનરાષ્ટ્રને એક છત્ર નીચે સ્થાપવા માટે ઉદ્યોગ કર્યો હતો, તેને નિષ્પક્ષપાત ઇતિહાસવેત્તા સ્તુતિપાત્ર ગણે છે; તેજ પ્રમાણે શિવાજી મહારાજનો વિવાદગ્રસ્ત ઉદ્યોગ સ્તુતિપાત્રજ છે. તેમના એ ઉદ્યોગને સ્વાર્થપરતાનો કિંવા મહત્ત્વાકાંક્ષાનો દોષ દઇ હીનત્વ લગાડવું એ સર્વથા અયોગ્ય છે. મહારાજે અન્યાયી જણાતાં સત્કાર્ય કર્યાં ન હોત, તો મહારાષ્ટ્રને સ્વરાજ્ય અને સ્વાતંત્ર્યનો અનુભવ કદી પણ મળ્યો ન હોત. સર્વ જનમંડળના હિતને માટે થોડાં મનુષ્યોને તાત્કાલિક નુકસાન થવાનો પ્રસંગ આવે તો તે સર્વથા નિષિદ્ધ નથી, એ આજે કોઇને શીખવવું પડે તેમ નથી.

બીકણપણાનો આરોપ

હવે મહારાજ ઉપર થતા એક દોષારોપ સંબંધી થોડુંક અવલોકન કરી પ્રસ્તુત પ્રકરણનો પૂર્વાર્ધ સમાપ્ત કરીશું. મહારાજ ઉપર એવો પણ દોષ મૂકવામાં આવે છે કે, તેમણે પોતાના વર્તનક્રમમાં અનેક પ્રસંગે શૌર્ય કરતાં બીકણપણું બતાવ્યું છે. તેમનામાં બીકણપણું ન હોત તો શત્રુ સાથે વિરોધ કરવામાં તેમને જુદે જુદે પ્રસંગે કાપટ્ય અને યુક્તિપ્રયુક્તિનું અવલંબન કરવું પડયું તેમ કરવું પડત નહિ. ખરો શૂરવીર પુરુષ શત્રુ સાથે સામે મોઢે યુદ્ધ કરી વિજય સંપાદન કરે છે. સંતાઇભરાઇ રહીને કિંવા નાના પ્રકારના પ્રપંચ રચીને શત્રુનો પરાજય કરવા જેવું નિંદ્ય કર્મ તે પુરુષ કરતો નથી. એ આક્ષેપ તરફ દૃષ્ટિ કરતાં મહારાજની ખરા શૂરવીર પુરુષમાં ગણના કરી શકાય નહિ, એવો ઘણાં મનુષ્યોનો અભિપ્રાય છે; પરંતુ મહારાજનું જીવનચરિત્ર લક્ષપૂર્વક વાંચનારને જણાયા વગર રહેશે નહિ કે પ્રતિપક્ષનો એ આક્ષેપ કેવળ હાસ્યજનક અને નિરાધાર છે. એટલું સત્ય છે કે, મહારાજને ઘણે પ્રસંગે શૌર્ય કરતાં યુક્તિપ્રપંચ કરવામાંજ વિશેષ યશપ્રાપ્તિ થઇ છે. મહારાજ ઘણાજ સાવચેત અને યુક્તિવાન હતા. તેમણે કેવળ અવિચારી કિંવા સાહસિક કૃત્ય કદી પણ કર્યું નહોતું, તેઓ પ્રત્યેક પ્રસંગે પોતાનું અને શત્રુનું બળ-સામર્થ્ય તપાસી કાર્ય કરતા હતા. જે કાર્ય તેમને થોડી મહેનતે અને તાબાના મનુષ્યોનો નાશ થયા વગર થાય એવું જણાતું, તે કાર્ય તેઓ યુક્તિપ્રપંચ રચીને સાધ્ય કરી લેતા હતા. તેમનો સંકલ્પજ હતો કે, બનતે પ્રયત્ને રક્તપાત થાય નહિ એવીજ રીતે વર્તવું. મહારાજમાં એવી યુક્તિનો ભંડાર ન હોત તો આજે તેમનો કિંવા મરાઠાઓનો ઇતિહાસ લખવાનો પ્રસંગજ પ્રાપ્ત થાત નહિ. શત્રુના પ્રબળ સૈન્ય આગળ તેમના અલ્પસંખ્યક સૈન્યનો ક્યારનોયે ચૂરો થઈ ગયો

હોત; અને તેમણે આરંભેલું મહત્કાર્ય અપૂર્ણ રહેવા સાથે આજ તેમની બળવાખોર લૂંટારામાં કિંવા ધાડપાડુઓમાંજ ઇતિહાસકારોએ ગણના કરી હોત; તેમજ આજે હિંદુરાજ્યના અધિષ્ઠાતા તરીકે સર્વ જગતમાં તેમનું ગૌરવ થાય છે, તેને બદલે સર્વ જનમંડળના મુખમાંથી તેમની નિંદાજ થાત. એ દૃષ્ટિએ જોતાં મહારાજના યુક્તિપ્રપંચને બીકણપણું કહી તેમનું અપમાન કરનાર મનુષ્યોની મૂર્ખતા પ્રત્યે જેટલી ક્ષમા દર્શાવીએ તેટલી ઓછી છે.

અત્ર પર્યંત મહારાજ ઉપર પરકીય વ્યક્તિ દ્વારા જેટલા દોષારોપ થયા છે, તેમાંના ઘણાખરાનું સ્પષ્ટીકરણ કરી તેમાં સમાયલા સત્ય સંબંધી વિવેચન કરવામાં આવ્યું છે. હવે અમારા દેશના કેટલાક ઇતિહાસકારોએ તેમના કર્તૃત્વને લઘુત્વ પમાડવા જેવા લેખ લખ્યા છે, તેનું દિગ્દર્શન કરી તેમાં સમાયલા સત્ય સંબંધી વિવેચન કરવું ઇષ્ટ જણાય છે.

ભાગવતધર્મની મદદ

એ ઇતિહાસકારોએ લખ્યું છે કે, “મહારાષ્ટ્રમાં ભાગવતધર્મનો સર્વત્ર પ્રચાર થયો અને તેથી જુદી જુદી જાતિનાં મનુષ્યોમાં ઉચ્ચનીચ ભાવનો ઘણો લોપ થવા સાથે ઐક્યની વૃદ્ધિ થઇ. આપણે સર્વ એકજ ઇશ્વરનાં બાળક છીએ અને સર્વનો મોક્ષમાર્ગ પણ એકજ હોવાથી વ્યવહારમાં પણ પરસ્પર એકબીજાના હિત માટે યત્ન કરવો અને જે કાર્ય વડે સર્વનું કલ્યાણ થતું હોય તેની સિદ્ધિ માટે યત્ન કરવો ઉચિત છે, એવું પ્રજાજન સમજવા લાગ્યા. રામદાસ સ્વામીએ ભાગવતધર્મને મહારાષ્ટ્રધર્મનું ઉપનામ આપ્યું, તેમજ તે ધર્મના સંરક્ષણ અને સંવર્ધન માટે તેઓએ શિવાજી મહારાજને અને ઇતર મહારાષ્ટ્રીય મંડળને વખતોવખત બોધ કર્યો, તેથીજ શિવાજી મહારાજ અને તેમના અનુયાયી પુરુષોને હાથે રાષ્ટ્રોદ્ધારનું મહત્કાર્ય સિદ્ધ થયું.” એ વાક્યાર્થમાં કેટલું સત્ય છે તે તપાસીએ.

પ્રથમ પ્રશ્ન એજ થાય છે કે, શિવાજી મહારાજના સમયમાં કિંવા તેમના પૂર્વ સમયમાં ભાગવતધર્મ મહારાષ્ટ્રમાં સર્વત્ર પ્રસર્યો હતો કે કેમ? એ પ્રશ્નનો નિશ્ચયાત્મક ઉત્તર આપવો કઠિન છે; કારણકે મહીપતિએ ભાગવતધર્મ પ્રતિપાદક ‘સંતમાલિકા’ નામક ગ્રંથ રચ્યો છે. તેમાં સાચુંજૂઠું લખનારા સનાતનધર્માભિમાની બ્રાહ્મણ આદિ ઘણા પુરુષો તે સમયે મહારાષ્ટ્રમાં સર્વત્ર હતા; તેઓની રચેલી ‘સંતમાલિકા’ દ્વારા પંઢરીમાહાત્મ્ય અતિશય વધારવામાં આવ્યું હતું. એ માહાત્મ્ય સર્વને વિદિત કિંવા માન્ય હતું એમ પણ સહસા કહી શકાશે નહિ. સગુણોપાસક વેદાંતમતવાદી સંતમંડળના ઉપાસ્ય દેવતા તરીકે પંઢરપુરના વિઠોબા હતા, તેજ સર્વના ઉપાસ્ય દેવતા હતા એમ કહેવું એ સાહસિકજ કહેવાશે; કારણકે

તે સમયે સંતમંડળના ઉક્ત પંથ સિવાય મહારાષ્ટ્રમાં બીજા પણ અનેક પંથ પ્રચલિત હતા, તેમજ સંતમંડળનો એ ભક્તિમાર્ગ સનાતન હિંદુધર્મને સર્વથા અસંમત ન હતો; એટલે તે ધર્મને ક્રાંતિકારક માનવો અનુચિત કહેવાશે. જ્ઞાનદેવ આદિ સંતપુરુષોએ એ પંથ વિશેષરૂપે વધાર્યો હતો એ સત્ય છે; પરંતુ એજ પંથ દ્વારા જાતિભેદ વગેરે ભેદભાવ નષ્ટ થવા સાથે મહારાષ્ટ્રીય જનસમાજમાં ઐકયની વૃદ્ધિ થઇ એમ કહેવું ઉચિત નથી; કારણકે તે સમયની વસ્તુસ્થિતિ જોતાં ઉકત કથનને આધાર મળતો નથી. સંતજનોએ અને પંઢરપુરના વારેદાર મનુષ્યોએ પવિત્ર તીર્થક્ષેત્રમાં ગયા પછી જાતિભેદ સંબંધી થોડી બેપરવાઇ દર્શાવી હશે; પરંતુ પોતાના ગામમાં આવ્યા પછી તેઓ તેવીજ વૃત્તિ કાયમ રાખી વ્યવહારવર્તન કરતા હતા એવું કોણ કહી શકશે ? ભકતજનો અન્નવ્યવહાર અને લગ્નવ્યવહારમાં બીજાં મનુષ્યોની પેઠેજ સનાતનધર્મ વિહિત ઉચ્ચનીચનો ભેદ પાળતા હતા. એ જોતાં સંતજનોના ભાગવતધર્મને લીધે તે સમયની સમાજસ્થિતિમાં વિશેષ રૂપાંતર થયું હતું એમ કહી શકાશે નહિ. એ પંથ અસ્તિત્વમાં આવ્યો ન હોત તો શિવાજી મહારાજને સ્વરાજ્ય પ્રાપ્ત કરવાના કાર્યમાં સહાયતા કરનાર પુરુષોને તેવી બુદ્ધિ ઉત્પન્ન ન થાત એવું કોણ કહી શકે છે ? એ પુરુષોમાંના કયા પુરુષો પંઢરપુરના વારેદાર હતા કિંવા ભાગવતધર્મના ઉત્તેજક હતા ? પ્રતિપાદન કરનાર ઇતિહાસકારો પાસે એ સંબંધી કંઇ પુરાવો છે કે ? બખરકર્તાઓ પોતાના ગ્રંથમાં એ સંબંધી કંઇ ઉલ્લેખ કરતા નથી. શિવાજી મહારાજ અને તેમના પિતા આદિ વડીલ પુરુષો શંકર અને ભવાનીદેવીના ઉપાસક હોવા સાથે પ્રત્યેક સંકટ પ્રસંગે તેઓએ ભવાનીની આજ્ઞા મેળવવાનોજ પ્રયત્ન કર્યો હતો. તેમના ક્રમ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, ભાગવતધર્મ ઉપર તેમની અચલ શ્રદ્ધા નહોતી. તેઓ તો મરણપર્યંત દેવીનાજ ઉપાસક હતા. છેવટે રામદાસ સ્વામીનાં દર્શન થતાં અને બોધામૃત શ્રવણ કરતાં તેમનામાં થોડોક ઉપાસનાભેદ થયો હતો એમ જણાય છે; પરંતુ રામદાસ સ્વામીએ મહારાજને તેમના ઉપાસ્ય દેવતા શંકરના પ્રસાદપ્રીત્યર્થે કોટિ પાર્થિવલિંગ કરવા આગ્રહ કર્યો હતો અને શિવાજી મહારાજ જેવા સચ્છિષ્યે ગુરુવચન પાળ્યું હોવું જોઇએ એમાં શંકા નથી. એ જોતાં કહી શકાય છે કે, મહારાજ પ્રથમથીજ દઢ શૈવમતાભિમાની હતા, પણ રામદાસ સ્વામીનો સંયોગ થયા પછી તેમની વૃત્તિમાં દ્વિધાભાવ ઉત્પન્ન થયો હશે; પરંતુ તેમનો સંયોગ થયા પછી સ્વલ્પકાળમાં મહારાજનું દેહાવસાન થવાથી દ્વિધાભક્તિનું શું પરિણામ આવ્યું, તે નિશ્ચયપૂર્વક કહી શકાય તેમ નથી. વળી મહારાજ સ્વતઃ દેવીઉપાસક શૈવ હતા તેજ પ્રમાણે માવળાના ઘાટ ઉપરના અને કોંકણના મરાઠા

શિલેદાર, હેઠકરી અને બારગીરો પણ મોટે ભાગે શૈવજ હતા અને તેઓ જેજુરીના ખંડોબા તથા તુલજાપુરની ભવાનીદેવીના વિશેષ ઉપાસક હતા. મહારાષ્ટ્રનાં ગામેગામમાં એ દેવોની પ્રતિમા અનેક નામે સ્થાપિત થઇ છે. તેમની અનેક ધર્મવિધિ અને રૂઢિ ઉપરથી વ્યક્ત થાય છે કે, તે દેવોની કૃપા મેળવવામાંજ તેઓને પોતાની ઇતિકર્તવ્યતા જણાય છે. ઉદાહરણ તરીકે, મરાઠાઓ વિશેષ ઉત્સાહ અને આડંબર સહિત વિજયાદશમીનો ઉત્સવ પાળે છે. એ પરથી સિદ્ધ થાય છે કે, જનસમાજ ઉપર ભાગવતધર્મના ઉદાર મતનું સુપરિણામ થવાથી તેઓ શિવાજી મહારાજના ઝંડા નીચે આવી ભેગા થયા એ કહેવું પ્રમાદજનકજ છે. એ સિવાય મહારાજને સહાય કરનાર બ્રાહ્મણ અને પ્રભુલોકો ભાગવતપંથના અનુયાયી વૈષ્ણવ હતા, તેથીજ કિંવા ભાગવતપંથનું તેમના પર સુપરિણામ થયું હતું, તેથીજ તેઓ મહારાજ ઉપર શ્રદ્ધાભક્તિ દર્શાવતા હતા, એવું કહેનાર મનુષ્યો પાસે કંઇ આધાર છે ખરો ?

ભાગવતધર્મનું વાસ્તવિક પરિણામ

તાત્પર્ય એ છે કે મહારાજે આટલાં બધાં મનુષ્યો એકઠાં કર્યાં અને તેમની પાસેથી અપૂર્વ દેશકાર્ય કરાવ્યું, તેનું મૂળ કારણ ભાગવતધર્મપ્રચાર નથી, પણ મહારાજની અલૌકિક કાર્ય શક્તિનુંજ તે ફળ હતું. એ કાર્યનું થોડું શ્રેય ભાગવતધર્મને આપવું એ વસ્તુસ્થિતિનો વિપર્યાસ કરવા જેવું છે, એમજ દિલગીરી સહિત કહેવું પડશે. સત્ય કહીએ તો સંતજનોએ પ્રચલિત કરેલા નિવૃત્તિમાર્ગને લીધે મહારાષ્ટ્રમાંથી પ્રવૃત્તિમાર્ગ ત્રણસો વર્ષપર્યંત લોપ પામ્યો હતો. રામ અને રહેમાનને એકજ માનનાર, શાંત, વિરક્ત, અહંમમતાશૂન્ય, ઉદાસીન અને પરમાર્થસાધક ભગવદ્ભક્ત સત્પુરુષો સંસારને ક્ષણભંગુર જાણી તેમાંથી મુક્ત થવાનીજ અહર્નિશ ઉત્કટ ઇચ્છા રાખતા હતા. તેમને ઐહિક સુખદુઃખનું કિંચિત્ પણ ભાન થતું નહોતું અને સર્વ જનોને મુક્તકંઠે એવોજ ઉપદેશ કરતા હતા. તેઓ દ્વારા યવનોનો નાશ કરવાનો ઉપદેશ થાય એ અશક્ય હતું. એવો ઉપદેશ રામદાસ સિવાય બીજા કોઈ પણ સાધુના ગ્રંથમાંથી યત્કિંચિત્ પણ થશે નહિ. ઐહિક સુખસાધનોને જલતરંગવત્ માનનાર મહાસાધુજનોના હૃદયમાં એવો વિચાર ક્યાંથી ઉત્પન્ન થાય ? અમારા દેશમાં વૈરાગ્યવૃત્તિ કિંવા નિવૃત્તિપરાયણતા, પ્રત્યેક મનુષ્યના હાડમાંસમાં વ્યાપેલી હોવાથીજ મુસલમાન બાદશાહની ક્લેશપ્રદ સત્તા સતત ત્રણસો વર્ષપર્યંત ચાલુ હતી, છતાં કોઇ મરાઠો સરદાર કિંવા બ્રાહ્મણ મુત્સદ્દી તેનો પ્રતિકાર કરવા આગળ પડ્યો નહિ. બાદશાહ દ્વારા પ્રાપ્ત થતો કટકો રોટલો ખાઇને બેસી રહેવામાંજ તેમને સુખ જણાતું હતું. ભાગવતધર્મનો દુંદુભિ તેમના કાનમાં ધમધમાટ

મચાવી રહ્યો હતો; તેમ છતાં તેમના અંતઃકરણમાં સ્વરાજ્ય પ્રાપ્ત કરવાની બુદ્ધિ જાગૃત થઈ નહિ, પણ ઊલટું અતિશય સંતોષવૃત્તિ અને ઉદાસવૃત્તિ વૃદ્ધિ પામી હતી એમ જણાય છે. જે સમયે શિવાજી મહારાજે સ્વરાજ્ય સંપાદન કરવાનો ઉદ્યોગ આરંભ્યો તે સમયે તેમનો ઉત્સાહ ભંગ કરનાર અને તેમના કાર્યમાં વિઘ્ન ઉપસ્થિત કરનાર મરાઠાસરદાર અને બ્રાહ્મણ મુત્સદીઓની સંખ્યા કેટલી હતી તે ઇતિહાસજ્ઞ પુરુષોને કહેવાની જરૂર નથી. વારૂ, વિવાદપ્રશ્ન ઉપસ્થિત કરનાર ઇતિહાસપંડિતો એકાદ સરદાર કિંવા મુત્સદીનું નામ પ્રકટ કરી શકે એમ છે કે જેનામાં ભાગવતધર્મમૂલક ઐક્યભાવ જાગૃત થવાથી તે પોતાની મેળેજ શિવાજી મહારાજને આવી મળ્યો હોય? તેમ થયું હોત તો મહારાજને શરૂઆતમાં શુદ્ધ નિરભિમાની જનોની સલાહ પ્રમાણે કેટલાક મરાઠાઓને બ્રાહ્મણ સરદારોના સંબંધમાં તદ્દન જુદી પદ્ધતિએજ કામ લેવું પડયું હતું તેનું પ્રયોજનજ રહેત નહિ. મોરો પંત પિંગળે, બાલાજી સોનદેવ, અને દત્તાજી પંત આદિ બ્રાહ્મણ મુત્સદ્દી; બાલાજી આવજી; બાજી પ્રભુ દેશપાંડે, મુરાર બાજી ઇત્યાદિ સ્વામીભક્ત પ્રભુગૃહસ્થ અને તાનાજી માલુસરે, પ્રતાપરાવ ગુજર અને હંબીરરાવ મોહિતે જેવા અનેક પ્રતાપી વીરપુરુષો મહારાજ પાસે માત્ર પોતાના ઉત્કર્ષની લાલસાએજ આવ્યા હતા અને ભવિષ્યમાં સૂર્યમુખી કમળની પેઠે મહારાજના અલૌકિક તેજને પ્રતાપેજ તેઓના ઉજ્જવલ ગુણ વિકાસ પામ્યા અને પરિપક્વ થયા હતા, એમ જણાય છે. સ્વરાજ્યસ્થાપનાની સિદ્ધિ સંબંધી ઉક્ત કારણ પૂરતું હોવા છતાં બિચારા સંસારસુખથી બહિષ્કૃત નિવૃત્તિપરાયણ સાધુજનોને એ સંબંધી યશ આપવો એ અમારા ચરિત્રનાયકની વાસ્તવિક યોગ્યતાને લઘુત્વ પ્રાપ્ત કરાવવા જેવું સમજવામાં આવે છે.

સ્વધર્માભિમાન

આ સ્થળે કોઇ પ્રશ્ન કરશે કે, મહારાજે ભારતભૂમિમાંથી મુસલમાનોની સત્તા નિર્મૂળ કરવાનો સત્સંકલ્પ કર્યો હતો, તેના મૂળમાં સ્વધર્માભિમાનરૂપ વૃત્તિ હતી કે નહિ? એ પ્રશ્નનો હકારમાં સ્પષ્ટ ઉત્તર આપવો પડશે. મહારાજના હૃદયમાં બાલ્યાવસ્થાથીજ સ્વધર્માભિમાનનું બીજારોપણ થયું હોવાથી મરણપર્યંત તેમની વૃત્તિ ધર્મશીલ હતી. એ વૃત્તિને લીધેજ તેમના હૃદયમાં પ્રથમથીજ યવનદ્વેષ ઉદ્ભવ્યો હતો એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ધર્માભિમાન ઉત્પન્ન થવા સાથેજ તેમનામાં સ્વાતંત્ર્યપ્રીતિ પણ ઉત્પન્ન થઇ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી હતી. એ ઉભય વૃત્તિનો ક્ષોભ થવાથીજ તેમના હૃદયમાં સ્વરાજ્ય અને સ્વાતંત્ર્ય મેળવવાનો સંકલ્પ દઢ થયો અને તેમણે જગતને ચકિત કરી નાખે એવાં પરાક્રમ કર્યાં. તેમ છતાં

એ સ્વધર્માભિમાન અમર્યાદ સ્વાતંત્ર્યપ્રીતિ સિવાય કેવળ પંગુ હતું એ ભૂલવું જોઇતું નથી. એ ઉભય વૃત્તિને અપ્રતિમ કર્તૃત્વશક્તિની સહાયતા ન હોત તો તે હતું ન હતું સરખુંજ થઇ પડત. મહારાજના હૃદયમાં એ વૃત્તિત્રિવેણીનો સંયોગ અને ઉત્કર્ષ થવાથીજ તેમનું ચરિત્ર આજે જગતમાં ઉદાહરણસ્વરૂપ થઈ પડયું છે. મહારાજનું સ્વધર્માભિમાન માત્ર ભાગવતધર્મનો પ્રચાર થવાથીજ ઉદ્ભુત થયું હતું એમ કહી શકાશે નહિ; કારણકે સંતજનોનો પંથ અત્યંત ઉદાર હોવાથી તે માર્ગે વળેલા મનુષ્યોનાં હૃદયમાં અભિમાનરૂપી વૃત્તિને બિલકુલ સ્થાન મળે તેમ નહોતું. રામ અને રહેમાનને એકજ જાણનારા સાધુસંતના ભક્તિપંથમાં એવી વૃત્તિને નિવાસ કરવાનો અવકાશજ નહોતો. મહારાજને વૈષ્ણવપંથના ખાસ ઉપાસક માનવામાં કોઇ જાતનો પુરાવો મળતો નથી. તેમની સનાતન ધર્મ ઉપર સંપૂર્ણ દૃઢ શ્રદ્ધા હોવાથી મરણપર્યંત તેમના હૃદયમાં ઇશ્વર ઉપર વિશ્વાસ અને ભવાનીદેવી ઉપર ભકિત કાયમ રહી હતી. મહારાજે પોતાના સહાયક જનોનાં હૃદયમાં વૈષ્ણપંથની સહાયતા વડેજ સ્વરાજ્યપ્રીતિ સાથે સ્વધર્માભિમાનની જાગૃતિ કરી નહોતી; પરંતુ ગોબ્રાહ્મણને પોતાનું દૈવત સમજાવનાર, જાતિભેદ અવશ્ય પાળવાનો બોધ આપનાર, મૂર્તિપૂજાને ઉત્તેજન આપનાર અને સર્વ કર્મકાંડની અગત્ય પ્રતિપાદન કરનાર સનાતનધર્મના તેઓ અભિમાની હતા, એ ભૂલવું જોઇતું નથી. મહારાજ અને તેમના ઘણા અનુયાયીઓનાં આચરણ સનાતનધર્મને અનુસરતાં હતાં એ નિર્વિવાદજ છે; કારણકે કોઇ પણ બખરગ્રંથમાંથી એ માન્યતા વિરુદ્ધ યત્કિંચિત્ પણ પુરાવો મળી આવતો નથી.

આ સ્થળે કોઇ પ્રશ્ન કરશે કે, જે પ્રાંતમાં મહારાજના કર્તૃત્વની વિશેષ વ્યાપ્તિ હતી તે પ્રાંતમાં તુકારામ આદિ પુષ્કળ વૈષ્ણવભક્તોનું અસ્તિત્વ હોવા સાથે કેટલાક સંતપુરુષોનું ચરિત્ર મહારાજની દૃષ્ટિ સમક્ષ તાદસ્ય થતું હતું અને તુકારામબાવા ઉપર તેમની અતિશય શ્રદ્ધાભકિત હતી, તેમ છતાં તેમના હૃદય ઉપર ઉક્ત ભક્તિપંથનું કંઇ પણ પરિણામ થયું કે નહિ? એ શંકાનું સમાધાન કરતાં કહેવું પડશે કે, તુકારામ આદિ સાધુસંતનાં ઉજ્જવળ આચરણોને લીધે તેઓ મહારાજને પરમ વંદનીય જણાતા અને તેમની બોધક વાણી શ્રવણ કરવા તથા તેમનો સમાગમ કરવા મહારાજ સદા ઉત્સુક રહેતા એ નિર્વિવાદ છે; પરંતુ સાધુસંતોનો બોધ સનાતનધર્મવિરુદ્ધ કિંવા તેમનાં આચરણ એ ધર્મવિરુદ્ધ હોવાનું મહારાજના લક્ષમાં આવ્યું નહોતું; તેમજ તે કાળના સંતસમાજને પણ પોતાનો પંથ સનાતનધર્મથી વિશેષ છે એવું જણાયું નહોતું. એવી ભેદદૃષ્ટિ તો આધુનિક પંડિતસમાજનીજ જણાય છે. તે સમયના

સાદા, સરળ અને ભાવિક મનુષ્યો ઉપર ભેદદૃષ્ટિનો દોષારોપ કરવો એ યોગ્યજ નથી. સાંપ્રતકાળમાં વૈષ્ણવપંથનું અસ્તિત્વ છે. મહારાષ્ટ્રનાં ઘણાં ગામોમાં પંઢરપુરના વારેદારો જોવામાં આવે છે અને લાખો મનુષ્યો પંઢરપુરની યાત્રાએ જાય છે; પરંતુ સર્વ જનસમૂહને તેમાં કંઇ વિશેષત્વ જણાતું નથી. તેમજ એવા વારેદાર મનુષ્યોની કર્મનિષ્ઠા કિંવા જાત્યભિમાન ઓછું થયું હોય એવો અનુભવ થયો નથી.

રામદાસસ્વામી તરફથી સ્ફૂર્તિ મળી ન હતી

ઉપરોક્ત સર્વ વાદવિવાદનો નિષ્કર્ષ એટલોજ કે, પ્રત્યક્ષ મહારાજ કિંવા તેમના સહાયક મુત્સદ્દી અને વીર પુરુષો ભાગવતધર્મનાં ઉદાર તત્ત્વોને લીધેજ સ્વરાજ્ય સ્થાપવાના કાર્યમાં પ્રવૃત્ત થયા અને તે સિવાય એ મહત્કાર્ય થાતજ નહિ એ કહેવું યોગ્ય નથી.* હવે વિવાદગ્રસ્ત પ્રશ્નના ઉત્તરાર્ધમાં પ્રતિપક્ષ તરફથી રામદાસ સ્વામીને રાજકીય શ્રેય આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે, તેમાં સમાયલા સત્યાસત્યનું અવલોકન કરીએ. પ્રતિપક્ષ તરફથી કહેવામાં આવે છે કે, રામદાસ સ્વામીએ ભાગવતધર્મને મહારાષ્ટ્રધર્મનું નામ આપી તેનું સંરક્ષણ અને વૃદ્ધિ કરવા માટે શિવાજી મહારાજને જીવનપર્યંત બોધ કર્યો તેથીજ તેમણે અવિરત ઉદ્યોગ કર્યો, નહિ તો તેમને હાથે કંઇ પણ થાત નહિ. એ કથનની નિર્માલ્યતા આ પુસ્તકના ઓગણત્રીસમા પ્રકરણના અંત વિભાગમાં સપ્રમાણ દર્શાવી આપેલી હોવાથી અત્ર પુનરુક્તિ કરવાની અગત્ય જણાતી નથી. સમર્થ સ્વામીએ મહારાજને ઇ. સ. ૧૬૪૯માં શિષ્યદીક્ષા આપી અને મહારાજે તેમનું ગુરુત્વ સ્વીકાર્યું એ જનપ્રવાદ, સમર્થના જીવનચરિત્ર ઉપરથી તેમજ તે આધાર સત્ય માનીને ચિટનીસે તથા શિવદિગ્વિજયકારે પોતાના ગ્રંથમાં એ સંબંધી ઉલ્લેખ કર્યાથી સર્વત્ર પ્રચલિત થયો છે. તેને સપ્રમાણ માનીને અમારા ઇતિહાસપંડિતોએ ઉક્ત પ્રવાદ પ્રસાર્યો છે; પરંતુ રામદાસ સ્વામીની મુલાકાત અને શિષ્યદીક્ષા સંબંધીની ઉક્ત સાલ ખોટી ઠરી છે તથા તે સાલ પછી તેવીસચોવીસ વર્ષે મહારાજ સાથે સ્વામીની પ્રથમ મુલાકાત થયાનો ખરો પુરાવો સાંપ્રત અવલોકનમાં આવ્યો છે, તે ઉપરથી પંડિત-

---

* એ વિવેચનથી ભાગવતધર્મ સનાતનધર્મથી ઉચ્ચ પ્રતિનો નથી એવો અમારો અભિપ્રાય નથી. સત્સંગપૂર્વક એ ધર્મનું અનુસરણ કરનાર મનુષ્યોના હૃદયમાં કર્મનિષ્ઠા કરતાં ઔદાર્ય અને શમતા અતિશય ઉત્પન્ન થવાનો સંભવ નિર્વિવાદ છે. એ પંથ દ્વારા તેના અભિમાની પંડિતો કહે છે, તેટલે દરજ્જે રાજકીય પુનરુજ્જીવનને સહાયતા મળી હતી કે કેમ? તેનું અવલોકન કરવા માટેજ પ્રકૃત વિવાદ ઉપસ્થિત કરવો પડ્યો છે.

જનોની કલ્પના નિર્મૂળ હોઇ રામદાસ સ્વામીને મહારાજના યશમાંથી કાંઇ પણ વિભાગ મળતો નથી. વાસ્તવિક રીતે જોતાં તેમના યશનો એટલો બધો ભાગ ઉક્ત પુરાવાની ગેરહાજરીમાં પણ રામદાસ સ્વામીને આપવો એ યુક્તિયુક્ત નહોતું. મહારાજે ઇ. સ. ૧૬૪૯ પહેલાં પાંચ છ વર્ષ પૂર્વે સ્વરાજ્યસાધનાનો ઉદ્યોગ કર્યો હતો એ નિર્વિવાદ વાત છે. તેજ પ્રમાણે રામદાસ સ્વામીએ મહારાજને મોકલેલા પ્રથમ પત્રમાં તેમની સ્તુતિ કરી હતી; તે સ્તુતિને તેઓ ઇ. સ. ૧૬૪૯માં કિંવા તે પછીના પંદરવીસ વર્ષે પાત્ર થયા હતા એમ કહી શકાશે નહિ. વળી મહારાજે વાઇ, કરાડ, સતારા અને પરળી વગેરે થાણાં ઇ૦ સ. ૧૬૭૨–૭૩ પહેલાં જીત્યાં નહોતાં. એ સ્થળે ગુરુશિષ્યની મુલાકાત થયાનું સમર્થ સ્વામીના જીવનચરિત્રમાં લખ્યું છે, તેના સંભવિતપણા સંબંધી લેખકે બરોબર વિચાર કરવો જોઇતો હતો, તેમજ જે દાસબોધના બળવત્તર પુરાવા ઉપરથી તેઓએ ઉક્ત કથન લખ્યું છે, તે ગ્રંથનું તેમણે સૂક્ષ્મદૃષ્ટિએ સાદ્યંત અધ્યયન કરવું જોઇતું હતું; તેમ નહિ કરતાં મહારાજને સમર્થ દ્વારા સ્વરાજ્યસાધન અને સ્વધર્મરક્ષણ કરવાના કાર્યમાં સ્ફૂર્તિ અને ઉપદેશ મળ્યા સંબંધી નિશ્ચયાત્મક લખવું એ આશ્ચર્ય પમાડનાર છે.

ઇ. સ. ૧૬૭૨માં ગુરુશિષ્યની પ્રથમ મુલાકાત થઇ હતી, એજ વિધાન નિશ્ચયાત્મક ઠરે છે. ત્યારે સ્વરાજ્ય–સંપાદન કરવાનો ઘણોખરો શ્રમ પરિપૂર્ણ થયા પછી મહારાજને સમર્થની ઉપદેશવાણી શ્રવણ કરવાનો યોગ મળ્યો હતો એ સ્પષ્ટજ છે. આ સ્થળે કોઇ પ્રશ્ન કરશે કે, મહારાજને સમર્થનાં પ્રત્યક્ષ દર્શન નહિ થયાં હોય તો તેમના શિષ્ય દ્વારા બોધ મળ્યો હશે; પરંતુ તેમનું તે કથન પણ અનુચિત જણાય છે; કારણકે મહારાજને સમર્થ સ્વામી સંબંધી એક બે વખત સમાચાર મળ્યા હતા, પણ ગુરુશિષ્યની પ્રથમ મુલાકાત થઈ ત્યાંસુધી તેઓ સ્વામીજીનું નામ પણ ભૂલી ગયા હતા; એવું સમર્થ મહારાજના જીવનચરિત્રમાંજ લખ્યું છે. તે ઉપરથી ‘રાજકીય પુનરુજ્જીવનાર્થે’ રામદાસ સ્વામીએ પ્રયત્ન કર્યાનું લખવામાં* આવે છે. તે

---

* રા. રા. વિ. કા. રાજવાડેએ “શ્રી સરસ્વતી મંદિર”ના છઠ્ઠા વર્ષના પહેલા અંકમાં (શકે ૧૮૨૮ ચૈત્ર) લખ્યું છે કે, “શકે ૧૬૦૦ (ઇ૦ ૧૬૭૮)માં મહારાષ્ટ્રમાં સર્વત્ર રામદાસનો મત માનનાર અને કાર્ય કરનાર આશરે ૧૨૦૦ રામદાસી મનુષ્યો કામ કરતાં હતાં. શકે ૧૬૦૦ માં એકજ મતનો પ્રચાર કરનાર અને એકજ કાર્ય સિદ્ધ કરનાર ૧૨૦૦ મનુષ્યો જોતાં સમર્થ સ્વામીએ મહારાષ્ટ્રમાં રાજકીય પુનરુજ્જીવનાર્થે કેવું મોટું યંત્ર ગોઠવ્યું હતું, તેની કલ્પના થઇ શકે છે. શકે ૧૬૦૦ માં સમર્થના વિચારો અને કાર્ય વડેજ મહારાષ્ટ્ર સર્વત્ર છવાઇ રહ્યું હતું એમજ કહેવું પડે છે.” (પૃ. ૩૩)એ

કાર્યનો મહારાજ દ્વારા અદ્યાપિ પર્યંત આરંભ થયો નહોતો એમ માનવું પડશે અને સમર્થના ચરિત્ર ઉપરથી કિંવા મહારાજના ઇતિહાસ ઉપરથી પણ તે પ્રયત્ન ભવિષ્યમાં કેટલે દરજ્જે ચાલુ રહ્યો તેની કલ્પના પણ થઇ શકતી નથી. ઇતિહાસ તરફ આંખમીંચામણાં કરી માત્ર કલ્પનાશક્તિમાંજ રમણ કરવું હોય અને પોતાનાજ મતનું કોઈ પણ રીતે પ્રતિપાદન કરવું હોય તો ઇચ્છાશક્તિ પ્રમાણે ગમે તેવાં વિધાન બેલાશક ઠોકી બેસાડવાં; પરંતુ એક શોધકના આડંબર નીચે તેવાં વિધાન માન્ય થાય એ અમારા દેશનું મોટું દુર્ભાગ્યજ કહેવાશે. આટલો બધો ઉહાપોહ કરવાનો હેતુ એજ છે કે, વાસ્તવિક સત્ય હોય તેનું નિરુપણ કરવું અને જેની જેટલી ખરી યોગ્યતા હોય તે નિષ્પક્ષપાત બુદ્ધિ વડે જગતસમક્ષ પ્રસિદ્ધ કરવી.

ભાગવતધર્મ અને મહારાષ્ટ્રધર્મ

પ્રસ્તુત વિષયના ઉપસંહારમાં એક ગૌણ મુદ્દાનું અવલોકન કરીએ. ઇતિહાસકારો દ્વારા કહેવામાં આવે છે કે, રામદાસ સ્વામીએ ભાગવતધર્મને મહારાષ્ટ્રધર્મની સંજ્ઞા આપી હતી અને સ્વબુદ્ધિ વડે તેનોજ સર્વત્ર પ્રચાર કર્યાથી મહારાષ્ટ્રીય પ્રજાના હૃદયમાં સ્વદેશાભિમાનની જાગૃતિ થઈ; પરંતુ આ સ્થળે પ્રશ્ન થાય છે કે, રામદાસ સ્વામીને વિઠ્ઠલભક્તનો વૈષ્ણવપંથ સર્વતોપરી માન્ય હતો કે કેમ? દાસબોધ ગ્રંથનું સૂક્ષ્મ રીતે અવલોકન કરતાં તેના રચનારનો પંથ કંઇક જુદોજ જણાઇ આવે છે. મહારાષ્ટ્રમાં રામદાસીપંથ કરતાં વૈષ્ણવપંથ જુદોજ છે, એવી માન્યતા ધીમે ધીમે પ્રસરવા લાગી

કથનનો ધાર્મિક ઉદ્દેશ સુજ્ઞ વાચકોના ધ્યાનમાં આવ્યોજ હશે; અર્થાત્ રાજકીય પુનરુજ્જીવનનું સર્વશ્રેય સમર્થ સ્વામીને ઘટે છે. શિવાજી મહારાજ તો કેવળ નિમિત્તમાત્ર હતા; તેમને હાથે તો કંઇ વિશેષ કાર્ય થયાંજ નહોતાં. ઇ૦ સ૦ ૧૬૭૨–૭૩ પર્યંત મહારાજે કરેલાં કાર્યો, સમર્થ સ્વામીએ રચેલાં યંત્રો અસ્તિત્વમાં આવ્યાં ત્યાંસુધી વ્યર્થજ હતાં કે? એ કાર્યો વડે તેમના તાબાનાં મનુષ્યોને સ્વરાજ્યવિષયક અભિમાન અને તે માટે પ્રસંગોપાત પ્રાણની આહુતિ આપવાની ઇચ્છા થઈ નહોતી કે? એવા ઇતિહાસ લેખકોની સત્યનિષ્ઠા પ્રશંસનીયજ સમજવી જોઇએ! એ ઇતિહાસકારના ઉક્ત કથનને આધારે એક રામદાસભક્તને ઉમળકો આવતાં તેણે શ્રી સયાજીવિજય-(મરાઠી)ના તા. ૨૪મી નવેમ્બર ઇ૦ ૧૯૦૬ના અંકમાં ‘ રામદાસી સંપ્રદાય ’ નામક લેખ લખી અકાંડતાંડવ કર્યું છે, એ જોતાં તેને રામદાસી ભક્તિનો કેટલો ઉભરો ચડ્યો છે અને તેમ થવાથી સર્વનો લોપ કરી શિવાજી મહારાજને લઘુત્વ પ્રાપ્ત કરાવવાની તેમની ધાંધલ કેવી ચાલુ છે, તે જણાઇ આવે છે.

હતી. રામદાસીપંથના મનુષ્યો ઘણુંખરૂં પંઢરપુરના વારા કરવા જતા નહોતા. રામદાસ સ્વામીને ઘણા આગ્રહ સહિત એક વખત પંઢરપુર લઇ જવામાં આવતાં, ત્યાં કેવો અદ્‌ભુત ચમત્કાર બન્યો હતો તે તેમનું જીવનચરિત્ર વાંચનારને સુવિદિતજ છે; અર્થાત્ સાધુઓનો વૈષ્ણવપંથ રામદાસીપંથથી તદ્દન ભિન્ન પ્રકારનો હતો અને સનાતનધર્મ ઉપરજ તેનો પાયો રચાયો હતો. તેથી વૈષ્ણવપંથને તેમણે મહારાષ્ટ્ર ધર્મનું નામ આપ્યું હોય એવું જણાતું નથી. એક વિદ્વાન ગૃહસ્થ એ શબ્દનો અર્થ 'મહારાષ્ટ્રનું કર્તવ્ય' કરે છે; પરંતુ એ અર્થ નિર્માલ્ય જણાય છે. 'મહારાષ્ટ્રનું કર્તવ્ય' એટલે કોઇ જુદાજ પ્રકારનાં ધર્મકર્મ કહી શકાશે નહિ. એ શબ્દનો સાદો અને સરળ અર્થ કરવાનું મૂકી ઉક્ત પંડિતજી શા માટે આડા ફંટાયા હશે? પ્રસ્તુત લેખકને એ સામાસિક પદનો અર્થ 'મહારાષ્ટ્રીય જનસમાજનો ધર્મ' હોય એમ જણાય છે. સ્વામીજીએ મહારાજને મોકલેલા સ્તુતિજનક પત્રમાં તથા શંભાજીને મોકલેલા બોધજનક પત્રમાં એ શબ્દ લખવામાં આવ્યો છે, તેનો બીજો કંઇ અર્થ થવો સંભવિત નથી. તે સમયે મહારાજે મહારાષ્ટ્રનો ઘણો વિભાગ કબજે કરી ત્યાંની મુસલમાની સત્તા અચાનક નાબૂદ કરી દીધેલી હોવાથી ત્યાંની પ્રજા, બીજી અનેક બાબતની પેઠે, ધર્મ સંબંધે પણ નિર્ભય થઇ હતી. રામદાસ સ્વામીએ એ સ્થિતિ લક્ષમાં લઇ પોતાના પત્રમાં મહારાજની સ્તુતિ કરી છે અને શંભાજીને તેનું રક્ષણ તથા વર્ધન કરવાનો બોધ આપ્યો છે. મહારાજનો જન્મ કર્ણાટકમાં થયો હોત અને ત્યાં તેમણે સ્વરાજ્ય-સંપાદન દ્વારા સ્વધર્મનું રક્ષણ કર્યું હોત, તો સમર્થ સ્વામીએ 'કર્ણાટકધર્મ તમારી વાટ જુએ છે' એવું કથન અવશ્ય કર્યું હોત. 'મહારાષ્ટ્રધર્મ' એ શબ્દ રામદાસ સ્વામીના બીજા કોઇ પણ કવનગ્રંથમાંથી મળી આવતો નથી, તે પરથી જણાય છે કે, ફક્ત શિવાજી મહારાજનાં કર્તૃત્વની પ્રશંસા કરવા માટેજ રામદાસ સ્વામીએ એ શબ્દનો ઉપયોગ કર્યો છે. લેખકકથિત નિર્માલ્ય આધાર ઉપરથી મહારાષ્ટ્રીય પ્રજાના હૃદયમાં સ્વામીજીએ સ્વદેશાભિમાન જાગૃત કરવા માટેજ એ શબ્દનો પ્રચાર કર્યો છે એમ કહેવું અનુચિત જણાય છે. સ્વામીજીએ શંભાજીના પત્રમાં "મરાઠા મળે તેટલા મેળવવા અને મહારાષ્ટ્રધર્મ વધારવો" વગેરે ઉદ્‌ગારો લખ્યા છે તે તેમના પહેલા અને અંતિમજ હતા;× કારણકે રામદાસ સ્વામીએ જે વર્ષમાં શંભાજીને એ

× જગદીશ્વર છાપખાનામાં છપાઇ પ્રસિદ્ધ થયેલા રામદાસ સ્વામીના ચરિત્રના એક જૂના ઇતિહાસગ્રંથમાં અને રા. ચૌબાળકૃત સ્વામીના ચરિત્રમાં સમર્થ સ્વામીએ શંભાજીને લખેલો ઉક્ત પત્ર છપાયો છે. તેમાં 'મરાઠા મળે તેટલા મેળવવા અને મહારાષ્ટ્રધર્મ'

પત્ર લખ્યો તેજ વર્ષમાં તેમનું દેહાવસાન થયું છે.× તેમની પાછળ તેમના શિષ્યમંડળે ગુરુનું વ્રત ચાલુ રાખ્યું હોય એવું કોઇ ગ્રંથમાં લખ્યું નથી. માત્ર કલ્પનાજ કરવી હોય, તો તે ઇતિહાસ નથી; એ સમર્થભક્તોએ ભૂલવું જોઇતું નથી. તાત્પર્ય એ છે કે, સમર્થ સ્વામી જેવા એક ગોસાંઇના બોધ ઉપરથી સ્વદેશાભિમાન, સ્વધર્માભિમાન સ્વરાજ્યાભિમાન અને સ્વાતંત્ર્યપ્રીતિ જેવી ઉચ્ચ વૃત્તિ મહારાષ્ટ્રમાં કેટલાક સમય પર્યંત જાગૃત રહી હતી, એમ કહેવા કરતાં શિવાજી મહારાજના ઉજ્જ્વળ ચરિત્રમહિમા વડેજ તે વૃત્તિચતુષ્ટયનું બીજારોપણ અને સંરક્ષણ થયું હતું એમ કહેવું વિશેષ યુક્તિયુક્ત જણાય છે. ઔરંગઝેબે શંભાજીને પકડી મારી નાખી તેમનું સ્વરાજ્ય પોતાના પગ નીચે દબાવી દીધેલું હોવા છતાં જે વીરપુરુષોએ અત્યંત જુસ્સાથી અને શૌર્યથી સતત ઓગણીસ વર્ષ સુધી બાદશાહ સાથે યુદ્ધ કર્યાં અને તેને ત્રાહ્યત્રાહ્ય પોકરાવી, તેમને રામદાસીપંથ તરફથી કિંચિત્ પણ સહાયતા મળી નહોતી; પરંતુ શિવાજી મહારાજના કર્તૃત્વને લીધેજ અને તેમના હાથ નીચે કેળવાયલા હોવાને લીધેજ તે વીરપુરુષોના હૃદયમાં અલૌકિક જુસ્સો ઉત્પન્ન થયો હતો. એ મહાન કૃત્યનો સંપૂર્ણ યશ છત્રપતિ શિવાજી મહારાજનેજ અપાવો જોઇએ. સમર્થ સ્વામીએ એક પત્ર લખ્યો; તે ઉપરથી તેમનું ગૌરવ વધારવું એ સર્વથા અન્યાયયુકતજ છે.

પ્રથમના સરદાર અને મુત્સદ્દીઓની મદદ

કેટલાક ઇતિહાસલેખકોના ઉપરોકત કથન સંબંધી સત્યાસત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે. એ વિવેચન ઘણું વિસ્તૃત થઈ જવા માટે લેખક વાચકવૃંદ પાસે ક્ષમાયાચના કરે છેઃ તેઓના કથનથી આપણા ચરિત્રનાયકને ઘણુંજ લઘુત્વ પ્રાપ્ત થતું જણાયાથી આટલું બધું લખવું પડયું છે. હવે એ ઇતિહાસલેખકોનું એક બીજું કથન તપાસીએ. તેઓ લખે છે કે, બ્રાહ્મણી (પેશ્વવાઇ) રાજ્યના કેટલાક વિભાગમાં પુષ્કળ બ્રાહ્મણ–મુત્સદ્દી અને મરાઠા–સરદાર ઉન્નતિ પામ્યા હતા. તેઓને પોતાના કર્તૃત્વની વિશેષતા જણાઇ અને મહારાજના હૃદયમાં સ્વરાજ્ય સાધ્ય કરવા જેવું સામર્થ્ય અને બુદ્ધિબળ જોઇ તેઓ ધીમે ધીમે તેમના પક્ષમાં ગયા. તેમની સહાયતાથીજ મહારાજ સ્વરાજ્યનો પાયો નાખી શકયા; એ કથનમાંથી કેટલું સત્ય

વધારવો ' એ વાકય લખ્યું નથી. એ મહત્ત્વનું વાકય પ્રકાશકે શામાટે કાઢી નાખ્યું હશે? કિંવા એ વાકય મૂળ પત્રોમાં નહિ હોય અથવા રામદાસ સ્વામીના કોઇ ભકતે પાછળથી વધાર્યું તો નહિ હોય?

× શકે ૧૬૦૩ના પોષ મહિનામાં ઉક્ત પત્ર લખ્યો છે અને તેજ વર્ષના માઘ માસમાં સમર્થ સ્વામીનું દેહાવસાન થયું છે.

છે, તે મહારાજનો ઇતિહાસ લક્ષપૂર્વક વાંચનારને સત્વર જણાઇ આવશે. તેમના મુત્સદ્દી-સમાજમાં એક પણ એવો મનુષ્ય નહોતો કે જે સ્વતઃ કિંવા તેના પૂર્વજો મુસલમાની બાદશાહીમાં મોટા મુત્સદ્દી ગણાયા હોય; તેજ પ્રમાણે મહારાજના લશ્કરમાં જે સરદાર ઉન્નતિ પામ્યા હતા તેમાંનો કોઇ પણ સરદાર મુસલમાની બાદશાહીમાં મોટો જાગીરદાર નહોતો. નેતાજી પાલકર, પ્રતાપરાવ ગુજર, હંબીરરાવ મોહિતે, સંતાજી ઘોરપડે, ખંડેરાવ દાભાડે, ધનાજી જાધવ વગેરે સરદાર પ્રથમથીજ મોટા જાગીરદાર હતા, એ કથનને કિંચિત્ પણ આધાર નથી. તેઓ સર્વ નાના મોકાસદાર કિંવા દેશમુખ હોવા જોઇએ. પાછળ રાજ્યવ્યવસ્થા-પ્રકરણમાં લખ્યા પ્રમાણે મોકાસદારો અને દેશમુખીઓ દ્વારા પ્રજા પાસેથી કર વસૂલ કરવાનું બંધ પડ્યાથી તેઓ મહારાજની નોકરી કરવા લાગ્યા અને પોતાનાં ઉત્કૃષ્ટ કાર્યોને લીધેજ ધીમે ધીમે ઉન્નતિ પામ્યા. તે સમયે મોટા સરદાર તરીકે ફલટણના નિંબાળકર, મુધોળના ઘોરપડે, મસવડના માને, વાડીના સાવંત, શૃંગારપુરના સૂર્વે, શિર્કે, દળવી અને જાવળીના મોરે ઇત્યાદિ ગણવામાં આવતા હતા. એ સઘળા સરદાર અંતપર્યંત વિજાપુર-સરકારના તાબેદાર રહ્યા હતા; અને પહેલા ત્રણ સરદાર પોતાના માલિક તરફથી મહારાજ સાથે વિરોધ કરવા તૈયાર થયા હતા. બાકીના સરદારોને મહારાજે પરાજિત કર્યા ન હોત તો તેઓ પોતાની મેળે મહારાજના પક્ષમાં આવત નહિ, એમજ કહી શકાશે. એ જોતાં મરાઠા સરદારોએ પોતાની મેળેજ મહારાજને સહાયતા કરી હતી એમ કહી શકાશે નહિ. મહારાજના તાબામાં જે સરદારો અને મુત્સદ્દીઓ હતા તે સર્વેએ પગારની આશાએ નોકરી સ્વીકારી હતી. શિવાજી મહારાજને મહાન દેશકાર્યમાં ઉદ્યુક્ત થયેલા જાણી તેમના ઉદ્યોગને સહાયતા કરવાની નિષ્ઠાથી કોઇ મનુષ્ય તેમના પક્ષમાં ગયો નહોતો; એવું ઉપલબ્ધ ગ્રંથો ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે. નોકરીમાં રહ્યા પછી તેમના અંતઃકરણમાં સ્વરાજ્યાભિમાન વિકાસ પામ્યું. તેનું બીજારોપણ અને વર્ધન, મહારાજની ઉન્નતિપ્રદ સુસંગતિને લીધેજ થયું હતું એમ કહી શકાશે; તેથી સર્વ યશ મહારાજનેજ પ્રાપ્ત થવો જોઇએ. તેમને ન્યૂનત્વ પ્રાપ્ત કરાવવા જેવું વિવાદગ્રસ્ત કથન કેવળ બુદ્ધિ અને ચિત્તભ્રમનોજ પ્રકાર કહી શકાશે.

સ્વરાજ્યસ્થાપના માત્ર મહારાષ્ટ્ર પૂરતીજ ન હતી

એજ ઇતિહાસવેત્તાઓ દ્વારા મહારાજને લઘુત્વ પ્રાપ્ત કરાવે એવું એક અન્ય કથન પણ પ્રચલિત છે; તે એ કે, મહારાજનો સંકલ્પ માત્ર મહારાષ્ટ્ર જેટલી સરહદમાં સ્વરાજ્ય સ્થાપવાનો હતો. જે મહાપુરુષે મુસલમાન બાદશાહીના કબજામાંથી સર્વ ભારતભૂમિને મુક્ત કરી સ્વધર્મનું રક્ષણ કરવાનો અને હિંદુરાજ્યની સ્થાપના કરવાનો

સંકલ્પ કર્યો હતો, તેમની કૃતિમર્યાદા એટલી બધી સંકુચિત હતી એમ કહેવું એ વસ્તુસ્થિતિનો અનાદર કરવા જેવું છે. મહારાષ્ટ્રની સરહદમાંજ સ્વરાજ્ય સ્થાપવાનો તેમનો ઉદ્દેશ હોત તો મહારાજે કર્ણાટકમાં અઢાર મહિના સુધી ચડાઇઓ કરી, પુષ્કળ પ્રાંતો તથા કિલ્લા કબજે કરી, સ્થળે સ્થળે પોતાનાં થાણાં સ્થાપ્યાં તથા કેટલાક પ્રાંતનું સંરક્ષણ કરવા માટે નવા કિલ્લા બાંધ્યા તેનું પ્રયોજન શું ? તેજ પ્રમાણે ઈ૦ સ૦ ૧૬૭૯–૮૦માં વિજાપુર–સરકારના મુખ્ય કારભારી મસાઉદખાન સાથે મહારાજે તહનામું કરતી વખતે પોતાના પિતાની જાગીર સ્વતંત્ર કરી તાબામાં લેવાનો તેમનો શો ઉદ્દેશ હતો ? પ્રસ્તુત લેખકને તો એવુંજ જણાય છે કે, કેટલાક ઇતિહાસકારોના લખવા પ્રમાણે રામેશ્વર પર્યંતનો સર્વ પ્રદેશ કબજે કરી ત્યાં પોતાની સત્તા સ્થાપવાનો મહારાજનો સંકલ્પ હતો, તેજ સત્ય છે અને તેમનું જીવન જો થોડાં વર્ષ લંબાયું હોત તો તે સંકલ્પ સિદ્ધ કર્યો હોત. કર્ણાટકમાં ચડાઇ લઇ જવામાં બીજો ઉદ્દેશ એ હતો કે, આદિલશાહની સત્તા પશ્ચિમ અને ઉત્તરમાં જેમ ઓછી કરી નાખી હતી તેજ પ્રમાણે દક્ષિણમાં પણ કરવું અને એ સત્તા થોડી હદમાં આવતાંજ સંધિ જોઇને આદિલશાહીનો પાયો જડમૂળથી ઉખેડી નાખવો. ચડાઇ વખતે મહારાજની બીજી ધારણા એ હતી કે, દક્ષિણમાં કુતુબશાહની સત્તાને પણ ધોકો પહોંચાડવો. કર્ણાટકમાંથી પાછા ફરતી વખતે મહારાજે પોતાના ત્યાંના સરદારોને મદ્રાસ તરફના પ્રાંત કબજે કરી પૂર્વસમુદ્ર પર્યંત પોતાની સત્તા સ્થાપવાની આજ્ઞા ફરમાવી હતી. એટલે કર્ણાટકમાં ચડાઇ લઇ જવામાં તેમના એ ત્રણ ઉદ્દેશ હતા. દક્ષિણમાંથી બંને બાદશાહી સંક્ષિપ્ત કરી નાખવાનો તેમનો વિચાર સ્પષ્ટ જણાઇ આવે છે. પશ્ચિમકિનારાનો સર્વ પ્રદેશ પોતાના તાબામાં લેવા માટે મહારાજ વહાણો તૈયાર કરાવી તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરતા હતા. પશ્ચિમકિનારા પરનો સીદીરૂપી કાંટો સમૂળ ઉખાડી નાખવા માટે તેમનો સપાટો લાગલાગટ ચાલુ હતો તેનું કારણ પણ એજ હતું. ગુજરાત પ્રાંતમાં દમણ અને સુરત શહેર પર્યંત તેમણે પોતાનાં થાણાં સ્થાપવાનો આરંભ કર્યો હતો. ઈ. સ. ૧૬૭૦થી ૧૬૮૦ સુધી ગુજરાતમાં ચડાઇ કર્યા સિવાયનું તેમનું એક પણ વર્ષ વ્યતીત થયું નથી એમ કહી શકાશે. ત્યાં મોગલોની સત્તા હોવાથી તે પ્રાંત એકદમ હસ્તગત કરવામાં વિશેષ જોખમ સમાયલું હતું, એ પણ મહારાજ જાણતા હતા. પોતાની શક્તિ ઉપરાંતનું કોઇ પણ કામ એકાએક નહિ કરવાનો તેમનો નિયમ હોવાથી ઔરંગાબાદનું મોગલોનું પ્રબળ થાણું મહારાજે એમ ને એમજ રહેવા દીધું હતું. એ શહેર સુધી લૂંટ કરવી; પરંતુ શહેરમાં હુમલો કરવો નહિ એવો તેમનો નિશ્ચય હતો, તેમ છતાં મોગલ બાદશા-

હી ઉપર મહારાજની બિલકુલ. દૃષ્ટિ નહોતી એમ પણ કહી શકાશે નહિ; કારણકે દક્ષિણમાં જયસિંહરાજા પ્રબળ સૈન્ય સહિત આવ્યા હતા, તેમની સામે શાહિસ્તખાન સાથે જેવું પ્રપંચી આચરણ ચલાવ્યું હતું તેમ નહિ કરતાં તેને વશ કરી લેવાની મહારાજે યોજના કરી, તેનું કારણ શું હશે? દિલેરખાને પુરંદરનો ઘેરો નાખ્યો હતો તેમાં તેને યશ મળ્યો નહોતો. તે એકજ કિલ્લા નીચે મોગલોને બેહદ ત્રાસ વેઠવો પડ્યો હતો. તેજ પ્રમાણે જયસિંહનો સિંહગઢ કબજે લેવાનો પ્રયત્ન વ્યર્થ ગયો હતો, તેથી મોગલો સામે નહિ ટકવા જેવું કંઇ બન્યું નહોતું; છતાં મહારાજ જયસિંહની છાવણીમાં ગયા હતા અને દિલેરખાન જેવા ગર્વિષ્ઠ સરદાર સાથે નમ્રતાપૂર્વક વર્ત્યા હતા, તથા તેની સાથે તહનામું કરવાની મસલત ચલાવી હતી; એટલુંજ નહિ પણ જયસિંહની ભલામણથી તેઓ દિલ્હી જવા પણ તૈયાર થયા હતા, તેનું કારણ શું હોવું જોઇએ? વળી ઔરંગઝેબ જેવા મહાકપટી, વિશ્વાસઘાતી શત્રુ પોતાનો નાશ કરવા સદા તલપી રહ્યાનું જાણવા છતાં તેના તાબામાં જઈ સપડાવાનું જે પુરુષે સાહસ કર્યું તેનો ઉદ્દેશ શો હોવો જોઇએ? પ્રસ્તુત લેખકને તો તેમાં તેમનો મહદુદ્દેશ જણાય છે; અર્થાત્ જયસિંહ જેવા બળવાન રજપૂત રાજાને વશ કરી લેવો, તેમના દ્વારા દિલ્હી–દરબારના અન્ય રજપૂત સરદારો સાથે ઓળખાણ કરવી અને ઉત્તર તરફના પ્રદેશની થોડીઘણી માહિતી મેળવી લેવી, તેમજ મોગલો સાથે સ્નેહ કર્યા પછી તરતજ આદિલશાહ તથા કુતુબશાહ ઉપર પોતાનો કરપ બેસાડવો એજ ઉદ્દેશ હતો. મહારાજે પોતાનો ઉદ્દેશ ઘણે ભાગે પરિપૂર્ણ કર્યો હતો એ તેમના જીવનચરિત્ર ઉપરથી જણાઇ આવે છે. દક્ષિણમાંના મોટા જાગીરદારો યવનોના તાબેદાર થવાથી સર્વ એકત્ર થઇ સ્વતંત્ર સત્તા સ્થાપવાની તેમને ઇચ્છા થઇ નહોતી. તેજ પ્રમાણે ઉક્ત રજપૂત રાજાઓ પણ મોગલ બાદશાહના માંડલિક થયેલા હોવાથી તેઓ પોતપોતાનુંજ સંભાળતા હતા. સર્વ રજપૂતોએ એકત્ર થઇ મોગલસત્તા સાથે વિરોધ કરવાની તેમને કલ્પના પણ થઈ નહોતી; પરંતુ મહારાજે દક્ષિણમાં જેવું કાર્ય આરંભ્યું હતું, તેવુંજ કાર્ય પોતાની સહાયતાથી ઉત્તરના રજપૂતોએ આરંભવું એવી મહારાજની ઇચ્છા હતી; નહિ તો તેઓ મરણસમયે બખરલેખકના લખવા પ્રમાણે શોકોદ્ગાર* કાઢત નહિ. શાહજીરાજા પોતાના મહાપ્રતાપી પુત્ર શિવાજી મહારાજની મુલાકાત લઇ કર્ણાટક ગયા તે સમયે તેમણે વ્યંકોજીરાજાને બોધના શબ્દો કહેતાં મહારાજનાં કાર્યોની જે પ્રશંસા કરી હતી× તે કેવળ અતિશયોક્તિ ભરેલી કહી શકાશે નહિ. સર્વ

---

*. જુઓ પ્રકરણ ૩૦ મું.

× જુઓ પ્રકરણ ૨ જું.

બાબતો પ્રત્યે વિચાર કરતાં મહારાજનો સંકલ્પ કેવો વિસ્તૃત હતો તે સહેજે જણાઇ આવશે. એ મહાસંકલ્પ પરિપૂર્ણ કરવા મહારાજને દીર્ઘાયુષ્ય નહિ મળવાથી તેમના કાર્યક્ષેત્રને સંકુચિત માની લઘુત્વ પ્રાપ્ત કરાવનાર મનુષ્યો સર્વથા અન્યાયી કહી શકાશે.

અત્યાર સુધી પ્રારંભમાં જણાવ્યા પ્રમાણે બે મહત્ત્વના પ્રશ્નો ઉપર વિવેચન કરવામાં આવ્યું છે. તે ઉપરથી વાચકોના લક્ષમાં આવ્યું હશે કે, પરકીય લેખકો અને પ્રેક્ષકો આપણા ચરિત્રનાયક પ્રત્યે જે દોષારોપ કરે છે, તે નિરાધાર છે અને અમારા દેશના કેટલાક ઇતિહાસજ્ઞ પુરુષો મહારાજને લઘુત્વ પ્રાપ્ત કરાવવાજેવાં કથન પ્રકટ કરે છે તે પણ અપ્રયોજક છે.

હવે મહારાજના કેટલાક ઉજ્જવળ ગુણોનું અહીં નિરૂપણ કરવું ઇષ્ટપ્રદ જણાય છે. ઉપરોક્ત વિવેચન પરથી તેમના કેટલાક સદ્ગુણોનું દિગ્દર્શન થયું છે, છતાં તેમના કેટલાક મુખ્ય ઉત્કૃષ્ટ ગુણોનું ટૂંકમાં વિવેચન કરીશું. તેમ કરતાં મહારાજનાં ચાર પ્રકારનાં વર્તનનો વિચાર કરી શકાશે. જેમકેઃ–રાજકીય, વ્યાવહારિક કૌટુંબિક અને ધાર્મિક.

લોકસંગ્રહ અને ઉદારતા

પ્રથમ તેમના રાજકીય વર્તન સંબંધી વિચાર કરીએ. પ્રબળ યવન બાદશાહી સત્તા સાથે વિરોધ કરી સ્વરાજ્ય સ્થાપવાના ઉદ્યોગમાં સુયશ સંપાદન કરવા માટે આવશ્યકીય થઈ પડે એવા મહારાજના શૌર્ય, વીર્ય, પરાક્રમ, તર્ક, યુક્તિ અને સાહસ ઇત્યાદિ ઉત્કૃષ્ટ ઉજ્જવળ ગુણોનું કથન કરવું એ ધોળે દહાડે સૂર્યના અસ્તિત્વનો વિશેષ પુરાવો શોધવા જેવું કહેવાશે. તેમના ચરિત્રમાંથી સ્થળે સ્થળે અપ્રતિમ ગુણની ખાતરી થાય એમ છે. તે સંબંધી અત્રે સ્વતંત્ર રીતે વિવેચન કરવાની આવશ્યકતા નથી.× સ્વરાજ્યસા-

---

× મહારાજના કટ્ટા શત્રુ ઔરંગઝેબ બાદશાહનાજ ઉદ્ગાર આ સ્થળે પ્રકટ કર્યાથી તેમના ઉત્કૃષ્ટ ગુણોનો પુરાવો મળશે. તેઓએ લખ્યું છે કે, “તેઓ મહાન રણશૂર સૈનિક હતા. હિંદુસ્તાનનાં પ્રાચીન રાજ્યોનો નાશ કરવાનો મેં સતત પ્રયત્ન આરંભ્યો હતો, છતાં નૂતન રાજ્ય સ્થાપવાનું મહત્કાર્ય પરિપૂર્ણ કરવા માટે પરાક્રમ આદિ અગત્યના ગુણો તેમના કરતાં બીજા કોઇ મનુષ્યમાં વિશેષ નહોતા. મારૂં પ્રબળ સૈન્ય તેમની સાથે યુદ્ધ કરવામાં સતત ઓગણીસ વર્ષપર્યંત ગૂંથાયું હતું, તેમ છતાં તેમની સત્તા એકસરખી વૃદ્ધિંગત થતી હતી.” આ અભિપ્રાય મહારાજને “પહાડકા ચૂવા” કહેનાર ઔરંગઝેબ બાદશાહનો છે.

ધનરૂપી કાર્યમાં સંપૂર્ણ યશસ્વી થવા માટે એ સિવાય બીજા કેટલાક મહદ્‌ગુણોની આવશ્યકતા હોય છે. મહારાજમાં તે ગુણો કેટલે દરજ્જે વિદ્યમાન હતા તે જોઇએ. પ્રથમ ગુણ એ હોવો જોઇએ કે સુકૃતમય હોવા છતાં અસંભવિત જણાતા ઉદ્યોગમાં યશ મેળવવાની ઇચ્છા રાખનાર મનુષ્યને પોતાના સમાગમમાં આવતાં મનુષ્યોને પોતાના પક્ષમાં લેવાની કળા સારી પેઠે આવડવી જોઇએ. એ કળામાં મહારાજ એટલા બધા કુશળ હતા કે તેવી કળા આજપર્યંત અન્ય કોઇને પ્રાપ્ત થઇ હોય એવું જગતના ઇતિહાસમાંથી જણાતું નથી. મહારાજની વાણી બાલ્યાવસ્થાથીજ મોહક અને મધુર હોવાથી તેઓએ શરૂઆતથીજ માવળ પ્રાંતના કેટલાક દેશમુખ અને અન્ય મનુષ્યોને પોતાના કાર્યમાં સહાયક બનાવી લીધા હતા. ગમે તેવો પુરુષ એક વખત મહારાજના સમાગમમાં આવતો કે તરતજ તે તેમની મોહક વાણીને વશ થતો અને તેના અંતઃકરણમાં તેમને માટે આદરબુદ્ધિ અને સ્નેહભાવ ઉત્પન્ન થતો તથા તેમનાં મહત્કાર્ય પ્રત્યે અભિમાન ધારણ કરી મન, વાણી અને કર્મ વડે તેમને સહાયતા કરવા કબૂલ થતો. તેમણે એવો અલૌકિક જાદુ સંપાદન કરેલો હોવાથી તેમને સ્વામીનિષ્ઠ અને વિશ્વાસુ સેવકોની કદી પણ ઊણપ પડી નહોતી. સેવકો મેળવનાર મનુષ્યોનાં અંતઃકરણમાં લોકપ્રીતિ સંપાદન કરવાનો એક બીજો ગુણ અર્થાત્ ઉદારતા હોવી જોઇએ. તાબાનાં મનુષ્યો સાથે ઉદારપણે વર્તવામાં મહારાજના જેવો કોઇ ઇતિહાસપ્રસિદ્ધ નૃપતિ થશે નહિ. પોતાના સેવકો ઉત્તમ કાર્ય કરતા, તે વખતે તેમને કાર્યના પ્રમાણમાં ઇનામ તથા શાબાશી આપવામાં મહારાજ સર્વદા તૈયારજ રહેતા. નોકરોને વખતસર પગાર આપી તેમની અનેક સાંસારિક વિડંબના પ્રસંગે સહાયતા કરવામાં મહારાજ સર્વદા મુક્તહસ્ત રહેતા. કોઇ પણ યુદ્ધપ્રસંગે મરણ પામેલા સેવકનું કુટુંબ જીવનપર્યંત ઉદરનિર્વાહ ચલાવી શકે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવાનું મહારાજ ચૂકતા નહોતા. મરણ પામેલા સેવકનો બંધુ કિંવા પુત્ર સરકારી નોકરી કરવા લાયક જણાતાં મહારાજ તેને યોગ્યતા પ્રમાણે હોદ્દો આપવાની વ્યવસ્થા કરતા, એ પરથી તાબાના સેવકોને ખાતરી થઈ હતી કે, આપણા સ્વામીના કાર્ય માટ પ્રસંગે સ્વપ્રાણની આહુતિ આપવી પડશે, તોપણ તેઓ આપણી પાછળ આપણા કુટુંબના જીવનનિર્વાહની સુવ્યવસ્થા કરશે.

ગુણજ્ઞતા અને નિષ્પક્ષપાત બુદ્ધિ

લોકસંગ્રહ કરનાર સ્વામી ગુણજ્ઞ અને ગુણની કદર જાણનાર હોવો જોઇએ. મહારાજમાં આ અલૌકિક ગુણગ્રાહ્યતા હતી. પ્રત્યેક મનુષ્યના વાસ્તવિક ગુણની પરીક્ષા કરી તેઓ તેને યથોચિત કાર્ય સોંપતા અને તેમાં વૃદ્ધિંગત પામતા ગુણના પ્રમાણમાં નિષ્પક્ષપાતપણે

તેની ઉન્નતિ કરતા, એજ તેમની મુખ્ય નીતિ હતી. તેઓ કોઇને મિત્ર કિંવા આપ્ત જાણી મોટો હોદ્દો કિંવા મોટા માનની નોકરી આપવા જેવો પક્ષપાત કદી પણ કરતા નહિ. લાયક મનુષ્યના હકનો વિચાર કરી મહારાજ તેને ન્યાયપૂર્વક યોગ્ય હોદ્દો આપતા. તેમની એ નીતિને લીધે સર્વ મનુષ્યોને ખાતરી થઇ હતી કે, મહારાજ ગુણ અને કર્તવ્યકર્મની યોગ્ય તુલના કરી આપણી ઉન્નતિ કરનાર ગુણજ્ઞ સ્વામી છે. આપણા ચરિત્રનાયકમાં એક બીજો ઉત્કૃષ્ટ ગુણ એ હતો કે, તેઓ પોતાના તાબાનાં મનુષ્યોનાં અંતઃકરણમાં પોતાના ઉપર વિશ્વાસ ઉત્પન્ન કરાવવાની અદ્‌ભુત કળા જાણતા હતા. કોઇ પણ સેવકને ગમે તેટલું મહત્ત્વનું કામ સોંપ્યા છતાં તે પરિપૂર્ણ કરવા સંબંધી મહારાજ તેના પર સંપૂર્ણ વિશ્વાસ રાખતા. વિશ્વાસ રાખવા લાયક મનુષ્યોની તેઓ પ્રથમથીજ બરાબર તપાસ કરતા અને એક વખત વિશ્વાસ રાખ્યા પછી પુનઃ તેના પ્રત્યે સંશય દર્શાવતા નહિ. વિશ્વાસુ મનુષ્ય પ્રત્યે દ્વેષ કિંવા ઇર્ષ્યા રાખનાર મનુષ્ય મહારાજ પાસે જઈ તેની ચાડી કરવાની હિંમત ધરાવતો નહિ. ચાડીચૂગલી કરનાર મનુષ્યને મહારાજ પોતાની પાસે આવવા દેતા નહોતા. કોઇ સેવકના કાર્ય પ્રત્યે સંશય ઉત્પન્ન થતાં મહારાજ પ્રથમ પોતાના ગુપ્ત જાસૂસ દ્વારા તેની તપાસ કરતા અને ત્યાર પછી પુરાવો ભેગો કરી યોગ્ય ન્યાય ચૂકવતા. મહારાજની એ વૃત્તિને લીધે તાબાના નાનામોટા સેવકોને ખાતરી થઇ હતી કે, પ્રમાણિકપણે અને દક્ષતાપૂર્વક પોતાનાં કાર્ય કરવાથી મહારાજ નોકરી ઉપરથી દૂર કરશે નહિ. મહારાજ પ્રત્યે પ્રત્યેક સેવકને વિશ્વાસ ઉત્પન્ન થયેલો હોવાથી અને હોદ્દા સંબંધી ખાતરી થયાથી તેમનામાં પ્રમાણિકપણું, સ્વામીનિષ્ઠા અને સ્વકાર્યદક્ષતા આદિ વૃત્તિનો વિકાસ થયો હતો.

નિષ્કપટીપણું અને મિત્રભાવ

લોકસંગ્રહ કરનાર લોકનાયકે પોતાના તાબાનાં મનુષ્યો સાથે નિષ્કપટીપણે અને મિત્રભાવે વર્તવું ઇષ્ટપ્રદ થઇ પડે છે. એ કળા પણ મહારાજે ઉત્તમ પ્રકારે સાધ્ય કરી હતી. જેના પર એક વખત વિશ્વાસ મૂકતા તેની સાથે તેઓ કદી પણ કપટીપણે વર્તતા નહોતા. મહારાજ પોતાના વિશ્વાસુ સેવકો સાથે પોતે રચેલી યોજના અને તેની સિદ્ધિના ઉપાયો સંબંધી વિચાર ચલાવતા અને તેઓની મસલત આદરપૂર્વક ધ્યાનમાં લેતા. પોતાનાં મનુષ્યો સાથે અંતઃકરણમાં એક અને હોઠ ઉપર જુદું એમ દ્વિધા વર્તન રાખતા નહિ. તેજ પ્રમાણે રાજ્યાધિકારના જુસ્સાથી કોઇ સાથે કદી પણ અહંકારભરેલું વર્તન ચલાવતા નહિ. પોતાના તાબાના મનુષ્યને મિત્ર સમાન જાણી તેમની સાથે ખરા સ્નેહભાવથી વર્તતા. કોઇનું માનખંડન કિંવા મદમર્દન તેઓ એકાએક કરતા નહોતા. મહારાજ પોતાનાં સર્વ મનુષ્યો સાથે એવુંજ

વર્તન ચલાવતા હોવાથી તેઓને પોતાનું સ્વાભિમાન અને માનપ્રતિષ્ઠા જળવાઈ રહેવાની ખાતરી હતી, તેથીજ તેઓ સ્વામીકાર્યમાં સદોદિત એકનિષ્ઠ રહેતા હતા. મહારાજના સ્નેહયુક્ત વર્તનને લીધેજ તેઓના અંતઃકરણમાં તેમના પ્રત્યે પ્રેમ અને અભિમાનવૃત્તિ ઉત્પન્ન થતી હતી.

કરપ

મહારાજ પોતાના તાબાના અધિકારીઓ પ્રત્યે આદરપૂર્વક મિત્રભાવે વર્તતા હતા; પરંતુ તેમના ઉપર તેઓનો કરપ પણ બહુ સખ્ત હતો. મહારાજ તેઓનું આટલું બધું સન્માન કરતા હતા અને સ્નેહ દર્શાવતા હતા, તે ઉપરથી કોઇ કારભારી કિંવા અમલદાર અહંકાર કરે કિંવા પોતાના કામમાં આળસ કરે તો તે (મહારાજ) કદી પણ સહન કરતા નહિ. એવો અહંકારી કિંવા આળસુ અમલદાર ગમે તેવો ઉચ્ચ અધિકારી હોવા છતાં મહારાજ તેને યોગ્ય શિક્ષા કરવાનું કદી પણ ચૂકતા નહોતા; તેથી સર્વ અમલદારો ઉપર મહારાજનો સરખો કરપ હતો. સર્વને એવુંજ જણાતું કે, હોશિયારીથી પ્રમાણિકપણે સ્વામીકાર્ય કરવાથીજ તેઓની આપણા પર કૃપા થશે. મહારાજનો સખ્ત કરપ હોવાથી તેઓ આટલાં બધાં મનુષ્યો ઉપર કાબૂ રાખી તેમની પાસેથી ઇચ્છાનુસાર કાર્ય કરાવી શકતા હતા.

ઉદ્યોગીપણું

સેવકજનો પર મહારાજનો સખ્ત કરપ રહેવાનું એક બીજું પણ કારણ હતું. મહારાજને બાલ્યાવસ્થાથીજ તનતોડ મહેનત કરી પ્રત્યેક કામ કરવાની ટેવ હોવાથી રાજ્યની પ્રાપ્તિને માટે અને રાજ્યની વ્યવસ્થા કરવાને માટે અગત્યના થઇ પડે એવા પ્રત્યેક ગુણ અને પ્રત્યેક કાર્યો તેમનામાં ઉત્તમ પ્રકારે વિકાસ પામ્યાં હતાં. રણભૂમિ પર શત્રુ સાથે યુદ્ધ કરતી વખત સૈનિકોને શત્રસન્મુખ ઊભા રાખી પોતે એક પ્રેક્ષકની પેઠે, કોઇક સુરક્ષિત સ્થળમાં ઊભા રહેવાનો કેટલાક સેનાપતિનો કિંવા રાજાનો નિયમ હોય છે, તેમ મહારાજ કદી પણ વર્તતા નહોતા. તેઓ હાથમાં તલવાર લઇને સર્વથી આગળ રણભૂમિ ઉપર ઘૂમતા અને પોતાના શરીરનું અપ્રતિમ શૌર્ય, વીર્ય અને યુદ્ધકૌશલ્ય પ્રકટ કરતા. તેમ થવાથી તેમના તાબાના વીર પુરુષોને મહારાજ કરતાં પોતાનામાં વિશેષ યુદ્ધકૌશલ્ય હોવાનો અહંકાર ઉત્પન્ન થતો નહોતો. પોતાના સેનાપતિને લૂંટ કરવા મોકલી કિંવા ચડાઇમાં મોકલી પોતે આનંદ ભોગવવાનો કેટલાક રાજાઓનો નિયમ હોય છે. તેમ થવાથી વિજય પ્રાપ્ત કરનાર સેનાપતિ રાજ્યમાં પ્રબળ થઇ પડે છે અને રાજા તેના હાથમાં એક રમકડા જેવો થઇ પડે છે; પરંતુ મહારાજે મરણ પર્યંત તેવું વર્તન ચલાવ્યું નથી. તેઓ સર્વદા એકાદ ચડાઇમાં ગૂંથાયલાજ રહેતા. આળસુની પેઠે સ્વસ્થ બેસી

રહેવાનું તેઓને પસંદજ નહોતું. એવા ઉદ્યોગીપણાને લીધે અને અવિશ્રાંત પરિશ્રમને લીધે તેઓએ પોતાના પર કોઈ પણ સેનાપતિ કિંવા સરદારનું બળ ચાલવા દીધું નહોતું. જુદી જુદી ચડાઇઓમાં સરદારો અને સેનાપતિઓ પોતે જે પરાક્રમ દર્શાવતા તેના કરતાં મહારાજનાં પરાક્રમ થોડે અંશે પણ વિશેષ થતાં. તે જોઈ તેઓને પોતાનું અભિમાન વધારવાનો અવકાશજ મળતો નહિ. મહારાજ સમક્ષ તેઓ પોતાને હમેશાં હીનપરાક્રમીજ જાણતા. રાજ્યવ્યવસ્થા સંબંધી પણ તેમણે એવોજ ક્રમ રાખ્યો હતો. કિલ્લાનો બંદોબસ્ત, જમીનમહેસૂલની વ્યવસ્થા, વિકટપ્રપંચ રચવા માટે જરૂર પડતી યુક્તિમત્તા, વગેરે કોઇ પણ કાર્ય માટે કોઇ પણ અધિકારી મહારાજ પાસે બડાઇ મારવા શક્તિમાન થતો નહિ. મહારાજમાં એ સર્વ રાજ્યદ્વારી ગુણોનું સંમિલન હોવાથી પ્રત્યેક સેવક તેમના સમક્ષ તદ્દન નમ્ર અને સ્વસ્થ થઇ જતો. પ્રત્યેક સેવક ઉપર તેમનો વિલક્ષણ કરપ હતો; એજ સુપ્રસિદ્ધ સદ્દગુણને લીધે રામદાસ સ્વામીએ પોતાના પત્રમાં મહારાજને 'સર્વજ્ઞ'નું વિશેષણ લગાડ્યું છે.

લોકવશીકરણ

ઉપરોક્ત વિવેચન પરથી જોઈ શકાશે કે, મનુષ્યોને વશ કરી તેમના દ્વારા પ્રમાણિકપણે ઇચ્છાનુસાર કાર્યો કરાવી લેવાની અપ્રતિમ કળા મહારાજે સાધ્ય કરી હતી, તેનું કારણ ઉક્ત ગુણસમુચ્ચયનો તેમનામાં ઉત્તમ રીતે વિકાસ થયો હતો તેજ હતું, એ લક્ષમાં રાખવા જેવું છે. તેમણે મનુષ્યોને વશ કરવાની વશીકરણવિદ્યા ઉત્તમ પ્રકારે સંપાદન કરેલી હોવાથી તેમના તાબાના સેવકોમાં પ્રમાણિકપણું, સ્વામીનિષ્ઠા અને કર્તવ્યદક્ષતા જેવા સદ્દગુણો ઉત્પન્ન થયા હતા અને પરસ્પર એકબીજા કરતાં ચડતા ગુણો સંપાદન કરવાની તેમને લાલસા થતી હતી. મહારાજ પાસેથી શાબાશી મેળવવામાંજ તેમને કૃતજ્ઞતા જણાતી હતી. સ્વામીકાર્ય માટે પ્રાણની આહુતિ આપવાનો પ્રસંગ આવતાં તેઓ જરા પણ સંકોચાતા નહિ. એવા અલૌકિક મહાપુરુષની મન, વચન અને કર્મ વડે સેવા કરવામાંજ પોતાના જીવનની સફળતા માનવા જેવી તેમને બુદ્ધિ ઉત્પન્ન થઇ હતી. આગળ જતાં મહારાજ જે પુણ્યકૃત્યમાં ગૂંથાયા હતા, તેનું તેઓએ મહત્ત્વ જાણ્યા પછી તેમની સાથે અપ્રમાણિકપણે વર્તવામાં તેઓ મહાપાપ સમજવા લાગ્યા હતા. તેમના અંતઃકરણમાં મહારાજ સંબંધી સંપૂર્ણ ભક્તિ અને દેશકાર્યની મહત્તાએ સચોટ અસર કરેલી હોવાથી તેઓએ પ્રપંચ કિંવા વિશ્વાસઘાત કદી પણ કર્યો નહોતો. મહારાજ દિલ્હી જઇ નજરકેદમાં રહ્યા પછી આઠ નવ મહિને પુનઃ સ્વરાજ્યમાં પાછા ફર્યા, તે સમયે કિંવા કર્ણાટકની ચઢાઇમાં ગયા પછી અઢાર મહિના પર્યંત તે તરફ ગૂંથાઇ રહ્યા તે સમયે તેમના તાબાના કોઇ

પણ મુત્સદ્દીએ કિંવા સરદારે મહારાજ સાથે દગોપ્રપંચ કરવાની કલ્પના પણ કરી નહોતી. એ બનાવ તે ચળવળને સમયે ઘણો આશ્ચર્યકારક કહી શકાશે; પરંતુ મનુષ્યોને વશ કરવાની મહારાજની કળા ઉત્તરોત્તર કેવી રીતે વિકાસ પામી હતી, તે લક્ષમાં લેતાં ઉપરોક્ત બનાવમાં સમાયલા ગૂઢ તત્ત્વ સંબંધી કોઇને આશ્ચર્ય થશે નહિ.

કલ્પનાશક્તિ

મહારાજમાં બીજો મહત્ત્વનો ગુણ જોઇશું તો જણાશે કે, તેમના મસ્તિષ્કમાં અપ્રતિમ કલ્પનાશક્તિ હતી. તેમનામાં એ ગુણ જો પરિપૂર્ણ રીતે ન હોત, તો સ્વરાજ્ય મેળવવાની તેમને બુદ્ધિ ઉત્પન્ન થાત નહિ; કારણકે બાદશાહી દરબારમાં દસહજારી અને વીસહજારી બળવાન મરાઠા સરદારોનું અસ્તિત્વ છતાં અને તેઓ મોટી મોટી જાગીરો ભોગવતા હતા છતાં તેમના મસ્તિષ્કમાં સ્વરાજ્ય મેળવવાની કલ્પના શા માટે ઉત્પન્ન થઇ નહિ? તેઓમાં સ્વાતંત્ર્યપ્રીતિ, સ્વધર્માભિમાન અને યવનસત્તા પ્રત્યે દ્વેષ જેવી વૃત્તિઓ નહોતી એમ કોણ કહી શકશે? તેજ પ્રમાણે તેમનામાં શૌર્ય, પરાક્રમ આદિ ગુણોનો અભાવ હતો એમ પણ કહી શકાશે કે? એ સર્વ સદ્‌ગુણ હોવા છતાં ઉક્ત સરદારોને મહારાજ જેવી બુદ્ધિ કેમ ઉત્પન્ન થઇ નહિ? એ પ્રશ્નનો ઉત્તર એજ છે કે, તેમના મસ્તિષ્કમાં કલ્પનાશક્તિનો ગુણ વિશેષ નહોતો. કયી યોજના વડે સ્વરાજ્ય પ્રાપ્ત કરી શકાય અને કોઇ પ્રસંગે એક યોજના નિષ્ફળ જતાં બીજી કયા પ્રકારની યોજના યોજવી એનો પરિપૂર્ણ વિચાર કર્યા પછી કાર્યને ગતિમાં મૂકવા જેવી કલ્પનાશક્તિ મહારાજમાં બાલ્યાવસ્થાથીજ વિકસિત થઇ હતી. કલ્પનાશક્તિનો મુખ્ય આધાર મનુષ્યની બુદ્ધિ ઉપર હોય છે. મહારાજની બુદ્ધિ અતિ તીવ્ર હોવા સાથે તેમને સર્વ પ્રકારની માહિતી મેળવવાનો અમર્યાદ ઉત્સાહ હતો અને એજ ચોક્કસપણાને લીધે તેમનો જ્ઞાનભંડાર સદા ભરપૂર રહેતો હતો. બીજાના ઉત્તમ પ્રકારના અનુભવની સહાયતા લઇ તેમાં પોતાના પ્રત્યક્ષ અનુભવનો વધારો કરી સર્વ જ્ઞાન પોતાના હૃદયગ્રંથમાં આલેખી રાખનાર તેમના જેવો બીજો પુરુષ ભાગ્યેજ હશે. આ તો મહારાજની સ્મરણશક્તિની વાત થઇ; પરંતુ માત્ર સ્મરણશક્તિ પ્રબળ હોવાથી કલ્પનાશક્તિમાં વૃદ્ધિ થતી નથી. તેને ઉત્કૃષ્ટ વિવેકશક્તિની સહાયતા હોવી જોઇએ. મહારાજમાં અતિ પ્રખર વિવેકશક્તિ હતી એ નિર્વિવાદ છે. સ્મરણશક્તિ અને વિવેકશક્તિના અપ્રતિમ બળ વડે પ્રાપ્ત અનુભવનો અને ઉદ્દિષ્ટ કાર્યની સિદ્ધિ માટે જ્ઞાનનો વિનિયોગ કરવામાં આવતાં અલૌકિક યુક્તિમત્તાનો તેમનામાં વિકાસ થયો હતો. એક યોજનામાં નિષ્ફળ થતાં બીજી અને તેમાં નિષ્ફળ થતાં ત્રીજી

યોજના યોજવીજ જોઇએ; નિરાશ થઇને કદી પણ બેસી રહેવું નહિ એવો મહારાજનો દૃઢ નિશ્ચય હતો. એવો દૃઢ નિશ્ચય કરવાને સર્વ મનુષ્યો ભાગ્યશાળી હોતાં નથી. જે મનુષ્યના અંતઃકરણમાં કલ્પનાશક્તિના બળ વડે યુક્તિપ્રયુક્તિનો અખંડ પ્રવાહ વહન થતો હોય છે તેજ મનુષ્ય એવો દૃઢ નિશ્ચયી થઇ શકે છે. મહારાજે શરૂઆતથીજ પ્રત્યેક કાર્યમાં દૃઢાગ્રહ દર્શાવેલો હોવાથી તેઓ તરુણ હોવા છતાં તેમના પર વિશેષ અનુભવી અને માહિતગાર મનુષ્યોની નિઃસીમ શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી. મહારાજ તરુણ વયના હોવા છતાં તેમને જ્ઞાનવૃદ્ધ જાણી તેમનાં અસંભવિત જણાતાં કાર્યો માટે આસપાસનાં મનુષ્યો સહાયતા કરવા લાગ્યાં. તેમની કલ્પનાશક્તિ ઉત્કૃષ્ટ હોવાથી ઇચ્છિત કાર્ય સાધ્ય કરવા જે યોજના દર્શાવવામાં આવી તેની ખાતરી થયાથીજ પોતાના પ્રાણ સંકટમાં નાખવા મહારાજના સેવકો તૈયાર થયા હતા; નહિ તો તેમ બની શકત નહિ. એજ કલ્પનાશક્તિના બળ વડે મહારાજે પોતાના ઉપર આવી પડેલા ભયંકર પ્રસંગોમાંથી કેવી રીતે મુક્તિ મેળવી એ તેમનું ચરિત્ર વાંચનાર મનુષ્યોને ક્ષણેક્ષણે જણાઇ આવશે; એટલુંજ નહિ પણ એજ સદ્ગુણ તેમનાં સર્વ કાર્યોના મૂળરૂપ હતો એમ કહેવામાં અતિશયોક્તિ નથી. એજ સદ્ગુણની સહાયતાથી મહારાજે તાબાના સેવકોમાં પોતાના ઉપર સંપૂર્ણ વિશ્વાસ ઉત્પન્ન કર્યો હતો, તેથી સ્વરાજ્યસિદ્ધિના કાર્ય માટે પોતાના પ્રાણની આહુતી આપવા તેઓ પ્રવૃત્ત થયા હતા. ગમે તેવા વિકટ પ્રસંગે ફસાઇ પડતાં તેમાં વિજય પ્રાપ્ત કરી સ્વકાર્યસિદ્ધિ કરવાની મહારાજમાં અજબ કળા હોવાથી પ્રત્યેક સેવકને ખાતરી હતી, તેથીજ તેઓ ઇચ્છિત સાહસકર્મ કરવા ઉદ્યુકત રહેતા હતા.

તેજસ્વિતા અને સ્વાભિમાન

મહારાજમાં તેજસ્વિતાનો ત્રીજો સદ્ગુણ હતો. ખરા તેજસ્વી પુરુષો હોય છે તેઓ પારકાની તાબેદારી સહન કરી શકતા નથી. તેઓ સ્વાભિમાની હોવાથી સ્વાભિમાનને પ્રતિકૂળ થઇ પડતી પરતંત્રતા તેઓને તદ્દન અસહ્ય થઇ પડે છે. પોતાના બળ ઉપર આધાર રાખી પ્રાપ્તસ્થિતિમાં સંતોષ માનવામાંજ તેઓને વિશેષ સુખ જણાય છે. મહારાજમાં એ સદ્ગુણ હોવાથી સ્વપિતાની પરતંત્ર સ્થિતિ જોઈ તેઓ દુઃખી થયા હતા. એ સ્થિતિમાંથી મુકત થતાં સ્વપ્રાણની હાનિ થવાનો સંભવ મહારાજ સારી પેઠે જાણતા હતા; પરંતુ એવી સ્થિતિમાં રહી યવનોના ટુકડા ખાવા કરતાં પ્રાણસંકટ સ્વીકારવાનું મહારાજને યોગ્ય જણાયું હતું. તેમણે સ્વીકારેલા કાર્યમાં એકાએક યશ પ્રાપ્ત થવા માટે તેમને શંકાજ હતી એમ કહેવું પડશે; પરંતુ પરતંત્રતામાં રહી સંપાદન કરેલી ધનસંપત્તિ તેમને તુચ્છ જણા-

વાથી દૃઢ નિશ્ચય તથા અતિશય ધૈર્ય ધારણ કરી તેઓ સ્વરાજ્યપ્રાપ્તિના ઉદ્યોગે વળગ્યા હતા. મહારાજને પ્રાપ્તસ્થિતિમાંજ સંતોષ માનવાની શિખામણ આપનાર દાદાજી કોંડદેવ જેવા પુરુષે તેમને પોતાના ઉદ્યોગમાંથી નિવૃત્ત કરવાનો પ્રયત્ન કર્યો હતો; પરંતુ મહારાજ પોતાના દૃઢ સંકલ્પમાંથી વિચલિત થયા નહિ. ત્યાર પછી તેમના પિતા ઉપર પ્રાણસંકટ આવી પડવા છતાં ધૈર્ય રાખી પિતાને સંકટમુક્ત કરવાની આશ્ચર્યકારક યુક્તિ શોધી કાઢી; પણ પોતાના સંકલ્પનો તેમણે ત્યાગ કર્યો નહિ. એ પરથી મહારાજનું તેજસ્વીપણું સારી પેઠે જણાઇ આવે છે. એ ગુણનું અંગીભૂત જે સ્વાભિમાન તે પણ મહારાજના અંતઃકરણમાં ઓતપ્રોત ભરેલું હતું. દિલ્હી–દરબારમાં ઔરંગઝેબ જેવા સાર્વભૌમ બાદશાહની કપટજાળમાં સપડાવા છતાં ત્યાં પણ તેમણે પોતાનું માનખંડન થતું સહન કર્યું નહિ, એ વાચકો પાછળ વાંચી ગયા છે. ખરા વીરપુરુષોમાંજ એ મહાભૂષણપ્રદ ગુણ જોવામાં આવે છે. એ ગુણ સિવાય પુરુષ કેવળ નિર્માલ્યવતજ કહી શકાશે. કોઇ પોતાનું અપમાન કરે નહિ, કિંવા કોઇ પોતાને કલંક લગાડે નહિ, કિંવા તુચ્છ સમજે નહિ એ માટે મહારાજ હમેશાં કાળજી રાખતા હતા; તેથીજ તેઓ જગપ્રસિદ્ધ અલૌકિક પરાક્રમો કરી શકયા છે. મહાતેજસ્વી પુરુષો રાષ્ટ્રના અભ્યુદયને માટે કેવા કારણભૂત થઇ પડે છે તે મહારાજના ચરિત્ર ઉપરથી ઉત્તમ પ્રકારે જણાઇ આવે છે. તેજસ્વીપણામાંજ વીર્ય, શૌર્ય, સાહસ આદિ ઉજ્જવળ ગુણો અને સદાચાર, નિર્વ્યસન આદિ નૈતિક ગુણોનું મૂળ સમાયલું છે; કારણકે તેજસ્વી પુરુષો પોતાના તેજની હાનિ થવા જેવા દુર્ગુણનો ત્યાગ કરી વાસ્તવિક તેજની વૃદ્ધિ થવા જેવા સદ્‌ગુણ પ્રાપ્ત કરવામાંજ સર્વદા તત્પર હોય છે; એટલુંજ નહિ પણ પોતાની તેજસ્વિતાના પ્રભાવ વડે અન્ય જનોને સુખી અને સમૃદ્ધિશાળી કરવાના યત્ન કરવામાંજ તેઓ પોતાના જીવનની સફળતા માને છે. મહારાજની તેજસ્વિતાની પરીક્ષા કરી જોતાં તેઓ કેટલે દરજ્જે ઉત્કૃષ્ટ જણાય છે તે સુજ્ઞ વાચકોને કહેવાની જરૂર નથી. સારાંશ એ છે કે, મહારાજની તેજસ્વિતાને લીધેજ મહારાષ્ટ્રને કેટલાક સમયપર્યંત સ્વાતંત્ર્યસુખ પ્રાપ્ત થઇ જગતને મહારાષ્ટ્રીય પ્રજાના શરીરમાં કંઇક વિશેષ ઓજસ્વિતા જણાઈ હતી.

પ્રજાવાત્સલ્ય

મહારાજમાં પ્રજાવાત્સલ્યનો મહાન સ્તુતિપાત્ર ગુણ હતો. રાજ્યવ્યવસ્થાના પ્રકરણમાં એ ગુણનું સારી પેઠે દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે, તેથી અત્ર પુનરુક્તિ કરવાની આવશ્યકતા નથી. ખેડૂત, વેપારી અને ઉદ્યોગી મનુષ્યોનો ઉત્કર્ષ થાય, તેમને કોઇ તરફથી ત્રાસ પડે નહિ અને તેમને યોગ્ય ન્યાય મળે તે માટે મહારાજ

પોતાના રાજ્યમાં સર્વદા સુવ્યવસ્થા કરવા તત્પર રહેતા. સર્વ કારભાર શાંત–સ્વસ્થપણે ચાલ્યા કરે અને કોઇ પ્રકારની અવ્યવસ્થા ન થાય તે માટે મહારાજે પોતાની કલ્પનાશક્તિ વડે ભૂતકાળમાં કોઇ પણ નૃપતિએ નહિ રચેલી એવી અષ્ટપ્રધાનમંડળની રચના રચી હતી. જુદાં જુદાં પ્રધાનોને રાજ્યનાં જુદાં જુદાં ખાતાંની જવાબદારી સોંપી દઇ તેના ઉપર પ્રધાનમંડળની અને પોતાની સ્વતઃ દેખરેખ રાખ્યાથી પ્રજાને સુખ પ્રાપ્ત થશે એવું મહારાજના લક્ષમાં આવ્યું હતું; તેથીજ તેમણે પોતાના રાજ્યાધિકારની સમાનરૂપે વહેંચણી કરી દીધી હતી અને પોતાના તાબાના લાયક પુરુષોનું ગૌરવ વધારી ચારે તરફ તેમનો કરપ બેસાડ્યો હતો. પ્રજાને અન્યાયપૂર્વક ત્રાસ આપનાર ઉચ્ચ અધિકારીને પણ મહારાજ સખ્ત શિક્ષા કરવા ચૂકતા નહિ. તેમના વહીવટ ઉપર દેખરેખ રાખવા માટે મુખ્ય પ્રધાનોની નિમણુંક કરવામાં આવી હતી; એટલુંજ નહિ પણ તેઓ ગુપ્તચર અને બાતમીદાર દ્વારા રાજ્યની સર્વ માહિતી મેળવતા હતા; તેથી પ્રજા સાથે અન્યાયી વર્તન ચલાવતાં મહારાજને ખબર મળવાની અને તેમના તરફથી સખ્ત શિક્ષા થવાની પ્રત્યેક અમલદારને બીક લાગતી હતી. નાનામોટા સર્વ અધિકારીને સર્વદા મહારાજની સખ્ત બીક લાગતી હોવાથી પ્રજાને શાંતિ અને સુખ મળતું હતું. ખેડૂતોને પણ દરેક પ્રકારની સહાયતા આપવા માટે મહારાજે કેવા નિયમ ઠરાવ્યા હતા તે પાછળ લખવામાં આવ્યું છે.

રાજાએ પોતાની પ્રજા સાથે સમાનપણે અને નિષ્પક્ષપાતપણે વર્તવું એને પ્રજાવાત્સલ્યના અંગનો એક મહદ્ ગુણ કહેવામાં આવે છે. એ ગુણમાં પણ મહારાજની બરોબરી કરે એવો કોઇ પણ સ્વામી આજપર્યંત દૃષ્ટિગોચર થયો નથી, એમ કહેવામાં અતિશયોક્તિ જણાશે નહિ. રાજ્યની જુદી જુદી જાતિનાં મનુષ્યોને તેની શક્તિ પ્રમાણે નાનાંમોટાં મહત્ત્વનાં કાર્યો ઉપર નીમી તેમને સંતોષ–સુખ આપવાનો મહારાજનો નિયમ હતો. માત્ર પોતાના જાતિબંધુઓનેજ કૃપાપાત્ર ગણવા જેવો પક્ષપાત તેમણે કવચિત્ પણ આદર્યો ન હતો; એટલુંજ નહિ પણ તેમણે પોતાના રાજ્યની મુસલમાની પ્રજાને સુધ્ધાં કોઇ પ્રકારનો અન્યાય કર્યો ન હતો. જે મુસલમાનો સોંપેલાં કાર્યો પ્રમાણિકપણે તેમજ દક્ષતાપૂર્વક બજાવતા તેમને ઉચ્ચ હોદ્દે ચડાવી મહારાજ ખુશી રાખતા હતા. તેમના આવા નિષ્પક્ષપાતપણાને લીધેજ રાજ્યમાં અસંતોષ કે બંડતોફાન થયાં નહોતાં. સર્વ જાતિની પ્રજા મહારાજને એક દેવ સમાન પૂજ્ય માનતી.

વ્યાવહારિક વર્તન

હવે મહારાજના ચરિત્રમાં કયા સદ્ગુણ વ્યવહારમાં વિશેષરૂપે દૃષ્ટિગોચર થાય છે, તેનું ટૂંકમાં વર્ણન કરીશું. બખરલેખકોનું મુખ્ય

લક્ષ્ય રાજકીય ઊથલપાથલ તરફજ હોવાથી તેઓએ મહારાજનાં વ્યાવહારિક આચરણ સંબંધી વિશેષ ઉલ્લેખ કર્યો નથી, તેથી એ સંબંધી વિશેષ વિવરણ લખી શકાય તેમ નથી; છતાં તેઓનાં આચરણ અતિ વિશુદ્ધ હતાં. તેઓ હમેશાં સાદો પોશાક પહેરતા હતા. તેમને કોઇ પણ પ્રકારનું વ્યસન નહોતું. હાસ્ય, મશ્કરી અને વિનોદ પ્રત્યે તેમને પૂરેપૂરો તિરસ્કાર હતો. મહાન કવિઓનાં કાવ્ય અને કથાપુરાણ સાંભળવાનો તેમને શોખ હતો. બીજા કોઇ પણ પ્રકારના સુખવિલાસમાં લિપ્ત થઇ રહેવાનો તેમને અવકાશજ નહોતો. રાજ્યમાં આવતા ગુણીજનોનું કિંવા વિદ્વાન પુરુષોનું સન્માન કરવા મહારાજ સર્વદા તૈયારજ રહેતા. યોગ્ય ગુણીજનોને પગાર આપી પોતાના તાબામાં નોકરીએ રાખી લેતા; તેમજ પોતાના સુહૃદ, સગાંજનોનો અને ઇતર સરદાર તથા રાજાઓનો યથોચિત આદરસત્કાર કરવામાં મહારાજ દક્ષ હતા. સારાંશ એ છે કે, તેમના હૃદયમાં ઐશ્વર્યમદ અને રાજમદ જેવી દુર્વૃત્તિએ પ્રવેશ કર્યો નહોતો. આથી તેમણે કોઇ પ્રકારનો અનાચાર કિંવા અન્યાય કર્યો નહોતો.

કૌટુંબિક વર્તન

પૂર્વસંકલ્પાનુસાર મહારાજના કૌટુંબિક વર્તન સંબંધી અત્રે થોડુંક લખવું જોઇએ; પરંતુ એ સંબંધી બખરલેખકોએ વિશેષ ઉલ્લેખ કર્યો નથી. મહારાજના હૃદયમાં માતૃપિતૃભક્તિ અને બંધુપ્રેમ કેટલો નિઃસીમ હતો તે પાછલાં પ્રકરણોમાં અનેક પ્રસંગે લખવામાં આવ્યું છે, તેથી એ સંબંધી આ સ્થળે વિશેષ લખવાની આવશ્યકતા નથી. મહારાજે કેવળ સ્વપરાક્રમ વડેજ પુષ્કળ ઐશ્વર્ય અને પ્રચંડ સત્તા મેળવી હતી; છતાં એક સત્તાધીશ તરીકે ગર્વિષ્ઠ બની માતાપિતાનું કિંવા બંધુજનોનું અપમાન કિંવા અવહેલના કરવા જેવું નિંદ્ય કર્મ તેમણે કદી પણ કર્યું નથી; એ તે સમયના યવનબાદશાહની સ્થિતિ જોતાં ઘણું આશ્ચર્યકારક જણાય છે. મહારાજનું પોતાની પત્નીઓ સાથે કેવું વર્તન હતું તે જાણવાનું સાધન નથી; પરંતુ વિરુદ્ધ પુરાવાને અભાવે નિશ્ચિંતપણે કહી શકાશે કે, તેઓ અંતઃપુરની સ્ત્રીઓની શિખવણી પ્રમાણે અયોગ્ય રીતે કદી પણ વર્તતા નહોતા. સ્ત્રીઓએ રાજ્યવ્યવસ્થામાં માથું મારવું નહિ એવો તેમનો અભિપ્રાય હતો. માતા જીજાબાઇને પણ તેઓ એ પ્રમાણે વર્તવા દેતા નહોતા, તો પછી રાણીઓની શી મગદૂર? તેમ છતાં પત્નીઓ પ્રત્યે તેમને આદર અને પ્રેમ નહોતો એમ કહી શકાશે નહિ. બખરકર્તાના કથનાનુસાર મહારાજને સઇબાઇ ઉપર અતિશય પ્રેમ હતો. સર્વ સ્ત્રીજાતિ પ્રત્યે મહારાજ અત્યંત આદરભાવ દર્શાવતા હતા; તેથીજ સ્ત્રીજાતિને ત્રાસ નહિ આપવાની તેઓએ પોતાના લશ્કરને સખ્ત આજ્ઞા ફરમાવી હતી અને તેમના કોઇ પણ સૈનિકે

કોઇ પણ સ્ત્રીને ત્રાસ કિંવા જોરજુલમ કર્યાનું ઇતિહાસમાંથી ઉદાહરણ મળતું નથી. મહારાજે સ્વતઃ બાલ્યાવસ્થાથી સ્ત્રીઓ પ્રત્યે પૂજ્યભાવદર્શક આચરણ તાબાનાં મનુષ્યોને દર્શાવી આપ્યું હતું. કલ્યાણના મુલાણાની પુત્રવધૂનું કથાનક અમારા વાચકોના સ્મૃતિપટ ઉપર તાજુંજ હશે. મહારાજ પોતેજ પવિત્રાચરણના હોવાથી પોતાની પત્નીઓ સંબંધી બેદરકાર કિંવા નિષ્ઠુર હોય, એમ કહી શકાશે નહિ. સ્વપુત્ર ઉપર તેમનો નૈસર્ગિક પ્રેમ હતો. તેમને સુશિક્ષણ આપવાના અને રાજ્યાધિકારને લાયક બનાવવાના હેતુથી તેમણે યોગ્ય વ્યવસ્થા કરી હતી; તેમ છતાં તેમનો જ્યેષ્ઠ પુત્ર દુરાચરણી અને દુર્વૃત્ત થઇ પરસ્ત્રીનાં પાતિવ્રત્યનો ભંગ કરવામાં પ્રવૃત્ત થયો હતો તે સમયે તેને પોતાનો પુત્ર જાણી શિક્ષા કરવાનું બંધ નહિ રાખતાં તેને મહારાજે એકદમ સખ્ત કેદની શિક્ષા કરી હતી. એ જોતાં તેઓ પુત્રને ખોટાં લાડ લડાવે એવા નહોતા એમ જણાઇ આવે છે. સારાંશ એ છે કે, મહારાજનાં કૌટુંબિક આચરણ ઉપરથી તેઓ ઉત્તમ પુત્ર, ઉત્તમ પતિ, ઉત્તમ પિતા અને ઉત્તમ બંધુના વિશેષણને પાત્ર હતા.

ધર્મનિષ્ઠા અને ધર્માભિમાન

હવે મહારાજના એક પ્રકારના વર્તનક્રમ સંબંધી ટૂંકમાં ઉલ્લેખ કરી પ્રસ્તુત ગુણદોષવિવેચનનું પ્રકરણ સમાપ્ત કરીશું; અર્થાત્ તેમનું ધર્મ સંબંધી વર્તન કેવું હતું તેનું અવલોકન કરીએ. પાછલાં પ્રકરણોમાં સ્થળે સ્થળે અને વિશેષતઃ ઓગણત્રીસમા પ્રકરણમાં એ સંબંધી સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે, તેથી તેની અત્રે પુનરુક્તિ કરવાની જરૂર નથી. બાલ્યાવસ્થામાંજ મહારાજના અંતઃકરણમાં ધર્મનિષ્ઠા અને ધર્માભિમાનની વૃત્તિ ઉત્પન્ન થઇ હોવાથી વયના વધવા સાથે તેમની ધાર્મિક વૃત્તિ પણ વિકાસ પામી હતી. તેમની ધર્મશીલતા કેટલી હદ સુધી પહોંચી હતી, તે તેમણે ત્રણ ચાર પ્રસંગે સ્વરાજ્યનો ત્યાગ કરી મોક્ષસિદ્ધિ મેળવવામાં અવશેષ જીવન વ્યતીત કરવાનો વિચાર દર્શાવ્યો હતો, તે ઉપરથી સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. કર્ણાટકની ચડાઇમાં જતાં મલ્લિકાર્જુનના દેવસ્થાનમાં મહારાજને સ્વદેહ ત્યાગ કરવાનો વિચાર અચાનક ઉત્પન્ન થયો હતો એ વાચકોના સ્મરણમાં હશેજ. તેજ પ્રમાણે સજ્જનસેવા કરવા માટે અને સાધુસંતો દ્વારા આત્મજ્ઞાન મેળવવા માટે મહારાજ કેટલા તત્પર હતા તથા બ્રાહ્મણભોજન માટે, દેવસ્થાન માટે અને ધર્મગ્રંથોનું અધ્યયન કરનાર પુરુષોનો આદરસત્કાર કરવા માટે મહારાજ કેટલું બધું દ્રવ્ય ખર્ચતા હતા તે પાછલાં પ્રકરણોમાં લખવામાં આવ્યું છેજ. તેમની ધર્મશીલતા અત્યંત વૃદ્ધિ પામતાં તેઓ કવચિત્ સ્વરાજ્યસાધનનો ઉદ્યોગ છોડી દેશે, એવી સલાહકાર કારભારીઓને હમેશાં બીક લાગતી હતી; પરંતુ માલોજીરાજાને શ્રીભવાનીદેવીએ સ્વપ્નમાં

વરદાન આપ્યા પ્રમાણે ભોંસલેના વંશમાં તેઓ શકકર્તા ઉત્પન્ન થઇ સર્વ હિંદુપ્રજાને યવનોના ત્રાસમાંથી મુકત કરશે, એવું તેમનાં પ્રિય માતુશ્રી જીજાબાઇને જણાતું હતું, તેનું દૃષ્ટાંત પોતાના શરીર દ્વારા સ્વમાતાને અને સ્વજનોને બતાવી આપવાનો સુયોગ આવ્યો છે એવી ભાવના તેમના હૃદયમાં ઉત્તરોત્તર ઉદ્ભવ પામી હતી અને પોતે સામાન્ય મનુષ્ય નહિ પણ આર્યભૂમાતાનું ઋણ ફેડવા માટેજ જન્મ પામ્યા છે એવું મહારાજને જણાતું હતું; તેમજ જીવનપર્યંત સ્વરાજ્યસાધન દ્વારા હિંદુપ્રજાને યવનોની તાબેદારીમાંથી મુકત કરવાનું પુણ્યકર્મ કરવામાંજ જીવનની સાર્થકતા તેમને જણાતી હતી. પોતાના કાર્ય પ્રત્યે શ્રીભવાનીદેવીની સંપૂર્ણ સહાયતા હોવાની હૃદયની ભાવના હોવાથી પ્રત્યેક વિકટ પ્રસંગે તેનીજ આરાધના કરવામાં મહારાજ પ્રવૃત્ત થતા હતા. તેઓ દેવીની આરાધના અત્યંત નિર્મળ અંતઃકરણપૂર્વક અને પરમ સદ્ભાવપૂર્વક કરતા હોવાથી તેમના શરીરમાં ભવાનીદેવીનો સંચાર થતો હતો અને દેવી તેમને સંકટનિવારણ થવાનો ઉપાય દર્શાવતાં હતાં. એ ઉપરથી મહારાજ પોતાના તાબાનાં સાદાં અને ભોળાં મનુષ્યોને ભરમાવવા અને પોતાના કાર્ય માટે તેમને વશ કરી લેવા માટેજ એવો ઢોંગ કરતા હતા; દેવી ઉપર મહારાજને શ્રદ્ધા નહોતી એવી કેટલાંક મનુષ્યોની માન્યતા છે. પરંતુ પ્રકૃત લેખકોનો એવો અભિપ્રાય છે કે, મહારાજ જાણી જોઇને સ્વજનોને ઠગવા જેવું કાર્ય કદી પણ કરતા નહોતા. તે સમયે મહારાષ્ટ્રમાં સર્વત્ર એવોજ પ્રકાર જોવામાં આવતો હતો. પોતાના ઉપાસ્ય દેવતાનું ચૈતન્ય પોતાના શરીરમાં લાવી તેની પાસેથી વરદાન મેળવવાનો રિવાજ સર્વત્ર પ્રવર્તતો હતો અને વર્તમાન સમયમાં પણ એવો પ્રકાર ઘણે સ્થળે જોવામાં આવે છે; પરંતુ બધાંજ મનુષ્યોને ઢોંગી કહી શકાશે નહિ. આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં મહારાજના હૃદયમાં અતિશય ભક્તિભાવ હતો એમજ કહેવું પડશે. અનેક વિકટ પ્રસંગે તાબાનાં મનુષ્યો સાથે સલાહમસલત ચલાવ્યા છતાં તેમાં વિજય પ્રાપ્ત કરવાનો માર્ગ નહિ જડતાં, મહારાજ શ્રીભવાનીદેવીની સહાયતા માગતા અને વિચાર કરવામાં સ્તબ્ધ થઇ જતા; તે સમયે તેમના શરીરમાં અચાનક દેવીનું ચૈતન્ય પ્રવેશ થતાં મહારાજના અંતઃકરણના વિચાર તેમનાજ મુખ દ્વારા પ્રકટ થતા. મહારાજની અચેતન અવસ્થામાં બોલાયલા શબ્દોને શ્રીદેવીનુંજ વરદાન જાણી મહારાજ સ્વતઃ અને તેમના તાબાના મનુષ્યો મહાકઠિન કાર્ય કરવાનું સાહસ કરતા અને તે કાર્યોમાં યશ પ્રાપ્ત થતો હોવાથી, તાબાનાં ભોળાં ભાવિક મનુષ્યો મહારાજ ઉપર શ્રીભવાનીદેવીની કૃપા જાણી સંપૂર્ણ વિશ્વાસ રાખે એમાં આશ્ચર્ય શું ? તાત્પર્ય એ છે કે, મહારાજનું સમયાનુસાર અત્યંત

ભાવિકપણું, આધુનિક સમયના વિચારયુગમાં ઉત્પન્ન થયેલા તાર્કિક વિદ્વાનોને દોષકારક જણાય કિંવા મહારાજને 'કપટી' આદિ જેવાં અધમ પ્રકારનાં વિશેષણો લગાડવામાં આવે એ સર્વથા ઉચિત નથી.

પ્રસ્તુત લેખની શરૂઆતમાં ઉપોદ્‌ઘાત કર્યા પ્રમાણે મહારાજના મુખ્ય ગુણોનું દિગ્દર્શન કરાવી તેમના પર વૃથા દોષારોપ કરનાર મનુષ્યોના દોષોમાં કેટલું અસત્ય છે તે બતાવી આપ્યું છે. એ નિરૂપણ કોઇને પક્ષપાતજનક જણાય તો તેમાં લેખકનો ઉપાય નથી. રાષ્ટ્રીય જનસમાજને આપણા ચરિત્રનાયક મહાપુરુષની વાસ્તવિક યોગ્યતા જણાય એવું દિગ્દર્શન કરાવવું એજ અમારૂં કર્તવ્ય છે. અમારૂં કર્તવ્ય અન્યને રુચશે કે નહિ, તે પ્રશ્નનો અમે કિંચિત્ પણ વિચાર કરતાજ નથી. શિવાજી મહારાજ આજે મહારાષ્ટ્રીય જનસમાજને, કિંબહુના અખિલ ભારતવર્ષીય પ્રજાને તેમના કયા સદ્‌ગુણને લીધે અતિ વંદનીય જણાય છે. તેનું વર્ણન આજપર્યંત કોઇએ સવિસ્તર યથાયોગ્ય રીતે લખ્યું નથી. તેથી તેમના સંબંધી જુદા જુદા પ્રતિકૂળ અભિમત પ્રસરી રહ્યા છે. એ પ્રતિકૂળ વિચારોનું ખંડન થઇ શિવાજી મહારાજની વાસ્તવિક યોગ્યતા જનસમાજના લક્ષમાં સંપૂર્ણ રીતે ઉત્પન્ન થશે અને તેમના સંબંધી યથાર્થ અભિમાન અને કૃતજ્ઞતા સર્વ કાળ જાગૃત રહેવામાં પ્રસ્તુન ચરિત્રલેખ કિંચિત્ પણ સહાયભૂત થશે તો લેખક પોતાના શ્રમનું સાર્થક્ય સમજશે.

આ ચરિત્રમાંથી મળતો બોધ

અંતે પ્રસ્તુત જીવનચરિત્ર દ્વારા આધુનિક કાળને અનુસરતો થઈ પડે એવો કયા પ્રકારનો બોધ પ્રાપ્ત થાય છે તેનું ટૂંકમાં અવલોકન કરવું ઇષ્ટપ્રદ જણાય છે. એ બોધ બે પ્રકારનાં મનુષ્યોને ગ્રહણ કરવા લાયક છે. એક લોકાગ્રગણ્ય જનોને અને બીજાં સાધારણ સંસારી જનોને મહારાજના ચરિત્રમાંથી ઘણો બોધ લેવા જેવું છે. લોકાગ્રગણ્ય મનુષ્યોમાં એક લોકનાયક રાજા અને બીજા ઇતર અગ્રેસર જન, એવા બે વિભાગ પાડવાની જરૂર જણાય છે. રાજાઓએ દેશ, કાળ અને વર્તમાન તરફ દૃષ્ટિ રાખીનેજ યોગ્ય બોધ લેવો જોઇએ. × × × × આપણા સાંસ્થાનિક રાજાઓએ શિવાજી મહારાજના જીવનચરિત્રમાંથી પુષ્કળ બોધ લેવા જેવું છે. તલવારના પ્રબળ તેજ વડે શત્રુનાં હૃદય કંપાયમાન કરવાની સંધિ નિર્મૂળ થઇ જવા છતાં સ્વબુદ્ધિના તેજ વડે સર્વ જનસમાજમાં દીપી નીકળવાની અમૂલ્ય સંધિ તેમને પ્રાપ્ત થઈ છે. યથાવકાશ જ્ઞાન સંપાદન કરી સ્વપ્રજાના વાસ્તવિક કલ્યાણ માટે પોતાના જ્ઞાનનો સદુપયોગ કરવામાં ગૂંથાઇ રહેવાથી જે સુખ અને હૃદયનો સંતોષ થશે તે તેમને ઇતર કોઇ પણ વ્યવસાયથી

પ્રાપ્ત થશે નહિ. પોતાના સંસ્થાનની સુવ્યવસ્થા કરવી; ઉદ્યોગ, ધંધા અને વેપારવાણિજ્યની વૃદ્ધિ કરવી; પ્રજાને સુશિક્ષણનો લાભ આપવો; તેમના આચારવિચાર અને નીતિ સુધારવા વગેરે વિષયો પરત્વે અમારા સાંસ્થાનિક રાજામહારાજા સર્વદા ધ્યાન આપશે તો તેમની પ્રજા તેમને આશીર્વાદ દેશે; તેમજ તેમણે પ્રાપ્ત કરેલા ઐશ્વર્યનો યોગ્ય ઉપયોગ કરવાનું શ્રેય અને સ્તુતિ પ્રાપ્ત થશે. શિવાજી મહારાજે સ્વરાજ્યસિદ્ધિ માટે જીવનપર્યંત અવિશ્રાંત પરિશ્રમ કર્યો તેના એક શતાંશ ભાગ જેટલો પરિશ્રમ અમારા સાંસ્થાનિકો પોતાના સંસ્થાનના ઉત્કર્ષપ્રીત્યર્થે કરશે તોપણ બસ છે. મહારાજને શત્રુઓ સાથે સતત યુદ્ધ કરવાં પડ્યાં હતાં, તેમ છતાં તેમના હૃદયમાં કેટલું નિઃસીમ પ્રજાવાત્સલ્ય હતું અને પ્રજાની સુખવૃદ્ધિ માટે તેમણે કેટલા ઉપાયો યોજ્યા હતા તે સંબંધી અમારા સાંસ્થાનિક રાજાઓએ અવશ્ય વિચાર કરવો જોઇએ. પોતાના સંસ્થાનના પ્રત્યેક દરજ્જાનાં મનુષ્યોનો યથોચિત્ ઉત્કર્ષ થાય એવી વ્યવસ્થા રાખવા તેમણે સતત પ્રયત્ન કરવો જોઇએ. આધુનિક જીવનકલહમાં જે મનુષ્યો પાછળ રહી જઇ દુર્બળ થતા જાય છે, તેમની સ્થિતિ સુધારવા માટે અનેક ભગીરથ યોજના યોજવાનો અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ. જે મનુષ્યો બરાબર લાયક હોય તેમને ઉચ્ચ પ્રકારનાં કાર્ય સોંપી ઉન્નતિએ ચઢાવવા જોઇએ. કોઇ પણ વિષય પરત્વે પક્ષપાત કિંવા અન્યાય કરવો ઉચિત નથી. પ્રજા ઉપર કરનો બોજો વધારી તેમના શાપ કિંવા તિરસ્કાર પ્રાપ્ત કરવા નહિ, માત્ર રાજ્યમદમાં મસ્ત થઇ કોઇના ઉપર જુલમ કરવો નહિ, કોઇનું વિત્ત હરણ કરવું નહિ, કિંવા કોઈ સાથે અન્યાયપૂર્વક અને ઉચ્છૃંખલતાપૂર્વક વર્તવું નહિ. પોતે સર્વદા પવિત્ર આચરણથી વર્તવું, નિંદ્ય વ્યસનોમાં આસક્ત થઇ પોતાના આરોગ્યનો અને આયુષ્યનો ક્ષય કરી જનસમાજના આક્ષેપને પાત્ર થવું નહિ; મોજી, ઉડાઉ, ઉચ્છૃંખલ, સ્વચ્છંદી, આળસુ, અવિશ્વાસુ, નિર્લજ્જ, અવિચારી વગેરે વિશેષણો વડે પોતાનું માનખંડન અને તેજોહાનિ કરી લેવી નહિ; 'રાજા જે કરે તે છાજે' એવી સમજણથી કોઇ પણ અવિચારી કાર્ય આદરવું નહિ. એ સર્વ બાબતોમાં શિવાજી મહારાજનાં આચરણ કેવાં નિર્દોષ અને અનુકરણીય છે તેનો સદોદિત વિચાર કરવો. જે મહાપુરુષોના કર્તવ્યબળ વડે તેમને પ્રત્યક્ષ કિંવા પરંપરાથી રાજ્યરૂપી ઐશ્વર્ય પ્રાપ્ત થયું હોય તેમના ઉપર અમારા સાંસ્થાનિક રાજામહારાજાઓને યોગ્ય સદ્ભાવ ઉત્પન્ન થશે અને તેમના ચરિત્રમાહાત્મ્યનું સતત મનન કરશે તો તેઓના હૃદયમાં પણ તે મહાત્માઓના થોડાઘણા સદ્ગુણ ઉત્પન્ન થશે અને વિકાસ પામશેજ.

પ્રજાના આગેવાનોએ લેવા જેવો બોધ

હવે ઇતર લોકાગ્રગણ્ય પુરુષોએ કયા પ્રકારનો બોધ ગ્રહણ કરવો જોઇએ તે સંબંધી લખવામાં આવે છે. અખિલ જનસમાજના કલ્યાણને માટે કિંવા વિવક્ષિત જનમંડળના ઉત્કર્ષને માટે ઉપસ્થિત થયેલી સંસ્થાના સંચાલકોએ શિવાજી મહારાજે ઉત્તમ પ્રકારે સાધ્ય કરેલી લોકવશીકરણની કળાનું અવલંબન અવશ્ય કરવું જોઇએ; કારણકે કોઇ પણ સામાજિક કૃત્યમાં ઉત્તમ પ્રકારની સિદ્ધિ મેળવવા માટે સંઘશકિતની અતિશય આવશ્યકતા હોય છે. જે અગ્રેસર સામાન્ય મનુષ્યોની દરકાર કર્યા વગર બીજાઓ સાથે ઉચ્છૃંખલપણે કિંવા પક્ષપાતપણે વર્તી તેમને અસંતુષ્ટ અને બેદિલ કરે છે તેનું અગ્રેસરપણું તેઓને અસહ્ય અને અપાયકારક જણાય છે. એમ થવાથી ઐકયભાવનો લોપ થઇ સંઘશકિતમાં વ્યાઘાત થાય છે. તેજ પ્રમાણે જેઓ જનસમાજમાં પરિચિત થવા કિંવા કીર્તિની લાલસા રાખી અગ્રેસરનું માન મેળવવા યત્ન કરે છે અને સ્વીકારેલા કાર્યમાં સ્વાર્થપરતાજ પ્રકટ કરે છે, તેનાં પગલાં જનસમાજમાં ઓળખાતાં વિલંબ થતો તથી. તેવા મનુષ્ય નિરપેક્ષ બુદ્ધિ વડે લૌકિક કાર્યો નહિ કરતા હોવાથી તેમાં તેમની કંઇ મતલબ હોવાનું એક વખત જનસમાજના લક્ષ્યમાં આવ્યા પછી તેમના ઉપરથી સર્વનો વિશ્વાસ ઊડી જાય છે. તેમની સલાહ પ્રમાણે કોઈ વર્તતું નથી અને તેમને સહાયતા કરવાનું છોડી લોકો તેમનાથી વેગળા નાસતા ફરે છે. શિવાજી મહારાજે જો માત્ર રાજ્યતૃષ્ણાને વશ થઇ પોતાના ઐશ્વર્યની વૃદ્ધિ કરવા માટેજ એટલી બધી ખટપટ કરી હોત તો તેમને નિઃસીમ સ્વામીનિષ્ઠ સેવકો મળ્યા હતા તે કદી પણ મળત નહિ. તેઓને મહારાજની સ્વોત્કર્ષલાલસા જણાઇ હોત તો તરતજ તેમના સહાયક અનુયાયી પુરુષો તેમની સાથે વિશ્વાસઘાત કરવા તૈયાર થયા હોત; પરંતુ યવનસત્તાનો વિનાશ કરી સ્વદેશને સ્વતંત્ર કરવાનો તેમનો નિઃસ્વાર્થ ઉદ્દેશ સિદ્ધ કરવામાંજ તેમના અંતઃકરણની ઇતિકર્તવ્યતા જણાતાં અને તે પરિપૂર્ણ કરવાનોજ મહારાજનો ઉદ્યોગ જણાતાં તાબાના નોકરોએ મહારાજને ઉત્તમ પ્રકારની સહાયતા કરી હતી. જે લોકનાયકો દેશકાર્યનું પવિત્ર વ્રત ધારણ કરે છે તેમને મનુષ્યોની સહાયતા મળવામાં અડચણ પડતી નથી.

આપણા દેશમાં અનેક ધર્મ પ્રચલિત હોવાથી પ્રાચીન કાળથીજ ચારે દિશામાં અનેક જાતનાં તોફાન ઊઠે છે અને તેથી આપણા જનસમાજના અનેક વિભાગ પડી ગયા છે. જનસમાજના હૃદયમાં સ્વધર્માભિમાન અને સ્વજાત્યભિમાનનાં ઊંડા મૂળ રોપાયલાં હોવાથી એકબીજા પર રાગદ્વેષ ઉત્પન્ન થયો છે અને તેઓ પરસ્પર એક-

બીજાને તુચ્છ સમજે છે. એવી સ્થિતિ હોવાથી સાર્વજનિક કલ્યાણ કરવાનો ઉદ્દેશ ધારણ કરી કોઈ પુરુષ બહાર પડે તો તેણે સ્વપરભાવ સમૂળ નષ્ટ કરવો જોઇએ. માત્ર પોતાના ધર્મનાં કિંવા પોતાની જાતિનાં મનુષ્યો એકત્ર કરી તેનું હિત સાધવાનો ઉદ્દેશ ધારણ કરવામાં આવે તો તેઓને ઇતર મનુષ્યોની સહાયતા કદી પણ મળશે નહિ. ક્વચિત્ આરંભસમયે કેટલાંક મનુષ્યો સહાયતા આપશે તોપણ તેમનો વાસ્તવિક ઉદ્દેશ ધ્યાનમાં આવતાંજ તેઓ તેમને પોતાના અગ્રણી સમજશે નહિ અને તેમના પર વિશ્વાસ રાખશે નહિ. એમ થવાથી સંઘશક્તિવડે થવા જેવાં કાર્યોમાં તેમને કદી પણ યશ પ્રાપ્ત થશે નહિ. એ સંબંધી મહારાજે મરણપર્યંત કેવું વર્તન ચલાવ્યું હતું તે સર્વદા લક્ષમાં રાખવા જેવું છે. તેમણે પોતાના તાબાના જનસમાજમાંની અમુક એક જાતિ ઉપર કિંવા જનમંડળ ઉપર વિશેષ કૃપાદૃષ્ટિ નહિ રાખતાં સર્વ સાથે સમાન દૃષ્ટિ રાખી હતી અને સર્વ પ્રજા સાથે તેઓ એકસરખી રીતે વર્ત્યા હતા. મહારાજ તાબાનાં મનુષ્યોના ગુણ તરફ અને યોગ્યતા તરફ લક્ષ આપતા હતા, તેમની જાતિ કિંવા ધર્મ તરફ વિશેષ લક્ષ આપતા નહોતા; એટલુંજ નહિ પણ શરૂઆતમાં મુસલમાનો તરફ તેમને પ્રબળ શંકા હતી, છતાં તે શંકા સત્વર નાશ પામી હતી અને પ્રમાણિક મુસલમાનોને નોકરીમાં રાખી ઉચ્ચ હોદ્દે ચડાવ્યા હતા; તેમજ તેમના રાજ્યની યવનપ્રજાને પણ ઇતર હિંદુપ્રજા જેવીજ ગણીને તેમના પ્રત્યે યત્કિંચિત્ પણ તિરસ્કાર કિંવા પ્રપંચ કર્યો નહોતો. મહારાજનો એ મહાન સદ્ગુણ અને સમાનતા તે સમયના માહાત્મ્ય પ્રમાણે અત્યંત સ્તુતિજનકજ છે. સાંપ્રતકાળમાં વિચારયુગનો સર્વત્ર પ્રભાવ હોવા છતાં અમારા અગ્રણીજનોના હૃદયમાંથી સ્વપરભાવ નિર્મૂળ થતો નથી, એજ આશ્ચર્યજનક છે. સ્વહિતાર્થે ગ્રંથો લખવા, વર્તમાનપત્રો કિંવા માસિકપત્રો ચલાવવાં, સાર્વજનિક સંસ્થાઓ સ્થાપવી, કિંવા મોટાં મોટાં કારખાનાં ઉત્પન્ન કરવાં એ સારૂં છે; પણ તેવા પુરુષો લોક–અગ્રણી થવાને–કહેવડાવવાને બિલકુલ લાયક નથી. તેઓએ પોતાના હૃદયમાં શિવાજી મહારાજના જેવા ગુણ ધારણ કરવાનો અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ. તેમના એવા નિષ્પક્ષપાત વર્તનથી ટૂંકી બુદ્ધિના સ્વજાતિબાંધવો તેમના પર થોડાક વખત સુધી દોષારોપ કરશે; પરંતુ સર્વ જનસમૂહનું કલ્યાણ કરવા જેવું પુણ્યકર્મ સુસાધ્ય થઈ અંતે તેઓ લોકસ્તુતિનેજ પાત્ર થશે. શિવાજી મહારાજના એ સદ્ગુણનું વ્રત પેશ્વાઇરાજ્ય સમયે પાળવામાં આવ્યું હોત તો મહારાષ્ટ્રને ભવિષ્યમાં પરતંત્રતા પ્રાપ્ત થાત નહિ. જે જાત્યભિમાનને લીધે અને સ્વાર્થપરતાને લીધે પ્રચંડ રાષ્ટ્રીય અનર્થ થયો અને જેનાં વિષમય ફળ

મહારાષ્ટ્રને તેમજ તેમના વંશજોને અનેક વર્ષો સુધી ભોગવવાનો દૃઢ સંભવ છે; એજ દુર્ગુણો મહારાષ્ટ્રીય અગ્રેસરોના હૃદયમાંથી હજુ નિર્મૂળ થતા નથી, એજ દેશનું અતિદુર્ભાગ્ય છે. દેશમાંથી જાતિભેદ નષ્ટ થવાને દીર્ઘ સમય વ્યતીત થશે એ ખરૂં; પરંતુ જાત્યભિમાનમૂલક પક્ષપાત અને દ્વેષભાવનો સાંપ્રતની દૈન્યાવસ્થામાં સમૂળ ઉચ્છેદ થવાની અત્યંત અગત્ય છે. જનસમાજની ઇષ્ટતા લક્ષમાં લઇ, અગ્રેસર કહેવડાવનાર ગૃહસ્થો પોતાનું સદ્વર્તન રાખવા તત્પર થશે તો ઇતર સામાન્ય જનો પણ ધીમે ધીમે તેમનું અનુકરણ કરશે અને જનસમાજમાં એકબીજા વચ્ચે ઐક્ય, પ્રેમ અને વિશ્વાસ-વૃત્તિ ઉત્તરોત્તર વૃદ્ધિંગત થશે તથા પ્રત્યેક મનુષ્યો પોતપોતાની જાતિ જેટલોજ ઉદ્યોગ ઉપસ્થિત કરી મંડળો અને શાખાઓ સ્થાપે છે તે બંધ થઇ સર્વત્ર સાર્વજનિક સ્વરૂપ પ્રાપ્ત થશે અને તેને સર્વ જનસમાજની યથોચિત સહાયતા મળવાથી સર્વ જનમાજનાં સુખ-માં વૃદ્ધિ થશે. તાત્પર્ય એ છે કે, લોકાગ્રણી પુરુષોના હૃદયમાં સાચી દેશહિત બુદ્ધિ ઉત્પન્ન થવા સાથે તેઓને વાસ્તવિક લોકમાન્યતા મેળવવાની જરૂર હોય તો તેમણે સર્વદા શિવાજી મહારાજના ચરિત્રનું મનન કરવું જોઇએ.

સંસારીજનોએ લેવા જેવો બોધ

અત્ર પર્યંત મહારાજના ચરિત્રમાંથી લોકનાયક અને લોકાગ્રણીજનોએ કયા પ્રકારનો બોધ લેવા જેવો છે તેનું દિગ્દર્શન કરાવ્યું. હવે સામાન્ય સંસારીજનોએ તેમના ચરિત્રમાંથી કયા પ્રકારનો બોધ લેવો તેનું ટૂંકમાં વિવેચન કરી પ્રસ્તુત ગ્રંથનો ઉપસંહાર કરીશું. સાંસારિક જીવનમાં પ્રત્યેક મનુષ્યને યશ અને સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે અને તેની સિદ્ધિ મુખ્યત્વે કરીને ઉદ્યોગ-શીલતા, નિર્વ્યસનતા, દૃઢ નિશ્ચય, સદાચાર, સાહસ, બુદ્ધિમત્તા, કાર્યકુશળતા ઇત્યાદિ ગુણો વડે પ્રાપ્ત થઇ શકે છે. મહારાજના હૃદયમાં એ સદ્ગુણનો ઉત્કર્ષ કેટલો થયો હતો તે તેમનું ચરિત્ર વાંચનારના લક્ષમાં આવ્યા વગર રહેશે નહિ. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માની સ્વસ્થ બેસી રહેવામાં કંઇ પણ પુરુષાર્થ નથી. બનતે યત્ને તે સ્થિતિ સુધારી વગર આળસે અહર્નિશ ઉદ્યોગ કરતા રહેવાથી ખરૂં પુરુષત્વ ઉત્પન્ન થઇ વ્યસનાસક્તિ અને દુર્વર્તનનો નાશ થાય છે. મહારાજનું ચરિત્ર વાંચવાથી અને શ્રવણ કરવાથી ઉપરોક્ત ઉત્તમ તત્ત્વનું આ-લેખન મનુષ્યના હૃદય ઉપર ઉત્તમ પ્રકારે થાય છે. બુદ્ધિમત્તા અને કાર્યકુશળતાની વૃદ્ધિ થવા માટે અહોરાત્ર પરિશ્રમ કર્યા સિવાય મનુષ્યનો પ્રભાવ પડતો નથી અને સાહસાદિ ઇષ્ટપ્રદ ગુણનો પ્રાદુર્ભાવ થતો નથી. જેઓને સ્વબુદ્ધિબળ ઉપર અને કર્તવ્ય ઉપર સંપૂર્ણ વિશ્વાસ નથી તેઓને હાથે કોઇ પણ મહત્ત્વનાં કાર્યો થતાં

નથી. મહારાજના હૃદયમાં એ ગુણનો વિકાસ ઉત્તમ પ્રકારે થયો હતો, તેથીજ તેમના દ્વારા મહાન પરાક્રમી કાર્યો થયાં છે; તેમજ વિત્તની અને ઐશ્વર્યની ગમે તેટલી અનુકૂળતા થાય, તોપણ સન્માર્ગથી કિંચિત્ પણ વેગળું જવું નહિ અને કોઇ પણ દુર્વ્યસનમાં લિપ્ત થવું નહિ, એવો દૃઢ નિશ્ચય કરી પોતાનાં આચરણ સર્વદા પવિત્ર રાખનાર મનુષ્યનેજ ખરૂં સુખ મળે છે અને જનસમાજમાં માન મળે છે, એ વાત મહારાજના ચરિત્રમાંથી ઉત્તમ પ્રકારે જણાઇ આવે છે.

સાંપ્રત જેવી દુઃસહ્ય સ્થિતિમાં પ્રત્યેક મનુષ્ય પોતપોતાના સ્વાર્થ જેટલુંજ કાર્ય કરી સ્વસ્થ બેસી રહેશે, તો તેથી સર્વ જનસમૂહનું કલ્યાણ થશે નહિ. જે દેશમાં કિંવા જે જનસમાજમાં પોતાનું આયુષ્ય વિતાવવું હોય તેમના પ્રત્યે પોતાનું કર્તવ્ય સંપૂર્ણ રીતે જાણી લઇ, તે કાર્ય પરિપૂર્ણ કરવા માટે મન, વચન અને કર્મ વડે પ્રયત્ન કરવો જોઇએ. સાર્વજનિક હિતનાં કાર્યો કરવામાં ખાનગી દ્વેષ, અહંકાર આદિ દુર્ગુણને તિલાંજલિ આપવી જોઇએ. જાતિભેદમૂલક ઉચ્ચનીચનો ભાવ ઓછો થશે તેમ તેમ સમાજમાં ઐક્ય અને પરસ્પર પ્રેમ વધશે તથા પ્રત્યેક દેશકાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત થશે; એ સૂત્ર તેઓએ અહર્નિશ હૃદયમાં કોતરી રાખવું જોઇએ. કોઇ પણ ધર્મ સંબંધી કિંવા વ્યાવહારિક રૂઢિ સંબંધી અપ્રયોજન અભિમાન ધારણ કરી, સમાજમાં ફાટફૂટ કિંવા કલહ ઉત્પન્ન કરવાનો હવે સમય નથી. સાંપ્રત સંઘશક્તિ જેટલી વધશે તેટલી આપણા દેશને હિતકારક થઇ પડશે; એ વાત લક્ષમાં રાખી તેને વિઘાતક થઈ પડે એવી કૃતિ કરનાર મનુષ્યનો નિષેધ કરવા ચૂકવું જોઇતું નથી. તે મનુષ્ય સ્વજાતિનો કિંવા સ્વધર્મનો હોય તોપણ તે સંબંધી વિચાર નહિ કરતાં તેનું કર્તવ્ય જનસમાજના હિત વિરુદ્ધનું હોય તો તેને દેશદ્રોહી માનવો જોઇએ. એ પ્રમાણે વર્તનાર મનુષ્યજ ખરો સ્વદેશાભિમાની કહી શકાશે. હમણાં સમાજમાં કેટલાંક મનુષ્યોના બોલવાચાલવામાં જે સ્વદેશાભિમાન જણાય છે તે ઘણે ભાગે સ્વજાત્યભિમાનને લીધેજ જણાય છે. કેટલાક મનુષ્યોના આચરણમાં સ્વદેશાભિમાન અને સ્વજાત્યભિમાન એકત્ર થયેલું જણાય છે. એ અનિષ્ટ મનોવિકાર ધીમે ધીમે નાશ પામશે તોજ દેશની ઉન્નતિ થશે; પરંતુ આપણા કેટલાક પોતાને સુશિક્ષિત કહેવડાવનાર મનુષ્યોના હૃદયમાં ઉક્ત મનોવિકાર ઊલટો વિશેષ પ્રબળ થયેલો જણાય છે. તે ઉપરથી કહી શકાય છે, કે દેશની અભીષ્ટ સિદ્ધિ થવાને હજુ ઘણો સમય જોઇશે.

દુરભિમાનથી દબાયલા અમારા સુશિક્ષિત કહેવડાવનાર ગૃહસ્થોના સાંપ્રતનાં આચરણો ઉપરથી ઘણી દિલગીરી સાથે કહેવું

પડે છે કે, સર્વ જનસમાજનું હિત સાધ્ય થાય એવી સંસ્થા ઉપસ્થિત કરી તેને સુંદરરૂપે ચલાવવાની યોગ્યતા હજુ આપણામાં ઉત્પન્ન થઇ નથી. સ્વધર્મનું કિંવા સ્વવર્ગનું નિષ્પ્રયોજન અભિમાન ધારણ કરી જે લોકાગ્રણી મનુષ્યો સમાજમાં વૈરભાવ અને ફાટફૂટ ઉત્પન્ન કરવા પ્રવૃત્ત થાય છે, તેમનું અગ્રણીત્વ માન્ય કરવું નહિ અને તેમને કોઈ પણ પ્રકારનું ઉત્તેજન આપવું નહિ; એવો દૃઢ નિશ્ચય કરવામાં આવશે તો આપણો દેશ એવા અહંકારી, દેશદ્રોહી, દેશવિઘાતક મનુષ્યોના ત્રાસમાંથી સત્વરજ મુક્ત થશે. શિવાજી મહારાજ જેવા પવિત્ર વ્રત પાળનાર પુરુષોજ લોકાગ્રણી થવા લાયક છે. કસોટીમાં જેઓ બરોબર નિર્દોષ ઠરે તેઓનેજ પ્રત્યેક મનુષ્યે લોકાગ્રણી માનવા જોઇએ.

આ સ્થળે લેખકની લેખિની વિરામ પામે છે. લેખકે આટલું બધું લખવાનો ઉદ્યોગ કર્યો છે તેનું કારણ એજ છે કે, શિવાજી મહારાજ સંબંધી મહારાષ્ટ્રમાં કિંબહુના સાંપ્રત સમયે અખિલ ભારતવર્ષમાં જે અભિમાન ઉત્પન્ન થયું છે તે જનસમાજના હૃદયમાં દૃઢ રહે અને તેમના પર યથાર્થ પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થાય. મહારાજનું ચરિત્ર આદિથી અંત સુધી અવલોકન કર્યા સિવાય એવી પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થવી અશક્ય છે. તેમનું દેહાવસાન થયે આજ સવાબસો વર્ષ થયાં છે; એ દરમ્યાન તેમના ચરિત્રમહિમાથી ભરેલા અનેક ગદ્યપદ્ય ગ્રંથો પ્રકટ થયા છે, અનેક યવન અને યુરોપિયન ગ્રંથકારોએ તેમના સંબંધી યથાબુદ્ધિ ઉલ્લેખ કર્યા છે અને તેમ થવાથી તેઓ આજે કીર્તિરૂપે અમર થઇ રહ્યા છે; .પરંતુ મહારાજનું કીર્તિતેજ એકજ કેન્દ્રમાં સંગ્રહી તેમનો વાસ્તવિક પ્રભાવ કેવો છે તથા તે કીર્તિ કલંકમિશ્રિત હોવાનું કેટલાંક મનુષ્યો કહે છે તેમાં કેટલું સત્ય છે તેનું સમગ્ર ચરિત્રમાં કથન કરીને તે આજપર્યંત કોઇએ બતાવી આપવાનો પ્રયત્ન કર્યો નહોતો. આ પ્રયત્ન પ્રકૃત લેખકે યથામતિ અને યથાશક્તિ કર્યો છે, તેનો યથોચિત આદર થશે એવી આશા છે.

પરિશિષ્ટ

૧-શિવાજી અને ઔરંગઝેબની પુત્રી

(મૂળ પુસ્તક ઉપરથીજ)

આ પુસ્તકના ૧૯મા પ્રકરણમાં એક દંતકથા આપેલી છે. તેમાં જણાવ્યું છે કે, ઔરંગઝેબની એક પુત્રીના મનમાં શિવાજી માટે પ્રેમ ઉદ્ભવ્યો હતો; પરંતુ તે હકીકત સાચી નથી, એવું પ્રો. સરકારે આપેલા વૃત્તાંત પરથી જણાઈ આવે છે. ઔરંગઝેબના શાહજાદા અકબરે કરેલા બંડમાં તે છોકરીએ મદદ કરેલી હોવાથી, સને ૧૭૦૨માં તેને દિલ્હી નજીકના એક કિલ્લામાં કેદ કરવામાં આવી હતી. તે પોતાના બાપ સાથે દક્ષિણમાં આવી ન હતી, તેમજ શંભાજીના છોકરાનું પાલનપોષણ તેણે કર્યું ન હતું. જે છોકરી દક્ષિણમાં આવી હતી, તેનું નામ જીન્નત-ઉન્-નિસા હતું. એ બાબત એવી દંતકથા છે કે, ઔરંગઝેબે શંભાજીને મુસલમાન થવાનું કહ્યું, ત્યારે શંભાજીએ એવો જવાબ આપ્યો હતો કે, " જો એ છોકરી તમે મને પરણાવો તો હું મુસલમાન થાઉં." કેદમાં પડેલી શાહજાદીનું નામ જેબ-ઉન્-નિસા હતું; પણ આ દંતકથા મુસલમાનબખરમાંથી લીધેલી હોવાથી તેમાં સત્યનો અંશ હોવાનો સંભવ છે. બન્ને શાહજાદીઓનાં નામને છેડે " નિસા " શબ્દ આવતો હોવાથી અને બન્ને " નિસાબેગમ "ના નામથી પ્રસિદ્ધ હોવાથી આવી ભૂલ થવાનો સંભવ છે. પ્રથમની શાહજાદી કેદમાં પડેલી હોવાથી શંભાજીના પુત્રનું લાલનપાલન તેણે કર્યું ન હતું; પરંતુ તે પરથી શિવાજી માટે તેના મનમાં પ્રેમ ઉદ્ભવ્યો ન હતો, એવું કહેવાને કંઇ આધાર નથી.

૨-એક અંગ્રેજનો જાતિઅનુભવ

(શિવાજી મહારાજના સાક્ષાત્ પરિચયમાં આવેલા એક અંગ્રેજની તે પ્રસંગને લગતી નોંધ પરથી નીચેની હકીકત ગુજરાતના સુપ્રસિદ્ધ નવલકથાકાર ને નવલિકાકાર '**શ્રી. ધૂમકેતુ**'ના હાથે લખાઇ 'કુમાર'ના ચૈત્ર ૧૯૮૦ના અંકમાં પ્રસિદ્ધ થયેલી; એ હકીકત શિવાજી મહારાજના ઉચ્ચ ચારિત્રને દીપાવનારી હોવાથી આભાર સહિત અત્રે નીચે ઉતારી છે.)

ઇ૦ સ૦ ૧૬૭૦ના ઓકટોબરની ત્રીજી તારીખે સુરત શહેરનો દેખાવ જોવા જેવો હતો. આખા શહેરમાં નાસભાગ થઇ રહી હતી; અને કોઇ ભરૂચ તરફ તો કોઇ સ્વાલી તરફ રવાના થતા હતા. શિવાજી મહારાજની સવારી આવે છે એ ખબર અમને તો સપ્ટેમ્બરની બારમી તારીખે મળી ગયા હતા, એટલે ઓકટોબરની પહેલી તારીખ સુધીમાં તો અમારો ઘણોખરો કિંમતી સામાન ફેરવાઇ ગયો હતો, તેમજ પ્રેસિડન્ટ મિ. જીરાલ્ડ અને આખી કાઉન્સિલ સ્વાલીના બંદર પર સહીસલામત પહોંચી ગયા હતા.

એક વખત સહીસલામતીવાળા સ્થાનમાં પહોંચ્યા એટલે મેં મારા કિંમતી સામાનની તપાસ કરવા માંડી. બીજું બધું તો સલામત હતું, પણ જેને મેં જીવથી પણ વધારે માનેલી, તે મારી મૃત માતાની સુંદર તસ્વીર જે પેટીમાં હતી, તેજ માત્ર ગુમ થતી હતી.

હું હતાશ બની ગયો. એ તસ્વીર માટે મેં પંદરપંદર વર્ષ તપ કર્યું હતું. ઉપરાંત તે એક મિત્રના પ્રેમની ભેટરૂપ હતી. હા! આજેજ મને પહેલી વખત લાગ્યું કે મારી માતા હવે કોઇ દિવસ નહિ મળે; પરંતુ બીજો કોઇ ઉપાય હાથ રહ્યો નહિ. મારા કાકાને મેં એ વાત કરી, પણ તેણે તો માત્ર હસી કાઢ્યું! “કેવો મૂર્ખ છોકરો! જ્યાં જીવનની સલામતી માટે ઈશ્વરનો આભાર માનવાનો છે, ત્યાં પેટી માટે અફસોસ કરે છે!” શિવાજી પંદર હજાર મરાઠા સવારો સાથે સુરતમાં હતો અને હરઘડીએ નવા નવા આવનારા અમને જે સમાચાર આપતા હતા તે સાંભળી અમારાં ગાત્ર ઢીલાં બની જતાં હતાં.

કાસ્ગરનો માજી રાજા અબદુલ્લાખાન જે હમણાંજ મક્કેથી હજ પઢી પાછો વળી સુરતમાં થોભ્યો હતો, તેના પર હુમલો થયો હતો; અને અમારા ફ્રેન્ચ દૂતના સમાચાર પ્રમાણે તો બધી તુર્કી ટોપી રાત્રે નાસી ગઇ હતી. રાજાની સોનાની પાલખી શિવાજીને હાથ આવી ગઇ અને તે ઉપરાંત પણ પુષ્કળ ખજાનો મળ્યો.

પાંચમી ઓકટોબરે તો અમારી સુરત ખાતેની ફેકટરીમાં રહેલામાંથી બે મિત્રો શિવાજીને મળી આવી, ભેટ સોગાદ કરી, કાંઇક મૈત્રીમાં ને કાંઇક ખુશામતમાં તેને પ્રસન્ન કરી નિર્ભયતાનું વચન લઇ આવ્યા; હતા પણ જ્યારે છઠ્ઠી ઓકટોબરે સમાચાર આવ્યા કે શિવાજી તાપી ઓળંગી સ્વાલી પર આવે છે, ત્યારે તો અમે અને અમારી સાથેનાં વેપારીઓ ભયથી અધમૂઆ જેવાજ થઇ ગયા. પણ સદ્‌ભાગ્યે તાપી ઓળંગવાનો વિચાર શિવાજીએ પડતો મૂક્યો ને સ્વાલીના હજારો વેપારીઓ બચી ગયા.

પણ હું જ્યારે સુરત પાછો ગયો, ત્યારે મને માલૂમ પડ્યું કે મારું સર્વસ્વ લૂંટાઇ ગયું હતું. મારી પેલી કિંમતી પેટીનો તો પત્તોજ નહોતો. ગેરવ્યવસ્થા ને ગડબડમાં શિવાજીના માણસોએ જે

હાથ પડ્યું તે લીધું હશે, એટલે મારી પેટી પણ આડકતરી કે સીધી રીતે શિવાજીની લૂંટમાંજ ગયેલી હશે. આ વિચાર કરતાં મને તમ્મર આવ્યા અને આખે શરીરે પરસેવો છૂટયો. હવે સિંહના મોંમાંથી શિકાર મળે એ વાત અસંભવિત લાગી. હું તો રોતો રોતો પથારીમાં પડયો. બીજે દિવસે સવારે ઊઠયો ત્યારે મારા કાકાને એનો સદાનો કરડો ચહેરો ફેરવતા મારી સામે ઊભેલા જોયા. મેં નિશ્ચય કર્યો કે, કાકાને કાંઈ કહેવું નહિ; પણ તે ડોસો તો એવો વિચક્ષણ હતો કે બધું એક ઘડીમાં કળી ગયો.

“ તારૂં ધ્યાન પેલી પેટીમાં ચોટયું છે તે હું જાણું છું, પણ પેટી શિવાજીની લૂંટમાં ગઇ છે, તે જીવના જોખમે પણ હવે પાછી નહિ મળે !”

“ કાકા !” મેં કહ્યું. “ એ પેટી હું પાછી લાવવાનો છું.”

“ અને શી રીતે વારૂ ? શિવાજીનું નામ તેં નથી સાંભળ્યું ? સ્મિથને પૂછી જોયું છે કે શિવાજીના તંબૂમાં કેમ જઇ શકાય છે ?”

“ હા, કાકા ! અને મેં નિશ્ચય કર્યો છે, કે હું પેટી લાવવાનોજ.”

મારા કાકાએ કાંઇ જવાબ વાળ્યો નહિ, પણ તે તપી ગયેલા હતા અને મારૂં ભવિષ્ય સારૂં નથી, એટલું કહી જતા રહ્યા. ઘડીક ખમીને તે પાછા આવ્યા ને મને શાંતિથી સમજાવ્યું કે, શિવાજીને અંગ્રેજો પર અત્યારે વેર છે, માટે આ સાહસ ખેડવું નહિ. મારા કાકાએ મને નાનપણથી પોષ્યો હતો, ને ભલે અત્યારે તે મારી મૂર્ખાઇ પર હસતા હતા, પણ તેમના હૃદયમાં મારે માટે પ્રેમ હતો. તેમને નિરાશ ન કરવાના હેતુથી મેં એમનું કહ્યું માની લીધું ને કાંઇ ન હોય તેમ કામમાં જોડાયો; પણ સાથેસાથેજ હું શિવાજીના સમાચાર મેળવતો હતો ને પહેલી તકે નાસી જવાની તૈયારી કરી રહ્યો હતો. અંતે એવી તક આવી. એક રાત્રે સૌ સૂઇ ગયાં હતાં ત્યારે હું બહાર નીકળી પડયો. નીકળતી વખતે મેં મારા ગોપાળ નામના વિશ્વાસુ નોકરને સાથે લઇ લીધો હતો. અમે બન્ને ઘોડેસવાર થઇ નીકળ્યા ને ઝપાટાબંધ રસ્તો કાપવા લાગ્યા.

માર્ગમાં જે દૃશ્ય મેં જોયું તે ખરેખર અદ્ભુત હતું. મરાઠા લોકો વારંવાર હુમલા કરતા હતા, છતાં હરિયાળાં ખેતરોમાંથી ખેડૂતો વાંસળી વગાડી વગાડી જંગલને બોલાવતા હતા, વનની શોભાથી જમીન સુંદર બની રહી હતી અને જ્યાં જુઓ ત્યાં આંખ ઠરે એવી રમણીયતા ભરી હતી. ચાંદનીમાં હું ને ગોપાળ વાતો કરતા નિરાંતે ચાલ્યા જતા હતા. જ્યારે અમે મહર પહોંચ્યા ત્યારે સંખ્યાબંધ બેલગાડીઓ જતી દેખાઇ. દરેક બેલગાડી પાછળ તેની રક્ષા માટે ત્રીસત્રીસ સવારો ઢાલ, ભાલા ને તલવાર લઇ સજ્જ બની ચાલતા હતા. તેમની મોટી મોટી આંખો, લાંબી મૂછો ને

ઘેરવાળાં અંગરખાં જોનાર પર એક પ્રકારની સ્વાભાવિક શેહ પાડતાં હતાં. હું ને ગોપાળ ત્યાંથી નીકળ્યા કે તરતજ હવાલદારે અમને અટકાવ્યા ને હથિયાર છોડી દેવા કહ્યું. મેં તેમ કરવાની ઘસીને ના પાડી. હવાલદારે અમને કેદ કરી લીધા, અમારાં હથિયાર ખૂંચવી લીધાં અને બરાબર ખબર લેવા માટે પૂનામાં મહારાજની રૂબરૂ લઈ જવાનો પોતાનો નિશ્ચય જણાવ્યો. આ બધો વખત હું મનમાં ને મનમાં હસતો હતો. બિચારા હવાલદારને ખબર નહોતી કે, હું શિવાજીને મળવા માટેજ પૂના જતો હતો; એટલે હવાલદાર પોતેજ મને રજૂ કરી દેતો હોય તો મારે તો એટલી મહેનત ઓછી! રસ્તામાં મરાઠા સિપાઇઓ મારી ને ગોપાળની સાથે બહુ સલૂકાઇથી વર્તતા; અને અમે જ્યારે પૂના પહોંચ્યા ત્યારે તો તેમાંના ઘણા મને કેદી કરતાં મિત્ર જેવોજ લેખતા થઇ ગયા.

રાયગઢના કિલ્લા પર આવી હવાલદારે મને ત્યાંના કિલ્લેદારના હાથમાં સોંપ્યો. કિલ્લેદાર બહુ ભલો આદમી લાગ્યો. તેણે મને પૂછ્યું: "તમે શા માટે સુરત છોડી આ બાજુ મુસાફરી કરી રહ્યા છો?" મેં કહ્યું: "હું શિવાજી મહારાજને મળવા માગું છું." બસ, ત્યાર પછી ત્રણ ચાર દિવસ મેં ખાધું, પીધું ને મજા કરી. કિલ્લામાં આશરે બે હજાર મરાઠા હતા અને તે સદા જાગૃત રહેતા હતા. રાયગઢનો કિલ્લો એવા અભેદ્ય સ્થળ પર છે કે દુશ્મનનો હલ્લો ત્યાં ભાગ્યેજ ફાવી શકે. ચોથે દિવસે સવારમાં જ્યારે એક દૂતે આવી મને મહારાજ પાસે લઇ જવાનું કહ્યું ત્યારે મારી કલ્પનામાં શિવાજીની જે ભીષણ મૂર્તિ આવી તેનાથી ઘડીભર હું તો તેમની પાસે જવાનો વિચાર આવતાંજ કંપી ઊઠ્યો. સારા સુરતમાં અફઝલખાન અને શિવાજીનો પ્રસંગ ચર્ચાયો હતો. જાવલીના સરદાર ચંદ્રરાવને જડમૂળથી ઉખેડી નાખનાર શિવાજીની ધાક આખા ઉત્તર હિંદુસ્તાનમાં બેસી ગઇ હતી. સ્મિથે છ વર્ષ પહેલાંજ શિવાજીની ભેટ લીધી હતી, ને તેની આકૃતિ વિષે, સ્વભાવ વિષે, એટએટલી વાતો ફેકટરીમાં ફરીફરીને ચર્ચાઇ હતી કે જેને અમે એક પ્રજાનો નાશ કરનાર ભયંકર પુરુષ માનતા હતા તેની સમક્ષ આજે જતાં મને ભારે ભય લાગ્યો. મને એમ થઇ આવ્યું કે, ચોક્કસજ એક માણસ નગ્ન તલવારથી મારો શિરચ્છેદ કરી નાખશે; પણ હવે તે બધા વિચારો નકામા હતા. હું હિંમતભેર દૂતની સાથે નીકળ્યો.

છેટેથી મેં જોયું તો એક સાદા ઓટલા ઉપર તદ્દન સાદી ચટાઇ પાથરી તેના પર શિવાજી મહારાજ બેઠા હતા. પાસે એક કૂવો હતો, ત્યાં કેટલીક પાણિયારીઓ પાણી ભરવા આવી હતી. તેમની કેડેથી ઊતરી ઊતરી ઓટલા પાસે શિવાજી મહારાજ સામે કેટલાંક છોકરાં ઊભાં હતાં. મહારાજ તેમની સાથે સરળ ભાવથી વાતો કરતા

હતા અને હસી હસીને છોકરાંને પાસે બોલાવી તેમના હાથમાં ફળફૂલ આપતા હતા; પણ જ્યારે મેં જોયું કે, તેમની પાસે કોઇ અંગરક્ષક નથી ત્યારે મારા મનમાં મેં એક ગાંઠ તો બાંધીજ લીધી કે આ માણસમાં બીજું ગમે તે હોય, પણ વિશ્વાસઘાતનું તો એક બુંદ સરખું પણ નથી. શિવાજી મહારાજ પાણિયારીઓમાંથી પણ ઘણીની સાથે વાત કરતા હતા અને તેમનાં નાનાં નાનાં દુઃખની વાતો પણ એમના હિસાબમાં છે, એવું જોતાં મને ખાતરી થઇ ચુકી કે, હું જેની સામે ઊભો છું તે સુરતનો લૂંટનાર શિવાજી નથી, પણ ગુરુ રામદાસનો આદર્શ શિષ્ય શિવાજી છે. મારી બધી ભીષણ કલ્પના અને સ્મિથે આપેલું વર્ણન ચાલ્યાં ગયાં. હું મારૂં કામ પણ ભૂલી ગયો અને મને લાગ્યું કે, જેનો પ્રતાપ આટલો ગાજે છે તેના હૃદયમાં તો દયાનાં સરોવરો ભર્યાં છે. મવાલીમાં પ્રાણ પૂરનાર આ પુરુષને જોતાં મને પહેલીજ વખત લાગ્યું કે, ખરેખર આજ મેં એક મહાન પુરુષ જોયો છે.

પરંતુ તે દિવસે મને મહારાજનાં દર્શનજ થયાં; મુલાકાત ન થઇ શકી; કારણકે મહારાજને કામ હોવાથી થોડીજ વારમાં તે બીજે જતા રહ્યા. હું મારે મુકામે આવ્યો, પણ હવે તો એક વખત શિવાજી મહારાજને જોયા પછીજ ચેન પડે એવી મને એમની મોહિની લાગી.

બીજે દિવસે સાંજના વખતે મને તેડવા માટે ફરી દૂત આવ્યો. હું કિલ્લામાં ગયો તો ત્યાં આજે સુરતની લૂંટના માલનું પ્રદર્શન ભરાયું હતું. ખૂબ ચોકસાઇથી બધો માલ ગોઠવવામાં આવ્યો હતો. મોટા મોટા ઇરાની ગાલીચા પર સોનારૂપાનાં વાસણોમાં મોતીની માળાઓ, મોટા પાણીદાર હીરા, માણેક, પોખરાજ ને નીલમ પડ્યાં હતાં. અમદાવાદી કિનખાબ ઉપર ઊંચા પ્રકારનું ભરતકામ કરેલાં બહુમૂલ્ય વસ્ત્રો પણ હતાં. પાટણનાં પટોળાં, ઢાકાની મલમલના તાકા,* બનારસી વાસણો ને દિલ્હીઆગ્રાના હુક્કા—એવી એવી અનેકવિધ બહુ મૂલ્યવાન વસ્તુઓ ત્યાં હતી; પણ મારી નજર તો પેલી મારી માની છબીવાળી પેટી પડી હતી ત્યાં હતી. બસ, એજ પેટી અને એજ તસ્વીર! એ કેટલી પાસે પડેલી હતી અને છતાં કેટલી દૂર હતી!

આજે લોકોની ધમાલ હતી. સૌ જોઇજોઇને નવાઇ પામતા હતા. પાસે એક ગાલીચા પર શિવાજી મહારાજ બેઠા હતા. તેમણે લાલ કસુંબલ પાઘડી બાંધી હતી અને તેના પર જડાઉ શિરપેચ શોભી રહ્યો હતો.

---

* જે દિવસે શિવાજીએ સુરત લૂંટયું તેજ દિવસે દિલ્હીનો એક વેપારી ઢાકાની મલમલના તાકાનાં ગાડાં ભરી સુરતમાં આવેલો હતો. તે પણ લૂંટના ઝપાટામાં આવી ગયાનો ઐતિહાસિક પુરાવો છે.

પહેલે દિવસે તો શિવાજી મહારાજને દૂરથી જોયા હતા; આજે છેક નજીકથી નિહાળ્યા. એમના રજપૂત મોં પરનું કંઇક વાંકું નાક એમને જુદુંજ રૂપ આપી રહ્યું હતું. શિવાજી ઠીંગણા હતા, પણ એમનો બાંધો બહુ સપ્રમાણ હતો. સૌથી વધારે મહત્ત્વની તો એમની આંખો હતી. તેમાંથી તેજની ધારા છૂટતી હતી. મોરોપંત પિંગળે અને તાનાજી માલુસરે ત્યાં પાસેજ ઊભા હતા. ગાદીની પાછળ થોડે દૂર એ ભાલેદાર ઊભા હતા. મને જોઇને મહારાજે તરત સવાલ કર્યો: “ફિરંગી લોક કેમ આવ્યા છો?” મેં વિનયથી જવાબ વાળ્યો: “આપનાં દર્શનની અભિલાષા હતી, તેમજ મારી એક પેટી સુરતથી મેળવેલી લૂંટમાં છે. પેટીમાં કાંઈ કિંમતી ચીજ નથી, પણ મને એ બહુજ પ્યારી છે. તેમાં મારી માની એક તસ્વીર છે. આપ એને પાછી આપવાની કૃપા કરો.” થોડી વાર રહીને મહારાજે જવાબ વાળ્યો: “એનું મૂલ્ય રાજકોષમાં આપીને લઇ જાઓ.”

પણ હું તો ખાલી ખિસ્સે હતો. મારા અને ગોપાળના ઘોડા પણ રાજની મિલકત લેખાઇ ચૂકયા હતા. મેં કહ્યું: “અમારા મહાન કવિ શેકસપિયરે કહ્યું છે કે, રાજપદ સિંહાસનમાં નથી, મનમાં છે.” પણ આ વાકયની મહારાજ પર કાંઇ અસર થઈ નહિ. તેમણે મોં મલકાવ્યું ને જવાબ વાળ્યો: “ફિરંગી લોક! તમારી વાત સાચી છે; પણ સુરતની લૂંટ હવે તો પ્રજાની થઇ ચૂકી છે. એમાંથી હું કેમ કાંઇ ખરચી શકું?”

આ વાર્તાલાપ થયા પછી ત્રણચાર દિવસમાં રાયગઢ છોડવાનો મને હુકમ મળ્યો.

હું જે દિવસે રાયગઢ છોડવાનો હતો, તેને આગલે દિવસે કિલ્લાના પહાડી સ્થાન પર આથમતી સંધ્યા જોતો હું બેઠો હતો. ઈંગ્લેંડનો ધુમસથી વીંટાયેલો દરિયાકિનારો મારી નજર આગળ તરતો હતો. પાંચ હજાર ગાઉ દૂરથી મારૂં પેલું ખૂણેખાંચરે પડેલું મકાન આંખો આગળ તરવરી રહ્યું હતું. રાયગઢની ટેકરીઓમાં અંધકાર ફેલાવો શરૂ થયો હતો. મારી નજર દૂર દૂરનો ભાગ મૂકી પાસેનાં સ્થાન જોવા મંડી. મારી સામેના રસ્તા પર એક સાદો મરાઠો સિપાઇ ધીમે પગલે ચાલ્યો જતો હતો. થોડે દૂર એ ચાલ્યો ન ચાલ્યો, ત્યાં ત્રણ જણા પાસેની ઝાડીમાંથી નીકળી એને વીંટી વળ્યા. ત્રણે જણાના હાથમાં ઉઘાડી તલવારો હતી. વીજળીના ઝબકારા જેમ મરાઠા સિપાઈની તલવાર નીકળી ને થોડી વારમાં હવામાં સરસરાટ થવા માંડ્યો. તલવારો અથડાવા લાગી. હું તો પળ વાર સ્તબ્ધ બની ગયો; પણ એ અસર તરત ગઇ ને હું હતો ત્યાંથી વીજળી વેગે તેમના તરફ દોડ્યો. મારી પાસે હથિયારમાં માત્ર એક લાકડી હતી. તે બરાબર ફેરવીને મેં ત્રણમાંના એકના માથામાં એવા તો જોરથી ઘા

કર્યો કે તે ગોઠણિયાભેર નીચે પડી ગયો. એ જોઇને બીજો તરત મારા તરફ ફર્યો. તેણે મારા પડખા પર તલવારનો ઘા કર્યો, પણ તે મારા ઓવરકોટમાં અફળાઈ તલવાર અંદર પેસી રહી. ફરી એ તલવાર ખેંચે તે પહેલાં તો મેં તેને એક પથ્થર પરજ પટકાવી માર્યો ને તેની છાતી પર ચડી બેઠો. મારી સામે હવે બે જણા લડી રહ્યા હતા. મરાઠા સિપાઇએ પેલાને એકજ ઘાથી ઉડાવી દીધો, પણ એ જોઈ મારી નીચે પડેલો આદમી છટકી જઈ ઝાડીમાં અદૃશ્ય થઇ ગયો.

“ ફિરંગી બહાદુર ! ”

એ શબ્દો સાંભળતાંજ હું આશ્ચર્ય પામ્યો. હું પાસે આવ્યો “ કોણ મહા... ”

પણ મારા શબ્દો મોંમાંજ રહ્યા. મહારાષ્ટ્રના સ્વામી શિવાજી મહારાજ પોતેજ સાદા મરાઠા સિપાઇના વેષમાં મારી સામે ઊભેલા હતા. મેં એકદમ વાક્ય ફેરવ્યું: “ કોણ મહારાજ... ”

“ ફિરંગી બહાદુર! ” શિવાજી મહારાજ બોલતા હતા. “ આજ તેં મહારાષ્ટ્રની લાજ રાખી છે. તેં મારો પ્રાણ બચાવ્યો છે. પ્રાણથી પણ વહાલો યશ સાચવ્યો છે. બોલ, હું તને શું આપું ? ”

હું કંઇ બોલું તે પહેલાં તો મરાઠા સિપાઇઓ ચારે પાસથી દોડતા આવતા હતા. તેમાંના કેટલાકનાં મોં પર મૃત્યુ જેવી ફિક્કાશ હતી. દગાનું નામ સાંભળીનેજ કંઈ અમંગળની કલ્પનાથી તેઓ વ્યગ્ર બન્યા હતા. થોડી વારમાં બંને લાશ ઊપડી ગઇ ! હુમલો કરનાર ત્રણે મુસલમાન હતા ને દીન–ઇસ્લામના શત્રુને મારવા તેમણે આ યુક્તિ ગોઠવી હતી.

બીજે દિવસે સવારે ભરસભામાં મારી પ્રશંસા કરીને શિવાજી-મહારાજે કહ્યું: “ ફિરંગી બહાદુર, તારે જે જોઇએ તે માગી લે ! ”

અને મારા મનમાં શું હતું ? મારી માની તસ્વીરવાળી પેલી પેટી.

પણ એજ વખતે ડૉ૦ બાર્ટન યાદ આવ્યો. મારી માની સાચી તસ્વીરમાં ઇંગ્લૅંડની ભૂમિને કિનારે ફરતા ખલાસીઓ યાદ આવ્યા. એમના માટે હું કાંઇક કરૂં, એ પ્રેરણા મને વ્યાપી ગઇ. મેં કહ્યું: “ મહારાજ ! મારા જાતિભાઇઓને આપના રાજ્યમાં વેપાર કરવાની છૂટ આપો ! ”

મહારાજના મોં પર આછું સ્મિત ફેલાયું: “ બહાદુર પુરુષ ! થોડા દિવસ પહેલાં તો તેં તારી પેટી માગી હતી.”

“ જી મહારાજ, પણ મારા દેશભાઇઓનું હિત કર્યું છે, એની યાદ મને મારી માની તસ્વીર કરતાં પણ વધારે વહાલી લાગે છે.”

શિવાજી મહારાજે પેલી પેટી અને બીજી મૂલ્યવાન વસ્તુઓ મને આપવા હુકમ કર્યો; તેમાં એક સુંદર મોતીનો હાર પણ હતો. હજીયે એ હાર હું જોઉં છું ત્યારે વીર શિવાજીની તેજભરી મૂર્તિ મારી નજર આગળ ખડી થાય છે.

૩–કલ્યાણકારી શિવજી

(લે૦ શ્રી. સ્વામી શ્રદ્ધાનંદજી મહારાજ)

જીસ સમય સારે ભારતવર્ષ પર જીહાદી સંસ્કૃતિ કા (યદિ સંસ્કૃતિ ઇસે કહા જા સકે) આક્રમણ હો રહા થા, જબ આર્ય-સંસ્કૃતિ કો મુંહ છિપાનેકા સ્થાન દિખાઇ નહીં દેતા થા, જબ હતાશ હિન્દુ અપની જાન બચાને કે લિએ મોહમ્મદી મત કી શરણ લેના હી જીવન સમજતે થે, ઉસ સમય આત્મવિશ્વાસી સંતોકે ચરણોંમેં પલે હુએ એક બાલક ને આર્ય–ધર્મ ઔર સંસ્કૃતિ કી રક્ષા કા ઝંડા ખડા કર દિયા. રાજપૂતી અભિમાન ઔર નાસ્તિકપનકે ઘમંડકો દૂર સે હી પ્રણામ કરકે ઉસને સમર્થ રામદાસ કે ચરણોંમેં શિર રખ કર ભગવે ઝંડે કો **સિંહગઢ** કી ઊંચી ચોટી પર ખડા કર દિયા.

ઇસ યુવક કા નામ સેવાજી વા સિવાજી લીખા ઔર બોલા જાતા હૈ. યહ સબ **શિવજી** કા અપભ્રંશ હૈ. આર્યહિન્દુધર્મ બડે સંકટ મેં તલમલા રહા થા, ઉસકી જાન કે લાલે પડે હુયે થે, મુહમ્મદી મગરમચ્છ ઉસે હડપ જાને કે લીએ તૈયાર થા. જબ કલ્યાણકારી શિવજીને નિર્ભયતા ઔર રક્ષા કી ઘોષણા કર દી.

૨૨ વૈશાખ સંવત ૧૯૮૧ કે દિન પૂના સે મહારાષ્ટ્ર દેશ કી ભૂમિ કે ઉત્સાહજનક દશ્ય દેખતે હુએ મૈં સિંહગઢ કે ચરણોં મેં પહુંચા. ૪૦ વર્ષ સે જો ઉત્કટ ઇચ્છા ઉસકી ચોટી પર પહુંચને કી થી વહ પૂરી હુઇ. ઇસ સમય શિવાજી મહારાજ કે બનાએ દુર્ગ કે ચિહ્ન દૂર કરને મેં કસર નહીં છોડી ગઇ; પરંન્તુ ઉસકી વાપી, તડાગ કે સુંદર, શાન્તિદાયક જલ ઔર ઉસકી શીતલ ઉત્સાહજનક વાયુ કો કોઇ માનનીય શક્તિ ઉસ ચોટીસે હટા ન સકી. મૈંને ઉસ કમરેમેં બૈઠકર જહાં લોકમાન્ય તિલક ને કર્મવીરતા કા સંદેશ ચરસિયા વૈરાગ્ય મેં લિપ્ત ભારતનિવાસિયોં તક પહુંચાને કે લીએ ‘ ગીતારહસ્ય ’ કો પ્રેસ કે લીએ સંશોધિત કિયા થા, જહાં લોકમાન્ય કે સંબંધ મેં જો કુછ માલૂમ થા ઉસે મૈંને લેખિની ઔર પત્ર કે હવાલે કિયા વહાં દહિને હાથ પર સિર ટેક કર ૩૦૦ વર્ષ પૂર્વ કે દશ્યોં કા સ્વપ્ન દેખને લગા. સામને દેખા કી દો ઔર પહાડિયોં પર બડે જબરજસ્ત દુર્ગ હૈ ઔર ઉનસે પરે સારા મહારાષ્ટ્ર દેશ પહાડી ચોટિયોં સે ભરા હુઆ હૈ. દિલ્હીપતિ કે ગઢ મેં ટિકાએ હુએ રાજપૂત સમઝ બૈઠે હૈ કિ પહાડી ચૂહે કી સમાપ્તિ હો ગઇ હૈ. મુગલ બાદશાહ ઔર ઉસકે દક્ષિણ હિન્દ કે સેનાપતિયોં ને સમઝ લિયા હૈં કિ હિન્દુ ડાકૂ ઉનકે મુકાબિલે મેં આને કા સાહસ નહીં કરેગા.

મૈં દુર્ગ કી પરિક્રમા કે લિયે ઉઠ ખડા હુઆ. શિવજી કે છોટે બેટે વીર રાજારામ કી સમાધિ સે હોતા હુઆ દુર્ગ કી દીવાર કે

જહાં તહાં ચિહ્ન દેખતા હુઆ એક ઓર જા પહુંચા તો વહાં એસી દીવાર બની હુઇ થી જિસે ભૂલભૂલૈયાં કહ સકતે હૈં. પર્વત કી એસી સીધી ચડાઈ હૈ કિ દિન કો મનુષ્ય મુશ્કિલ સે પહુંચતે હૈ, રાત કા તો કોઇ ખટકા હી નહીં. મૈં ઉસી સ્થાન પર ખડા હો ગયા. મેરે પથદર્શક ને નીચે કી ઓર ઇશારા કરકે બતલાયા ઔર મુઝે ઐસા માલૂમ હુઆ કી રાતકા સમય હૈ, તાનાજી માલુસરે અપને પીછે ૩૦૦ દઢાંગ માવલિયોં કો સાથ લેકર હિંમત સે ચઢતે ચલે આતે હૈં. ઉપર આતે હી પહિરેદાર કો દબોચ લિયા ઔર “ હર હર શંકર ” કા નાદ કર કે ગઢકી સેના પર જા ટુટે. અપને સે કઇ ગુના સેના કે પૈર ઉખાડ દિયે, ઉસ સમય તાનાજી ઉસી સ્થાન પર ખેત રહે. તબ તાનાજી કે ભાઇ સૂર્યાજી ને ઉનકે આરંભ કિયે કામ કો સમાપ્ત કિયા.

મેં ફિર આગે ચલ દિયા. વહ દેખો ઘોડે કા સવાર આસન જમાએ કઠિન દુર્ગ કે ઉપર ચડા આ રહા હૈ. કયા યહ સ્વર્ગીય ઘોડા હૈ કિ ઇસકે પૈર જમે ચલે આતે હૈં, ઔર કહીં ઉખડતે નહીં. તાનાજી કે મૃતક શરીર કે પાસ સવાર ઘોડા ખડા કર લેતા હૈ ઔર રુદ્રરૂપ શિવજી ઉતરે કર તાનાજી કા શિર અપને હાથ સે ઉઠાતે હૈ. ઐસે નરસિંહ કે મારે જાને પર થોડી દેર કે લિયે શોકાતુર હોતે હૈ; પરંતુ ઉસી સમય ઉઠકર ઘોષણા કરતે હૈ:–“ સિંહને જીતા ઇસ લિયે ઇસ કા નામ આજસે સિંહગઢ હુઆ.” ઉસ સ્થાન પર તાનાજી કી સમાધિ કો દેખ મુઝે દુ:ખ હુઆ. ઉસ પર એક છતરી ઔર સિંહકા રાસા ખુદા હોના ચાહિએ. મૈંને ઐસા શ્રી નૃસિંહ ચિંતામણિ કેલ્કર કો કહા ભી થા.

શિવજી કા ઐશ્વર્ય બઢતા ગયા ઔર જબ ઉન્હોં ને ઇસ નશ્વર શરીર કો છોડા ઉસ સમય ભારતવર્ષકા બડા ભારી ભાગ જહાદી આક્રમણોં સે મુક્ત હો ચુકા થા. મુસલમાની બાદશાહત કે અંતિમ સમય ઉસકી નિર્બલતા કે કારણ કઇ નએ રાજ્ય ઉઠ ખડે હુએ થે; પરંતુ ઉનમે કોઇ સ્થિરતા નહીં થી. ઉનકી તહ મેં યહ અસલ કામ કરતા થા કિ જબરજસ્ત નેં નિર્બલોં કો દબા લિયા ઔર અપના સ્વાર્થ સિદ્ધ કિયા; પરંતુ શિવાજીને જિસ પ્રજાતંત્ર સામ્રાજ્ય કી બુનિયાદ ડાલી થી ઉસ મેં જાતીયતા કી લહર ચલ રહી થી. યદિ કોઇ બલાત્કાર સે મુસલમાન કર લિયા ગયા વા લાલચાદિ સે ઉધર જા મિલા, પશ્ચાત્તાપ કરને પર શિવજીને ઉસકો બિરાદરી મેં મિલાને સે ઇનકાર નહીં કિયા. સમદર્શી સમર્થ રામદાસ કા આત્મા હી ઉન કે અંદર કામ કર રહા થા ઇસ લિયે જીન માહરોંસે હિન્દુ પ્રજા ઘૃણા કરતી થી ઔર ઉન કા અસ્પર્શ બતલા કર દેવમન્દિરોં કે સમીપ નહીં જાને દેતી થી, ઉન માહરોંકી સેના સજાકર શિવજીને એક જાતીય રાષ્ટ્ર કી બુનિયાદ ડાલ દી.

એક ઘટના ઇસ સમય બડી વિચિત્ર દેખતે હૈં. એક ઔર કલગીધર ગુરુગોવિંદસિંહ અપને પિતા કે કટે હુએ સિર કો ઉનકે પાસ પહુંચાને વાલે ભંગી કો “ રંગ રેટા ગુરુકા બેટા ” કહ કર ગલે લગાતે ઔર અસ્પૃશ્ય જાતિયોં કો અમૃત છકાકર સિંહ બનાતે, ઔર દુસરી ઓર માહરોં કી ફોજ સજાકર છત્રપતિ શિવજીમહારાજ ઉન્હેં મુગલોં ઓર ઉનકે દાસ રાજપૂતોં કે સામને ખડા કરતે.

જીસ મરાઠા સામ્રાજ્ય કી બુનિયાદ શિવજીમહારાજ ને ડાલી થી, ૨૫૦ વરસ તક ચલકર વહ સમાપ્ત હો ગઇ. ઉસકી સમાપ્તિ કે કારણોં કે અંદર જાને કા યહ સમય નહીં હૈ. યહાં જો સ્મરણીય હૈ, વહ યહ–કિ શિવજીમહારાજને જો માર્ગ દિખલાયા ઉસ પર ચલ કર હી આર્યસંસ્કૃતિ ઔર ધર્મ કી રક્ષા હો સકતી હૈ. ઉસ સમય પ્રાકૃતિક શાસ્ત્રોંકા પ્રયોગ હો સકતા થા, વહ ભી ઉન્હોંને કિયા. આત્મિક શસ્ત્ર કી ઉન્હોંને ઉપેક્ષા નહીં કી. બડી બડી આપત્તિયોં કે સમયમેં ઉન્હોંને સત્ય સ્વરૂપ પરમાત્મા પર વિશ્વાસ કરકે સહન કિયા ઓર કભી હાર નહીં માની. આજ આર્યજાતિ ફિર બડી હીન અવસ્થા મેં હૈ. પ્રાકૃત હથિયારે સે મુકાબિલા કરને કી ઉસમેં શક્તિ હી નહીં હૈ. ઉસકો આત્મિક શસ્ત્રોં સે હી પ્રાકૃતિક આક્રમણોં કા સામના કરના હૈ. ઉસ મેં ભી રક્ષા કી ઉપેક્ષા નહીં કી જા સકતી. રક્ષા કે લિયે વિરોધી શક્તિયોં કે સામને ખડા હોના હી પડેગા, તબ આર્યજાતિકા વાસ્તવિક કલ્યાણ હોગા.

આજ પ્રત્યેક ભારતનિવાસી કો અપને કર્તવ્ય પર વિચાંર કરને કી આવશ્યકતા હૈ.

૪–શિવાજી–રાજ્યાભિષેક

૧૬૭૪ કે પાવસ કાલ કા પ્રારંભ હૈ. વિજયી મહત્ત્વાકાંક્ષી સેનાપતિ અપની સેનાયોં કો આગામી યુદ્ધોંકે લિયે તૈયાર કરને કે લિયે, સરદી ઔર ગરમી કી પ્રચંડ વિજય યાત્રાયોં સે થકે હુએ વીરોં કો આરામ દેને કે લિયે પાવસ–કાલ કી પ્રાકૃતિક શોભા કો નિહાર કર પ્રસન્ન હો રહે હૈં. પૂર્વ યુદ્ધો મેં પરાજિત વીર સચિન્ત હૈ. પ્રકૃતિ શોભા ઉનકે લિયે દુઃખદાયિની હો રહી હૈ. વર્ષા કે જલકણ ઉનકે લિયે વિષકણ બન રહે હૈ. બિજલી કી ચમક દમક કો દેખકર પરાજિત વ્યક્તિયોં કો વિજેતા શત્રુકી તેજ તલવાર દિખાયી દેતી હૈ. બાદલોં કી ગર્જના સુન કર વિપક્ષી કે તોપખાને ઉસે ચિંતિત કરને લગતે હૈ. ઉમડતે હુએ નદીપ્રવાહ, ઉસકે સામને અલંધનીય સમુદ્ર બન રહેં હૈ. વર્ષાઋતુમેં વનદેવી ને અનૂઠા શૃંગાર સજાયા હૈ. કુંજ ઓર ઉપવનોં કી શોભા; પર્વતમાલાયોં કે પેચીદે ચક્કરદાર માર્ગોં પર હરી ચાદર બિછા રહી હૈ. પરાજિત શત્રુ, ઇન કુંજ ઓર સવન ઉપવનોં કો શત્રુ કે ગુપ્ત સ્થાન સમઝ રહા હૈ.

આજ વિજાપુર કે રસિક દરબારિયોં કી યહી હાલત હૈ. શિવાજી કી ઘુડસવાર સેના કી ટાપોં ઔર મુગલાઇ સેના કે પ્રચંડ તોપખાનોં સે કંપિત વિજાપુર–દરબાર કો, પાવસ કી શોભા કે રમણીય દશ્ય ચિન્તિત કર રહે હૈ. ચારોં ઓર ઉન્હે ચિન્તા પરાજય ઓર ભય કે ભૂત દિખાઇ દે રહે હૈં; પરંતુ આઇએ, જરા રાયગઢ કી રોનક દેખે. વહાં નિરાલા હી રંગ હૈ. બડે બડે શાસ્ત્રી, બ્રાહ્મણ, રાજદૂત, વકીલ અપને શાન્દાર પહરાવોં મેં ઉત્સુકતા ઔર આશાભરી નજરોં કે સાથ આગે બઢે આ રહે હૈં. પહાડી લોગ નિશ્ચિંત હો કર ઘાટિયોં કે કુંજોં મેં આંખ મિચૌની કી ખેલ ખેલકર આનંદ ઔર નિશ્ચિંતતા કે ગીત ગા રહે હૈં. રાતદિન આઠોં પહર ઘોડોં કી નંગી પીઠપર સવાર રહનેવાલે માવલિયે ભી આજ આનંદ મના રહે હૈં.

ઓહ!!! યહ આનંદ કી તૈયારીયાં કૈસી, આઇયે જરા દેખેં શિવકે ગણોંકી વિજયદુંદુભી કહાં બજ રહી હૈ. કાશી કે પ્રસિદ્ધ પંડિત અપની શિષ્યમંડલી કે સાથ રાયગઢ પહુંચ ગયે. ઉત્તર ઔર દક્ષિણ સબ ઓર ગાગાભટ્ટ કી વિદ્વત્તા કી ધાક જની હુઇ હૈ. વિજયનગર કે પ્રસિદ્ધ પંડિત વિધારરાયને આર્ય સાહિત્ય કા પુનરુજીવન કર આર્યધર્મ મેં ક્ષાત્રતેજ કા સંચાર કિયા થા. આજ ભી ગાગાભટ્ટને ચિરકાલસે મંદતેજ, પ્રભાહીન ક્ષાત્રતેજ કો દક્ષિણ મેં ફિર ચમકાને કે લિયે અભિષેકયજ્ઞદ્વારા તીર્થજલોં કે સિંચન સે શિવાજીકો સ્નાન કરાનેકા શુભ સંકલ્પ કિયા હૈ. એક ઓર પ્રકૃતિ દેવી વીર પુત્ર કા અભિષેક કર રહી હૈ, દુસરી ઓર રાજગઢ કે ઊંચે મંચ પર બ્રહ્મતેજ કે પ્રતિનિધિ ગાગાભટ્ટ તીર્થોદકોં તથા પવિત્ર ચરુપયોંસે શિવાજીકો સ્નાન કરાને કે લિયે દીક્ષિત હુએ હૈં. આર્ય રાજા કા અભિષેક આર્યપદ્ધતિ કે અનુસાર હી હોના ચાહિયે. ગાગાભટ્ટ ને પ્રાચીન સાહિત્ય કા પઠન કર અભિષેકપદ્ધતિ કા નિર્માણ કિયા. યહ રાજ્યાભિષેકોત્સવ કિસી મહત્ત્વાકાંક્ષા કી ઇચ્છા કો પૂરા કરને કે લિયે નહીં સજાયા ગયા થા અપિ તુ ઇસ રાજ્યાભિષેક દ્વારા આર્યજાતિ કે ક્ષાત્રતેજ કો પ્રકાશિત કરના અભીષ્ટ થા. શિવાજી તો નિમિત્તમાત્ર થા. ઉસ સમય કે રામદાસ આદિ ધાર્મિક ગુરુઓં ને શિવાજી કો ઇસ શુભ કાર્ય કે યોગ્ય ઉત્તમ સાધન સમઝા થા. યદ્યપિ પ્રત્યક્ષતઃ શિવાજી કા કિસી પુરાને રાજઘરાનેસે સંબંધ ન થા–ના હી ઉનકા વ્રતબંધસંસ્કાર હુઆ થા–પરંતુ યે બાહર કી બાધાએં ઉંસ્કે રાસ્તે મેં બાધક નહીં હુઇ. ગાગાભટ્ટ કર્મ સિદ્ધાંત કો માનને વાલે થે. શિવાજી ને સચ્ચે ક્ષત્રિય કે ધર્મકા પાલન કિયા થા અતઃ વ્રત બંધ આદિ કરા કર ઉન્હેં અભિશિક્ત રાજા બનાને મેં સંકોચ નહીં કિયા ગયા. આજ ભી હમ દેખતે હૈં કિ બડે બડે બ્રાહ્મણ બ્રહ્મતેજ કે જ્વલંત સ્વરૂપ મહાત્મા ગાંધી કે સામને સિર ઝુકાને મેં

અહોભાગ્ય સમઝતે હૈં. અવતારી પુરુષો કી યહી વિશેષતા હોતી હૈ. જન્મ તથા લૌકિક બાધાએં ઇનકી ગતિ તથા તેજ કો નહીં રોક સકતીં. કૃષ્ણ ભગવાન કે સામને દ્રોણ જૈસે બ્રાહ્મણ ભી શિર ઝુકાતે થે. નેપોલિયન યદ્યપિ રાજઘરાને કા નહીં થા, પરંતુ ઉસકી તેજસ્વી ચેહરેકે સામને મુકુટધારી યુરોપીય રાજાઓંને અપને શિર નમાયે. શક્તિશાલી તેજસ્વી વ્યક્તિ હી અસલી રાજા હૈ. આજ સ્વદેશમેં કિતને હી પુરાને રાજઘરાનોં કે નામ પર અભિમાન કરનેવાલે દેશી રાજેમહારાજે બ્રિટિશ પાર્લિયામેન્ટકે નોકર, વાયસરાય કે સામને સિર ઝુકા રહે હૈં. શક્તિ ઔર તેજ ચાહીએ. જિસકા તેજ ઉસીકા રાજ. શિવાજી કા તેજ ચારોં ઓર ફૈલ ગયા થા અતઃ ઉનકે સિવાય દૂસરા કોઇ વ્યક્તિ નહીં જો રાજતેજ કે ચિહ્નરૂપ અભિષેકતિલક કો ધારણ કર સકે.

નિશ્ચિત તિથિ સેં દસ દિન પૂર્વ વ્રતબંધ પુણ્યાહવાચન આદિ વ્રતપરાયણ હોતે રહે. આખિર જ્યેષ્ઠ શુકલ ૧૩ અથવા ૧૬૭૪ સન્ ૬ જૂન કા મંગલ દિન આ પહુંચા. યહ દિન મહારાષ્ટ્ર કે ભાગ્યોદય કા દિન થા. ઇસ સમારોહ કે દિન મહારાષ્ટ્ર કે કોને કોનેમેં કૈસી ચહલપહલ હોગી–ઇસકા અનુમાન હી લગાયા જા સકતા હૈ. ભારતીયોં ને વિદેશી સમ્રાટ પંચમ જાર્જ કે સ્વાગત કે લિયે કિતના સમારોહ કિયા થા.

ઉસ સમય તો સ્વદેશી રાજા થા; ઉસકે અભિષેકોત્સવ મેં સ્વતંત્ર રાષ્ટ્રને જો ખુશિયાં મનાયી હોગી ઉસકા પ્રત્યક્ષ દૃસ્ય દેખના હો તો યુરોપ કે કિસી સ્વતંત્ર રાષ્ટ્ર મેં રાજ્યાભિષેક દિન કી તૈયારિયોં કો દેખીએ. પરાધીન ગુલામ ભારતનિવાસી તો નિરંતર પરાધીનતા કે કારણ ઇસ અલૌકિક સુખ કી કલ્પના કરને કે અધિકારી ભી નહીં રહે.

હમ પાઠકોં કે સામને તાત્કાલિક ઐતિહાસિક લેખ કે આધારપર ઉસ દિન કે સમારોહ કા અવિકલ વર્ણન ઉપસ્થિત કરતે હૈં.

“સબ લોગ મંગલસ્નાન કર બહુમૂલ્ય વસ્ત્ર, ભૂષણ આદિ ધારણ કર સભામંડપ મેં ઉપસ્થિત હુએ. શિવાજી ભી મંગલસ્નાન કર, અલંકાર ધારણ કર, કુલગુરુ બાલંભટ્ટ, ભવાની ઔર માતુશ્રી જીજાબાઇ કી ચરણવંદના કર કે સ્ત્રીપુત્ર કે સાથ ઠીક મુહૂર્ત મેં સિંહાસન પર વિરાજમાન હુએ. રાજ્યાધિકારી વર્ગ, પ્રધાન, સેનાપતિ, સચીવ ભી રાજસી ઠાઠમાઠ કે સાથ મંડપ મેં પહુંચે. સવા હાથ ઊંચા સિંહાસન બનાયા ગયા. ઇસ સુવર્ણમંડિત આસન પર મહારાજ બૈઠે. સાથ હી શ્રીમતી સોયરાબાઈ યુવરાજ સંભાજી કે સાથ બૈઠી. સિંહાસન કે ચારોં ઓર ચારોં દિશાયોં મેં યથા સ્થાન અષ્ટ પ્રધાન, હાથ મેં સુવર્ણકલશ લિયે હુએ દિગ્પાલોં કી તરહ ખડે હુએ.

"અષ્ટપ્રધાન કે ચારોં ઔર રાજકોષ ઔર શાલાયોં કે અધ્યક્ષ ખડે હુએ. મિત્રમંડલી ઔર માંડલિક રાજા ભી યથાસ્થાન ખડે હુએ મંગલ મુહૂર્ત કી પ્રતિક્ષા કરને લગે. ઠીક મુહૂર્ત મેં બ્રાહ્મણવર્ગને મંત્રોચ્ચારણપૂર્વક મંગલાક્ષત કી વૃષ્ટિ દ્વારા શિવાજી મહારાજ કો પવિત્ર કિયા. આમ્રપલ્લવોં દ્વારા તીર્થજલોં સે ઉનકો અભિષિક્ત કિયા." ઇસિ અભિષેક કે બાદ શિવાજી સુસજ્જિત સિંહાસન પર આસીન હુએ. વહાં પર બૈઠતે હી બ્રાહ્મણો તથા એકત્રિત જનસમાજ ને શિવાજી પર સોનાચાંદી કે ફૂલોં કી વર્ષા કી. બ્રાહ્મણોં ને આશીર્વાદ દિયા. સારા રાષ્ટ્ર ૧૦૮ તોપોં કી ગર્જન સે ગૂંજ ઉઠા.

ઇસ ગર્જન કો સુનકર શત્રુઓં કે દિલ દહલ ગયે. ભક્તોં કે દિલ આનંદસાગર કી તરંગોં મેં ઉછાલિયાં લેને લગે. જીજાબાઇને ઇસ દૃશ્ય કો દેખકર દિલદિલમેં અપને કો ધન્ય કહા. અભિષેક-સંસ્કાર નિર્વિઘ્ન સમાપ્ત હુઆ. શિવાજી કી સુવર્ણતુલા હુઈ. શિવાજીકા વજન ૧૬૦૦૦ હોન હુઆ (યા ૧૪૦ શેર). વિદ્વાન બ્રાહ્મણોં કો દક્ષિણા દી ગઇ. ગાગાભટ્ટ કો એક લાખ રૂપયે ઔર બહુમૂલ્ય વસ્ત્રાભૂષણ દક્ષિણા મેં દિએ ગએ. પ્રત્યેક ઋત્વિજ કો ૨૪ હજાર રૂપયે કી ભેટ દી. યોગ્યતાનુસાર ઉપસ્થિત અભ્યાગતોં કી પૂજા હુઈ. બ્રાહ્મણપૂજા કે બાદ અષ્ટપ્રધાનોં કો ઉનકે પદોં કે અનુસાર રાજચિહ્ન સે અંકિત પદચિહ્ન દેકર રાષ્ટ્ર મેં નવી વ્યવસ્થા ચલાઇ.

ઇસ સમારંભ કે બાદ મહારાજ હાથી પર, સોને કી અમ્બારી મેં બૈઠકર દેવદર્શન કરને કે લિયે પ્રસ્થિત હુએ. સવારી કે સાથ સબ પ્રસિદ્ધ રાજપુરુષ થે. નાગરિકોંને પુષ્પવૃષ્ટિ સેં મહારાજ કા સ્વાગત કિયા. દેવદર્શનકે બાદ અપને સ્થાન કી ઓર આએ.

ઇસ પ્રકાર ત્રયોદશી કા શુભ સમારંભ સમાપ્ત હુઆ. ઇસ સમારંભ મેં ચાર કોટિ રૂપયા ખર્ચ હુઆ.

ઇસ રાજ્યાભિષેક સમય શીતલપુરી ઔર પરમાનંદ આદિ સંન્યાસી ભી આએ થે. ઉનકા સત્કાર કિયા ગયા. ઉનકે ઉપદેશામૃત સે જનતાને પુણ્યલાભ લિયા.

ઇસ સમારંભ તથા રાજ્યવ્યવસ્થાકો ચિરસ્મરણીય બનાને કે લિયે નિમ્નલિખિત બાતેં પ્રચલિત કી ગયીઃ—

૧. રાજચિહ્ન ધારણ કર રામદાસ સ્વામી કે સ્મરણ કે લિયે "ભગવા ઝંડા" કો મરાઠી સેના કા ચિહ્ન બનાયા.

૨. શક સંવત્ બંધ કર, રાજ્યાભિષેક શક પ્રચલિત કિયા. શિવાજીને જાનબૂઝ કર યુધિષ્ઠિર શક યા વિક્રમ શક કી તરહ શિવશક પ્રચલિત નહીં કિયા. ઇસ સંસ્કારકો રાષ્ટ્રીય રૂપ દેનેકે લિયે અભિષેક શક કા હી પ્રારંભ કિયા ગયા.

શિવાજીને ‘ક્ષત્રિયકુલાવતંસ શિવ છત્રપતિ્ મહારાજ સિંહાસનાધીશ્વર’ કા પદ ધારણ કિયા.

૩. રાયગઢ કિલ્લે કો રાજધાની બનાયા. ઇસ ગઢ પર સ્થિત હોકર જલ તથા સ્થલ દોનોં ક્ષેત્રો મેં શત્રુ કા દમન હો સકતા હૈ.

૪. રાજ્ય કે સબ વિભાગોં કા સ્થિર પ્રબંધ કિયા.

ઇસ અભિષેકસમારોહ કે સમય વિદેશી રાજાઓં કે દૂતોંને આકર સ્વતંત્ર રૂપ સે સંધિયાં કી. મહારાષ્ટ્ર કે પુરાને રાજઘરાનોંને શિવાજી કી શ્રેષ્ઠતા કો માના. યહ અભિષેક–સંસ્કાર ઇસ બાત કા સાક્ષી થા કિ શિવાજીને જો વિજયયાત્રાયેં કી હૈ વહ સબ સ્વાર્થ કે લિયે નહીં કી, અપિતુ રાષ્ટ્ર કે લિયે કી થી. ઇસ મહાભિષેકોત્સવ કી સાજસજાવટ કો દેખકર સાધારણ જનતા ભી શિવાજી કો અપના રક્ષક ઔર ત્રાતા સમઝને લગી. દિલ્હી ઔર વિજાપુર કે બાદશાહોં કો ભી ઇસકી સ્વતંત્રતા સ્વીકાર કરની પડી. ઇસ પ્રકાર ચારોં ઓર અપના પ્રભાવ જમાકર શિવાજીને ઇસ નવરાષ્ટ્ર કો સ્થિર પાયે પર ખડા કરને કે લિયે નયે ઉપાયોં કો સોચા: શિવાજી કી હી દૂરદર્શિતા કા પરિણામ થા કિ ભવિષ્ય મેં મરાઠામંડલપર ભયંકર સંકટ આને પર ભી શત્રુ ઉસે છિન્નભિન્ન નહીં કર સકે. ઇસ અભિષેકસંસ્કાર કી વિશેષતા ઇસ બાત મેં હૈ, કિ શિવાજીને રાજ્યપદોં કો પૈતૃક જાયદાદ નહીં બનાયા. યોગ્ય વ્યક્તિ હી યોગ્ય વ્યક્તિ કો પહચાન સકતી હૈ. વહ યોગ્ય વ્યક્તિ ચાહે કોઇ હો. શિવાજીને અપને જીવનકાલ મેં જન્મજનિત યોગ્યતા કી અપેક્ષા કર્મજનિત યોગ્યતા કો હી મહત્ત્વ દિયા થા. યહી કારણ થા કિ યોગ્ય વ્યક્તિ બિનાબુલાએ અપને પરખૈયા કી ઓર ખિંચે આતે થે. અસ્તુ; રામદાસ કા શુભ સંકલ્પ પૂરા હુઆ. શિવાજીને વિજય મેં પ્રાપ્ત કિયે ધન કો દાન દક્ષિણા ઔર પ્રજારક્ષણ મેં લગાકર સ્વયં ત્યાગમય જીવન વ્યતીત કિયા હૈ. કિસી કવિને ઐસે આદર્શ રાજાઓં કે વિષય મેં ઠીક હી કહા હૈ–

आदानं हि विसर्गाय सतां वारिमुचामिव।

પ્રતાપશાલી લોગ જો કુછ લેતે હૈ, વહ દૂસરોં કો દેને કે લિયે હી; અપને લિયે નહીં. સૂર્ય જલપાન કરતા હૈ, પરન્તુ મેઘોદ્વારા વહ ઉસે દૂસરે કો દે દેતા હૈ. બ્રાહ્મણ જ્ઞાનાર્જન કરતા હૈ દૂસરોંકો દેનેકે લિયે. સચ્ચા ક્ષત્રિય વિજયલક્ષ્મી કો પ્રાપ્ત કરેગા દૂસરોં કે લિયે. સચ્ચા વૈશ્ય દાન દેને કે લિયે હી કમાતા હૈ.

બડે પુરુષોં કી યહી વિશેષતા હૈ–જિન મેં યહ નિષ્કામ પરોપકાર ભાવ સમાએ હુએ હૈ વહી મહાત્મા હૈ; યોગી હૈ; અવતારી હૈ. સબકા દ્રષ્ટા પરમાત્મા ભી વિના કિસી કામના કે સંસાર કો શીતલ જલ તથા પવિત્ર પવન સે અનુકમ્પિત કર રહા હૈ. હમારે નાયકને ભી અપને આપકો દૂસરોં કે લિયે ન્યોછાવર કર દિયા. ઐસે

અલૌકિક પુરુષ કે સામને કિસકા સિર નહીં ઝુકેગા? ઐસે પુરુષ-રત્ન કો જન્મ દેને વાલી જીજાબાઈ ધન્ય હૈ. દોનોં કો નમસ્કાર હો. આજ કે દિન બડે બડે દિક્‌પાલ ક્ષત્રિય રાજે મહારાજે કૃપાકટાક્ષ કી પ્રતીક્ષામેં સિંહાસનાસીન શિવકે સામને સિર ઝુકા રહે હૈં–પરન્તુ યહ ભી દેખિએઃ—વહ શિવ ભી નતમસ્તક હો કિસી કી ઓર ટકટકી લગાએ દેખ રહા હૈ–ઇસ શિવવંદિત–શિવપૂજિત જીજાબાઇ કી ઓર ક્યા ભારત માતા ભી સચ્ચે પુત્રકે નમસ્કાર કો ગદ્‌ગદ્ હો સ્વીકૃત કર રહી હૈ. આઇએ હમભી દઃખીત ભારતમાતા કો પ્રસન્ન કરનેકે લિયે વીર શિવ કે પદચિહ્‌નોંપર ચલે. બોલો શિવજી મહારાજ કી જય. જીજાબાઇ કી જય. ભારતમાતા કી જય.

૫–શિવાજી ઔર નૈપોલિયન

(લેખકઃ–ઉપસંપાદક "અર્જુન")

કઇ વિદ્વાનોં કા કહના હૈ કિ, મહાપુરુષોં કી તુલના નહીં કરની ચાહિયે. પ્રત્યેક મહાપુરુષ અપની અપની સ્થિતિ મેં બડા હૈ. એક મહાપુરુષ મેં ઉસ સમય કી દેશ કી સ્થિતિ ઔર સામાજિક વા રાજનૈતિક ઔર રીતિરિવાજોં કા પૂરા પૂરા ચિત્ર હોતા હૈ; વે ઇનસે બચ નહીં સકતે. ઇસકા સબ સે અચ્છા ઉદાહરણ સુકરાત કા હૈ. તત્ત્વદર્શી, સ્વતંત્ર વિચારક ઔર નિડર હોતે હુએ ભી ઉસ ને ઉસ સમય કી ગ્રીસ મેં પ્રચલિત દાસપ્રથા કા વિરોધ કરના ઉચિત નહીં સમઝા; અપિતુ ઉસકે પક્ષ મેં હી કહતા રહા. ઇસી લિયે યહ કહા જાતા હૈ કિ મહાપુરુષ અપને ભૂત કે પુત્ર ઔર ભવિષ્ય કે પિતા હોતે હૈ.

પરંતુ હમ ઇસ બિચાર સે બહુત અધિક સહમત નહીં હો સકતે કિ મહાપુરુષોં કી તુલના નહીં હો સકતી. ઇતિહાસ કા સચ્ચા સ્વરૂપ બિનાતુલના કે નહીં જાના જા સકતા. દો દેશોં વ જાતિયોં કે ઉચ્ચ નીચ કી તુલના કરતે હી ઇતિહાસ સેં કુછ પરિણામ નિકલતા હૈ; પર ઇતિહાસ હૈ હી કયા? એમર્સન ને ઠીક કહા હૈ કિ મહાપુરુષોં કી જીવનકથાઓં કે અતિરિક્ત ઇતિહાસ કુછ નહીં. મહાપુરુષ કા ઇતિહાસ મેં વહી સ્થાન હૈ જો શરીર મેં આત્મા વા પ્રાણ કા. ફિર, અગર દેશોં ઔર જાતિયોં કે ઇતિહાસોં કા તુલનાત્મક અધ્યયન હો સકતા હૈ તો ઉનકે નેતાઓં ઔર નિર્માતાઓં અર્થાત્ મહાપુરુષોં કી તુલના કયોં નહિ હો સકતી?

પરંતુ તુલના ભી કહાં હો સકતી હૈ? સર્વથા પરસ્પર વિરુદ્ધ ઘટનાઓં મેં કભી તુલના નહીં હો સકતી. તુલના વહીં હોતી હૈ જહાં વિરોધ કે સાથ સાથ કુછ સમાનતા કે અંશ ભી વિદ્યમાન હો. આગ ઔર પાની કી કભી કોઈ તુલના નહીં કરતા. હાં, ગંગા કે

પાની ઔર સમુદ્ર કે પાની મેં તુલના કી સમ્ભાવના હો સકતી હૈ. ઇસી પ્રકાર મહાપુરુષોં કે વિષય મેં હૈ. એક મહાપુરુષ કી દૂસરે મહાપુરુષોં કે સાથ સિર્ફ મહાપુરુષ હોને કે કારણ તુલના નહીં હો સકતી. પ્રત્યેક મહાપુરુષ કે પીછે ઉસ કી આવશ્યકતા, સ્થિતિ ઔર મહત્ત્વ કા ખાકા ભિન્નભિન્ન રૂપ મેં ખિંચા હોતા હૈ. પ્રત્યેક કા ક્ષેત્ર ઔર કાર્ય પૃથક્ પૃથક્ હોતા હૈં. હમ તુલના વહી કરતે હૈ જહાં ક્ષેત્ર ઔર કાર્યમેં કુછ સમાનતા હો. રાજનીતિજ્ઞોં કી રાજનીતિજ્ઞોં સેં, સમાજસુધારકોં કી સમાજસુધારકોં સે, વિજેતાઓં કી વિજેતાઓં સેં, પંડિતોં કી પંડિતોં સેં હી તુલના હોતી હૈ. વિજેતા કી પંડિત સેં વા રાજનીતિજ્ઞ કી સમાજસંશોધક સેં તુલના કરના આગ ઔર પાની કી તુલના સે કમ ઉપહાસજનક નહીં હૈ. આજ હમ જિન દો મહાપુરુષોં કે સંબંધ મેં વિચાર કરને લગે હૈં, સૌભાગ્ય સે ઉનકા કાર્ય ઔર ક્ષેત્ર લગભગ એકસા હી હૈ, સિર્ફ દેશ ઔર કાલકા હી ભેદ હૈ.

શિવાજી ઔર નૈપોલિયન દોનોં કા હી જન્મ સાધારણ કુલ મેં હુઆ થા. જન્મ કે સમય દેશ કી અવસ્થાઓં મેં ભી બહુત કુછ સમતા પાઈ જાતી હૈ. નૈપોલિયન કે સમય ફ્રાન્સ કી અવસ્થા બહુત ડામાડોલ થી. પ્રજા, રાજપરિવાર ઔર ઉસકી શાસનપદ્ધતિ સે પ્રત્યક્ષ અસંતુષ્ટ થી ઔર રાજવિપ્લવ કે પૂરે સામાન એકત્રિક હો રહે થે. ઇધર ભારત કે દક્ષિણ ભાગ મેં ભી ઉસ સમય મુસલમાન શાસકોં કે વિરુદ્ધ પ્રબલ આન્દોલન હો રહા થા. શિવાજી કે પિતા ઔર શિક્ષક ને અપની આંખોં કઇ પરિવર્તન દેખે થે. દોનોં મહાપુરુષોં કી માતાઓં ને ઉનકી જીવનધારાઓં કી દિશા નિશ્ચિત કરને મેં ભારી હાથ લિયા. નૈપોલિયન જબ ગર્ભ મેં થા તો ઉસ કી માતા અપને પતિ કે સાથ ઇટલી કી યુદ્ધભૂમિ મેં સ્વચ્છન્દ વિચરા કરતી થી ઔર યુદ્ધ કે દશ્યોં કો દેખા કરતી થી. જીસ સમય નૈપોલિયન ને જન્મ લિયા ઉસ કી માતા ને વહી દુપટ્ટા ઓઢા હુઆ થા જીસપર ઇટલી કી સમરભૂમિ કે ચિત્ર થે. ઇસી પ્રકાર ઇટલી ઔર ફ્રાન્સ કે યુદ્ધોં તથા અન્ય રાજનીતિક ઘટનાઓં કે સંબંધ મેં ભી વહ ઉસે પ્રાયઃ કથાએં સુનાયા કરતી થી. ઇધર હમ શિવાજી કી માતા કો ભી એક આદર્શ પાતે હૈં. ઉસકા નામ જીજાબાઈ થા. વહ સ્વયં મહામાનિની ઔર મહત્ત્વાકાંક્ષિણી થી. વહ દૂસરે કે અધીન રહને કો બડા દુઃખપ્રદ સમઝતી થી. વિપત્તિ મેં ભી ઉસને કભી સ્વાવલમ્બન કા ત્યાગ નહીં કિયા ઔર ઇસી ગુણ કે સંસ્કાર ઉસને અપને પુત્ર શિવાજી કે કોમલ હૃદયપર અંકિત કર દિયે. ઈસ કે અતિરિક્ત, વહ ઉસે પૂર્વજોં કે શૌર્ય ઔર વૈભવ કી બાતેં બતલાકર ઉત્સાહિત કરતી થી. રામાયણ ઔર મહાભારત કી પવિત્ર કથાઓંદ્વારા ઉસને ઉસ કે મન કો સુસંસ્કૃત કર દિયા.

બાલ્યાવસ્થા કે બાદ કિશોરાવસ્થાકા પ્રારંભ હોતા હૈ. ઔર ઇસ કાલ મેં હમ ઇન દો મહાન્ આત્માઓં કી જીવનસરણિ મેં કુછ ભેદ પાતે હૈં જો ઐતિહાસિક દૃષ્ટિ સે બડા મહત્ત્વપૂર્ણ હૈ. નૈપોલિયન ફ્રાન્સ કે સ્કૂલ ઔર કાલેજોં મેં કુછ વર્ષોં કે લિયે બન્દ હો જાતા હૈ. ઉસે હમ વહાં એકાન્ત જીવન વ્યતીત કરકે ઔર અપની પાઠ્ય પુસ્તકોં મેં તલ્લીન હુવા પાતે હૈ. વહાંપર વહ એક કન્યા કે પ્રેમમેં આસક્ત હોને કે કારણ અપને સહાધ્યાયિયોં કા ઉપહાસપાત્ર બનતા હૈ; પર કભી કાલેજ કે કૃત્રિમ યુદ્ધોં મેં હમ ઉસે અપની સેના સંગઠિત કરતે, વ્યૂહ રચતે ઔર અંત મેં વિજયશીલ ભી દેખતે હૈં; પર ઉસ કે યે સારે કામ કાલેજ કી ચાર દિવારી મેં હી બંદ હૈ. અપના અધ્યયન સમાપ્ત કરકે વહ કાર્યક્ષેત્ર મેં આતા હૈ. વહ મહત્ત્વાકાંક્ષી થા, અભિમાની થા ઔર અપનેપર પૂરા ભરોસા રખનેવાલા થા; પરન્તુ સંસાર કી કઠિન સચ્ચાઇયોં કે સાથ જબ ઉસ કી ટક્કર લગી તો ઉસકી સબ આશાએં ઔર અભિલાષાએં કાફૂર હો ગઇ. ઉસે ઉનકા પૂર્ણ હોના બડા દુસ્તર માલૂમ હોને લગા. ઉધર સે ઉસ પર આર્થિક સંકટ આ પડા થા. નિરાશ હુઆ, વહ પૈરિસ કી ગલિયોં ઘૂમતા હૈ. વિદ્યાર્થીજીવન કે મનોહર સ્વપ્ન જબ કાર્યરૂપ મેં પરિણત હોતે દૃષ્ટિગોચર નહીં હોતે તો વહ એક ભયંકર કાર્ય કે લિયે પ્રવૃત્ત હોતા હૈ. માની ઔર મહત્ત્વાકાંક્ષી પુરુષ કે લિયે દો હી માર્ગ હૈ. અપની ઇચ્છાનુસાર દૂસરોં પર અપના અંકુશ રખના ઔર અપની ઇચ્છા પૂરી કરના; ઔર નહીં તો મૃત્યુ કે મુખ મેં ચલે જાના. ઇન દોનાં કે બીચ કા માર્ગ કભી ઉન કી કલ્પના મેં આતા હી નહીં. નૈપોલિયન ભી ઇસી સિદ્ધાન્ત કે અનુસાર પૈરિસ કે પાસ વહનેવાલી નદી મેં એક અંધેરી રાત કો ડૂબ કર અપને જીવન કા અન્ત કરને કો તૈયાર હોતા હૈ. ઇસી બીચ મેં ઉસ કા કોઇ ગુપ્ત મિત્ર ઉસે આર્થિક સહાયતા દેતા હૈ. નૈપોલિયન કે નિરાશ જીવન કા યહી અન્ત હોતા હૈ ઔર આગે સે ઉસ કા જીવનતારા ક્રમશઃ ઉન્નત હોતા જાતા હૈ.

પર ઇધર શિવાજી મહારાજ કા જીવન ઇસસે સર્વથા ઉલટા હૈ, વહ વચનપર સે હી લિખને પઢને સે ઘૃણા કરતા હૈ; પરંતુ અસ્ત્રવિદ્યા સીખને એવં દૌડ ધુમ કે કામો મેં વિશેષ ઉત્સાહ દિખાતા હૈ. અપને ગુરુ દાદાજી કોંડદેવ સે ઉન્હોને બચપન મેં હી ઘોડે પર ચઢના, નિશાન મારના, પટેબાજી, ગતકાં આદિ વીરતા કે કાર્ય સીખ લિયે. ઇસ કે અતિરિક્ત જમીન કી દેખરેખ, વસૂલ, હિસાબ રખના, ખેતી કો ઉત્તેજિત કર લોગોં કી સ્થિતિ સુધારના ઇત્યાદિ પ્રબંધસંબંધી શિક્ષાએં ભી ઉન્હોંને ગાંવગાંવ ઘૂમ કર સીખ લી. શિવાજીને આગે ચલ કર જો સામ્રાજ્ય સ્થાપિત કિયા, ઉસકી

નીંવ ઉન્હોંને ઇસી કાલ સે રખની પ્રારંભ કર દી થી. વે અપને સાથિયોં કો લેકર ધૂપ ઔર ગર્મી મેં શિકાર કરતે, ધની ઔર શૂરવીર પુરુષોં સે વિશેષ મેલ પૈદા કરતે થે. ઇસી સિલસિલે મેં ઉન્હોંને વહાં કી એક પહાડી જાતિ કો જો બડી વિશ્વસનીય ઔર સ્વામીભકત હોતી હૈ–અપને કાબૂ કર લિયા ઔર ઇનમેં સે કઇયોંકો અપની સેવા મેં ઉચ્ચ પદ દિયે. ૧૬૪૬ મેં ઉનકે શિક્ષક દાદાજી કોંડદેવ કી મૃત્યુ હોતી હૈ, :ઔર શિવાજીને ઉસી સમય સે અપની જાગીર કા ઇંતજામ અપને હાથોં મેં લે લિયા. ઔર ઇસ છોટી સી જાગીર કો હી ઉત્સાહપર ધૈર્ય ઔર જોશપૂર્ણ દૂરદર્શિતા કે સાથ બઢા કર સામ્રાજ્યકા રૂપ દે દિયા.

ઇસિ પ્રકાર હમ દેખતે હૈં કિ કિશોરાવસ્થા મેં દોનોં મહાપુરુષોંકે હૃદયોં મેં મહત્ત્વાકાંક્ષા કે ભાવ અંકુરિત હોતે હૈં. દોનોં કે હૃદયોં મેં હી સામ્રાજ્યલાલસા હોતી હૈં ઔર દોનોં હી સંસાર મેં અપના સ્થાન બનાને કે લિયે હાથ પાંત્ર મારતે હૈ. પર નૈપોલિયનકો હમ જહાં મહત્ત્વાકાંક્ષા કી ચરમ સીમા તક પહુંચા હુઆ પાતે હૈં ઔર જબ વહ પૂરી નહીં હોતી, તો ઉસે આત્મહત્યા કે લિયે ઉદ્યત્ દેખતે હૈં. વહાં હમ શિવાજી મેં મહત્ત્વાકાંક્ષા કે સાથ દૂરદર્શિતા ભી દેખતે હૈં, ઉત્સાહ ઔર જોશ કે સાથ ધૈર્ય ભી દેખતે હૈં, ઔર ઉસકે જીવન મેં ઐસા અવસર કોઇ નહીં દેખતે જબ કિ વહ આત્મહત્યા કે લિયે તૈયાર હો. વહાં યહ વાત ભી ધ્યાન મેં રખને યોગ્ય હૈ કિ નૈપોલિયન કી સમ્રાટલાલસા ઔર શિવાજી કી સામ્રાજ્યાભિલાષા મેં ભી બડા ભેદ હૈં. ઇસકા વિશેષ વર્ણન હમ આગે ચલકર કરેંગે.

ઇસ કિશોરાવસ્થા કે ઉપરાંત દોનોં સંસારક્ષેત્રમેં પ્રબળ રૂપ સે આતે હૈં. દોનોં કા હી વિજયકાલ પ્રારંભ હોતા હૈ. કિસને કહાં, કબ ઔર કિસ તરહ વિજય પ્રાપ્ત કી, ઇન ઘટનાઓં કે વિસ્તાર મેં હમ નહીં જાના ચાહતે, અપની સ્થિતિ ઔર દશા કે અનુસાર દોનોંપર વિજય કે શેહરે બંધતે રહે. દોનોં વીર થે, સાહસી થે, રણકુશળ થે ઔર ઉત્તમ નાયક થે; પર નૈપોલિયન ઔર શિવાજી કી વીરતા મેં હમ થોડાસા ભેદ પાતે હૈં ઔર વહ યહ કિ શિવાજી સેનાપતિ કે સાથ સાથ યોદ્ધા ભી થે, વે કેવળ દૂર ખડે હોકર સેનાપરિચાલન હી ન કરતે થે; અપિ તું બીચમેં પડકર અન્ય યોદ્ધાઓં કી તરહ શસ્ત્ર પરિચાલન ભી કરતે થે, ઔર અપને હાથોં કઇયોંકો મૌતકે ઘાટ ઉતારતે થે; પરંતુ નૈપોલિયન કો હમ સેનાપતિ તો કહ સકતે હૈં પર ઉસે યોદ્ધા કહનેકા સાહસ નહીં કર સકતે. અન્ય સિપાહિયોં કી ન્યાઇ હમ ઉસે શસ્ત્ર ચલાતે કભી નહીં દેખતે.

વિજયી વૃત્તાંતો કી સૂક્ષ્મતાઓં કો છોડ કર હમ ઇસ પરિ-

ણામ પર પહુંચ જાતે હૈં કિ દોનોં ને સામ્રાજ્ય સ્થાપિત કિયા. સિવાય ઇંગ્લૈંડકે–નૈપોલિયન કી ધાક ન કેવળ સાંરે યૂરોપપર અપિતુ મિસ્રતક બૈઠ ગઈ ઔર ઉધર શિવાજી કા આંતક ભી સારે દક્ષિણ ભારતપર જમ ગયા; પર ઇસકે આગે એક બડી વિચિત્ર ઐતિહાસિક ઘટના પ્રકટ હોતી હૈ ઔર અગર ઉસે સમઝ લિયા જાવે તો દોનોં મહાપુરુષોં કા ભેદ સ્પષ્ટ હો જાતા હૈ.

નૈપોલિયનને ફ્રાંસ, જર્મની, હંગરી, આસ્ટ્રેલિયા, સ્પેન, હોલેંડ ઇત્યાદિ કો વિજય કિયા. ઇન વિજિત પ્રદેશોં કો વહ અભી એક સામ્રાજ્ય કે સૂત્ર મેં બાંધ હી રહા થા કિ ઇતને મેં ફિર ઉસપર શત્ર ઉમડ આયે. ઉસે રુસ જાના પડા, યદ્યપિ થહ વહાં સે વિજય પ્રાપ્ત કર કે આયા, પર વહ ઉસે બહુત મંહગી પડી, ઉસકી કઇ લાખ સેના મેં સે કુછ હજાર આદમી હી સકુશલ ફ્રાન્સ વાપસ આ સકે. ઇસકે અતિરિક્ત ધનનાશ ભી બહુત હુઆ. ફ્રાન્ચ પહુંચ કર અભી રુસયાત્રા કી થકાવટ ભી ન ઉતરી થી કિ ચારોં ઓરસે શત્રુ ઉમડ પડે. ફ્રાન્સ દુશ્મનોં કે હાથ ચલા ગયા ઔર નૈપોલિયન કો એલ્બા ભાગ જાના પડા. કુછ કાલ બાદ વહ ફિર એલ્બા સે વાપસ આતા હૈ. ફિર શત્રુઓંસે મુઠભેડ હોતી હૈ. ઇસ વાર ઉસે બુરી તરહ હારના પડતા હૈ. ઉસે અંગ્રેજોકા કૈદી હોકર સેન્ટ હેલીના દ્વીપ મેં રહના પડા હૈ ઔર યહીં ઉસકે જીવન કા અંત હોતા હૈ. ઉસકા સ્થાપિત કિયા સામ્રાજ્ય બિજલી કી ચમક કી તરહ ક્ષણિક સા રહ જાતા હૈ. જિસ જલ્દીસે વહ બનાયા ગયા થા ઉતની જલ્દી હી ઉસકા નાશ હોતા હૈ. જીર્ણ વસ્ત્ર કી તરહ નૈપોલિયન કા સામ્રાજ્ય એક કટકે મેં હી ટુટકુટ જાતા હૈ.

પર ઇધર શિવાજી કા સામ્રાજ્ય ઇસ સે સર્વથા ઉલટા હૈ. ઉસ કા પ્રારંભ એક છોટીસી જાગીરસે હોતા હૈ, જો ક્રમશઃ બઢતા હૈ ઔર અંત મેં દક્ષિણ ભારત કે બહુત સારે હિસ્સે તક ફૈલ જાતા હૈ. યદ્યપિ શિવાજી કી સામ્રાજ્યસીમા દક્ષિણ ભારત તક હી પરિમિત થી પર ઉસકા આતંક સારે ભારતપર છા ગયા થા. ઔરંગઝેબ કો ઉસને પૂરી તરહસે દબાયા. ૧૬૭૪ કી ૬ જૂન કો શિવાજી મહારાજ કા શાસ્ત્રીય રીતિસે અભિષેક હુઆ. ૧૬૭૪ સે ૧૬૭૭ તક ઉન્હોને વિજિત પ્રદેશ કો એક સૂત્ર મેં બાંધ કર ઉત્તમ પ્રબંધ કિયા ઔર ઇસી પ્રબંધ તથા રક્ષામેં ઉનકે જીવન કા અંત હુઆ.

વિચારનેકી બાત હૈ, કિ નૈપોલિયન કે અંતકાલ કે સમય ઉસકા સ્થાપિત કિયા સામ્રાજ્ય ભૂત કે ગર્ભમેં લીન હોતા જાતા હૈ ઔર સ્વપ્ન કી એક રેખામાત્ર રહ જાતા હૈ. પર શિવાજી મહારાજ કે ઇસ સંસારસે પ્રસ્થાન કરતે સમય સામ્રાજ્ય કેવળ સ્થિર હી નહીં રહતા હૈ પર ક્રમશઃ બઢતા જાતા હૈ ઔર મરહઠોંકે સબ પ્રકારકે ઘરેલૂ

ઝગડોં કે હોતે હુએ ભી હમ ઇતિહાસ મેં વહ દિન દેખતે હૈં કિ મરહઠા રાજ્ય કી પતાકા દક્ષિણ ભારત કી જગહ સારે ભારતપર ફહરાને લગતી હૈ ઔર ઉસ સમય મરહઠા રાજ્ય “ મરહઠા–સામ્રાજ્ય ” કે રૂપ મેં પરિણત હો જાતા હૈ.

૬–રાષ્ટ્રીય સૂર્ય શિવાજી

(લેખકઃ–મહાત્મા હંસરાજજી)

શિવાજી મહારાજ હમારે દેશકે ઉન મહાનુભાવોં મેં સે હૈં જિનકે નામ હમારે ઇતિહાસમેં સૂર્ય કે સમાન ઉજ્જ્વલ રૂપસે ચમકતે હૈ. જબ મુગલ સમ્રાટ ઔરંગઝેબ કી જોર તથા અન્યાયયુક્ત નીતિસે ભારતવર્ષ કે હિન્દુઓ મેં યહ ખ્યાલ બેઠ ગયા થા કિ હમારા ઉગરના અસમ્ભવ સા હૈ, સબ ઔર સે નિરાશા કે બાદલ ઉનકે હૃદયાકાશ પર છા રહે થે, ઉસ સમય તીન મહાપુરુષોંને જન્મ લેકર હિન્દુઓં કી દશાકા પૂર્ણતયા પરિવર્તન કર દિયા. પંઝાબમેં ગુરુ ગોવિંદસિંહજી, મહારાષ્ટ્રમેં શિવાજી, રાજપૂતાનામેં દુર્ગાદાસજી પ્રાતઃસ્મરણીય વ્યક્તિયાં હુઈ હૈ, જિન્હોંને હિન્દુઓં પર પ્રકટ કર દિયા કિ યદિ વહ ઉનકી પદ્ધતિ કા અનુસરણ કરે તો વહ મુગલ સામ્રાજ્ય કા નાશ કરકે આર્ય કીર્તિ કી ધ્વજાકો ઉંચા કર સકતે હૈ. ગુરુ ગોવિન્દસિંહજીને પંજાબ કે લોગોં કે આચાર તથા વ્યવહાર કો બદલ કર તથા ઉનમેં ક્ષાત્રધર્મ કા સંચાર કર, જૈસે વહ સ્વયં લિખતે હૈ, ચિડિયોં કો બાજોંસે લડા દિયા. દુર્ગાદાસજીને સાબિત કર દિયા કિ વહ ન કેવલ મુગલ સમ્રાટ કે શસ્ત્રોંકા વિરોધ કર સકતા હૈ, વરન્ રાજનીતિ મેં ભી ઉસસેં કમ નહીં હૈ. ઉસને રજપૂતોં કે અંદર ઇસ પ્રકાર કા જીવન સંચાર કર દિયા કિ અજીતસિંહને રજપૂતાનામેં સ્વતંત્રતા કા ઝંડા લહરાતે હુએ મુગલોં કે બલકો નિર્મૂલ કર દિયા.

શિવાજી કો ઔરંગઝેબ પહિલે પહિલ બડા નિર્બલ શત્રુ સમઝતા થા, પરંતુ પીછે ઉસે જ્ઞાન હુઆ કિ વહ ઉસકા સબસેં પ્રબલ શત્રુ હૈ. ઉસને મહારાષ્ટ્ર મેં ઉસી નીતિ કો વર્તા જિસે પંજાબમેં ગુરુ ગોવિન્દસિંહજી વર્તા થા. સ્થાન સ્થાન પર પ્રાચીન હિંદુ વીરોં કી કથાએં સૂના કર ઉસને મહારાષ્ટ્ર કી ક્ષત્રિય જાતિ કે હૃદય મેં મુગલોં કો દૂર કર ધનાઢ્ય બનને કી તીવ્ર ઇચ્છા ઉત્પન્ન કર દી, મરહઠે તપસ્વી જીવન રખતે થે. કાઠી કે બિના ઘોડોં પર ચઢા કરતે થેં. દક્ષિણ કી મુસલમાન રાજધાનિયોંમેં થોડી બહુત સેવા કરતે હુએ લડના ભિડના સીખતે રહતે થેં. શિવાજીને ઉન્હે યહ સિખા દિયા કિ અપની શક્તિ કા મુગલોં કે વિરુદ્ધ પ્રયોગ કરનેસે વહ ઐશ્વર્યસે નિર્બલ હુએ મુગલોં કો લૂંટ સકતે હૈં ઔર ઉનકે રાજ્ય કા ભી હરણ

કર સકતે હૈં. મુગલોં કે અંદર યહ શક્તિ નહીં રહી થી કિ વહ કઠિન તથા કઠોર જીવન વ્યતીત કર સકેં. શિવાજી કી શિક્ષા સે મુગલદલ ઉનકો એક નિર્બલ શિકાર પ્રતીત હોને લગા. ઇસ નીતિકે સંચાર તથા ક્ષાત્રધર્મ કે પ્રચારને મુગલ રાજ્ય કા અંતમેં નાશ કિયા ઔર મરહઠોં કો સ્વતંત્રતા પ્રાપ્ત હુઇ. જિસ મહાપુરુષ ને ક્ષાત્રધર્મ ઔર રાજનીતિ કી પરકાષ્ટાકો પ્રાપ્ત કિયા ઉસકા માન તથા પૂજન સબ આર્યોં કો કરના ચાહિએ; પરંતુ માન ઔર પૂજન કા અર્થ ફૂલોં કી માલાઓં અથવા ભજનોં કે ગાન યા શ્રી શિવાજી કે જયનાદોંસે હી તૃપ્ત હોના નહિ અપિતુ, ઉનકી સચ્ચી પૂજા યહી હૈ કિ હિન્દુસમાજ અપને અંદર ક્ષાત્રધર્મ ઔર રાજનીતિ કી વૃદ્ધિ કરેં.

૭–શ્રી શિવાજી મહારાજ કી રાજનીતિ

(લેખકઃ–શ્રીપાદ દામોદરદાસ સાતવલેકર, ઔંધ, જિલ્લા સતારા)

શ્રી છત્રપતિ શિવાજી મહારાજકા નામ લેતેહી "સ્વતંત્ર ધાર્મિક રાજ્ય" કી કલ્પના હર એક મહારાષ્ટ્રીય મનુષ્યકે અંદર ઇસ સમય ભી ઉત્પન્ન હોતી હૈ. મહારાષ્ટ્રીય પુરુષ હો યા સ્ત્રી હો, બાલક, તરુણ યા વૃદ્ધ મનુષ્ય હો, શિક્ષિત હો અથવા અશિક્ષિત હો, અન્ય વિષયોંમેં વિભિન્ન મત રખનેવાલે સબ મનુષ્ય શ્રી શિવાજી મહારાજ કે વિષયોંમેં સમાન આદરભાવ રખતે હૈ! તાત્પર્ય મહારાષ્ટ્રીય જનતા કે અંતઃકરણમેં શ્રી શિવાજી મહારાજ કા અધિષ્ઠાન ઇસ સમયમેં ભી હૈ.

શ્રી શિવાજી મહારાજ કા ઇતિહાસ જો ચાલીસ વર્ષ કે પૂર્વ પ્રસિદ્ધ હુઆ થા ઔર જો ઇસ સમય ઇતિહાસજ્ઞોં દ્વારા નિશ્ચિત કિયા ગયા હૈ, ઉનમેં જમીન આસમાનકા અંતર હૈ. ઇતિહાસસંશોધક અનેક વિદ્વાનોંને અપને જીવન ઇન કે ઇતિહાસ કી ખોજકે લિયે હી સમર્પિત કિયે, ઔર ઉનકે અવિશ્રાંત દીર્ઘ પ્રયત્ન સે જો ઇતિહાસ કે સાધન ઉપસ્થિત હુએ હૈ, પરંતુ જો ઇતિહાસ રૂપમેં અભી મુદ્રિત નહીં હુએ, યહ નિઃસંદેહ અપૂર્વ હૈં.

હમારી સરકારી પાઠશાલાઓં કે પાઠ્ય પુસ્તકોંમેં જો ઇતિહાસ તીસ ચાલીસ વર્ષ પૂર્વ પઢાયા જાતા થા, ઉસમેં લિખા હુઆ થા કિ શિવાજી એક છોટેસે જાગીરદાર કા અનપઢ લડકા થા. પાંચ દસ મહારાષ્ટ્રીય કિસાનોં કો અપને સાથ જમા કરકે ઉન્હોંને અપના રાજ્ય સ્થાપન કિયા ઇત્યાદિ.

ઉસ સમય હમેરેકુ ઇસ બાતકો પઢતે પઢતેહી ઇસકી સચ્ચાઇ કે વિષય મેં સંદેહ હો જાતા થા; પરંતુ અબ જો લેખ ઉપસ્થિત હુએ હૈં ઉનસે યહ બાત સિદ્ધ હો ચુકી હૈ કિ શ્રી શિવાજી મહારાજ નિરક્ષર નહિં થે, પ્રત્યુત સાક્ષર થે ઔર સાથ હી સાથ કઇ

ભાષાઓ કે ભી જ્ઞાતા થે. શ્રી પૂજનીય ઔંધ નરેશ કે અમૂલ્ય સંગ્રહ મેં શ્રી શિવાજી મહારાજ કા સ્વયંલિખા હુઆ અક્ષર ઇસ સમય હૈ, જિસસે ઉનકે સાક્ષર હોનેમેં કોઇ શંકા હી નહીં રહ સકતી.

શ્રી શિવાજી મહારાજ કે પિતાશ્રી શહાજી સોલહ ભાષાઓંકે અચ્છે અભિજ્ઞ થે, જિન મેં એક સંસ્કૃત ભાષા ભી થી. શ્રી શહાજી યદ્યપિ વિજાપુરવાલોં કે અંકિત થે, તથાપિ સદા સિદ્ધ પચાસ હજારસે ભી અધિક ફૌજ કા બલ અપને પાસ રખને કે કારણ ઔર સ્વયં અમર્ષણ વીર હોને કે કારણ વિજાપુર નરેશ કા વૈસા અધિકાર ઉન પર ન થા, ઇતના હી નહીં પ્રત્યુત વિજાપુરવાલે અપને આપ કો ઇનકે બલસે બલવાન સમઝતે થે. ઇસ. પ્રકારકે બલાઢ્ય ઔર મહાપ્રતાપી શ્રી શહાજી કે જ્યેષ્ઠ પુત્ર શ્રી શિવાજી મહારાજ થે, ઇતના કહેને માત્રસે ઉનકા નિરક્ષર ન હોના, સ્વયં સિદ્ધ હો સકતા હૈ. શ્રી શહાજી રાજા ભી અપની આયુ મેં એક દો વાર સ્વતંત્ર સ્વરાજ્ય કા વિચાર કર ચુકે થે; પરંતુ અનુકૂલ સમય ઉનકો અપને વિચાર મૂર્ત રૂપમેં પરિણત કરને કે લિયે પ્રાપ્ત નહીં હુઆ. ઇસસે યહ અનુમાન સ્વંય હોતા હૈ કિ ઐસે પ્રતાપી પિતા કે પુત્ર હોને કે કારણ શ્રી શિવાજી મહારાજ કો જન્મ સે હી કૈસી અનુકૂલ પરિસ્થિતિ પ્રાપ્ત હુઈ થી. તાત્પર્ય દો ચાર કિસાનોં કો ઇકઠ્ઠા કરકે શિવાજીને સ્વરાજ્ય સ્થાપન કિયા, યહ પૂર્વકાલ કા ભ્રમ ઇસ સમય પૂર્ણરૂપ સે દૂર હો ચુકા હૈ. તાત્પર્ય શ્રી શિવાજી મહારાજ સાક્ષર, વિદ્વાન, રસિક, સાહત્યપ્રેમી હોને કે સાથ સાથ બડે રાજા કે સમાન શહાજી રાજા કે ઘર મેં ઉત્પન્ન હોને કે કારણ સ્વરાજ સ્થાપન કરને કે લિયે જો પરિસ્થિતિ ચાહિએ, ઉસી પ્રકાર કી પરિસ્થિતિ મેં થે ઔર ઇસી કારણ ઉનકી રાજ્યસ્થાપનપદ્ધતિ ભી અત્યન્ત શ્રેષ્ઠ રહી.

રાજ્યપદ્ધતિ મેં દો ભેદ હૈં, એક વ્યક્તિનિષ્ઠ ઔર દૂસરી સંસ્થાનિષ્ઠ. વ્યક્તિનિષ્ઠ રાજ્યપદ્ધતિ વહ હોતી હૈ કિ જિસમેં એક એક વ્યક્તિ કા અધિકાર ન કેવલ ઉસકે મરને તક રહતા હૈ, પ્રત્યુત ઉનકે વંશ મેં ભી રહતા હૈ. સંસ્થાનિષ્ઠ રાજ્યપદ્ધતિ વહ હોતી હૈ કિ જિસમેં રાજ્યસંસ્થાકે લિયે ઉપયોગી વીરોં કો હી યોગ્ય સ્થાન પર રખા જાતા હૈ, ઔર કિસી કા કોઇ આનુવંશિક યા મૃત્યુ તક અધિકાર માના નહીં જાતા. શ્રી શિવાજી મહારાજ કી બુદ્ધિમત્તા સંસ્થાનિષ્ઠ રાજ્યપદ્ધતિ કો પ્રારંભ સે શુરૂ કરને મેં જો દિખાઇ દેતી હૈ વહ કિસી અન્ય ભારતીય રાજ્યસંસ્થાપક મેં દિખાઇ નહીં દેતી. શ્રી શિવાજી મહારાજ કે રાજ્યશાસન કી યહી મુખ્ય નીતિ થી. અપને મંત્રિયોં કો ભી ઇસી નીતિ કે અનુસાર કઈ વાર ઉન્હોંને અલગ કિયા થા ઔર કિસી કો ભી વંશપરંપરા સે કોઇ સરદાર કી નહોંદી થી. ઇતના હી નહીં, પરન્તુ અપના જ્યેષ્ઠ પુત્ર સંભાજી

શત્રુ કે સૈન્ય કે સાથ સંબંધ રખકર એક સમય શત્રુ સૈન્ય સે શ્રી શિવાજી મહારાજ કો હી ઘેર બૈઠા થા, ઉસ સમય અપને પુત્ર પર હી તોપ ચલાને કી આજ્ઞા ઉન્હોંને દી થી; પરન્તુ પશ્ચાત્ સંભાજી કો રાજ્ય ન મિલને કા ભી ઉન્હોંને ઇન્તજામ કુછ અંશ મેં કર રખા થા; પરંન્તુ મહારાષ્ટ્ર કે દુર્દૈવ સે ઉનકી શીઘ્ર મૃત્યુ હોને કે કારણ ઉનકી ઇચ્છા પૂર્ણ ન હો સકી. અર્થાત્ અપને અયોગ્ય જ્યેષ્ઠ પુત્ર કો ભી અપના રાજ્ય ન દેને તક "સંસ્થાનિષ્ઠ" શ્રી શિવાજી મહારાજ મેં થી ઔર ઈસી લિયે "મહારાષ્ટ્ર–રાજ્યશાસનસંસ્થા" કે લિયે હી ઉનકે સબ પ્રયત્ન હો!તે થે. શ્રી શિવાજી મહારાજ કી રાજનીતિ કા મહત્ત્વ ઈસ બાતમેં વિશેષ હૈ.

યહ રાજનીતિ રાજારામ તક ચલી. પશ્ચાત્ શાહૂ રાજા આ ગયે ઔર ઉન્હોંને ઈસિ નીતિ કો તોડા ઔર વ્યક્તિનિષ્ઠ રાજ્યપદ્ધતિ શુરૂ કી. ખાનદાની જાગીર ઇસ સમય સે પ્રારંભ હો ગયી ઔર મહારાષ્ટ્ર મેં ઇસકે પશ્ચાત્ સ્થાન સ્થાનમેં છોટે બડે સરદાર બને. ઇસ પ્રકાર ભિન્ન રાજનીતિ હોતે હી મહારાષ્ટ્ર કા રાજ્ય નષ્ટ હોનેકા પ્રારંભ હુઆ હૈ. શાહૂ–પશ્ચાત્ કિસી કે અન્દર "સંસ્થાકી નિષ્ઠા" ઉત્પન્ન હુઈ હી નહીં.

શ્રી શિવાજી મહારાજ કા જો મહત્ત્વ હૈ વહ ઇસ ઉચ્ચ રાજનીતિ મેં હૈ. મહારાષ્ટ્ર કે સંપૂર્ણ ધુરંધર ઇતિહાસસંશોધકોં કા ઇસ વિષય મેં એક મત હૈ કિ શ્રી શિવાજી મહારાજ કા રાજ્ય સંસ્થાપન કે વિષય મેં તથા અન્યાન્ય ધાર્મિક સદ્‌ગુણો સે યુક્ત હોને કે વિષય મેં, ઇતના મહત્ત્વ હૈ કિ ઉસકી તુલના કિસી અન્ય ઐતિહાસિક પુરુષ કે સાથ હો હી નહીં સકતી અર્થાત્ સંપૂર્ણ જગત્ ઐતિહાસિક વીરોં સે ઇનકી શ્રેષ્ઠતા સર્વમાન્ય હૈં.

ઇતના હોને પર ભી એક વાત ઉનકે ભી ધ્યાન મેં નહીં આઇ ઔર વહી ભારતવર્ષ પરાધીન હોને કે લિયે અન્ત મેં કારણભૂત હો ગઇ. વહ બાત યહ હૈ. યૂરોપિયન વ્યાપારી યહાં આતે થે ઔર સ્થાન સ્થાન પર અપને પદાર્થ વેચતે થે. ઇનસે શ્રી શિવાજી મહારાજ ભી બન્દૂક તોપ આદિ પદાર્થ લેતે થે ઔર "પરદેશી સૌદાગરોં સે લિયે હુએ યુદ્ધસાધનોં સે" અપને શત્રુ કો પરાસ્ત કરતે થે. જો વીર અપને બનાયે શસ્ત્રાસ્ત્રોં સે અપને સૈન્ય કો સજ્જ નહીં રખતા વહ પૂર્ણતયા ઉનકે હી આધીન રહતા હૈ કિ જહાં સે ઉનકો આવશ્યક શસ્ત્રાસ્ત્ર પ્રાપ્ત હોતે હૈં. યહ મહાસિદ્ધાન્ત ન તો શ્રી શિવાજી કે ધ્યાન મેં આયા થા ઔર ન કિસી મહારાષ્ટ્રીય વીર કે ધ્યાન મેં આયા. ઇસી કારણ ઐસા હોતા થા કિ ઇનકો સમય પર બન્દૂક આદિ મિલતી ભી નહીં થીં ઔર મૂલ્ય સાલ સાલ પહિલે હી દેના પડતા થા. ઇતની પરવશતા કા અનુ-

ભવ કિસી ભી વીર કો નહીં હુઆ ઔર અન્ત તક મહારાષ્ટ્રીય નરેશ શસ્ત્રાસ્ત્રોં કે વિષય મેં પૂર્ણતયા યૂરોપિયન વ્યાપારિયોં કે આધીન હી રહે. બિલકુલ અન્ત મેં યહ બાત કઇ પુરુષોં કે ધ્યાન મેં આ ચુકી થી, પરન્તુ ઉસ સમય મામલા બહુત હી બિગડ બૈઠા થા. ઇસ લિયે ઇન અસ્ત્રોં કે અપને દેશી કારખાને હોને પર ભી અન્ત મૈં કુછ લાભ નહીં હુઆ.

યદિ શ્રી શિવાજી કે સમય સે યહ પરવશતા કિસી કે ધ્યાન મેં આ જાતી, તો ઇસમેં યહાં ભી ઉન્નતિ હો સકતી થી; પરન્તુ કિસી કા ધ્યાન તક નહીં ગયા. અન્ત મેં યૂરોપ મેં અસ્ત્રવિદ્યા કી ક્રમશઃ ઉન્નતિ હો ગઇ ઔર યહાં વે હી પુરાને બન્દૂક રહેં, જિસકે કારણ ભારતવર્ષ કા પૂર્ણ પરાભવ હોના અપરિહાર્ય હી થા.

આપકે પાસ કિતની ભી સેના હો યદિ શત્રુ સે બઢકર શસ્ત્ર આપકે પાસ નહીં હોંગે, તો આપકા પરાજય નિઃસંદેહ હી હોગા અર્થાત્ સન ૧૮૧૮ મેં મહારાષ્ટ્ર કે રાજ્ય કા લય હોનેકા મુખ્ય કારણ અથવા એક માત્ર કારણ યુદ્ધસામગ્રી કી હીનતા હી હૈ ઔર અન્ય કોઇ નહીં હૈ ઔર ઇસકી ભૂલ પ્રારંભ સે હી રહતી આયી થી. ઇસ કા મૂલ કારણ શસ્ત્રાસ્ત્રોં કી પરાધીનતા મેં થા ઔર કિસી કે ધ્યાન મેં યહ બાત આયી નહીં થી, ઔર વિદેશી લોગોંને ઇસ બાતકો ખૂબ અચ્છી તરહ જાન લિયા થા.

ભારતવર્ષ કા યૂરોપ કે સાથ જો જંગ થા ઔર ઇસ સમય ભી હૈ વહ ફૌજી જંગ નહી હૈં. વહ વિજ્ઞાન કા યુદ્ધ હૈ. યૂરોપ મેં વિજ્ઞાન કી ઉન્નતિ ઔર યહાં વિજ્ઞાન કા અભાવ થા આર અબ ભી હૈ. વિજ્ઞાન મેં પ્રવીણ યૂરોપ કે સાથ વિજ્ઞાનહીન ભારત કા યુદ્ધ હો રહા હૈ. ઇસ લિયે વૈજ્ઞાનિક સમબલ હોને કે અતિરિક્ત ઔર ઉદ્ધાર કા કોઇ દૂસરા માર્ગ નહીં હૈ.

ઇતિહાસ કે જ્ઞાન સે આજ કે લિયે યહ બોધ મિલ સકતા હૈ. દેખને વાલે દેખ લેં.

૮–શિવાજી કા મિરજા જયસિંહ કે નામ પત્ર

[ઔરંગઝેબ ને અપને લડકે તથા યશવન્તસિંહ કો શિવાજી પર આક્રમણ કરને ભેજા થા–પરન્તુ સંશયાલુ ઔરંગઝેબ ને યશવંતસિંહ કો બુલાકર ઉસ કી જગહ જયસિંહ તથા દિલેરખાં કો ભેજા. જબ શિવાજી કો યહ માલૂમ હુઆ કિ ઔરંગઝેબ ને ઇસ પ્રકાર બડી ભારી સેના કે સાથ જયસિંહ કો ભેજા હૈ તબ જયસિંહ કી શક્તિ કો દેખકર, સામદાન આદિ દ્વારા ઉસે અપને પક્ષ મેં લાને કે લિયે કોશિશ કી. મધ્યકાલીન એક કવિ ને ઇસ ઘટના કો લક્ષ્ય મેં રખ કર, ફારસી મેં એક કવિતાત્મક પત્ર બનાકર

અપના કાવ્ય બનાયા થા, યહ ફારસી કી કવિતા હિન્દી અનુવાદ કે સાથ કાશી કી પ્રસિદ્ધ નાગરીપ્રચારિણી પત્રિકામેં પ્રકાશિત હુઇ થી. હમ પાઠકોં કે મનોરંજન તથા વિનોદ કે લિયે ઉસ કવિતા કા હિન્દી અનુવાદ આપકો ભેંટ કરતે હૈં. કવિતા કો પઢને સે માલૂમ હોતા હૈ કિ કવિતા કા લેખક કવિ, શિવાજી સંબંધી ઐતિહાસિક ઘટનાઓં સે અચ્છી તરહ પરિચિત થા.

યહ પત્ર જિસ સમય લિખા ગયા થા ઉસ સમય દેશ મેં મુસ્લિમ શક્તિ કા રાજ્ય થા. પત્ર મેં સ્થાન સ્થાનપર દારાશિકોહ, શાહજહાં તથા અકબર કી પ્રશંસા કી હૈ. ઇસસે પતા લગતા હૈ કિ વહ ઐસે શાસકોં કો પસંદ કરતે થે જો ભારત દેશ કી સભ્યતા કો અપનાને કો તૈયાર હો. ઔરંગઝેબ મેં યહી બાત નહીં થી. ઉસકા ધ્યાન સદા મક્કા શરીફ્ કી ઓર થા, વહ ભારતીયતા કે રંગમેં રંગા હુઆ નહીં થા. વહ અત્યાચારી સ્વેચ્છાચારી શાસક થા. યહ પત્ર કિસી ભી સ્વેચ્છાચારી શાસક કો ચાહે વહ ઇસાઈ હો યા હિન્દુ-લિખા જા સકતા હૈ. હમારા ખ્યાલ હૈ કિ યદિ આજ ભારતમેં શિવાજી હોતે તો વહ બ્રિટિશ નૌકરશાહી કે ગુલામ રાજાઓં કો-વહ ચાહે કોઇ હોતા- ઐસા હી પત્ર લિખતે- હમેં આશા હૈં કિ પાઠકગણ ! ઇસ પત્ર કો ઇસી ભાવ સે પઢેંગે ઔર સ્વાધીનતાપ્રાપ્તિ કે લિયે અપને હૃદયોં મેં વીરતા કી ભાવના કો જાગૃત કરેંગે.

—સંપાદક]

એ સરદાર કે સરદાર, રાજાઓં કે રાજા (તથા) ભારતોદ્યાન કી કિયારિયોં કે વ્યવસ્થાપક !

એ રામચંદ્ર કે ચૈતન્ય હૃદયાંશ ! તુઝ સે રજપૂતોં કી ગ્રીવા ઉન્નત હૈ.

તુઝ સે બાબર વંશ કી રાજ્યલક્ષ્મી અધિક પ્રબળ હો રહી હૈ (તથા) શુભ ભાગ્ય સે તુઝ સે સહાયતા મિલતી હૈં.

એ જવાન ! (પ્રબલ) ભાગ્ય (તથા) વૃદ્ધ (પ્રૌઢ) બુદ્ધિવાલે જયશાહ, સેવા (અર્થાત્ શિવાજી) કા પ્રમાણ તથા આશિષ સ્વીકૃત કર, જગત કા જનક તેરા રક્ષક હો (તથા) તુઝકો ધર્મ એવં ન્યાય કા માર્ગ દિખાયેં.

મૈંને સુના હૈ કિ તુ મુઝપર આક્રમણ કરને (એવં) દક્ષિણ પ્રાંત કો વિજયકરને આયા હૈ.

હિન્દુઓં કે હૃદય તથા આંખો કે રક્ત સે સંસાર મેં લાલ-મુંહ વાલા (યશસ્વી) હુઆ ચાહતા હૈ.

પર તૂ યહ નહીં જાનતા કિ યહ (તેરે મુંહ પર) કાલિખ લગ રહી હૈ ક્યોંકી ઇસ સે દેશ તથા ધર્મ કો આપત્તિ હો રહી હૈ.

યદિ તૂ ક્ષણમાત્ર ગરેવાન.મેં સિર ડાલે (સંકુચિત હોકર વિચાર કરે) ઓર યદિ તૂ અપને હાથ ઔર દામનપર (વિવેક) દૃષ્ટિ કરે.

તો તૂ દેખેં કિ યહ રંગ કિસ કે ખૂનકા હૈ ઔર ઇસ રંગ કા (વાસ્તવિક) રંગ દોનો લોકમેં કયા હૈ (લાલ યા કાલા ?)

યદિ તૂ સ્વયં (અપની ઓર સે) દક્ષિણ વિજય કરને આતા (તો) મેરે સિર ઔર આંખ તેરે રાસ્તે કે બિછાને બન જાતે. મેં તેરે હયર ટિકાન (ઘોડે કે સાથ) બડી સેના લેકર ચલતા. (ઔર) એક સિરે સે દૂસરે સિરે તક (ભૂમિ) તુઝે સૌંપ દેતા (વિજય કરા દેતા).

પર તૂ તો ઔરંગઝેબ કી ઓર સે (ઉસ) ભદ્ર જનોં કો ધોખા દેનેવાલે કે બહકાવે મેં પડ કર આયા હૈ.

અબ મૈં નહીં જાનતા કિ તેરે સાથ કૌન ખેલ ખેલૂં ? (અબ) યદિ મૈં તુઝ સે મિલ જાઉં તો વહ મર્દી (પુરુષત્વ) નહીં હૈ.

ક્યોંકિ પુરુષ લોગ સમય કી સેવા નહીં કરતે. સિંહ લોમડી નહીં બના કરતે.

ઔર અગર મૈં તલવાર તથા કુવાર સેં કામ લેતા તો દોનોં ઔર હિન્દુઓં કો હી હાનિ પહુંચતી હૈ.

બડા ખેદ તો યહ હૈ કિ મુસલમાનોં કે ખૂન પીને કે અતિરિક્ત કિસી અન્ય કાર્ય કે નિમિત્ત મેરી તલવાર કો મ્યાન સે નિકલના પડે.

યદિ ઇસ લડાઇ કે લિયે તુર્ક આયે હોતે તો (હમ) શેર મર્દોં કે નિમિત્ત (ઘર બૈઠે) શિકાર આયે હોતે.

પર વહ ન્યાય તથા ધર્મ સે વંચિત પાપી જો કિ મનુષ્ય કે રૂપ મેં રાક્ષસ હૈ.

જબ અફ્જલખાં સે કોઇ શ્રેષ્ઠતા ન પ્રકટ હુઇ (ઔર) ન શાઈસ્તખાં કી યોગ્યતા દેખી.

(તો) તુમકો હમારે યુદ્ધ કે નિમિત્ત નિયત કરતા હૈ, ક્યોંકિ વહ સ્વયં તો હમારે આક્રમણ કે સહને કી યોગ્યતા રખતા નહીં. (વહ) ચાહતા હૈ કિ હિન્દુઓં કે દલ મેં કોઇ બલશાલી સંસાર મેં ન રહ જાય.

સિંહગણ આપસ મેં હી ઘાયલ તથા શ્રાંત હો જાય જિસમેં કિ ગીદડ જંગલ કે સિંહવન બૈઠે.

યહ ગુપ્ત ભેદ તેરે સિર મેં ક્યોં નહીં બૈઠતા. પ્રતીત હોતા હૈ કિ ઉસકા જાદુ તુઝે વહકાએ રહતા હૈ.

તૈંને સંસાર મેં બહુત ભૂલા બુરા દેખા હૈ. ઉદ્યાન સે તૂને ફૂલ ઔર કાંટે દોનોં સંચિત કિયે હૈં.

યહ નહીં ચાહિયે કિ તૂ હમ લોગોં સે યુદ્ધ કરે (ઔર) હિન્દુઓં કે સિરોં કો ધૂલ મેં મિલાવે.

ઐસી પરિપક્વ કર્મણ્યતા (પ્રાપ્ત હોતે) પર ભી જવાની (યૌવનોચિત કાર્ય) મત કર, પ્રત્યુત સાદી કે ઇસ કથન કો સ્મરણ કર.

સબ સ્થાનોં પર ઘોડા નહીં દૌડાયા જાતા. કહીં ઢાલ ભી ફેંક કર ભાગના ઉચિત હોતા હૈ.

વ્યાઘ્ર મૃગાદિ પર આક્રમણ કરતા હૈ, સિંહ સિંહોં કે સાથ ગૃહયુદ્ધ મેં નહીં પ્રવૃત્ત હોતે.

યદિ તેરી કાટનેવાલી તલવાર મેં પાની હૈ, યદિ તેરે કુદનેવાલે ઘોડે મેં દમ હૈ;

(તો) તુઝ કો ચાહીયે કિ ધર્મ કે શત્રુ પર આક્રમણ કરે (એવં) ઇસ્લામ ડમૂકી જલ ખોદ ડાલે.

યદિ દેશ કા રાજા દારા શિકોહ હોતા, તો હમ લોગોં કે સાથ ભી કૃપા તથા અનુગ્રહ કે વર્તાવ હોતે.

પર તૂને જસવન્તસિંહ કો ધોખા દિયા (તથા) હૃદય મેં ઉંચ નીચ નહીં સોચા.

તૂ લોમડી કા ખેલ ખેલકર અભી અઘાયા નહીં હૈ (ઔર) સિંહો સે યુદ્ધ કે નિમિત્ત ઢિઠાઈ કરકે આયા હૈ.

તુઝકો ઇસ દૌડધૂમ સે ક્યા મિલતા હૈ? તેરી તૃષ્ણા તુઝે મૃગતૃષ્ણા દિખલાતી હૈ,

તૂ ઉસ તુચ્છ વ્યક્તિ કે સદશ હૈ; જો કિ બહુત શ્રમ કરતા હૈ.

(ઔર) કિસી સુન્દરી કો અપને હાથ મેં લાતા હૈ.

પર ઉસકી સૌન્દર્યવાટિકા કા ફલ સ્વયં નહીં ખાતા (પ્રત્યુત) ઉસકો અપને પ્રતિદ્વન્દ્વી કે હાથ મેં સોંપ દેતા હૈ.

તૂ ઉંચ નીચ કી કૃપા પર ક્યા અભિમાન કરતા હૈ. તૂ જુઝારસિંહ કે કામ પરિણામ જાનતા હૈ?

તૂ જાનતા હૈ કિ કુમાર છત્રસાલ પર વહ કિસ પ્રકાર સે આપત્તિ પંહુચાના ચાહતા થા?

તૂ જાનતા હૈ કિ દૂસરે હિન્દુઓં પર ભી ઉસ દુષ્ટ કે હાથસેં ક્યા ક્યા વિપત્તિયાં નહીં આઇ?

મૈંને માન લિયા કિ તૈંને ઉસસે સંબંધ જોડ લિયા હૈ ઔર કુલ કી મર્યાદા ઉસકે સિર તોડી હૈ.

(પર) ઉસ રાક્ષસ કે નિમિત્ત ઇસ બંધન કા જાલ ક્યા વસ્તુ હૈ, ક્યોંકિ યહ બંધન તો હજાર બંદ સે દૃઢ નહીં હૈ.

વહ તો અપને ઇસ સાધન કે નિમિત્ત ભાઇ કે રક્ત (તથા) બાપ કે પ્રાણ સે ભી નહીં ડરતા.

યદિ તૂ રાજભક્તિ કી દોહાઇ દે તો તૂ યહ તો સ્મરણ કર કિ તેંને શાહજહાં કે સાથ ક્યા વર્તાવ કિયા?

યદિ તુઝકો વિધાતા કે યહાં સે બુદ્ધિકા કુછ ભાગ મિલા હૈ (ઔર) તૂ પૌરષ તથા પુરુષત્વકી બડ મારતા હૈ;

તો તૂ અપની જન્મભૂમિ કે સંતાપસે તલવાર કો તપાવે (તથા) અત્યાચારસે દુઃખીઓંકે આંસુસે (ઉસ પર પાની દે.)

યહ અવસર હમ લોગોંકે આપસમેં લડનેકા નહીં હૈ ક્યોંકિ હિંદુઓં પર (ઉસ સમય) બડા કઠિન કાર્ય પડા હૈ.

હમારે લડકેવાલે, દેશ, ધન, દેવ, દેવાલય તથા પવિત્ર દેવપૂજક–

ઇન સબ પર ઉસકે કામસે આપત્તિ પડ રહી હૈ (તથા) ઉસકા દુઃખ સીમા તક પહુંચ ગયા હૈ.

યદિ કુછ દિન તક ઉસકા કામ ઐસા હી ચલતા રહા (તો) હમ લોગોં કા કોઇ ચિન્હ (ભી) પૃથ્વી પર ન રહ જાયગા.

બડે આશ્ચર્ય કી બાત હૈ કિ એક મુઠ્ઠીભર મુસલમાન હમારે (ઇતને) બડે દેશપર પ્રભુતા જમાવેં.

યહ પ્રબલતા (કુછ) પુરુષાર્થ કે કારણ નહીં હૈ, યદિ તુઝકો સમઝ કી આંખ હૈ તો દેખ.

(કિ) વહ હમારે સાથ કૈસી ગોઠિયાચાલી કરતા હૈ ઔર અપને મુંહ પર કૈસા કૈસા રંગ રંગાતા હૈ.

હમારે પાવોં કો હમારી હી સાંકલોંમેં જકડ દેતા હૈ (તથા હમારે) સિરોં કો હમારી હી તલવારોંસેં કાટતા હૈ.

હમ લોગોંકો (ઇસ સમય) હિદુ, હિંદોસ્તાન તથા હિંદુધર્મ (કી રક્ષા) કે નિમિત્ત બહુત અધિક યત્ન કરના ચાહિયે.

હમકો ચાહિયે કિ યત્ન કરેં ઔર કોઇ રાય સ્થિર કરેં (તથા) અપને દેશકે લિયે ખૂબ હાથ પાંવ મારે.

તલવાર ઔર તદવીર પર પાની દેં (અર્થાત્ ઉન્હેં ચમકાવેં ઔર) તુર્કીં કા જવાબ તુર્કીમેં (જૈસાકા તૈસા) દેં.

યદિ તૂ જસવન્તસિહસે મિલ જાય તો નિશ્ચયસે ઉસ કપટકલેવર કે પેંડે પડ જાય.

(તથા) રાણાસે ભી તૂ એકતા કા વ્યવહાર કર લે તો આશા હૈ કિ બડા કામ નિકલ જાય.

ચારોં તરફ સે ધાવા કરકે તુમ લોગ યુદ્ધ કરો, ઉસ (ઔરંગઝેબ) સાંપકે સિરકો પથ્થર કે નીચે દબા લો (કુચલ ડાલો),

કિ કુછ દિનોં તક વહ ઇસ હી પરિણામકે સોચમેં પડા રહે ઔર દક્ષિણ પ્રાંત કા ઔર અપના જાલ ન ફૈલાવે.

(ઔર) મેં ઇસ ઓર ભાલા ચલાનેવાલે વીરોંકે સાથ ઇન દોનો કુતુબશાહી, દક્ષિણી ઔર વિજાપુરી બાદશાહીકા ભેજા નિકાલ લૂં.

મેઘોં કી ભાંતિ ગરજનેવાલી સેના સે મુસલમાનોંપર તલવાર કા પાની વરસાઉં.

દક્ષિણ દેશ કે પટલપરસે એક સિરેસે દૂસરે સિરે તક ઇસ્લામ કા નામ તથા ચિન્હ છૂડા દૂં.

ઇસકે પશ્ચાત્ કાર્યદક્ષ શૂરોં તથા ભાલા ચલાનેવાલે સવારોં કી સેનાકે સાથ–

લહરેં લેતી હુઇ તથા કોલાહલ મચાતી હુઇ નદી કી ભાંતિ દક્ષિણ કે પહાડોં સે નિકલકર મૈદાનમેં આઉં.

ઔર અત્યંત શીઘ્ર તુમ લોગોં કી સેવા મેં ઉપસ્થિત હોઉં ઔર ફિર ઉસસે તુમ લોગોં કા હિસાબ પૂછું.

ફિર હમ લોગ ચારોં ઓર સે ઘોર યુદ્ધ ઉપસ્થિત કરેં ઔર લડાઇ કા મેદાન ઉસકે નિમિત્ત સંકીર્ણ કર દેં.

હમ લોગ અપની સેનાઓં કી તરંગો કો દિલ્હી કે ઉસ જર્જરીભૂત ઘરમેં પહુંચા દેં.

ઉસકે નામ મેં સે ન તો ઔરંગ (રાજસિંહાસન) રહ જાય ઔર ન જેબ (શોભા); ન ઉસકી અત્યાચાર કી તલવાર (રહ જાય) ન કપટ કા જાલ.

હમ લોગ શુદ્ધ રક્ત સે ભરી હુઇ એક નદી બહા દેં ઔર ઉસ સે અપને પિતરોં કી આત્માઓં કા તર્પણ કરેં.

ન્યાયપરાયણ પ્રાણોં કે ઉત્પન્ન કરનેવાલે (ઇશ્વર) કી સહાયતા સે હમ લોગ ઉસકા સ્થાન પૃથ્વી કે નીચે (કબ્રમેં) બના દેં.

પર કામ (કુછ) બહુત કઠિન નહીં હૈ. (કેવલ યથોચિત) હૃદય, આંખ તથા હાથ કી આવશ્યકતા હૈ. દો હૃદય (યદિ) એક હો જાય તો પહાડ કો તોડ સકતે હૈં તથા સમૂહ કે સમૂહ કો તિતરબિતર કર સકતે હૈં.

ઇસ વિષય મેં મુઝ કો તુઝ સે બહુત કુછ કહના (સુનના) હૈ, જીસકા પત્ર મેં લાના (લિખના) (યુક્તિ) સંમત નહીં હૈ.

મૈં ચાહતા હૂં કિ હમ લોગ પરસ્પર બાતચીત કરલેં, જીસમેં કિ વ્યર્થ દુઃખ તથા શ્રમ ન ઝેલેં.

યદિ તૂ ચાહે તો મૈં તુઝસે સાક્ષાત્ કરને આઉં (ઔર) તેરી બાતોં કા ભેદ શ્રવણગોચર કરૂં.

હમ લોગ બાતરૂપી (બાતચીત) સુંદરી કા મુખ એકાન્તમેં ખોલેં. ઔર મેં ઉસકી બાતચીત કી ઉલઝલન પર કંઘી ફેરૂં.

યત્ન કે દામન પર ધરેં ઔર ઉસ ઉન્મત્ત રાક્ષસ પર કોઇ યંત્ર ન ચલાવેં. અપન કાર્ય કી (સિદ્ધિ) કી ઓર કા કોઇ રાસ્તા નિકાલેં ઔર દોનોં લોકોં (ઇસ લોક તથા પરલોક) મેં અપના નામ ઉંચા કરેં.

તલવાર કી શપથ, ઘોડે કી શપથ તથા ધર્મ કો શપથ કરતા હૂં ઔર તેરી તથા ધર્મ કી શપથ કરતા હૂં કિ ઇસસે તુઝ પર કદાપિ (કોઇ) આપત્તિ નહીં આવેગી.

અફઝલખાં કે પરિણામ સે તૂ શંકિત મત હો, કયોંકિ ઉસમેં સચાઇ નહીં થી. વહ ૧૨૦૦ બડે લડાકે હબસી સવાર મેરે લિયે ઘાત મેં લગાએ હુએ થા. યદિ મેં ઉસ પર પહિલે હી હાથ ન ફેરતા તો ઇસ સમય યહ પત્ર તુઝકો કૌન લિખતા ?

(૫૨) મુઝ કો તુઝ સે ઐસે કામ કી આશા નહીં હૈ (ક્યોંકિ તુઝકો ભી સ્વયં મુઝ સે શત્રુતા નહીં હૈ.).

યદિ મેં તેરા ઉત્તર યથેષ્ટ પાઉં તો તેરે સામને રાતકો અકેલા આઉં. મેં તુઝકો વહ ગુપ્ત પત્ર દિખાઉં જો કિ મૈંને શાઇસ્તખાં કી જેબ સે નિકાલ લિયે થે.

તેરી આંખો પર મૈં સંશય કા જલ છિડકું ઔર તેરી સુખનિદ્રા કો દૂર કરૂં. તેરે સ્વપ્ન કા સચ્ચા સચ્ચા ફલ દિખાઉં ઔર ઉસ કે પશ્ચાત્ તેરા જવાબ દૂં.

યદિ વહ તેરે મન કે અનુકૂલ પડે (તો ફિર) મૈં હૂં ઔર કાટનેવાલી તલવાર તથા તેરી સેના.

કલ જિસ સમય સૂર્ય અપના મુંહ સન્ધ્યા મેં છિપા રહા હોગા, ઉસ સમય મેરા અર્ધચંદ્ર (તલવાર) મિયાન કો ફેંક દેગા (મિયાન સે નિકલ આવેગા). બસ ભલા હો. યુદ્ધ કે મૈદાન મેં ઔર આકાશ મેં:-(અર્ધ ચંદ) તલવાર કી ચમક દમકેગી.

૯-મહારાષ્ટ્ર ઇતિહાસમેં શુદ્ધિ-આન્દોલન

(લેખક—પં૰ લક્ષ્મીધરજી વાજપેયી)

કુછ લોગોં કા વિચાર હૈ કિ હિંદુઓં મેં શુદ્ધિકી ચાલ નવીન હી ચલાઈ ગઇ હૈ. વે લોગ કહતે હૈં કિ, હિંદુધર્મ મેં શુદ્ધિકા કોઇ વિધાન નહીં હૈ. હમકો યહાં પર ઇસ વિષય મેં શાસ્ત્રાર્થ નહીં કરના હૈ કિ હિંદુધર્મમેં શુદ્ધિકા કોઈ વિધાન હૈ; અથવા નહીં; ઔર યંદિ હૈ, તો કિસ પ્રકાર હૈ; પરંતુ હાં, ઇતના હમ અવશ્ય કહ સકતે હૈં કિ હિંદુઓંમેં શુદ્ધિ કી પરિપાટી બહુત દિનોંસે ચલી આતી હૈ. વાસ્તવમેં શુદ્ધિ કોઈ ધાર્મિક પ્રશ્ન નહીં હૈ-યહ એક સામાજિક પ્રશ્ન હૈ. યોં તો હિંદુધર્મમેં સામાજિક પ્રશ્ન ભી ધર્મસે જુદે નહીં હૈં. ફિર ભી સમાજ કી જૈસી જૈસી અવસ્થા બદલતી રહતી હૈ, વૈસી વૈસી ધર્મકી વ્યવસ્થા બદલતી રહતી હૈ, વૈસી વૈસી ધર્મકી વ્યવસ્થામેં ભી પરિવર્તન હોતા-હી રહતા હૈ; ઔર હિંદુધર્મ તથા સમાજકે પ્રાચીન ઇતિહાસ પર બારીકીકે સાથ દૃષ્ટિ ડાલનેસે ભી યહી જ્ઞાન હોતા હૈ કિ, જબ જબ હિંદુધર્મકે માનનેવાલોંકો વિધર્મિયોંને-ફિર ચાહે વે વિધર્મી ઇસ દેશકે મૂલ નિવાસી હો, અથવા બહાર સે આયે હુએ પ્રવાસી હો-ભ્રષ્ટ કરનેકા પ્રયત્ન કિયા હૈ, તબ તબ હિંદુધર્મકે નેતાઓંને, કિસી ન કિસી રૂપસે ઉસકા પ્રતિકાર અવશ્ય કિયા હૈ.

મુસલમાની શાસનકાલમેં હિંદુઓકો મુસલમાન બનાને કે બહુત પ્રબળ પ્રયત્ન હુઆ કરતે થે. ઉસ સમય ભી અધિકાંશ હિંદુઓં કા, આજકાલકી તરહ, ઐસા હી વિચાર થા કિ, જો હિંદુ એક વાર ભ્રષ્ટ હો ગયા, ફિર વહ અપને સમાજ કે કામકા નહીં

રહ જાતા; પરંતુ મહારાષ્ટ્રઇતિહાસ કી ખોજ કરને પર અનેક ઘટનાએં ઐસી મિલી હૈં કિ, શાસનકર્તાઓંકો શુદ્ધિકી આવશ્યકતા પ્રતીત હુઇ થી. છત્રપતિ શિવાજી મહારાજને યવનોંકા દમન કરકે મહારાષ્ટ્ર-સામ્રાજ્યકા સંગઠન કિયા ઔર હિંદુઓં કે સામ્રાજ્યકા ફિરસે સૂત્રપાત કિયા. શિવાજી મહારાજ કે રાજ્યપ્રબંધકી ખાસ બાત અષ્ટ-પ્રધાન મંડલ (કેબિનેટ કૌન્સલ) કી સ્થાપના હૈ. ઇન અષ્ટ પ્રધાનોં મેં સે એક કો “ પંડિતરાવ ” કહતે થે. છત્રપતિ શિવાજી મહારાજકે રાજ્યાભિષેક કે સમયકા, અર્થાત્ સન ૧૬૭૪ કા એક કાગજ મિલા હૈ. ઉસ મેં પંડિતરાવ કે કર્તવ્ય કા ઉલ્લેખ ઇસ પ્રકાર કિયા હૈઃ—

પંડિતરાવ કો રાજ્ય કે ધર્મવિષયક સભી કાર્યોં કી દેખ ભાલ કરની ચાહીએ. ધર્મશાસ્ત્ર કે અનુકૂલ લોગોંકા વર્તાવ હૈ યા નહીં ઇસ બાત કી જાંચ કરકે દુરાચારિયોં કો દંડ ઔર સદાચારિયોંકા સન્માન કરના ચાહિએ. શિવાજી મહારાજને ધર્મશાસ્ત્રકી તીન શાખાયેં કી થી. આચાર, વ્યવહાર ઔર પ્રાયશ્ચિત્ત. ઇન શાખાઓંકી દેખ ભાલ ઔર ઉનકા નિર્ણય પંડિતરાવ કરતે થે. યહી મહારાષ્ટ્ર-સામ્રાજ્યમેં ધર્મ કે વ્યવસ્થાપક અર્થાત્ ધર્મસચિવ થે. ધર્મભ્રષ્ટ તથા અન્ય અપરાધિયોંકો પ્રાયશ્ચિત્ત તથા દંડ દેને દિલાનેકા કાર્ય પંડિતરાવ કે હી હાથમેં થા.

છત્રપતિ શિવાજી મહારાજને હી પહલે પહલ શુદ્ધિ કી પ્રથા અપને રાજ્યમેં પ્રચલિત કી થી. ઇસકા એક ઉદાહરણ હમકો મિલા હૈ. ઘટના ઇસ પ્રકાર હૈઃ—

બજાજીરાવ નિંબાલકર નામક ફલટન (એક તાલૂકા) કે કોઇ બડે ભારી સરદાર થે. યે સરદાર મહાશય બિજાપુર મેં બાદશાહ કે દરબારમેં રહતે થે. સંયોગવશ બાદશાહ કી ઓરસે ઇનકે ઉપર કોઇ અપરાધ લગા ગયા. શર્ત યહ થી કિ યદિ સરદાર સાહબ મુસલમાન ધર્મ કી દીક્ષા લે લેવેં, તો ઉન પર સે અભિયોગ ઉઠા લિયા જાયગા; ઔર બાદશાહ કી લડકી સે ઉનકા વિવાહ ભી કર દિયા જાયગા. ઇસ શર્ત કે અનુસાર સરદાર નિંબાલકરને મુસલમાન ધર્મ કી દીક્ષા લે લી; ઔર બાદશાહ કી લડકી સે ઉનકા વિવાહ ભી કર દિયા ગયા. ઇસકે બાદ નિંબાલકર મહાશય ફલટન મેં અપની જાગીર પર ચલે આયે. કુછ વર્ષ બાદ શિવાજી મહારાજ તથા ઉનકી માતા જીજાબાઇ ને, ધર્મામાત્ય પંડિતરાવ સે વ્યવસ્થા લેકર નિંબાલકર કો ફિરસેં હિંદુધર્મ મેં લે લેને કા નિશ્ચય કિયા; ઔર ઉનકો સિંગનાપુર નામક એક તીર્થક્ષેત્ર મેં લે જા કર પ્રાયશ્ચિત્ત કરાયા. ઇસ પ્રકાર સરદાર બજાજીરાવજી નિંબાલકર મુસલમાન સે ફિર હિન્દુ બન ગયે.

છત્રપતિ શિવાજી કી જારી હુઇ શુદ્ધિકી પ્રથા મહારાષ્ટ્રસામ્રાજ્ય

કે અંતતક પ્રચલિત રહી થી. શિવાજી મહારાજકી મૃત્યુ કે પીછે મહારાષ્ટ્રમેં ચારોં ઓર ઉપદ્રવ મચે હુવે થે, અનેક લોગ કિસી પ્રલોભન મેં આકર અથવા અન્યાય સેં ધર્મચ્યુત હો રહે થે. ઇન લોગોં મેં કંઇ બ્રાહ્મણ ભી થેં ઔર બહુત સેં 'મરાઠા' જાતિ કે લોગ થે, ઇન સબ કો પ્રાયશ્ચિત્ત દેકર શુદ્ધ કર લિયા જાતા થા. શાસનકર્તા અપની પ્રજાસે અનુમોદન લેકર ઇસ કામ કો કરતે થે. છત્રપતિ શાહૂ કે શાસનકાલ મેં પૂતાજી બંડકર નામ કે એક મરાઠા જાતિકા મનુષ્ય જબરન મુસલમાન બનાયા ગયા થા. યહ મનુષ્ય એક વર્ષ તક મુસલમાન બના રહા. ઇસ કે બાદ પહલે પેશ્વા બાલાજી કી સેના જબ દિલ્હી પર ચડાઈ કરને કો ચલી, તબ ઉક્ત મુસલમાન મરાઠા ઉનકી સેના મેં ભરતી હો ગયા, ઔર છત્રપતિ શાહૂ મહારાજ સે અપની શુદ્ધિ કે લિયે પ્રાર્થના કી, ઔર ઉસકી ઇચ્છા પૂર્ણ કી ગઇ.

એક કોંકણસ્થ બ્રાહ્મણ કો હૈદરઅલ્લી ને, રાજનૈતિક કૈદી કે નાતે કારાગાર મેં રખા થા; ઔર ઉસ કે વિષયમેં આશંકા કી ગઇથી કી આત્મરક્ષા કે લિયે વહ મુસલમાન બન ગયા હૈ. અંત મેં સભી બ્રાહ્મણોં ઔર પેશ્વા સરકાર કી સંમતિ સે વહ બ્રાહ્મણ શુદ્ધ કિયા ગયા. એક બાર એક બ્રાહ્મણ ધોખે સે મુસલમાન બનાયા ગયા; ઔર દૂસરા રોગ નષ્ટ હોને કી આશા સેં ધર્મચ્યુત હુઆ; પરંતુ અન્ત મેં પશ્ચાત્તાપ હોને પર બ્રાહ્મણો ઔર અધિકારીયાં કી સંમતિ સે વે ભી શુદ્ધ કિયે ગયે. ઇન મેં સે એક ઘટના અહમદનગર જિલ્લે કે પુણતાંવે નામક ગ્રામ મેં હુઇથી; ઔર દૂસરી નિજામશાહી કે પૈઠન નામક ગ્રામ મેં. સવાઇ માધવરાવ પેશ્વા કે શાસનકાલ મેં ભી નરહરિ રાનલેકર નામક એક બ્રાહ્મણ મુસલમાન હો ગયા થા; પરંતુ અંત મેં ઉસે પશ્ચાત્તાપ હુવા; ઔર ઉસને ફિરસે હિંદુધર્મ મેં લેને કે લિયે પેશ્વા સરકાર સે પ્રાર્થના કી. ઉસકી પ્રાર્થના સ્વીકાર હુઇ. પૈઠન કે બ્રાહ્મણોંને ઉસે શુદ્ધ કર લિયા. ઉસસે બ્રાહ્મણો મેં દો દલ હો ગયે. તબ સરકારી કર્મચારિયોં ને વહાં પહુંચકર દોનો દલોંમેં મેલ જોલ કરા દિયા. ઇસકા પરિણામ યહ હુઆ કિ અન્ય સ્થાનોં કે બ્રાહ્મણોને પૈઠન કે સભી બ્રાહ્મણોં કો ભ્રષ્ટ સમઝકર ઉનકા બહિષ્કાર કર દિયા. ઇસસે પેશ્વા સરકારકો પૈઠનકે સભી બ્રાહ્મણોંકો પ્રાયશ્ચિત્ત દિલાના પડા. ઇસસે માલૂમ હોતા હૈ કિ શુદ્ધિ કે વિષય મેં ઉસ સમય ભી બ્રાહ્મણોં મેં મતભેદ હો જાયા કરતા થા; પર સરકાર ઉસ મતભેદ કો અપને પ્રભાવસે દૂર કિયા કરતી થી.

પરંતુ કભી કભી યહ મતભેદ ઇતના પ્રબલ હો જાતા થા કિ, પેશ્વા ભી કુછ નહીં કર સકતે થે. બાજીરાવ પેશ્વા (પ્રથમ) ભી

બ્રાહ્મણોંકે મતભેદકે કારણ હી અપની એક શુદ્ધિવિષયક ઇચ્છા નહિ પૂર્ણ કર સકેગે. પેશ્વાકે ઇતિહાસમેં લિખા હૈ કિ, મસ્તાની નામક મુસલમાન ઔરતસેં બાજીરાવ કે જો પુત્ર હુઆ થા, ઉસકા યજ્ઞોપવીતસંસ્કાર કરાનેકી ઉનકો બડી ઇચ્છા થી; પરંતુ બ્રાહ્મણો કે અસહમત હો જાનેસે બાજીરાવ સાહબ વૈસા નહીં કર સકે. બાજીરાવ કે એક ચરિત્રમેં બાજીરાવ ઔર મસ્તાનીકે વિવાહ કે વિષયમેં એક બડી વિચિત્ર બાત લિખી હૈ. ઉસમેં લિખા હૈ કિ મસ્તાની હૈદરાબાદકે નવાબ નિજામ કી લડકી થી. ઉસકી માતાકી યહ ઇચ્છા થી કિ યદિ મસ્તાનીકા બાજીરાવ કે સાથ વિવાહ હો જાય; તો નિઝામ ઔર પેશ્વા મેં એકતા બની રહેગી. ઉસને નિઝામ સે અપની યહ ઇચ્છા પ્રકટ કી. નિઝામનેં અપની બેગમકી ઇચ્છા કી પૂર્તિ કી; ઔર વિવાહ કિયા ગયા; પર બાજીરાવ કે સાથ નહીં; કિન્તુ ઉનકી કટારકે સાથ! બાજીરાવ સાહબ મસ્તાની કો પૂના લે આયે; ઔર વહાં શનિવાર બાડે કે પ્રાંગણમેં ઉસકે લિયે એક સુંદર મહલ બનવાકર ઉસે અપની પત્નીકી તરહ રખા. બાજીરાવ પેશ્વા ઉચ્ચકુલ કે મહારાષ્ટ્ર બ્રાહ્મણ થે; ઔર ઉનોને વિશુદ્ધ કુલકી યવન કુમારિકાકે સાથ લગ્ન કિયા થા. ઐસી દશામેં યદિ વે અપને યવનીગર્ભસમ્ભૂત પુત્રકા યજ્ઞોપવીત સંસ્કાર કરના ચાહતે થે, તો કોઇ અનુચિત બાત ન થી.

પેશ્વાઓં કે શાસનકાલમેં દક્ષિણ ભારતકે કઇ પ્રાંતોમેં ફ્રેંચોંકા રાજ્ય થા. ઉન્હીં પ્રાંતોમેં 'બસઇ' નામક એક પ્રાંત ભી થા. ઇસ પ્રાંતમેં રાજસત્તાકે બલ પર હિંદુલોગ ઇસાઇ બનાયે જાતે થે. સરકારકી તરફ સે કુછ ઐસી આજ્ઞાએં નિકાલી ગઇ થી કિ, જીનસે ફ્રેંચ સરકારકા યહ અભિપ્રાય સ્પષ્ટ માલૂમ હો જાતા હૈ કિ, ઉસ સમય ફ્રેંચરાજસત્તાકે બલ પર હિન્દુઓંકો ઇસાઈ બનાનેપર તુલી હુઇ થી. ફ્રેંચસરકારકી કુછ આજ્ઞાએં ઇસ પ્રકાર થીઃ—

(૧) મૂર્તિપૂજા કી પરિપાટી નષ્ટ કર દી જાય; (૨) હિન્દુઓંકી ધર્મવિધિયાં બંધ કર દી જાય; (૩) જો લોગ ઇસાઈ બન જાવેં, ઉનકો રાજ્યમેં સુવિધાએં દી જાવેં; ઔર ઉનકે સાથ પ્રેમ તથા પ્યારકા વર્તાવ કિયા જાય; (૪) ઇસાઇ ધર્મકી સ્કૂલ સ્થાપિત કિયે જાય ઔર ઉનમેં બાયબલ કી શિક્ષા દેકર હિંદૂ લડકોંકો ક્રિશ્ચિયન બનાનેકા પ્રયત્ન કિયા જાય.

યે આજ્ઞાએં તો ફ્રેંચ રાજ્યકી તરફ સે જારી હુઇ થી; પરંતુ ઇન્હી આજ્ઞાઓ કે આધાર પર પાદરીલોગ નાના પ્રકારકે અત્યાચાર કરકે લોગોંકો હિન્દુધર્મસે વિરત કરતે થે. મરાઠીમેં "ઇતિહાસસંગ્રહ" નામકી એક સામયિક પત્રિકા નિકલતી હૈ. ઉસમેં પેશ્વાઓંકે શાસનકાલકે, સન ૧૮૧૨ ઔર સન ૧૮૧૫ કે દો ઐતિહાસિક પત્ર પ્રકાશિત હુએ હૈ. યે પત્ર પેશ્વાઓંકે "પંત પ્રધાન" કો લિખે

ગયે હૈં; ઔર ઉનમેં શુદ્ધિકે લિયે પ્રાર્થના કી ગઇ હૈ. પત્રોંકે પઢનેસે યહ ભી વિદિત હો જાતા હૈ કિ ઉસ સમય ઇસાઇલોગ કિન કિન ઉપાયોસે હિન્દુઓંકો ધર્મભ્રષ્ટ કિયા કરતે થે.

સન ૧૮૧૨ મેં મોંગલે નામક કિસી વંશ કે લોગોને પન્તપ્રધાન કી સેવા મેં ઇસ પ્રકાર પ્રાર્થનાપત્ર ભેજા થા:–

“ફિરંગિયોંકે શાસનકાલસે યહાં કે પાદરીલોગ અનેક હિન્દુઓં કો અપને યહાં બુલાકર ક્રિશ્ચિયન બનાતે રહે હૈં. કુછ લોગોં કો ગિર્જામેં લે જા કર જબરજસ્તી ઉનકે શરીર પર અપના જૂઠા પાણી ડાલ દિયા; ઔર ઉનકો ભ્રષ્ટ કિયા. કુછ દિન બાદ યહ પ્રાંત પેશ્વાઓં કે અધિકારમેં આ ગયા, તબ કુછ લોગોંને સરકાર કી સેવામેં (શુદ્ધિકે લિયે) પ્રાર્થના કી; ઔર ઉનકો હિન્દુધર્મ મેં ફિર સે આજાને કે લિયે સ્વતંત્રતા મિલ ગઇ; પરંતુ હમ લોગ અભી તક વૈસે હી બને હુએ હૈં. અભી તક પાદરીલોગ સિર્ફ હમારે વિવાહભર કરાયા કરતે થે; પરંતુ અબ વે હમસે સભી હિન્દુ આચારોં કો છોડ દેનેકે લિયે કહ રહે હૈં. વિવાહકે સમય ભી પાદરીલોગ હમકો બહુત તંગ કરતે હૈં; હમસે બહુત સા દ્રવ્ય માગતે હૈં. ઉસ લિયે શ્રીમાન કૃપા કરકે, અન્ય લોગોંકી તરહ, હમકો ભી ફિરસે હિન્દુધર્મમેં પ્રવેશ કરનેકી આજ્ઞા પ્રદાન કરેં.”

ઇસ પ્રાર્થનાપત્ર પર વિચાર હુઆ; ઔર નિમ્નલિખિત આજ્ઞા લિખી ગઇ.

“અન્ય લોગોં કો જિસ પ્રકાર હિન્દુધર્મમેં પ્રવેશ કરનેકી આજ્ઞા દી ગઇ હૈ, ઉસી પ્રકાર તુમકો ભી, પ્રાયશ્ચિત્ત લેને કે બાદ, હિન્દુધર્મમેં પ્રવિષ્ટ હોને કી આજ્ઞા દી જાતી હૈ.”

સન ૧૮૧૫ મેં “ગાવડ” નામ કે વંશજોને જો પ્રાર્થનાપત્ર દિયા, ઉસકા અનુવાદ ઇસ પ્રકાર હૈ:—

“પહલે જબ યહાં ફિરંગી રાજ્ય થા, તબ પ્રાંત કી બહુત સી પ્રજાકા ઇસાઇયોંને ભ્રષ્ટ કિયા. ફિર સ્વરાજ હુઆ. ઉસ સમય ફિરંગી લોગ જબ યહાંસે જાને લગે, લોગોં પર પાની છિડકકર ઉસકો ભ્રષ્ટ કરતે હુએ યહાંસે ચલે ગયે. સ્વરાજ્ય હો જાને પર ધર્મભ્રષ્ટોંમેંસે અનેક લોગોંને સરકાર કે યહાં પ્રાર્થનાપત્ર દેકર અપની અપની શુદ્ધિ કરા લી; પરંતુ હમારે બુજુર્ગ લોગ વૈસે હી બને રહે. ક્રિશ્ચિયન હો જાને પર ભી હમારે આચારવ્યવહાર સબ હિંદુઓ કે સે હી હૈ. સિર્ફ વિવાહભર પાદરિયોં કે મંદિર (ગિર્જા) મેં હોતા હૈ. હમારે ઘર થોડે હૈ. હિન્દુલોગ હમસે વિવાહવ્યવહાર કરનેકો તૈયાર હૈ; પરંતુ પાદરીલોગ કરને નહીં દેતે. લડકે ઔર લડકિયાં બડી હો ગઈ હૈ, વ્યાહ હોને નહીં પાતે. હમારી કોઇ ગતિ નહીં. ઇસ લિયે શ્રીમાન કૃપા કરકે હમકો હિન્દુધર્મમેં મિલાનેકે લિયે આજ્ઞા દે.”

ઇસ પ્રાર્થનાપત્ર પર ભી યહી આજ્ઞા ચઢાઇ ગઇ હૈ કિ, “જિસ પ્રકાર અન્ય લોગોંકો હિન્દુધર્મ મેં પ્રવિષ્ટ હોને કી સ્વતંત્રતા દી ગઇ હૈ, ઉસી પ્રકાર તુમ્હારી જાતિ ભી પ્રાયશ્ચિત્ત કરકે સ્વધર્મ મેં પ્રવેશ કર સકતી હૈ.”

ઇન દોનોં પત્રોંસે ઉસ કાલ કે ઇતિહાસ પર બહુત અચ્છા પ્રકાશ પડતા હૈ; ઔર યહ ભી વિદિત હો જાતા હૈ કિ મહારાષ્ટ્ર રાજ્યમેં શુદ્ધિ કી પ્રથા બડે વેગસે પ્રચલિત થી. જીતની શુદ્ધિયાં હોતી થી ઔર ધર્મચ્યુત લોગોં કો વિધિપૂર્વક પ્રાયશ્ચિત્ત દે કર ઉનકી જાતિ મેં મિલાયા જાતા થા ઇન શુદ્ધ હો જાનેવાલે લોગોંકો એક એક શુદ્ધિપત્ર ભી દિયા જાતા થા. ઈસ પ્રકાર શુદ્ધિયોં કે ઉદાહરણ મરાઠોં કે ઇતિહાસ મેં ખોજ કરને પર ઔર ભી મિલ સકતેં હૈં.

પેશ્વાઓં કે શાસનકાલ મેં જો શુદ્ધિયાં હુઇ હૈ, ઉનકે વૃત્તાંતસે ઐસા માલૂમ હોતા હૈ કિ જો લોગ ક્રિશ્ચિયન હો જાતે થે, ઉનકો બ્રાહ્મણલોગ સિદ્ધ નદી અથવા સમુદ્ર કે પાનીમેં સ્નાન કરાકર ફિરસે હિન્દુ બના લિયા કરતે થે. ગોકુલાષ્ટમી કી પવિત્ર તિથિ પર યહ વિધિ પ્રાયઃ હુઆ કરતી થી. કભી કભી ઇસાઈ લોગ સ્નાન કે સ્થાન પર ‘ક્રાસ’ લે જા કર ગાડ દિયા કરતે થે, જીસસે વહાં શુદ્ધિ કે લિયે લોગ ન જાવેં! ઐસી દશામેં દૂસરી જગહ જાકર સ્નાનવિધિ કર લી જાતી થી. ઇસાઈ અધિકારીલોગ ચાહે જિતની કઠિનાઇયાં ઉપસ્થિત કરતે; પરંતુ બ્રાહ્મણલોગ ધર્મચ્યુત લોગોં કો નદી અથવા તાલાવ કે કિનારે લે જા કર અવશ્ય હી ઉનકો સ્નાન કરાતે; ઔર વેદમંત્રોં કો પઢકર ઉનકો શુદ્ધ તથા ‘નિર્મલ’ કર લિયા કરતે થે.

૧૦–શિવાજી ઔર અફઝલખાં

(લેખકઃ—પંડિત હરિદત્તજી વિદ્યાલંકાર)

જબ બિજાપુર કે દરબાર મેં, શિવાજી કો પરાજિત કરને કા ભાર ઉઠાને કે લિયે કોઇ ભી સેનાપતિ તૈયાર ન હુઆ તો અફઝલખાં ખમ ઠોક કર આગે નિકલા ઔર બડી ગર્બીલી સ્વરમેં બોલા કિ “મૈં ઘોડે સે નીચે પૈર રખકે બિનાહી, શિવાજીકો કૈદ કરકે લા ખડા કરુંગા.”

× × ×

એક તો શિવાજીકે લડાઇકે હથકંડે ઐસે નિરાલે થે કિ વહ મુઠ્ઠીભર સાથિયોં કે સાથ ભી બડી બડી સેનાઓં કે છક્કે છુડા દેતા થા–કિંતુ ઇસ સમય, ઉસને જો બડેબડે વિજય પ્રાપ્ત કર લિયે થે, ઉનકે કારણ ઉસકા સૈન્યબલ ભી બહુત અધિક બઢ ગયા થા... ......અપની વીરતા કે આવેશમેં અફઝલખાંને અપને ઉપર ઐસી

ભારી ઉત્તરદાયિતા તો લે લી, કિંતુ જબ તનિક ધ્યાન સે ઉસને ઇસ ઉત્તરદાયિતા પર વિચાર કિયા તો ઉસકા હૃદય કાંપ ઉઠા.

× × ×

સામને કી લડાઇ ઢાનની ઉચિત ન સમઝકર અફઝલખાંને અપને દૂત કૃષ્ણાજી ભાસ્કર દ્વારા શિવાજી કે પાસ યહ સંદેશ પહુંચાયા કિ આપકે પિતા (શહાજી) મેરે પરમ મિત્ર રહે હૈં ઔર અતએવ આપ ભી મેરે લિયે સર્વથા અપરિચિત નહીં હૈં. આપ આઇયે, મુઝ સે મુલાકાત કીજીએ, મૈં બિજાપુર સરકાર સે સિફારિશ કરકે જો જો ઇલાકે આપકે પાસ હૈં ઉન પર આપકે હી અધિકારકા થપ્પા લગવા દુંગા. યદિ આપ મુઝસે મુલાકાત કરેં તો આપકા મૈં સ્વાગત કરૂંગા.

ઔરંગઝેબ સે તો શિવાજી કી પહિલે હી હમ લગ રહી થી–વહ નહીં ચાહતા થા કિ વહ બિજાપુર સે ભી બિગાડ કર એક ઔર કાંટા અપને માર્ગ મેં ખડા કર લે–અતઃ અફઝલ કે પ્રસ્તાવ સે સહમતિ પ્રકાશિત કરકે, શિવાજી ને અફઝલ કે દૂત કૃષ્ણાજી ભાસ્કર કે સાથ, અપને દૂત ગોપીનાથ પંત કો રવાના કર દિયા કિ વહ મુલાકાત કે વિષય મેં સબ નિર્ણય કર આવે.

× × ×

પ્રતાપગઢ કે પહાડી કિલ્લે સે કુછ નીચે કી ઓર એક પહાડી કી ચોટી પર મુલાકાત કે લિયે પ્રબન્ધ કરના નિશ્ચિત હુઆ. નિયત સમય પર જબ અફઝલખાં મુલાકાત કે લિયે આ પહુંચા તો શિવાજી કે લિયે ઉપર કિલ્લે મેં દૂત દૌડાયે ગયે. શિવાજી શનૈઃ શનૈઃ આગે બઢા કિન્તુ જબ શિવાજી ને દેખા કિ અફઝલખાં કે એક ઔર ચતુર તલવારબાજ સૈયદખાં ભી ખડા હૈ, તો શિવાજી ને આદમી ભેજકર ઉસે હટવા દિયા. આખિર શિવાજી ને મંડપ મેં પ્રવેશ કિયા. ચાર વ્યક્તિ પ્રત્યેક કોને પર ખડી થી! શેષ સાથ કે નૌકરચાકર ઔર રક્ષક આદિ નીચે કો, કુછ અન્તર પર બૈઠે થે!

× × ×

શિવાજી થડે પર ચઢ કર અફઝલખાં કે સામને કુછ ઝુકા. ખાન અપને સ્થાન સે ઉઠકર કુછ કદમ આગે બઢા ઔર શિવાજી સે આલિંગન કરને કે શૌક સે અપની લંબી લંબી ભુજાયેં ફૈલા દી. નાટે કદ કા શિવાજી, કઠિનતા સે લમ્બકાય અફઝલ કે કન્ધે તક પહુંચ પાયા. અફઝલ ને યકાયક અપની પકડ કો સુદૃઢ કરકે શિવાજી કી ગરદન કો અપને બાંએ હાથ સે ઇસ જોર સે દબા દિયા, જાનો લોહે કે શિકંજે મેં જકડી ગઇ હો. ઔર અપને દાએ હાથ સે એક લમ્બા છુરા નિકાલ કર ઉસસે શિવાજી કે એક પાર્શ્વ પર પ્રહાર કિયા. શિવાજીને લૌહકવચ ધારણ કિયા હુઆ થા

ઇસસે શિવાજી કી રક્ષા હુઇ. શિવાજી કા ગલા ઇસ જોરસે દબા હુઆ થા કિ વહ ચિલ્લા સે પડે; કિન્તુ અપને કો સાવધાન કર કે અપના બાયાં હાથ અફ્ઝલ કે કમર કી ઔર સે લાકર હાથ મેં પહિને હુએ લોહે કે પંજે સે એક ઐસા વાર કિયા કિ આતેં બાહિર નિકલ પડી–ઔર અપને દાયે હાથ મેં પહિને હુએ વિચ્છુઓં કો અફ્ઝલ કે એક પાર્શ્વ મેં ભોંક દિયા.

આહત હોકર અફ્ઝલ કો અપની પકડ ઢીલી કરની પડી. શિવાજી ચટ સે અપને આપકો છુડા કર, થડે સે ઉતર કર અપને સાથિયોં કી ઔર ભાગે.

ઇસ સારી ઘટના કે હોનેમેં કુછ હી ક્ષણ લગે, અફ્ઝલખાં ચિલ્લા પડા, ધોખા! દગા! માર દિયા! સહાયતા! સહાયતા!

× × ×

તત્ક્ષણ દોનોં ઔર કે રક્ષક વહાં આ ધસ કે, સૈયદખાં ને લપકકર શિવાજી કે શિર પર ઇસ જોર કા વાર કિયા કિ પગડી કે દો ટુક હો ગયે, શિવાજી કે શિર કી ભી યહી ગતિ હોતી યદિ લોહી કી ટોપી ને વાર કો અપને ઉપર ન લિયા હોતા. અફ્ઝલ કે સાથી ઉસે પાલકી મેં બિહાલ એક ઓર કો ભાગે, કિન્તુ શમ્ભુજી કાવજી ને પાલકીવાલોં કી ટાંગો પર વાર કરકે ઉન્હેં નિકમ્મા બના દિયા– **ઔર તલવાર કા એક ઐસા પ્રહાર કિયા કિ અફ્ઝલ કા સિર ધડ સે પૃથક્ હો ગયા.**

× + ×

અફ્ઝલ ને શિવાજી દ્વારા આહત હોકર ‘ધોખા’ ‘ધોખા’ કી ચિલ્લાહટ કી. અભીતક ઇસ ચિલ્લાહટ કી પ્રતિધ્વનિ કઇ સ્થાનોં સે સુનને મેં આતી હૈ, ઔર તો ઔર વિજ્ઞ ઐતિહાસિક ભી કહ ઉઠતે હૈં કિ શિવાજી ને ‘ધોખા’ કિયા ‘દગા’ કિયા–‘છલ’ કિયા.

× × ×

મુલાકાતકે લિયે આયે હુએ અફ્ઝલખાં પર વાર કિયા તો ક્યા સચમુચ શિવાજી ને છલ કિયા?

ખોજી ઐતિહાસિક ઇસ બાત પર સહમત હૈં કિ પહિલે અફ્ઝલખાં ને આક્રમણ કિયા:—

જબ અફ્ઝલખાં કા દૂત કૃષ્ણાજી ભાસ્કર શિવાજી કે પાસ મુલાકાત કરને કા સંદેશ લેકર આયા તો શિવાજી ને જબ, ઉસે ઉસકે હિન્દુ હોને કી બાત કહકર, હિન્દુઓં કી સહાયતા કરને કે લિયે આવેદન કિયા તો:—

“કૃષ્ણાજી ભાસ્કરને ઇતના તો સંકેત કર દિયા કિ મુલાકાત કે પ્રસ્તાવ કે નીચે અફ્ઝલ કી ક્રૂર નીતિ ભી કામ કર રહી પ્રતીત હોતી હૈ.”

મુલ્લાકાત કે સ્થાનાદિ કા નિર્ણય કરને કે લિયે શિવાજીને કૃષ્ણાજી ભાસ્કર કે સાથ અપને દૂત ગોપીનાથ પંત કો ભેજા થા—

“કિન્તુ ગોપીનાથ ને ધુંસકા બાજાર ગરમ કર કે ઇતના તો પતા લગા લિયા થા કિ, અફ્ઝલખાં કે અધિકારીયોં કો ઇસ બાત કી દૃઢ ધારણા થી કિ, ઇસ પ્રકાર કી પ્રબંધ-રચના હુઈ હૈ કિ મુલ્લાકાત કે સમય હી શિવાજી કો કૈદ કર લિયા જાય, ક્યોં કિ વહ ઇતના ચતુર હૈં કિ ખુલી લડાઇ મેં ઉસકા વશ મેં લાના સંભવ નહીં.”

× × ×

ઇન સાક્ષિયોં કે રહતે હુએ યદિ અબ ભી કોઈ યહ કહને કા સાહસ કર સકતા હૈ કિ, શિવાજી ને છલ કિયા તો હમ યહી કહેંગે કિ યદિ અપને શત્રુ કી કૂટનીતિ કો પહિલે સે હી જાનકર સતર્ક હો જાના છલ હૈ, યદિ જાલ મેં પૈર રખ કર ભી, જાલ મેં ન ફંસને કા ઉપાય કર લેના ‘ધોખા’ હૈ, યદિ શત્રુ કે ખોદે હુએ ગઢો કો અપની ચાતુરી સે ઢુંઢ નિકાલકર ઉન સે સાવધાન હોજાના ‘દગા’ હૈ, યદિ અપની રક્ષા કા આયોજન કર લેના બચના હૈ, પ્રતારણા હૈ, તો યહ સંસાર ‘ધોખા’ હૈ-યહ બડે બડે શાસ્ત્ર ‘ધોખા’ હૈ-યહ ધર્મ કેવલ ધોખે કા એક આડંબર હૈ.

× × ×

યહ ધોખા નહીં, ધર્મ હૈ, અપની રક્ષા ધર્મ હૈ, અપને શત્રુસે સતર્ક રહના ધર્મ હૈ, અપને શત્રુ કે વાર કરને સે પૂર્વ હી અપને વશ મેં કરે લેના ધર્મ હૈ-એક વાર નહીં, સૌ વાર ધર્મ હૈ.

શુક્ર ઔર કામંદક નીતિશાસ્ત્ર હી ઇસ બાતકી અનુજ્ઞા નહીં દેતે; અપિતુ સબ ધર્મોં કા નિચોડ મહાભાર, ઔર ધર્મશાસ્ત્રોં મેં અગ્રગણ્ય મનુસ્મૃતિ ભી મુક્તકંઠ સે કહતી હૈ.

“आततायिनमायान्तं हन्यादेवाविचारयन् ।”

આતે હુએ ઘાતક કો બિના બિચારે, માર દેના ચાહિયે.

કાશ ! કિ યહ શત્રુ કુચક્રોં કો ભાંપ લેનેવાલી, શિવાજી કી સી તીવ્ર દૃષ્ટિ રજપૂતોં કો ભી મિલી હોતી ! આહ ! યદિ ઇસ શત્રુદલ-પ્રતારિણી નીતિ ને રજપુતોં કા ભી સાથ દિયા હોતા-તો આજ વહ અસીમ બાહુબલ સબ કા સબ વ્યર્થ હી ન ચલા ગયા હોતા, યદિ શત્રુ કે છલને વાલી શિવાજી કી ઇસ ચાતુરીને પૃથ્વીરાજ સરીખેં નૃપતિ વર કા સાથ દિયા હોતા તો, મુહમ્મદ ગૌરી કા પરાજિત હોકર ભી રાત કો ધોકે સે પુનરાક્રમણ કરના સફલ ન હોતા-આજ રાય પિથૌરા કે ઉસ દુર્દમનીય બલને ભારત કે નકશે કો પલટ દિયા હોતા—તપસ્વિયોં કે સિરતાજ સમરસિંહ કા તપોમય જીવન વિફલ ન હુઆ હોતા-ઔરંગઝેબ કા કુચક્ર, સેનાપતિ યશવંતસિંહ કો

કાબૂલ કી લડાઇ મેં હી સમાપ્ત ન કર સકતા–ઔર યશવંતસિંહ કા પુત્ર, ઔરંગઝેબ કે ઉસ વિષાક્ત 'માનવાસ્ત્ર' કો પાકર કાલકા ગ્રાસ ન બના હોતા.'

"व्रजन्ति ते मूढधियः पराभवं । भवन्ति मायाविषु ये न मायिन"

૧૧–શિવાજી કી અપૂર્વતા

(ડૉ. બાલકૃષ્ણજી એમ. એ. પ્રિન્સિપાલ, રાજારામ કૉલેજ, કોલ્હાપુર)

અદ્દભુત વીરતા

મહારાષ્ટ્રમેં અસંખ્ય પહાડિયાં હૈ–પર સાથ હી ઉન કે નીચે મૈદાન હૈ જીન મેં બસ્તિયાં બસી હુઇ હૈ ઔર ખેતીવાડી હોતી હૈ. કિસી એક ઉંચી પહાડી પર દુર્ગ હોને સે નીચે કા સંપુર્ણ દેશ દુર્ગાધિપતિ કે અધીન રહ સકતા હૈ. શિવાજી ને એક એક કરકે વીરતા, છલ, નીતિ કે દ્વારા દક્ષિણ કે દુર્ગ અપને વશ મેં કર લિયે ઔર ઇસ પ્રકાર મુસલમાની રાજ્ય કો ક્રમશઃ નિકાલ દિયા. ઉસ કી અપૂર્વ વીરતા, ઉત્સાહ, બુદ્ધિમત્તા કે કારણ મુસલમાન રાજા ઇન દુર્ગોં કો વાપિસ ન લે સકે. સાથ હી શિવાજી ને આવશ્યકતા કે અનુસાર નયે દુર્ગ બનાયે. નિજામશાહી ઔર આદિલશાહી રાજ્યોં સે ૭૫ દુર્ગ શિવાજીને ફતહ કર લિયે. કર્નાટક મેં ૬૨ દુર્ગ, દોનો ઘાટોં પર કોઇ ૫૫ દુર્ગ શિવાજી કે કાબૂ મેં થે. ઘાટોં કે નીચે કોઇ ૪૬ દુર્ગ ઔર કોંકન મેં કોઇ ૮૦ દુર્ગ થે, અર્થાત્ ૩૨૦ દુર્ગોં મેં અપની મરાઠી સેના રખતે હુએ મહારાષ્ટ્ર, કર્નાટક, કોકન આદિ કે પ્રાંતો કો મુસલમાની રાજ્ય સે મહારાજને છુડા લિયા. યહ કાર્ય કેવલ શિવાજી કી વિચિત્ર બુદ્ધિ ઔર વિશાલ દૂરદર્શિતા કા થા. જબ જબ હમ પન્હાલા, બૌડા, વિશાલગઢ, રાજગઢ આદિ કે પર્વતી દુર્ગોં મેં ઘૂમતે હૈં તો મહારાજ કી અપૂર્વ વીરતા તથા સંઘટનશક્તિ હૃદય પર અંકિત હો જાતી હૈ. હર એક પહાડી દુર્ગ કો મુસલમાનો સે જીતને મેં જો વીરતા મહારાજને દિખાઇ ઉસ કા અપના ઇતિહાસ હૈ. યહી કારણ હૈ કિ હર એક પહાડી શિવાજી કે અપૂર્વ કામ સેં અમર હો રહે હૈ.

શિવાજી કી અપૂર્વતા કા એક અન્ય ઉદાહરણ લીજીએ. મહારાષ્ટ્ર મેં ખેતી કા સમય જૂન સે અકતૂબર તક હૈ. ઇસ મેં હી ફસલ કા બોના ઔર કાટના હો જાતા હૈ. દસહરે કે પશ્ચાત્ વૈશાખ તક કાસ્તકારોં કો કોઇ કામ નહીં. વે અબ નિકમ્મે રહતે હૈ. શિવાજીને ઉન્હે સિપાઇ બના કર કાર્તિક સે વૈશાખ તક મુસલમાની દેશ કો જીતને ઔર લૂંટ માર કરને મેં લગા દિયા–ઇસ સે હર એક કૃષક કો કામ મિલ ગયા, જહાં રય્યત માલામાલ હો જાતી થી, વહાં રાજ્ય કા વિસ્તાર ભી હોતા થા.

શિવાજી ને કેવલ મરાઠોં કો હી સિપાહી નહીં બનાયા; પરંચ નીચલી જાતિયોં કો સેવા મેં લેકર ઉન્હેં અપના પૂર્ણ સેવક બના લિયા. ઇસ પ્રકાર જાત પાત કે ઝગડો કો ભી મિટાને કે યત્ન કિયા.

વૈદિક ધર્મકી સ્થાપના

રાજા કી પ્રાપ્તિ મેં હી અદ્ભુત બુદ્ધિ કા પ્રકાશ નહીં કિયા, બલ્કિ રાજ્ય કે સંગઠન ઔર સંચાલન મેં મહારાજ ને યહ બાત પૂર્ણતયા પ્રકટ કી, કિ ઉનકા રાજ્ય હિંદુરાજ્ય હૈ ઔર વહ પ્રાચીન શૈલી કે અનુસાર ચલેગા. ગૌબ્રાહ્મણ કી પૂર્ણ પૂજા ઔર રક્ષા હોતી થી. ગોવધ સારે રાજ્ય મેં બન્દ થા. તીર્થોં ઔર મંદિરોં કો ભૂમિદાન દી ગઇ. વિદ્વાનોં કા સમ્માન કિયા ગયા. સિંહાસન પર આરૂઢ હોતે સમય વૈદિક રીતિ સે રાજતિલક કિયા ગયા. પ્રાચીન અષ્ટપ્રધાન કી રીતિ પુનઃ ચલાઇ ગઇ. મનુસ્મૃતિ મૈં વર્ણિત કર યા ટૈકસે લગાયે ગયે. સેવા કો આજ્ઞા દી ગઇ કિ કૃષકો, ગૌઓં, બ્રાહ્મણોં, બાલકોં મેં વૈદિક વિદ્યા ઔર યજ્ઞોં કા પુનઃ પ્રચાર કિયા જાય. અસંખ્ય ગૌએં રાજ કે જંગલોં મેં પાલી જાને લગી; ઔર વનિતાઓં કો કદાપિ કષ્ટ ન દિયા જાવે. શિવાજી ને સ્વયં કઈ બાર પકડી હુઇ મુસલમાની સ્ત્રિયોં કે સાથ ભાઇયોં કા સા વર્તાવ કર કે સન્માન કે સાથ ઉન્હેં ઉનકે સંબંધિયોં કે પાસ વાપિસ ભેજા. યહાં તક કિ અપને શત્રુ ઔરંગઝેબ કી પુત્રી કો પન્હાલા દુર્ગ મેં કૈદ રખતે હુએ ભી ઉસે પુત્રી સમાન માના ઔર ઉસ કે સાથ બુરા વ્યવહાર નહીં કિયા.

૧૨-મુસલમાન ઐતિહાસિક ઔર શિવાજી

૧૮૯૫ મેં પૂના કે જગદ્ધિતેચ્છુ સમાચારપત્ર મેં એક લેખકને શિવાજી કા મુસલમાનોં સેં કૈસા વ્યવહાર થા-ઇસ વિષય પર વિચાર કરતે હુએ મુસલમાન ઐતિહાસિક ખાફીખાન કા નિમ્નલિખિત ઉદ્ધરણ લિખા થા.

“શિવાજીને મસ્જિદ મેં ઉપદ્રવ નહીં કિયા. કુરાને શરીફ કી જો પ્રતિ ઉનકે હાથ લગી ઉસે અપની સેના કે મુસલમાન સરદાર કે હાથ મેં સૌંપ દિયા.” (ઇલિયટ પુ૦ ૭-પૃ૦ ૨૬૦)

ઇતના હી નહીં, યહી મુસલમાન ઐતિહાસિક સ્થાન સ્થાન પર શિવાજી કો ઘૃણિત અપશબ્દોં સે યાદ કરતા હૈ; પરંતુ લાચાર હોકર ઉસે ભી શિવાજી મહારાજ કે ગુણોં કા સ્વીકાર કરના પડા હૈ! વહ લિખતા હૈ:—

“અપને રાજ્ય મેં લોગોંકી માનરક્ષા તથા અધિકારરક્ષા કે લિયે શિવાજી નિરંતર ઉદ્યોગ કરતા રહા. દેશ મેં વિદ્રોહ ઔર લૂંટમાર કા દૌર દૌરા થા, લોગ ભયભીત ઔર ત્રસ્ત થે; પરંતુ યહ સબકુછ હોને પર ભી ઉસને અપની આંખોં કે સામને યા-અપને

અધિકાર મેં નીચ કામ નહીં હોને દિયે. ઉસને કભી ભી મુસલમાન સ્ત્રિયોં કે સતીત્વ કો નષ્ટ નહીં હોને દિયા. ઇસ વિષય મેં વહ બહુત સખ્ત થા. ઇસ પ્રચાર કે અપરાધી કો દંડ દિયે બિના વહ ચૈન નહીં લેતા થા.”

૧૩–શિવાજી

(લેખકઃ–પં૦ ભગવાનદાસજી એમ. એ. બનારસ)

સબ સભ્ય દેશોં કે લિયે અપની “પરંપરા” (ટ્રેડિશન્સ) એક બડી ભારી રાષ્ટ્રીય સંપત્તિ હૈ. કષ્ટ કે સમય નૈરાશ્ય કી અવસ્થા મેં, પરંપરા કી હી યાદ નરનારિયોં કો નયા ઉત્સાહ દિલાતી હૈ, કર્મ કી ઓર પ્રવૃત્ત કરકે બડા બડા કામ કરાતી હૈ. ભારત દેશ પરંપરા સે રહિત નહીં હૈ. હર સમય ઉસકે વીર પુરુષોને ઉસકે મસ્તક કો ઉંચા રખા હૈ જીન કી યાદ કરના હમારા પરમધર્મ હૈ. હાલ કે પૂર્વ પુરુષોં મેં શિવાજી એક મહાપુરુષ હો ગયે હૈ. ઉનકા આજ હમ સબ આદર કરતે હૈ. ઉનકે જો વિરોધી થે, ઉનકો જો છોટા સા લૂંટેરા સિદ્ધ કરના ચાહતે થે, વે ભી આજ ઉનકે દેશપ્રેમ, ઉનકે સાહસ, ઉનકે ઉત્સાહ કો માનકર ઉનકા સંમાન કરતે હૈં. હમ સબ ભારતબાસિયોં કે લિયે ચાહે વે કિસી હી પ્રાંત યા કિસી હી મઝહબ મેં હોં–વે પૂજ્ય ઔર આરાધ્ય હૈ.

ઇસ પર યહ પ્રશ્ન ઉઠતા હૈ કિ ઉત્તર ખંડ કે વાસી શિવાજી કી ઉપાસના ક્યોં કરેંગે? ઉનકે લિયે તો વે શત્રુ હૈ; ક્યોકિ ઉન કે પૂર્વજોં કો તો ઉન્હોને કષ્ટ દિયા થા, ઉન પર તો વે જબરદસ્તી સે રાજ્ય કરના ચાહતે થે. મુસલમાન ઉન્હે ક્યોં બડા માને? વે સાક્ષાત્ હી ઇનકે વિરુદ્ધ ઉઠે થે. ઇન કો અપને દેશં સે હટાના ચાહતે થે, ઇન કે લિયે અપને સ્વરાજ્ય મેં ઉન્હોંને કોઇ સ્થાન નહીં દિયા થા. ઠીક હૈ. યહ સબ બાત માનને કી હૈ, ઔર ઇન હી કે કારણ અધિક જોર સે કહને કા સ્થાન હૈ કિ જીન ભૂખંડોં ને ઔર જીન મઝહબબાલોં ને ઉન સે કષ્ટ પાયા ઉનકે તો વે અધિક પૂજનીય હૈ, ક્યોં?

ઉપર કહા હૈ કિ “પરંપરા” દેશ કી સંપત્તિ હૈ. વીર પુરુષોં કી કારવાઇયાં દેશ કા ખજાના હૈ. જબ હમ કિસી પૂર્વજ કા સ્મરણ કરતે હૈ તો ઉનકે માનસ ભાવોં કા સ્મરણ કરતે હૈં. ઉનકે સમય કી સ્થિતિ પર વિચાર કરકે ઉન કે સંબંધ મેં અપની રાય સ્થિર કરતે હૈ. સબ રાષ્ટ્રોં કી નિર્માણકથા મેં પરસ્પર કા યુદ્ધ દેખ પડતા હૈ. ઐસે પરસ્પર કે યુદ્ધોં સે હી તો રાષ્ટ્રોં કા નિર્માણ હોતા હૈ. યુદ્ધ સમાપ્ત હોને પર યદિ દોનો દલોં કા મેલ હો ગયા તો દોનોં દલ એક દૂસરે કી બહાદુરી કી પ્રશંસા કરતે હૈ, એક દૂસરે કે સાહસ સે

પ્રસન્ન હોતે હૈ, ઔર યહ ભૂલ જાતે હૈ કિ યહ ઉદ્યોગ હમારે વિરોધ મેં થા યા પક્ષ મેં. બ્રિટેનકા એક ઉદાહરણ બડા હી અચ્છા હૈં. સબ ઇતિહાસવેત્તા જાનતે હૈ કિ ઇંગલેંડ ઔર સ્કાટલેંડ કિસી સમય દો સ્વતંત્ર દેશ થે ઔર ઉન કી આપસ મેં બડી બડી ભીષણ લડાઈ હુઇ હૈ. ઇંગલેંડ કે રાજા પ્રથમ એડવર્ડ ઇંગલેંડ કે પ્રસિદ્ધ ઔર સમ્માનિત રાજાઓ મેં ગિને જાતે હૈ. સ્કાટલેંડ કે વીર પુરુષો મેં વાલેસ ઔર બ્રસ કી ગણના હૈ. એડવર્ડ સે ઔર ઇન દેશભક્તોં સે બડી લડાઇ હુઇ થી. વાલેસ કે સાથ વિશેષ ક્રૂરતા સે વ્યવહાર હુઆ થા; પર અબ દોનોં દેશ એક હો ગયે હૈ, તબ દોનોં કી પરંપરા એક માની જાને લગી હૈ. એક સમય કા સ્કાટલેંડ કા શત્રુ પ્રથમ એડવર્ડ વહાં કી પરંપરા મેં વીર પુરુષ સમજાતે લગા હૈ. એક સમય કા ઇંગલેંડ કા શત્રુ વાલેસ આજ અંગ્રેજો કા ભી પૂજ્ય હો ગયા હૈ. ઇસી ભાવ સે યહ કહના પરમ ઉચિત હૈં કિ શિવાજી ભારત કે સબ ભૂખંડોં ઔર સબ મઝહબવાલોં કે લિયે પૂજ્ય ઔર માન્ય હૈં. જબ તક હમ ઇસ પ્રકાર સે અપની પરંપરા કો એક ન કરેંગે તબ તક સારા ભારત ભી એક નહીં હો સકતા. જબ તક હમ પરસ્પર કી પુરાની લડાઇયોં કો એક દૂસરે કે પ્રતિ દ્વેષભાવ બના રખને કે લિયે હી સ્મરણ કરેંગે તબ તક હમારી ઉન્નતિ હો હી નહીં સકતી. જબ હમ ઇન લડાઇયોં કા ઔર ઇનકે બહાદુર નેતાઓં કા ઇસ લિયે સ્મરણ કરેંગે કિ હમારે પૂર્વજ ઐસે સાહસી, ઉદ્યોગી ઔર દેશભક્ત હો ગયે, જબ ઉનકી કીર્તિ મેં હમ સબ મિલ કર ભાગ લેંગે, તબ હમારા દેશ ભી સંસાર મેં મસ્તક ઉઠા સકેગા.

આજ ઇસકો કહને કી વિશેષ પ્રકાર સે આવશ્યકતા હૈ. આજ હિંદુ-મુસલમાન ખાહમખાહ પરસ્પર લડ રહેં હૈં. આજ વ્યર્થ કે રાગદ્વેષ દિખલા કર હમ અપને દેશ કો તબાહ કર રહેં હૈં. આજ હમ પુરાની બાતોં કો આપસ મેં ઇર્ષ્યા ઔર શત્રુતા કે ભાવ સે સ્મરણ કરતે હૈં, સંધિ ઔર સંમિલન ભાવ સે નહીં. યદિ હિંદુ રાના પ્રતાપ યા છત્રપતિ શિવાજી કા સ્મરણ કરતા હૈ તો ઇસ વાસ્તે કિ ઉન્હોંને મુસલમાનોં સે લડકર અપને સમય કે હિંદુઓં કી માનમર્યાદા કી રક્ષા કરને કા યત્ન કિયા થા. આજ યદિ મુસલમાન અકબર ઔર ઔરંગઝેબ કા સ્મરણ કરતે હૈ તો ઇસ કારણ કિ હિંદુઓં કો ઇન્હોંને દબાકર મુસલમાન રાજ્ય, દેશ મેં ફૈલાયા થા; પર ઐસે ભાવ સે ઇન વ્યક્તિયોં કા સ્મરણ કરના ઉચિત નહીં હૈ. સદિયોં કો વિતાતા હુઆ યહ દેશ ઇન સબ ઘટનાઓં કો દેખ ચુકા હૈ, ઉનકે અનુભવ સે અપને આપ કો પુષ્ટ કરતા ગયા હૈ. આજ સબ ભારતવાસિયોં કે લિયે ઉચિત હૈ કિ અકબર ઔર

પ્રતાપ, ઔરંગઝેબ ઔર શિવાજી કો એક સા અપના આરાધ્ય વીર પુરુષ માને યહ સમઝેં કિ ઉસ સમય કે લિયે લડના હી ઠીક થા, ઉસમેં હી દેશભક્તિ થી. આજ ઉસી લડાઇ સે હમ એક હો સકે, ભાઇ ભાઈ કી તરહ એક હી દેશ કો અપના સકે, જિસકી જિસ સમય જો કુછ હાનિ હુઈ યા લાભ હુઆ, હાર હુઈ યા જીત, વહ સબ અપને દોષ અથવા ગુણ કે કારણ અંતરાત્મા કી પ્રેરણા સે ઈશ્વર કી આજ્ઞા સે હી હુઇ. અબ શાંત ચિત્ત હોકર, દોષોં કો ભુલાકર, ગુણોં કો યાદ કર, નયા પ્રબંધ કરના ચાહિયે.

મેરા તો વાસ્તવ મેં યહી બિચાર હૈં કિ ભારત મેં આયી હુઇ સબ જાતિયોં; ભારત કે પ્રચલિત સબ મઝહબોં, ભારત મેં ફૈલે હુએ સબ આચારવિચારોં કા સમન્વય હો ઔર ભારતીય સભ્યતા ઔર શિષ્ટતા કી પુરાની જીવ અધ્યાત્મવિદ્યાપર હી હમ આજ એક નયી સભ્યતા ઔર શિષ્ટતા કાયમ કરેં; જિનમે હિંદુ મુસલમાન, ઇસાઇ, પારસી, જૈન, સિખ, ખ્રિસ્ત, યહૂદી આદિ મઝહબો ઔર બંગાલી, હિંદી, પંજાબી, ગુજરાતી, મરાઠી, તામિલ, આંધ્ર આદિ પ્રાંતોં કી એક સાધારણ પરંપરા બને; જિસ મેં સબ કે દેવી, દેવ ઔર સબ કે ઉત્તમ ઔર વીર સ્ત્રીપુરુષ સબકે માન્ય આરાધ્ય હો. મેરા વિશ્વાસ હૈ કિ ઐસા અવશ્ય હો સકતા હૈં ઔર કભી ન કભી હોગા. હમ કાલ કી ગતિ કા હ્રાસ કર સકતે હૈં, ઉસે સર્વથા રોક નહીં સકતે. જો હમ અપને મનસે નહીં કરેંગે વહ કાલ પુરુષ હમસે જબરન કરા લેગા. ઔર ઇસી આશા ઔર ઇસી વિશ્વાસસે મૈં આજ શિવાજી કા સ્મરણ કરતા હું, ઇસ રૂપ મેં નહીં કિ ઉન્હોંને હમારે પ્રાંત કો સતાયા થા, ઇસ રૂપ મેં નહીં કિ મુસલમાનોં કે વે વિરોધી થે, પર ઇસ રૂપ મેં કિ વે ભારત કે વીર પુરુષ થે ઔર અપને વિચાર સે, અપને સમય કે ભાવોં કે અનુસાર, ઉન્હોંને અપને દેશ કી સેવા કી. ઇસી ભાવ કા મેં આજ સબ પાઠકોં કે હૃદયોં મેં આવાહન કરના ચાહતા હું. ઈસી મેં દેશ કી ભલાઇ હૈ, ઇસી મેં હમારા કલ્યાણ હૈ. ઇસી પ્રકાર હમ અપને સબ વીર પૂર્વ પુરુષોં કા સ્મરણ કરેં. ઉનકી કીર્તિ ગાયેં. ઉનકી વીરતાકી ગાથાઓં કો કહ ઔર સુનકર આનંદિત હોં.

શિવાજી ઔર ઔરંગઝેબ કે બીચ શસ્ત્ર સે યુદ્ધ હુઆ, આજ વર્તમાન ગવર્નમેંટ ઔર ભારતસમાજ કે બીચ નિઃશસ્ત્ર યુદ્ધ હો રહા હૈ. વહ પુરાના યુદ્ધ ધર્મ–મઝહબ કે નામ સે હોતા થા. આજ કા યુદ્ધ રાજનીતિક સ્વત્વ, રાજનીતિક અધિકાર કર્તવ્ય કે નામ સે હો રહા હૈ. વહ યુદ્ધ પરસ્પર શરીર વિમર્દ સે હોતા થા, આજ કા યુદ્ધ બુદ્ધિ કે વિમર્દ સે ઔર વિશેષ વિશેષ બાતોં મેં પરસ્પર અસહયોગ સે હો રહા હૈ; પર સાહસ, સ્ફૂર્તિ, ધૈર્ય, સહિષ્ણુતા, ઔર સર્વોપરિ

સદ્બુદ્ધિ કી જૈસી ઉસ મેં આવશ્યક્તા થી, વૈસી હી ઇસ મેં ભી હૈ. ઉસ યુદ્ધ મેં સ્થૂલદૃષ્ટિ સે દેખને સે તો યહી જાન પડતા હૈ કિ હિન્દુ એક ઔર મુસલમાન એક ઓર થે, પર વિશેષ રૂપ સે દેખને સે વિદિત હોતા હૈ કિ યહ બાત કેવલ પ્રાધાન્યેન થી, ઔર અસલ મેં દોનોં દોનોં ઓર થે. આજ ભી પરરાજ પક્ષ મેં ઇસાઈ ભી તથા હિન્દૂ ઔર મુસલમાન ભી હૈ ઔર સ્વરાજપક્ષ મેં ભી તીનોં હી હૈ. યહ હમારે સૌભાગ્ય કી બાત હૈ. ઔર હમારે પક્ષ કે ન્યાયયુક્ત હોને કા પ્રમાણ હૈ કિ હમારી ઔર ન્યાયપ્રિય અંગ્રેજ ઇસાઇ હૈં, ચાહે થોડે હી. યદિ હમ શિવાજી કી યાદ ઉનકે ગુણોં કે ગ્રહણ કે લિયે કરેં, ઔર ઉનકે ઉત્સાહ ઔર અદમ્યતા સે અપના શાન્તિમય યુદ્ધ ચલાવેં તો અવશ્ય વિજય મિલેગી. યહ આદરપૂર્વક વીર પુરુષ કી યાદ સબ કો કરની ચાહિયે, ચાહે કિસી મઝહબ કે હો. ભીષ્મ પિતામહ કી યાદ કૌરવ પાંડવ દોનોં ને મિલકર કી—

वैयाघ्रपादगोत्राय सांकृतिप्रवराय च ।
अपुत्राय ददाम्येतत् सलिलं भीष्मवर्मणे ॥

૧૪-શિવાજી કી અન્ય પુરુષોં સે તુલના*

(લેખકઃ—શ્રીયુત "તરુણભારત" એમ. એ. એલ. ટી.)

(૧) કિસી બાત કો જાનના હો તો હમ બહુધા દૃષ્ટાન્ત દ્વારા ઉસે અચ્છી તરહ સમઝ સકતે હૈં. કિસી પુરુષ કી યોગ્યતા જાનની હો તો પરિચિત પુરુષોં કે ઉદાહરણોં સે ઉસે અચ્છી તરહ જાન સકતે હૈં. યહ હમ આપ સબ રોજ કિયા કરતે હૈં. ઇસી ન્યાય સેં શિવાજી કી યોગ્યતા માલૂમ કરના અનુચિત ન હોગા; પરન્તુ એક દો બાતેં હમ યહાં કહકર આપકો સાવધાન કર દેના ઉચિત સમઝતે હૈં. કોઇ ભી દો પુરુષ સંસારસેં કભી એક સમાન નહીં હોતે. પ્રત્યેક મનુષ્ય કી કૃતિ ઔર સ્વભાવ ભિન્ન હૈ ઔર યહ બાત સાર્વદૈશિક ઔર સાર્વકાલિક હૈ. જબ હમ કભી દો પુરુષો કી તુલના કરતે હૈં તબ બહુધા કિસી વિશેષ બાતકો સામને રખકર હી ઉન્હેં તૌલતે હૈં, સબ બાતોં મેં ઉન્હેં સમાન નહીં સમઝ લેતે. ઉસ વિશેષ બાત કા વિચાર કર કે કૌન અધિક હૈ, ઔર કૌન કમ હૈ, ઇસ બાતકા નિશ્ચય કરતે હૈં. એક પુરુષ કી સબ બાતેં લેકર દૂસરે કિસી પુરુષ કી સબ બાતોં સે તુલના કરને લગેં તો હમ કભી સફલ ન હોંગે, ન કુછ નિર્ણય હી કર સકેંગે. દૂસરે પ્રત્યેક પુરુષ કી પરિસ્થિતિ કા

---

* આ અને આ પછીના એમ બંને લેખો "શિવાજી કી યોગ્યતા" નામક હિંદી પુસ્તકમાંથી લેખકના આભાર સહિત લેવામાં આવ્યા છે. —સંપાદક

ભી ખ્યાલ રખના ઉચિત હૈ. પરિસ્થિતિ કો ભૂલકર અગર હમ ન્યાય કરને બૈંઠે તો હમારા નિર્ણય કઠોર સા જાન પડે ઔર કભી અન્યાય ભી હો જાય. ઇન દો બાતોં કા ધ્યાન રખકર હી તુલના કે કાર્ય મેં લગના ઠીક હોગા.

(૨) સાધારણતઃ પશ્ચિમી ગ્રંથકારોં ને શિવાજી કી તુલના હૈદરઅલી, યશવન્તરાવ હોલકર ઇત્યાદિ લોગોં સે કી હૈં; અથવા બહુધા ઇન પુરુષોં કા વર્ણન કરતે સમય શિવાજી કા હી દૃષ્ટાન્ત દિયા હૈ; પરન્તુ જૈસા હમ કહ ચુકે હૈં, વિકારહીન ઔર સહૃદય પુરુષ હી શિવાજી કી સચ્ચી યોગ્યતા જાન સકતે હૈં. યે સબ લૂંટેરે થે ઔર શિવાજી ભી લૂંટેરા થા; ઇસમેં સે શિવાજી કે લુટેરેપન કા વિચાર હમ કર ચુકે હૈં. અગર શિવાજી કે કાર્ય કો લૂંટ કહેં તો ભી યહ અવશ્ય યાદ રખના ચાહિયે કિ ઇસ લૂંટસે સ્વતંત્રતા, સ્વરાજ્ય ઔર સ્વધર્મ કા ઉદ્ધાર હુવા હૈ. હૈદરઅલી ને દૂસરોં કા સ્વાતંત્ર્ય નષ્ટ કર કે કેવલ ફૌજ કે જોર પર ઉન્હે અપને કો 'ત્રાહી ભગવન્' કહને કે લીયે બાધ્ય કિયા. શિવાજી સે પ્રજા સુખ પાતી થી; હૈદરઅલી કી દૃષ્ટિ સ્વાર્થ સે અંધી હો ગઇ થી. લોગોં કા સુખ ઔર નિષ્ઠા એક કે રાજ્ય કે આધાર–સ્તંભ થે; પર દૂસરે કે રાજ્ય કા બલ તલવાર કા જોર થા. એકને મુસલમાનોં કે ધર્મ કા કભી અનાદર ન કિયા તો દૂસરે ને હિન્દુધર્મ કે પૈરોં તલે કુચલને મેં અપની શક્તિ વ્યર્થ ખોઇ.

(૩) કઇ લોગોં ને શિવાજી કી તુલના ગ્રીસ કે બાદશાહ સિકન્દર સે કી હૈ, પરન્તુ વહ ભી સર્વથા ઠીક નહીં માલૂમ હોતી. દોનોં કે સમય, કર્તવ્ય ઔર ફલપ્રાપ્તિ મેં બડા અન્તર હૈ. જગત કો જીતને કી અથવા દિગન્ત મેં કીર્તિ ફૈલાને કી ઇચ્છા શિવાજી ને કભી નહીં કી. સ્વરાષ્ટ્ર કી સ્વતંત્રતા પ્રાપ્ત કર લેના હી ઉનકા ઇતિકર્તવ્ય થા. સિકન્દર તો સારી દુનિયા હી જીતના ચાહતા થા. કેવલ વિજય કે સિવા ઉસને ઔર કુછ ભી નહીં કિયા. જિત પ્રદેશ કી રાજ્ય–વ્યવસ્થા કા ઉસને કુછ ભી ખ્યાલ ન કિયા, પરન્તુ શિવાજી કી બાત ઇસસે ભિન્ન થી. શિવાજી કોઈ ઐસા દેશ જીતને કે ફેર મેં નહીં પડે જિસકી રાજ્ય–વ્યવસ્થા કરના કઠિન હો. સિકન્દર કિતના ભી ભારી જગજ્જેતા ક્યોં ન કહલાવે, વહ શિવાજી કે બરાબર નહીં હો સકતા. ઔર એક બાત ખ્યાલ રખને લાયક હૈ સિકંદર કે પિતા કે પાસ પહિલે હી બડા ભારી રાજ્ય થા; પર શિવાજી કે પાસ ક્યા થા? કેવલ છોટી સી જાગીર. ફિર ભી ખ્યાલ રખના ચાહીયે કિ શહરોં કે ઉપર કબ્જા કરને કે બાદ વહાં કે લોગોં કો કતલ કરના, અમૂલ્ય ગ્રન્થસંગ્રહ સે અગ્નિ કા તર્પણ કરના, શરણાગત કૈદિયાં કો યમસદન કો પહુંચાના ઔર સુરાદેવી કી ભક્તિ

કરતે કરતે ઉન્મત્ત હો જાના, ઇત્યાદિ બાતોં સે શિવાજી સૈંકડો કોસ દૂર થે. ઇન બાતોં મેં તો સિકંદર હી સિકંદર થા.

(૪) યોરપ કે ઇતિહાસ મેં નેપોલિયન બોનાપાર્ટ એક મહાવ્યક્તિ હો ગયા હૈ. કુછ બાતોં મેં તો યે દો મહાપુરુષ બિલકુલ વિરુદ્ધ થે; પર કુછ બાતોં મેં ઉનકી સમતા ભી હો સકતી હૈં. બુદ્ધિ ઔર કલ્પકતા, દૂસરોં પર અપના રૌબ જમાને કી વિલક્ષણ કુશલતા, સ્વરાષ્ટ્ર કો ઉર્જિત કરને કી ઇચ્છા ઇત્યાદિ મહાપુરુષોં કે ગુણ દોનોં મેં થે, પર દેશકાલાનુસાર દોનોં કી કૃતિયાં અત્યંત ભિન્ન થી. અઠારહવીં ઔર ઉન્નીસવીં સદી મેં યોરપ મેં રાષ્ટ્ર રાષ્ટ્ર કે બીચ સ્પર્ધા ઉત્પન્ન હો ગઇ થી. ઉન લોગોં કી શિક્ષા હી અન્ય પ્રકાર કી થી. ઇસ કારણ વહાં બુદ્ધિમાન્ પુરુષ કો અપના નામ દિગન્ત કરને કા જીતના અવકાશ થા ઉતના, હિંદુસ્તાનમેં નહીં થા. બડપ્પન પ્રાપ્ત કર કે અખરાડ કીર્તિ કમાને કા અવકાશ નેપોલિયન કો મિલા. યહ મહાપુરુષ ફ્રાન્સકા વિદ્વાન લેખક ઔર અચ્છા વકીલ થા. શિવાજી કો ઉસ પ્રકાર કી કુછ ભી શિક્ષા ન મિલી થી. પ્રાકૃતિક બુદ્ધિમત્તા ઔર અનુભવ દોનોં મેં સમાન થે, પરન્તુ શિક્ષા સે એક કે ગુણોં કા તો વિકાસ હુઆ, પર દૂસરે કો વહ અવસર હી પ્રાપ્ત ન હુઆ. ફિર ફ્રાન્સ કે સમાન સંપન્ન દેશ મેં કલા, વિદ્યા ઇત્યાદિ સાર્વજનિક લોકોપયોગી કાર્યોં મેં સુધાર કરકે સ્વદેશ કો ઉન્નત કરને કા મૌકા મિલા; પરન્તુ હિન્દુસ્તાન કી સ્થિતિ શિવાજી કે સમય મેં અત્યંત ભિન્ન થી. ઇસકે સિવા આસ્ટ્રિયા, રશિયા, પ્રશિયા, ઇંગલેંડ ઇત્યાદિ રણશૂર રાષ્ટ્રોં સે લડને કા મૌકા જો નેપોલિયન કો મિલા વહ શિવાજી કો મિલના અસંભવ થા. ઇસ કારણ ઇન બાતોં મેં ઇસ ફ્રેંચ મહાપુરુષ સે મહારાષ્ટ્રીય વીર હીન જાન પડતા હૈ; પરન્તુ યહાં ઔર અનેક બાતેં ધ્યાન મેં રખના ચાહિયે. કુછ ભી હો, નૈપોલિયન કે કારણ યોરપ મેં જો પ્રાણહાનિ હુઇ વહ હિન્દુસ્તાન મેં કભી નહીં હુઇ ઔર શિવાજી કે હાથ સે તો પ્રાણહાનિ નામમાત્ર કો હી હુઇ હોગી; પરન્તુ સબસે ભારી બાત યહ હૈ કિ નૈપોલિયન અત્યંત મહત્ત્વાકાંક્ષી થા, પર શિવાજી ઐસેં વિકારોં સે કિતને દૂર થે, યહ હમ દિખલા હી ચુકે હૈં. ગીતા કા કર્મયોગ શિવાજી કે રોમ રોમ મેં ભરા થા. નઇ ફોજ તૈયાર કરના, કિલે બનાકર દેશ કા બંદોબસ્ત કરના ઔર સબ દેશ મેં સરલ રાજ્ય-વ્યવસ્થા સ્થાપિત કરકે ઉસે સમૃદ્ધ કરના ઇત્યાદિ બાતોં મેં દોનોં સમાન થે. પરંતુ નેપોલિયન કે કાર્ય કી નીંવ ફ્રાન્સ કે સમાન સંપન્ન દેશ પર થી. શિવાજી કી નીંવ કુચ થી હી નહીં. સબ દેશ પરાધીન થા. ઉસે સ્વતંત્ર કરને કા ભાર ઉન પર આ પડા થા. ઇસકે વિપરીત નેપોલિયન ને એક સંપન્ન દેશ કો મહત્ પદ પર

ચઢાને કા પ્રયત્ન કિયા. ઇસ મેં નેપોલિયન ને કૌન ભારી પ્રશંસનીય કાર્ય કિયા? અત્યંત મહત્ત્વાકાંક્ષા ઔર બુદ્ધિ સે નેપોલિયન ને કેવલ સારે સંસાર કી શત્રુતા સંપાદિત કી, પરન્તુ શિવાજી ને યહ નીંવ ડાલી થી, જિસ કે ભરોંસે મરાઠોં ને ઔરંગઝેબ કે સમાન પ્રચંડ બાદશાહ કો હરાયા.

(૫) સચ તો યહ હૈ કિ ઐસા પુરુષ જિસસે શિવાજી કી તુલના હો સકે અપ્રાપ્ય હૈ. કુછ બાતોં મેં બાબરસે તુલના હો સકતી હૈ. બાબરકા પૈતૃક રાજ્ય દૂસરોં કે હાથ મેં ચલા ગયા થા. શિવાજી કે સમાનહી ઉસકા ભી જીવન આપત્તિમય રહા ઔર કેવલ સાહસ, બુદ્ધિ ઔર કટ્ટર સ્વભાવ કે કારણ ઉસને હિન્દુસ્તાન કી બાદશાહત કી. શિવાજી કે સદશ હી વહ ભી માતા કે વચન કો પૂજ્ય માનતા થા. બાબર શૂર તો થા હી; પર રાજ્ય-વ્યવસ્થા ભી ઉસકી બૂરી ન થી. શિવાજી કી તરહ વહ અલ્પાયુષી રહા તથાપિ બાબરને ભી પરદેશ કો જીતા. શિવાજી બાબર કે સમાન શૂર ઔર કટ્ટર, અકબર કે સમાન સબ પર સમદષ્ટિ સે રાજ્ય-વ્યવસ્થા કરને મેં કુશલ ઔર શાહજહાં કે સમાન મિતવ્યયી રહકર પ્રજા કે સુખ કો બઢાને મેં નિમગ્ન થે. બાબર ઔર અકબર કે સમાન હી ઇસ મહાપુરુષ ને અનેક સંકટોં કા સામના કિયા થા; ઇસ કારણ ગરીબ લોગોં કી દશા વે અચ્છી તરહ જાનતે થે; તથાપિ વે જહાંગીર ઔર શાહજહાં કે સમાન ઐશઆરામ મેં લિપટે ન થે. ઔરંગઝેબ કે સમાન બડી ભારી ઉદ્યોગશીલતા શિવાજી મેં થી; પર ઉસકે કપટ ઔર વિશ્વાસઘાત સે કોસોં દૂર થે.

(૬) કુછ બાતોં મેં આલફ્રેડ ધી ગ્રેટ સે ઉનકી તુલના હો સકતી હૈ. ઇંગલેંડ કો સ્વતંત્રતા પ્રાપ્ત કરા દેને કા કાર્ય (૯ વીં શતાબ્દી કે અન્તમેં) ઇસ મહાપુરુષ ને કિયા. સારે ઇંગલેંડ કો ઉન લોગોં ને વ્યાપ્ત કર ડાલા થા. ઉનસે ઉસને દેશકો બચાયા ઔર ‘મહાપુરુષ’ કહલાને કા પાત્ર હુવા. ઇસ દષ્ટિ સે શિવાજી કી યોગ્યતા ઉસ સે બહુત અધિક હૈ.

(૭) સોલહવીં સદી મેં સ્પેન કી સત્તા બહુત બઢ ગઇ થી. હોલેંડ, ઇટલી ઇત્યાદિ દેશ સ્પેન કે અધીન થે. ઉસી સમય ઇસાઇ ધર્મ મેં સુધારકરન કા ઝગડા ઉત્પન્ન હુઆ થા ઔર યોરપ મેં નયા મત બહુત પ્રચલિત હોને લગ ગયા થા. ઐસે સમય મેં સ્પેન ને હોલેંડ પર ઘોર જુલ્મ કિયા, ઔર ડચ પ્રજા અત્યંત ક્ષુબ્ધ હો ગઇ. સ્પેન કે રાજા ફિલિપ કે દો હેતુ થે–એક તો ડચ લોગોં કો પ્રોટેસ્ટંટ ન બનને દેના ઔર દૂસરે ઉસ દેશ પર અપના રાજ્ય કાયમ રખના. બુદ્ધિદરિદ્રતા, સ્વરાષ્ટ્રાભિમાન ઇત્યાદિ ગુણોં મેં ડચ

ઔર મહારાષ્ટ્રીય સમાન જાન પડતે હૈં. જૈસી પરિસ્થિતિ મેં શિવાજી ઉત્પન્ન હુએ ઉસી સ્થિતિ મેં હોલેંડ કા ભ્રાતા ઔરેંજ કા સરદાર વિલિયમ પૈદા હુઆ. દોનોં મહાપુરુષોં કો જો યુદ્ધ કરને પડે ઉન મેં ભી બહુત સમતા હૈ. ઐતિહાસિક દૃષ્ટિ સે ઉસ દેશ કા ઇતિહાસ ભી બડા મનોરંજક ઔર બોધપ્રદ હૈ. શિવાજી સે લગભગ એક સદી પહિલે યહ બાત હોલૅન્ડ મેં હુઇ; પર સ્પેન કે લોગ ધર્મ કે સંબંધ મેં જિતને ક્રૂર થે ઉતને ક્રૂર મુસલમાન ન થે; પરન્તુ બાકી ઇતિહાસ રાજારામ ઔર તારાબાઇ તક કા સમસમાન હૈ. ગુણોં મેં દોનોં પુરુષોં કી બહુત સમતા હૈ. દોનોં બડે દૂરદર્શી, દીર્ઘપ્રયત્ન, નિજ કે વિષય મેં નિરીચ્છ ઔર કેવલ સ્વદેશ કે હિત કે લિયે શક્તિ ખર્ચ કરનેવાલે થે. દોનોં ને સ્વદેશ કો સ્વતંત્રતા પ્રાપ્ત કરા દી. દોનોં દેશોં મેં સ્વતંત્રતા કે ભી પરિણામ સમાન હી હુએ. મરાઠોં કા પ્રભાવ બઢતા બઢતા બહુત અધિક હો ગયા. ઉસી પ્રકાર ડચ લોગ યોરપ મેં પ્રમુખ હુએ. દોનોં કા ઉદ્‌ગમ બહુત ક્ષુદ્ર થા.

(૮) અબ કોઈ કહેંગે કિ હમ કુછકા કુછ હી કર રહે હૈં; પરન્તુ હમ ઉપર જિન તત્ત્વોં કા જિક્ર કર ચુકે હૈં ઉન પર ધ્યાન રખને સે હમારી તુલના ઠીક જાન પડેગી. કેવલ પરિણામ સે પુરુષ કી યોગ્યતા નિશ્ચિત કરના યુક્તિયુક્ત નહીં. ઇસ ન્યાય સે તો વારેન હેસ્ટિંગ્ઝ ઔર ડલહૌસી લોગ ભી બડે ભારી સમઝે જાયેંગે; પરંતુ સદાચાર કે નિયમોં કા સ્મરણ રખના ઉચિત હૈ. ઇસી કારણ આલ્ફ્રેડ, નેલ્સન, સિકન્દર, સીઝર, બોનાપાર્ટ ઇત્યાદિ રણવીરોં સે શિવાજી અધિક યોગ્ય હૈ. આલ્ફ્રેડ ને દુનિયા કા દિગ્વિજય નહીં કિયા તથાપિ વહ મહાપુરુષોં મેં ગિના જાતા હૈ. ઇસી પ્રકાર મર્યાદિતક્ષેત્ર મેં કાર્ય કર કે કિસી કી સ્વતંત્રતા કો ન કુચલને ઔર પ્રાણહાનિ કા પાપ ન કરતે હુએ શિવાજીને અપના કાર્ય કિયા, ઇસી કારણ શિવાજી મહાપુરુષ હૈ. સ્વરાષ્ટ્ર ઔર સ્વધર્મ કે પરે શિવાજીને પ્રયત્ન નહીં કિયા, ઇસી કારણ શિવાજી કો સીઝર કી તરહ કત્લ હો જાને કા મૌકા ન આયા, બોનાપાર્ટ કે સમાન શત્રુઓં કી કૈદમેં સડતે રહને કા અવસર ન આયા અથવા સિકન્દર કે સમાન લોગોં કે શાપ સહને કા અવસર પ્રાપ્ત ન હુઆ.

(૯) અગર કિસી અંગરેજ સજ્જન સે પુછિએ કિ આપ નેલ્સન કા ઇતના અધિક આદર ક્યોં કરતે હો ? તો વહ કહેગા. "આપ ભી અંગ્રેજ બન જાઇએ તો જાન જાઇએ ગા." યહી ન્યાય શિવાજી કે લીયે, ઇસસે ભી અધિક ઉપયુક્ત હૈ. ચારોં ઓર રાજ્યક્રાંતિ હૈ, અત્યાચાર હો રહા હૈ, ધર્મ રસાતલ કો જા રહા હૈ, રાષ્ટ્ર નષ્ટભ્રષ્ટ હો રહા હૈ! ઐસે સમય મેં જો ત્રાતા મિલે ઉસકે ગુણાનુવાદ ગાને મેં હમારી જીભ નહી થક સકતી. સારાંશ મેં હમ યહી

કહતે હૈં કિ શિવાજી કે સમકાલીન બન જાઇએ તબ આપ ઇસ મહાપુરુષ કો અચ્છી તરહસે પહચાન સકેંગે.

૧૫–મરાઠી સત્તા કે નાશ કે કારણ

કિસી સત્તા કે નાશ કે કારણોં કા વિચાર કરતે સમય યહ ખ્યાલ રખના ચાહિયે કિ ઉનકે દો ભેદ હો સકતે હૈં, એક તો વે કારણ જો રાજ્ય કે શરીર કો ભીતર સે કમજોર બનાતે જાતે હૈં, દૂસરે વે કારણ હોતે હૈ જો આપત્તિરૂપ સે આ ગિરતે હૈ. ઇન મેં સે પહિલે કારણ હી અધિક મહત્ત્વપૂર્ણ હૈં. બહુધા રાજ્યપ્રબંધ મેં શિથિલતા આ જાને સે સત્તા કા નાશ હુઆ કરતા હૈ. ઇસી દૃષ્ટિ સે હમ યહાં વિચાર કરતે હૈં:–

(૧) શિવાજી કા રાજ્ય–સંગઠન ઇસ પ્રકાર થાઃ—આઠ મંત્રિયોં કી અષ્ટ–પ્રધાન નામ કી એક કાર્યકારિણી સભા થી ઔર સબ કે ઉપર રાજા થા. પેશ્વા મુખ્ય મંત્રી થા ઔર ફૌજી ઔર મુલ્કી રાજ્ય પ્રબંધ કે લિએ વહ જીમ્મેવાર થા. સેનાપતિ ફૌજી–પ્રબંધ કા મુખિયા થા. પંત અમાત્ય મુલ્કી વસૂલ ઔર હિસાબ કે લિયે જીમ્મેવાર થા. પંત સચિવ રાજ્ય કે સારે દફતરોં કા કામ સંભાલતા થા; પર–રાજ્ય કા વ્યવહાર સુમંત કે હાથ મેં થા. મંત્રી રાજા કા ખાનગી કારોબાર દેખતા થા. ન્યાયાધીશ ન્યાયવિભાગ કા મુખિયા થા ઔર પંડિતરાવ ધર્મવિભાગ કા. ઇસ પ્રકાર રાજ્ય કા કામ બંટા હુઆ થા. ઇસ કારણ સબ કામ બરાબર ચલતા થા, સબ અધિકાર એક કે હાથ મેં રહને સે રાજ્ય પ્રબંધ ઠીક નહીં ચલ સકતા, ઔર શીઘ્ર હી સત્તા કા લય હો જાતા હૈ. યહ બાત સ્પષ્ટ હૈ, ઔર યહ એક ઐતિહાસિક સિદ્ધાંત ભી હૈ. રાજ્યવિભાગ કે લિયે એક એક અધિકારી કો જીમ્મેવાર બનાકર સારા રાજ્ય એક રાજા કે અધીન હોને સે કામ અચ્છા ચલતા થા. એક સભા કે લોગ પરસ્પર સે દબે રહતે હૈં ઔર ઇસ કારણ કોઇ અનુચિત કામ નહીં કર સકતે, ન ઐસી સભા મેં કિસી તરહ કે પરસ્પર કે બિનાશ કે વ્યૂહ રચે જા સકતે હૈં. રાજા ભી ઐસી સભા સે દબા રહતા હૈ, ઔર કોઈ અનિયંત્રિત બાત નહીં કર સકતા. યહ ઠીક હૈ, કિ ઇસ પ્રધાન–મંડલ કો રાજા કી કોઇ કાર્રવાઇ મંસૂખ કરને કા અધિકાર નહીં થા; પર રાજા ઇસ અષ્ટપ્રધાનમંડલ કે સામને ઐસા દબ જાતા થા કિ ઉન મંત્રિયો કી સલાહ કે બિના કોઇ કામ કરના ઉસે ખુદ હી ઉચિત ન માલૂમ હોતા થા. યહી બાત દૂસરે દેશોં કે ઇતિહાસોં સે સિદ્ધ હૈ, પર યહ અષ્ટ–પ્રધાન–સભા શિવાજી કે બાદ રહી. રાજા અનિયંત્રિત હો ગયે ઔર ઐસી દશા મેં બુદ્ધિમાન ઔર બલી લોગોં કી બન આઇ. શિવાજી કી મૃત્યુ કે બાદ ઇન અષ્ટ–

પ્રધાનોં મેં સે દો ચાર પ્રધાનો કો સંભાજીને મરવા ડાલા. બસ તભી સે યહ સભા કમજોર પડ ગઇ, ફિર શાહુ કે સમય મેં તો ઇસકા અસ્તિત્વ હી ન રહા. શાહુ વિલાસી ઔર ચૈની થા. રાજ્ય-કાર્ય દેખને કી તકલીફ ઉસે ભાતી ન થી. ઇસે કારણ તમામ અધિકાર પેશ્વા કે હાથ આ ગિરે થે. બાલાજી બિશ્વનાથ પેશ્વા એસા યોગ્ય પુરુષ થા કિ વહ સારા કામ સ્વયં કર સકતા થા. ઇસ કારણ ઉસને સબ અધિકાર હાથ મેં લે લિયે ઔર અપને પ્રતિનિધિયોં દ્વારા કામ ચલાને લગા. દો ચાર પ્રધાન બચે થે. ઉને ઉસને કમજોર કર ડાલા. ઇસ પ્રકાર આપ સ્વયં રાજ્ય મેં મુખિયા બન બૈઠા. ઉસકા પુત્ર બાજીરાવ ભી યોગ્ય પુરુષ નિકલા. ઉસને તો ઇતને અધિકાર લે લિયે કિ મહારાષ્ટ્ર કે ઇતિહાસ મેં રાજા કી કોઇ કાર્વાઇ દિખાઇ હી નહીં દેતી. બસ, પેશ્વા હી જહાં તહાં ચમકતા હુઆ દિખલાઇ દેતા હૈ. બાજીરાવ કો સબ અધિકાર અપને હાથ મેં લેને કી ઇતની મહત્વાકાંક્ષા થી કિ ઉસે રાજા કહના અનુચિત ન હોગા. બાજીરાવ કે બાદ સભી પેશ્વે રાજા કી તરહ વર્તતે થે. યહાં તક કિ અસલી રાજા સે હી બાલાજીને યુદ્ધ કિયા. ફિર ક્યા થા? રાજ્ય કિસ કા? રાજા કા યા પેશ્વા કા? ઔર ક્યા પેશ્વા પર કીસી કી નિયંત્રણ-શક્તી થી? નહીં. ફીર ઐસા રાજ્ય કીતને દીન ચલ સકતા હૈ? શિવાજી કી ચલાઇ રાજ્યવ્યવસ્થા તોડ ડાલને સે ક્યા ક્યા કુફલ ન હુએ?

(૨) ઇસ કારણ કે સાથ સાથ એક ઔર કારણ હૈ. મહારાષ્ટ્ર કી સત્તા જિસ સમય પ્રસ્થાપિત હુઇ, ઉસ સમય કી પરિસ્થિતિ કુછ ઐસી થી કિ પ્રત્યેક પ્રધાન કે હાથ મેં ફૌજી અધિકાર ભી થે–પ્રત્યેક પ્રધાન કુછ સેના કા અધિકારી થા! ઉસ સમય પ્રત્યેક કો લડના પડતા થા; ક્યોંકિ પુરી શાંતિ પ્રસ્થાપિત નહીં હુઇ થી. ફૌજી અધિકાર કે કારણ ઇસ રાજ્ય કા બડા નુકસાન હુઆ. ઉપર લિખા જા ચુકા હૈ કિ સબ અધિકાર પેશ્વા ને અપને હાથ મેં લે લિયે થે, ઔર ઉસે જોડી મિલી ફાજ કી સહાયતા કી. ફિર ક્યા થા? પેશ્વે મનમાની કરને લગે ઔર ઉન્હેં કોઇ કહનેવાલા ન રહા. રાજ્ય કી કૌન વ્યક્તિ ઉનકે વિરુદ્ધ ખડી હો સકતી થી? યહ ઐતિહાસિક સિદ્ધાંત હૈ કિ જબ ફૌજી ઔર મુલકી દોનોં અધિકાર એક હી મંત્રી કે હાથ મેં હોતે હૈં તબ રાજ્ય અલ્પજીવી હો જાતા હૈ, ક્યોંકિ વહ પુરુષ અનિયંત્રિત હો જાતા હૈ; યહાં તક કિ રાજા કો ભી પુર્ણ અધિકાર ન રહને ચાહિયે; પર પેશ્વે સબ કુછ હો ગયે–મુલ્કી ઔર ફૌજી વ્યવસ્થા કે મુખિયા તો થે હી, ફૌજી સેનાપતિ ભી બન ગયે. ફિર મુલ્કી વ્યવસ્થા કી ઓર કૌન દેખતા હૈ? સબ જગહ અપ્રબંધ હો ગયા ઔર ગડબડ હોને લગી. ઉસ સમય ઠીક પ્રબંધ કરના તો દૂર રહા,

ફૌજ કી સહાયતા સે અપને દોષ દૂર કરને કા પ્રયત્ન કરને લગે, જો ફૌજ કા સહારા પાકર ઔર બઢે તબ ઉથલાપુથલ હોને મેં ક્યા દેર થી? રાજા કે અધિકાર પેશ્વા કો મિલે ઔર વે મનમાની કરને લગે. જબ પેશ્વે ભી અયોગ્ય ઠહરે તબ વે દૂસરોં કે હાથ મેં ગયે. વે ભી મનમાની કરને લગે. ઇસ પ્રકાર રાજ્ય-પ્રબંધ કા ઠિકાના ન રહા, જીસકે હાથમેં અધિકાર રહતા વહ અપને હી અધિકાર કી પરવાહ કરતા થા.

(૩) પર ઇન દોનોં દોષોં સે એક તીસરા બડા ભારી દોષ ઉત્પન્ન હુઆ, ઔર વહ યહ થા કિ અધિકાર વંશપરંપરા કે અનુસાર પ્રાપ્ત હોને લગે. એક તો પહલે હી પેશ્વા રાજ્ય મેં મુખિયા થે, દૂસરે ફૌજ ઉનકે અધિકાર મેં થી; ઔર ઉસ પર પેશ્વાઇ ખાનદાની માલકિયત હો ગઇ! ફિર ક્યા થા? રાજા બનનેમેં ઔર ક્યા બાકી થા? શિવાજી કે સમય મેં કોઇ અધિકાર વંશપરંપરા કે લિયે કાયમ નહીં રહતે થે! વે અપને સબ કર્મચારિયોં કો યહ બાત બતાતે રહતે થે જિસસે કિ કોઇ ઉભડને કે યોગ્ય ન હોને પાવે! શિવાજી કે બાદ યહ વ્યવસ્થા કાયમ ન રહી ઉસ કારણ ઉસકે કડવે ફલ મહારાષ્ટ્ર કો ચખને પડે. બાલાજી વિશ્વનાથ કે બાદ બાજીરાવ ઔર બાલાજી બાજીરાવ તો યોગ્ય પુરુષ હુએ; ઇસમેં સંદેહ નહીં; પર જલ્દ હી અયોગ્ય પુરુષ ભી ઉત્પન્ન હોને લગે. યહ પ્રસિદ્ધ બાત હૈ, કિ કિસી ભી પ્રથા યા સંસ્થા કે પ્રસ્થાપક તો યોગ્ય પુરુષ હોતે હૈં, પર ઉનકે વંશજ, દ્રવ્ય ઔર અધિકાર કે વશવર્તી હોકર વિલાસી, ચૈની ઔર અયોગ્ય નિકલતે હૈં. શિવાજી કે બાદ શંભાજી, શાહૂ ઇત્યાદિ કૈસે નિકલે; યહ ઇતિહાસ-પ્રસિદ્ધ હી હૈં, ફિર આયે પેશ્વે. વે ભી શીઘ્ર હી ઉસી માલા કે મણિ નિકલે. બસ ફિર ક્યા થા? જિસકે હાથ મેં યે પુરુષ પડે ઉનકી બન આઇ. આપસ કે ટંટે, ચાપલૂસોં કી ખુશામદ, રાજ્ય કા અપ્રબંધ ઇત્યાદિ કારણોંસે યહ રાજ્ય નષ્ટ ન હોતા તો ક્યા હોતા? ફિર કેવલ પેશ્વાઇ હી વંશપરંપરા ચલતી રહી હો, સો બાત નહીં. અન્ય નૌકરિયાં ભી વંશપરંપરા ચલીં. ઇસકા એક બડા ભારી કારણ યહ રહા કિ હિંદુસ્તાન મેં યહ રીતિ બડી પુરાની હૈ. યહાં નોકરી કો ભી લોગ અપની માલકિયત હી સમઝતે હૈ; જીસ પ્રકાર સ્થાવર ઔર જંગમ જાયદાદ પુત્રો, પૌત્રો, પ્રપૌત્રો કો મિલતી હૈ, ઉસી પ્રકાર હિંદુસ્તાનિયોં કી પુરાની સમઝ થી કિ નૌકરિયાં ભી વંશપરંપરા ચલની ચાહિયે. અગર વંશજો કી મૂર્ખતા સે સ્થાવરજંગમ જાયદાદ નષ્ટ હો ગઇ તો એક હી ઘરાનેકા નુકસાન હોતા હૈં. પર નૌકરી જો વંશપરંપરા ચલે તો રાજ્ય કે સમસ્ત લોગોં કા નુકસાન હોતા હૈ. અબ ભી યહ કલ્પના નિતાન્ત નષ્ટ નહીં હુઇ હૈ, ઔર એક બાતમેં તો વહ કાયદે કા સ્વરૂપ પા ચુકી હૈ. યહ કેવલ હમારી સમ-

ઝકે કારણ હુઆ હૈ. પુરોહિતી કી બાત કિસે માલૂમ નહીં હૈ ? પિતા ને દશ ઘર કી પુરોહિતી કી. પિતા કે દો પુત્રોં ને ઉસે આપસ મેં બાંટ લિયા ઔર ઇસ પ્રકાર વહ વિભક્ત હોતી ચલી ગઇ. એક તો યોંહી યે ધંધે અનુત્પાદક હૈ ઔર ઇસ ધંધેવાલે નિકમ્મે હોતે હૈં. ફિર ઇસ કલ્પના કે કારણ ઇન કે વંશજ ભી અનુત્પાદક હી હોતે હૈં ઓર નિકમ્મે પડે રહતે હૈં ઇતના હી નહીં, વરન્ અદાલતોં મેં મુકદ્દમા લડકર વકીલોં કે પેટ ભરતે હૈં. યહી બાત મહારાષ્ટ્ર કી નૌકરિયોં કે વિષય મેં હુઇ. અગર યહ કલ્પના ન રહતી તો રાઘોબા ને અપને ભાઇ-બંદોં સે ઝગડા ન કિયા હોતા, ઔર નારાયણરાવ કા ખૂન ન હોતા. યહ કલ્પના ન હોતી તો સવાઇ માધવરાવ કે સમાન ચાર મહીને કે બચ્ચે રાજ્ય કે નામધારી સૂત્રધાર ન હોતે. મહારાષ્ટ્ર કી સચ્ચી સત્તા દૂસરોં કે હાથ મેં ન જાતી, નાના ફડનવીસ ઔર સખારામ બાપુ કો આપસ મેં ઝગડને કા મૌકા ન આતા, મહારાષ્ટ્ર કી બુદ્ધિ આપસ કે ઝગડે મેં નષ્ટ ન હોતી ઔર ઇસ સત્તા કા નાશ ન હોતા.

(૪) એક બડા ભારી કારણ ઔર ભી હુઆ. શિવાજી કે સમય મેં સબ કો વેતન નકદ દિયા જાતા થા. પેશ્વા લોગોં ને યહ રીતિ ઉલટ દી, ઔર પુરાની રીતિ લા રખ્ખી. વે નૌકરી કે બદલે જાગીર દેને લગે. ઇસકે પરિણામ ઇતને બુરે હુએ, જિસકા કુછ ઠિકાના નહીં. ભોંસલે, શિંદે, હોલકર, ગાયકવાડ, યે પહલે જાગીરદાર હી થે. ઇન લોગોં ને ફૌજી નૌકરી કી થી, ઔર ઉસકે બદલે ઇન્હેં પેશ્વોંને જાગીર દે દી. યહ સાધારણ નિયમ હૈ કિ જમીન પ્રાપ્ત હોને પર ઉસ વિષય કે તમામ હક્ક ભી પ્રાપ્ત કરને કી ઇચ્છા મનુષ્ય કો હોતી હૈ. મુગલ બાદશાહોં કે સમય મેં ભી યહી પરિણામ હુએ. જિતને સિપાહી રખને ચાહિએ ઉતને યે રખને કે નહીં, સિર્ફ કિસી પ્રકાર થોડે આદમી રખકર મુખ્ય સત્તા કો ધોકા દેતે થે ઔર બાકી રૂપયા અપની જેબમેં ભરતે જાતે થે. ઇસ પ્રકાર ફૌજ કમજોર પડતી ગઇ. દફતરોં મેં તો દર્જ નામ પાંચ હજાર, પર રહેંગે સિર્ફ પાંચ સૌ. મૌકા હી આન પડા તો ઉપર કે રંગરુટ દસ પાંચ દિન કે લિયે ભરતી કર લિયે. કામ હુઆ, કિ ફિર ઉન્હેં છુટ્ટી દે દી. હાર હુઇ તો ઉસકા કુછ નુકસાન હુઆ હી નહીં. જેબ તો પહલે હી સે ગરમ થી. મુલ્કી વિભાગ મેં ભી યહી બાત હુઈ. જો જિતના ધન લે પાતા, વહ બિના લિયે છોડતા ન થા. ઔર જો નાના પ્રાન્તોં મેં શાસન કે અધિકારી થે ઉનકા તો કુછ પુછના હી નહીં—વે હી સ્વતંત્ર રાજા બન બૈઠે. વંશપરંપરા કી કલ્પના કે કારણ શાસિત પ્રાન્ત અપની સન્તતિ કો ભી મિલે, ઇસકી યોજના તો વે કરતે હી થે. ફિર શાસિત પ્રાન્ત કે ફૌજી ઔર મુલ્કી દોનોં અધિકાર ઉન્હેં

રહને કે કારણ ઔર સેના કે સેનાપતિ ભી હોને કે કારણ ઉનસે મૂલ સત્તા હી કમજોર પડ જાતી થી. જમીન સદા ઉત્પત્તિદાયક વસ્તુ હૈ, વહ ન કિસી પ્રકાર નષ્ટ હોતી હૈ, ન ઉસે કોઇ ચુરા લે જા સકતા હૈ. ઐસી વસ્તુ વંશપરંપરા ચલે ઔર ઉસકે સબ અધિકાર પ્રાપ્ત હોં, યહ ઇચ્છા પ્રત્યેક જન કો રહતી હૈ. ફિર જિન લોગોં કે હાથ મેં ફૌજી, મુલ્કી અધિકાર હોં ઔર સેના ભી હો, વે મૂલ-સત્તા સે કિસ પ્રકાર ન બઢ જાય? ઉનકે શાસિત ભી યહી સમઝને લગતે હૈં કિ સચ્ચે રાજા યહી હૈં; ક્યોંકિ ઇન્હીં કે હાથ મેં ઉનકા સર્વ જીવન હૈ. ઐસી અવસ્થા મેં અગર પ્રાન્તાધિકારી ઔર મૂલ સત્તા કે બીચ ઝગડા હુઆ, તો પ્રાન્ત કે લોગ અપને અધિકારી કો હી સહાયતા દેંગે, ન કિ મૂલ રાજા કો. ઇસસે મૂલ સત્તા ઔર ભી કમજોર પડ જાતી હૈ. ઇસ પ્રકાર એક તો મૂલ સત્તા બન જાતી થી, દૂસરે યે દો ભાગ આપસ મેં હી લડકર નષ્ટ હો જાતે થે. મરાઠોં ને અંગ્રેજોં સે જિતની લડાઇયાં લડી હૈ, વે ઇસ બાત કે જ્વલંત ઉદાહરણ હૈં. પેશ્વા હો ગયા અકેલા, ઔર ગાયકવાડ, શિંદે, હોલકર, ભોંસલે ઐસે અનેક પ્રાન્તીય અધિકારી હુએ બલવાન. યહ જો ઉનકે તમામ સત્તા શત્રુઓં કે હરાને મેં લગતી, સો આપસ મેં કટ મરી. ફિર બતલાઇયે, કિસ પ્રકાર યહ સત્તા નષ્ટ ન હોતી? યોરપ કી મધ્યકાલીન અવસ્થા મેં બહુત કુછ યહી સ્થિતિ થી, પર વહાં જો અમીર–ઉમરા–સરદાર–જમીનદાર થે; ઉન્હેં રાજાઓં ને ઔર લોગોં ને ધીરે ધીરે કમજોર કર ડાલા. જહાં કહીં યે જમીનદાર બને ભી રહે, વહાં ઉન્હેં જમીન કી માલિકયત કે સિવા અન્ય કોઇ અધિકાર ન થે. ઇસ કારણ વે મૂલ સત્તા કો કમજોર ન કર સકે. જહાં કહીં જમીનદારોં કો વિશેષ અધિકાર થે, વે ભી ધીરે ધીરે ઉન્હેં છોડ દેને પડે. ફ્રાન્સ કી પ્રસિદ્ધ રાજ્ય–ક્રાંતિ કા યહી અર્થ હૈ. જમીનદારોં કો અપની બડી બડી જમીનદારિયાં ભી છોડ દેની પડી, પર હિંદુસ્થાન મેં ઔર મહારાષ્ટ્ર મેં બાત ઇસકે વિરુદ્ધ હોતી ગઇ.

(૫) ઇતને હી મહત્ત્વ કા એક ઔર કારણ હૈ. શિવાજી કે સમય મેં "સ્વરાજ્ય" કા ધ્યેય કેવલ મહારાષ્ટ્ર કી સીમા તક પરિમિત થા.* શિવાજી કો કેવલ મહારાષ્ટ્ર એકત્ર કરકે સ્વરાજ્ય

---

* "મરાઠા તેવઢા મિળાવાવા, મહારાષ્ટ્રધર્મ બાઢવાવા" રામદાસ સ્વામી કે ઇસ ઉપદેશ કો ન ભૂલના ચાહિયે. હમેં યહ માલૂમ હૈ કિ "મહારાષ્ટ્ર" શબ્દ કે અર્થ કે સંબંધ મેં મતભેદ હૈ, પર હમ યહાં ઇસ પર વાદ નહીં કરના ચાહતે. શિવાજી કે પૂર્ણ જીવનચરિત્ર સે હમે યહી જ્ઞાન હોતા હૈ કિ, ઉસ સયય ભી મહારાષ્ટ્ર કા વહી અર્થ થા, જો આજ હૈ.

કી રચના કરની થી; સારા હિંદુસ્થાન મુસલમાનોં સે સ્વતંત્ર કરને કા ઉનકા વિચાર નહીં દેખા પડતા. નિદાન ઇતના તો અવશ્ય કહ સકતે હૈં કિ, શિવાજી કા સ્વરાજ્ય સિર્ફ મહારાષ્ટ્ર કે લિયે હી થા, ચાહે ઉનકી યહ ભી ઇચ્છા રહી હો કિ, ઔર ઔર પ્રાંત કે હિંદુ ભી ઇસી પ્રકાર અપના સ્વરાજ્ય વહાં વહાં સ્થાપિત કર લેં. યહ પ્રશ્ન બડે મહત્ત્વ કા હૈ. શિવાજી કે પૂર્વ ઔર સમકાલ મેં જો મહારાષ્ટ્રધર્મ ફૈલ રહા થા, વહ મહારાષ્ટ્ર હી મેં થા. ઉસ સમય જો સ્વરાજ્ય કી, રાષ્ટ્રીયતા કી, સ્વતંત્રતા કી કલ્પનાયે ફૈલ રહીં થીં વે સિર્ફ મહારાષ્ટ્ર ભરકે લિયે થી. તમામ હિંદુસ્થાન કે લિયે ન થી. આત્મીયતા સિર્ફ મહારાષ્ટ્ર મેં હી થી, સ્વદેશાભિમાન મહારાષ્ટ્ર કી સીમા તક સંકુચિત થા; પર પેશ્વોં ને શિવાજી કા ધ્યેય પલટ દિયા ઔર મહારાષ્ટ્ર કી સીમા છોડકર ઉત્તર ઔર પૂર્વ કી ઔર બઢને લગે. હમારા યહ કહના નહીં હૈ કિ, બાકી હિંદુસ્થાન કો સ્વરાજ્ય ઔર સ્વતંત્રતા ન મિલની ચાહિયે થી. નહીં, અગર ભિન્ન ભિન્ન હિંદુસ્વરાજ્ય સ્થાપિત હો જાતે તો અતિ ઉત્તમ હોતા; પર મહારાષ્ટ્ર કી સત્તા મહારાષ્ટ્ર કે બહાર જાને સે મહારાષ્ટ્ર કા બડા ભારી નુકસાન હુઆ. જિસ સમય શાહૂ રાજા હુઆ, ઉસ સમય મહારાષ્ટ્ર કા સ્વદેશાભિમાન, આત્મીયતા કા ભાવ, ઔર સ્વતંત્રતા કી કલ્પના કુછ શિથિલ હો ચુકી થી. ઐસે સમય મેં મહારાષ્ટ્ર કા મધ્ય–પ્રદેશ–વરાડ–માલવા, ગુજરાત, ઉડીસા ઇત્યાદિ પ્રાંતોં મેં રાજ્ય કરના ઠીક ન થા. ઇન પ્રાંતોં મેં મહારાષ્ટ્રીય લોગ ન થે, ઔર વહાં કે લોગોં કા મહારાષ્ટ્રીયોં સે આત્મીયતાપૂર્વક પ્રેમ હોના શક્ય ન થા. વહાં આત્મીયતા ન હોને સે ઇનકા રાજ્ય જુલ્મી હોને લગા. ઔર જુલ્મી રાજ્ય કા બહુત દિન તક ટિકના સંભવ નહીં થા. ઇસ કારણ ખાસ મહારાષ્ટ્ર મેં સ્વદેશાભિમાન ઔર સ્વતંત્રતા કે ભાવ ઢીલે પડને લગે. મહારાષ્ટ્ર કા રાજ્ય બઢ જાને સે મહારાષ્ટ્રીયોં કે પ્રયત્ન ઇસ દેશ કી ભલાઈ કે લીયે કમ ઔર શિથિલ હોને લગે. લોગ મહારાષ્ટ્ર કો છોડકર ઇતર પ્રાંતો મેં જા બસે, ઇસ કારણ અધિકારી ભી અનિયન્ત્રિત હો ગયે. અધિકારી અનિયન્ત્રિત હોતે હી રાજ્ય–શાસન ઢીલા પડ ગયા ઔર આખિર કો મહારાષ્ટ્ર કી સત્તા નષ્ટ હો ગઇ. ઇસ તત્ત્વ કે અનેક દૃષ્ટાંત હૈં. રોમ કી સત્તા નષ્ટ હોને કે કારણ ઉસકા અધિક ફૈલાવ હી હુઆ, જહાં આત્મીયતા કા સંબંધ હૈ ઉન્હી લોગોં કા એક રાજ્ય રહના ઉચિત હૈ; પર ઉનકી સત્તા તમામ યોરપ મેં ફૈલ ગઇ થી. ખાસ રોમમેં તો લોકસત્તા રહી, પર અન્યત્ર ઇનકા શાસન અન્યાયયુક્ત રહા. ઇસી કારણ રોમ કા ખાસ શાસન ઢીલા પડ ગયા, ઔર આખિર ઉનકા નાશ હી હો ગયા. મુગલ બાદ-

શાહ ભી ઇસી કા જ્વલંત ઉદાહરણ હૈ. પહિલે હી મુગલ વિદેશીય માને જાતે થે ફિર એ તમામ હિંદુસ્થાન મેં સેના કે જોર સે રાજ્ય બઢાને લગે. સેના કે જોર પર રાજ્ય બહુત દિનોં તક નહીં ચલતા. મુગલોં કે શાસન મેં આત્મીયતા કે ભાવ ભી નહીં થે. ઇસ કારણ લોગ ઇનકે વિરુદ્ધ હમેશાં હી ઉઠા કરતે થે. ફિર દૂર દૂર કે સૂબેદાર મુખ્ય સ્થાન સે બહુત દૂર રહને કે કારણ, સબ બાતોં મેં સ્વતંત્ર બન બૈઠતે ઔર મૌકા આતા તો મુખ્ય સત્તા સે હી લડને કો ખડે હો જાતે. ઇસ પ્રકાર મુગલશાહી નષ્ટ હુઇ. ઠીક યહી હાલ મરાઠાશાહી કા હુઆ. પેશ્વે પૂના મેં બૈઠે બૈઠે સારા રાજકાજ સંભાલ નહીં સકતે થે. ઇસ કારણ ગાયકવાડ, શિંદે, હોલકર, ભોંસલે ઇન્હેં નિયત કરના પડા. થોડે હી કાલ મેં યે સ્વતંત્ર બન બૈઠે, ઔર મુખ્ય સત્તા–પેશ્વેં સે લડને લગે. અગર એ મહારાષ્ટ્ર કે બાહર ન આયે હોતે તો વૃથા અનેક લડાઇયાં ન લડની પડી હોતી. મહારાષ્ટ્ર કા ચિત્ત બાહરી બાતોં મેં ન લગતા, ઔર આપસ મેં કટ મરને કા કોઈ કારણ ઉપસ્થિત ન હોતા. સત્તા બઢાને કી અપેક્ષા, સત્તા દઢીભૂત કરના સ્વરાજ કો અધિક લાભદાયક હોતા હૈ. પર પેશ્વોંને યહ બડી ભૂલ કી. અસલ મેં બાત યહ થી કિ, રાજા કે હાથ સે ઔર અષ્ટ–પ્રધાન કે હાથ સે તમામ સત્તા નિકાલ કર ઉસે અપને હાથ મેં રખને કી મહત્ત્વાકાંક્ષા ઉન્હે ઉત્પન્ન હુઈ. જબ સબ સત્તા ઉન્હોંને અપન હાથ મેં કર લી, તબ ઉસે સુરક્ષિત રખના ચાહિયે થા; પર લોગ ગડબડ ન મચાવેં, ઇસલિયે ઉન્હોંને બાહરી પ્રાંતોં કો જીતના શરૂ કિયા, ઔર લોગોં કી આંખો મેં ધૂલ ડાલ દી. લોગ ઉનકે વિજય સે ઉનકી વાહવાહ કરને લગે ઔર ઉન કે દોષ ભૂલ ગયે. પહિલે બાજીરાવને જો અનેક યુદ્ધ કિયે, ઉનકા યહી રહસ્ય હૈ. ઔર ચાલાક લોગ ઇસી પ્રકાર અપના કામ બનાતે હૈં. પહિલે ઔર તીસરે નેપોલિયનોં ને ઇસી પ્રકાર ફ્રાન્સ કી સર્વ સત્તા અપને હાથ મેં કર લી થી; ઔર દોનોં પ્રજાનિયત શાસકપદ સે ચઢતે ચઢતે ખુલ્લંખુલ્લા વહાં કે બાદશાહ બન બૈઠે ઔર યોરપ કે દેશોં સે અનેક લડાઇયાં લડ ઔર વિજય સંપાદન કર લોગોં કી આંખોં મેં ધૂલ ડાલને લગે. રોમ કે સીઝર ને યહી પ્રયત્ન કિયા થા ઔર ઉસે માર કર બ્રૂટસ ને ઐસી સત્તા ઉત્પન્ન હોને દેને કા પ્રતીકાર કરને કા પ્રયત્ન કિયા થા. ઇતિહાસ સે જ્ઞાત હૈ કિ સત્તા કા કેન્દ્રીકરણ ઔર ફિર ઉસકા નાશ, ઇસી પ્રકાર કી વ્યક્તિવિષય મહત્ત્વાકાંક્ષા કે કારણ હી હુઆ કરતા હૈ.

પેશ્વોં કે ઇસ પ્રયત્ન સે આપસ મેં ફૂટ ફૈલને લગી. લોગોં કા સ્વદેશાભિમાન નષ્ટ હો ગયા, ઔર જિસ સમય ઉચ્ચ સ્વદેશાભિમાન સે પ્રેરિત હો એક દિલ સે લડનેવાલે મહારાષ્ટ્રીયોં કી

આવશ્યકતા થી, ઉસ સમય વહ એક ભી ન રહા. ફિર યહ સત્તા નષ્ટ ન હોતી તો ક્યા હોતી? અગર યે મહારાષ્ટ્ર કે બાહર ન નિકલતે તો શિંદેશાહી, ગાયકવાડી, હોલકરશાહી ઔર ભોંસલેશાહી પૈદા ન હોતી; ફિર આપસ મેં એસી ફૂટ ન ફૈલતી, લોગોં કી દૃષ્ટિ રાજ્યશાસન પર લગી રહતી, જિસસે સ્વદેશાભિમાન બના રહતા ઔર મહારાષ્ટ્ર કી સત્તા મજબૂત બની રહતી.

(૬) જો એક બડા ભારી દોષ પીછે સે ઉત્પન્ન હો ગયા થા, વહ થા લૂંટ. શિવાજી કો સ્વરાજ્ય કે લિયે, ઇસકે સિવા દ્રવ્યપ્રાપ્તિ કા કોઇ દૂસરા ઉપાય થા નહીં પર શિવાજી કી લૂંટ કા સચ્ચા અર્થ સમઝ લેના ઉચિત હૈ. જો લોગ ઉનકે માર્ગ કે વિરુદ્ધ થે વહી લૂંટે જાતે થે. શિવાજી જબ લૂંટને જાતે તબ પહિલે શહર કે મુખ્ય મુખ્ય લોગોં સે દ્રવ્ય માંગતે. જબ વે ન દેતે તબ શહર કે ભીતર જા કર ધની લોગોં કા દ્રવ્ય લૂંટ લેતે ઔર ચુપચાપ લૌટ જાતે. ઉન કા સખ્ત હુકમ થા કિ, કિસી સિપાઇ સે કીસી સ્ત્રી, બાલક, વૃદ્ધ ઔર નિર્બલ જનકો કભી તકલિફ ન હો. કિસાનો કો વે કભી ન લૂંટતે થે. જો લોગ ધની થે ઔર અપના પૈસા એશા-આરામ મેં ખર્ચ કરતે થે ઉન્હી પર યે મોર્ચા ઘુમાતે થે. ફિર સબ લૂંટ સરકાર મેં જમા હોતી થી. મુગલ પ્રાન્ત મેં જો સરદેશમુખી ઔર ચૌથ લી જાતી થી, ઉસ મેં સે ભી એક તિનકા કિસી કે હાથ ન લગતા થા–સબ સરકાર મેં જમા હોતા થા. વેતન નકદ દિયા જાતા થા. ઇસ કારણ કોઇ કઠિન પ્રશ્ન હી ઉપસ્થિત ન હોતા થા; પર પેશ્વાં કે સમય એ સબ બાતેં બદલ ગઇ. મનમાની લૂંટ હોને લગી; ગરીબ, ધની સબ કો તકલીફ હોને લગી. જો માલ જિસ કે હાથ પડતા વહી ઉસકા માલિક બન જાતા થા. શિવાજી કે સમયમેં 'સ્વરાજ્ય'મેં લૂંટ ન હોતી થી. જો પ્રાન્ત ઉનકે અધીન ન થે વહી વે લૂટપાટ મચાતે થે. ઔર વહ ભી ઉપર બતલાયે નિયમ કે અનુસાર, ઉસકે બાદ બેબન્દશાહી શુરૂ હો ગઇ, ઔર પ્રત્યેક જન અપની મનમાની કરને લગા. ઇસસે મુખ્ય સત્તા કમજોર ઔર ઢીલી પડ ગઇ.

(૭) અબ એક બાત ઐસી કહની હૈ જો મર્મભેદક હૈ; પરંતુ સત્ય કિસી સે ડરતા નહીં, ઇસી લિયે હમ ભી નિર્ભય હોકર કહતે હૈં. શિવાજી કે સમય મેં સબ જાતિ કે લોગ નોકરી પાતે થે. કેવલ મરાઠે હી નહીં, કેવલ બ્રાહ્મણ હી નહીં, કેવલ પ્રભુ હી નહીં, વરન મરાઠે, બ્રાહ્મણ ઇત્યાદિ સર્વ જાતિ કે લોગ શિવાજી કી નોકરી મેં થે, પર પેશ્વાં કે સમય મેં યે બાતેં ઉલટ ગઇ. બ્રાહ્મણોં કી સંખ્યા બઢને લગી. નૌકરી મેં ભરતી કરને કા તત્ત્વ યોગ્યતા ન રહા, બલ્કિ દબાવ, નાતા, ધન, માન ઇત્યાદિ હો ગયા. જહાં યોગ્યતા

કા તત્ત્વ દૂર કર દિયા જાતા હૈ ઔર ધની, માની અધિકારિયોં કે કિશ્તેદાર નૌકરી પાને લગતે હૈં, વહાં કા રાજ્યપ્રબંધ કહાં તક ઠીક ચલ સકતે હૈ, ઇસકે લિખને કિ આવશ્યકતા નહીં. વહ તો સ્વયં હિ સ્પષ્ટ હૈ. અનેક કાર્ય કરના કાર્ય કરને કી યોગ્યતા પર અવલમ્બિત હૈ–ધન, માન ઇત્યાદિ પર નહીં. વહ તત્ત્વ પેશ્વોં ને ભૂલા દિયા. ઇસી કારણ ઉન્હેં કડવેં ફલ ચખનેં પડે.

(૮) શિવાજી કે સમય જમીન લગાન જમીંદારોં કે દ્વારા વસૂલ ન હોતા થા. સરકારી નૌકર વસૂલ કિયા કરતે થે. યહ જાની હુઈ બાત હૈં કિ જમીંદાર કિસ પ્રકાર રૈય્યતોં પર જુલ્મ કરતે થે. લગાન સે જ્યાદા વસૂલ કરના ઔર લગાન સે કમ દેના–ઇસ પ્રકાર આધા હિસ્સા બીચ મેં હી માર લેના–બહુધા જમીંદારોં કા કામ હી હૈં. ઇસ તરહ યે લોગોં કો નિર્ધન બનાતે હૈં. ઇસ સે રાજ્યપ્રબંધ કે લિયે દ્રવ્ય કી કમી અપને આપ હો જાતી હૈ. ઉસ ધન કે જોર પર યે બલવાન હો જાતે હૈં, કિલે બાંધને લગતે હૈં, ફૌજ રખને લગતે હૈં ઔર પ્રજા ઔર રાજા દોનોં કો સતા કર દોનોં કો કમજોર બનાયે રખતે હૈં. અતએવ જહાં કહીં જમીંદારોં કે દ્વારા લગાન વસૂલ હોતા થા, વહાં રાજા ઔર પ્રજા દોનોં કમજોર પડ જાતે થે. મુગલ બાદશાહી કા રાજ્યપ્રબંધ ઇસકા બડા ભારી ઉદાહરણ હૈ. શિવાજી કે સમય મેં તો યહ કુછ ન થા; પર આખિરી સમય મેં પેશ્વોં ને યહ દોષ ભી ઉત્પન્ન કર દિયા. જહાં કમાવીસદાર, મહાલકરી, સૂબેદાર લગાન વસૂલ કરતે થે, વહાં જમીંદાર વસૂલ કરને લગે. બસ ઉપર લિખે તમામ દોષ ઉત્પન્ન હો ગયે. મહારાષ્ટ્ર કી સત્તા અનેક કારણોં સે કમજોર પડ હી ગઇ થી, અબ વહ ઔર ભી અધિક કમજોર પડ ગઈ. યહી કારણ હૈ કિ અંગ્રેજ સરકાર કો અપની પ્રજા કી રક્ષા કે લીયે ટેનન્સી એક્ટ કે સમાન અનેક જમીન–સંબંધી કાનૂન બનાને પડે.

(૯) અબ એક દો આક્ષેપ ઔર નિવારણ કરના હૈ. કોઈ કહતે હૈ, મરાઠોં ને અપની લડને કી પદ્ધતિ છોડ વિદેશી પદ્ધતિ સ્વીકાર કી, ઇસ કારણ ઉનકી અંગ્રેજોં સે હાર હુઇ.

હમ ઉપર જિતને કારણ બતા ચુકે હૈં ઉન સે સ્પષ્ટ હૈ કિ અંગ્રેજોં કી ભેટ હોને કે પહિલે હી મરાઠી સત્તા કા શરીર રોગ-ગ્રસ્ત હો ગયા થા–ઉસકે જીવન કી મુખ્ય શક્તિયોં પહિલે હી ચલ બસી થી. અંગ્રેજોં સે મુલાકાત હોને પર વહ રોગગ્રસ્ત શરીર ગિરકર બેકામ હો ગયા. જો લોગ કહતે હૈં કિ યુદ્ધપદ્ધતિ કે બદલને સે મરાઠી સત્તા કા નાશ હુવા વે સંકુચિત દૃષ્ટિ હૈં. શત્રુ સે મુઠભેટ ન કરકે ઉસ પર, સમય સમય પર, આક્રમણ કર, જર્જર કરના, શિવાજી કી પદ્ધતિ થી, ઇસકે સંબંધ મેં ખ્યાલ રખના ચાહિયે કિ યહ

પદ્ધતિ પહાડી દેશ મેં કામ દેતી હૈ, સમભૂમિ કે દેશ કે યોગ્ય યહ નહીં. યહ ઐતિહાસિક બાત હૈ. જહાં જહાં પહાડી મુલ્ક હૈં; દેખને મેં આતા હૈં, કિ વહીંવહીં યહ પદ્ધતિ સ્વીકાર કી ગઇ હૈ. ક્યોંકિ બિનાજાને શત્રુ પર આક્રમણ કરના ઔર લૂટમાર કર કે ભાગ જાના પહાડી દેશોં મેં હી સંભવ હોતા હૈ. ઔર યહ બાત મહારાષ્ટ્ર કે હી ઇતિહાસ સે સાબિત હોતી હૈં. જબ મરાઠે સમભૂમિપર આયે તબ ઉન્હેં અપની પદ્ધતિ બદલની પડી, ક્યોંકિ ભગકર આશ્રય કહાં લે? ઇસ કારણ આમનેસામને કી લડાઇયાં લડની પડી, ઇન લડાઇયાં કે લિયે તોપેં રખની પડી ઔર ફૌજ કો નવીન પદ્ધતિ કી શિક્ષા દેની પડી. ઉપર ઉપર દેખને સે માલૂમ હોતે હૈં કિ શિંદે, ભોંસલે ઇત્યાદિને જાનબૂઝ કર યહ પદ્ધતિ સ્વીકાર કી, પર બાત યહ હૈ કિ વે સમભૂમિ મેં રહતે થે. વહાં લડાઈ કે લિયે ખડા હોને કે સિવા કોઇ ઉપાય ન થા. સર આલ્ફ્રેડ લાયલ સાહબ અપને મત કી પુષ્ટી મેં કહતે હૈ કિ હોલકર ને યહ પદ્ધતિ સ્વીકાર નહીં કી થી, પર ક્યા હોલકર કો ભી ખડી લડાઇયાં નહીં લડની પડી? ઔર ક્યા ઉન મેં ઉસ કી સેના કી જીત હુઇ? એક બાર છોટી સી અંગ્રેજી સેના પર વિજય પ્રાપ્ત કર લિયા તો ઇતને સે યહ બાત સુબૂત નહીં હો સકતી. ઇન કે હારને કે કારણ કુછ ઓર હી હૈં. હાં, હમેં યહ કબૂલ હૈ કિ જહાં તક હો સકે ખડી લડાઇ ન લડની ચાહીએ, અચાનક ધાવેં સે હી શત્રુ કો જર્જર કર ડાલના ઠીક હૈ; પર યહ હમ માનને કો તૈયાર નહીં હૈં કિ શિંદે ને યોરપીય પદ્ધતિ સ્વીકાર કરકે બડી ભારી ગલતી કી. આપ કહતે હૈ યોરપીય પદ્ધતિ સે યોરપીયનો સે લડકર હિંદુસ્થાની કભી વિજય નહીં પા સકતે થે. ઐર, કુછ અંશ મેં યહ ભી કબૂલ પર સર્વથા નહીં. ઇસ વિષય મેં હમારા ઇતના હી કહના હૈ કિ લાયલ સાહબ ને ઇસ બાત કો જિતના મહત્ત્વ દિયા હૈ ઇતના હમ નહીં દે સકતેં. હમારી સમઝ મેં દોનોં પદ્ધતિયાં કા મિશ્રણ ઠીક રહા હોતા, જૈસા કિ હમ ઉપર દિખલા ચુકે હૈ.

(૧૦) કુછ લોગ કહતે હૈં પાનીપત કી હાર કે કારણ મરાઠાશાહી નષ્ટ હો ગઇ. યહ મત કઇ અંગ્રેજી ગ્રંથકારો કા હૈ. ઉન્હેં ભી હમ સંકુચિત-દૃષ્ટિ કે વર્ગ મેં હી રખેંગે. હમારા પુનઃ પુનઃ કહના હૈ કિ મરાઠી સત્તા પહિલે હી જીર્ણ હો ચુકી થી. ઉસ સમય ચાહે કિસી સે મુકાબલા હુઆ હોતા, ઉન્હેં અવશ્ય હાર ખાની પડતી. યદિ જીત ભી હુઇ હોતી તો ક્યા મરાઠી સત્તા બની રહતી? હાર કે કારણ તો પહિલે હી મૌજૂદ થે. ચાહે કિતની સેના લે જાતે તો ભી ક્યા હોતા? યુદ્ધ મેં સ્ત્રિયોં સહિત જાના—નહીં, એક નગર કા નગર ઉઠા લે જાના—અલગ અલગ સરદારોં કે અલગ અલગ મત,

આપસ મેં ઝગડા કરકે શક્તિ નષ્ટ કરના, સ્વાર્થપૂજા, સદાશિવરાવ ભાઉ કી અહમ્મન્યતા, ઐસે લાખોં કારણોં કે મૌજૂદ રહતે હુએ ચાહે કરોડોં મરાઠે પાનીપત પર ચલે જાતેં, તો ભી ક્યા વે જીત સકતે થે ? ઔર જીત ભી જાતે તો મરાઠી સત્તા ક્યા દૃઢ હો જાતી ? હમારી સમઝ મેં ઔર ભી જીર્ણ હો જાતી, ક્યોંકિ રાજ્ય કે ફૈલાવ કે સાથ સાથ રાજ્ય-પ્રબંધ ઢીલા પડ જાતા. હાં, એક બાત ઔર હોતી. અંગ્રેજો સે ૧૭૭૫ ઇસ્વી મેં જો પહિલા મુકાબિલા હુઆ વહ શાયદ ૧૭૬૧ કે બાદ, જલ્દ હી હો જાતા ! ઔર શાયદ મરાઠી સત્તા કા નાશ ઔર ભી પહલે હી હો જાતા ! હમ ઇસ પાનીપત કે યુદ્ધ કો વિશેષ મહત્ત્વપૂર્ણ નહી સમઝતે. મરાઠી સત્તા કી કમજોરી કે કારણ પહિલે હી સે મૌજૂદ થે. પાનીપત પર જીતને સે બહુત હોતા તો મરાઠેશાહી દશ પાંચ સાલ ઔર જીતી રહતી; પર ઇનકા કોઈ અચ્છા પરિણામ ન હોતા.

(૧૧) હમ ઉપર મરાઠી સત્તા કે નાશ કે અનેક કારણ દિખલા ચુકે હૈં. મીમાંસા કી દૃષ્ટિ સે હમારા ઐસા દેખના હૈ ભી ઉચિત. પર ઇતના કહ દેના આવશ્યક હૈ કિ, ઇન મેં કઇ કારણ તો પરિસ્થિતિ કે ન જાનને કે કારણ ઘુસ આયે. સભી કામ મનુષ્ય અપની બુદ્ધિ કો અનુસાર નહીં કર સકતા; તથાપિ કરતે સમય ઉસે ઉનકે પરિણામોં પર યથામતિ દૃષ્ટિ અવશ્ય દેની ચાહિયે. યહ બાત ઠીક હૈ કિ પેશ્વોં ને જાનબૂઝકર કઈ કારણ બો દિયે. યદિ શાહૂ વિલાસી ઔર ચૈની નિકલા થા તો બાલાજી વિશ્વનાથ યા બાજીરાવ કો યહ ઉચિત નહીં થા, કિ અષ્ટ-પ્રધાન કા અસ્તિત્વ ન રખકર સ્વયં હી રાજા બન બૈઠેં. ફિર પેશ્વાઇ અથવા ઇતર અધિકાર વંશ-પરંપરા ચલાને કા ક્યા કારણ થા ? નિજ કી મહત્ત્વાકાંક્ષા તૃપ્ત કરને કે લિયે ઔર લોગોં કી આંખોં મેં ધૂલ ડાલને કે લિયે મહારાષ્ટ્ર કા દ્રવ્ય ઔર બલ લડાઇયોં મેં ખર્ચ કરને કા કૌન સા કારણ થા ? ક્યા આવશ્યકતા થી કિ નૌકરી કે લિયે નકદ ન દેતે, વંશ-પરંપરા કી જાગીર દે કર અપને લિયે શત્રુ ખડે કર લેતે ? પેશ્વાં ને જિસ પ્રકાર અપના ફાયદા દેખા, ઉસ પ્રકાર ઔર ઔર લોગોંને ભી અપના અપના લાભ દેખા. ઇસ કારણ શિવાજી કે સમય કી કલ્પના, ધ્યેય, વિચાર ઔર ઉચ્ચ સ્વદેશાભિમાન ઇન મેં સે કુછ ભી બાકી ન રહા ! ફલ યહ હુઆ કિ નીતિમત્તા બિગડ ગઇ ઔર આખિર સર્વનાશ હો ગયા. જહાં નીતિમત્તા બિગડ જાતી હૈ, વહાં નાશ હોને મેં બહુત દેર નહીં લગતી. યહાં યહ બાત ખ્યાલ રખને કે લાયક હૈ કિ, પેશ્વાં ને અન્ત મેં બ્રાહ્મણોં કા સામ્રાજ્ય કર દિયા, યોગ્ય પુરુષોં કી કદ્ર ન હુઇ! ઇસ કારણ આપસ મેં ફૂટ હો ગઈ. જિસકા પરિણામ સબ કો જ્ઞાત હી હૈ.

૧૬-શિવાજી-મુક્તિના યુગનો પિતા

(લેખકઃ-સાધુ વસવાણી)

શિવાજી એ તો મહારાષ્ટ્રની અણમોલ દોલત છે. મહારાષ્ટ્રજ નહિ, પરંતુ આખા હિંદનો તે આત્મા છે. હું ધારૂં છું કે, એવો સમય આવી લાગ્યો છે કે, જ્યારે દૂરંદેશ પુરુષોના ચૂકાદા વડે મહારાજા શિવાજીને માનવ-સમાજના શૂરવીર પુરુષોને મોખરે મૂકવામાં આવશે. ટીકાકારો એનામાં ખામીઓ શોધે છે અને એની લડાઇઓને ખામી તરીકે આગળ ધરે છે; પરંતુ આ લડાઇઓ પોતાની જાતિને સ્વતંત્ર કરવાની ભાવનાથી લડવામાં આવી હતી. એના વિગ્રહો લોકરક્ષણને કાજે હતા. એ માટેજ એને ધર્મના રક્ષક તરીકે ઓળખવામાં આવે છે તે વાજબી છે. હિંદુઓના એ નરવીરે ઇસ્લામ ઉપર આક્ષેપો કદી કર્યાજ નથી. એણે એક પણ મસ્જિદ તોડી નથી. એ ભણેલો ન હતો, છતાં એણે હિંદુધર્મના સાર્વજનિક સિદ્ધાંતો પચાવ્યા હતા. તે મોગલોની આપખુદ સત્તાનો વિરોધી હતો, પણ મુસલમાનધર્મનો વિરોધી ન હતો. કેટલાકો તેને કાયદાનો ઉચ્છેદક ગણે છે; પણ કર્મવીરો કાયદાનાં બણગાં નથી ફૂંકતા. કર્મવીરો નવી સમાજરચના અને તેની સુધારણા માટે બનાવટી કાયદાઓનો ભંગ કરે છે. કેટલાક કહે છે કે, શિવાજી બળવાખોર હતો; પણ ત્યારે તો જ્યોર્જ વોશિંગ્ટન પણ એવોજ હતો. આવા બળવાખોરો તો જગતના ઉદ્ધારકો હોય છે. હું માનું છું કે, શિવાજી જગતની મહાશક્તિનો અંશ હતો, તેનું હથિયાર હતો. એણે ઇતિહાસને નવું રૂપ આપ્યું અને મુક્તિનો નવો યુગ આરંભ્યો. હાલના યુરોપમાં નેપોલિયન કરતાં વધારે લશ્કરી ભેજાનો પુરુષ જન્મ્યો નથી. યુરોપ આ બળવાન વીરની ગર્જનાથી ધ્રૂજતું હતું; પણ તે હાર્યો અને તેની હાર માટે તેનોજ દેશવાસી મારશલ ફોશ જણાવે છે કે, તેનામાં એક મોટી ખોડ હતી અને આ ખોડ તેનું અહંપણું હતું, નેપોલિયન મહાન હતો, છતાં તેનામાં અહંભાવ રહી ગયો હતો. એક જગવિખ્યાત વ્યક્તિ હોવા છતાં તે સર્વ શક્તિમાન પ્રભુ આગળ પોતાની લઘિમા સમજી શક્યો નહિ અને તેની પાસેથી બળ અને શક્તિ માટે તેણે પ્રાર્થના કરી નહિ.

શિવાજી તો અધ્યાત્મવાદી હતો. તેને દૈવીસ્વપ્નો આવતાં હતાં. તે દુર્ગાનો ભક્ત હતો અને એજ ભક્તિના પ્રતાપે તે ગરીબો અને નિરાધારોની વહારે જતો. તેનામાં અક્ષરજ્ઞાન ન હતું, છતાં ડહાપણ અગાધ હતું. શૂરવીરતા અને શક્તિની આ મૂર્તિમાં નિર્બળો, બચ્ચાંઓ, સ્ત્રીઓ અને નિરાધારોનું રક્ષણ કરવાની અડગ ભાવના હતી. એના નિખાલસ અને પ્રેમી હૃદયમાં ભક્તિનો ઝરો વહેતો હતો.

એ મહાન રાજ્ય મેળવીને પોતાના ગુરુ રામદાસ પાસે ગયો અને તેને પોતાનું રાજ્ય અર્પણ કર્યું, શિવાજીને પોતાને માટે રાજ્યની જરૂર ન હતી. પોતાના ગુરુની સાથે લોકોની સેવામાં પોતાનું જીવન અર્પણ કરવાની તેણે કેટલીયે વાર પોતાના ગુરુને ઇચ્છા દર્શાવી હતી. જ્યારે લોકોએ તેને પોતાનો મહારાજા બનાવ્યો ત્યારે તે માનવા લાગ્યો કે, તે મહાદેવીનો સેવક થયો હતો. શિવાજીનું જીવન ઉચ્ચ આશયો માટે અર્પણ કરવામાં આવ્યું હતું. જે પુરુષો પોતાની શક્તિનો ઉપયોગ પ્રભુભક્તિમાં કરશે તેઓનાજ હાથે હિંદનો ઉદ્ધાર થશે; કારણકે સ્વાર્થ માટે કરેલો શ્રમ ઘસાઈ જાય છે અને નાશ પામે છે; પણ ઈશ્વરને માટે કરેલો શ્રમ અમર રહે છે.

(‘ હિંદુસ્તાન ’ તા. ૨૧-૧૦-૨૪)

समाप्त



૧૮૭૪ / ૧૯૪૨

છેલ્લી અરધી સદીમાં મહાગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી** અને **ભિક્ષુ અખંડાનંદ**, એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા **ભિક્ષુ અખંડાનંદે** જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને, સર્વ રીતે શુદ્ધ કરીને, સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે '**कथयन्तो मां नित्यं**' એ ગીતાસૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા **ભિક્ષુ અખંડાનંદનું** સ્થાન ગુજરાતના ગૌરવમાં—હિન્દના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર, નદી જવાને રસ્તે, સેશન્સ કોર્ટ પાસે, **અમદાવાદ**
અને કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઇ–૨**